fifty years ago... *January 1911*

INSULT TO MR. DAWAD MAHOMED

(*From "The Indian Opinion" January 14, 1911*)

WRITING to the *Natal Mercury* on the 9th inst., Mr. Dawad Mahomed, President of the Natal Indian Congress, says:—

May I request you to be so good as to give publicity to the following facts—My son is an invalid, and, under medical advice, I am obliged to send him to Ingogo, so that he may have the benefit of a more invigorating climate. Accordingly, on Friday last I went to the railway office, and asked the clerk in attendance to reserve a compartment for myself and my family by Sunday's mail train, and this was agreed to, on the understanding that I should purchase the ticket the following day. On Saturday I bought the ticket, and was told that the compartment was already reserved. Yesterday, at half past two, in order to make assurance doubly sure, I made personal enquiries at the station, and was once more informed that the accommodation would be provided. To my infinite surprise, however, on my arrival at the station, last evening, with my family, my invalid son, and several European Indian friends, and after having made a number of necessary preparations involving a great amount of trouble, I was informed that I should not be allowed to travel by the mail, as it was full up, and I must travel by the kafir mail, as all seats on the mail train were to be reserved for Johannesburg passengers.

Apart altogether from the inconvenience that has been caused me, and a great discomfort that a journey by the kafir mail would cause to my son in his present delicate condition of health, I desire to voice an emphatic protest against the insulting treatment that has been extended to me for the first time since my arrival in this country, 27 years ago. I feel sure that such treatment would never have been accorded to me had I been a European. My countrymen in this Province have conferred upon me the honour of electing me to preside over the organisation which represents their interests in the Province. Treatment, therefore, such as that complained of is naturally regarded as a communal humiliation. My son was born here, and has been studying for the Bar. What, sir, must be his feelings when he sees his father insulted in this way, after a generation's domicile in a British Colony, and through him the whole community to which he feels it an honour to belong? At a moment such as the present, when extreme tension prevails between India and South Africa, it is most unfortunate that occasion be taken to commit such hopelessly tactless errors as those to which I have above referred.

'Natal Mercury' Comment

Commenting upon the above letter, our generous contemporary says:—

We publish in another column a letter from Mr. Dawad Mahomed, in which he makes a serious complaint of unjust treatment by the railway authorities, and we are bound to say he has grounds for asserting that he has been most harshly and most unjustifiably treated. Mr. Dawad Mahomed, as most old Durban residents know, is an Indian merchant of the highest standing among his people, and we may, unhesitatingly, is respected by many of the European community as a gentleman of education and good principles. Apart from all that, however, the treatment accorded to him ought not to have been meted out to anyone who took the steps he did to secure for himself and his family a compartment by the mail train to Ingogo on Sunday evening. Let any of us imagine what our feelings would be in such circumstances. Suppose, under doctor's orders, a European gentleman had decided to take his family up-country, had shut up his house, and proceeded with all his luggage and everything else to the station, to be told, when arriving there, that the accommodation paid for a day in advance, and guaranteed at the time, and up to a few hours previously, was not available. Such treatment would be resented not merely as inhuman but as a gross breach of contract; and in Mr. Mahomed's case the injustice and utter disregard of the guarantees is none the less. The very least the authorities could have done, when they found that the whole of the accommodation on the train was required for Johannesburg, was at once to have communicated with Mr. Mahomed without waiting for him to arrive at the station, but, having bought and paid for his ticket, and the accommodation having been guaranteed to him, he ought to have got it, and the manner in which it was taken from him was one of the most tactless and cruel things we have heard of.

R. VITHAL
Bookkeeping, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns.
Contact No. 12 Bodhys Arcade
36 Market Street,
Cor Diagonal & Market Sts.
Johannesburg. 'Phone 33-1854

WATCHES, Gents models—25 Jewels, waterproof, shockproof, antimagnetic, unbreakable mainspring, fitted with matching metal expansion straps—price 47/6. As above, but 21 Jewels—43/6. As above, but 17 Jewels—39/6. As above but with self-changing calendar, 17 Jewels—52/6. Also 21 Jewels Calendar—56/6. Other models from 19/6.

LADIES models 25 Jewels, unbreakable mainspring, fitted with magnificent matching expansion bracelets—55/6. As above, but 17 Jewels—47/6.

A. I. AGENCIES, First Floor, No. 104/115, His Majesty's Building, Eloff Street, or P.O. Box 9179, Johannesburg.

Stocks limited, order immediately

DRY RED CHILLIES

30lbs Nett bag 56/-, and 12lbs bag 22/-, also Africans' long handle brooms 20/6 per dozen. Besides these, we also have in stock ground Red Chillies.

Write to:
MAARMANS (Pty) Ltd.
Box 26, 'Phone 128,
BRITS. Transvaal.

BOOKS FOR SALE
My Experiments with Truth 1 0
Truth is God 0 6
Women and Social Injustice 7 6
Obtainable From
'Indian Opinion,'
P. Bag, Durban,
Natal

Books For Sale

Sixty Years After (Natesan) 1 0
Public Finance 8 0
Eminent Americans 7 6
Bapu's Letters To Ashram Sisters
—By Kaka Kalelkar 2 6
Gandhi Technique in the Modern World
—By Pyarelal 1 6
Why Prohibition—J. C. Kumarappa 1 0
My Dear Child—Gandhiji 2 9
My Religion—Gandhiji 5 9
Story Of The Bible—S. K. George 9 6
Key to Health—Gandhi 1 6
At the Feet of Bapu—Chandwani 9 6
Preparation For Science—R. B. Gregg 0 9
Bapu My Mother—Manubehn 1 6
Nature Cure 2 0
Diet and Diet Reform—Gandhiji 9 0
Gleanings—Mira 3 6
Selections from Gandhi—N. Bose 10 6
Bhoodan Yajna 0 0
An Atheist With Gandhi—Gora G Rao 2 0
A Gandhi Anthology (Book I)—V. G. Desai 1 9
Gandhian Ethics—Benoy Gopal Ray 0 6

Obtainable From:
"Indian Opinion"
P. Bag, Durban, Natal.

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag Durban, Natal

No. 2—Vol.-LVIX.

Friday,

13th January, 1961

Registered at the G.P.O. as a Newspaper

Price 4d.

INDIAN OPINION

ઈન્ડીયન

ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.

ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણીલાલ ગાંધી

*

ધર્મ અને તપ, યોગ અને યજ્ઞ તથા જ્ઞાનનો મુખ્ય આધાર માત્ર સત્ય જ છે. સત્ય બ્રહ્મ છે. સત્યને મસ્તક નમાવી વારંવાર પ્રણામ કરો.

—શિવાનંદ

પુસ્તક ૫૯ મું—અંક ૨

તા. ૧૩ જાન્યુઆરી, ૧૯૬૧.

છુટક નકલ પે. ૪

પોન્ડોલેન્ડમાં યુનોના સેક્રેટરી જનરલ

સોમવારે યુનાઈટેડ નેશન્સના સેક્રેટરી જનરલ મી. ડાગ હેમર્શોલ્ડ ટ્રાન્સકાઈની મુલાકાતે આવ્યા હતા. તેઓ ઉમટાટાથી પોન્ડોલેન્ડ પોતાની ઈમ્પાલામાં ગયા હતાં. બપોરે જમવાનું મુલતવી રાખી મી. ડાગે પોન્ડોલેન્ડ જવાની ઇચ્છા દર્શાવી, અને આખરે આખી ટુકડી પોન્ડોલેન્ડની મુલાકાતે ગઈ.

તેઓ જ્યારે ઉમટાટામાં હતા ત્યારે પોન્ડો બાજુ કોઈએ એક પત્ર મી. ડાગને પહોંચાડવાનો પ્રયાસ કર્યો એ પત્ર મી. ડાગને મળ્યો કે નહિ તે કહી શકાય એમ નથી. એ પત્રમાં એવું જણાવવામાં આવ્યું હોવાનું કહેવાય છે કે મી. ડાગ જે વ્યક્તિઓને મળે છે. તેઓ તો ખરી રીતે સરકાર ના હાથા છે. ખરા મુખીઓ યા પ્રતિનિધિઓ તો જેલમાં પડ્યા છે મી. ડાગે એ પ્રતિનિધિઓની મુલાકાત લેવી જોઈએ, ત્યારેજ ખરી હકીકતો બહાર આવશે.

મી. ડાગ સાથે મીનીસ્ટર ઓફ બાન્ટુ એડમીનીસ્ટ્રેશન એન્ડ ડેવલોપમેન્ટ મી. ડી વેટ નેલ ટ્રાન્સકાઈના કમીશ્નર જનરલ મી. હાન્સ અબ્રહામ, અને ચીફ મેજીસ્ટ્રેટ મી. ડી. સેમબ્રાન્ટ હતાં. આ ટુકડી મોટરમાં પોન્ડોલેન્ડની મુલાકાતે નીકળી હતી.

મી. ડાગે પોન્ડોલેન્ડમાં શું જોયું?

મી. ડાગ પોન્ડોલેન્ડની મુલાકાતે નીકળ્યા ત્યારે ત્યાંનું વાતાવરણ શાંત હતું, કારણ તોફાન થયેલાં વિસ્તારો બાંધી તેમની મોટર જાય નહિ—કારણ ત્યાં સરકારી ફોજ અને પોલીસો હતાં ત્યાંથી તેમની મોટર પસાર થઈ નહિ— કારણ મોટરે એવો રસ્તો લીધો હતો કે મી. ડાગ કાંઈજ જોઈ શકે નહિ. સરકારી અમલદારોએ એવી નીતિથી કામ કરી રહ્યાં હતાં કે મી. ડાગને કંઈજ ખબર પડે નહિ.

આ દેશનું વાતાવરણ સમજવા માટે મી. ડાગે બીન-ગોરા નેતાઓની મુલાકાત લેવી જોઈતી હતી. મી. ડાગ ડરબન નહિ આવી શક્યા તેથી ઘણાં નેતાઓ દિલગીર બન્યા છે. ડરબનના બીન-ગોરા નેતાઓ જેવાં કે મી. ચીફ લુથુલી, મી. નાયકર અને મી. જે. એમ. મુલ્લાએ મી. ડાગને મળવાની ઇચ્છા તાર અને પત્રથી દર્શાવી હતી. પરંતુ આને લઈ દિલગીર બની ગયા છે. આજ માણસો દેશનું ખરું વાતાવરણ સમજાવી શકે એમ હતાં. હવે તો મી. ડાગના માનસ ઉપર કંઈ જાતનું પ્રતિબિંબ પડ્યું એ તો તેઓજ જાણે; બાકી એમ પણ બને કે આ સરકારની નીતિ સાથે તેઓ સંમત હોય—વાતો જે કંઈ પેટ જોયું તે ઉપરથી તેઓ ઘણું સમજી શક્યા હોય. પરંતુ જ્યાં સુધી તેઓ અહેવાલ બહાર પાડે નહિ, ત્યાં સુધી તો આપણે અંધારામાંજ રહીશું.

—સવાલ તો એ છે કે મી. ડાગ આ દેશના પરિસ્થિતિના ખરા પ્રતિનિધિઓને તો મળ્યાજ નથી. તો પછી આ પરિસ્થિતિની માગણી તેઓ કેવી રીતે સમજી શકી? એ સમજવાં માટે તો મી. ડાગે આ બીન-ગોરા નેતાઓને મળવું જોઈતું હતું નહિ મળ્યાં એ એટલી વાત છે. અને આપણી ખરી પરિસ્થિતિ નહિ સમજ્યા હોય તો તે વધારે એટલી વાત છે. મી. ડાગ જોહાનીસબર્ગ આગળથી તૈયારી કરી આ બધા નેતાઓની મુલાકાત લેવી જોઈતી હતી.

ટેલીફોન નંબરની બદલી!

૩૦ જાન્યુઆરી ૧૯૬૧ થી ઇન્ડિયન ઓપિનિયન અને ફીનીક્સ સેટલમેન્ટનો ફોન નંબર નીચે મુજબ બદલાશે.

માઉન્ટ એજકોમ્બ ૩૫.

વ્યવસ્થાપક
ફિનીક્સ સેટલમેન્ટ.

ભારતની આ સિદ્ધિ કંઈ નાનીસુની નથી

—શ્રી નહેરુ

નવી દિલ્હી: વડા પ્રધાન નહેરુએ લોકસભામાં સમજણ જણાવ્યું હતું કે વિશ્વ સમસ્યાના પ્રશ્નો સંબંધમાં ભારતે છેલ્લા ૧૨ વર્ષોથી જે નીતિ અપનાવી છે, જે સૈદ્ધાંતિક અને વાસ્તવિક પણ છે તેનાથી વિશ્વ અને સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા વિચાર કરતી થઈ ગઈ છે, એ કંઈ નાનીસુની સિદ્ધિ નથી.

પરદેશ સંબંધક બાબતોની જે વિષય ની ચર્ચા સમિતિ લેતાં અને સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની મહાસમિતિની ચાલુ બેઠકમાં રજુ થયેલી બાબતોનો ખાસ ઉલ્લેખ કરતાં શ્રી નહેરુએ ફરીથી નિઃશસ્ત્રીકરણ કરવાની અગત્ય ભારપૂર્વક દર્શાવી હતી અને જણાવ્યું હતું કે એ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય બીજા કોઈ પણ કામ કરતાં વધુ અગત્યનો પ્રશ્ન છે. માનવ જાતની હયાતી આ નિઃશસ્ત્રીકરણના પ્રશ્ન પર અવલંબિત છે.

શ્રી નહેરુએ દિલગીરી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે કેટલાક પૂછે છે કે ભારતે આ માટે નિઃશસ્ત્રીકરણ અને બીજી બાબતમાં આટલું ભારણ જોઈએ. અહીંના કોઈ પણ સભ્ય આવી સંકટી ઉપાધિમાંથી બચવા હોય તેથી અને આપણે અને કંઈક દુઃખ થાય છે આ નિઃશસ્ત્રીકરણની બાબત પાછળ ખરેખર શું છે તે તેઓ હું સમજી શકતો નથી. એવું વારંવાર કહેવાયું છે કે નિઃશસ્ત્રીકરણ પરજ માનવજાત નિર્ભર છે. આપણે પણ માનવ જાતના જ ભાગ છીએ એટલે એ બધ આપણી હયાતી અને આપણા ધ્યેયોની સિદ્ધિ તો જ છે. હું આ નિઃશસ્ત્રીકરણના સમગ્ર મહત્વ બરાબર સમજવા એ કંઈક લાગણીભરી રીતે વિશ્વાસ એમ ઇચ્છું છું.

નિઃશસ્ત્રીકરણથી આપણા સરહદને ખરાબ અસર થશે એવી કેટલાકની ટીકા અંગે શ્રી નહેરુએ જણાવ્યું હતું કે એ જ દર્શાવે છે કે આ પ્રશ્નની આ બાજુ પર સંપૂર્ણપણે વિચાર ચલાવાયો નથી. એ નિઃશસ્ત્રીકરણ થાય તો આખી દુનીયા બદલાઈ જાય અને આપણે બીજી કોઈ પણ રીતે કરતાં વધુ સલામત બનીએ.

કોઈપણ રીતે જ કોઈ એકાદ મોટો દેશ શસ્ત્રસજ્જ રહે તો તે સમય દુનીયાનું નિઃશસ્ત્રીકરણ શક્ય જ નહિ. રશિયા, અમેરિકા, બ્રિટન, અને ફ્રાંસ નિઃશસ્ત્રીકરણ કરવા સંમત થાય અને ચીન સંમત નહિ થાય તો તે વિશ્વ સમસ્તનું નિઃશસ્ત્રીકરણ કહેવાય જ નહિ. હકીકતમાં મોટા દેશો એ કદી સ્વીકારે જ નહિ. નિઃશસ્ત્રીકરણ દુનીયાના તમામ દેશોને પ્રમાણસર રીતે લાગુ પાડવું જોઈએ અને તે

(અનુસંધાન માટે જુઓ પાનું ૮)

કુ. ઈલા ગાંધીના લગ્ન

જાન્યુઆરીની ૨૮ મી તારીખે કુ. ઇલા ગાંધીના લગ્ન શ્રી એમ રામગોબીન સાથે ભારતમાં થયા હતા. કુ. ઇલા, સુશીલાબેન ગાંધી અને સ્વર્ગસ્થ મણીલાલ ગાંધીના પુત્રી થાય છે. આ ઉપરાંત તેઓ પૂ. મહાત્મા ગાંધીજીના પૌત્રી પણ છે.

વેરૂલમ (નાતાલ)ના જાણીતા રામગોબીન કુટુંબના શ્રી રામગોબીન એક કુટુંબીજન છે. ચોથા માસમાં આ નવ પરિણીત યુગલ ડરબનમાં વાસ કરવા માટે આવી પહોંચશે. ભારતમાં એમનું સરનામું નીચે મુજબ છે.

C/O શ્રી અરુણ ગાંધી
ટાઈમ્સ ઓફ ઇન્ડિયા ઓફિસ,
બંદર — મુંબઈ.

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૧૩ જાન્યુઆરી, ૧૯૬૧.

ખેદજનક દશા

આ ગયા શુક્રવારે ડરબનના સાંજ-પત્રમાં એક જાહેરનામું નજરાયું હતું. એ જાહેરનામામાં જાહેરાત થઈ હતી કે અમુક મિલકત માલિકોએ હજી સુધી કર ભર્યો નથી, એથી તે હરાજીમાં વેચાશે. આ મિલકતોમાં ત્રણ નાટાલ ઇન્ડિયન કોંગ્રેસની મિલકતો છે, જે હાલ ટ્રસ્ટીઓના હાથ નીચે છે. એ ખેદજનક છે કે આજે આવો પ્રસંગ ઉભો થયો છે. જ્યારે પ્રથમ એ ખબર અમને મળી કે આ મિલકતો ઉપર કર ભરાયા નથી ત્યારે અમે સૂચના કરી હતી કે આ મિલકતો કોંગ્રેસ સાચવવા માટે અશક્તિમાન હોય એ મિલકતો કોઈ પણ ખાનગી ટ્રસ્ટના હાથે સોંપાવું જોઈએ કે જેથી હિંદી જનતા એનો લાભ લઈ શકે. અમારી એ સૂચના ઉપર કોઈએ ધ્યાન ન આપ્યું, અને આજે એવી પરિસ્થિતિ ઉભી થઈ છે કે કોંગ્રેસ એ કર ભરવા શક્તિમાન નથી, અને બીજી સૂચનાઓ ઉપર ધ્યાન આપવી નથી અને એની નકારને લઈ એ મિલકતો જનતા ગૂમાવી બેસે એમ છે, અહીંના વકીલો એ કદાચ બચી જશે—પણ શા કામને માટે?

આ સૈકાના શરૂઆતના વરસોમાં જ્યારે પૂજ્ય મહાત્મા ગાંધીજી નાટાલમાં હતાં ત્યારે તેમની કુશળ બુદ્ધિ, ડહાપણ અને યોજનાઓથી એ મિલકત મેળવી શકાય હતી. એ મિલકતો પચાસ વરસો ઉપરથી હિંદીઓના હસ્તકે રહી છે. જ્યારે પૂ. ગાંધીજીએ એ મિલકત ખરીદવા ઇચ્છા કરી ત્યારે એમની દ્રષ્ટિમાં એ હતું કે કોઈ પણ જાહેર સંસ્થાને માટે એક સ્વતંત્ર મકાન અને સ્વતંત્ર આવક આવે એવી કાયદેસરની મૂડી-રોકાણ હોવી જોઇએ. શરૂઆતના વરસોમાં પૂ. બાપુજીની ઇચ્છા અનુસાર બધું થયું, પરંતુ પૂ. બાપુજી દેશ જતાં નાટાલ ઇન્ડિયન કોંગ્રેસનું રૂપ બદલાયું અને તરતજ થોડાક વ્યક્તિગત માણસો જેઓ પૈસાદાર હતાં તેમના હાથમાં તે જઇ પડી. આ લોકોને એમાંથી આવક મળે કે નહિ તેની પડી ન હતી. એ સિવાય તેઓએ સ્વતંત્ર મિલકત પ્રાપ્ત કરવી જોઇએ એ નીતિ પણ અખત્યાર કરી નહિ. તેમની દુકાનો અને ઓફીસોમાં રાજકીય ચર્ચાઓ થતી અને એમાં તેઓના નોકરો મહેરબાનીથી કામ બજાવતા, એક વસ્તુ તેઓએ કરી—તે એ કે, તેઓ સમયસર કર ભરી દેતાં, અને એ બાબતમાં તેઓ એટલા ચોકસ હતા કે ત્રીસ અને ચાલીસના સાલોમાં હિંદી જનતાને એ પણ ખબર ન હતી કે નાટાલ ઇન્ડિયન કોંગ્રેસ પાસે મિલકતો છે.

કેટલાક વરસો ઉપર નાટાલ ઇન્ડિયન કોંગ્રેસ, કોર્ટ' થકી એ મિલકતો પોતાને હસ્તે લીધી. તે વખતે એવી સૂચનાઓ થઇ હતી કે હિંદી જનતાના નામે એક સ્વતંત્ર ટ્રસ્ટે આ મિલકતનો કબજો રાખવો, પરંતુ કોંગ્રેસના નવજુવાનોને આ રૂચ્યું નહિ. તેઓની ઇચ્છા હતી કે આ મિલકતો નાટાલ ઇન્ડિયન કોંગ્રેસના નામ ઉપર રહે. આજે વિપરીત પરીણામ તેઓના માથા ઉપર લટકી રહ્યું છે. એ ચોખ્ખી વાત છે કે નાટાલ ઇન્ડિયન કોંગ્રેસે હિંદી જનતાની નેતાગીરી છોડી દેવી જોઈએ. જે સંસ્થા પોતાની આર્થિક પરિસ્થિતિ સાચવી શકે એમ નથી તે શું સમાજની નેતાગીરી લઈ શકે? આ સિવાય નાટાલ ઇન્ડિયન કોંગ્રેસે કોઈ પણ સ્વતંત્ર ટ્રસ્ટ સાથે સમજૂતી કરી એ મિલકતો બચાવી લેવી જોઇએ, કે જેથી તે હિંદી જનતાને કામરૂપ નીવડે. શું કોંગ્રેસમાં એ કરવાની દીર્ઘ દ્રષ્ટિ છે?

જીવનની સાધના

(ચિંતનાત્મક)

જીવનનો અંત ક્યારેક આવવાનો છે, તે પહેલાં માણસે શું સાધવાનું છે? મનની નિર્મળતા, અલિપ્તતા અને શીતળતા તે સાધી શકે, પ્રસન્નતાપૂર્વક તેનો કર્મયોગ ચાલતો રહે તો તેને કૃતાર્થતા લાગ્યા વગર રહેશે નહિ એમ મને લાગે છે. આવી કૃતાર્થતા કેવળ બાહ્ય પરિસ્થિતિ કે બાહ્ય સફળતા પરથી આપણે રાખીએ તો તેમાં ભ્રમ થવાનો સંભવ છે. પરંતુ કર્મમાં પોતાની ચિત્તશુદ્ધિ અને પોતાના સહકુટુંબોના પરિપોષણની દ્રષ્ટિથી કર્મની અને જીવનની સફળતા સાધવાનો આપણો પ્રયત્ન હોય તો ઉપર લખેલી કૃતાર્થતા આપણે પ્રાપ્ત કરી શકીશું એમ લાગે છે. પરંતુ તે માટે આપણે કાંઈક નિયમિત સાધન રાખવું જોઈએ. શરીર સ્વચ્છ, નીરોગી અને સુદ્રઢ રાખવા માટે જેમ આપણને રોજ સ્નાન, આરોગ્યકારી, નિયમિત ને પરિમિત ખાનપાન અને વ્યાયામની જરૂર છે તેમ ચિત્તની નિર્મળ અને સ્થિર અવસ્થા રહેવા માટે અને પ્રસન્નતા માટે ચિત્તના નિયમિત અભ્યાસનીયે આપણને જરૂર છે. ચિત્તની સ્વસ્થ કે અસ્વસ્થ અવસ્થા પ્રમાણે તે અભ્યાસનું પ્રમાણ ઓછું વધતું કરવાની જરૂર તો રહેવાની જ. આ રીતે પોતાના ચિત્તને જેવું જોઈએ તેવું બનાવવાનો પ્રયત્ન કર્યા વગર આપણું નહિ ચાલે. આપણને દુઃખ અને પશ્ચાત્તાપમાં નાખનારા અનિષ્ટ, અયોગ્ય અને અનિચ્છનીય તરંગો—જે ઉઠે નહિ એમ આપણને લાગે છે તે—ચિત્તમાં ન ઉઠે અને ઉઠે તો તેમને સહેજે દૂર કરી શકાય એવી શક્તિ આપણામાં ચિત્તના અભ્યાસ વગર આવશે નહીં. ચિત્ત શુદ્ધ રાખવા માટેય દરરોજના સ્નાન જેટલી જ આવા અભ્યાસની જરૂર છે. આપણાપણામાંથી આપણે પોતાના શરીરને ગમે તેટલું બચાવવાનો પ્રયત્ન કરીએ તો પણ કુદરતી રીતે શરીરમાંથી બહાર નીકળતી મલિનતાથી અને બહારની ધૂળ, કચરા વગેરેથી આપણું શરીર રોજ અસ્વચ્છ થાય છે, અને રોજ સ્નાન વગેરે કરીને આપણે તેને સ્વચ્છ રાખવું પડે છે તેમ આપણે પોતાના મનને ગમે તેટલું સારું રાખવાનો પ્રયત્ન કરતા હોઈએ તો પણ તેના પર અંદરના સંસ્કારોના અને બહારના કર્મના મેલ ચડતા જ હોય છે. તે પ્રમાણે ચિત્ત પર પણ અંતર્બાહ્ય પરિણામ નિપજાવનારાં કર્મો સહિત નિયમાનુસાર સદૈવ ચાલુ જ હોય છે. માટે આપણે પોતાના ચિત્તની બાબતમાં અત્યંત જાગતાએ પ્રયત્નશીલ રહેવું જોઈએ. તમારી આજની શારીરિક અને માનસિક સ્થિતિ જોતાં તમે કોઈ જગાએ કેટલાક દિવસ પણ સ્વસ્થપણે રહો અને મનને સ્થિર રાખવા માટે કાંઈક અભ્યાસ કરો તો તમને મનની શાંતિથી પુષ્કળ લાભ થશે. શરીર અને મનમાં કાંઈક પણ સુધારણા થશે તેની તમને ખાત્રી જરૂર છે. તમારી આજની સ્થિતિ આવી જ ચાલુ રહેશે તો શરીર સાથે મનનું અસ્વસ્થપણુંયે વધવાનો સંભવ છે. તો આ બાબતમાં તમે જરૂર વિચાર કરો. જીવનમાં જે સાધવું જરૂરી છે તે આપણે સિદ્ધ ન કરીએ તો બધો પથારો શા કામનો? પથારો કેટલીકવાર ઉત્સાહજનક તો કોઈવાર નિરાશાજનક અને ભારરૂપ લાગે જ. જીવન સાર્થકતાની દ્રષ્ટિએ આપણે આ સ્થિતિને યોગ્ય સમજતા નથી.

ભારતીય સંસ્કૃતિ

બ્રહ્મચર્યપાલનનો આપણા શાસ્ત્રમાં ઘણો મોટો મહિમા છે. એ વ્રતોનું પાલન બાળપણથી જ શીખવવામાં આવે છે; અથવા એમ કહો કે જન્મ્યા પહેલાથી જ શીખવવામાં આવતું હતું તો એમાં અતિશયોક્તિ નહિ થાય. કારણ, સંતાન ઉત્પન્ન કરવાના કૃત્યમાં પણ સંયમ અને નિયમ કહેવામાં આવ્યા છે. સ્ત્રીપુરૂષ સંબંધને કેવળ ક્ષણિક શારીરિક સુખને સારૂ નહિ, પણ સંસાર ચલાવવાને સારૂ આવશ્યક માનીને એ સંબંધને પણ નિયમોના બંધનમાં મૂકવામાં આવ્યો હતો, એટલે જે સંતાન થતાં તે સંયમ નિયમો સાથે સંસ્કારી અને સંસ્કૃત થતાં એ સંતાનોના સંસ્કાર એક રીતે જન્મ્યા પહેલા જ, માતા પિતાના સંસર્ગ વખતે જ શરૂ થતા' આજે આપણે આ સંયમો અને નિયમો સાચા અર્થમાં ભૂલી ગયા છીએ; થયું ત્યાં એ નિયમો સમજતા પણ નથી પરિણામે એ નિયમો આપણને જીવનનું સુખ મેળવવામાં બાધારૂપ લાગે છે, અથવા આપણને તે પાળવાની આવશ્યકતા જ લાગતી નથી, અથવા એ નિયમોને એક જુની રૂઢિ માનીને છોડી દેવા અને આપણે પ્રગતિશીલતાનું ચિહ્ન સમજીએ છીએ. આજે તો વૈજ્ઞાનિક સાધનોના ચમત્કારોએ આપણને આંજી નાખ્યા છે. પણ આપણે ભૂલી જઇએ છીએ કે 'જેને આપણે 'કુદરત પર વિજય' માનીએ છીએ તે માત્ર કુદરતના નિયમો જાણીને તે અનુસાર ચાલવું એટલું જ છે; એ કુદરત પર વિજય નથી.

—ડો. રાજેન્દ્રપ્રસાદ

દરેક મનુષ્યને ત્રણની પ્રાપ્તિ દુર્લભ છે

૧. શ્રેષ્ઠ સંસ્કારવાન કુળમાં જન્મ
૨. સુલક્ષણા અને મુમુક્ષુતા
૩. સાચા સદ્ગુરુની પ્રાપ્તિ

આ ત્રણની પ્રાપ્તિને મહાપુરુષોએ અતિ દુર્લભ ગણેલી છે, માનવજન્મની દુર્લભતા સર્વથી કહેવામાં આવ્યું છે. મુમુક્ષુતા અને સંસારની માયિક પ્રપંચ જાળમાંથી છુટ કૈવલ્યને માટે બંધન મુક્ત થવાની ઇચ્છા. આવી ઇચ્છા મનુષ્યોમાં ક્વચિત્જ થાય છે અને તેમાંથી અપવાદેજ કોઇ આગળ વધવા સાધનામાં પ્રવર્તે છે, અને સાધનામાં જોડાયેલાઓમાંથી નહીવત્જ સંપૂર્ણ કાર્ય સિદ્ધ કરવામાં સફળ થાય છે; કારણકે, માયિક પદાર્થોની મોહકતા, પંચ વિષયોની આકર્ષકતા, સ્ત્રી, પુત્ર, ધન, ધામ, મમતા, વિગેરે તથા એવા જ બીજા અનેક લાલચ લોભ પ્રલોભનમાં ફસાવનારા પ્રસંગો કે જ્યાંથી મનને એકદમ હટાવી, સદ્ગુરુપરાયણ બનાવવું એ કંઇ છોકરાંઓનો ખેલ નથીજ. પામર પ્રાણીઓને તેઓ પણ ભાન હોતું નથી કે, હું દેવદુર્લભ નર તનને પામ્યો છું. તેનો વધુ. પછી સમાન જન્મે છે, જીવે છે અને મરે છે. વિષયી જીવો આ લોક પરલોકના એશો આરામના તથા મોજશોખની ધુન માંજ મસ્ત બની રમ્યા પચ્યાં તથા જન્મ્યા-મર્યા કરે છે. મુમુક્ષુઓમાં પણ તીવ્ર ઇચ્છાવાળા બહુ થોડા હોય છે, કે જેઓ છેવટ સુધી યમ, નિયમ, સંયમનું પાલન કરી મુક્ત બને છે, અને મુક્ત થયેલા પુરુષોને સાધન, સામગ્રીની કંઇ જરૂર હોતી નથી, એટલે જેમને કાંઇ ઇચ્છા થાય છે, તેઓના મતો તો મંત્ર તંત્ર, ભૂત પ્રેત, દેવ-દેવી જડ-પ્રતિમા પૂજન, હોમ-હવિષ્ય, રસ-રસાયન, તથા એવાજ ધૂર્ત પ્રપંચી લોભી લબાડ કપટી ગુરુઓની જાળમાં ફસાઇ પછી જીવનને વેડફી નાખે છે. જેમ કે

"ગુરૂ લોભી શિષ્ય લાલચી,
દોનો ખેલે દાવ;
દોનો બૂડે બાપુરે, ચઢ
પથ્થર કે નાવ."
"એ કળી ગુરૂ બડે પરપંચી,
ડાર ઠગૌરી સબ જગ મારા"

આ વિકટ ભૂલ ભુલામણીમાંથી ભાગ્યેજ તો કોઇક વિરલાઓજ બચી શકે છે. નહિ તો બાકીના ગુરૂપશુ, કુપશુ. વિગેરે બની અમૂલ્ય માનવ જીવનને ગુમાવી બેસે છે.

—ગુરૂ-મિલન—

"જાકા ગુરૂ હૈ આંધળા,
ચેલા કહા કરાય?
અંધે અંધા ઠેલિયા,
દોનો કૂપ પડન્ત"

પરંતુ ઉત્તમ ગુરૂદેવની પ્રાપ્તિ તો જીવનને ધન્ય ધન્ય બનાવી દે છે જેમ કે:

ગુરૂ મિલે તો સબ મિલા,
ના તો મિલા ન કોય;
માત પિતા સુત બાંધવા,
યે તો ઘર ઘર હોય.
જેઓ સત ગુરૂ ના મિલા,
વ્યાકુલ ચહું દિશિ ધાય;
આંખ ન સૂઝે બાવરા,
ઘર જરે ઘૂર બુતાય.
પૂરા સતગુરૂ સેવતે,
સર્વસિદ્ધિ પુરી હોય,
ચોંઠે નેહ સમાય કે,
ગણકું આવે ભોય."

દુનીયામાં જન્મીને માનવતનની સફળતા તો પૂર્ણ સદ્ગુરૂ મિલાપથીજ થાય છે અને ગુરૂબિનાની સઘળી સાધન સંપત્તિ તથા ઉન્નતિ તથા સમૃદ્ધિ તો એકડા વિનાના મીંડાઓ સમાન શૂન્યવત્ છે, એટલે પૂરા સદ્ગુરૂ દેવનો મેળાપ ઓર મેળાજ સાધકનો જીવન પલટો થવો જ સમજવો. પરંતુ પૂરા સદ્ગુરૂ દેવને શુદ્ધ સાધક તથા શુદ્ધ સાધકને પૂરા ગુરૂદેવ મળે તોજ "કીટન ભૃંગે જ્યોં, ગુરૂ કરલે આપ સમાન" આ સદ્ગુરૂ વચન પ્રમાણે 'ઇયળ' જેમ ભમરી બની દુઃખ મુક્ત થાય છે તેમ પૂરો શિષ્ય પણ તમામ દુન્યવી દુઃખોથી છુટકારો મેળવવા માટે મુક્ત થઇ નિજ સ્વરૂપમાં સ્થિર બને છે. શિષ્યે સદ્ગુરૂની યોગ્યતા માટે સદ્ગુરૂ કબીર સાહેબની આ સાખી પણ ખાસ મનન કરવા યોગ્ય છે. જેમ કે:

"શિષ્ય પૂરા ગુરૂ પૂરા,
સહે શબ્દ પ્રહાર;
સન્મુખ રહે ક્ષમા ગહે,
નિપજે શિષ્ય સુજાન."

માટે સાચા સદ્ગુરૂનાં શરણમાં જઇ ને આપણે પોતાના સઘળા બળ નો, ગર્વ, ધમકનો, તથા મિથ્યા જ્ઞાનનો અહંકાર-અભિમાન ત્યજી દઇ, વિનય વિવેક યુક્ત દીનતા દીનતાને અંગીકાર કરી, પોતાને ગુરૂદેવના પવિત્ર ચરણોમાં 'સર્વ' ભાવને સર્વથા સમર્પિત કરી નિશ્ચિંત બની તેઓ શ્રીની આજ્ઞા પાલન માટે સર્વદા તત્પર, તત્પર રહેવુ જોઇએ, અને તેઓશ્રીની પ્રસન્નતા માટે અનન્ય ભાવથી પ્રેમ, ઉલ્લાસ, ઉમંગ પૂર્વક સેવા-ભક્તિમાં મશગુલ બની જવું જોઇએ, જેમ કે

પ્રભુ તે ગુરૂ મેં અધિક,
ધારે ભક્તિ સુજાન,
બિન ગુરૂ ભક્તિ પ્રવિનહુ,
લહે ન આત્મ જ્ઞાન

પરમાત્માથી વધુ સન્તો શ્રેષ્ઠ છે. કેમકે પરમાત્મા તો કર્મનું ફલ આપનાર છે, જ્યારે સન્તો કર્મની રેખા પર મેખ મારનાર છે. આ કારણેજ ગુરૂ બની ધર્મદાસજી સાહેબે કહ્યું છે કે;

ધન્ય નર ગુરૂ મહિમા જે જાને

સો અતિનીચ વિશેષ પૂજ્ય હૈ, ગીરિ હરિ કહત બખાને ટેક
યો ગુરૂણ સન્ત ગુરૂ કે ગુન, હરિસે અધિક બખાને;
નાસે સેત અઘ પુંજ નાશ હોય, તીનો તાપ સિરાને ૧
હરિ માયા વશ જીવ ભ્રમતહૈ, મોહપાશ ઉરઝાને;
ગુરૂ કી કૃપા છુટે બંધન સે, પહૂંચે મુક્તિ ઠિકાને. ૨
જ્ઞાની સતુણ ગ્રહ જો ગુરૂસે, સેવત ચરણ વિહાને;
તેનર મહા અધમ હૈ પામર, દેવત મલીમાન માને. ૩
ભવસાગર મેં ભટકત ભટકત, મનહૂં ન પાંવ ઠિકાને;
ધર્મદાસ વિશ્વાસ હીન જન, જાઓ કામ નિશાને ૪

ધર્મદાસજી કહે છે કે, તે મનુષ્યને ધન્ય છે કે જે ગુરૂની મહિમાને જાણે છે તે અત્યંત નીચ જાતિનો હોવા છતાં વિશેષમાં પૂજન કરવા યોગ્ય છે, એમ જ્ઞાની પુરૂષો કહે છે.

મગનભાઇ ગોરધન
ગ્રીહોન્ટીત, ડોકલાસ.

સમજ સોપાન

(શ્રી મોહનલાલ ચાંપાનેરી)

સંયમ જગતમાં પ્રેમનું અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપવાના અનાદિ કાળથી પ્રયત્નો થતા આવ્યાં છે. ઘણા સંત મહાત્માઓના જીવનો એ કાર્ય અર્થેજ પસાર થયાં છે. તેઓના આદર્શ જીવનો પણ આપણી વચ્ચે આજે પણ મોજુદ છે. તેઓ હંમેશ મનુષ્ય જીવનને માર્ગ દર્શક અને પથદર્શક નિવડયા છે. છતાં મનુષ્ય હંમેશ એના કુંડાળામાં-વર્તુળમાં ચિટકી બંધા ઝુંપાયેલો અને પાશમાં જકડાયેલો અને પાંગળો બનેલો ઘણી વાર હોય છે, કે એના જીવનને એ મહાન માનવીઓની મૂર્તિઓ અલ્પ વાર અસર નીપજાવી જઇ એના જીવનને ઉલ્લાસમય અને માર્ગસિદ્ધ બનાવે છે છતાં મનુષ્ય સ્વભાવ બહુજ વીસરી જઇ એના વર્તુળ કે કુંડાળાની બહાર બહુ પરાણે જઇ શકે છે.

મનુષ્ય એની આસપાસના જીવનનો લોભ બની તે રીતનું જીવન જીવવામાં રાચે છે. એ પોતે અનુકરણ કરવા હંમેશ ટેવાયેલ છે, કારણ કે તે સહેલું લાગે છે અને એનાથી ત્વરિત લાભ થતાં એ નિહાળે છે. મનુષ્ય સ્વભાવ મોટે ભાગે મનને ફોસલાવવાના મથામણ પ્રયાસથી હંમેશ કરે છે. સહેલું અને સરળ એ શોધે છે. બનતાં વિવેક દ્રષ્ટિને કોરે મુકી તે પ્રથમ ગ્રહણ કરી લે છે અને તેના ચિરંજીવ લાભો તરફ દ્રષ્ટિ ન કરતાં તાત્કાલિક લાભો તરફ હંમેશ તેની નજર રહે છે. એનો સ્વભાવ એવો છે કે એ હંમેશ સહેલા પથનો લોભ બને છે અને આંધળું અનુકરણ કરતો થઇ જાય છે. ઘણી વાર તો પોતે સાચો હોવા છતાં એ સમાજના બંધનો કે વ્યક્તિઓના ભય ઓઢી ડરીને એ પોતાનો માર્ગ બદલે છે. એ પોતે સાચો હોવા છતાં ડરે છે એ ઘેની નાહકમાંથી બહાર કાઢી એને એ માટે મનની દ્રઢતા ખુબ કેળવવી રહે છે. એ સહેલું અને ચોપડી ચોપડે છે કે આસક્તિથી, સાથાળીથી, પ્રપંચથી જીવનની નાની નાની બાબતો ખુબ વધેલી અને ત્વરિત સફળતાને જુએ છે, તેમ બધું એ નીરખે છે અને તેના લાભ પણ નિહાળે છે. એ બાબતો ચેતાયક ચિરંજીવ કે શાશ્વત તો નથી જ છતાં એજ એક જીવનનો વ્યવહાર, ખુબી મનાતો ગણમેળ ઉપાય એને લાગે છે.

ઘણી વાર જગતના વ્યવહારને ખાતર મનુષ્ય પોતાના આદર્શ અને સદ્ વિચારોને પણ ઉંચા મુકી દે છે. કારણ કે તે પેલે અટૂલો, એકલવાયો તેમજ ભિન્ન પડી જશે પોતાને માને છે. એટલે એ નાહિંમત બને છે અને આદર્શોને એ વિસરે છે. તેને દીવા કરે છે એટલે કે પોતાને અનુકૂળ અર્થ ઘટાવી લે છે. આમાં મનની નબળાઇને વશ થાય છે અને જીવનને પરાણે બીજી તરફ દોરી જાય છે. એમાં એની હાર થઇ જાય છે આદર્શોની જીવ થાઈ, ઉમદા વિચારોને જીવનમાં મૂકવા

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ
જાત જાતનાં નાયલન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સાડીઓ બ્લાઉઝ અને પુરૂષો માટે તમામ જાતના ઉલન કપડાં, ટુવાલ, ડ્રેસીંગ્સ અને બચ્ચાંઓ માટે—શુઝ, મોજા, બ્લેન્કેટ્સ, શાલ્સ, નેપકીન્સ વિગેરે.
દરેક જાતના માલ માટે તપાસ કરવા ભલામણ.
૩૩ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન: ૮૩૪-૬૩૨૯ — બોક્સ ૧૫૪૯.

એટલે તલવારની ધાર પર ચાલવા જેવડું અઘરું. એ માટે અનેરી કલા તપશ્ચર્યા અને આત્મવિશ્વાસ પણ હોવા જોઈએ. કેટલું પણ પરિશ્રમ ભરેલી તૈયારી પણ રાખવી પડે. વળી પ્રભુના વિશ્વાસે પણ જીવવું રહેવું પડે. કસોટી કરતાં હતાશા પણ સાંપડે અને કસોટી કસોટીએ અગ્નિ પરીક્ષા પણ થાય. એવી અગ્નિ પરીક્ષાના દાખલાઓ–જેવા કે રામાયણ, સીતા, સુદામા, નરસિંહ, મીરાં, ગાંધીજી વિગેરે સંત મહાત્મા એના દાખલાઓથી ભરેલા ભર્યા રહ્યા છે. જેમણે જીવનમાં અત્યંત સહન કર્યું હતું છતાં એમણે કસોટીમાંથી પાર પડી મહા કલ્યાણ કર્યાં હતાં જેમના દાખલાઓ આજે પણ પ્રાતઃસ્મરણીય છે. એવા દાખલાઓ જીવનમાં ચિંતન અને તાજગી આપે છે. હતાશામાં પ્રેરક આશાનું કિરણ ચમકાવે છે. નાહિંમતમાં હીંમત રેડે છે. કુપથેથી પુનઃ સુપથે વાળે છે.

મનુષ્ય સુખ, મોજ અને એશઆરામ તરફ વધુ આકર્ષાય છે એનાથી જીવન કષ્ટ કરતું લાગે. અરેરે અને આનરસંહાર એ કરે છે એ ભયોના દોષથી દોરવાઈ જવાથી તેઓ રોકાતા નથી તેમના પણ નાશ કરે છે તો પ્રારબ્ધનો ઉપભોગ થાય તે દરમિયાન તેને વિવેક બુદ્ધિની વિશિષ્ટ ભણેલી હોવાથી તેના વડે વિશુદ્ધ ક્રિયામય આચરીને

તમે 'ઇન્ડીયન ઓપીનીયન' ના ગ્રાહક છો?

જો ન હોવ તો શા માટે નહિ?

તે ઉંચી કક્ષાએ જઈ શકે છે આમ તમાત્માઓથી મહાત્માની કક્ષાએ અને મહાત્માની કક્ષાએથી દેવાત્માની કક્ષાએ અને દેવાત્માની કક્ષાએથી પર આત્માની કક્ષાએ પહોંચી શકાય છે એમ ભગવાન શ્રીકૃષ્ણે પણ કહેલું છે. લભન્તે બ્રહ્મનિર્વાણમૃષયઃ ક્ષીણકલ્મષાઃ। છિન્નદ્વૈધા યતાત્માનઃ સર્વભૂતહિતે રતાઃ। જેના પાપ નાશ પામ્યાં છે, જેની શંકાઓ દૂર થઈ છે, જેણે મન ઉપર કાબુ મેળવ્યો છે, અને જે પ્રાણીમાત્રના હિતમાંજ પરોવાયેલા રહે છે એવા ઋષિઓ શાંતસ્વરૂપ બ્રહ્મને પામે છે. (ગીતા ૫–૨૫) આ સિદ્ધાંતએ પહોંચવા માટે કેવળ માનવના દેહધારી આત્માઓ જ અધિકારી છે તેથી ગીતા ક્રમે જણાવ્યું છે કે ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્। આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ। વિવેકયુક્ત મન વડે આત્માનો ઉદ્ધાર કરે, તેને નાશ ન થવા અધોગતિમાં ન લઈ જાય, કારણ કે આ જ્ઞાનયુક્ત મન આત્માનો મિત્ર છે અને જ્ઞાનરહિત મન જ તેનો શત્રુ છે." (ગી. ૬–૫)

વિવિધ વર્તમાન

આરબ રાષ્ટ્રો પોતાનો કાફલો ઉભો કરશે?

કૈરો: સાત આરબ રાષ્ટ્રોના પ્રતિનિધિઓએ અને એક આરબ ગુપ્ત સાથે આરબ તેલવાહી જહાજ કાફલો સ્થાપવાની ભલામણ કરી હતી. પણ તે સાથે નવ મહિના સુધી તે નિર્ણયને અમલ રાખવાનું મુલતવી રાખ્યું હતું.

આરબ લીગ આર્થિક પરિષદની પેટ્રોલીયમ સમિતિએ આ નિર્ણય લીધો હતો.

સમિતિના એક સાધને પાછળથી જણાવ્યું હતું કે તેલવાહી યોજના માટે ૧૦૦ સ્ટર્લિંગના શેરોમાં કુલ ૩૫૦ લાખ સ્ટર્લિંગ મૂડી જોઈશે એમ સમિતિ સંમત થઈ હતી. આરબ રાજ્યો સરખે હિસ્સે આ મૂડી પૂરી પાડે. નવ મહિનાના વધુ અભ્યાસ બાદ સરકારોની મંજૂરી મેળવવાનું સમીતીએ ઠરાવ્યું હતું.

તેલવાહી જહાજો ખરીદવા કે બાંધવા તેવા અમલની જવાબદ કંપનીઓનો સંપર્ક સાધવા એક આરબ ડીરેક્ટર બોર્ડ સ્થાપવાનું પણ સમિતિએ સૂચવ્યું છે.

આરબ પાઇપલાઇન કંપનીઓ સાથે સૂચિત તેલવાહી જહાજોની યોજનાની સ્પર્ધા ટાળવા તેમજ સહકાર સાધવા ના માર્ગો વિષે પણ સમિતિ અભ્યાસ કરી રહી છે.

આર્થિક પરિષદ બંધ બારણે મળી રહી હતી.

વિમાનવાહી જહાજોને અપાયેલા અણુબોમ્બ

લંડન. 'ડેલી એક્સપ્રેસ' અખબારે જણાવ્યા પ્રમાણે બ્રિટનના ૭ વિમાન વાહક જહાજોને અણુબોમ્બ આપવામાં આવ્યા છે અને એ રીતે બ્રિટનના નૌકાદળને "પ્રચંડ પ્રહારક શક્તિ" બનાવવું અણુશસ્ત્ર દળ બનાવવામાં આવ્યું છે.

કેટલાક મહિનાઓ પર બાર્કશાયર પાસે અણુબોમ્બના સરકારી કારખાના માં ઉત્પાદન થતા બોમ્બના પ્રમાણને અનુલક્ષીને આ બોમ્બ પૂરા પાડવામાં આવ્યા છે.

બ્રિટનના કાફલામાંના વિમાની રાજ્ય દળને બોમ્બ ઉપાડવાની ટેકનિકની તાલીમ અપાઈ રહી છે તેથી કરીને અણુબોમ્બના ધડાકામાંથી વિમાન બચીને જઈ શકે.

કાપડ મિલનો વહીવટ અધિકારીએ લઈ લીધો

ઢાકા પૂર્વ પાકિસ્તાનના લશ્કરી વહીવટદાર મેજર જનરલ કે. એમ. રહીમ ખાને પૂર્વ પાકિસ્તાનની મોટામાં મોટી કાપડ મીલોમાંની એક ચિત્તરંજન કોટન મીલનો વહીવટ અને વ્યવસ્થા પોતાને હસ્તક લઈ લીધો છે. તેમણે આજે રાતે બહાર પાડેલા એક હુકમ દ્વારા જણાવ્યું હતું કે 'ગેરરીતિઓ, ગેરકાનૂની પ્રવૃત્તિઓ અને ગેરવહીવટને કારણે મિલમાં ગંભીર ગેરવ્યવસ્થા ચાલી રહી હતી. આને પરિણામે કાપડ જેવી જરૂરી ચીજના ઉત્પાદનમાં ઘટાડો થાય અને અસંખ્ય કામદારો બેકાર બને એવો સંભવ હતો.

એલચીઓની આપ–લે સંયુક્ત આરબ પ્રજા સત્તાકે પાછી ઠેલી

લંડન: સંયુક્ત આરબ પ્રજાસત્તાકે એલચીઓની આપલે એક અઠવાડિયું પાછી મુકવાનું બ્રિટનને જણાવ્યું હોવાનું 'અલ અહરામ' અખબારને ટાંકીને કૈરો રેડિયોએ એમ જાહેર કર્યું હતું. રેડિયોએ જણાવ્યું હતું કે આ ઢીલનું કારણ બ્રિટન પોતાના કબજા હેઠળના પ્રદેશોમાં મેન્શન કચેરી ખોલવા દેવાની સંયુક્ત આરબ પ્રજાસત્તાકની વિનંતિ નો જવાબ વાળવામાં નિષ્ફળ ગયું છે તે છે.

લંડનમાંના રાજકીય નિરીક્ષકોના જણાવ્યા પ્રમાણે સંયુક્ત આરબ પ્રજા સત્તાકની પોતાની હદમાં મેન્શન કચેરી ખોલવાની પરવાનગી મેળવવા માટે છે, જેમાંની ઘણી બાબતો સમ્પૂર્ણ, ઈરાની અખાત અને બ્રિટન સાથે સંરક્ષણ પૂર્વ આફ્રિકામાં હતો.

પ્રમુખ નાસર પર શ્રી નહેરૂનો સંદેશો

કૈરો સંયુક્ત આરબ પ્રજાસત્તાક ખાતેના ભારતીય એલચીએ આજે પ્રમુખ નાસરને ભારતના વડા પ્રધાન શ્રી નહેરૂનો અંગત સંદેશો પહોંચાડ્યો હતો. પ્રમુખને હમણાં બાબતોના રાજ્ય મંત્રી શ્રી અલી સાબ્રીને આ પત્ર સુપરત કરવામાં આવી હતી. શ્રી સાબ્રીએ સોલીસીટ એલચી સાથે પણ મંત્રણા કરી હતી.

કૈરોમાં બેલ્જીયમ બેન્ક કબજે કરાઈ

કૈરો: સંયુક્ત આરબ પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખ શ્રી ગમાલ અબ્દુલ નાસરે અહીંની બેલ્જીયન બેંક તથા બીજી ફ્રેંચ નાણાકીય પેઢી ઓનું રાષ્ટ્રીયકરણ કરતો હુકમ કર્યો છે એમ કૈરો રેડિયોએ જાહેર કર્યું છે.

કોંગોના બનાવો આફ્રિકા માટે ભયરૂપ છે!

આક્રા: ઘાનાની પાંચ દિવસની મુલાકાતે આવેલા ઇથિયોપીઆના સમ્રાટ હેઈલે સેલાસીના માનમાં યોજવા માં આવેલા ભોજન સમારંભ પ્રસંગે પ્રવચન કરતાં ઘાનાના પ્રમુખ શ્રી ન્ક્રુમાએ કોંગોની આફ્રિક મૈત્રી અને તેના સ્વાતંત્ર્ય સામે કાવતરું કરવાનો સંસ્થાનવાદી દેશો પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે તેઓ તેમની યોજનાઓ પાર પાડવા માટે સંયુક્ત રાષ્ટ્રોની સંસ્થા અને તેના ધ્વજનો ઉપયોગ કરી રહ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોંગો માં આજે ગંભીર પરિસ્થિતિ પ્રવર્તે છે. આફ્રિકાના બધા જ સ્વતંત્ર દેશો માટે આ એક ગંભીર ચિંતાનો વિષય છે. પ્રત્યેક દીવસે કોંગોમાં બનતું કાર્ય અને છે જે સમગ્ર આફ્રિકા માટે ભયરૂપ બને તેમ છે.

આગળ ચાલતાં તેમણે જણાવ્યું હતું કે સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદ ના બળોનો પરાજય કરવા માટે આફ્રિકાની પ્રજાએ એક થવું જોઈએ. આ બળો આપણા અંગમાં પગદંડો જમાવવા માટે બધા જ પ્રકારના કાવતરાં કરી રહ્યા છે તે સામે આપણે જાગૃત રહેવાનું છે. આફ્રિકન રાજ્યોએ સંપૂર્ણ એકતા જાળવવાની છે અને એકસરખી નીતિ અખત્યાર કરવાની છે. યુનોમાં આફ્રિકાના રાજ્યોની સંખ્યા વધતી જતી હોવાને લીધે આંતરરાષ્ટ્રીય બાબતોમાં તેમની જવાબદારી બહુ મોટી છે.

અંતમાં તેમણે જણાવ્યું હતું કે શહેનશાહ હેઈલ સેલાસી સાથે અમે રાજકીય અને આર્થિક સ્વતંત્રતાના સમાન ધ્યેયને સિદ્ધ કરવા માટેના સાધનો અંગેના પ્રશ્નો સંબંધમાં ચર્ચાવિચારણા કરીશું. ઘાના સક્રિય તટસ્થતાની નીતિને અનુસરી રહ્યું છે. આપણે પૂર્વતરફી નથી અને પશ્ચિમ તરફી પણ નથી. આપણે માત્ર આગળ વધવાનું છે–પ્રગતિ કરવાની છે.

આ પ્રસંગે શહેનશાહ હેઈલ સેલાસી ને ઘાનાનું સર્વોચ્ચ બહુમાન "ઓર્ડર ઓફ ધી સ્ટાર ઓફ આફ્રિકા"નું ચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું.

પૂર્વ જર્મનીનું સૈન્યને અપાતી તાલીમ

બોન, પશ્ચિમ જર્મન સરકારના માહિતી ખાતાએ જણાવ્યું હતું કે, પૂર્વ જર્મન સૈન્ય અણુયુદ્ધથી સરજાતી પરીસ્થીતીનો મુકાબલો કરવા માટે તાલીમ લઈ રહ્યું છે. પૂર્વ જર્મનીની સામાન્ય તાલીમના અભ્યાસો, અણુ યુદ્ધ તથા રાસાયણિક યુદ્ધની સામે રક્ષણ મળી શકે તેવા ખાસ પ્રકારના મજબુતોની ગોઠવણ કરવામાં આવી છે. કીરણોત્સર્ગની અસરવાળા વિસ્તારો ની અસરથી મુક્ત રહી શકાય તે માટે રીતસરની જરૂરી ટુકડીઓની સાથે ખાસ "રસાયણિક કંપનીઓ" રાખવામાં આવી છે.

—ઘાનેસ, નાઝારીના પૂર્વ પ્રદેશ માં આવેલા આનિતસા પાસે આવેલા ઝૂંપડાઓમાં વસવાટીઓ પર પોલીસે કરેલા ગોળીબારથી બે શ્રી સુદ્ધાં નવ માનવી માર્યા ગયા હતા. સત્તર પોલીસ ઘવાયા હતા.

તમારું લવાજમ હજુ બાકી છે?

જો બાકી હોય તો આજે જ મોકલી આપો! ઘણા ભાઈ બેનોના લવાજમો આવી ગયા છે, તેનાથી અત્યાર સુધી તો અમારું ગાડું જેમ તેમ ચલાવ્યું છે, પરંતુ આપના જેવા જે થોડા બાકી રહી ગયા હોય છે, તેઓ જો હવે જલદી નહિ મોકલશે તો અમારી સ્થિતિ કફોડી થઈ જશે.

છાપા માટે કાગળ, શાહી, ટેમ્પ અને કામ કરનારાઓના પગારો એ બધું દર મહિને ચુકવવાનું હોય છે અને હવે સીલક રહી શકી નથી! શું થાય! બીજો કોઈ ઉપાય રહ્યો નથી, માટે જ આપને આગ્રહ ભરી વિનંતિ કરવામાં આવે છે કે, આજે જ તમારું લવાજમ મોકલી આપો અને અમારી મુશ્કેલી દૂર કરો.

આ દેશમાં મહાત્મા ગાંધીજીના સત્ય અહિંસા, સમાનતા, સ્વતંત્રતા, વિગેરેના અમૂલ્ય સંદેશા આજના અશાંત જમાનામાં, તેમના જ પ્રિય પત્ર "ઇન્ડિયન ઓપિનિયન" મારફતે ઘેર ઘેર પહોંચતા રહે તે માટે ઘણા ભાઈ બેનો, દર વર્ષની શરૂઆતમાં જ પોતાના અને મિત્રોના લવાજમો આગળથી મોકલી આપી પૂ. બાપુ પરત્વેનો સાચો પ્રેમ અને લાગણી બતાવી રહ્યાં છે, અને એ રીતે પૂ. બાપુનું આ દેશમાં શરૂ કરેલું અને અખંડ રીતે ચાલુ રહેલું આ નિસ્વાર્થ માનવસેવાના કાર્યમાં સુંદર મદદ કરી રહ્યાં છે.

માટે તમે પણ આજથી નિશ્ચય જ કરી નાખો અને વરસની શરૂઆતમાં જ લવાજમ મોકલી આપને અમારા કાર્યને સહેલું અને સરળ કરી આપો કે જેથી પુરા ઉત્સાહથી હવે પણ પૂ. બાપુનો આ દેશના સેવાવ્રત જન કલ્યાણ માટે ચાલુ રાખી શકીએ.

આશા છે હવે પછી ઢીલ નહિ કરશો કારણકે, આપની સહેજ આળસથી આવા કીંમતી લોકહીતકારી કાર્યને ઘણું જ ખમવું પડે છે.

વ્યવસ્થાપકો
'ઇન્ડિયન ઓપિનિયન.'

બી-આઇ

મુંબઇ કરાંચી અને ઇસ્ટ આફ્રીકાના બંદરો વચ્ચે મુસાફરી કરે છે.

સ્ટીમર કંપાલા ૫મી ફેબ્રુઆરી ૧૯૬૧માં આવશે અને ૧૦મી ફેબ્રુઆરી ૧૯૬૧ના ઉપડશે.

મુંબઇ અથવા કરાચીનું ભાડું.
ખોરાક સાથ

ફર્સ્ટ ક્લાસ	પા. ૧૩૭-૧૫-૦
સેકન્ડ ક્લાસ	પા. ૧૦૮-૭-૦
થર્ડ ક્લાસ ખોરાક સાથે	પા. ૩૯-૧૫-૦
થર્ડ ક્લાસ ખોરાક વગર	પા. ૩૪-૬-૦

વધુ માહિતી માટે મળો યા લખો:

શેખ હિમેદ ઍન્ડ સન્સ
(પીટી લીમીટેડ.)
૨૯૦ પાઇન સ્ટ્રીટ,—ડરબન.
ટેલીફોન: ૨૫૪૩૨ — ટેલીગ્રાફીક ઍડ્રેસ "કરામત."

શુભ પ્રસંગો માટે ભેટ!

સ્ત્રીઓ અને પુરૂષો માટે

ઘડીયાળ!

૧૭, ૨૧ અને ૨૫ જ્વેલનાં ઓટોમેટીક કેલેન્ડર.

- રોમર
- રોટરી
- સેકો
- રૂમર

વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરૂષોના શર્ટ સુટ, પાયજામા વિ. તેમજ બાળકોનાં કપડાં.

હોલસેલ ભાવે મળશે

બોક્ષ ૫૬૮૮, ફોન: ૮૩૫-૨૬૦૧.
વલ્લભભાઈ બી. પટેલની કું.
૪૪, મારકેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

સીરીઝ નં. ૩ **બોધપ્રદ નવાં પુસ્તકો**

જગતના ઇતિહાસનું સંક્ષિપ્ત રેખાદર્શન (જવાહરલાલજી)	૧૮	૦
મહાદેવભાઈની ડાયરી ભાગ ૧ લો (ગુજરાતીમાં નથી. હીંદીમાં જ છે)	૧૦	૦
" " " ૨ જો " છે.	૧૨	૦
" " " ૩ જો	૧૧	૦
જીવનનો આનંદ (કાકા કાલેલકર)	૮	૩
અમારાં બા (વનમાળા દેસાઈ)	૪	૬
કેળવણી વિકાસ	૬	૦
ચીન દેશની કથાઓ (મુકુલભાઈ કલાર્થી)	૨	૦
બાપુના જેવી વાતો " "	૧	૩
જીવન અને મરણ " "	૧	૩
ધર્મ સંસ્થાપકો "	૧	૩
પ્યારા પ્રેરક પ્રસંગો "	૨	૦
પ્રતિભાનું ગીત " "	૧	૩
બોધક ટીકડીઓ " "	૧	૦
મોટા માણસના મન " "	૨	૦
ગીત અને સદાચાર " "	૧	૩
શેખ સાદીની બોધ કથાઓ " "	૧	૬
સંત સમાગમ " "	૧	૩
માનવ જીવનનું સંગીત " "	૧	૩
પ્રાચીન વૈદિક કથાઓ (ગોપાળદાસ છ. પરેખ)	૧	૬
ગાંધીજીનો વિનોદ (કકલભાઈ મહેતા)	૨	૦
બાપુના બે પત્રો (મણિલાલ ગાંધી)	૨	૬
સ્મારક અંક (ઇ. ઓ.)	૧	૬
ગાંધી " " "	૨	૦
મોહન અનુગીતી " " (હિન્દી)	૧	૦

Indian Opinion, P. Bag, Durban.

હિંદના સમાચારો

તા. ૧૦-૧-૧૯૬૧.

ખંભાત નજીક બ્રિટીશ પેઢીના સહકારથી શરૂ થનારો ઉદ્યોગ

ખંભાત-મુબારક રોડ ઉપર ખંભાત તારાપુર રોડ વચ્ચેની કોઈ જગ્યામાં એક ખ્યાતનામ બ્રિટીશ પેઢીના સહકારથી "ફ્લોરેસન્ટ" ટ્યુબલાઈટ લેમ્પસ તથા અન્ય વીજળીક સાધનો બનાવવાનો એક મોટો ઉદ્યોગ ઊભો કરવા માટે એક લીમીટેડ કંપની દ્વારા પ્રયાસો ચાલી રહ્યા છે.

આ ઉદ્યોગની સ્થાપના અને તેના વિકાસ માટે મુંબઈ અને ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિઓના એક બોર્ડની રચના થનાર છે. તેના મેનેજીંગ ડાયરેક્ટર તરીકે શ્રી પી. જી વૈષ્ણવનું નામ બોલાઈ રહ્યું છે. ગુજરાતમાં કોઈ પણ એક યોગ્ય સ્થાને આ ઉદ્યોગ ઊભો કરવા માટેનો સરકારી પરવાનો પણ આ કંપનીને મળી ચુક્યો છે.

સૂચિત ઉદ્યોગ સ્થાપવા માટેનું કારખાનું નાખવાનું સ્થળ નક્કી કરવા તેના સ્થાપકોએ વડોદરા, પેટલાદ, આણંદ, અને ખંભાતની મુલાકાત લીધી હતી અને તેઓએ ખંભાત ઉપર પસંદગી ઉતારી છે.

ખંભાત વિસ્તારમાં આ અદ્યતન ફેક્ટરી ઊભી કરવાનું લગભગ નક્કી કરાયા બાદ જરૂરી જમીનની તપાસ કરવા વડોદરા અને મુંબઈથી બે અગ્રણી ઉદ્યોગપતિઓ તેમના ટેકનીકલ સલાહકારો સાથે ખંભાત આવ્યા હતા. આ જમીનો માટે તપાસ કરી હતી આ ઉદ્યોગ ઊભો કરવામાં ૨ થી ૩ વર્ષ લાગશે કારણ કે સરકારે ૧૯૬૨માં ધુવારણ વિદ્યુત મથકમાંથી વિજળી આપવાનું સ્વીકાર્યું છે.

૧॥ કરોડથી ૨ કરોડ રૂપીયાના ખર્ચે નંખાનાર આ ઉદ્યોગને એકલો કાચો માલ પરદેશથી નહીં ખરીદતાં અહીં જ પેદા કરવાનું વિચારાયું છે અને કાચા માલના ઉત્પાદન માટે રૂા. ૨૫ લાખને ખર્ચે એક ખાસ 'ગ્લાસ પ્લાન્ટ' નખાશે જ્યારે ફીલા-મેન્ટર, રસાયણો, કેપ, વગેરે પરદેશથી સીધો આયાત કરવા માટેના પરવાના પણ મળનાર છે.

દીવ-દમણ મુક્તિ માટે રાષ્ટ્રીય સમિતિ

મુંબઈ: આફ્રો-એશિયાઈ એકતાની ગોવા રાષ્ટ્રીય પરિષદે ગોવા, દમણ ને દીવની મુક્તિ માટેની ઝુંબેશ આરંભવા માટે રાષ્ટ્રીય સમિતિ રચી છે. સમિતિના ચેરમેન તરીકે શ્રીમતી રામેશ્વરી નહેરુ અને અધ્યક્ષ તરીકે શ્રીમતી અરુણા આસફઅલી છે. સમિતિ આ ફિરંગી થાણાઓની મુક્તિ માટેનાં રચનાત્મક સૂચનોની રૂપરેખા દર્શાવતું મેમોરેન્ડમ ભારત સરકાર અને સંસદના સભ્યો સમક્ષ રજુ કરનાર છે.

જપાની પ્રિન્સને હિંદી ખુબ આવે છે

આગ્રા: જપાનના પાટવી કુંવર પ્રિન્સ અખીહિતોને હિંદી કંઈ ખુબ આવડી છે અને પ્રિન્સેસ મીચીકો હિંદી કેમ બોલવી એ શીખવા લાગ્યા છે. આ વાત પ્રિન્સેસ મીચીકોએ જપાની પત્રકારને કહી હતી.

પ્રિન્સેસ મીચીકોએ વધુમાં જણાવ્યું હતું કે મેં મારા નવ મહિનાના પુત્ર માટે પક્ષીઓ વિષેની એક સુંદર પુસ્તિકા ખરીદી છે.

પ્રો. દુરકાળનું અવસાન

મુંબઈ: જુની પેઢીના એક જાણીતા સાહિત્યકાર અને સનાતન હિંદુ ધર્મના તથા સંગઠનના આગેવાન પ્રો. જયેન્દ્રરાય ભગવાનલાલ દુરકાળનું અમદાવાદ ખાતેના તેમના નિવાસસ્થાને અવસાન નીપજ્યું હતું. સદ્ગત્ તેમના જીવન કાળમાં કેટલાક વર્ષો સુધી સુરતની એમ. ટી. બી. આર્ટ્સ અને સાયન્સ કોલેજમાં ગુજરાતી સાહિત્યના અધ્યાપક હતા.

સર એડમન્ડ હીલેરી

કાઠમંડુ: પર્વતોમાં વૈજ્ઞાનિક તપાસ માટે એક મહિના પુરતી ઝુંબેશ યેતિની ખોપરી લઈને આવે એવરેસ્ટના વિજેતા સર એડમન્ડ હીલેરી કાઠમંડુ આવી પહોંચ્યા હતા. હવે તેઓ અમેરીકા ને યુરોપ જશે. [illegible] રચની આ ખોપરી તેમણે નેપાળના વિદેશમંત્રી શ્રીનાર પ્રતાપ શાહ તથા નેપાળ ખાતેના અમેરીકી એલચી સ્ટેબિન્સને બતાવી હતી.

નેતાજીના પુત્રી કુ. અનિતા બોઝનું ભારતમાં આગમન

કલકત્તા: નેતાજી સુભાષચંદ્ર બોઝનાં પુત્રી કુમારી અનિતા બોઝ વિમાન માર્ગે અત્રે આવી પહોંચ્યાં હતા. તેમની વય ૧૮ વરસની છે. તેઓ વીએનાથી રોમ થઈને અત્રે આવેલા છે. કુમારી અનિતા પ્રથમ વાર ભારત આવે છે.

નેતાજીનાં કુટુંબીજનોએ ડમડમ વિમાની મથક ઉપર તેમનું સ્વાગત કર્યું હતું. વિમાન આવ્યા પહેલાં મોટું ટોળું વિમાની મથકે આવી પહોંચ્યું હતું.

કુમારી અનિતાને શહેરમાં આવેલા તેમના નિવાસસ્થાન નેતાજી ભવન ખાતે લઈ જવામાં આવ્યાં હતા.

કુમારી અનિતા દશ અઠવાડિયા ભારતમાં રોકાશે. તે દરમિયાન તેઓ વડા પ્રધાન શ્રી નહેરૂને મળશે. તેઓ કટક, શાંતિનિકેતન, કોહીમા, દીમાપુર, ઈમ્ફાલ વગેરે સ્થળોની મુલાકાત લેશે.

ભારતની મુલાકાતે આવનાર નોબેલવિજેતા

નવી દિલ્હી: ચાલુ વરસે તબીબી શાસ્ત્ર માટેના નોબેલ પારિતોષિકના સંયુક્ત વિજેતા સર મેકફરલેન બર્નેટ ભારતની મુલાકાતે આવી પહોંચશે. "વાયરસ" રોગો અંગે સંશોધન કરનાર ઓસ્ટ્રેલિયાના આ જગવિખ્યાત સંશોધક પોતાની મુલાકાત દરમિયાન દિલ્હી, જબલપુર અને બનારસ ખાતે આવા રોગો અંગે સંશોધન કરનારાઓ સમક્ષ પ્રવચનો આપશે. સર બર્નેટે તાજેતરનાં વર્ષોમાં "વાયરોલોજી" અને "ઇમ્યુનોલોજી" ઉપર વધુ સઘન અભ્યાસ કર્યો છે.

જુદાં રાજ્ય ઉપર શ્રી પંત

નવી દિલ્હી: કેન્દ્ર સરકારના ગૃહ પ્રધાન પંડિત ગોવિંદ વલ્લભ પંતે લોકસભામાં સંખ્યાબંધ પ્રશ્નોના જવાબમાં જણાવ્યું હતું કે આસામમાં રહેતી વિસ્તારોનું રાજ્ય રચવાનું આદિવાસી લોકોના હિતમાં છે અથવા તો આવા રાજ્યની રચના કરવાનો વ્યવહાર છે એમ ભારત સરકાર માનતી નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ટેકરીવાળા વિસ્તારોમાંની પ્રાદેશિક અને જીલ્લા સમિતિઓને વધુ સત્તાઓ આપવા ઉપરાંત આદિવાસી લોકોની આકાંક્ષાને સંતોષવા માટે રાજ્યની સપાટીએ ચોક્કસ બીજા સુધારાઓ દાખલ કરવાનો પ્રશ્ન પણ કેન્દ્ર સરકાર વિચારી રહી છે.

કામઠી નજીક કોલસાનો જથ્થો

કામઠીના તેકડી-સહિલેવાડા વિસ્તારમાં સર્વે કરતાં જણાયું છે કે ૩૦૦૦ મીલીયન ટન કોલસાનો જથ્થો ત્યાં સમાયેલો છે. જેમાંનો મોટો ભાગ શુદ્ધ કોલસાનો છે. આ બ્યાન શ્રી જી. કે. પાટીલે નાગપુરના મહારાષ્ટ્ર એસેમ્બલીમાં આપી હતી. શ્રી ડી. એસ. નરવેકરના સવાલના જવાબમાં ઉપર મુજબનું બ્યાન શ્રી પાટીલે આપ્યું હતું.

વિદ્યાર્થીઓની બચત-ટેવ

ભાવનગર: નાની બચત યોજનાએ લાલપુરના એક હોટલવાળાને તેમ જ તેનાં સાળાએ જતાં બે બાળકોને કરકસર કરી નાણાં બચાવવાની ટેવ પાડી દીધી છે. લાલપુરના રાજભાઈ નામના હોટલવાળાએ આ યોજનાનો લાભ સમજતાં તેણે ટપાલ કચેરીમાં સેવિંગ્સ બેન્કનું ખાતું ખોલાવ્યું અને એક વર્ષને અંતે તેમાં રૂા. ૧૪૦૦ની રકમ જમા કરી.

તેનાં સાળાએ જતા બે બાળકોએ પિતાને પગલે ચાલીને ખાસ 'સેવિંગ્સ બોક્સ'માં રોજ ચાર ચાર આના નાખીને રૂા. ૧૦૦ની બચત કરી.

ગુજરાત યુનીવર્સીટી

અમદાવાદ: ગુજરાત યુનીવર્સીટીની સિન્ડીકેટની ખાલી પડેલી ચાર બેઠકો માટે નીચે પ્રમાણે સાત જણાએ ઉમેદવારી કરી છે. આ સાત ઉમેદવારોમાંથી ચાર સભ્યોની ચુંટણી સેનેટની બેઠકમાં કરાશે એમ જણાવવામાં આવ્યું છે.

સાત ઉમેદવારોમાં (૧) શ્રી મગન ભાઈ પ્રભુભાઈ દેસાઈ, (૨) શ્રી ગિરીશ ચન્દ્ર દેસાઈ, (૩) શ્રી ઇંદુવદન નાણાવટી, (૪) શ્રી રણજીત શાસ્ત્રી, (૫) શ્રી ઘનશ્યામ ઓઝા, (૬) શ્રી કે. ટી. દેસાઈ અને (૭) શ્રી હિતેન્દ્ર દેસાઈ છે.

ખાસ દરખાસ્ત: હિંદની અગરબત્તી
(વધારેમાં આવેલો તાજો માલ)
ક્રિસમસ અને નવા વરસ માટે આવેલો તાજો માલ અમે અહીં જનતા સમક્ષ રજુ કરીએ છીએ.
અગરબત્તી-ડેસ્કમેટ-પ્લાસ્ટીક, સેન્ડલવૂડ અને ચાંદીની અંગુઠીઓ.
નવીન મીનાં અને માથાના ગીલીટ ટીકડીઓ, ડાયમન્ડીસ અને લાલ સુપારીવાળી ચાસણી અને કેસરી સુરસ.
દુકાનો અને હોટલો માટે અમે ખાસ ભાવ રાખીએ છીએ અને ખાસ ધ્યાન પણ આપીએ છીએ. આપ જ્યારે આવતે વખતે ડરબન આવો ત્યારે અમારી મુલાકાત લ્યો.
એ. કે. હુસેન એન્ડ સન્સ
હોલસેલ ઈમ્પોર્ટર્સ અને હોલસેલ મરચન્ટસ
૧૧૧ ક્વીન સ્ટ્રીટ, — (હુસેન્સ બીલ્ડીંગ) — ગ્રે સ્ટ્રીટ — ડરબન.
અમારૂં પ્રાઈસ લીસ્ટ મંગાવો.

ઘરમાં ફ્રેમ બનાવી ટંગાવવા લાયક સુંદર "સંતને બોધ" સ્વ. [illegible] કૃત. સુંદર જાડા કાગળ પર બે રંગમાં છપાયું છે. ભાવ કીંમત શી. ૧-૦ પોસ્ટેજ ૩ પેની.
'Indian Opinion'
P. Bag, Durban, Natal.

ટૂંકી વાર્તા

...કેટલા સમયથી ગુંગળાતો...રીબાતો...બલકે બળતો તેનો આત્મા આજે આઝાદ થયો હતો...

ઇન્સાન અને આઝાદી...!

લેખકઃ "લતીફ" સુરતી

...અને એક ક્ષણમાં રામજીની ઓરડીમાં કારમું કલ્પાંત થઈ ઉઠ્યું... કેવાહટ ફળના પગના ગારોમાર બહાર ઉઠ્યા

એક ક્ષણમાં તો આખી ચાલીમાં સમાચાર ફેલાઈ ગયાં...

'શું થયું...!' મેં પૂછ્યું.

'રામજી મરી ગયો...'

'કોણ રામજી...!' મેં ફરી પ્રશ્ન કર્યો.

'પેલો રામજી...હાથલારી ફેરવતો હતો તે...!'

'હા...સારો થઈ ગયું...'

'હે...એ મરી ગયો અને તમે કહો છો સારું થયું...!'

'હા ભાઈ...કુદરત જે કરે છે તે સારા માટે જ કરે છે. અરે! હું તો કહું છું હજી તેને વહેલા મરી જવું જોઈતું હતું!'

'કેમ...!' આશ્ચર્યચકિત મારી આંખો પહોળી થઈ ગઈ મને લાગ્યું કાંતો આ માનવી પાગલ છે અથવા તો એકદમ નિર્દય છે. રામજીના મોતથી આખું ઘર કલ્પાંત કરી રહ્યું છે અને આ માણસ કહે છે કે હજી તેને વહેલા મરી જવું જોઈતું હતું!

એ જો વહેલો મરી ગયો હોત તો આજે તેના ઘરની જે દશા છે તે ના થઈ હોત...તેના ઘરમાં જે કારમી કંગાલિયત અત્યારે છે તે ના હોત... માણસ ગમે તો નવા કાનૂન એ નમને કદી ખબર નથી...હું બધું જાણું છું... એ ઘરનો વિનાશ મારી નજર સમક્ષ થયો છે...છતાં હું કંઈ કરી શક્યો નહીં કારણ કે હું મજબૂર હતો. મજબૂરી...! જે માનવીની મોટામાં મોટી કમજોરી-નિર્બળતા છે...એ મજબૂરી માનવી પાસે ઘણા નીચ કામ કરાવે છે. મજબૂરી આગળ મક્કમ મનનો માનવી પણ પરાજય પામી જાય છે. મારી એટલી શક્તિ ન હોતી કે હું રામજીને આર્થિક સહાય કરી શકું...તો બતા રામજીના કુટુંબને મજૂરોએ સહાય કરી...પણ બધાએ એમને કોઈ રીતે તેનો બદલો તો વાળી જ દીધો આ દુનિયામાં સ્વાર્થ વિનાની સહાયની અપેક્ષા રાખવી એ આજના જમાનામાં મોટી ભૂલ છે. રામજીની બીમારીમાં તેની પત્નીની કાયા સુકાઈ ગઈ.. રામજીના માટે આ દુઃખ ખૂબ અસહ્ય હતું તે પત્નીઓ ગર્ભને સમજતો કે હવે પોતે કદી સારો થઈ શકશે નહીં. રામજી પોતે એ વાત સારી પેઠે જાણી ચુક્યો હતો કે પોતે હવે સારો થઈ શકશે નહીં. કારણ કે કેટલા વખતથી તે મોત અને જીવન વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો તે પોતે જાણતો હતો કે હવે જલદી પોતાનો જીવન દીપ બુઝાઈ જાય તો સારું...જેથી ઘરની અન્ય વ્યક્તિઓ ઉપર તે બોજ ન બને...તે ઘણીવાર વિચાર કરતો કે એ શુભ ઘડી ક્યારે આવશે ક્યારે મોત તેને પોતાના બાહુઓમાં જકડી લેશે...ક્યારે એ પળ ઘડી આવશે જ્યારે તેના શ્વાસોશ્વાસ ઉપર પૂર્ણ વિરામ મૂકાઈ જશે... એ ક્ષણનું આગમન થશે. ત્યારે થોડી ક્ષણ માટે તેના નિર્જીવન દેહમાં ફરી શક્તિનો સંચાર થઈ જશે એ ક્ષણ આવશે ત્યારે તેની તેજ વિહોણી આંખોમાં થોડી વાર માટે એક અજબ પ્રકારના તેજનો પ્રવેશ થઈ જશે.

પણ...પણ રામજીની એ આશા આજ સુધી પુરી ન જ થઈ તે જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતો જ રહ્યો તેનું જીવન એક એવા દીપક સમાન હતું જેની ચારે દિશામાં પ્રબળ તોફાન હતું...અને એ દીપકને બળતો રાખવા માટે તેના ઘરની બધી જ વ્યક્તિઓ તનતોડ પ્રયત્ન કરી રહી હતી દીપકનું બુઝાવાનું જાણે નિશ્ચિત હતું છતાં બધાના હૃદયમાં એક આશા હતી જે તમામ ભગીરથ પ્રયત્ન કરાવી રહી હતી.

માનવીનું મન પણ વિચિત્ર વસ્તુ છે ને... કેટલીકવાર અમુક બાબતોના પરિણામથી તે જ્ઞાત હોય છે છતા પણ તેના પ્રયત્ન તેનાથી વિપરીત જ હોય છે. રામજી પોતાના જીવનની આશા છોડી બેઠો હતો પણ બીજા બધાને સંપૂર્ણ ખાત્રી હતી કે રામજી પુન સ્વસ્થ થઈ જશે...અને ફરી ઘરનું વાતાવરણ કિલ્લોલ કરતું બની જશે.

એ આશામાં જ રામજીના ઘરની એક-એક વસ્તુ વેચાઈ ગઈ...રહ્યાં બે ચાર વાસણો પણ ખૂટતા રહી ગયાં

કારમી કંગાલિયત દિન-પ્રતિ-દિન તેમ વધતી જતી હતી. છતાંએ રામજીના જીવનની આશા તો તેની તેમ હતી. એ આશામાં બધું હોમાઈ ગયું... કેટલાએ અરમાનો શેકાઈ ગયાં...કેટલી આશાઓ ભસ્મીભૂત થઈ ગઈ. કેટલા ય ઉમંગોનો આત્મઘાત થઈ ગયો. મજબૂરીઓ વધતી જ ગઈ...અને ક્યાં માટે હાથ લંબાવતા જ રહ્યાં. તે સાથે જ દેવું વધતું રહ્યું...ભૂખ વધતી રહી...અને તે સાથે જ રામજીની બીમારી પણ વધતી જ રહી,

છતાં એ આશામાં તો જરાય પણ ફેર પડ્યો નહોતો...મોત અને જીવન વચ્ચે યુદ્ધ ચાલતું જ રહ્યું...આશા અને નિરાશા વચ્ચે રામજીનું જીવન ઝોલા ખાતું રહ્યું. રામજીની દશા પાછળ હવે એ દશા થઈ હતી કે રામજીની પત્ની પાસે પોતાના અને રામજીની જુવાન બહેનના દેહને ઢાંકવા માટે પૂરતાં કપડા પણ નહોતાં...

બધાં ચાહતા હતા કે હવે તો રામજી આ કષ્ટમાંથી છૂટે તો સારું.. હવે આ કષ્ટમાંથી મોત તેને મુક્તિ અપાવે તો સારું...રામજી પોતે પણ ચાહતો હતો...કે હવે આ દુઃખમાંથી હું આઝાદ થઈ જાઉં તો સારું..

અને...આજે એ પળ આવી ગઈ ..રામજીની પત્નીનો આશાદીપ ઓલવાઈ ગયો...મૃત્યુએ રામજીને મુક્તિ અપાવી દીધી...આઝાદી ઝંખતા રામજીના દેહમાંથી તેનો આત્મા હવે આઝાદ થઈ ગયો હતો.

અમારી ચાલમાં રહેતાં એ ભાઈએ રામજીની જીવન કહાની પૂરી કરી અને અમે બન્ને રામજીની ઓરડી પ્રતિ ચાલ્યા.

ઓરડીમાં ઘણા માણસો ઉભાં હતાં. સૌના મુખ ઉપર એક પ્રકારના ખૂબ સંતોષની ભાવ સ્પષ્ટ તરવરતી હતી સૌ ખામોશ હતાં..ખામોશ નહોતી એક રામજીની પત્ની ..ખામોશ નહોતી રામજીની જુવાન બહેન...અને ખામોશ નહોતાં રામજીના નાના-નાના બાળકો...!

આ બનાવનું અત્યંત પામર દિલને પણ પિગળાવી નાંખે તેવું હતું. સૌની નજરમાં રામજીની મોત એક સામાન્ય મોત હતી. એક ગરીબની મોત... એક બીમારની મોત. રાત દિવસ સખત પરિશ્રમ કરી કુટુંબનું ભરણ-પોષણ કરતા એક મજૂરની મોત એના મોતની કિંમત જ શી...! રામજીની મોતથી કોઈએ કશું ગુમાવ્યું નહોતું ..ગુમાવ્યું હતું રામજીની પત્નીએ... ગુમાવ્યું હતું રામજીની બહેને અને ગુમાવ્યું હતું રામજીના બાળકોએ...

એક જ ક્ષણમાં તેઓ એક પતિ.. એક ભાઈ અને એક પિતાની છત્રછાયા ગુમાવી બેઠાં હતાં

એક બાજુ રામજીનું શબ હતું... અને તેની પત્ની તેના પર પછાડો ખાઈ રહી હતી. પણ રામજી શાંત હતો. તેના હોઠો બંધ હતાં. હા.. માત્ર તેના હોઠો પર એક વિજયસૂચક સ્મિતની રેખા અવશ્ય અંકિત હતી... જાણે કેટલા સમયથી ગુંગળાતા-રીબાતા બલકે બળતા તેના આત્માને મોતથી મળેલી એ આઝાદીથી તે ખુબ ખુશ હતો

મેં ઓરડીની બહાર નજર કરી. બહાર આઝાદદિનનો ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો...દરેક ઇન્સાનનો ચહેરો આનંદ અને ઉત્સાહથી પ્રદીપ્ત હતો. સૌ આઝાદીનો ઉત્સવ ઉજવી રહ્યા હતાં. દરેક ઇન્સાનના ચહેરા ઉપર આનંદ હતો...

મને વિચાર આવ્યો આઝાદીના આ ઉત્સવમાં ..આઝાદીના આ આનંદ માં...આઝાદીના ઉમંગમાં રામજી જેવો એક સામાન્ય ઇન્સાન પણ સામેલ જ છે ..કારણ કે કેટલા સમયથી ગુંગળાતો -રીબાતો-બલકે બળતો તેનો આત્મા આજે આઝાદ થયો હતો અને બધા ઇન્સાનોની જેમ તે પણ આજે આઝાદીનો ઉત્સવ ઉજવી રહ્યો હોય તેમ રામજીના ચહેરા ઉપર સ્મિતની એક વિજયસૂચક રેખા સ્પષ્ટ તરવરતી હતી.

(સમાપ્ત)

ગુજરાતીમાં, ઇન્કમ ટેક્ષ રીટર્ન્સ, બૅલેન્સ-શીટ, રેવન્યુ ક્લીયરન્સ અને ઇનસ્યોરન્સ માટે મળો

આર. વીઠ્ઠલ
૧૨ ગાંધી આર્કેડ, ૪૮ માર્કેટ સ્ટ્રીટ,
કોરનર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ,
જોહાનીસબર્ગ, ફોન ૩૩-૨૬૫૪

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!
સોઘવું મળશે, જોઈતું મળશે, પસંદ પડશે.
અમારે ત્યાં નીચેની બધીજ વસ્તુઓ મળે છે.
સ્ત્રીઓ માટે: સેલીઓ, સુંદર રંગના અને બીજા અનેક જાતની સાડીઓ, ચીનનો પણ માલ, અસલ ગુલના જરસીઓ, પુલોવર, કારડીગન, બ્લૌઝીસ, બાટી, સોકસ વિ.
બચ્ચાઓ માટે: નાયલનના કમખા, ટોપી, બ્લાઉઝ, ડ્રેસ, સ્વેટર, ચડ્ડી, સોકસ, નેપકીન્સ, કાઉનટ્સ, પેટીકોટ, નાઈટીસ, ટોબ્લ કેરીંગ કલોથ, બાથ રમના વિ.
'ટેબલ ચાદરીક કવરો', રંગના કલીઓ, તકીયા, ચાદી, વિ
વેપાર માટે ચાદી જેવા બાળાના કેટલોગ સ્ટ્રીટના ચાસણો, હેન્ડ-કાશ.
બિલ્ડીંગ ફંડ માટે! સસ્તો ભાવ વેચાઈ જવાં સૌ ધાર!!
સમજુ ગ્રાહકોને: આબરો હેંડર્સ (પ્રો) લી.
(અનિશાબાઈ આસ્તવ મેન્ડ સન્સ)
ફોન: ૨૩૫૮૭૩ — પ્રોવી માર્કેટ — પો. બો. ૪૪૫૭.
માર્કેટ સેલેક્શન — ૩૩ ઇસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

રૂડીપોર્ટમાં અવસાન

"પરમ પુરુષના પારખ્યા, પ્રથમ પરોપકાર
પર હિતને કારણે, જનતા આપ ગુમાર
આવતા પર પાછો, મિષ્ટ ફળ આપનાર
તેમજ પીવડાવે પરે, કરે સંત ઉપકાર"

શ્રીમાન કમળભાઈનો જન્મ કણોલી ગ્રામે તા. ૩૧-૭-૧૮૯૨ના રોજ થયો હતો. ભારતમાં કણોલી ગામના એ વતની હતા. શરૂઆતમાં સ્થાનિક શાળામાં માતૃભાષાનું શિક્ષણ સંપૂર્ણ કરી વધુ અભ્યાસ માટે મરોલી હાઈસ્કુલમાં જોડાયા અને મેટ્રિક સુધીનો અભ્યાસ કરી ઇ. સ. ૧૯૨૭માં દક્ષિણ આફ્રિકા આવ્યા અને જોહાનિસબર્ગમાં ગુજરાતી શાળાની સ્થાપના કરી ૧૯૨૯માં રૂડીપોર્ટમાં પ્રથમ આવ્યા અને સ્થાનિક આફ્રીકી ચેરી એન્ડ હાઉસમાં જોડાયા. ૧૯૩૨માં રૂડીપોર્ટ હિંદુ સેવા સમાજની સ્થાપના થઈ ત્યારે સહમંત્રી તરીકેનો હોદ્દો શોભાવ્યો. એમના ઉત્સાહ અને પ્રેરણાથી સમાજ આજ અનેક વિધ પ્રવૃત્તિઓ આદરી રહી છે. સમાજ તરફથી માતૃભાષાના પ્રચાર અર્થે ગુજરાતી શાળા ચાલે છે, બાળકોના શારીરિક સ્વાસ્થ્ય માટે વ્યાયામના વર્ગો ચાલે છે, પ્રસંગોપાત બહારના વિદ્વાન વક્તાને આમંત્રણ આપી વ્યાખ્યાનો થાય છે, દર રવિવારે નિયમિત ધાર્મિક પ્રવચન, ભજન, કિર્તન વિ. પણ થાય છે. એક નાનુ પુસ્તકાલય પણ હસ્તિ ધરાવે છે. પ્રસંગોપાત મનોરંજક કાર્યક્રમ ગોઠવી સમાજ માટે ફંડ ભેગું થાય તે રાહત ફંડના યોગ્ય હેતુ અપાય છે. એમના જીવનની છેલ્લી ઘડી સુધી એમણે તન મન અને ધનથી સામાજીક કાર્યોમાં સહકાર આપ્યો છે. ધાર્મિક ભાવના એમનામાં ઘણી ઊંડી હતી. અને આધ્યાત્મિક વાંચનના શોખીન હતા. ૧૯૫૦માં શ્રીપાલ ભાઈભાઈ પરમે સાથે એમણે સંયુક્ત વ્યાપાર "જનતા સ્ટોર"ના નામથી શરૂ કરી, એ કંપનીના ડીરેક્ટર તરીકે કામ કરી વ્યાપારી પ્રવૃત્તિમાં પણ અનેક વિધ સફળતા મેળવી છે. સ્વભાવે આનંદી, નિખાલસ હૃદયના એ આત્માને પ્રભુ ચિર શાંતી અર્પો. તા. ૧૪-૧૨-૬૦ના રાત્રે હૃદય બંધ થવાથી એમનું અકાળ અવસાન થયું હતું.

અમને દૂર દૂરથી તાર, ટપાલ, પત્ર, ટેલીફોન દ્વારા અનેક સહાનુભૂતિના સંદેશા મળ્યા છે તેમજ સ્મશાન યાત્રામાં પણ ઘણા ભાઈઓ એ ભાગ લીધો છે તેમનો ફરીથી અમે આખું નાયક કુટુંબ વતી હાર્દિક આભાર માનીએ છીએ. તા. ૧૮-૧૨-૬૦ના રૂડીપોર્ટ હિંદુ સેવા સમાજ જાહેર શોક સભા ભરી હતી. અને સર્વે ભાઈઓએ ઉભા થઈને સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો હતો કે સભા સદ્ગતની ગુજરાતી નોંધ લે છે. આત્માને ચીર શાંતી મળે અને આપ્તજનોને આવી પડેલી આફત સહન કરવાને પ્રભુ શક્તિ અર્પો.

ભારતની આ સિદ્ધિ કંઈ નાની સુની નથી

(પહેલા પાનાનું અનુસંધાન)

પાછા નહિ ફરી શકાય એવો તખતો વટાવી જવા અગાઉ કરવું જોઈએ.

ભારતમાં ગોરા ભાગે આપણે શાંતિની મધુરી મધુરી વાતો કરીએ છીએ અને હું માનું છું કે આપણે શાંતિમાં માનીએ છીએ. પણ આપણે જુની અમાનવતાને આપણી બધી રીતે સ્વીકારતા નથી, કારણ કે આપણે વિશુદ્ધ એવું નથી જ્યારે મોટા ભાગની દુનીયાને તેનો અનુભવ થઈ ચુક્યો છે. યુરોપના દેશોમાં કોઈ પણ કુટુંબ એવું નહિ હોય જેણે જુની અમાનવતા અનુભવી નહિ હોય તેથી તેમને માટે એ અત્યંત લાગણીભરી બાબત છે અને એ લાગણીભરી બાબત આપણા ભાવ અને ગીત સંગીતના જમાનામાં છે કે હજારગણી મજબુત જોઈએ ——

સાભાર સ્વીકાર:

ઝીણા અને ફુલોમ
અમથોઇરસિંગની ૧-૧-૦
ડી. જી. પટેલ લેનઝ ૩-૧૪-૬
જે. ડાયા ચીટાફીલ્ડ ૧-૧-૦
સ્વ. હરિરામેન લીમ્બાભાઈના
સ્મરણાર્થે મેથાણ ૨-૨-૦

બોર્સ ટ્રીટમેન્ટ માટે ભેટ

ડી. નારણ એન્ડ કંપની
ક્લેન્ક્સડોર્પ ૫-૫-૦
એલ. પરાગ " ૧-૧-૦
ચેમ્પ્સ ટેઇલર્સ " ૧૦-૬
કુકાજી ગુલાબભાઈ " ૧૦-૬
એન. કુકાજી " ૧૦-૬
ભાઈઓ કેશવભાઈ સ્ટોર આવકોર ૧-૧-૦

રાતા સુકા મરચાં

નેટ ૬૦ રતલ બેગની શી. ૫૫-૦ અને ૨૨ રતલ બેગની શી. ૨૨-૦ અને આદિવાસીના લાંબા ડાયાના પ્રમાણમાં શી. ૨૦-૬.

તેમજ હાથની બાંધેલી સારા લાલ મરચાં પણ મળશે.

માટે લખો.

Maarmans (Pty.) Ltd.
P. O. Box 26, Phone 120
(Brits, Transvaal.)

લગ્ન પ્રસંગો માટે

અમને મળો.
સુરતી જમણના અને સ્પેશ્યાલીસ્ટ છીએ.

શ્રી કેપ્ટનની જાતની દેખરેખ નીચે સુરતીઓના અને કાઠીયાવાડના ખાસ પણ ભાવમાં તમારે ઘરમે આવી રસોઈ કરાવીને જરૂર અમારો લાભ લો.

કેપીટન્સ બાલ્કની હોટેલ
(શ્રી કોર્નર મીઠાઈ હાઉસ)
ગ્રે અને વિક્ટોરીયા સ્ટ્રીટના ખુણાપર — ડરબન.
ફોન નંબર ૨૩૪૨૪ ટેલીગ્રામ: KAPITAN.

આદુ, લસણ અજમેર ભાવ, નારીએળ નં. ૧ શી. ૧-૭, બેગ (નગ ૧૦૦) શી. ૧૦-૦.

દુકાન હાર માટે બાંધવાના ન્યુઝપેપર અજમેર ભાવ,

બટાટા, ડુંગળી (કાંદા), સુકા લાલ મરચાં, જુવાર, સુકા જીરા (આખા), કોલેરી રંગનો ગોળ, દરેક જાતનો મરી મસાલો વિગેરે હમેશાં સ્ટોકમાં રાખીએ છે. કપુરી અને મેથી ખાસ જાતના ભાવ, પારસેલ મોકલીએ.

સુરત, રતાળુ, આમા હળદર અને લીલી હળદરની મોસમ ચાલુ છે.

રોડેશીયા, ન્યાસાલેન્ડ અને બેચુઆનાલેન્ડના ઓર્ડરો ઉપર પુરતું ધ્યાન આપી કોઈ પણ માલ ત્વરીત રવાના કરી મોકલશું.

All prices subject to Market fluctuations

A. KADER & Co., (PTY) LTD.
WHOLESALE FRUIT MERCHANTS
P. O. Box 251. DURBAN.

ધીરૂભાઈ પી. નાયક

યુરોપિયન, મુસાફરી, વીમાનાં અને જનરલ એજન્ટ

હીંદુસ્તાન અગર દુનીયાના કોઈ પણ ભાગની હવાઈ દરિયાઈ અગર જમીન માર્ગે મુસાફરી કરવા મેં ભાગની આગાઉથી બુકિંગ કરો

મુંબઈ, આગ, ગોવા, ડરબન, અમદાવાદ, પોર્ટલુઈસ, વિક્ટોરીયા ફોલ્સ અને જોવાના આવીએ છીએ

THE leaders of the new African countries were seen more than heard during the general debate, but even in the first weeks they were forced to make political choices on agenda issues. Four ballots (on Oct. 8, 10, and 13) may be indicative of the initial political alignment of the new African states. These consisted of votes to uphold the report of the General Committee to keep the problem of seating mainland China off the agenda, to inscribe Tibet and Hungary on the agenda, and to discuss disarmament in the General Assembly rather than in the (Political) Committee. On each of these four issues the two giants in the cold war were opposed. (In each instance, the Republic of the Congo-Leopoldville, did not vote because its delegation was not yet seated.)

On these four questions the 24 African states voted "with" the U.S. four per cent (China) to 37 per cent (disarmament) of the time, whereas, on the same issues, four per cent (Hungary) to 37 per cent (China) of the African states voted "with" Russia. In each instance the percentage of abstentions among the African states was were 58 per cent in comparison with 22 per cent by the whole Assembly; on Tibet, the ratio was 74 to 36 per cent; on Hungary 87 to 32 per cent; and on disarmament, 54 to 82 per cent. Mali voted identically with the Soviet Union in each case, but no African state voted on all four items as the U.S. did. Seven states, Ethiopia, Ghana, Morocco, Nigeria, Senegal, Sudan and the U.A.R., voted identically with India.

As reflected on these issues, the voting pattern of the African states adds up to a high degree of non-alignment. Yet these early votes may not necessarily be indicative of the voting pattern to emerge as the session continues. And one must separate so-called African issues from non-African issues, for surely the new states will not abstain as frequently on African issues, although they may not be unanimous in their views on them either.

DRY RED CHILLIES

30lbs Nett bag 55/-, and 12lbs bag 22/-, also Africans' long bundle brooms 20/6 per dozen. Besides these, we also have in stock ground Red Chillies

Write to:
NAABMANS (Pty) Ltd.
Box 26. Phone 128.
BRITS. Transvaal.

WATCHES, Gents models—15 Jewels, waterproof, shockproof, antimagnetic, unbreakable mainspring, fitted with matching metal expansion straps—price 47/6. As above, but 21 Jewels—43/6. As above, but 17 Jewels—39/6. As above but with self-changing calendar, 17 Jewels—52/6. Also 21 Jewels Calendar—56/6. Other models from 15/6.

LADIES models 25 Jewels, unbreakable mainspring, fitted with magnificent matching expansion bracelets—55/6. As above, but 17 Jewels—47/6.

A. L. AGENCIES First Floor, No. 104/105, His Majesty's Building, Eloff Street, or P. O. Box 3179, Johannesburg.

Stocks limited, order immediately.

Phone 845-6786 P. O. Box 1540.
MASTER BROS.
(PTY) LTD.
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
83 West Street, JOHANNESBURG.

B·I Sailings Between
East African Ports
Karachi And Bombay

S S Kampala due 5th Feb, Sails 10th Feb, 1961

PASSAGE FARE FROM DURBAN TO BOMBAY
First Class single with food ... £117—15—0
Second " " " " ... £78—10—0
Third Class with food ... £39—15—0
Third Class without food ... £34—10—0

For further particulars apply to—
Shaik Himed & Sons
(Pty.,) Ltd.
390 Pine Street, — Durban.

fifty years ago...

January 1911

AN IMPLIED CONFESSION

(From "The Indian Opinion" January 21, 1911)

THE following editorial comment was made under the heading "An Implied Confession":—

The thanks of the community are due to Mr. Dawad Mahomed for the persistent manner in which he has forced our contemporary, the *Natal Advertiser*, to admit his proposition, by its most eloquent silence on this central point, that indentured labour is, in principle, bad, and should, therefore, be stopped for that reason alone. All the *Advertiser's* verbiage on other points is mere persiflage. Even its friend, the "Protector," it is obliged to throw over on the vital matter of the principle and ethics of the system, for the simple reason that the paper cannot very well ignore its own emphatic denunciation of two years ago, whereas the "Protector," stands or falls by the system which serves to keep him in bread and butter, so long as it grinds its victims down to a state of veiled slavery. It is true that the Government of India originally decided to stop facilities for further recruitment by way of reprisals upon South Africa; but we considered at the time, and we still do, that the Indian authorities were afraid to admit the ethical objections to the system of indentured labour. That one of their reasons for their present action is because the South African Government refused to grant citizenship rights to time-expired Indians, does not, in our view, greatly remedy the initial defect of their attitude. However that may be, the Indian Government have at last acted, for which we are duly grateful, and the *Advertiser* has to swallow the political pill as best it may. Mr. Dawad Mahomed's argument regarding the actual treatment of the labourers is not in any way vitiated by our contemporary's criticism. He has not admitted that, in practice, the system has improved to the extent alleged by the *Advertiser*; and his point as to the 5 per cent of indentured Indians still holds good, even if these do bring back a few relatives and friends with them. It means nothing more than that these particular labourers had more than ordinary good treatment in Natal, and the matter cannot well be taken beyond this, even for the sake of sure 99 per cent cargoes of returned Indians, and their friends. We note, incidentally, that the *Advertiser's* unquestioned authority, the "Protector," is careful to refrain from mentioning the reality of the arrival of such precious freight, or also the effect, upon his *proteges* and their friends, of the suicides amongst the indentured labourers. On the whole, we think that Mr. Dawad Mahomed has scored a valuable success, for apparently our contemporary regards the indenture system as morally indefensible.

A WORD OF REPROOF

A MEETING of Indians called for the purpose of approaching the Government with a view to securing the introduction of legislation prohibiting the entry of Indian women and children into canteens became a disorderly affair and the *Indian Opinion* commented thus under the heading "A Word of Reproof":—

We cannot allow the temperance meeting, held in Durban, last Monday, to pass without comment. It is easy to understand that there are many people who, whilst they are ardent temperance advocates disapprove of the proposals advanced by the speakers at the meeting. But all this is no excuse for the boisterous and disorderly conduct displayed by a certain section of the audience. It was plain that many of those present were entirely unacquainted with even the most elementary rules governing the conduct of public meetings, and some few apparently had an idea of how they should behave in public. Indian young men must learn, first, that the ruling of the Chair is absolute and cannot be questioned, even if it be not in accordance with the views of those who oppose it. Secondly, they must learn that speakers who do not see eye to eye with them, but who are nevertheless in earnest, deserve a quiet and respectful hearing, particularly when they are elderly men who have devoted many years of quiet service to the welfare of the community. There prevailed, the other night, a distinct spirit of discourtesy, disrespect, and flippancy, of which the Colonial-born Indians will, as a body, rightly disapprove, and we regret to think of the unpleasant impression concerning our young men (through the misbehaviour of a few irresponsibles among them) that was certainly carried away by the European well-wishers who were present, and who, perhaps, were not in a position to discriminate. But we regret still more that the Durban Indians have lost yet another opportunity of undertaking some practical measure for removing a crying scandal from our midst. That the community will suffer bitterly from this lapse is a self-evident proposition. Meanwhile, we offer our congratulations to the promoters of the meeting for their courage in attempting to secure a hearing for what is evidently, to the immense discredit of the Indian community, an unpopular subject with a large section of it. We trust that they will not be discouraged by their failure, for it is from the spade-work incidental to such failures that success eventually comes.

R. VITHAL

Bookkeeping, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns.

Contact No. 12 Berkley Arcade,
38 Market Street,
Cor. Diagonal & Market Sts.
Johannesburg. Phone 83-1654

DIRECT IMPORT FROM INDIA AND PAKISTAN

We have pleasure in announcing the arrival for the Xmas and New Year

LATEST SHIPMENT IN

Agarbattis, Caromboards, Plastic, Rolled Gold, Silver Bangles Latest Jewellery & Hair Ornaments Sequins, Diamenties & Trimmings Muradabadiwares & Fancy Goods

We specially cater for Hawkers and Traders

When Next In Town It Will Pay You To Visit

A. K. HOOSEN & SONS,

IMPORTERS—WHOLESALERS

116 Queen St, (HOOSEN'S BLDGS) Durban

Write For Our Price List

Newly Arrived 'Jaico' Books

KASHMIR PRINCESS	25 s.
The Unmarried Widow	4 s.
The Spell Of Aphrodite	4 s.
Some Inner Fury	4 s.
War And Peace	4 s.
The Whirlwind	4 s.
The Voice Of God And Other Stories	4 s.
Kadambari	4 s.
Keeping Fit	4 s.
Nectar In Sieve	4 s.
He Who Rides A Tiger	4 s.

(Postage 6d. Extra)

Obtainable From:

INDIAN OPINION,
P.Bag, Durban.

Printed and published by Mrs. Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address INDIAN OPINION, Private Bag, Durban, Natal

No. 2—Vol.-LIX.

Friday,

20th January, 1961

Registered at the G.P.O. as a Newspaper

Price 4d.

INDIAN OPINION
ઇન્ડીયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીએ સ્થાપેલું અને ૧૯૦૩માં સ્થાપાયું,
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણીલાલ ગાંધી

ત્રિભુવનપતિ ભગવાન શ્રીકૃષ્ણે રણક્ષેત્ર મધ્યમાં આપેલા અતિદિવ્ય ગીતાનું પારાયણ કર્યું' હે સાધકગણ! તથા ગાંધીજીના અનુયાયીઓ! ભગવાન શ્રીકૃષ્ણના આચરણનું અનુકરણ કરો, આંખો ઉઘાડો, સેવા અને પવિત્રતાથી હૃદયને રંગો.

પુસ્તક ૫૯ મું—અંક ૨ તા. ૨૦ જાન્યુઆરી, ૧૯૬૧. છુટક નકલ પે. ૪

મી. ડાગ સામે રજુ થયેલાં બિન-ગોરાઓના મુદ્દાઓ

મી. ડાગ હેમરશૉલ્ડ યુનીયનની મુલાકાતે આવે તે પહેલાં આફ્રિકન નેતા, જેઓ જેલમાં ગયેલાં હતાં, અને તેઓએ યુનીયન સરકારના એક્સટર્નલ અફેર્સના અમલદાર ઉપર અરજ કરી હતી કે મી. ડાગ આફ્રિકન નેતાઓને મળે. એ અરજનો કંઈ પણ જવાબ મળ્યો નહિ. કેવળ એક એક્સટર્નલ અફેર્સ ખાતાના અમલદાર એટલું બોલ્યા કે "મી. ડાગ કેદખાનામાં કેદી નથી, તેઓ જેને મળવાની ઇચ્છા રાખે તેઓને મળી શકશે."

જ્યારે એક બાજુ મી. ડાગને મળવાની ખટપટ ચાલતી હતી, ત્યારે સરકાર મી. ડાગ જ્યારે આવે ત્યારે વિરોધના દેખાવો નહિ થાય એવો પ્રતિબંધ કરી હતી. વિમાન યાન રસ્ટેઝ વિમાનગૃહ ઉપર ઊતરવાને બદલે ચેટર મુકર વિમાનગૃહે હતું". કેસલે પછીએ આ વ્યવસ્થા થઇ હતી. પરંતુ ત્યાં કોંગ્રેસના કાર્યકરો ઢગ ઉભેલા ન હતાં. જેવા મી. ડાગ પોતાના નિવાસ સ્થાને આવ્યાં કે તુર્ત દેખાવો ટોળામાં સળવળાટ થવા લાગ્યો. એક પછી એક સૌ ઉભેલાં, પોતાના કોટ નીચેથી અને સ્કર્ટ નીચેથી બાવટા અને પ્લેકાર્ડ કાઢી પોતાનો વિરોધ દર્શાવવા લાગ્યાં. આ પ્લેકાર્ડો ઉપર અંગ્રેજીમાં લખ્યું હતું:

"અમારા પોલીસ રાજ્યમાં ભલે પધારો!" "યુનોના ઠરાવનો અમલ કરો" "ડાગ પોન્ડોલેન્ડની મુલાકાત લ્યો!" "ડાગ અમારા નેતાઓને મળો." "ડાગ ચીફ લ્યુથલીને મળો!" "ડાગ મી. નાયકરને મળો!"

આવા પ્લેકાર્ડો લઇ લોકો ઉભેલાં હતાં તેમાં દરેક કોમના માણસો હતાં.

એક પોલીસ અમલદાર તે વખતે એવું બોલ્યો હોવાનું કહેવાય છે કે "Nee, vandag is nie die dag vir slaan nie.' (No, today is not the day to hit.) એનો અર્થ એ થાય કે આજનો દિવસ માર મારવાનો નથી.

ડૉ. એ. બી. કાજી ટ્રાન્સવાલ ઇન્ડીયન કોંગ્રેસના વતી એક ખરડો આપવા માટે મી. ડાગના કોટેજ તરફ ગયા, પરંતુ મી. ડાગે તે ખરડો લેવા ના પાડી. ત્યાર પછી વાતચીત ચાલતાં એક સરકારી અમલદારે મી. કાજીને એક બાજુ પકડી ત્યારે અંદર મી. ડાગ પાછા ગયા. પરંતુ પોલીસ અમલદારના આસીસ્ટન્ટે દ્વાર પ્રવેશવા માટે પરવાનગી માંગી, અને તે મળતાં તેઓ અંદર ગયા અને એક કવર જેની અંદર પેલો ખરડો અને એક પત્ર હતો, તે મી. ડાગને આપ્યો.

એ ખરડામાં એવી વિનંતી પ્રદર્શિત કરવામાં આવી હતી કે મી. ડાગે સીક્યોરીટી કાઉન્સીલને જણાવવું કે, "આ દેશની બહુમતિ એવી ઇચ્છા અને આશા રાખે છે કે અમારા ખરા લોકશાહી રાજ્ય તરફની લડતમાં સીક્યોરીટી કાઉન્સીલે મદદ કરવી." આ ઉપરાંત એ ખરડામાં જણાવવામાં આવ્યું હતું કે જો મી. ડાગ નીચેની વસ્તુઓ નહિ કરે તો એમની આ દેશની મુલાકાત એક ફારસ સમ જણાશે.

● મી. ડાગે પોન્ડોલેન્ડની મુલાકાત લેવી અને સરકાર [illegible] ગામડામાં પોલીસ, લશ્કર અને નૌકાદળની મદદથી કહેવાતી "સેલ્ફ ગવર્મેન્ટ"નો અમલ કેવી રીતે કરે છે તે જોવું.

● મી. ડાગે ચીફ લ્યુથલી અને બીજા આફ્રિકન નેતાઓ જેઓએ 'આફ્રિકન સમ્મીટ કોન્ફરન્સ'માં ભાગ લીધો હતો તેઓને મળવું, જેથી મી. ડાગ આફ્રિકનોનો ખરો મત જાણી શકે.

● મી. ડાગે એ સમજી લેવું જોઇએ કે દક્ષિણ આફ્રિકા એ એક દાવાનળ છે અને એ જ્યારે ભભુકી ઉઠશે, જેનાથી વિશ્વની શાંતિમાં મોટો ભંગ પડશે.

આટલી વસ્તુઓ જો મી. ડાગ નહિ કરે તો તેમની આ દેશની મુલાકાત નકામી જણાશે.

કેપ ટાઉનમાં પણ લોકો મી. ડાગના પ્રવાસ વેળાએ પ્લેકાર્ડો લઇ પોતાની લાગણીઓ પ્રદર્શિત કરી હતી. કેપ ટાઉનમાં જ્યારે કોંગ્રેસના નેતાઓ મી. ડાગને મળવા ગયા, ત્યારે સ્પેશીયલ બ્રાન્ચના અમલદારોએ ધરપકડની ધમકી તેઓને આપી હતી. ચાર માણસોની એક ટોળી, માઉન્ટ નેલ્સન હોટલ જ્યાં મી. ડાગનો નિવાસ હતો ત્યાં તેમને મળવા ગયા. આ ટોળીમાં મી. આર સપ્ટેમ્બર, મી. બ્લેઅર પીક, મી. લેન્સન ન્ગેલા અને મી. આલબર્ટ મન્ડીમ હતા. મી. મન્ડીમને કહેવામાં આવ્યું કે જો તેઓ અંદર પ્રવેશ કરશે તો ગેરકાયદેસર પ્રવેશ માટે તેઓને અટકાયતમાં લેવામાં આવશે.

(અનુસંધાન માટે જુઓ પાનું ૧૨)

ટેલીફોન નંબરની બદલી!

ઇન્ડિયન ઓપિનિયન અને ફીનીક્સ સેટલમેન્ટનો ટેલીફોન નંબર: માઉન્ટ એજકોમ્બ ૩૦ છે.

વ્યવસ્થાપક
ફીનીક્સ સેટલમેન્ટ.

તમારું લવાજમ હજુ બાકી છે?

જો બાકી હોય તો આજે જ મોકલી આપોને! ઘણા ભાઇ બેનોના લવાજમો બાકી ગયાં છે, તેનાથી અત્યાર સુધી તો અમારું ગાડું જેમ તેમ ગબડ્યું છે, પરંતુ આપના જેવા જે પૈસા બાકી રહી ગયા હોય છે, તેઓ જો હવે જલદી નહિ મોકલશો તો અમારી સ્થિતિ કફોડી થઇ જશે.

છાપા માટે કાગળ, શાહી, ટોમ્પ અને કામ કરનારાઓના પગારો બધું દર મહીને ચુકવવાનું હોય છે અને હવે સીલક રહી નથી! બસ! બીજો કોઇ ઇલાજ રહ્યો નથી, માટે જ આપને આગ્રહ ભરી વિનંતિ કરવામાં આવે છે કે, આજે જ તમારું લવાજમ મોકલી આપો અને અમારી મુશ્કેલી દુર કરો.

આ દેશમાં મહાત્મા ગાંધીજીના સત્ય અહિંસા, સમાનતા, સ્વતંત્રતા, વિગેરેના અણમોલ સંદેશા આજના અશાંત વખતમાં, એમના જ પ્રિય પત્ર "ઇન્ડિયન ઓપિનિયન" મારફતે ઘેરે ઘેર પહોંચતા રહે તે માટે ઘણા ભાઇ બેનો, દર વર્ષની શરુઆતમાં જ પોતાના અને મિત્રોના લવાજમો આગળથી મોકલી આપી પૂ. બાપુ પ્રત્યેના સાચા પ્રેમ અને લાગણી બતાવી રહ્યાં છે, અને આ રીતે પૂ. બાપુનું આ દેશમાં શરુ કરેલ અને અખંડ રીતે ચાલુ રહેલ આ નિઃસ્વાર્થ માનવસેવાના કાર્યમાં સુંદર મદદ કરી રહ્યા છે.

માટે તમે પણ આજથી નિશ્ચય જ કરી નાખો અને વરસની શરુઆતમાં જ લવાજમ મોકલી અમારા કાર્યને સહેલું અને સરળ કરી આપો કે જેથી પુરા ઉત્સાહથી અમે પણ પૂ. બાપુનો આ દેશના સેવાયજ્ઞ જન-કલ્યાણ માટે ચાલુ રાખી શકીએ.

આશા છે હવે પાછી ઢીલ નહિ કરશો કારણકે, આપની સહેજ આળસથી આવા કીમતી સેવાભાવી કાર્યને ઘણું જ ખમવું પડે છે.

વ્યવસ્થાપકો
'ઇન્ડિયન ઓપિનિયન.'

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૨૦ જાન્યુઆરી, ૧૯૬૧.

સરકારના હસ્તે હિંદી મિલકતો

જ્યારે બૉયકાટ કરનારી હિંદી નેતાગીરી ગુણ્ડાગીરીથી હિંદી કોમી કૉલેજ અને ત્યાં અધ્યાપક તરીકેની નિમણૂંક સ્વીકારનાર, તે ઉપરાંત ત્યાં વિદ્યાર્થી તરીકે જગ્યા મેળવનાર ઉપર ધમકીઓનો મારો ચલાવી રહી છે; ત્યારે સરકાર ન ધારેલી, ન જાણેલી રીતે હિંદીઓની મિલકત પચાવતી જાય છે. જાન્યુઆરીની ૧૨મી તારીખે, સાંજના વર્તમાન પત્રમાં એક જાહેરાત આવી હતી કે લગભગ ૨૦૦ ઉપર મિલકતો ઉપર કર નહિ ભરાયાથી તે ૨૮મી ફેબ્રુઆરીએ હરાજીમાં જશે. આ મિલકતોની તપાસ કરતાં જણાય છે કે થોડીક મિલકતો સિવાય બાકીની બધી યુરોપીયન વિસ્તારમાં આવેલી હિંદી માલીકીની મિલકતો છે. એ તો દેખીતું છે કે હિંદીઓ જીવન ભરની કમાણી પછી જે મિલકતો લીધી છે તે ગ્રુપ એરીયાના કાયદાથી જવા બેઠી છે, અને તેથીજ તેઓ વધુ પૈસા એ મિલકતો ઉપર ખરચવા તૈયાર નથી. આજ કારણોને લઈ તેઓએ મિલકતોને કર ભર્યાં વિના સડવા દીધી. હવે સરકાર એ મિલકતો પચાવી પાડવા આગળ આવી છે.

યુરોપીયન વિસ્તાર જાહેર થયેલા ભાગોમાંની હિંદી મિલકતોની કંઈ કિંમત નથી એ એક મહા સત્ય છે. એનું કારણ સાફ છે. યુરોપીયનોને જમીનની કમી નથી, અને જે છે તે પણ સારામાં સારી; એથી જ્યારે હિંદી મિલકતો હરાજીમાં જાય છે ત્યારે "ગ્રુપ એરીયા ડેવલપમેન્ટ બોર્ડ" સિવાય બીજું કોઈ એ ખરીદતું નથી; અને આખરે બોર્ડને એ સસ્તામાં સસ્તું મળે છે. એ મિલકત એટલી સસ્તી વેચાય છે કે હિંદી માલીકને એમાંથી કંઈજ મળતું નથી. જે થોડા પૈસા બોર્ડ આપે છે તે હરાજી કરનારાની ફી અને કર ભરવામાં ચાલ્યા જાય છે. માલીકને એમાંથી કંઈ મળતું નથી. આ રીતે ઘણી હિંદી માલીકીની મિલકતો સરકારના હસ્તે જાય છે, અને હિંદીઓ કંઈ પણ કરી શકતા નથી.

સાઉથ આફ્રિકન ઇન્ડિયન ઓરગનાઈઝેશન ના પ્રમુખ શ્રી. એ. એમ. મુલ્લાં તરફથી એક સરસ સૂચના થઈ હતી, પરંતુ તે બહેરા કાન ઉપર પડી. તેઓએ એવી સૂચના કરી હતી કે હિંદીઓએ સહકારથી એવી યોજના કરવી જોઈએ કે જે માલીકથી કર નહિ ભરાય તેઓના કર ભરી એ મિલકત સરકારના હસ્તકે સસ્તામાં જતી રોકવા માટે દરેક જાતની અડચણો નાંખવી. આ યોજના પ્રશંસનીય છે અને અમે ઇચ્છીએ છીએ કે શ્રી. મુલ્લાં એની શરૂઆત કરે. જ્યારે મિલકતો આવી રીતે ગુમાવાય છે ત્યારે બે વસ્તુઓ બને છે:—એક તો સરકારને ગ્રુપ એરીયાના કાયદા હેઠળ આ મિલકત મેળવવા માટે ખરો સામનો કરવો પડતો નથી અને એ દોષ રહિત રહે છે, અને આ રીતે એની પ્રપંચ જાળ પણ ઢંકાઈ રહે છે.

પવિત્ર સંગમમાં અસ્થિ પધરાવવાની વ્યવસ્થા

પરદેશમાં રહેતાં કુટુંબો જેઓને ગંગા-જમુનાના સંગમમાં અસ્થિ પધરાવવાનો લાભ મળતો નથી, તેઓ માટે આ અંતિમક્રિયા કરવા માટેનું સેવાભાવી કાર્ય અલ્હાબાદની શ્રી માનવ સેવક સમાજે ઉપાડી લીધું છે.

શ્રી માનવસેવક સમાજે આવા સેવાભાવી કાર્ય માટે અલ્હાબાદમાં એક ઑફિસ ખોલી છે. સમાજ પરદેશમાં રહેતાં કુટુંબો માટે આ અંતિમક્રિયા મફત કરી આપશે. સમાજ પાસે આ લાભ લેનારાઓએ પાર્સલ પોસ્ટથી રાખ મોકલવાની વ્યવસ્થા નીચેના સીરનામે કરવી

શ્રી ડાયરેક્ટર, (ડૉ. ગોપાલદાસ અમરવાલા) માનવ સેવક સમાજ
૨૬ એ જી. ટી. રોડ, અલ્હાબાદ, ઈન્ડીયા.

આપણે ચેતીએ

(નવલભાઇ શાહ)

દોઢ માસથી ભારતમાં આવી અહીં આશ્રમમાં રહેતા, એક વિદેશી બેનની સાથેની વાતોમાં તેમને મેં પૂછ્યું, 'અહીંના જીવન અંગે તમારો શો અનુભવ છે?'

અને તેમણે કહ્યું: 'યુરોપમાં મેં અહીંના જેવા નિર્દોષ ચહેરા કદી જોયા નથી. થોડા દિવસ પહેલા હું જેમને ત્યાં ઉતરી છું ત્યાં એક સત્તરેક વર્ષનો જુવાન આવ્યો. એ રાવણહથ્થા ઉપર ગીત ગાતો હતો. અડધો પોણો કલાક સુધી તેણે મન મૂકીને ગીતો ગાયાં. એ ગીતો હું સમજતી ન હતી. પણ એના ચહેરામાં મેં જે સહજ સંવેદન જોયું, જે નિર્દોષતા જોઈ તે મને ક્યાંય જોવા નથી મળ્યા. અંતમાં તે હસી પડ્યા.

'એમ કહું તો ચાલે કે એ નિર્દોષ સરળ ચહેરાના દર્શનથી અહીં આવવાનો મારો સોળ હજાર શીલીંગ જેટલો ખરચ ખર્ચ્યો વસૂલ છે. હું કદી એ ભૂલી શકીશ નહિ.'

એ બહેન જ્યારે આ કહી રહ્યાં હતાં ત્યારે મને થતું હતું કે આપણા દેશમાં ગીતો ગાતાં બાળકોના ચહેરામાં એવું એમણે શું જોયું હશે! હૃદયના ઊંડાણમાંથી ઉઠતા સંવેદનને ઝીલીને તે ભાવ અને હાવભાવ દ્વારા વ્યક્ત કરવા મથી રહ્યાં હતાં. આગળ ચાલતાં તેમણે કહ્યું: 'અમે પશ્ચિમના લોકો ઔદ્યોગીકરણમાં એટલાં આગળ વધી રહ્યા છીએ અને અમારાં જીવન એટલાં ભૌતિકવાદી થઇ રહ્યાં છે કે અમારાં મન તર્કબુદ્ધિથીજ કામ કરે છે. અંતરચેતનાનો અમોને સ્પર્શ પણ થતો નથી. અને તેથી ભલેને આખુંયે જીવન સુખ સગવડભર્યું અને વૈભવપૂર્ણ હોવા છતાં તે ઉપરછલ્લું છે, અમોને આવા સરળ અને આડંબર વગરના જીવનની કલ્પનાજ આવી શકતી નથી. પોતાના જેવા જ ચહેરા અને હાવભાવ જોયે બનાવટી હોય એવુંજ લાગે અને આનો કોઇ જ ઉપાય અમોને દેખાતો નથી. અમે શોધી કાઢીશું કે કેમ એ પણ પ્રશ્ન છે. ખરેખર અહીંના ઝુંપડાઓમાં મેં ગરીબી જોઇ છે પણ જીવનની જે આ બાજુ જોઇ છે તેજ ભારતની મોટી મૂડી છે.'

એમની આ વાતો સાંભળી એક રીતે આનંદ થયો. પણ સાથે ને સાથેજ વિચાર આવ્યો કે, જીવનની આ સહજ ભૂમિકા દેશના પુરઝડપે આવી રહેલા ઔદ્યોગિકરણ અને યાંત્રિક સગવડોની ઝંખનામાં અટવાઇ તો નહીં જાય ને! છેલ્લાં દશ બાર વર્ષોમાં આપણા દેશના વિકસતા જીવન ઉપર નજર કરીશું જરા ઉંડા ઉતરી ડોકિયું કરીશું તો જે વસ્તુ એક વિદેશી નારીને મુગ્ધ કરે તે આપણે ઝડપથી ગુમાવી નથી રહ્યા! કદાચ ઔદ્યોગીકરણને પરિણામે આપણે દેશને માટે અનેક સગવડો ઉભી કરી શકીએ. પણ જીવનને માટે આ જે પાયાની વાત છે તે ખોવાઇ જશે તો! આજે પશ્ચિમની સભ્યતા જે ગુમાવી બેઠી છે, જેના વગર એને જીવનમાં ખાલીપણું લાગે છે તે વસ્તુ તરફ આંધળી દોટ કાઢી આપણે શું ગંભીર ભૂલ તો નથી કરી બેસવાના ને!

એનો અર્થ એ નથી કે જીવનને દરિદ્રતામાં સબડવા દેવું. એનો અર્થ એ નથી કે વિજ્ઞાનની મદદથી માણસે આજે કુદરતી બળો ઉપર જે કાબૂ જમાવ્યો છે અને કુદરતની શક્તિઓને નાથીને માણસના જીવનને સુખી કર્યું છે તે જતું કરવું. પણ એ નવીન સગવડો મેળવવા જતાં જીવનનું જે સારભૂત તત્ત્વ છે તે જો ગુમાવીશું તો બધું મેળવીને આપણે કશુંજ નહીં મેળવ્યું હોય, અથવા પણ ઘણું ગુમાવી ચૂક્યા હોઇશું.

એટલે આજની આપણી વિશ્વની જટીલમાં જટીલ સમસ્યા હોય તો તે આ છે. વિજ્ઞાન શક્તિની સહાયથી જીવનને સભર કરવું કે ચેતનાશક્તિથી જીવનને ભરી દેવું? આપણે એક વસ્તુને જતી કરીને બીજી સાધી શકીએ તેમ નથી. વિજ્ઞાનના આવિષ્કારોને આપણે જતા કરવાના હોઇએ તો પણ જગત એવું કરવાનું નથી. એટલે જ વિવિધ દિશાઓમાં વેરાઈ જતી આપણી ચેતનાશક્તિને એકાગ્ર કરી આપણે વિજ્ઞાનના આવિષ્કારો ઉપર કાબુ મેળવવાના કામે લાગવાનું છે. જો એમાં સફળ થઇશું તો વિજ્ઞાનની શોધો આપણે માટે જીવન પ્રેરક બનશે, જીવનોન્નતિના રહેશે, અને સગવડો માત્ર સાધન બનશે.

આ ભૂમિકા આપણે ખરી સાધીશું તો જ આપણી કલ્પનાનું માનવજીવન વિકસશે. તો જ સંસ્કૃતિનાં ઉર્ધ્વ મૂલ્યો ખીલી નીકળશે. નહીં તો 'આજના યંત્રપુરમાં આપણે સૌ અને આખીયે માનવજાત તણાઇ જવાની છે. એ પુરના તરંગો પર નાચતા તણખલા જેવા આપણા જીવનની વાસ્તવમાં કશી જ કીંમત નહીં રહે.' પશ્ચિમના અનુભવોથી આપણે ચેતીએ. અને નવું પ્રસ્થાન કરતાં પહેલાં વધારે ઊંડાણથી વિચાર કરી આગળ વધીએ.

વિશ્વવાત્સલ્યમાંથી.

આપણે હવે અંતરીક્ષ યુગમાં પ્રવેશી ચૂક્યા છીએ

લેખક: શ્રી ફોસ્ત્સોવ

અખબારોમાં અને રેડિયોમાં આજે અંતરિક્ષ પ્રવાસ યુગ અંગેની ચર્ચાઓ ચાલી રહી છે. અત્યારે અનેક રોકેટો પૃથ્વી પરથી લાખો માઈલ દૂર અંતરીક્ષમાં મુકી રહ્યા છે. આ રોકેટો શા માટે મોકલવામાં આવે છે? માનવીને મુંઝવતા કયા અણઉકેલ પ્રશ્નાઓનો ઉકેલ મેળવવા માટે આ રોકેટો મોકલવામાં આવે છે! એની સરળ અને વિશદ ચર્ચા આ લેખમાં એક નામાંકિત સોવિયેટ વૈજ્ઞાનિક કરે છે. લેખક બતાવે છે કે અંતરિક્ષની ખોજ દ્વારા જે માહિતી આપણને મળી રહી છે એનો ઉપયોગ જ્યારે કરવામાં આવશે, ત્યારે એથી માનવ જીવનમાં એક મહાન પરિવર્તન આવશે.

આપણે હવે અંતરિક્ષ યુગમાં પ્રવેશી ચૂક્યા છીએ. સોવિયેટ સંઘે અત્યાર સુધીમાં સંખ્યાબંધ કૃત્રિમ ઉપગ્રહો તથા રોકેટો અંતરિક્ષમાં મોકલ્યાં છે. ટુંક સમયમાં જ માનવી પોતે પણ અંતરિક્ષના પ્રવાસે ઉપડશે.

કેટલાક લોકો પૂછે છે કે અંતરિક્ષની ખોજ માટે આટલી ધમાલ અને ખર્ચ કરવાની શી જરૂર છે? એક એક રોકેટ પાછળ લાખો અને કરોડો રૂપિયા ખરચવાની શી જરૂર છે? એવા વૈજ્ઞાનિક પ્રયોગોથી માનવજાતને શો લાભ છે?

સૌથી વધુ ઉપયોગી વિજ્ઞાન

આ બધા પ્રશ્નોનો જવાબ એ છે કે અંતરિક્ષની ખોજ એ કોઈ વૈજ્ઞાનિકોનો શોખ નથી. બીજુ કોઈ પણ વિજ્ઞાન માનવજાતને જેટલું ઉપયોગી છે, એથી અંતરીક્ષનું વિજ્ઞાન વધુ ઉપયોગી થશે, એમ કહીએ તો એમાં જરા ય અતિશયોક્તિ નથી.

આપણી પૃથ્વીનો જ દાખલો લો. માનો યા ન માનો આપણે આપણી પૃથ્વી વિષે જેટલું જાણવું જોઈએ એના પ્રમાણમાં થોડું જ જાણીએ છીએ. દા. ત. પૃથ્વીનો ચોક્કસ આકાર શો છે, એની અંદરમાં જુદી જુદી જગ્યાએ કયા કયા પદાર્થો પડયા છે, અને ત્યાં કઈ કઈ પ્રક્રિયાઓ ચાલી રહી છે એવા અનેક પ્રશ્નો અંગે આપણા વૈજ્ઞાનિકો હજી ઘણું અંધારામાં છે એટલે આપણે હજી પણ આ દુનીયાના ચોક્કસ નકશાઓ બનાવી શકતા નથી. ખનિજોની શોધ કરવા માટે આપણાં ભુસ્તરશાસ્ત્રીઓ હજી યે આંધળાની જેમ આમથી તેમ ભટકે છે, અને કઈ જગ્યાએ ક્યાં ધરતીકંપ થશે એ અંગે આપણે કંઈ આગાહી કરી શકતા નથી.

હવામાનની આગાહી

એવો જ એક બીજો પ્રશ્ન વિચારીએ, વરસાદ ક્યારે પડશે, કેટલો પડશે, એ અંગે આપણે કોઈ ચોક્કસ આગાહી કરી શકતા નથી. વાવઝોડ પણ ક્યાં અને ક્યારે થશે એ પણ આપણે કહી શકતા નથી. પૃથ્વીના વાતાવરણમાં ઉપલા થરોમાં સૂર્યનાં કિરણો તથા અંતરિક્ષનાં બીજાં કિરણોનો જ્યારે અને જેવો પ્રપાત થાય છે એ પ્રમાણે આપણી પૃથ્વી ઉપર ઋતુ બદલતી આબોહવા સર્જાય છે. એટલે જો વરસાદ, વાવંટોળ, હિમ, ઠંડી ગરમીનાં મોજાં વગેરેની આગાહી કરવી હોય તો આપણે પૃથ્વીના વાતાવરણના ઉપલા થરોનો તેમ જ અંતરિક્ષમાં મળતા સંખ્યાબંધ પ્રકારના કિરણોત્સર્ગોનો અભ્યાસ કરવો અત્યંત જરૂરી છે. એમનો અભ્યાસ કરવા માટે યોગ્ય પ્રકારનાં સાધનોને આ અંતરિક્ષમાં મોકલવા, એટલે કે, અને રોકેટો તો તત્વતઃ આવાં સાધનોને અંતરિક્ષમાં મોકલવાનાં વહાન જ છે.

ચંદ્ર ઉપર વેધશાળા

અંતરિક્ષનો અભ્યાસ કરવા માટે પહેલાં માનવીએ દુરબીન શોધ્યું, ત્યાર બાદ અંતરિક્ષના પદાર્થોનું વધુ ઝીણવટભર્યું દર્શન મેળવવા એણે રેડિયો દુરબીન શોધ્યું. કદાચ એથી યે વધુ શક્તિશાળી દુરબીનો ભવિષ્યમાં શોધાય પણ એ બધાં જ દુરબીનો સામે એક મુશ્કેલી તો રહેવાની જ. મુશ્કેલી એ છે કે આપણી પૃથ્વીની આસપાસ સેંકડો માઈલ જાડું હવા તેમ જ આયોન નામે ઓળખાતા વિદ્યુતકણોનું પડળ છે. એટલે ગમે તેવાં દુરબીનોથી પણ આપણે અંતરિક્ષનું સ્પષ્ટ દર્શન પામી શકતા નથી, એટલે સોવિયેટ વૈજ્ઞાનિકોની એવી યોજના છે કે ચંદ્ર ઉપર એક વેધશાળા સ્થાપવી અને પછી એ વેધશાળા જે જે માહિતી ત્યાં એકઠી થાય તે ત્યાંથી આપમેળે રેડિયો સિગ્નલો દ્વારા આપણી પૃથ્વી ઉપર આવે એવી ગોઠવણ કરવામાં આવશે. ચંદ્ર ઉપર આવી વેધશાળા ગોઠવવાનું મુખ્ય કારણ તો એ છે કે પૃથ્વી ઉપર જેવા પડળો છે, એવા કોઈ પડળ ચંદ્ર ઉપર નથી.

પૃથ્વી ઉપર સૂર્યની અસર

પૃથ્વીના વાતાવરણ, હવામાન અને બિનતારી સંદેશાઓના વિતરણ ઉપર સૂર્યના ધાબાઓ અને એની જ્વાળા શીખાઓની ખુબ અસર હોય છે. એ ધાબાં અને જ્વાળા શીખાઓમાં સતત પરિવર્તનો થતાં હોય છે અને એનાં પરિણામે પૃથ્વીની આબોહવામાં પણ સતત પરિવર્તનો થાય છે. ચંદ્ર ઉપરના ખગોળશાસ્ત્રીઓ આ બધા પરિવર્તનોના ભેદ ઉકેલી શકશે, ત્યાં ચંદ્ર પરથી તેઓ પૃથ્વીનું પણ ખુબ સુંદર નિરીક્ષણ કરી શકશે કે કયાં વાદળાં કયા સ્વરૂપે રચાય છે અને કઈ દિશામાં કેટલી ઝડપથી એ વાદળાં ખસી રહ્યાં છે, એનું તેઓ ઝીણવટથી સતત નિરીક્ષણ કરી શકશે અને એ અંગેની માહિતી પલકવારમાં પૃથ્વી ઉપર મોકલી શકશે. આ પ્રકારનું નિરીક્ષણ પૃથ્વી ઉપરથી કરવું બહું મુશ્કેલ છે.

સમૃદ્ધિનો ધોધ

આપણે ઉપર અંતરિક્ષ કિરણોનો ઉલ્લેખ કરી ગયા. આવા કિરણોનો અમાપ ધોધ દર સેકંડે આખા બ્રહ્માંડની ઝડપથી પ્રકાશની ગતિમાં ધસમસતો હોય છે. આ ધોધ જો સીધો પૃથ્વી ઉપર આવતો હોય તો પૃથ્વી ઉપર કોઈ સજીવ વસ્તુ જીવી જ ન શકત પણ સદ્ભાગ્યે આપણી પૃથ્વીની આસપાસ આયોન કણોનું જે પડળ હોય છે એ આ અંતરિક્ષના ધોધને અટકાવે છે.

આ હકીકત તો જાણે આપણે માટે સંતોષકારક છે પણ સોવિયેટ વૈજ્ઞાનિકો હવે એ વિચાર કરે છે કે બ્રહ્માંડમાં ઘુમતી વીજળી શક્તિના આ વિરાટ ધોધનો એક નાનોશો અંશ પણ જો આપણે પૃથ્વી ઉપર મેળવી શકીએ અને એનો ઉપયોગ કરી શકીએ તો માનવ જાતની સંપત્તિમાં અને સમૃદ્ધિમાં અપાર વધારો થઈ શકે. પણ આમ કરતાં પહેલાં આપણે એ અંતરીક્ષ કિરણો અને એમના ગુણધર્મોનો

(અનુસંધાન માટે જુઓ પાનું ૧૫)

ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કું. લીમીટેડ
હિન્દીઓની મુખ્ય કંપની

અમે વહીવટ કરીએ છીએ:—

આગ, દરીયાઈ, ભયસ્થાંતર, મોટર, માલ, ચોરી,
ઘર કુટુંબ, ઘર માલીકી (સાથે) અકસ્માત વિ.

સાઉથ આફ્રિકાની અંદર મુખ્ય અમલદારો

જાલભાઈ રૂસ્તમજી એન્ડ સન,
૧૪૦ ક્વીન સ્ટ્રીટ, ડરબન.
ફોન: ડરબન ૨૫૮૭૫, ૨૮૫૧૩, ૨૯૬૭૪.

તમને ખબર છે

કે ન્યુ ઈન્ડિયા, ઈન્ડિયાની સૌથી મોટી વીમા કંપની છે.
કે ન્યુ ઈન્ડિયા ની શાખાઓ ૪૫ દેશોમાં છે.
કે ન્યુ ઈન્ડિયાની ૬૫ શાખાઓ કેવળ હીંદમાં જ છે.
કે ન્યુ ઈન્ડિયા: આગ, દરીયાઈ અને અકસ્માત ઉપર ૧૦,૦૦,૦૦૦ પાઉંડ પ્રીમીયમ ભેગી કરે છે.

સહિસલામતી અને તાત્કાલિક સેવા માટે
ન્યુ ઈંડીયા
સાથે વીમો ઉતરાવો.

વિવિધ વર્તમાન

રશીઆના વડા પ્રધાનનો સંદેશો

મોસ્કો : શસ્ત્રવિસર્જન અને આંતરરાષ્ટ્રીય સમાધાનીના પ્રશ્નોના સરળ ઉકેલ પર દુનીયાના શાંતિનો આધાર છે એમ આજે દુનીયાના સર્વશ્રેષ્ઠ વિજ્ઞાનીઓની પરિષદ સમક્ષ એક સંદેશામાં રશિયાના વડા પ્રધાન શ્રી ક્રુશ્ચેવે જણાવ્યું હતું. આ સંદેશામાં શ્રી ક્રુશ્ચેવે સૂચવ્યું હતું કે વર્તમાન કરારો અને વ્યાપક તેમજ સંપૂર્ણ શસ્ત્રવિસર્જનની તાકીદની જરૂર વિષે પગવોશની આ પરિષદમાં એકત્ર થયેલા વિજ્ઞાનીઓ પોતાનો અધિકૃત અભિપ્રાય જણાવે.

કેનેડામાં જન્મેલા અમેરીકી ઉદ્યોગપતિ શ્રી સાયરસ ઇટને દુનીયાના સર્વશ્રેષ્ઠ વિજ્ઞાનિકોમાંના નવ જણ પગવોશ ખાતે વિશ્વના પ્રશ્નોની ચર્ચા કરવા માટે એકત્ર થાય એવી વ્યવસ્થા કરી છે, અને તે અનુસાર ૧૯૫૭માં શરૂ થયેલી આંતરરાષ્ટ્રીય પગવોશ પરિષદની આ છઠ્ઠી બેઠક શરૂ થઇ છે. આ બેઠક પરના સંદેશામાં શ્રી ક્રુશ્ચેવે વધુમાં જણાવ્યું છે કે, જો પશ્ચિમી સત્તાઓને સ્વીકાર્ય હોય તો, અમે વ્યાપક અને સંપૂર્ણ શસ્ત્રવિસર્જન માટે મસલત કરવા તૈયાર છીએ.

મોમ્બાસામાં ૩ યુરોપીઅન ઉમેદવારો

આવતી ધારાસભા માટે મોમ્બાસા કોસ્ટલ રીજીઅન્સ યુરોપીઅન-એક અનામત બેઠક માટે ત્રણ યુરોપીઅનોએ ઉમેદવારી જાહેર કરી છે ચાલુ સભ્ય શ્રી અશર, નોમીનેટેડ સભ્ય કેપ્ટન હેમ્પી અને અને ઉપરાંત [illegible] કમીટીના ઉમેદવાર તરીકે ઉભા રહેનાર છે.

મોમ્બાસાના આ ત્રણ સ્વતંત્ર યુરોપીઅન ઉમેદવારોએ કોસ્ટ યુરોપિઅન એસોસીએશનને ઉદ્દેશીને કરેલા કોસ્ટ માટેના સ્વતંત્ર શાસનના વિચારને ટેકો જાહેર કર્યો છે.

કોસ્ટના પરામર્શ શ્રી અશરે કહ્યું છે કે ગમે તે પ્રકારના જંગી ફેરફારોને આના સ્વતંત્ર કોસ્ટ પ્રદેશથી લાભ થશે.

એસોસીએટ કમીટીએ જણાવ્યું છે કે સૂચિત સ્વાયત્ત કોસ્ટની રચના માટે સારી તકો છે. આગામી મહીનામાં આ દિશામાં એક પરિષદ ભરાય, તો હું તેમાં આરબોના સલાહકાર તરીકે ભાગ લઇશ એવી આશા છે. હું અગાઉ પણ આરબોનો સલાહકાર હતો.

દાયકા સરકાર નિયુક્ત સભ્ય કેપ્ટન હેમ્પીએ પણ કોસ્ટના સ્વતંત્ર સ્વરૂપને ટેકો આપેલ છે.

પાકીસ્તાનમાં ૧૯૬૧ના અંત સુધીમાં થનારી નવી ચુંટણી

રંગુન. પાકીસ્તાની પ્રમુખ અયુબખાને એક પત્રકાર પરિષદ સમક્ષ જણાવ્યું હતું કે પાકીસ્તાનમાં આજે કોઇ પણ વખત કરતાં વધુ લોકશાહી છે. પત્રકારોએ તેમને પુછ્યું હતું કે "પાકીસ્તાન નિયમસરના રાજકીય ધોરણ તરફ પાછું ક્યારે ફરશે?" તેના જવાબમાં તેમણે ઉપરોક્ત જણાવ્યું હતું.

અયુબખાને વધુમાં જણાવ્યું હતું કે નવા બંધારણનો મુસદ્દો અભ્યાસ કરવા નીમેલું કમીશન તેનો હેવાલ ચાર માસમાં રજુ કરશે અને નવી ચુંટણી ૧૯૬૧ના અંત સુધીમાં થશે.

બર્માના વડા પ્રધાન સાથે તેમણે વાટાઘાટને પરિણામે નાફ નદીના મુખમાંના બે નાના ટાપુઓ, જેના પર હક બંને દેશો દાવો કરે છે, તેની પતાવટ માટે પ્રધાનકક્ષાના પ્રતિનિધિઓ ટુંક સમયમાં જ વાટાઘાટ કરશે.

અમેરીકામાં આફ્રિકી રાજપુરૂષોને મળેલી ધમકી

રાષ્ટ્રસંઘ · રાષ્ટ્રસંઘ ખાતેના અમેરીકી પ્રતિનિધિમંડળના વડા શ્રી જેમ્સ વર્ડ્ઝવર્થે જાહેર કર્યું છે કે રાષ્ટ્રસંઘ ખાતેના સંખ્યાબંધ આફ્રિકી રાજપુરુષોને કુ ક્લક્સ ક્લાન નામની સંસ્થા તરફથી મળેલા ધમકીભર્યા પત્રો અંગે તાત્કાલિક તપાસ આરંભવા મેં ન્યુયોર્કના પોલીસ તંત્રને જણાવ્યું છે. રંગભેદની નીતિને વરેલી આ કુ ક્લક્સ ક્લાન સંસ્થા અમેરીકાના દક્ષિણના રાજ્યોમાં તેની પ્રવૃત્તિ ચલાવે છે. આ સંસ્થા તરફથી આજની ટપાલમાં આફ્રિકી રાજપુરુષોને મળેલા પત્રોમાં જણાવ્યું છે કે તેમણે રાષ્ટ્રસંઘ ભવનની નજીકમાં જ રહેવું અને ત્યાં આગળ વસેલા ન્યુયોર્ક શહેરની ગોરીઓને અડકવાની નહિ. પત્રમાં વધુમાં જણાવ્યું છે કે રાષ્ટ્રસંઘમાં હવે કાળા લોકોનું મહત્વ વધતું જાય છે.

ભરતરફ આફ્રિકન કાઉન્સીલર ફરી ચુંટાયા

નૈરોબી સીટી કાઉન્સીલની ટાઉન પ્લાનીંગ કમીટીની સાત પાંચ મહિના પહેલાં મેયરના આરોપસર ભરતરફ થયેલ કાઉન્સીલર ગીકોન્ગ આ સ્થાન પર પેટા ચુંટણીમાં પુનઃ બિનવિરોધે ચૂંટાઇ આવ્યા છે. આ જાહેરાત બાદ ન્યાયાધીશે જણાવ્યું છે કે ભાવી ભરતરફી અંગે સીટી કાઉન્સીલના ટાઉનક્લાર્ક અને મેયર પર હું કેસ માંડનાર હતો તે મેં હવે માંડી વાળ્યું છે.

કોંગ્રેસે પસંદ કરેલા ઉમેદવારો

આગામી ચુંટણી માટે કેનિયા આફ્રિકન કોંગ્રેસે અનામત બિન મુસલીમ એશિયાઇ બેઠકો માટે નીચેના ઉમેદવાર પસંદ કર્યા છે :—

મધ્ય નૈરોબી—શ્રી મદન અને શ્રી જમીનદાર
દક્ષિણ નાઇરોબી—શ્રી જે. એમ. પટેલ
મોમ્બાસા —શ્રી એ. જે. પંડ્યા
કીસુમુ —શ્રી કોહલી.

શ્રી. હામ સામે રજુ થયેલાં બિન-ગોરાઓના મુદ્દાઓ

(પહેલા પાનાનું અનુસંધાન)

શ્રી. જનદીશે આ સ્પેશીયલ બ્રાન્ચના માણસને જણાવ્યું કે તેઓને અંદર જતાં અટકાવવાનો હક્ક કેવળ એ હોટલના મેનેજરને છે અને બીજા કોઇ તેઓને અટકાવી શકે એમ નથી. ત્યાર બાદ બંને જણ મેનેજરને મળવા ગયા, પણ કોઇ મેનેજર જણાયા નહિ એટલે શ્રી. જનદીશે શ્રી. હામના ખાસ આસીસ્ટન્ટને નીચે આવી આ ટોળાને મળવા માટે સંદેશો મોકલ્યો. આખરે શ્રી હામના ખાસ આસીસ્ટન્ટ શ્રી. વીસરકોઇર નીચે આવ્યા અને આ ટોળાને મળ્યાં રંગભેદ આદમના આગેવાનોની વર્તણુંક ને લઇ આ ટોળું શ્રી. વીસરકોઇરને બગીચામાં પર મળ્યું આ ટોળાએ જણાવ્યું કે શ્રી. હામ જ્યાં સુધી આ દેશના ખરા નેતાઓને મળે નહિ ત્યાં સુધી તેઓ આ દેશની પરિસ્થિતિ બરાબર સમજી શકશે નહિ.

શ્રી વીસરકોઇરે જવાબ આપ્યો શ્રી. હામના હાઇ-કમિશ્નરને ઘણાં નિવેદનો મુક્યાં છે, અને તેઓ ખુદ પણ એમ માને છે કે બીન-ગોરા નેતાઓને મળવાથી સારૂં પરિણામ આવશે. આ ઉપરાંત આ ટોળાની લાગણી અને ઇચ્છા શ્રી. વીસરકોઇરે શ્રી. હામને જણાવવાની જવાબદારી લીધી હતી.

આજ પ્રસંગ બતાવી આપે છે કે સરકારની રંગભેદની નીતિ આ દેશમાં કેટલી મજબૂત પકડ લઇ બેઠી છે. શ્રી હામ આ ઉપરથી સમજી શકે એમ છે. પરદેશથી આવેલા આ મહેમાનોને મળવા માટે પણ બીન-ગોરાઓને પશ્ચાદ્ભાગનો આશરો લેવો પડે છે. આ ઉપરાંત પોન્ડોલેન્ડમાં જ્યારે ગૃપઓ શ્રી. હામને મળવા આવ્યાં ત્યારે જમણ વખતે તેઓ હાજર થયાં નહિ, કારણ તેઓ સાથે બેસી જમી શકે નહિ. એથી તેઓ બીજે જગ્યાએ જમવા ગયા. એ ઉપરથી પણ શ્રી. હામ આ દેશની રંગભેદની નીતિ સમજી શકે એમ છે. આશા છે એ તેમની ધ્યાન બહાર નહિ ગયું હોય.

શુભ પ્રસંગો માટે ભેટ!
સ્ત્રીઓ અને પુરૂષો માટે
ઘડીયાળ!
૧૭, ૨૧ અને ૨૫ જ્યુલનાં
ઓટોમેટીક કેલેન્ડર.
- રેમર
- રેક્સી
- લેડી
- રૂચાર
વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરૂષોના શર્ટ સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.

હોલસેલ ભાવે મળશે
બોક્સ ૫૬૮૮, ફોન: ૮૩૫-૨૬૦૫.
વલ્લભભાઈ બી. પટેલની કું.
૪૪, મારકેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

હિંદના સમાચારો

તા. ૧૭-૧-૧૯૬૧.

ટીકાકારોને શ્રી નહેરૂએ આપેલો ઉત્તર

નવી દિલ્હી:

સિંધુના પાણી અંગેના કરારના ટીકાકારોને વડા પ્રધાન શ્રી નહેરૂએ લોકસભામાં જણાવ્યું હતું કે હું સાવ નિશ્ચિત અને સ્પષ્ટ રીતે કહી શકું એમ છું, કે આ કરાર ભારત માટે સારો કરાર છે.

આ કરાર અંગે લોકસભામાં થયેલી બે કલાકની ચર્ચા દરમ્યાન સભ્યોએ એવો આક્ષેપ કર્યો હતો કે ભારત પોતાના ખિસ્સાના ભોગે વધારે પડતું ઉદાર બન્યું છે અને સંધિ પર સહી કરવામાં પાકિસ્તાનને ખુશ કરવાનો પ્રયાસ કર્યો છે. એ આક્ષેપોનો જવાબ આપવા માટે શ્રી નહેરૂ ચર્ચામાં દરમ્યાનગીરી કરી રહ્યા હતા.

શ્રી નહેરૂએ કહ્યું કે આ કરાર કરતાં ચાર વર્ષ લાગ્યા છે એ એક જ હકીકત સભાગૃહને પ્રતીતિ કરાવશે કે લાંબી દલીલો કે પ્રત્યેક બિંદુ પર જીણવટભર્યું લક્ષ આપ્યા વિના અલ્પ વિરામ કે પૂર્ણવિરામનો સુદ્ધાં સ્વીકાર કરાવ્યો નથી.

ચર્ચામાં ભાગ લેનારા કોંગ્રેસ અને વિરોધ બન્ને પક્ષોના એક પછી એક સભ્યે કરાર પરત્વે અણગમો વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે કરાર એકપક્ષી અને નિરાશાજનક છે અને તે શરણાગતિના રૂપમાં છે.

શ્રી અશોક મહેતાએ કહ્યું કે 'દેશે તેમના પર વિશ્વાસ મૂક્યો છે તેઓએ દેશને [illegible] મૂકી રહ્યા છે.

એક માત્ર સ્વતંત્ર સભ્ય ડૉ. કૃષ્ણસ્વામીએ કરારને ભારે રચનાત્મક લેખાવીને તેને આવકાર્યો હતો. અને જણાવ્યું હતું કે માર્શલ પ્લાન પછી સિંધુના પાણીનો કરાર ઐતિહાસિક દૃષ્ટિએ જગતમાં આંતરરાષ્ટ્રીય સહકારી પ્રયાસ છે.

ગોઆ અંતે નમતું મૂકે છે

ગોઆ: હિંસક અને વિનાશક પ્રવૃત્તિઓમાં સંડોવાયા નહિ હોય તેવા તમામ ગોઆના રાજકીય કાર્યકરોને "સામાન્ય છુટકારો આપવાને લગતું બીનસત્તાવાર સમાચાર ગોઆના એક દૈનિક પત્રમાં પ્રગટ થયું છે. હેવાલ જણાવે છે કે આવો છુટકારો આપતો ધારો પોર્ટુગાલમાં પ્રગટ થયો છે અને સ્થાનિક સરકારી ગેઝેટમાં એક સપ્તાહમાં પ્રગટ થશે એ હુકમો અનુસાર દેશવટો પામેલા કેદીઓના રાજકીય હક પાછા અપાશે. હાલ ભારતમાં રહેતા ગોઆના રાજકીય કેદીઓને વતનમાં પાછા ફરવાની છુટ અપાશે. એમના કેસ ચાલતા ન હોય તે પડતા મૂકાશે. રાજકીય કાર્યકરો પૈકીના ધારાશાસ્ત્રીઓને તેમની પ્રેક્ટિસ કરવાની છુટ અપાશે. જાહેરસેવાના રાજકારણમાં ભાગ લેવાની બધાને છુટ અપાશે. તેમને મતાધિકાર ને ચૂંટણીમાં ઉભા રહેવાની રજા અપાશે.

ગોવાના હાસ્યાસ્પદ દાવા કોઈએ ક્યારેય સ્વીકાર્યું નથી

નવી દિલ્હી: ગોવા અને આફ્રિકામાંના અન્ય ફિરંગી સંસ્થાનો નથી. પરંતુ પોર્ટુગાલના પ્રાંતો છે એવા પોર્ટુગાલના અભૂતપૂર્વ અભિગમનો કોઈએ સ્વીકાર કર્યો હોય એવું મારી જાણમાં નથી એમ વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ લોકસભામાં જણાવ્યું હતું.

લોકસભામાં પ્રશ્નોના ઉત્તર આપી રહેલા શ્રી નહેરૂએ પોર્ટુગાલના આ દાવાને વાહિયાત તરીકે વર્ણવ્યો હતો અને જણાવ્યું હતું કે આ બાબત વારંવાર અન્ય દેશો સમક્ષ રજુ કરાઇ છે. પરંતુ કોઈએ પોર્ટુગાલનો એ દાવો સ્વીકાર્યો નથી.

નવા સરસેનાપતિ જ. થાપરનો પરિચય

ભારત સરકારે જ. કે. એસ. થિમૈયા ડી. એસ. ઓ.ના અનુગામી તરીકે સેનાની દળના વડાના સ્થાને પશ્ચિમ વિભાગના સેનાપતિ લે. જનરલ પી. એન. થાપરની જનરલની કક્ષામાં નિમણુંક કરવાનો નિર્ણય કર્યો છે. લે. જ. થાપરની લશ્કરી કારકિર્દીનો ટૂંક પરિચય આ પ્રમાણે છે.

હાલમાં પશ્ચિમ વિભાગના સેનાપતિ લે. જ. થાપરને ૧૯૨૬માં સેન્ડહર્સ્ટ સંસ્થામાંથી કમીશન મળ્યું હતું અને પોતાની સેવાના શરૂઆતના લગભગ ૧૦ વર્ષ પંજાબ રેજીમેન્ટ સાથે ગાળ્યાં હતા. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન તેમણે બે વર્ષ સુધી બ્રહ્મદેશમાં અને ત્યારબાદ મધ્યપૂર્વને ઇટાલીમાં કામગીરી બજાવી હતી ત્યારે "જનરલ હેડક્વાર્ટર્સ" તરીકે ઓળખાતી કચેરીમાં તેમણે આસિ. મિલીટરી સેક્રેટરી તરીકેની અને પાછળથી આર્મી રિ-ઓર્ગેનાઇઝેશન કમીટીના સભ્ય તરીકેની કામગીરી બજાવી હતી.

તેમણે [illegible] હેડક્વાર્ટર્સમાં પણ ઉચ્ચ કક્ષાના અધિકારી તરીકે સેવા બજાવી હતી. ૧૯૪૧ના માર્ચમાં તેમણે ઇન્ડોનેશિયામાં પંજાબ રેજીમેન્ટની પહેલી બેટાલિયનનું નેતૃત્વ અને ત્યારબાદ પૂર્વ બંગાળમાં ઇન્ફન્ટ્રી બ્રિગેડનું નેતૃત્વ સંભાળ્યું હતું.

આ ઉપરાંત તેમણે જુદા જુદા સમયે "ડીરેક્ટર ઓફ મીલીટરી ઓપરેશન્સ એન્ડ ઇન્ટેલીજન્સ" "ચીફ ઓફ જનરલ સ્ટાફ" અને લશ્કરના વડામથક ખાતે "મીલીટરી સેક્રેટરી"ના હોદ્દા પણ સંભાળ્યા છે. પાંચ વર્ષ સુધી દક્ષિણ વિભાગના સેનાપતિ તરીકેની કામગીરી સંભાળ્યા બાદ ૧૯૫૯માં તેમની પશ્ચિમ વિભાગના વડા તરીકે બદલી કરવામાં આવી હતી.

ભાદરનો બંધ

સૌરાષ્ટ્રની મોટામાં મોટી નદી ભાદર છે. રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના નિલાખા ગામ નજીક ભાદર અને ગોંડળી નદીના સંગમ સ્થાને ભાદર બંધનું બાંધકામ થઇ રહ્યું છે, જે વિસ્તારમાં વારંવાર અછત તેમજ અછતની આફત વારંવાર ઉતરે છે તે વિસ્તારને કુદરતી આપત્તિમાંથી બચાવી લેવાની દૃષ્ટિએ ભાદર નહેર યોજના મહત્વની છે.

ભાદર બંધ જ્યારે પુરેપુરો ભરાય ત્યારે તેનો વિસ્તાર ૨૭ ચોરસ માઇલથી વધુ એટલે ૧૪૭૦૦ એકર જેટલો થશે.

આ બંધ દ્વારા લગભગ ૪૫ હજાર એકર જમીનને સિંચાઈનો લાભ મળશે. આ સિંચાઈનો ખેતી માટે પુરેપુરો ઉપયોગ થાય તો લગભગ ૧૫ હજાર ટન જેટલી ખેતીની પેદાશ વધશે એવો અંદાજ છે.

આ બંધ યોજના ૧૯૬૪-૬૫ના વર્ષમાં પુરી થવાનો અંદાજ છે. બીજી પંચવર્ષીય યોજનામાં ભાદર બંધના કામકાજ માટે રૂા. ૧૦૭ લાખના ખર્ચની જોગવાઇ છે. અત્યાર સુધીમાં આ યોજના પાછળ લગભગ રૂા. ૬૬ લાખ ખર્ચાઈ ચુક્યા છે.

ભાદર બંધમાંથી નદીના બન્ને કાંઠા પર મુખ્ય નહેર લગભગ ૪૫ માઇલની લંબાઈમાં આવશે. પેટા નહેરોની લંબાઈ લગભગ ૨૦૦ માઈલ જેટલી થવાનો અંદાજ છે. બંધમાં કુલ ૮૪૦ કરોડ ઘનફુટ પાણી રહી શકશે.

ભાદરની રૂા. ૩ કરોડ ૨૩ લાખના ખર્ચવાળી આ યોજના દ્વારા રાજકોટ જીલ્લાના જે વિસ્તારમાં વારંવાર આવતાં પુરથી જે ભારે નુકશાન થતું તે બધું મટી જશે અને નદી પાસેની જમીનનું થતું ધોવાણ પણ ઠીક ઠીક પ્રમાણમાં અટકશે. આ રીતે ભાદર યોજના દ્વારા પ્રજાને આડકતરો લાભ પણ સારો મળશે.

મંત્રણા પાછળ રૂા. ૬૦ લાખનો ખર્ચ!

નવી દિલ્હી: સિંચાઈ અને વીજળી ખાતાના નાયબ પ્રધાન શ્રી જયસુખલાલ હાથીએ લોકસભામાં પ્રશ્નોત્તરી પ્રસંગે જણાવ્યું હતું કે, પાકિસ્તાન સાથે સિંધુનાં પાણીની વહેંચણીના કરાર અંગે વાટાઘાટો કરવામાં ગયા સપ્ટેમ્બરની આખર સુધીમાં ભારતને રૂા. ૬૦ લાખનો ખર્ચ થયો હતો.

વિશ્વબેંકે આ ખર્ચમાં કોઈ ફાળો આપ્યો નહોતો પણ તેણે આ પ્રશ્ન અંગે નોકરો રોકવા વગેરેનો પોતાના તરફથી લગભગ ૧૨ લાખ ડોલર જેટલો ખર્ચ કર્યો હતો.

ઉપકુલપતિ તરીકે શ્રી દેસાઇની નિમણુંક

અમદાવાદ: એ. જી. ટીચર્સ ટ્રેનીંગ કોલેજના પ્રીન્સીપાલ શ્રી એમ. આર. દેસાઇની ગુજરાત યુનિ.ના ઉપકુલપતિ તરીકે નિમણુંક કરવામાં આવી છે. યુની.ના કુલપતિ શ્રી મહેંદી નવાઝ જંગે યુનિ.ના ધારા ૧૦ પ્રમાણે આ અંગેનો હુકમ શ્રી દેસાઇને મોકલી આપ્યો છે.

શ્રી દેસાઇ જાણીતા શિક્ષણ શાસ્ત્રી છે અને મુંબઇ સરકારે નિમેલી માધ્યમિક શિક્ષણ અંગેની ઇન્ટીગ્રેશન કમીટીના તેઓ પ્રમુખ હતા.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!
શોધવું મટશે, સોંઘું મળશે, ધક્કો ટળશે
તમારે ત્યાં નીચેની બધી જ વસ્તુઓ મળે છે
સ્ત્રીઓ માટે: રેશમી, સુંદર સ્ટાઈલ અને બીજી અનેક જાતની સાડીઓ, [illegible] પણ મળશે ગરમ ફુલવાળા જરસીઓ, પુલોવર, કારડીગન, સ્ટોકીંગ, ચડ્ડી, ચોળીઓ વિ.
બાળકો માટે: નાયલોનના ઝબલાં, ટોપી, બ્લાઉઝ, ફ્રોક, સ્વેટર, મફલર, સોકસ, નેપકીન્સ, ગ્લવ્ઝ, પેટીકોટ, નાઈટીસ, બીબ્સ, ટોપી સેટ, આદિ સ્ટાઈલ વિ.
દરેક પ્રકારના કુશનવર્ક, રંગબેરંગી [illegible] ઓશીકાં, ગાદી, વિ.
વેપાર માટે ગાદી [illegible] સ્ટેનલેસ સ્ટીલના વાસણો, ઇમિટેશન [illegible]
વિલંબ શા માટે! સારો માલ વેચાઇ જતાં શી વાર!!
દૂરવર્તી ગ્રાહકોને: આબરો ટ્રેડર્સ (પ્રો) લી.
([illegible])
ફો. ન. [illegible] — પોસ્ટ બોક્સ, — પો. બો. પરવત.
[illegible] — ૩૩ વેસ્ટ સ્ટ્રીટ, — [illegible]

સમાચાર સંગ્રહ

—દારેસલામ વિસ્તારમાં ગયા વર્ષે નવેમ્બરની આખર સુધીમાં ૨૨૮૫ આફ્રિકનોએ ક્રીશ્ચિયાનીટી ધરી હતી. પણ હવે ઉહુરુની ઉંચ ઉજવતા અને અપકુરાજ્ય દેખાતાં આ વર્ષે ફક્ત ૧૫૦૦ આફ્રિકનોએ ક્રીશ્ચિયાનીટી ધરી છે।

—ટાંગાનીકાની ધારાસભામાં ટબોરાના ગોરા સભ્યે જણાવ્યું હતું કે યુરોપીયન સર્વંટો નોકરોને ભથ્થા તરીકે કોમ્પન્સેશનની જે રકમ અપાનાર છે તે રકમ રોકડમાં નહિ પણ સામગ્રી આપવાની રીત સરકારે અખત્યાર કરવી.

ટાંગાનીકામાં આગ્રા વધારાના પ્રતિબંધનો કાયદો એક વર્ષ વધુ ચાલુ રહે તેવા ઠરાવને ધારાસભામાં સ્થાન મળ્યું નહિ એટલે હવે આ કાયદો તા. ૧ જાન્યુઆરી ૧૯૬૧થી દૂર થયો છે

—ટાંગાનીકાની ધારાસભામાં ટાંગાનીકા આફ્રિકન-ફિલોન ખાતાના મંત્રી શ્રી સ્વાઈએ જણાવ્યું હતું કે ટાંગાનીકામાં હીરા ખોદવાનો જે એકહથ્થુ પરવાનો વીલિયમસન ડાયમંડ લીમીટેડને આપવામાં આવ્યો હતો તે એકહથ્થુ ઈજારો આ વર્ષથી અંત આવી જશે અને હવે તેને હીરા ખોદવાના હવે પરવાના અપાશે. આમ ટાંગાનીકામાં હીરાની ખાણ ખોદવાની મોનોપોલીનો અંત આવ્યો છે.

—યુનોના મહામંત્રી શ્રી ડાગ હેમરશોલ્ડ નવા મદદનીશોની નિમણૂક કરવાનું વિચારે છે એ મદદનીશોમાં એક ભારતી અમલદારોનો નિષ્ણાત હશે.

—કલકત્તામાં પાણી તથા ગટર યોજના માટે પશ્ચિમ બંગાળની સરકારને યુનોના વિશિષ્ટ ફંડમાંથી સહાય કરવાની ભારત સરકારે યુનોને વિનંતિ કરી છે

—મેસાણા તરફના દેરાજગાના હરિજનવાસમાં લાગેલી આગમાં આઠ ખાખા મકાનો બળીને ખાક થઈ ગયાં રૂ. ૧૫ હજારનું નુકસાન અંદાજ્યું છે.

—એર વાઈસ માર્શલ શ્રી રાજેન્દ્ર દત્તને એર માર્શલ એમ. એમ. એન્જીનીયરના સ્થાને હીંદુસ્તાન એર ક્રાફ્ટ લી. બેંગલોરના જનરલ મેનેજર તરીકે નિમવામાં આવ્યા છે

—રશિયાના મહાન નાયકાય ઈટલી હવે વંચીકરણ પામ્યું છે કે, નાગોદકા શહેરમાં એક ૭૮ વસ્તકારોના મકાન એક દિવસમાં ઉભું કરવામાં આવ્યું હતું

—ભાવનગર ખાતે તાજેતરમાં મળેલી ભગા કોલેજના પ્રમુખો અને રાજ્યના પ્રધાનો વગેરેની બેઠકમાં એવી માગણી કરવામાં આવી હતી કે સૌ-

રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ગુંડાગીરી ઠીક ઠીક પ્રમાણમાં ફેલાયેલી રહી છે અને તેને કાબુમાં લેવા માટે જરૂર પડે તો સરકારી સલામતી ધારાનો પણ ઉપયોગ કરવો જોઈએ.

—હૃદ રાહત સંસ્થા તરફથી એવું બહાર આવ્યું છે કે એકલા અમદાવાદ શહેરમાં જ હાલમાં ૩૫ હજાર જેટલા કોઢિયા છે. હાલમાં આ દર્દીઓની સંખ્યા દેશના બીજા કોઈ પણ શહેર કરતાં વધુ છે. શહેરને રાહત માટે સંસ્થાએ લોકોની અને આગેવાનોની સહાય માગી છે.

—ભુલેશ્વરમાં આવેલા ગોલ ગોલવાડામાં બીહારી બાગ નામના મકાનની ઝાડી સાઈ ચોકીએ રૂ. ૨૫ હજારની કીંમતનાં હાથીઓરીનાં બનાવતાં વહીવાણો કબજે કર્યા છે

—વડોદરા શહેર સુધરાઈએ મહાકવિ પ્રેમાનંદનું સ્મારક રચવાનો નિર્ણય છે. આ અંગે એક સમીતી નીમવામાં આવી છે. જુમ્મા મસ્જીદ ખાના મહાલની આજુ બાજુમાં પણ બગીચો બનાવવાનું સુધરાઈએ નક્કી કર્યું છે.

—ભારત સરકારનું ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમીશન જે ગુજરાતમાં ખનીજ તેલની શોધનું કામ કરી રહેલ છે તેણે વડોદરામાં પોતાનું વર્કશોપ સ્થાપવાનું અને કર્મચારીઓ માટે મકાનો બાંધવાનું નક્કી કર્યું છે.

—કચ્છના લખપત તાલુકામાં તેલની શોધનું કામ શરૂ થયું છે આ માટે નિષ્ણાતોની એક ટુકડી તાજેતરમાં દિલ્હીથી આવી પહોંચી છે.

—અમેરીકાના ભારત ખાતેના એલચી શ્રી બંકરે તાજેતરમાં અમદાવાદની મુલાકાત દરમ્યાન જાહેર કર્યું હતું ભારતમાં તેલની સમૃદ્ધિ બહાર લાવવા માટેના વધુ પ્રયત્નો કરવા પછી અમેરીકન કંપનીઓ ભારતમાં બીજા દેશોની જેમ તેલની શોધખોળના ક્ષેત્રે જે પ્રગતિ સાધવામાં આવી છે તેથી અમેરીકાની સરકારને આનંદ થયો છે.

—ઈંગ્લંડના રાણી એલીઝાબેથ તા. ૨૧મી જાન્યુઆરીએ ભારત આવી પહોંચશે. પરંતુ તેમણે તે પહેલાં જરીનું કાપડ ખરીદીને ભારતમાંથી પહેલી ખરીદી કરી લીધી છે. આ સમાચાર

બુકકીપીંગ, ઈન્કમ ટેક્સ રીટર્ન્સ, વાલ્યુએશન્સ, રેન્ટ કલેક્શન્સ અને ઈન્સ્યોરન્સ માટે મળો:

આર. વીઠ્ઠલ

૧૨ બાકર્સ આર્કેડ, ૪૮ માર્કેટ સ્ટ્રીટ, કોર્નર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ, ફોન ૩૩-૬૧૫૪.

કાપડ બનાવવાને બનારસના પ્રસિદ્ધ કારીગરોને ઓર્ડર અપાયો હતો. આ કાપડ વિમાન મારફતે લંડન મોકલ્યું છે અને તેમાંથી રાણી માટે પોશાક બનાવાશે. આ પોશાક રાણી ભારતના રાષ્ટ્રપતિના ભોજન સમારંભમાં હાજરી આપતી વખતે પહેરશે

—અજમેરઃ સ્થાનિક વિકાસ કચેરી અને વિભાગીય કમિશ્નરે ચાલુ વર્ષ માટે નવ વિકાસ ઘટકો માટે રૂ. પાંચ લાખની રકમ મંજુર કરી છે. વધુમાં, એજ વિકાસ ઘટકોમાં અધૂરા રહેલા વિકાસ કામો હાથ ધરવા માટે વધારાની રૂ. ૫૯૦૦૦ની રકમ આપવામાં આવી છે.

—જયપુરના ૧૮ વર્ષની વયના માંગીલાલ મંગલ નામના એક યુવાન વૈજ્ઞાનિકે રોકેટ છોડવાના પ્રયોગો શરૂ કર્યા છે. રાજસ્થાન સરકારે, એકલા હાથે આવા પ્રયોગો કરનાર આ વૈજ્ઞાનિકને ૫૦૦ રૂ. મદદ આપી છે. માંગીલાલ મંગલ ચાલુ માસમાં અનેક મિત્રોની સહાયથી તૈયાર બનાવેલ ખડિંગ (ટી-ટીન-ટક) રોકેટ છોડવાનો પ્રયોગ કરનાર છે.

—ડર્બીઃ અત્રેના વાળ કાપવાના સલૂન જેવા તરફથી બે ભારતીય વિદ્યાર્થીઓના વાળ કાપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો, તેનો બહિષ્કાર પોકારવાની ડર્બીના નગરપતિની યોજના વાળ કાપનારાઓના મહામંડળ તરફથી આ અંગે મળેલી કેટલીક જાહેરાતોએ હાલ પુરતી પડતી મૂકવામાં આવી છે.

—નવી દિલ્હી: સંરક્ષણ પ્રધાન શ્રી કૃષ્ણ મેનને લોકસભામાં એવી માહિતી આપી હતી કે, રણગાડી બનાવવાનું કારખાનું સ્થાપવાની યોજનાની વિચારણા થઈ રહી છે.

—ભારતમાં કરોડ ઉપરાંત રૂપિયાની અસામાન્ય ધરાવતા કરોડપતિ કેટલા ! એવા શ્રી કાશિનાથસિંહના પ્રશ્નના ઉત્તરમાં આવક ખર્ચ ખાતાના પ્રધાન શ્રી ગોપાળ રેડ્ડીએ લોકસભામાં કહ્યું કે એક કરોડ રૂપિયાની ચોખ્ખી ધન સંપત્તિ ધરાવતા અને વીમાકંપની ધન-વેરાની આકારણી જેમને માટે કરાઈ છે. તેમની સંખ્યા ૨૮ની છે. રાજ્યવાર તરફી અગાઉના કરોડપતિઓ કેટલા એવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું કે એવા છે સોળ તેમણે એવા કરોડ પતિઓનાં નામ આપવાનો ઈન્કાર કર્યો હતો

—લંડન આલ્જેરીયામાં ફ્રેન્ચ લશ્કરી વીમાનોએ એક સેનેગીલ વીમાનને જબરજસ્તીથી નીચે ઉતારવાની ફરજ પાડી છે આ વીમાન આલ્જેરીયન બંડખોરો માટે હથીયારો લઈ જતું હતું. આ વીમાન ઝેકોસ્લોવાકીયાથી ઉપડ્યું હતું પણ સત્તાવાળાઓ જણાવે છે કે એ વીમાન તો આરજેન્ટીના માટે બંદુકો હથીયારો સાથે ઝેકોસ્લોવાકીયાથી ઉપડ્યું હતું.

—એટલાંટીક: એટલાંટીક સમુદ્ર તોફાન જામતાં, તોફાને ચઢેલા એ દરીયાએ ૧૦ હજાર ટનની એક અમેરીકન ટેન્કરનો ભોગ લીધો છે. દરીયાના તોફાનથી ઉછળતા પ્રચંડ મોજાંએ આ ટેન્કરને સખ્ત થપાટ મારતાં ટેન્કરના બે ટુકડા થઈ ગયા. જ્યાં આ પ્રચંડ તોફાન ચઢેલું છે જેને "એટલાંટીકનું કબ્રસ્તાન" એ નામે ઓળખાય છે આ ટેન્કરને બચાવવા મદદે ઉપડેલી સ્ટીમરો પણ પ્રચંડ તોફાનને કારણે નજીક જઈ શકી ન હતી

—ટાંગાનીકાના નાયબ પ્રધાન સર એનેર્સ્ટ વેસી દારેસલામથી વિમાન માર્ગે અમેરીકા ઉપડી ગયા છે. દેશમાં રસ્તાઓની સુધારણાના કાર્યક્રમ માટે લોન મેળવવાની દિશામાં મંત્રણાઓ તેમણે આ પ્રવાસ યોજ્યો છે. તેઓ યુનોની ન્યુયોર્ક ખાતેની વડી કચેરીની મુલાકાત લેનાર છે.

—નૈરોબી: પ્રોફેસર ટીકાઇ ના આપવાથી પોતે પ્રસિદ્ધ નૈરોબીની બીન મુસ્લીમ એશીયન અનામત બેઠક માટે ઉમેદવારી કરનાર નથી એમ તેમણે જણાવ્યું છે. આ મતદાર વિભાગમાંથી શ્રી. ચેટ્ટસિંગ એક સ્વતંત્ર ઉમેદવાર રૂપે ઉભા રહેનાર છે. તેઓ અત્રેની શૈક્ષણિક, સામાજીક તથા ધાર્મીક સંસ્થાઓમાં તેઓ ઘણા સમયથી આગળ પડતો ભાગ લેતા આવ્યા છે.

—મુંબઈમાં વિમલા ઠકારની દોરવણી હેઠળ આવતી યુનીવર્સીટીના વિદ્યાર્થીઓ મારફ લોકનીતિની દિશામાં પગલાં મંડાવવાને માટેની ઝુંબેશ શરૂ થઈ છે હાલ પુરતા દાદર, સાંતાક્રુઝ, વિલેપાર્લે, મલાડ અને બોરીવલી વિસ્તારોમાં આ પ્રયાસ કેન્દ્રિત છે.

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

નવ જાતના નાયલન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, ઓફિસ અને ઘરનો પુરવઠો માટે ઉત્તમ સુતર જર્સી, પુલોવર, કાર્ડીગન્સ અને લગ્ન પ્રસંગો માટે—ડ્રેસ, બ્લાઉઝ, બ્લાન્કેટ્સ, ટોવેલ્સ નેપકીન્સ વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા પધારશોજી.

33 પ્રેસ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન : ૮૩૪-૬૭૯૬ — બોક્સ ૬૫૪૭

આપણે હવે અંતરીક્ષ યુગમાં પ્રવેશી ચુકયા છીએ

(૧૨ પાનાનું અનુસંધાન)

ઝીણવટથી અભ્યાસ કરવો જોઇએ. અંતરીક્ષમાં રોકેટો મોકલવાનો એક હેતુ આ જ હોય છે. કોઇ રોકેટ ઉપર અંતરીક્ષ કિરણોનો અભ્યાસ કરવા માટે જાતજાતનાં માપ-સાધનો મુકવામાં આવે છે.

અંતરીક્ષની શક્તિથી વિમાનો ઉડશે

અત્યાર સુધી રોકેટો દ્વારા જે કંઇ માહિતી મળી છે એના ઉપરથી વૈજ્ઞાનિકોને ખાત્રી થઇ છે કે ઉપરોક્ત વિચાર અશક્ય તો નથીજ. અરે, પેટ્રોલ વિના, આ નવી શક્તિથી ચાલતાં વિમાનો બનાવવાની નક્કર યોજનાઓ ઘડાઇ ચુકી છે અને એ અંગે પુષ્કળ સંશોધન અત્યારે થઇ રહ્યું છે.

બ્રહ્માંડના ભેદ

આ ઉપરાંત અંતરીક્ષ પ્રવાસનાં બીજાં અનેક કારણો છે. માનવી જ્યારથી આ પૃથ્વી ઉપર જન્મ્યો ત્યારથી આવા પ્રશ્નો પુછતો આવ્યો છે. આ બધું શું છે? આ સૂર્ય આ ચંદ્ર, આ પૃથ્વી, આ બધા ગ્રહો, આ તારાઓ એ બધાં ક્યાંથી આવ્યા? આમાંની બધી ગતિઓ પાછળ કયું બળ રહેલું છે? વિજ્ઞાન વિષે કંઇક જાણકાર માણસ આ બેઉ પ્રશ્નના જવાબમાં કહેશે, ગુરુત્વાકર્ષણ એ જવાબ ખોટો નથી પણ દુનીયાના પ્રથમ પંક્તિના વૈજ્ઞાનિકોને એ જવાબથી સંતોષ નથી. તેઓ પુછે છે આ ગુરુત્વાકર્ષણ શું છે? શાને કારણે ગુરુત્વાકર્ષણ હોય છે? આ પ્રશ્નોના જવાબ મેળવવા માટે-પણ અંતરીક્ષની શોધ જરૂરી છે.

આઇન્સ્ટાઇનના કોયડા

આધુનિક વિજ્ઞાનમાં યુગવર્તી ક્રાંતિ આણનાર મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇનસ્ટાઇનનો સાપેક્ષતાનો સિદ્ધાંત આધુનિક ભૌતિકશાસ્ત્રનો પાયો છે. આઇનસ્ટાઇને આ સિદ્ધાંતને આધારે અનેક વસ્તુઓ વિષે આશ્ચર્યકારક વિધાનો કર્યાં હતા.

આમાંના કેટલાક વિધાનો સાચાં છે કે ખોટાં છે એ નક્કી કરવા માટે હજી સુધી વૈજ્ઞાનિકો સરળ અખતરાઓ કરી શક્યા નથી. વર્ષો સુધી ચાલેલી આ અનિશ્ચિતતાનો અંત હવે આવશે એવું લાગે છે. આઇનસ્ટાઇનના સિદ્ધાંતના અનેક અનુમાન-સિદ્ધાંતોનો જવાબ અંતરીક્ષમાં ઘુમતાં રોકેટો ટુંક સમયમાં જ આપણને આપશે એવી આશા હવે વૈજ્ઞાનીકોને થઇ ચુકી છે.

પરચુરણ

—કેપટાઉન: કોંગ્રેસના પ્રમુખ, ૩૦,૦૦૦ આફ્રિકનોને સાથે લઈ, અહિંસા અને શાંતિથી કાર્ય કરવાનું સુચવનાર શ્રી. ફીલીપ કોસાના અને બીજા ચાર માણસો દક્ષિણ આફ્રિકા છોડી નાસી છુટયા છે. ટાંગાનીકાની સરકાર આ માણસોને બધી સહાય આપવા તૈયાર છે, અને ઘાનાને વિનંતી પણ સરકારે કરી છે કે આ માણસોને ઘાના જવાની સહાય કરવી. શ્રી. ફીલીપ કોસાના જામીન ઉપર છુટયા હતા. તેઓ ઉપર ઉશ્કેરણી કરવાનો આરોપ હતો.

—ગુજરાતથી જુદા થયેલા મહારાષ્ટ્રના ચાર કાર્યકરોએ પોતાના વિશિષ્ટ ક્ષેત્રો નક્કી કરી ત્યાં યોજના પૂર્વક કામ કરવાનું ઠરાવ્યું છે. અકોલા જીલ્લાના વિસ્તારમાં મહારાષ્ટ્ર સરકાર તરફથી મળેલી ૪ હજાર એકર જમીન પૈકી ૨૦૫૨ એકરની વહેંચણી થઇ ગઇ. વધુ નિર્ણયોનું કામ ચાલુ છે.

—કોલ્હાપુર જીલ્લામાં લોકસેવકોની સંખ્યા વધી રહી છે. ૪૦ સેવક-સેવિકાઓ તાલીમ લઇ રહ્યાં છે.

ઓર્સ ટ્રીટમેન્ટ માટે ભેટ

શ્રી જી બાપા,	(પ્રીટોરીયા)	૧૦-૬
,, એચ. જોગી	,,	૧૦-૬
,, જે. ડાહ્યા	,,	૧૦-૦
પટેલ ટ્રેડ ભંડાર	,,	૧૦-૬
ઇસ્માઇલ વીન્કા	(બ્રીટસ)	૧૦-૬
,, બી પ્રેમા	,,	૨-૨-૦
,, બી નરોત્તમ	,,	૧૦-૬
પ્રેમ સ્ટોર્સ	,,	૧૦-૬
બાપા બ્રધર્સ	,,	૧૦-૬
સુલેમાન બ્રધર્સ સ્ટોર્સ	(રસ્ટનબર્ગ)	૧-૧-૦
એ ડી. ડાભા	,,	૧૦-૬
,, જી એ. બાપા	,,	૧-૧-૦
કાલિસ સ્ટોર્સ	(બ્રીટસ)	૧૦-૬

આભાર સ્વીકાર:

શ્રી જગનભાઇ નાથુભાઇના સ્મરણાર્થે (હરીપોર્ટ) પા ૧-૧-૦.

શ્રી નાતાલ સંઘાતા હિતવર્ધક મંડળ

ડરબન

વાર્ષિક જનરલ મીટીંગ

ઉપરોક્ત મંડળની વાર્ષિક જનરલ મીટીંગ તા. ૨૯-૧-૬૧ને રવીવારે સવારે ૧૦ વાગ્યે ભારત હોલમાં મળશે. દરેક સભ્યોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતિ છે.

કાર્યક્રમ:

(૧) મંત્રીઓનો રીપોર્ટ
(૨) ખજાનચીનો રીપોર્ટ
(૩) હોદ્દેદારોની ચુંટણી
(૪) પરચુરણ

શ્રી. ઉકાભાઇ [illegible]ભાઇ,
સેક્રેટરી

લગ્ન પ્રસંગો માટે

અમને મળો.

સુરતી જમણના અને સ્પેશ્યાલીસ્ટ છીએ.

શ્રી કેપીટનની અંગત દેખરેખ નીચે ગુજરાતના અને કાઠીયાવાડના કોઇ પણ ભાગમાં તમારી રૂચી મુજબ જાતી રસોઇ બનાવી આપવા ઓર્ડર લઈશું.

કેપીટન્સ બાલ્કની હોટેલ

(ધી કોર્નર મીઠાઇ હાઉસ)

ગ્રે અને વિક્ટોરીયા સ્ટ્રીટના ખુણાપર – ડરબન.

ફોન નંબર ૨૩૪૧૪ ટેલીગ્રામ: KAPITAN.

આદુ, લસણ બજાર ભાવ, નારીએળ નં. ૧ શી. ૨-૦, બેગ (નંગ ૧૦૦) શી. ૧૦-૦.

દુકાન દાર માટે બાંધવાના ન્યુઝપેપર બજાર ભાવ,

બટાકા, હળદી (આખી), સુકા લાલ મરચા, લસણ, સુકા ઝીંગા (પ્રાન), સોપારી રંગેલો ચોખ, [illegible] ગરમ મસાલો વિગેરે હંમેશાં સ્ટોકમાં રાખીએ છીએ. કચુરી અને બીજી પાન બજાર ભાવ, પોસ્ટેજ જુદું. સુરણ, રતાળુ, આંબા હળદર અને લીલી હળદરની મોસમ ચાલુ છે. રોડેસીયા, ન્યાસાલેન્ડ અને બેલ્જીયન કોંગોના ઓર્ડરો ઉપર પુરતું ધ્યાન આપી કોઈ પણ વસ્તુ પરમીટ સાથે મોકલીશું.

All prices subject to Market fluctuations.

A. KADER & Co., (PTY) LTD.
WHOLESALE FRUIT MERCHANTS
P. O. Box 251. DURBAN.

લીસ્ટ નં. ૧ ઉપયોગી પુસ્તકો

આત્મકથા (પાકું પૂઠું)	(ગાંધીજી)	૭	૬
,, (સસ્તી)	,,	૨	૬
આરોગ્યની ચાવી	,,	૨	૨
દિલ્હી ડાયરી	,,	૭	૬
ધર્મ મંથન	,,	૫	૦
નિત્ય મનન ([illegible])	,,	૫	૬
ચરખાના અનુભવ	,,	૨	૬
ગીતા બોધ (ગીતા વિષે સમજુતી)	,,	૨	૦
ત્યાગ મૂર્તિ અને બીજા લેખો	,,	૫	૦
અહિંસાનો સહેલો પ્રયોગ	,,	૫	૨
મંગળ પ્રભાત (૧૧ વ્રતોની સમજુતી)	,,	૨	૦
હિંદ સ્વરાજ (નવી પ્રત)	,,	૨	૦
સત્યના પ્રયોગો અથવા આત્મકથા (૧૯૨૫)	,, ૨ જો ,,	૨	૦
,, ,, (૧૯૨૭)	,, ૧ લો ,,	૨	૬
[illegible] (મનસુખલાલ હીરાલાલ ગાંધી)		૨	૬
હાર જીત કે હાર? (ભારતન કુમારપ્પા)		૧	૩
લોકમાન્ય ટીળકનું જીવન ચરિત્ર ([illegible] દેસાઇ)		૭	૬
બાપુની છાયામાં (બળવંતસિંહ)		૬	૩
બાપુને પગલે પગલે (રાજેન્દ્ર પ્રસાદ)		૬	૩
મહાત્માજીની અમરવાણી ([illegible])		૭	૬
બાપુના પત્રમાં પુત્ર (જમનાલાલજી) ને આશીર્વાદ		૭	૬
ગ્રામ ભજન મંડળી (નારાયણ દવે)		૨	૦
બાલપોથી (બાળકોને માટે)	,,	૨	૦
જીવન ગીતા (રામ મનોહર)		૫	૦
આત્મરચના - આશ્રમી કેળવણી		૮	૦

'Indian Opinion'
P. Bag, — Durban,

ટૂંકી વાર્તા

દરિયો ઘૂઘવતો હતો....

લેખક : શ્રી હર્ષદ ત્રિવેદી

દરિયો ઘુઘવતો હતો.

આકાશમાં સુવર્ણરાજપથ વિશાળ બની રહ્યા હતા અને સંધ્યાનો વિવિધ રંગી પ્રકાશ દરિયાનાં ઉછળતા મોજા પર પથરાઈને કોઈ અવનવું દૃશ્ય સર્જી રહ્યો હતો.

થોડે દૂર દરિયાને કિનારે પથરાયેલી રેતીમાં એક યુગલ બેઠું હતું.

એમા એક હતો પ્રિયતમ અને એક હતી પ્રેયસી.

પ્રિયતમનું નામ હતું હરીશ અને પ્રેયસીનું નામ હતું કલ્પના.

હરીશ રેતીમાં આંગળી વડે કંઈક ચિત્રાત્મક લખી રહ્યો હતો...એણે પ્રેમપત્રના ચાર અમર શબ્દોનું રેતીમાં આલેખન કર્યું..."હું તને ચાહું છું."

કલ્પનાએ એણે એ ચાર શબ્દોનું વાક્ય વાંચ્યું.

કલ્પના શરમાઈ ઊઠી. લજ્જાની લાલી એના મુખની લાલીને સંધ્યાના પ્રકાશમાં વધુ ગુલાબી બનાવી રહી, પણ એ લાલી ક્ષણભરની નીવડી. એણે કહ્યું "પણ જો: આવી રેતીનું આલેખન તેં નાહક રેતીમાં કર્યું હશે! ઘુઘવતા દરિયાનાં મોજાં તેં જોતો નથી! કોણ જાણે ક્યારે પાણી આવીને એને ભૂંસી નાખે!.."

અને કોઈ અજ્ઞાત ભયની કલ્પનાથી બન્ને ગમગીન થઈ ગયાં.

દરિયો ઘુઘવતો હતો.

થોડે દૂર રેતીમાં એક નાનો બાળક ઘર બનાવતો હતો. ઘણી મહેનત પછી ઠીક ઠીક સમય વીતી ગયા બાદ એણે રેતીમાં, ભીની રેતીમાં ઘર બનાવ્યું. એના બન્ને હાથ રેતીથી ખરડાઈ ગયેલા હતા, કોઈ એન્જીનેર જેમ પોતાની ઇમારત જોઈને ખુશ થાય એ રીતે બાળક પોતે રેતીમાં બનાવેલા, મહા મહેનતે બનાવેલા ઘરને જોતો હતો.

...અને દરિયાનું એક મોજું એના તરફ ધસી આવ્યું...એ બહાવરો બની ને પોતે સર્જેલા ઘરને ખરત થતું જોઈ રહ્યો. એ પણ કદાચ દરિયાના આ મોજા સાથે ઘસડાઈ જાત, પણ એ પહેલાં વીજળીની ત્વરાએ એક યુવતીએ એને ખેંચી લીધો...એ એની માતા હતી.. કલ્પનાએ દૂરથી આ દૃશ્ય જોયું—હરીશે આ દૃશ્ય જોયું.. કલ્પના એ બાળકને બચાવવા માટે ઊઠી પણ એ પહેલાં આંખના પલકારામાં આ બનાવ બની ગયો.

પેલી યુવતી, આ બન્ને જ્યાંથી થોડેક જ દૂર બેઠી હતી, અને આ બન્ને સામે અનિમેષ નયને જોતી પોતાનાં લગ્નજીવન પર દ્રષ્ટિપાત કરી રહી હતી...એ વિધવા હતી.

વર્ણવ્યવસ્થા અને આશ્રમવ્યવસ્થા એ આપણા દેશમાં સમાજના શરીર અને પ્રાણ સમી ગણી શકાય. આમાં વર્ણવ્યવસ્થા એ જાતિવ્યવસ્થાનું વિકૃત સ્વરૂપ ધારણ કરીને આપણા દેશમાં ટકી રહી છે. આશ્રમવ્યવસ્થા તો હિંદુસ્તાનના આજના સમાજે પૂર્ણપણે ભૂંસી જ દીધી છે. ચાર આશ્રમોની કલ્પના નામશેષ રૂપે માત્ર પુરાણોની કથાઓમાં જ રહી છે.

ચાર આશ્રમોમાંથી એક ગૃહસ્થાશ્રમ જ આજે ચાલતો જોવામાં આવે છે. તે પણ ધર્મપાલન માટે રહ્યો નથી. માત્ર ભોગ ભોગવવા પૂરતો રહ્યો છે.

બ્રહ્મચર્યાશ્રમ બ્રાહ્મણ જેવી કેટલીક જ્ઞાતિઓમાં બાળકોને જનોઈ દેવાને રૂપે રહ્યો છે. એને રહ્યો કહેવાય જ નહિ, એ તો પ્રાચીન સમય વખતની કેવળ ઢીંગલી જ છે. બાળકને ગુરુકુળમાં મોકલશો. ત્યાં તે સંયમ અને વિદ્યાનું આખું બાર વર્ષ જીવનનો સંગીન પાયો નાખે, આવી આખી જૂની કલ્પના હતી તેને બદલે આજે તો જ્ઞાતિના રિવાજ તરીકે અને જ્ઞાતિમાં વરો કરી મોટાઈ બતાવવાના સાધન તરીકે પહેલે પવિત્રતાની વિધિ કરવામાં આવે છે જાણે કેટલી ક્રૂરતાથી બટુકને મોકલવાનું નાટક કરવામાં આવે છે. અને નાટકમાં પણ તેને નાટકી ગુરુને ઘેર પહોંચવા દેતા નથી. મામા વચમાંથી જ આવી તેને પાછો લે છે અને ખભે બેસાડી પાછો ઘેર લઈ આવે છે.

હવે વાનપ્રસ્થ આશ્રમની દશા લઈએ. તે તો આવા કોઈ નાટકના રૂપમાં પણ જોવા પામ્યો નથી. મરણના અંત સુધી ડોસાડોસી ઘરસંસારનો કારભાર ચલાવવાનું છોડતાં નથી. અને વાનપ્રસ્થ થવાની ઉંમરે ડોસાઓ ઘણીવાર બીજી અને ત્રીજી વાર બાળકન્યાઓ સાથે પરણતા જોવામાં આવે છે. અને ઘરમાં પ્રૌઢ માતા અને જુવાન વહુદીકરીની ગુંચવણો સાથે ચાલતી હોય છે. આથી ગૃહસ્થાશ્રમમાં કોઈ જાતનો સંયમ કે સભ્યતા પણ સચવાતી નથી. ઘરનું વાતાવરણ સૌને માટે નીચું પાડનારું થઈ ગયું છે. બાળકોને બ્રહ્મચર્ય જીવનને બદલે [illegible] વિનાનાં ખેલકૂદમાં લાડ મળે છે, જુવાનો બાપદાદાના આશ્રિત રહી બીન-જવાબદારીવાળું લાડકવાયું જીવન માણે છે અને પ્રૌઢ ઉંમર વધતી જાય છે તેમાં વધારેને વધારે મનમોજી અને સત્તાલોલુપ થતા જાય છે.

સંન્યાસ આશ્રમ ટકી રહ્યો છે ખરો. હિંદુ ધર્મમાં શ્રી શંકરાચાર્ય થઈ ગયા તેમણે અને જૈન-બૌદ્ધોમાં મહાવીર સ્વામી અને ગૌતમ બુદ્ધ થઈ ગયા અને તેમણે સંન્યાસ આશ્રમને નવો વેગ આપ્યો છે. તાજા ઇતિહાસમાં ગુજરાતમાં સ્વામીનારાયણ સંપ્રદાયે પણ તેમાં નવું બળ ઉમેર્યું. બીજા પ્રાંતોમાં પણ રામદાસ, સમર્થ, ચૈતન્ય મહાપ્રભુ જેવાઓએ જ્ઞાન, ભક્તિ, ત્યાગના મંત્રો પ્રચારી સંન્યાસીઓનો વંશ ટકાવી રાખ્યો છે. છેક આપણા જમાનામાં સ્વામી દયાનંદ સરસ્વતીએ તથા શ્રી રામકૃષ્ણ પરમહંસે સંન્યાસધર્મમાં આધુનિક જગતની વિદ્યાઓના [illegible] લોકોને સોંપ્યા છે.

આ નામશેષ થઈ ગયેલી આશ્રમવ્યવસ્થાને મહાત્મા ગાંધીજીએ નવા સમાજની નવરચનામાં વાળવાનો પ્રયત્ન કર્યો છે. આશ્રમધર્મનું પ્રાચીન નામ વાપર્યા વિના તેનાં આવશ્યક તત્ત્વો અને સિદ્ધાંતોને સમાજમાં પુનર્જીવિત કરવાનો પ્રયત્ન તેમણે કેવી રીતે કર્યો છે તેની ઝાંખી રૂપરેખા આપણે જોઈએ.

બ્રહ્મચર્યના પ્રતિરૂપ ઉપવીત-સંસ્કારને સજીવન કરવાની આર્ય સમાજીઓની રીત તેમણે ગ્રહણ કરી નહિ. તેમણે તો મનુષ્યજીવનની શરૂઆતના પાયા નાખી આપનાર બ્રહ્મચર્યાશ્રમના મૂળ તત્ત્વો ઉછરતી પ્રજાના જીવનમાં દાખલ કરવાના રસ્તાઓ શોધ્યા. પાયા એટલે સંયમ, પરિશ્રમ અને સેવામય કઠિન જીવન સહિતનું વિદ્યાર્થી જીવન.

આજે બાળકોને ગુરુકુળે મોકલવાની પ્રથા નથી. પણ તેઓને ૭ થી ૧૮-૨૦ વર્ષની ઉંમર સુધી શાળા-કોલેજોમાં મોકલીને [illegible] ભણવાની નવી પ્રથા તો ચાલી રહી છે અને દિવસે દિવસે તે વધારે ને વધારે વ્યાપક થતી જાય છે. જુના કાળમાં છોકરીઓને ગુરુકુળે જવાનું મળતું નહોતું પણ આ જમાનામાં છોકરાઓને જેટલું ભણતર મળે છે તેટલું જ મેળવવાના હકદાર છોકરીઓ માટે પણ ઉઘાડા થાય છે. માત્ર આ ભણતરમાં બ્રહ્મચર્યાશ્રમનાં તત્ત્વો—એટલે કે સંયમ, પરિશ્રમ, સેવામય કઠણ વિદ્યાર્થી જીવન માટે સ્થાન નથી. સાહચર્યમાં માતાપિતા અને શિક્ષકોનો કોઈને અકસ્માત લાભ મળે છે તેને તે તત્ત્વો કોઈ મળે છે, પરંતુ સામાન્ય રીતે તો બાળકો અને બાળાઓને મા-બાપનાં ઘરોની અંદર આહારમાં કે વિહારમાં સંયમ, પરિશ્રમ, સેવામય, કઠણ જીવનનો અભ્યાસ પણ મળતો નથી. તેથી ઉછરતું જ મળે છે. વિદ્યાલયો અને કોલેજો તરફથી અને શિક્ષકો અને સમાજ તરફથી પણ તેમને તે તત્ત્વો મળતાં નથી. ભણીગણીને નોકરી ધંધા કરવા, કમાણી કરવી અને ભોગ-સ્વાર્થમય જીવન માણવું એજ ધ્યેય તેમની સમક્ષ મુકાય છે. આથી આ જમાનામાં ભણતર કે જ્ઞાન વિજ્ઞાન અભ્યાસના કોઈ પણ જમાના કરતાં વધારે પ્રમાણમાં અને વધારે વ્યવસ્થિત થયું હોવા છતાં આપણી ઉછરતી પ્રજા બળવાન, હિંમતવાન અને તેજસ્વી બનતી નથી. ગાંધીજીના આશ્રમોમાં રહેતાં સ્ત્રીપુરુષો કેવળ પુસ્તક [illegible] આંતર તપશ્ચર્યા અને સંયમ પાળતાં નહિ. ઉદ્દેશ વગરનાં તપશ્ચર્યા, સંયમ [illegible] ન સાથે, ગાંધીજીના આશ્રમો એ દેશની રચનાત્મક સેવા કરવાનાં આ દેશની સત્યાગ્રહની લડતો લડવાનાં થાણાં છે, એટલે દેશકાર્યમાં જીવન તલ્લીન રહે અને સામાન્ય રીતે સંયમપ્રધાન-બ્રહ્મચર્યપ્રધાન વાનપ્રસ્થ જીવન જ તેઓ ગાળતાં હોય. તેમના હાથ નીચે ઉછરતાં બાળકો અને બાળાઓને આ રીતે [illegible] આશ્રમોમાં સંયમ, પરિશ્રમ, સેવાપરાયણ કઠણ બ્રહ્મચારી જીવનનું કુદરતી વાતાવરણ મળી રહે છે.

પ્રેમથી ગાંધીજીએ આ પ્રમાણે આશ્રમધર્મને નવા સ્વરૂપમાં પુનર્જીવિત કરી તેનાં કેટલાંક અતિ મોટાં રૂપ આપ્યાં છે. દાખલા તરીકે-(૧) હિંદુસ્તાનની સ્ત્રીઓને પણ પુરુષ જેટલું જ મહત્ત્વ સમાજમાં મળી ચૂક્યું છે. સ્ત્રીઓને અમુક જ હક હોય અને અમુક ન હોય એવો મર્યાદિત [illegible] રચન જ હતી ગયું ને, ધર્મ અને વેદ આદિ વિદ્યાઓમાં હતી. વિષે જુના જમાનામાં ચાલી આવેલી હતી તે આજ [illegible] ચર્ચાઓ કર્યા વિના કે રમખાણો અને ઠરાવો કર્યા વિના કે સમિતિઓ અને પરિષદો ભરી વિના જ હટી ગયો છે. રાજકારણમાં મતાધિકાર ધરાવવો, અધિકારના સ્થાનો ભરાવવા, ન્યાયાલયમાં કામો કરવા, વગેરે સંબંધમાં કેટલાક આગળ પડતા દેશો પણ હજુ સ્ત્રીઓને લાયક ગણતા નથી. તે અધિકારો આ દેશ સ્વતંત્ર થતાં સ્ત્રીઓના ખોળામાં આપોઆપ આવી પડ્યા છે.

ગૃહસ્થાશ્રમને સંક્ષિપ્ત બનાવી વાનપ્રસ્થ આશ્રમ તરફ કુદરતી રીતે, ખાસ કૃત્રિમ પ્રયત્ન વગર જ વળ્યા છે. પોતાનાં બાળકો જેટલી જ આશ્રમનાં અને દેશનાં અન્ય બાળકોની પણ સેવા કરવાની ભાવના તેમણે આશ્રમ

શુભ પ્રસંગો માટે ભેટ!
સ્ત્રીઓ અને પુરુષો માટે
ઘડીયાળ!
૧૭, ૨૨ અને ૨૫ જ્યુલનાં
ઓટોમેટીક કેલેન્ડર.
- રોમર
- રોટરી
- હેરા
- રૂચાર
વિગેરે હરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરુષોના શર્ટ સૂટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.
હોલસેલ ભાવે મળશે
બોક્સ ૫૯૮૮, ફોન: ૮૩૫-૨૬૦૨.
વલ્લભભાઈ બી. પટેલની કું.
૪૪, માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

વાસણોમાં ફેરી અને આશ્રમવાસી બહેનોએ પણ તે બાબત ઠીક પ્રમાણમાં અપનાવી.

ઘર ઘરમાં રાંધણું, ખાણું, અને પોતાનાં નાનાં નાનાં ગૃહસ્થાશ્રમો ચલાવવા એ જુની આદતમાં સુધારો કરી ગાંધીજી આશ્રમોના સંયુક્ત રસોડાનો નવો ચીલો ચલાવ્યો છે. ગાંધીજી તેના ગુણગાન કરતા કહેતા કે તે સ્વાભાવિક રીતે સ્વાદ ઉપર સંયમ કેળવવામાં મદદ કરે છે. આખા આશ્રમ પરિવારની શારીરિક સેવા માટે ખાસ રાખે જેવો આહાર તે સૌને મળે છે. નાનાં બાળકોની જેમ જીવને પંપાળવામાં તે વખતે શક્તિ ખર્ચીને નહિ અને સાલમંતાની સંભાળ બહાર રાખશે.

આશ્રમ જીવનનું ત્રીજુ કાર્ય એ છે કે તેમાં સ્ત્રી-નોકરના ભેદ નથી. સૌ સમાનપણે ખાય પીએ છે. અને સમાનપણે કામ કરે છે. નાનાં મોટાંનો હેતુ મુખ્યત્વે કેળવવાનો હોય એ ગૃહસ્થને કંઈક ઠીક ઠીક કમાવાની યુક્તિ આવડી જાય છે તો તરત જ ઘરમાં નાના મોટાં કામ માટે નોકરો રાખવામાં આવે છે. નોકરો રાખ્યામાં મોટાઈ મનાય છે, તેનાથી ઘરના સંસ્કારો બગડે છે અને ગૃહસ્થ જીવનમાંથી આશ્રમ તરફ વળી જાય એવો વિચાર જ કોઈને આવતો નથી.

જગતમાં વિચારી જોતાં કલ્પના ચલાવીએ તો સમજી શકાશે કે આશ્રમ જીવનનું એક ત્રીજું અને ચોથી વધારે મહત્વનું રૂપ એની સફાઈ તેમ છે. જો એ સંતતિ નિયમનનો માનવને શોભે એવો ઉકેલ. આ વાર્તાલાપમાં આ અતિ મહત્વના વિષયો ઉપર પ્રકાશ પાડવા કરતાં વધારે સમય હું લઈ શકું તેમ નથી. આશ્રમજીવન યોજનાને પ્રયોગ ગાંધીજી તેમના જીવન દરમિયાન ઠીક ઠીક સફળ રીતે ચલાવી શક્યા હતા, તેમની પ્રેરણાથી જે જે કામો થતાં તે બધામાં આશ્રમનું ન્યુક્લિયસ એટલે કે કેન્દ્ર તરત ઉભું થઈ જતું. ગાંધીજી પોતે કહેતાં કે હું જે કંઈ કામ કરું છું તેમાં આશ્રમ જેવી ચીજ જાય છે અને તેમ થાય તે સ્વાભાવિક જ છે. સત્ય અને અહિંસાનાં કામો ઉભા થાય એટલે કુદરતી રીતે સેવાપરાયણ, સંયમી, ત્યાગી, તપસ્વી માણસોનાં જુથ એમાં સહેજે બને. સૌ ગૃહસ્થી તેવા હોય એમ છે નહિ. પણ તે રચનાત્મક કામોની પ્રેરણા સામાન્ય માણસોને પણ તેવા બનાવી દે છે.

ગાંધીજીના જીવન દરમિયાન સેંકડો આશ્રમો પોતાની મેળે ઉભા થયેલા હતા. તે જમાનો મુખ્યત્વે રાજકારી લડતોનો હતો. એટલે આશ્રમો ઉભા થવાનો અવકાશ મર્યાદિત હતો. પણ જો ગાંધીજીના અનુયાયીઓ સ્વરાજ્ય પછીનાં નવસર્જનનાં કામો વ્યવસ્થિત રીતે કરવા તત્પર થયા હોત તો તેઓ પોતાની ઉંડાઈ રહિત ન કર્યાં નવસર્જનના સર્વ પ્રકારના ગાંધીજીને રસ્તે ઉભવા મંડયા હોત, તો નવસર્જનનાં કામો એટલાં વૈવિધ્ય બની ફુટી નીકળ્યા હોત કે આ દેશની અંદર સેંકડો નહિ, હજારો નહિ, પણ લાખો આશ્રમો ઉભાં થઈ ગયા હોત. જેટલાં ગામ તેટલાં આશ્રમ હોત અને તે બધાં ગામ વહીવટી કચેરીઓ જેવાં ન હોત, પણ આશ્રમો જ હોત. તેના આર્થિક વ્યવહારો ચલાવવા અનેક પ્રકારની સહકારી મંડળીઓ ચાલુ થઈ હોત અને તે કોઈ બેંકરી પેઢીઓ જેવી ન હોય શકત, પણ આશ્રમો જેવી જ હોત. ગામડે ગામડે વિદ્યા અને વિનયના પ્રચાર માટે વિવિધ પ્રકારની શિક્ષણસંસ્થાઓ ઉભી થાત અને તે બધી આજની નિશાળો અને કોલેજો જેવી ન હોત, પણ બુનિયાદી, ઉત્તરબુનિયાદી, આશ્રમો જ હોત. ગામડે ગામડે ખેતી, ગોપાલન, ઉદ્યોગો, વિદ્યાઓનાં સંશોધન કેન્દ્રો નીકળ્યાં હોત. તેવી સંસ્થાઓના કેન્દ્રમાં દંડ્યેલાં આત્મસમર્પણ કરનાર વિદ્વાનો જ હોત કે જેથી આજે પણ તેવી સંસ્થાઓ ઘણાખરા આશ્રમો જેવી જ હોય છે છતાં તે પણ વધારે શુદ્ધ અને આપણી સંસ્કૃતિને શોભે એવાં આશ્રમોનું રૂપ ધારણ કરત, ન્યાયના કામો અને રક્ષણનાં કામો ઉભા થયાં હોત પણ તે આજની કોર્ટ અને પોલીસ કે લશ્કરના રૂપનાં ન હોત, પણ પ્રેમ અને ન્યાયનું વાતાવરણ ફેલાવનાર અને સત્યાગ્રહનો પ્રચાર કરનાર શાંતિ સેનાઓના જ આશ્રમો હોત.

આપણી સ્વતંત્રતાને અને આપણા સ્વરાજ્યને જો ગાંધીજીના તેમના વારસો તેમની રીતે પુષ્ટ બનાવી શક્યા હોત તો દેશમાં ચારિત્ર્યવાન, વિદ્વાન અને સેવાભાવના ભરેલાં સેવકોનાં જુથોનાં આશ્રમો ઉભા થઈ શકે, સહજ પ્રાણીઓનાં શરીરોની જેમ તે કેન્દ્રોમાંથી અનેકવિધ નવસર્જનનાં મહાન કામો અંતરપ્રેરણાથી અને અંદરના બળથી ચાલી શકે, અને એક તેજસ્વી ભારત દેશનો આત્મા પુરુષાર્થ ખીલી શકે.

મહાત્મા ગાંધીજીએ પ્રાચીન આશ્રમ ધર્મનું પોતાની પ્રતિભા વડે કેવું નવસંસ્કરણ કર્યું તેની આછી રૂપરેખા બતાવવાનો મેં પ્રયત્ન કર્યો છે ગાંધીજીએ તેને વ્યાપક કરી બતાવવાની તક ઈશ્વરે આપી નથી પરંતુ જે આશ્રમો ઉપાતી પ્રયોગ તેમણે કરી શક્યા છે તે સ્પષ્ટ રૂપે બતાવે છે કે જો તે રસ્તે દેશ ચાલે તો દેશનો આત્મા ખીલ્યો ખીલી ઉઠે અને એક મહાન પ્રજા પોતાની આત્મશક્તિ, કોમીને અપૂર્વ ઉન્નતિ સાધી શકે અને જગતમાં સૌથી ઉત્તમ સાત્વિક વાતાવરણ ફેલાવવામાં અત્યંત ઉપયોગી ભાગ ભજવી શકે.

(આકાશવાણી વડોદરાના સૌજન્યથી)

બાપુ અને તેમના બહેન

ભાઈને આશ્રમ આવ કે, હું તો આખા જગતનું કલ્યાણ કરવા બેઠો છું. આ બહેનની સામે તો ફકત જો'

એક કાગળમાં આ જાતની વાત કોઈ પાસે લખાવીને બહેન કાગળ રવાના કરે છે.

બાપુ જવાબ આપે છે: 'બહેન તું જાણે તો છે કે તારો ભાઈ મોટો ભાઈ છે જેના કામમાં એક લંગોટ સિવાય બીજું કંઈ નથી. તો હું શું આપું? એના કરતાં તું છાણાં થાપીને, મહેનત મજુરી કરતી હોય તો ! કેવું સારું!'

બહેન વાળતો જવાબ આપે છે: 'ભાઈ હું હવે વૃદ્ધ થવા આવી. શરીરમાં જોર હતું ત્યાં લગી તો કામ કર્યું. હવે થતું નથી, એટલે તો તને આજીજી કરી છે.'

ત્યારે ભાઈ કહે 'અહિં આવ. જેટલું બને એટલું કામ કરીને સુખેથી રહેજે.'

(જગત આખા ન સાથે સંકળાયેલો ભાઈ છોકરે માનો જણ્યો ભાઈ' બહેનનું દુઃખ એ ખમી શક્યો નથી પોતાની પાસે (આશ્રમમાં) બોલાવી લે છે.)

વૈષ્ણવ ધરમવાળી બહેન ન્યાત છે તો ખરી, પણ જુએ છે કે ભાઈ તો આખા ય વિશ્વનો ભેગો એકઠો કરીને બેઠો છે, ત્યાં પોતાનો મેળ શે ખાય! પોતાને તો દેવ મંદિર કરતાં એ કાઈને ગમતું નથી. નાત જાતના ભેદના સંસ્કાર પુરેપુરા ભાળવવા છે આ કમાથી જાય બાપુજી તો ચોખ્ખું સ્વતંત્ર સંભળાવી દીધું: 'જે છે તે આ ભાઈનો સંસાર છે, એને સમજીને તારે ચાલવાનું છે...'

(સાબરમતી આશ્રમ. તેમાં આવેલું 'હૃદયકુંજ.' બાપુનું એ નિવાસસ્થાન. હજારો લોકો દેશ દેશથી આવે. બાપુની છબિઓ જુએ. આશ્રમમાંના નીરખી એક એક કરીને પ્રસંગ નિહાળે એમાંથી નવનીત ઉલેચે અને પરસ્પર એની આપલે કરે. કંઈ કંઈ વાતો કરે અને આનંદ રસ પામીને જાય. આ પ્રસંગ એમાંથી જ માગી લીધો છું.)

—વિમલા.

બુકકીપીંગ, ઈનકમ ટેક્સ રીટર્ન્સ, આસેસમેન્ટ્સ, રેવન્યુ ક્લીયરન્સ અને ઇનસ્યોરન્સ માટે મળો

આર. વીઠલ

૧૨ ગાંધી આર્કેડ, ૨૮ માર્કેટ સ્ટ્રીટ,
કોરનર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ.
જોહાનીસબર્ગ, ફોન ૩૩-૬૬૫૪.

બી-આઇ

મુંબઈ કરાંચી અને ઇસ્ટ આફ્રીકાના બંદરો વચ્ચે મુસાફરી કરે છે.

સ્ટીમર કરંજા ૧૬મી માર્ચ ૧૯૬૧ના આશરે અને કરાંચી થઈ મુંબઈ જવા ૨૧મી માર્ચ ૧૯૬૧ના ઉપડશે.

મુંબઈ અથવા કરાંચીનું ભાડું.
ખોરાક સાથ

ફર્સ્ટ ક્લાસ પા. ૧૧૦-૧૫-૦
સેકન્ડ ક્લાસ પા. ૭૮-૧૦-૦
થર્ડ ક્લાસ ખોરાક સાથે પા. ૪૨-૧૫-૦
થર્ડ ક્લાસ ખોરાક વગર પા. ૩૪-૧૦-૦

વધુ માહિતી માટે મળો યા લખો:

શેખ હિમેદ એન્ડ સન્સ
(પ્રા. લીમીટેડ.)
૩૯૦ પાઇન સ્ટ્રીટ,—ડરબન.
ટેલીફોન: ૨૨૭૨૪ — ટેલીગ્રાફીક એડ્રેસ "કરામત."

★ સંસ્કાર ★

સંસ્કાર અને સંસ્કૃતિ શબ્દો તેમજ એના પર્યાયોનો ઉપયોગ કરીને ઠેકઠેકાણે ઘણી ચર્ચાઓમાં સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. આને લીધે યુવાનો અને પ્રૌઢોના વિચારોનો ભારે ગૂંચવાડો ઊભો થાય છે. મોટી ઉમરના લોકો પોતાને વિષે કે સંસ્કાર-સંસ્કૃતિ વિષે શું વિચારે છે એ બહુ મહત્વનું નથી, પણ યુવાનો સંસ્કાર એટલે શું, એ સમજવામાં જરા પણ ભૂલ ન કરે એ ખૂબ મહત્વનું છે. આ પેઢીના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની આકાંક્ષાને કેવી દિશા આપવામાં આવે છે એના પર ભારતના ભાવિનો ઘણો આધાર છે.

સંસ્કૃતિ કે સંસ્કાર એ સંગીત, નૃત્ય, ચિત્રકામ કે એવી બીજી કોઈ લલિતકળા જ માત્ર નથી, ચિત્રકળાની કે વિજ્ઞાનવાદની કે બીજી સિદ્ધિઓમાંથી કેટલીક સિદ્ધિઓ યુવાનોએ નિઃશંક મેળવવી જોઈએ. એ સિદ્ધિઓ એમને તેમજ બીજાઓને માટે જીવન આનંદમય બનાવે છે. એ રીતે એથી પણ સારો અને વ્યાપક હેતુ સિદ્ધ થાય છે, પણ તમે આ સિદ્ધિઓ મેળવી હોય કે અંગ્રેજી કે સંસ્કૃત, આપણું સમાજ જ્ઞાન ઘણું વિશાળ હોય તેથી તમે સંસ્કારી માણસ છો એમ માનવું ખોટું છે. એજ રીતે જો તમે ગાઈ શકતા ન હો, કે વાયોલીન પણ વગાડી ન શકતા હો, ચિત્ર ન દોરી શકતા હો, કે શેક્સપિયર અગર તો કાલીદાસનાં કોઈ દાખલા ન આપી શકતા હો, એટલે તમે સંસ્કારી માણસ નથી એમ માનવું એ પણ બરાબર નથી. સાહિત્ય કે લલિતકળાની સિદ્ધિઓ મેળવવા કરતાં સંસ્કાર કે સંસ્કૃતિ એ કાંઈક જુદું જ છે.

સંસ્કારી માણસ તો પોતે જે માણસ સાથે સંપર્કમાં આવે છે, એની લાગણીનો ખ્યાલ રાખે છે.

જે માણસ સહૃદયી નથી એ સંસ્કારી હોઈ શકે નહિ. તમારા વિષે બીજા લોકો શું ધારે-વિચારે છે, એમાંથી તમને આની પ્રતીતિ થયા કરશે.

માણસ જો સંસ્કારી બનવા માગતો હોય તો એણે વિષયોની બહુ પડતી આસક્તિથી દૂર રહેવું જોઈએ. દરેક પ્રકારના વિષયના ભોગોમાં સંયમ રાખવામાં આવે એ સંસ્કારનું મુખ્ય લક્ષણ છે ભોગ-વિલાસ માટેની અદમ્ય ઝંખના માણસને તરત જ સંસ્કારના જગતમાંથી બહાર ફેંકી દે છે.

માણસ ક્રુરતા દાખવે એ સંસ્કારીતાથી વિરોધી કૃત્ય છે. સંસ્કારી માણસ બીજા માનવીઓ, પ્રાણીઓ, પશુઓ અને પક્ષીઓ પ્રતિ કરૂણા રાખે છે. નિર્દય કે ક્રુરતા દાખવનાર માણસ નિષ્ઠુર સ્વભાવ અને સંસ્કારી માણસ ન હોય એને ઓળખવા એ શબ્દ વપરાય છે.

માણસની ટેવો સ્વચ્છ, નિર્મળ હોય એ તો બહારનો ગુણ છે, પણ સંસ્કાર એ તો આંતરિક ગુણ છે.

તમે જો સાચા અને સારા બનવા માગતા હો તો તમારામાં ખોટા મિથ્યા સંસ્કાર ન હોવા જોઈએ. કે જેથી કરી, તમારૂં હૃદય જ સંસ્કારી હોવું જોઈએ કે જેથી કરી, સ્વાભાવિક રીતે, સહજપણે એમાંથી સંસ્કારી વર્તણૂક જ પ્રગટ થાય.

અશિક્ષિત માણસ સંસ્કારી હોય શકે, પણ જેણે શિક્ષણ લીધું હોય એના પાસેથી તો ઘણી અપેક્ષા રાખી શકાય તેટલું જ્ઞાન હોય, પણ માણસ એથી સંસ્કારી બનતો નથી. ભલે તમે ગમે તેટલું શિક્ષણ લીધું હોય, ગમે તેટલું સાહિત્ય સ્મૃતિમાં ભરી રાખ્યું હોય, પણ જો વિનય ન હોય, કરૂણા અને બીજા લોકોની લાગણીની ચિંતા ન હોય, કે આત્મસંયમનો અભાવ હોય, ત્યાં સંસ્કાર સંભવી શકે નહિ.

ઉપર દર્શાવેલા બધાં ગુણો એકધારા મહાવરાથી આવી શકે છે. સારી ટેવો પાડવા માટે યુવાનીના સમય જેવો બીજો કોઈ સમય નથી અને ગોપીજનના સારા દ્રષ્ટાંત સિવાય એ પ્રાપ્ત કરવાનું બીજું કોઈ સારું સાધન નથી.

—શ્રી રાજગોપાલાચારી.

મહાત્મા ટોલ્સ્ટોય

(૩૪ પાનાનું અનુસંધાન)

જે વ્યસનથી આપણને સહેજ પણ લાભ નથી પણ ઉલટું જે આપણને અધમ બનાવે છે, આપણું આરોગ્ય હરી લે છે, તદુપરાંત આપણા તથા દેશના હજારો રૂપિયાનો ધુમાડો કરાવે છે એ વ્યસનને આપણે શું કામ વળગી રહીએ? જોતાં તો વાત સારી હાંસી જ જણાય.

મને આશા છે કે તમે ટોલ્સ્ટોયના આ વિચારો ઉપર વિચાર કરશો અને એનું તપ જશે કરે તો જીવનમાં એનો અમલ કરવા જેટલી હિંમત દાખવશો.

—મોહનલાલ શાહ ના 'પ્રવચન વાણી' કુંકાણીને.

વિવિધ વર્તમાન

અંગોલામાં સાત પોલીસોનું મરણ

પોર્ટુગીઝ સંસ્થાન અંગોલાના રાજધાનીનું શહેર લુઆન્ડામાં જમણું વર્તા સાત પોલીસો માર્યા ગયાના સમાચાર અહીં મળ્યા છે. એક ટોળાએ જેલ અને મીલીટરી બેરેક્સ ઉપર હુમલો કરતાં સાત પોલીસો માર્યા ગયા, અને ઘણાં ટોળાંમાંના માણસોની ધરપકડ થઇ છે.

એવા ખબર ત્યાંના ગવર્નર જનરલ ને મળ્યા હોવાનું કહેવાય છે કે પરદેશથી આ ઉશ્કેરણી થઈ હતી અને એ 'સાન્તા મરીયા' સ્ટીમરને કારણે હતું. પોર્ટુ. સરકારને ઉથલાવવા માંગે છે એવું લાગે વાતાવરણ જણાય છે.

આ હુમલાનું લગભગ ત્રીસ મિનિટ સુધી ચાલ્યું હતું અને બન્ને બાજુએ ખુવારી થઇ હતી. ઘાયલ કાળા અને ગોરા લોકો આ ઝપાઝપીમાં હતા. ત્યાંના ખબર આવ્યા છે કે હવે ત્યાં બધું શાંત છે.

પેશાવરમાં રાણી ઈલીઝાબેથ

પેશાવરમાં જ્યારે રાણી ઈલીઝાબેથ વિમાનમાંથી ઉતર્યા ત્યારે લગભગ ૧૦૦,૦૦૦ માણસોનું એક મોટું ટોળું આવકાર આપવા માટે ઉમટ્યું હતું. રાણીને જોઈ લોકોએ આવકારના શબ્દો મોટેથી બુમો પાડવા લાગ્યાં. કરાંચીથી રાણી સીધાજ પેશાવર વિમાન માર્ગે ગયા હતાં. સાથે પ્રીન્સ ફીલીપ પણ હતા.

સાન્તા મરીયા સ્ટીમર પાછી સોંપાઈ

બ્રાઝીલના પ્રમુખ મી. જાનીયો ક્વાડ્રોસે સાન્તા મરીયા સ્ટીમર પોર્ટુગીઝ સરકારને પાછી સોંપી દીધી છે. સાન્તા મરીયાને ગેલ્વાવને બ્રાઝીલના કિનારાના એક બંદરે સહીસલામત પહોંચાડી હતી. સ્ટીમર ઉપર એક માણસ ઘવાયો મારો થઇ ગયા હોવાના સમાચાર અહીં પહોંચ્યા હતા. સ્ટીમર બંદર ઉપર આવી કે તુરત જ એ માણસને એમ્બ્યુલન્સ હોસ્પીટાલે લઈ ગઈ.

પ્રથમ આફ્રિકન બારિસ્ટર

ટાંગાનીકામાં પ્રથમ આફ્રિકન બારિસ્ટર બનાર મી. જુમા મવાલા છે. તેઓ મોશીના રહેવાસી છે. મી. મવાલાની ઉમર ૨૫ વરસની છે, અને તેઓ એક ખેડૂત અને વેપારીના પુત્ર છે. એમને અભ્યાસ કરવા માટે પરદેશ મોકલવામાં એમના કુટુંબે, નેટીવ ઓથોરીટીઝ યુનીયને અને ટાંગાનીકાની સરકારે આર્થિક મદદ કરી હતી. તેઓ હાલ ઇંગ્લાન્ડમાં છે.

અંગ્રેજી નાટકમાં ગોરાઓ સાથે આફ્રિકન

પ્રોફેસર સીસલ વીલીયમ્સ, ઇસ્ટ પોલ સેંટનું નાટક 'ધ રીસ્પેક્ટેબલ પ્રોસ્ટીટ્યુટ' ભજવવા તૈયાર થયા છે. આ નાટકમાં એક નીગ્રોનું પાત્ર છે જે નાસી જાય છે અને બધાથી સંતાતો ફરે છે. આ પાત્ર માટે સીસલ વીલીયમ્સે એક આફ્રિકન યુવાની શોધ કરી છે એનું નામ છે ઇગ્નાસ દાલ્બા. એની ઉમર છે ૨૭ વરસની અને એ સેલીસ્બરીનો રહેવાસી છે.

આવી રીતે ગોરાઓ સાથે એક આફ્રિકન પહેલીજ વાર કામ કરશે, આ દેશના ઇતિહાસમાં આવો પહેલો જ પ્રસંગ છે. આ નાટક કરગનમાં માર્ચની ૧૦મીથી શરૂ થશે, અને તે ૧૧ દિવસ ચાલશે.

"એરમેલોથી ૧૨, માઈલ રોન્ડસ્ટન જતાં મેઇન રોડ પર આવેલું ચાર રૂમ અને કીચન વીગેરેની સગવડ વાળું ઘર ભાડે આપવાનું છે, બન્ને ટાઉનોમાં જવા આવવા માટે મોટર બસ, અને પોસ્ટ, તેમજ રેલ્વેની સગવડ મળી છે."

APPLY E. C DANKA
P. O. Box 179 Phone 178,
ERMELO. — TVL.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!

સોંઘવું ખરીદો, મોંઘું ભાવ્યો, ફાયદો ઉઠાવો.
હમારે ત્યાં નીચેની બધીજ વસ્તુઓ મળે છે.

સ્ત્રીઓ માટે: સેન્ડલો, ગુજર સ્ટાઇલ અને બીજી અનેક જાતની બનાવટો, રેશમના ૫૦ ગજ ગજી, ગરમ ઉનના જરસીઓ, પુલોવર, સાબુ, [illegible], ચટણી, [illegible] વિ.

બાળકો માટે: નાનાં બાળકના કપડાં, ટોપી, બ્લાઉઝ, [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible] વિ.

[illegible] સ્ટાઇલ, [illegible], વિ.
વેપાર માટે સસ્તી લેવા માટે [illegible] વાસણો, ઇન્ડેન્ટકરો.
વિલંબ શા માટે! સારો માલ વેચાઈ જતાં શી વાર!!

ડરબનવાળાંઓ યાદ રાખો: માખરો હેટર્સ (પ્રો) લી.
(ઓખાભાઈ માસ્તર એન્ડ સન્સ)
[illegible] — પહેલે માળે, — ચે. ને પરબત
માસ્તર બિલ્ડિંગ્સ — ૬૩ વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

ચન્દ્રગ્રહણ

મ. શ્રી. ભગત (ઓફિન્ટીન)

ચંદ્ર અને સૂર્યનું ગ્રહણ જ્યારે આકાશમાં લાગે છે ત્યારે ચંદ્ર અને સૂર્યનું તેજ ઝાંખું થાય છે અને બધા લોકો કહે છે કે, ગ્રહણ લાગી ગયું. આકાશમાં અધર રહેલા ચંદ્ર અને સૂર્યનું ગ્રહણ સૌ જુએ છે. પરંતુ હૃદયમાં આત્મગ્રહણ ક્યારે અને કેમ લાગે છે? તે કોઇ જોતું નથી, કાશીના પંડિતોને કબીર સાહેબ પૂછે છે

'નિતે અમાવસ નિત સંક્રાન્તિ,
નિત નિત નૌગ્રહ લાગે પાંતિ'.
(બીજક-ગ્રંથ)

એ કૌનિ પૂછો પંડિત જના,
હૃદયગ્રહણ લાગ કહિ ચના';
'કહે' કબીર ઇતનો નહિં જાન,
કૌન શબ્દ ગુરૂ લાગા કાન;

અર્થ—રોજ અમાવસ રોજ પુનમ અને રોજ નૌગ્રહનું હૃદયમાં ગ્રહણ લાગેલું રહે છે, અસત્યને સત્ય સમજી રહ્યા છે, ગુરૂથી શું બતાવ્યા અગર ગુફાઓમાં બંધાવ્યું? પંડિત પુછે કે રોજ અમાવસ રોજ પુનમ રોજ નવગ્રહ નથી થતા તો કંઇ પણ આત્મજ્ઞાન વિષે જાણતા નથી, કઇ રીતિ કહો છો? સદ્ગુરૂ કબીર ઉત્તર આપે છે કે, નિત્ય અમાવસ, પુનમ ને માને છે. ૧૨ અમાવસ, ૧૨ પુનમ, ૯ ગ્રહ મળી કુલ તેત્રીસ થયા, શિક્ષિત કાશીના પંડીતોને કબીર સાહેબ કહે છે, તમે લોકો જે તેત્રીસ ક્રોડ દેવતાને આત્મા સમજીને પુજન જાપ, ભજન, કરો છો, તે તમારી ભૂલ (અભ્યાસ) છે. તેત્રીસ કરોડ દેવતા અપરા, જડ, અવિદ્યા રૂપ છે. તેને પરા, ચેતન, વિદ્યારૂપ આત્મા સમજી ગ્રહણ લાગે છે ગ્રહણ જેને લાગે છે જે દેહમાં વિદેહ, અક્ષરને નિરાકાર, તત્વને નિતત્વ, જડને ચેતન, અસતને સત, અનિત્ય ને નિત્ય સમજીને માને છે. જે દેહને દેહ અને વિદેહ ને વિદેહ સમજે છે તેને ગ્રહણ લાગતું નથી. અધિક જીવોને માટે સદ્ગુરૂ કબીર સાહેબે કહ્યું છે.

'નાચો દેવ તેંતિસ કરોરી,
સમ્મરત લોક ભગ્ન ચો તોરી'
સુરનર મુનિ સબ તેંતિસ કરોરી,
બાંધિ લાયે નિરંજન ડોરી,

જે તેત્રીસ કરોડ દેવતાની ભક્તિ, ભજન, જાપ, પૂજન કરે છે, તેને નિત્ય મુક્તિ નથી મળતી. જન્મ મરણથી છૂટતા નથી, એ ચાર ખીચોરાશીમાં ભટકતા રહે છે, દેવતાઓને પુજવાવાળા નાના અમર મોટા બધા ને નિરંજન દોરમાં બાંધીને નર્કમાં નાખે છે. જે વસ્તુ જેવી છે તે વસ્તુ ને તેવી સમજીને માને તેને ગ્રહણ નહિં

જે વસ્તુ જેવી છે તે વસ્તુને તેવી ન સમજે તેને ગ્રહણ લાગે છે, જેમ રસ્સી ને ભ્રમ સર્પ સમજવી તેને ગ્રહણ લાગી જશે. જો રસ્સીને રસ્સીજ અને સર્પને સર્પ સમજશે તેને ગ્રહણ નહિં લાગશે. ગુરૂજ્ઞાન દ્વારાથી ગ્રહણ છૂટે છે.

ચોપાઈ:

'ગ્રહણ પરે ચૌતી સોભાગ,
કલિયુગ બેઠા અબ નિર્ધાર;'
'૩૪૦૦ ગ્રહણ પરે સો કીન્હા,
કલિયુગ અન્ત દ્ર ષિધના દીન્હા;
પાંચ હજાર પાંચ સૌ પાંચ,
તબસે સત હોય ના સાંચા;
ગ્રહણ વર્ષ ગ્રહણ નિર્ધાર,
આગમ સત કબીર પુકાર.'
(કબીર વાની)

અર્થ—કલિયુગનું આયુષ્ય ૪ લાખ ૩૨ હજાર, જેમાં ચોંતરીસો ગ્રહણ લાગે છે. પાંચ હજાર પાંચસો પાંચનું જ્યાં સુધી જ્ઞાન નહિં થશે ત્યાં સુધી હજારો વર્ષ સુધી જપન પર્યંત ગ્રહણ લાગતું જ રહેશે, કબીર સાહેબ પુકારીને કહે છે, એક કલાકમાં હજારો વાર કલિયુગમાં અજ્ઞાની આદમીને ગ્રહણ લાગે છે, અનિત્ય ને નિત્ય, દેહને આત્મા, મનનો આત્મા, ઇન્દ્રિયનો આત્મા, પાણી, પત્થરનો આત્મા માનવું ગ્રહણ લાગે છે, જ્યારે પાંચ હજાર પાંચ સો પાંચ નમ્બરે આવે તો ગ્રહણ નહિ લાગે અમર કેન્દ્ર વિક્રમ સંવત ૨૦૧૭માં છાંયા થશે તો મોટી ભુલ થશે, અને તેને ગ્રહણ છૂટશે નહિ, અહીં આત્મ અજ્ઞાનનો ભેદ ગુપ્ત છે, ગુરૂજીજ જાણી શકાશે.

સાખી—

'ગુરૂ મુરતિ ગતિ ચન્દ્રમા,
સેવક નેન ચકોર,
આઠ પહર નિરખત રહો,
ગુરૂ મુરતિ કી ઓર.'

જેમ ચકોર પક્ષી પૂર્ણ ચન્દ્રમાનો ધ્યાન પૂર્વક ગ્રહના પ્રકાશને પોતેજ હૃદયમાં પી જાય છે, તેમ શિષ્ય ગુરૂના દેહમાં વિદેહી આત્માને ધ્યાનથી પોતાના આત્માને જાણી શકે છે, જેમ ચકોર પક્ષી અંધારીવાળી ઘટતી વધતી કળાંનો અમર અજવાળાની ઘટતી વધની કળાનો ધ્યાન નકરતાં ફક્ત પુનમનો પૂર્ણ ૧૬ કળાવાળા ચંદ્રમાનું ધ્યાન કરે છે. તેમ શિષ્ય ગુરૂની ઘટતી વધતી શરીર કળાના ધ્યાન નકરતાં ગુરૂની વિદેહી પૂર્ણ આત્મકળાનો આઠે પહોર ધ્યાન ધરે, જો ગુરૂની શરીર જ્યોતિ ધ્યાન કરી તો ચોરાશીમા ફેરા ખાશે. જો ગુરૂની વિદેહી પૂર્ણ આત્મ ચંદ્રકળાનું ધ્યાન ધરશે તો જન્મ મરણ રહિત મુક્તિ પામશે, ગુરૂ કબીર કહે છે, તેને ચંદ્ર ગ્રહણ સમજી નહિ-જ્ઞાનમાંથી

જાણવા જેવું

કુતુબ મીનારના પ્રત્યેક પથ્થરો મૂર્તિઓને તોડી તે પથ્થર વડે બનાવવામાં આવ્યાં છે.

* *

માનવ જાતના પુર્વજો ગોરલા વાંદરા મનાય છે અને ડાર્વિનની શોધ મુજબ તે વાંદરાઓ આફ્રિકામાંજ વસતા. આથી એમ મનાય છે કે, માનવજાતનું મૂળ ઉદ્ભવ સ્થાન આફ્રિકા છે. આફ્રિકાની આબો હવા ન ફાવતા માનવો ધીમે ધીમે યુરોપ અને એશીયા ખંડોમાં પ્રવેશ્યા. આપણા ગોરા સાહેબ કહીને આ વાંચી ચીતરી ચડશે.

* *

એશીયાના વિદ્વાનો જણાવે છે કે એશીયામાં સૌથી પ્રથમ વસવાટ કરનાર પ્રજા હબસી હતી.

* *

તમે જે આજે આઇસક્રીમ ખાવ છો તેની શોધ ઇ. સ. ૭૪૦માં એક પ્રવાસી માર્કો પોલો એ કરી છે. તે ચીન પાસે પ્રવાસ કરતો હતો અને અકસ્માત રીતે એને આઇસક્રીમની શોધ કરી. આથી આઇસક્રીમ ચીનની ભેટ છે ૧૮૫૦માં એનું પ્રથમ કારખાનું અમેરીકામાં શરૂ થયું હતું.

* *

કપુર આપણે જે દેવ પુજનમાં પવિત્ર સમજી વાપરીએ છીએ તે હોમીઓપેથીમાં વપરાય છે. અને તે એક ઝાડનો રસ છે. ઇંડિયામાં માથો દૂખવાનો કપુર બહારથી લગાવાય છે. પુજા ઉપરાંત બીજા કામોમા કપુરનો ઉપયોગ કરવામાં આવે છે. ટીકમ, હવા, ચિનોઇમાં આવી ટોબી હોરેસ્ટ ટીકિંગ સંસ્થાએ હવે તુલસી અને ડમરામાંથી કપુર કરવાનો વિચાર કર્યો છે. કપુરનું ઝાડ ઇંડિયામા થયું નથી અને થાય તો પણ તે ૫૦ વર્ષે ઉપયોગી બને છે

* *

માનવી પર મોટામાં મોટી આફત ૧૩૪૭થી ૧૩૫૧ સુધીમાં આવેલી. એ સમયે યુરોપમાં "કાળા મોત"ને નામે ઓળખાતા રોગચાળામાં આઠ કરોડ માણસો મરી ગયેલા. બ્રિટનની ૪૫ ટકા વસ્તી મરી પરવારેલી. કેટલાક લોકો જણાવે છે કે પૂર્વના દેશો સહિતની કુલ ખુવારી સાડાસાત કરોડ જેટલી હતી.

* *

ભયની સામે શાહમૃગ રેતીમાં માથું નાખી દે છે અને એને કોઇ જોતું નથી એમ માની લે છે એ જાતની પ્રચલિત માન્યતા સાચી નથી. નિષ્ણાતો કહે છે કે શાહમૃગ પાણી શોધતું હોય છે અથવા પીતું હોય છે ત્યારે તે રેતીમાં માથું નાંખી દેતું હોય એમ દેખાય છે.

* *

સોવિયેટ-શાસિત હંગેરીમાં તાજેતરમાં થયેલા કાયદા અનુસાર મૂળ ૫૦ વર્ષ પુરેં કરેલા 'ગુના' માટે આરોપી હંગેરીયનોને મોતની સજા કરવામાં આવી રહી છે. એ 'ગુના' ૧૯૧૯માં સામ્યવાદીઓ સામે ત્રાસવાદી કાર્યો કરવાના છે.

સુરત હિંદુ એ. સોસાયટી

(વાર્ષિક જનરલ મીટીંગ)

આથી સર્વે મેમ્બરોને જણાવવાનું કે સોસાયટીની વાર્ષિક જનરલ મીટીંગ તા. ૨૬-૨-૧૯૬૧ના રોજ રવિવારના બપોરે ૨-૩૦ વાગ્યે સુરત એસોસીએશનના ૧૨૭ વિક્ટોરીઆ સ્ટ્રીટવાળા હોલમાં મળશે.

સર્વે મેમ્બરોને સમયસર હાજર રહેવા વિનંતી છે

કાર્યક્રમ. (૧) મીનીટસ (૨) મંત્રીનો રીપોર્ટ (૩) પ્રીન્સીપલનો રીપોર્ટ (૪) ખજાનચીનો રીપોર્ટ (૫) અધિકારીઓ તથા કમીટી સભ્યોની ચૂંટણી (૬) પરચુરણ.

એલ. બી. પટેલ
મંત્રી
સુ. હિં. એ. સોસાયટી

ખાસ દરખાસ્તઃ હિંદની અગરબત્તી
(વહાણમા આવેલો તાજો માલ)
ક્રિસમસ અને નવા વરસ માટે આવેલો તાજો માલ અમે સહર્ષ જનતા સમક્ષ રજુ કરીએ છીએ.
અગરબત્તી-કેરમબોર્ડ-પ્લાસ્ટીક, સેન્ડલવુડ અને ચાંદીની મંગળીઓ. નવીન ઘરેણાં અને માથાની ચીજો ટીકડીઓ, ડાયમોન્ડીસ અને ઝાલર. સુરતીભાતની સાડીઓ અને ફેન્સી ગુડ્સ.
ટ્રેડરો અને ફેરીઆ માટે અમે ખાસ માલ રાખીએ છીએ અને ખાસ ધ્યાન પણ આપીએ છીએ. આપ જ્યારે આવશો વખતે ડરબન આવો ત્યારે અમારી મુલાકાત લ્યો.
એ. કે. હુસેન એન્ડ સન્સ
હોલસેલ ઇમ્પોર્ટસ અને કમીશન મરચન્ટસ
૧૨૧ ક્વીન સ્ટ્રીટ, — (હુસેન્સ બીલ્ડીંગ) — ફોન ૨૦૩૩૭ — ડરબન.
અમારું પ્રાઇસ લીસ્ટ મંગાવો.

સંભાળીને રહેજો

મૂળ લેખક: પ્રો. પ્રભાકર તામણે એમ. એ.

અનુવાદક: શ્રી. વ્રજ શાહ

(ગયા અંકથી ચાલુ)

એની આ ગોઠવણ સાંભળીને મને મારા કર્તવ્યનું ભાન થયું. અને દ્રૌપદીની પુકાર સાંભળી દોડતા શ્રીકૃષ્ણની જેમ મેં સુરેખા તરફ દોટ મૂકી. કૃષ્ણ બરાબર 'ટાન ટાઈમ' પહોંચ્યા તેથી દ્રૌપદીની આબરૂ બચી ગઈ. પણ મને માત્ર એક જ ક્ષણનો વિલંબ થયો. કારણ સુરેખાની નજીક હું પહોંચું છું, એટલામાં તો સુરેખાએ સમતોલપણું ગુમાવ્યું, અને એ મારા અંગ પર આવી પડી. સુરેખાને બદલે મારી જ આંખો સામે અંધકાર છવાઈ ગયો. પણ ત્યારે ન સમજતાં 'બરસાત'ના રાજકપૂર પ્રમાણે જમણા હાથ પર મેં એને સંભાળીને ઝાલી અને 'આર કે. ફિલ્મ્સ'ના પ્રતીક મુજબ એ પોઝમાં એક ક્ષણ માટે હું એ જ રીતે ઉભો રહ્યો. અમારામાં ફરક એટલો જ હતો કે રાજકપૂરના હાથ પર રૂપાળી નરગીસ હતી તો મારા હાથ પર વીરશ્રી સંચાર પામેલી સુરેખા હતી. રાજકપૂરના બીજા હાથમાં વાયોલિન હતું અને મારા બીજા હાથમાં ચીમટો હતો!!

શું થયું છે એ લક્ષમાં આવે તે પૂર્વે તો સુરેખાના અંગમાં સંચાર પામેલી વીરશ્રી એકદમ ઓસરી ગઈ. નીચે પડેલો એક ઉંદરને એણે કપડાથી ઉપરણાની માફક ખભા પર નાખ્યો. અને કોનો ચંબૂ કરીને હાથમાં જ એ ઝાલી લઉં છું!'

અન્ય કોઈ પ્રસંગે એના 'ચેક' હું ચાંની મીઠાસ મારા મનોએ વિચારે આસ્વાદી હોત પણ એ સમયે તો મીઠાસનો આસ્વાદ લેવા અમારે એકત્રીસ કાન અમારી આસપાસ ભેગા થઈ ગયેલા. અમારી 'ચાલમાંની નીતિ સંરક્ષક મંડળની સ્વયંનિર્મિત અધ્યક્ષ એવી તારાકાકીએ એકઠા કરેલા નીતિમાન માણસો અમારી સામે ડોળા કાઢીને જોતા ઉભા હતા. તેમાં ફક્ત એક જ કાનથી સાંભળી શકતા, કાનજીમામા પણ હતા!! બહારના 'ગ્રીન સીન' તરફ નજર નાખીને મેં મારી દ્રષ્ટિનો કૅમેરા સુરેખા તરફ વાળ્યો. પણ આ શું! અનિર્વચનીય પ્રકાર લોકોને જરા અસર' થયેલી સુરેખા મારી વધુ નજીક સરીને એના મોટા ડોળા વિસ્ફારીને મારો 'ક્લોઝ-અપ' લેતી હતી! કેટલાક માણસો બારીઓથી ડોકાતા હતા, કેટલાક બારણામાંથી ડોકા કાઢીને સામેનું દ્રશ્ય સ્વપ્ન તો નથી ને એની ખાતરી કરી લેતા હતા, તો કેટલાક સાહસિક માણસોએ અમારા ઘરમાં પ્રવેશ કરવા સુધીની ધૃષ્ટતા દેખાડી હતી. આટલો મોટો જનસંપર્ક મને અસહ્ય થઈ પડ્યો. તેથી ધરતીમાતા સીતાની માફક મને પણ ઉદરમાં સમાવી લે તો સારું એવી મનોરમ પ્રાર્થના કરવા માંડ્યો! એક જમાનાના ધોબીવાળાએ સીતાની 'કેરેક્ટર' માટે શંકા ઉપસ્થિત કરી તેથી પ્રભુ રામચંદ્રે સુદ્ધાં એના પર વિશ્વાસ મૂક્યો હતો, તો આટલા બધા નીતિમાન માણસોએ પોતે હવે ઉઘાડી આંખો એ જે પ્રકાર નિહાળ્યો એના પર કઈ આધારે પત્ની વિશ્વાસ નહિ મૂકે! એટલે તારાકાકીનું 'પંચનામ ન્યુઝ' નીલાના કાનમાં પડે એ પહેલાં મેં જ સામી પરિસ્થિતિથી નીલાને વાકેફ કરવા ખાતર તાર કર્યો, 'તાત્કાલિક પાછી આવ! હું મરી ગયો છું!' મરી ગયો છું એમ લખવી એને જણાવ્યું, કારણ કે બની ગયેલી ઘટનાને અંગે હું શરમથી અધમૂઓ તો થઈ જ ગયેલો. અને તે ઉપરાંત, 'અરે! જરા કંઈ લાજ-શરમ છે કે નહિ! બૈરી હજુ તો માંડમાંડ પિયર પહોંચી હશે! બીજે માણસોની નહિ પણ મનની તો લાજ રાખવી હતી!' આવા નકૂરેદાર અસંખ્ય વાગ્બાણોની વર્ષા નીલા આવે તે અગાઉ જ મારી લાજ પાડવા માટે પૂરતા હતા!

મારો તાર મળતાં જ નીલા તરત જ પહેલી જ ગાડી પકડીને દોડતી આવશે એ દેખીતું જ હતું. તેથી એ ગાડીએ નીલાને તેડવા માટે હું સ્ટેશને તરફડતો ગયો.

ગાડી જેવી સ્ટેશનમાં પ્રવેશી એટલે નીલાએ એક બારીમાંથી ડોક બહાર કાઢીને બળતી નજરે મારી સામે જોયું. એક મહિનો તો શું પણ એક ક્ષણ સુદ્ધાં પિયર રહેવા ન મળ્યું તેથી એ ચિડાઈ હતી. એ સ્પષ્ટ જણાતું હતું. અને એટલામાં હું પ્લેટફોર્મ પર ઝૂકતો દેખાયો.

આવી પરિસ્થિતિમાં કજ ચૈત્રની તલિકાની આમ મસ્તકે ન પહોંચે! પરંતુ જૂઠો તાર કરીને એને તાબડતોબ બોલાવી લીધી તેથી જ એ ચિડાઈ હતી. એક ક્ષણ માટે પણ કોઈનો વિરહ સહન ન થાય એટલે શું? શું કદી કોઈની બૈરી પિયર જતી જ નહિ હોય! પરંતુ આવી રીતે કદી કોઈ નહોતી આવી જન્મારામાં! છી! આને તે પ્રેમ કહેવાય? ઈત્યાદિ વિચારોની હારમાળા નીલાના મનમાં ચાલતી હોવી જોઈએ તેથી જ હતું તો. ગાડી થોભ માત્ર ઉભી રહી એટલામાં તો એ તડૂકી ઊઠી. 'બળ્યું ને તમારું મરવું સમાધાન હવે! જન્મારામાં એક વાર ભૂલથી પિયર ગઈ નહોતી તો તાર કર્યો! મારા વિના ચાર દિવસો જો એકલા રહ્યા હોત તો શું કાંઈ તમને ખાઈ જાત!'

'ઓ મા, આટલી બૂમાબૂમ શા માટે કરે છે? જરા ધીરેથી બોલ ને! ડબ્બાના બધાય લોકો આપણી સામે જુએ છે!' હું ગભરાયેલા સ્વરમાં બોલ્યો.

'જોવા દો ને!' નીલા આવેશમાં બોલી, 'આપણું સર્વની સાક્ષીએ લગ્ન થયું છે. કાંઈ ચોરીછૂપીથી થોડું જ છે?'

'અરે પણ જરા ધીરે બોલને! ડબ્બામાંના બધા લોકો આપણી સામે જોઈને હસી રહ્યા છે! શું કહેશે તેઓ?'

'કહેશે શું! એટલું જ ને કે આ બંને પતિ છે, અને એ બૈરીવિહોણો એક ક્ષણ પણ રહી શકતો નથી! એ સિવાય તેઓ બીજું શું કહેશે!'

'મારી મા, હવે કૃપા કરીને ગાડીમાંથી નીચે તો ઉતર! ઘેર જઈને તને સાષ્ટાંગ નમસ્કાર કરીને સર્વ હકીકત કહું છું. પછી તો તારું સમાધાન થશે ને? અહીં પ્લેટફોર્મ પર શાની ધાંધલ-ધમાલ મચાવે છે! પણ મારી જ ભૂલ થઈ! શાણા માણસે તારી સાથે જીભાજોડી કરવી જ નહિ!'

'તો યે સારું છે!' નીલા ગાડીમાંથી ઉતરતાં હસતી હસતી બોલી, 'ઘેર જઈને બારણામાં પેસતાંવેંત જ તમે એ મૂર્ખતા કરવાના છો!'

'એ મૂર્ખામી કરતાં પહેલાં તો હું મારા ખોળામાં મારીશ એવી એક બેવકૂફી હું બોલાવી બેઠો છું! તેથી જ તો હવે તાર કરીને બોલાવવી પડીને!'

'એટલે? એવું તે શું થયું છે?'

'થઈ કહું તો કશું જ થયું નથી! પણ ચોકઠાંનો કામનો વાવ કર્યો છે. તારી પીડ હરવા જ પેલી સુરેખા આવી હતી.'

'પેલી ચિબાવલી આવી હતી ને!' નીલા વચ્ચે જ તડૂકી, 'તો પછી આગળની બીના મને જણાવવાની કશી જ જરૂર નથી! હું સારી પેઠે કલ્પના કરી શકું છું કે શું બન્યું હશે! પણ તમને શું કાંઈ લાજ શરમ? ચાર લોકો જ્યારી આંખે જોવું ,જોતાં હોય તો......'

'અરે, પણ હું કાંઈ ચોકઠાને બોલાવવા ગયો નહોતો-મરો! તારાકાકીએ બધાને એકઠા કર્યા'!'

'તમે કશું જ ન બોલતા! તમારા ને તો કાંઈ નેહ હોય! જ્યારે યે હું ખાટી ઉપરથી સુધી બબડતી ગયેલી કે સંભાળીને રહેજો. મારી સામે કબુલ પણ કર્યું કે 'સંભાળીને રહીશ!' પણ મારી પીઠ ફરતાં જ...'

'તારી પીઠ વળતાં જ સંભાળીને રહેવું અશક્ય થઈ પડ્યું!' હું વચ્ચે જ બોલ્યો. 'સંભાળીને રહેવાનો મેં અતિશય પ્રયાસ કર્યો. બારીઓ, બારણાં ઉઘાડી નાખ્યાં, પડદા પણ બાજુએ સરકાવી દીધા! હજુ બીજા વધુ તો શી રીતે માણસે સાવચેતી રાખવી! આમ જો, હવે ફરીથી તું કદી પિયર જવાનું નામ સુદ્ધાં ના લેતી! કારણ તારી ગેરહાજરીમાં મારાથી સાવધાન રહેવાનું બનતું જ નથી! મારી સલામતી તારા હાથમાં છે, હું સાવધાનીથી રહેવાનો પ્રમાણિક પ્રયત્ન કરું છું પણ ઈશ્વરને જ જ્યાં એ મંજૂર ન હોય ત્યાં મારું શું ચાલે! મારા હાથે સંભાળીને ન રહેવાનો ગુનો થયો છે ખરો! હવે એ મૂર્ખતા બદલ તું શી શિક્ષા કરીશ મને!' મેં દયામણો ચહેરો બનાવીને પૂછ્યું

નીલા મારો દયામણો ચહેરો જોઈને પીગળી ગઈ! જમે જ ને! એનો એ પતિ હું! મારા જેવા અપરાધીની માફક મારો બધો અપરાધ પણ માફ કરીને એ સ્મિત કરતી બોલી, 'શિક્ષાને? આવી મૂર્ખતા માટે એક જ શિક્ષા છે! ઘેર જઈને ફરીથી 'મૂર્ખતા' આચરવાની!!'—(સંપૂર્ણ)

* * *

ઘરમાં ફ્રેમ બનાવી ટાંગવા લાયક સુશોભન ''મનને બોધ'' સ્વ. કીશોરલાલ મશરૂવાળા કૃત. સુંદર આર્ટ કાગળ પર બે રંગમાં છપાયું છે. આઠ કિંમત શી. ૧-૦ પોસ્ટેજ ૩ પેની.

'Indian Opinion'
P. Bag, Durban, Natal.

ગુજરાતી રેકોર્ડો

હીંદુસ્તાનમાં બનેલી ગુજરાતી રેકોર્ડો, હવે અમારે ત્યાં મળે છે.

૨૦ રેકોર્ડોનું બોક્સ કેવળ શી. ૭૦-૦

રેકોર્ડોમાં ભજનો, નાટકો, ગરબો વિગેરેનો સંગ્રહ છે.
હિંદના "હીટસ્ટ લિસ્ટ" શી. ૨-૧ માં છુટી આપે શકશો.
આવો લાભ અને લાભ ફરીથી મળશે નહિ. ઓર્ડર સહિત—પોસ્ટલ ઓર્ડર મોકલશો—
સી. ઓ ડી.ના ઓર્ડરો અમે લખથી લીએ.

નેશનલ રેકોર્ડ કંપની

શોપ ૨, અજમેરી આર્કેડ, ઓફ ૧૪૨ એ. ગ્રે સ્ટ્રીટ,
પો. ઓ. બોક્સ ૧૫૦૪, — ડરબન

સમાચાર સંગ્રહ

—ડરબન: શુક્રવારે રીપબ્લીકન બીલ ઉપર મી. આર. જે. સ્વાર્ટ ભાષણ આપશે. આ ભાષણ સેન્ટ થોમસ રોડ ઉપર આવેલા નોર્વેજીયન હોલમાં થશે.

—ડરબન. પ્રોવીન્શીયલ કાઉન્સીલના સેક્રેટરી મી. એન. જી. બેરીએ કહ્યું છે કે ફેબ્રુઆરીની ૧૪મી તારીખથી આફ્રિકનો જેઓ બાંધકામના ધંધામાં પડ્યા છે તેઓનો પગાર વધશે.

—ડરબન: કોર્ટના ઇન્ટરપ્રીટર મી. ડેવીડ [illegible]ને મેજીસ્ટ્રેટે ૪૮૦ પૌંડની ચોરી બદલ શિક્ષા કરી છે. મી. ડેવીડ ૧૦૦ પૌંડના બેલ ઉપર છૂટયો છે. મી. ડેવીડે અપીલ કરવાની ઇચ્છા દર્શાવી છે.

—જોહાનીસબર્ગ સીટી હોલમાં શુક્રવાર રાત્રે મી. ડગ્લાસ મીચલ ભાષણ આપશે. તેઓએ પાર્લામેન્ટની બેઠક વખતે જે બોલ્યા હતાં તે સમજાવશે.

—રીચમન્ડ: માર્કવીસ ઓફ ઝેટલાન્ડ યોર્કશાયરમાં ૮૪ વર્ષની ઉંમરે તા [illegible] દીના મૃત્યુ પામ્યા છે. તેઓ ૧૯૩૫ થી ૧૯૪૦ સુધી ભારતમાં સેક્રેટરી ઓફ સ્ટેટ તરીકે રહ્યા હતાં.

—જોહાનીસબર્ગથી 'કીંગ કોંગ' વાળા આફ્રિકનોની ટોળી મંગળવારે લંડન જવા માટે ઉપડી ગઈ છે.

—[illegible]માં જણાવવામાં આવ્યું હતું કે ૧૯૬૦માં સોનાના ભંડારમાં ૪ ટકા નો વધારો થયો હતો. કુલ ૧૩૨,૦૦૦,૦૦૦ પૌંડનો વધારો થયો હતો.

—લંડન. પ્રીન્સેસ માર્ગરેટને ઇન્ફ્લુએન્ઝા થયો છે એવા સમાચાર તેણીના પ્રેસ સેક્રેટરીએ આપ્યા છે.

—[illegible] રેડીયો આફ્રિકા માટે આવતાં [illegible] રશીયન ભાષા રેડીયો મારફતે [illegible] એવા સમાચાર બહાર આવ્યાં છે.

—રોડેશીયા: આર ખાણોમાં કામ કરનારા મજુરો ગેસથી [illegible] ખાણોમાં [illegible] મૃત્યુ પામ્યાં છે.

—જોહાનીસબર્ગ: ૬ આફ્રિકનો, [illegible]માં આવેલી એક દુકાનમાં ધાડ પાડી ૨,૫૦૦ પૌંડ રોકડા લઈ ગયા છે. બે મોટરોમાં બેસી આ આફ્રિકનો આવ્યાં હતાં. દુકાનના સ્ટાફને ચાકુ દેખાડી તેઓએ દુકાન લૂંટી હતી.

સામાજીક ખબરો

લગ્ન

"જોહાનીસબર્ગમાં શ્રી મોતી [illegible] તા. ૨૨-૧-૬૧ને રવીવારે જોહાનીસબર્ગ વાળા શ્રી લલ્લુભાઇ પ્રભુદાસ મોદીની સુપુત્રી શ્રી [illegible]નાં શુભ લગ્ન કેપટાઉન વાળા શ્રી મગન ભાઇ નાથુભાઇના સુપુત્ર શ્રી હરીલાલ દાસની સાથે થયાં હતા.

તે પ્રસંગે પોતાના સગાંઓ ભેટ આપીને [illegible] ભાઇ બહેનો પધાર્યા હતા તેમનો, તેમજ જે જે ભાઇ બહેનો અને સંસ્થાઓએ નવપરણીત યુગલને તાર, ટેલીફોન, પત્રદ્વારા કે અન્ય રીતે આશીર્વાદો પાઠવ્યા હતાં તે સર્વેનો આભાર માનતા શ્રી લલ્લુભાઈ પ્રભુદાસ મોદી ઘણો જ આનંદ અનુભવે છે."

સાભાર સ્વીકાર:

આનંદ ભીખા	પ્રિટોરીયા	૧-૧-૦
લલ્લુભાઇ પ્રભુદાસ મોદી		૨-૨-૦

અવસાન

જાણીતી પેઢી પી. પી. ભગત એન્ડ કુંપનીના સંચાલક પૈકી શ્રી પી. ભગત ને (તરસાડી નિવાસી હાલ ડરબન) મોટર અકસ્માતથી અકસ્માત થતા તા. ૪-૨-૬૧ના રોજે તેમને દુઃખદ અવસાન થયું હતું. સ્વર્ગસ્થની ઉંમર આશરે ૮૦ વરસની હતી. તેઓ પોતાની પાછળ શોક કરતાં પુત્રો મૂકી ગયા છે. પ્રભુ એમના કુટુંબીજનોને ધીરજ ધરવાની શક્તિ આપે અને સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

આ શોકમાં દિલસોજીના પત્રો અને તારથી દિલસોજી પાઠવનાર, અને સ્મશાન યાત્રામાં આવી શોકમાં ભાગ લેનાર સર્વેને તેમના પુત્ર [illegible] ભગત આ છાપા દ્વારા આભાર માને છે.

રતલ સુકા મરચા

નેટ ૮૦ રતલ બેગની શી. ૫૫-૦ અને ૧૨ રતલ બેગની શી. ૨૨-૦ અને આફ્રિકાના [illegible] બેગના શી. ૨૦-૬

તેમજ [illegible] સારા ભાવ મરચાં પણ મળશે.

માટે લખો:

Maarmens (Pty.) Ltd.
P. O. Box 26, Phone 126
(Brits, Transvaal.)

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

[illegible], રેશમી તેમજ સુતરાઉ કાપડ, [illegible] અને [illegible] માટે ઉત્તમ [illegible], [illegible] વિગેરે.

દરેક જાતના માલ માટે [illegible].

૩૩ ગેરડ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન: ૮૩૫-૬૮૮૬ — બોક્સ ૧૫૫૬.

લગ્ન પ્રસંગો માટે

અમને મળો.

સુરતી જમણના અમે સ્પેશ્યાલીસ્ટ છીએ.

આ રેસ્ટોરન્ટની અંગત દેખરેખ નીચે કુકીંગના અને [illegible] પણ કામમાં હમારે [illegible] અમે [illegible].

કેપીટન્સ બાલ્કની હોટેલ

(ધી કોર્નર મીઠાઈ હાઉસ)

ગ્રે અને વિક્ટોરીયા સ્ટ્રીટના ખુણાપર — ડરબન.

ફોન નંબર ૨૩૪૧૪ ટેલીગ્રામ: KAPITAN.

આદુ, લસણ બજાર ભાવ, નારીએળ નં. ૧ શી. ૯-૦, બેગ (નંગ ૧૦૦) શી. ૬૦-૦.

દુકાન દાર માટે બાંધવાના ન્યુઝપેપર બજાર ભાવ,

મસાલા, હળદી ([illegible]), સુકા લાલ મરચાં, ધાણા, સુકા આંબા (ખાટા), સોપારી [illegible] વિગેરે હમેશા સ્ટોકમાં રાખીએ છે. કપુરી અને બંગલી પાન બજાર ભાવ, [illegible] [illegible]

All prices subject to Market fluctuations.

A. KADER & Co., (PTY) LTD.
WHOLESALE FRUIT MERCHANTS
P. O. Box 251. DURBAN.

ધીરૂભાઈ પી. નાયક

[illegible], મુસાફરી, વીમાઓ અને [illegible] એજન્ટ

હીંદુસ્તાન અગર દુનીયાના કોઈ પણ ભાગની [illegible]

[illegible]

[illegible] ઇન્સ્યુરન્સ કંપની લીમીટેડના પ્રતિનિધિ.

Office:
9 Barkly Arcade,
38 Market Street,
Phone: 339033,
Johannesburg.

Residence:
52 Patidar Mansion,
13 Kort Street,
Phone: 338816,
Johannesburg.

ફરનીચર! ફરનીચર!! ફરનીચર!!!

બેડરૂમ સુટ, ડાઇનીંગરૂમ સુટ, વોર્ડરોબ, ડ્રેસીંગ ચેસ્ટ, સાઈડ બોર્ડ ઓફીસ ડેસ્ક, બુક કેસ, ટેબલ, વગેરે કીફાયત ભાવે ખરીદી શકશો. [illegible] નહિ.

—બોક્સ, ટેબલ અને દીવાન વગેરે—

જે અમારી દેખરેખ નીચે તૈયાર થાય છે. તેનો સ્ટોક હમેશાં તૈયાર રહે છે. બહાર ગામના ગ્રાહકો ઓર્ડર [illegible] અને [illegible]

L. MISTRY
61 BREE STREET, BURGERSDORP. J'BURG.
PHONE 33-4691. BOX 2826.

Printed And Published by Mrs Sushila Gandhi, International Printing Press, (Phoenix) Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

Indian Opinion

Founded by Mahatma Gandhi in 1903. (Former Editors Manilal Gandhi—1918-1956.)

No. 6—Vol. LIX. Friday, 17th February, 1961

REGISTERED AT THE G.P.O. AS A NEWSPAPER.
Price: FOUR CENTS

EAST LONDON COUNCIL DOES NOT WANT GROUPING

ACCORDING to a report in the "Daily Dispatch" the East London City Council is to try to stave off the application of the Group Areas Act here—but if it cannot, it wants its own zoning proposals accepted as the best possible in local circumstances.

This standpoint emerged after a lengthy debate in the Council Chamber in the presence of more than a score of spectators—all non-white.

The Council's attitude towards the situation is reflected in the ultimate resolution which it passed:

"This Council is of the opinion that zoning proposals for the City of East London are not called for in view of the fact that there are no real problems in this city regarding racial grouping.

"This Council accordingly respectfully asks the Group Areas Board not to proceed with its inquiry into racial zoning in East London."

The whole debate on the application of group areas in the city was overhung by a recent ultimatum from officialdom that if the Council did not submit zoning proposals by the end of January, the Group Areas Board would "go it alone" and propose its own zoning schemes without consulting the Council.

Discussion also revolved around two salient points:

● That the wishes of the non-whites of the North End, as expressed in their unanimous decision to reject completely the application here of the Group Areas Act, should be respected.

● That it would be better for the Council to submit its own "less harsh" zoning proposals rather than leave the non-white community in the hands of the Group Areas Board alone.

Councillors had also to consider a notice of motion by Mr. Fred Stakemire stating, "That whereas the Group Areas Board is required to report in writing to the Minister of the Interior on the desirability or otherwise of issuing the relevant proclamations, this Council informs the Group Areas Board that in the opinion of the Council no such desirability exists in the area within the Council's jurisdiction."

The debate opened with Mr A. Addleson moving the resolution which was finally adopted by the Council. He said that conditions in East London were such that investigations and proposals under the GAA were not necessary. "The tendency in the North End has been for the whole situation to sort itself out," he said.

If the first part of his resolution was rejected by the Group Areas Board, zoning proposals from the Council had to be handed in to forestall the application of possibly harsher zoning proposals by the Board. If no Council proposals were submitted, the Council had no basis on which to argue and would have to keep quiet.

"It is in the best interests of all concerned to put forward a scheme as favourable as far as possible to the minority groups and give the Council a chance to discuss them before the Group Areas Board," he said.

THE COMMONWEALTH CONFERENCE

VERWOERD TO GET "HOT RECEPTION"

ACCORDING to a report in the Contact a "hot reception awaits Verwoerd in London" when he goes over for the Prime Minister's Conference.

The full report, date-lined London, reads:

On Saturday, 28th January, the National Union of Railway Workers' Hall in Euston Square was host to a gathering of about 400 people representing different organisations that are working against the Nationalist Government of South Africa.

Most important of the organisations represented at this meeting were the South African United Front and the Anti-Apartheid Committee.

Should all the plans proposed at this meeting succeed, Dr. Verwoerd is assured of a hot reception on his arrival in London to attend the Commonwealth Prime Ministers' Conference from 8th to 10th March.

Two resolutions were carried almost unanimously. The first deals with action that will have to be taken during the Premier's Conference and the second with positive long term action against the South African Government.

Some of the decisions arrived at were:

● A 67-hour vigil outside Lancaster House for the duration of the talks by batches of six people at a time. As the British Parliament is sitting and Lancaster House is within the one-mile limit of Whitehall it will not be possible to hold full-scale demonstrations.

● Placarding of Dr. Verwoerd at different airports (Mr. Ennals, the chairman of the meeting, remarked that when people know that a welcome is awaiting them they sometimes do not arrive at the airports at which they are expected.)

● Groups of people to follow Dr. Verwoerd around London. Some of the people present at the meeting thought that it might be a unique experience for Dr

(Continued on page 43)

MADRAS WANTS A NEW NAME

("Indian Opinion" India Service)

MADRAS—Mr. M. P. Sivagnana Gramani, leader of the Tamilarasu Kazhagam, announced here that the Kazhagam would start a campaign for renaming Madras State as "Tamilnad" unless the State Government took immediate steps to amend the Constitution and name this State as "Tamilnad."

Mr. Sivagnana Gramani, who addressed a convention of the Tamilarasu Kazhagam at Gokhale Hall, George Town, in connection with the "Tamilnad Demands Week", organised by the Kazhagam, at the outset said that as one who still believed "that the Congress alone could protect the country," he was rather pained at the way in which Congress leaders in the State were criticising those who did not see eye to eye with them.

Advising his followers not to be carried away by emotion but consider the issues in a dispassionate way, Mr. Gramani explained the historical background and the need for renaming Madras State as "Tamilnad." This demand had the unanimous support of not only all the political parties including the Congress, but also other non-political organisations in the State. As the State Government had been indifferent to the unanimous demand of the people, he said, the Tamilarasu Kazhagam would start a campaign to impress on the Government the need for taking immediate steps in the matter. Describing the campaign as "satyagraha", Mr. Gramani asserted that his party had never been against the Congress or the Government, but had supported it whenever any beneficial measures were taken by the Government. Inasmuch as the Tamilarasu Kazhagam had no political motive in starting the proposed campaign, he hoped people of Tamilnad, irrespective of their religious or political affiliations would support the campaign. He appealed to the State Government to pay heed to the unanimous demand of the people of Tamilnad and thereby avert any agitation.

Indian Opinion

Private Bag, Durban.
Telephone: Mount Edgecombe 30.
Telegram and Cable: "GANDHI."

FRIDAY, 17TH FEBRUARY, 1961

Inexorably Forward

STEP by step, and with planned and murderous deliberation, the Group Areas Board is moving forward with its recommendations followed by official proclamations. Hot on the heels of the absolute refusal of the Group Areas Board to reconsider the position at Cato Manor where some 30,000 Indian people will be uprooted, comes the proclamation that Indians must leave Queensburgh lock, stock and barrel. This proclamation is unique in that it does not allow any Indians to live in the area. No provision is made for Indians to remain in Queensburgh. Some 3,000 people are affected. They must leave either within a year or within five years. The gross inhumanity of these Group Areas Proclamations is aggravated by the fact that Indians are compelled to throw away their properties for nothing, once an Indian area is proclaimed for Europeans. The White people are not interested in Indian properties. They do not even bid for them and so the Group Areas Board steps and buys them for a few pounds. Recently thousands of pounds of Indian property was purchased by the Board for a few hundred pounds. Where exactly the Government will ultimately drive the Indian people is a matter for speculation. There is, however, little doubt that a great deal of resentment is building up among the Indian people, particularly among the middle and the working class groups. It is these groups that are being affected. The Indian trading class is, at the moment, not directly affected and is certainly making assiduous efforts to protect its interests in the central Durban area and so it has not much time for the ordinary people. While they do this they forget that proclamations in the Transvaal country areas have virtually ruined Indian businesses. Unfortunately owing to the absence of information on the subject not much of the whole sordid tale is known. The issue of Group Areas, as we have so often stated in the past, requires a national convention of Indians to study the whole situation. It is facts—and the details of the human tragedy involved—which people want, not a pious statement of principles. Recently Pietermaritzburg held a meeting to discuss how Group Areas affect Indians in that city and a tragic tale was told. Similarly the whole tragic story must be revealed on a provincial and national scale.

The NIC Properties

BY a last minute effort the officials of the Natal Indian Congress have paid the overdue rates on their properties and saved them from falling under the hammer of the auctioneer. But what of the years to

(Continued on next page)

GANDHIJI ON THE BIRTH OF THE NIC

In 1894 when Gandhi was on the point of returning to India, after a year in South Africa he noticed that the Government of Natal was planning to disfranchise the Indians. He warned the Indian people of the implications and was prevailed upon to postpone his departure and organise resistance to the proposal. A temporary committee was formed and out of this was born the Natal Indian Congress. The following account is taken from Gandhiji's work *Satyagraha In South Africa*, published by the Navajivan Publishing House, Ahmedabad, India.

I ALSO felt that it would be well if a permanent organization was formed to watch Indian interests. But where was I to live and how? They offered me a regular salary, but I expressly declined. One may not receive a large salary for public work. Besides I was a pioneer. According to my notions at the time, I thought that I should live in a style usual for barristers and reflecting credit on the community, and that would mean great expense. It would be improper to depend for my maintenance upon a body whose activities would necessitate a public appeal for funds, and my power of work would be thereby crippled. For this and similar reasons I flatly refused to accept remuneration for public work. But I suggested that I was prepared to stay if the principal traders among them could see their way to give me legal work and give me retainers for it beforehand. The retainers might be for a year. We might deal with each other for that period, examine the results, and then continue the arrangement if both parties were agreeable. This suggestion was cordially accepted by all.

I applied for admission as an advocate of the Supreme Court of Natal. The Natal Law Society opposed my application on the sole ground that the law did not contemplate that coloured barristers should be placed on the roll. The late Mr Escombe, the famous advocate, who was Attorney-General and afterwards also Premier of Natal, was my counsel. The prevailing practice for a long time was that the leading barrister should present such applications without any fees, and Mr Escombe advocated my cause accordingly. He was also Senior Counsel for my employers. The Supreme Court over-ruled the Law Society's objection, and granted my application. Thus the Law Society's opposition brought me into further prominence without their wishing it. The newspapers of South Africa ridiculed the Law Society and some of them even congratulated me.

The temporary committee was placed on a permanent footing. I had never attended a session of the Indian National Congress, but had read about it. I had seen Dadabhai, the Grand Old Man of India and admired him. I was therefore a Congress devotee, and wished to popularize the name. Inexperienced as I was, I did not try to find out a new name. I was also afraid of committing a mistake. So I advised the Indians to call their organization the Natal Indian Congress. I laid before them very imperfectly what meagre knowledge I had of the Indian National Congress. Anyhow the Natal Indian Congress was founded about May 1894. There was this difference between the Indian and the Natal Indian Congress, that the latter organization worked throughout the year and those who paid an annual subscription of at least three pounds were admitted to membership. Amounts exceeding that sum were gratefully received. Endeavours were made to obtain the maximum amount from each member. There were about half a dozen members who paid twenty four pounds a year. There was a considerable number of those paying twelve pounds. About three hundred members were enrolled in a month. They included Hindus, Musalmans, Parsis and Christians, and some from all Indian States that were represented in Natal. The work proceeded with great vigour throughout the first year. The well-to-do traders went about far off villages in their own conveyances, enrolling new members and collecting subscriptions. Everybody did not pay for the mere asking. Some required to be persuaded. This persuasion was a sort of political training, and made people acquainted with the facts of the situation. Again, a meeting of the Congress was

(Continued on page 47)

MAYOR PRAISES INDIAN CITIZENS

SPEAKING at an Indian marriage the Mayor of Uitenhage, Mr. J. S. Levy, praised the local Indian citizens. He commented on the exemplary habits and demeanour of the Indian people in Uitenhage. The occasion was the wedding of Savitaben, daughter of Mr. and Mrs H. K. Daya, of Uitenhage and Thakorbhai, eldest son of Mr and Mrs Gopalbhai Naranbhai of Grahamstown. The marriage was solemnized in the Uitenhage Town Hall and among the guests was the Mayoress of the town.

Mr. Daya (trading as Ideal Fruiterers at 88 Constitution Road) is a prominent member of the Uitenhage Indian Association, he has been notable in charitable fund raising and on Sunday made another award of five guineas to the Provincial Hospital and two guineas to the SA National Tuberculosis Association.

The solemn rites at the wedding were performed by Mr B. Patel, of Port Elizabeth, and a former teacher.

Mr B. Ramjee, an insurance consultant was one of the first speakers, and he gave an explanation of the marriage service in the Hindu style.

Mr John Hulters was the Master of Ceremonies, and remarked that the presence of so many white and Asian people (there were guests from Cape Town, Port Elizabeth, East London, Grahamstown, King William's Town and Uitenhage) was a fine opportunity for international goodwill. He held that if there was a good understanding with the Indian community in South Africa this might spread to India's, with its 400,000,000 inhabitants, and the Union could do with a friendship of that magnitude in these times.

The following speakers were heard:

Mr C. Karsan, in Gujarati, for the Arya Sanskar Mandal.

Mr. D. V. Ratanjee, for the Uitenhage Hindu Mandal.

Mr Bunggetjy for the Kshatriya Gujarati Mandal of Port Elizabeth.

Mr G. Daya, for the Hindu Seva Samaj of Port Elizabeth.

Mr D. B. Lalla for the Indian Civic Association, who also thanked the assembly on behalf of the bride's parents.

Cr. Kotie Langnes, in Afrikaans.

Mr N. R. Lalla, for the Peropur Mandal, and a speaker for the Grahamstown Rajput Mandal.

ગ્રુપ એરીયાઝના હુકમમાં એટલી હેવાનિયત ભરી છે કે એક વખત હિંદી વિસ્તારને ગોરી વિસ્તાર જાહેર કરવામાં આવે કે તરતજ એ હિંદી મિલકતોની કિંમત નહિ જેવી જ બની જાય છે. હિંદી માલિકોએ આ મિલકત સસ્તામાં સસ્તી વેચી દેવી પડે છે. ગોરાઓને આ હિંદી મિલકતની પડી નથી. તેઓ હરાજીમાં એ મિલકત માટે આંકડો પણ કરાવતાં નથી અને આવા સમયે ગ્રુપ એરીયાઝ બોર્ડ આગળ આવી એ મિલકતને થોડાક પૌંડમાં ખરીદી લઈ છે. તાજેતરમાં ગ્રુપ એરીયાઝ બોર્ડે આવી રીતે હજારો પૌંડની મિલકત કેવળ થોડાકજ પૌંડમાં લીધી છે. સરકાર હિંદીઓને આવી રીતે ખસેડી, કઈ જગ્યાએ તેઓની રહેવા માટેની વ્યવસ્થા કરશે એ તો તેજ જાણે! આ કારણોને લઈ મધ્યમ વર્ગના અને મજૂર વર્ગના હિંદીઓ ખૂબ ચિડાયા છે અને આજ બન્ને વર્ગો દુઃખી થઈ રહ્યા છે. વેપારી વર્ગ પોતાનું હિત સચવાય તે માટે ડરબનના મધ્યસ્થ વિભાગમાં મહેનત કરી રહ્યો છે, અને એથીજ તેઓને બીજા વર્ગની કઈજ પડી નથી. તેઓ જ્યારે અહિં આવું કરે છે, ત્યારે તેઓ ટ્રાન્સવાલનો દાખલો લેવાનો ભૂલી જાય છે. ટ્રાન્સવાલમાં શહેરો બહારના વિસ્તારે આ ગ્રુપ એરીયાઝના કાયદા નીચે આવી જવાથી વેપાર લગભગ સદંતર નાશ થયો છે. સત્તાવાર ખબરોના અભાવને લઈ એ પર વધુ લખી શકાય નહિ. ગ્રુપ એરીયાઝના કાયદાને સમજવા માટે અને એનો સામનો કરવા માટે એક મંડળીની જરૂરત છે એ અમે ઘણીયે વાર લખ્યું છે. લોકોને સત્ય ઘટનાની જરૂર છે—જેમાં માનવ દારિદ્રયનું ચિત્ર દર્શાવ્યું હોય—નહિ કે મોટા મોટા સિદ્ધાંતોનું વર્ણન! તાજેતરમાં મેરીટ્ઝબર્ગમાં ગ્રુપ એરીયાના કાયદાથી હિંદીઓને કેટલું નુકશાન થાય છે તેનો ખ્યાલ અપાયો હતો—જે ખરેખર દુઃખદ છે. એજ રીતે પ્રાંતિય અને રાષ્ટ્રીય ધોરણે એનો દુઃખદ અહેવાલ બધાને અપાવો જોઈએ.

નાટાલ ઇન્ડિયન કોંગ્રેસની મિલકતો

હાલે વડીએ નાટાલ ઇન્ડિયન કોંગ્રેસના કાર્યકર્તાઓએ પોતાના મિલકતો ઉપર લહેણો કર ભરી દઈ, એ મિલકતોને હરાજીમાં જતાં બચાવી લીધી છે. પરંતુ આવતાં વરસે શું? આવી રીતે ફરીથી કદાચ કર નહિ ભરાય અને મિલકતો ગુમાવવાનો વખત ફરીથી ઉપસ્થિત થાય, ત્યારે પણ છેલ્લે ઘડીએ પ્રયત્ન કરવો પડશેને!

હાલના કોંગ્રેસના નવલોહિયાઓ—સત્તાધારીઓ અને સભ્યો એ એ મિલકતોની ખરીદ તરફ કંઈ પૈસા આપ્યાં નથી. અને એ તો ખરેખર કમનસીબની વાત છે કે તેઓ આ મિલકતોની યોગ્ય વ્યવસ્થા કરી થોડીક મૂડી ભેગી પણ કરી શકતાં નથી. આ મિલકતો ૬૦ વરસ ઉપર ખરીદાય હતી, અને એનો ઉપયોગ હિંદીઓ નહિ કરે શકે એવું કઈ નથી! અમારી એવી સૂચના છે કે કોંગ્રેસ જે આ મિલકતોની માલિક છે તેઓ આ મિલકતોનો લાભ હિંદીઓ લઈ શકે—કેવળ હિંદીઓજ નહિ પરંતુ ગોરા, કલર્ડ અને આફ્રિકનો લઈ શકે એ ઉપર વિચારણા કરી તેવી વ્યવસ્થા કરે. તે જમીન હાલમાં ખાલી પડી રહી છે.

મોટી મુંઝવણ

(નવલભાઈ શાહ)

દુનીયા સામે બે મોટી મુંઝવણો છે. એક વસ્તીના વધારાની અને બીજી વધતી જતી જીવનની જરૂરિયાતોની.

વસ્તી વધી રહી છે અને ૨૦૦૦ની સાલ સુધીમાં વિશ્વની વસ્તી બમણી થઈ જશે એવો અંદાજ કાઢવામાં આવ્યો છે. આ વધતી જતી વસ્તીને પોષવાને કપડાં, ખાવાને અનાજ ને રહેવાને ઘર જોઈએ. આ બધું ઉત્પન્ન કરવા માટે જમીન જોઈએ. કેટલાક વિચારકોનું તો એવું પણ કહેવું છે કે દુનીયાની માનવ વસ્તી જ એટલી વધી જશે કે માનવ માનવ સાથે ભિડાઈ મરશે.

પણ એથી વધારે ભયંકર પ્રશ્ન તો આપણી જીવનની જરૂરિયાતો વધારવાની હોડ ઊભી કરી તે છે. વસ્તીનો વધારો બે એક યા બે ટકાની ગતિથી વધી રહ્યો છે પણ આગળ વધેલા ને પાછળ રહી ગયેલા દેશોની જીવનની જરૂરિયાતો વધારવાની ભૂખમાં કેટલા ટકાનો વધારો થાય છે તે કોણે કાઢ્યું છે ખરું? આપણો દશ વાર કાપડ વાપરતો દેશ ૨૦ વાર પર પહોંચવા મથી રહ્યો છે. ૨૦ વારથી પણ એને સંતોષ થવાનો નથી કારણ કે જ્યારે તે વીસ વાર માટે મથે છે ત્યારે દુનીયાના આગળ વધેલા દેશો તો માથા દીઠ ૪૦ વાર જેટલું કાપડ વાપરે જ છે. એટલે એ જ્યારે ત્યાં પહોંચશે ત્યારે પેલા ૬૦ વારે પહોંચ્યા હશે. આ તો કાપડની વાત થઇ કે જેનાથી સંપત્તિ વધારી શકાય એમ છે. પણ જમીનમાંથી નીકળતી ધાતુઓ, કોલસા ને પેટ્રોલનું શું? આજે પણ જે દેશો આપણા કરતાં અનેક ગણું પેટ્રોલ ને કોલસા વાપરે છે, એ હદે આપણે પહોંચીએ તો શું થાય એની કલ્પના કરો જ નહિ. આપણે પણ જમીનમાં દટાયેલી સંપત્તિને ખોદી કાઢી દેશની સંપત્તિ-દેશનો વૈભવ વધારવાના કામે લાગ્યા છીએ પણ આપણે ભૂલીએ છીએ કે એ દટાયેલી સંપત્તિ સિમિત છે. એને મર્યાદા છે. એનો ઉપયોગ કરકસરપૂર્વક જો ન કરવામાં આવ્યો તો પાંચ કે સો વરસને અંતે આપણા એ સુવર્ણ ભંડારો ખાલીખમ થઇ જવાના છે. તે વખતે આપણી પ્રજાને જીવવાની એવી ટેવ પડી હશે કે એના વગર ચાલે જ નહિ અને તે વખતે એ દુઃખી દુઃખી થઇ જવાના છે.

આપણા દેશમાં પણ આનો કાંઈ વિચાર કર્યા વગર આપણે પશ્ચિમના જીવનના અનુકરણમાં લાગ્યા છીએ ને રસ્તે દોડી એ ઘેલા બેઠા બાકીના એ તેજ રસ્તે વિશ્વની કરોડોની પ્રજા દોડે તો શું થાય!

ગુજરાતનું નવું રાજ્ય થવાને થોડા મહિનાઓ થયા છે. પાટનગરમાં કેટલી ભીડ વધી ગઈ છે. મોટરો પણ ચાલી ન શકે. પહોળા રસ્તા સાંકડા પડ્યા છે. હજુ ૫૦૦૦ કે ૬૦૦૦ની નવી મોટર તો આવવાની બાકી છે. એ આવતાં હપ્તાથી મળશે એટલે દેવું કરીને પણ લોકો ખરીદશે. પેટ્રોલનો ધૂમાડો નીકળશે. એને ઊભી રાખવાની પણ જગા નહિ મળે. આ બધું આંખ સામે જોઈ શકાય છે. આ તો એના જેવી વાત થઇ એક પૈસાદાર બાપના જુવાન છોકરાએ પૈસા લેવા. તે વાપરવા લાગ્યો. ઘરડો થયો ત્યાં સુધી વાપર્યા. પૂરી જવા આવ્યા ત્યારે એના છોકરાએ બાપને કહ્યું 'હવે મારે માટે શું?'

'તારું તું જાણે' બાપે કહ્યું.

એના જેવી આપણી દશા છે. જંગલો સાફ કરી નાખ્યા, ખાણો ખોદી નાખી, પેટ્રોલ ખેંચી લીધું પછી શું? 'મનુષ્યના ભાવિની કસોટી' નામના પ્રોફેસર હેરિસન બ્રાઉનના પુસ્તકે આ પ્રકારની સુંદર છણાવટ કરી છે. તે કહે છે:-વિજ્ઞાનથી જ બધા પ્રશ્નોનો ઉકેલ આવી જશે એવું જે માને છે

(અનુસંધાન માટે જુઓ પાનું ૪૪)

બેલજીયમનો શાહીવાદ

નવી દિલ્હી

વડા પ્રધાન શ્રી નહેરુએ લોકસભામાં જણાવ્યું હતું કે કોંગોમાં અલગતાવાદી શક્તિને બેલ્જીયમે પ્રોત્સાહન આપ્યું છે અને કટાંગા પ્રાંત તેઓ પોતે સ્વતંત્ર છે એમ જાહેર કરે છે. કોંગો વિષેનું વિસ્તૃત નિવેદન કરતા શ્રી નહેરુએ વધુમાં જણાવ્યું કે એમ કહેવાય છે કે કોંગોમાં બેલ્જીયનોએ મોટા પ્રમાણમાં શસ્ત્રો મોકલ્યાં છે, કટાંગા અને બીજે શસ્ત્રો મોકલ્યા છે. અને જુદા દેશોએ સામાન્ય રીતે યુનોની કામગીરી સામે જે સાધનો મળ રહ્યા છે તેમાં પગલાં પાડ્યા છે.

કોંગોમાંની છેલ્લી ઘટનાઓનો ઉલ્લેખ કરતાં વડા પ્રધાન શ્રી નહેરુએ ત્યાંની પરિસ્થિતિ અસામાન્ય હોવાનું અને આપણને ભારે ચિંતામાં નાખે છે એમ જણાવી કહ્યું હતું કે જો કોઈ અંકુશ લગાડ કર્નલ મોબુટુ પર લાદવામાં આવ્યું હોત તો તે કદાચ કોંગોની પાર્લામેન્ટને બોલાવવા માટે સંમત થાત. દેખીતી રીતે પાર્લામેન્ટની બેઠકનો ખ્યાલ ઘણાં રાજ્યોને ગમે તેવો નહિ અને બેલ્જીયન સલાહકારો એને તો બિલકુલ ન ઇચ્છે.

કોંગોલીઝ પાર્લામેન્ટની બેઠક ન બોલાવવા દેવાની કર્નલ મોબુટુની વલણ વિષે શ્રી નહેરુએ દિલગીરી વ્યક્ત કરી હતી અને વધુમાં જણાવ્યું હતું કે અત્યારે તો ભારતે એવો નિર્ણય કર્યો છે કે કોંગોમાંથી એના કર્મચારીઓ ખેંચી લેવા નહિ એમ છતાં ત્યાંની ભારતની ભાવિની વલણો કોંગોમાંના એના કર્મચારીઓ જોડે કેવો વર્તાવ રાખવામાં આવે છે તેની પર આધાર રાખે છે.

બેરી સંખ્યામાં બેલ્જીયનો પાછા આવે છે તેથી કોંગોના સમાધાનમાં અંતરાય ઉભો થાય છે એવા શ્રી રાજેશ્વરદયાળના હેવાલ પર યુનોએ વિચારણા શરૂ કરી તરીકે એ વિષે શ્રી નહેરુએ દિલગીરી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ એક અસામાન્ય પરિસ્થિતિ છે કે જ્યાં તમામ પ્રકારનું બેલ્જીયન સામાન્ય ઉર્ફ કરવાના પ્રયાસ થાય છે.

કોંગોમાંથી ખસી જવું એ યુનો માટે ખતરનાક બનશે, કારણ કે એથી તો કોંગોમાં આંતરવિગ્રહ ફાટશે અને મોટી સત્તાઓ એમાં દખલ કરશે. પણ જો યુનો ત્યાં કામગીરી કરવા માંગતું હોય તો તેણે અસરકારક રીતે કામગીરી બજાવવી પડશે.

વનસ્પતિ માટે શોધાયેલો રંગ

નવી દિલ્હી

પુના ખાતેની નેશનલ કેમિકલ લેબોરેટરીએ વનસ્પતિ માટેનો રંગ શોધી કાઢ્યો છે અને તે બધી જરૂરિયાતોને સંતોષે છે એમ વૈજ્ઞાનિક સંશોધન અને સાંસ્કૃતિક બાબતો અંગેના નાયબ પ્રધાન ડૉ. એમ. એમ. દાસે લોકસભાને જણાવ્યું હતું.

જો યોગ્ય રંગ મળી આવે તો વનસ્પતિને રંગ આપવાનું ફરજીઆત બનાવવાનો સરકારે નિર્ણય કર્યો છે કે કેમ એવા શ્રી સાળીના પ્રશ્નના જવાબમાં ડૉ. દાસે કહ્યું હતું કે નેશનલ કેમિકલ લેબોરેટરીએ યોગ્ય રંગ શોધી કાઢ્યો છે એ વાત આ પ્રશ્ન હાથ ધરતી નિકાસ સમિતિના ધ્યાન પર લાવવામાં આવી છે અને ખેતીવાડી ખાતાઓના ખાંડ અને વનસ્પતિ માટેના મુખ્ય વડાને જણાવ્યું છે.

વચ્ચે બોલતા અન્ન ખાતાના નાયબ પ્રધાન શ્રી એ. એમ. થોમસે જણાવ્યું હતું કે વનસ્પતિને રંગ આપવાના સિદ્ધાંતો સરકારે સ્વીકાર કર્યો છે અને આ માટે નીમવામાં આવેલી સમન્વય સમિતિની બેઠક આવતી ૨૧ મીએ મળનાર.

આંખને આંજી દેતાં બાંધકામો હાથ ધરવાની વાત બેહુદી છે: નહેરુ

નવી દિલ્હી

વડા પ્રધાન શ્રી નહેરુએ શહેરો અને કસ્બાઓના ગંદા વસવાટો નાબુદ કરવાના મહત્વના પ્રશ્ન પર ભાર મુક્યો હતો. તેમણે કહ્યું હતું કે શહેર સાફ છે કે નહિ એનો નિર્ણય એ શહેરમાં ગંદા વસવાટો છે કે નહિ તેના પરથી આવી શકશે.

હું એ પ્રથમ જાણવા માગીશ કે ગરીબ વસ્તી જે વસવાટોમાં રહે છે એની સ્થિતિ કેવી છે તેઓ માટે સારા સગવડવાળા મકાનો બંધાય છે કે નહિ! શહેરમા બાગ-બગીચા અને એવી બીજી સગવડો કરાય છે કે કેમ? શહેરને સુંદર કહેવા માટેનો આ માપદંડ છે.

વડા પ્રધાન શ્રી નહેરુ 'યુનેસ્કો'એ દક્ષિણ એશિયામાં ઝડપથી અસ્તિત્વમાં આવી રહેલા નવા નગરો અને તેના જાહેર વહિવટના પ્રશ્નો અંગે યોજેલી એક શિબિરનું ઉદ્ઘાટન કરતા બોલી રહ્યા હતા.

શ્રી નહેરુએ અમેરીકા અને ઈંગ્લાંડમાં બંધાતાં નગરો અને શહેરોનું આંધળું અનુકરણ કરી ભારતમાં વિરાટકાય નગરો અને શહેરો બાંધવા સામે ચેતવણી ઉચ્ચારી હતી.

ભારત અને એશીયાના અન્ય દેશોના ગામડાંઓમાં જ્યારે ભયંકર દારિદ્ર પ્રવર્તે છે ત્યારે વિરાટકાય અદ્યતન શહેરો બાંધવાની વાતો બેહુદી છે.

શ્રી નહેરુએ કહ્યું કે શહેરો ભારીના ઝુંપડાઓમાં કેટલાક લોક અગર મને પાર્ક અને સુંદર મકાનો ગમતા નથી એવું નથી, પરંતુ સાચી પ્રગતિ લોકોની પાયાની જરૂરિયાતો અને તેમના જીવન ધોરણમાં સુધારો થાય એમાં રહેલી છે.

પાછા આવેલ પ્રમુખ અયુબખાને દર્શાવેલો મંતવ્ય

પ્રમુખ અયુબખાને તેના ૧૨ દિવસના યુરોપસાથીઓ અને પશ્ચિમ જર્મનીના પ્રવાસ બાદ કરાંચી પાછા આવી ગયા ત્યારે તેમનું પાકીસ્તાનની મધ્યસ્થ કરાંચીના વિમાન મથકે ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

પ્રમુખ અયુબ ખુશ ખુશાલ દેખાતા હતા પરંતુ તેમને જરા શરદી થઈ હોય તેમ લાગતું હતું. પ્રવાસ દરમીયાન પણ તેઓ પોતાની સાથે રાજકારભારની ફાઈલો ફેરવતા અને મોડે સુધી કામ કરતા.

મોસ્કો જશો?

અખબારોના પ્રતિનિધિઓ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે પ્રસિદ્ધ થયેલા સમાચારો કહે છે કે હું મોસ્કો જવાનો છું પરંતુ મને કોઈ એવું આમંત્રણ હજુ સુધી તો મળ્યું નથી.

આમંત્રણ મળે તો તમે મોસ્કો જશો એવા પ્રશ્નના જવાબમાં પ્રમુખ અયુબે હસીને કહ્યું કે પાકીસ્તાનને ફાયદો મળતો હોય તો હું મોસ્કો તો શું ચંદ્રમાં પણ જવા તૈયાર છું.

તેમણે કહ્યું કે મારા પ્રવાસથી પાકીસ્તાનના આ બન્ને દેશો સાથેના સંબંધો ગાઢ બન્યા છે અને પાકીસ્તાનની વિકાસ યોજનાઓને મદદ પણ મળી છે.

બહારની મદદ

જર્મન સરકારે ૨૫ કરોડ માર્કની લોન આપવાની ઓફર કરી છે જેના વ્યાજના દર બજાર કરતાં ઓછા મળે છે. બીજા ખાનગી ઉદ્યોગપતિઓ પણ મૂડીનું રોકાણ કરશે. એ પોતાની ઓછી ભાગમાં પણ વાટાઘાટો થઈ છે.

તેમણે કહ્યું કે યુરોપસાથીઓ અને પશ્ચિમ જર્મનીમાં તેમણે સર્વ સ્થળે પાકીસ્તાન પ્રત્યે સંપૂર્ણ સદ્ભાવ નીહાળ્યો છે અને આ બન્ને દેશો પાકીસ્તાનને મદદરૂપ થવા આતુર છે.

ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કં. લીમીટેડ
હિન્દીયાની મુખ્ય કંપની
અમે વહીવટ કરીએ છીએ:—
આગ, દરીયાઈ, અકસ્માત, મોટર, માલ, ચોરી,
ઘર કુટુંબ, ઘર આદિ (સાથે) અકસ્માત વિ.
સાઉથ આફ્રિકાની અંદર મુખ્ય અમલદારો
જાલભાઈ રૂસ્તમજી એન્ડ સન,
૧૪૦ ક્વીન સ્ટ્રીટ, ડરબન.
ફોન: ડરબન ૨૫૮૪૫, ૨૮૫૧૩, ૨૮૯૩૪.

તમને ખબર છે
કે ન્યુ ઇન્ડિયા, ઇન્ડિયાની સૌથી મોટી વીમા કંપની છે.
કે ન્યુ ઇન્ડિયા ની શાખાઓ ૪૫ દેશોમાં છે.
કે ન્યુ ઇન્ડિયાની ૬૫ શાખાઓ કેવળ દરિયાપાર જ છે.
કે ન્યુ ઇન્ડિયા: આગ, દરીયાઈ અને અકસ્માત ઉપર ૬૦,૦૦,૦૦૦ પાઉન્ડ પ્રીમીયમ લેખી રહે છે.
સહિસલામતી અને તાત્કાલિક સેવા માટે
ન્યુ ઇંડીયા
સાથે વીમો ઉતરાવો.

રાણીએ રાજસ્થાની ખેડૂતનાં ખોરડાંની લીધેલી મુલાકાત

જયપુરના રાજમહેલને સિંહદ્વારે જયપુરનાં રાજમાતાએ રાણી એલીઝાબેથનું ભારતીય સંસ્કૃતિ મુજબ સ્વાગત કર્યું હતું. રાણી હાથીના હોદા ઉપરથી નીચે ઉતરતાં સિંહદ્વારમાં જયપુરનાં રાણીએ ઓરતો સાથે તેમને અક્ષત-પુષ્પથી વધાવ્યાં હતાં.

રાજસ્થાની પોશાકમાં સજ્જ અને સાથોસાથ રાજસ્થાની યુવતીઓ બે હારમાં સ્વાગત માટે ઉભા રહેલ હોઈ રાણીના પગલે પગલે તેમણે પુષ્પ પાથર્યાં હતાં.

જયપુરનાં રાણીએ આ શાહી મહેમાનનું ઉમળકાભેર સ્વાગત કરી રાણીને વિશ્વવિખ્યાત જયપુરી બાંધણી અને રાજસ્થાની મહિલાઓનો ભરતભરેલો પોશાક ભેટ આપ્યો હતો.

રાણીના કુંવર-પ્રિન્સ માટે રાજસ્થાની અચકન અને જોધપુરી ચોરણી અને સાફો તથા કુંવરી-પ્રીન્સેસ માટે રાજસ્થાની કન્યાનો પોશાક અને રમકડાંની ભેટ આપી હતી. રાણી આ ભેટ જોઈ ખુબ જ આનંદ પામ્યાં હતાં.

રાણી એલીઝાબેથ અને તેમના પતિ ડયુક ઓફ એડીનબરો નવી દિલ્હીથી રાજસ્થાનની અલબેલી નગરી ગણાતા જયપુરની મુલાકાતે નવી દીલ્હીથી આવી પહોંચતા ત્યાં તેમનું જયપુરનાં રાણી તરફથી ઉપર મુજબ ભવ્ય સ્વાગત થયું હતું.

જયપુરના વીમાની મથકે ઉતરતાં જયપુરના મહારાજાએ તેમનું સ્વાગત કર્યું હતું. વીમાની મથકથી જયપુરના રાજમહેલ સુધીના આખે રસ્તે લાખો લોકો રાણીનું સ્વાગત કરવા વહેલી સવારથી હાજર હતા.

વીમાની મથકેથી સવારી ફરતાં રાણીએ જયપુરના રાજા સાથે હાથીના હોદા પર બેઠક લીધી હતી. બીજા હાથી પર ડયુક એડીનબરો બેઠા હતા રાજમહેલમાં આવી હતી. હેઠ રાણી આ ઉપર મુજબ જયપુરના રાજકુટુંબ તરફથી તેમનું સ્વાગત થયા બાદ રાણી અને તેમના પતિ જયપુરથી ત્રીસેક માઈલ ઉપર આવેલ રાજસ્થાન માં જ નહિ પણ સમસ્ત ભારતમાં મહાન પવિત્ર ગણાતા [illegible] ના તિર્થધામની મુલાકાતે ગયાં હતાં.

જયપુરથી નવ માઈલ દૂર આવેલ બાસાડોટની પ્રાથમિકશાળા જોવા પણ તેઓ ગયાં હતાં અને ત્યાં રાણી હાથી ઉપરથી ઉતરી પગે ચાલી કેટલાક ખેડૂતોનાં ખોરડાંમાં પણ ગયાં હતાં અને ગ્રામજીવનની ઝાંખી કરી હતી—ગ્રામ્ય ખેડૂતો સાથે વાતો કરી હતી. તેમનાં ખેતીના ઓજારો—હળ વગેરે તથા તેમનું પશુધન નજરે નિહાળ્યું હતું.

અહીં આ ગામડાના લોકોએ રાણીને તેમની કુંવરી માટે, રાજસ્થાની કન્યાનો ખાદી પર ભરતકામ ભરેલો પોશાક ભેટ આપ્યો હતો જે રાણીએ ખુબ જ હર્ષભેર સ્વીકાર્યો હતો.

લુમુમ્બાનું ખુન—વિશ્વવ્યાપક પડઘા

(પહેલા પાનાનું અનુસંધાન)

સ્થાન ઉપર હતા અને અંતાંગાન' બનાવો પછી બિલકુલ અટકેલો નથી.

યુ. એન.ની તકેદારી

લિઓપોલ્ડવીલમાં જાહેર થયું છે કે યુ એન નું લશ્કર મિ. લુમુમ્બાના ખુન પછી ધમાલ થાય તે માટે સાવચેત બન્યું છે. સાવચેતી રાખવાના ખાસ વિસ્તારો છે કીવુ પ્રાંત અને ઓરીએન્ટલ આ લુમુમ્બા પક્ષવાળાના પ્રદેશો છે.

યુ. એન.ના ખાસ પ્રતિનિધિ શ્રી. દયાલે કહ્યું છે કે આ ખૂન "આઘાતકારક અને ભયાનક" છે. રાજદ્વારી વ્યક્તિઓનું આવી રીતે ખૂન થાય એવા પગલા તો પાશવી. અને એ શાંતિના પગલા નહિ પરંતુ વિનાશના છે.

લુમુમ્બાની પત્નિ

મંગળવાર: આજ રોજ એવા સમાચાર મળ્યા છે કે મી. લુમુમ્બાની પત્નિ લગભગ ૧૦-૨૦ સ્વજનોને લઈ ઉઘાડા પગે શ્રી રાજેશ્વર દયાલને મળવા ગઈ હતી. શ્રી રાજેશ્વર દયાલે એમની મુલાકાત લીધી હતી. શ્રીમતી લુમુમ્બાની એવી અરજ હતી કે શ્રી રાજેશ્વર દયાલ લાશ મેળવી આપે જેથી તે યોગ્ય ક્રિયાથી લુમુમ્બાની લાશને દફનાવી શકે. શ્રી દયાલે આ બનાવને 'ખેદજનક અને ભયંકર' કહી, સારી રીતે શ્રીમતી લુમુમ્બાને સમજાવી કહ્યું કે મી. કાંસાવુબુ લાશ મેળવવાની ખટપટ કરી રહ્યા છે અને એ લાશ મેળવતાંજ તેઓ શ્રીમતી લુમુમ્બાને એ સુપ્રત કરશે.

મોટી મુંઝવણ

(૪૨ પાનાનું અનુસંધાન)

તે જુએ છે જીવનની જટીલતાની હદ હોય છે. એથી આગળ માણસનું અસ્તિત્વ જ ખતમ થઈ જાય છે.

આ બધું વિચારીએ છીએ ત્યારે ખ્યાલ છે કે શું આજે જે રીતે આપણે રહી રહ્યા છીએ તે વિચાર નથી માગતું! એક એ માર્ગ છે કે વાપરો અને ત્યાંથી મેળવી વાપરો ને જીવનને સફળ બનાવો. બીજો માર્ગ છે જીવનને માટે જેટલું જરૂરી છે તે એવી રીતે વાપરો કે જેમ વપરાતું જાય તેમ નવું ઉત્પન્ન થતું જાય. આ સનાતન જીવનનો રાહ છે. અહિંસક જીવનની પદ્ધતિ છે. તેની ઝાંખી પૂ. બાપુજીને થઈ હતી. એ વાત તેમણે આપણને કહી અને કરી બતાવી. એવી સુખમાં સ્વાર્થી જીવન કર્યું પણ આપણે એવા ભપકામાં અંજાયા છીએ કે આવી પાયાની વાત નજરમાં આવતી નથી. આપણે આંખો મીંચીને દોડીએ છીએ—અંધે માર્ગે નાશવંત જીવન તરફ. આ હિંસક જીવન છે. એ જીવન તરફની દોટ એ બધા કરતાં વધારે ખતરનાક છે ને તેમાંથી પશ્ચિમનાં રાષ્ટ્રો તો બચતાં નથી પણ આપણે હજુ એવા જીવન માટે ટેવાયા નથી એટલે બચી શકીએ એમ છીએ. પણ એમાંથી આપણા બચવા માટે જુદા નિર્ણયો કરીએ કે જેમ એ આપણા સૌની મોટી મુંઝવણ છે.

—'વિશ્વવાત્સલ્ય'માંથી.

ઇનકમટેક્સ, પ્રવાસ ટેક્સ રીટર્ન્સ, પાસપોર્ટ, રેન્ટ્સ ક્લીઅરન્સ અને ઇમીગ્રેશન માટે મળો:

આર. વીઠલ

૧૨ બ્રાંડી આર્કેડ, ૪૮ માર્કેટ સ્ટ્રીટ,
કોરનર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ,
જોહાનીસબર્ગ, ફોન ૩૩-૧૫૪

ઓરર્સ ટ્રીટમેન્ટ માટે ભેટ

શ્રી એમ મુલા	પ્રિટોરીયા	૧-૧-૦
મેસર્સ બનારસ સ્ટોર્સ	"	૧-૧-૦
શ્રી પ્રેમા મહેતા	"	૧૦-૬
" પી. લાલા	"	૧-૧-૦
મેસર્સ [illegible]	"	૧૦-૬
શ્રી સી. મુલા	"	૧૦-૬
" જે. ભાણા	"	૧૦-૬
" એમ. પરસુ	"	૧૦-૬
" પી. મોમજી	"	૧૦-૬
" જી. મુલાભ	"	૧૦-૦
" ડી. રામજી	"	૧-૧-૦
" આર. ગુલાબ	"	૧૦-૬
" ડો બી. યુ ગોરી	"	૧૦-૬
" જી. એસ ગોરી	"	૧-૧-૦

* *

આભાર સ્વીકાર:

જીવણભાઇ ડાહ્યાભાઇ ગોપી એર્મેલો	૧-૧-૦
પીટરમેરીત્ઝ સજાઇ સ્ટોર્સ પ્રસ્ટર્ડન	૧૨-૦
ભાણાભાઇ જીવાભાઇ દેસાઈ	૧-૧-૦

પરચુરણ

—દીલ્હીમાં કુતુબ મિનાર પાસે ખોદકામ કરતા જુના સમયના સોનાના સીક્કાઓ હાથ લાગ્યા છે, આ સીક્કાઓ એક એક તોલાના વજનના છે અને તેનું બધું મળીને ૧૪ મણ વજન થાય છે. પુરાતત્વશાસ્ત્રીઓનું કહેવું છે કે આ સીક્કાઓ તઘલખ વંશના આરંભ કાળ સમયના વખતના છે.

—રોમ અને તુનીસથી ૫૦ માઈલ ઉત્તરમા એક રશિયન સરકારી હવાઈ વિમાન તુટી પડતાં ૧૭ ઉતારુઓ માર્યા ગયા હતા. આ વિમાનમાં સરકારી અને બીજા ઉતારુઓ હતા. પાંચ દિવસની તપાસ પછી ભાંગી પડેલા વિમાનનો ભંગાર મળી આવ્યો હતો.

—સૌરાષ્ટ્રમાં અફીણના આપઘાતના કિસ્સા તો સામાન્ય છે પણ તાજેતરમાં એક અજબ કિસ્સો બહાર આવ્યો છે. રાજકોટથી પચાસેક માઈલ દૂર આવેલા ચરખા ગામે એક કણબી સ્ત્રીએ પોતાનો પતિ મારતો છે એવા સાહેદીઓના જે માંથી કરાણાને આપઘાત કરતાં ચકચાર ફેલાઈ હતી.

—લંડન: ૧૫૪ વર્ષ પહેલાં નેપોલીઅન સામેની લડાઈમાં પકડાયેલા કેદીઓને રાખવા માટે બાંધવામાં આવેલ 'ડાર્ટમુર' જેલખાનું હવે તોડી પાડવામાં આવનાર છે.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!

સોંઘવું મળશે, લાંબું ચાલશે, ખરીદી કરશો.
અમારે ત્યાં નીચેની તમામ ચીજ વસ્તુઓ મળે છે.

સ્ત્રીઓ માટે: રેશમીયા, સુંદર રંગના અને જીણા અનેક જાતની સાડીઓ, સીવવાનો પણ સામાન, સરસ જુતાના અન્ડરવેર, પુલોવર, કાર્ડીગન, સ્લીપર્સ, ગરદો, શોક્સ વિ.

બાળકો માટે: નાના મોટાના ફ્રોક્સ, ટોપી, બ્લાઉઝ, કોટ, સ્લીપર્સ, મફલર, શોક્સ, નેપકીન્સ, ફુલસેટ, પેટીકોટ, નાઇટડ્રેસ, બીબ્સ, ફેન્સી શોપ્સ, ભાત રંગના વિ.

ઉત્તમ પસંદગી ક્વાલીટી, રંગના હાથ કારીગરી જોઈ, ગાદી, વિ.
વેપાર માટે અમારી સેવા સદાના સ્ટોકીસ્ટ રહીશું, બાજુએ, ફોનોરકો.
ચિંતા ન કરો! સારો માલ વેચાઈ જતાં શી વાર!!

સરનામું યાદ રાખો: ભાણજી હેટર્સ (પ્રો) લી.
(ભીખાભાઈ માસ્તર એન્ડ સન્સ)
કેનાલ હાઉસ — પહેલે માળે, — પો. બો. ૫૨૫૦
માર્કેટ સ્ક્વેરની સામે — ૩૩ વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

વિવિધ વર્તમાન

સ્ટેટ એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ ના ફિલ્મમાં હિંદુ બાળકો

પ્રીટોરીઆથી સ્ટેટ એજ્યુકેશન ડીપાર્ટમેન્ટના બે માણસો ડરબનમાં ફિલ્મ ઉતારતા હતાં ત્યા ફિલ્મમાં ભાગ લેવા માટે તેઓ હીંદુ બાળકો શોધી રહ્યા હતા ત્યારે તેઓ કાહિનાવાડ હિંદુ સેવા સમાજ તરફથી ચાલતી ગુજરાતી શાળાએ આવી પહોંચ્યા. ગુજરાતી શાળાના મુખ્ય શિક્ષકા શ્રીમતી અંબાબહેન ઝુકાબે મદદ આપવાની હા પાડી. શ્રીમતી અંબાબહેન અને શ્રીમતી શારદાબેન શીવાધર શાખાવાળીએ ૧૪ બાળિકાઓને બે દિવસમાં તૈયાર કરી નાખ્યા.

આ ફિલ્મ લેતી વખતે નાચવાના મ્યુઝિકનો રેકોર્ડ પણ આપ્યો હતો. આ ફિલ્મમાં એક વરસનો અનીલ કુમાર સોમરાજ પણ તેની માતા સાથે હતો. માતા બાળકની સાથે આગે એ દરમ્યાં તેણી હતા શ્રીમતી અંબાબહેન અને શ્રીમતી શારદાબેન ન હોત તો આ ફિલ્મવાળાને આ ફિલ્મ માટે ઘણી જ મુશ્કેલી પડી હોત.

ફિલ્મવાળાએ ફિલ્મ ઉતાર્યા બાદ શ્રીમતી અંબાબહેન અને શ્રીમતી શારદા બહેનનો, તેમની મદદ માટે હાર્દિક આભાર માન્યો હતો.

વ્યાપારી પ્રતિનિધિ મંડળ મોકલવાનો અનુરોધ

ફેડરેશન ઓફ પાકીસ્તાન ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ શ્રી કાસુ પાકીસ્તાનના પ્રવાસે આવતાં તેમણે કરાંચીમાં અખબારોના પ્રતિનિધિઓને કહ્યું કે પાકીસ્તાને એક વેપારી પ્રતિનિધિ મંડળ પૂર્વ આફ્રિકામાં મોકલવું જોઈએ.

તેમણે કહ્યું કે પૂર્વ આફ્રિકા પાકીસ્તાનને કપાસ માલ આપી શકે તેમ છે અને પાકીસ્તાનની બનાવટનો માલ ચોખા વગેરે આયાત કરી શકે તેમ છે.

બન્ને દેશો વચ્ચેનો વેપાર વધી શકે તેવી ખાત્રી ધરાવતા હોવાનો તેમણે મત જાહેર કર્યો હતો, અને વેપારી પ્રતિનિધિ મંડળ મોકલવાનો અનુરોધ કર્યો હતો.

આફ્રિકાના રાજદ્વારી વાતાવરણમાં આવતા પલટા

આફ્રિકામાં રાજદ્વારી દબાણ ને પલ્ટો આવી રહ્યો છે તેના ભાગ રૂપમાં તરીકે કેન્દ્રીય ન્યાસાલેન્ડ આફ્રિકન લીજીસ્લેટીવ કાઉન્સીલના પ્રથમ પ્રમુખ તરીકે એક આફ્રિકનની નીમણુંક થઈ છે.

આ કાઉન્સીલના પ્રમુખ તરીકે શ્રી. ઓમોગેરેને નીમવામાં આવ્યા છે. તેઓ આ કાઉન્સીલના મંત્રી તરીકે વર્ષોથી કામ કરતા હતા અને તે ઉપરાંત ચેરમેન પણ હતા. કેનીયામાં આફ્રિકન પ્રમુખ સાથેની આ ત્રીજી કાઉન્સીલ છે. એકમન ન્યાસા અને મગાલેસમાં આફ્રિકન પ્રમુખો છે.

૧૦મી નવેમ્બરે ત્રીજું વિશ્વ-યુદ્ધ શરૂ થશે!

એક વખત પહેલા વિશ્વના પ્રલયની વાતો કરનાર ઇટાલીના કેટલાક સાધુઓ ગુફા રહેતા હતા એવા છતાં વિશ્વયુદ્ધ અને પ્રલયની તારીખો આપવાનું બંધ તિથિઓ અને ભીખારીઓએ ચાલુ જ રાખ્યું જણાય છે.

તાજેતરમાં સાંગલી ગામના જ્યોતિષ વિશારદ અને સુવર્ણચંદ્રક (ગોલ્ડમેડલ) ના સ્વીકાર પ્રોફેસર આર. ડી. કરમાકરે એવી આગાહી કરી છે કે ૧૯૬૧ એટલે કે ચાલુ વર્ષના નવેમ્બરની ૧૦મી તારીખે ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળશે! આ વિશ્વયુદ્ધમાં રશીઆનો વિજય થશે. લાલચીન અને સામ્યવાદી ચીન (ચ્યાંગ કાઇ શેકનું) બન્નેનું જોડાણ થશે.

પ્રોફેસર કરમાકરનું કહેવું છે કે આ વિશ્વયુદ્ધમાં ઘણાં રાષ્ટ્રો પાયમાલ થશે છતાં ભારત અને પૂર્વના બીજા ત્રણ દેશોનો સિતારો ચમકતો રહેશે.

૧૯૬૧માં આઠ ગ્રહોની યુતી થતી હોવાથી એ આગે જોતાં શ્રી કરમાકરે આ જાહેરાત કરી છે. પ્રો. કરમાકરે, એવી આગાહી પણ કરી છે કે ભારત ઉપર પૂર્વ અને પશ્ચિમ બન્નેની બાજુથી આક્રમણો થશે છતાં તેનું ભાવિ ઉજ્જવળ છે.

ચીનને માનવતાની દ્રષ્ટિએ મદદ કરવા અપીલ

ચીનમાં દુકાળને લીધે પ્રવર્તતા ભયંકર ભૂખમરામાં માનવતાની દૃષ્ટિએ મદદ કરવાની પ્રમુખ કેનેડીને સીનેટના એક સભ્ય તરફથી અપીલ કરવામાં આવી છે.

ઓસ્ટ્રેલીઆ અને કેનેડા આપી મદદ કરી રહ્યા છે. ઘણું ઘઉં ચીન આ દેશોના વહેપારીઓથી ખરીદે છે. બધીનો લોટ અને બીજી ખાધાખોરાકીની વસ્તુઓ લઇને ઉપડી જાય છે.

ચીનને એકલામાં ઓછા દસ કરોડ ટન ખાધાખોરાકીની વસ્તુઓની જરૂર છે. ચીનના વડા પ્રધાને જાહેર કર્યું કે કુદરતી આફતને લીધે ચીનમાં દુકાળ પડ્યો છે બીજા કોઇ કારણ નથી.

કેન્યાટાના દાંત કાઢ્યા

લોડવોર ખાતે અટકાયતમાં રખાયેલ કેનીયાના સામ્યવાદી આફ્રિકન નેતા જોમો કેન્યાટાને કેટલાક સમયથી દાંતની પીડા ભોગવતી પડતી કોઇ તેમના કુટુંબીજનોના માર્ગદર્શનથી નૈરોબીના એક ડેન્ટીસ્ટ-દાંતના ડોક્ટરે લોડવોર જઈ ત્યાં કેન્યાટાના એકી સપાટે બાકીના ૧૬ દાંત કાઢી નાખ્યા. આ બધો સમય કેન્યાટા તદ્દન શાંત બેસી રહ્યા હતા અને દુઃખનો સિત્કાર પણ પાડ્યો ન હતો. કેન્યાટાના દાંત કાઢનાર એ તબીબી જણાવે છે કે કેન્યાટાનું સ્વાસ્થ્ય બહુ જ સારૂ છે.

સીલોનમાં ધુંધવી ઉઠેલું ભાષા-વાદનું ભુત!

સીલોનની રાજભાષા તરીકે સિંહાલીઝ ભાષા માન્ય રખાતાં તે સામેના વિરોધી તરીકે હવે કંઇ રચનાત્મક પગલા લેવા માટે સીલોનની ફેડરલ પાર્ટીએ સીલોનના ઉત્તર અને પૂર્વ પ્રાંતના તામીલભાષી લોકોને ચાલુ મહિનાના—ફેબ્રુઆરીના અંત પહેલાં આખુ ઘવાર આ લડતમાં જોડાવા તૈયાર રહેવાની હાકલ કરી છે.

હવે કાળા ગોરા બની શકશે

ન્યુયોર્ક: અમેરીકાના જાણીતા ચામડી નિષ્ણાત ડૉ. રોબર્ટ સ્ટોલરે આજે વોશિંગ્ટન ખાતે મેડીકલ એસોસીએશનમાં પુરાવાઓ આપીને જણાવ્યું હતું કે કેટલીક દવાઓ કાળા માનવીને ગોરા અને ગોરા માનવીને કાળા બનાવી શકશે. ડૉ. રોબર્ટની સાથે તેમની સારવાર હેઠળની એક કાળી હબસણ હતી જે છેલ્લા ૧૫ વર્ષથી ગોરી બની છે.

અલજીરિયાનાં તોફાનોમાં ૧૧૮ માર્યા ગયા

અલજીયર્સ: સત્તાવાર રીતે જાહેર થયું હતું કે અલજીરીઆમાં ફાટી નીકળેલા તોફાનોમાં પાંચ દિવસમાં ૧૧૮ માણસો માર્યા ગયા હતા. એમાં ૯૮ અલજીરીઅનો છે ૫૩ યુરોપીઅનો સહિત ૩૪૦ સારવાર હેઠળ છે. તોફાનોમાં ભાગ લેવા માટે ૨૧૬ની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ૧૦૪ને નજર કેદ કરવામાં આવ્યા છે, તોફાનો દરમ્યાન ૫૦૦ દુકાનો લુંટાઈ હતી.

ન્યાન્ઝા પ્રાંતમાં કરફયુ ઓર્ડર લાગુ થશે?

ન્યાન્ઝા પ્રોવીન્સમાં બેકાર બનેલા ખેતમજુરો શેરડીના પ્લાન્ટેશનોમાં અવારનવાર આગ લગાડે છે અને શેરડીનો ઉભો પાક બાળી નાખે છે તેથી કેનીયાનો ખાંડનો ઉદ્યોગ ભયમાં આવી પડ્યો છે એ અંગેની વિગતો અમારા આ કટારોમાં પ્રસિદ્ધ થઇ ગઇ છે.

હવે આ બાબતમાં મળતી વધુ ખબરો પરથી જણાય છે કે શેરડી પ્લાન્ટેશનના ન્યાન્ઝા પ્રોવીન્સના એ વિસ્તારના ખેડુતો સરકાર પાસે માગણી કરવાના છે કે બેકાર ફરતા આવેલા મજુરોને શેરડીનાં માટે ખેતરોમાં આગ લગાડવાના પ્રયત્નો કરતાં અટકાવવા આ વિસ્તારમાં કરફયુ ઓર્ડર લાગુ કરવા.

આ મહિનામાં એ વિસ્તારમાં આવી ૧૪ આગ લાગી હતી અને એકલા મીયાની એસ્ટેટમાં જ થોડા વખત ઉપર ત્રીજી વખત આગ લાગી હતી.

આ આગ લગાડનારા નેટીવોના પ્રયત્નો નિષ્ફળ બનાવવા હવે ત્યાં ખેડુતોએ રાત દિવસ ચોકી કરવા માટે સ્વયંસેવક દળ ઉભાં કર્યાં છે—આમ છતાં જો આગના બનાવો ચાલુ રહેશે તો ખેડુતો શેરડીનું વાવેતર બંધ કરી નાંખશે અને તેથી બેકારી ઓર વધશે આવા આગના બનાવોથી પરંપરાથી ખાંડનો ઉદ્યોગ ભાંગતો જાય છે અને તેની અસર ન્યાન્ઝાની તીજોરી પર ભારે થશે.

શીર્ષાસન ભયંકર છે: રશીયાનો અભિપ્રાય

લંડન: ભારતની યોગ પદ્ધતિનું શીર્ષાસન એ ભયંકર પ્રયોગ છે, એમ એક રશીયન સામયિક "ઝોરોવી" જણાવે છે. ઝોરોવીનું આ વંચાણ આજે મોસ્કો રેડીયોએ જાહેર કર્યું હતું. "ઝોરોવી"નો અર્થ આરોગ્ય થાય છે.

રશીયાના આરોગ્ય ખાતાના માણસો એ રોગનો ખાસ અભ્યાસ કર્યો છે, એમ આ સામયિક જણાવે છે.

ગુજરાતી રેકોર્ડો

હીંદુસ્તાનમાં બનેલી ગુજરાતી રેકોર્ડો, હવે
અમારે ત્યાં મળે છે.
૨૦ રેકોર્ડોનું બોક્સ કેવળ શી. ૩૦-૦
રેકોર્ડોમાં ભજનો, નાટકો, ગરબા વિગેરેનો સંગ્રહ છે.
હિંદના "લેટેસ્ટ હિટ" શી. ૨ના ભાવે છુટી મળી શકશે.
આવો તક અને લાભ ફરીથી મળશે નહિ. પેકીંગ મફત—પોસ્ટેજ
મોકલશો—
સી. ઓ. ડી. ના ઓર્ડરો અમે લઇએ છીએ.
નેશનલ રેકોર્ડ કંપની
શોપ ૨, અજમેરી આરકેડ, ઓફ ૧૪૨ એ. ગ્રે સ્ટ્રીટ,
પો. ઓ. બોક્સ ૧૫૭૭, — ડરબન

હિંદના સમાચારો

તા ૧૭-૨-૧૯૬૧.

સાગરકાંઠાની દાણુ ચોરી

સૌરાષ્ટ્રના સાગરકાંઠેથી થતી દાણચોરી રોકવા ભારતના જકાતી સત્તાવાળાઓએ એક નવી યોજના અમલમાં મુકવાનું નક્કી કર્યું છે. આ યોજના આવતા છ માસમાં જ અમલી બનશે એમ જકાત ખાતાના એક ઉચ્ચ અધિકારીએ એક ખાસ મુલાકાતમાં જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે અમુક વિસ્તારોમાં બે અલતન લોંચો દ્વારા ખાસ ચોકી રખાશે. આ ઉપરાંત સાગર કાંઠે ચોકી કરવા બે વાયરલેસોનાં સાધનોથી સજ્જ એવી જીપો રખાશે. આ ઉપરાંત અમુક વિસ્તારોમાં તારની વાડ પણ બંધાશે.

આ યોજનાને અમલમાં મુકવાની અમલ પર એકાદ વર્ષ પૂર્વે જકાતી અધિકારીઓએ ભાર મૂક્યો. આ વખતે સૌરાષ્ટ્રની નામચીન દાણચોર ટોળકીએ કરોડો રૂપીયાનું સોનું ભારતમાં દાણચોરીથી ઘુસાડેલ.

તાજેતરમાં ભારત સરકારના જકાત ખાતાના બે ઉચ્ચ અધિકારીઓ સૌરાષ્ટ્રના ૭ દિવસના પ્રવાસે આવ્યા હતા અને ઉપરોક્ત યોજના અંગે ચર્ચા વિચારણા કરી હતી અને કેટલાક બંદરનાં રસ્તાની મુલાકાત લીધી હતી.

ગુજરાતમાં રીફાઈનરી

નવી દિલ્હી: એવું જાણવા મળે છે કે ગુજરાત રાજ્યમાં સંશોધન કરતા રશિયન અધિકારી મંડળ ગુજરાતમાં જ એક મોટી રીફાઈનરી સ્થાપવામાં રસ લઈ રહ્યા છે. અને આ મંડળ પણ એમ માને છે કે રીફાઈનરી ગુજરાતમાં જ થવી જોઈએ. આ રશિયન અધિકારીઓએ રીફાઈનરી સ્થાપવાના કાર્યમાં સહકાર આપવાની ઓફર કરી છે અને તે અંગે આવતા મહિનામાં સોવિયેટ ટેકનીકલ પ્રતિનિધિ મંડળ વાટાઘાટ ચલાવનાર છે.

'જીવરાજ કરતાં ગોવિંદ મહાન છે'

રાજકોટ: "ગોવિંદ જીવરાજ કરતાં મહાન છે" એમ જણાવીને ગુજરાતના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ તાજેતરમાં ૮ માઈલ દૂરના ગોવિંદપુરના ગામવાસીઓની તેમના ગામને 'જીવરાજપુર' નામ આપવા અંગેની માગણી નકારી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે "ગોવિંદ એ ઈશ્વરનું નામ છે અને ઈશ્વર જીવરાજ કરતાં ખુબ જ મહાન છે માટે જુનું નામ ચાલવું જોઈએ."

૧૯૫૮માં [illegible] રોગચાળાને કારણે ઉજ્જડ બની ગયેલ ગોવિંદપુર ગામના ખંડેરોમાંથી નવા વસાવાયેલ ગામનું ડૉ. જીવરાજ મહેતા ઉદ્ઘાટન કરી રહ્યા હતા.

સુરત જીલ્લામાં પહેલાં મહિલા પોલીસ પટેલ

નવસારી તાલુકાના ચેરા ગામે પોલીસ પટેલની ખાલી જગ્યા માટે એ ગામના શ્રી સારદાબહેન ખંડુભાઈ દેસાઈએ ઉમેદવારી કરી હતી, પણ પ્રાંત ઓફીસરે તે રદ કરી હતી. તે સામે સારદાબહેને સુરત કલેકટરને અપીલ કરી હતી. શ્રી સારદાબહેનની અપીલ માન્ય થતાં ચેરા ગામના પોલીસ પટેલ તરીકે તેમની નિમણુંક થઈ છે. આ રીતે પોલીસ પટેલ તરીકે નીમાનાર આ બહેન સુરત જીલ્લામાં પહેલાં જ છે.

ગોડસેની અરજીનો ચુકાદો મુલતવી રહ્યો

નવી દિલ્હી: ગાંધીજીના હત્યારા નથુરામ ગોડસેના ભાઈ ગોપાલ વિનાયક ગોડસે જે એ હત્યાના સંબંધમાં જન્મટીપ ભોગવે છે તેણે કરેલી હેબિયસ કોરપસ અરજી અંગેનો ચુકાદો સર્વોચ્ચ અદાલતે મુલતવી રાખ્યો છે. ગોપાળ ગોડસેએ પોતાની સજામાં આપાયેલી છુટછાટથી પોતાની સજાની મુદત પૂરી થાય છે એમ જણાવ્યું છે.

રૂા. દસ હજારનો ચોરો શાળા માટે બક્ષીસ કર્યો

રાજપીપળાના મહારાજકુમાર શ્રી પ્રમોદસિંહજી જેઓ ઓરિસ્સા સરકારના મુખ્યસચિવ છે તેઓ જ્યારે હમણાં રાજપીપળા રાજ્ય ઉપર આવ્યા હતા અને ગામજ્યાથી પાછા ફરતા ચોરી ગામે વિસામો લેવા રોકાયા ત્યારે ત્યાંના ગામ લોકોની વિનંતિથી તેમની માલીકીનો રૂા. દસેક હજારનો ચોરો ગામની શાળા માટે બક્ષિસ આપ્યો હોવાનું જાણવા મળે છે.

ગાંધીજીએ લખેલા ૪૦ હજાર પત્રો

નવી દિલ્હી: ગાંધી મેમોરીયલ ફંડે અત્યાર સુધીમાં મહાત્મા ગાંધીએ દેશની વિવિધ વ્યક્તિઓ પર લખેલા ચાલીસ હજાર પત્રો પ્રાપ્ત કર્યા છે.

આ પત્રની આર્કાઈવ્ઝ ઉતારી પત્રના માલિકોને ફોટો-સ્ટેટ નકલો આપવામાં આવે છે; છતાં જે કિસ્સામાં પત્રના માલિકને મુળ નકલ જ પાછી મેળવવાનો આગ્રહ હોય ત્યારે તેની ફોટોસ્ટેટ નકલો ફંડ પોતે જાળવે છે. ફંડ હજી વધુ પત્રો મેળવવા આશા રાખે છે.

દરમ્યાન મુંબઈમાં ફિલ્મ ડીવીઝન ભારતીય તેમજ વિદેશી ચિત્રસર્જકોએ લીધેલી ફિલ્મોમાંથી ૨૦૦૦૦ ફુટ જેટલું સંકલન કરી રહ્યું છે.

ચકલીઓ ગુપ્તચરોને પકડશે

દિલ્હી: ભારતમાં ચકલીને મળતા આવતા એક પ્રકારનાં પક્ષી મળી આવ્યા છે. આ પક્ષીઓની બુદ્ધિ ખુબ તીવ્ર છે. ભારતમાં ઘુસી આવેલા છુપા જાસુસો અને ગુપ્તચરોને પકડવામાં આ ચકલીઓ મદદ કરશે. આ ચકલીઓ આસામમાં થાય છે અને તેમની સંખ્યા ખુબ ઓછી છે. પક્ષી જાતમાં આવી બુદ્ધિ જોઈ વિજ્ઞાનીઓ દંગ થાય છે.

મળેલા તેલમાં પેટ્રોલ, ડીઝલ ને કેરોસિન છે

અંકલેશ્વર નજીક સરથાણ ગામનાં કુવા નં. ૬માંથી મળી આવેલ તેલમાં ૧૨ આની જેટલો પેટ્રોલનો ભાગ છે, જ્યારે બાકીની ચાર આની ડીઝલ અને બે આની કેરોસીન તેલની જાતના હોવાનું જાણકાર વર્તુળોમાંથી જાણવા મળે છે.

કુવામાં ગેસનું દબાણ વધુ હોવાથી ગેસને પાઈપ દ્વારા બહાર કાઢવામાં આવે છે અને તેને બે ફર્લાંગ જેટલે દુર લઈ જવામાં આવે છે. આ ગેસ કુવાની માફક ઉઠતો હોય છે અને તેને સળગાવી દેવામાં આવે છે. આ દૃશ્ય સળગતી મશાલ જેવું દેખાય છે.

કુવા નં. ૬ની આસપાસના વિસ્તારના અને ચારથી પાંચ માઈલ જેટલા દૂરના ગામોના લોકોએ પણ આ દૃશ્ય જોયું હતું.

યોગ ચિકિત્સાથી મધુ પ્રમેહને મટાડી શકાય

નવી દિલ્હી: મધ્યસ્થ આરોગ્ય ખાતાના પ્રધાન શ્રી ડી. પી. કરમરકરે સંસદીય સલાહકાર સમીતીને એવી માહિતી આપી હતી કે હાલમાં અહીં ચાલુ થયેલા યોગ ચિકિત્સા શિબિરમાં ૪૦ જેટલા મીઠી પિશાબના દરદીઓની સારવાર ચાલી રહી છે. પ્રાથમિક દિવસના આ શિબિરના ખર્ચ માટે સરકારે રૂા. ૧૦ હજારની મદદ આપી છે.

યોગ ચિકિત્સાના આ પ્રયોગની સરકાર કાળજીભરી તપાસ રાખે છે. રાજસ્થાનમાં યોજાયેલા આવા શિબિરના પરિણામો પરથી દેખાયું હતું કે મીઠી પિશાબના દરદની યોગ દ્વારા સફળ સારવાર થઈ શકે તેમ છે.

શ્રી પરાગજી રણછોડજી દેસાઈનું અવસાન

કતારગામના રહેવાસી અને અનાવિલ જ્ઞાતિના દહેજ વિરોધી શ્રી છગનભાઈ કે' પરાગજીભાઈ રણછોડભાઈ દેસાઈનું કતારગામમાં ૮૧ વર્ષની વૃદ્ધવયે અવસાન થયું છે. તેઓ પ્રોગ્રેસ કાર્યકર્તા હતા અને જીલ્લા લોકલ બોર્ડના એક સભ્ય હતા. ૧૯૪૨-૪૪માં ચળવળ વખતે જેલમાં પણ ગયા હતા. તેમણે ગામમાં પોતાની પત્નીના નામે કન્યાશાળા માટે મકાન બંધાવી ગામને અર્પણ કર્યું હતું. સ્વ. પોતાની પાછળ પત્ની તથા એક બહેન મૂકી ગયા છે.

ડૉ. દિક્ષીતનું દુઃખદ અવસાન

સુરત: અખિલ રાષ્ટ્રભક્ત, જનસેવક અને સુરત શહેરના આગેવાન નાગરિક ડૉ. મોહનનાથ કેદારનાથ દિક્ષીતનું તેમના નિવાસસ્થાને દુઃખદ અવસાન નિપજ્યું હતું. તેમની તબિયત ગંભીર બની ગઈ હતી. તેમની ઉંમર ૮૭ વર્ષની હતી.

ડૉ. દિક્ષીતે ૧૯૨૮ની [illegible] લડતમાં સક્રિય ફાળો આપ્યો હતો અને ૧૯૨૦-૨૧ની મહાત્મા ગાંધીની ચળવળમાં પણ સક્રિય ભાગ લીધો હતો. સુરત સુધરાઈના પ્રમુખ અને સ્કુલબોર્ડના ચેરમેન તરીકે પણ તેમણે કામ કર્યું હતું. સરકારી અંકુશ નીચે ચાલતી પ્રાથમિક શાળાઓનું સંચાલન કરવા કરવામાં તેમણે અગ્રભાગ લીધો હતો.

૧૯૨૧માં સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ સ્વરાજ પક્ષમાં જોડાઈ તેઓ ધારાસભામાં પણ ચુંટાયા હતા અને ચળવળ વખતે મંડળમાં કામ કરતા સરકારી સિપાઈઓને સરકારે બરતરફ કર્યા હતા તેમને કેસ લડી તેમને પાછા સરકારી નોકરીમાં દાખલ કરાવ્યા હતા.

સુરત પીપલ્સ કોઓપરેટીવ બેંક, સુરત મેડીકલ યુનીયન, સુરત પીપલ્સ કો. ઓ. બેંક, તથા સુરત ડી. કો-ઓપ. બોર્ડ વિગેરે સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતા અને તેને ટેકો આપતા હતા, ઓલ ઈન્ડીયા મેડીકલ એસોસીએશનની ગુજરાત સૌરાષ્ટ્ર શાખાનું ભાવનગરમાં ભરાયેલા વાર્ષિક અધિવેશનનું પ્રમુખસ્થાન તેમણે શોભાવ્યું હતું. ડૉ. મોહનનાથ એક કુશળ ડૉક્ટર હોવા ઉપરાંત આંખના રોગના પણ નિષ્ણાત હતા. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપો.

લાહોરની આગમાં ૧૨ મરણ પામ્યાં

લાહોરની અકબરી મંડી નામના બજારમાં લાગેલી એક ભીષણ આગમાં બાર માનવી જીવતા ભુંજાઈ ગયા અને ૫૦ ઘરો ભસ્મીભૂત થઈ ગયા છે. આગમાં મરનારાઓમાં [illegible] સ્ત્રીઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે.

કાઠિયાવાડની રોમાંચક શૌર્યકથા

ભાઇ બંધી

લેખક: શ્રી ગુણવંતરાય આચાર્ય

કાઠિયાવાડમાં આજથી એક વર્ષ પહેલાં હતા અને પોતાની જમાના પાંચસો ગામ હતું. આજે એનું નામનિશાન નથી. પણ એક જમાના માં એ ગાજતું હતું ને પનોતું ગામ હતું.

ને એના દરબાર સરવૈયા ગરાસિયા પાતાળી ભારે કાંડાબળિયો માણસ. ચાલે તો ધરતી ધ્રુજાવે. હસે તો [illegible] ખમીરભર્યાં કંઠના ઝાડ. આગળાના સિપાઈઓમાં બે જનાવર વઢે. વઢે ત્યારે ભારે ભયંકર. ગાંડો હાથી કે માણસમાર સિંહ પણ એની સામે સિપાઈમાં નહિ જેવા ગણે. એક ખેતર ખૂંદી રામધણ [illegible] તો કોઈની માલિકીનો નહિ ને [illegible] આખા ગામ સમસ્ત ની માલિકીનો આખલો. ને બીજો ઊંટ.

આખલો ચારીને ડાંફને ચિડાઉ કરાવે તો પાડો [illegible] નહિ. સિપાઈઓમાં [illegible] કોઈ ના ગડે. ઊંટના જમાનાની રમત એવી કે [illegible] એક વાર ગમતું ભરે પછી પોતાની મેળે [illegible] ના કરે. માણસને [illegible] પકડી નીચે નાખે ને પછી એની માથે ઊંટ બેસી જાય.

સિપાઈઓમાં બે જનાવર વઢે. સિપાઈઓમાં સામાન્યતઃ પણ કોઈ માણસ એની પાસે ન જાય. પણ વઢેલા હોય તો તો સાત ગાઉ નાસે.

પણ પાતાળી તો એની સામે જાય. પૂંછડેથી પાડી [illegible] ડાંગથી એવા તો માર કે મારી મારીને અધમૂવાં કરી નાખે. [illegible] કપાળમાં એક મૂઠી મારે તો કપાળ તોડી નાખે. ઊંટ મારીને ચઢેલા ઊંટની ગરદન પકડીને એક ઝાટકે મરડી નાખે.

કોઈ રાજ્યનું ચઢે–ઢોર ચઢે તો દસતા વીસ [illegible] પાતાળીની વહાર આવે.

આવું આખ બેબેલા, નિર્ભય, અને કાંડાબળનું એને અભિમાન. એ અભિમાન કોઈ આગળ નમતું કે નહોતું. આખુ કાઠિયાવાડ કહેતું કે કાઠિયાવાડને ઠીક પાતાળી જેવો [illegible] આજ પહેલા પેદા થયો નથી ને હવે થવાનો નથી.

આમ પાતાળ [illegible] એટલે ગામ માં [illegible] આવનાર–જનાર માટે એનો ચોરો [illegible] અભ્યાગત, સાધુ, સંત, ફકીર, ચારણ, ભાટ [illegible] બાપુને માટે [illegible] ને '[illegible] ભાઈની [illegible]'ના [illegible] વખાણ કરે ને [illegible] આવે.

એવા એક બારોટ–નામે સામત બારોટના ઘરમાં [illegible] ગામનાગામ ફરતા ફરતા પાતાળી બાપુની ડેલીએ જઈ ચડ્યા.

કાળા–કસુંબા નીકળતા હતા.

કસુંબાનો એક અનાદિ શિરસ્તો એવો કે એને રંગ દેવો જોઈએ. હાજર તમામની હવેલીમાં પહેલાં કસુંબાની એક એક અંજલિ ભરાય.

પછી ડાયરામાં ચારણ બારોટ હાજર હોય તો તે, નહિ તો કોઈ ઘરડેરો, કોઈ વીર, [illegible] કાંડાબળિયા, સતને [illegible] નાના મોટા માણસને યાદ કરે.

ને એના નામને બધા 'રંગ' આપી ને પછી અમલ ચાખે.

સામત બારોટને જોઈને પાતાળીએ આનંદથી એનો સત્કાર કર્યો ઉમળકા થી કહ્યું,

'વાહ, બારોટ વાહ, ખરે ટાણે પહોંચ્યા. કસુંબા ભરાય જ છે. આજે તો તમારે મોઢેથી કોઈ મરદના નામનો રંગ સાંભળીએ. હો બારોટજી, હો. કોઈ મરદ કે કાંડાબળિયા માનવી ના નામનો રંગ આપો.'

'અરે બાપુ, આપનો હુકમ છે તો રંગ છે.' સામત બારોટે કહ્યું: 'ત્યારે સાંભળો ભાઈ, ને ભાઈઓ [illegible] રંગ છે મૂળુ માણેકને. એની જનેતાને ધન્ય છે [illegible] એને [illegible] કાઠિયાવાડને ઠીક મરદ છે [illegible]!'

પાતાળીનું મોઢું [illegible] થઈ ગયું. એની આંખો [illegible] ઊઠી.

'અરે બારોટ! હું [illegible] મરદાનગીનો રંગ મૂળુ માણેકને. [illegible] વાઘેર ચોરટાને? અને પાતાળીએ કસુંબો' પીવાની અંજલિ ઢોળી નાખી.

'[illegible] બાપુ' બારોટ પણ અંજલિને [illegible] ઊભો થઈ ગયો: 'આખી [illegible] ફોજ, સરકારની ફોજ, પોરબંદર ને જૂનાગઢને નમતી [illegible] પાંચ પાંચ [illegible] પચીસ [illegible] આજ સાત સાત વરસથી એ વાઘેર જુવાનો [illegible] છે બાપુ. ને શું કહે છે બાપુ!

'[illegible] હાથ,
[illegible] તરવારે [illegible].'
'દત [illegible] હાથ,
નર [illegible] નમત.'

'[illegible] બાપુ બારોટ [illegible] ને [illegible] રંગ [illegible] બાપુ, રાજરાજ. હવે કસુંબો [illegible] બારોટ.'

'ભલે રહે. બારોટ હવે રહે [illegible] વાઘેર [illegible] કસુંબો હરામ, સમજ્યો. આજથી પંદર દિવસે પાછો આવજે. ત્યારે રંગ દેજે ને [illegible] કસુંબો [illegible] રજપૂત હોઈશ તો [illegible] ત્યારે [illegible].'

બારોટ તો પંદર દિવસે આવવાનો વાયદો કરીને કસુંબો પીધા વગર ઊઠી [illegible] ગયો.

ને પાતાળીએ સાદ દીધો.

'લાવો મારી ઘોડી.'

[illegible] ઘોડી [illegible] પાતાળી રવાના થયા. સીધા બરડામાં—જ્યાં વાઘેર બહારવટિયા મૂળુ માણેકનો વાસ હતો.

બરડામાં [illegible] પાતાળીએ જે માણસ [illegible] કહેવા માંડ્યું '[illegible] મૂળુ માણેકને મારો આટલો સંદેશો કહાવજો. પાંચસોનો દરબાર પાતાળી તને [illegible] છે. તને મળવા આવે છે.'

(અપૂર્ણ)

સુરત હિંદુ એ. સોસાયટી

(વાર્ષિક જનરલ મીટીંગ)

આથી સર્વે મેમ્બરોને જણાવવાનું કે સોસાયટીની વાર્ષિક જનરલ મીટીંગ તા ૨૬–૨–૧૯૬૧ના રોજ રવિવાર ના બપોરે ૨–૩૦ વાગે સુરત એસોસીએશનના ૧૨૭ વિક્ટોરીયા સ્ટ્રીટવાળા હોલમાં મળશે.

સર્વે મેમ્બરોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

કાર્યક્રમ: (૧) મીનીટસ (૨) મંત્રી નો રીપોર્ટ (૩) ટ્રેઝરરનો રીપોર્ટ (૪) [illegible] રીપોર્ટ (૫) અધિકારીઓ તથા કમીટી સભ્યોની ચૂંટણી (૬) પરચુરણ.

એલ. બી. પટેલ
મંત્રી
સુ. હિં. એ. સોસાયટી

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

અનેક જાતનાં નાયલન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ બાળકો અને પુરુષો માટે તૈયાર જાતના [illegible], [illegible] અને [illegible] માટે—[illegible] વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા ભલામણ.
૩૩ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન: ૮૩૫-૬૩૮૬ — બોક્સ ૧૫૪૯.

શુભ પ્રસંગો માટે ભેટ!

સ્ત્રીઓ અને પુરુષો માટે

ઘડીયાળ!

૧૭, ૨૧ અને ૨૫ જ્યુલનાં
ઓટોમેટીક કેલેન્ડર.

- રોમર
- રોકરી
- લેસ્લે
- રૂસર

વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરુષોના શર્ટ સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.

હોલસેલ ભાવે મળશે

બોક્સ ૫૯૮૮, ફોન: ૮૩૫-૨૧૦૫.

વલ્લભભાઈ બી. પટેલની કું.
૪૮, માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

સમાચાર સંગ્રહ

—વેસ્ટ જર્મનીનું આર્થીક મીશન પછાત દેશોને મદદ કરવાની દ્રષ્ટિએ અહિં આવેલું છે તે જોહાનીસબર્ગ રોડેશિયાને પણ નૈરોબી વિમાન માર્ગે ગયું છે.

—જ્યોર્જીયામાં છેલ્લાં ૧૮૫ વર્ષથી જે યુનીવર્સીટીની શાળામાં ગોરા સિવાય બીજી કોમનાં બાળકો દાખલ થઈ શકતાં ન હતાં તેમાં એક હબસી છોકરી અને એક હબસી છોકરાને કોર્ટના હુકમ અનુસાર દાખલ કરવામાં આવેલ છે. તોફાનો જરા શાંત થઈ ગયાં છે.

—સુરતમાં શ્રીમતી સુમતિબહેન નટવરલાલ શાહે 'સંસ્કારલક્ષ્મી' નામના સાપ્તાહિકનું ડેકલેરેશન નોંધાવ્યું છે. આ પત્ર ટુંક સમયમાં ગાંધીજી મહિલા મંદિર, વનિતા શાળા સુરત તરફથી પ્રકટ થશે, અને તે તમામ મહિલા પ્રવૃત્તિના મુખપત્ર તરીકે ચાલશે અને દર ગુરૂવારે પ્રસિદ્ધ થશે.

—ભારતમાં ઘડીયાળ બનાવવાનું પહેલું કારખાનું બેંગ્લોરમાં શરૂ થશે તેનું ખાતમુહુર્ત ઉદ્યોગ પ્રધાન શ્રી મનુભાઈ શાહને હાથે થઈ ગયું છે. આ કારખાનું જાપાનની એક પેઢીના સહકારથી શરૂ થાય છે અને તેને તૈયાર થતાં બે વર્ષ લાગશે જ્યારે ઉત્પાદન શરૂ થવા લાગશે ત્યારે તેમાંથી દર વર્ષે ૩૬૦,૦૦૦ ઘડીયાળો બનશે.

—કોલોનીયલ સેક્રેટરી શ્રી. મેકલેઓડે પોતાના હોદ્દાના પહેલા જ વર્ષમાં પૂર્વ અને મધ્ય આફ્રિકાને પારાવાર નુકશાન કર્યું છે એમ સંસ્થાનવાદી ઈસ્ટ આફ્રિકા અને રોડેશીયા નામનું લંડનથી પ્રસિદ્ધ થતું બ્રિટીશ છાપું આક્ષેપ કરે છે.

—યુનાઈટેડ આરબ રીપબ્લીકની પાર્લામેન્ટની આગળ બેઠકમાં સ્ત્રીઓના હક્ક નામનું બીલ રજુ થનાર છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે યુનાઈટેડ આરબ રીપબ્લીકમાં પુરૂષ પોતાથી અર્ધી ઉમ્મરની સ્ત્રી પરણી શકશે નહિ. વૃદ્ધ પુરૂષોને યુવાન વયની કે યુવાન પત્નીઓ પરણવાનું આથી બંધ થશે.

—જોહાનીસબર્ગમાં નાઝ સીનેમા ચલાવતી એક મુસલમાનની મોટર ચોરી જવા માટે તથા તે સંબંધે ખાતે થઈ જઈ તેના પાર્ટ જુદા કરી નાંખવાના ગુન્હાસર ત્રણ યુરોપીયન યુવાનોને ગુન્હેગાર ઠરાવી દરેકને છ-છ મહીનાની સજા ફરમાવી છે તેમ માલીકને દરેક નુકશાન બદલ સો ગુન્હેગારે નુકશાન તરીકે ૨૧૭ શીલીંગ આપવા એમ પણ ફરમાવ્યું છે.

—જોહાનીસબર્ગમાં મોટરોના લાયસન્સ ૧૯૬૧ માટે લેવામાં આવ્યાં છે કે નહિ તેની ચોકસી કરવા હવે જોહાનીસબર્ગની પોલીસ લાઈસન્સ ચેક કરવાનું કાર્ય હાથ ધરનાર છે.

—નાઈરોબીમાં પેટ્રોલ પંપ સરવીસ સ્ટેશનોના આફ્રિકન કર્મચારીઓએ પાડેલી હડતાળનો ૨૪ કલાકમાં જ અંત આવી ગયો છે. આ હડતાળમાં જોડાયેલા ૧૦૦ કર્મચારીઓને નોકરી પરથી દુર કરાયા છે અને આમ આરે આ હડતાળનો અંત આવી ગયો છે!

—રંગુન નજીકની એક ખાડીમાં બે ખાડીની એક સ્ટીમલોન્ચ ડુબી જતાં તેમાં ૫૦ માણસો ડુબી ગયા હતા જેમાં મોટા ભાગનાં તો બાળકો હતાં.

—ઈન્ડોનેશીયામાં કેટલાક માણસોની ગીરફતારી ધરપકડ થઈ છે. ઈન્ડોનેશીયાના એટરની જનરલે આ બાબતમાં ખુલાસો કર્યો છે કે આ માણસો જેઓ સરકારી અમુક અધિકારીઓનો નાશ કરવાના કાવત્રાં કરતા હતા.

—ત્રીજી પંચવર્ષીય યોજનાને અંતે ભારતમાં ૧ અબજ ૭ કરોડ રૂપીઆને ખર્ચે ૧૦૦ ઓદ્યોગીક વસાહતો તૈયાર થશે.

—મુંબઈ પાસે આવેલી એલીફન્ટાની ગુફાઓ જેવા શીલ્પકળાની અજબ કૃતિઓ છે તેને સહેલાણીઓ માટે વધુ સગવડવાળી કરવાના સરકારે નીર્ણય લીધો છે. તેમાં પાણી તથા વીજળીની સગવડ થશે અને એક ગેસ્ટ-હાઉસ રેસ્ટોરા પણ બાંધવામાં આવશે.

—એર ઈન્ડીઆએ લંડન ટોકીઓ વચ્ચે જેટ વીમાન સર્વીસ શરૂ કરી છે અઠવાડીયામાં બે વાર એ સર્વીસ રહેશે અને ૩૦ કલાકમાં લંડનથી ટોકીઓ પહોંચાડશે.

—ભારતની બે પોલાદ ભઠ્ઠીઓમાં એક દિવસમાં ૧૯૮૫ ટન પોલાદ બનાવવામાં આવેલું હતું. અગાઉનો રેકોર્ડ ૧૮૪૫ ટનનો હતો, ત્રીજી ભઠ્ઠી પણ થોડા દિવસમાં કામ કરતી થઈ જશે. દુર્ગાપુરમાં દિવસના ૯૨૦૦ ટન પોલાદના ઢાળ પડે છે.

—પાકીસ્તાનના ડીપ વાટર યંત્ર સામગ્રી પશ્ચિમ જર્મની પુરી પાડશે કે જેથી રેતાળ વેરાના પ્રદેશોની ખીલવણી કરી શકાશે.

—રમત ગમતના ક્ષેત્રમાં પાકીસ્તાન ટીમ આગળ વધે તે માટે સરકારે એક કોન્ફરન્સ બોલાવી છે. એમાં સમય પહેલા જાહેર થયું હતું કે ફુટબોલના ખેલાડીઓને તૈયાર કરવા નિષ્ણાતો રોકાશે.

—કવિવર રવીન્દ્રનાથ ટાગોરની આઠી કૃતિઓના ૫૦,૦૦૦ સેટ આ વર્ષ દરમ્યાન પ્રસિદ્ધ થવાના છે. ટાગોરની કૃતિઓ સસ્તે ભાવે જનતાને મળે તે માટે આ પ્રબંધ થયો છે.

લગ્ન પ્રસંગો માટે

અમને મળો.

સુરતી જમણના અમે સ્પેશ્યાલીસ્ટ છીએ.

શ્રી કેપીટનની જાત દેખરેખ નીચે યુનીયન અને રોડેશીયાના લોક પણ આવ્યા અમારે ત્યાં આવી રસોઈ અપનાવી અને સ્વાદ લઈ ગયા.

કેપીટન્સ બાલ્કની હોટે

(ધી કોર્નર મીઠાઈ હાઉસ)

ગ્રે અને વિક્ટોરીઆ સ્ટ્રીટના ખુણાપર — ડરબન

ફોન નંબર ૨૩૭૨૪ ટેલીગ્રામ:

આદુ, લસણ બજાર ભાવ, નારીએળ નં. ૧ શી. ૧-૭,
બેગ (નંગ ૧૦૦) શી. ૧૦-૭.

દુકાન દાર માટે બાંધવાના ન્યુઝપેપર બજાર ભાવ,
બટાટા, ડુંગરી (કાંદા), સુકા લાલ મરચા, ખજુર, સુકા કોપરા,
સોનેરી રંગનો ગોળ, દરેક જાતનો મરી મસાલો વિગેરે હમેશાં સ્ટોક
રાખીએ છે. [illegible] અને મેથી બજાર ભાવ, [illegible].
સુપ, રતાળુ, આખા હળદર અને ઉંચી હલકાની [illegible] માલ છે.
[illegible], ન્યાસાલેન્ડ અને [illegible] ઓર્ડરો ઉપર
ધ્યાન આપી [illegible] પણ તરત, વ્યાજબી ભાવથી મોકલશું.

All prices subject to Market fluctuations.

A. KADER & Co., (PTY) L

WHOLESALE FRUIT MERCHANTS
P. O. Box 251. — DURBAN.

ધીરૂભાઈ પી. નાયક

[illegible], ૬ [illegible], વીમાની અને બજારના એજન્ટ
હિંદુસ્તાન અગર દુની આમા કોઈ પણ આવની હવાઈ ટીકીટ અગર
માર્ગે મુસાફરી કરવા જેઓ અમારી આગળથી નક્કી કરે.
[illegible], [illegible], [illegible], [illegible], [illegible], વિગેરેના ભાવ
હવાઈ આપીએ છીએ.
ઈન્કમટેક્ષ, પરચુ [illegible], હિસાબના ચોપડા બનાવવા રેવન્યુ
[illegible] તેમ [illegible] પાસપોર્ટ તેમજ ઈમીગ્રેશનને
બાબતોમાં [illegible] પણ ફી લીધા વિના અમે મફત સલાહ આપીએ
[illegible] સાઉથ આફ્રીકન એસોસીએશન ઓફ એસ્યુરન્સ અને
ઈન્સ્યુરન્સ કંપની નો માન્ય પ્રતિનિધિ

Office:
9 Barkly Arcade,
33 Market Street,
Phone: 339033,
Johannesburg

Residence:
52 Patidar Ma
13 Kort Street,
Phone: 330816,
Johannesburg.

ફરનીચર! ફરનીચર!! ફરનીચર!!!

બેડરૂમ સુટ, ડાઈનીંગરૂમ સુટ, વોર્ડરોબ, ડ્રેસીંગ ચેસ્ટ, સાઈડ બોર્ડ ઓફીસ ડેસ્ક, બુક કેસ, ટેબલ, તથા કીચન [illegible] ભાવે ખરીદી શકશો. અને પધારી લાભ લેવા ચુકશો નહિ.

—બોક્સ, ટેબલ અને કીચન ડ્રેસર—

જે હમારી દેખરેખ નીચે તૈયાર થાય છે. તેનો સ્ટોક હમેશાં તૈયાર રહે છે. માત્ર તેમના પ્રાઈસ લીસ્ટ મંગાવો અને વેપાર આગળ વધારો.

L. MISTRY

51 BREE STREET, BURGERSDORP, J'BURG.
PHONE 33-4691. BOX 2526.

Printed And Published by Mrs Sushila Gandhi, International Printing (Phoenix) Address: INDIAN OPINION, Private Bag, Durban.

Indian Opinion

Founded by Mahatma Gandhi in 1903. Former Editor: Manilal Gandhi—1918-1956.

No. 7—Vol. LIX. Friday, 24th February, 1961

REGISTERED AT THE G.P.O. AS A NEWSPAPER
Price: FOUR CENTS

Indian Judge In Kenya

MR. CHUNILAL BHAGWANDAS MADAN, 48, has been appointed East Africa's first Asian judge. His appointment was recently approved by Queen Elizabeth. Mr. Madan was born in Kenya.

India's New National Museum

NEW DELHI.—The buildings of the new National Museum of India will have in it a collection of some 50,000 items, ranging from excavated materials from Harappa, Mohenjo Daro and several other ancient sites, to miniatures and minor arts.

The new Museum building has only one unit now and two more units are to be constructed. Though it will open with a representation of some of its large collection on view, further galleries will be opened from time to time as they are completed and as the various departments grow.

The collection of costumes representing the various States and regions of India is the first task of the Department of Cultural and Physical Anthropology. The realisation of the present plan was made possible by the munificence of Lord Mountbatten, the first Governor-General of Free India, placing the State rooms of the Rashtrapathi Bhavan at the disposal of the then Director General of Archaeology. In August 1949, the National Museum was formally inaugurated by Mr. C. Rajagopalachari, the Governor General and it was announced that till such time a permanent building for the National Museum was constructed, the museum would continue to function in the State rooms of the Rashtrapathi Bhavan.

The scope of the National Museum is for the present confined to cultural departments such as archaeology, art and anthropology together with chemical preservation, modelling and publication departments and a photographic section as well as a library.

"IMPORTANT STEP"—DR. NAICKER

MULTI-RACIAL MEET WELCOMED

"ALTHOUGH as yet, the Natal Indian Congress has not been invited to the Natal Convention which is being held at Pietermaritzburg on 5, 6 and 7th April, 1961, I welcome the convening of such a Multi-Racial Natal Convention as it would in my opinion be an important step in making the views of all sections of the population—both black and white—clear on its attitude to the Nationalist Government and its Republican Constitution," says Dr. Naicker, President of the Natal Indian Congress.

"However, any talk of utilising the Conference for a special 'Natal Stand' will be opposed by the non-white peoples. We are all South Africans and as such any Provincial separation of the struggle against Nationalist tyranny would only help Verwoerd's Broederbond Republic.

"This Convention should be the forerunner to a National Multi-Racial Convention at which an acceptable alternative Constitution for the Republic of South Africa should be hammered out. Such a Convention will not only assist in uniting all forces opposed to Dr. Verwoerd and his Government, but also assist in bringing about understanding and harmony between the various racial groups in South Africa."

"Such understanding and harmony would undoubtedly be a major step in not only establishing the basis for a truly democratic South Africa, but also for enhancing the name of our Motherland in the eyes of the world.

"What is more, such a National Convention, rallying as it should—all races and all sections of the South African population, would be a sound basis for the final defeat of Apartheid, Racial domination and the tyranny of the Nationalist Government."

"As I see it, therefore, the Natal Convention should from the very beginning make it clear that it could not discuss Natal in isolation from the rest of the Union. It must plan and work for the broadest possible unity on a National Scale, it must issue a clarion call to the rest of South Africa to unite and defeat the Nationalist Government and to work for the establishment of a truly democratic non-Racial Democracy in South Africa," concludes the statement of Dr. Naicker.

"BRUTAL MURDER"

A MASS meeting held under the auspices of the Congress Alliance (Natal) at the Bantu Social Centre, expressed its shock and abhorrence of the brutal murder of Patrice Lumumba, the elected Prime Minister of the Republic of Congo and two of his Ministers.

Among the killers of Lumumba, this meeting named the Belgian Colonists, the imperialists, Dag Hammarskjold, the Secretary-General of the United Nations and the Congolese renegades led by Tshombe, Kasavubu and Mobutu.

Nehru On Lumumba's Death

MURDER BY PEOPLE IN HIGH PLACES

("Indian Opinion" India Service)

NEW DELHI.—Prime Minister Nehru has in a statement in New Delhi on the death of the former Congolese Prime Minister, Mr. Lumumba, called for strong and effective action to punish those who may be guilty of this brutal act.

Mr. Nehru said: "This was almost expected. But still it is a great shock. This is the culmination of a series of tragic and deplorable events which have been happening in the Congo."

He added that murder had been committed, probably by the people who occupy high places in the Congo. There has been quite enough of putting up with these people and the time has come when strong and effective action to punish those who are guilty must be taken. Unless this is done with speed and the entire situation in the Congo pulled up, the consequences are going to be far-reaching. It will be increasingly difficult for the countries to associate themselves with an attitude and a policy which tolerates murder and brutality, he said.

In a message to the United Nations Secretary-General, Mr. Hammarskjold, Prime Minister Nehru has described the murder of Mr. Lumumba and others as an international crime of the first magnitude.

Feeling in India, the Prime Minister has said, is strong and unless steps are taken immediately, it will be difficult for India to associate itself with the policies which permit the perpetrators of these crimes to continue their gangster methods. He has called for a withdrawal of foreign elements supporting Mr. Tshombe and the Army leader General Mobutu.

Mr. Nehru in his message further said that the Secretary-General had been trying his utmost to control the situation in the Congo. But U.N. activities had been obstructed both directly and indirectly by some countries which had been supporting Mr. Tshombe and General Mobutu, he added.

Indian Opinion

Private Bag, Durban.
Telephone: Mount Edgecombe 30
Telegram and Cable: "GANDHI."

FRIDAY, 24TH FEBRUARY, 1961

The Alternative To The Indian College

THERE can be no doubt that there is not a single Indian who is, in principle, in favour of the Indian College temporarily housed on Salisbury Island. There is nothing right, proper or correct about it as far as sound education is concerned. Once this is admitted and accepted the question arises: What are the Indian people going to do about the matter? There is a school of thought which has taken the line that the College should be boycotted and has, pursuant to this arranged an alternative scheme—a correspondence course by means of which Indian students not willing to go to the Indian College can take an external degree through the University of London. Opposed to this view is, possibly, the majority of the Indian people whose sons and daughters are directly affected. Although not agreeing in principle with the establishment of the Indian College they feel they have no practical alternative. They do not think that the Committee organising the alternative classes is providing a realistic and practical alternative.

In a statement the Committee responsible for the alternative arrangements has gone to great lengths to point out that the degrees of the London University are comparable to any in the world and entitle the holders to responsible jobs in the Black states of Africa. One does not question the truth of these statements but there are a number of features in the alternative arrangements which require explanation and elucidation. First and foremost is how many students have firmly enrolled with the alternative arrangements to date as against the hundred or so who have already registered at Salisbury Island. Next how many of these are bursary candidates, i.e. students whose continued enrolment depends on a bursary being made available to them. Yet another question—and we should think a very important one—Will the panel of expert lecturers and tutors who will supplement the students' tuition by correspondence with direct personal lecturing be paid men and women. This is a vitally important question for if they are paid men and women then they are not entitled to create the impression that they are dedicated people. Their lecturing will be a part-time paid job and it is not unfair to presume that as soon as they find suitable alternatives they will leave. If, however, they are standing by to render free and dedicated service to students who are fighting tribal education then they deserve the commendation and the respect of all the civilised world. On the other hand, if they collect a fee for their services, however small, then it would appear that only the students and their parents are making a genuine sacrifice. If the lecturers are to be paid is the

(Continued on next page)

THE FOUNDATIONS OF PRAYER

BEHIND the quality of a rightly held Meeting for Worship lies the quality of the devotional lives of the individuals who attend it. The quality of the individual's devotional life will not be high unless it is built upon the right foundation.

It was well known to Early Friends that the foundation of prayer is what other denominations have called "the practice of the presence of God," a two-fold process to whose two parts they gave the names of "breathing," and "watching."

Both these names imply that the practice of the presence of God must not only take place in our regular hours of quiet, our "times apart." If we stop breathing we die; if the watchman sleeps the enemy storms the castle.

Isaac Penington wrote: "The breathing which the Father gives into the heart of the child, they are breathed back into him in the same spirit of life." This has a special personal appeal to me, for when I was a small child and seized by childish tantrums, my father would take me up in his arms, and as I leant against him my sobs would die away, the tumult in my brain subside, and my pounding heart slow down and begin to beat quietly against his, as we breathed in the same tranquil rhythm.

Thus it is when we "breathe to God," and Early Friends considered that it was only when this communion, this "breathing," was established, that petitionary prayer could rightly be offered, for then our asking will be taught and conditioned by the Holy Spirit himself.

This is not to imply that there is no room or value for the "emergency," the swift petition to God in moments of crisis or danger. Recollection here is instantaneous and instinctive—the prayer is winged with trust. But for the rest of the time we need to practise a steady gentle, often interrupted but always-returned-to response to the love of God; an affirmation of his reality, a trust in his presence, and undaunted expectation of his self-revealing.

ગાંધીગ્રામ (મદુરાઇ), સર્વોદય નેતા શ્રી જયપ્રકાશ નારાયણે જણાવ્યું છે, એશિયા અને આફ્રિકાના નવ આઝાદ દેશોના આગેવાનો વસાહતવાદ વિરોધી ચળવળનો આદિ નેતા બનેલા સામ્યવાદી દેશ-રશિયા-ચીન આદિને પોતાના મિત્રો વસાહતવાદી છે, એ હકીકત તરફ પ્રત્યક્ષ દુર્લક્ષ સેવે છે તેનું કારણ એ છે, આ નવસ્વતંત્ર દેશો પશ્ચિમી સાથે પોતાનો ભાગલી દ્વંદ્વ વિરુદ્ધ ઇચ્છે છે.

આ દેશોના આગેવાનો માટે પશ્ચિમી દેશો અને સામ્યવાદીઓ વચ્ચેનો દ્વંદ્વ વિરુદ્ધ એક કુદરતી લાભ છે, અને તેઓ આ પરિસ્થિતિનો પૂરો લાભ ઉઠાવવા માગે છે.

મને ખાતરી છે કે, કુમોને આ આગેવાનો પોતાના દેશમાં કોઇપણ ભાગનું એમ ઇચ્છતા નથી, પણ પશ્ચિમી દેશોને તેમના મર્યાદાને મજબૂત રહેવા માટે તેઓ કુમોન પ્રત્યે આભારની લાગણી દર્શાવે છે.

વધુમાં શ્રી જયપ્રકાશે કહ્યું હતું કે, આ પ્રકારની નીતિ દૂરંદેશીભરી નથી કારણ કે ચીનની વસાહતવાદ વિરોધી નેતા તરીકે તસવીર ઉભી થશે તો તેથી તેમની જોડે લડે કલ્પાયી રહેલા કરોડો માનવીઓના નસીબે ગુલામી જ રહેશે, અને એશિયા તેમજ આફ્રિકાની પ્રજાઓમાં તેથી જોરો ભય પેદા થશે, આ ભય માટે તેમને કદાચ ફરીથી પોતાની આઝાદી પણ ગુમાવવી પડે.

યુદ્ધ પ્રતિકાર આંતરરાષ્ટ્રીય સંઘની ત્રિવાર્ષિક પરિષદને ખુલ્લી મૂકતી વેળાએ કરેલા પ્રવચનમાં શ્રી જયપ્રકાશે આ અભિપ્રાય રજુ કર્યો હતો.

આમની સભામાં કેન્યાટાની મુક્તિ અંગે ચર્ચા

બ્રિટીશ પાર્લામેન્ટની આમની સભામાં જોમો કેન્યાટાને છોડવા માટે રજુ કરાએલ સૂચન બ્રિટનના સંસ્થાન ખાતાના ઉપમંત્રી શ્રી હ્યુજ ફ્રેઝરે નામંજુર કર્યું છે.

લેબર સભ્ય શ્રી જોહ્ન સ્ટોનહાઉસે જણાવ્યું હતું કે, કેનીયામાં આફ્રિકન બહુમતી સત્તા પર આવે તે અગાઉ કેન્યાટાને જેલમાંથી છોડે તો તે બહુ સારું ગણાશે.

જવાબમાં શ્રી ફ્રેઝરે જણાવ્યું હતું કે અમે આ બાબતમાં બહુજ કાળજીપૂર્વક વિચારણા કરી છે, અને ગયા મેની ૧૦મી તારીખે કેન્યાના ગવર્નરે જે ભાષણ કર્યું હતું તેનેજ અમે વળગી રહીએ છીએ—એ ભાષણમાં ગવર્નરે ચોખ્ખું કહ્યું હતું કે હાલ પરિસ્થિતિ એવી છે કે કેન્યાટાને છોડવામાં આવી શકે તેમ જ નથી.

બ્રિટનનો દ્રષ્ટિકોણ

લેબર સભ્ય શ્રી રોજર હાઉસે જણાવ્યું કે બ્રિટીશ સરકારને હસ્તક્ષેપ કરવો પડશે કે દરની તેમ નજીકની નીતિ તે જોઇ શકતી નથી. જુના ખટારીઓ અને જાગ્રતના ફાળામાં બ્રિટીશ સરકાર કેમ આવી જાય છે? બ્રિટીશ સરકાર એટલું પણ કેમ નથી સમજી શકતી કે કેન્યામાં

(અનુસંધાન માટે જુઓ પાનું ૫૬)

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૨૪ ફેબ્રુઆરી, ૧૯૬૧.

કોમી-કૉલેજના બદલામાંની કૉલેજ

એવો એકે હિંદી ન હશે જે હાલ પૂરતી સોલસબરી આઈલેંડમાં રખાયેલી હિંદી કૉલેજનો સિદ્ધાંતથી વિરોધ કરતો ન હોય. સારૂં શિક્ષણને લાગે વળગે ત્યાં સુધી ત્યાં એવું કાંઈ જ નથી. આ વસ્તુઓનો સ્વીકાર થતાં એ પ્રશ્ન ઉભો થાય છે કે હિંદીઓ આ માટે શું કરશે? એક એવો વિચારસરણીવાળો વર્ગ ઉભો થયો છે, જે એમ માને છે કે આ 'કોમી કૉલેજ'નો બહિષ્કાર કરવો, અને આ લોકોએ હિંદી-વિદ્યાર્થીઓ માટે લંડન યુનીવર્સીટીની ડીગ્રી લેવા માટેની વ્યવસ્થા કરી રહ્યા છે. આ ડીગ્રી વિદ્યાર્થીઓ 'કોરસપોન્ડન્સ કોર્સ' (Correspondence Course) મારફતે મેળવી શકશે. આનો પણ વિરોધ હિંદી-બહુમતિ કરી રહી છે; કારણ કે ઘણા માબાપોના બાળકોને એ પ્રશ્ન સીધી રીતે લાગુ પડયો છે. સિદ્ધાંતથી 'કોમી કૉલેજ'માં નહિ માનતા આ લોકો એમ માને છે કે તેઓ માટે બીજો વ્યવહારિક રસ્તો જ નથી. તેઓ એમ પણ માને છે કે આ કમીટી જે આ લંડન યુનીવર્સીટીનો રસ્તો શોધી કાઢયો છે, તે વ્યવહારિક રસ્તો નથી.

આ કમીટીએ એવો એક અહેવાલ બહાર પાડયો છે કે આ લંડન યુનીવર્સીટીની ડીગ્રી બિજી કોઈ પણ ડીગ્રી સાથે સરખામણીમાં ઉતરતી નથી, અને આ ડીગ્રી મેળવનાર આફ્રિકાના કોઈપણ કાળા સમૂહમાં યોગ્ય જવાબદારીવાળી નોકરી મેળવી શકશે. આ અહેવાલોના સત્ય ઉપર કોઈને સંશય નથી, પરંતુ અમુક એવી વસ્તુઓ છે જેના ખુલાસા થવા જોઈએ. સૌથી પ્રથમ પ્રશ્ન એ છે કે જ્યારે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ કોમી કૉલેજમાં નામ નોંધાવ્યા છે ત્યારે લંડન યુનીવર્સીટીની ડીગ્રી માટે કેટલા વિદ્યાર્થીઓએ નામ નોંધાવ્યા છે? બીજો પ્રશ્ન એ છે કે કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળશે? આ સિવાય બીજો એક મુખ્ય પ્રશ્ન છે, અને તે એ કે પારંગત અધ્યાપકો આ શિક્ષણ આપવા બદલ પગાર મેળવશે કે નહિ? આ પ્રશ્ન મુખ્ય એટલા માટે જ છે કે જો આ અધ્યાપકો પગાર લેશે તો તેઓને સેવાભાવી નહિ કહી શકાય. આ લોકોની નોકરી 'પાર્ટ-ટાઈમ' જ હોવાથી, તેઓને બીજી જગ્યાએ નોકરી મળતા તેઓ ત્યાં ચાલ્યા જશે. જો આ અધ્યાપકો જે વિદ્યાર્થીઓ 'કોમી કૉલેજ'ની વિરૂદ્ધ છે તેઓને જો સેવાભાવથી શિક્ષણ આપે તો તે ઉત્તમ સેવા આપી કહેવાશે. પરંતુ જો આ અધ્યાપકોને થોડો ઘણો પણ પગાર મળે તો તે ત્યાગ કર્યો કહેવાશે નહિ—કેવળ વિદ્યાર્થીઓ અને તેમના માબાપોએ ત્યાગ કર્યો કહેવાય, અને જો અધ્યાપકોને પગાર મળે તો તે વિદ્યાર્થીઓ ભરશે કે સમાજ તેનો ભાર લેશે એનો પણ ખુલાસો થવો જોઈએ.

વહીવટ અંગેનો ખર્ચ તો થશે જ. દર વરસે એ કેટલો થશે અને એનો ભાર કોણ ઉંચકશે? વહીવટ અંગેનો ખર્ચ કેવો થશે? આ બાબતોની જાણ હિંદી-સમાજને થાય એવો રસ્તો શોધી કાઢી કમીટીએ હિંદી-સમાજનો વિશ્વાસ સંપાદન કરવો જોઈએ. આખરે એક મુખ્ય પ્રશ્ન રહી જાય છે તે એ કે આ કમીટી કેટલા વખત સુધી વર્ગો ચલાવશે; કારણ કે વિદ્યાર્થીઓએ 'કોમી કૉલેજ'નો આશ્રય ચાર વરસ સુધી છોડવો પડશે; અને એ દરમીયાન જો વર્ગો બંધ થાય તો આ વિદ્યાર્થીઓનું શું? કમીટી શું એવી બાંહેધારી આપે છે કે આ વરસે જોડાયેલા વિદ્યાર્થીઓને ચાર વરસ સુધીની સગવડ મળશે? જો કમીટી નિષ્ફળ નીવડી તો આ વિદ્યાર્થીઓનું તો આવી જ બન્યું. હિંદી સમાજને આ પ્રશ્નોનો જવાબ કમીટી આપી સંશય દૂર કરે એમ બધા ઇચ્છે છે.

બાની છેલ્લી રાત

[બાની છેલ્લી રાત અમે બાપુના કારાવાસની કહાણી નામના પુસ્તકમાંથી લઈએ છીએ. આ પુસ્તકના લેખિકા ડૉ. સુશીલા નય્યર છે. બાની અને મહાદેવભાઈની અંતિમ ઘડીએ તેઓ હાજર હતાં. તેમની આ ડાયરીમાંથી આ લેખ અમે લઈએ છીએ.—તંત્રી]

૨૨ ફેબ્રુઆરી, ૧૯૪૪

સાત વાગ્યે ઉઠી. હાથમોં ધોઈ હું બાના ઓરડામાં ગઈ એટલે બાએ મને બોલાવી. "સુશીલા!" મેં પાસે જઈ પૂછ્યું, "શું છે બા?" બા કહેવા લાગ્યાં. "સુશીલા મને ઘરની અંદર લઈ જા, મારી સેવાચાકરી કર." મેં કહ્યું, "બા, તમે ઘરની અંદર જ છો. આ જુઓને! તમારી પાસેનું ચિત્ર છે." થોડીવારમાં તો પાછાં બોલ્યાં, "મને ઘરમાં લઈ જાઓ." મેં કહ્યું, "બાપુના ઓરડામાં જવું છે?" બા બોલ્યાં, "હા." મેં કહ્યું, "બાપુના ઓરડામાં જ છો." મને લાગ્યું કે બા કદાચ બાપુ પાસે જવા માગતાં હશે. બાપુ બાજુના ઓરડામાં ફળના રસનો નાસ્તો કરતા હતા. ફરવા જવા નીકળ્યા ત્યારે મેં કહેવડાવ્યું કે, નીચે જતાં પહેલાં બે મિનિટ બા પાસે આવી જજો. બાપુ બાવાળા ઓરડામાં આવ્યા, ચોકીદાર ઉભા રહ્યા. પછી બોલ્યા, "હું ફરી આવું" બાએ કહ્યું, "ના". બા પોતે બાપુને હમેશા કહેતા કે ફરી આવો, પણ આજે તેમને લાગ્યું કે મારી પાસે બેસે તો સારૂં. એટલે બાપુ બાના ખાટલા ઉપર બેઠા. દસ વાગ્યા સુધી બેસી રહ્યા. બા તેમના ખોળામાં સૂતાં હતા.

બાપુ તેમને 'રામ'માં ધ્યાન પરોવવા કહેતા હતા. બીજી જે કંઈ સેવા કરવી પડે તે થોડા થોડા કરતા હતા.

હું દસ વાગ્યે આવી. દેવદાસભાઈ સાથે બેઠી. તેમને નાસ્તો કરાવ્યો. બાની બાબતમાં તેમને [illegible] જોડે વાત થઈ હતી તે તેમણે મને કહી. તેણે ચોખ્ખે-ચોખ્ખું કહ્યું હતું "અમે બાને છોડી દઈએ અને તેમની હાલત વધારે બગડે, પછી બાપુજીને ન છોડવામાં આવે તો તમને એ નિષ્ઠુરતાની પરાકાષ્ઠા લાગશે."

બા બાપુના ખોળામાં શાંતિથી પડી રહ્યાં. તેમના ચહેરાનો ભાવ એટલો શાંત હતો અને એ વખતે બા તેમજ બાપુની જોડી એટલી ભવ્ય લાગતી હતી કે ડૉ. ગિલ્ડર બોલી ઉઠ્યા, "આ દૃશ્ય ફોટો ઉતારી લેવા લાયક છે!"

દસ વાગ્યા પછી મેં બાને કહ્યું, "હવે હું બેસું. બાપુ નાહવાધોવા જાય." બાએ હા કહી. બાપુ ઉઠ્યા. પહેલા થોડું ફર્યા; પછી થોડું માલિશ કરાવ્યું અને સ્નાન કર્યું. હું એકલી બા પાસે હતી.

એકાએક મનમાં વિચાર આવ્યો કે, બા પાસે જાણ્યે અજાણ્યે થયેલી બધી ભૂલોની માફી માગી લઉં. પણ મારા મોંમાંથી એ શબ્દ નીકળ્યા નહીં. એવો વિચાર પણ આવ્યો કે, હવે બાની જવાની તૈયારી છે એટલા માટે હું તેમની માફી માગું છું એમ કદાચ તેઓ માને.

આજે સવારે સાડા સાત વાગે બા મારા ખોળામાં સૂતાં હતાં ત્યારે બોલ્યાં, "સુશીલા, ક્યાં જવાનું? મરી જઈશું?" બા પહેલાં આવી વાત કરતાં ત્યારે હું કહેતી, "બા, ના બા. આ શું બોલો! આપણે બધાં સાથે ઘેર જઈશું." પણ આજે બાને એમ કહેવાની મારી હિંમત ન ચાલી. મેં કહ્યું, "બા, એક દિવસ આપણે સૌએ જવાનું જ છે ને! કોઈને આગળ તો કોઈને પાછળ પણ એકજ ઠેકાણે જવાનું છે."

આ સાંભળી બા શાન્ત થઈ ગયાં. માથું હલાવીને હા કહી. એ વાત હું આગળ ચલાવવા માગતી નહોતી. મુશ્કેલીથી મેં કહ્યું, "બા, તમે મારા પર નારાજ છો? કાંઈ એરંડિયાની બાબતમાં નારાજ થઈ ગયાં હતાં ને?" મને થયું કે કાંઈક વાત કાઢીને બા પાસે આગળ પાછળની ભૂલોની માફી માગી લઉં, પણ બા બહુ અશક્ત હતાં. તેમણે કંઈક જવાબ આપ્યો. ઘણું કરીને "નારાજ નથી" એવું કહ્યું પણ હું બરાબર સમજી ન શકી. આગળ ન બોલી.

આજે પહેલી જ વાર બાએ દાતણ કરવાની ના પાડી. મેં તેમની ઇચ્છા વિરૂદ્ધ સાફ કરવાની કોશિશ કરી, પણ તેમ ન કરી શકી.

મહેતા અને દેવદાસભાઈ ગયા. મહેતા ઘેર અને દેવદાસભાઈ પેનિસિલીન લેવા માટે ગયા. એકાએક બાએ કહ્યું, "મહેતા ક્યાં ગયા? માલિશ કરો." મેં કહ્યું, "ઘેર ગયા છે, થોડીવારમાં પાછા આવે છે." પણ ફરીને કહ્યું, "હજી ગયા નથી, જવાની તૈયારીમાં છે." બોલાવ્યા એટલે મહેતા આવ્યા અને બાને હાથે પગે પાઉડરનું માલિશ કર્યું. દસ પંદર મિનિટ પછી તે ગયા.

કટેલી બાપુને મળવા આવ્યા, બોલ્યા, "દેવદાસભાઈ બાનો ફોટો લેવા માંગે છે. સરકારે આપનો અભિપ્રાય જાણવા મને મોકલ્યો છે." બાપુએ કહ્યું, "મને લાગે વળગે છે ત્યાં સુધી આવી બાબતોની મને પરવા નથી, પણ દીકરાઓ, સગાં વહાલાંઓ અને મિત્રો

(અનુસંધાન માટે જુઓ પાનું ૫૨)

શ્રી કેનેડીને ગોવાની પ્રજાએ લખેલો પત્ર

ગોવા નેશનલ યુનીયનના પ્રમુખ શ્રી જે. એમ. ડીસોઝાએ અમેરીકાના નવા પ્રમુખ શ્રી કેનેડી પર એક પત્ર મોકલ્યો છે. એમાં તેમણે જણાવ્યું છે કે અમે ગોવાના લોકો ભૌગોલિક, સાંસ્કૃતિક અને બીજી બધી રીતે ભારતના અંતરગત ભાગ સમાન છીએ. ૪૫૦ વર્ષ પહેલાં પોર્ટુગાલની સંસ્થાનવાદની ભુખાળાઓમાં અમે જકડાયા હતા અને અમારી આ ગુલામી કદાચ જગતમાં સૌથી પુરાણી હશે. અમારી સ્વતંત્રતા માટેની લડત પણ એટલી જ પુરાણી છે. પણ પોર્ટુગલ અમારી ભારત સાથે એક થવાની માગણીને સમજતું નથી.

તેમણે આ કાગળમાં વધુમાં કહ્યું છે કે ગોવાની લડત એ એક રીતે ભારતની જ લડત છે પણ ભારતની શાંતિની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિને પરિણામે ભારત કદી પગલું લેતું નથી.

આપોઆપ ભારતના ૪૦ કરોડ લોક દુઃખ સહિત એમ માને છે, કે ગોવામાં પોર્ટુગાલને મુખ્યપણે અમેરીકા અને બ્રિટન ટેકો આપી રહ્યું છે. કદાચ અત્યાર પહેલાંની અમેરીકાની સરકારને ગોવામાં લશ્કરી દ્રષ્ટિએ કંઈ રસ હોય અને કદાચ ન પણ હોય. પરંતુ જો તમે અમને આઝાદ કરવા માટે પોર્ટુગાલને જણાવો તો જ આ સંદેહ દૂર થાય એમ છે. તમારો દેશ ભારત અને પોર્ટુગલ બન્ને સાથે મૈત્રી ધરાવે છે. અને સાચ્ચેટી અને સલાહકારી વાતનું જરૂર વજન તમારી પાસે એમ અમારું માનવું છે.

આ પહેલાં અમે બ્રિટનના વડા પ્રધાન શ્રી હેરલ્ડ મેકમીલન અને શ્રી આઇઝનહોવરને આ અંગે કાગળ લખ્યો હતો અને શ્રી મેકમીલને આ અંગે દરમીયાનગીરી કરવાની તૈયારી બતાવી હતી પરંતુ શ્રી આઇઝનહોવર તરફથી અમને કશો જવાબ મળ્યો નહોતો. શ્રી મેકમીલન એકલાના પ્રયાસો પુરતા ન થઈ પડે એ તમે સમજી શકો છો. હવે અમે એમ ઇચ્છીએ છીએ કે જો તમે આ સવાલમાં આગેવાની લેશો તો જ્યાં બધા પ્રયાસો નિષ્ફળ થયા છે ત્યાં તમારા શબ્દ ભારનું વજન વધુ થઈ પડશે અને આથી અમે આપને અપીલ કરીએ છીએ જ્યારે આજ આપના દેશની કારોબારીની લગામ સંભાળો ત્યારે તાકીદના આ સવાલને સૌથી અગત્યનું સ્થાન અને સૌથી વધુ ધ્યાન આપી એ અંગે જરૂર પગલું ભરશો જ.

તેલ સંશોધન માટે રૂા. સો કરોડ રોકવા ઇટલીની પેઢીની તૈયારી

ભારત સરકારના પ્રતિનિધિઓ સાથે ઇટલીની એક આગેવાન તેલ કંપનીના પ્રતિનિધિએ કરેલી મંત્રણા અનુસાર તેલ ખાણની તપાસ, તેલનું ઉત્પાદન, અને પેટ્રોકેમિકલ બનાવટો તૈયાર કરવાના ક્ષેત્રમાં ભારત સાથે જોડાવા અને તેમાં રૂા. ૫૦ થી ૧૦૦ કરોડની રકમનું રોકાણ કરવા માટે ઇટલીની એ કંપની તૈયાર છે. ઇટલીની આ કંપનીની એવી માગણી છે કે, ભારત સરકાર સાથેના તેમના આ સંયુક્ત સાહસમાં કંપનીની મૂડી [illegible] રહેવી જોઈએ, જ્યારે ભારત સરકાર આમાં પોતાનો હિસ્સો ૬૦ ટકા રહે એમ ઇચ્છે છે. ટૂંકમાં જ આ મુદ્દા પર સમજુતી થવાનો સંભવ છે. ઇટલીની આ તેલ કંપનીને કચ્છ અને ઉત્તર પ્રદેશમાં તેલ માટે સંશોધન કરવાનો હક્ક આપવાનો સંભવ છે.

અકાલી આંદોલન

પંજાબમાં અલગ શીખીસ્તાન ઉભું કરવાની માગણી અંગે ચાલેલ આંદોલન સામે ભારત સરકાર મક્કમ રહેતાં શીખીસ્તાન માટે શીખ આગેવાન સંત ફતેહસીંગે અમૃતસરમાં આમરણાંત ઉપવાસ આદર્યા હતા તે ૨૨ દિવસ બાદ તેમણે અકાલી નેતા માસ્તર તારાસીંગ અને અન્ય આગેવાનોની સમજાવટથી છોડયા છે.

આ આંદોલન અંગે જે અકાલી આગેવાનોને જેલમાં પુરવામાં આવ્યા હતા તેમને બધાને પણ પંજાબ સરકારે માફી આપી છોડયા છે. સત્યાગ્રહી વગેરેના જે કેસો મુકવામાં હતા તે પાછા લીધા છે.

અકાલીઓએ જે વાત આ અંગે ચાલુ કરી હતી અને જેને પરિણામે અનેકવાર તોફાનો થયા હતા, હિંસાત્મક બનાવો પણ બન્યા હતા ને અસંખ્ય શીખોએ ધરપકડો વહોરી છે. પંજાબી ભાષા પંજાબમાં મુખ્ય ભાષા રહેશે એવી શ્રી નહેરૂએ ધર્મની ભુમિકા પર અમલ રાખવા ઉપર કરવાની માગણી પાછી ખેંચવાની સલાહ આપતાં સંત ફતેહસીંગે માસ્તર તારાસીંગની સલાહ વડેથી આ ઉપવાસ છોડયા છે.

હવે અકાલી આંદોલન પાછું ખેંચી લેવાની જાહેરાત પણ અમૃતસરથી થઈ. માસ્તર તારાસીંગે જણાવ્યું છે કે આંદોલન દરમીયાન હિંસાના જે બનાવો બન્યા છે તેથી મારું માથું શરમથી નીચું નમી ગયું છે. સરકારે જેવા પ્રતિબંધો દુર કર્યા હવે કડવાશ દુર થશે અને ભાઈચારાની ભાવના ચાલુ રહેશે એમ માસ્તર તારાસીંગે જણાવી હાલ આ આંદોલન મુલતવી કીધું છે.

ફ્રાન્સ સાથેના રાજદ્વારી સંબંધો તોડી નાંખો

કેસાબ્લાન્કા ખાતે મળેલી આફ્રિકન શીખર પરિષદની પૂર્ણાહુતિ થયા બાદ હવે ખબર મળે છે કે આ પરિષદે કોંગો અને આલ્જેરીયાને તેની લડતની કટોકટીના સમયમાં મદદ કરવા નિર્ણય લીધો છે અને તેવી જાતની મદદ કરવી તેની ખાનગી નોંધ પણ તૈયાર કરી છે.

આફ્રિકન રાજ્યોની આ કોન્ફરન્સમાં જે કેટલાક ખાનગી ઠરાવો થયા હતા તેમાં પણ આ અંગેનો ઉલ્લેખ હતો એમ કહેવાય છે.

આફ્રિકન રાજ્યોએ આર્થીક તેમ જ શસ્ત્રોની મદદ કરવા આફ્રિકન સ્વયંસેવક દળની ભરતી કરવી.

કોંગોને મદદ કરવાની બાબતમાં એમ કહેવાનું કહેવાય છે કે કોંગોની કાસાવુબુની લુમુમ્બા સરકાર સામે જે સરમુખત્યારી કાવતરું થયું છે તે કાવતરું ઉખેડી નાંખવામાં જો યુનો નિષ્ફળ જાય તો આફ્રિકન રાજ્યોએ પગલાં લેવા.

અને આલ્જેરીયાની બાબતમાં આ રાજ્યોએ એવા ખાનગી કરાર કર્યા છે કે આલ્જેરીયાના બંડખોરોને આફ્રિકન રાજ્યોએ આર્થીક તેમજ શસ્ત્રોની મદદ કરવા આફ્રિકન સ્વયંસેવક દળની ભરતી કરવી.

ફ્રાન્સનો બહિષ્કાર

કાસાબ્લાન્કા કોન્ફરન્સમાંથી યુનાઇટેડ આરબ રીપબ્લીકના પ્રમુખ નાસર કેરો પાછા આવ્યા બાદ હવે કેરોથી યુનાઇટેડ આરબ રીપબ્લીકે બધા આરબ દેશોને ઉદ્દેશીને જણાવ્યું છે કે ફ્રાન્સનો આર્થીક તેમ રાજકીય એમ બન્ને રીતે સખત બોયકોટ કરવો. કારણ ફ્રાન્સે આરબ આલમના હક્કને ઠોકરે મારી સહરામાં અણુઅખતરા કર્યા તેમ આલ્જેરીયાને દાબી રાખવા માટે સામ્રાજ્યવાદી નીતિ અખત્યાર કરી રેફરેન્ડમનું નાટક ભજવી એ નીતિને મહોર મારી છે.

એટલે હવે આરબ દેશોની એ ફરજ છે કે આઝાદી માટે લડતા આલ્જેરીયન બંડખોરોને મદદ કરવી. આલ્જેરીયા માટે યુનોની દેખરેખ હેઠળ હવે જાહેર પ્રજામત લેવો જોઈએ.

કેરોથી વધુ એ પણ જાહેર થયું છે કે આરબ રાજ્યોએ ફ્રાન્સ સાથેના બધા રાજદ્વારી સંબંધો કાપી નાખવા —અને ફ્રેન્ચ માલનો સાર્વત્રિક બહિષ્કાર કરવો.

આફ્રિકન નારીઓને જાહેર જીવનમાં આગળ લાવો

એડીસઅબાબામાં એક બાજુ બંદુકો માંથી ગોળીઓ ધાણી ફુટે તેમ ફુટતી હતી ત્યારે બીજી બાજુ સભાના એક વિશાળ હોલમાં યુનાઇટેડ નેશન્સ તરફથી બોલાવવામાં આવેલ આંતરરાષ્ટ્રીય સભા ચાલતી હતી.

આ સભામાં ચર્ચાનો વિષય હતો કે જાહેર જીવનમાં સ્ત્રીઓએ પોતાનો ફાળો કેવી રીતે આપવો અને અત્યાર સુધીમાં કેવા પ્રકારનો ફાળો તેમણે આપ્યો છે.

બે અઠવાડીયાની ચર્ચા વિચારણા બાદ આ આંતરરાષ્ટ્રીય મહિલા સભાએ પોતાનો અભિપ્રાય દર્શાવી જાહેર કર્યું કે સમાજના દરેક ક્ષેત્રે આફ્રિકાની મહિલાઓ પોતાની સેવાઓ સમાજને આપી શકે તેવી તેમની શક્તિ અને તાકાત છે.

વિશ્વ મહિલા સમાજની આ સભામાં ભાગ લેવા ભારતીય પ્રતિનિધિ બહેન [illegible] જતાં હતાં પણ પહોંચી શક્યાં નહિ તેમાં ૨૬ આફ્રિકન દેશોની મહિલા પ્રતિનિધિઓ હાજર હતી જેમાં કેનીયા, યુગાન્ડા, ટાંગાનીકા અને ઝંઝીબારની પ્રતિનિધિ બહેનો પણ હતી.

યુરોપિયન દેશોએ પોતાના ઓબ્ઝર્વરો મોકલ્યા હતા અને યુનાઇટેડ નેશન્સની સંસ્થાઓના ૨૦ પ્રતિનિધિઓ હાજર હતા.

ગુજરાતી રેકોર્ડો
હીંદુસ્તાનમાં બનેલી ગુજરાતી રેકોર્ડો, હવે અમારે ત્યાં મળે છે.
૨૦ રેકોર્ડોનું બોક્સ કેવળ શી. ૩૦-૨
રેકોર્ડોમાં ભજનો, નાટકો ગરબા વિગેરેનો સમાવેશ છે
ફિલ્મના "લેટેસ્ટ હિટ" શી. ૨-૬ મા છુટી મળી શકશે.
આ તક અને લાભ ફરીથી મળશે નહિ પેકીંગ ખર્ચ—પોસ્ટેજ મોકલશો—
સી ઓ ડી.ના ઓર્ડરો અમે લઈએ છીએ.
નેશનલ રેકોર્ડ કંપની
શોપ ૨, અજમેરી આરકેડ, ઓફ ૧૪૨ ગ્રે સ્ટ્રીટ,
પો. ઓ. બોક્સ ૧૫૦૪, — ડરબન

બાની છેલ્લી રાત

(૫૦ પાનાનું અનુસંધાન)

ફોટો લેવાનો આગ્રહ રાખે એ કુદરતી છે. એટલે હું માનું છું કે સરકારે ફોટો લેવાની રોક ઉઠાવી લેવી જોઇએ, અને આજકાલ તો એવા ફોટા લેવાનો રિવાજ પડી ગયો છે.”

ભંડારીએ નવાઇ દર્શાવી બાપુને કહ્યું “એમ વાત છે!” બાપુ બોલ્યા, “તમે દરરોજ છાપાઓમાં મરણ પથારીએ પડેલા અથવા મરણ પામેલા લોકોના ફોટા નથી જોતાં! ભંડારીએ જવાબ આપ્યો, “હા, તો હું સરકારને કહું કે ફોટો લેવો ન લેવો એ બન્ને વાતો આપને મન સરખી છે.” બાપુ એ કહ્યું, “હા, મને બન્ને સરખી લાગે છે, પણ હું જોઇ શકું છું કે સરકારની શોભા આ દરખાસ્ત સ્વીકારી લેવામાં છે.”

ભંડારી ગયા. પ્રભાવતી બહેનને બેસાડી હું પણ બહાર ગઇ. સ્નાન કર્યું અને પંદર મિનિટ ફરતાં ફરતાં પ્રાર્થના કરી.

બે દિવસથી રાત ને દહાડો મારા હૃદયમાં ‘મૂકં કરોતિ વાચાલં, પંગું લંઘયતે ગિરિમ્’ની ભાવના ઊઠે છે. ભગવાન! આને તું સાજાં ન કરી શકે? પોણાચાર વાગે હું બા પાસે આવી અને પ્રભાવતી બહેનને ખાવા મોકલ્યાં. બાપુ નાહીને નિકળ્યા, પણ બહાર ગયા એટલે બાપુનું મોં જોઇને બેસે તો સારું એમની મરજી પણ એવી જ હોય છે કેમ કે એકવાર બા પાસે બેસે પછી ત્યાંથી ઊઠવાનું તેમને મન થતું નથી. આજકાલ બે ત્રણ દિવસથી તેઓ પ્રભાત ફેરીથી છૂટીને ચાહ અને દૂધ લે છે. એટલે દસ પંદર મિનિટમાં ખાવાનું પતી જાય છે. સાડાચાર વાગ્યાને સુમારે બાપુ બા પાસે આવીને બેઠા. થોડી વારમાં જ ખાટલા પર સીધાં સૂઇ ગયાં. મહિનાઓ થયાં તે સીધાં સૂઇ શક્યાં નહોતાં. અમને લાગ્યું, ક્યાંક તો નહીં! દેવદાસભાઇને ટેલિફોન કરાવ્યો. તે સૂવાની તૈયારીમાં હતા. તરત જ આવી પહોંચ્યા. થોડીવારમાં દીનશા મહેતા પણ આવ્યા. બાને ભજન અને રામધૂનની રમતમાં ખૂબ્યું પણ તેમણે ના પાડી. બાપુની સલાહથી મહાદેવભાઇવાળા ઓરડામાં ગીતા પાઠ શરૂ થયો. એટલા માટે કે તેનો સૂર બાને કાને પણ પડ્યા કરે. પછી કનુ બેઠો. એટલામાં દેવદાસભાઇ કેમેરા લઇને આવ્યા અને તેમણે ગીતા પાઠ શરૂ કર્યો. કનુ દેવદાસભાઇએ આપેલો કેમેરા સુધારવા લાગ્યો. પણ તે ન સુધારી શક્યો. એટલે દેવદાસભાઇ બીજા કેમેરાનો બંદોબસ્ત કરવા તે માટે દીનશાને બહાર મોકલ્યા.

કાલ રાતથી બાને પાણી પીવાની અરુચિ થઇ ગઇ છે. પણ દેવદાસ બાબ ગંગાજળ લાવ્યા છે એ સાંભળી બોલ્યું બાપુએ એક ચમચી ગંગાજળ મોંમાં રેડ્યું. બા તુરત પી ગયાં અને બોલ્યાં, “બસ!” તેમને વધારે જોઇતું ન હોય! બાપુએ કહ્યું, “બસ હવે પછી લેજે.” થોડી વાર પછી બાપુ ગંગાજળ લીધું, અને તુલસીપાન પણ નાખ્યાં હતાં.

થોડીવારમાં બાને કંઇક શાંતિ આવી. ઉઠીને બેઠાં અને સંતોક બહેન, કેશુભાઇ, મનુ, રામીબહેન વગેરે સાથે વાતો કરી. ભીડ ન રહે એટલા ખાતર બીજાં બધાં ચાલ્યાં ગયાં.

ગીતાનું પારાયણ થયા પછી સંતોક બહેન તેમજ મનુએ બાને ભજન સંભળાવ્યાં.

સંતોક બહેન વગેરે ગયાં કે તુરત બાપુ બા પાસેથી ફરી બહાર ગયા અને પોતાના ખાટલા પર જઇ સૂતા. હું બાની પાસે હતી. બા કોઇક વખત મારા ખોળામાં સૂઇ જતાં ને કોઇક વખત બેસતાં હતાં. બે વાર બાને ઝાડો પેશાબ કરવો પડ્યો. પછી હું થોડો વખત આરામ લેવા ગઇ. કોઇક બોલાવી લઇ ગયું. બાનો ફેરો લેવાનો હતો. લગભગ ચાર વાગ્યે બા પાસેથી ઊઠી. બાપુ એક વાગે બા પાસે બેઠા હોય તો ફેરો લઇએ.

કેટલા અઠવાડિયાંથી બાપુ પાસે બેસી તો હું થોડું ઊઠી હતી. બાપુએ આખું પણ બા પાસે બેઠા નહિં. બા તેમના પર થોડાં રિસાયાં હતાં. તે ગુસ્સે હતાં, કોઇ કોઇ વાર બાબા પરજ નારાજ થઇ જાય છે. બાપુએ કહ્યું “અત્યારે તેને સારું નહિ લાગે, તે બોલાવશે ત્યારે જઇશ.”

હું બીજા ઓરડામાં ગઇ, ત્યાં ડૉ. દાસગુપ્તા વગેરે બેઠા હતા. પેનિસિલીન આવી ગયું છે, પણ બપોરે બાની સ્થિતિ એટલી બધી ખરાબ હતી કે તે તેમને માટે વાપર્યું નહિં. અત્યારે સ્થિતિ સારી હતી એટલે દેવદાસભાઇને લાગતું હતું કે એ કેમ ન અજમાવી જોવું.

બપોરે બા સંતોકબહેનને કહેવા લાગ્યાં, ‘દેવદાસે મારે માટે બહુ ધક્કા ખાધા છે, મારી બહુ સેવા કરી છે.’

દેવદાસભાઇને પણ તેમણે કહ્યું, “તેં મારી બહુ સેવા કરી છે. બહુ ધક્કા ખાધા છે. હવે તું તારી ફરજ પૂરી કર.”

દેવદાસભાઇએ કહ્યું, “બા, સેવા તો ડૉ. ગિલ્ડર, સુશીલા, મનુ એ બધાંએ કરી છે મેં શું કર્યું છે!”

આવા વખતે દેવદાસભાઇ આવી પહોંચ્યા તેથી બાને બહુ સંતોષ અને આનંદ થયો હતો. રામદાસભાઇ વિષે દેવદાસભાઇએ કહ્યું, “બા, રામદાસભાઇ આવ્યા છે.” બા બોલ્યાં, “શી ખબર હતી!” એમના મનમાં હમેશાં એવી ભાવના રહે છે કે રામદાસભાઇને મુસાફરીનો ખરચ ન થવો જોઇએ.

દેવદાસભાઇ સાથે વાત કરી બાએ આંખો બંધ કરી દીધી અને ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યાં. “હે કૃપાળુ રામ, હવે તો તારી ભક્તિ જોઇએ, તારોજ પ્રેમ જોઇએ.” પછી બોલ્યાં, “હે ભગવાન, જાનવરની પેઠે પેટ ભરી ભરીને ખાધું છે. દયા કરજે.”

તેમની છબિ બિલકુલ સાત્ત્વિક થઇ ગઇ હતી. એ વખતે તેમનો ચહેરો દર્શન કરવા જેવો હતો.

પ્રભાવતીબહેન આ અરસામાં બા પાસે જઇ બેઠાં હતાં, ત્યારે તેમણે કરુણ સ્વરે “બાપુજી!” એવો પોકાર કર્યો હતો.

પ્રભાવતી બહેને કહ્યું, “બોલાવું!” બા કંઇ બોલ્યાં નહિ. પ્રભાવતીબહેને બોલાવ્યા એટલે બાપુ આવીને બા પાસે બેઠા. બા બે વાર ઊઠી ટટાર બેઠાં. બહુ બેચેની હતી. બાપુએ પૂછ્યું, “શું થાય છે?”

જંગલના પ્રદેશમાં ભૂલાં પડેલાં નાના બાળકની જેમ અત્યંત કરુણ સ્વરે અને તેટલી વ્યથામાં તેમણે જવાબ આપ્યો, “કંઇ સમજાતું નથી.”

મેં નાડી જોઇ—નાડી બંધ હતી. પણ મને લાગ્યું કે આવું તો ઘણીવાર થાય છે ને બા થોડા વખતમાં સારાં થઇ જશે. એટલે હું ગભરાયા વગર કહેવા ગઇ કે હવે ફેરો થઇ શકે. પણ તેણે કહ્યું કે બાપુએ મનાઇ કરી છે. મેં કહ્યું કે ફેરાની બાબતમાં તેમણે કહ્યું છે કે, આરંભમાં સહુ બેઠાં હો તો ભલે સૌ, પણ હવે એની પણ મના કરે છે.

બાના ભાઇ માધવદાસ આવ્યા. બાપુ કહેતા હતા કે બાએ તેમને ઓળખ્યા, એમની આંખમાં પાણી આવ્યાં, પણ તેમની સાથે વાત ન કરી શક્યાં.

એટલામાં અંદર કંઇક ગરબડ સાંભળી. જોયું કે બા ફરીથી વાર ઉઠવાને કોશિશ કરે છે અને બાપુ કહે છે, “હવે સૂઇ રહે!” બા તેમના ખોળામાં પડ્યાં. આખો ચેતન નજરની ડોક ઢળી પડી ગઇ, અને ગળામાં ઘરડો બોલવા લાગ્યો. એ બધા મૃત્યુનાં ચિહ્નો! લોહી હતું. અચાનક શ્વાસ લેવા માટે મોં ઉઘડી ગયું અને બેચાર શ્વાસ લઇને આ સંસારનાં બંધનોમાંથી છૂટી ગયાં!—(કુમારિકે)

બી-આઇ

મુંબઇ કરાંચી અને ઇસ્ટ આફ્રિકાના બંદરો વચ્ચે મુસાફરી કરે છે.



સ્ટીમર કરંજા ૬ઠ્ઠી માર્ચ ૧૯૫૧ના આવશે અને કરાંચી થઇ મુંબઇ જવા ૨૧મી માર્ચ ૧૯૫૧ના ઉપડશે.

મુંબઇ અથવા કરાંચીનું ભાડું.

ખોરાક સાથ

ફર્સ્ટ ક્લાસ	રૂ. ૨૧૭-૧૫-૦
સેકન્ડ ક્લાસ	રૂ. ૭૮-૧૦-૦
થર્ડ ક્લાસ ખોરાક સાથે	રૂ. ૪૯-૧૫-૦
થર્ડ ક્લાસ ખોરાક વગર	રૂ. ૪૪-૧૦-૦

વધુ માહિતી માટે મળો યા લખો:

શેખ હિમેદ એન્ડ સન્સ

(પીટી લીમીટેડ)

૧૬૭ પાઇન સ્ટ્રીટ,—ડરબન.

ટેલીફોન: ૨૪૭૩૨ — ટેલીગ્રાફીક એડ્રેસ “કરામત.”

ટ્રોટસ્કીની હત્યાનો એ પ્રસંગ

* *

:: લેખક ::
શ્રી જેમ્સ ટી. ફ્રેરેલ
અનુ: અક્ષિત આચાર્ય

"મેં રેનકોટ ટેબલ પર મૂકી દીધો કે જેથી ખીસ્સામાંથી કુહાડી સહેલાઈથી કાઢી શકાય. ટ્રોટસ્કી મારો લેખ વાંચવામાં વ્યસ્ત હતા અને એવી અરસ તક હું ચુકવા માગતો નહોતો. મેં ઝટ આપણા મારેની કુહાડી બહાર કાઢી અને જોરથી મૂઠીમાં દબાવી, મારી આંખો બંધ કરી દીધી. ત્યાર પછી ક્ષણભરમાં જ એ કુહાડી ટ્રોટસ્કી ના માથામાં ઘુસી ગઇ હતી....."

ટ્રોટસ્કીના હત્યારાના શબ્દોમાં એ હત્યા આ પ્રકારે થઇ હતી. આ હત્યા સંસારભરની મહત્વની હત્યાઓમાંની એક હતી. મેક્સિકો શહેરના કોયોકાન નામના પરગણામાં આવેલા અને સંપૂર્ણ રીતે રક્ષાયેલા મકાનમાં ૨૦મી ઓગસ્ટ ૧૯૪૦ ને દિને આ હત્યા કરવામાં આવી હતી.

ટ્રોટસ્કીના હત્યારાની ઉમ્મર તે સમયે ૨૭ વર્ષની હતી. તે આકર્ષક અને વ્યક્તિત્વશાળી નવયુવક હતો. એણે પોતાની આ યોજનામાં સ્પેનના ગૃહયુદ્ધમાં માર્યો ગયેલા કેનેડાના એક સિપાઈના પાસપોર્ટનો ઉપયોગ કર્યો હતો. એ પાસપોર્ટ ધરાવનારનું નામ હતું ફ્રેંક જેક્સન, જ્યારે હત્યારાએ પોતાનું નામ જેક મોનાર્ડ ધારણ કર્યું હતું અને દાવો કે કે તે બેલજીયમ ના એક ધનિક રાજદ્વારી પુરુષનો પુત્ર છે. ઘણા દિવસો સુધી આ વ્યક્તિ વિષે વધુ જાણકારી પ્રાપ્ત થઇ શકી હોત.

કેટલાયે વર્ષો બાદ સ્પેનના સામ્યવાદી નેતા શ્રી જુલીઆન ગોરકિને ગૃહયુદ્ધના પ્રવાસ દરમ્યાન ટ્રોટસ્કીના હત્યારાની જાણકારી પ્રાપ્ત કરી હતી. ગોરકિન પોતે સ્ટાલિન અને ટ્રોટસ્કી બન્નેનો વિરોધી હતો. સ્ટાલિનના એજન્ટોએ ગોરકિનની હત્યા કરવાનો અનેકવાર પ્રયત્ન કર્યો પણ તેમને એમાં સફળતા મળી નહીં. ગોરકિન અને મેક્સિકોની પોલીસના ગુપ્તચર ખાતાના ભૂતપૂર્વ (અવસર) ચીફ્રે, એક સાથે મળીને 'મર્ડર ઇન મેક્સિકો: ધ કીલીંગ ઓફ લીઓન ટ્રોટસ્કી' નામનું પુસ્તક લખ્યું.

લંડનથી પ્રસિદ્ધ થયેલા આ પુસ્તક ને આધારે એ સાબિત થાય છે કે ટ્રોટસ્કીની હત્યા એ કેટલાક અમેરીકન સામ્યવાદીઓના ષડયંત્રનું પરિણામ હતું. હત્યા કરનારનું સાચુ નામ જેમે રેમોન મરકેડર ડેલરિયો હરનેન્ડેઝ છે એનો જન્મ બાર્સિલોનામાં થયો હતો. એની મા કેરિદાદ મરકેડર સ્પેનની એક પ્રસિદ્ધ સામ્યવાદી સ્ત્રી છે, હજુ જીવંત છે અને પેરીસમાં રહે છે.

ટ્રોટસ્કીની હત્યા કરનાર રેમોન મરકેડરના જીવનની અનેક આધારભૂત વાતો ગાર્કિયો ડાન લેવિને પોતાના પુસ્તકમાં લખી છે. એમાં મેક્સિકન જેલમાં મરકેડરના મનોવૈજ્ઞાનિક પરીક્ષણના આધાર પર પ્રાપ્ત થયેલી કેટલીક વાતો પણ આપવામાં આવી છે.

એક મનોવિજ્ઞાન વિશેષજ્ઞના શબ્દો માં મરકેડર 'યાંત્રિક પ્રકૃતિનો એક કઠોર વ્યક્તિ છે'...તે મનુષ્ય હોવા છતાં યંત્ર જેવો દેખાય છે કે જે સંપૂર્ણ રીતે સર્વાધિકારવાદી રાજનીતિક મશીનનો એક ભાગ બની ગયો છે. એક માહિતી મુજબ ટ્રોટસ્કીના હત્યાકાંડમાં જ લાખ પોંડ વાપરવામાં આવ્યા હતા.

ટ્રોટસ્કી એક મહાન ક્રાંતિકારી નેતા હતા. તે એક મોટા સામ્રાજ્ય ના વિરોધી હતા તે જાણતા હતા કે સ્ટાલિન એમનો દુશ્મન છે અને એમની હત્યા કરવાના પ્રયત્નો કરે છે. આજ સુધીના માનવ ઇતિહાસમાં આનાથી વધારે મહાન નૈતિક ગજાનું કોઇ બીજુ ઉદાહરણ મળતું નથી. સ્ટાલિનના વિરોધમાં ટ્રોટસ્કી એકલા ઉભા રહ્યા અને અંતમાં એમને એક નિર્દય હત્યાનો ભોગ બનવું પડ્યું.

મેક્સિકોના એક સ્થાનિક સંવાદદાતા શ્રી વિલિયમ ક્રી. વેટરસને આ હત્યાનું નજરે જોયાનું વર્ણન ઘણા માર્મિક શબ્દોમાં કર્યું છે:

"હું મેક્સિકો શહેરની ગ્રીન ક્રોસ હોસ્પીટલના પ્રાથમિક સારવારના વોર્ડમાં ટ્રોટસ્કી ના મસ્તક આગળ ઉભો હતો. ટ્રોટસ્કી નું માથું લોહીથી તરબોળ થઇ ગયું હતું. હું સંસાર પ્રસિદ્ધ ક્રાંતિકારી નેતાને જીવનના અસ્તિત્વ માટે મૃત્યુ સાથે લડતો નીરખી રહ્યો હતો એમના માં ડોક્ટર...નર્સ અને બીજા લોકો શક્ય તે બધું કરી રહ્યા હતા. દરેક વ્યક્તિ લાચાર હતી. ટ્રોટસ્કીને સ્થાને બીજી કોઇ વ્યક્તિ હોત તો એનું મૃત્યુ ક્યારનું થયું હોત પણ ટ્રોટસ્કીના ભારે શ્વાસો હજુ પણ ચાલી રહ્યા હતા...અને એક ફોટોગ્રાફર ઇતિહાસની એક મહત્વપૂર્ણ ઘટનાને અમર બનાવવા માટે, એ ક્ષણને પોતાના કેમેરામાં શાશ્વત કરવી લેવા માટે, અમર નેતા ના ફોટાઓ એક પછી એક ખેંચી રહ્યો હતો.

હું પ્રેસ-રીપોર્ટ તૈયાર કરવામાં મગ્ન હતો. લગભગ એક કલાકમાં આ બધુ પૂર્ણ થઇ ગયું. ટ્રોટસ્કીના અંતની સાથે જ એક યુગનો અંત આવી ગયો. સ્ટાલિનનો એક મહાન શત્રુ મરી ગયો હતો. કેટલીયે વાર અસફળ પ્રયત્ન કર્યા પછી હવે ટ્રોટસ્કીનું સ્ટેલિનના એક એજન્ટ દ્વારા મૃત્યુ થયું હતું.

પરંતુ તેની હત્યા કરવાવાળો રેમોન મરકેડર આજે પણ જીવતો છે. આ હત્યાકાંડ પછી રેમોનને એક આનંદી જેલખાનામાં રાખવામાં આવ્યો હતો. અત્યંત મહત્વપૂર્ણ કેદીઓને જ આ લાભ પ્રાપ્ત હતો. એને બધી જ સગવડો આપવામાં આવી હતી.

"જેક મેનાર્ડ" (૧૯૪૦માં આ નામે ઓળખાતો હતો) ફ્રેંચ, ઇંગ્લિશ, સ્પેનીશ અને બીજી ભાષાઓનો તે સારો જાણકાર છે અને ખુબ જ આકર્ષક રીતે વાતચીત કરનારો છે. આ ઘટના બન્યા પછી પણ તે પ્રસન્નચિત્ત દેખાતો. એને ટ્રોટસ્કીની હત્યા કરવા માટે જરાપણ દુઃખ કે પશ્ચાત્તાપ થતા નહોતા.

'મોનાર્ડ' અંતે જ જણાવ્યું હતું કે જ્યારે તે ટ્રોટસ્કીને ઘેર ગયો ત્યારે એનો હત્યા કરવાનો કોઇ વિચાર નહોતો. પણ પાછળથી ટ્રોટસ્કીના હૃદયમાં સ્ટાલિન માટે નફરત છે એમ જાણમાં આવતાં એણે ટ્રોટસ્કીની હત્યા કરવાનો નિશ્ચય કર્યો

'મોનાર્ડ'ની આંખોમાં એક અજબ પ્રકારનો શૈતાની ભાવ ચમકતો રહેતો. એણે એ વાતનો સ્વીકાર કર્યો નથી કે તે ટ્રોટસ્કીના વિરોધી સ્ટાલિન કે કોઇ બીજા મોટા સામ્યવાદી ષડયંત્ર વિષે કંઇ જાણે છે. આ વાદવિવાદ વચ્ચે એ, વિશ્વ ઇતિહાસમાં સામ્યવાદી ઇતિહાસ અંગે પોતાનું વ્યક્તિગત મંતવ્ય રજુ કરનાર, વિદ્યાર્થી જેવો લાગતો હતો. કદાચ એ વાતની એને ખબર નહોતી કે ક્રેમલિનના રંગમંચ ઉપર સ્ટાલિન અને ટ્રોટસ્કી વચ્ચે ચાલતા સત્તા અને શક્તિની પ્રાપ્તિ માટેના નાટકના અંતિમ દૃશ્યનો એ મુખ્ય અભિનેતા હતો.

'મોનાર્ડ' પોતાના એના હુકમનો એક વફાદાર નોકરની રીતે અમલ કર્યો અને એના બદલે એની રક્ષા માટે પોતાની બધી જ શક્તિનો ઉપયોગ કર્યો 'મોનાર્ડ' હજુ પણ જીવે છે અને હજી થોડા સમય પર જ એ જેલમાંથી મુક્ત થયો છે

શુભ પ્રસંગો માટે ભેટ!
સ્ત્રીઓ અને પુરૂષો માટે
ઘડીયાળ!
૧૭, ૨૧ અને ૨૫ જ્વેલના
ઓટોમેટીક કેલેન્ડર.
• રોમર
• રોવરી
• લેકો
• રૂસર
વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.
ઉપરાંત પુરૂષોના શર્ટ, સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.
હોલસેલ ભાવે મળશે
બોક્સ ૫૬૯૮, ફોન: ૮૩૫-૨૯૦૭.
વલ્લભભાઈ બી. પટેલની કું.
૪૪, મારકેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

વિવિધ વર્તમાન

નેફા વિસ્તારમાં અસંતોષ ફેલાવતા ચીનના જાસુસો

શિલોંગ. નેફા વિસ્તારમાં ચીનના જાસુસો મુલાકાતીઓને ખોટું સ્વરૂપ આપી, કામનો નાશ કરી આદિવાસી પ્રજામાં ભારત સરકાર સામે અસંતોષ ફેલાય છે તેથી ત્યાંના સત્તાવાળાઓ કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે ચિંતાતુર બન્યા છે. આદિવાસી વિસ્તારોની પરિસ્થિતિ એટલી વિષમ બની ગઈ છે કે તેને થાળે પાડવા માટે ત્યાંથી લશ્કર હટાવી લેવું પડશે.

નેફા વિસ્તારના વરિષ્ઠ અધિકારીઓએ આ સંબંધમાં ચર્ચા કરી હતી તેમણે અશાંત વિસ્તારોમાં શસ્ત્રવિનાના પોલીસો રાખવાની ભલામણ કરી છે આસામ રાયફલ્સના કેટલાક સિપાઈઓને એ માટે તાલીમ આપવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે સમગ્ર એજન્સીમાં કાયદો અને વ્યવસ્થાના પાલન માટે વધાર પોલીસોની જરૂર પડશે.

આદિવાસી વિસ્તારમાં 'પરિસ્થિતિ આટલી ઝડપથી કેમ વણસી ગઈ છે તેનાં કારણો હજી જાણવા મળ્યાં નથી એમ કહેવાય છે કે કેટલાક અમલદારો સામે આદિવાસીઓમાં ઊંડો અસંતોષ છે. કેટલાક કિસ્સાઓમાં ઑફિસો પરથી અમેઝ ગયા હતા.

બ્રીટન-સં. આ. પ્રજાસત્તાક સંબંધો શરૂ થશે

સુએઝ પ્રકરણને કારણે બ્રીટન અને યુનાઇટેડ આરબ રીપબ્લીક વચ્ચેના જે રાજદ્વારી સંબંધો કપાઈ ગયા હતા તે હવે ફરી શરૂ થવાના છે કૈરોના રેડીઓમાં જણાવવામાં આવે છે કે એક બીજાના દેશના એલચીઓ રાખવા બાબતમાં બ્રીટન અને યુનાઇટેડ આરબ રીપબ્લીક વચ્ચે હવે સમજૂતી થશે અને બન્ને દેશોમાં એક બીજાના દેશોની કોન્સ્યુલર કચેરીઓ પણ ખોલાશે અને રાજદ્વારી સંબંધો ફરી શરૂ થશે.

ભારતથી સહેલાણીઓ પુર્વ આફ્રિકા કેમ આવતા નથી?

ઇન્ડીયન ટ્રાવેલ એસોસીએશનના પ્રમુખે દારેસલામ ખાતે કહ્યું છે કે પૂર્વ આફ્રિકા અને ભારત વચ્ચે ઝડપી વહાણ સેવાઓ શરૂ થયા છતાં ભારતથી હજુ વધુ પ્રમાણમાં સહેલાણીઓ આવતા નથી. આ માટે હુંડિયામણની મુશ્કેલીઓ જવાબદાર છે, કેમકે ભારત સરકાર હુંડિયામણને અન્ય વિકાસ યોજનાઓમાં ખર્ચવા માગે છે. તેમણે કહ્યું કે પૂર્વ આફ્રિકા અદ્ભુત પ્રદેશ છે. આમ છતાં ભારતમાં ઘણા લોકો આ પ્રદેશથી અજાણ છે.

સીલોનના ગોળીબારમાં એકનું થયેલું મરણ

જાફના. અહીંથી ૨૪ માઈલ દૂર દૈવામાણા ખાતે પોલીસે કરેલા ગોળીબારમાં ઇજા પામેલા બે જણમાંથી એકનું મરણ થયું છે પોલીસ પર જ્યારે દાવ ગોળ અને બીજા સાધનો ફેંકતા પોલીસે ગોળીબાર કર્યો હતો.

સભામાં લાઉડ સ્પીકરના ઉપયોગ કરવા સામેના મુકાયેલા પ્રતિબંધનો ભંગ થતા આ બનાવ બન્યો હતો.

પૂર્વ આફ્રિકામાં હિંદીઓએ બીવાની કોઈજ જરૂર નથી

ભારતના પૂર્વ આફ્રિકાના કમીશનર શ્રી બહાદુરસીંઘ મુંબઈમાં અખબાર નવેશોને કહ્યું છે કે પૂર્વ આફ્રિકાના હિંદીઓ સમયના સૂરને સમજવા લાગ્યા છે અને તેને અનુકૂળ થવા બનતી ત્વરાએ પ્રયત્નશીલ થતા જાય છે.

પૂર્વ આફ્રિકામાં તેમના વિકાસ માટે પૂરતો અવકાશ છે. તેમાં કોઈ અંતરાય નથી. ભય અને વિશ્વાસથી તેમણે પૂર્વ આફ્રિકાના વિકાસના કાર્યોમાં પડી જવાની જરૂર છે.

પરદેશીઓની મીલકતો જપ્ત થશે?

કમ્પાલામાં શીલ કેરો સત્તા પર આવ્યા તેની મીલકત જપ્તીની ઉજવણીમાં ભાગ લેવા પૂર્વ આફ્રિકાના ઘણા આફ્રિકન આગેવાનો ગયા હતા.

હવાના ખાતે એક મુલાકાતમાં ઝાંઝીબારના રાષ્ટ્રીય નેતા સુલેમાન મલીએ જણાવ્યું હતું કે ચૂંટણી બાદ અમે આ ટાપુ પરના પરદેશીઓની મીલકતો જપ્ત કરી લઈશું.

ટેલીફોન દ્વારા હિપ્નોટીઝમ!

લંડન. શ્રી હેનરી બ્લીથી નામના ૬૨ વર્ષના ૨૬ હિપ્નોટિસ્ટ પોતાના ગ્રાહકોને ટેલીફોન દ્વારા હિપ્નોટીઝમ કરે છે અને પેટનો દુખાવો વગેરે દર્દો મટાડે છે. બ્લીથી કહે છે કે ટેલીફોન દ્વારા હિપ્નોટાઈઝ કરવાની પ્રથા વધતી જાય છે. આ હિપ્નોટિસ્ટ પોતાના મિત્રાણું માં આદતોને છોડાવે છે. કોઈ માણસ બીડીનું વ્યસન છોડી જ શકે અને તેઓ હળવી મુશ્કેલી મોં માં પડી જાય છે આથી તેઓ નાસ્તા ટાણે ખાણીપીણીમાં અતિરેક કરી શકતા નથી.

ટેલીફોનથી આટલાંટિક મહાસાગરને પેલે પાર વસતા અમેરીકી આદતોને પણ હિપ્નોટાઇઝ કરી શકે છે. બ્લીથીએ ટેલીફોન દ્વારા હિપ્નોટાઈઝ કરવાનો ખાસ અભ્યાસ કર્યો છે.

હિમમાનવ એ માત્ર કલ્પના છે

સાન્ફ્રાંસીસ્કો. અહીંની હોલેન્ડના પ્રાણી શાસ્ત્રના નિષ્ણાત શ્રી. લોરેન્સ સ્વાને જણાવ્યું હતું કે હિમમાનવ એ માત્ર કલ્પનાજ છે એમ હિમાલયમાં હિમમાનવની શોધ કરવા ગયેલા અભિયાનની ટુકડી માને છે. નેપાળના મઠમાંથી હિમમાનવનું માથું લીધેરી લાવ્યા હતા પણ તેના પરના વાળ બનાવટી હતા.

આવકવેરામાંથી છટકવા માટે બાબા ડીરેક્ટરો

કરાંચી. પાકીસ્તાનના નાણાં પ્રધાન શ્રી શોએબે ઉદ્યોગપતિઓની સભામાં પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આવક વેરો ચૂકવવા પાકીસ્તાનની કેટલીક વેપારી પેઢીઓ તથા તેના માલિકોના બાળકોના નામે કંપનીના ડીરેક્ટરો તરીકે જુએ છે. વધુમાં આ "બાબા ડીરેક્ટરો"ના પ્રવાસ ખર્ચા અને મહેનતાણાં જે સરકારે માન્ય રાખ્યા છે તે પણ ચોખ્ખી ઉચાપત છે.

લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે થયેલો કેસ

કોલંબો. પરવાનગી વિના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાના આક્ષેપમાં આરોપસર થયેલા કેસમાં આજી વડા પ્રધાન શ્રી ડડલી સેનાનાયક અને સંયુક્ત રાષ્ટ્રીય પક્ષના અન્ય ત્રણ આગેવાનોને ચેતવણી આપીને છોડી મૂકવામાં આવ્યા છે.

સરકારના પ્રતિબંધનો ભંગ કરવાના અને ફરજ પરના પોલીસ અધિકારીના હુકમને માન્ય નહિ કરવાના બીજા બે આરોપો અંગે પણ આ આગેવાનો ગુનેગાર માલમ પડ્યા નહોતા.

પથરા મારી ગોરાને ઠાર મારી નાંખ્યો

ઓરાન: અલ્જીરીયામાં તોફાનો ચાલુ રહ્યાં છે. મુસ્લિમોએ કરેલા દેખાવો દરમીયાન કેટલાક હિંસાના બનાવો બન્યા હતા. મુસ્લીમ વિસ્તારમાં દેખાવો કરનાર: અને પોલીસો વચ્ચે સામસામા ગોળીબાર થયા હતા ગોળીબારથી થયેલી જાનહાની વિષે સત્તાવાળાઓ કોઈપણ ખુલાસો કરતા નથી. એક યુરોપીયન બહાર જતો હતો ત્યારે મુસ્લીમોએ તેને પથરા મારી મારી નાખ્યો હતો, તેની પત્ની સાથે ગઈ હતી પરંતુ તેને ઇજા થઈ હતી. બીજા બે યુરોપીયનોને પણ તેઓ સ્કુટર પર જતા હતા ત્યારે પથરાથી ઇજા થઈ હતી.

હિરોશિમાના અણુબોમ્બનું ખપ્પર હજી પુરાયું નથી

ટોકિયો. પહેલીજ વાર નંખાયેલા અણુબોમ્બનો ભોગ બનેલા લગભગ ૯૦ હજાર લોકોની સારવાર કરી રહેલી હીરોશિમા ખાતેની હોસ્પીટલમાં આ વર્ષના પ્રથમ અગીયાર માસમાં ૭૦ જણ અણુરોગોને કારણે મરણ પામ્યા છે. આમ ૧૯૫૯ની મરણ સંખ્યા કરતાં વધુ ૧૨ માણસો મરણ પામ્યા છે. અત્યાર સુધીમાં આ મહીને વધુ ચાર માનવી મરણ પામ્યા છે. જાન્યુઆરીથી નવેમ્બર સુધીમાં અણુરોગથી પીડાતા ૧૮,૭૭૮ લોકોની સારવાર કરાઈ હતી.

મુસાફરીના, ઇન્કમ ટેક્સ રીટર્ન્સ, લાઈસેન્સીસ, રેવન્યુ ક્લીયરન્સ અને ટ્રાન્સફરન્સ માટે મળો:

આર. વીઠ્ઠલ

૧૨ બાર્કલી આર્કેડ, ૪૮ માર્કેટ સ્ટ્રીટ,
કોરનર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ,
જોહાનીસબર્ગ, ફોન ૩૩-૧૧૫૪.

ફ્રેન્ચ અણુધડાકાથી ઘાનાને ક્ષોભ

આક્રા: ઘાનાના પ્રમુખ ન્કુમાએ ફ્રાંસે કરેલા અણુબોંબના ધડાકા પરથી ચર્ચા ચલાવવા પ્રધાન મંડળની તાત્કાલિક બેઠક બોલાવી હતી. એમ ઘાનાની એક સમાચાર સંસ્થા જણાવે છે. પ્રમુખના ખાસ સબંધમાના સાથે ચોરે ટાંકતાં આ સમાચાર સંસ્થા જણાવે છે કે આ ધડાકા બાદ સરકારે શું પગલાં ભરવાં તેના પર પ્રધાનમંડળ વિચાર ચલાવશે.

ખાસ દરખાસ્ત। હિંદની અગરબત્તી
(વહાણમાં આવેલો તાજો માલ)
શિયાળા અને હવા વસ્ત માટે આવેલો તાજો માલ અમે સસ્તે ભાવે જનતા સમક્ષ રજુ કરીએ છીએ.
આબરઆવી-ફીરમોર્ડ-પ્લાસ્ટીક, સેલ્ફવેસ્ડ અને ચાંદીની બંગડીઓ. નવીન ઘરેણાં અને માથાની ચીપો ટીકડીઓ, ડાયમોન્ડીસ અને અસલ સુગંધીદાર મસાલો અને ફેન્સી ગુડ્સ.
ટ્રેડર્સ અને લોકો માટે અમે ખાસ ભાવ રાખીએ છીએ અને ખાસ ધ્યાન પણ આપીએ છીએ. આપ જ્યારે આ બાજુ પધારો ત્યારે અમારી મુલાકાત લ્યો.
એ. કે. હુસેન એન્ડ સન્સ
હોલસેલ ઈમ્પોર્ટર્સ અને હોલસેલ મરચન્ટસ
૨૨૫ ક્વીન સ્ટ્રીટ, — (મુસ્લિમ બીલ્ડીંગ) — ફોન ૨૦૩૭૫ — ડરબન
અમારૂં પ્રાઈસ લીસ્ટ મંગાવો.

હિંદના સમાચારો

તા ૨૧-૨-૧૯૬૧.

તિબેટમાં હિંદી વેપારીઓની કફોડી સ્થિતિ

નવી દિલ્હી : વડા પ્રધાન શ્રી નહેરુએ લોકસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ચીની સત્તાવાળાઓ તિબેટીઓને ભારતીય વેપારીઓ સાથે કોઇ પણ જાતનો સંબંધ નહિ રાખવા ઉત્તેજન આપતા નથી તેથી તિબેટીઓ ભારતીઓને મળવાનું ટાળે છે.

તિબેટ સાથેના સંબંધ પર જ નભતા તમનાઇ લોકોને હાથ પાડવા સરકારે શાં પગલાં લીધાં છે એવું પૂછાતાં તેમણે જણાવ્યું કે આવા વેપારીઓને કેરાવે પાડવાની યોજના હિમાચલ પ્રદેશે ઘડી છે અને તેનો અમલ થઇ રહ્યો છે.

શ્રી ડી. સી. શર્માએ પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે તિબેટમાં ચાર રાજદ્વારી પ્રતિનિધિ ઉપરાંત સરકારી કામ અંગે ૧૫૦ ભારતીઓ અને ૭૩૯ હિંદી વેપારીઓ છે.

સુભાષ બાબુ અમેરીકાના યુદ્ધ—ગુનેગારના લિસ્ટમાં?

નવી દિલ્હી. શ્રી અરવિંદ ઘોષાલે લોકસભામાં જણાવ્યું હતું કે નેતાજી સુભાષચંદ્ર બોઝનું નામ અમેરિકાના યુદ્ધ ગુનેગારના લીસ્ટમાં છે? અને એ તેમ હોય તો તે કઢાવી નખાવવા શા પગલા લેવાશે?

એક લેખિત જવાબમાં શ્રી નહેરુએ જણાવ્યું હતું કે આ બાબતમાં સરકારને કંઇ માહિતી નથી. પણ આ માટે અમેરિકા ખાતેના એલચીઓ મારફત એવી માહિતી મંગાવવામાં આવી છે.

અદ્ભુત ડાંગર

લખનૌ: ભરતી જાતીએ એક "અદ્ભુત" ડાંગર ઉગાડી છે. તે 'જીયા-બિયા' તરીકે ઓળખાય છે, અને ૧૦થી ૧૫ દિવસમાં તો તે પાકી જાય છે. એમ જણાય છે કે, ડાંગર એપ્રિલ તથા મે મહિનામાં વાવીને જુલાઇમાં તો તેને લણી શકાય. ત્યાર બાદ ખેતરમાં મધ્યમ કક્ષાની અને મોડે પાકતી ડાંગરની જાત એજ ખેતરમાં વાવી શકાય. આ પ્રમાણે એકજ મોસમમાં ડાંગરનો બે પાક થઇ શકે.

લોકસભાના સિનિયર સભ્યો અંગ્રેજીનો તરફ મુદ્દલ જાણતાં નથી

નવી દિલ્હી : લોકસભાના સભ્યો માટે હિંદી અને અંગ્રેજીના એકી વખતે થતા ભાષાંતરની સગવડ કેટલા સભ્યોમાં હશે? પ્રશ્ને પ્રશ્નના હિંદીમાં આપેલ ઉત્તરનું અંગ્રેજી ભાષાંતર આપવાનો કેટલાક સભ્યોએ આગ્રહ કરતાં સ્પીકરે જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે દુભાષિય દ્વારા અંગ્રેજી અને હિંદીનું એકી સાથે ભાષાંતર મળતું રહે એવા બંદોબસ્ત કરવાનું હું વિચારું છું અને તે માટે બને તેટલો જલદી પ્રબંધ થશે. ઘણા નહિ પણ સિનિયર સભ્યો હિંદી કંઇજ જાણતા નથી.

નાગ પ્રજા પરિષદના પ્રમુખના મકાન પર ગોળીબાર

મોકોકચૂંગ: મુમકાંગચક નામ ગામે ભારત તરફી નાગ પ્રજા પરિષદના પ્રમુખ ડૉ. ઇમકોંગલીબાઓના મકાન નિવાસસ્થાન પર ગોળીબાર કર્યો હતો.

ડૉ. એઓએ વિરોધી અને ભારતીય પત્રકારોની મંડળીને જણાવ્યું હતું કે કેટલીક ગોળીઓ તેમની બિસ્તરોમાં ઘુસી ગઇ હતી અને કેટલુંક નુકશાન થયું હતું.

ડૉ. એઓએ વિરોધી અખબારનવેશોને જણાવ્યું હતું કે તેઓ પોતા તરફના સરકાર તરફના કોઇ પણ જાતના રક્ષણ વિના નાગ વિસ્તારોમાં ઘુમી રહે છે. હું પોતે નાગ છું અને મારી માન્યતા મુજબ મારા પોતાના લોકોમાં ઘુમતા મને કોઇ ડર લાગતો નથી. હું માનું છું કે મારો માર્ગ સાચો છે અને હું ડર રાખતો નથી.

શેઠ કસ્તુરભાઇ લાલભાઈ તરફથી ૧ લાખની સખાવત

અમદાવાદ : શ્રી નૂતન કેળવણી મંડળ વઢવાણના કાર્યકરો જ્યારે મંડળ તરફથી ચાલતી શાળાઓ અને આર્ટસ કોલેજ મકાન ફંડ માટે તાજેતરમાં અમદાવાદ ગયા હતા ત્યારે તેમણે શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇની મુલાકાત લીધી હતી. શેઠ શ્રી કસ્તુરભાઇ આ સંસ્થામાં શરૂઆતથી જ અંગત રસ લઇ રહ્યા છે.

શેઠ શ્રી કસ્તુરભાઇ, આ સંસ્થાની દરેક સમયમાં સારીથી પ્રગતિથી ખુશ થતા હતા અને અતુલ પ્રોડક્ટસ લી., વલસાડ તરફથી એમણે આ મંડળને રૂ. ૧૦૦,૦૦૦નું દાન આપવાનું જાહેર કર્યું હતું. આ અગાઉ એમણે રૂ. ૫૦,૦૦૦નું દાન પણ આપ્યું હતું. આથી આ મંડળે રૂ. ૪૦૦,૦૦૦ના ઉભા કરવા ધારેલા ફંડને મદદ મળી છે.

કેન્દ્ર સરકારના નાણાં પ્રધાન માનનીય શ્રી મોરારજી દેસાઈ આ મંડળના પ્રમુખ છે.

દેશની આઝાદી પ્રજા પોતે જ જાળવી શકે

મહિસુર : રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે જણાવ્યું હતું કે દેશની આઝાદી અને એકતા નાના છોડ જેવા છે, પ્રજાના પરસેવાની એને જરૂર હોય તો તેની સિંચાઇ કરી તેમનું જતન કરવાનું હોય છે, દેશની આઝાદી જાળવવાનું કામ પ્રજાનું છે અને દેશની આઝાદી માટે એવા લોકો જ પુરુષાર્થ દેશની અને સરકારની જરૂર રહે છે.

મહારાજા મુખરાજને આપેલા માનપત્રનો જવાબ વાળતાં રાષ્ટ્રપતિએ આ પ્રમાણે જણાવીને વધુમાં કહ્યું હતું કે જ્યાં સુધી દરેક વ્યક્તિની પ્રગતિ ન થાય ત્યાં સુધી દેશની પ્રગતિ પણ ન થાય. એટલે આપણામાં અંદર અંદરની ટક્કર પડે તે પોષાય નહિ.

પ્રજાના જીવન ધોરણને ઉન્નત કરવાની અને આર્થિક આઝાદી મેળવવા માટેની સરકારી યોજનાઓને ટેકો આપવાની તેમણે પ્રજાને અપીલ કરી હતી.

શ્રીમતી કૃષ્ણા હઠીસિંગ, અને ભેટ મળેલી મોટર

નવી દિલ્હી : વડા પ્રધાન શ્રી નહેરુના નાના બહેન શ્રીમતી કૃષ્ણા હઠીસિંગ જેમને ગાઝેરની તેમની જર્મની ખાતેના મોટરના કારખાનાની મુલાકાત દરમ્યાન, તેમની વર્ષગાંઠ નિમિત્તે મહામૂલી મોટર ભેટ આપવાની જે ઓફર થઇ હતી, તે મોટરને ભારત ખાતે આયાત કરવા માટેની શ્રીમતી હઠીસિંગ વતી કરવામા આવેલી અરજીને ભારત સરકારે નામંજુર કરી છે એમ જાણવા મળે છે.

આ અંગેના હાલના નિયમો મુજબ મોટરકારોને ભારત ખાતે આવવા માટે, પછી તે ભલે ભેટ તરીકે મળી હોય તો પણ, ભારત સરકારની મંજુરી લેવી આવશ્યક છે. વળી આ સંબંધમાં ભારત સરકારની વર્તમાન નીતિ એવી છે કે આવી આયાતો અંગે મમતાવશતા પણ જરૂરી ત્યાગ કરવા તૈયાર હોય તો પણ એને ઉત્તેજન આપવું નહિ.

કાચનાં વાસણનો ઉદ્યોગ

ભારતમાં કાચનાં વાસણો બનાવવાના ઉદ્યોગે આ સાલ ઘણી સારી પ્રગતિ કરી છે આ કારખાનાઓએ ૧૨,૦૦૦ ટન વધુ કામનો સામાન બનાવ્યો હતો. આમાં દવાઓ માટે શીશીઓ, બરણીઓ, ગ્લાસ વગેરેનો સમાવેશ થાય છે.

આ કાચનાં સામાનની નિકાસ વધે એવું ભારત સરકાર ઇચ્છે છે અને તે માટે એક પ્રતિનિધિ મંડળ મધ્ય પૂર્વની મુલાકાતે થોડા સમયમાં જશે.

સંગીતરત્ન અબ્દુલકરીમ ખાંનું સ્મારક

ભારતના શાસ્ત્રીય સંગીતમાં જેમનું સ્થાન મોખરે હતું તે સંગીત રત્ન અબ્દુલકરીમખાનના સ્મારક તરીકે તૈયાર કરવામાં આવેલ સંગીત-નૃત્ય શાળાનો શીલારોપણ વિધિ તાજેતરમાં મીરજમાં ડૉ. કેસકરે કર્યો હતો. તેમની ભાવના અને કલાને અંજલી આપતા ડૉ. કેસકરે કહ્યું કે આ શાળામાં શાસ્ત્રીય સંગીત અને નૃત્ય માટે ઉચ્ચ તાલીમ અપાશે. તેમનું આખું કાંસાનું પૂતળું પણ મીરજમાં સુભાષ ચોકમાં મુકવામાં આવેલું છે.

કેળવણી ક્ષેત્રે ભારતની આગેકૂચ

કેળવણીના ક્ષેત્રમાં ત્રીજી પંચવર્ષીય યોજના દરમીયાન ભારતે નવું આયોજન ઘડવાનો નિર્ણય કર્યો છે જેમાં ગરીબીને લીધે સારા અને હોંશિયાર વિદ્યાર્થીઓને તક આપવાના ખાસ પ્રયાસો થશે.

આને માટે પત્રદ્વારા શિક્ષણ અને સાંજની શાળાઓની પદ્ધતિ મોટા પાયા ઉપર દાખલ કરવામાં આવશે. જેને લીધે ૧૦,૦૦૦ ગરીબ વિદ્યાર્થીઓ કમાવાની સાથેસાથ અભ્યાસ કરી શકશે વળી ૧૬,૦૦ વધુ શિષ્યવૃત્તિઓ પણ અપાશે.

૬ થી ૧૧ વર્ષના બાળકોની કેળવણી માટે પાંચ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!
સોંઘવું ખરીદો, ઓછું ખરચો, મનસોક્ત હરખો.
તમારે ત્યાં નીચેની જરૂરી વસ્તુઓ મળે છે
સ્ત્રીઓ માટે: સાડીઓ, બ્લાઉઝ અને બીજી અનેક જાતની ચીજો, સિલ્કનો પણ જાતો ગરમ કુંવર જરસીઓ, પુલોવર, કાર્ડીગન, સ્વેટર, ચડ્ડી, શેતરા વિ.
બાળકો માટે: તૈયારનાં કપડાં, ટોપી, બનીયાન, કોટ, સ્વેટર, ચડ્ડી, મોજાં, નેપકીન્સ, ફ્રોક, પેટીકોટ, નાઈટીસ, બીબ્સ, ટેરિલીન શર્ટ, બાબા સ્યુટ વિ.
ટેબલ પરદેશી કાપડ, રજાઈ, ગાદી, વિ
ઘેરબાર માટે ચાદી લેવા મળશે ટેલીઓ રજીસ્ટર સામાનો, ઈન્ડેન્ટ કરો
વિલંબ શા માટે! આરો માલ વેચાઇ જવાં શી વાર!!
હમણાજ પધારો: આબેદ હેટર્સ (પ્રા) લી.
(બીબાભાઈ ભાસ્કર એન્ડ સન્સ)
કેનાના વાપનગરના — પહેલે માળે, — પો. બો. પરવાળ.
ભાસ્કર બેતાલ્લા — ૩૩ વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

સામાજીક ખબરો

શ્રી લુઈસ્ટ્રીખાર્ટ હિંદુ સેવા સમાજ

લુઈસ્ટ્રીખાર્ટ હિંદુ સેવા સમાજની વાર્ષિક જનરલ મીટીંગ તારીખ ૧૯-૨-૬૧ના રોજ મેસર્સ મહેતા એન્ડ સન્સના મકાને મળી હતી.

પ્રમુખ શ્રી બાબુભાઈ ગુલાબજી તથા ઉપ-પ્રમુખ શ્રી રણછોડભાઈ પટેલ એમ બન્ને સ્વદેશ ગયા હોવાથી કામચલાઉ પ્રમુખ તરીકે શ્રી ઝીણાભાઈ પ્રભાસીનું નામ સુચવાયું હતું ને સર્વાનુમતે પસાર થતાં શ્રી ઝીણાભાઈ પ્રભાસીના પ્રમુખ પદે સભાનું કામકાજ શરૂ થયું હતું.

મંત્રી શ્રી અનંતરાય દવેએ વાર્ષિક રિપોર્ટ વાંચી સંભળાવ્યો હતો અને આવક જાવકનો રીપોર્ટ રજુ કર્યો હતો જે સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યા બાદ નિચે મુજબ નવા કાર્યકર્તાઓની ચુંટણી થઈ હતી:

પ્રમુખ: શ્રી બાબુભાઈ પટેલ. ઉપ પ્રમુખો: (૧) શ્રી મણીભાઈ એ. ગોકળ (૨) શ્રી ગુણવંતરાય કે. રાઠીઆ. (૩) શ્રી મગનલાલ મનજી. મંત્રી: શ્રી અનંતરાય જ. દવે, સહમંત્રી શ્રી નલિનચંદ્ર ક. શાહ, ખજાનચી: શ્રી શાન્તીલાલ મ. ગોકળ.

કમીટીના સભ્યો: શ્રી ઝીણાભાઈ પ્રભાસી, સેન્તીલાલ કે ગુલાબજી, રમણીકલાલ દેસાઈ, ચેપટલાલ ડલાભાઈ, અમૃતલાલ ટી દેસાઈ, ગોવિંદજી મકનજી, કલ્યાણ રામજી, મકનજીભાઈ મીસ્ત્રી, મંગળસીંહ રાણા, બિલ્ટીમ ઠાકોર, એમ કે. પટેલ, બી ટી. પટેલ.

બીલ્ડીંગ કમીટી. (૧) શ્રી મણીભાઈ એ. ગોકળ (૨) અનંતરાય જ. દવે. (૩) ગુણવંતરાય કે. રાઠીઆ, (૪) મગનલાલ મનજી, (૫) બાબુભાઈ પટેલ, (૬) મકનજીભાઈ મીસ્ત્રી, (૭) બી ટી. પટેલ.

વધુ કામકાજ નહિ હોવાથી અંતમાં શ્રી ઝીણાભાઈ પ્રભાસી એ નવે પ્રમુખ તથા મંત્રીનો વર્ષ દરમ્યાન આપેલ સેવાઓ બદલ આભાર માનવામાં આવ્યો હતો અને સભા વિસર્જન થઈ હતી.

લગ્ન

નેટ્રોનેલ (પ્રિટોરીઆ ડીસ્ટ્રીકટ) નિવાસી શ્રી ગોવિંદભાઈ બાબુભાઈની સુપુત્રી ચિ. મણીબેન ઉર્ફે વિમળાબેનના શુભ લગ્ન એર્મેલો (ટ્રાન્સવાલ) નિવાસી શ્રી જગુભાઈ ભગનભાઈના સુપુત્ર ચિ. હીરાલાલ સાથે તા. ૫-૨-૧૯૬૧ના શુભ દિને થયા હતાં.

લગ્નમાં હાજરી આપવા બદલ તથા તાર કે પત્રદ્વારા અભિનંદન મોકલનાર સર્વેને શ્રી ગોવિંદભાઈ બાબુભાઈ આ દ્વારા આભાર માનવાની આ તક લે છે."

આજની સભામાં કેન્યાટાની મુક્તિ અંગે ચર્ચા

(પહેલા પાનાનું અનુસંધાન)

હવે આમનો મોરો આમ જનતા જનાર્દન જેમ યુરોપીઅનોનો પણ સમાવેશ થાય છે તેમ જે વફાદાર ઝૂંપડું કહેવાય છે તેમનો ગાભાનો પણ સમાવેશ થાય છે અને બધા કેન્યાટાને મુક્તિ મળેલ જોવા માગે છે બ્રિટીશ સરકારને હું જણાવવા માંગુ છું કે હજુ પણ વિચાર કરી ચૂંટણીને દિવસે જ કેન્યાટાને છોડી મુકો.

આ બધી માગણી અને મુદ્દાનો નાયબ સંસ્થાન મંત્રીએ ઉપર જણાવ્યા મુજબ નકારમાં જવાબ આપ્યો હતો.

ટેલીફોન નંબરમાં ફેરફાર

સર્વે સ્નેહીઓ, મિત્રો અને ગ્રાહકોને જણાવવાનું કે સ્ટોરેથી જાણવા પછી મારા રહેઠાણ અને ફોન નંબરમાં નીચે મુજબનો ફેરફાર થયેલો છે તેની નોંધ લેવા વિનંતી છે

ઇચ્છાશંકર ઓઝાકર
ઉપાધ્યાય, શ્રી સં. ધા. વિદ્યાલય
જોહાનીસબર્ગ.

૧૦ બી ઓરિયન્ટ હાઉસ,
ટેલીફોન નંબર: ૩૩૧૦૦૭
જોહાનીસબર્ગ.

માસ્ટર બ્રધર્સ (પ્રો.) લીમીટેડ

હાથ બનતાં ગાલ્લા, રેશમી ઊનના સુતરાઉ કાપડ, શોખિન માણસો અને પુરૂષો માટે તમામ જાતના સુતર જર્સી, પુલોવર, કાર્ડીગન્સ અને ગરમાઉ જાત—સુઇટ, બ્લેન્ઝ, બ્લેન્કેટસ, સોકસ, નેપકીન્સ વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા ભલામણ.
૩૩ ગ્રેસ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન: ૮૩૫-૧૦૮૬ — બોકસ ૧૫૪૯.

લગ્ન પ્રસંગો માટે
અમને મળો.
સુરતી જમણના અને સ્પેશ્યાલીસ્ટ છીએ.

આ કેપીટન્સની અંગત દેખરેખ નીચે ગુજરાતના અને કેબિનેટના ભોજન પણ આપના તમારે હુકમે આપની રસોઈ કરાવો અને સ્વાદ માણો.

કેપીટન્સ.બાલ્કની હોટેલ
(ધી કોર્નર મીઠાઈ હાઉસ)
ગ્રે અને વિક્ટોરીયા સ્ટ્રીટના ખુણાપર – ડરબન.
ફોન નંબર ૨૩૭૩૪ ટેલીગ્રામ: KAPITAN.

આદુ, લસણ બજાર ભાવ, નારીયેળ ૧ના ૧ શી. ૧-૦, બેગ (નંગ ૨૦૦) શી. ૬૦-૦.

દુકાનદાર માટે બાંધવાના ન્યુઝપેપર બજાર ભાવ,

બટાકા, હળદર (લાલ), સુકા લાલ મરચા, સુંઠના, સુકા ટોપરા (કાચા), સોપારી રંગેલા લીલ, દરેક જાતનો મરી મસાલો વિગેરે હમેશાં સ્ટોકમાં રાખીએ છે. કપુરી અને બંગલી પાન બજાર ભાવ, બેરોસ્ટર નારીયેળ, સ્વાદુ, કાચા હલાર અને બીજી હલાદની મોસમ પ્રમાણે છે. કેરેલીઆ, ન્યાસાલેન્ડ અને મોઝામ્બિક ટોપીના ઓરડરો ઉપર ખૂબ ધ્યાન આપી ગમે ત્યાં પણ રેલ્વે પરમીટ સાથે મોકલીશું.

All prices subject to Market fluctuations.

A. KADER & Co., (PTY) LTD.
WHOLESALE FRUIT MERCHANTS
P. O Box 251. DURBAN.

ધીરૂભાઈ પી. નાયક

બુકકીપીંગ, મુસાફરી, વીમાઓ અને ઇન્કમટેક્ષ નિષ્ણાત

હિંદુસ્તાન અગર દુનીયાના કોઈ પણ ભાગની હવાઈ દરિયાઈ અગર જમીન માર્ગે મુસાફરી કરવા માટે અમારી મારફતે બુકીંગ કરો. જાવા, આફ્ર, મોરી, હવાઈ, અડાગત, પીડાબાસ, વિગેરેના બાર, અમે સરતના આપીએ છીએ.

ઈનકમટેક્ષ, પરવાના ટેક્ષ, હિસાબના ચોપડા રખાવવા રેવન્યુ ઓફીસના સર્ટીફીકેટ કે વેપારના કાગળોનો માસીક તેમજ વાર્ષિકને લગતી બાબતોમાં કંઈ પણ ફી લીધા વિના અમે મફત સલાહ આપીએ છીએ. રોયલ ઇન્શ્યુરન્સ સાઉથ એસોસીએશન લીમીટેડ ઓફ ઓસ્ટ્રેલીયા અને મેકડોનાલ્ડ ઇન્શ્યુરન્સ કંપની લીમીટેડના પ્રતિનિધિ.

Office:
9 Barkly Arcade,
38 Market Street,
Phone: 339033,
Johannesburg

Residence:
52 Patidar Mansion,
13 Kort Street,
Phone: 338816,
Johannesburg.

ફરનીચર! ફરનીચર!! ફરનીચર!!!

બેડરૂમ સુટ, ડાઇનીંગરૂમ સુટ, વોર્ડરોબ, ડ્રેસીંગ ચેસ્ટ, સાઈડ બોર્ડ ઓફીસ ડેસ્ક, બુક કેસ, ટેબલ, વગેરે ફર્નીચર વાજબી ભાવે ખરીદી શકશો. અમારે પધારી લાભ લેવા ચુકશો નહિ.

—બોક્સ, ટેબલ અને કીચન ડ્રેસર—

જે અમારી દેખરેખ નીચે તૈયાર થાય છે. તેમ સ્ટોક હમેશાં તૈયાર રહે છે. માત્ર સેમ્પલ ભાવના ખાસ ઓર્ડર મંગાવો અને તૈયાર માલ જાવો.

L. MISTRY
51 BREE STREET, BURGERSDORP. J'BURG,
PHONE 33 4691. BOX 2525.

Printed And Published by Shri Sushila Gandhi, International Printing Press, Phoenix; Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

Indian Opinion

Founded by Mahatma Gandhi in 1903. Former Editor: Manilal Gandhi—1918-1956.

No. 8—Vol. LIX. Friday, 3rd March, 1961 REGISTERED AT THE G.P.O. AS A NEWSPAPER. Price: FOUR CENTS

The Old Story Retold In Parliament

ALL INDIANS ARE RICH: RIDE IN EXPENSIVE CARS

NATIONALIST politicians speaking in Parliament recently painted the picture that all Indians were rich shop-keepers who drove around in expensive cars. The Minister of the Interior, Senator De Klerk went to the extent of telling the Indian people to concentrate less on commerce and more on other occupations. He did not specify what occupations but must, no doubt, have had in mind unskilled and agricultural labour. Commenting on the Minister's statements, Stanley Uys, the Parliamentary Correspondent of "The Sunday Times", said: "This is the old story. That all Indians are rich shop-keepers who drive around in expensive cars.

The Correspondent went on to say:

The 1951 census disclosed that the average income of Indians in Natal was R238 (£119) a year and that 75 per cent earned R378 (£189) or less a year.

An expert calculated that the Indian working population in Natal in 1952 was employed as follows:

Agriculture	14,800
Commerce	15,000
Industry	22,500
Mining	600
Municipal workers	2,250
Professional (and semi-)	500
Public service	2,500
Transport	3,000
Casuals, unemployed	10,000
	70,350

Only 15,000 of the 70,000 therefore were engaged in commerce, and of the 15,000 only 4,500 were owners (3,750 bus-owners) while 7,500 were assistants, 600 were accountants in White firms and 2,400 were hawkers and pedlars.

Mr C A Leeds, who made these calculations, commented: "To the casual onlooker the obvious wealth of some Indian traders with well-established premises and first-class fittings and stock appear to give a wrong idea.

"The other side of the picture shows many small back street traders whose turnover is probably very low."

In 1940 (recent figures are not available) the average income of Indian traders was estimated at R634 (£317) a year.

In case anyone thinks the 14,000 Indians engaged in agriculture were all rich landowners, it should be pointed out that only 1,400 were sugar planters themselves and the majority of those 1,400 had a net income of 400 (£200) a year.

As for the market gardeners, their holdings are generally small and the majority supplement their incomes by cash earnings in industrial employment.

These figures contradict the popular view that most Indians are wealthy merchants.

In the Transvaal the Indian communities, particularly in the rural towns, are more dependent on commerce for their livelihood (the majority of Indians, of course, live in Natal) but inexorably as trading licences fall away with deaths and insolvencies, the capacity of the merchant class to support a portion of the Indian community is diminishing.

This attrition of the Indian community is intended to reduce the Indian to the level of a menial worker. This is his destiny in apartheid South Africa.

When the Government advises Indians to enter other occupa-

(Continued on page 63)

BURSARIES FOR STUDY IN ITALY

ONCE again the Italian Government is offering a number of bursaries of 60 000 Lire (£34—0—0) per month to South African citizens between the ages of 22 and 35, who wish to study at Italian Universities and Institutes of Higher Learning.

Each bursary lasts eight months and is open to all suitably qualified South African scholars or established scientists and artists.

In addition to the monthly grant, all tuition fees will be refunded, and there will be a 75 per cent reduction on travelling expenses to and from Italy if Italian liners are used.

The Italian academic year starts in November and all applications must be sent, by or before May 15th, 1961, to the Italian Consul in Cape Town, for the Cape Province and South West Africa, to the Italian Consul in Durban, for the Province of Natal, and to the Italian Consul in Johannesburg for the Transvaal and the Orange Free State, from whom application forms and further particulars can be obtained.

In addition a number of grants will be offered during 1961 to suitably qualified persons who wish to spend from one to three months in Italy studying Italian, literature and culture at an Italian University, or at an approved Institution such as the University for Foreigners at Perugia or the schools of the Societa Dante Alighieri. Such grants will also be available for those who wish to take short courses in Music at an approved centre of musical study in Italy.

The amount of these grants will also be 60 000 Lire £34 a month. Further particulars can be obtained from the Italian Consuls in Cape Town, Durban and Johannesburg. Applications must be sent in on or before April 20th, 1961.

New Metres For Hindi Air Service

("Indian Opinion" India Service)

NEW DELHI.—In the interests of better reception of their Hindi service from 8 45 p.m. to 9 45 p.m. External Services of All India Radio have introduced new frequencies and metres. This Service will now go on the air on 9680 Kc/s (30 99 metres), 11710 Kc/s (25 62 metres) and 21725 Kc/s (13 81 metres).

Bursaries Given

THE Board of Trustees of the Hajee Sulliman Ebrahim Charitable Trust has awarded Bursaries for the 1961 Academic Year to the following Students viz:—

1 Mr S R Kalideen 5th Year Medicine at the Wits University;

2. Mr Yunus Sarvan 5th Year Medicine at the Wits University;

3 Mr Ebrahim Seel 5th Year Medicine at the Wits University;

4 Mr R. Ramjan 4th Year Medicine at the Wits University;

5. Mr. Goolam A. Moonda 4th Year Medicine at the M.J. Medical College, Ahmedabad, India,

6. Y A Chemo 3rd Year Medicine at the Wentworth Medical School, Durban;

7. Mr. Essop M. Ebrahim 3rd Year Medicine at the Wits University;

8 Mr A H. E. G. Jeena 3rd Year Medicine at the Wits University;

9 Mr Goolam M. Moosa 1st Year Medicine at the Wits University;

10 Miss S. L. Carruthers 1st Year Physiotherapy at the Pretoria University;

11. Mr. M. A. S. Essop Moola 3rd Year Theology at the Ashrafia College, Rander, India;

12. Mr Mahomed Iqbal Further Education at Bangalore, India.

The Bursaries will be automatically renewed for the duration of the course each year provided satisfactory progress is maintained.

The bursaries cover university fees, books and instruments,

Indian Opinion

Private Bag, Durban.
Telephone: Mount Edgecombe 30
Telegram and Cable: "GANDHI."

FRIDAY, 3RD MARCH, 1961

South Africa And The Commonwealth

Nature Cure	025
Diet and Diet Reform—Gandhiji	500
Gleanings—Mira	150
Selections from Gandhi—N. Bose	Rs.1.00
Bhoodan Yajna	200
An Atheist With Gandhi—Gora C Rao	200
A Gandhi Anthology (Book I)—V. G. Desai	15
Gandhian Ethics—Benoy Gopal Ray	25

Obtainable From:

"Indian Opinion"

P. Bag, Durban, Natal.

B·I Sailings Between East African Ports Karachi And Bombay

S.S Karanja due 6th March. Sails 11th March 1961

PASSAGE FARE FROM DURBAN TO BOMBAY

First Class single with food	R 235.50
Second " " "	R 157.0
Third Class with food	R 79.50
Third Class without food	R 69.0

For further particulars apply to—

Shaik Himed & Sons (Pty.,) Ltd.

390 Pine Street, — Durban.

Telephone 20432, Tel. Add. "KARAMAT."

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press, Phoenix Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

No. 8—Vol.—LIX.
Friday,
3rd March, 1961
Phone: Mount Edgecombe 30.
Registered at the G.P.O. as a Newspaper
Price 4 Cents

INDIAN OPINION
ઇન્ડીયન
ઓપિનિયન
મહાત્મા ગાંધીજીના હાથે સને ૧૯૦૩માં સ્થપાયું
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણિલાલ ગાંધી

પુસ્તક ૫૯ મું—અંક ૮ | તા. ૩ માર્ચ, ૧૯૬૧. | છુટક નકલ સેન્ટ ૪

રાષ્ટ્રપિતા!

સત્યના નિત્ય સાથી, ભારત હૃદય નિવાસી ભક્ત હૃદયે આજ ઉદાસી, હે અંતરવાસી! અંતરવાસી! પુણ્ય પ્રતાપિત સ્નેહ તારો, વંદો વિભૂતિ સમ સિતારો. ભક્ત હૃદય ભજનાવી હવે, હિમ્મતો આપો સહારો.

—શ્રીરજલાલ અંબાલાલખુ.

હિંદી પ્રતિનિધિ મંડળને અપાયેલો જવાબ

'વેપાર કરતાં નોકરી પર વધુ ધ્યાન આપો'

—સેનેટર ડી ક્લેર્ક

દક્ષિણ આફ્રિકાના અમુક હિંદીઓ કોઈને પૂછયા સિવા હિંદી-પ્રતિનિધિઓ તરીકે મીનીસ્ટર ઓફ ઇન્ડીઅન અફેર્સ સેનેટર ડી ક્લેર્કને મળવા ગયા હતા તેમને જે જવાબ આપ્યો એ કેટલો અપમાનકારક છે તે સ્વભાવીજ સમજી શકશો. આ લોકો કોના પ્રતિનિધિઓ છે એ એક સવાલ છે બીજો સવાલ એ છે કે આ લોકો કોને પૂછીને ગયા હતા? ત્રીજો સવાલ એ છે કે એમાં એમને કેટલી સફળતા મળી?

હિંદીઓને જ્યાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી તો આ લોકો દેશોના પ્રતિનિધિ નથી, એ એક મહાન સત્ય છે. આ સિવાય આ લોકો મહત્તા મેળવવા મથતા હતા એમ લાગે છે, પરંતુ મહત્તાને બદલે ખ્યાલમાં રાચવાનો આનંદ તેઓ માણી શકે છે. સફળતા તો એ લોકો મેળવી શક્યા જ નહિ. જ્યારે સેનેટર ડી ક્લેર્કે કહ્યું, "હિંદીઓએ વેપાર કરતાં નોકરી પર વધુ ધ્યાન આપવું જોઈએ," ત્યારે આ લોકોએ શો જવાબ આપ્યો એ તેઓએ જ જાણે.

આ નેશનાલીસ્ટ સરકારના મનમાં એમ છે કે આ દેશના હિંદીઓ ઘણાં જ તવંગર છે અને તેઓ મોટી મોટી મોટરોમાં ફરે છે આ સરકારની સમજણ છે.

સરકાર જો ૧૯૫૧નો 'સેન્સસ રિપોર્ટ' વાંચે તો તેમને ખબર પડશે કે નાતાલમાં હિંદીઓની વાર્ષિક સરાસરી આવક ૨૩૮ રેન્ડ (૧૧૯ પૌંડ) હતી અને ૭૫ ટકા ૩૭૮ રેન્ડ (૧૮૯ પૌંડ) કે ઓછુ કમાતા હતા.

હિંદીઓની કામગીરી

૧૯૫૨માં હિંદીઓ નાતાલની અંદર નીચે પ્રમાણેની કામગીરીમાં રોકાયા હતાં:

ખેતીવાડી	...	...	૧૪,૦૦૦
વેપાર	...	...	૧૫,૦૦૦
ઉદ્યોગ	...	...	૨૨,૫૦૦
ખાણ	...	...	૬૦૦
સુથરાઈ	...	...	૨,૨૫૦
પ્રોફેસનલ	...	...	૫૦૦
જાહેર ખાતું	...	...	૨,૫૦૦
વાહન વ્યવહાર	...	...	૩,૦૦૦
નોકરી ચાકરના	...	...	૧૦,૦૦૦
			૭૦,૩૫૦

આ આંકડો જોતા સરકારને જણાશે કે ૭૦,૦૦૦માંથી કેવળ ૧૫,૦૦૦ વેપારમાં પડયા છે. અને તે ૧૫,૦૦૦ માંથી પણ ૪,૫૦૦ જ ખરેખર માલિકો છે, જ્યારે ૯,૫૦૦ તો મદદનીશો છે લગભગ ૬૦૦ ગોરી-પેઢીમાં મદદનીશો છે અને બીજા ૨,૪૦૦ તો ફેરીઆઓ છે.

ખોટી ભ્રમણા

હિંદી પેઢી પર નજર દોડાવનારને તો એમ જ લાગશે કે આ લોકો તો ફાવી રહે છે, પરંતુ વાર્ષિક નફાનો આંકડો જોતાં તો ભ્રમ ભાંગશે. આ વેપારીઓનો વાર્ષિક સરાસરી નફો ૬૩૪ રેન્ડ (૩૧૭ પૌંડ) હતો. આ તો ૧૯૫૦નો આંકડો છે. અત્યારે સ્થિતિ વધુ કફોડી હોવાથી એટલો પણ નફો એ લોકો લઈ શકતા નથી.

આ સિવાય જે ખેતીવાડીમાં પડેલાં ૧૪,૦૦૦ હિંદીઓ તવંગર જમીન માલિકો છે એમ કોઈ સમજે તો એ ખોટી સમજણ છે. આ ૧૪,૦૦૦માંથી ૧,૪૦૦ તો શેરડીના ખેતરોના માલિકો છે અને આ લોકોનો વાર્ષિક આવક ૪૦૦ રેન્ડ (૨૦૦ પૌંડ) છે. અને શાકભાજી તથા બીજી ખેતી કરનારા માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવે છે—અને તેમાંના પણ ઘણા નોકરિયાત વર્ગના છે. આ આંકડા બતાવે છે કે હિંદીઓ તવંગર છે એ એક ખોટી સમજણ છે.

હિંદીઓનું નશીબ

દક્ષિણઆફ્રિકાના નાના શહેરોમાં ઘણાં હિંદીઓ વેપાર ઉપર આધાર રાખે છે. પરંતુ દેવાળું ફુંકતા અને મરતા ઘણા લાયસન્સો રદ થાય છે. હવે એવો સમય આવ્યો છે કે વેપારી વર્ગ બીજા હિંદીઓને નોકરી આપી શકતું નથી. આથી હિંદીઓની સ્થિતિ વધુ કફોડી બની જાય છે આ હિંદીઓ માટે મજૂરી સિવાયનો બીજો રસ્તો નથી—અને એજ સરકારની ચેષ્ટા છે—અને એજ સરકારની રંગભેદની નીતિનો એક પાયો છે. હિંદીઓને નોકરી મળતી નથી—અને મજૂરીમાં પણ અમુક જાતનું ઉચ્ચાવચપણું છે.

જ્યારે સરકાર હિંદીઓને નોકરી કરવાનું કહે છે ત્યારે તેના ધ્યાનમાં એ છે કે કુશળ કામગીરી હિંદીઓ માટે રાખવી. આ વિભાગ હિંદીઓ માટે બંધ છે. જો સરકાર આ મજૂર વર્ગમાંથી આ ઉચ્ચાવચપણું દૂર કરે તો ઘણા હિંદીઓ એ કાર્ય ઉપાડી લેશે—અને ગોરાઓની સરખામણીનું કાર્ય કરી બતાવશે. પરંતુ સરકાર આ ઉચ્ચાવચપણું દૂર કરવા માગતી નથી—એ તો કેવલ હિંદીઓને દુઃખી કરવા માગે છે.

સરકાર જો નીચેની વસ્તુઓ હવે કરે તો ઘણા હિંદીઓ ગુજરાન ચલાવતા થઈ શકશે:

- એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં ન જવાનો કાયદો રદ કરે,
- પ્રભાવિહાણપણાની નીતિ રદ કરે;
- ૧૯૨૨નો 'એપ્રીન્ટીસ એક્ટ' રદ કરે કે જેથી હિંદીઓ બીજા ધંધામાં કુશળતા મેળવી શકે.
- જે કાર્ય હિંદીઓને આપવાને બદલે ગોરાઓને અપાય છે કે જેથી વધુ પૈસા ગોરાઓને મળે, તે નીતિ સરકારે છોડી દેવી જોઈએ.

આ સિવાય જાહેર ખાતામાં પણ ઘણા ઓછા હિંદીઓ છે. સાઉથ આફ્રિકન રેલ્વેઝ અને ટપાલના ખાતાની નોકરી પણ હિંદીઓને અપાતી નથી. આ જો દૂર થાય તો હિંદીઓની સ્થિતિ સુધરશે.

બિન-ગોરાઓ કાઉંસીલ માટે ઉભા રહી શકશે

—રાઉટર

મેરીટ્સબર્ગના મેયર શ્રી સી. ડી. ડાઇને કહ્યું કે બિન-ગોરાઓ મેરીટ્સબર્ગના કાઉંસીલરો તરીકે ઉભા રહી શકશે. કાઉંસીલર મીસ. પેચ રીડના સવાલનો જવાબ આપતા ઉપર મુજબ કહ્યું હતું.

મીસ પેચ રીડે પુછ્યું હતું કે મેરીટ્સબર્ગ સીટી કાઉંસીલે કદી એવું કબુલ કર્યું હતું બિન-ગોરાઓ સીધી રીતે કાઉંસીલમાં પ્રતિનિધિત્વ મેળવી શકે આનો જવાબ આપતાં મેયરે કહ્યું કે આવો ઠરાવ સ્વીકાર થયો ન હતો, પરંતુ 'લોકલ ગવર્નમેન્ટ ઓર્ડીનેન્સ'ના કલમો પ્રમાણે જો તે બિન-ગોરાઓનું નામ મતદારોના લીસ્ટમાં હોય, અને જો બીજી લાયકાતો જરૂરી હોય તે ધરાવતા હોય તેઓ કાઉંસીલ માટે ઉભા રહી શકે છે.

વધુમાં મેયરે જણાવ્યું કે ૧૯૦૪ની અંદર એક હિંદી 'વોર્ડ' ચારમાં ઉભો રહ્યો હતો પરંતુ તેની હાર થઈ હતી.

ચીન—બર્મા સરહદ કરાર

રંગુન:

સામ્યવાદી ચીનના વડા પ્રધાન શ્રી ચાઉ-એન લાઇ અને બર્માના વડા પ્રધાન શ્રી નુએ ચીન-બર્મા સરહદ અંગેના કરારને બહાલી આપતા દસ્તાવેજોની અદલાબદલી કરી હતી. એ પહેલાં શ્રી ચાઉ-એન-લાઇને બર્માનો "મહાન પ્રેમની ભાવનાનાં સર્વોચ્ચ પુરસ્કર્તા" એ નામનો ખિતાબ એનાયત કરી હતો. અહીંના પ્રમુખ શ્રી વીન મોંગે શ્રી ચાઉના માનમાં એક ભોજન સમારંભ યોજ્યો હતો.

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૩ માર્ચ, ૧૯૬૧

દક્ષિણ આફ્રિકા અને બ્રિટિશ સમવાયતંત્ર

આ ગયા ઓક્ટોબરમાં જ્યારે લોકશાહી માટે લોકમત લેવાતી વખતે, દક્ષિણ આફ્રિકા સમવાયતંત્રમાં રહેશે કે નહિ, તે ઉપર ઘણી અટકળો થતી હતી, ત્યારે અમે એ બતાવ્યું હતું કે દક્ષિણ આફ્રિકા સમવાયતંત્રમાં રહેશે કે નહિ તેનો આધાર સિદ્ધાંતો કે ન્યાય ઉપર નથી પરંતુ આર્થિક ઉપયોગિતા ઉપર છે. તે વખતે અમે એ બતાવ્યું હતું કે બ્રિટિશ મુડી-રોકાણ દક્ષિણ આફ્રિકાના ઉદ્યોગોમાં પૂર્ણ હોવાથી, બ્રિટીશ સરકાર સમવાયતંત્રના એફ્રો-એશીયન સભ્યો ઉપર એવી છાપ પાડશે કે જેથી તેઓ દક્ષિણ આફ્રિકાને સમવાયતંત્રમાં રહેવાની છૂટ આપશે. અમે એ પણ બતાવ્યું હતું કે દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ મુડી-રોકાણ હોવા છતાં એફ્રો-એશિયન સભ્યોને 'ના' કહેવા અઘરૂં લાગશે. આ બધી વસ્તુઓ ઉપર દૃષ્ટિ રાખતાં, અમે મક્કમતાથી કહ્યું હતું કે દક્ષિણ આફ્રિકા કડક રંગદ્વેષની નીતિ રાખવા છતાં સમવાયતંત્રમાં રહેશે. જેમ જેમ સમવાયતંત્રની પરિષદ નજીક આવતી જાય છે, તેમ તેમ બ્રિટિશ સત્તાવાર મત, દક્ષિણ આફ્રિકાને સમવાયતંત્રમાં રાખવાની ઇચ્છા પ્રદર્શિત કરી રહી છે, અને એફ્રો-એશીયન દેશો પણ અત્યારથી કંઈપણ અહેવાલ બહાર પાડવાની ના પાડે છે, તે ઉપરથી લાગે છે કે તેઓ પણ ફરવુર્ડનું ગોરી લોકશાહી રાજ્ય, સમવાયતંત્રમાં રહે તેનો વિરોધ કરશે નહિ. બ્રિટિશ મત એવો છે કે જો દક્ષિણ આફ્રિકા સમવાયતંત્રમાં રહે તોજ બિન ગોરાઓનું હિત વધુ સારી રીતે સચવાશે. વધુમાં તેઓ એવો દાવો કરે છે કે જો દક્ષિણ આફ્રિકાને સમવાયતંત્રમાંથી કાઢી મુકવામાં આવે તો બિન-ગોરાઓ વધારે દબાશે અને વધુ દુઃખી થશે, અને સમવાયતંત્ર બિન-ગોરાઓને કોઈપણ રીતે મદદ કરી શકશે નહિ.

બ્રિટન અને સમવાયતંત્રના બીજા દેશોને આ પગલું ભરવું પડે છે તેના કારણો ગમે તે હોય, પરંતુ એટલું સ્પષ્ટ છે:–દક્ષિણ આફ્રિકા હાલ સમવાયતંત્રમાં હોવા છતાં બિન ગોરાઓ દુઃખી થયા છે અને દુઃખી થઇ રહ્યાં છે, પરંતુ બ્રિટને સત્તાવાર રીતે કંઇજ કહ્યું નથી. બિન-ગોરાઓ જાણે છે કે દક્ષિણ આફ્રિકા સમવાયતંત્રમાંથી છૂટું પડતાં તેઓ વધુ કંઈ દુઃખી થવાના નથી. અને એની પણ કંઇજ ખાતરી નથી કે દક્ષિણ આફ્રિકા સમવાયતંત્રમાં રહેવાથી બિન-ગોરાઓની પરિસ્થિતિ સુધરશે. દક્ષિણ-આફ્રિકાના વડા પ્રધાને ચોખ્ખે-ચોખ્ખું જણાવી દીધું છે કે તેઓ સમવાયતંત્રની પરિષદમાં એક ભિક્ષુક તરીકે જતાં નથી. તેમણે એ પણ ચોખ્ખું જણાવી દીધુ છે કે તેઓ સમવાયતંત્રના એક સભ્ય તરીકે દક્ષિણ આફ્રિકાને રાખવા નીચું નમવાના નથી. સમવાયતંત્ર દક્ષિણ આફ્રિકાને પોતાની શરતે લેવા તૈયાર હશે તો તે જોડાશે નહિ તો બહાર નીકળી જવા તૈયાર છે. એક બાજુએ સમવાયતંત્રની બહાર દક્ષિણ આફ્રિકાના હિંદીઓની પરિસ્થિતિ કેવી હશે એનો ઉલ્લેખ બ્રિટિશ સત્તાવાળાઓ કરી રહ્યાં છે. આ એક શારિરીક ચમત્કાર જેવો બનાવ છે—કુતરાની પુંછડી કુતરાને હલાવે છે. જ્યાં સુધી બિન-ગોરાઓને લાગે વળગે છે ત્યાં સુધી બ્રિટન કે તેના સમવાયતંત્રના દેશો દક્ષિણ આફ્રિકાના ફરવુર્ડને જરાપણ પોતાની રંગદ્વેષની નીતિમાંથી હૃદય પલટો કરાવી શકે એમ નથી. અને બીજી દ્રષ્ટિએ જોઈએ તો જો દક્ષિણ આફ્રિકા અતડું પડી જાય અને જો આર્થિક સાધનો સમવાયતંત્રમાં મળતાં તે ગુમાવી બેસે તો ક્યાં સિદ્ધાંતોનો હાર થયો ત્યાં અર્થશાસ્ત્રની જીત થશે. દરેક રાજકીય બાબતો—સ્થાનિક કે આંતરરાષ્ટ્રીય—બધાં જ અર્થશાસ્ત્ર ઉપર આધાર રાખે છે. જે રીતે અર્થશાસ્ત્રના કારણે દક્ષિણ આફ્રિકાને સમવાયતંત્રમાં રહેવાની છૂટ મળશે તેજ રીતે અર્થશાસ્ત્રના કારણે લાંબે ગાળે દક્ષિણ આફ્રિકા પોતાની કોમી–નીતિ પણ બદલશે.

બ્રિટિશ અને બીજા દેશોના નાણાં રોકનારાઓને પોતાના બજારની પડી છે તેથી જ તેઓ દક્ષિણ આફ્રિકાને સમવાયતંત્રમાં રહેવા માટે પરવાનગી આપવાની ઇચ્છા દર્શાવી રહ્યાં છે. તેઓ બીન-ગોરાઓની પરિસ્થિતિના કારણે પરવાનગી આપતા નથી, પરંતુ પોતાના સ્વાર્થને ખાતર આપે છે.

અમદાવાદના અનાથાશ્રમનાં બે બાળકોનો ભાગ્યપલટો

એક સ્વીડીશ દંપતી–મીસ્ટર અને મીસીસ ઓરીયો કે જે હજુ યુવાન છે–તે હાલ કેટલાક સમયથી ભારતની મુલાકાતે આવેલ છે. આ યુવાન સ્વીડીશ દંપતી નિઃસંતાન છે. તેથી કોઈ યોગ્ય બાળક મળે અને તેને દત્તક લેવા માટે તેઓ ભારતની મુલાકાતે આવેલ છે. અને ભારતમાં ખૂબ ફરી આ દંપતી ગુજરાતમાં આવી ત્યાં અનેક શહેરોમાં ફરી—અનેક અનાથાશ્રમો જોયા અને આખરે અમદાવાદના અનાથાશ્રમમાંથી તેમણે ગઈ તા. ૨૬–૨–૬૧ના રોજ બે હીંદી બાળકોને દત્તક લીના અને સીવીલ કોર્ટમાં દસ્તાવેજ અને રીતસરનું કરારનામું પણ કર્યું. અને અનાથ પણ કર્મે ભાગ્યશાળી આ અનાથ બાળકો હવે સનાથ બન્યાં–હવે તેઓ સ્વીડનમાં ધનીક અને સંસ્કારી કુટુંબનાં વારસો તરીકે ઉછરશે.

બાળકોના પાસપોર્ટ અને વીસા મેળવી લેવામાં આવ્યા છે. આમાં એક બાળક છોકરો છે તે ૫ માસનો અને બીજી છોકરી છે તે ૪ માસની છે.

હમણા આ દંપતી બાળકોને સાથે નહીં બાળકની તબિયત સારી નથી તેથી તેને એપ્રીલમાં લઈ જશે.

આ પતિ–પત્ની ૩૪ અને ૩૨ વર્ષની ઉંમરના છે તેઓ આઠ વર્ષથી પરણેલાં છે. અને નિઃસંતાન છે. ડોકટરી તપાસ પછી તેમને ખાત્રી થઇ કે તેમને બાળક થવાનો સંભવ નથી તેથી તેમને બાળક દત્તક લેવા પડ્યા છે.

તેઓ ગુજરાતમાં રાજકોટ, ભાવનગર, નડિયાદ, અમદાવાદ વગેરે સ્થળે ફર્યાં છે અને ૪૦૦ થી ૫૦૦ જેટલાં બાળકો જોયાં છે તેમાંથી અમદાવાદના અનાથાશ્રમના આ બાળકો પસંદ કર્યા છે.

અન્નપ્રધાન શ્રી પાટીલની જાહેરાત

કલકત્તા! અનાજના વ્યાપારમાં ચાલતી તમામ ગેરરીતીઓને સખત હાથે દબાવી દેવાનો સરકારનો નિર્ણય છે એવી જાહેરાત કેંદ્રના ખોરાક અને ખેતીવાડી ખાતાના પ્રધાન શ્રી એસ. કે. પાટીલે અહીં કરી હતી.

શ્રી પાટીલે કહ્યું કે વેપારીઓ તમામ અન્ય ચીજ–વસ્તુઓમાં ભારે નફાખોરી કરતા હતા. પરંતુ અનાજ તો દરરોજ આરોગવાની વસ્તુ છે અને એમાં નફાખોરી કરવી એ ખરાબમાં ખરાબ ગુનો છે.

શ્રી પાટીલે સંગ્રહખોરી અને ભાવ ઉછાળા માટે જવાબદારીના આક્ષેપો અવાસ્તવિક હોવાનું કહ્યું હતું. તેમણે કહ્યું કે કેટલીક રાજ્ય સરકારો પણ ૧૯૫૯માં અનાજની તંગી પડશે એવી માન્યતા બાંધી બેઠી હતી. સટ્ટાખોરી કરવાના દાખલાનો અંત લાવવા અનાજની હેરફેર પર પ્રાંતોના અંકુશોને તેમણે વાજબી ઠેરવ્યા હતા.

તેમણે કહ્યું કે અમેરીકાથી અનાજ આવવાનું શરૂ થયું તે પહેલાં રેશનમાં ચોખાના ભાવો વધી રહ્યા હતા. હું પોતે જ્યારે અનાજના વ્યાપાર પરના નિયંત્રણો હટાવી લેવાની તરફેણમાં હતો ત્યારે કેટલાક વેપારીઓની અનિચ્છનીય વર્તણુકને લીધે કેટલાક નિયંત્રણો લાદવાની સરકારને ફરજ પડી.

શ્રી પાટીલે ઉત્પાદનના અંદાજ મુકવાની હાલની પદ્ધતિની ટીકા કરતા કહ્યું કે મને સરકારી આંકડાઓમાં વિશ્વાસ નથી. અધિકારીઓ તેમની ઓફિસોમાં બેઠા બેઠા પાસેથી ભેગી કરતા હોય છે અને મોટે ભાગે ઉત્પાદનનો ખોટો અંદાજ મુકવા દોરાયેલા છે, વેપારીઓ પણ ફરજીયાતની બીકે તેમની પાસેના જથ્થાઓ અને તેમને થતા નફાઓની સાચી વિગતો આપતા નથી અને ગરીબી પણ પરમાની ચીજવસ્તુઓના ભાવની બાબત વધારીને કહે છે આમાંથી એક વિષમચક્ર ઉભું થાય છે, જે અનાજના પ્રશ્નને વધુ વણસાવે છે.

દિલ્હીમાં જાસુસી પ્રવૃત્તિ ચલાવી રહેલી ત્રણ ટોળીઓ

દિલ્હી પોલીસે અનેક ધરપકડો કરી તે પછી એક આગેવાન સામ્યવાદી દેશ સહિત ત્રણ વિદેશી રાજ્યોને ગુપ્ત માહિતી આપતા કેટલાક જાસુસી ટોળીને શોધી કાઢી છે. અત્યાર સુધીમાં આઠ જાસુસોને પકડવામાં આવ્યા છે. આમાંના ત્રણ જાસુસો વિદેશ ખાતાના અમલદારો છે. બે જાસુસો સંરક્ષણ ખાતાના કર્મચારીઓ છે અને એક જાસુસ આયોજન પંચનો અમલદાર છે. બાકીના બે જાસુસો માં એક ભૂતપૂર્વ લશ્કરી કેપ્ટન અને બીજો સામાન્ય નાગરિક છે.

આ જાસુસોએ ભારતીય લશ્કરના શસ્ત્રસરંજામ, ભૌગોલિક રીપોર્ટર, સરહદ વિસ્તારમાં રસ્તાનું બાંધકામ અને વિદેશી સહાયના થતા ઉપયોગની વિગતો વિષે પરરાજ્યોને માહિતી આપી છે. એક જાસુસ ટોળી એક પશ્ચિમી ચોક્કસ સામ્યવાદી દેશ માટે જાસુસી કરતી હતી, જ્યારે બીજી બે ટોળી એક યુરોપના દેશ તથા એક પડોશી દેશ માટે કામ કરતી હતી. મધ્યવર્તી છુપી પોલીસ આ કિસ્સાઓ સંબંધમાં વધુ તપાસ કરી રહી છે.

ગયા એપ્રિલ માસમાં વિદેશખાતામાંથી એક ખાનગી કાગળ ગુમ થતા જાસુસીની ગંધ આવી હતી. આ બાબતમાં પોલીસે કેટલાક માણસોની પુછપરછ કરી હતી, પરંતુ તેમને પુરતી માહિતી મળી નહોતી. ત્યાં પોલીસે પગેરું કાઢવાનું ચાલુ રાખ્યું અને તેમને જાસુસ ટોળાની ભાળ લાગી હતી. કેટલાક માણસોએ મેજીસ્ટ્રેટ સમક્ષ જાસુસી કાર્યોનો એકરાર કર્યો છે જેમાંના એકે બે વિદેશી પ્રતિનિધિ મંડળના કેટલાક અધિકારીઓના નામ આપ્યાં હતાં અને જણાવ્યું હતું કે તેમણે અમને લાંચ આપી તથા ધમકી પણ આપી હતી. જે અમલદારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેઓના વધુ અમલદારો ભારત છોડી ગયા છે.

કેટલાક જાસુસોના ઘરમાંથી પકડાયેલી વસ્તુઓ, દસ્તાવેજો તથા અન્ય વસ્તુઓ પરથી એમ માલમ પડે છે કે તેઓએ ભારતને લગતી ગુપ્ત માહિતીઓ વિદેશોને આપી પુષ્કળ ધન મેળવ્યું છે. એમની સંપત્તિ જોતા પોલીસને એમ લાગે છે કે તેઓ ઘણા સમયથી જાસુસી કરતા હતા.

ગીરફતાર કરવામાં આવેલો સામાન્ય નાગરિક ખતરનાક જાસુસ છે. એને પુછપરછ કરવાથી બીજા જાસુસોનો પત્તો લાગવાની આશા રહે છે. આ જાસુસ કેટલાંક વિદેશ ખાતાઓને માહિતી પુરી પાડતો હતો.

ભૂતપૂર્વ લશ્કર કેપ્ટનના એક સગાની ધરપકડ થયા પછી પોલીસે રિવોલ્વર કબજે કરી છે જેની આયાત રિવોલ્વર ભારતમાં ખપરાતી નથી. સંરક્ષણ ખાતામાં નોકરી કરતા બે કર્મચારીઓએ વિદેશી સત્તાઓને અમલની માહિતી પુરી પાડી હતી એમ તપાસમાં માલમ પડ્યું હતું. કેપ્ટનના સગાના ઘરમાંથી કેપ્ટનની રિવોલ્વર મળી આવી હતી એમ સરકારે મેજીસ્ટ્રેટને જણાવ્યું હતું.

આયોજનપંચના કર્મચારી પ્રકાશ ક્રિમ લખણી તથા વિદેશ ખાતાના એક કર્મચારી શ્રી કનૈયાલાલ સામે બંધબારણે અદાલતમાં તપાસ શરૂ થઈ છે.

……

શ્રી નહેરૂનો પુણ્યપ્રકોપ

અલ્હાબાદ: સ્વરાજ ભવનમાં સ્થાનિક કોંગ્રેસ કાર્યકરોની મળેલી સભામાં પ્રવચન કરતાં વડા પ્રધાન શ્રી નહેરૂએ ઉત્તર પ્રદેશ કોંગ્રેસમાં હસ્તિ ધરાવતા જુદા જુદા જુથો પ્રત્યે સખત રોષ ઠાલવ્યો હતો અને જણાવ્યું હતું કે જ્યાં સુધી કોંગ્રેસીઓ અંદરોઅંદર ઝઘડતા રહેશે અને નાની નાની બાબતોનો વિખવાદ જગાવતા રહેશે ત્યાં સુધી રાજ્ય પ્રગતિ કરી શકવાનું નથી.

તેમણે કહ્યું કે એ કમભાગ્યની અને શરમજનક બીના છે કે ઉત્તર પ્રદેશ કોંગ્રેસમાં તળિયાથી ટોચ સુધી પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં જુથી જુથબંધી પ્રવર્તે છે. આથી કોંગ્રેસના વાસ્તવિક કાર્યને હાનિ પહોંચે છે

ઉત્તર પ્રદેશમાં સારા કોંગ્રેસીઓ છે પરંતુ ઉત્તર પ્રદેશમાં સમગ્ર વાતાવરણ કલુષિત બન્યું છે અને કોંગ્રેસમાંના વિવિધ જુથોને નિહાળીને હું દુઃખ જ અનુભવું છું. કોંગ્રેસ કાર્યકરો પરસ્પર ઝઘડ્યા કરે છે અને નાના વિખવાદો ઉભા કરે છે એ ખરાબ સ્થિતિ છે. એ કોંગ્રેસ સંસ્થા કે રાજ્ય જનતા માટે તંદુરસ્તીની નિશાની નથી.

કોંગ્રેસ કાર્યકરોએ કોંગ્રેસ સંસ્થામાં એકતા સ્થાપવી જોઈએ અને લોકો તથા દેશની સેવા માટે નિઃસ્વાર્થપણે કામ કરવું જોઈએ.

યોગ્યતા ધરાવતા રાજકીય રીતે સહન કરનારાને રાજકીય સહન ગણાતી નથી એવી એક કાર્યકરની ફરિયાદનો ઉલ્લેખ કરતાં વડા પ્રધાને કહ્યું કે કોંગ્રેસ કોઈ રાજકીય દ્રષ્ટિએ સહન કરનારાને પોષવા માટેની સંસ્થા નથી. અલબત્ત, તેમના પ્રત્યે તેમને સંપૂર્ણ સહાનુભૂતિ છે, પરંતુ તેમને રાજ્ય વિધાનસભાઓ કે સંસદમાં મોકલવાની ફરજ કોંગ્રેસની નથી.

શ્રી નહેરૂએ એમ ઉમેર્યું કે કોંગ્રેસ અને કોંગ્રેસમાંના તેમને વિશ્વાસ ધરાવતા જુથોના લોકોને ટેકો આપી રહ્યા છે એ દુઃખદ સ્થિતિ છે આવા કોંગ્રેસીઓનું માનસ કઈ દિશામાં કામ કરી રહ્યું છે તે જ મને સમજાતું નથી. મારી પોતાની વાત કરું તો મારું પોતાનું કોઈ જુથ જ નથી, અલબત્ત, કોંગ્રેસ જનો પર મારી કંઈક વગ છે.

રશિયાની સફળ ક્રાન્તિનો ઉલ્લેખ કરતાં શ્રી નહેરૂએ કહ્યું કે સામ્યવાદી રાજ્યનો પાયો નાખતાં રશિયાના લોકોને ભારે શ્રમ કરવો પડ્યો હતો અને એમાં સત્તર વર્ષ વીતી ગયાં હતાં. આખરે તો લોકોના સંયુક્ત પ્રયાસોથી જ દેશ પ્રગતિ કરી શકે છે. ખેતરો ને કારખાનામાં કામ કરતા લોકોએ આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને ઉત્પાદન વધારવું જોઈએ.

ભારતીઓને તેમના ભાવિ વિષે ગભરાવાનું નથી

વડા પ્રધાન શ્રી નહેરૂએ આફ્રિકામાંના ભારતીઓને જણાવ્યું છે કે જો ભારતીઓ બદલાતી પરિસ્થિતિને સમજશે અને આફ્રિકનો સાથે સહકાર થી રહેશે તો તેમના ભાવિ માટે ભય રાખવાને કંઈ કારણ નથી.

આફ્રિકામાંના ભારતીઓના ભાવિનો આધાર તેમના આફ્રિકનો સાથેના મૈત્રી ભર્યા સંબંધો પર નિર્ભર છે.

દારેસલામના 'ટાંગાનીકા હેરલ્ડ' પત્રના તંત્રી શ્રી. પી. આર. બોસ પર શ્રી નહેરૂએ લખેલા પત્રમાં ઉપર મુજબનું મંતવ્ય દર્શાવ્યું છે

શ્રી બોસે વડાપ્રધાન શ્રી નહેરૂ પર લખેલ પત્રમાં જણાવ્યું હતું કે ભારત તરફથી મદદ અને માર્ગદર્શન નહિ મળે તો ટાંગાનિકામાંના પચાસ હજાર ભારતીઓ માટે ઉભો થવાનો ભય છે.

ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કું. લીમીટેડ
ઇન્ડીયાની મુખ્ય કંપની
અમે નીચેના વીમાઓ લઈએ છે:—
આગ, દરીયાઈ, અકસ્માત, મોટર, માલ, ચોરી,
ઘર કુટુંબ, ઘર માલીકી (સાથે) અકસ્માત વિ.
સાઉથ આફ્રિકાની અંદર મુખ્ય અમલદારો
જાલભાઈ રૂસ્તમજી એન્ડ સન,
૧૪૦ ક્વીન સ્ટ્રીટ, ડરબન.
ફોન: ડરબન ૨૫૮૮૫, ૨૮૫૧૩, ૨૯૮૪૪.

તમને ખબર છે
કે ન્યુ ઇન્ડિયા, ઇન્ડિયાની સૌથી મોટી વીમા કંપની છે.
કે ન્યુ ઇન્ડિયાની શાખાઓ ૪૨ દેશોમાં છે.
કે ન્યુ ઇન્ડિયાની ૧૫ શાખાઓ દક્ષિણ આફ્રિકામાં છે.
કે ન્યુ ઇન્ડિયા: આગ, દરિયાઈ અને અકસ્માત ઉપર ૬૦,૦૦,૦૦૦ પાઉન્ડ પ્રીમીયમ લેતી કરે છે.
સહિસલામતી અને તાત્કાલિક સેવા માટે
ન્યુ ઇંડીયા
સાથે વીમો ઉતરાવો.

કોંગ્રેસ જ એકમાત્ર સંસ્થા છે જે પોતાની સુધારણા માટે પોતાના દોષ જાહેર કરે છે

સુરતનગર. "બીજા પક્ષોના કાર્યકરો દેવ જેવા છે અને કોંગ્રેસના કાર્યકરો નકામા છે એમ સ્વીકારવા હું તૈયાર નથી. કોંગ્રેસમાં ત્રુટીઓ છે, પણ એવી તો બીજી સંસ્થાઓમાં પણ ત્રુટીઓ છે. કોંગ્રેસ જ એક એવી સંસ્થા છે કે જે પોતાની સુધારણા ખાતર પોતાના દોષો જાહેર કરે છે."

મંગળજિલ્લા મેદાનમાં મળેલી જાહેર સભા સમક્ષ ભાષણ કરતાં ભારતના નાણાં પ્રધાન શ્રી મોરારજી દેસાઈએ કોંગ્રેસ સામે થતી ટીકાઓનો ઉપરોક્ત શબ્દોમાં જવાબ આપ્યો હતો.

શ્રી મોરારજીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ જ ભારતની એવી સંસ્થા છે કે જેણે લોકશાહીનો સ્વીકાર કર્યો છે અને તેને સંગીન પાયા પર મૂકવા પ્રયાસ કરી રહી છે. પક્ષો વિશે કોંગ્રેસનું મહત્ત્વ સ્વીકારે છે. પરંતુ તેને વગોવવામાં પણ માને છે. આવા ટીકાકારોની ટીકા આવકારદાયક છે કારણ કે તે કોંગ્રેસને સુધરવાની તક આપે છે. બાકી નકામી ટીકાઓથી તેને કંઈ નુકસાન થતું નથી. બેશક કોંગ્રેસમાં ત્રુટીઓ છે, પરંતુ એમ તો બીજી સંસ્થાઓમાં પણ ત્રુટીઓ હોય છે.

તેને ઇનામ આપીશ

કોંગ્રેસ અધિવેશન પાછળ જંગી ખર્ચ થાય છે એમ કેટલાક કહે છે પરંતુ જ્યારે આટલા બધા લોકો આવતા હોય ત્યારે તેમને ઓછામાં ઓછી સગવડો તો આપવી જોઈએ. માત્ર અનિવાર્ય ખર્ચ સાથે આ કાર્ય કેવી સુંદર રીતે કરવામાં આવે છે તે કોઈ પણ જોઈ શકે છે. આ સંસ્થા એટલી મોટી છે કે આટલો ખર્ચ જરૂરી છે. કોઈ પણ કામ મફત થતું નથી. અને કોઈ પ્રશ્ન કે અધિવેશન વગર ખર્ચે કરવા તૈયાર હોય તો હું તેને ઇનામ આપીશ.

કોંગ્રેસ અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ તો મહેરામણ છે. મહેરામણ નકામો જ રહ્યું તેને ફગાવી દે છે આમ છતાં કોંગ્રેસ સભ્યોએ સજાગ રહેવાનું છે. તેમની ભૂલો ખામીઓની બાબતમાં વધારે જાગૃત રહેવું જોઈએ.

સ્ત્રીઓ વિશે ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે સ્ત્રીઓ આગળ નહિ આવે ત્યાં સુધી દેશ અને સમાજ પ્રગતિ સાધી શકશે નહિ. દરેક પોતાની પત્ની સીતા બને એમ ઇચ્છે છે. પણ કોઈ રામ બનવા તૈયાર નથી. દરેક પુરુષને સિંહ બનવું છે, પરંતુ તે પત્નીને તો બકરી જ રાખવા માગે છે.

રીફાઈનરી ક્યાં?

અમદાવાદ: ગુજરાતમાં વીસ લાખ ટનની રીફાઈનરીની સ્થાપના કરવા અંગેની જાહેરાત ભારત સરકારના તેલ અને ખાણ ખાતાના પ્રધાન શ્રી કે. ડી. માલવિયાએ કરી હતી. ગુજરાતમાં રીફાઈનરીની સ્થાપના અંગે સ્થળની પસંદગી માટે પ્રાથમિક તપાસ કરવા નીમાયેલી કેન્દ્રના તેલ, વાહન વ્યવહાર ખાતાના અધિકારીઓ તથા ગુજરાતના મુખ્ય સચિવ શ્રી વી. ઈશ્વરનની બનેલી પાંચ સભ્યોની સમીતીએ તેનો અહેવાલ તૈયાર કરી નાંખ્યો છે.

ગુજરાતના અંકલેશ્વર અને ખંભાતના તેલક્ષેત્રના વિસ્તારની ઝીણવટભરી તપાસ કર્યા બાદ આ સમીતીએ સૂચિત રીફાઈનરી માટે બે સ્થળોનું સૂચન કર્યું છે (૧) અંકલેશ્વરની આસપાસની દસ માઈલની ત્રિજ્યાનો વિસ્તાર અને (૨) ખંભાત અને કાસદ વચ્ચેનો વિસ્તાર.

હવે પછી રીફાઈનરી માટેની ટેકનીકલ સમીતિ આ બે વિસ્તારોની મુલાકાત લેશે. આ સમીતી તેલના કાર્યકારણના નિષ્ણાતો અને ઉચ્ચ ટેકનીકલ જ્ઞાન ધરાવનારાઓની હશે. અને આ સમીતી આ બે વિસ્તારોમાંથી કયા ચોક્કસ સ્થળે રીફાઈનરી સ્થાપવી જોઈએ, તે અંગે ભલામણ કરશે. ટેકનીકલ સમીતી ઉનાળા પહેલાં સુધીમાં તેની ભલામણ સરકારને કરી દેશે એમ માનવામાં આવે છે, અને આ રીતે ગુજરાતમાંની રીફાઈનરીના ચોક્કસ સ્થળનો ખ્યાલ આવી જશે.

ફરવુઅર્ડ રાણીને મળશે

લંડન: ડૉ. ફરવુઅર્ડ માર્ચની ૯ તારીખે રાણીને નાસ્તા માટે મળશે. ફરવુઅર્ડ જેઓ વડા પ્રધાનોની પરિષદમાં જતા છે, તેઓ સાથે મીસીસ ફરવુઅર્ડને પણ લઈ જશે. બે બીજી સત્તાવાર મુલાકાતો વડા પ્રધાન ફરવુઅર્ડ લેશે તે નીચે મુજબ છે.

૮મી માર્ચ: મી. હેરલ્ડ મેકમીલન, બ્રિટનના વડા પ્રધાન તરફથી વડા પ્રધાનોને અપાયેલા ખાણામાં ડૉ. ફરવુઅર્ડ હાજર રહેશે, અને સાંજે મુલાકાતમાં હાજર રહેશે.

૧૦મી માર્ચ: રાણી અને પ્રીન્સ ફીલીપના માનમાં ગાઈલ્ડ હોલમાં અપાયેલા ખાણામાં હાજરી

૧૧-૧૨ માર્ચ: ચેકર્સની મુલાકાત.

૧૪મી માર્ચ: મલ્બરો હાઉસમાં સમવાયતંત્રના હાઈ કમીશ્નરોનું સ્વાગત.

૧૬મી માર્ચ: સમવાયતંત્રના વડા પ્રધાનોને રાણી તરફથી ખાણું

૧૭મી માર્ચ: દક્ષિણ આફ્રિકાના હાઉસમાં ખાણું.

—ભારત સરકારે વડોદરા ખાતે ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમીશનની એક કચેરી સ્થાપવાનો નિર્ણય કર્યો છે. આ કમીશનની વડી કચેરી દહેરાદૂનમાં છે પણ ગુજરાતમાં તેલ મળી આવતાં એક પેટા કમીટી વડોદરા ખાતે રખાશે.

ધીરૂભાઈ પી. નાયક

ઈમીગ્રેશન, જકાતડ્યુટી, વીઝાનાં અને જનરલ એજન્ટ

હિંદુસ્તાન અગર દુનીયાના કોઈ પણ ભાગમાં હવાઈ દરિયાઈ અગર જમીન માર્ગે મુસાફરી કરવા ઘેર બેઠાં અમારી આફિસે ફોન કરો

જંઝીબાર, આદન, કેરો, હબશ, મારસેલ્સ, પોર્ટસૈદ, વિગેરેના ટીકીટ અને બદલામાં આપીએ છીએ

ઈન્કમટેક્ષ, પરવાના ટેક્ષ, હિસાબના ચોપડા લખાવવા ઈત્યાદિ તેમજ પાસપોર્ટ તેમજ ઈમીગ્રેશનને લગતી બાબતોમાં હંમેશ ફી લીધા વિના અમે અંગત સલાહ આપીએ છીએ.

નેટાલ મ્યુચ્યુઅલ લાઈફ એસોસીએશન ઓફ ઓસ્ટ્રેલીયા અને પીલ્ગ્રામ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડના પ્રતિનિધિ.

Office:
9 Barkly Arcade,
38 Market Street,
Phone: 339133,
Johannesburg.

Residence:
52 Patidar Mansion,
13 Kort Street,
Phone: 330816,
Johannesburg.

સૌરાષ્ટ્રમાં બોક્સાઈટનો વિપુલ જથ્થો

રાજકોટ: સૌરાષ્ટ્રમાં વિશાળ પ્રમાણમાં ઊંચા પ્રકારનું બોક્સાઈટ મળી આવ્યું હોવાથી એલ્યુમીનીયમના કારખાનાની સ્થાપનાને વેગ મળશે. તાજેતરમાં અત્રે મળેલી પ્રાદેશિક ખનિજ સલાહકાર સમીતીની બેઠકમાં એવો નિર્દેશ કરવામાં આવ્યો હતો, કે સૌરાષ્ટ્ર દેશની એલ્યુમીનીયમની જરૂરીયાતોને પહોંચી વળવામાં મહત્વનો ભાગ ભજવશે. કારણ કે, એલ્યુમીનીયમના ઉત્પાદન માટે બોક્સાઈટ પાયાની ખનીજ ધાતુ છે.

એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, જામનગર જીલ્લાના જામકલ્યાણપુર મહાલમાંથી મળી આવેલ બોક્સાઈટ બીજી કરતાં ઉચ્ચ પ્રકારનું છે અને તેનો વિપુલ જથ્થો છે.

ભારતના જીઓલોજીકલ સર્વેના જીઓલોજીસ્ટ શ્રી સહઅનુભીએ કરેલી સંશોધન સર્વે પછી ઉપરની બાબત જાણવા મળી હતી. તેમના અહેવાલથી સહઅનુભીએ જણાવ્યું હતું કે આખતરા માટેના કેટલાક ખાડાઓ ખુલ્લા કરીને બોક્સાઈટ ડીપોઝીટની સર્વાંગીણ તપાસ કરવામાં આવી હતી. બોક્સાઈટ ૧૦ લાખ ટન જેટલું હોવાનો અંદાજ છે. જમીનની ૨૦ ફુટ ઊંડાઈએ જ મળી આવ્યું હતું. તેમણે એવી ધારણા બાંધી છે કે, ૧૦ લાખ ટન કરતાં પણ ઘણું વધારે બોક્સાઈટ મળી આવશે અને સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં તેનો વધુ જથ્થો હોવાની શક્યતા છે અને તેની ટુંક સમયમાં તપાસ કરવામાં આવનાર છે.

અત્રે એ યાદ આપવું જરૂરી છે કે, સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિઓ પાસે જાપાનની એક પેઢીની મદદથી એલ્યુમીનીયમનું કારખાનું સ્થાપવાની યોજના માટે તાજેતરમાં બ્રિટીશ એલ્યુમીનીયમ કંપનીના પ્રતિનિધિઓએ એલ્યુમીનીયમનું કારખાનું સ્થાપવા અગર તેમના કારખાના માટે કાચો માલ મેળવવાના હેતુથી સૌરાષ્ટ્ર અને કચ્છની મુલાકાત લીધી હતી.

રાતા સુકા મરચા

નેટ ૩૦ રતલ બેગની શી. ૫૫-૦ અને ૧૨ રતલ બેગની શી. ૨૨-૦ અને આફ્રિકાના લાલ કાચાના મુગ કબનના શી. ૨૦-૬.

તેમજ હાલની ખાદ્યેલી સારા ભાવ ભરમાં પણ મળશે.

માટે લખો:

Maarmans (Pty) Ltd
P. O. Box 26, Phone 128
(Brits, Transvaal.)

વિવિધ વર્તમાન

શહેરમાં લટકતાં બંડ-ખોરોનાં શબ

એલીઝાબેથવીલ: બે બળવાખોર નેતાઓ જેમને પોલીસે ફાંસી દીધી હતી તેમનાં શબ એલા સેંટ્રલ સ્ક્વેરમાં મોડી રાતની લાગી હતી. બળવાખોરોના નેતા જનરલ મેહીમ્બુ નેરેને પોલીસ સાથેની અથડામણમાં સખત ઘવાયો હતો તેને બચાવવા માટે ડાક્ટરો તનતોડ મહેનત કરી રહ્યા છે. જનરલને ગોળીઓ વાગી થઈ છે. જનરલના ભાઈ એમેનાને પણ પોલીસે પકડ્યો હતો અને તેની કતલ કરી હતી. ચાલી ગેરીલાઓના [illegible] લેવાહુનની પણ કતલ કરવામાં આવી હતી. એમ-બવ તમામ બંડખોર આગેવાનો મરાઈ ગયા છે.

મસાકામાં નવી કોર્ટ

મસાકાની નવી લૉ કોર્ટ યુગાન્ડાના ચીફ જસ્ટીસના હાથે ખુલ્લી મુકવામાં આવી છે. તેની પાછળ સરકારે પાંચ લાખ શીલીંગનો ખર્ચ કર્યો છે. આ મકાન બધું આફ્રિકનોએ જ બાંધેલું છે એનો પ્લાન સરકારી આર્કિટેક્ટે બનાવ્યો હતો. બારીઓમાં લોકુગો-નીયમની સુક્ષ્મ નાંખેલા છે. મસાકાની તમામ કોર્ટ આ નવા મકાનમાં ફર થશે. મસાકામાં કાયદાનું કામકાજ વધી જવાથી કામકાજ માટે જુનું મકાન બહુજ નાનું પડતું હતું.

યુગાન્ડામાં બે આ. ડૉક્ટરો

બે યુગાન્ડાવાસીઓને યુગાન્ડામાં પ્રથમ ઊંચી પદવીના ડૉક્ટરો બનવાનું માન પ્રાપ્ત થયું છે. ડૉ. કીબુકા મુસોકે એમ. આર. સી. પી. થયા છે અને ડૉ. કવાનાગાઝી એફ. આર. સી. એસ. થયા છે. પૂર્વ આફ્રિકામાં તેઓ પહેલા જ આફ્રિકન સર્જન છે. તેઓ બન્ને મકરેરેમાં ડૉક્ટરનું ભણ્યા હતા અને ત્યારબાદ આગળ ભણવા માટે લંડન ગયા હતા. યુગાન્ડા આજે દિવસે દિવસે આગળ વધી રહ્યું છે અને આઝાદી મેળવવાની લાયકાત પ્રાપ્ત કરી રહ્યું છે.

માધવાણી ફેમીલીની ઉદારતા

માધવાણી ફેમીલીની ઉદારતા યુગાન્ડામાં સહુ કોઈ જાણે છે. મરહુમ મુળજીભાઈ માધવાણીની યાદગીરીમાં તેમના પુત્ર શ્રી જયંતભાઈ માધવાણી જેઓ યુગાન્ડા ધારાસભાના સભ્ય છે તેમણે [illegible] શીલીંગનું દાન કરેલ છે. આ દાન આફ્રિકનોના અભ્યાસ માટે વપરાશે તેવી જાહેરાત સરકારે કરી છે.

ક્યુબામાં

ક્યુબામાં અમેરીકાના છ નાગરિકોને ક્યુબાની સરકાર સામે બંડનું કાવતરું કરવા આરોપસર કોર્ટમાં ઉભા કરવામાં આવતાં સરકારી વકીલે આ આરોપને ભયંકર ગુન્હો ગણાવી એ બધા આરોપીઓને મોતની સજા કરવાની માગણી કરી હતી પણ કેસ ચાલ્યા બાદ કોર્ટે એ છએ અમેરિકનોને ૩૦ વર્ષની કેદની સજા ફટકારી છે.

બંદુકની અણીએ દયાળને રોક્યા!

લીઓપોલ્ડવીલ: બકવાન્ગાની નિર્વાસિત છાવણીઓનો પ્રવાસ કરી રહેલા કોંગો ખાતેના યુનોના ખાસ પ્રતિનિધિ શ્રી રાજેશ્વર દયાળ વિમાની જઈ રહ્યા હતા ત્યારે અલગ થઈ ગયેલા કસાઈ પ્રાન્તના શ્રી આલ્બર્ટ કાલોન્જીના લોકોએ બંદુકની અણી ધરીને તેમને આગળ વધતા અટકાવ્યા હતા. એમ જણાવવા મળે છે કે શ્રી દયાળે શ્રી કાલોન્જીની વિધિપૂર્વક મુલાકાત લીધી ન હોવાથી સેનાએ તેમને અટકાવ્યા હતા. પાછળથી શ્રી દયાળે શ્રી કાલોન્જી સાથે વાત કરી હતી અને તેમને આગળ જવા દેવામાં આવ્યા હતા. શ્રી દયાળને બકવાન્ગામાં જણાવવામાં આવ્યું હતું કે સેના પાસેનાં શસ્ત્રો બેલ્જીયમથી મળ્યાં હતાં.

કેનેડી દંપતી 'બાપુ કી દુનીયા' નિરખશે!

ન્યુયોર્ક: પ્રમુખ જ્હોન કેનેડી અને શ્રીમતી કેનેડીએ વોશિંગટનમાં રજુ થનાર "બાપુ કી દુનીયા" નામના ફોટોગ્રાફિક-વિજ્ઞાન ચિત્રની પ્રથમ રજુઆત વેળાએ હાજરી આપવાના ભારતીય એલચી શ્રી ચાગલાના આમંત્રણનો સ્વીકાર કર્યો છે. નવા અમેરીકન પ્રમુખ અને અમેરીકાની પ્રથમ મહિલાનો આ પહેલો જ બિન સત્તાવાર કાર્યક્રમ હશે. "બાપુ કી દુનીયા"માં આવેલું ભારત અને તેની ભાવિની આશાઓ વ્યક્ત કરવામાં આવી છે.

ધારાસભામાં બહેનો કેમ નહિ?

કેન્યામાં આવતા કાનુના નેતા હોલ આફ્રિકન બહેનોની એક મીટીંગ ભરાઈ હતી તેમાં એ બાબત પર ખેદ વ્યક્ત થયો હતો કે સ્ત્રીઓ રાજકારણમાં રસ ધરાવે છે છતાં કાનુ કે કાડુ કોઈએ એક પણ મહિલા ઉમેદવારને પસંદ કરી નથી.

નૈરોબીની ખુલ્લી બેઠક માટે મી. ટોમ મ્બોયા સામે હરીફાઈ કરવા બદલ [illegible] ડૉ. વાયાકીની ટીકા કરી છે.

જીવનસાથી શોધી આપતું યંત્ર

[illegible] તાજેતરમાં તૈયાર કરેલ એક પારસીયન ઇલેક્ટ્રોનિક કમ્પ્યુટર, જે જગતમાં તેના પ્રકારનું પહેલું જ યંત્ર છે તમારે જોઈએ એવો જીવનસાથી પસંદ કરી આપે છે.

આ માટે શરૂઆતમાં તમારે એક પ્રશ્નાવલી ભરવાની હોય છે. પુરુષો માટે પ્રશ્નાવલીમાં તેમની ભાવી પત્નીનાં સૌન્દર્ય, રુચિ, સંસ્કાર, વગેરેને લગતા સવાલો હોય છે. યુવતીઓ માટેની પ્રશ્નાવલીમાં તેમને જોઈતા પતિની શારીરીક શક્તિ, સ્વભાવ, નાણાકીય હાલત વગેરે સંબંધી હોય છે.

આ પ્રશ્નાવલીઓને મશીન પોતાની પાસે અગાઉથી જમા થયેલા સેંકડો અભિલાષી ઉમેદવારોની વિગતો સાથે સરખાવી જુએ છે. જો તમારી પસંદગીના બધા ગુણો ધરાવતો કોઈ ઉમેદવાર હોતો નથી તો મશીન તમને કહેશે "અફસોસ તમારા માટે અહીં કોઈ યોગ્ય જીવન સાથી નથી" પરંતુ તમારી પસંદગીના ગુણો ધરાવતા એકથી વધારે ઉમેદવારોના ફોટાઓ પ્રદર્શિત કરે છે અને તમે તેમાંથી જીવનસાથીની પસંદગી કરી શકો છો.

આ યંત્રનો ઉપયોગ અત્યારે વિવાહ વિષયી કોયડાઓના ઉકેલ શોધવા માટે થઈ રહ્યો છે પરંતુ નજીકના ભવિષ્યમાં તેની પાસેથી નોકરી-ચાકરીઓનાં યોગ્ય જોડાણ આપવાનું લોકસેવાનું કામ લેવાનો પણ ઇરાદો છે.

પુસ્તક ઉપર પ્રતિબંધ

"આફ્રિકા-ટર્મ્સ ઓફ રીવોલ્ટ" નામની ચોપડીની આયાત તથા વેચાણ ઉપર કેન્યાની સરકારે પ્રતિબંધ મુકેલ છે. આ ચોપડી જેક વોડીસે લખી છે અને તેને પ્રસિદ્ધ કરનાર પેઢીનું નામ છે લોરેન્સ એન્ડ વીશાર્ટ, લંડન.

અમેરીકા પાસે હજાર હાઈડ્રોજન બોમ્બ છે

ન્યુયોર્ક: અમેરીકા પાસે એક હજાર હાઈડ્રોજન બોમ્બનો સંગ્રહ છે એમ અમેરીકાના ખ્યાતનામ અણુ વિજ્ઞાની ડૉ. રાલ્ફ ઈ. લેપે અહીં જણાવ્યું હતું.

વિજ્ઞાન વિકાસ સભાના વાર્ષિક સમેલનમાં બોલતાં તેમણે કહ્યું હતું કે એ હજારમાંનો દરેક બોમ્બ એક શહેરને નાબુદ કરી શકે તેમ છે તેમણે એમ પણ ઉમેર્યું કે બીજા ૫૦,૦૦૦ વધુ બોમ્બ પેદા કરી શકાય તેટલી સામગ્રી અમેરીકા ધરાવે છે.

લોકમતનો બહિષ્કાર કરવાની થયેલી હાકલ

ટુનીસ: સંસ્થાનવાદી સેના મારફત ફ્રેન્ચ સરકાર અલ્જીરિયાના પર જે કહેવાતો લોકમત લેવા બેસાડનાર છે તેનો બહિષ્કાર કરવા માટે અલ્જીરિયાના લોકોને સંગઠિત કરવાનો અલ્જીરિયાની કામચલાઉ સરકારે નિર્ણય કર્યો છે, એમ બળવાખોરોના પ્રવક્તાએ આજે જણાવ્યું હતું.

શુભ પ્રસંગો માટે ભેટ!
સ્ત્રીઓ અને પુરુષો માટે
ઘડીયાળ!
૧૭, ૨૧ અને ૨૫ જ્યુલનાં
ઓટોમેટીક કેલેન્ડર,
• રોમર
• રોટરી
• રેડો
• ફેવર
વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરુષોના શર્ટ સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.
હોલસેલ ભાવે મળશે
બોક્સ ૫૧૮૮, ફોન: ૮૩૫-૨૬૭૨.
વલ્લભભાઈ બી. પટેલની કું.
૪૪, માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

હિંદના સમાચારો

તા. ૨૮-૨-૧૯૬૧.

ત્રાંબાનું કારખાનું સ્થાપવાની ભારત સરકારની વિચારણા

રાજકોટ : ભારત સરકાર દસ હજાર ટન ત્રાંબાનું વાર્ષિક ઉત્પાદન કરે એવું કારખાનું નાંખવાનું વિચારી રહી છે. ઇન્ડિયન બ્યુરો ઓફ માઇન્સે તેના કાર્યમાં જે પ્રગતિ સાધી છે તેનાથી પ્રેરાઈને ભારત સરકાર આ દિશામાં આગળ વધી રહી છે.

ઇન્ડિયન બ્યુરો ઓફ માઇન્સે તેના હેવાલમાં ભારતમાં [illegible] સ્થળોએ ત્રાંબાના વિપુલ જથ્થાઓ મળી આવ્યાનું જણાવ્યું છે.

ઝરીઆ વિસ્તારમાં ૨-૪ ટકા ત્રાંબુ ધરાવતી ધરો મળી આવ્યા છે [illegible] આ વિસ્તારમાં મળતા ઝિંકનું પણ ઉત્પાદનના પરિણામ આવી રહ્યું છે.

ઝુંઝુનુ જીલ્લાના ખેત્રી વિસ્તારમાં પણ પ્રાથમિક તપાસમાં ઊંચા પ્રકારનો સારો એવો જથ્થો જમીનમાં જણાયો છે આ જથ્થો લગભગ ૨ કરોડ ૮ લાખ ટન જેટલો અંદાજાયો છે.

આંધ્રના કુર્નુલ જીલ્લામાં પણ શોધખોળ કરાય છે. બિહારના હઝારીબાગ જીલ્લાના [illegible] ખાતે પણ કેટલીક ખાણો જણાયા છે આમાં ૪૦ ટકા ત્રાંબુ ધરાવતા ૩ કરોડ ૮૪ લાખ ટનના જથ્થાઓ છે.

ઓરિસ્સાના [illegible] ખાતે ૮ કરોડ ૧ લાખ ટન ત્રાંબાના જથ્થા જણાયા છે.

સીક્કીમ ખાતે ત્રાંબાના જથ્થા શોધવાનું કાર્ય પણ આગળ વધી રહ્યું છે.

બાળકો એટલે પરમેશ્વરના ફિરસ્તાઓ

દિલ્હી : ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને ભારતીય બાળમેળા પ્રસંગે બાળ વિકાસ પરિષદ તરફથી યોજેલી શિબિરમાં [illegible] પારિતોષિક વિતરણ કરતા શિક્ષકો અને માબાપોને બાળકો પ્રભુના પોતાનાં બાળકો છે એ રીતે તેમનો વિકાસ થાય એમાં સહાય કરવાની અપીલ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે બાળકોમાં [illegible] ઉત્સાહ અને શક્તિ પડેલાં છે અને નિર્દોષ મનોવૃત્તિ દ્વારા તેઓની એ શક્તિ બહાર દેખા દે છે. આપણે તેમના એ ઉત્સાહ કે ઊછળતી શક્તિને દાબી દેવા જોઈએ નહિ પણ આવા [illegible] એને સુમાર્ગે વાળવા જોઈએ.

ડા. [illegible]ની સખાવત

પાલનપુરના રહીશ સ્વ. ડૉક્ટર ભગવાનજી કલ્યાણજીના ધર્મપત્ની શ્રીમતી પાર્વતીબેન ભગવાનજી નામે એમના પતિના સ્મરણાર્થે પાલનપુરના શ્રી મહાવીર [illegible] શિક્ષણ સમાજને ગરીબ વિદ્યાર્થીઓને ફ્રીશીપ આપવામાં મદદરૂપ થાય એ હેતુથી રૂપિયા ૧૧ હજારની ઉદાર સખાવત કરી છે. આ સિવાય એમણે બીજી પણ કેટલીક જાહેર સંસ્થાઓને સારી એવી સખાવત આપી છે.

ઉદ્યોગક્ષેત્રે ભારતે કરેલી પ્રગતિ

સુરત : "કોઈ પણ આઝાદ દેશના ઇતિહાસમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિના પ્રથમ દશ વર્ષમાં ઉદ્યોગિક ક્ષેત્રે [illegible] માંડીને ૪૫૦૦ કરોડનું મૂડી રોકાણ કર્યું હોય એવો એક પણ દાખલો નોંધાયો નથી. ભારતની પ્રગતિને [illegible] પણ ભારતે દશ વર્ષમાં જે ઉદ્યોગિક ક્રાંતિ કરી છે તેવી ક્રાંતિ તો જગતના કોઈ દેશમાં થઈ નથી."

નગીનચંદ હોલમાં સુરત ચેમ્બર ઓફ કોમર્સની ખાસ સભા સમક્ષ ભાષણ કરતા કેન્દ્રના ઉદ્યોગ પ્રધાન શ્રી મનુભાઈ શાહે ઉપરોક્ત શબ્દો ઉચ્ચાર્યા હતા.

તેમણે કહ્યું કે આજે ભારતના દક્ષિણ છેડાથી માંડીને ઉત્તર અને પશ્ચિમ છેડાથી માંડીને પૂર્વ તરફ ઝડપી ઉદ્યોગીકરણ કરી નાખ્યું છે. આજે જ્યારે [illegible] લાખ તેની [illegible] અને તેને પાર આપવાની તૈયારી [illegible] ત્યારે આપણને લાગે છે કે આપણે ઉદ્યોગિક ક્રાંતિને આરે ઊભા છીએ. આજે ભારતના શહેરે શહેરે અને ગામે ગામ ઉદ્યોગો [illegible] નંખાઈ રહ્યા છે, અને એજ એની પ્રગતિની નિશાની છે.

ભારતમાં મોટી બખ્તરિયા મોટરો બનાવવાની તૈયારી

નવી દિલ્હી : ભારતમાં મોટી બખ્તરિયા ગાડીઓ બનાવવાનું કારખાનું નાંખવામાં વિદેશી સહકાર મળવાની કેટલી શક્યતા છે તેની તપાસ કરવા માટે ચીફ ઓફ જનરલ સ્ટાફની આગેવાની હેઠળ [illegible] સભ્યોનું પ્રતિનિધિ મંડળ પશ્ચિમ જર્મની અને બ્રિટનના પ્રવાસે ગયું છે.

આ પ્રતિનિધિમંડળ પાસે કારખાનું નાખવા વિષે ચોક્કસ યોજના છે. ભારતના સંરક્ષણપ્રધાન શ્રી કૃષ્ણમેનન જર્મનીથી ભારત પાછા ફરતાં થોડા દિવસ લંડનમાં રોકાયે અને પ્રતિનિધિ મંડળ સાથે કારખાનું શરૂ કરવાની યોજના કેટલી આગળ વધી છે તે વિષે ચર્ચા કરી.

શ્રી નહેરુ વિશ્વભારતીના કુલપતિ તરીકે ફરીથી ચુંટાયા

શાંતિનિકેતન. અત્રે મળેલી વિશ્વભારતી યુનીવર્સીટીની સંસદની સભામાં વડા પ્રધાન શ્રી નહેરુ વિશ્વ ભારતીના કુલપતિ તરીકે ફરી ચુંટાયા હતા. ૧૯૫૧માં આ યુનીવર્સીટીની સ્થાપના થઈ ત્યારથી શ્રી નહેરુ એના કુલપતિ તરીકે રહ્યા છે.

સભાનું પ્રમુખસ્થાન ઉપાચાર્ય શ્રી એસ. આર. દાસે લીધું હતું.

સુરતમાં રૂા. ૧ કરોડના ખર્ચે પ્રાદેશિક ઇજનેરી કોલેજ

સુરત : ત્રીજી પંચવર્ષીય યોજનામાં સુરતમાં આશરે રૂા. ૧ કરોડના ખર્ચે ગુજરાત રાજ્યની પ્રાદેશિક ઇજનેરી કોલેજ સ્થાપવાની અને એની સાથે આ કોલેજ માટે રૂા. ૨૦ લાખનું દાન આપનાર જાણીતા ઉદ્યોગપતિ સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસનું નામ જોડવાની યોજનાને ભારત સરકારે મંજુરી આપી છે એવી સત્તાવાર માહિતી ભારત સરકારના વૈજ્ઞાનિક સંશોધન અને સાંસ્કૃતિક બાબતો માટેના પ્રધાન [illegible] સુરતમાં ઇજનેરી કોલેજ સ્થાપવા માટેના પ્રયાસો કરી રહેલી ધી સુરત [illegible] એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીના પ્રમુખ શ્રી યુ. એન. મહિડાને એક પત્રદ્વારા આપી છે.

એક અખબારી મુલાકાતમાં શ્રી મહીડાએ ઉપરોક્ત માહિતી આપી હતી.

રૂા. સોની નવી ડીઝાઈનની નોટ બહાર પડશે

મુંબઈ : રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા ટુંક સમયમાં જ નવી ડીઝાઈનની રૂપિયા સોની નોટ બહાર પાડશે એમ બેંકે આજે જાહેર કર્યું છે. તેમ છતાં અશોક સ્તંભની છાપવાળી ચાલુ ડીઝાઈનની નોટ પણ કાયદેસરના ચલણ તરીકે ચાલુ રહેશે.

જો કે નવી નોટોની ડીઝાઈન તદ્દન નવી છે, ફક્ત તેની સાઈઝ જ તેમની તેમ જ રહેશે.

દેશના જંગલનો કુલ વિસ્તાર

ભુવનેશ્વર : શ્રી એસ. કે. [illegible] જંગલને લગતા મધ્યસ્થ મંડળના પ્રમુખપદેથી બોલતાં એવી માહિતી આપી હતી કે, આપણા દેશની જમીનના ૨૨ ટકા વિસ્તાર જંગલ છે. [illegible] ઉપયોગમાં આવતું લાકડું મળી રહે એવા જંગલનો વિસ્તાર તો માત્ર કુલ જમીનના ૧૫ ટકા જેટલો જ છે.

ગુજરાતની વસ્તીમાં ૨૭ ટકાનો વધારો

અમદાવાદ : ગુજરાત રાજ્યમાં વસ્તી ગણતરીનું કાર્ય હાથ ધરાયું હતું. પ્રથમ ગણતરી થઈ ગઈ હતી ગુજરાતમાં આ ૧૯૫૧ની ગણતરી કરતી [illegible] ૨૭ ટકાનો વધારો માલમ પડે છે [illegible] વસ્તી ૨,૨૦૦૦૦૦૦ જેટલી નોંધાઈ હતી. વડોદરા શહેરમાં ૪૦ ટકા વસ્તીનો વધારો નોંધાયો છે.

દહેજ "તેલબંદર" બનશે

ભરૂચ જીલ્લાના દહેજ બંદરને "તેલબંદર" તરીકે વિકસાવવા અંગે નક્કી કરવામાં આવ્યું છે અને તેની પાછળ ત્રીજી યોજના દરમ્યાન સરકાર એક કરોડનો ખર્ચ કરી ત્રણેક વર્ષમાં તૈયાર કરવાની અપેક્ષા રાખે છે. એમ જાણવા મળ્યું છે.

અમદાવાદમાં ધારાસભ્યો ઉદ્યોગપતિઓ, પત્રકારો સમક્ષ શ્રી [illegible] જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્ય પ્રધાન ડૉ. મહેતા અને ગુજરાત સરકાર દહેજ બંદરને "તેલબંદર તરીકે" વિકસાવવા ઇન્તેજાર છે આ અંગે વિચારણા કરવામાં આવશે.

ઘરમાં ફ્રેમ બનાવી ટાંગવા લાયક [illegible] "મનને મોજ" સ્વ. [illegible] સુંદર [illegible] કાગળ પર બે રંગમાં છપાયું છે. ભાવ. ફક્ત શી. ૧—૦ પોસ્ટેજ ૩ પેની.

'Indian Opinion'
P. Bag, Durban, Natal.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!

[illegible]
અમારે ત્યાં નીચેની જાતની વસ્તુઓ મળે છે.

સ્ત્રીઓ માટે : સાડીઓ, સુંદર રચના અને બીજી અનેક જાતની બનાવટો, [illegible] ગરમ કપડા જરસીઓ, પુલોવર, કારડીગન, [illegible], ચડ્ડી, મોજા વિ.

બાળકો માટે : [illegible], ટોપી, [illegible], [illegible], ચડ્ડી, મોજા, નેપકીન્સ, [illegible], [illegible], [illegible] વિ.

[illegible]

વિલંબ ના કરો! [illegible]!!

હમણાંજ પધારો: [illegible] (પ્રા) લી.

([illegible])

[illegible] — [illegible] — પો. બો. [illegible]

[illegible] મેન્શન્સ — ૩૪ વેસ્ટ સ્ટ્રીટ — [illegible]

નૈરોબીનું પાફમેક પરિષદ

નૈરોબી ખાતે પૂર્વ અને મધ્ય આફ્રિકાના સર્વોપરી આફ્રિકન નેતાઓની મળેલી ટોચની પરિષદ-પાફમેકમાં પૂર્વ આફ્રિકાના ચારેય પ્રદેશોનું-કેનીયા, યુગાન્ડા, ટાંગાનીકા અને ઝાંઝીબારનું સમવાય તંત્ર-ફેડરેશન રચવાનો ઠરાવ પાસ કરવાની મુખ્ય કામગીરી બજાવી વિસર્જન થયું હતી.

ઠરાવમાં જણાવવામાં આવ્યું હતું કે પૂર્વ આફ્રિકાનું ફેડરેશન પૂર્વ આફ્રિકાની પ્રજાઓની એકતા માટે તેમ આર્થિક ઉત્કર્ષ માટે બહુ આવશ્યક છે.

આફ્રિકન સરકારો

આ ઠરાવ પર થયેલા પ્રવચનોમાં આફ્રિકન નેતાઓએ જણાવ્યું હતું કે કેનીયા, યુગાન્ડા અને ઝાંઝીબારમાં ચુંટણીઓ થયા બાદ તુર્તજ આફ્રિકન બહુ પ્રધાનોવાળી આફ્રિકન સરકારો સ્થપાવી જોઈએ.

આ સરકારોએ તે બાદ ફેડરેશન કરવા માટેના વિગત પગલાં લેવા માટે એક ટોચની પરિષદ બોલાવવી.

પાફમેકની આગેવાની નીચે બધુ નેતાઓએ નાઈરોબીમાં બોલાવેલી આ કોન્ફરન્સ એ દિવસ મળી હતી તેમાં મધ્ય આફ્રિકાના હાલના ફેડરેશનને સખ્ત રીતે વખોડી કાઢવામાં આવ્યું હતું અને આગ્રહ કરી હતી કે એ રોડેશીયા અને ન્યાસાલેન્ડના હાલના એ ફેડરેશનને તુર્તજ તોડી પાડવું. એ મધ્ય આફ્રિકાના ફેડરેશનના દેશો તેમનું પોતાનું ભાવિ પોતાના હાથે પોતાની જ મરજીની સરકારો પસંદ કરવાનો હક છે.

કાડુનો વિરોધ

કેનીયાની કાડુ પાર્ટીના પ્રમુખ શ્રી ગુતીરાએ નૈરોબીમાં મળેલી આ પરિષદનો વિરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે કાનુ એ જ આ પરિષદ બોલાવી હતી. શ્રી ન્યેરેરે શ્રી ઓડીંગાના મિત્ર ભલે હોય પણ તેમણે આવી એક પાર્ટીએ બોલાવેલી પરિષદમાં આવવું જોઈતું ન હતું. શ્રી ન્યેરેરેએ આ રીતે એક પાર્ટીની પરિષદમાં હાજરી આપી કેનીયાની આંતરિક બાબતમાં માથું માર્યું છે.

અયુબખાને પ્રજા સમક્ષ મુકેલ પંચશીલનું વ્રત

પાકીસ્તાનની પ્રગતિ, કલ્યાણ અને ઉત્કર્ષ માટે પ્રમુખ અયુબખાને લોકો સમક્ષ પાંચ મુદ્દાઓ રજુ કર્યા છે અને પાકીસ્તાનીઓને એ મુદ્દાઓને અમલમાં મુકવા આગ્રહ કર્યો છે: આ પાંચ મુદ્દાઓ છે:

(૧) પાકીસ્તાનીઓએ સાદું જીવન ગાળવાનું છે. વગર જરૂરીઆતનો ખર્ચ કરવાનો નથી. ભભકાથી દુર રહેવાનું છે. લગ્ન અને મૃત્યુ પાછળ કરવામાં આવતા બીન-જરૂરી ખોટા ખર્ચો બંધ કરવાના છે.

(૨) પાકીસ્તાનીઓએ દેશની અને પોતાની ઉન્નતિ માટે વધુ અને વધુ કામ કરવાનું છે તેમાં રાત કે દિવસ જોવાનો નથી. તેમણે પોતાને હાથે આવતું કામ અને ફરજ એવી ચીવટથી બજાવવાના છે કે તેમના ઉપર નજર રાખવા માટે ઉપરી અમલદારો અને દેખરેખ રાખનારાઓ રોકવા ન પડે. કામ પણ સારું થાય અને ખર્ચમાં પણ બચત થાય.

(૩) પાકીસ્તાનીઓએ કરકસરથી રહેવાની વૃત્તિ કેળવવાની છે અને કમાણી બચતમાં નાખવાની અને દેશની ઉન્નતિ માટે થતાં સરકારી કામોને ઉત્સાહથી પાર પાડી તેનો સારો ઉપયોગ થાય તે જોવાનું છે.

(૪) પાકીસ્તાનનો જન્મ જે કાર્ય માટે થયો છે તે રાષ્ટ્રીય તેમને ભુલવાની નથી. દેશભક્તિની વાત આવે ત્યાં વ્યક્તિનું કલ્યાણ એક બાજુએ રહે તેમ વર્તવાનું છે.

(૫) પાકીસ્તાન ઇસ્લામી શાસન. ઇસ્લામ એટલે અલ્લાહનું રાજ્ય અલ્લાહનો હુકમ દરેક પાકીસ્તાનીને શીરોધાર્ય રહેવો જોઈએ અને તેણે પોતાનું જીવન અને જીવતર અલ્લાહ હરહંમેશ હાજરાહજુર છે અને આ પગલાં જુવે અને ઉપર નજર રાખે છે તેનો ખ્યાલ રાખીને ઘડવું જોઈએ.

યુગાન્ડામાં એશીયનોની વસ્તી

નોન-આફ્રિકનોની સંબંધે તાજેતરમાં લેવાયેલા સેન્સસના રીપોર્ટમાં કેટલીક જાણવા જેવી વિગતો રજુ થઈ છે. આ રીપોર્ટ મુજબ બીન-આફ્રિકન પ્રજા ઘણું ખરું શહેરોમાં જ વસે છે.

તેમની વસતીના ૮૦ ટકા શહેરોમાં કે ટ્રેડીંગ સેન્ટર્સમાં વસે છે અને યુગાન્ડાના ૧૫ મુખ્ય ગામોમાં તેમનો ૬૦ ટકા જેટલો વસવાટ છે. તેમની વસતીનો વધારો વાર્ષીક ત્રણ ટકા લેખે થાય છે પરંતુ આની અસર ઘટાડો થવાનો સંભવ કારણ કે અન્ય સમાજ ઘટે છે.

યુરોપીઅનો પચાસ ટકા બહારથી આવેલા છે. એશીઅનોનો પચાસ ટકા યુગાન્ડામાં જન્મેલા છે જ્યારે યુરોપીઅન પ્રમાણ દસ ટકાનું છે.

વસતી ગણતરી ૧૯૫૯માં થઈ હતી અને રીપોર્ટ જણાવે છે કે વસતીમાં ૪૭,૯૧૩ હીંદુ, ૨૧,૨૮૬ મુસ્લીમો અને ૧૪,૩૩૪ ખ્રીસ્તી હતા. ઇન્ડીયનોમાં ૭૫ ટકા હીંદુ અને ૨૦ ટકા મુસ્લીમો હતા જ્યારે પાકીસ્તાની પ્રજાના લોકોમાં ૯૫ ટકા મુસ્લીમ અને પાંચ ટકા બીન-પાકીસ્તાની હતા.

આ બધા કઈ રીતે પોતાનો ગુજારો કરે છે તેની પણ અભ્યાસપૂર્ણ હકીકત સેન્સસ રીપોર્ટ આપે છે. જે મુજબ ઇન્ડો-પાકીસ્તાની વસતીનો મોટો ભાગ કોમર્શીયલ ધંધા કે પોતાના ધંધામાં કામ કરતા હોય તેવા હતા જ્યારે ૮૦ ટકા ગોઆન અને ૯૦ ટકા યુરોપીઅનો નોકરીયાત વર્ગ હતો.

ગુજરાતી રેકોર્ડો
હીંદુસ્તાનમાં બનેલી ગુજરાતી રેકોર્ડો, હવે અમારે ત્યાં મળે છે.
૨૦ રેકોર્ડોનું બોક્સ કેવળ શી. ૩૦-૦
રેકોર્ડોમાં ભજનો, નાટકો, ગરબા વિગેરેનો સંગ્રહ છે.
ફિલ્મના "લેટેસ્ટ હિટ" શી. ૬-૦ માં છુટી મળી શકશે.
આવી તક અને લાભ ફરીથી મળશે નહિ પેકીંગ ખર્ચ—પોસ્ટેજ મોકલશો—
સી. ઓ. ડી.ના ઓર્ડરો અમે લઈએ છીએ.
નેશનલ રેકોર્ડ કંપની
શોપ ૨, અલ્હમેરી આર્કેડ, ઓફ ૧૩૧ ગ્રે સ્ટ્રીટ,
પો. ઓ. બોક્સ ૧૫૦૭, — ડરબન

લગ્ન પ્રસંગો માટે
અમને મળો.
સુરતી જમણના અમે સ્પેશ્યાલીસ્ટ છીએ.
શ્રી કેપીટનની અંગત દેખરેખ નીચે પુનાવાલા અને રેફ્રેશમેન્ટ કોઈ પણ ભાગમાં તમારે ઘરમે આવી રસોઈ બનાવવો ગમે ત્યાં મોકલાવીશું
કેપીટન્સ બાલ્કની હોટેલ
(ધી કોર્નર મીઠાઈ હાઉસ)
ગ્રે અને વિક્ટોરીયા સ્ટ્રીટના ખુણાપર – ડરબન.
ફોન નંબર ૨૩૪૧૪ ટેલીગ્રામ: KAPITAN.

આદુ, લસણ બજાર ભાવ, નારીએળ નં. ૧ શી. ૧-૦,
એગ (નંગ ૧૦૦) શી. ૧૦-૦.
દુકાન દાર માટે બાંધવાના ન્યુઝપેપર બજાર ભાવ,
બટાટા, ડુંગળી (કાંદા), સુકા લાલ મરચાં, ગુવાર, સુકા ઝીંગા (છાટા), સોનેરી રંગનો ગોળ, ક્રીમ બનાવો ખરી ખરાસાંડ વિગેરે હમેશા સ્ટોકમાં રાખીએ છે. કસુરી અને ચિનાઈ ધાણ બજાર ભાવ, ખેરોઝ નટ્સ.
સુરણ, રતાળુ, બાલા દગડા અને બીજી હબસની મોસમ ચાલુ છે.
રોડેશીયા, ન્યાસાલેન્ડ અને બેલ્જીયન કોંગોના ઓર્ડરો ઉપર પુરતું ધ્યાન આપી કોઈ પણ જાતનું પરમીટ કઢાવી મોકલશું
All prices subject to Market fluctuations.
A. KADER & Co., (PTY) LTD.
WHOLESALE FRUIT MERCHANTS
P. O. Box 251. DURBAN.

યુરોપીઅન, ઇન્કમ ટેક્સ રીટર્ન્સ, એકાઉન્ટ્સ, ટ્રેડીંગ લાઈસન્સ અને ઇનસ્યોરન્સ માટે મળો.
આર. વીઠ્ઠલ
૧૨ બાર્કલી આર્કેડ, ૪૮ માર્કેટ સ્ટ્રીટ,
કોર્નર ડાયેગોનલ અને માર્કેટ સ્ટ્રીટ,
જોહાનીસબર્ગ, ફોન ૩૩-૬૬૫૪

કાઠિયાવાડની રોમાંચક શૌર્યકથા

ભાઇ બંધી

લેખક : શ્રી ગુણવંતરાય આચાર્ય

(ગયા અંકથી ચાલુ)

મુળુ માણેકની રીત એવી કે લશ્કરનો સિપાઈ ના હોય એવો કોઇ એને ઝીલતો આવે તો, ઝીલનારા જેટલી સંખ્યામાં હોય એટલા સાથી લઈને એને મળે.

પાતાળી એકલો હતો એટલે મુળુ માણેક એકલો આવ્યો.

કાઠિયાવાડનો બહારવટો અવતાર આવે તો પાતાળી ભાઇ. મૂળુ માણેક બોલવા લાગ્યો અને પાતળો હતો.

'કાં ભેરી મને બોલાવ્યો ?'

'તને ? તું કોણ ?'

'મુળુ માણેક !'

પહેલાં તો પાતાળી વિસ્મયથી જોઈ રહ્યો. પછી ખડખડાટ હસ્યો. 'આ મુળુ માણેક ! અરે જેની મરદાનગીના ચારણ આજ ડાયરે ડાયરે રમે છે, જેનું નામ સાંભળીને ગોરા-કાળા સિપાઈ હથિયાર હેઠાં મૂકી દે છે એ... આ... સાવ આવડો... ને...હું મારતા ફરી ગયો !'

'કેમ ભા, હસવું આવ્યું !'

'મને તો આ હસવું આવ્યું. ભાઈ તને મારે મોટી હાથ ગણાવી એમાં ગીનયત નહિ.'

'કાં ?'

'આ,' આ ડાયરે ડાયરે ચારણ ને બારોટ રોજ ગાતા આવે છે કે કાઠિયાવાડને ટીંબે એક મરદ એક મુળુ માણેક. ને મારું અરમાન છે કે કાઠિયાવાડમાં મારા જેવો મરદ બીજો કોઇ નથી. હવે એક પટમાં બે મરદોને માટે જગ્યા નથી. માટે આપણે મરદાઈનાં પારખાં કરવાં છે. ચાલ, આવી જા કુસ્તીમાં મારી સામે. એ તું જીતે તો તારી મરદાઈ મારે કબૂલ. ને હું જીતું તો મારી મરદાઈ તારે કબૂલ.'

અને પાતાળીએ તો પોતાનાં કપડાં ઉતારવા માંડ્યાં.

પાંચ પાંચ રાજ્યોના છ હજાર સિપાઈઓ રાત ને દિવસ જેની પાછળ સાત સાત વરસથી ભમતા એવા મુળુ માણેકને મરદાનગીનાં આવાં પારખાં આપવા જેમ ન હતું.

એણે હસીને કહ્યું : 'બાપુ, આ મને તો બારોટો ને ચારણો નાહકનો ચડાવે છે. હું તો ખાલી ગોરાઓના સિપાઈઓની નજરમાં જ મરદ. બાકી આખી કાઠિયાવાડમાં તો મરદ તમે જ છો. તમે તો મારા મોટાભાઈ સમા છો.'

'મોટાભાઇ ? તે મને મોટો ભાઇ કહ્યો ? મારી મરદાનગી કબૂલ રાખી ?

તો જા. આજથી તું પણ મરદ, મારો બરાબરિયો મરદ. ને મારો નાનો ભાઇ.'

પાતાળી પાછા ફરી ગયા. પંદર દિવસે બારોટ આવ્યા.

'કાં બારોટ આજ હવે ખરા મરદ ને રંગ દેવો છે. કહું'ના નામ નીકળવા ના છે.'

'બાપુ, મારે મોઢેથી તુંબે રંગ નહિ નીકળે છે, રંગ તો આ હમણાં આજ કાલ મુળુ માણેકને જ આપે છે !'

'તો આપો એને રંગ કરો એનાં વખાણ, સંભળાવો એની મરદાઈની વારતા એ તો મારો નાનો ભાઇ છે. એની વાતો સાંભળીને મારી તો છાતી ગજગજ ફુલશે ને કેડિયાની કસો તૂટશે.'

સાભળ બારોટે મુળુ માણેકની વારતા કહીને પાતાળીએ એને બગરી ભેંસ પસાયતમાં આપી.

ત્યારથી ચારેકોર પથકમાં વાત ચર્ચેલી થઇ કે પાતાળીના દરબારમાં મુળુ માણેકના વખાણ કરે એ ચારણને બારે પસાવ મળે છે.

વાત પહોંચતી થઇ સરકારમાં. ને મુળુ માણેકના સાગરિત ને વાઘેરોની સાથે સરકાર સામે બળવામાં ભળનાર બળવાખોર તરીકે સરકારે પાતાળીનો ગરાસ જપ્ત કર્યો અને પકડ્યો.

એને મનાવવા એની પાસેથી મુળુ માણેકની બાતમી મેળવવાને લોકો એના ઉપર જુલમો થયા, મારફાડ થઇ, પણ પાતાળી એકના બે ના થયા, 'મુળુ મારો ભાઇ. બીજું કાંઇ તમે મારી પાસેથી નહિ બોલાવી શકો. એ મારો ભાઇ એટલે ભાઇ.'

બહુ આકરી તપાસ, તજવીજ ને બહુ જુલમ ને મારકૂટને અંતે સરકારને ખાતરી થઇ કે પાતાળીને બહારવટિયાં સાથે સંબંધ નથી. મુળુ માણેકની બાતમી આપી શકે એમ નથી.

એટલે એને આરોપ મુક્ત સમજીને છોડી મૂક્યો. એનો ગરાસ પાછો સોંપ્યો.

વરસ એક ગયા બાદને થયું ને પાતાળીની કુંવરીનાં લગ્ન. રજપૂતોમાં સોહાવાળા ઠાકોરની સાથે જાન પરણવા આવી હતી.

ને દરબારના ઉમંગ ને ઉમળકાનો પાર ના હતો. ગામલોક ને નરનારીઓ પણ મારે હોંસ ને ધામધૂમ મચાવતાં હતાં.

ત્યાં સામળ બારોટ આવ્યા હતા. એના ગોઠા ઉપર જાણે સાથી હતી.

'ગાઢ બારોટ બાપ, ખરે અવસરે આવ્યા હવે વિવાહ કરીને જ જજો.'

સામળ બારોટ મોઢેથી કાંઇ ના બોલ્યો. માથું ધુણાવીને ના પાડી.

'કાં ? કેમ ?'

બારોટે કહ્યું 'બાપુ ! તમે તો કહેતા હતા ને મુળુ માણેક મારો ભાઇ'

'મારો ભાઇ સાત વાર મારો ભાઇ. સરકારના કેરડા માંસ ઉપર પડતા હતા ને વાંસામાં સોળો ઊઠતી હતી ને ધમધમતા સળિયા ચંપાતા હતા ત્યારે ય એ વાતની મેં ના નથી પાડી તો હવે આજ પાડીશ ? મુળુ મારો ભાઇ. આ વિવાહમાં મેં એને ખાસ...

'બસ બાપુ આવો તો નવો માંડવો રોપ્યો છે આ વિવાહમાં એ નહિ આવે !'

'નહિ આવે ? મારો ભાઇ મારી કુંવરીના વિવાહમાં નહિ આવે !'

'બાપુ, તમ તમારે કુંવરીનાં માંડવો બનાવો. મુળુ માણેકનું માથું તો પોરબંદરના ગઢની રાંગ ઉપર લટકે છે !'

'હેં...હેં..'

'હા. બાપુ, રાણાવાવના પાદરમાં ધીંગાણું થયો ને મુળુ માણેક ને એના ત્રણ સાથીઓ મરાયા. મુળુભાનું માથું પોરબંદરના ગઢની રાંગે લટકાવ્યું છે સરકારે બાને ગમાડીને'

પાતાળીએ ધીમે અવાજે પૂછ્યું. 'મારા ભાઇનું માથું કાપીને ગઢના કાંગરે રાંગે લટકાવ્યું ? બારોટ તમને ખબર છે કોણે એનું માથું કાપ્યું !'

'મરાયા તો મીંયાણાઓ. પણ રાંગ ઉપર લટકાવવા માટે એનું માથું કાપ્યું મેરુબંદરી ગીસ્તના જમાદાર સેરાણ નામે ઇસ્માઇલે.'

''બારોટ કોઈને કહો મારી ગર આવે.''

પાતાળી અંદર ઓરડામાં ગયા. પોતાની પત્નીને કહ્યું : 'બધીના બધ હેમખેમ પતાવજો, જાનને ય સાચવજો, હું જાઉં છું'

'પણ ક્યાં ?'

'મોટે મામતરે, દકરાઓ, જીવ્યા મુઆના જુહાર હવે તમને.'

અને પાતાળી ઘોડી ઉપર સવાર થઇને સીધા પોરબંદર જઇ પહોંચ્યા.

'અરે ભાઇ, કોઇ બતાવશો જરા ! જમાદાર સેરાણ ક્યાં રહે છે ?'

'ગીસ્તના મકાનમાં. ત્યાં જમાદારની ડેલી છે, ત્યાં પૂછજો !'

ગીસ્તના મકાનમાં જમાદારની ડેલી એ પાતાળી જઇને ઊભો.

જમાદાર સેરાણ જમવા બેસતો હતો. બાજુ ઉપરથી માથાના વાળ પકડીને ઉપાડ્યો.

બજારમાં બહાર લાવ્યો. બરાબર માં સિપાઇઓ અને આરબોની દોડાદોડ ને બંદુકોના ધડાકાની વચમાં સેરાણ જમાદારનું માથું કાપ્યું.

રાંગ ઉપર ચડ્યો મુળુ માણેકનું માથું રાંગ ઉપરથી ઉતારીને પછેડીમાં મૂક્યું. પછેડી બગલમાં બાંધી. સેરાણનું માથું ભાલા ઉપર ખોસ્યું અને નીચે ઉતર્યો.

નીચે બારે મીંયાણું મળ્યું. પાતાળીએ તલવાર લઇને પરે પડ્યો. પાંચ સાત બેઠો પાડી નાખ્યા.

અને ચાલીસ ગોળીઓના જખમથી ચાળણી જેવું એનું શરીર પોરબંદરના ગઢના દરવાજાની વચમાં પડ્યું —સંપૂર્ણ

માસ્ટર બ્રધર્સ (પ્રો.) લીમીટેડ

નવા ભાતનાં નાયલન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ પાલખો અને પુરુષો માટે ઉત્તમ જાતના ગુલાન જર્સી, પુલોવર, કાર્ડીગન્સ અને બચ્ચાંઓ માટે—સુટીંગ, બ્લાઉઝ, બ્લેન્કેટસ, શાલ્સ; નેપકીન્સ વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા લખાણ.

33 વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન : ૮૩૫-૬૭૮૬ — બોક્સ ૧૫૧૭.

ફરનીચર! ફરનીચર!! ફરનીચર!!!

બેડરૂમ સુટ, ડાઇનીંગરૂમ સુટ, વૉર્ડરોબ, ડ્રેસીંગ ચેસ્ટ, સાઇડ બોર્ડ ઓફીસ ડેસ્ક, બુક કેસ, ટેબલ, સરસ કીફાયત ભાવે ખરીદી શકશો. જાતે પધારી લાભ લેવા ચુકશો નહિ.

—ઓફીસ, ટેબલ અને કીચન ફરનીચર—

જે હમારી દેખરેખ નીચે તૈયાર થાય છે. તેનો સ્ટોક હમેશાં તૈયાર રહે છે. માત્ર થોડા આનાના પોસ્ટેજ ખર્ચ મંગાવો અને કેટલોગ મંગાવો.

L. MISTRY

61 BREE STREET, BURGERSDORP, J'BURG.

PHONE 33-4691. BOX 2526.

Printed And Published by Mrs. Sushila Gandhi, International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Phoenix Rd., Durban, Natal

Indian Opinion

Founded by Mahatma Gandhi in 1903.
Former Editor: Manilal Gandhi—1918-1956.

No. 9—Vol. LIX.
Friday, 10th March, 1961
REGISTERED AT THE G.P.O. AS A NEWSPAPER
Price: FOUR CENTS

UPRDOTED AND CAST OUT UNDER AREAS ACT

2,500 INDIANS TO BE CLEARED FROM TOWN

ACCORDING to a report in the Cape Town newspaper 'New Age' two thousand five hundred Indians and three thousand Coloured people living in Germiston are to be cleared out of their homes under the Group Areas Act. Where they will go nobody knows. The Indians stand to lose, mosques, temples and schools built by the community, 61 businesses with a total annual turn over of half-a-million pounds—some of these businesses have been in existence for over 50 years, improvements to the Asiatic Bazaar worth over £150,000 pounds property outside the Bazaar worth about £100,000

The minutes of the Germiston City Council show that the removal plan has been worked on by the Council together with the Group Areas Board—which in fact sits in judgment on the Council scheme.

This came out at the hearing of the Group Areas Board in Germiston.

The charge that the Council acted in concert with the Board was not denied by either party.

This is the second time—the first was at Kempton Park—that Group Areas plans involve the wholesale removal of the entire Indian community from the town. It is suspected that this is part of a greater plan to move the 10,000 Indians of the East Rand into one ghetto in Benoni.

The hearing of the Board was held in the Germiston Town Hall, which was packed with Indians and Coloureds. Ironically, this is believed to be the first time that non-Whites have been allowed into the Town Hall.

Germiston's Asiatic Bazaar was established before 1905 and Indians were given to understand six years later, when they were moved to a new site, that this would be their permanent home.

But their residential areas apart, Indians were in Germiston, they claim, before Germiston was ever known, and before the discovery of gold on the Witwatersrand. The town, they will tell you, grew up around the Indians, Indians did not penetrate into the town.

Indifference

Mr J Slovo, representing the Indian community, told the Board: "The callous indifference shown by the municipality to the fate of the Indian community stems from an attitude that it is right and proper to approach the problem of race separation as if those who are non White can have no claim to justice and equity. This attitude makes a mockery of the countless promises that the Act would be administered with fairness to all races."

Mr Slovo said that the Indian community did not apologise for living in Germiston and breathing its air. "They assert their right to remain there not as a matter of grace, but equally with any other citizen brought up there. We ask not for concession, nor for an indulgence, but for our rights."

The proponents of the Group Areas scheme had approached the problem, said Mr Slovo, as an agricultural officer would deal with cattle culling.

Not telling the communities where they were to be moved amounted to virtually wiping them off the map, the Group Areas Board was told

S.A. Indians More Native Than Whites

ACCORDING to the jubilee issue of the Union Year Book the percentage of Indians born in South Africa in 1951 was 90.5. The corresponding figures for Whites was 88.5 and for Africans 92.9.

"Contact" Asks For Expulsion

"CONTACT", the non-racial fortnightly (February 25) advocates the expulsion of South Africa from the Commonwealth. It writes thus on the subject:

"Let us help cut off the apartheid government from all its sources of strength. If we do this, we can shorten its reign of terror and poverty and death in our lovely country.

One of the links that help give strength to the Union government is the link that binds South Africa into the Commonwealth. A chance has now arisen for this to be broken.

In London next month the Prime Ministers of the Commonwealth are to meet. Dr Verwoerd will be there, and will wish to know whether the new South African Republic will be accepted as a continuing member of the Commonwealth. If only one country were to object, then, because no votes are taken, that one country could succeed in getting South Africa's application for re-admittance refused.

For some reason which is difficult to understand Messrs. Harold Macmillan and Duncan Sandys of the British Government have been trying to lobby Commonwealth prime ministers to get them to promise not to vote for South Africa's exclusion. Mr Sandys is able and a good talker, and he returned to England believing that he had succeeded.

But the United front thought fast, and sent round delegations to interview Commonwealth governments. "Contact" hopes very

(Continued on page 70)

Rajendra Prasad On Mahatma's Life:

Coming Generations Should Be Enabled . . .

We all know how difficult even at present, is the position of domiciled residents of Natal, who may desire to absent themselves temporarily from the Province. Yet the new Bill makes the position of these, and of domiciled Indians who are temporarily absent, more precarious, and what amount of protection they possess under existing legislation seems to be non-existent in the new Bill. Sub-section (b) of section 25 of the Bill gives absolute discretion to the Minister as to the granting of permits to lawful residents who may wish to absent themselves temporarily.

Hitherto the right to certificates of domicile, entitling the holders to leave the Province and return at will, has remained unquestioned; and, in my humble opinion it will be a great injustice to the resident Indian population of this Province if this right is now taken away. I venture to suggest that, to place the Minister in a position to refuse a permit to return, without the right of appeal to a court of law, is to give the power to harry the Indian community. And if the immigration officer refuses to admit an Indian, even though domiciled here, it would appear that the Bill does not give the latter, as our existing laws do, the right of appeal to the courts of law established under the Union.

These are the principal objections to the Bill, and with a view to elucidating the situation, your committee, acting on your behalf, communicated with the Minister of the Interior by telegraph, inviting him to explain the position, particularly in regard to the protection of the rights of absent wives and families of domiciled Indians, and of domicile of those lawfully here. Your committee has received a reply from the Minister which is, to some extent, but not entirely, satisfactory, and accordingly your committee has requested and authorised our friend, Mr L. W. Ritch who has this week opportunely arrived in Capetown, to interview the Minister on behalf of the Congress and to make all necessary representations to him, and to others who may be in a position to help and advise us. Your secretary will be asked to forward, through Mr Ritch, to the Hon. the House of Assembly, a petition embodying the principal objections of the Congress to the new Bill, giving to Mr Ritch full power to act on your behalf as seems fit to him in the circumstances after consultation with your committee.

It would not be fitting if, on this occasion, I were to refrain from alluding to one most important aspect of the new Bill. It is designed to satisfy the requirements of the Transvaal passive resisters, our heroic brethren, who have so long maintained the flag of Indian honour and prestige flying.

There is no doubt that the Union Government have realised the Imperial injury that had been wrought by persistence in a policy that has reflected no credit on anybody but its victims. Should the terms of the Bill, as amended, fulfil the intention of the Government, the demands of our Transvaal brethren will have been met, and with the cessation of the passive resistance struggle, a term will be put at long last to an episode, glorious in the annals of the people of India, but a blot upon the honour of our European fellow colonists.

Before concluding, I would take the opportunity of repudiating, in your name, and with all the emphasis at my command, the false and scandalous statements made by certain members of Parliament recently concerning the commercial morality of the Indian community. Those European firms that do business with us will, I am sure, as they have so often done in the past, testify to our commercial integrity. I would treat with the contempt that it deserves were it not that silence on our part might be misunderstood, the slanderous statements, by Mr. Haggar, that most of us are not Indians at all, but alien Asiatics. That misstatement has been adequately replied to by the "*Natal Mercury*", to which we should be grateful.

I trust that you will accept the resolutions that will be put to you shortly and that you will so strengthen the hands of those who are endeavouring to avert the threatened peril from you.

Resolutions were passed protesting against the provisions of the Bill in its present form, authorising the appointment of Mr. Ritch to act on behalf of the Congress, and urging Government to amend the so as to preserve the rights of those who already possess them.

BOOKS FOR SALE

Truth is God 2s

Women and Social Injustice 7s

Obtainable From

'Indian Opinion,'
P. Bag, Durban,
Nata

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

No. 9—Vol. LIX.
FRIDAY,
10TH MARCH, 1961
Phone: Mount Edgecombe 30
Registered at the G.P.O. as a Newspaper
Price 4 Cents

INDIAN OPINION
ઈન્ડીયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણીલાલ ગાંધી

*

નિષ્કામ સેવા એ કર્મયોગની ચાવી છે. મન, વાણી અને કર્મથી સત્યનું પાલન કરો. નમ્રતા તથા પ્રેમભાવનો વિકાસ કરો. ક્રુરતા, સ્વાર્થ, વૈમનસ્ય અને ક્રોધનો નાશ કરો.

—શિવાનંદ.

પુસ્તક ૫૯ મું—અંક ૯ | તા. ૧૦ માર્ચ, ૧૯૬૧. | છુટક નકલ સેન્ટ ૪

ડૉ. વરવુઅર્ડ કદાચ સભામાંથી ચાલી નીકળશે

દક્ષિણ આફ્રિકા કદાચ "અજમાયશ" પરીક્ષા નીચે મૂકાશે

મંગળવાર: આવતી કાલે વડા પ્રધાનોની સભા મળશે. તે અંગે ભાત ભાતની અટકળો થઈ રહી છે. કેમકે બીજા દેશોના વડા પ્રધાનો તરફથી દક્ષિણ આફ્રિકા અંગે કોઈજ સત્તાવાર સમાચાર મળ્યા નથી. ટુંકુ અબ્દુલ રહેમાને નવી નીતિ અખત્યાર કરવાની વાત કરી છે એ ઉપરથી લાગે છે કે દક્ષિણ આફ્રિકા "અજમાયશ" પરીક્ષા નીચે મુકાશે. આ નીતિ ઉપર કદાચ વાટાઘાટ થાય એવી સંભાવના છે—અને બીજા વડા પ્રધાનો પણ કેમ આવે એવી પણ સંભાવના છે. જો એવો ઠરાવ પસાર થાય તો કદાચ ડૉ. વરવુઅર્ડ સભામાંથી ચાલી પણ નીકળે, અને જો ચાલી નીકળે તો દક્ષિણ આફ્રિકા આપો આપ 'કોમનવેલ્થ'માંથી નીકળી જશે. એમ જો "અજમાયશ" પરીક્ષા નીચે રહેવાની ઇચ્છા દર્શાવે તો પણ એજ સ્થિતિએ માઠું અટકશે. દક્ષિણ આફ્રિકા પોતાની નીતિ બદલે એમ નથી, અને બે વરસ સુધીની "અજમાયશ" પરીક્ષા નીચે મૂકાય તો વરસની આખરે પણ દક્ષિણ આફ્રિકાની સરકારની નીતિ એની એજ માલમ પડશે. અને ફરીવાર જ્યારે વડા પ્રધાનો આવતે વરસે મળે ત્યારે દક્ષિણ આફ્રિકાને 'કોમનવેલ્થ'માંથી નીકળી જવું પડશે.

હવે પહેલો સવાલ એ ઉઠે છે કે દક્ષિણ આફ્રિકાને "અજમાયશ" પરીક્ષા નીચે મૂકવાનું શું ડૉ. વરવુઅર્ડ કબુલ કરશે? અમને નથી લાગતું કે એ કબુલ કરે! અને જો કરે તો એની પાછળ કંઈક હાવપેચ હશે. કદાચ એ હાવપેચથી એમનો સફળતા પામે તો પણ એ સફળતા કાયમી નહિ રહેશે. વરસને આખરે ડૉ. વરવુઅર્ડની સરકાર એજ-સંગીત સાંભળવા માટે બ્રિટન જશે ત્યારે શું જવાબ આપશે એ પણ એક મુખ્ય પ્રશ્ન બની જશે.

ઘણા ભાત ભાતની અટકળો કરે છે. પરંતુ બ્રિટનના વડા પ્રધાનને માથે મોટી જવાબદારીઓ આવી પડી છે. તેઓ કઈ નીતિ અખત્યાર કરે એજ જોવાનું છે. 'આફ્રિકાના પવન' વિષે બોલનાર તેઓ પ્રથમ હતા એ વખતે બોલવા પછી ઘણા કાળા રાષ્ટ્રો સ્વતંત્ર થયા. એ જોવાનું છે કે તેઓ દક્ષિણ આફ્રિકાને સાથ આપે કે બીજા રાષ્ટ્રો સાથે દક્ષિણ આફ્રિકાની રંગદ્વેષની નીતિને વખોડી કાઢે. અને જો વખોડી કાઢે તો, તેઓ પોતે દક્ષિણ આફ્રિકા અંગે વડા પ્રધાનોની સભામાં કઇ નીતિ અખત્યાર કરશે?

આ વડા પ્રધાનોની સભા આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિએ પણ અગત્યની છે. દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન કેવળ 'કોમનવેલ્થ'નોજ પ્રશ્ન નથી, પરંતુ એ આંતરરાષ્ટ્રિય પ્રશ્ન છે. 'કોમનવેલ્થ' વિવિધ-જાતીય બની છે, અને વધુ વિવિધ-જાતીય બનતી જાય છે. આ એક હકીકત છે. જ્યારે 'કોમનવેલ્થ' વિવિધ-જાતીય બનતી જાય છે, ત્યારે દક્ષિણ આફ્રિકા જેની નીતિ કેવળ કાળાગોરાપણા ઉપર રચાયેલી છે તેને 'કોમનવેલ્થ'માં કેવી રીતે રાખી શકાય? આ મુદ્દા ઉપર દ્રષ્ટિ કરતાં એમ જણાય છે કે 'કોમનવેલ્થ' સમક્ષ મુખ્ય પ્રશ્ન રંગનો છે. અને જે રંગનો પ્રશ્નનો ઉકેલ કેવી રીતે આવે એ જોવાનું છે.

ડૉ. વરવુઅર્ડ એ રંગના પ્રશ્નને 'ઘરેલું ધર્મ' કહી પૂરા જવાબ કરશે પણ એવી કોશિષ બીજા વડા પ્રધાનો ઉપર કેવી છાપ પાડે એ જોવાનું છે. નાઈજીરિયાના અલ્હાજી સર અબુબકર ટાફાવા બલેવાએ ડૉ. વરવુઅર્ડના 'એપાર્થાઈડ'ને અપમાનકારક કહી વખોડી કાઢેલ છે. બીજા ઉપર એ 'એપાર્થાઈડ'નું સંગીત કેવી અસર કરે એ જોવાનું છે. એ સંગીત તો અહીંના રહેવાસીઓને કઠ'શ લાગે છે, પરંતુ સભાના વડા પ્રધાનોને એ સંગીત કેવું લાગશે એ એક બે દિવસમાં જણાશે.

તાજેતરના મળેલાં સમાચારો એવા છે કે બ્રિટનના વડા પ્રધાન મી. હેરલ્ડ મેકમીલન દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન છેલ્લે લાવવા માંગે છે. આવું કરવાનું કારણ એ છે કે વિશ્વના બીજા બનાવોનું અવલોકન એમાં મળેલા વડા પ્રધાનો કરી શકે, અને એ કરતાં બીજા પ્રધાનોના સંપર્કમાં સારી રીતે આવે અને પરસ્પર ઓળખું રહે. આમ કરવાથી મી. હેરલ્ડ મેકમીલનની જવાબદારી પણ જરા ઓછી થાય.

આમ જો થાય તો સ્વાભાવિક રીતે દક્ષિણ આફ્રિકાની 'કોમનવેલ્થ'માં રહેવાની ઇચ્છા દર્શાવતી અરજીનો વ્યવહારિક સ્વીકાર થશે, પરંતુ દક્ષિણ આફ્રિકાની રંગદ્વેષની નીતિની ચર્ચા કરવા માટે ડૉ. વરવુઅર્ડ ઉપર દબાણ થશે. કારણ કે 'કોમનવેલ્થ'ના લોકોને રંગદ્વેષનો પ્રશ્ન સ્પર્શે છે. આ યોજના પાછળ રહેલા એમ માને છે કે આવું જો થાય તો ડૉ. વરવુઅર્ડને રંગદ્વેષની નીતિની ચર્ચામાં ઉતરવું પડશે.

દક્ષિણ આફ્રિકા આનો સ્વીકાર કરે એમ નથી, અને જો ન સ્વીકારે તો ડૉ. વરવુઅર્ડને આ સભામાંથી ચાલ્યા જવું પડશે. બીજી એક અફવા ફેલાઈ છે કે દક્ષિણ આફ્રિકાના સભ્યપદનો સવાલ દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાક બને ત્યાર પછીજ ચર્ચાશે. જો આવું થાય તો બીજા ૧૮ મહિના નીકળી જશે.

જે થાય તે, પરંતુ એક બે દિવસમાં [illegible] જણાશે. તો પણ દક્ષિણ આફ્રિકાના ઘણાં લોકોને ખાતરી છે કે તેઓ 'કોમનવેલ્થ'માં રહેશે—પરંતુ વાતાવરણ ઉપરથી એવું લાગે છે કે કેવળ પ્રયાસજ ટકી આયા છે.

ગોરાઓએ શરમથી માથું નમાવવું જોઈએ

ગોરા બાળકો અને આફ્રિકન બાળકોને ભણાવવાનો ખર્ચ જો સરખાવી એ તો ભૂમિ-આસમાનનો ફરક જણાશે. એની સરખામણી કરતા દરેક ગોરાએ—તે ગમે તે પક્ષનો હોય ભલે—તેનું મસ્તક શરમથી નમવું જોઈએ. ગોરાઓ પોતાને સંસ્કારી ગણે છે, પરંતુ શું આ સંસ્કૃતિના કાર્યો છે!

એ. સી. સ્ટૂની ભણતા ગોરા વિદ્યાર્થીનો ખર્ચ કેવળ ૧૨ પૌંડ છે જ્યારે આફ્રિકનને ૨૪ પૌંડની રકમ પોતાના બાળકના શિક્ષણ માટે ઓછી આપવું પડે છે. આ તફાવત ઘણોજ મોટો છે, અને એ કાળાગોરાપણાની નીતિ ઉપર રચાયેલી છે. આવકની દ્રષ્ટિએ જોઈએ તો પણ એ તફાવત ઘણોજ મોટો છે, જ્યારે સારી કમાણી કરતાં અને આ દેશમાં સુખેથી રહી બધી જાતના સાધનો મેળવતાં ગોરાઓ પોતાના બાળકો પાછળ કેવળ ૧૨ પૌંડ ખર્ચે છે, ત્યારે ઓછામાં ઓછું મેળવતા આફ્રિકનો જેને આ દેશમાં નાગરિક સ્વાતંત્ર્ય પણ નથી ત્યારે પોતાના બાળકો માટે ૨૪ પૌંડ ભણતર માટે ખર્ચવું પડે છે.

આ નીતિ 'બાન્ટુ એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ'ની છે. તેઓ આફ્રિકનો નહિ ભણે એમ ઇચ્છે છે. આફ્રિકનો ભણી હોંશિયાર બને તે તેઓને ગમતું નથી. એથીજ આફ્રિકનોને ઇતિહાસ શીખવવામાં આવતો નથી. જો આમજ ચાલે તો આફ્રિકનો ભણી શકશે નહિ.

પ્રોફેસર બ્રુક્સે આ નીતિની કડક

(અનુસંધાન માટે જુઓ પાનું ૭૦)

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા ૧૦ માર્ચ, ૧૯૬૧

ફીનીક્સ સેટલમેન્ટ અને હિંદી કોલેજ

થોડા વખત ઉપર છાપામાં એવા સમાચાર આવ્યા હતા કે સરકાર ફીનીક્સ સેટલમેન્ટ, હિંદી યુનીવર્સીટી કોલેજ માટે લેવા વિચારણા કરી રહી છે. અમે જાણી જોઈને મૌન ધારણ કરી બેઠા હતા. અમારા વાચકો અને સહાયકો જેઓ ફીનીક્સને યાત્રાનું ધામ સમજે છે તેઓના માનસ ઉપર આનો શો પ્રત્યાઘાત પડયો તે અમે જાણવા માગતાં હતાં. હવે જ્યારે અમારા ઘણા સહાયકો તરફથી અમને તેઓના પ્રત્યાઘાત વિષે સાંભળવાનું મળ્યું ત્યારે અમે એ અંગે કેવળ ખુલાસો જ નહિ, અરજ પણ કરવા માગીએ છીએ. જે સમાચારો છાપામાં આવ્યા હતા તે સોલસબરી આઇલેન્ડની હિંદી કોલેજના કોઈક અમલદારના અહેવાલના આધારે છપાયો હતો. જ્યાં સુધી ફીનીક્સ સેટલમેન્ટના વ્યવસ્થાપકોને લાગે વળગે છે ત્યાં સુધી તેઓની પાસે સરકારે એવી કોઈ સત્તાવાર માગણી કરી નથી—અથવા એવો કોઈ નિર્દેશ પણ સરકારે કર્યો નથી. ફીનીક્સમાં હિંદી કોલેજ સ્થાપવા અંગેનો કોઈ સત્તાવાર પત્ર-વ્યવહાર ફીનીક્સ સેટલમેન્ટના ટ્રસ્ટીઓને મળ્યો નથી.

છાપામાં એ સમાચાર આવ્યા કે તરતજ અમે એ અંગેનો ખુલાસો કરી શકતે, પરંતુ અમે અમારા સહાયકોના પ્રત્યાઘાતો જાણવા માગતા હતા, એથી જરા ઢીલ થઇ છે. હવે અમને એમના પ્રત્યાઘાતો વિષે જાણવા મળ્યું છે, અને એ લોકો સર્વાનુમતે એમ ઇચ્છે છે કે હિંદીઓ ઉપર ભલે એવી મુશ્કેલીઓ આવી પડે છતા પણ તેઓ, એ નામ, શિક્ષણ અને પૂ. બાપુજીના સિદ્ધાંતો અને ધ્યેયો જે ફીનીક્સમાં સમાયા છે, તેના ઉપર સરકારી હસ્તે કોમી હિંદી યુનીવર્સીટી કોલેજ બનાવી ફીનીક્સને કલંકિત કરશે નહિ. આનીજ માન્યતા ફીનીક્સ સેટલમેન્ટના વ્યવસ્થાપક અને ટ્રસ્ટીઓની છે. ફીનીક્સ સેટલમેન્ટના ભાવિ વિષે વ્યવસ્થાપક અને ટ્રસ્ટીઓને જરાયે શંકા નથી. સૌથી પ્રથમ આજ ભૂમિ ઉપરથી એક આત્માએ સત્યાગ્રહની નીતિનો પ્રચાર કર્યો. તેમના આખા જીવનમાં સત્યનીજ પ્રેરણા હતી. તેઓ સત્યને સાથે રાખી બિલકુલ ચલિત થયા નહિ. જો વ્યવસ્થાપક અને ટ્રસ્ટીઓ સેટલમેન્ટ, હિંદી યુનીવર્સીટી કોલેજ માટે આપી દે તો તે સત્યનો દગો કર્યો કહેવાય. જો સરકારને જોઇએ તો તે ફીનીક્સ સેટલમેન્ટ છીનવી લઈ પોતાનાં અઘોર કાળા કૃત્યો માટે લઇ શકે છે, પરંતુ તે વ્યવસ્થાપક અને ટ્રસ્ટીઓની સંમતિથી તો નહિજ! જેમ બીજાને ખબર છે તેમ અમને પણ ખબર છે કે હાલની સરકાર ગમે તેમ કરવા શક્તિમાન છે. જો તે ફીનીક્સ સેટલમેન્ટ છીનવી લેવા માંગતી હોય તો સખત વિરોધનો સામનો સરકારને કરવો પડશે. આ વ્યવસ્થાપક અને ટ્રસ્ટીઓની નીતિ છે, આવી રીતે તો એ હિંદી અને બીજા કોમોની લાગણીનું એક પ્રતિબિંબ છે તેઓ પૂ. બાપુજી અને તેમના શિક્ષણને વંદનીય માને છે. આ લોકો માટે ફીનીક્સ સેટલમેન્ટ એક મંદિર અને યાત્રાનું ધામ છે. આ સેટલમેન્ટ ઉપર પૂ. બાપુજીની પ્રથમ કુટિર છે આ કુટિર હાલમા લાયબ્રેરી અને મ્યુઝીઅમ જેવું છે. ત્યાં પૂ. બાપુજીના પુસ્તકો, તેમના આ દેશના કાર્યોના ઐતિહાસિક ફોટાઓ છે. આ સેટલમેન્ટ ઉપર 'ઇન્ટરનેશનલ પ્રીન્ટીંગ પ્રેસ' છે જેની સ્થાપના પૂ. બાપુજીએ કરી હતી, અને જે હજુ સુધી પૂ. બાપુના હસ્તે સ્થાપયેલી 'ઇન્ડિયન ઓપિનિયન છાપું બહાર પાડે છે. - આ બધું હિંદી જનતા માટે પવિત્ર છે

વધુમાં ફીનીક્સ સેટલમેન્ટના ટ્રસ્ટીઓનો ઇરાદો એવો છે કે એક બિન-કોમી કોલેજની સ્થાપના કરવી, જેમાં દક્ષિણ આફ્રિકાના બધી કોમોના વિદ્યાર્થીઓ ભણી શકે. સરકાર અને તેના રંગદ્વેષના કાયદાઓને લઇ એની સ્થાપના તરત થઇ શકે એમ નથી. પરંતુ એ સંભવિત બનતા તરતજ ટ્રસ્ટીઓ યોજના ઘડી પછી એક એવી સંસ્થાની સ્થાપના કરશે જેની જોડ દક્ષિણ આફ્રિકામા મળશે નહિ. ફીનીક્સ અને "ઇન્ડિયન ઓપિનિયન"ની હયાતીનો આધાર સહાયકો ઉપર છે, અત્યાર સુધી અમને એ મળતાં રહ્યા છે, અને અમને ખાત્રી છે કે અમને એ મળતાં રહેશે. અમે લોકોને યાદ દેવડાવવા માંગીએ છીએ કે 'ઇન્ડિયન ઓપિનિયન' એ વેપારી સંસ્થા નથી. એની હયાતીનો આધાર સહાયકો ઉપર છે, અને 'ઇન્ડિયન ઓપિનિયન'ના આધાર ઉપર ફીનીક્સ સેટલમેન્ટ છે.

આત્મા શું છે? સુખદુઃખો શું છે?

[શ્રીમતી કુસુમબહેન વિજયશંકર મહેતા જેઓ હાલ હિંદમાં છે તેઓએ મુનિશ્રી સંતબાલજી મહારાજને કેટલાક પ્રશ્નો પુછ્યા હતાં તે પ્રશ્નો અને તેના જવાબો આભાર સાથે અમે આપીએ છીએ—તંત્રી]

(૧) પ્રશ્ન: શરીરને જેમ સુખ દુઃખની લાગણી થાય છે તેમ આત્માને સુખ દુઃખની લાગણી થાય ખરી?

ઉત્તર: ખરી રીતે સુખ દુઃખની લાગણીનું કારણ જડ શરીર નથી, તેમ માત્ર ચેતન નથી પણ એ બન્ને વચ્ચેનો આસક્તિમય સંબંધ છે. કેટલાક લોકો માત્ર શરીરનેજ સુખ દુઃખની લાગણી કલ્પે છે. કેટલાક વળી ચેતનને એવી લાગણી કલ્પે છે. આ બન્ને વાતો એકાંગી છે. શરીર શબ થયા પછી એને સુખ દુઃખ આદી સ્પર્શતા નથી. અનાસક્તિની સ્થિતિમા આત્માને—ચેતનને સુખ દુઃખ નડતાં નથી. આથી જણાય છે કે, આ આસક્તિમય સંબંધ કે જેને લીધે શરીર અને આત્મા બન્ને ઓતપ્રોત થાય છે તેને કારણેજ સુખ દુઃખની લાગણી થાય છે

(૨) પ્રશ્ન; જો આત્માને સુખ દુઃખની લાગણી થતી હોય તો શરીરને છોડીને આત્મા જાય ત્યારે જુનું ઘર છોડી જતાં દુઃખ થાય કે નવા ઘરમાં જવાનો આનંદ થાય?

ઉત્તર: આ આસક્તિને કારણે નવા શરીરની ખાત્રી નથી, એટલું જ નહી પણ આ આસક્તિને કારણે જુનું શરીર ગમે તેવું હોય તેને છોડવું ગમતું નથી. આ આસક્તિમંદ થાય અને સાચી સમજ અનુભવમય થાય તો નવું શરીર પામવા માટેની તૈયારીનો ખુબ આનંદ થાય જેમ ભગત સુર શંકરાચાર્યે પાણીમાં જળસમાધિ લીધી તેમ આગથી શરીર બળવા છતાં કે જીવતાં ચામડી ઉતારવા છતાં અનાસક્તિને કારણેજ જૈન મુનિશ્રી ગજસુકુમાર આદિ આનંદ પામી શકયા હતાં.

(૩) પ્રશ્ન: આત્માને એક શરીર છોડીને બીજા શરીરમાં જવાનો વારો જ ભોગવવાનો કે કોઈ દિવસ મુક્તિ ખરી?

ઉત્તર: આપણે આગળ જોયું તેમ આ આસક્તિજ એ બંધનરૂપ સુખદુઃખ દેહના કારણરૂપ છે, તો અનાસક્તિ કેળવાય પછી દેહ રહે તોય સરખું ને ન રહે તોય સરખું છે. તીર્થંકર દેવોને જેમ સંયમના હેતુથી યોગ પ્રવર્તન હોય છે તેમ દેહ રહે તોય કશો વાંધો નથી. ચાહો તો શરીર ને કારણે કે શરીરને લીધે નથી. પરંતુ આસક્તિને કારણે અને આસક્તિને લીધેજ છે.

(૪) પ્રશ્ન: આત્માને એક શરીર છોડીને બીજા શરીરમાં જતાં કેટલો વખત લાગે, અને તે વખત દરમીયાન આત્મા ક્યાં રહે?

ઉત્તર; બીજી કે ચોથી ક્ષણે શરીર ધારણ કરી લેવાય છે; આમ જૈન સૂત્રો કહે છે એટલે રખડવાનો સવાલ નથી. વૈદિક ગ્રંથોમાં ભમવાની વાતો આવે છે પણ તેને જૈન આગમો અંતરયોનિના રૂપો કહે છે

(૫) પ્રશ્ન: આત્માની શાંતિનો ઉપાય શું?

ઉત્તર: આત્માની શાંતિનો સાચો અને કાયમી ઉપાય તો સમજ પૂર્વકનું શાન્ત આચરણ જ હોઈ શકે. બાકી એ દૃષ્ટિ હોય તો જપ તપ ધ્યાન વિગેરે સાધનો અસર નીપજાવી શકે. આખરે તો આ બધાં સાધનો સમજણ જગાડવામાં એવા સાધન રૂપે કામ લાગી શકે' અંદર જપમાં શ્રદ્ધા હોવી જોઇએ નહીં તો દેખાવ કે દંભો ન થાય.

(અનુસંધાન માટે જુઓ પાનું ૭૭)

આગામી ચુંટણીના ઢંઢેરાની રૂપરેખા

ભાવનગર. કોંગ્રેસ પક્ષના ૧૯૬૨ની ચુંટણી અંગેના ઢંઢેરાના ખરડા માં કોઈ પણ ભોગે ભારતની અખંડિતતા ને એકતા જાળવવાની જરૂરી એવું સમર્થન કરવામાં આવ્યું છે અને નીચે પ્રમાણે ઢંઢેરો વિસ્તાર પામ્યો. મેળવવા પ્રચાર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ઢંઢેરો કારોબારીએ ઠરાવના રૂપમાં પ્રકટ કર્યો છે અને એમાં જણાવાયું છે કે ભાષાને હિંદી ભાષામાં આવવું જોઈએ.

ઠરાવ કોંગ્રેસના ૬૬ માં અધિવેશન સમક્ષ રજુ થયો અને મહાસમિતીને ઢંઢેરો આખરી સ્વરૂપમાં પ્રકટ કરવાની અને પ્રજા સમક્ષ મુકવાની સત્તા આપી હતી.

ઢંઢેરો સામાન્ય રીતે કોંગ્રેસના ઠરાવની ભૂમિકા પર હતો અને ખાસ કરીને ભાવનગરની પાસુ મળેલામાં જે ઠરાવ પસાર કરવામાં આવેલ ઢંઢેરાના ખરડામાં જે ૨૨ મુદ્દા છે તેને આખરી ઓપ અપાયો હતો.

ઢંઢેરાના ખરડામાં જણાવાયું હતું કે સમાજવાદી નીતિ હોવા છતાં જાહેર ક્ષેત્ર વધુને વધુ વિસ્તારી અને પદ્ધતિનો ભાગ બનતી જાશે. જાહેર અને ખાનગી ક્ષેત્રોએ એક યોજના અંગેના તરીકે કાર્ય કરવાનું છે એ બે વચ્ચે ઘર્ષણ રહેવું જોઈએ નહિ.

ઢંઢેરાના ખરડામાં જાહેર ક્ષેત્રોના ઉદ્યોગોને કાર્યક્ષમ બનાવા તેમ જ આખરી મહત્વ જાળવવાનો આગ્રહ કરવામાં આવ્યો છે.

ભાષાવાદ અને ભિન્ન ભાષી વગેરેના વિચારોને પ્રોત્સાહન ન આપવાનું અને વસ્તી પર અંકુશ રાખવાનું સુચવવામાં આવ્યું છે.

જમીન સુધારણા બાબત અંગેની કોંગ્રેસની નીતિ સંપૂર્ણ રીતે હિંદના તમામ રાજ્યોમાં અમલમાં મુકાવી જોઈએ અને જ્યાં બને ત્યાં સુધી ક્ષેત્રમાં સૌ પ્રથમ સ્વરૂપમાં સહકારી ખેતીનું કાર્ય થવું જોઈએ અને સહકારી ખેતી મંડળીની રચના થવી જોઈએ.

કોંગ્રેસ લોકશાહી માર્ગે સમાજવાદી સમાજ રચનાનું કાર્ય કરશે એ હકીકત નું સમર્થન કરતા ઢંઢેરામાં જણાવાયું હતું કે આ ધ્યેયને હાંસલ કરવા માટે જે શક્ય માર્ગ છે તે આયોજનનો છે એટલે વધુમાં વધુ પ્રયાસ એ દિશા માં થવો જોઈએ.

વ્યાપક પ્રમાણમાં, ખોરાક બાબતમાં સ્વાવલંબન, સ્ટીલ, વીજળી, ખાતર તેલ અને યંત્રસામગ્રી ઉત્પાદન એ ત્રીજી પંચ વર્ષીય યોજના માટેની મહત્વ સિદ્ધિ છે જે પ્રાપ્ત કરવાની છે એમ ઢંઢેરામાં જણાવાયું હતું

સમાજમાંની અસમાનતા પણ જ ઓછી છે અને તે તમામ ક્ષેત્રમાં આપણી પ્રગતિ અવરોધશે.

ઢંઢેરામાં ગ્રામ વિસ્તારોમાં વીજળી, ઔદ્યોગિક કામદારોને તાલીમ અને એમનું કલ્યાણ, કુટુંબ આયોજન વગેરે નો ઉલ્લેખ પણ છે.

અંકલેશ્વરમાં દસ વધુ કુવા ખોદાશે

વડોદરા: તેલ અને કુદરતી ગેસ પંચની અને ગંધ વિભાગની મળેલી અખિલ ભારત પરિષદમાં તેલ સંશોધન કાર્યક્રમ તળે નક્કી આવેલા તેમની આવતીકાલની યોજના તબક્કાને અમલમાં મુકવાનો, ગુજરાતની રાજધાની ગાંધીનગરના સુચિત સ્થળે ૧૫૦૦ મીટર ખોદકામ કરવાનો અને અંકલેશ્વર અને ખંભાતને જોડી રેતી પટ્ટી પર પારા નજીક સંભવ ખાતે ૩૦૦ મીટર શુદ્ધ ખોદકામ કરવાના નિર્ણયો લેવાયા હતા.

આ ઉપરાંત પંજાબ, આસામ અને હોશિયારપુર જેવાં સ્થળોએ તેલ સંશોધનનાં મુલ્યાંકન વિષે ચર્ચા થઇ હતી. તેમજ કચ્છમાં ૧૦૫ માઇલની દરિયાઇ પટ્ટીમાં તેલ સંશોધન કરવાની વિચારણા થઈ હતી, એવો નિર્ણય થયો હતો કે જ્યાં સુધી દેશી ભાષાનો જ વાપરતા તેમજ સંશોધન કાર્યમાં ખર્ચ ઘટાડવો. તેલ સંશોધનમાં ૩૯૫ લાખના ખીલ ૪૫ રશિયન ઇજનેરો ૧૯૬૧માં આવનાર છે. ખાસ કામનાં યંત્રો કરવા તથા જોવા માટે વડોદરામાં ૨૦૦૦ કામદારોવાળુ ચોથી મોટું વર્કશોપ ચાલુ કરવાનો નિર્ણય પરિષદે લીધો હતો. ૧૯૬૧માં ખંભાતમાં ૧૫ કુવાઓ અને અંકલેશ્વરમાં વધુ ૧૦ કુવાઓ ખોદવાનું નક્કી કરાયું છે. આથી ૧૯૬૧ના ડીસેમ્બર માસ સુધી માં ખંભાતમાં ૨૮ અને અંકલેશ્વરમાં ૧૫ કુવાઓ ખોદાશે. તેનું મુલ્યાંકન "પાયલોટ" રીફાઇનરી દ્વારા થશે. આ રીફાઇનરી એકાદ મહિનામાં ઉભી જ ખાતે બંધાવી ચાલુ થઇ જશે. આ રીફાઇનરી શુદ્ધ કરશે હશે અને તેમાં કયા પદાર્થ કેટલા પ્રમાણમાં છે તે નક્કી કરશે.

ભારતભરના તેલક્ષેત્રો વિષે પુરી માહિતી મેળવ્યા બાદ "એસો ઇન્ડીયા ઓપરેશન" નામની જાહેર ક્ષેત્રની સંસ્થા દ્વારા પંચ સમક્ષ રીફાઇનરીનો પ્રશ્ન મુકાશે અને એ વિષે પછીથી નિર્ણય લેવાશે. હાલની ગતિએ કામ ચાલુ રહેતાં ૧૯૬૬ના જાનુઆરીમાં પૂર્ણ થવાની વકી છે.

મુસ્લીમોનો પવિત્ર માસ

રમજાન

હિંદુઓ માટે દિવાળી, ખ્રિસ્તીઓ માટે નાતાલ અને મુસ્લીમો માટે રમજાન એ મહત્વનો તહેવાર છે. આખા વર્ષમાં રમજાન માસ પવિત્ર ઉપવાસ નો માસ ગણવામાં આવે છે. સુર્યોદય પહેલા અને સુર્યાસ્ત બાદ જ જમી શકાય. એટલે કે દિવસના પાણી કે ખોરાક તેઓ લેતા નથી. બાળકો વૃદ્ધો અને દરદીઓ માટે થોડી છુટછાટ મુકવામાં આવે છે ખરી. આ માસ ભરમાંના દિવસોમાં ખાસ આખો પાણી ની ઘણીજ જરૂર માણસને જણાય. ધર્મીષ્ઠ મુસલમાન આ માસના ઉપવાસ થી પાપ મુક્ત થવાય છે એમ માને છે.

આ માસમાં ૨૭ તારીખે અથવા ૨૦ થી ૨૭ દરમીયાન રાતને સુમારે "અલકદરાજ" આ વસ્તુ દિવ્ય લોક માંથી નીચે આવી. 'લૈલતુલ કદ્ર' (શક્તિની રાત) આ નામે આ રાત ઓળખાય છે. આ રાતનું પવિત્ર ધ્યાનમાં રાખી મુસ્લીમો ધર્મધ્યાન અને અને પ્રાર્થનામાં ગાળે તે દરમીયાન આખું પવીત્ર મન પ્રગટ કરે છે. આ ઉપરાંત 'રમજાન' માસ 'હલ્લાકર મિતવા' પરમેશ્વરને પ્રિય ભિન્ન છે એમ પણ મનાય છે

મહમ્મદ બિન માલિક કહે છે: "ઓહો, આ જુઓ રમજાન, આપણો પવિત્ર ધાર્મિક ઉત્સવ આપણી વાટ જોઈ છે. આ માસમાંની ફક્ત એકજ રાત એવી મહત્વની છે કે જે હજારો રાત કરતાં મહાન છે. આ રાતે કરેલી ઇશ્વર સ્તુતી બીજે દિવસે કરેલી સ્તુતી કરતાં હજાર ગણી વધારે શ્રેષ્ઠ છે. જે એ ચુકશે તે બધુ ગુમાવી અને માત્ર કમનસીબ દુ:ખી થશે."

રમજાન મહીનાના પ્રથમ ૧૦ દિવસ માં ઉપવાસ કરનાર પર ઇશ્વરના આશિર્વાદોની વર્ષા થાય છે. પછીના ૧૦ દિવસમાં જેઓ પરમેશ્વરનું સ્મરણ કરે છે અને ઉપવાસ કરે છે તેઓના અપરાધો ઇશ્વર માફ કરે છે. અને છેલ્લા દશ દિવસ જેઓ ઉપવાસ અને બંદગી કરે છે તેમને નર્કમાંથી મુક્તી મળે છે એવી માન્યતા હોય છે.

શ્રી ગોવિંદ વલ્લભ પંતનું મૃત્યુ

શ્રી ગોવિંદ વલ્લભ પંત જેઓ ભારતના હોમ મિનિસ્ટર હતા તેઓ હૃદય રોગના હુમલાથી તા. ૭-૩-૬૧ના રોજે સ્વર્ગે સિધાવ્યા.

શ્રી. પંત ગયા માસથી બિમાર હતા. તેઓ શ્રી નહેરૂ ના ખાસ સલાહકાર હતા. તેઓ ૭૩ વરસની ઉંમરના હતા.

આ માસમાં એક વસ્તુ સારી એ બને છે કે મુસ્લીમો જાતીવાદ સાવ ભુલી જાય છે. અને બીજા ધર્મના લોકો તરફ પણ પ્રેમ બતાવે એવાનો પ્રયત્ન કરે છે. શ્રીમંત મુસ્લીમ ગરીબ મુસ્લીમોને દાન ધર્મ કરે છે અને નોકરો સાથે નમ્રતાથી વરતે છે. ગરીબ મુસ્લીમ પોતાથી ગરીબ એવાના ધર્મ બંધુઓને પોતાની શક્તી પ્રમાણે મદદ કરવા પ્રયત્ન કરે છે અને દાનનું પુણ્ય કમાય છે. આ ઉપરાંત એમ મનાય છે કે કુરાન કાળમાં કોઈ "હિંદ" ખુદ Holy Prophet પણ જ્યારે તેઓ રમજાન માસ દરમીયાન ઘણા કેદીઓને બંધન મુક્ત કરતા અને દાન ધર્મ કરતાં.

રમજાન માસ દરમ્યાન કુરાનનું સંપૂર્ણ વાંચન કરવાનું હોય છે. આથી મસ્જીદો શણગારવામાં આવે છે અને જ્યારે જ્યારે પ્રાર્થનાનો સમય હોય છે ત્યારે ત્યારે મસ્જીદો માનવથી ભરપુર રહે છે. આ વખતે કુરાન વંચાય તેને હાફીઝ કહેવાય છે ૩૦ દિવસમાં કુરાન પુરુ થાય તેથી ૩૦ ભાગમાં કુરાનને વેંચવામાં આવ્યું છે. આથી રોજનો એક ભાગ વાંચવામાં આવે છે.

રમજાનનો છેલ્લો દિવસ "ઈદ ઉલ ફિત્ર" ઉપવાસના પારણાનો દિવસ ગણાય છે. તે દિવસે બધા મુસ્લીમ શણગાર સજી એક બીજાને મળે છે અને સામુહિક પ્રાર્થના પણ કરે છે. આ દિવસે ફક્ત મુસ્લીમ ધાર્મિકને જ નથી ગણતાં પણ પર ધર્મીને પણ મળે છે. અને હિંદમાં તે દિવસે મુસ્લીમો પોતાના હિંદુ ભાઇઓને ભેટ સોગાદ આપી ખુશાલી વ્યક્ત કરે છે. આ રમજાનનું સાધ્ય છે

હઝરત અબુહુરૈરા બિનના કહેવા પ્રમાણે જ્યારે ન્યાય કરવાનો દિવસ આવશે ત્યારે માણસ સાથે મુક્તી માટે ફક્ત રમજાનના ઉપવાસ અને સારા વર્તન તથા કુરાનનું વાચન આ એજ વાત તેની મદદમાં રહેશે.

રમજાન કહેશે કે, "હે પ્રભુ મારા દીવસોજ આ માનવીઓ અન્ન-વગર રહ્યા અને વિષય સુખમાં થી દુર રહ્યા. મારે ખાતરજ તેઓ અતૃપ્ત રહ્યા કૃપા કરી તેમને ક્ષમા કરો."

વળી કુરાન કહેશે "પ્રભુ મારા વાંચનને લીધે આ લોકોએ રાત ના સુખની નિંદ્રા પણ નથી લીધી. મેજ તેઓને વિશ્રાંતી લેવા દીધી નથી."

આથી લીધેલ જેને માટે કામના દરબારમાં જાય અને પછી ઇશ્વર ક્ષમા જ કરે એ સાધ્ય રીત છે.

સેવા-સંગ્રામ-સ્વાતંત્ર્ય:

કોંગ્રેસના ૭૫ વર્ષના ઇતિહાસ પર આછી દ્રષ્ટિ

અખિલ ભારત રાષ્ટ્રીય મહાસભાના ઇતિહાસને આપણે યાદ કરીએ છીએ કે તરતજ આપણા સ્મૃતિપટ પર હજુ થોડા વર્ષો પૂર્વે જ પૂરી થયેલી ભારતની આઝાદીની લડતની કથા તાજી થાય છે. કોંગ્રેસે ગાંધીજી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરૂ અને બીજી અનેક મહાન વિભૂતિઓની રાહબરી હેઠળ દેશને આઝાદી અપાવી. આ આઝાદી જંગમાં અસંખ્ય ભારતવાસીઓએ પોતાના જાનમાલનું બલિદાન આપ્યું. કોંગ્રેસનો ઇતિહાસ એ દેશે વિદેશી સત્તા સામે ચલાવેલી અવિરત, શાંત, અહિંસક લડતની ગાથા છે. ૧૯૪૭ના ઓગસ્ટની ૧૫મી તારીખ પછી દેશને મુક્તિની મંઝિલે દોરી જનાર કોંગ્રેસ સંસ્થાના હાથમાં દેશની સરકારનાં સુકાન આવ્યાં અને આજે તેર-ચૌદ વર્ષ થયાં વડા પ્રધાન શ્રી નહેરૂ અને અન્ય આગેવાનોની રાહબરી નીચે કોંગ્રેસ શાસન તંત્રની અંદર અને બહાર રહીને દેશના નવનિર્માણની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહી છે. દેશના લોકોને માત્ર રાજકીય મુક્તિ જ નહિ પણ સામાજિક અને આર્થિક મુક્તિના ફળ ચાખવા માટે અને દેશમાં લોકશાહી મજબૂત બને એ માટે કોંગ્રેસ આજે અથાગ પ્રયાસો કરી રહી છે.

પ્રભાવશાળી સંસ્થા

કોંગ્રેસની સ્થાપનાને ૭૫ વર્ષ થયાં આજે છે. આ ૭૫ વર્ષથી કોંગ્રેસ આ દેશની મોટી વિશાળ, પ્રભાવશાળી અને સંગઠિત રાજકીય સંસ્થા રહી છે. એનો ઇતિહાસ ભારતીય જનતાની મુક્તિ ઝંખનાથી માંડીને સ્વાતંત્ર્ય સુધીની અહિંસક-પવિત્ર લડતના ઇતિહાસ સાથે સંકળાયેલો છે. અત્યારે આશરે કરોડની જનસંખ્યા ધરાવતા આ મહાન રાષ્ટ્રનાં લગભગ બધાં જ રાજ્યો અને કેન્દ્રમાં કોંગ્રેસના પ્રતિનિધિઓના હાથમાં સત્તાનાં સૂત્રો છે. આ દેશના ભાવિના ઘડતરમાં પણ આ સંસ્થાનો વિશેષ મોટો ફાળો રહેવાનો છે એ નિશ્ચિત છે.

કોંગ્રેસની સ્થાપના ૧૮૮૫માં થઈ. ૧૮૫૭ના વિદ્રોહ પછી બ્રિટીશ નીતિમાં ફેરફાર આવ્યો હતો. હિંદી જનતાને જીતી લેવાના પ્રયાસ શરૂ થયા હતા. ૧૮૫૭માં મુંબઈ, મદ્રાસ, કલકત્તામાં યુનીવર્સીટીઓ સ્થપાઈ હતી. ૧૮૬૧માં પ્રજાના પ્રતિનિધિત્વ વિનાની કાઉન્સીલો અને તે સાથે વડી અદાલતોની રચના કરવામાં આવી હતી. દેશનાં શિક્ષિત જનો સ્વરાજની નહિ પણ સુરાજ્યની વાત કરવા લાગ્યા હતા. બ્રાહ્મોસમાજ, આર્યસમાજ, પ્રાર્થનાસમાજની અસરો પ્રસરતી હતી. મુંબઈમાં દાદાભાઈ નવરોજી ને જગન્નાથ શંકરશેઠ તથા બંગાળમાં સુરેન્દ્રનાથ બેનરજી અને આનંદમોહન બોઝની રાહબરી નીચે સર્વરાજકીય સંસ્થાઓ સ્થપાઈ હતી. ૧૮૫૭ના વિદ્રોહની અસર ચાલી ગઈ હતી. છતાં લોકોના દિલમાં અસંતોષ હતો જ અને તેને યોગ્ય માર્ગે વાળવામાં ન આવે તો તેમાં જોખમ છે એમ અંગ્રેજ મુત્સદ્દીઓ માનવા લાગ્યા હતા.

કોંગ્રેસની સ્થાપના

આ વાતાવરણમાંથી કોંગ્રેસનો જન્મ થયો. જાહેર રીતે તેના સ્થાપક એલન ઓક્ટેવિયન હ્યુમ હતા. એ નિવૃત્ત અંગ્રેજી અધિકારીએ દેશની આંતરિક પરિસ્થિતિની જાણ તે વખતના વાઈસરોય લોર્ડ ડફરીનને કરી હતી. એમ કહેવાય છે કે કોંગ્રેસની સ્થાપના લોર્ડ ડફરીનની પ્રેરણાનું પરિણામ હતું. આ સંસ્થાનું બાહ્ય સ્વરૂપ બિનરાજકીય રહે એવો આગ્રહ પણ એમણે જ સેવ્યો હતો. ભારતનું સ્વાતંત્ર્ય સિદ્ધ કરવામાં મુખ્ય હિસ્સો કોંગ્રેસનો જ રહ્યો છે. એ હકીકતની સાથે તેના સ્થાપક એક અંગ્રેજ ગૃહસ્થ હતા અને પ્રેરણા આપનાર બ્રિટીશ તાજનો પ્રતિનિધિ હતો. એ વિચારીએ તો કુદરતની કરામત માટે આશ્ચર્યની લાગણી થયા વિના ન રહે.

પ્રથમ તબક્કો

કોંગ્રેસના ઇતિહાસનું અવલોકન કરીએ તો પ્રથમ અરજીઓ, પ્રાર્થનાઓ અને માગણીઓનો કાળ આવે, એ પછી વિરોધ અને પ્રચાર, દેખાવ, ત્યારબાદ ત્યાગ, બલિદાન ને ક્રાંતિ નજરે પડે. ઉપરાંત રાજ્યતંત્રના પ્રયોગોનો અનુભવ થાય.

કોંગ્રેસના પહેલા પ્રમુખ શ્રી વ્યોમેશચંદ્ર બેનરજી હતા. પહેલું અધિવેશન ૧૮૮૫ના ડીસેમ્બરની ૨૮મી તારીખે મુંબઈમાં ભરાયું. કોંગ્રેસનું તે વખતનું ધ્યેય બ્રિટીશ રાજ પ્રત્યે વફાદારી, રાષ્ટ્રીય ભાવનાની ખીલવણી, વિનંતિ સાથે સુધારાઓની માગણી એવું હતું. દેશના આગેવાનો દાદાભાઈ નવરોજી, ન્યાયમૂર્તિ તેલંગ, ફિરોઝશાહ મહેતા, દિનશા વાચ્છા, નારાયણ ગણેશ ચંદાવરકર, રાઘવ મુદલીઆર વગેરે એમાં હાજર હતા. આમાંના કેટલાક નામો સમયના પ્રવાહમાં ભૂંસાઈ ગયાં, કેટલાંક આજે ય આપણને પ્રેરણા આપવાની શક્તિ ધરાવે છે.

મર્યાદાઓ

બીજે વરસે દાદાભાઈ નવરોજી પ્રમુખ બન્યા, ત્રીજે વરસે બદરૂદ્દીન તૈયબજી. જ્યોર્જ યુલ અને વિલિયમ વેડરબર્ન પણ પ્રમુખપદ શોભાવી ગયા. ધીમે ધીમે આમજનતામાં નહિ પણ શિક્ષિત વર્ગમાં કોંગ્રેસના સ્થાન અને માન વધવા લાગ્યાં. પ્રથમ આવેદનોમાં અને પછી ઠરાવોમાં કંઈક જોર પણ આવવા લાગ્યું. પરંતુ વિનંતિ અને વફાદારીની બહાર કોંગ્રેસ નીકળી શકતી નહોતી. બહુ પ્રભાવશાળી નેતાઓ હોવા છતાં તેમની શક્તિની મર્યાદાઓ આ સંસ્થાને રૂંધતી હતી.

બંગાળના ભાગલા

૧૯૦૫માં લોર્ડ કર્ઝનને એમ સૂઝ્યું કે રાષ્ટ્રીયતાનો જુસ્સો ઓછો કરવો જોઈએ. બંગાળ એ વખતે રાષ્ટ્રીય જાગૃતિનું જનક હતું. હિંદુઓની સામે મુસ્લીમોને મૂકવાની અને પાકીસ્તાનનું બીજ રોપવાની ક્રિયા પણ કદાચ એ વખતે થઈ. બંગાળના ભાગલા હિંદુ-મુસ્લીમને નજર સામે રાખીને જ પાડવામાં આવ્યા. આખા દેશમાં આ બાબતનો વિરોધ થયો. સુરાજ્ય નહિ સ્વરાજ જોઈએ એવો ખ્યાલ ત્યારે જ પેદા થયો. એ મંત્ર આપનાર દાદાભાઈ નવરોજી હતા. ૧૯૦૬માં તેઓ ત્રીજી વાર કોંગ્રેસ પ્રમુખની ગાદીએ આવ્યા. બ્રિટીશ માલનો બહિષ્કાર, સ્વદેશી, રાષ્ટ્રીય શિક્ષણ અને સ્વરાજની હવા પેદા થઈ. લોર્ડ કર્ઝનને બંગાળના ભાગલા રદ કરવા પડ્યા. પરિણામે દેશમાં વિશ્વાસની લાગણી પેદા થઈ.

હોમરૂલ આંદોલન

વિશ્વ યુદ્ધ વખતે કોંગ્રેસને પ્રભાવશાળી બનાવવામાં લોકમાન્ય તિલક, ગોપાલ કૃષ્ણ ગોખલે, મદન મોહન માલવીયાજી, લાલા લજપતરાય, અરવિંદ ઘોષ, એની બિસેન્ટ વગેરેનો હિસ્સો ઘણો મોટો. વફાદારી અને વિનંતિઓથી નીકળીને સ્વરાજની માગણી સુધી પહોંચેલી કોંગ્રેસમાં ૧૯૧૫માં નવું જોશ આવ્યું. હોમરૂલ આંદોલન શરૂ થયું. ઉદ્દામ બળો આગળ આવ્યાં. ૧૯૧૬માં લીગ સાથે સમજૂતી કરવામાં આવી. પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું હતું એટલે બ્રીટીશ સરકારે વચનો આપવા માંડ્યાં. રાષ્ટ્રીય અસ્મિતાની મોટી વૃદ્ધિ થઈ.

ગાંધીજીનો પ્રવેશ

દેશના રાજકારણમાં ગાંધીજીએ પ્રવેશ કર્યો ત્યારે કોંગ્રેસ ક્રાંતિકારી સંસ્થા નહોતી. છતાં ગાંધીજીના નવા તત્વજ્ઞાનને ઝીલી શકે એટલો વિકાસ એનો થયો હતો. લોકમાન્ય તિલક એ વખતે દેશના મોટા વધુ ધ્યાન ખેંચનારા નેતા હતા. ગાંધીજી આવ્યા ત્યારે એમની આસપાસ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનું તેજવર્તુળ પ્રસરેલું હતું. પ્રથમ તો એમણે ગોખલેજીની આજ્ઞાથી પરિસ્થિતિના અભ્યાસમાંજ એમનું મન પરોવ્યું. દેશની સ્થિતિથી તેઓ દુઃખી હતા. પરંતુ બ્રીટીશ પ્રજા અને સરકારમાં એમને ઘણો વિશ્વાસ હતો.

ચમત્કારિક અસર

ગાંધીજી દેશમાં આવ્યા બાદ ચંપારણમાં સત્યાગ્રહ, ખેડા, બોરસદના સત્યાગ્રહો અને અમદાવાદની મિલ હડતાલ આદિ ગાંધીજીના નેતૃત્વની ચમત્કારિક અસર થઈ. ૧૯૧૮ના નવેમ્બરમાં વિશ્વયુદ્ધનો અંત આવ્યો. સંરક્ષણના નામે જે કાયદાઓ થયા હતા તેની મુદત પૂરી થઈ. લડાઈ દરમીયાન ગાંધીજી લોકમાન્ય જેવાનો વિરોધ સહીને પણ યુદ્ધ પરિષદમાં હાજર રહ્યા હતા. સૈનિક ભરતી પણ કરી હતી. આ બધા દરમીયાન એમણે માન્યું હતું કે લડાઈ પૂરી થતા દમનકારી કાયદાઓનો અંત આવશે અને સ્વરાજ મળશે. પણ એને બદલે

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!

શોધવું મટશે, જોઈતું મળશે, ધક્કો બચશે.
અમારે ત્યાં નીચેની ભાતભાતની વસ્તુઓ મળે છે.

સ્ત્રીઓ માટે: સાડીઓ, સુંદર સ્પન્જ અને બીજા અનેક જાતની બ્લાઉઝ, રીબનો પણ જાતજાત [illegible] જરસીઓ, પુલોવર, કારડીગન, ચોળીઓ, બંડી, શોકસ વિ.

બાળકો માટે: તમામ જાતના ઝભલા, ટોપી, બ્લાઉઝ, ફ્રોક, ચોળીઓ, ચડ્ડી, શોકસ, નેપકીન્સ, [illegible], પેટીકોટ, નાઈટીસ, [illegible], આવા સ્પન્જ વિ.

રોજના વપરાશના [illegible], સ્પન્જના [illegible], ટોપલા, ચાદરો, વિ.
વેપાર માટે બાંધી લેવા સસ્તા હોલસેલ [illegible] ભાવના માલ, ઈન્ડેન્ટ [illegible]
વિલંબ શા માટે! સારો માલ વેચાઈ જતાં નહીં વાર!!

[illegible] માબરો હૈદર્સ (પ્રા) લી.
(ભીખાભાઈ માસ્તર એન્ડ સન્સ)
ફોન: [illegible] — [illegible] — પો. બો. [illegible]
માસ્તર બિલ્ડીંગ — [illegible] સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

રોલેટ ઍક્ટ આવ્યો. ગાંધીજી અને બીજા આગેવાનોએ એનો વિરોધ કર્યો. પણ સરકારે આંખ આડા કાન કર્યા.

સ્વરૂપમાં પરિવર્તન

કોંગ્રેસનું સ્વરૂપ ત્યારથી બદલાવા લાગ્યું. સરકાર એ વિરોધને દાદ ન આપે તો શું કરવું તેનું જ્ઞાન ગાંધીજી સિવાય કોઈની પાસે નહોતું. એમણે વિરોધ જાહેર કરવા હડતાળ ને ઉપવાસનો આદેશ આપ્યો. ૧૯૧૯ના એપ્રિલની ૬ઠ્ઠી તારીખે પહેલી વાર આખા દેશમાં સરકાર સામે દેખાવો થયા. ૧૩મી તારીખે જલિયાંવાલાની ખૂનકર ઘટના બની. અને એના અનુસંધાનમાં બ્રિટીશ અધિકારીઓએ બીજા અનેક અત્યાચારો કર્યા. ૧૯૨૦માં કલકત્તામાં કોંગ્રેસ ભરાઈ અને અસહકારનો નિર્ણય થયો. કોંગ્રેસનું ધ્યેય 'અહિંસક અને શાંતિમય સાધનો દ્વારા' સ્વરાજ પ્રાપ્તિનું રાખવામાં આવ્યું. આ ધ્યેય છેક ૧૯૨૮ના અંત સુધી રહ્યું. એ પછી સ્વરાજને એટલે બ્રિટીશ સામ્રાજ્યમાં ભાગીદાર નહિ પણ પૂર્ણ મુક્તિ એમ સ્વીકારાયું. ૧૯૨૦ થી ૩૦ સુધીના કાર્યમાં અસહકાર, પરદેશી માલનો બહિષ્કાર, સરકારી શાળા, કોલેજ, અદાલતોના બહિષ્કાર વગેરે દ્વારા લોકજાગૃતિનો જુવાળ ચડવા લાગ્યો અને ખાદી, દારૂનિષેધ, રાષ્ટ્રીય શાળાઓ વગેરેથી નવઘડતરનું કામ પણ શરૂ થયું.

અસહકાર યુગ

૧૯૨૧માં ગાંધીજીએ સવિનય કાનૂનભંગની તૈયારી કરી હતી પણ ચૌરા ચૌરીનાં તોફાનોને લીધે એમણે આખા ભંગનો વિચાર પડતો મૂક્યો. એ પછી ગાંધીજી ઉપર કેસ ચાલ્યો અને એમને છ વર્ષની સજા થઈ. અસહકાર યુગની સાથે જ દેશબંધુ દાસ અને મોતીલાલ નહેરૂ જેવા નેતાઓનો પ્રભાવ પણ દેશમાં વધ્યો. એમની આગેવાની નીચે ૧૯૨૩માં દિલ્હીની ખાસ બેઠકમાં ધારાસભામાં જવાનો નિર્ણય લેવાયો. ગાંધીજીની માંદગીને કારણે તેઓ ૧૯૨૪માં છૂટયા અને બેલગામ અધિવેશનના પ્રમુખ થયા. પણ એ વખતે દેશ સત્યાગ્રહ કે અસહકાર માટે તૈયાર નહોતો. એટલે ગાંધીજીએ પોતાનું ધ્યાન રચનાત્મક પ્રવૃત્તિ તરફ વાળ્યું. ૧૯૨૫માં દેશબંધુ દાસનું અવસાન થયું. ૧૯૨૭માં સાયમન કમીશન આવ્યું, એનો દેશભરમાં બહિષ્કાર થયો. ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહ થયો અને દેશનું વાતાવરણ પલટાયું. ધારાસભામાં જવાની નિરર્થકતા સમજાઈ. ૧૯૨૮ના કલકત્તાના અધિવેશનમાં મોતીલાલ જેવા પ્રમુખપદે સરકારને એક વર્ષની મુદતનું આખરી-નામું અપાયું. સંસ્થાનિક સ્વરાજના ધોરણ ઉપર તે વખતે નહેરૂ રીપોર્ટ ઘડાયો હતો અને એ કાળે એનો વિચાર કરવામાં હતો પણ એનું કંઈ પરિણામ આવ્યું નહિ ને ૧૯૨૯ના ડીસેમ્બરની ૩૧ તારીખની મધરાતે પૂર્ણ સ્વરાજનો ઠરાવ કરી લાહોરના રાવી નદીના તટ ઉપર જવાહરલાલ નહેરૂએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો.

દાંડીકૂચ

ગાંધીજીના આગમન પછી પરિસ્થિતિ એ હતી કે કોંગ્રેસના પ્રમુખ એમની ઇચ્છાનુસાર પસંદ થાય અને સર્વોપરી નેતા તરીકે સૌ હ્રદયથી એમને સન્માને. કોંગ્રેસનો દોર તત્ત્વતો ને મધુ એમને નેતા તરીકે માન્ય રાખ્યા પણ હતા. ગાંધીજીના નેતૃત્વ વિના સત્યાગ્રહ થઈ શકે જ નહિ એ સૌ કોઈ સ્વીકારતા. ૧૯૩૦ના પ્રારંભમાં કોંગ્રેસના પ્રમુખ જવાહરલાલ હતા પણ સૌની નજર ગાંધીજી ઉપર હતી. ૧૯૩૦માં ૨૬મી જાન્યુઆરીએ આખા દેશમાં સ્વાતંત્ર્ય દિન ઉજવાયો. બ્રિટીશ રાજઅમલમાંથી મુક્તિ મેળવવાની પ્રતિજ્ઞાઓ ઉચ્ચારવામાં આવી. ૧૨મી માર્ચે ગાંધીજીએ દાંડીકૂચ આરંભી અને છઠ્ઠી એપ્રીલે આખા દેશમાં મીઠાના કાયદાનો ભંગ થયો. જગતના ઇતિહાસમાં અજોડ કહી શકાય એવી આ અહિંસક ક્રાંતિ હતી અને ભારતના છેક છેવાડા સુધી વિસ્તરી હતી. ૧૯૩૧ના માર્ચમાં ગાંધી-અર્વિન કરાર થયા ને તેના અનુસંધાનમાં ગાંધીજી ગોળમેજી પરિષદમાં ગયા. અહીંથી તેઓ ખાલી હાથે પાછા આવ્યા. ગાંધીજી આવતા મગરૂર સરકારે કેદ કરી લીધા. ૧૯૩૪ના એ સુધી સત્યાગ્રહ ચાલુ રહ્યો. ગાંધીજીએ કોમી ચુકાદા અને હરિજન પ્રવૃત્તિ અંગે ઉપવાસ કર્યા ને આ બાદ એમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. સત્યાગ્રહ મોકૂફ રહ્યો અને ફરીને ધારાસભાની પ્રવૃત્તિ શરૂ થઈ. ૧૯૩૪માં ગાંધીજી ઔપચારિક રીતે કોંગ્રેસમાંથી નિવૃત્ત થયા પણ એ પછીયે સાચા નેતા તરીકે તો તેઓ જ રહ્યા.

પ્રાંતિક સ્વરાજ્ય

૧૯૩૫ના કાયદા અનુસાર અગિયાર પ્રાંતોમાંથી આઠમાં કોંગ્રેસે ઝંપલાવ્યું અને પંજાબ, બંગાળ અને સિંધ સિવાયના બાકીના આઠ પ્રાંતોમાં કોંગ્રેસ પ્રધાનમંડળો જરૂરી સુધારાનો અમલ કરી રહ્યાં હતાં. પણ ત્યાં ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. કોંગ્રેસે સાચી સત્તા મળે તો જ યુદ્ધમાં સાથ આપવાની જાહેરાત કરી. આ મુદ્દા પર અથડામણ થઈ. કોંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહ થયો. આ દરમ્યાન મુસ્લીમ લીગને કોંગ્રેસ સામે બરાબર ગોઠવી દેવામાં આવી હતી અને એનું વલણ સવિશેષ વિરોધી બની રહ્યું હતું. વિશ્વયુદ્ધ ઉગ્ર બનતાં બ્રિટીશ સરકારને ભારતને સમજાવી લેવાની જરૂર લાગી. ૧૯૪૨માં સર સ્ટેફર્ડ ક્રિપ્સ યોજના દરખાસ્તો લઈને આવ્યા. કોંગ્રેસે એનો અસ્વીકાર કર્યો.

બ્રિટીશ વડા પ્રધાન ચર્ચિલનું વલણ સામ્રાજ્યવાદી હતું એટલે એ બાબત પરની પોતાની પક્કડ ઢીલી કરવા ઇચ્છતા નહોતા. આમાંથી ૧૯૪૨ની ઓગસ્ટ ક્રાંતિનો જન્મ થયો. 'કરેંગે યા મરેંગે'ના નારાથી દેશનું વાતાવરણ ગાજી ઊઠ્યું. ભારતીય જનતા પર ગાંધીજી અને કોંગ્રેસનો કેટલો પ્રભાવ છે એ આ વખતે જાણી શકાયું. આ સમય દરમ્યાન સુભાષબાબુના નેતૃત્વ નીચે 'આઝાદ હિંદ ફોજ'ની પ્રવૃત્તિ શરૂ થઈ હતી પણ દેશમાં તો કોંગ્રેસ અને ગાંધીજી જ કેન્દ્રસ્થાને હતા. દેશમાં ચાલતા દમનકાંડ અને સરકારી જુઠાણા સામે ૧૯૪૩ના ફેબ્રુઆરીમાં ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યા અને છેવટે એમની નાદુરસ્ત તબિયતને લીધે એમને ૧૯૪૪માં મુક્ત કરવામાં આવ્યા. લડાઈમાં મિત્ર રાજ્યો છતમાં આવ્યાં અને ભારતને સ્વતંત્રતા આપવાની વાત ફરીને વાતાવરણમાં વ્યાપી ગઈ. ૧૯૪૪ના ઓગસ્ટમાં ગાંધી-ઝીણા વચ્ચે નિષ્ફળ મંત્રણા થઈ. હિંદના વાઇસરોય તરીકે લોર્ડ લિનલિથગોને સ્થાને લોર્ડ વેવલ આવ્યા અને ૧૯૪૫ના જુનમાં કોંગ્રેસ કારોબારીના સભ્યોને મુક્ત કરવામાં આવ્યા. બ્રિટીશ પ્રધાનમંડળના ત્રણ સભ્યો યોજના દરખાસ્તો લઈને દેશ નેતાઓ સાથે વાટાઘાટ કરવા માટે આવ્યા.

પ્રધાન ત્રિપુટીની યોજના કોંગ્રેસે સ્વીકારી નહિ પણ તે પછી એવા બનાવો બનતા રહ્યા કે કોંગ્રેસે વધુ આ પાર કે પેલ પારનો નિર્ણય લેવો પડે. બ્રિટીશ સરકાર હિંદ છોડી જવા તત્પર હતી. પાકિસ્તાન કે અરાજકતા એ વચ્ચે પસંદગી કરવાની હતી. ઝીણાની પ્રેરણાથી દેશમાં કોમી તોફાનો ફાટી નીકળ્યાં હતાં. ગાંધીજીને ભાગલા થાય એ મંજૂર નહોતું પણ તેઓ પોતાનો વિચાર ચલાવવા પણ પામતા નહોતા. આવી પરિસ્થિતિમાં પાકિસ્તાનનો છેવટે સ્વીકાર કરાયો. અલબત્ત, ઝીણાની માગણી અનુસાર એને મળ્યું નહિ. અને પંજાબ બંગાળના ભાગલા થયા, સરહદમાં લોકમત લેવાયો, આસામનો એક જીલ્લો લોકમતથી એને મળ્યો. ૧૯૪૭ના ઓગસ્ટની પંદરમી તારીખે કોંગ્રેસનું સ્વરાજ પ્રાપ્તિનું ધ્યેય પૂર્ણ થયું.

સ્વાતંત્ર્ય પછી કોંગ્રેસને શિરે નવી જવાબદારી આવી, પ્રાંતોમાં તો કોંગ્રેસ સ્વાતંત્ર્ય પહેલાં જ સત્તા સ્વીકારેલી હતી. બંધારણ ઘડવા માટે લોકપ્રતિનિધિ-સભામાં પણ કોંગ્રેસ અતિવિશાળ બહુમતી સાથે દાખલ થયેલી હતી. બંધારણ સભાને જ ધારા સભાનું રૂપ અપાયું હતું. સ્વતંત્ર

શુભ પ્રસંગો માટે ભેટ!
સ્ત્રીઓ અને પુરૂષો માટે
ઘડીયાળ!
૧૭, ૨૧ અને ૨૫ જ્વેલનાં
ઓટોમેટીક હેલ્વેટ.
- રોમર
- શેફરી
- લેડો
- રૂસર
વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરૂષોના શર્ટ સુટ, પાયજામા વિ. તેમજ બાળકોનાં કપડાં.
હોલસેલ ભાવે મળશે
બોક્સ ૫૯૮૮, ફોન: ૮૩૫-૨૬૦૧.
વલ્લભભાઈ બી. પટેલની કું.
૪૪, મારકેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ભારતની સત્તા કોંગ્રેસના જ હાથમાં સોંપવામાં આવી હતી. પાકીસ્તાનમાં એવી સ્થિતિ મુસ્લિમ લીગની હતી.

સ્વાતંત્ર્ય પહેલા કોંગ્રેસ લડાયક સંસ્થા હતી તેનું ધ્યેય પૂર્ણ સ્વરાજનું હતું. સ્વાતંત્ર્ય પછી દેશને આબાદ કરવા માટે કોઈક પ્રકારની અર્થનીતિ અને સમાજ વ્યવસ્થા વિશે વિચારવાનો પ્રશ્ન ઉઠ્યો ગયો. કોંગ્રેસ લડાયક સંસ્થા હતી ત્યારે આઝાદી ઝુંબેશના વિવિધ વર્ગો તેમાં સામેલ હતા. ભાવિ સમાજરચના વિશે ભિન્ન ભિન્ન વિચારો છતાં તેઓ એક ધ્યેય ઉપર એકત્રિત થયા હતા. ગાંધીજીનું અસામાન્ય વ્યક્તિત્વ, કાર્યકુશળતા અને પ્રેમભાવના કોંગ્રેસનું સંગઠન જાળવવામાં મદદરૂપ હતાં.

દેશ સ્વતંત્ર થયો ત્યારે આચાર્ય કૃપાલાની કોંગ્રેસના પ્રમુખ હતા. કોંગ્રેસમાં ગાંધીજીના આગમન પછી એમનું જ સ્થાન સર્વોપરી રહેલું હતું. એ પછીના સ્થાનો શ્રી નહેરૂ અને સરદારનાં હતાં. પ્રમુખ ગમે તે હોય છતાં શ્રી નહેરૂ અને સરદારનું સ્થાન કોઈ લઇ શકે નહિ. સ્વરાજ્યપ્રાપ્તિ પછી મોટા ભાગના નેતાઓ સરકારમાં ગયા. કોંગ્રેસના પ્રમુખપદનું મહત્ત્વ પણ ઘટી ગયું. એક કાળે કોંગ્રેસ પ્રમુખને 'રાષ્ટ્રપતિ'નું બિરૂદ અપાતું હતું પ્રજાસત્તાક થતાં એ બિરૂદ ભારત સંઘના ચુંટાયેલા પ્રમુખને પ્રાપ્ત થયું. કોંગ્રેસના બળો બે ભાગ પાડ્યા, એક સંગઠન અને બીજો સરકાર. આ બંને વચ્ચે મેળ રાખવા અને તે પરસ્પર સહાયક બને તેવું કરવા સ્વાતંત્ર્યના પહેલા દિવસથી આજ સુધી પ્રયત્નો ચાલે છે. આચાર્ય કૃપાલાની આ પ્રકારના પ્રમુખપદમાં સુખ સંતોષ લઇ શક્યા નહિ. પરિણામે તેમણે રાજીનામું આપ્યું. એ બાદ રાજેન્દ્રબાબુ પ્રમુખ થયા અને પછી ડૉ. પટ્ટાભી ચૂંટાયા. એમના સમયમાં રાજ્યોની પુનર્રચના અંગે શ્રી નહેરૂ, સરદાર અને પટ્ટાભીની બનેલી સમિતિએ અહેવાલ આપ્યો તે મજાના પાત્ર કાર્ય મનાય. એ પછી પ્રમુખની ચુંટણીમાં શ્રી ટંડનજી આવ્યા. એમને મતભેદ પડ્યા. શ્રી નહેરૂ પ્રમુખ બન્યા.

કોંગ્રેસનું સ્થાન આ દરમીયાન ગૌણ બન્યું હતું. કોંગ્રેસને દોરનાર રાષ્ટ્રપિતા ગાંધીજીની હત્યા ૧૯૪૮ના જાન્યુઆરીમાં થઇ. સમાજવાદી જુથના સભ્યો કોંગ્રેસ છોડી અને એમના સાથીઓ પણ કોંગ્રેસનો ત્યાગ કરી ગયા.

સરદાર વલ્લભભાઇ છેક ૧૯૩૪થી કોંગ્રેસના સંગઠનમાં મહત્ત્વનો ભાગ ભજવતા હતા. લોકદ્રષ્ટિએ શ્રી નહેરૂનું સ્થાન ઘણું ઉંચુ હતું પરંતુ આંતરિક સંગઠનમાં સરદારની ઇચ્છા ને યોજના વધુ પ્રમાણમાં અમલી બનતા હતા. એમના અવસાન પછી શ્રી નહેરૂ એક માત્ર નેતા રહ્યા હોય એવી સ્થિતિ પેદા થઇ.

કોંગ્રેસના શરૂઆતના ઠરાવો સ્વરાજ પ્રાપ્તિના કાર્યક્રમરૂપ હતા. સ્વાતંત્ર્ય પછીના ઠરાવો સરકારને માર્ગદર્શક અથવા તો તેના નિર્ણયને ટેકો આપનારા હતા. પરિસ્થિતિને અનુરૂપ થવા કોંગ્રેસના બંધારણમાં પણ વખતોવખત ફેરફાર કરવામા આવ્યા. ગાંધીજીએ છેલ્લા દિવસોમા કોંગ્રેસના વિસર્જનનું સૂચન કર્યું હતું. પરંતુ તે બીજા નેતાઓએ સ્વીકાર્યું નહોતું. કોંગ્રેસ માત્ર રાજકીય પક્ષ તરીકે રહી હતી નહિ અને આજે પણ છે નહિ. અનેક પ્રકારની રચનાત્મક પ્રવૃત્તિ કોંગ્રેસની છાયા નીચે શરૂ થઇ અને વિકસી. રાજ્ય અને કેન્દ્રમાં વહીવટ ચલાવવો ચુંટણી લડવી કોંગ્રેસ મહાસભા પક્ષ પર અંકુશ રાખવો વગેરે તો કોંગ્રેસ કરે જ છે ઉપરાંત લોકોની સીધી સેવા કરવા અને તેઓ સંપર્ક રાખવા પણ તત્પર રહે છે.

કોંગ્રેસને સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી સત્તા હાસલ કરી દેશને સંગઠીત કરવાનો અને સુસ્થિર રાજ્યવહીવટ આપવાનો હતો. કોંગ્રેસનો આજે પહેલા જેટલો પ્રભાવ નથી રહ્યો પણ એ સાથે એણે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ પણ જેવી તેવી નથી. નવા આઝાદ થયેલા ઘણા દેશોમા રાજકીય ઉથલપાથલો થઇ છે ત્યારે ભારતમાં સુસ્થિર શાસન વ્યવસ્થા અસ્તિત્વમાં આવી છે, એમાં ઘણો મોટો હિસ્સો કોંગ્રેસનો છે. આ ઉપરાંત, પંચવર્ષીય યોજનાઓ અને બીજા કાર્યો દ્વારા કોંગ્રેસની રાહબરી નીચે કેન્દ્ર તેમજ રાજ્યોની સરકારોએ દેશમાં કલ્યાણ રાજ્યની અને સમાજવાદી સ્વરૂપની સમાજરચના કરવાનો નિરધાર કર્યો છે અને એને પાર પાડવા માટેનો પ્રયાસ થઇ રહ્યો છે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પહેલાં વિદેશી સરકાર સામે લડીને સ્વરાજ પ્રાપ્ત કરવાનું મુખ્ય કામ હતું અને એ મુખ્ય ધ્યેયની નીચે પરસ્પર વિરોધી વિચારસરણી ધરાવનારા પણ એક સાથે રહી શકતા. આજે તો દેશની નવરચના કરવાનું કામ કરવાનું છે અને એટલે એના માર્ગ વિશે સામાજિક મતભેદો હોવાનો પૂરો અવકાશ છે. આ બધું છતાં યે કોંગ્રેસ દેશના કલ્યાણ કાર્યમાં મહત્ત્વની સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહી છે એ નિઃશંક છે.

કોંગ્રેસનો ૭૫ વર્ષનો ઇતિહાસ એ અનેક ભારતી પ્રજાની આકાંક્ષાઓનો તેમજ એ આકાંક્ષાઓને મળી રહેલા મૂર્ત સ્વરૂપનો ઇતિહાસ છે.

ગોરાઓએ શરમથી માથું નમાવવું જોઇએ

(પહેલા પાનાનું અનુસંધાન)

આવવામાં ટીકા કરી છે. અને કેળવણીના ખર્ચમાં જે તફાવત છે તેની પણ સખત ભાષામાં ટીકા કરી છે. અમલનું ગોરાઓ જાણે છે કે સરકારના મનમાં શું છે! એક બાજુએ સરકાર આ હિંદીઓને બીન-જવાબદાર કહે છે અને બીજી બાજુએ તેઓને જવાબદાર થવા દેતી નથી. કેળવણી વગર તેઓ જવાબદાર કેવી રીતે બની શકે? સરકારની નીતિ એવી છૂટ છે કે તે બીન-ગોરાઓને ઉચ્ચ કેળવણી લેવા દેવા માંગતી નથી. તે બધાને અંધારામાં રાખવા માંગે છે. તે પાપ તે પહેલાં દરેક ગોરાઓએ શરમથી માથું નમાવવું જોઇએ.

આત્મા શું છે!
સુખ દુઃખો શું છે!

(૬૬ પાનાનું અનુસંધાન)

(૬) પ્રશ્ન: આ જન્મમાં અધુરી રહેલી આકાંક્ષાઓ પુરી કરવાની વૃત્તિ બીજા જન્મમાં રહે કે નહીં।

ઉત્તર: અવશ્ય રહે, જન્માંતરનું મુખ્ય કારણ જ અધુરી રહેલી આકાંક્ષાઓ. પુરી 'કરતી' વખતે' અનાસક્તિ જળવાય તો ફરી ફરી જન્મો ધરવા ન પડે. જેમ ભરત ચક્રવર્તી 'અને જનક વિદેહી જેવાઓ માટે રાજ્યભોગ વિલાસ એ માત્ર આકાંક્ષાઓને અનાસક્તિ પૂર્વક પુરી કરવા માટે જ હતા તેમ '

નહેરૂના દર્શનની ઇચ્છા પુરી થઇ

સુરેન્દ્રનગર: વડા પ્રધાન શ્રી નહેરૂ જ્યારે સભા સ્થળે મંચ ઉપર જતા હતા તે સમયે લીંબડી પાસેના સીમાડી ગામના ૭૫ વર્ષના વૃદ્ધા મંગળબેન ત્યાં પહોંચી ગયા હતા અને શ્રી નહેરૂને પગે લાગ્યા હતા. તેમણે શ્રી નહેરૂને કહ્યુ કે "આજે આપના દર્શનની ઇચ્છા પુરી થઇ." તેમણે તેમની પૌત્રીને શ્રી નહેરૂના દર્શન કરાવ્યા હતા. શ્રી નહેરૂએ મંગળબેનના પૌત્રીને કહ્યું કે "મારી પાસે તને કંઇ આપવા જેવું નથી." એમ કહીને તેમણે કોટમાં ખોસેલું સફેદ ફુલ કાઢીને આપ્યું હતું. મંગળબેને એ ફુલને છાતી સાથે લગાડીને, માથે ચડાવીને શ્રી નહેરૂને કહ્યું કે "તમારા સ્મૃતિરૂપ આ ફુલને હું સાચવી રાખીશ."

બુકકીપીંગ, ઇન્કમ ટેક્સ રીટર્ન્સ, બેલેન્સશીટ, રેવન્યુ ક્લીયરન્સ અને ઇનસ્યોરન્સ માટે મળો:

આર. વીઠ્ઠલ
૧૨ માર્કેટ આર્કેડ, ૨૮ માર્કેટ સ્ટ્રીટ,
ડોરનર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ,
જોહાનીસબર્ગ, ફોન ૩૩-૬૬૫૪.

ઘરમાં ફ્રેમ બનાવી ટકાવવા લાયક સુવાચ્ય "મનને બોધ" સ્વ. કીશોરલાલ મશરૂવાળા કૃત. સુંદર જાડા કાગળ પર બે રંગમાં છપાયું છે. કિંમત શી. ૧-૦ પોસ્ટેજ ૩ પેની.

'Indian Opinion'
P. Bag, Durban, Natal.

ખાસ દરખાસ્ત: હિંદની આગરબત્તી
(વહાણમાં આવેલો તાજો માલ)

ક્રિસમસ અને નવા વરસ માટે આવેલો તાજો માલ અમે સાદર આપના સમક્ષ રજુ કરીએ છીએ.

અગરબત્તી-ડેરમોઇડ-પ્લાસ્ટીક, સિલ્વર ગોલ્ડ અને ચાંદીની બંગડીઓ. નવીન ઘરેણાં અને સાચાની માળા. ટીકડીઓ, ડાયમેન્ડીસ અને લાલ. મુરાદાબાદી વાસણો અને ફેન્સી ગુડ્સ.

દુકાન અને હોટલો માટે અમે ખાસ માલ રાખીએ છીએ અને ખાસ ધ્યાન પણ આપીએ છીએ. જ્યારે જ્યારે આવતે વખતે ડરબન આવો ત્યારે અમારી મુલાકાત લ્યો.

એ. કે. હુસેન એન્ડ સન્સ
ડાયરેક્ટ ઇમ્પોર્ટર્સ અને હોલસેલ મરચન્ટ્સ
૧૧૨ ક્વીન સ્ટ્રીટ, — (હુસેન્સ બીલ્ડીંગ) — ફ્રેન્ચ સ્કવેર — ડરબન.
અમારૂં પ્રાઇસ લીસ્ટ મંગાવો

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

નાના બાળકોના નાયલન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, ફ્રોક્સ બાબાસૂટ અને પુરુષો માટે ઉત્તમ નવીન ગુણ વર્ક, પુલોવર, કાર્ડીગન્સ અને બચ્ચાઓ માટે—સુઇટ, બ્લોઝ, સ્વેટર્સ, લોરા, નેપકીન્સ વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા ભલામણ.
૩૩ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન: ૮૩૫-૬૯૮૬ — બોકસ ૬૫૪૬.

હિંદના સમાચારો

તા. ૭-૩-૧૯૬૧.

વિજ્ઞાન માનવીના દુઃખદર્દોનો અંત આણે : ડૉ. રાજેન્દ્રપ્રસાદ

રૂરકી : ભારતીય વિજ્ઞાન કોંગ્રેસના ૪૮મા અધિવેશનની ઉદ્ઘાટનવિધિ કરતાં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે એવી આશા વ્યક્ત કરી હતી કે દુનીયામાંથી અજ્ઞાન અને દુઃખદર્દના ઓળા દૂર કરી નાખીને વિજ્ઞાન માનવજાતની સેવા કરવાનું ચાલુ રાખશે અને એવી ઇચ્છા રાખી હતી કે વિજ્ઞાનની શોધો તમામ માનવીઓ માટે ભરપૂર આશિર્વાદ રૂપ રહેશે.

વિજ્ઞાન જરૂરીયાત પર વિજય મેળવીને માનવજાતનાનો અંત આણે એવી અપેક્ષા દુનીયા વિજ્ઞાન પાસે રાખે છે. આપણે આશા રાખીએ કે માનવીએ પ્રાપ્ત કરેલા નવા જ્ઞાનને પરિણામે સ્વર્ગનું રાજ્ય પૃથ્વી પર ઉતરે. માનવજાત પર યુદ્ધના ભયાનક શસ્ત્રોની છાયા ઊંડી છાપ પાડી છે. સ્વયંસંચાલિત શસ્ત્રો અને અણુ તથા હાઇડ્રોજન બોમ્બોની શોધથી માનવજાત સ્તબ્ધ બની ગઇ છે. આ શસ્ત્રોની સંહારશક્તિને નિરંકુશ છે ત્યાં સુધી આ શસ્ત્રો માનવજાતને હંમેશ અધ્ધરતાલ રાખવા એટલા સમર્થ છે. પરંતુ એ શોધોની શક્યતાઓનો બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો સમગ્ર માનવજાત માટે તે સ્વર્ગ સર્જી શકે તેમ છે.

દાલમીયાની અપીલ રદ

નવી દિલ્હી : પંજાબ હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી જી. ડી. ખોસલાએ રામકૃષ્ણ દાલમીયાં, જી. એલ. ચોખાણી, આર. પી. ગુપ્તા અને વિષ્ણુપ્રસાદે કરેલી અપીલ કાઢી નાખી છે. દાલમીયાને બે વર્ષ સાદી કેદની અને ચોખાનીને બે વર્ષ સખત કેદની, ગુપ્તાને ૭ માસ સખત કેદની અને વિષ્ણુપ્રસાદને રૂા ૧૦૦૦ના દંડની સજા સેશન્સ કોર્ટમાં થઇ હતી, તેની સામે આ અપીલ કરવામાં આવી હતી. તેમને અપીલ કરવાની મંજૂરી મુખ્ય ન્યાયાધીશે આપી નથી.

મુંબઇમાં છનાં મરણ

મુંબઇ : હાલમાં મુંબઇ શહેરમાં સખત ઠંડી પડી રહી છે અને ફુટપાથ ઉપર રહેનારાઓ આ ઠંડીનો કડવો અનુભવ કરી રહ્યા છે. ફુટપાથ ઉપર રહેનારાઓમાંથી ૭ સખ્શોની લાશો પોલીસને હાથ લાગી હતી. આમાંથી બે લાશો સ્ટેશન રોડ અને ભાટીની ગલી, નાગપાડા, ભાયખળા, કાબા ચોકી અને કોલાબા વિસ્તારમાંથી મળી હતી. તેઓનાં નામોનો પત્તો લાગ્યો ન હતો.

ત્રીજી યોજનામાં ઉતારૂઓને અપાતી સગવડો વધશે

સિમલા : કેન્દ્રના નાયબ રેલવે પ્રધાન શ્રી એસ. વી. રામસ્વામીએ કહ્યું કે મુસાફરી કરનારી જનતાની ભારે મુશ્કેલીઓ અને હાડમારીઓ ભારત સરકારના ધ્યાનમાં છે. પરિણામે, ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન રેલવે ઉતારૂઓ માટેની સગવડોમાં વધારો કરવામાં આવશે તેમણે ઉમેર્યું, ભારતમાં મળેલ પેસેન્જર ટ્રાફિકને માટે નિકાલ ગળશે. પણ મળી શકે એમ છે.

શ્રી રામસ્વામીએ કહ્યું કે દેશમાં જ્યારે મહત્વની વિકાસ-યોજનાઓ હાથ ધરાઇ રહી છે ત્યારે માલસામાનની હેરફેરને પેસેન્જર ટ્રાફીક કરતા વિશેષ અગ્રપદ મળે એ આવશ્યક છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રેલવે અને ખટારા વ્યવહાર વચ્ચે કોઇ સંઘર્ષ નથી, કેમકે રેલવેની ભારવાહક શક્તિ મર્યાદિત છે અને વધારાની માંગને બીજાં સાધનો દ્વારા પૂરી કરવી જ રહી.

સામ્યવાદી કાર્યકર પર હુમલો

કરીમગંજ : આસામની વિધાન સભાના સભ્ય શ્રી ગોપેશચંદ્ર નામશુદ્ર પર કેટલાક ગુંડાઓએ હુમલો કરતાં તેમને ગંભીર ઇજા થઇ હતી. આ બનાવ પથારકાંદીમાં બન્યો હતો.

શ્રી નામશુદ્ર આદિવાસીઓને મકાન બાંધવા માટે લોકનાં નાણાં વહેંચીને પોતાને ઘેર પાછા ફરતા હતા ત્યારે તેમના પર તીક્ષ્ણ હથીયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો. તેમને તરત જ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

શાંતા આપ્ટેએ રાષ્ટ્રગીત અવગણ્યું અને નહેરૂએ ઝીલ્યું

મુંબઇ : વડા પ્રધાન શ્રી નહેરૂએ ગોરેગાંવમાં નવી હાઉસીંગ કોલોની મોતીલાલનગરની કરેલી ઉદ્ઘાટનવિધિ વખતે અચાનક એક રસપ્રદ ઘટના બની ગઇ. વાત એમ બની કે સુપ્રસિદ્ધ અભિનેત્રી શાંતા આપ્ટે સમારંભના અંતમાં 'જન ગણ મન'નું રાષ્ટ્રગીત એકલી ગાવાની હતી. પરંતુ અચાનક એ ગીત શ્રી નહેરૂએ ઝીલવા માંડતાં સમારંભમાં હાજર રહેલા સ્ત્રીઓ ને બાળકોએ પણ એમાં સાથ પુરાવીને સમૂહગીત જ બનાવી દીધું. શાંતા આપ્ટે એકલાં ગાવા ગયાં પરંતુ સમયસર ચેતી જઇને સમૂહગાન અવગણવાની પોતાની ફરજ બરાબર અદા કરી દીધી. એ પૂરું થયા પછી શ્રી નહેરૂએ શાંતા આપ્ટેને અભિનંદન આપતાં કહ્યું કે આ દેશમાં સમૂહગાનની કળા વિકસી નથી એ જોતાં તમે એ માટે બજાવેલો ભાગ પ્રશંસા પાત્ર છે.

શ્રી ઘોષનું અવસાન

કલકત્તા : કેન્દ્રના પોલાદ, ખાણો અને બળતણ ખાતાના તેલ અને કુદરતી ગેસ પંચના સભ્ય શ્રી જ્યોતીન એમ. એન. ઘોષનું હૃદય રોગના હુમલાથી અવસાન નીપજ્યું હતું. તેમની ઉંમર ૫૭ વર્ષની હતી.

પલારમાં ૩૦૦૦નાં કાપડની જંગી ચોરી

સુરત : જલાલપુર તાલુકાના પલાર ગામના કાપડના વેપારી શ્રી રામભાઇ મહેશ્વરભાઇની દુકાનમાંથી રૂપીયા ૩૦૦૦ની કિંમતના સાડી, ધોતિયાં, પોપલીન વગેરે પ્રકારના કાપડની કોઇ ચોરી કરી ગયાનું જણાય છે. આ અંગે જલાલપુર પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

ભોપાળના મરહુમ નવાબના જંગી વારસા માટે ઝઘડો

નવી દિલ્હી : ભોપાળના મર્હૂમ નવાબના વારસદારની પસંદગી થઇ ગઇ છે એટલે મર્હૂમ નવાબ જે જંગી મિલકત મુકતા ગયા છે તેને કઇ પ્રકારે હાથ ધરવામાં આવશે તે એક રસપ્રદ બાબત બની ગઇ છે.

આ મિલકત રૂા. ૨ કરોડ ૬૦ લાખની હોવાનો સત્તાવાર અંદાજ નીકળ્યો છે. તેમાંથી લગભગ રૂા. એક કરોડ હિંદમાં અને રૂા. ૬૮ લાખ પાકિસ્તાનમાં આવ્યા છે. ૧૯૪૭માં ભારતના ભાગલા પડ્યા ત્યારે પાકિસ્તાનમાં ઉપર મુજબનું રોકાણ કરવામાં આવ્યું હતું.

મર્હૂમ નવાબ પોતાનું વીલ છોડ્યા વિના ગુજરી ગયા છે એમ કહેવાય છે અને તેમાં પોતાની મિલકત પોતાના કુટુંબના સભ્યોને વહેંચી ગયા છે.

કેન્દ્ર સરકાર આ બાબતનો બધી બાજુથી વિચાર કરી રહી છે અને તે અંગે તે સત્વરે નિર્ણય કરે એવો સંભવ છે.

મર્હૂમ નવાબના વારસદાર તરીકે પસંદ થયેલા પટોદીના બેગમ માટે સરકારે રૂા. ૬૧ લાખ ૭૦ હજારનું સાલિયાણું નક્કી કર્યું છે. જ્યારે મર્હૂમ નવાબને રૂા. ૧૧ લાખનું સાલિયાણું મળતું હતું. એવી દરખાસ્ત કરવામાં આવી છે કે આમાંથી પટોદીના બેગમને રૂા. ૫ લાખ મળશે. બાકીની રકમમાંથી સરકારે ભોપાળની બે બેગમો અને નવાબની નાની પુત્રીને વહેંચણી કરી આપી છે. જુના બેગમને દર વર્ષે રૂા ૮૦,૦૦૦, નવા બેગમને રૂા ૫૦,૦૦૦ અને નાની પુત્રીને રૂા. ૪૦,૦૦૦ મળશે.

બી-આઇ

મુંબઇ કરાંચી અને ઇસ્ટ આફ્રિકાના બંદરો વચ્ચે મુસાફરી કરે છે.

સ્ટીમર કંપાલા ડર્બનમાં એપ્રીલ ૧૯૬૧માં આવશે અને ૧૨મી એપ્રીલ ૧૯૬૧ના ઉપડશે.

મુંબઇ અથવા કરાચીનું ભાડું.
ખોરાક સાથે

ફર્સ્ટ કલાસ	પા. ૧૧૭-૧૫-૦
સેકન્ડ કલાસ	પા. ૭૮-૧૦-૦
થર્ડ કલાસ ખોરાક સાથે	પા. ૩૯-૧૫-૦
થર્ડ કલાસ ખોરાક વગર	પા. ૩૮-૧૦-૦

વધુ માહિતી માટે મળો યા લખો:

શેખ હિમેદ ઍન્ડ સન્સ
(પીટી લીમીટેડ.)
૩૯૦ પાઇન સ્ટ્રીટ,—ડરબન.
ટેલીફોન: ૨૦૪૩૨ — ટેલીગ્રાફીક એડ્રેસ "કરામત."

સમાજિક ખબરો

શ્રી સુરત હીંદુ એજ્યુકેશનલ સોસાયટી

ઉપયુક્ત સંસ્થાની વાર્ષિક જનરલ મીટીંગ તા. ૨૧-૨-૧૯૬૧ના રોજ શ્રી ગોવનભાઈ મણિભાઈના પ્રમુખપદે શ્રી સુરત હિંદુ એસોસીએશનના સભાખંડમાં પ્રમુખસ્થાનેથી બેઠી મળી હતી.

મંત્રીશ્રી લલુભાઈ બી. પટેલે વાર્ષિક રીપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. તેમજ શ્રી ગોપાળભાઈ ભીખાભાઈએ આવકજાવકનો રીપોર્ટ રજૂ કર્યો હતો. તેમજ ગુજરાતી શાળાના પ્રીન્સીપાલ શ્રી નારણદાસ દયાળજીનો રીપોર્ટ રજુ થયો. ઉપયુક્ત સઘળા રીપોર્ટો સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યા બાદ નીચે મુજબ નવા અધિકારીઓની વરણી થઈ હતી.

પ્રમુખ: શ્રી લલુભાઈ બી. પટેલ, ઉપ-પ્રમુખો: છ. સી. કુપેટન, ડી પ્રાણજીવન, મંત્રી: વિઠ્ઠલદાસ ડી. મકન, ગોલીત, સહ-મંત્રી: નગીનભાઈ મકન; કોષાધ્યક્ષ: છગનલાલ છબાભાઈ; ઓડિટર: છગનલાલ એન. છબાભાઈ; પ્રીન્સીપાલ અને આચાર્ય: શ્રી નારણદાસ દયાળજી.

મેનેજમેન્ટ કમીટી:

(૧) શ્રી ગોવનભાઈ મણિભાઈ (૨) દેવાભાઈ ગોપાળ (૩) શ્રી ડી. પટેલ (૪) વનમાળીભાઈ ગોસાઈ (૫) કેશવ ભાણાભાઈ (૬) ગોપાળ ભીખાભાઈ (૭) જમનાદાસ ડી. ગુલાબ (૮) છગનલાલ કે મીસ્ત્રી (૯) નગીનભાઈ પી. દરગોપન (૧૦) છગનભાઈ નાના (૧૧) નરસિંહભાઈ જીવન (૧૨) રામલાલ નાગુભાઈ (૧૩) મનુભાઈ રણછોડ (૧૪) ભીખાભાઈ પરસોત્તમ (૧૫) શ્રી છ. પટેલ.

અંતમાં સભા વર્ષના નિરંતર થતા કાર્યકર્તાઓએ અર્પેલ સેવાનો આભાર પ્રદર્શિત થતાં શાન્તિપાઠથી સભા બરખાસ્ત થઈ હતી.

૧૨૭ બીલીયા રોડ, ડરબન.
તા. ૨-૩-૧૯૬૧

સાભાર સ્વીકાર:

છોટુભાઈ ગોવિંદજી પટેલ
જો'બર્ગ ૧-૧-૦

નરસિંહભાઈ મોરારભાઈના પુત્રના
લગ્ન પ્રસંગે પ્રીટોરીયા ૧-૧-૦
ગીબ્સ એન્ડ ફેમીલી રીયુનીયન ૧૦-૬
રામદાસ એમ. ભાણાના પુત્રીના
લગ્ન પ્રસંગે જો'બર્ગ ૧-૧-૦
ડુલભભાઈ મકનના પુત્રના
લગ્ન પ્રસંગે, ૧-૧-૦
શ્રી રતનજી ભીખાના પુત્રના
લગ્ન પ્રસંગે પીટર્સબર્ગ ૧-૧-૦
ગોવિંદભાઈ નાગુભાઈ
પ્રીટોરીયા ૨-૨-૦
લેડીયા એન્ડ સન્સ ડરબન ૧-૧-૦
રતીલાલ બી. ભાણા
લોરેન્સો માર્કીસ ૧-૧-૦
અરજન હીરજી „ ૧૦-૦

બોર્ડર્સ ટ્રીટમેન્ટ માટે ભેટ

નુવેલ સીટી ટેલર્સ પ્રીટોરીયા ૧૦-૬
આર ગુલાબ „ ૧-૧-૦
સી. કાના „ ૧૦-૬
છ. જીવા „ ૧૦-૬
આર લાલા „ ૧૦-૬
પી. લાલા ક્રાઉડબાર્ન ૧-૧-૦
પી. દયાળ નાઈજલ ૧૦-૬
મોતીલ બજાર „ ૧-૧-૦
એમ. પી. ભગત જેકસન ૧૦-૬
એલ. તેજશ સ્પ્રીંગ્સ ૧૦-૬

સસ્તા સુકા મરચાં

સસ્તા સુકા મરચાં અને ક્રાયની પીસેલી મસાલેદાર લાલ મરચાં બજાર ભાવે હંમેશા અમારે ત્યાં મળશે, અને ૨૫/- રતલ પોકેટ સુકું લસણ રતલના ૬ સેન્ટ

તેમજ સાંભા છાપાના માલિકોના ખાસ ફરમાના ૨।। રેન્ડ.

ઓરડર આપો નીચે:

Moormans (Pty.) Ltd.
P. O. Box 26, Phone 128
(Brits, Transvaal.)

નવા પુસ્તકોની યાદી

સંસારિયાને ક્રાંધડે શી. ૬-૦
કોઇ ગોરા કોઈ કાળા શી. ૭-૦
આ ઓફીસેથી મળશે

લગ્ન પ્રસંગો માટે
અમને મળો.
સુરતી જમણના અને સ્પેશ્યાલીસ્ટ કીઓ.
શ્રી કેપીટનની અંગત દેખરેખ નીચે મુસ્લીમના અને રોડેસીઆના કોઈ પણ ખાણાં તમારે પ્રસંગે આવી રસોઈ કરાવો અને આનંદ કરીશું.
કેપીટન્સ બાલ્કની હોટેલ
(ધી કોર્નર મીઠાઈ હાઉસ)
ગ્રે અને વિક્ટોરીયા સ્ટ્રીટના ખુણાપર – ડરબન.
ફોન નંબર ૨૭૪૧૪ ટેલીગ્રામ: KAPITAN.

આદુ, લસણ અનતર ભાવ, નારીએળ . . ૧ શી. ૧-૦૬
બેગ (નંગ ૧૦૦) શી. ૯૦-૦.
દુકાન દાર માટે બાંધવાના ન્યુઝપેપર બજાર ભાવ,
ખરાટા, ટુવરી (લાંબા), સુકા લાલ મરચાં, ગુમલા, સુકા ઝીંગા (છાલા), સોનેરી રંગો શાક, દરેક જાતના મરી મસાલા વિગેરે હંમેશા સ્ટોકમાં રાખીએ છે. કપુરી અને બીજી પાન બજાર ભાવ, પેરાફીન વગેરે
સુરણ, રતાળુ, આંબા અને બીજી ફળફળાદીની મોસમ ચાલુ છે.
રોડેશીયા, ન્યાસાલેન્ડ અને બેચુઆનલેન્ડ ઓર્ડરો ઉપર ખાસ ધ્યાન આપી કોઈ પણ માલ પરમીટ આવી મોકલશું.
All prices subject to Market fluctuations.
A. KADER & Co., (PTY) LTD.
WHOLESALE FRUIT MERCHANTS
P. O. Box 251, DURBAN.

ધીરૂભાઈ પી. નાયક
બુકકીપર, મુસાફરી, વીમાની અને અનેરા એજન્ટ
હીંદુસ્તાન અગર દુનીયાના કોઈ પણ ભાગની હવાઈ દરિયાઈ અગર જમીન માર્ગે મુસાફરી કરવા પેસેજ અમારી મારફતે બુક કરો
ઇંગ્લેંડ, આમ, મારી, હુબલ, અમદાવાદ, પોરબંદર, વિગેરેના નીચા ભાવે
ટિકિટો આપીએ છીએ.
ઈન્કમટેક્સ, પરસનલ ટેક્સ, હિસાબના ચોપડા લખાવવા રેન્ટ એક્ટ્સ કોર્ટ પાસપોર્ટ તેમજ ઇમીગ્રેશનને લગતી બાબતોમાં કંઈ પણ ફી લીધા વિના મફત સલાહ આપીએ છીએ.
નેશનલ મ્યુચ્યુઅલ લાઈફ એસોસીએશન ઓફ ઓસ્ટ્રેલીયા અને ચેર્ટરહાઉસ ઇન્સ્યુરન્સ કંપની લીમીટેડના પ્રતિનિધિ
Office:
9 Barkly Arcade,
36 Market Street,
Phone: 339033,
Johannesburg.
Residence:
52 Patidar Mansion,
13 Kort Street,
Phone: 330816,
Johannesburg.

ગુજરાતી રેકોર્ડો
Public Finance And our Poverty—J. C. Kumarappa	25c
What Is Wrong With Indian Economic Life —D. V. K. & V. Rao	30c
Christianity Its Economy And Way Of Life —J. C. Kumarappa	23c

Obtainable from:
"INDIAN OPINION,"
P. Bag, Durban, Natal

fifty years ago...

March 1911

SLAVERY IN NATAL

SOME UNPLEASANT FACTS

(From The Indian Opinion, March 18, 1911)

WRITING to the "Times of Natal", Mr. Polak on the 24th ulto., said—

Sir,—There are many of us who know and agree with Mrs. Maye's condemnation of the indenture system whether in Natal or elsewhere. It is a question of the ethical point of view. Your readers may be assured that the information in the possession of South African British Indian Committee is both full and well founded. On the question of the Protector's reports and their reassuring nature, it is exactly from them that much of the Committee's information is derived. For the rest they are as remarkable for what they conceal as for what they reveal.

The following letter appears in the 'Natal Witness' from the pen of Mr. Polak:—

Sir,—I trust that you will find room for enclosed reply to one or two statements made by you in your article of the 6th inst.

As you have said, the Indian Government have not acted precipitately. Natal and South Africa had ample warning of the proposed step. But Natal declined to accept the warning. The Indian Government have watched the manner in which European traders in this Province have deliberately sought to ruin their Indian competitors. They have observed that the suicide rate amongst indentured Indians is twice as high as amongst free Indians, and fourteen times as high as in India. They have seen how attempts have been made to deprive Indian children of higher education, and how only one-tenth of the Indian children of the Province receive any education at all. They have read the report of the Natal Education Commission, and observed how its recommendations regarding Indian children have been completely ignored. They have likewise read the report of the Natal Indian Immigration Commission, who regarded Indian labourers, apparently, as money-making machines for European employers. They have observed, too, the incidence of the £3 annual tax upon Indian males of 16 years and upon females of 13 years and upwards, as the price of freedom in a British Colony and have noted how on the admission of several of the principal employers of Indian labour, the effect of the tax has been to break up families, and drive men to crime and women to immorality, and how in spite of these admissions, the late Natal Parliament refused to exempt women and even girls from payment of this impost upon their chastity. They have watched the increase of the Colonial-born population, and have remarked that no steps whatever were being taken to raise it from a condition of squalor to one of self-dependence and self-respect. In the circumstances, the Government of India and Indian and Anglo-Indian Press can hardly be convicted of "prejudice" against Natal, nor can the Home Press be accused of ignorance when they are faced with the serious effect upon Indian public opinion of what has transpired in this Province. And this altogether apart from the happenings in the Transvaal.

When I was recently in India, in the course of an interview with one of the high-functionaries there, I was particularly questioned as to the state of affairs in Natal, independently of the Transvaal. In view of all these things, the Government of India have also thought it inadvisable that there should be no "unrestricted increase of the Indian population." I may add here that the South African Indian community has for years agreed as to this inadvisability. It was their European fellow-colonists who systematically swamped the country with Indians, for their own mercenary purposes. I entirely demur to your suggestion that there is no reason why indentures should not be made transmissible to India. You appear, sir, to regard the Indian labourers as chattels, and to suppose that they may be thrown aside, like worn-out machines, when their contracts have expired, but you entirely ignore the point of view of the Indian labourers. They don't regard twelve shillings a month under all the restraints of indenture, minor fines and non-payments for a variety of trifles, legal or otherwise as fair compensation in a country like Natal for the work they perform, nor did such a munificent reward enter into the calculation of the Indian authorities when they permitted their wards to indenture to places outside India. Their object was to enable them to develop freely in their new homes after expiry of these indentures.

The report of the recent departmental committee on Indian immigration, presided over by Lord Sanderson, which dealt with Crown Colonies only, recommended that, as a first principle "emigration under indenture for private employers should be permitted only to such Colonies as offer opportunity to time-expired immigrants to settle in an independent capacity on the land." And the committee urged the total abandonment of re-indenture. Applied to Natal, it is evident that, apart from any other reasons the non-fulfilment of the first condition would alone have sufficed to oblige the Indian Government to refuse to sanction further recruitment for this Province. But the South African Indian community object to the continuance of the system because of its servile nature and because the labourer is obliged, in the words of the committee, "to subject himself to more stringent control than that to which other citizens can be legally subordinated. So long as the coolie is with us, all Indians are liable to be legislated against such—vide the Transvaal.

In regard to the treatment of Indians in the sister Province, Natal cannot shirk her responsibility. If Natal chose to accept Union for its advantages, she cannot be permitted to escape from its concurrent unpleasantness, and Natal should not have closed her eyes whilst the Transvaal Indian population was being harried like a community of criminals. When Natal closes her labour sources to the Transvaal, as she will now be bound to do, the Transvaal, too, will begin to feel the pinch and this fact has not, you may believe, escaped the attention of Lord Hardinge and his advisers.

Books For Sale

Sixty Years After (Natesan)	15c
Public Finance	20c
Eminent Americans	75c
Bapu's Letters To Ashram Sisters —By Kaka Kalelkar	25c
Gandhi Techniques in the Modern World —By Pyarelal	15c
Why Prohibition—J. C. Kumarappa	40c
My Dear Child—Gandhiji	38c
My Religion—Gandhiji	30c
Story Of The Bible—S. K. George	85c
Key to Health—Gandhi	75c
At the Feet of Bapu—Chandrala	85c
Preparation For Science—R. B. Gregg	25c
Bapu My Mother—Manubehn	15c
Nature Cure	20c
Diet and Diet Reform—Gandhiji	50c
Gleanings—Mira	15c
Selections from Gandhi—N. Bose	R1.00
Bhoodan Yajna	20c
An Atheist With Gandhi—Gora G. Rao	20c
A Gandhi Anthology (Book 1)—V. G. Desai	15c
Gandhian Ethics—Benoy Gopal Ray	45c

Obtainable From:

"Indian Opinion"

P. Bag, Durban, Natal.

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal.

No. 10—Vol.-LIX.
Friday,
17th March, 1961
Phone: Mount Edgecombe 30.
Registered at the G.P.O. as a Newspaper
Price 4 Cents

INDIAN OPINION
ઈન્ડીયન
ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણીલાલ ગાંધી

*

ઈશ્વર આકાર અને નિરાકાર બન્ને છે. કર્મ નથી કરતો છતાં તે કર્તા છે. તે પ્રકટ પણ છે અને અપ્રકટ પણ છે. તે અવ્યક્ત છે અને બુદ્ધિથી પર છે.

પુસ્તક ૫૯ મું—અંક ૧૦ તા. ૧૭ માર્ચ, ૧૯૬૧. છુટક નકલ સેન્ટ ૪

ફીનીકસ સેટલમેન્ટ અને ઇન્ડિયન ઓપિનિયન

દક્ષિણ આફ્રિકાના હિંદી કોમના સાંસ્કૃતિક જીવનમાં પૂ. ગાંધીજીએ સ્થાપેલી ફીનીકસ સેટલમેન્ટ અને ઇન્ડિયન ઓપિનિયને શો ફાળો આપ્યો છે તે તો સૌ જાણતા હશે. ૧૯૦૩માં પૂજ્ય બાપુજીએ ઇન્ડિયન ઓપિનિયનની સ્થાપના કરી હતી, અને એજ ઇન્ડિયન ઓપિનિયન દ્વારા બાપુજીએ હિંદી કોમને જાગૃત કરી હતી. તે પહેલાં દક્ષિણ આફ્રિકામાં હિંદી કોમની ગણત્રી નહિ જેવીજ હતી. દક્ષિણ આફ્રિકામાં પૂજ્ય બાપુજી આવ્યા અને એક નવા યુગની શરૂઆત થઇ. તે પહેલાં ગણનાપાત્ર એવું કશું બન્યું નહિ. પૂ. બાપુજી આવતા હિંદી કોમમાં એક નવો જોસ્સો વ્યાપ્યો જે સુવર્ણાક્ષરે ઇતિહાસના પાને લખાશે.

પૂ. બાપુજી આ દેશમાંથી રવાના થયા ત્યાં સુધીમાં તો આખા દક્ષિણ આફ્રિકામાં નવો જમાનો બેસી ગયો, અને તે ક્રાંતિનો પાયો જો કોઇએ મજબુત નાખ્યો હોય, તો તે પૂ. બાપુજીને ભાગે જાય છે.

આવો યુગ પલટી નાંખવા જેવી મોટી સિદ્ધિ પૂ. બાપુજીએ શી રીતે મેળવી? તે માટે તેમણે ક્યા સાધનો યોજ્યા? આ વિચારતાં કોઇ પણ વ્યક્તિએ કબુલ કરવું પડે છે કે, તેને માટેના સાધન તરીકે પૂ. બાપુજીએ અનેક સંસ્થાઓ સ્થાપી તે વડે કામ લીધું હતું, એટલે નવ યુગ પ્રવર્તનનું શ્રેય એ સંસ્થાઓને ભાગે જાય છે, અને આવી આગેવાન સંસ્થાઓમાં ફીનીકસ સંસ્થા અને તેનું છાપું ઇન્ડિયન ઓપિનિયનની પણ ગણત્રી થાય છે. ભારતમાં 'નવજીવન' સંસ્થા એક આદમકદ સંસ્થા છે. આપણી હિંદી જનતાનું સદ્‌ભાગ્ય છે કે, ભારે મોટી આફતમાંથી મુશ્કેલીઓ ભરપુર એવા ૫૮ વરસ જેટલો લાંબો સમય વીતતાં છતાં આ ફીનીકસ સંસ્થા તરીકે આપણે સહી કાયમ રહી છે, અને આ ભ્રષ્ટાચારના યુગમાં તે ઇન્ડિયન ઓપિનિયન દ્વારા અહિંસાનો સંદેશો જનતાને પહોંચાડે છે.

ઇન્ડિયન ઓપિનિયન એક પ્રકાશન સંસ્થા છે, અમુક તાણ અને મિલકતોને પહોંચીને તેને ચાલવું પડે છે અને તેનું બખતું એ ઇન્ડિયન ઓપિનિયનને પરવડે એમ નથી. લોકોને રસપ્રદ લેખો જોઇએ છે. ઇન્ડિયન ઓપિનિયન મર્યાદામાં રહીને બને એટલા રસપ્રદ લેખો આપે છે. જો વાચકોને મારી તારી—અને સમાજની અંદર જનતા આમ વ્યવહારના રસપ્રદ બનાવો બનાવોના લેખો જોઇએ તો તે ઇન્ડિયન ઓપિનિયનથી આપી શકાય એમ નથી. ઇન્ડિયન ઓપિનિયનનું ધ્યેય નિ: કરવાનું નથી, પરંતુ સમાજ સુધારવાનું છે.

ભારતમાં "નવજીવન" પત્રના પહેલા અંકમાં પૂ. બાપુજીએ લખેલું—"જગત પ્રત્યે મેં કેટલાક સિદ્ધાંતો મારા જીવનમાં મેળવ્યા છે અને તેને અમલમાં મૂકવાં છે.........એ સિદ્ધાંતો હિંદને આપી મારા સુખનો અનુભવ હિંદને કરાવવાની મને ભારે અભિલાષા છે. એનું એક સાધન વર્તમાન પત્ર છે."

આ વિચારમાંથી નવજીવન-સંસ્થાનો જન્મ ૧૯૧૯માં "નવજીવન" નામે સાપ્તાહિક પત્રના રૂપે થયેલ. પૂ. બાપુજીને આવોજ વિચાર ઇન્ડિયન ઓપિનિયન માટે હતો. જ્યાં સુધી પૂ. બાપુજી આ દેશમાં રહ્યાં ત્યાં સુધી બધું ઠીક ચાલ્યું. પૂ. બાપુજી પછી તેમના પુત્ર સ્વ. મણીલાલ ગાંધીએ એ સંસ્થાની દેખભાળ સંભાળી. બખત જતાં લોકો આર્થિક સંકટમાં પડ્યાં અને પૂ. બાપુજીને ભુલવા લાગ્યા. પૂ. બાપુજીની પવિત્ર ભૂમિ ફીનીકસ સેટલમેન્ટને લોકો ભુલવા લાગ્યા. પૂ. બાપુજીએ એ સંસ્થા હિંદી જનતા માટે સ્થાપી, તે હિંદી જનતા ભુલવા લાગી. અહિંસા, સત્ય અને પ્રેમ એ ત્રિવેણી-સંગમનો મેળ ફીનીકસમાં થયો એ લોકો ભૂલી ગયા. શ્રી મણીલાલ ગાંધીના સ્વર્ગવાસ પછી શ્રી સુશીલાબેન ગાંધી ફીનીકસની દેખભાળ કરવા લાગ્યા. આર્થિક મુશ્કેલી વધવા માંડી, અનેક અપીલો અને જનતા પાસે કરી—પરંતુ સહાય કરનારા ઘણાંજ થોડા મળ્યાં અને પ્રમાણમાં ટીકા કરનારા ઘણા મળ્યા. એ ટીકા છોડી પૂ. બાપુજીના સેટલમેન્ટ એટલે કે જનતાના સેટલમેન્ટ તરફ સમદૃષ્ટિથી જોતા થઇએ અને આર્થિક મદદ કરે એમ અમે ઇચ્છીએ છીએ.

(સાપ્તાહિક ગદર શ્રી પ્રસન્નભાઇ દેસાઇના લેખમાંથી.)

દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન તંગ સ્થિતિએ પહોંચ્યો છે

મંગળવાર :

કોમનવેલ્થના વડા પ્રધાનો દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન ચર્ચતાં ચર્ચતાં આખો દિવસ પસાર કર્યો, પરંતુ કંઇ જ નક્કી થયું નથી, વાતાવરણ તંગ બન્યું છે. શ્રી હેરલ્ડ મેકમીલન શાંતિથી દક્ષિણ આફ્રિકાના પ્રશ્નનો નીવેડો લાવવા તનતોડ પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ અમુક વડા પ્રધાનો ધમકી આપે એમ નથી.

કોમનવેલ્થમાં જોડાયેલું રાષ્ટ્ર સાયપ્રસ છે ત્યાંના મુખ્ય આર્ચ બીશપ મકારીઓસ લંડન પહોંચી ગયા છે. તેઓ ત્યાં અધિવેશનમાં ભાગ લેશે. આર્ચબીશપ મકારીઓસે પ્રેસને કહ્યું કે કોઇ રંગભેદને ટેકો નૈતિક રીતે તો નજ આપી શકાય. વધુમાં તેમણે કહ્યું કે દક્ષિણ આફ્રિકાના રંગભેદનો પ્રશ્ન ઉપર તેઓ જરૂરથી ચર્ચા કરશે.

વડા પ્રધાનોની સભામાંથી એવા ખાનગી સમાચારો મળ્યાં છે કે બ્રિટિશ વડા પ્રધાન શ્રી હેરલ્ડ મેકમીલન પુષ્કળ તનતોડ મહેનત કરી રહ્યા છે અને તેઓ ઇચ્છે છે કે દક્ષિણ આફ્રિકા કોમનવેલ્થમાં રહે. શ્રી મેકમીલને એક એવો ખરડો તૈયાર કર્યો છે જેનાથી દક્ષિણ આફ્રિકા કોમનવેલ્થમાં રહી શકે પરંતુ એજ ખરડામાં એવું પણ છે કે બીજા કોમનવેલ્થ રાષ્ટ્રોનો દક્ષિણ આફ્રિકાના રંગભેદની નીતિ તરફનો વિરોધ પણ નોંધ લેવું. એનો અર્થ એ કે બીજા રાષ્ટ્રો દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિનો વિરોધ કરે છે છતાં દક્ષિણ આફ્રિકાને કોમનવેલ્થમાં રહેવા દેવા માટે એનો વિરોધ નોંધાવી, રહેવા દેશે.

ડૉ. વરવુર્ડે આ ખરડાના અમુક શબ્દો સુધારેલ વિરોધ નોંધાવ્યો હતો. આખી સભા દરમ્યાન ડૉ. વરવુર્ડે એકજ નીતિ રાખી છે કે દક્ષિણ આફ્રિકાને કોમનવેલ્થમાં ભિન્ન સ્વરૂપે રાખવું.

આ સપ્તાહિક સમાચાર એવું પણ જણાવે છે કે રંગભેદપણાની અને રંગભેદની નીતિનો સખત વિરોધ કેનેડા, હિંદુસ્તાન, પાકીસ્તાન, સીલોન, ઘાના, મલાયા અને નાઇજીરીયા તરફથી થયો હતો. આ રાષ્ટ્રોના અમુક નેતાઓએ સ્પષ્ટ શબ્દોમાં કહી પણ દીધું કે જે રાષ્ટ્ર રંગભેદપણાની અને રંગભેદની નીતિ આચરે તેને માટે કોમનવેલ્થમાં જગ્યા નથી.

પરંતુ બ્રિટન, ઓસ્ટ્રેલીયા અને ન્યુઝીલેન્ડ રંગભેદની નીતિનો વિરોધ કરવા છતાં એવું ઇચ્છે છે કે દક્ષિણ આફ્રિકા કોમનવેલ્થમાં રહે.

આમ વાતાવરણ તંગ બન્યું છે, અને આજે એનો નીવેડો આવે એમ લાગે છે. કદાચ એ મંત્રણાઓ લંબાય પણ ખરી પરંતુ આજે જે ચર્ચાઓ થઇ તે આ વખ ઉપર પ્રકાશ પાડશે એમ લાગે છે.

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૧૭ માર્ચ, ૧૯૬૧.

અપાર્થેડ અને કોમનવેલ્થ

જ્યારે દક્ષિણ આફ્રિકાને કોમનવેલ્થમાંથી બહાર ખેંચી લઇ જવાની અચાનક જાહેરાત ડૉ. ફરવુઅર્ડે કરી, ત્યારે એમ ચોક્કસ જણાતું હતું કે દક્ષિણ આફ્રિકા, કોમનવેલ્થના સભ્ય તરીકે ચાલુ રહેશે; પરંતુ તે પહેલાં આ અગ્રલેખ લખાયો હતો.

આ અગ્રલેખ લખાય તે પહેલાં દક્ષિણ આફ્રિકા કોમનવેલ્થમાં રહેશે કે નહિ તેનો કંઈ ઉલ્લેખ થયો નથી, પરંતુ એવું લાગે છે કે કોમનવેલ્થના સભ્ય તરીકે તેને રહેવા દેશે. દક્ષિણ આફ્રિકાના સભ્યપદનો સવાલ સિદ્ધાંતનો સવાલ નથી, પરંતુ અમે જેમ આગળ કહી ગયા તેમ આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રનો અને વિદેશી મુડી રોકાણનો સવાલ છે. આ ગૂંચવણભર્યા પ્રસંગે એવું જણાય છે કે—આ અઠવાડિયાના પ્રથમ ત્રણ દિવસો સુધી લેંકસ્ટર હાઉસમાં જે મંત્રણાઓ થઇ હતી, તેમાં ઘણીયે લેવડદેવડની વાતો થઇ હશે—અને હાલ એ ઉપરથી એમ લાગે છે કે બ્રિટનના મનમાં બિન-ગોરાઓની સલામતીનો સવાલ એટલો નથી, જેટલો પોતાના મુડી રોકાણની તેને પડી છે. એ ચોખ્ખું જણાય આવે છે કે બ્રિટનના હાથમાં કોમનવેલ્થ રાષ્ટ્રોના અર્થશાસ્ત્રનો પ્રશ્ન છે, એથી તે પોતાનો રસ્તો જાહેર કરી શકે છે.

એફ્રો-એશિયન સભ્યો, જેઓને દક્ષિણ આફ્રિકાની ઇલાયદાપણાની અને રંગદ્વેષની નીતિ અકળાવનારી છે, તેઓ દોરીના પાતળા ભાગે રહી ખેંચતાણ કરી શકતાં હોય એમ લાગે છે, એથી તેઓ પોતાના સિદ્ધાંત ઉપર મક્કમતાથી ઉભા રહી શકયા નથી. તેઓની પદવી એટલી નબળી છે કે દક્ષિણ આફ્રિકાના વડા પ્રધાન દરેક બાબતમાં મક્કમ રહી શક્યા છે. કોઇએ એમ ધાર્યું હશે કે ડૉ. ફરવુઅર્ડ એક દીન તરીકે વડા પ્રધાનોની અધીવેશનમાં જાય છે, પરંતુ એથી ઉલટી પરિસ્થિતિ જણાય છે. ડૉ. ફરવુઅર્ડે ઘણીયે-વાર એમ કહ્યું કે તેઓ શરતી સભ્યપદ સ્વીકારે તેના કરતાં જંગલનો રાહ (એકલા જવાનો) પસંદ કરશે, જે બતાવે છે કે તેઓ સોદો કરવામાં ફાયદાકારક સ્થિતિએ ઉભા છે. આ બતાવે છે કે એફ્રો-એશિયન દેશો આર્થિક રીતે બંધાએલ છે યા તો તેઓને પોતાના માનની પડી નથી. ગોરાઓ કાળા માનવો કરતાં ઉચ્ચ છે, અને એથી તેઓ કાળા માનવોના શેઠ છે, એ તર્કમાંથી 'અપાર્થેડ'નો જન્મ થયો છે. કોમનવેલ્થના બિન-ગોરા સભ્યો એ એક પ્રમાણિક રસ્તો કાઢયો છે, તે એ કે તેઓ રંગદ્વેષ અને ઇલાયદાપણાની નીતિનો સખત વિરોધ કરે છે અને અમુક શરતે તેઓ દક્ષિણ આફ્રિકાને કોમનવેલ્થના સભ્ય તરીકે રહેવા દેશે, અને એ રસ્તો બધાનેજ લાગુ પડશે.

હાલતો એવુંજ લાગે છે કે દક્ષિણ આફ્રિકા બીન-ગોરાઓની લાગણી અને માનને આંતરરાષ્ટ્રીય સભાઓમાં ગમે તેમ તુચ્છકારી શકે છે, દક્ષિણ આફ્રિકાએ યુનાઇટેડ નેશન્સના 'હ્યુમન રાઇટ્સ ડેકલેરેશન' ઉપર સહી કરવાના પાડી, આ સિવાય 'ઇન્ટરનેશનલ લેબર ઓરગનાઇઝેશન'ના નિયમો સાથે પણ તે પૂરી રીતે સંમત નથી, કારણ કે તેની મજુર-નીતિ સંસ્કૃત્તિવાળા બીજા દેશોની મજુર-નીતિ સાથે અથડામણમાં છે. 'યુનેસ્કો'માંથી પણ આ દેશ બહાર નીકળી ચુકયો છે, કેમકે 'યુનેસ્કો' બીન-ગોરાઓના હકક માટે લડે છે. જેમ હીટલરે યુરોપના દેશો છીનવી લીધા તેમ દક્ષિણ આફ્રિકા પણ સાઉથ વેસ્ટ આફ્રિકા છીનવી લઇ પોતાની અઘોર નીતિઓ ત્યાં ઠોકી બેસાડી છે. હવે એવો પ્રસંગ આવ્યો છે, જ્યારે કોમનવેલ્થ પોતાને ઝુકાવી પડી દક્ષિણ આફ્રિકાને માન્ય એવો ખરડો ઘડવા તઇયાર બની છે. ખરી રીતે એથી ઉલટુંજ થવું જોઇએ.

પાપ્વાને ગોલ્ફ રમવાની છુટ

શ્રી સેવશંકર પાપ્વા શીવગોલમ જેઓ દક્ષિણ આફ્રિકાના સારા ગોલ્ફ ખેલાડી છે, અને જેઓ 'ડચ ઓપન'ના ચેમ્પીયન છે, તેઓ દક્ષિણ આફ્રિકાની ચેમ્પીયનશીપમાં ભાગ લેશે. આ ચેમ્પીયનશીપ ડરબનમાં રમાશે.

દક્ષિણ આફ્રિકાના ગોલ્ફ યુનીયને પાપ્વાને કહ્યું હતું કે તેઓ જો સરકાર તરફથી પરવાનગી મેળવશે તો તેઓ ચેમ્પીયનશીપમાં રમી શકશે. વખત થોડોજ હોવાથી પાપ્વાની વહારે ડરબનના એમ પી. અને જાણીતા ક્રિકેટ ખેલાડી કલાઇવ વાન રાયનવીલ્ડ આવ્યા. ખૂબ ખટપટ કરી તેઓ મીનીસ્ટર ઓફ ઇન્ટીરીઅર પાસેથી પરવાનગી મેળવી શક્યા.

પાપ્વાને પરવાનગી આપતા મીનીસ્ટર 'ઓફ ઇંટીરીઅર સેનેટર યાન ડી કલર્ક' કહ્યું કે પાપ્વાની પરવાનગી એક અપવાદ છે, અને એને પ્રમાણ ભુત મનાય એવો દાખલો સમજવો નહિ.

પાપ્વાને દરેક જાતની સવલતો ડરબન ગોલ્ફ કલબ તરફથી મળશે એમ ત્યાંના હોદ્દેદારોએ કહ્યું. પાપ્વાની આંગળી મોટરના બારણામાં આવી ગઇ હતી, કે જો આરામદાયક નહિ નીવડે તો પાપ્વા કદાચ હારે પણ ખરા! દક્ષિણ આફ્રિકાના બધા ખેલાડીઓ પાપ્વા રમે છે એથી આનંદ પામ્યા છે.

સામાન્ય ઉપદેશ—ગાંધીજી

કશું છુપી રીતે ન કરો, જે કરો તે ઉઘાડેછોગ કરો. ચોખ્ખા વહેવારમાં 'અહિંસક' વર્તન રાખો. જીવન સંયમી ને નિર્મળ રાખો. કોઇ બાબતથી ન ડરતા નિર્ભય રહી હુમલા. વિદ્યાર્થી બહેનોના બચાવમાં તત્પર રહો અને રમખાણ થાય ત્યારે પોતાના જાનને જોખમે અહિંસક વર્તનથી તેમને સમાલવા તૈયાર રહો. (તા ૪ ૩. ૧૦).

વડોદરામાં ૧ કરોડના ખર્ચે ૬૦૦ બિછાનાવાળી હોસ્પીટલ બંધાશે

વડોદરા: ગુજરાતમાં વડોદરા ખાતે સામાન્ય નાગરિકને એક ડોકટરી તબીબી સલાહ અને સારવાર મળે એવી જેમ વાઇ દાયકા પહેલાં કે શ્રીમંત મહારાજા સયાજીરાવે કરી હતી પરંતુ ભૂતપૂર્વ વડોદરા રાજ્યનું મુંબઇ સાથે વિલીનીકરણ થયા પછી તેમજ થયા બે માસમાં નુતન ગુજરાતની સ્થાપના થયા પછી સાધારણ રીતનું ગૌરવ હોવા છતાં શ્રી સયાજી હોસ્પીટલમાં મધ્ય અને દક્ષિણ ગુજરાતના ખુણે ખુણેથી સેંકડો દર્દીઓનો પ્રવાહ ચાલુ રહ્યો છે ને હોસ્પીટલની અત્યારની વ્યવસ્થા આ ધસારાને પહોંચી વળે તેમ નહિ હોવાથી ગુજરાત સરકાર શ્રી સયાજી હોસ્પીટલને વિકસાવવા માટે આશરે રૂા ૧ કરોડ જેટલી રકમની જોગવાઇ કરવાની વિચારણા કરી રહી હોવાના સમાચાર કેટલાક ઉચ્ચ વર્તુળોમાંથી જાણવા મળે છે.

સયાજી હોસ્પીટલમાં હાલમાં પાંચસો જેટલા ખાટલાની વ્યવસ્થા છે જ્યારે દર્દીઓનો ધસારો આ દવાખાનામાં એટલો બધો રહે છે કે તેઓને ખાટલા સિવાય દવાખાનામાં દાખલ થવું પડે છે અને નાછુટકે સુવાડવું રહે છે તેમજ હાલના જે પોર્ચ છે તેમાં વધુ ખાટલા મુકી શકાય તેવી શકયતા નથી.

સ્વતંત્ર હોસ્પીટલ સ્થાશે

આ હેતુ અંગે જાણવા મળ્યા મુજબ એજ વિસ્તારમાં મેડીકલ કોલેજની નજીકમાં એક સ્વતંત્ર છસો ખાટલાવાળું હોસ્પીટલ બાંધવાનું સરકાર વિચારતી હોવાનું જાણવા મળે છે કે જેને પરિણામે આવતા ૫૦ વર્ષની અંદર વડોદરા શહેરની વસ્તીમાં ગમે તેટલો વધારો થશે તો પણ દર્દીઓને દવાખાનામાં દાખલ થવા માટે કે દાખલ કરવા માટે મુશ્કેલ નહિ બને.

સરકારની આ યોજના પ્રમાણે પ્લાન-એસ્ટીમેટ વિગેરે પણ તૈયાર થઇ રહ્યા છે, અને આ નવા હોસ્પીટલ માટે સયાજી હોસ્પીટલ તેમજ મેડીકલ કોલેજની નજીકમાં જ ગોત્રી પ્રાઇવેટ નામની ખાલી જગ્યા, ઉપરાંત એની નજીક બીજી જગ્યા સંપાદન કરવાની વિચારણા ચાલી રહી છે.

મુનિશ્રી સંતબાલજીનો પ્રવચનોનો સાર

[ગયે વરસે યોજાયેલા પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળામાં મુનિશ્રી સંતબાલજીએ આપેલા પ્રવચનોનો સાર વાંચકોને ઉપયોગી થશે એમ માની અહીં આપ્યો છે.]

આત્માની નિત્યતા

આપણા પહેરણો જે એક સુંદર વારસો મળી ગયા છે તે પૈકી જેને આપણે નિરાંત કરીએ છીએ તે થોડો આનંદ આપે છે ખરી પણ તે નાશવંત છે. પરંતુ જે વારસો આપણો આનંદ આપે છે તે ચેતન તત્ત્વ છે. એ આત્મ તત્ત્વની ઓળખાણ કરવી એ માનવજીવનનો હેતુ છે.

મનના મેલો દબાતા નથી હોતા ત્યાં સુધી ચાંચલ્ય ચાલુ રહે છે. જેમ ધ્રુવ કાંટાને આપણે હાથથી પકડીને જેને ધારીએ તે દિશામાં રાખી શકીએ છીએ પણ જેવા અમે છોડી દઈએ કે તુરત ઉત્તર દિશા તરફ ફરી જાય છે. આનું કારણ તેની ઉપર મેગ્નેટ નામની ધાતુ લગાડેલી હોય છે. એ મેગ્નેટને દૂર કરીએ તો કાંટાને ધારીએ ત્યાં રાખી શકીએ. આવી જ આપણા મનની સ્થિતિ છે. કામો (રાગો) રૂપી મેગ્નેટ દૂર ન કરીએ ત્યાં સુધી પ્રયત્ન કરવા છતાં ધારેલે સ્થળે પહોંચી શકાશે નહીં.

આપણે જે વસ્તુ મેળવવા ફાંફાં મારીએ છીએ તે આપણી પાસે જ છે. પુરુષાર્થ કરવાથી તે પ્રાપ્ત થાય છે. પરંતુ આપણે બહાર શોધવા અને મેળવવા પ્રયત્ન કરીએ છીએ. બહારની દેખાતી વસ્તુનો કોઈ દિવસ અંત આવતો નથી એટલે કહ્યું—બ્રહ્મ પોતે અનંત નથી, પરંતુ બ્રહ્મ પોતે અનંતની છે. અંતરાત્મા વસ્તુઓની બ્રહ્મ પ્રકારે થતી નથી. સ્નેહીઓ, સંબંધીઓ, ધન દોલત બધુ નાશવંત છે પણ કરોળિયો જેમ પોતાના મોઢામાંથી જાળ કાઢીને પછી એ જાળમાં અટવાય છે તેમ આપણે પણ જાતે નિભાવીને મહત્તા મમતામાં અટવાતા હોઈએ છીએ.

આના નિવારણ માટે રોજ ક'ઈક ચિંતન કરીએ. આત્માની સમીપ જઈને ત્રુટિઓ અને દોષોને તપાસીએ. સૌ પ્રથમ ચેત પોતાના કેવળ જ્ઞાની (આત્મજ્ઞાની) છે જ. બીજાને આપણી ત્રુટિઓ ભલે ન દેખાય પણ આપણે તો આપણી ત્રુટિઓ જરૂર જોઈ શકીએ. તેને દૂર કરવાનો પરમ પુરુષાર્થ આજથી આદરીએ. આત્માની નિત્યતા અને શરીરની અનિત્યતાનો સાર સમજીએ તો બેડો પાર થઈ જાય. સાર આ છે :

જ્ઞાની જ્ઞાન વધારો હેર કદી
મૂકે નહીં રે.

કર્મનું તત્ત્વજ્ઞાન

આ જગતમાં જીવ માત્રની કોઈ તાલાવેલી હોય તો તે સુખ આપનાર તત્ત્વને મેળવવાની છે. એ તત્ત્વનું નામ કોઈ ચેતન કહે છે, કોઈ આત્મા કહે છે, કોઈ ઈશ્વર કોઈ પ્રભુ કહે છે પણ એ છે ક્યાં! તે કહે છે, એ બહાર નથી પણ તારી અંદર છે. તું તારી જાતને ઓળખ એટલે બસ.

એક સવાલ એ ઊભો થાય છે કે જગતના જીવો જે સંકટો વેઠી રહ્યા છે, તે દુઃખ કારણથી? આ ઉદ્ભવ જે થયો ઈશ્વરને કર્તા હર્તા માને છે તેઓ તેને હરસે જાય છે. અને દુઃખો સહન કરવાની શક્તિ મેળવે છે, જે લોકો ઈશ્વરને નિર્ગુણ માને છે ને કર્મના કાનુનને માને છે તેઓ દુષ્કૃત્યોથી બચીને સત્કૃત્યો તરફ પ્રેરાય છે.

કર્મના સ્વરૂપને સમજવા માટે એના બે ભાગ પાડીશું. એક દશ્ય કર્મ (બાહ્ય કર્મ) બીજું ભાવ કર્મ (આંતરિક કર્મ) જગતમાં મુખ્ય બે તત્ત્વો છે. જીવ અને અજીવ એમાંથી સંસાર ઊભો થાય છે પણ એક ત્રીજા તત્ત્વનો સ્વીકાર કરવો પડે છે જે દરેકને આ બધું એવા કરે છે. દા.ત. એ વસ્તુસ્થિતિ પહોંચી છે તેમાંથી આપણી આપણું પૈસાય કઈ વસ્તુ તરફ જાય છે? આ માટે મનોહર વસ્તુને પૈસાથી તો એ સ્વરૂપ કોનું! ચેતનનું સ્વરૂપ હોત તો સામી એ ચેતનવાળી વસ્તુ પહોંચી છે તેમાંથી એક ઉપર પૈસાય કેમ થયું! એટલે માનવું પડે છે કે ત્રીજું કોઈક તત્ત્વ છે ખરું.

એક સુંદર સ્ત્રીનું નગ્ન શબ પડ્યું છે. એને જોઈને એક વૈરાગી દેહની નશ્વરતાનો વિચાર કરે છે. વૈરાગ્યને દૃઢ કરે છે. એક કામી પુરુષ તેની સુંદરતા જોઈને કામ વાસના પ્રદીપ્ત કરે છે અને એક કૂતરું તેના માંસના લોચામાં આસક્ત બને છે. એક જ પાત્ર, એક જ વસ્તુ એક જ દશ્ય છતાં જોવેની દૃષ્ટિ જુદી એક વ્યક્તિ એ પાત્રને જોઈને બંધાય છે બીજી વ્યક્તિ એ જ પાત્રને જોઈને મુક્ત થાય છે. એક બોધ મેળવે છે બીજો બંધ મેળવે છે. આ ત્રીજા તત્ત્વને સમજી શકાશું તો કર્મનું તત્ત્વજ્ઞાન સમજવામાં સરળ પડશે.

ચેતન ધારે તો વિકૃતિ પેદા કરી શકે છે અને ધારે તો સુકૃતિ પણ પેદા કરી શકે છે. ભાવ કર્મનો વ્યવહારમાં વધારે સંબંધ ચેતન સાથે છે અને દશ્ય કર્મનો વધારે સંબંધ (શરીર) જડ તત્ત્વ સાથે છે. બાહ્ય કર્મ કર્યા સિવાય એક ક્ષણ પણ જીવી શકાતો નથી. એટલે કહ્યું અનાસક્ત ભાવે કર્મ કર્યા કર. છોડવા જેવી કોઈ વસ્તુ હોય તો તે રાગ અને દ્વેષ છે.

કેટલાંક કર્મો એવાં હોય છે કે જેની તાત્કાલિક અસર થતી નથી કદાચ બાકીનો જન્મ પણ નીકળી જાય. એટલે બહુવાર લાગે છે કે એક વ્યક્તિ આટલાં ક્રૂર કર્મ કરે છે. છતાં તે તો સાહેબી ભોગવે છે, આનું કારણ તેના કર્મ ઢંકાયેલાં પડ્યાં છે. પણ કર્મનો કાનુન એવો તેના મહાપુરુષોને પણ મુક્ત કરી શકતો નથી. કર્મની અસરો જેમ સ્થૂળ શરીરમાં થાય છે તેમ સૂક્ષ્મ શરીરમાં પણ થાય છે. એ વિશે ઘણું વિજ્ઞાન શોધાયું છે. કોઈ માતા બાળકને ધવરાવે છે તો બાળક મરી જવાના દાખલા પણ મળે છે. વિકૃત ચહેરાઓ દેખાય છે તેનું કારણ મનની જુદી જુદી વિકૃતિઓ ચહેરા ઉપર પ્રતિબિંબ પાડે છે.

વ્યક્તિગત કર્મોનાં પરિણામ આવે છે તેમ સમાજગત કર્મોનાં પરિણામ પણ આવે છે. ધરતીકંપ, રોગચાળો, યુદ્ધો, દુકાળ એ બધાં સામુદાયિક કર્મોનાં પરિણામ છે.

બાહ્ય નિમિત્તોને દોષ આપે છે. પણ ખરી રીતે તો પોતાના કર્મોનો પડછાયો જ સામી વ્યક્તિમાં પ્રતિબિંબ રૂપે દેખાય છે. એક સિંહ પાણીમાં પડછાયો જુવે છે તેને દુશ્મન માની કૂદકો મારે છે. ખૂબ ઘુરકે છે. સામે એવો જ દેખાવ મળે છે એટલે મહાકાળને ભ્રમણા પાણીમાં ઝંપલાવ મારે છે. આવું જ આપણું છે. આ જગતમાં દુઃખ દેનારું કોઈ છે જ નહીં પણ તું તારી જાતે જ દુઃખ ઊભાં કરે છે એ બધા તો નિમિત્ત છે. ઉપાદાન (મૂળકારણ) તો તમારામાં પડ્યું છે તેને શુદ્ધ કરો. અને તેમાં ખરાબ નિમિત્તોમાં પણ જો તમારું મુખ્ય કારણ (ઉપાદાન) પવિત્ર હશે તો તમને કોઈ અસર થશે નહીં. 'જે કરશે ગુણ તે ધરશે ગુણ'—(અપૂર્ણ)

ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કુ. લીમીટેડ
ઇન્ડીયાની મુખ્ય કંપની
અમે વહીવટ કરીએ છીએ:—
આગ, દરીયાઈ, અકસ્માત, કોરટ, ઝાળ, ચોરી,
ઘર કુટુંબ, ઘર માલીકી (અંગે) અકસ્માત વિ.
સાઉથ આફ્રિકાની અંદર મુખ્ય અમલદારો
જાલભાઈ રૂસ્તમજી એન્ડ સન,
૧૪૦ ક્વીન સ્ટ્રીટ, ડરબન.
ફોન: ડરબન ૨૫૮૭૫, ૨૮૫૧૩, ૨૯૮૭૪.

તમને ખબર છે
૧ ન્યુ ઇન્ડિયા, ઇન્ડિયાની સૌથી મોટી વીમા કંપની છે.
૨ ન્યુ ઇન્ડિયા ની શાખાઓ ૪૫ દેશોમાં છે.
૩ ન્યુ ઇન્ડિયા ની ૬૫ શાખાઓ કેવળ હીંદમાં જ છે.
૪ ન્યુ ઇન્ડિયા: આગ, દરીયાઈ અને અકસ્માત ઉપર ૬૦,૦૦,૦૦૦ પાઉન્ડ પ્રીમીયમ લેવી કરે છે.
સહિસલામતી અને તાત્કાલિક સેવા માટે
ન્યુ ઈંડીયા
સાથે વીમો ઉતરાવો.

વિવિધ વર્તમાન

લંડનના બજારમાંથી લુંટાએલા હીરા

લંડનના ઝવેરી બજારમાં હીરા વેચનાર એક મોટી પ્રખ્યાત ઝવેરીની દુકાન છે, જેમાં લાખો પાઉંડના હીરા રહે છે. હીરાથી ઝગમગીત આ દુકાનમાં કોઈ ઉસ્તાદ ઉઠાવગીરો ઘુસી ગયા અને બે લાખ પાઉંડની કીંમતના લગભગ ૭૫ હજાર હીરા ઉપાડી છુ થઈ ગયા. લંડનમાં હીરાની આવી મોટી ચોરી ના લુંટ પહેલી જ વેળ પોલીસ જતા ચીમાની ગયેલ અને રીસીવર ઝવેરાતની ચોરીઓ પુરી રહેલ છે.

સતત ૮૦ કલાક સાયકલ પર

સોમાપેટ ખાતે આર. માધુશ્વાર નામના ૨૫ વર્ષના એક હીંદી યુવકે સતત ૮૦ કલાક સુધી સાયકલ ચલાવીને વિશ્વવિક્રમ તોડ્યો છે. આ સમય દરમીયાન તેણે સાયકલ પરથી ઉતર્યા વીના ચાલતી સાયકલે જ સ્નાનવિધિ વગેરે પણ પતાવી હતી. આમ ૮૦ કલાક સતત સાયકલ ચલાવ્યા છતાં તે રહેજ પણ થાકેલ જણાતો ન હતો. આ સાયકલીસ્ટને ઘોઘાની મેદનીએ પુષ્પહાર અને બેન્ડવાજાથી વધાવી લેવું બહુમાન કર્યું હતું.

યુગાન્ડાનું ડેલીગેશન

યુગાન્ડાની કબાકા સરકારના બે પ્રતિનિધિઓ લંડન જવા માટે એન્ટેબેથી વીમાનમાં વિદાય થઈ ગયા છે. તેઓ ત્યાં જઈને, યુગાન્ડાએ યુગાન્ડાથી અલગ પડી સ્વતંત્ર થવાનો જે નિર્ણય કરી છે અને તે અંગેની જે જાહેરાત પણ કરી દીધી છે તે બાબતમાં તેમ યુગાન્ડાની હાલની પરિસ્થિતિ બાબતમાં બ્રિટીશ પ્રજાને વાકેફ કરશે. આ ડેલીગેશ લંડનમાં એકાદ પખવાડીયું રોકાઈને [illegible] કરશે.

કેનીયાને મકાઈની ભેટ

કેનીયાના સત્તાવારપણે જાહેર થયું છે કે મકાઈની રાહતરૂપ જનતાને વહેંચવા માટે અમેરીકા એક લાખ ગુણી મકાઈ મફત મોકલી રહ્યું છે. આ મકાઈ તે અમેરીકન પ્રજા તરફથી કેનીયાની જનતાને ભેટ છે.

આ મકાઈ મોમ્બાસા સુધી મફત પહોંચાડવામાં આવશે. અને ઉતારવાનો તથા જરૂરીયાતવાળા સ્થળોએ પહોંચાડવાનો ખર્ચ કેનીયા સરકાર ભોગવશે.

આ મકાઈ વેચી નહીં શકાય, કે અદલાબદલી નહીં કરી શકાય, આ મકાઈ જરૂરવાળા પ્રદેશોમાં મફત વહેંચવાની રહેશે.

મદદની ઓફરનો હર્ષ જણાવતાં ખાતાના કેનીયાના ખેતીવાડી પ્રધાન શ્રી બ્રુસ મેકેન્ઝીએ અમેરીકાના સરકારની પ્રશંસા કરી છે.

કવિવર ટાગોરનું નેધર-લેન્ડઝમાં બહુમાન કરવા

વિશ્વવિખ્યાત કવિવર રવીન્દ્રનાથ ટાગોરની ૧૦૦મી જન્મ શતાબ્દી બે માસની ૮મી તારીખે હોઈ તેની ભવ્ય ઉજવણી કરવા જયે ભારે તૈયારીઓ થઈ રહેલ આ વિખ્યાત કવિવરનું આ પ્રસંગે બહુમાન કરવા માટે નેધરલેન્ડઝમાં રેમ ખાતે પણ એક સમગ્ર કમીટી નીમવામાં આવી છે જેનું નામ રાખવામાં આવ્યું છે નેધરલેન્ડઝ ટાગોર કમીટી.

દુનિયાના ૪ શ્રેષ્ઠ નેતાઓ

ફીલ્ડ માર્શલ વાયકાઉન્ટ મોન્ટગોમરીએ લખેલું એક નવું પુસ્તક હમણાં બહાર પડ્યું છે પુસ્તકનું નામ છે-ધી પાથ ટુ લીડરશીપ-નેતૃત્વને પંથે, તેમાં તે જણાવે છે કે આજે ઉંચા ભરના ચાર જ માણસો છે જે દુનિયાના શ્રેષ્ઠ નેતાઓ ગણી શકાય. અને તે છે ક્રોમ્વેલ, નહેરુ, ટીટો અને માઓત્સે તુંગ.

અમેરીકાએ આફ્રિકામાં લેવા માંડેલો રસ

અમેરીકાના નવા પ્રમુખ 'કેનેડીએ' એશીયા, આફ્રિકા અને મધ્ય પૂર્વની બાબતમાં ખાસ રસ દાખવવા માંડ્યો છે. એશીયા, આફ્રિકા અને મધ્ય પૂર્વના પછાત દેશોની પ્રગતિ માટે મોટી લોનો આપવાની પણ તેમણે યોજના કરી છે. આફ્રિકા માટે તેમણે આફ્રિકન અફેર્સ ખાતાના મદદનીશ મંત્રી તરીકે શ્રી. વીલીયમ્સની નીમણુક પણ કરી દીધી છે જે આફ્રિકાની બાબતો અને બનાવો પર ખાસ ધ્યાન રાખશે.

ફ્રાન્સે સોવીયેટની માગેલી માફી

મોસ્કોથી મળતા સંદેશા મુજબ ફ્રાન્સ સરકારે એક પત્ર સોવીયેટ વિદેશ પ્રધાન ગ્રોમીકોને આપ્યો છે. આ પત્રમાં ફ્રાંસની સરકારે સોવીયેટ પ્રમુખના પ્લેન ઉપર થયેલા ગોળીબાર માટે ખરા અંતઃકરણપૂર્વક માફી માગી છે અને દિલગીરી જાહેર કરી છે.

રાણીને ત્રણ રતલ સોનાના કાસ્કેટની ભેટ

પાકીસ્તાનની, રાણી એલીઝાબેથ અને ડ્યુક ઓફ એડીનબરોની મુલાકાત પ્રસંગે કોમનવેલ્થમાં વસતા ઇસ્માઇલી કોમના પ્રતિનિધિઓએ તેમને માટે એક સત્કાર સમારંભ કરવાના યોજ્યો હતો.

આ મેળાવડામાં રાણીને એક ત્રણ રતલ વજનનું શી. ૨૦,૦૦૦ની કીંમતનું સુવર્ણ સોનાનું કાસ્કેટ માનપત્ર સાથે અર્પણ કરવામાં આવ્યું હતું. આ વિધિ પ્રમુખ અયુબખાનને ઘરે થઈ હતી.

માનપત્ર પ્રતિનિધિ મંડળના નેતા શ્રી. શમીરઅલી હસનઅલી હેન્સી તેઓ ઘણા વખત સુધી મોંબાસામાં રહ્યા હતા તેમણે વાંચ્યું હતું. તેઓ વેસ્ટ પાકીસ્તાન ઇસ્માઇલી કાઉંસીલ અને ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ છે.'

કાઉંસીલના માનનીય મંત્રી શ્રી. હસનઅલી ગોવાવાલાએ સોનાનું કાસ્કેટ અર્પણ કર્યું હતું બીજા સભ્યોમાં કેનીયાની સુપ્રીમ કાઉંસીલના સભ્ય શ્રી કાસમ મેરાલી પણ હતા.

આ પ્રતિનિધિઓની સાથેની વાત ચીત દરમીયાન રાણીએ કોમનવેલ્થમાં વસતા ઇસ્માઇલીઓ વિષે ઘણા સવાલો પુછ્યા હતા તથા કહ્યું હતું કે નામ. આગાખાન પોતાના અનુયાયીઓના કલ્યાણ, વિકાસ અને પ્રગતિ માટે ઘણું કામ કરે છે તે હું જાણું છું.

મચાકોસ વિસ્તારમાં દુષ્કાળ ડોકા ફાડે છે

મચાકોસ વિસ્તારમાં ખોરાકની ભારે અછત પ્રવર્તે છે ને રાહતકાર્ય શરૂ થયું છે દરરોજ વધવાને કારણે આ સ્થિતિ ઉભી થઈ છે.

રાહતકાર્ય કરનારાઓને ગયા માસમાં સાત સાત રતલ મકાઈ મફત વહેંચાઈ હતી. રસ્તા બાંધવા, ડેમ સાચવવા, તથા પુરવઠાના સાધનોની મરમ્મત અર્થે મજુરોની સ્થાપના છે. આ માટે નાગરોથી વધુ સભ્યોએ કામ કરવા તૈયારી બતાવી છે. આ લોકોને અઠવાડીયામાં દશ રતલ મકાઈ કામના બદલારૂપે મળશે.

એક સરકારી યાદીએ જણાવ્યું છે કે મચાકોસ ઇલાકામાં રાહતકાર્ય પાછળ સરકાર ચોવીસ હજાર પાઉંડ ખરચી ચુકી છે. અમેરીકા તરફથી જે એક લાખ ગુણી મકાઈ ભેટરૂપે મળનાર છે તેને સંભાળવા, અને વહેંચણીની વ્યવસ્થા પાછળ સરકારને ૭૫ હજાર પાઉંડ ખર્ચ થશે.

પાકીસ્તાનમાં વસ્તી ગણત્રી વખતે બનેલા કેટલાક રમુજી બનાવો

પાકીસ્તાનમાં તાજેતરમાં થઈ ગયેલી વસ્તી ગણત્રીમાં કેટલાક રમુજી બનાવો' બન્યા છે. પેશાવરમાં નોંધણી કરનાર એક ઘેર ગયો ત્યારે તેણે ઘરધણીને તેના દીકરાનું નામ પૂછ્યું. પેલા ભાઇએ જવાબ દીધો મારા 'દિકરાનું નામ પાકીસ્તાન છે.

'પેલા નોંધણીકારને થયું કે કંઇક ગોટાળો થયો હશે. આથી તેણે ફરી વાર પૂછ્યું તો પણ ઘરધણીએ એજ જવાબ દીધો' તેણે કહ્યું કે' મારા 'આ દિકરાનો જન્મ પાકીસ્તાનના જન્મ સાથે જ એટલે કે તા. ૧૪મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ થયો હતો મારા પુત્ર તથા પાકીસ્તાન માટે મને એક સરખો જ પ્યાર છે.

વસ્તી ગણતરીમાં બીજા પણ કેટલાક રમુજી કિસ્સાઓ નોંધાયા પામ્યા છે' દાખલા તરીકે તાજમહાલ, અલીલાખાન, નબીખાન, નેવાબખાન વગેરે, કેટલાક પિતાશ્રીઓને પોતાના સંતાનોનાં નામ પણ યાદ ન હતાં, તેથી કેટલાક ગૃહસ્થો પોતાની પત્નીને પુછતા આપણા ફલાણા નંબરના છોકરાનું નામ તો કહે!

સરકારી નોકરોએ નાણાં માટે ભય રાખવો નહિ

નૈરોબી ખાતે કેનીયા આફ્રિકન સીવીલ સરવન્ટસ એસોસીએશનની સભામાં ચીફ સેક્રેટરી સર કુટસે જણાવ્યું કે સરકાર જેમ બને તેમ જલ્દી ફ્લેમીંગ રીપોર્ટને અમલમાં લાવવા માગે છે. હાલમાં એવો ભ્રમ પ્રવર્તે છે કે સરકાર નાણાં ભરપાઈ કરવા આતુર નથી. હું આ ભ્રમ દૂર કરવા માગું છું ને સરકારનો આશય છે કે દરેક નોકરને ત્વરાથી નાણાં અપાય.

સર કુટસે જણાવ્યું કે લીડગરી કમિશનના રીપોર્ટ બાદ બે સાલે નાણાં અપાયાં હતાં, તો ફ્લેમીંગ કમિશને કામ શરૂ કર્યાના નવ-દશ માસમાં સરકાર તેનો અમલ કરે તો શું ખોટું કર્યું ગણાય?

ગુજરાતી રેકોર્ડો
હીંદુસ્તાનમાં બનેલી ગુજરાતી રેકોર્ડો, હવે અમારે ત્યાં મળે છે.
૨૦ રેકોર્ડોનું બોક્સ કેવળ શી. ૩૦-૦
રેકોર્ડોમાં ભજનો, નાટકો, ગરબા વિગેરેનો સંગ્રહ છે.
જેના "લેટેસ્ટ લિસ્ટ" શી. ૨-૬ માં છુટી મળી શકશે.
[illegible] મળશે નહિં પેકીંગ મફત—પોસ્ટેજ ઉમેરશો—
સી. ઓ. ડી.ના ઓર્ડરો સાથે લઈએ છીએ.
નેશનલ રેકોર્ડ કંપની
શોપ ૨, અજમેરી આર્કેડ, ૧૪૨ ગ્રે સ્ટ્રીટ,
પો. ઓ. બોક્સ ૧૫૦૪, — ડરબન

સમાચાર સંગ્રહ

—ઝાંઝીબારમાં મ્યુનીસીપલ ચુંટણી તા. ૧૮મેના રોજ થશે અને આ માટેનો નોમીનેશન ડે તા. ૨ મેનો નક્કી કરવામાં આવ્યો છે.

—વેસ્ટ જર્મન સરકાર ભારતને સ્ટીલ પ્લાંટ માટે ૫૦ કરોડ માર્કની લોન આપશે.

—અમેરીકાએ એશીઆ, આફ્રિકા અને મધ્ય પૂર્વના પછાત દેશોને પ્રગતિ સાધવા માટે મોટી લોનો આપવાનું નક્કી કર્યું છે.

—જાપાનના રાજા ભારતના ત્રણ દિવસના પ્રવાસે ગયા છે. કલકત્તા ગયા બાદ તેમણે ભારતીય વિમાનમાં મુસાફરી કરી હતી. દિલ્હીના વિમાન મથકે પંડીત નહેરૂએ સત્કાર કર્યો અને રાજવીના માનમાં ૧૯ તોપોની સલામી અપાઇ.

—ગયા વર્ષે સૌરાષ્ટ્રમાં ઓછો વરસાદ પડતાં ઉભી થયેલી અછતની પરિસ્થિતિ માં લોકોને રાહત આપવા સરકારે સુરેન્દ્રનગર જીલ્લામાં રૂા. સવા લાખ નાં રાહત કામો શરૂ કર્યાં છે. આ રાહતકાર્યોનો હેતુ મજુરોને રોજી આપવાનો છે.

—અમદાવાદમાં રાણી એલીઝાબેથને ખાદી કમીશન તરફથી ગ્રેનાઇટનું એક શાલ ભેટ આપવામાં આવેલ જે વીંટીમાંથી પસાર કરી શકાતું હતું. ભારતના ગ્રામઉદ્યોગનાં જુદાં જુદાં દૃશ્યો જેના પર અંકિત થયાં છે તેવી લાકડાની પેટીમાં આ ભેટ અપાઇ હતી.

—સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા માં પાણીની મુશ્કેલી દુર કરવા સરકારે રૂા. ૮ લાખની એક યોજના મંજુર કરી છે.

—સૌરાષ્ટ્રની અન્ય સુધરાઇઓની જેમ વઢવાણની સુધરાઇએ પણ શહેરના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે કેટલાંક પગલાં ભર્યાં છે. સુધરાઇએ શહેર માં સ્થપાતા ઉદ્યોગ માટે આવતી મશીનરી અને કાચા માલ પર દસ વર્ષ સુધી ઓક્ટ્રોય ન લેવાનું નક્કી કર્યું છે. આ ઉપરાંત ઔદ્યોગિક વસાહતના માર્ગ ન વેરો આપવા નિર્ણય કર્યો છે.

—અમરેલી જીલ્લાના પંદર ગામોમાંથી એક માસ દરમીયાન શીતળાના ૯૨ કેટલા કેસ નોંધાવા પામ્યા છે. જેમાં ૧૮ જણ મરણ થયાં છે. ચીતલ ગામે આ રોગની ખુબ અસર થવા પામી છે. ૫૮ કેસ બનવા પામ્યા અને શીતળાને કારણે ૨૧ જણનાં મૃત્યુ થયાં છે. જીલ્લાના કુલ પંદર ગામોને શીતળાગ્રસ્ત વિસ્તારો તરીકે જાહેર કર્યાં છે.

—સોવિયેટ કઝાખસ્તાનના પ્રધાનમંડળ ના અધ્યક્ષ શ્રી એસ. એ. તાજીએવને તેમના હોદ્દા પરથી મુક્ત કરવામાં આવ્યા છે એમ સત્તાવાર કમ્યુનિકેશન પ્રવદાના અહીં મળેલા અંકમાં જણાવાયું છે.

—કાપડ કમીશનરની કચેરીના અધિકારીઓએ મોકલેલ અહેવાલ, નોંધ લઇને કરાયેલ ફેરી આધારે ૧૯૬૦ માં ટ્રીકો "રેશમીઉદ્યોગ" કાપડના ભાવ માર મળે છે

—નેપાળના પદભ્રષ્ટ કરાયેલા વડા પ્રધાન કોઇરાલાએ નેપાળના રાજાને ધમકી આપી છે કે જો મને અને મારા કેદ પકડેલા મિત્રોને યોગ્ય અદાલતમાં રજુ નહિ કરો તો હું ઉપવાસ ઉપર ઉતરીશ.

—કીનીયામાં બે ઉમેદવાર છે તેમાં એક છે કાનુના પ્રમુખ શ્રી ન્યામાલા અને બીજા છે શ્રી રીઉ રીડ. અગાઉ તેમણે પોતાને સ્વતંત્ર ઉમેદવાર તરીકે જાહેર કરેલ પરંતુ હવે તેઓ જણાવે છે કે હું કાનુ તરફથી ઉમેદવાર છું અને કાનુ તરીકે શ્રી ન્યામાલાની સામે ચુંટણીમાં ઉભો છું.

—છોટાઉદેપુર તાલુકાના અંબા ડુંગર વિસ્તારમાં ફ્લોરાઇટ નામની ખનીજ સંપત્તિ હોવાનો સંભવ હોવાથી કેન્દ્ર ના નિષ્ણાતોની એક ટુકડી આ અંગે ત્યાં તપાસ ચલાવી રહી છે.

—નિકાસના પ્રોત્સાહનના કારણાનાને આયર્ન ઓર પુરતા પ્રમાણમાં પુરું પાડવા માટે ભારત સરકારના સહકાર સાથથી રાજ્ય આયર્ન ઓરની ખાણોને સંપૂર્ણપણે ચાલુ રાખવાનું જણાવ વામાં આવી છે.

—સુરતના રીવણપુરામાં એક માટીની દેરી ધસી પડતાં ૧૩ જણાનાં મરણ થયાં હતાં. આમાં મોટા ભાગનાં બાળકો હતાં. ઘવાયેલાઓમાં બાકીની સ્થિતિ ગંભીર છે.

—કસ્ટમના અધિકારીઓએ પોરબંદર રોડને એડનથી આવતા એક મુસાફર ગોરધનદાસ ઓધવજીને અટકાવીને રૂા. ૩ હજારની કીંમતનો દાણચોરીનો માલ કબજે કર્યો હતો. મુંબઇ ઉતરીને પોતાના વતન ભાવનગર જતા આ મુસાફર પાસેથી વીસેક ઘડીયાળો, ૨૦ તોલા સોનું, બે રોલ ફલોક, એક રેડીઓ, ટેલીફોન, ટેપ રેકર્ડર, અત્તરની શીશીઓ વગેરે કબજે કરવામાં આવેલ છે.

—ભારત પાકીસ્તાન વચ્ચે સરહદની અદલાબદલી પુરી થઇ છે તેને પરિણામે રાવી નદી ઉપરનો પુલ પાકીસ્તાનના કબજામાં ગયો છે અને અમૃતસર અને ગુરદાસપુરનાં ૯૪ ગામડાં પણ સોંપાઇ ગયા છે. ભારતને સીયાલકોટ જીલ્લાનો અમુક ભાગ મળેલ છે. ત્રિપુરા જીલ્લાની ફેરબદલી પણ પુરી થઇ છે.

—સૌરાષ્ટ્રમાંની કાચ ખાણાના/ટ્રાન્સપોર્ટ કારણે કુનીનગીમુવા ટી. સી. એ જણાવ્યું છે કે આ હીરાકીટમાં કામ તમારી પાટીની મોટેરાવી ભરવા દેવામાં આવશે નહિ.

—દક્ષિણ વિસ્તારમાં મેહેરીના ફેક્ટરી ખાણોમાં કામ કરતા બધા કર્મચારીઓ અને મજુરોને અપીલ કરવામાં આવી છે કે હેરાતીના ખાણમાં આગ મુકવાના જે બનાવો બનતા જાય છે તે અટકાવવા માટે સૌએ માલીકોને સહકાર આપવો.

—જાપાનના એક ગામમાં ધરતીકંપ ના આંચકા આવતાં કેટલાંક મકાનો પડી ગયા છે અને કેટલાક માણસો માર્યા ગયા છે તથા કેટલાક જખમી થયા છે.

—અમેરિકાની પી. એલ. ૪૮૦ની યોજના હેઠળ ભારતને ત્રણ લાખ ગાંસડી રૂ ટુંક સમયમાં મળનાર છે

—બોન. પશ્ચિમ જર્મનીએ અમેરીકાને વેપારી ખાધને અમુક જાતનું અટકાવવા ૧ અબજ ડોલરની મદદ આપવાની જાહેર કરી છે.

—પેરીસના બજારમાં એક કસાઇ રેફ્રિજરેટરમાં ૧૮ કલાક પુરાઇ રહ્યા બાદ જીવતો અને ભાનમાં મળી આવ્યો હતો. ભૂલથી તે રેફ્રિજરેટરમાં પુરાઇ ગયો હતો.

—નડિયાદ બોરસદ તાલુકામાં સેલ ગામના એક ખેડુતે એક એકરમાં સુરતી મણ ૧૧૧॥ ડાંગર પકવીને વિકાસ ઘટક હરીફાઇમાં પ્રથમ ઇનામ મેળવ્યું છે.

—લીસબન પોર્ટુગીઝ પશ્ચિમ આફ્રિકાના લુઆન્ડા, એંગોલા ખાતે હથિયારધારી ત્રણ જુથે એક સરકારી જેલ, એક પોલીસ મથક અને સિવિલ જેલ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. હુમલાનો હેતુ કેદીઓને છોડાવી જવાનો હતો. આ અથડામણમાં ખુવારી મોટી થઇ હોવાનું જણાયું નથી. ઘણા ખરા હુમલાખોરોને પકડી લેવામાં આવ્યા હતા. કુલે ૭ જણ માર્યા ગયા છે.

વડા પ્રધાન ન્યેરેરેના મનોરથ

ટાંગાનીકાના વડા પ્રધાન શ્રી ન્યેરેરેએ દારેસલામ ખાતે કહ્યું છે કે ટાંગાનીકા માટેની આગામી માસની બંધારણીય પરિષદમાં બે તબક્કાઓ ચર્ચાશે, અને તે (૧) આંતરિક સ્વશાસન અને (૨) પૂર્ણ સ્વાતંત્ર્ય. ઉપરાંત પ્રધાન મંડળમાંથી સુચિત બે સરકારી સભ્યો ને દુર કરવાના મુદ્દા પર વિચારણા થશે.

આખા પુર્વ આફ્રિકન પ્રદેશો આઝાદી મેળવે ને સમવાય રચાય ત્યાં સુધી ટાંગાનીકા થોભે તેવા સુચનને નકારતાં ન્યેરેરેએ કહ્યું કે જ્યારે બધાને જવાબદાર સરકાર મળે ત્યારે સમવાયની વાત થઇ શકે.

શ્રી ન્યેરેરેએ પોતાના વાયુપ્રવચન માં જણાવ્યું હતું કે રાજકીય સ્વાતંત્ર્ય ની બાબતમાં તો ટાંગાનીકા માટે હવે કોઇ સમસ્યા રહી નથી. હવે ટાંગાનીકા સમક્ષ માત્ર રહેલો છે ફકત આર્થિક આઝાદીનો.

જર્મનીની મારી મુલાકાતથી મને ખાત્રી થઇ છે કે ગરીબાઇ, અજ્ઞાનતા અને રોગચાળા સામે જો ટાંગાનીકા પ્રજા સ્વાશ્રયી બની લડત ચલાવે તો જર્મનીની પ્રજા ટાંગાનીકાને મદદ કરવા એકદમ તૈયાર છે. હું કાંઇ દાન કે ભિક્ષા માંગવા જર્મની ગયો ન હતો. આપણે સખતથી મહેનત કરી આપણા જ પ્રયત્નો દ્વારા, આપણને મદદ કરવા માગતા સૌને ખાતરી કરી આપવી જોઇએ કે અમારા દેશને આબાદ બનાવવા માટે અમે સૌ જાતમહેનત કરવા તૈયાર છીએ. અમારા દેશનો એકપણ દર્દી દવાદારૂ વિના ના રહે, એકપણ બાળક નિશાળ વિના ના રહે. દરેકને કમાવાની તક મળે એવી સ્થિતિ લાવવા માગીએ છીએ.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!

સોંઘવું ખરીદો, ભરોસો મગાવો, મફતોડ ટાળો.
અમારે ત્યાં નીચેની ખરીદી વસ્તુઓ મળે છે
સ્ત્રીઓ માટે: સાડીઓ, સુંદર સ્વદેશી અને બીજી અનેક જાતની ભાતો, રીતનો પણ ભાતો ગરમ તથા જરસીસ, પુલોવર, કારડીગન, બ્લાઉઝ, મફલર, મોજાં બિ.
બાળકો માટે: નાના બાળકોના અંગરખા, ટોપી, ફ્રોક, શર્ટ, સ્વેટર, ચડ્ડી, મોજાં, નેપકીન્સ, પુલોવર, પેટીકોટ, નાઇટી, બીબ્સ, ટેરીકોટ ફ્રોક, બાબા સ્વેટર બિ.
ટેબલ ક્લોથ, ચાદરો, સ્વદેશી કાપડો, શર્ટીંગ, ગાલી, બિ
વેપાર માટે ખાસ જેથ બનાતા રંગબેરંગી સ્ટીલના વાસણો, ઇન્ડેન્ટ
વિલંબ શા માટે! સસ્તો માલ વેચાય જવા વધે વાર!!
ઉમરાળા વાળોને: સાઉથ ટ્રેડર્સ (પ્રા) લી.
(ભીખાભાઈ માસ્તર એન્ડ સન્સ)
ફ્રેના વ્યાપારગાર — પહેલે માળે, — પો. બો. ૫૭૫૭
માસ્તર બિલ્ડીંગ્સ — ૩૩ વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

હિંદના સમાચારો

તા ૧૪-૩-૧૯૬૧.

હિંદુસ્તાન શિપયાર્ડના ઉત્પાદનમાં થયેલો વધારો

મુંબઈ : વિશાખાપટ્ટનમ ખાતેના હિંદુસ્તાન વહાણવાડાના તંત્રી અધ્યક્ષ શ્રી ગગનવિહારી મહેતાએ ત્યાંની વાર્ષિક સામાન્ય સભા સમક્ષ બોલતાં જણાવ્યું હતું કે ચાલુ વર્ષ દરમ્યાન વહાણવાડા ખાતે રૂ. ૪૦૧.૪૮ લાખની કિંમતનું ઉત્પાદન થયું છે જે ૧૬.૨ ટકા ગયા વર્ષ કરતાં વધુ છે.

વર્ષ દરમિયાન ચાર 'રાજકુમાર', 'ઇન્ડિયન ઇન્વરટી પ્રુવાઇ' અને 'જલા-વહાણી' વહાણો વહાણવાડા ખાતે બંધાઈ રહેલા થયા છે.

શ્રી મહેતાએ એવો દાવો કર્યો હતો કે આમ ઉત્પાદન વધવા છતાં ખર્ચમાં ઘટાડો થયો છે, જે, એ દર્શાવે છે કે કાર્યક્ષમતા વધી છે. તેમણે જણાવ્યું હતું કે, આ વહાણવાડા ખાતેથી આવતા થોડા દિવસોમાં જ "ગ્રેટ ઑફ ઉત્તર પ્રદેશ" નામનું વહાણ બંધાઈ તૈયાર કરવામાં આવશે. તેમણે એવી રજુઆત કરી હતી કે વહાણવાડાને તરતમાં જ બીજા વધુ વહાણ બાંધવાની વર્દી મળી છે પરંતુ તે માટે જરૂરી પોલાદનો જથ્થો સમયસર મળી રહે તે માટે પોલાદની આયાતની પરવાનગી મળે, તે ઇચ્છનીય છે. જો કે દુર્ગાપુર કારખાનામાં ટુંકમાં જ પોલાદનું ઉત્પાદન થવાનું છે, છતાં આ બાબતમાં વહાણનો શરૂઆતનો ભાગ બાંધવા માટે જરૂરી પોલાદ મેળવવાનો સમય થઈ ચૂક્યો છે.

શ્રી મહેતાએ વહાણવાડા ખાતે 'ડ્રાય ડૉક'ની જરૂરિયાતનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે સરકાર ત્રીજી યોજનામાં આ અંગે 'તારતો પગલો' ભરશે એવી ભવિષ્ય સમજૂતીની જોગવાઈ રાખશે, એવી આશા રાખી શકાય. તેમણે વહાણવાડા ખાતે બંધાતાં વહાણોની કિંમત અંગેની મુશ્કેલીઓનો પણ સવિસ્તર ઉલ્લેખ કર્યો હતો.

રમતગમતોને મળનારું નાણાકીય પ્રોત્સાહન

ગ્રામવિસ્તારોમાં રમતગમતોને લોકપ્રિય બનાવવાના હેતુથી ગુજરાત સરકારે વ્યાયામશાળા, અખાડા, કસરત કેન્દ્રો વગેરે જેવી માન્ય સંસ્થાઓને રમતોત્સવ યોજવા તથા રમતગમતોનાં સાધનો વસાવવા સહાય આપવા માટે ચાલુ વર્ષે નાણાકીય જોગવાઈ કરી છે.

ગ્રામવિસ્તારોમાં રમતગમતોનો વિકાસ કરવામાં રસ ધરાવતી અને નાણાકીય સહાય મેળવવા ઇચ્છતી સંસ્થાઓએ સબંધકર્તા જીલ્લાના કેળવણી નિરીક્ષકોને અરજી કરવી. આ અંગેની વધુ વિગતો પણ કેળવણી નિરીક્ષકો પાસેથી મળી શકશે.

અધ્યાપકોની અપીલ માન્ય રહી

નવી દિલ્હી : શિક્ષણ ખાતાએ બનારસ હિંદુ યુનીવર્સિટીના આઠ પ્રાધ્યાપકોને ગયા વર્ષના જુનમાં નોકરીમાંથી છૂટા કરવાના યુનીવર્સીટીની કારોબારી સમીતીના હુકમોને રદ ઠરાવ્યા હતા. પ્રાધ્યાપકોની અપીલોને માન્ય રાખતાં ખાતાએ જણાવ્યું હતું કે કારોબારી સમીતીએ આ અંગે કરેલો ઠરાવ તેની સત્તાની ઉપરવટ હતો અને તે રદ થવો જોઈએ.

શિક્ષણ ખાતાના મંત્રી અને અન્ય હોદ્દેદારો ઉચ્છલ મહાલની મુલાકાતે

નવાપુર : ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના મંત્રી શ્રી ઝાલા, શિક્ષણ ખાતાના નાયબ ડીરેક્ટર શ્રી શુક્લ તથા સુરત જીલ્લાના સમાજ કલ્યાણ ખાતાના અધિકારી તાજેતરમાં ઉચ્છલની મુલાકાતે આવ્યા હતા. ઉચ્છલ મહાલની વસ્તિ, શાળાઓ અને શિક્ષણ અંગેના પ્રશ્નો વિષે ઉપરોક્ત અધિકારીઓએ ઉચ્છલ મહાલ સેવા મંડળના ઉપ-પ્રમુખ શ્રી મોહનભાઈ દેસાઈ સાથે ચર્ચા કરી હતી.

આખા મહાલમાં એક પણ શાળાનું મકાન પાકી બાંધણીનું નથી એટલે એ મકાનો પાકા બાંધવાની જરૂર છે. ઉચ્છલ ગામ મહાલનું મુખ્ય ગામ હોઈ ત્યાં એક મોટી અને સાધનસંપન્ન શાળા બાંધવી જોઈએ. સારા શિક્ષકો લાવવા જોઈએ અને મહાલના ઉત્કર્ષ માટે તુરત પગલાં લેવાં જોઈએ એવા ઘણા પ્રશ્નો વિષે ચર્ચા થઈ હતી. આ પ્રસંગે શ્રી ઝાલા તથા શ્રી શુક્લે આ બધા કાર્ય બાબત તેટલું સત્વર હાથ ધરવાના પ્રયત્નો થશે એવી હૈયાધરપત આપી હતી.

આ અધિકારીઓ ચર્ચા કર્યા બાદ આહવા (ડાંગ) જવા ઉપડી ગયા હતા.

વેરાવળમાં ઔદ્યોગિક વિસ્તાર

રાજકોટ : સુધરાઈને કિનારે ઔદ્યોગિક વિસ્તાર વિકસાવવાનો વેરાવળ સુધરાઈએ નિર્ણય કર્યો છે. અત્રે બોર્ડની મળેલી સભામાં આ બાબતને લગતો એક ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત નવી ઔદ્યોગિક યોજનાઓ માટેની પથરાશામાં તથા કાચી સામગ્રીને પાંચ વર્ષ સુધી નાકાવેરામાંથી મુક્ત રાખવાનું સુધરાઈએ ઠરાવ્યું હતું.

ગુજરાત સરકારે તાજેતરમાં અખીલ સુધરાઈઓને એક પરિપત્ર પાઠવ્યો હતો અને તેમાં નવા બનતા ઉદ્યોગોને નાકાવેરામાંથી બાકાત રાખવાનું જણાવવામાં આવ્યું હતું. આ પરિપત્રને અનુસરીને વેરાવળ સુધરાઈએ નાકા વેરાની છુટછાટ આપવાનું ઠરાવ્યું છે.

શહેરેશહેરમાં યુનીવર્સીટી હોવી જોઈએ

ઇન્દોર : યુનીવર્સીટી ગ્રાન્ટસ કમીશનના મંત્રી શ્રી સેમ્યુઅલ મથાઈએ જણાવ્યું હતું કે અત્યારે નહિ, તો પણ દૂરના ભાવિમાં દેશના દરેક મોટા શહેરમાં એક યુનીવર્સીટી હોવી જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બ્રીટન અને અમેરિકાની તર્જીને લીધે તે પ્રમાણે કરવાને આપણે તૈયાર નથી.

ઇન્દોર યુનીવર્સીટી તરફથી તેમના માનમાં યોજવામાં આવેલા સમારંભમાં શ્રી મથાઈ બોલી રહ્યા હતા.

નિકાસનો નવો વિક્રમ નોંધાયો

નવી દિલ્હી : ૧૯૬૦ દરમ્યાનની ભારતની નિકાસ ગઈ સાલની રોકડા આંકડાઓ કરતાં પણ વધી જશે એવી ધારણા છે. તાજેતરનાં મહિનાઓ દરમ્યાન થયેલા વધારા જતાં ચાલુ સાલની કુલ નિકાસ રૂ. ૬૪૦ કરોડની થશે એમ સત્તાવાર સાધનો દ્વારા જાણવા મળે છે. ૧૯૫૯નો આંકડો રૂ. ૬૨૭ કરોડનો હતો, જે કોરિયાની લડાઈ વખતે આવેલા ઉછાળા પછી ઊંચી સપાટી હતો. ચાલુ વર્ષની સારી કામગીરીને પરિણામે બીજી યોજનાનું નિકાસલક્ષ્યાંક સંપૂર્ણપણે પાર પડશે.

ભારતમાં હવે સ્ત્રીઓ પણ પર્વતારોહણ કરશે

દાર્જીલીંગમાં પર્વતારોહણ કરતાં શીખવાડતી સંસ્થાએ નક્કી કર્યું છે કે ભારતીય મહિલાઓને પણ આવાં સાહસમાં ભાગ લેતી કરવી અને તેને લગતું શિક્ષણ આપવું. આ સંસ્થાએ આવા કામમાં રસ ધરાવતી મહિલાઓની માંગણી કરી છે કે જેથી તેઓ આવતા વર્ષમાં પાવરધાં બની શકે.

બુકકીપીંગ, ઇનકમ ટેક્ષ રીટર્ન્સ, હાઉસ-સૉલ, રેવન્યુ ક્લીઅરન્સ અને ટ્રાન્સ્ફેરન્સ માટે મળો :

આર. વીઠલ

૧૨ પાર્કસી આર્કેડ, ૨૮ માર્કેટ સ્ટ્રીટ,
કોરનર ડાયેગોનલ અને માર્કેટ સ્ટ્રીટ,
જોહાનીસબર્ગ, ફોન ૩૩-૧૬૫૪.

શુભ પ્રસંગો માટે ભેટ !

સ્ત્રીઓ અને પુરૂષો માટે

ઘડીયાળ !

૧૭, ૨૧ અને ૨૫ જ્વેલ્સના
ઓટોમેટીક કેલેન્ડર.

- શેમર
- શેકરી
- લેડેક્ષ
- રુસર

વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરૂષોના શર્ટ સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.

હોલસેલ ભાવે મળશે

બોક્સ ૫૬૮૮, ફોન : ૮૩૫-૨૬૦૭

વલ્લભભાઈ બી. પટેલની કું.

૪૪, માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ઈદગાહ

પ્રેમચંદ

રમજાનના પૂરા ત્રીસ રોજા પછી આજે ઈદ આવી છે. બધે ઈદગાહ જવાની તૈયારીઓ ચાલી રહી છે.

કોઈના કુરતામાં બટન નથી; પડોશીને ઘેર સોયદોરો લેવા દોડે છે.

કોઈનાં પગરખાં કડક થઈ ગયાં છે, તેમાં તેલ નાખવા ઘાંચીને ઘેર દોડે છે.

જલદી જલદી બળદોને પાણી ખાણ દાણ નીરી દો; ઈદગાહથી પાછા ફરતાં બપોર થઈ જશે. ત્રણ ગાઉ પગે ચાલીને જવાનું, એટલે બપોર પહેલાં પાછા ફરવાનું તો ક્યાંથી બનશે!

બધાંય છોકરાઓ તો ખુબ આનંદમાં છે. કો'ક એક રોજો રાખ્યો હતો—અને તે પણ બપોર સુધીનો જ, અને કો'કે તો તે પણ નહિ. એમને હવે તો ઈદગાહ આવી છે, ઈદગાહ જવા હજી કેમ નીકળતા નથી!

એ શું સમજે કે અબ્બાજાન હાંફળા ફાંફળા ચૌધરી કાયમઅલીને ઘેર કેમ દોડયા છે! એમને શી ખબર કે ચૌધરી જો આજે નજર બદલી દે તો આ આખીય ઈદ મોહરમ બની જાય!

વારેવારે સહુ ખિસ્સાઓમાંથી પોતાનો ખજાનો કાઢે છે, ગણે છે, અને ખુશ થઈ-પાછો મૂકી દે છે. મેહમૂદ ગણે છે: એક, બે,...દસ, બાર—તેની પાસે બાર પૈસા છે! મોહસીન પાસે એક, બે, ત્રણ....આઠ, નવ,...પંદર—પંદર પૈસા છે. આ અગણિત પૈસા વડે તો અગણિત ચીજો લાવીશું: રમકડાં, મીઠાઈ, બ્યુગલ, દડો...

અને સૌ કરતાં વધુ આનંદમાં છે હામિદ. એ ચાર-પાંચ વર્ષનો, ગરીબ ચહેરાનો, દુબળો-પાતળો છોકરો હતો. તેનો બાપ ગયે વર્ષે કોલેરામાં મરી ગયો હતો, અને મા પણ ફિક્કી ફિક્કી થઈને મરી ગઈ હતી. હામિદ હવે પોતાની ઘરડી અમીનાના ખોળામાં સૂવે છે—અને એટલો જ ખુશ છે: તેના અબ્બા રૂપિયા કમાવા ગયા છે, ઘણી બધી થેલીઓ રૂપિયાની ભરીને લાવશે. મા પણ અલ્લાહમિયાંને ઘેરથી તેને માટે ઘણી સારી ચીજો લેવા ગઈ છે. હામિદના પગમાં જોડા નથી, માથે, જેનો ગોટો કાળો પડી ગયો છે એવી, જૂનીપુરાણી ટોપી છે. છતાં તે આનંદમાં છે.

અમીના પોતાની ઓરડીના એક ખૂણામાં બેઠી બેઠી રોતી હતી: આજે ઈદનો દિવસ, અને તેના ઘરમાં એક દાણો પણ અનાજનો દાણો ન મળે! આજે આબિદ જીવતો હોત તો ઈદ શું આ રીતે આવત અને ચાલી જાત!

અમીનાનું દિલ કમકમી રહ્યું હતું. ગામનાં બાળકો પોતપોતાના બાપ સાથે જતાં હતાં. હામિદને તો અમીના સિવાય કોણ છે! તે શી રીતે તેને એકલો જવા દે! ભીડમાં ક્યાંક એ ખોવાઈ જાય તો શું થાય! નાનું બાળક! ત્રણ ગાઉ ચાલશે શી રીતે! પગમાં જોડા પણ નથી, છાલાં પડી જશે.

હામિદે અંદર જઈને દાદીને કહ્યું: "ચિંતા ન કરીશ, મા; હું સૌથી પહેલો આવી પહોંચીશ."

ને દહાડે ફહીમનનાં કપડાં સીવ્યાં હતાં, તેના આઠ આના મળ્યા હતા. આ આનાને ઈમાનની જેમ તે આ ઈદ માટે જ સાચવી રાખી હતી. પણ કાલે ગ્વાલણે દૂધ ઉધાર આપવાની ના પાડી, એટલે હવે તો માત્ર બે આનાના પૈસા બચ્યા છે. ત્રણ પૈસા હામિદના ખીસામાં, અને પાંચ પૈસા અમીનાના બટવામાં. આટલી મૂડી પર એ તહેવાર: અલ્લાહનો જ આધાર!

ગામમાંથી ટોળું રવાના થયું. બીજાં બાળકો સાથે હામિદ પણ હતો. એના પગને તો જાણે પાંખો આવી હતી.

શહેર નજીક આવી ગયું. સડકની બંને બાજુ મોટી મોટી ઇમારતો આવવા લાગી: આ કચેરી...આ કોલેજ...આ ક્લબ...

આટલી મોટી કોલેજમાં કેટલા બધા છોકરા ભણતા હશે!

ક્લબમાં જાદુના ખેલ થાય છે, સાંભળ્યું છે કે અહીં સાહેબ લોકો ભેગાં રમવા આવે છે. મોટા મોટા માણસો—મૂછ ને દાઢીવાળા—અહીં રમે છે! અને મડમો પણ રમે છે—સાચું! આપણી માને જો એવું આપી દો... તો—શું નામ એનું! બૅ, બેટ—તો એને તો એ પકડી જ ન શકે, ફેરવતાં જ પડી જાય.

મહેમૂદ કહે: "મારી અમ્મીજાનના હાથ જ કાંપવા માંડે: અલ્લાહ કસમ!"

"અરે, આપણી કેટલીય પ્લેટ ઉપાડે છે!" મોહસીન બોલ્યો: "ત્યારે જેટલું બેટ પકડતાં તે ઘણા હાથ કાપ્યો હશે? અરે, રોજ કેટલાંય ઘડા પાણી ભરીને લાવે છે. પાંચ બેડાં તો મારી ભેંસ જ પી જાય છે. મડમને જો એક બેડું પાણી ભરવું પડે ને, તો આંખે અંધારાં આવી જાય—હા!"

"પણ એ દોડતી તો નથી ને!" મહમૂદે સવાલ કર્યો: "કૂદકા તો નથી મારી શકતી ને!"

"હા, કૂદકા મારી શકતી નથી; પણ—" મોહસીનને સાંભરી આવ્યું: "જે દહાડે મારી ગાય છૂટી ગઈ હતી, અને ચૌધરીના ખેતરમાં જઈને પડી હતી, તે વખતે અમ્મી તો દોડી હતી કે હું પણ તેને પકડી શક્યો નહોતો—સાચું!"

હવે કંદોઈઓની દુકાનો શરૂ થઈ. આજે એ બધી ય ખૂબ સજાવેલી હતી. આટલી બધી મીઠાઈઓ કોણ ખાતું હશે! જુઓને: એક એક દુકાનમાં સેંકડો મણ હશે! સાંભળ્યું છે કે રાતના જીનાત આવીને તે ખરીદી જાય છે. અબ્બા કહેતા હતા કે, મધરાતે એક આદમી દરેક દુકાને જાય છે, અને જેટલો માલ રહ્યો હોય તે બધોય ખરીદી લે છે અને એવા રોકડા રૂપિયા ગણી આપે છે— બિલકુલ આપણા જેવા જ રૂપિયા!

બધા આગળ ચાલ્યા. આ પોલીસ-ચોકી છે. અહીં પોલીસો કવાયત કરે છે: 'રેટ ટન! ફૂલ ફેન! રેટ ટન! ફોમ ફોસ'! આખી રાત બિચારા ફરતા ફરી ચોકી કરે છે; નહિ તો ચોરીઓ ઘણી થાય.

મોહસીન કહે: "હવે કરી એમણે ચોકી! તમે પાકા બધું જાણતા હશો! અરે, હજરત, એ તો ચોરીઓ કરાવે છે. શહેરમાં જેટલા ચોર-ડાકુ છે, એ બધા એમની સાથે મળેલા હોય છે. રાતે એ લોકો ચોરોને કહેતા હોય છે કે, ચોરી કરો; અને પછી પોતે બીજા મહોલ્લાઓમાં જઈને 'જાગતા રહેજો...'—'જાગતા રહેજો'ની બૂમો પાડતા હોય છે! ત્યારે જ તેમની પાસે ખૂબ પૈસા હોય છે ને! મારા મામા એક થાણામાં ચોકીદાર છે. મહિને વીસ રૂપિયા પગાર મળે છે, છતાં દર મહિને પચાસ રૂપિયા ઘેર મોકલે છે: અલ્લા-કસમ! મેં એક વાર પૂછ્યું હતું કે, મામા, તમે આટલા બધા પૈસા ક્યાંથી લાવો છો? તો એમણે હસીને કહ્યું: બેટા, અલ્લાહ આપે છે! પછી પોતે જ આગળ કહેવા લાગ્યા: 'અમે લોકો ધારીએ તો એક દહાડામાં હજારો રૂપિયા લઈએ. અમે તો આટલા પૈસા જ લઈએ છીએ—કે જેથી બદનામી ન થાય, અને નોકરી પણ ચાલી ન જાય.'"

હામિદે પૂછ્યું: "આ લોકો ચોરી શા કરાવે છે, તો એમને કોઈ પકડતું કેમ નથી!"

મોહસીન તેની અણસમજીનતા પર દયા દાખવતો બોલ્યો: "અરે ગાંડા! એમને કોણ પકડે? પકડનારા તો એ પોતે જ છે. પણ, અલ્લાહ એમને સજા પણ ખૂબ કરે છે; હરામનો માલ હરામમાં જાય છે. હમણાં—થોડા દહાડા થયા—મામાના ઘરને આગ લાગી હતી. આખી જીંદગીની કમાણી એમાં બળીને સાફ થઈ ગઈ. એક વાસણ સુદ્ધાં ન બચ્યું. કેટલાક દહાડા ઝાડ નીચે સૂઈ રહ્યા—અલ્લા-કસમ, ઝાડ નીચે!"

એમ કરતાં ઈદગાહ આવી ગઈ. ઉપર આંબલીનાં વૃક્ષોની છાયા હતી. નીચે પાકી ભોં હતી, અને તેના પર જાજમ બિછાવેલી હતી. રોજા રાખનારાઓની હારની હાર એકની પાછળ એક—એમ ક્યાંય સુધી ગઈ હતી, નવા આવનારા હાથ-પગ-મોં ધોઈ પાછળની હારમાં ઉભા થઈ જતા. કેવું સુંદર સંચાલન છે! કેવી સુંદર વ્યવસ્થા! હજારો મસ્તકો એક સાથે સિજદામાં ઝૂકે છે. પછી પાછા એ બધાં એકીસાથે ઉભાં થઈ જાય છે. વળી પાછાં એકીસાથે ઝૂકે છે, અને એકીસાથે ઘૂંટણીએ બેસી જાય છે. જાણે કે વીજળીના દીવા એકીસાથે સળગે છે, અને એકીસાથે બુઝાઈ જાય છે.

નમાજ પૂરી થઈ ગઈ. લોકો એકબીજાને ભેટે છે. પછી મીઠાઈ અને રમકડાંની દુકાનો પર બધા તુટી પડે છે.

આ ચકડોળ: લાકડાના હાથી, ઘોડા, ઊંટ લટકાવેલાં છે. એક પૈસો આપી અમે તેના પર બેસો—અને પચીસ ફેરાની મોજ ઉડાવો!

મહેમૂદ, મોહસીન, નુરો અને સમ્મી આ ઘોડા અને ઊંટ પર બેસે છે. હામિદ દૂર ઊભો છે. તેની પાસે તો ત્રણ જ પૈસા છે. પોતાના ખજાનાની ત્રીજા ભાગની રકમ એક જરા—શી ચકરડી-ભમરડી ખાતર ખરચી નાખવા તે તૈયાર નથી.

(અધૂરું)

---

* ઈદ એ ઈસ્લામમાં એક મહત્વની તિથિ ગણાય છે. 'ઈદ'નું ભાષાંતર 'આનંદ'.

નવા પુસ્તકોની યાદી

સંસ્કારિતાને કાંઠડે શિ. ૩-૦
કોઇ ગોરા કોઈ કાળા શિ. ૩-૦
આ ઓફિસેથી મળશે.

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

નવ નવા નામવાળા, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સાડીઓ બાળકો અને પુરુષો માટે જાતજાતના ફુલ જર્સી, પુલોવર, કારડીગન્સ અને બ્લાઉઝો માટે—શુટીંગ, લીનન, ફ્લોનેલ, સીલ્ક, નેપકીન્સ વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા ભલામણ.
૩૩ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન: ૮૩૪-૬૭૮૬ — બોક્સ ૬૫૪૯.

સામાજીક ખબરો

લગ્ન સમાચાર

રણછોડભાઇ મોરારજી હુસાકા નિવાસી ના સંબંધી શ્રી નરોત્તમભાઇ પરશોત્તમના શુભ લગ્ન તા. ૫-૩-૬૧ ના રવિવારે, શ્રી નારણભાઇ ભિખાભાઇ ભીખીની સુપુત્રી કુ. દેવીબેન સાથે થયા તેની ખુશાલીમાં ઇ. ઓ. ને પા. ૧-૧-૦ ભેટ.

• •

શ્રી નારણભાઇ ભિખાભાઇ ભીખીની સુપુત્રી કુ. દેવીબેનના શુભલગ્ન હુસાકા-વાળા રણછોડભાઇ મોરારજીના સબંધી શ્રી નરોત્તમભાઇ પરશોત્તમભાઇ સાથે તા. ૫-૩-૬૧ના શુભદિને થયા હતાં. તેની ખુશાલીમાં ઇ. ઓ. ને પા. ૧-૧-૦ ભેટ.

• •

શ્રી ગોપાળભાઇ રામાભાઇ કીમ-ડોસવાડાની સુપુત્રી કમળાબેનના શુભ લગ્ન શ્રી ડાહ્યાભાઇ ભીખાભાઇના સુપુત્ર ગુલાબદાસ સાથે તા. ૧૨-૩-૬૧ના શુભદિને થયા હતાં તેની ખુશાલીમાં ઇ. ઓ. ને પા. ૨-૨-૦ ભેટ.

• •

ફોર્ડસબર્ગના શ્રી રણછોડભાઇ ભગા-ભાઇના સુપુત્ર ગુલાબભાઇ ઉર્ફે ડાહ્યાભાઇના શુભ લગ્ન શ્રી મંગાભાઇ પરશુભાઇની સુપુત્રી મંગળબેન સાથે તા. ૧૨-૩-૬૧ના શુભદિને થયા હતા તેની ખુશાલીમાં ઇ. ઓ. ને ભેટ પા. ૧-૧-૦.

• •

ટુકવાડાના શ્રી મંગાભાઇ પરશુભાઇની સુપુત્રી મંગળબેનના શુભલગ્ને શ્રી રણછોડભાઇ ભગાભાઇના સુપુત્ર શ્રી ડાહ્યાભાઇ સાથે તા. ૧૨-૩-૬૧ના શુભદિને થયાં હતાં તેની ખુશાલીમાં ઇ. ઓ. ને ભેટ પા. ૨-૨-૦.

ઓશર્સ ટ્રીટમેન્ટ માટે ભેટ

ઝીણાભાઇ જેઠ ડાહ્યાભાઇ	સ્ટૅંગર	૧૦-૬
મકનજી પટેલ	[illegible]	૧૦-૬
ડાહ્યારામ વાલજી	સ્ટૅંગર	૫-૩
પરાગભાઇ ચંદનભાઇ	ફોર્ડસબર્ગ	૧-૧-૦

અવસાન

અમારી ધર્મપત્નિ ઝવેરબેન તા. ૨૭-૨-૬૧ને સોમવારે સવારે અમારાં નિવાસસ્થાને ટુંકી માંદગી બાદ દેવ લોક પામ્યા હતા. તેઓ પાછળ બે પુત્રીઓ અને પુત્રને શોક કરતાં મુકી ગયા છે. તે પ્રસંગે જે ભાઇ બેનોએ અમારા દુઃખનાં સમયમાં હાજરી આપીને તેમજ તાર, પત્ર અને ટેલીફોન દ્વારા જે દિલસોજીના સંદેશા પાઠવ્યા હતાં તે બધા અમે સર્વેનો ખરા અંતઃકરણથી આભાર માનીએ છીએ. તેમના આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

કોંગ્રેસ ઉમેદવારને હરાવવામાં કોંગ્રેસીઓનો સાથ

શિલોંગ: આસામના કોંગ્રેસીઓના મતભેદોની ચર્ચાવિચારણા અને આવતા વર્ષે થનારી ચુંટણી વખતે સંયુક્ત મોરચો રચવાના હેતુથી મતભેદોનું નિરાકરણ કરવા માટે આસામ પ્રદેશ કોંગ્રેસ સમિતિ (સામાન્ય સમીતી)ની એક ગુપ્ત બેઠક મળી હતી.

૧૯૫૯મા નૌગોંગ ખાતે થયેલી પેટા ચુંટણીમાં એક સામ્યવાદી ઉમેદવાર શ્રી ફણી બોરાએ કોંગ્રેસી ઉમેદવાર આસામ વિધાનસભાના અધ્યક્ષના સ્પીકર શ્રી દેવકાન્ત બોરૂઆને આપેલા પરાજયની બાબતે ડો. ભારતસિંહના પ્રમુખપદ હેઠળની ને આસામ પ્રદેશ કોંગ્રેસે નીમેલી સમીતીએ કરી હતી.

પરાજયના કારણોની તપાસ કરનાર સમીતીએ જણાવ્યું હતું કે કેટલાક કોંગ્રેસીઓએ કોંગ્રેસની વિરૂદ્ધ કામ કર્યું હતું. અન્ય કોંગ્રેસના પરાજયમાં કોઇ પણ રીતે અલિપ્ત રહ્યા હતા.

સમીતીના આ હેવાલ પર પ્રદેશ કોંગ્રેસ કારોબારીએ વિચારણા ચલાવી હતી અને કોંગ્રેસ પ્રમુખ શ્રી રેડ્ડી સમક્ષ આ હેવાલ રજુ કરવાનો નિર્ણય કર્યો હતો.

શ્રી ટ્રાં. પ્ર. એસોસીએશન

સને ૧૯૬૧નું વાર્ષિક સંમેલન

ઉપરોક્ત એસોસીએશનનું વાર્ષિક સંમેલન તા. ૬-૪-૧૯૬૧ના ગુરૂવારે બપોરે ૧-૧૫ કલાકે જોહાનીસબર્ગમાં, ૫૦ ફેરેડે સ્ટ્રીટ ઉપર આવેલા ગાંધી હોલમાં શ્રી દેવાભાઇ કાનજીના પ્રમુખપદે મળશે. વિષય વિચારણી સમીતી તા. ૫-૪-૧૯૬૧ના બુધવારે સાંજે ૬-૩૦ કલાકે, ૩૩ ગેરટ સ્ટ્રીટ ઉપર આવેલા ભારત મેન્શનના પરિતોષ-હોલમાં મળશે. જે પહેલા સભ્યો તરફથી આવનાર ઠરાવોની દરખાસ્ત મળીને પણ લેવાશે. આ બન્ને પ્રસંગોએ વેળાસર પધારવા દરેક જ્ઞાતિબંધુને આગ્રહભરી વિનંતી છે.

સંમેલન કાર્યક્રમ (૧) ઓડીટ તથા મંત્રીનો રીપોર્ટ, (૨) હિસાબની રજુઆત, (૩) ઠરાવો, (૪) ચુંટણી, (૫) પરચુરણ.

કાંતિલાલ ભુલાભાઇ
સ્વાગત પ્રમુખ
રમેશચંદ્ર ડુલ્લભભાઇ
સ્વાગત મંત્રી
ડી. દર્શનલાલભાઇ સેનડો
વિઠ્ઠલદેવ નથવજી શાસ્ત્રી
મંત્રીઓ
રજનીકાંત ભીખાભાઇ માસ્તર
ભગવાનદાસ વલ્લભભાઇ મિસ્ત્રી
The battle is not yet over, nor its outcome decided. Only one thing is certain. Federation cannot survive for long. It has had a short innings. So short, that a new glossy volume titled "The Vision Splendid — The Future of the Central African Federation" is still among the latest arrivals in the bookshop windows, while the newspaper posters outside proclaim not the vision but the reality—"Crisis looms in Federation," "Troops called out in CAF,"—and more sinisterly, in the Afrikaans posters "Talk of open rebellion in Federation."

A short innings, but now its time has passed. The sweep of African liberation has caught up with this empire-building scheme of imperialism, and will shortly roll it into the dust of history.

Humanity Needs Vedanta And Gandhi's Ideals

(Continued from page 82)

On the other hand, Gandhiji was the first to admit that he had never found time to study metaphysics as thoroughly as he could have wished. As we read in his Autobiography, he even had to do his daily reading of the Gita while washing his teeth. His philosophy, therefore was, at time, a little confused, as in TRUTH IS GOD where he writes ("Harijan 8.6.'35) "To say that God permits evil in this world may not be pleasing to the ear. But if he is held responsible for the good, it follows that he has to be responsible for the evil, too." Here, he required the clearer philosophy of both Vedanta and Neo-Platonism which teach, with Plato, that "the good is responsible for the things that are good but not responsible for the evil," evil the unlikeness of Reality being a dream of the sense-deluded lower soul, according to the Neo-Platonists, and *Maya* according to Vedanta.

The purified, evolutionary life of Gandhiji, plus the philosophical elucidations of the Vedantists between them undoubtedly provide a basis for the spiritual unification and salvation of mankind.

Qualifications For Franchise In Nyasaland

(Continued from page 83)

Or 3. Secondary education equivalent to four years of high school, plus cash income of at least £300 during the two years preceding registration or ownership of property worth at least £500 at the time of registration.

Or 4. Hold a university degree.—Courtesy, "Race Relations News," March 1961.

R. VITHAL
Bookkeeping, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns.
Contact No. 12 Barkly Arcade,
32 Market Street,
Cor. Diagonal & Market Sts.
Johannesburg 'Phone 33-1654

Phone: 835-0780 P. O. Box 1549
MASTER BROS.
(PTY) LTD.
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
33 West Street, JOHANNESBURG.

fifty years ago... *March 1911*

IN PERIL OF THEIR LIVES

(From The Indian Opinion, March 25, 1911)

THE following report appears under the above heading:—

On Saturday, the 17th instant, four Indians, named Papayah, Nasmomaloo, Chengu Naidu, and Veerana, were charged at the Stanger Court, before Mr A. J. S. Maritz, R. M., by Mr. Rae, Manager of the Darnall Estate, with not doing their stipulated work. The men were defended by Mr. A. E. Foss. It appears that the men had been ordered to paint the stands at the roof of the Darnall Mill, owned by Sir Liege Hulett and Sons. The defence was that the work was dangerous to perform, as the men had to paint the roof whilst standing on two 3 in by 5 in. deals put together. If they fell they would drop a distance of about 45 feet to the ground and there was no support to hold on or net placed underneath to receive them if they dropped, but they would fall into the machinery and their death would be certain. Although the manager said that there was a life-line for them to hold on to, Counsel for the defence quoted several authorities, and pointed out that his clients were justified in refusing to do the work as they considered it was dangerous, and this was supported by the evidence of one Kasli Naicker witness for the prosecution. During the course of the trial, two of the accused were found to be free Indians and were discharged when the prosecution closed, and these men were used as witnesses for the remaining two indentured Indians. The Magistrate found the latter not guilty and, in discharging them, said he (the Magistrate) sympathised with them, and said that it was a dangerous sort of a job. The Magistrate further pointed out that if he himself climbed to a high place and looked down, he would not help jumping down, and the sensation would be as with the Indians.

The Difference

The following editorial comment appears under the above heading:—

Some time ago, in Durban, there arose a great hullabaloo against the employment of natives to paint the tramway electric wire standards. It was urged that this skilled work should be given to whites. In defence of the employment of natives, it was argued that the work entailed danger to life and limb, to which it was suggested that the painting of the upper part of the standards in close proximity to the live electric wire—the dangerous work—might be left to natives, whilst the lower part should be painted by white men. The brutal callousness of the suggestion is brought to our mind by the facts of a case at Stanger, where two indentured Indians were charged with refusing to perform a piece of work which they could only accomplish at great risk of sudden and most fearful death. The Magistrate, who declined to believe that proper safeguards had been provided by the employers, Sir Liege Hulett and Sons, discharged the men with a few noteworthy words of sympathy. If this kind of thing can happen with so well-reputed an employer as Sir Liege Hulett, we dread to think what less fortunate employees may have to suffer at the hands of less reputable employers. The significance of this case lies in the fact that, as soon as it was discovered that the two of the accused men were free Indians, the charge against them was withdrawn. It thus appears that Indian labourers under indenture may be forced to do dangerous work, refusal at which means criminal proceedings against them, hard labour in prison, or heavy fines, none of which consequences would ensue were the labourers free. A case like this tells its own story and points its own moral—there should be no re-indenture under any circumstances.

—o—

Colonial Born Indian Association

A meeting of the newly-formed Colonial-born Indian Association was held on Tuesday evening last, in the Union Theatre, Victoria Street, for the purpose of appointing office-bearers, discussion of the Immigration Bill, and other matters. Mr. Lutchman Panday was invited to preside for the occasion.

Mr Polak was asked to explain the latest situation arising out of the Immigration Bill.

The following is the list of office-bearers—Messrs. K. R. Nayanah, President; L. Gabriel, R. N. Moodley, L. Panday, S. Emamally, M. N. Naidoo, and G. Panday, Vice-Presidents; A. Christopher, Hon. Secretary; S. D. Lalla, Hon. Treasurer; and a representative Committee.

KENYATTA READ GANDHI

BHIKU CHAMAN LAL, an Indian Buddhist monk and scholar, who is a close friend of Mr. Nehru, said in London recently that he thinks it likely that Jomo Kenyatta has accepted Buddhist teachings and has been converted to principles of non-violence.

According to the " Commonwealth " the Bhiku gathered this impression in Nairobi where was the guest of an businessman who in his had been active in the movement. Some months hearing that Jomo wished to study the life Gandhi, this businessman had sent him books. quently there came further requests for literature about and books on Buddhism.

Bhiku Chaman Lal that the matter has also to the attention of the authorities and the Office.

The "Guardian's" wealth correspondent that if this is so, it would profound implications in

Cable & Tel Add. HARGVAN. Phone 29368

P. Hargovan & Co.
(Pty.) Ltd.

Received Shipment of Genuine Fireworks "Kwong Man Lung" Brand. Order Your Requirement Now.

Imported Screw Cap Neck 3½" Diameter Mouth Pickle Jars

½ Gallon	95c	each	F.O.R. DURBAN
1 "	R1 25	"	"
2 "	R2·00	"	"
3 "	R3 50	"	"
4 "	R4 50	"	"

PACKING EXTRA. CASH WITH ORDER ONLY.

155-7 WARWICK AVENUE,
P.O. BOX 1250. - DURBAN.

Newly Arrived 'Jaico' Books

KASHMIR PRINCESS	R2 50
The Unmarried Widow	40c
The Spell Of Aphrodite	40c
Some Inner Fury	40c
War And Peace	40c
The Whirlwind	40c
The Voice Of God And Other Stories	40c
Kadambari	40c
Keeping Fit	40c
Nectar In Sieve	40c
He Who Rides A Tiger	40c

(Postage 6d. Extra)

Obtainable From:
INDIAN OPINION,
P.Bag, Durban.

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

No. 11—Vol. LIX
Friday,
24th March, 1961
Phone: Mount Edgecombe 30.
Registered at the G.P.O. as a Newspaper
Price 4 Cents

INDIAN OPINION
ઈંડીયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણિલાલ ગાંધી

*

જો આપણા દેશનાં પુરુષો અને કમનસીબીઓનાં ચેતનાં [illegible] અને પછી [illegible] બચાવે અરસે આગે રહેંગી [illegible] માત, તો થોડા આગના [illegible] પોતાનું 'ચૈતન્ય' ઉપાડીને આગતા થવા રાજી થાવ!

—સોક્રેટિસ.

પુસ્તક ૫૯ મું—અંક ૧૧ | તા. ૨૪ માર્ચ, ૧૯૬૧ | છુટક નકલ સેં. ૪

દશ આફ્રિકનોની ધરપકડ

સોમવાર

ડર્બનમાં આફ્રિકન નેતાઓની સરકારે ધરપકડ કરી છે તેમાં લીબરલ પાર્ટીના નાયબ-પ્રમુખ મી. એલ્ફ્રેડ મુસાળે પણ છે. સરકારે વહેલી સવારે આ બધા આફ્રિકનોની ધરપકડ કરી છે.

આ ધરપકડ થયેલા બધા નેતાઓ મેરીત્સબર્ગમાં માર્ચની ૨૫ તારીખે "ઓલ-ઈન કોન્ફરન્સ"માં સાથ લેનાર હતા. આ આફ્રિકનો ડરબન, પેગ્સ, એલીઝાબેથ, ન્યુકેસલ-ટીન, લેડીસ્મિથ, [illegible] બર્ગ અને સ્ટેંગરના રહેવાસીઓ છે. આ બાબતે લેડીસ્મિથમાં સર્વ અરાજી, અને તેઓની ધરપકડ 'આફ્રિકન ઓરગનાઈઝેશન બોર્ડ' અને 'ધ સપ્રેશન ઓફ કોમ્યુનિઝમ એક્ટ' હેઠળ થઇ છે.

આ દશ આફ્રિકનો નીચે મુજબ છે:

મી. જે. કે. ન્ગુબાને જેઓ કન્ટીન્યુએશન કમીટી ઓફ નેટીવ લીડર્સ'ના પ્રમુખ ને આગેવાનો પહેલાં હતા. આગાહીઓ ઉપર મી. ન્ગુબાનેએ આ કમીટીમાંથી રાજીનામું આપ્યું હતું અને હાલ તેઓ સભ્ય નથી.

પ્રોફ. મોસાકા, લેડીસ્મિથના 'ફેડરેશન ઓફ ટ્રેડર્સ'ના ભૂતપૂર્વ પ્રમુખ તેઓ પણ કમીટીમાંથી રાજીનામું આપી નીકળી ગયા છે.

ધી રેવ. એન. બી. ટાન્ટશી, આફ્રિકન મેથોડીસ્ટ એપીસ્કોપલ ચર્ચના સભ્ય.

લેડીસ્મિથના મી. [illegible] જેઓ 'કન્ટીન્યુએશન કમીટી'ના મંત્રી છે.

લેડીસ્મિથના ધ રેવ. પી. આર. [illegible], જેઓ 'આફ્રિકન મીનીસ્ટર્સ ફેડરેશન'ના મંત્રી છે.

લેડીસ્મિથના [illegible] શ્રી ૫.

ડરબનના વકીલ મી. એમ. એન્ડ્રી જેઓ લીબરલ પાર્ટીના સભ્ય છે. મી [illegible] એમણે પણ કમીટીમાંથી રાજીનામું આપ્યું છે.

(અનુસંધાન માટે જુઓ પાનું ૮)

અંધારામાં બાથોડિયા!

મંગળવાર

નેશનાલીસ્ટ રાજદ્વારી પુરુષો પાસે એક એવો ડિબીઓ છે કે જેનાથી તેઓ ગમે તેવા ગુંચવણોનો ઉકેલ લાવી શકે છે, અને એની રીત પણ ઘણીજ સાદી છે. તેઓ એક મેજની ફરતે બેસી જાય છે અને કોફી પીતા પીતાં એકમતે કહે છે કે હવે એ ગુંચવણ રહી નથી—એનો ઉકેલ આવી ગયો છે.

થોડાક વખત ઉપર આપણને કહેવામાં આવ્યું હતું કે દક્ષિણ આફ્રિકાનું હિત કોમનવેલ્થની અંદર રહેવામાં છે. હવે આપણને કહેવામાં આવે છે કે દક્ષિણ આફ્રિકાનું હિત કોમનવેલ્થની બહાર જવામાં જ સચવાશે.

હાલના વખતમાં દક્ષિણ આફ્રિકા યુનાઈટેડ નેશન્સમાં રહે એ હિતકારી છે—પરંતુ જ્યારે દક્ષિણ આફ્રિકાને યુનાઈટેડ નેશન્સ છોડવું પડશે ત્યારે આપણને કહેવામાં આવશે કે યુનાઈટેડ નેશન્સ છોડવામાંજ દક્ષિણ આફ્રિકાનું હિત સમાયું છે.

એજ રીતે હાલમાં દક્ષિણ આફ્રિકા ઉચ્ચ પામે એ દક્ષિણ આફ્રિકાના હિતમાં છે—પરંતુ જો તેવું કરે તો પણ મને લાગે છે કે આપણને કહેવામાં આવશે કે એ પણ દક્ષિણ આફ્રિકાના હિતમાં છે.

થોડાક વખત ઉપર આપણને કહેવામાં આવ્યું હતું કે પરદેશી મૂડી મેળવવી એ આપણા હિતમાં છે, હવે જ્યારે એ મૂડી આવતી નથી ત્યારે આપણને કહેવામાં આવે છે કે એ મૂડી આપણે માટે હિતકારી છે.

એક દિવસ એવો આવશે—જ્યારે આખા દક્ષિણ આફ્રિકામાં અંધાધુંધી ફેલાઈ જશે, ત્યારે પણ મને એમ લાગે છે કે દક્ષિણ આફ્રિકાની આ સરકાર કહેશે કે આ અંધાધુંધીથી આપણને લાભજ થશે—અને એનાથી એકતા સ્થપાશે.

હાલ જે નાતાલમાં ચાલી રહ્યું છે તે પણ એક ગુંચવણ છે કે જેમ છે નાતાલના લોકોની એવી માગણી છે કે નાતાલે યુનીયન ઓફ સાઉથ આફ્રિકામાંથી જુદા પડવું અને કોમનવેલ્થમાં રહેવું. જો એ સફળ નીવડે તો મને લાગે છે કે સરકાર કહેશે કે એ પણ હિતકારી છે. જો એવું થાય તો ડો. વરવુર્ડ કોમનવેલ્થમાંથી નીકળી ગયા પછી જે શબ્દો ઉચ્ચાર્યા, તે પોતાના દેશ માટે જ ખરો પડશે અને નહિ કે કોમનવેલ્થ માટે! ડો. વરવુર્ડના શબ્દો આ પ્રમાણે હતા: This is the starting of the disintegration of the Commonwealth.

નાતાલ પછી જો બીજા પ્રાંતો યુનીયનમાંથી નીકળી જવાની ઈચ્છા જતાવે અને તે માટેના પગલાં લઈ તો પછી પરિસ્થિતિ કેવી થશે? પછી એવું જણાશે કે: This is the starting of the disintegration of the Union of South Africa. કોમનવેલ્થ માટે ઉચ્ચારાયેલા ડો. વરવુર્ડના શબ્દો પોતાના દેશ માટે જ સાચા પડે તો તે ઉપરથી કહેવું પડે પોતે ખાધા નાગર થાય.

આ વાતાવરણ ઉપરથી લાગે છે કે દક્ષિણ આફ્રિકાની સરકાર અંધારામાં બાથોડીયા મારે છે. કોમનવેલ્થના બીજા રાષ્ટ્રોએ પ્રકાશ આપી માર્ગ દેખાડવા નો પ્રયત્ન કર્યો, પરંતુ બ્રુડરબોન્ડ સંચાલિત ડો. વરવુર્ડને એ ગમ્યું નહિ—તે આથી નીકળ્યા અંધારામાં ભટકવા અને બાથોડીયા મારવા અને ક્યાંક લઈ જાય છે દક્ષિણ આફ્રિકાની જનતાને!

જો માલુમ, આખા દેશને અધોગતીએ લઈ જવા તૈયાર થયા છે, તેને તીર-પ્રકૃતનું નુકશાન [illegible] એ થાતી પ્રચાર એસ. એ. બી. સી.એ કેટલો કર્યો કે ન પૂછો વાત! એસ. એ. બી. સીના પ્રચાર વિષે સન્ડે ટાઈમ્સના રાજકીય પત્રકાર મી. સ્ટેનલી ઉઘરાવી જે કહ્યું છે તે અમે આપીએ છીએ: I seldom listen to the S.A.B.C. these days. It's propaganda nauseates me.

એ ઉપરથી જણાય છે કે એસ. એ. બી. સી. વિષે લોકોનો શો મત છે. ડો. વરવુર્ડના સ્વાગત વિષે મુખ્ય પ્રચાર કર્યો હતો—પરંતુ વિરોધ વિષે કાંઇ સમાચાર આપ્યા ન હતા. જ્યારે ડો. વરવુર્ડ વિમાનમાંથી ઉતર્યા ત્યારે ઠેર ઠેર બેઠા સ્ટેશનોમાં વિરોધના દેખાવો થયા હતા.

આ નેશનાલીસ્ટ સરકારને લાગતી [illegible] બંધ બનાવી દેવા આપનારા [illegible] પરંતુ એ બંધ થતો પાછળ [illegible] સિવાય જ તે તેઓ [illegible] મહિલા ડાયરેક્ટર, એક નેશનાલીસ્ટ સેનેટરે એ ભાષણ સેનેટમાં આપ્યું હતું તેનો ઉલેખ કરવા જેવો છે. તેઓએ કહ્યું, "આપણે જીવીશું જ્યારે યુરોપીયન દક્ષિણ આફ્રિકાના [illegible] માટે આપણે લડીશું ત્યારે પરદેશમાં [illegible] માટે શું બોલાય છે તેની આપણે દરકાર રાખીશું નહિ.

"આ માટે આપણે લડવા તૈયાર છીએ, અને જો મૃત્યુ આવે તો આપણે વિરોધ ખાતર પણ સાથે લઈ જઈશું."

આ રાજકીય ભાષણો નહિ તો બીજું શું છે? આ માટે કોને ચરચું [illegible] છે—જ્યારે પ્રસંગો એવા છે કે જેથી કોમો શાંતિથી એક સાથે રહી શકે.

આવા [illegible] આ દેશનો [illegible] લાવી શકે એમ નથી.

એનાથી કોમનવેલ્થના સભ્ય તરીકે આપણે ફરીથી દાખલ થઇ શકાશે નહિ, એનાથી [illegible] આપણને કંઇ મદદ મળવાની નથી, એનાથી બહાર [illegible] રોકાવાની નથી, એનાથી [illegible] સમય [illegible] એમ નથી. એનાથી સાઉથ વેસ્ટ આફ્રિકાના પ્રશ્નનો ઉકેલ આવવાનો નથી.

જ્યારે દેશની પરિસ્થિતિ આવી છે ત્યારે સવાલ એ ઉઠે છે કે આનો ઉકેલ કેવી રીતે આવશે.

પહેલું એ કે બધા પક્ષોએ સમજવું જોઈએ કે બ્રુડરબોન્ડ સંચાલિત સરકાર જાતિ અધોગતીના માર્ગે જઈ રહી છે.

બીજું એ કે બધા પક્ષોએ એનો સામનો કરવા માટે બીજી જાતની તૈયારી કરવી જોઈએ—અને તે પણ ઝડપ કરીને

ડો. વરવુર્ડને આગળ જતાં અટકાવવાનો સમય આવી પહોંચ્યો છે—અને તે સમય છે—આજનો!

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૨૪ માર્ચ, ૧૯૬૧.

' બદતર થતું ભાવિ

ડૉ. ફરવુર્ડ એક વિજયી વીરપુરૂષ તરીકે પાછા આવ્યા છે. જાહેરમાં નાઝી નેતા હિટલર જેવા પ્રકારથી હાજર થતાં, તેવા પ્રકારથી ડૉ. ફરવુર્ડનું સ્વાગત થયું હતું. એ સ્વાગત અયોગ્ય ન કહેવાય, કારણ કે ડૉ. ફરવુર્ડે પોતાની નીતિ જાહેર કરી અને બીજા વડા પ્રધાનો સંમત ન થતાં તેઓ કોમનવેલ્થમાંથી હટી ગયા. ડૉ. ફરવુર્ડે આ પગલું ભરવા માટેની યોજના આગળથી ઘડી કાઢી હતી કે જેથી તેઓ દક્ષિણ આફ્રિકાના નેશનાલીસ્ટોની આંખે દૈવી-પુરૂષ મનાય. આફ્રિકાનર હોદ્દો વીર-પુરૂષને ચાહે છે અને સન્માને છે, અને આ વીસમી સદીમાં, ડૉ. ફરવુર્ડ 'આફ્રિકાન્સ લાગર' (Afrikaans Laager) ના સૌથી મહાન પુરૂષ તરીકે વરી આવ્યા છે. વડા પ્રધાનોની સભામાં ડૉ. ફરવુર્ડે ચોખ્ખે ચોખ્ખું જણાવી દીધું હતું કે, 'અપાર્થેઇડ' એ આફ્રિકાનર રાષ્ટ્રવાદનો દૈવી-સિદ્ધાંત છે, અને યુનીયનની હાલની સરકારની રચના, ગોરા કાળા કરતાં ચઢિયાતા છે એ સિદ્ધાંત ઉપર થઇ છે. ડૉ. ફરવુર્ડે આવા બહાનો ઉપયોગ કર્યો ન હતો પણ એમના હેતુ અને અર્થ એજ હતો.

આ હટી જવામાં ઘણી ગૂંચવણો સમાયેલી છે. સૌથી અગત્યના બે આ પ્રમાણે છેઃ—પહેલું એ કે આ દેશમાં બિન-ગોરાઓએ વધુ ખરાબ થતી પરિસ્થિતિનો સામનો કરતાં શીખી લેવું પડશે, અને બીજું, એ કે કોમનવેલ્થના હેતુ પર જઇને જે કરારો બ્રિટન, ઓસ્ટ્રેલીયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે થયા, તેનાથી દક્ષિણ આફ્રિકાની આર્થિક પરિસ્થિતિ કેટલી સુધરશે, અને હટી જવાથી દક્ષિણ આફ્રિકાની કથળતી આર્થિક સ્થિતિમાં કેટલો વધારો થશે એ જોવાનું છે. પહેલી સૂચવણ ઉપર શકનો સવાલ છેજ નહિ. ડૉ. ફરવુર્ડ માટેના સ્વાગતના સૂત્રો હજી પડયા ન પડયા ત્યાં તો, જર્મનીમાં યહુદી લોકો ઉપર જેમ નાઝી સ્ટોર્મ ટ્રુપર્સ તૂટી પડતાં તેમ જોહાનીસબર્ગમાં ગોરા સીકયોરીટી ઓફીસરો બિન-ગોરાઓ ઉપર તૂટી પડયા. બિન-ગોરાઓએ સામનો ન કર્યો, કારણ કે એ આપઘાતનું કૃત્ય ગણાતે. આ ચઢતો તિરસ્કાર ઉપરાંત ઉંચાનીચપણાના કાયદાઓ વધુ સખત થશે અને એનાથી કાળા માનવો કચડાશે. એ સ્પષ્ટ છે કે કેટલાક ગોરાઓ એમ માને છે કે એફ્રો-એશિયન વડા પ્રધાનોને લઈ ડૉ. ફરવુર્ડને ચાલી નીકળવું પડયું, એથી તેઓ શાંત રહેવાના નથી, પરંતુ તેઓ બિન ગોરાઓ ઉપર શારિરીક અત્યાચારો કરશે. જ્યાં સુધી બિન-ગોરાઓ માર ખાતા હોય ત્યાં સુધી પોલીસ તરફ કોઈ આવવાની નથી. બાન્ટુ વિસ્તારના અફસરો વધુ સખ્તાઇ દાખવશે, ગ્રુપ એરિયા કાયદાનો અમલ ઝડપી બનશે, અને તે ઝડપી બનાવવા માટે પોલીસ અને લશ્કરનો સહારો લેવાશે; અને કહેવાશે કે, "સામ્યવાદીઓની પ્રેરણાથી સરકારી સત્તાને ઉથલાવી પાડવાનો પ્રયત્ન" થયો એથી લશ્કરનો સહારો લેવો પડયો.

જ્યારે આ દેશનું ભાવિ આવું હશે, ત્યારે પરદેશી રાજ્યો એઓ આફ્રિકાના બિન-ગોરાઓની દુઃખદ સ્થિતિનો ખ્યાલ રાખતાં હોય છે, તેઓએ બારીકાઈથી આ દેશના બનાવો ઉપર ધ્યાન આપવું પડશે. કેમકે ડૉ. ફરવુર્ડ પોતાની હટી જવાની નીતિને લઈ "ગોરી કોમનવેલ્થ" જે રચાઈ પહેલાં હતી, તેવી કોમનવેલ્થની સ્થાપના કરવા પ્રયત્ન કરશે. જ્યારથી દક્ષિણ આફ્રિકાએ હટી જવાની નીતિ અખત્યાર કરી છે, ત્યારથી ડૉ. ફરવુર્ડ હંમેશા એનો ઉલ્લેખ કરતા રહ્યા છે કે તેઓના હટી જવાથી જુના કોમનવેલ્થના રાજ્યો ફરીથી ભેગાં થશે. ઓસ્ટ્રેલીયન વડા પ્રધાન એમને ટેકો આપી રહ્યા છે. ઓસ્ટ્રેલીયામાં ધબાધબાપણાનો સવાલ છેજ નહિ, તો પછી તેઓને અંતર પ્રશ્નોની ચર્ચા બાબત ડર રાખવાની શી જરૂર? ઓસ્ટ્રેલીયાની જુની નીતિ બહુજ બદલાઈ છે. છતાં પણ કોણ જાણે કેમ મી. મેન્ઝીસ ડૉ. ફરવુર્ડને ટેકો આપી રહ્યા છે, ઇંગ્લાંડમાં પણ ટોરી લોકો સરકાર ઉપર દક્ષિણ આફ્રિકા સાથે કરારો કરવા દબાણ કરે છે. આની જ આશા ડૉ. ફરવુર્ડ રાખી રહ્યા છે, પણ એ જોવાનું છે કે કનસર્વેટીવ બ્રીટીશ સરકાર એફ્રો-એશીયનના વડા પ્રધાનોની લાગણીને કેટલું અપમાનિત કરે. આવા સંજોગોથી ભાવિ અંધકારમય દેખાય છે.

હાથે તેલ ચોળીને ફણસ ઉતારો

(રામકૃષ્ણ પરમહંસ, 'સૂક્તિપુષ્પ'માં)

શ્રીરામકૃષ્ણના શિષ્યોમાંથી એક સજ્જનને સરકારી નોકરી મળી ગઈ. જાણે કે પગાર લઇને નોકરી કરવી એ ઉચિત છે કે નહીં. એમાં શ્રીરામકૃષ્ણે આ રીતે પોતાનો અભિપ્રાય આપ્યો.

'બાબા, તું તો તારી માતાના સંરક્ષણ માટે નોકરી લે છે. આથી એ બરોબર જ છે. જરૂર ન હોવા છતાંયે આવી બતાવી નોકરી કરવામાં આવે છે ત્યારે એ અનુચિત હોય છે. નોકરી સ્વીકારી લો અને ઇશ્વરની સેવા કરતા રહો.'

ધન અને પદવી મેળવીને મોટો ફુલ્યા સમાતા નથી. સમાજ પણ એવા લોકોનો આદર કરે છે પણ એ બધો આડંબર કેટલા દિવસ ચાલી શકે છે? જ્યારે આપણે આ દુનીયા છોડીને જઇએ છીએ ત્યારે કઇ વસ્તુ આપણી સાથે આવે છે? આખર ધનમાં ગર્વનું છે પણ શું! કોઇ માણસ પોતાને ધનિક સમજે છે, પણ બીજાઓ પાસે એના કરતાં વધારે ધન હોઇ શકે છે, હોય પણ છે. આગિયા અંધારામાં નીકળી પડે છે. મનમાં માને છે કે, અમે આખી દુનીયાને પ્રકાશ આપી રહ્યા છીએ, અમારા સમાન કોણ હોઈ શકે? થોડીવાર પછી આકાશમાં તારાઓ ચમકવા લાગે ત્યારે આગિયાઓમાં નરમાશ આવે છે. ત્યારે તેમને માલુમ પડે છે કે, આ તારાઓ અમારા કરતા વધારે ચમકે છે. ત્યાર પછી ચંદ્ર ઊગે છે. એને લીધે તારાઓ લજવાઈ જાય છે. ચંદ્ર ફુલ્યો નથી સમાતો. પણ તે કેટલી વાર? પૂર્વમાં અરૂણોદય થવા લાગે છે, ચંદ્ર પોતાનું મોં છુપાવી દે છે. શ્રીરામકૃષ્ણ ધનિકોને કહે છે: 'આ વાતનો ખ્યાલ કરીને વિનયી બનો.'

પૃથ્વીની નીચે પાણી વહેતું રહે છે. વહેતું રહેવાને લીધે તે સાફ રહે છે. તેમાં મેલ નથી આવતો. પાણીની પેઠે પૈસા પણ એકજ જગ્યાએ રહે તો સડી જવા સંભવ છે. આવતા જતા રહે તો જ સાફ અને કામને લાયક રહે છે. ધનને પોતાનો સેવક બનાવો. તમે ધનના ગુલામ ન બની જાઓ.

પેલી સોનીની પત્નીને જુઓ, એ હાથે તે અનાજ ખાંડી રહી છે, બીજા હાથથી ગોદમાં સૂતેલા બાળકને ધવડાવતી રહે છે અને સાથે સાથે ઘરાકો સાથે લેવડદેવડ પણ કરે છે. અનેક વસ્તુઓમાં ગુંથાયેલી હોવા છતાં તે ભૂલતી નથી. પોતાની આંગળીઓ પર સાંબેલાનો ઘા પડવા દેતી નથી. એજ દુનીયાના વહેવારમાં લાગ્યા રહો એ સાથે આપણું ચિત્તને સ્થિર રાખીએ અને ઇશ્વરને કદી ન ભૂલીએ.

થાંભલાને પકડીને છોકરો ખુબ ઝડપથી ગોળ ગોળ ફરે છે. થાંભલાને છુટો પડવા નથી દેતો. એજ રીતે આપણે ભગવાનને કદી ન છોડીએ, તો જ આપણે પડતા બચી જઇશું.

ગામડાંની સ્ત્રીઓ પાણીના ઘડા પોતાના માથા પર કેવી રીતે રાખે છે તે જુઓ. પહેલાં મોટો ઘડો, તેની ઉપર એનાથી જરા નાનો અને સૌથી ઉપર એક નાનકડું વાસણ. એ બધામાં પાણી ભરીને, જરાપણ છલકાવા દીધા વિના તેઓ એકબીજા સાથે ખૂબ વાતો કરતી ચાલે છે. આપણાં સાંસારિક કામો પણ એજ રીતે સચેત રહીને આપણે કરવા જોઇએ. કોઇપણ સ્થિતિમાં કુમાર્ગે પગલું ન માંડવું જોઇએ.

આપણે જો આપણાં બધાં કામો ઇશ્વરને અર્પણ કરીને કરતા રહીએ તો ભૂલ નહીં થાય. એજ કર્મયોગ છે, એજ ભક્તિયોગ છે.

ફણસ પકડવા માટે ઉતારતી વખતે હાથ તેલથી ચીકણા કરવાથી ફણસનો ચીક તેને ચોંટતો નથી. એજ રીતે ભગવદ્ભક્તિની સાથે સાથે સંસારનાં કામો કરતા જઇએ તો મોહિક પાશમાં આપણે ફસાવું નહીં પડે. સંકટ વખતે પણ હિંમત રહેશે.

નેપાળમાં રાજાશાહી સામે અહિંસક આંદોલન

કલકત્તા: નેપાળને છેલ્લા બે મહિનાના શાહી શાસનમાંથી મુક્ત કરવાને માટે સામુદાયિક આંદોલન શરૂ કરવાની તૈયારીઓ થઈ રહી છે. એમ જણાય છે કે નેપાળી કોંગ્રેસના નેતાઓ જેઓ ડીસેમ્બરની ૧૫મી તારીખે નેપાળના રાજવંશે શરૂ કરેલી સામુહિક ધરપકડમાંથી છટકી ગયા છે તેઓ અત્યારે આ આંદોલન ઉપાડવા માટે તૈયારી કરી રહ્યા છે.

આમને કરવા માટેના કેટલાક સૂચનો હવે રચાયા છે એટલું જ નહિ પણ કાર્યકરોના આગેના વિસ્તારોમાં એ જુથો કામ કરતાં થયાં છે, હમણાં જ વિરાટનગર ખાતે રાજાના જુલમી શાસન સામે અને રાષ્ટ્રીય નેતાઓની કરાયેલી અટકાયત સામે વિરોધ કરતા દેખાવો યોજવામાં આવ્યા હતા.

આંદોલન અંગેની વિગતો કે એનું જાહેરનામું પ્રગટ થયું નથી પણ કલકત્તા ખાતેના નેપાળી આગેવાનો એ વાતનું સમર્થન કરે છે કે આ આંદોલન હિંસક કે સશસ્ત્ર બળવાના સ્વરૂપનું નહિ હોય.

કલકત્તા ખાતે નેપાળના આગેવાનોનું એક મોટું જુથ એકઠું થયું છે અને તે આંદોલનનો ભાવિ પાયો નક્કી કરશે. કલકત્તા ખાતે એકઠા થયેલા નેતાઓમાં રાણા સુવર્ણશમશેર, કમાંડર જંગબહાદુર, શ્રીમતી દ્વારકાદેવી ઠાકુરાણી વગેરે છે. શ્રીમતી દ્વારકાદેવી ઠાકુરાણી બીજા આગેવાનોની સાથે પકડાયા હતા પણ પાછળથી તેમને છોડી મુકવામાં આવ્યા હતા.

વધુમાં તાજેતરમાં જ જમાઈના વિદેશ પ્રધાન શ્રી પરશુનારાયણ ચૌધરી પણ પેરીસ ખાતેની યુનેસ્કોની સભામાંથી અહીં આવી પહોંચ્યા છે. કેટલાક આગેવાનો ક્યાં છે તે જાણવા મળતું નથી પણ કેટલાક આગેવાનો પટણા ખાતે છે, પટણા શહેરનું ખાતેથી વિમાન મારફતે એ જ કલકત્તાનો રસ્તો છે.

ચાર અઠવાડિયા પછી પહેલી જ વાર ભારતમાંના નેપાળી આગેવાનોએ નેપાળના રાજાએ તંત્ર હાથમાં લીધું છે તે અંગેના પોતાના પ્રત્યાઘાતો જાહેર કરવા પાડયા છે.

ભારતને અમેરીકાના નવા તંત્ર દ્વારા સંગીન આર્થિક મદદ મળવાના સંજોગ

લંડન: પ્રમુખ કેનેડીનું વહિવટી તંત્ર વિદેશી સહાય માટેની જે યોજના તૈયાર કરશે તેમાં ભારતને અપાનારી સારી એવી આર્થિક સહાયનો સમાવેશ થશે એમ વોશિંગ્ટનના નિરીક્ષકો માને છે. નિષ્ણાતો માને છે કે તટસ્થ અને ગરીબ દેશો પ્રત્યે કેનેડીનું વહિવટીતંત્ર વિશેષ લાગણી રાખશે અને અમેરીકાની વિદેશ નીતિનો એ મહત્વનો ભાગ બનશે.

પ્રમુખ કેનેડી સાથે સંકળાયેલા વર્તુળોએ જણાવ્યું છે કે ભારતની કોઈ પણ જુથ સાથે નહિ જોડાવાની નીતિ હકીકતમાં તો પશ્ચિમી રાષ્ટ્રો અને અમેરીકાના લાભમાં છે અને એ દૃષ્ટિએ અમેરીકાએ ભારતના અર્થકારણને મદદ કરવામાં ઉદારતાથી સાથ દેવો જોઈએ.

પ્રમુખ કેનેડીના ખાસ અભ્યાસ જુથે તૈયાર કરેલા હેવાલમાં જણાવ્યું છે કે પશ્ચિમ તરફી દેશોને અપાતી ઘણી ભારે કિંમતની જે રાજકીય અને લશ્કરી મદદ આપવામાં આવે છે તેનું ધાર્યું પરિણામ આવ્યું નથી. આ પ્રયોગોમાં ફેરફાર લાવવામાં જરૂરી ફેરફારો કરી તટસ્થ રાષ્ટ્રો માટે ખાસ કરી ભારત માટે પણ પાઠ શીખવાનું જરૂરી છે.

પ. પાકીસ્તાન અને પંજાબની સીમા સમજુતી

મુંબઈ: પશ્ચિમ પાકીસ્તાન અને પંજાબની સરકારના પ્રધાનોને લગતી થયેલી ભારત–પાક સમજુતીનો તા. ૨૯મી જાન્યુઆરીએ અમલ થયો અને ત્યારે બંને દેશો સામસામે સોંપવાનું નક્કી થયું હતું તે વિસ્તારોની ફેરબદલી આપસમાં કરી હતી.

જે ચાર વિસ્તારો વિષે આ સમજુતી થવા પામી છે તેમાં ચાકલદેકે કે જેને સુરતબીરા હુસેનીવાલા અને સુલેમાનકી હેડવર્કસનો સમાવેશ થાય છે તે હેડવર્કસ ઝઘડાનો અંત લાવવાની બાબતમાં મતભેદ પડતાં આ ફેરબદલી અટકી પડેલી હતી.

સમજુતી અનુસાર, વિસ્તારોની ફેરબદલી થતાં ભારતને પશ્ચિમ પાકીસ્તાનના લાહોર અને મોન્ટગોમેરી જીલ્લાઓની ૫૧,૩૭૫ એકર જેટલી જમીન મળશે. વિખ્યાત ક્રાંતિવીર ભગતસિંહનો જે સ્થળે ૧૯૩૧માં સતલજને કિનારે અગ્નિસંસ્કાર કરવા આવ્યો હતો તે સ્થળ પણ વિસ્તારમાં હોવાથી તે ભારતના કબજામાં આવશે.

બીજી તરફ, પાકીસ્તાનને ભારત તરફથી ૨૪,૯૫૯ એકર જમીન સોંપાશે, જે હાલમાં અમૃતસર અને ફિરોઝપુર જીલ્લાઓમાં છે.

પશ્ચિમ પાકીસ્તાન અને પંજાબ વચ્ચેની ૩૦૦ માઈલની સીમાનું આ પહેલાં જ રેખાંકન થઈ ગયું છે.

આ સમજુતીને લીધે જેમનાં ઘરબાર જશે એવાં ૧૫૦૦ ભારતીય કુટુંબોના પુનર્વસવાટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

વિસ્તારોની ફેરબદલી પછી પશ્ચિમ પાકીસ્તાન અને પંજાબ વચ્ચે સુલેહના પ્રતિનિધિ મંડળો મોકલાશે. બંને પ્રાંતોના ગવર્નરો પ્રતિનિધિ મંડળોની આગેવાની લેશે.

દ. આફ્રિકનોની ધરપકડ

(પહેલા પાનાનું અનુસંધાન)

શ્રી. સી. મ્બાબા, જેઓ રેસ રીલેશન્સના ફીલ્ડ ઓફીસર છે. શ્રી. મ્બાબાએ પણ કમીટીમાંથી રાજીનામું આપ્યું છે.

ડર્બનના શ્રી જુલીયસ પાલી જેઓ લીબરલ પાર્ટીના ડ્રાકન્સબર્ગ વિભાગના પ્રમુખ છે, અને તે ઉપરાંત કન્ટીન્યુએશન કમીટીના એક્ટીંગ–પ્રમુખ છે.

પોર્ટ એલીઝાબેથના શ્રી. ગોવન મ્બેકી.

આ બધાની ધરપકડ અચાનક થઈ છે.

આજ રોજ શ્રી ન્ગુબાને કોર્ટમાં હાજર થયા હતા. તેઓને જોહાનીસબર્ગ લઈ જવામાં આવશે. શ્રી. ન્ગુબાને રોજેરોજ પોલીસ પાસે હાજર થતા હતા.

દીવ, દમણ ને ગોવાને તત્કાળ મુક્ત કરો

કાનપુર: અ. ભા. ટ્રેડ યુનીયન કોંગ્રેસની અહીં મળેલી ૨૬મી બેઠકે એક ઠરાવ દ્વારા દીવ, દમણ અને ગોવાની તત્કાળ મુક્તિની માગણી કરી છે અને એને ભારતમાં ભેળવી દેવા જણાવ્યું છે. ગોવા અંગેના ઠરાવમાં ગોવાના મુક્તિસંઘર્ષમાં શહિદ થયેલા તમામ લોકોને અંજલી આપી સાલાઝારની કેદમાં પડેલા મુક્તિવીરોને અભિનંદન પાઠવી જણાવ્યું છે કે ગોવાની મુક્તિનો દિવસ હવે દૂર નથી.

ભારત સરકારને ગોવાની મુક્તિ માટે રાષ્ટ્રસંઘની અંદર અને બહાર તમામ સક્રિય પગલાં લેવા વિનંતી કરી છે અલ્જીરીયા, કોંગો અને ક્યુબા અંગે પણ ત્રણ ઠરાવ પસાર કરાયા છે.

અલ્જીરીયા અંગેના ઠરાવમાં ફ્રાંસ સરકારને જણાવાયું છે કે તેણે 'ફ્રેંચ અલ્જીરીયા'નું સૂત્ર હવે પડતું મૂકવું જોઈએ અને યુદ્ધવિરામ સ્વીકારી અલ્જીરીયાને સ્વાતંત્ર્ય બક્ષવાના પ્રશ્ન પર અલ્જીરીયાની આરબી બહુમત સાથે વાટાઘાટ આરંભવી જોઈએ.

ઠરાવમાં ભારત સરકારને અલ્જીરીયાની મુક્તિને ટેકો આપવા તેની આરબી બહુમતને માન્ય રાખવાનો અનુરોધ કરાયો છે.

ભારતની મજુર આલમને અલ્જીરીયાના સ્વાતંત્ર્યજંગમાં મદદ કરવાની હાકલ કરાઈ છે.

કોંગો અંગેના ઠરાવમાં કોંગોમાં ગંભીર રીતે કથળી ગયેલી પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરાઈ છે અને જણાવાયું છે કે આ પરિસ્થિતિ માટે બેલ્જીયમના સામ્રાજ્યવાદીઓ અને નાટો સત્તાઓ જવાબદાર છે.

રાષ્ટ્રસંઘના મહામંત્રીના કોંગોમાંના ખાસ પ્રતિનિધિ શ્રી રાજેશ્વર દયાળના હેવાલને ટેકો આપવામાં આવ્યો છે. આ હેવાલમાં કોંગોમાંની પરિસ્થિતિ માટે બેલ્જીયમના સામ્રાજ્યવાદીઓને જવાબદાર લેખવામાં આવ્યા છે.

ગુજરાતી રેકોર્ડો

હીંદુસ્તાનમાં બનેલી ગુજરાતી રેકોર્ડો, હવે અમારે ત્યાં મળે છે.

૨૦ રેકોર્ડોનું બોક્સ કેવળ શી. ૩૦-૦

રેકોર્ડોમાં ભજનો, નાટકો, ગરબા વિગેરેનો સંગ્રહ છે.
હિંદના "બેસ્ટ હિટ" રી. ૨-૦ માં પુરી મળે તરત
આપો હૂક અને લાભ ફરીથી મળશે નહિ. ચેક મની ઓર્ડર—પોસ્ટલ ઓર્ડર મોકલો—

સી. ઓ. ડી.ના ઓર્ડરો અમે લઈએ છીએ.

નેશનલ રેકોર્ડ કંપની

શોપ ૨, અજમેરી આર્કેડ, ઓફ ૧૪૨ ગ્રે સ્ટ્રીટ,
પો. ઓ. બોક્સ ૧૫૭૪, — ડરબન

મુનિશ્રી સંતબાલજીના પ્રવચનોનો સાર

(ગતાંકથી ચાલુ)

જૈનો અને અહિંસા

અહિંસાનો વિષય બે રીતે વિચારવો જોઈએ. વ્યક્તિગત રીતે અને સામુદાયિક રીતે. આજ સુધી વ્યક્તિગત અહિંસા ઉપર ખૂબ ભાર આપવામાં આવ્યો છે. પણ ગાંધીજી આવ્યા પછી સામુદાયિક અહિંસા તરફ લોકોનું ધ્યાન ગયું છે. વિજ્ઞાન કૂદકે અને ભૂસકે દોટ મૂકી રહ્યું છે. એક બાજુ [illegible] સુધી દુનિયા પહોંચી છે. બીજી બાજુ ઝીણામાં ઝીણી અહિંસાનો વિચાર ચાલે છે.

હિંસાના બધા પ્રકારો જે મહાવીરે [illegible] મનના સંકલ્પ વિકલ્પોને કારણે અજાણપણે હિંસા કરી નાખીએ છીએ. એવાં લોક કે જાણ હોતી નથી પણ જાગૃતિના અભાવે આમ બની જાય છે. દા. ત. સમાચાર સાંભળીને કે વાંચીને વ્યક્તિઓ તરફ તિરસ્કાર વરસાવીએ છીએ. આવી સૂક્ષ્મ હિંસાએ આપણા જીવનમાં મોટી હિંસા લાવવાનું કારણ પૂરું પાડ્યું છે.

જૈન ધર્મમાં અહિંસાના સાધનને ખૂબ ઝીણવટથી જોયું છે. જોવા જઈએ તો માનવ જીવન જ્યાં ધર્મીને સ્પર્શે છે. એક બાજુ એક પક્ષીના જીવને [illegible] ના કહી છે બીજી બાજુ [illegible] મોટી મોટી [illegible] કરવી પડે તો [illegible]

આજે [illegible] જેટલું ધ્યાન અપાયું છે તેટલું ધ્યાન અહિંસા તરફ ધ્યાન અપાયું નથી. અહિંસાને નામે દંભ અને કાયરતા પેઠાં છે. પરિગ્રહમાં વસ્તુના સંગ્રહપૂર્વકના ઉપયોગ [illegible] આપણે એ બધા આચરણને [illegible] છે. બહુ [illegible] આ શબ્દ વપરાયો છે. દરેક ચાલુ પોતાની નાની મોટી દરેક અડચણ વખતે મનને એટલું પૂછી લે કે હું આ [illegible] માટે લઉં છું કે [illegible] માટે તો ઘણી હિંસામાંથી બચી જવાય.

આજે સામુદાયિક અહિંસા કરવાનો જમાનો આવી ગયો છે. અહિંસા સર્વ ક્ષેત્રમાં પ્રવેશ કરી છે. પંડિત જી અને વિનોબાજી પોતાની રીતે શાંતિનો પ્રચાર કરી રહ્યા છે પણ આટલા મોટા દેશને આપણે સરળ રીતે ચલાવવો નથી. તેને માટે આ પણ સમાજમાં ધર્મનો પ્રચાર થાય. લોકોએ [illegible] પણ ધર્મનો અંકુશ રાખવો જોઈએ. આને માટે સાધુ સંન્યાસીઓ અને સેવકોએ આગળ આવવું જોઈએ. અને વ્યવસ્થિત સમાજ રચનાના પ્રયોગો કરવા જોઈએ. હવે પ્રયોગોનો જમાનો વહી ગયો છે.

ધર્મ અધર્મ, પુણ્ય અને પાપ

અહિંસાનો આપણે અને તેટલો વિચાર કરીએ તો પણ સમાજમાં એની જુદી જુદી કક્ષાઓ રહેવાની. અંદરના જુદા જુદા ભાવોનું બહારના કાર્યો ઉપર પ્રતિબિંબ પડવાનું. તેમ છતાં અમુક જ કર્મ સારું કે ખોટું તેની કસોટી માત્ર બહારથી જોઈને નહીં કરી શકાય. વૈદિક ધર્મમાં ધર્મ અને પુણ્યનો, અધર્મ અને પાપનો બહુ મોટો ભેદ નથી પાડ્યો. જૈન ધર્મે આ બાબત બહુ સૂક્ષ્મતાથી વિચારી છે. વિકાસને પંથે લઈ જનાર તત્ત્વ (સદ્ગુણો) એ તે ધર્મ અને પતનને માર્ગે જવામાં મદદ કરે તેવા દુર્ગુણો એ તે અધર્મ. શરીર સુખાકારી બહારનાં સાધનો એ તે પુણ્ય અને શરીરને પ્રતિકૂળ સાધનો એ તે પાપ. ધર્મ અધર્મનો સંબંધ આત્મા સાથે છે અને પાપ પુણ્યનો સંબંધ શરીર સાથે છે.

જગતમાં બધી વસ્તુઓ વેચાતી મળે છે. પણ ધર્મ મળતો. મુશ્કેલ છે. એટલે કહ્યું કે દરેક મજહબમાં મજહબ એક જ વસ્તુ હોય તો ધર્મ છે. ચારે બાજુ હિંસાત્મક નાશ રહ્યો હોય અને [illegible] આવે તો એક [illegible] પણ [illegible] દિવસ નાશ આવતો નથી. જ્યાં ધર્મ હોય ત્યાં કર્મ બંધન નથી અને કર્મબંધન હોય ત્યાં ધર્મ નથી પણ આજે તો ધર્મ બજારમાં મળતો હોય તેમ લાગે છે. બોલીએ છીએ ખરા કે ધર્મ હરે ન વેચાય. ધર્મ માટે ન વેચાય પણ ધર્મ કરીએ તો લાભ. વૈદિક ધર્મમાં કહ્યું ધર્મ પર સત્યનિષ્ઠ પણ વહેમ રહ્યા ગણ્યું છે. આજે તો ધર્મ ખોવાતી વસ્તુ બની ગઈ છે. કારણકે બર્ધમાન દેવાનું ભાગ્ય ખૂટી ગયું છે. કોઈ પણ અધર્મનું જ એક અંગ છે.

આજે ધર્મ પુણ્ય અને ધર્મ અધર્મનું મિશ્રણ થઈ ગયું છે. તેમાંથી ધર્મને તારવી કાઢી તે તરફ લક્ષ આપીએ. પુણ્યથી બાહ્ય સામગ્રી મળે છે. ધર્મથી આંતરિક સુખ મળે છે. પાપ છૂટી શકે છે અધર્મ છૂટી શકતો નથી માટે ધર્મ તરફ વળવાં માંડીએ.

બ્રહ્મચર્ય સાધના

માણસને મુખ્ય બે પ્રકારના રસ હોય છે. એક આત્મ રસ અને બીજો વિષય રસ. આત્મામાં લઈ ગતિ કરવાની આકાંક્ષા જાગે એટલું જ નહીં એ દિશામાં પગલાં મંડાય તેનું નામ બ્રહ્મચર્ય છે. પણ એકમાંથી એ ખસે ત્યારે કુદરતી રીતે જ આત્મભાવમાંથી છટકી જાય છે અને વાસનાભાવમાં રસ બને છે. આત્મ રસમાં મગ્ન બને તેટલા પ્રમાણમાં વિષય રસ છૂટી જાય, અને વિષય રસમાં મગ્ન બને તેટલા પ્રમાણમાં આત્મ રસ છૂટી જાય આ સનાતન નિયમ છે.

વીર્યનું એટલે અંગે રક્ષણ થાય છે તેટલે અંગે આત્માની શક્તિ ખીલી ઉઠે અને એમાંથી મોટી મોટી આસક્તિઓ ઉભી થાય છે. વિષયના રસોના અનેક પ્રકાર છે. પરંતુ અહીં જનનેન્દ્રિયના રસની વાત કરી છે. મૈથુન ક્રિયામાં વીર્યનું જ્યારે સ્ખલન થાય છે ત્યારે તે ક્ષણે સુખનો જે ચમત્કાર થાય છે, તે વીર્ય શરીરમાં સમ્યક્‌પણે સંઘરેલા રહે તો કેટલું સુખ મળે તેની કલ્પના કરો. એટલે કહ્યું. વીર્યનું સ્ખલન એ મૃત્યુ છે અને વીર્યનું રક્ષણ એ જીવન છે.

જૈન ધર્મમાં ભગવાન પાર્શ્વનાથ સુધી ચાર મહાવ્રતો હતા. મહાવીર સ્વામીએ બ્રહ્મચર્યને અલગ સ્થાન આપ્યું અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોને પાંચ આચાર પણ કહી શકાય. પરિગ્રહમાં બ્રહ્મચર્ય વ્રતનો સમાવેશ કરાતો પણ તેની મહત્તા સમજીને અલગ વ્રત બનાવ્યું. બ્રહ્મચર્ય વ્રત પરિપક્વ હોય તો બધા વ્રતો એમાં સમાઈ જાય છે જેમ એક રાજા જીતાય જાય તો પ્રજા અને રાજ્ય જીતાય જાય છે તેમ બ્રહ્મચર્યરૂપી રાજા જીતાઈ જાય તો આખું જીવન જીતાઈ જાય છે. પણ આ કામ ખુબ કઠિન છે તેને કોઈ ઉમરનો બાધ નથી કોઈ રૂપનો બાધ નથી. એ રસ એટલો બધો છે કે ક્યારે એ ઉછળે તે કહી નથી. વિશ્વામિત્ર જેવું નામ જ મોટું છે એવા ઋષિ પણ પતન પામ્યા છે. રથનેમિ, રહનેમિ વ્યક્તિઓ પણ ફસાઈ જાય છે. સામાન્ય વ્યક્તિનું શું ગજું!

પર્વતસિંહ ડગલાથી ટીલા પાસે અને વિચારું: આંખનો રસ લઈ તેના કરતાં નજીક આવી લઈ શું એવું! એટલે ઝંપલાવે છે. ભળે છે ત્યારે એનો પાર રહેતો. પેલા ભિખારી માણસને ખબર કે આ એણે રસાળ તો લાગે છે. માટે તાળું તોડી નાખશે. ખબર નથી કે રત્નોની લોલુપતા બનાવથી કાપડી ઉભી કરી છે અને ખાડામાં નાખવાનો છે. ક્યાં ખબર છે કે હું બંધમાં મુગ્ધ બન્યો છું કે સાંજ પડતાં બીડાઈ જશે, અને હું મરણ પામીશ. નારદજી આવી રીતે છળી ઉઠ્યા પણ રૂપયોગીની જોઈને ગયા.

આ બધા પ્રસંગો એ બતાવે છે વિષય રસ માણસને કેટલી હદે નીચે લઈ જાય છે. કેટલી મોટી વ્યક્તિઓએ જંગલો વરસો સુધી તપ કર્યાં છે. તેઓ પણ એમ જુગના ત્યાગી હોય અને મને તેનું મોટું કે પ્રમાણસર અહંકારીત થઈ જાય તેમ કપાયોની (દોષોની) ક્ષીણતા નથી થતી એટલે રાગથી દંડાવેલ અદિ જેમ પતન આવે છે અને છે. તેમ વાસનાઓ નિર્બળતાં ફૂટી નીકળે છે. એટલે મહાપુરુષોએ તેને માટે જુદા જુદા નિયમો ઘડી આપ્યા છે. જો એ નિયમોમાં પણ વિવેક વાપરશો જોઈએ. નિયમો રૂપી વાડ ભલે હોય પણ અંદરની તાકાત નહીં હોય તો વાડ તૂટી જશે. વ્રત એ સાધન છે સાધ્ય અંદરનું ચેતન બળ છે.

(અનુસંધાન માટે જુઓ પાનું ૮૫)

સાભાર સ્વીકાર:

ભાઈ નાથુ એન્ડ સન્સ ગુલબાવો	૧–૧–૦
એમ નાના ગોરાસગાં	૨–૨–૦

માસ્ટર બ્રધર્સ (પ્રો.) લીમીટેડ

બધ જાતના નાયલૉન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ બાળકો અને પુરુષો માટે ઉત્તમ જાતના તૈયાર કપડાં, પુલોવર, કાર્ડીગન્સ અને બ્લાઉઝો માટે—ફ્રોક, જીન્સ, બ્લાઉઝ, ઘાઘરા વગેરેના નિષ્ણાત વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા આમંત્રણ.

૩૩ ચેસ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન: ૮૩૫-૬૬૮૬ — બોકસ ૧૫૪૭.

આદર્શ માનવી: રામ

★ (ચકધારી) ★

રામ એટલે દૈવી પુરુષ. આપણે તેમને દૈવી પુરુષ તરીકે જાણીએ પૂજીએ તો પણ એક આદર્શ માનવી તરીકે જરૂર અનુસરી શકાય. પણ કેવા માનવી! બાપુ જેવા પ્રેમ નિષ્ઠ, આત્મવિશ્વાસી, નમ્ર અને પ્રતિજ્ઞા પાલક!

આપણી જેમ તેમને પણ ઘેલું હતું. સામાન્ય માનવીને થતી લાગણીઓ તેમને પણ થતી હતી, લાગણીઓ તેમને સ્પર્શી શકતી હતી. અને તેથી જ તેમને કેટલાય દુઃખો સહન કરવા પડ્યાં છે. અને એ સહનશીલતાના કારણેજ આજે તેમની પૂજા થઈ રહી છે.

ભલે કદાચ સાક્ષાત પરમાત્મા કે તેમના અંશ હશે, છતાં તેમણે દૈવ પણું કે ચમત્કાર તેમના જીવનમાં આવવા દીધો નથી. અને તેઓ આદર્શ માનવી તરીકે જીવી જઈ જગત ને બતાવી ગયા કે માનવી જો સહન શીલતા જેવા ઉત્તમ ગુણ કેળવે તો તેની મહત્તા જરૂર વધે (જેનો દાખલો ગાંધીજીએ પૂરો પાડ્યો છે)

નાનપણમાં રામે મહા અને આત્મ જ્ઞાની અપૂર્વ પરાક્રમ દાખવ્યું. તાડકા જેવી ભયંકર રાક્ષસણીનો વધ કરી તેમણે ઋષિ મુનિઓને ભય મુક્ત કર્યા છે. પ્રસુતામાં પગલા માંડ્યા પછી તેમણે પિતાની આજ્ઞાનું પાલન કરી વનવાસ વેઠ્યો છે. આપણે સીતાજીને દૈવી સ્વરૂપ માનીએ છીએ તે કમળા આઉએ પૂજીએ, તેમણે પણ રામની માફક કદી દૈવત બતાવ્યું નથી. પણ સંસારમાં તેઓ, એક સામાન્ય સ્ત્રીના ધર્મ પ્રમાણે, રામ સાથે એક આદર્શ સતી સ્ત્રી તરીકે રહ્યાં છે. તેઓ પણ માનવી હતાં. કાંચન રેખા ઓળંગી અને તો પછી માનવીનું શું બન્યું! સીતાજીને સુવર્ણ મૃગનો મોહ ઉપજ્યો. જ્યારે આખમતા મરાણું દાવ ન પાર અપણુંજ સૂઝે છે.

"કુરંગ કનકના નહિ સાંભળ્યો કદી
વિનાશ કાળે વિપરીત બુદ્ધિ"

કુરંગના મોહના કારણે સીતાજીનું હરણ થયું. લંકાનો રાજા રાવણ તેમને ઉપાડી ગયો. ત્યારે રામે એક સામાન્ય માનવી જેમ કેટલોય વિલાપ કર્યો હતો, કેટલું ય રડ્યા હતાં. વૃક્ષોને તેમને વાતો કરતાં તેઓ દુઃખે દુઃખે રડ્યાં હતાં. એક સામાન્ય માનવીને ના જેમ મોટી આફત આવી પડતા, લાચારો બની જઈ, રોકકળ કરી મૂકે છે, તેમ રામે પણ સીતાજીને શોધવા અથાગ પ્રયાસો કર્યા છે. અને સીતાજીનો મેળાપ થાય છે. રામ સીતાની અગ્નિ કર્યાનું જોતી નથી નાર છે.

આ બધું સામાન્ય માનવીની જેમ રામના જીવનમાં બન્યું છે. અને તે પ્રમાણે રામે કર્યું છે. રામ આદર્શ માનવી તરીકે રહેતા હતાં અને તેમણે જગતને બતાવી ગયા કે માનવીને કેવા અને કેટલા દુઃખો પડી શકે છે. અને અને તે કેવી રીતે નિવારી શકાય છે આમ તેમણે પ્રત્યક્ષ બતાવી પાઠ આપી ગયા છે. અને તે દૃષ્ટિએ આપણે રામનું જીવન જોવું જોઈએ.

રામ એટલે આદર્શની મૂર્તિ. પિતાનો પુત્ર કેવો હોઈ શકે, તે રામે બતાવ્યું છે. ભાઈ સાથેનો આદર્શ વ્યવહાર તેમણે ભરત સાથે રાખી આપણને બતાવ્યો છે. આમ સમસ્ત સમાજની અદ્ભુત વ્યક્તિ તરીકેના આદર્શ ગુણ તેમણે બતાવ્યા છે. તે બધા તો નહીં પણ પત્ની અને પ્રજા વચ્ચેના આદર્શ ગુણ આપણે જોઈએ.

રામ આદર્શ રાજા બને છે. સીતા આદર્શ રાણી બને છે. આદર્શ રાજા નો ધર્મ કેવો હોઈ શકે તે રામે બતાવ્યું રાણી પછી વહેલી પ્રજા. (અહીં રાણી શબ્દ હેતુપૂર્વક વાપર્યો છે. તેનું વિવરણ પાછળથી આવશે. કારણ કે રામ પત્ની અને પ્રજા બંને ના ધર્મ પાળે છે) કોઈ ધોબીએ, તેની પત્નીને કહેતા સાંભળ્યાં, "હું કાંઈ રામ જેવો નથી કે પારકે ઘેર રહી આવેલી સીતાની માફક હું તને ઘરમાં રાખું." બસ રામ ધર્મ સંકટમાં આવી ગયા. જગતે જાણ્યું છે કે સીતા પવિત્ર છે તેને માટે સીતાએ અગ્નિ સ્નાન કર્યું છે. છતાં પ્રજાજનનો રાજા પ્રત્યેનો ભોળો ખ્યાલ! બસ રાજાએ રાણી સીતાને વનવાસ મોકલી દીધા.

ઉપર જે રાણી શબ્દ વાપર્યો છે તેનો ઉલ્લેખ, કોઈ પુસ્તકમાં વાંચેલું તેના આધારે આ પ્રમાણે છે. રામે સીતાનો ત્યાગ કર્યો પછી કોઈએ રામ ને પૂછેલું, "સીતા સતી હોવા છતા તમે એક ધોબીના કહેવાથી કેમ તેનો ત્યાગ કર્યો?" ત્યારે રામે જવાબ આપ્યો, "રાજાએ તેમજ કરવું જોઈએ. રામે સીતાને ત્યાગી નથી પરંતુ રાજા રામે રાણી સીતાનો ત્યાગ કર્યો છે. સીતા તો રામના હૃદયમાં છે, સીતાના હૃદયમાં રામ છે." કેટલો અજબ જવાબ!

રામે પ્રજા-ધર્મ પાળ્યો, પત્ની ધર્મ કેમ ભૂલાય? સીતાને ભુલી રામ બીજા લગ્ન કરે એમ હતુંજ નહિ. આખો દિવસ રાજના કીમતી કપડામાં સજ્જ થઈ રામ દરબારમાં બેસે છે પરંતુ સાંજે દરબારમાંથી આવ્યા પછી એ ઓરડીમાં જઈ એ રાજ્યશાહી પોષાક ઉતારી નાખી વલ્કલ પહેરે છે અનેક જાતના પકવાનને બદલે કંદમૂળ ખાય છે, સેજ તળાઈ પર સુવાને બદલે ઘાસની પથારી પર સૂઈ જાય છે! આમ રામ સીતાના દુઃખમાં ભાગીદાર બને છે, રડે છે, અને પ્રાયશ્ચિત કરે છે.

અશ્વમેધ યજ્ઞમાં પત્નીની જરૂર પડે છે. પ્રજાજન રામને બીજી રાણી લાવવા કહે છે ત્યારે રામ કહે છે, "રામના હૃદયમાં એક જ સીતા હોય, બીજી નહીં." અને પત્નીની જગ્યાએ સુવર્ણની સીતા બનાવી યજ્ઞ પૂરો કરે છે.

આ તો ઉડતી નજરે રામના જીવન ની મુખ્ય બનાવો જોયા. બાકી રામનું જીવન ઘણું જ વિશાળ છે. તેમની જન્મ જયંતી ધામધૂમથી ઉજવવાને બદલે તેમના આદર્શો વાંચે ધરે અને આ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીશું તો સાચું કહેવાશે અને તેજ રામ ની ઉજવણી સાર્થક ગણાશે.

મુનિશ્રી સંતબાલજીના પ્રવચનોનો સાર

(૮૪ પાનાનું અનુસંધાન)

સૌન્દર્ય જોવા માટે કુદરતે આપ્યું છે, સ્પર્શ કરવા માટે નથી. ગુલાબનું ફુલ છોડ ઉપર હોય ત્યાં સુધી સુંદર લાગે છે પણ આપણે જ્યારે તેનો ઉપયોગ નહીં કરતા ઉપભોગ કરવા છોડ ઉપરથી ચૂંટી લઈએ ત્યારે તેનું સૌંદર્ય નાશ પામે છે. સૌંદર્યનું મૂળ અંદર છે આપણે બહાર જોઈએ છીએ.

વિજય અને વિજયા શેઠાણી, સ્થુલીભદ્ર, અને રાજીમતી, રામકૃષ્ણ પરમહંસ અને છેલ્લે છેલ્લે ગાંધીજીએ બ્રહ્મચર્ય સંબંધી આપણને સુંદર દાખલા પુરાં પાડ્યાં છે. આપણે એ બધાને સામે રાખીને પ્રગતિ કરીએ. ભગવાનની કૃપા સિવાય આ શક્ય નથી એટલે આપણા પુરુષાર્થમાં તેની કૃપા માટે પ્રાર્થના કરીએ.

નોંધ: મણિભાઈ પટેલ.
'વિશ્વવાત્સલ્ય'માંથી

પાકિસ્તાનને બિનશરતી મદદ આપવાની રશિયાની તઈયારી

કરાંચી

પાકિસ્તાનના વિદ્યુતશક્તિ, બળતણ અને ખાણનો ખાતાના પ્રધાન શ્રી ઝુલ્ફી ભુટ્ટોના જણાવ્યા મુજબ રશિયાએ પાકિસ્તાનને બિનશરતી નાણાકીય મદદ કરવાની તૈયારી દર્શાવી છે પાકિસ્તાનમાં પેટ્રોલ તેલ અને પેટ્રોલ સંપત્તિના શોધખોળ કાર્યમાં રશિયાની મદદ મેળવવાના હક માટે વાટાઘાટો કરવા શ્રી ભુટ્ટો એક પ્રતિનિધિમંડળ સાથે મોસ્કો ગયા હતા. જો કે શ્રી ભુટ્ટોએ મોસ્કોમાં આ અંગેની કોઈ સમજુતી પર સહી કરી નથી એટલે એમ મનાતું હતું કે વાટાઘાટમાં કોઈ મુશ્કેલી ઊભી થઈ હશે. આ અંગે શ્રી ભુટ્ટોએ સ્પષ્ટતા કરી છે કે બે મુદ્દાઓની ચોખવટ હજુ બાકી છે અને આ અંગેની વધુ વાટાઘાટો હવે કરાંચીમાં થશે.

મોસ્કો ખાતેની વાટાઘાટો દરમ્યાન પશ્ચિમી રાષ્ટ્રો દબાણ કરી શકે એ એવી વાતનો શ્રી ભુટ્ટોએ ઇન્કાર કર્યો હતો.

—નાગપુર' મહારાષ્ટ્ર સરકારના ગૃહ મંત્રી શ્રી ચૌહાણે એવી માહિતી આપી હતી કે, ૧૯૫૯ના વર્ષમાં ૨૦૭ સરકારી નોકરોને લાંચ રૂશ્વત માટે પકડી ખાતાકીય પગલાંમાં આવ્યા હતા. રૂશ્વત વિરોધી ખાતાએ બે વર્ષમાં ૩૦૭ ફરિયાદોની સખત તપાસ કરી હતી.

ખાસ દરખાસ્ત: હિંદની અગરબત્તી
(વધારામાં આવેલો તાજો માલ)
શિયાળા અને નવા વરસ માટે આવેલો તાજો માલ અમે સહર્ષ જનતા સમક્ષ રજુ કરીએ છીએ
અગરબત્તી-ફેરઅંવેર્ડ-પ્લાસ્ટીક, શેફીલ્ડ અને ચાંદીની બંગડીઓ નવીન ઘરેણાં અને મથાની ચોટી. ટીકડીઓ, દાંતીઓ-ટીમ અને બાજર. મુસાફરી જાજમો અને ફેન્સી ગુડ્સ
ટ્રેડરો અને હોકરો માટે અમો ખાસ ભાવ રાખીએ છીએ અને ખાસ ધ્યાન પણ આપીએ છીએ. આપ જ્યારે આવતે વખતે ડરબન આવો ત્યારે અમારી મુલાકાત લ્યો.
એ. કે. હુસેન એન્ડ સન્સ
ડાયરેક્ટ ઈમ્પોર્ટર્સ અને હોલસેલ મરચન્ટસ
૧૧૬ ક્વીન સ્ટ્રીટ, — (હુસેન્સ બીલ્ડીંગ) — ફોન [illegible] — ડરબન
મફત પ્રાઈસ લીસ્ટ મંગાવો.

હિંદના સમાચારો

તા. ૨૧-૩-૧૯૬૧.

ત્રીજા નાણાંપંચની કામગીરી બાર માસમાં પૂરી થશે

નવી દિલ્હી: ત્રીજા નાણાંપંચના અધ્યક્ષ શ્રી એ. કે. ચંદાએ અહીં જણાવ્યું હતું કે બંધારણે પંદર માસની મુદત આપ્યા છતાં પંચ તેનું કાર્ય બાર મહિનામાં જ પૂર્ણ કરવાનો ઇરાદો રાખે છે. બીજા નાણાંપંચની ભલામણો ત્રીજી યોજનાના પ્રથમ વર્ષ એટલે ૧૯૬૧-૬૨ના આખામાં નાણાંકિય વર્ષને પણ આવરી લેતી હોવાથી માર્ચ ૬૨ પછીના ગાળાનો ઉલ્લેખ પંચ નહિ કરે. ત્રીજી યોજનાનાં બાકીના ચાર વર્ષો માટે જ પ્રમાણિત મળશે જેથી ચોથું પંચ ચોથી યોજનાને તેની ભલામણોમાં સમાવિષ્ટ કરી શકશે.

ત્રીજા નાણાંપંચના તમામ સભ્યો અને મંત્રી શ્રી આર. કામથ અખબારી પરિષદમાં હાજર હતા.

કેટલાક પ્રશ્નોના ઉત્તરમાં શ્રી ચંદાએ કહ્યું હતું કે પંચ તેની ભલામણો કરતાં વસ્તીની ગીચતા, ગોકળ રાજ્યો સમાજના વિવિધ પ્રશ્નો, રાજ્યોની વિકાસ જરૂરીયાતો ઉપરાંત બીજા અનેક પ્રશ્નો ધ્યાનમાં લેશે. પંચ રાજ્યોએ હાથ ધરેલી કેટલીક યોજનાઓ અને કેટલાક પછાત વિસ્તારોની મુલાકાતે જશે.

ભારત દ્વારા નેપાળને રૂા. ૧૮ કરોડની મદદ

નવી દિલ્હી. કોલંબો યોજનાના પોતાના ભાગીદારોને ૧૯૫૯-૬૦માં તાલીમની સગવડની ગોઠવાઈ કરી આપનાર ૧૧ દેશોમાં ભારતનું સ્થાન પાંચમું આવે છે. અમેરીકા, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલીઆ પછી આ સગવડ આપનાર દેશ તરીકે ભારતનું સ્થાન આવે છે.

કોલંબો યોજના હેઠળ ભારતે નાણાં તેમજ ટુકડી મદદના સ્વરૂપમાં પોતાનો ફાળો આપ્યો છે.

ભારત તરફથી ૧૯૫૯-૬૦ના વર્ષમાં નેપાળને રૂ ૧૮ કરોડની નાણાંની મદદ આપવામાં આવી હતી.

કોલંબો યોજના સલાહકાર સમીતીના ૧૯૫૯-૬૦ના વર્ષ માટેના નવમા વાર્ષિક અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે

આચાર્ય વિનોબાનું નવું સૂત્ર

મથુરા: આચાર્ય વિનોબા ભાવેએ જણાવ્યું હતું કે આપણી વૈજ્ઞાનિક પ્રગતિ જોતાં આ યુગમાં રાજકારણ અને અતિવાદ બંને લાંબે ટકી શકશે નહિ.

તેમણે કહ્યું હતું કે હાલમાં વિજ્ઞાન માનવીને હિંસાની એવી પ્રબળ શક્તિ પૂરી પાડી રહ્યું છે કે જો હાલનો રાજકીય પ્રવાહ ચાલુ રહેશે તો ખુદ માનવજાત નાશ થશે.

પ્રાર્થના સભાને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે જ્યારે હિંસાની શક્તિ મર્યાદિત બની જાય અને તે નૈતિક શિસ્તવાળાઓના હાથમાં હોય ત્યારે જ રાજકારણની આધ્યાત્મિકતાનો વિચાર થઈ શકે.

જો આપણે 'માનવી'ને બચાવવો હોય તો રાજકારણનો નાશ કરવો જ પડશે.

તેમણે જણાવ્યું હતું કે હું વિજ્ઞાનને આવકારું છું પણ તેના પર આધ્યાત્મિક શક્તિનો કાબુ હોવો જરૂરી છે.

આધુનિક વિજ્ઞાન અખૂટ શક્તિ લાવે છે. ત્યાં તો તેને આપણા ઉદ્દેશથી વાળી શકીએ નહિ તો તે માનવજાતિને નાશને પંથે લઈ જશે.

અમદાવાદને ગુજરાતનું પાટનગર કરવાની માંગણી

અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનની આગામી સામાન્ય સભામાં અમદાવાદને ગુજરાત રાજ્યના કાયમી પાટનગરનું સ્થાન આપવા ગુજરાત સરકારને ભલામણ કરતી એક દરખાસ્ત રજુ થશે.

આ દરખાસ્તમાં જણાવાયું છે કે અમદાવાદ પાટનગરને જરૂરી સૌ આધુનિક સગવડો પૂરી પાડવાની શક્તિ ધરાવે છે તેથી પાટનગર બનાવવા અંગેની રકમમાંથી જરૂરી રકમ શહેરના વિસ્તૃતિકરણ અને વિકાસ માટે ખર્ચી શકાય.

અમદાવાદને પાટનગર જાહેર કરવા રાજ્ય સરકારને વિનંતી કરતી એક બીજી દરખાસ્ત પણ આવશે.

તિબેટમાં ભુખમરાથી મરણ

નવી દિલ્હી. ૧૯૫૯માં જમાવવામાં આવેલી ભુખમરાની ભયાનક પરિસ્થિતિ પુર્વતિબેટમાં પુનરાવર્તન થઈ રહ્યાના સમાચાર મળે છે. આ ભુખમરો કોઈ કુદરતી આપત્તિને કારણે સર્જાયો નથી. પરંતુ તિબેટનો મોટો પાક ચીન પચાવી ગયું છે તેથી ઉભો થયો છે.

એવા સમાચાર મળે છે કે લગભગ પાંચ હજાર તિબેટવાસીઓ ભુખમરાથી ટળવળીને મોતને શરણ થયા છે. ભારત અને તિબેટની સરહદ પર રાખવામાં આવેલા ચીની સૈનિકો પણ ભુખમરો વેઠી રહ્યા છે. પુરતા ખોરાકને અભાવે સૈનિકો રોગનો ભોગ થઈ પડ્યા છે. તેમને પુરતા વસ્ત્રોનાં પણ સાંસાં પડે છે

બાળકો ચોપડીઓ માટે પીઠ પાછળ રહે એવી થેલી વાપરે

—શ્રી નહેરૂ

અત્યારે તો હું બાળકોને શાળાએ જતાં જોઉં છું. એટલાં બધાં ચોપડાં ને થેલીઓ બાર હાથ છે કે તે વાંકા વાંકા ચાલે છે એને બદલે પીઠ પાછળ નાંખી શકાય એવી થેલી તૈયાર થાય અને કમરે પટ્ટા સાથેની જે થેલી હોય તો કમર પણ સીધી રહે ગુજરાતના મંત્રી આવી 'રૂકસાક' થેલીઓ પ્રબંધ કરશે એવી આશા રાખું છું

યુનીવર્સીટીઓમાં બંધાશે ગાંધી ભવનો

દુર્ગાપુર: ગાંધી સ્મારકનિધિના અધ્યક્ષ શ્રી આર. આર. દિવાકરે એક જાહેર સભામાં જણાવ્યું કે ભારતની તમામ ૪૧ યુનીવર્સીટીઓમાં ગાંધીભક્ત વિચારસરણીના પ્રચાર માટે ગાંધી ભવનો સ્થાપવાનો ઇરાદો રખાયો. એ દિલ્હી, મહૈસૂર, કર્ણાટક અને નાગપુર સહિતની સાત કે આઠ યુનીવર્સીટીઓએ ગાંધી ભવનો સ્થાપવાની સંમતિ આપી છે

દિલ્હીમાં શીતળાએ લીધેલો વીસનો ભોગ

નવી દિલ્હી: જાન્યુઆરી ગાળાના પ્રથમ નવ દિવસ દરમીયાન શીતળા, રોગથી ૨૦ માણસોનાં મરણ થયાં છે. આ નવ દિવસોમાં ૧૦૫ માણસોને શીતળા નીકળ્યાં હતાં.

મુખ્યાલયના શીતળા પ્રતિબંધક કાર્યક્રમ અધિકારી ડૉ. શર્માએ એવી માહિતી આપી હતી કે, શીતળાના રોગવાળામાં અપવાદિતોમાંના કેટલાકે કદી રસી જ મુકાવી નથી, અને કેટલાકે ૧૦ વર્ષ કે તેથી પણ વધુ સમય પહેલા શીતળા પ્રતિબંધક રસી મુકાવી હતી.

ઝાડુવાળાના પેશાને આકર્ષક બનાવવા ખાસ ભથ્થું

ભોપાળ: અસ્પૃશ્યતાના કલંકને ભુંસી નાખવા માટે રાજ્યમાંની મુખ્યાઈઓ અને કોર્પોરેશનોમાં અન્ય હિંદુઓ ઝાડુ વાળવાની નોકરી સ્વીકારશે તો તેમને આવું પગાર ઉપરાંત પ્રોત્સાહન આપવાના હેતુથી ખાસ ભથ્થા તરીકે રૂપીયા નેવું આપવામાં આવશે

આજ હેતુથી હરિજનોને ચાહની દુકાન કે હોટેલ ખોલવા માટે નાણાંકીય સહાય આપવામાં આવશે.

રાજા નરેશચંદ્રના પ્રમુખપદે મળેલી મધ્યપ્રદેશ સરકારના પછાત જાતિના કલ્યાણ ખાતાની સલાહ સમીતીની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!

સોંઘવું મળશે, ભેળસેળ ટળશે, પમરોઈ ટળશે.
હમારે ત્યાં નીચેની બધીજ વસ્તુઓ મળે છે.

સ્ત્રીઓ માટે: ચોળીઓ, સુંદર સ્વેટર અને બીજી અનેક જાતની મળશે, રીતનો પણ મળશે, જરસીઝ, પુલોવર, કારડીગન, સૌંગોટ, ચડ્ડી, સોક્સ વિ.

બાળકો માટે: નાના બાળના ઝભલા, ટોપી, બ્લાઉઝ, ઝોક, સૉંગસેટ, ચડ્ડી, સોક્સ, નેપકીન્સ, ફુલકોપ, પેટીકોટ, નાઈટીસ, બીબ્સ, ફ્રોક, બાબ સ્વેટર વિ.

ઉત્તમ પશ્ચિમ સ્ટાઇલ, રંગબેરંગી કશીદા, ગલીચા, સાડી, વિ.
વેપાર માટે સાદી સેલ વાળાઓ સ્ટેસીલ ફરીવાર મારફત, ઈન્ડેન્ટ
મિલન સા માટે! સારો માલ વેચાઈ જતાં શી વાર!!

જથ્થાબંધ વાઘોને: આમરો હેટર્સ (પ્રા) લી.
(ભોખાભાઈ ભારતવ એન્ડ સન્સ)
ફોન: ૯૯૯૯૯ — ફોર્ટ બજાર, — પો. બો. ૫૨૫૫.
સારેવર મેનશન્સ — ૩૭ વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

THE SURAT HINDOO MAYAWANT ASSOCIATION OF SOUTH AFRICA

c/o 67, Victoria St,
Durban.

Please take notice that the Annual General Meeting of the above Association will be held:—

At 79, Lorne St Durban, on Sunday 2nd April, 1961 at 10 30 a m (sharp).

You are Earnestly requested to attend.

AGENDA.

(1) Minutes.
(2) Correspondence
(3) Treasurer's Report.
(4) Election of Officials and Committee Members.
(5) General.

Yours faithfully,
N. BHAGWAN
Hon. Secretary

ફુલડીપીંગ, ફેનામ રેઝ્સ રીટન્સ, વાયણી-સોગ, રેત્નુ ક્લીઅરન્સ અને ઇનસ્પેક્શન્સ માટે મળો.

આર. વીઠલ

૧૨ માર્કેટ આર્કેડ, ૪૮ માર્કેટ સ્ટ્રીટ,
કેસનર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ,
જોહાનીસબર્ગ. ફોન ૨૨-૧૩૫૪.

* ઇદગાહ *

● પ્રેમચંદ ●

(ગયા અંકથી ચાલુ)

આ બાજુ જાતજાતનાં રમકડાં છે: સિપાહી અને કેદી, રાજા અને વકીલ, ભિસ્તી અને ધોબણ અને સાધુ...વાહ! કેવાં સુંદર રમકડાં છે! જાણે હમણાં જ બોલવા માંડશે!

મહેમુદ સિપાહી લે છે—ખાખી ડ્રેસ અને લાલ પાઘડીવાળો. ખભે બંદૂક મૂકી છે. જાણે કે હમણાં જ કવાયત કરીને આવે છે!

મોહસીનને ભિસ્તી ગમી ગયો: કમર ઝૂકી ગઈ છે, અને ઉપર મશક મૂકી છે. મશકનું મોં એક હાથે પકડેલું છે. જાણે કે હમણાં જ મશકમાંથી પાણી છાંટવા માંડશે. કેવો પ્રસન્ન છે—કોઈ ગીત ગાતો હશે!

નુરાને વકીલ ગમી ગયો. કેવી વિદ્વત્તા ઝળકી રહી છે તેના મુખ પર! કાળો કોટ, સફેદ પાટલૂન, એક ખિસ્સામાં ઘડિયાળ, સોનેરી સાંકળી. એક હાથમાં કાયદાનું પોથું: જાણે કે હમણાં જ અદાલતમાંથી કેસ ચલાવીને આવી રહ્યો છે.

આ બધાં બબ્બે પૈસાનાં રમકડાં છે. હામિદ પાસે તો કુલ ત્રણ જ પૈસા છે...

મોહસીન કહે છે: "મારો ભિસ્તી રોજ પાણી ભરી જશે—સવારે ને સાંજે!"

"અને મારો સિપાહી ઘર આગળ પહેરો ભરશે" મહેમુદે કહ્યું: "કોઈ ચોર આવ્યો કે તરત બંદૂકનો ફેર કરવાનો!"

નૂરો કહે: "મારો વકીલ ખૂબ કેસ લડશે." "અને પેલી ધોબણ રોજ કપડાં ધોશે," સમ્મીએ ઉમેર્યું.

હામિદ કહેવા લાગ્યો: "માટીનાં તો છે: પડી જશે તો માટીનો ઢગલો, ચૂરો થવાનાં!" છતાં લાલચુ આંખો વડે તે રમકડાં જોઈ રહ્યો હતો. તેને મનમાં તો થાય છે કે, થોડી વાર એને હાથમાં લેવા મળે તો કેવું સારું! તેનો હાથ અનાયાસે જ તે તરફ લંબાય છે...

રમકડાં પછી મીઠાઈઓ આવે છે. કોઈએ રેવડી લીધી, કોઈએ ગુલાબજાંબુ. તો કોઈકે સોનહલવો. બધા મજાથી આરોગે છે. હામિદ પાસે માત્ર ત્રણ જ પૈસા છે. લાલચુ આંખો વડે તે બધા તરફ જોઈ રહે છે.

મોહસીન કહે: "હામિદ, લે આ રેવડી: લે—કેવી સરસ છે!"

"તારી રેવડી તારી પાસે રહેવા દે" હામિદ ખિજાયો. "મારી પાસે શું પૈસા નથી!"

"આપણા ત્રણ પૈસા તો છે!" સમ્મીએ યાદ કરાવ્યું: "એટલામાં તું શું શું લેવાનો હતો!"

મહેમુદ બોલ્યો: "મારી પાસેથી આ ગુલાબજાંબુ લઈ જા, હામિદ"

"મીઠાઈ તે વળી કાંઈ સારી વસ્તુ છે!" હામિદે દલીલ શોધી કાઢી. "ચોપડીઓમાં તેના વિષે કેટલું ખરાબ લખાયું છે!"

"પણ તું તારા પૈસા વાપરતો કેમ નથી!" મોહસીને પ્રશ્ન કર્યો.

"હું જાણું છું એની ચાલાકી!" મહેમુદે એક બોલતાં કહ્યું. "આપણા બધા પાસે પૈસા વપરાઈ જશે, એટલે એ આપણને લલચાવીને ખાશે..."

પછી આવી લોખંડની વસ્તુઓની દુકાનો જ્યાં ત્યાંથી આગળ વધ્યા; પણ હામિદ લોખંડની એક દુકાન આગળ અટક્યો.

એ દુકાનમાં કેટલાક ચીપિયા હતા. તેણે દુકાનદારને પૂછ્યું: "આ ચીપિયો કેટલાનો છે!"

દુકાનદારે તેના તરફ જોયું, અને જોડે કોઈ મોટા માણસને ન જોતાં કહ્યું: "એ તારે કામનો નથી, ભાઈ!"

"કેમ, શી કિંમત છે!"

"એના છ પૈસા પડશે"

"વાજબી કિંમત કહો"

"ઠીક પાંચ પૈસા પડશે: લેવો હોય તો લે—નહિ તો ચાલતી પકડ"

"ત્રણ પૈસા લેશો!" હામિદે હિંમત કરીને પૂછી નાખ્યું.

દુકાનદારે ચીપિયો આપી દીધો. હામિદે તેને બંદૂકની જેમ ખભે મૂક્યો, અને પછી અકડાઈથી ચાલતો તે મિત્રો પાસે આવ્યો.

મોહસીને હસીને કહ્યું: "અરે, આ ચીપિયો કેમ લીધો! આંધળા! એને શું કરીશ!"

હામિદે ચીપિયો જમીન પર પછાડી કહ્યું: "તમારા ભિસ્તીને જરા નીચે ફેંકો જોઈએ—એક હાડકું સાજું રહે છે!"

મેહમુદ: "આ ચીપિયો તે કાંઈ રમકડું છે!"

હામિદ: "રમકડું કેમ નથી! એ: આ ખભે મૂક્યો, તો બંદૂક બની ગયો; હાથમાં રાખ્યો તો ફકીરનો ચીપિયો થઈ ગયો; ધારું તો એનાથી મંજીરાનું કામ પણ લઈ શકું—અને જો એક ટોચો દઉં ને તો તમારાં બધા ય રમકડાં ચૂરેચૂરા થઈ જાય. આ તો મારો બહાદુર શેર છે, ચીપિયો!"

"મારી ખંજરી સામે અડધાઅડધી કરી છે!" સમ્મીએ ખંજરી લીધી હતી, તેણે ગંભીર બનતાં કહ્યું: "એ આનાની છે!"

હામિદે ખંજરી તરફ તિરસ્કારની નજરે જોતાં જણાવ્યું: "મારો ચીપિયો ધારે તો તારી ખંજરીનું પેટ ફાડી નાખે. લ્યો—એક ચામડાની ખાલ ચઢાવી, એટલે ઢબઢબ બોલવા લાગી! અરે, જરાક અમસ્તું પાણી અડકે ને, તો ખલાસ થઈ જાય; જ્યારે બહાદુર મારો ચીપિયો તો આંધીમાં, પાણીમાં, આગમાં કે તોફાનમાં બરાબર અડગ ઊભો રહેવાનો!"

ચીપિયાએ સૌને મોહિત કરી દીધા હતા. હામિદે આગળ ચલાવ્યું:

"હમણાં જો ધાડ આવી પડેને તો મિયાં ભિસ્તીના તો છક્કા જ છૂટી જાય. સિપાહી મિયાં તેમની બંદૂક નાખી દઈને ઊંધી પૂંછડીએ નાસવા માંડે—વકીલ સાહેબના મોતિયા જ મરી જાય: કોર્ટમાં એ મૂછવાળી જીભ પર તાળાં લાગી જાય! પરંતુ આ ચીપિયો, આ બહાદુર, આ રુસ્તમે-હિંદ એ છલાંગ મારતો શેર પર સવાર થઈ જાય—અને તેની આંખો જ ખેંચી કાઢે!"

મોહસીનને એમનિતી નવી ઉલટ સૂઝી: "તારા ચીપિયાનું મોં રોજ આગમાં બળશે!"

"આગમાં તો બહાદુરો જ કૂદી પડે છે, જનાબ!"

હામિદે હાજર જવાબ વાળ્યો: "તમારા આ વકીલ, આ ભિસ્તી, આ સિપાઈ, તે વખતે કાકીઓની જેમ ઘરમાં ભરાઈ જશે. આગમાં કૂદી પડવું એ તો માત્ર રુસ્તમે-હિંદ જ કરી શકે છે!"

ત્રણ પૈસામાં હામિદે રંગ જમાવી દીધો હતો.

(અપૂર્ણ)

શુભ પ્રસંગો માટે ભેટ!

સ્ત્રીઓ અને પુરૂષો માટે

ઘડીયાળ!

૧૭, ૨૧ અને ૨૫ જ્યુવેલનાં ઓટોમેટીક કેલેન્ડર.

- રોમર
- રોટરી
- સેકો
- રૂસર

વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરૂષોના શર્ટ સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.

હોલસેલ ભાવે મળશે

બોક્સ ૫૬૮૮, ફોન: ૮૩૫-૨૬૦૨

વલ્લભભાઈ બી. પટેલની કું.
૪૪, માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

રાતા સૂકા મરચાં

રાતા સૂકા મરચાં અને હાથની પીસેલી મસાલેદાર લાલ મરચાં બજાર ભાવે ૬ પેન્સ ભાવે ત્યાં મળશે, અને ૨૫/- રતલ પોસ્ટેજ સાથે રતલના ૬ સેન્ટ.

તેમજ સાંભા હાથના આફ્રિકાના સુપ્ર રકમના શા કેસ.

ઓરડર સાથે લખો:

Maarmans (Pty.) Ltd
P. O. Box 26, Phone 120
(Brits, Transvaal.)

નવા પુસ્તકોની યાદી

સંસ્કારિતાને કાંઠે શી. ૩-૦
કોઈ ગોરા કોઈ કાળા શી. ૭-૦
આ ઓફીસેથી મળશે.

સામાજીક પ્રસંગો

શ્રી લુઇસ્ટ્રીચાર્ટ હિંદુ સેવા સમાજ

શ્રી રામકૃષ્ણ સેન્ટર ડરબનથી સ્વામી નિશ્વાનંદ તારીખ ૧૭-૨-૬૧ શુક્રવારના રોજ લુઇસ્ટ્રીચાર્ટ પધાર્યા હતા તેમની સાથે ડરબનના શ્રી ગોવન મગનું, તથા ભિકુભાઇ એન. ગ્રીવું તથા મેરીટઝબર્ગના શ્રી ભગુભાઇ અને જોહાનીસબર્ગ આગના શ્રી ગાભાભાઇ વગેરે "સેન્ટર"ની આર્થિક મદદ માટે આવ્યા હતા. અને શ્રી મણીભાઇ એ. ગોકળ ને ત્યાં સૌનો મુકામ હતો.

દાનાની ઝુંબેશ શ્રી મણીભાઇ એ. ગોકળની ઉદારતાથી સારી થતાં કામ પાર્ડુંજ સહેલું થઇ પડ્યું હતું.

શનિવાર તથા રવિવાર એમ બે દિવસ મહેમાનો સાથે શ્રી મણીભાઇ ગોકળ તથા સમાજના મંત્રી શ્રી અનંતરાય દવે, તેમજ શ્રી ઝીણાભાઇ પટેલ વગેરે સાથે ફરી ગામમાં તથા ડીસ્ટ્રીક્ટમાં વસતા ભાઇઓ તરફથી સારી રકમ નોંધાણી હતી, અને રવિવારે બપોરના તેમની વિદાય પહેલાં પા. ૪૦૪-૧૦-૦ થયા હતા.

સૌના આશ્ચર્ય વચ્ચે અતી વખતે શ્રીમતી પ્રભાબહેન મણીભાઇ ગોકળ તરફથી એક કવર મળ્યું અને એ મળતાં તેમાંથી પા. ૨૫-૦-૦ નિકળ્યા અને હવે પા ૫૦૪-૧૦-૦ ઉપર પહોંચ્યો.

બાળકોમાં પણ એટલોજ ઉત્સાહ, આવ્યો અને સમાજના મંત્રી શ્રી અનંતરાય દવેની બે નાની દિકરીઓ ચિ. હર્ષુબા તથા નલિની બાજુમાં ઉભી હતી તેમના તરફથી ભેટની શી. ૧૦-૦ ઉમેરાણી અને સ્વામીજીની લુઇ ટ્રીચાર્ટથી વિદાય વખતે હવે કુલ પા. ૫૦૫-૦-૦ ઉપર પહોંચ્યો.

પાછળથી અ. સૌ. મુક્તાબહેન ભાનુશંકર મહેતા તરફથી પા. ૨-૦-૦ મળતાં કુલ રકમ પા. ૫૦૭ થયેલ છે જે નીચે મુજબ છે

There is yet one more interesting anecdote before the capture was completed. Kumarappa's articles on "Public Finance and our Poverty" appeared as serial in "Young India" when Gandhiji was already on his famous "Dandi March." Kumarappa thought that the articles should be brought out in a book form and he was naturally keen on getting Gandhiji to write a foreword. He, therefore, went to Karadi where Gandhiji was in the course of his trek to Dandi and knowing how busy and preoccupied Gandhiji would be, he took with him a brief ready made draft of the foreword for Gandhiji's signature. The meeting was again significant. Gandhiji smilingly told Kumarappa that if he ever signed a foreword it would be written by himself and not by Kumarappa and then quickly added that he had more important work to transact than approving the draft of a foreword! He told Kumarappa that he wanted him to help Mahadev Desai, who would have to edit the "Young India," immediately Gandhiji was arrested. This took Kumarappa utterly by surprise. "Young India" was then Gandhiji's weekly, which was deeply stirring the soul of India and how could he, a new comer, suddenly contribute anything worth while to its columns. But Gandhiji once again brushed aside all objections and said that he, as the Editor, was quite competent to judge who could help or not. Kumarappa had to promise to help. Curiously, Mahadev Desai was arrested before Gandhiji and Gandhiji himself was arrested a little later, and Kumarappa had to take over editorial charge of "Young India." He would never have done that but for the spontaneous and inspiring trust Gandhiji placed on him at the very start. But that was Gandiji's way and that was how he captured the soul of "Young India." And thus did Kumarappa come into the hands of Gandhi and there he remained during all the life of the Master and ever since to this day.

Impressive Record In India

("Indian Opinion" India Service)

NAIROBI—Mr. Dixon Fortus Mbunda of Kenya, who left for India in August 1954 for post-secondary and higher education, has returned home after having spent in the country "one of the happiest parts of his life," as he puts it in a note giving his impressions of India.

Mr. Mbunda who studied at Mysore University, topped the list of successful scholars in the M.A. Economics Examinations, 1960, and secured a gold medal. Earlier, in 1959, he obtained his B.A. (Hons) Degree and was placed third in the order of merit.

The first examination he sat for in India was in 1956 at the end of passing of studies for the Intermediate certificate from the Maharaja's College, Mysore. He came out with flying colours, securing First Class First, and became the recipient of a merit scholarship for further studies in recognition of that outstanding success.

Latest News Of Roopanand's Arrivals

THE MY MAGAZINE OF INDIA Tamil film stars story (true) 1 6
WEEKLY OF INDIA The pictures you long to see of to-day 2 6
JESUS PADAM & KALAYA you will be proud to buy ... 3 6
FILM FARE A magazine stars from heaven to earth .. 3 6
INDIAN INFORMATION You will be nice to read and see ... 2 6
THE MARCH OF INDIA Is your future 4 6
THE INDIAN ANNUAL Year by year India progress 7 6
PICTURE POST All about the South Indian film in market you see 2 6
FASHION FOR FUTURE INDIAN WOMAN Style: Blouse and Jumper Choli Pattern Book Easy Diagram to cut and make your own as pattern designs 14 6
ROOPANAND'S FESTIVAL CALENDAR for 1961 increasingly popular 9 0
DAILY DIARY in Hindi and English with every good wishes .. 5 6
KASI HINDI PANCHANGS Bombay 4 0
VISSWANATH and SHIV PANCHANGS 7 6
HAWAN SAMAGRI. Pure best arranged from Holy Land of India 5 6
THARI LOTAS Real Indian design made in India per ... 45 0
RIHAL STANDS FOR BOOKS Ramayan and Koran and Holy Scriptures ... ... each 15 0
GUDHUSHI MALA and many others 4/6, 5/6, 10/6, 12/6, 25/

MURTHIES OF ALL DESCRIPTIONS, Marble, Bronze, Silver God and Goddess ... 7/6 10/- 12/- 25 0
KHARTAL in pairs special for Kirtans, Bhajans etc. ... [illegible]
DHOLAK'S for qawwali, weddings, Holi Bhajan ... £8 10 0
TABLA & DUGGIE for all occasions £6 10 0
HARMONIUM best make Swan Flute £18 10 0
PORTABLE HARMONIUM for the Ramakrishna £25 10 0
Divine Saviour Plate of all designs 3/6, 4/6, 6/6
Side Playing ... 13/-, 25/-, and 35/6

FAMOUS PUBLICATION IN BOOKS

HOUDINI the greatest magician and his works detailed at last ... 26 0
MY INDIA a book of proud people with dignity 24 0
YOGA for health A sound mind you will have with this book .. 26 0
AKBAR AND BIRBAL STORY now told in English 0 9
HATIM THAI a story book believe it or not 12 6
BEHOLD THE EARTH MOURNS are you believe it 10 8
"INDIAN DELIGHTS" for Indian women's gift ... 19 8
CURRIES OF INDIA what a taste tastes 7 6
RAMAYANS for boys and girls new soft binders 2/6, 10/6, 12/6
MODERN MARRIAGE a book for every young man and woman 14 9
INDIANS IN NATAL by Dr Hilda Kuper 30 0

FOR THE LATEST FILM RECORDS OF ALL YOUR FAVOURITE TUNES TRY US FIRST
WE CARRY THE LARGEST STOCKS OF LOCAL RECORDS, AND FROM INDIA
BOOKS OF ALL SORTS, INDIAN, ANCIENT, HISTORICAL, ARE SOLD BY US

D. Roopanand Bros.

PHONE 20707 — MUSIC SALOON & BOOKSELLERS — P. O. BOX 2524
85 Victoria Street, DURBAN

fifty years ago...

April 1911

PROTEST AGAINST CLASS LEGISLATION

(From The Indian Opinion, April 1, 1911)

ON Sunday afternoon last, at the Old Indian Market in Grey Street, Durban, about 2,000 Indians assembled under the auspices of the Natal Indian Congress, to voice their protest against the Immigration Bill. Mr. Dawad Mahomed (the President) was in the chair, and amongst those present were Messrs M. C. Anglia, Dada Osman, O. H. A. Jhaveri, Parsee Rustomjee, Ismail Gora, Abdulla Haji Adam, V. Lawrence, M. C. Coovadia, Abdul Cadir, A. Christopher, B. A. Meghraj, R. B. Chetty, S. A. Francis, H. L. Joshi, B. Bhagwandin, Amburam Maharaj, N. M. Cadir, D. M. Bredat, Moulvi Abdul Cadir, G. H. Miankhan, and delegates from Verulam, Tongaat, Stanger, Hatting Spruit, Boystown, Umzinto, Dundee, Isipingo and Maritzburg. Telegrams were received from Tolstoy Farm, British Indian Association, Johannesburg and from various societies of Dundee, Waschbank, Stanger, Tugela and Ladysmith.

Chairman's Speech

Brethren and Fellow-Countrymen,—We are met here once more to consider the situation arising out of Immigrant's Restriction Bill now before Parliament and to adopt all needful precautions to preserve our rights which are so seriously threatened by the Bill. I will not conceal from you the fact that, to my humble opinion, our position is critical. We may preserve our rights, on the one hand, or, on the other, we may see their very foundations undermined before our eyes, and it largely depends upon how we face the issue today as to which of these two things will happen. Since we met, about a fortnight ago, our respectful petition has been submitted to Parliament, praying for relief. Our resolutions of protest have been conveyed to the proper quarters. What response these efforts of ours have met with, we cannot for the moment know. I understand that General Smuts is moving certain amendments to the Draft Bill, in Committee stage, which he wishes to assure us are all for our benefit, but we are unaware of their nature, and, from experience we fear the Greeks, specially when they bring gifts. We know that General Smuts' gifts are often poisoned, and we know that pledges given to our people are not always given effect to in good faith. We have too much at stake to permit any semblance of doubt as to our exact position. Meanwhile, we know the Bill, as at present drafted, does not in the least protect us. Indeed it actually deprives us of protection that we already possess by virtue of our Natal laws so satisfactory in their administration. We find that our businessmen suffer for lack of the possibility of securing adequate clerical assistance from India. We find that even an Indian born in the Province may be regarded (at the arbitrary whim of the Immigration Officer, a "little Czar" as he has been called), should he have been absent, and desire to re-enter, as a prohibited immigrant, and that immense difficulties will be placed in his way before he can apply to a Court of Law for a declaration of rights. Indeed, that privilege is not actually taken away from him. We find that the issue of a certificate of residence is entirely within the discretion of the Minister, and that he may refuse it at his own pleasure. We find that the rights of wives and minor children to follow the domicile of their husbands and fathers are no longer protected. But worst of all, most ungracious of all, most significant of all, is the racial or colour bar which the new Bill contains. Our Transvaal brethren have, with our approval and encouragement, for the last four years fought to ensure the removal of racial legislation from the Statute of the Province. We know what they have suffered in order to procure that removal. And yet, in spite of all this, in spite of General Botha's explicit assurance to the Imperial Government, that the new Immigration Bill would completely remove the taint of racialism from the existing legislation, giving the right to those who were able to pass the education test imposed by the Bill to travel or reside freely and permanently in any part of the Union, in spite of General Smuts' equally explicit assurances to the same effect, on the occasion of the second reading of the Bill, we now know that not only has the Transvaal legislation not been purged of the racial taint, but that, in a worse and more subtle form, the racial bar has been actually imported into the Union legislation and that the dreadful condition of affairs that has hitherto been confined to a portion of the Union legislation is now to be extended throughout the entire Union. We here, in Natal, who have hitherto prided ourselves upon our equal laws relating to immigration now find them laws repealed, and an unequal law substituted for them. I venture to affirm that we cannot possibly tolerate this substitution. We are asked to accept a law that makes it impossible for even our greatest men, though they have successfully taken the Union Immigration tests, to enter one province of the Union except upon conditions that a mongrel one would contemptuously reject. Imagine for one moment H.H. the Aga Khan, the Hon. Prof. Gokhale, the Hon. Syed Ali Imam, (the Indian member of the Indian Government), the Right Hon. Mr. Ameer Ali (a member of His Majesty's Privy Council), or Sir Mancherji Bhownaggree and Mr Dadabhai Naoroji, who have sat for metropolitan constituencies in the Imperial Government, being rejected from a Province of this Union, on the sole ground that he was an Asiatic!

Can we tolerate so vile an insult? Can we betray our Transvaal brethren? Can we betray 315 millions of our fellow countrymen in India to whom at the same time we appeal for help and sympathy?

But the poison is more subtle than this. Not only are we asked to be parties to the humiliation of our Motherland, but we are even asked to be parties to our own destruction. We are required to give our assent to the principle of racial legislation.

Gentlemen we cannot do so! We forfeit all claim to consideration thereby, and give away our children's birthright.

My Brethren, we are at the parting of the ways, the right hand road leads upwards to dignity, self-respect, comparative security and the esteem of our fellow colonists. The left hand road leads rapidly downwards to moral and material degradation, slavery, and extinction. Which do you choose today? Will you acknowledge God or Mammon? I have no doubt about the nature of your reply and I accordingly recommend for your unanimous acceptance the resolutions that will now be put to you.

Today is a fateful day in our history. There are 120,000 Indians in this Province, many of whom, our sons and daughters, were born here and know no other home. Let us make provision for them so that in the days to come they may bless our memory, who are responsible before God for their welfare in this South African Union.

R. VITHAL

Bookkeeping, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns.

Contact No. 12 Pakkys Arcade
48 Market Street,
Cor Diagonal & Market Sts.
Johannesburg. Phone: 33-1854

DIRECT IMPORT FROM INDIA AND PAKISTAN

We have pleasure in announcing the arrival for the Xmas and New Year

LATEST SHIPMENT IN

Agarbattis, Caromboards, Plastic, Rolled Gold, Silver Bangles. Latest Jewellery & Hair Ornaments
Sequins, Diamantes & Trimmings
Muradabadiwares & Fancy Goods

We specially cater for Hawkers and Traders

When Next In Town It Will Pay You To Visit

A. K. HOOSEN & SONS,
IMPORTERS—WHOLESALERS
116 Queen St., (HOOSEN'S BLDGS) Durban
Write For Our Price List

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

No. 12—VOL.-LIX
FRIDAY,
31ST MARCH, 1961
Phone: Mount Edgecombe 30.
Registered at the G.P.O. as a Newspaper
Price 4 Cents

INDIAN OPINION
ઈન્ડીયન
ઓપિનિયન
મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણિલાલ ગાંધી

*

સત્ય એક છે. માર્ગ એક છે. આ પરમ પવિત્ર સત્ય જ તમારું અસ્તિત્વ છે. આ સત્યને સમજો સદાચારી બનો. સત્યનો સાક્ષાત્કાર કરો. મુક્ત બનો.
—શિવાનંદ

પુસ્તક ૫૯ મું—અંક ૧૨ | તા. ૩૧ માર્ચ, ૧૯૬૧. | છુટક નકલ સેન્ટ, ૪

સામાજીક સલામતીનું પ્રતીક

[લેખક: શ્રી વી. એન. રાજન આઈ. સી. એસ.]

સૌથી વધુ સંખ્યાના લોકો માટેનાં સૌથી વધુ સુખી જીવન અર્થે મથી રહેલા કલ્યાણપ્રવર્તક રાજ્યમાં સામાજીક સલામતી માટેનાં પગલાંની નેમ એવા માંદગી, માતૃત્વ, બેકારી, વૃદ્ધાવસ્થા, કુટુંબનો નિર્વાહ કરનાર માણસનું મરણ વગેરે કારણોએ લીધે સંકટમાં આવી પડ્યા હોય તેમને રાહત આપવાની છે.

એમ્પ્લોયીઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન અને તેની પ્રગતિ

આના અનુસંધાનમાં આપણું એક તંત્ર તે "એમ્પ્લોયીઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન" છે. અહિં એશીયાના વિસ્તાર માંનુ એ પ્રથમ સામાજીક સલામતી તંત્ર છે. ૧૯૪૮માં કર્મચારીઓના સરકારી વિમાને અમલમાં મુકવા માટે આ તંત્ર અસ્તિત્વમાં આવ્યું હતું. આ યોજના કોઈ પણ વિસ્તારમાં અમલમાં મુકાય તે પહેલાં સારા પ્રમાણમાં તૈયારી જરૂરની હતી. લગભગ ૧૫૦,૦૦૦ ઔદ્યોગિક કર્મચારીઓને વિમાને લગતા લાભો પુરા પાડવા માટે કર્મચારીઓના સરકારી વિમાની આ યોજનાનું ઉદ્ઘાટન છેક ૧૯૫૨ ના ફેબ્રુઆરીની દરમ્યાનમાં જ કરી શકાયું. ત્યાર પછીના વર્ષ દરમ્યાન એ યોજના પંજાબના ૭ ઔદ્યોગિક કેન્દ્રોમાં લાગુ પાડવામાં આવી હતી. આ રીતે બીજા ૭૦,૦૦૦ કામદારો આ યોજનાનો લાભ મેળવતા થયા. ૧૯૫૪માં આ દિશામાં મોટું પગલું ભરાયું હતું. જ્યારે આ યોજના લગભગ ૪ લાખ કામદારોનો સમાવેશ કરતા મુંબઈ વિસ્તારને લાગુ પાડવામાં આવી હતી. ત્યાર પછીના વર્ષે એ યોજના કલકત્તા અને હાવરામાં દાખલ કરવામાં આવી. જેથી બીજા ૬૫૦,૦૦૦ માણસોને આ યોજનાનો લાભ મળ્યો. ત્યાર બાદ રાજ્ય સરકારો સાથે મંત્રણા કરીને વખતો વખત આ યોજનાને દેશના જુદા જુદા ભાગોમાં દાખલ કરવામાં આવી છે. અત્યારે આ યોજના ગુજરાત, કે જે ૧૯૬૦માં સ્થપાયું છે, તે સિવાયના બધા રાજ્યોના મુખ્ય મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રોમાં અમલમાં છે.

એ ખરું છે કે આ યોજના કામદારોના અમુક વર્ગને જ એટલે કે કારખાનાઓમાંના ઔદ્યોગિક કામદારોને જ લાગુ પડે છે, પરંતુ આ યોજનાને લગતા ધારામાં આ યોજના બીજા કામદારોને, જેમ કે વ્યાપારીઓના કામદારો; ખેતીકામના કામદારો, વગેરે ને પણ લાગુ પાડી શકાય એવી જોગવાઈ છે.

વિસ્તૃત પ્રવૃત્તિઓ

આમ આ તંત્ર એમ્પ્લોયીઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશનનું કાર્યક્ષેત્ર મર્યાદિત હોવા છતાં એની પ્રવૃત્તિઓ કેટલી બધી વિશાળ છે તે નીચેની હકીકતો ઉપરથી જણાશે. ૧૯૫૯–૬૦ દરમ્યાન કર્મચારીઓને રોકડ રકમના રૂપમાં આપવામાં આવેલા લાભોની કુલ રકમ રૂ. ૭,૦૦,૦૦,૦૦૦ કરતા વધુ થઈ હતી. તબીબી રાહતને લગતા કાર્યસંચાલન અંગેના ખર્ચમાં આ કોર્પોરેશનના હિસ્સા તરીકે રાજ્ય સરકારોને ચુકવવામાં આવેલી રકમ લગભગ રૂ. ૨,૨૦,૦૦,૦૦૦ જેટલી હતી. આ કોર્પોરેશનના કાર્યસંચાલનને પરિણામે લગભગ ૧૭,૦૦,૦૦૦ ઔદ્યોગિક કામદારોને અને લગભગ ૫,૦૦,૦૦૦ કુટુમ્બો (ફેમીલી યુનીટ્સ) ને લાભ થયો છે. આ યોજના હેઠળ આજે દેશમાં બે ખાસ હોસ્પિટાલો છે. સાત હોસ્પિટાલોમાં આ યોજનાને લગતા દર્દીઓ માટે ખાસ વિભાગો (એનેક્સી કે વૉર્ડ) રાખવામાં આવ્યા છે અને દેશભરની હોસ્પિટાલોમાં લગભગ ૨૦૦૦ બિછાનાં અનામત રાખવામાં આવ્યાં છે, જેમાં લગભગ ૭૦૦ બિછાનાં આ યોજના હેઠળના ક્ષયરોગના દરદીઓ માટેનાં છે. વીમો ધરાવનારા કર્મચારીઓની હોસ્પિટાલ બહારની સારવાર માટે ૭૦૦ ઉપરાંત દવાખાનાં, ૨૪ ફરતાં વાહનો (મોબાઈલ યુનીટસ), ૭૦૦ કરતાં વધુ સંખ્યામાં પૂર્ણ સમય માટેના સરકારી તબીબો અને ખાનગી તબીબો હોવાના લગભગ ૨૯૦૦ પેનલ-ક્લીનીક્સ છે. તે ઉપરાંત જુદે જુદે સ્થળે લગભગ પચીસેક જેટલાં ચિકિત્સા કેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે.

કર્મચારીઓના સરકારી વીમાના કોર્પોરેશનની અનેકવિધ પ્રવૃત્તિઓ ઉપર [illegible] દેખરેખ રાખવામાં આવે છે. સામાજીક સલામતીની કોઈપણ યોજનાના રોજબરોજના કાર્યસંચાલનમાં અનેક સમસ્યાઓ ઉપસ્થિત થાય એ દેખીતું છે કારણ કે એ યોજના સાથે વિવિધ હિતો જેવાં કે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, માલિકો, કર્મચારીઓ, તબીબો વગેરે સંકળાયેલાં છે પણ આ કોર્પોરેશન તેની સાથે નિરંતર મસલતો બધા હિતો સાથે પ્રત્યેક સ્તરે એ નિકટનો સતત સંપર્ક જાળવે છે.

અત્યાર સુધીમાં કેવળ ઔદ્યોગિક કર્મચારીઓને આપવામાં આવેલું રક્ષણ કેટલું અપુરતું છે તે વિષેના તેમજ સામાજીક સલામતીની યોજનાના એકંદરે મહત્ત્વના વિવિધ પરિબળો જેમ કે દેશનું વિશાળ કદ, ઝડપથી વધતી જતી વસતિસંખ્યા, ઔદ્યોગિક પછાત-સ્થિતિ, વ્યક્તિદીઠ ઓછી આવક, તાલીમ પામેલા માણસોની અછત, વગેરે વિષેના પૂરતા ખ્યાલ સહિત દેશમાં સામાજીક સલામતીનાં પગલાંમાં સુધારણા કરવાની યોજનાઓ વિચારવામાં આવી રહી છે એ તો સ્વાભાવિક છે. કે માણસો અને નાણાંની અછત લક્ષમાં રાખીને ભારતવર્ષની નજરે આ પ્રકારની યોજનાઓ ઘડાવી જોઈએ. પરંતુ એ પણ નિર્વિવાદ છે, કે જેમ જેમ સાધનસંપત્તિ વધતી જશે તેમ તેમ સામાજીક રક્ષણનું પ્રમાણ પણ વધતું જશે.

અમેરીકી આંતરરાષ્ટ્રીય વિકાસમંડળ ભારતને ધીરશે ૨૦ કરોડ ડોલર

નવી દિલ્હી: વિશ્વબેંક સાથે સંકળાયેલા અને નવા જ રચાયેલા આંતરરાષ્ટ્રીય વિકાસ મંડળ તરફથી ભારતની ત્રીજી પંચવર્ષીય યોજના માટે વીશ કરોડ ડોલર (એક અબજ રૂપીઆ) ધીરાણ થનાર છે, એમ જાણવા મળે છે.

આ મંડળના સભ્ય દેશોને આવતા પાંચ વર્ષ દરમ્યાન દુર્લભ નાણાં માટે (૭૫ કરોડ ડોલર થનારી રકમ ઉપરાંતના ૨૫ ટકા જેટલી રકમ એ છે) કેટલાક અર્ધવિકસીત દેશોની ધારણા અનુસાર જો સુલભ ધીરાણ મજબુત બનાવવામાં આવશે તો સહાયની રકમ વધશે.

આંતરરાષ્ટ્રીય વિકાસ મંડળ તરફથી માર્ગ બાંધકામ, રાષ્ટ્રીય ધોરી માર્ગોની બાંધણી, પાણી પુરવઠો અને ગટરના નગર આયોજન, પડતર જમીનોની ખીલવણી, પતાળ કુવાઓ અને અન્ય નાની સિંચાઈ યોજનાઓ જેવા કાર્યક્રમોને સહાય કરવા ઉપરાંત સામાજીકોમાં બીજાણ પૂર્ણ પાડવા માટે ઘણી મોટી રકમ અપાશે.

વિશ્વબેંક તો બીજી યોજના દરમ્યાન એટલું કરેલું ધીરાણ (ભારતને ૫૫ કરોડ ડોલર) કરતાં વધારે ધીરાણ નહિ કરે એટલે કે વિશ્વબેંક અને આ વી. મં. બને મળીને કુલ ૭૫ કરોડ ડોલરની સહાય કરશે.

બીજી યોજના માટે ભારત ઘણી મોટી મૂડી રોકનાર છે. અને ઉપરની ભારે રકમના ધીરાણ માટે બે કારણ છે: એક તો એશીયા અને આફ્રિકાએ પહેલી જ વાર બેંક પાસેથી ધીરાણ મેળવવાનો દાવો કર્યો છે બીજું, ભારતે વિશ્વબેંકને આગલા ધીરાણ પેટેના ઘણા મોટા હપ્તાઓ હજી ચુકવવાના બાકી છે.

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૩૧ માર્ચ, ૧૯૬૧

ગુડ ફ્રાઈડે

આજે ગુડ ફ્રાઈડે છે અને આખી ક્રીશ્ચીયન કોમ ઈસુ ખ્રિસ્તના મૃત્યુથી શોકમાં ડુબી રહે છે. એ એક વ્યક્તિ કે મહાત્માના મૃત્યુનો સવાલ નથી—પરંતુ સત્યના નાશનો સવાલ છે. ઈસુ ખ્રિસ્તને સૂળી ઉપર ચઢાવનારા ઈસુના શીખવણીમાં માનનારા ન હતા, એથી એ પછી આખા વિશ્વમાં શોક છવાઈ ગયો, પરંતુ એ શોક કાયમી ન હતો; કારણ કે એમાંથી ઈસુનું પુનરૂત્થાન અને સત્યની જીત થઈ. ઈસ્ટર સપ્તાહ, ક્રીશ્ચીયન કોમ શોક અને આનંદમાં ગાળે છે. બીન-ક્રીશ્ચીયન કોમ જો કે ઈસુમાં એટલી શ્રદ્ધા રાખતા નથી, પરંતુ તેઓ પણ આ મહા પ્રસંગમાંથી કંઈક શીખે છે. આ મહા પ્રસંગે તેઓ અસત્ય ઉપર સત્યની જીત, અને ખોટા ઉપર ખરાનું સાર્વભૌમત્વ સ્વીકારે છે. છતાં પણ દક્ષિણ આફ્રિકાના ક્રીશ્ચીયન સત્તાધીશો જ્યારે શોક પાળે છે આનંદ માને છે, ત્યારે તેઓ પોતાના ધર્મની શીખવણી અને રોજની વર્તણુંક બન્ને જુદા પાડી વર્તે છે.

કોમનવેલ્થમાંથી દક્ષિણ આફ્રિકાને બહાર એંચી લઈ જવાનું, ડૉ. વર્વુઅર્ડનું કૃત્ય, અને ઉપરથી એમ કહેવું કે અમે ઈલાયદાપણાની નીતિને મૃત્યુ સુધી વળગી રહેશું એ બન્ને કૃત્યો ઉપરથી એમ લાગે છે કે તેઓના ગુરૂની જે જીત બે હજાર વર્ષો પૂર્વે થઈ હતી તેની હાર દક્ષિણ આફ્રિકામાં થઈ રહી છે. જે બિન-ગોરાઓ પોતાના સત્તાધીશોને એક હાથમાં બાઈબલ પકડી અને બીજા હાથથી ખોટા દબાણ કરી પરાધીન બનાવી માનવતાનું ખૂન કરતા નિરખે છે તે બિન-ગોરાઓ એમ માને છે કે દક્ષિણ આફ્રિકામાં ખ્રીસ્તી ધર્મ હાર્યો છે. ખ્રીસ્તી ધર્મના સિદ્ધાંતો સીધા અને સાદા છે, અને તે આ દેશ માટે બંધબેસતા છે. આપ આપને જેમ ચાહો છો તેમ આપ આપના પડોશીને પણ ચાહો, અને આપ જેમ બીજા પાસે સારી વર્તણુંકની આશા રાખો છો, તેમ આપ બીજા તરફ પણ રાખો, આ બાઈબલના નીતિ વાક્યોનું દક્ષિણ આફ્રિકાના સત્તાધીશોએ મનન કરી પાલન કરવું જોઈએ. આ દેશના ક્રીશ્ચીયન સત્તાધીશો એનું પાલન કરતા નથી, અને ડચ રીફોર્મ્ડ ચર્ચ તેમને ટેકો આપી ઇલાયદાપણાની નીતિની પોષ બાઈબલમાં અને ખ્રીસ્તી ધર્મની શીખવણીમાં કરે છે. થોડા વખત ઉપર ચર્ચોના અધિવેશનમાંથી એક અહેવાલ બહાર પડયો હતો કે દરેક વ્યક્તિને, રંગ કે જાતિના ભેદ સિવાય હક્કો આપવા; પરંતુ આ આપણા પ્રશ્નોનો જવાબ નથી. શું ખ્રીસ્તી ધર્મ, વડા પ્રધાનથી માંડી એક સામાન્ય માણસ જે બિન-ગોરાઓને ધિક્કારે છે તેઓના ઉપર પ્રભાવ પાડવા હારી ગયો છે? શું દક્ષિણ આફ્રિકા ખ્રીસ્તી ધર્મનો કેવળ પ્રચાર કરવા માટે છે અને પાલન કરવા માટે નહિ? આ પ્રશ્નો ઉપર, જે ગોરા ખ્રીસ્તીઓ ઇલાયદાપણાની નીતિને ટેકો આપે છે, તેઓએ આ સપ્તાહ દરમીયાન વિચારવો રહ્યો.

> જ્ઞાનનો માર્ગ એ જ્ઞાનયોગ છે. એ જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. જીવ અને બ્રહ્મમાં એકપણું છે. આવું જ્ઞાન થવાથી મુક્તિ મળે છે. અજ્ઞાન અથવા અવિદ્યા એ બંધન અને દુઃખનું કારણ છે. પોતાના અજ્ઞાનને કારણે જ જીવ પોતાને બ્રહ્મથી જુદો સમજે છે. અવિદ્યા આવરણ યા પડદા તરીકે કામ કરે છે જે જીવને એના પોતાના વાસ્તવિક દીવ્ય સ્વરૂપના જ્ઞાનથી વંચીત રાખે છે. બ્રહ્મજ્ઞાનથી જીવના અજ્ઞાનનું આવરણ દૂર થઈ જાય છે. જીવ પોતાના સત્ ચિત્ આનંદ સ્વરૂપમાં સ્થીર થઈ જાય છે. —શિવાનંદ.

ગ્રામપંચાયતનું સફળ સંચાલન કરતી માતમપલ્લીની મહિલાઓ

માતમપલ્લી ગામની મહિલાઓએ અમુક રીતે બતાવી આપ્યું છે કે સામાજિક વિકાસ ઘટકોમાંની મહિલાઓ પ્રગતિ સાધી શકી છે. આંધ્ર પ્રદેશમાં નાલગોંડા જીલ્લાના હઝુરનગર ઘટક પંચાયત સમિતિમાં આવેલા આ ગામની આઠ સભ્યોની બનેલી ગ્રામપંચાયત સંપુર્ણત: મહિલાઓની બનેલી છે. આ પંચાયતની ૧૯૫૯ના નવેમ્બરમાં ચૂંટણી કરવામાં આવી હતી.

ગામમાં કેટલાક સ્ત્રીપુરુષોને ગામ મહિલાઓજ પંચાયતમાં ચુંટાય તે ખ્યાલ ગમ્યો ન હતો, તો કેટલાક કહેતા હતા કે આ તો સ્ત્રીઓનું આધિપત્ય થશે. પરંતુ આ ગામના સ્થીર અને જીલ્લા પરિષદના આગેવાને ગામમાંના મોટેરાઓને સમજાવ્યું કે મહિલાઓ પણ વહીવટ સારી રીતે ચલાવી શકે છે.

માત્ર એક વર્ષના ટુંકા ગાળામાં મહિલા સંચાલિત આ પરિષદે સારી એવી પ્રગતિ સાધી છે અને હવે રૂઢીચુસ્ત તત્ત્વોએ પણ મહિલાઓની પંચાયતમાં ચુંટણી વિરૂદ્ધનો પોતાનો મત બદલ્યો છે અને પંચાયતને પોતાનો સંપૂર્ણ સહકાર આપે છે. આ મહિલા સભ્યો વિકાસ કામગીરી પ્રત્યે સવિશેષ ધ્યાન આપે છે અને જે કોઇ મંદ પ્રગતિ થવા પામી હતી તે ક્ષતિ દુર કરવા માગે છે.

ગ્રામજીવનના વિવિધ ક્ષેત્રે સારી એવી પ્રગતિ સાધવામાં આવી છે. કોઈપણ 'આદર્શ' ગામમાં હોવી જોઈએ તેવી ત્રણ મુખ્ય સંસ્થાઓ ગ્રામ પંચાયત, ગ્રામ સહકારી મંડળી અને શાળા હવે આ ગામમાં કામ કરતી થયેલી છે.

પંચાયતે હાથ ધરેલી વિકાસ પ્રવૃત્તિમાં પ્રથમાધિકાર ધોરણે ખેતી ઉત્પાદન વૃદ્ધિ સાધવાની બાબતનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ નીચે, સીંચાઈને માટે ગામના ચાર નાના તળાવોને દુરસ્ત કરવામાં આવ્યા છે. રાસાયણિક ખાતરની વહેંચણીને માટે એક ગોડાઉન ખોલવામાં આવ્યું છે જ્યાંથી એક વર્ષની મુદતમાં રૂ. ૨૫,૦૦૦ની કીમતનું વેચાણ થવા પામ્યું હતું.

ખેતી પદ્ધતિમાં સુધારણાઓ અપનાવાઇ રહી છે તથા પાકને લાગતી જીવાતના નાશ માટેના સાધનો પંચાયતે રખાવ્યા છે.

નવી રચવામાં આવેલી ગ્રામ પંચાયત મહિલાઓએ રૂ. ૨૦,૦૦૦ની રકમની ઉત્પાદન ધોરણે ધીરધાર કરી છે. પશુદવાખાનું કામ કરતું થયું છે તથા સુધારેલી જાતનાં મરઘાં-બતકાંના ઉછેર માટે તથા દૂધાળા જનાવરોની ઓલાદ સુધારણા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

પંચાયત સમિતિની સહાયથી પ્રૌઢ શિક્ષણકેન્દ્રે ૩૦૦ પ્રૌઢોને શિક્ષણ આપ્યું છે તથા પંચાયતે સામુહિક શ્રવણ માટેનો રેડીઓ સેટ પણ ખરીદ્યો છે.

રૂપિયા એક હજારને ખર્ચે બાળકો માટેનો મનોરંજન ઉદ્યાન બાલવિહાર સ્થાપવામાં આવ્યો છે તથા યુવક મંડળના સભ્યોએ અમુક પુસ્તકાલયની રચના કરી છે.

ગ્રામ મહિલાઓની બનેલી 'મહિલા મંડળી' સ્ત્રી સુખાકારીના પ્રશ્નો પરત્વે ધ્યાન આપે છે અને તેમના પ્રયાસોથી એક સીવણકેન્દ્ર સ્થાપવામાં આવ્યું છે તથા નિર્ધૂમ ચુલાઓ પ્રચલિત બનાવવામાં આવી રહ્યા છે.

હરિજન સુખાકારી પ્રત્યે પણ ગ્રામ પંચાયતે ઠીક ઠીક રસ દાખવ્યો છે. પીવાના પાણીને માટેના બે કુવાઓ બંધાવવામાં આવ્યા છે તથા ૨૩ હરિજનોને ઘર બાંધવા માટે જમીનોની સહાય આપવામાં આવી છે.

માતમપલ્લી ગામને અવરજવરની સાથે જોડવા માટે રૂ. ૩,૦૦૦ની ખર્ચે એક કાચો માર્ગ બાંધવામાં આવ્યો છે તથા હવે આ ગામ બસ સર્વીસ વડે અન્ય સ્થળો સાથે જોડાયું છે.

અત્યારે આ પંચાયત એક પંચાયત ઘરની રચના પ્રત્યે પોતાનું ધ્યાન આપી રહી છે.

કાનુના મોવડી ટંગાનીકા વેતન પંચ પર કામ કરશે

કાનુના એક મોવડી મી. કીબાકીએ ટાંગાનિકા માટેના વેતનપંચ પર કામ કરવા નોતરૂં સ્વીકાર્યું છે.

કીબાકી ન્યેરીના કિકુયુ છે. તેમણે લંડન ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇકોનોમીક્સ ખાતે અર્થશાસ્ત્રની તાલીમ લીધી છે, અને એ વિષય પર મકેરેરે કોલેજમાં એક વર્ષ સુધી લેક્ચર આપ્યાં છે.

કીબાકીએ કહ્યું છે કે રાજકીય ક્ષેત્રે ઘણું કામ કરવાનું છે ત્યારે અમો આ ઓફર કમનસીબ છે કે તેનો અસ્વીકાર થઈ શકે તેમ નથી.

કીબાકીનું સ્થાન અત્યારે કોણ લેશે તે હજુ કાનુએ નક્કી કર્યું નથી.

દેશભરનાં પોલીસ દળો માટે ઘડાયેલા નિયમો

નવી દિલ્હી

દેશભરના પોલીસ દળના સભ્યોની વ્યવસ્થિત તાલીમનો એક ભાગ બની રહે એવો, તેમના વર્તાવ માટેનો એક પરિપૂર્ણ 'આદર્શ'-ધારો તૈયાર કરવામાં આવ્યો છે. ભારતીય પોલીસના ઇતિહાસમાં આ પ્રકારનો ધારો તૈયાર કરવાનો આ પહેલોજ પ્રસંગ છે.

કેન્દ્ર સરકારે આ ધારાને મંજુરી આપી દીધેલી છે. અને હવે સ્વીકાર માટે બધીજ રાજ્ય સરકારો પર મોકલવામાં આવ્યો છે. ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા, બિહાર, સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને મદ્રાસ સહિતના કેટલાક રાજ્યોના પોલીસ વડાઓએ એ ધારો ઘડવામાં સાથ આપ્યો હોઇ, અખિલ ભારતના ધોરણે એનો સ્વીકાર થાય તેમાં ભાગ્યેજ કોઈ મુશ્કેલી આવશે.

આ ધારા અનુસાર પોલીસે તેમની સત્તાઓ અને કામગીરી અંગેની મર્યાદા એમણે માન્ય રાખવી રહેશે. ધ્યાન આપવાનું રહેશે. તેમણે ન્યાયતંત્રની કામગીરી આંચકી લેવી ન જોઇએ અથવા આંચકી લેતાં હોય એવો ભાસ પણ થવા દેવો જોઇએ નહિ.

પોલીસજનોને આ ધારામાં યાદ અપાયું છે કે તેઓ કાયદાનો અમલ કરનારું તંત્ર છે અને તેથી યોગ્ય રીતે ઘડાયેલા કાયદાના ઔચિત્ય કે આવશ્યકતા સંબંધમાં વાંધો ઉઠાવવો ન જોઇએ.

નવા પુસ્તકોની યાદી

સંસ્કારિતાને છાંયડે શી. ૩-૦
કોઇ પ્રેરા કોઈ હાથ શી. ૬-૦
આ ઓફીસેથી મળશે.

ચીનના વડા પ્રધાન શ્રી ચાઉ સાથે મુલાકાત શક્ય નથી

નવી દિલ્હી.

વડા પ્રધાન શ્રી નહેરૂએ પ્રજાકીય પરિષદ સમક્ષ જણાવ્યું હતું કે શ્રી ચાઉ એન લાઈ સાથે નિકટના ભવિષ્યમાં મુલાકાત થવાનું અસંભવિત લાગે છે. ચીન સાથે તાજેતરમાં સરકારી કક્ષાએ થયેલી મંત્રણા દરમીયાન ચીન ભૂતાન-સિક્કિમ વિભાગને લગતા સરહદી પ્રશ્ન કેવળ પાકીસ્તાનના કબજા હેઠળના કાશ્મીર વિભાગને લગતા પ્રશ્નની ચર્ચા માટે બહુ આતુર નહોતું.

ચીન સાથે આઝાદ કાશ્મીરની સીમા નક્કી કરવા માટે પાકીસ્તાને કરેલી દરખાસ્ત વિષેનો ઉલ્લેખ કરતાં ભારત મુંઝવણમાં હોવાનો શ્રી નહેરૂએ ઇન્કાર કર્યો હતો. અને જણાવ્યું હતું કે ભારત કંઈક ગુસ્સે થયું છે પરંતુ તે તદ્દન સ્વસ્થ અને શાંત છે.

લાઓસ વિષે શ્રી નહેરૂએ કહ્યું કે કોઈ પણ આંતરરાષ્ટ્રીય મિશન લાઓસ જાય તેની સામે ભારતનો વિરોધ છે. ભારત ઇચ્છે છે કે આંતરરાષ્ટ્રીય નિરીક્ષક પંચને ફરી બોલાવવું જોઇએ પરંતુ તે સિવાયની અન્ય વાતો સાથે તે સંમત થશે નહિ અને બે સહઅધ્યક્ષોના આદેશો અને સૂચનોની તે રાહ જોશે.

લડાઈ બંધ કરો

લાઓસ અંગેની વિસ્તૃત જીનીવા પરિષદ બોલાવવાની કમ્બોડિયાની દરખાસ્તને ભારતનો ટેકો છે જ્યાં યુદ્ધ બંધ કરવા માટે અને મામલાને વધુ વણસતો રોકવા માટે કંઈક કરવું જોઇએ તેથી અને તે ઓછે આંતરરાષ્ટ્રીય પંચે ત્યાં જવું જ જોઇએ અને તે જાય તે પછીજ પરિષદ બોલાવવી કે નહિ તેનો આખરી નિર્ણય કરી શકાશે.

દિલ્હીની જાસુસી

દિલ્હીમાંની જાસુસી પ્રકરણ અંગે શ્રી નહેરૂએ કહ્યું કે કેટલાક સરકારી જુના અમલદારો, કારકુનો વગેરે તેમજ કેટલાક રાજદુતાવાસોમાંના કેટલાક જુનીયર માણસો એમાં સંડોવાયા છે. રાજદુતાવાસોના માણસોનાં નામો આપવાનો શ્રી નહેરૂએ ઇન્કાર કર્યો હતો. નિયત મુદતના વિદેશી માણસોને ભારતમાંથી પાછા મોકલી દેવામાં આવ્યા છે અને કારકુનો વગેરે સામે પગલાં લેવાઇ રહ્યાં છે. રાજ્યના સભા સમક્ષ કહ્યું છે કે આ અંગે જે માહિતી મળી છે તે ખરેખર બહુ ગુપ્ત કે મહત્વની નથી.

મુસ્લિમોને કોમી સંસ્થાઓમાં જોડાવા સામેની ચેતવણી

હૈદરાબાદ:

સિંચાઇ અને વિદ્યુત ખાતાના પ્રધાન જ. હાફીઝ મહમદ ઇબ્રાહીમે હીંદના મુસ્લિમોને કોમી સંસ્થાઓમાં જોડાવા સામે ચેતવણી આપી હતી અને જણાવ્યું હતું કે આઝાદી પછી મર્હુમ મૌલાના આઝાદના આમંત્રણથી લખનૌમાં યોજાયેલા મુસ્લિમ સંમેલનમાં મુસ્લિમોએ ખાતરી આપી હતી કે તેઓ કોઈ કોમી સંસ્થા રચશે નહિ કે તેમજ કોઇ કોમી સંસ્થામાં જોડાશે નહિ. એ દુ:ખદ છે કે હજી અહીં એવા મુસ્લિમો છે જે આવી કોમી સંસ્થાઓ સાથે જોડાયેલા છે.

હીંદની આઝાદીની લડતમાં મુસ્લિમ ઉલેમાઓનો ગૌરવભર્યો ફાળો છે. ઉલેમાઓની સંમેલન પછી અત્યારે પણ સામાજિક અને બીજા ક્ષેત્રમાં કાર્ય કરવાનું નક્કી કર્યું છે.

કેનેડીના અમલમાં ભારત અમેરીકાના સંબંધો ગાઢ થશે

વોશિંગ્ટન

"બાલ્ટીમોર સન"ના દિલ્હી ખાતેના પ્રતિનિધિને મુલાકાત આપતાં ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ કહ્યું કે ભારત અને અમેરીકાના સંબંધો સારા છે અને પ્રમુખ કેનેડીના વહીવટ દરમીયાન તે વધારે નિકટના થશે.

નવા પ્રમુખના તંત્રે ભારત સાથે તાદાત્મ્ય સાધ્યું હોય એમ લાગે છે અને ભારતને સ્થાયી બનાવવામાં મદદરૂપ થશે એમ અમે ધારીએ છીએ, વ્યક્તિઓની પણ ગણના છે. વ્યક્તિઓને બાદ રાખીએ તો પણ ભારત અને અમેરિકાના સંબંધો સારા છે. શ્રી કેનેડીને ભારતના પ્રશ્નોનો ઉંડો અભ્યાસ છે.

ભારત અને અમેરીકા વચ્ચે કોંગો અને લાઓસના પ્રશ્નો પરત્વે મતભેદ છે પરંતુ એ મતભેદ સાંકડો થતો જાય છે. અમેરીકા અને ચીન-રશીયાના સામ્યવાદી જુથો અધિરાઈ બતાવે છે અને પક્ષકારો બની જાય છે. ૧૯૫૪માં ભરાયેલી જીનીવા પરિષદે આ પ્રશ્ન લશ્કરી દૃષ્ટિએ વિચારવો નહીં એમ નક્કી કર્યું હતું અને તે વ્યાજબી હતું. અને એ નીતિજ સાચી છે.

શસ્ત્રનિયંત્રણ અને બીજા પ્રશ્નોની વિચારણા માટે શિખર પરિષદ બોલાવવાનું સૂચન કરવા માટે શ્રી કેનેડી સત્તારૂઢ થયાની કદાચ રાહ જોવા જેવું હતું. એક દૃષ્ટિએ વિચારીએ તો શિખર પરિષદ જલદી ભરાવી જોઇએ. બીજી દૃષ્ટિએ વિચારીએ તો શિખર પરિષદ ભરતાં પહેલાં પુરતી તૈયારી થવી જોઇએ. પૂર્વ અને પશ્ચિમના દેશો વચ્ચે ગંભીર મતભેદો તો છેજ છતાં એકમતી પણ મોટા પ્રમાણમાં છે. પરંતુ એકમતીનું ક્ષેત્ર સંકોચ જણાવાથી કઠણ થાય છે. શસ્ત્ર નિવારણ માટે ઘણી એકમતી છે અને આ દિશામાં સાચા પ્રયત્નો થાય છે ભલે સંપૂર્ણ સફળતા ન મળે તો છતાં એ દિશામાં શરૂઆત તો થાય જ છે.

ન્યુ ઇન્ડિયા એશ્યોરન્સ કો. લીમીટેડ
ઇન્ડીયાની મુખ્ય કંપની
અને નીચેના વીમા લીએ છે:—
આગ, દરીયાઇ, અકસ્માતંતર, મોટર, માલ, ચોરી,
ઘર કુટુંબ, ખાસ માલીકી (સાથે) અકસ્માત વિ.
સાઉથ આફ્રિકાની અંદર મુખ્ય અમલદારો,
જાલભાઈ રૂસ્તમજી એન્ડ સન,
૧૫૦ ક્વીન સ્ટ્રીટ, ડરબન.
ફોન: ડરબન ૨૫૮૪૫, ૨૮૫૨૩, ૨૯૮૭૪.

તમને ખબર છે
કે ન્યુ ઇન્ડિયા, ઇન્ડિયાની સૌથી મોટી વીમા કંપની છે.
કે ન્યુ ઇન્ડિયા ની શાખાઓ ૪૫ દેશોમાં છે.
કે ન્યુ ઇન્ડિયાની ૧૫ શાખાઓ કેવળ હીંદમાં જ છે.
કે ન્યુ ઇન્ડિયા: આગ, દરીયાઇ અને અકસ્માત ઉપર ૬૦,૦૦,૦૦૦ પાઉંડ પ્રીમીયમ લેખે કરે છે.
સહિસલામતી અને તાત્કાલિક સેવા માટે
ન્યુ ઇંડીયા
સાથે વીમો ઉતરાવો.

અણુ-યુગમાં પ્રવેશ કરતું ભારત

અણુશક્તિ દ્વારા હિંદ કોઈને પડકારશે નહિ

ભારતના વડા પ્રધાન શ્રી નહેરૂએ ટ્રૉમ્બે ખાતે રૂપિયા દસ કરોડને ખર્ચે ભારત-કૅનેડાના સંયુક્ત સહકારથી તૈયાર થયેલ અણુ રીએક્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે કૅનેડાના મધ્યવર્તી વાણિજ્ય ખાતાના પ્રધાન શ્રી ગોરડન ચર્ચિલ, બ્રિટનના અણુ વિભાગના અધ્યક્ષ શ્રી રૉજર મેકીન્સ અને યુનાઈટેડ સ્ટેટ્સ ઍટમિક એનરજી કમીશન ના કમીશનર ડૉ. રૉબર્ટ વિલ્સન સહિત ૪૦ દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

વડા પ્રધાન શ્રી નહેરૂએ કૅનેડા-ભારત અણુ રીએક્ટરનું ઉદ્ઘાટન કરતાં એલીફન્ટા ગુફાઓની "ત્રિમૂર્તિ"ની આધ્યાત્મિક શક્તિ અને ટ્રૉમ્બેના અણુ રીએક્ટરની વૈજ્ઞાનિક શક્તિની સરખામણી કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે આપણે બે શક્તિઓ વચ્ચે સમતુલા જાળવી શકીશું તો આપણું પોતાનું અને વિશ્વ સમસ્તનું કલ્યાણ કરી. ભારતના ભૂત અને ભાવિના આ બે પ્રતીકોને એક બીજા સાથે સાંકળવાના છે અને આપણે એમ કરી શકીશું તો જ જ્ઞાનના આ બે અત્યંત આવશ્યક તત્ત્વો—વિજ્ઞાન અને આધ્યાત્મ શક્તિનું સામંજસ્ય સાધી શકીશું. વિજ્ઞાન અને અણુશક્તિનો ક્રાંતિભર પાયા પર બે ખાસ બાબત દર્શાવે છે કારણ કે તેમાં મહાન બળ રહેલું છે. જેનો સારા કે નરસા અર્થે તે માટે ઉપયોગ કરી શકાય. ટ્રૉમ્બે ખાતે જે થઈ રહ્યું છે તે કુદરતમાંની પ્રચંડ શક્તિ વિશે વિશ્વ જ્ઞાન—ને માનવ કલ્યાણ માટેના ઉદ્યોગમાં રૂપાંતર કરવાના આપણા યુવાન વૈજ્ઞાનિકોનો મહાન પ્રયાસ છે.

યુદ્ધ માટે નહીં

શ્રી નહેરૂએ દેશમાં અણુ સંશોધન વિકસાવવામાં સહકાર અને મૈત્રી ભરી મદદ આપવા માટે કૅનેડા, ફ્રાન્સ, અમેરીકા, યુનો, ફંડ અને કોલંબો અને રશિયાનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે સદ્ભાગ્યે દરેક દેશ માને છે કે આપણી નીતિ શાંતિની છે. આપણે અણુ શક્તિ અને તેનું સંશોધન વિકસાવીશું તો તે વિશ્વ શાંતિના હિતમાં હશે, યુદ્ધ કે વિનાશક હેતુઓ માટે નહિ.

માનવશક્તિનો વિચાર કરીએ તો એ એક મહત્ત્વનું પગલું છે અને રીએક્ટરનું આ મહાન શક્તિ કર એનું સ્થાન ઠરાવે છે.

વિનાશ અને એવી બીજી આફતોમાં ઇતિહાસ-દૂર દૂર થયું ઘણું આવી ગયું છે પણ હાલ અને લોભ રીતે જણાવે ફરીથી વિના નીવડ્યું જેવી નિર્ભ્રાંત જણાય છે પણ એ વિજ્ઞાનની પાછળ શક્તિ અને વિચાર પડેલાં છે. આપણને આજે એ વિચાર—એ નિર્ધાર ની જરૂર છે. ભારતના પ્રશ્નો સામનો કરવા માટે આજે વિચાર બળ જોઈએ છે.

તો પ્રશ્ન હલ કરી શકીએ

આપણામાં એ નિર્ભ્રાંત જેટલી યોગ્યતા, તાપ ને પ્રજાની નાની નજીવી વાતો ને ગાળો એ આપણને અટકાવી શકે એમ ન હોય તો આપણે આપણા પ્રશ્નો હલ કરી શકીએ.

આ એક પડકાર છે અને જો આપણે સફળતા પ્રાપ્ત કરવાનો નિર્ધાર કરી હશે—આપણે એ વિશે કૃત નિશ્ચયી હોઈશું તો શાંત રીતે આપણે આપણા દેશ અને વિશ્વનું ઘડતર કરી શકીશું.

જો દિવસો વિકાસ કરવો હશે તો તે કેટલું ઝડપથી ઊંચું આવવું પડશે. આજ કે આવતી કાલ માટેનો વિચાર કરવાનો નથી. પણ ભવિષ્યનો વિચાર કરવાનો છે. પાંચ વરસનો, કે પછી ના ૧૦ વરસનો અને એ રીતે આ યોજના કાર્ય ઊભું કરવાનું છે.

આ એક ભગીરથ કાર્ય છે નિશ્ચયી કદમ ભરવામાં મોટું એવું આ કાર્ય તે આપણા દેશના ૪૦ કરોડ લોકોનું જીવન ધોરણ ઊંચે લઈ જવાનું અને તે પણ સુલેહ કે ઉપરછલ્લી રીતે નહિ પણ પાયામાંથી અને મૂળભૂત રીતે.

સાહસ અને પરિશ્રમથી

વડા પ્રધાન કે બીજી કોઈ વ્યક્તિ માટે એ શક્ય નથી કે એ બધાને ઊંચે લઈ જાય. પ્રજાએ પોતે જ પોતાના સાહસો અને પરિશ્રમથી એ સાહસ કરવાનું છે—અને એમાં બીજા સહકાર આપે.

આપણે આ કાર્ય કરવા ખાતર જ કરીએ કે અકસ્માત કરી બેસીએ એ રીતે કરવાનું નથી. પણ સતત ચિંતન અને હૃદયપૂર્વકના આયોજનથી જ એ પાર પાડી શકીએ. અખત પરિશ્રમ અને સહકાર દ્વારા જો થાય તો હવે આપણે આપણું માથું ઊંચું કરીને એવું જોઈએ કે જે ઘણી ઘણી વસ્તુઓ આપણી સમક્ષ છે તેમાંથી કઈ વસ્તુ એ મૂળ જ મહત્વની છે.

આ સાહસને આંતરરાષ્ટ્રીય સહકાર ના એક પ્રતીક તરીકે ગણાવી શ્રી નહેરૂએ કહ્યું હતું કે આ કંઈ કોઈ રાષ્ટ્રને પડકારરૂપ નથી, પણ તે ભારત ની કમજોરી, ગરીબાઈ અને નિરક્ષરતા ને માટે ભારે પડકારરૂપ છે.

અન્ય દેશોની પ્રગતિ માટે

શ્રી નહેરૂએ હર્ષનાદો વચ્ચે જાહેર કર્યું હતું કે આ અણુ રીએક્ટરનો ઉપયોગ ફક્ત ભારતની પ્રગતિ માટે જ કરવાનો. આપણે કદી વિચાર કરીશું નહિ. બીજા દેશો અને ખાસ કરીને એશિયા અને આફ્રિકાના દેશો સૌના લાભ કાજે તેનો લાભ લે અને તેનાથી થનારા ફાયદાનો ઉપયોગ કરે.

આ પ્રસંગે પ્રવચન કરતાં શ્રી ગોર્ડન ચર્ચિલે જણાવ્યું હતું કે ભારત નવા અણુયુગમાં દાખલ થાય છે તેનું આ ઉદ્ઘાટન એક પ્રતીક છે.

ભારત એના શાણપણ માટે ઘણા યુગના સમયથી જાણીતું છે અને હવે તે શાણપણ વિશ્વના પીઢ દેશોમાં વહેંચાયું છે. જ્ઞાનના ક્ષેત્રમાંથી તાજેતરમાં જ અણુ વિજ્ઞાનની નવી શાખા ફુટી છે.

આ રીએક્ટરને વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય પ્રકારના જ્વલંત ઉદાહરણ તરીકે ઓળખાવી તેમણે કહ્યું હતું કે અહીં કામ કરનાર વૈજ્ઞાનિકો પાસે ભારતને શાંતિ અને સમૃદ્ધિ અપાવવાની અપૂર્વ શક્તિ છે.

યુદ્ધકાળમાં શોધ થઈ છતાં...

હું આ 'શાંતિ' શબ્દ જાણી જોઈને વાપરું છું. એના પર ખાસ ભાર મૂકું છું. કારણ કે અણુવિજ્ઞાનની આ ધુનિક શોધ ભલે યુદ્ધના સમય દરમ્યાન થઈ હોય પણ તે શાંતિના સમયમાં અનેક ફાયદા આપે છે અને તે છતાં માનવજાતિના નાશ માટે પણ તેનો ઉપયોગ થઈ શકે એવો ભય પણ રહે છે.

અને એ વાતની જાહેરાત કરતાં ગર્વ થાય છે કે સમગ્ર વિશ્વના અણુ સંશોધન ગવેષણ વિકાસ કરનારા દેશોએ અણુ શક્તિનો ઉપયોગ માત્ર શાંતિ માટે જ કરી છે.

શ્રી ચર્ચિલે મહાત્મા ગાંધીનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજી એ સત્યને એક ધારા રૂપ સાથે સરખાવ્યું છે. તમે તેમાં જેટલું ખાતર નાખો તેટલા જ વધારે ફળો પાકશે. ભારતે પોતાના સત્યને જાળવવા જુના જમાનાના સંશોધી જ સંતોષ નથી માન્યો પણ યુગની સાથે સત્યના વૈજ્ઞાનિક સ્વરૂપને સાકાર કરવા ઉદ્યમ કર્યો છે.

પશ્ચિમના રાષ્ટ્રો શીખે

વધુમાં તેમણે કહ્યું હતું કે ભારતની જ્ઞાતાજાની સિદ્ધિઓમાંથી પશ્ચિમના રાષ્ટ્રોએ શીખવા જેવું છે. ઘણા સમયના ઇતિહાસવિદો એ વાત સાથે સંમત થશે કે ભારતના અપૂર્વ બુદ્ધિ શક્તિવાળા માણસો પરદેશો સાથે વિચારવિનિમય કરતા. આજ વાત આધુનિક ભારતને અને સમગ્ર વૈજ્ઞાનિક વિશ્વને લાગુ પાડી શકાય. અને હવે છે કે ભારત-કૅનેડાનું રીએક્ટરનું સંયુક્ત બુદ્ધિના વિનિમયનું જ એક પરિણામ છે.

સંશોધન માટે

અણુશક્તિના સંશોધન માટે રીએક્ટર એક આધુનિક અને શક્તિશાળી સાધન છે. વાસ્તવમાં આજે વિશ્વમાં આ કદનું આટલું સારું કોઈ પણ પ્રાયોગિક રીએક્ટર નથી. વળી આ રીએક્ટર સમગ્ર વિશ્વમાં અનોખી રીતે અનોખું જ છે કારણ કે તે અમુક વસ્તુ ઠંડી કરવા માટે સમુદ્રનો ઉપયોગ કરે છે.

ભારતના અણુશક્તિ કમીશનના અધ્યક્ષ ડૉ. એચ. જે. ભાભાએ કહ્યું હતું કે અણુશક્તિનો ઉપયોગ ભારતની અને વિશ્વની શાંતિ માટે જ કરવાનો ભારતનો દૃઢ નિર્ધાર છે. શ્રી ચર્ચિલ ની આજની હાજરી આ દેશને કોલંબો યોજના હેઠળ વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક વિકાસ માટે મદદ આપી કૅનેડિયન સરકાર જે સહકાર આપી રહી છે તેના એક પ્રતીકરૂપે છે.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!

શોધવું મટશે, જોઈતું મળશે, ફાયદો થશે.
અમારે ત્યાં નીચેની બધીજ વસ્તુઓ મળે છે.
સ્ત્રીઓ માટે: સાડીઓ, સુંદર રંગના અને બીજી અનેક જાતની મળશે, ટીકાઓ પણ મળશે ગરમ કુર્તા જરસીઓ, પુલોવર, કાર્ડીગન, બ્લાઉઝ, ચાદર, શૉલ્સ વિ.
બાળકો માટે: નાવણના કપડા, ટોપી, મોજાં, શૂઝ, સ્વીટર, ઘડી, શૉલ્સ, નેપકીન્સ, બુશકોટ, પેટીકોટ, નાઈટીઝ, ઝભ્ભા, ફેન્સી ફ્રોક, ચાર રંગના વિ.
ઉત્તમ પ્રકારના ફુલાવરો, રંગ-બેરંગી કપડાં, તકીયા, ગાદી, વિ.
જેમાં ખાસ એવા ભાવાનો રંગબેરંગી રહીતના વાસણો, ઈન્ડેન્ટરો.
કિફાયત ભાવ માટે! સારો માલ લેવાય જવાનું રહી જાય !!
તુરતજ આવો. બાબરો ટ્રેડર્સ (પ્રા) લી.
(ભીખાભાઈ માસ્તર ઍન્ડ સન્સ)
ફોન: ... — ... — પો. બો. ...
માસ્તર બિલ્ડિંગ્સ — ૭૭ ... સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

વિવિધ વર્તમાન

બ્રિટનના અણુવૈજ્ઞાનિકનું
અમેરિકા દ્વારા બહુમાન

લંડન. ભારત સરકારના આમંત્રણને માન આપીને મુંબઈમાં ટ્રોમ્બે ખાતે કેનેડા-ભારત અણુભઠ્ઠીના વિધિવત ઉદ્‌ઘાટન પ્રસંગે હાજરી આપવા આવેલા વિશ્વના એક મહાન અણુવૈજ્ઞાનિક બ્રિટનના સર જહોન કોકક્રોફ્ટને અમેરિકાનું સ. ૧૯૬૧નું શાંતિ માટે અણુનું 'હેનરીફોર્ડ' પારિતોષિક મળતું હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

તેમને આ ૨૬,૫૮૫ પાઉન્ડની કિંમતનું પારિતોષિક અમેરિકાના મેસેચ્યુસેટ્સ ટેકનોલોજી વિભાગમાં ૬ એપ્રીલે અર્પણ કરાશે. સર જહોનને સ. ૧૯૫૧માં ભૌતિક શાસ્ત્રના વિષયનું નોબેલ પારિતોષિક પણ મળ્યું હતું.

શાંતિ માટે-અણુ પારિતોષિકની હેનરી ફોર્ડ તથા તેમના પુત્ર એડસેલના સ્મરણાર્થે સ્થાપના કરવામાં આવી છે.

આ વર્ષનું પારિતોષિક મેળવતી વ્યક્તિના નામની જાહેરાત કરતાં શાંતી-માટે-અણુ ટ્રસ્ટના અધ્યક્ષ જેમ્સ કિલિયને કહ્યું હતું કે "અણુ-શક્તિના શાંતિમય ઉપયોગો અંગે સર જહોને અણુમાં રહેલી શક્તિને માનવીએ કૌશલ્ય તથા ચાતુર્ય વડે કાબુમાં કરી શકાય તેમ છે તેમ દર્શાવવા સર્વ પ્રથમ પ્રયોગો પાડીને મગજને પુરી પાડવામાં આવતી અણુવિદ્યુતનું ઉત્પાદન કરતાં કારખાનાઓના વિકાસ સુધી રસ્તો આપ્યો છે.

"સર જહોન કોકક્રોફ્ટે સં. રા. સંસ્થાની ભલામણ હેઠળ જીનીવા ખાતે અણુશક્તિના શાંતિમય ઉપયોગો નિમિત્તેની પરિષદના આયોજનમાં પણ અગ્રભાગ ભજવ્યો છે."

ઉત્તર ધ્રુવ વર્તુળની
અંદર ખેતી

ઓસ્લો: ઘણા સમયથી એમ માનવામાં આવતું કે ઉત્તર ધ્રુવ વર્તુળની પેલી પાર ઉત્તરમાં ખેતીવાડી શક્ય નથી કેમકે એ પ્રદેશ ખુબ ઠંડો છે. પરંતુ સોવિયેટ યુરોપમાં ઉત્તર મુર્મન્સ્ક પ્રદેશ એક ખેતીવાડીના વિસ્તાર તરીકે આગળ આવ્યો છે અને એ રીતે આ જુનવાણી માન્યતા ખોટી પડી છે.

આ વિસ્તારમાં અત્યારે ૬૦૦૦ હેક્ટર એટલે ૧૫૦૦૦ એકર જમીનમાં બટેટાની ખેતી થાય છે. સ્થાનીક ખેડુતો હેક્ટર દીઠ ૨૦૨ સેન્ટનર બટેટાનો પાક અને ૭૦૦ સેન્ટનર શાકભાજીનો પાક લે છે. આ પ્રદેશમાં ૧૦૦૦૦ ઢોર અને લગભગ એટલા જ ડુક્કર ઉછેરવામાં આવ્યા છે, મરઘાં-બતકનો ઉછેર પણ સારો થાય છે. દરેક મરઘી સરેરાશ વરસે ૧૫૦ ઈંડાં આપે છે.

સિલોનનું પહેલું પોલાદનું
કારખાનું

કોલંબો: મોસ્કોના ઇજનેરોએ સિલોનમાં બંધાનાર પહેલા લોખંડ અને પોલાદના કારખાનાઓ માટે નકશાઓ તૈયાર કર્યા છે. આ કારખાનામાં એક બ્લાસ્ટ ભઠ્ઠી, એક ખુલ્લી ભઠ્ઠી અને રોલીંગ મિલ હશે. રોલીંગ મિલ પ્રથમ બાંધવામાં આવશે એ દર વરસે ૩૫૦૦૦ ટન માલ પેદા કરશે.

જહાજોને અથડાઈ પડતાં
અટકાવતી યુક્તિ

લંડન: તાસ સમાચાર સંસ્થા જણાવે છે કે દરિયામાં જહાજોને એક બીજા સાથે અથડાઈ પડતાં અટકાવતી એક ચતુર યુક્તિ જહાજના સુકાન સાથે જોડાયેલું એક નવું સાધન છે. ધુમ્મસને કારણે કોઈ જહાજ સામે આવતું હોય તો આ સાધન આપમેળે જહાજની ઝડપ, માર્ગ વગેરે રાડાર પર બતાવે છે અને ગણતરી કરી જહાજને કેટલે વળાંક આપવો એ સુચવે છે.

ફિરંગી સંસ્થાનો વહેલાં
આઝાદ બનશે

લંડન. ફિરંગી વસાહતોના એક આફ્રિકી નેતાએ પોર્ટુગાલનું "સેન્ટ મેરિયા" જહાજ કબજે કરવાના બનાવ પોતાના ફુલ વિષે બોલતાં જણાવ્યું હતું કે પોર્ટુગાલ સરકાર સામે થયેલા આ બળવાને પરિણામે ફિરંગી સંસ્થાનો વહેલાં આઝાદ થશે.

ફિરંગી વસાહતો પર આ બળવાની ઊંડી અસર થશે એમ ડૉ. મેસ્કેરેન્હાસે જણાવ્યું હતું. તેઓ ભારતમાંના ફિરંગી પ્રદેશોની મુક્તિ માટે મથનારા મંડળના પ્રમુખ છે.

ગૃહિણીઓની મદદે કુકર

મોસ્કો: થોડા વખતમાં સોવિયેટ સંઘમાં ગૃહિણીઓની મદદે એક નવું વૈજ્ઞાનિક સાધન આવશે. આ સાધન એક પ્રકારનું 'કુકર' છે. બહાર જતાં પહેલાં જે કાંઈ રસોઈ કરવાની હોય તેની સુચના એક યંત્ર મારફતે આ કુકરને આપવામાં આવે છે. દાખલા તરીકે ૭ વાગે સુપ તૈયાર કરવાનું છે. અને ૯૦ અંશ પર ૧૦ મીનીટ સુધી ગરમ કરવાનું અને પછી ઉતારી લેવાનું. માંસને ૨ કલાક સુધી ગરમ કરવાનું અને એવી બીજી ક્રિયાઓ કુકર સાથેના કાગળ દ્વારા સુચવી ગૃહિણી નિશ્ચિતપણે બજારમાં ખરીદી કરવા જઈ શકે છે. ઘેરે આવતાં રસોઈ પિરસવા માટે તૈયાર થઈ ગઈ હોય છે.

હિંદને મળનારી
વધુ સહાય

નવી દિલ્હી:

વિશ્વબેંક મીશનના નેતા શ્રી. રોઝેન રડીન્સ્ટાઇને પત્રકારોને જણાવ્યું હતું કે ભારતને તાજેતરમાં રચાયેલા આંતરરાષ્ટ્રીય વિકાસ સંઘ તરફથી બે કે ત્રણ પ્રોજેક્ટ માટે સહાય મળશે. આ સહાયમાંનો મોટો ભાગ જાહેર હેતુમાં હશે.

મોટી માર્ગો, નાની નહેર સીંચાઈ, જમીન પ્રાપ્તિ, ડ્રેનેજ અને ગ્રામ વિસ્તારના વીજળીકરણ માટે એ સહાય અપાશે.

તેમણે પોતાના મીશનનો હેતુ સમજાવતા જણાવ્યું હતું કે આ મીશનના બે હેતુ છે. એક તો હીંદના મિત્ર દેશોની મળનારી સભામાં હીંદને બીજી પણ કયા પ્રકારની સહાય આપી શકાય એ વિષેનો હેવાલ તૈયાર કરવાનો અને બીજો હેતુ વિશ્વબેંક કયા કાર્યો માટે સહાય આપી શકે તેની નક્કી કરવાનો.

લાંબા ગાળાની સહાય
અંગે ચર્ચા

ગયા સપ્ટેમ્બરમાં મિત્ર દેશોની મળેલી સભામાં ભારતની ત્રીજી પંચ વર્ષીય યોજના વિષે ચર્ચા થઈ હતી અને એમાં હીંદને લાંબા ગાળાની સહાય આપવાના પ્રશ્ન પર વિચારણા થઈ હતી. કાચા માલની આયાત અને સ્પેર પાર્ટ્સ આપવા અંગેના પ્રશ્ન પર ચર્ચા થઈ હતી. વિશ્વબેંકે એ સભામાં હીંદે માલની આયાત અંગેના કેટલાક નિયંત્રણો દૂર કરવાને જણાવ્યું હતું અને એમ પણ તે ભારતની વિકાસ અંગેની કમાણી વધે એમ જણાવ્યું હતું.

આ બધા પ્રશ્નો માર્ચ કે એપ્રિલના અંતમાં મળનારી સભામાં ફરીવાર વિચારાશે.

રેલ્વે માટેની સહાય
ચાલુ રહેશે

ત્રીજી યોજનામાં વિશ્વબેંક જે સહાય આપનાર છે તે વિષે તેમણે જણાવ્યું હતું કે વિશ્વબેંક ભારતની રેલ્વેના વિકાસ માટેની સહાય આપવાનું ચાલુ રાખશે. આ ઉપરાંત કોલસા અને સ્ટીલનું ઉત્પાદન વધારવા માટે ખાનગી ક્ષેત્રને પણ સહાય કરશે.

તાતા કે ઇન્ડિયન આયર્ન એન્ડ સ્ટીલના કયા કારખાનાને મદદ અપાશે તે જાહેર કરવાની તેમણે ના પાડી હતી.

ભારતને જુદા જુદા કામો અંગે વિશ્વબેંક ૯૦૦,૦૦૦,૦૦૦ ડોલરની સહાય આપી છે અને એમાંના ૩૦૦૦૦૦૦૦૦ રેલ્વે વિકાસ માટે છે.

બી-આઇ

મુંબઈ કરાંચી અને ઇસ્ટ આફ્રિકાના બંદરો વચ્ચે મુસાફરી કરે છે.

સ્ટીમર કંપાલા ૬ઠ્ઠી એપ્રીલ ૧૯૬૧માં આવશે અને ૧૧મી એપ્રીલ ૧૯૬૧ના ઉપડશે.

મુંબઈ અથવા કરાચીનું ભાડું.
ખોરાક સાથ

ફર્સ્ટ ક્લાસ	પા. ૧૧૭-૧૫-૦
સેકન્ડ ક્લાસ	પા. ૭૮-૧૦-૦
થર્ડ ક્લાસ ખોરાક સાથે	પા. ૩૯-૧૫-૦
થર્ડ ક્લાસ ખોરાક બહાર	પા. ૨૪-૧૦-૦

વધુ માહિતી માટે મળો યા લખો:

શેખ હમીદ એન્ડ સન્સ
(પીટી લીમીટેડ.)
૨૯૭ પાઇન સ્ટ્રીટ,—ડરબન.
ટેલીફોન: ૨૭૪૨૨ — ટેલીગ્રાફીક એડ્રેસ "કરામત."

નેતાજી બોઝનાં પુત્રીની દૃષ્ટિએ ભારતનું દર્શન

મુંબઈ ખાતે તાજેતરમાં નેતાજી સુભાષચંદ્ર બોઝના સહકાર્યકરોની સંસ્થા 'સેવી હીંદ' તરફથી ઇન્ડો જરમન મેડિકલ સેન્ટર ખાતે નેતાજીના પુત્રી કુ. અનીતા બોઝના માનમાં યોજાયેલા એક સમારંભમાં બોલતા તેમણે ભારતની સેવા કરવાની ઇચ્છા પ્રદર્શીત કરી હતી.

અતિશય લાગણીવશ બનીને તેમણે કહ્યું હતું કે મારી પિતૃભૂમિના દર્શને હું આવી છું અને અત્યાર સુધીમાં હું જ્યાં જ્યાં ગઈ છું, ત્યાં ત્યાં ભારતની જનતાએ અતિશય પ્રેમથી મને વધાવી લીધી છે.

લાંબા સમયની ઇચ્છા

તેમણે જણાવ્યું હતું કે કમનસીબે મેં મારા પિતાને જોયા નથી. મારા પિતાશ્રી યુરોપથી ગયા ત્યારે હું માત્ર એક મહીનાની હતી. લાંબા સમયથી ભારત દર્શનની મારી ઇચ્છા હતી અને સદ્ભાગ્યે આખરે તે ફળી છે.

મારી માતાએ મારા પિતાશ્રી વિષે ઘણું ઘણું કહ્યું છે. સાચેજ તેઓ ભારતના મહાન પુત્ર હતા. મારા પિતાશ્રીના બનાવ વિશેષે હું ભણી છું અને તેઓની બાબતે પણ મેં તેમના વિષે ઘણું ઘણું લખ્યું છે.

ભારતનું ચિત્ર

કુ. અનીતાએ જણાવ્યું હતું કે ભારતનું ચિત્ર મારા ધારવા કરતાં જુદુંજ છે. ભારત ભૂમિના સૌન્દર્યને મેં નીહાળ્યું છે.' આજે ભારતને ઘણા યે પ્રશ્નોનો સામનો કરવાનો છે. એમાં જનતાની ગરીબી એ મુખ્ય પ્રશ્ન છે. ભારતમાં વસવાટ કરવા અંગે મેં હજીએ અંતિમ નિર્ણય કર્યો નથી. એનો આધાર મારી માતાની ઇચ્છા પર છે. ભારતમાં વસીને એની સેવા કરવા જેટલી મારામાં લાયકાત છે કે કેમ એ પહેલા મારે જોવાનું છે. મારા પિતા ખરેખર એક મહાન પુરુષ હતા પણ તેઓની પ્રતિષ્ઠા પર હું ટકવા માગતી નથી. મારે સખત પરિશ્રમ કરવાનો રહેશે.

અંતમાં તેમણે સર્વેનો આભાર માન્યો હતો.

સમારંભમાં નેતાજીના જુના સાથી શ્રી. મણીલાલ દોશીએ તેમને તથા અન્ય મહેમાનોને આવકાર આપ્યો હતો.

કુ. અનીતા બોઝનો અનુરોધ

મારા પિતાજીના અવસાન અંગે હું કશું જાણતી નથી અને તે અંગે નાટકો ભજવવાં પણ ઠીક નથી કારણ તેથી ગેરસમજ ફેલાય છે એમ ભારતના લાડીલા નેતા સ્વ. સુભાષ બોઝનાં પુત્રી કુ. અનીતા બોઝે મુંબઈ ખાતે જણાવ્યું હતું.

પ્રેસ ગીલ્ડ તરફથી પોતાના માનમાં યોજાયેલા સમારંભમાં કુ. બોઝ બોલી રહ્યા હતાં.

કુ. બોઝે કહ્યું હતું કે હું ભારત આવી તે પહેલા મારા પિતાજીના અવસાન બદલ હું જરૂર દુઃખ અનુભવતી હતી પણ ભારત આવ્યા પછી લોકોની તેમના તરફની યાદ અને માન જોયા પછી અને એક માણસ લોકોમાં કેટલી પ્રેરણા સીંચી શકે છે એ અનુભવ્યા પછી હવે હું તેમના માટે દુઃખ અનુભવતી નથી.

કેન્યાટા માટે બંગલો

કેનીયાની સરકારે જોમો કેન્યાટાને લોડવારથી મરાલાલ મોકલવાનો નિર્ણય ઘણા વખત પહેલા કર્યો હોય એ કારણ કે મરાલાલમાં તેમણે ૧૦,૦૦૦ શીલીંગ ખર્ચીને તેને માટે એક ચાલુ જમાનાની સગવડવાળો બંગલો બાંધીને તૈયાર રાખ્યો છે જેમાં કેન્યાટા અને તેની નીકટ કુટુંબ રહી શકશે. આ ઘરની બન્ને બાજુએ વરંડા છે જેમાંથી લોકો જંગલ અને તેમાં રહેતા પ્રાણીઓને મુક્ત ફરતાં ફરતાં જોઈ શકશે.

મરાલાલ પણ લોડવારની માફક ગરમ અને સુકો તથા ધુળવાળો પ્રદેશ છે પરંતુ એ નૈરોબીથી લોડવાર કરતાં વધુ નજીક છે અને ત્યાં લોકો માટે વાતો કરવાના માણસોને મળવાના પ્રતિબંધો હળવા રહેશે.

જંગલી જનાવરો

લગભગ આઠ હજાર ચોરસ માઈલનો આ ડીસ્ટ્રીક હાથી, સીંહ, ગેંડા અને બીજા જંગલી પ્રાણીઓથી ઉભરાય છે અને હાથી, સીંહ અને ગેંડા તેની મુલાકાતે આવે તેવી ઘણી શક્યતા છે. વરસાદની ઋતુમાં ઘણા પ્રાણીઓ ઘણીવાર મરાલાલ ટાઉનશીપમાં પણ આવે છે.

કેન્યાટાનો બંગલો ડી. સી. ના મકાનથી બે ફર્લાંગ જેટલો દુર આવેલો છે. અત્યારે ત્યાં પોલીસ ચોકી છે પણ તેમાં જરૂર વધારો થશે કારણ કે કેન્યાટાનું રક્ષણ કરવાનું કામ ત્યાંના ડી. સી નું છે.

મરાલાલ ગામમાં

મરાલાલમાં ફોન કે વીજળીની બત્તીઓ નથી. પોલીસ બહારના પ્રદેશ સાથે સંબંધ રાખવા માટે રેડીઓ ટેલિફોનનો ઉપયોગ કરે છે.

મરાલાલમાં સાંબુરુ જાતિના ૭૦૦ આદિવાસીઓ વસે છે. તે ઉપરાંત ટાઉનશીપમાં થોડા એશિયન વેપારીઓ રહે છે અને સરકારી યુરોપીઅન અમલદારોની સંખ્યા લગભગ વીસેકની છે.

માસના અંતરમાં ખરીદી કરવા માટે લોકો નેન્યુકી જઈ શકે પરંતુ કાયદાના લાભ ઉપરથી તેને રજા મળવાનો સંભવ ઓછો છે.

કેન્યાટાનું સ્વપ્ન

મરાલાલમાં લોડવાર કરતાં રહેવાની સગવડમાં ઘણો સુધારો છે પરંતુ કેન્યાટાને તો તેના કીકુયુ પ્રદેશની હરીયાળી જોવાના સ્વપ્નાં આવે છે અને જ્યાં સુધી કીકુયુની એ લીલી છમ ઝાડીની એવી ભૂમિ અને લીલાં કાનન વન જોશે નહિ ત્યાં સુધી તેનું મન સંતોષ પામશે નહિ.

કાનુના નેતા નગાલાએ આ વાતની ચોખવટ મતાન્તરે કરેલી છે. જોમો કેન્યાટા તેની પત્ની સાથે મરાલાલના આ જંગલમાં માર્ચની આખરે રહેવા જશે. અત્યારે જોમોની ઉમ્મર ૭૦ વર્ષની છે પરંતુ તેની શારીરિક અને માનસિક સ્થિતિમાં વૃદ્ધાવસ્થાની કોઈ અસર તેને મળનારાઓને જણાઈ નથી.

સામાજીક ખબરો

લગ્ન

ડરબનના શ્રી ડાહ્યાભાઈ બીખાભાઈના સુપુત્ર ચિ. ગુલાબભાઈના શુભલગ્ન કિનરોસના શ્રી જી. રામાભાઈની સુપુત્રી ચિ. કમળાબેન સાથે ૧૨મી માર્ચના શુભ દિને થયા હતાં. તેની ખુશાલીમાં ઇ. ઓ. ને તેઓએ પા ૧-૧-૦ ભેટ આપ્યા છે.

ઓરર્સ ટ્રીટમેન્ટ માટે ભેટ

શ્રી જે આભારસહ,

જો'બર્ગ, શ્રી [illegible]

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

નવા બનાવટનાં નાયલન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ બાળકો અને પુરુષો માટે સ્ત્રીના જાતના તૈયાર વસ્ત્રો, પુલોવર, સરદીવલના અને જમ્પરો માટે—ચુડીદ, મોજા, બ્લેન્કેટસ, રેશમના નેપકીનો વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા ભલામણ.

૩૩ મેરેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન: ૮૩૫-૬૮૮૬ — બોક્સ ૧૫૪૯.

શુભ પ્રસંગો માટે ભેટ!

સ્ત્રીઓ અને પુરુષો માટે

ઘડીયાળ!

૧૭, ૨૧ અને ૨૫ જ્વેલનાં ઓટોમેટીક કેલેન્ડર.

- રોમર
- રોટરી
- લેંકો
- રૂસર

વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરુષોના શર્ટ સુટ, પાયજામા વિ. તેમજ બાળકોનાં કપડાં.

હોલસેલ ભાવે મળશે

બોક્સ ૫૯૮૮, ફોન: ૮૩૫-૨૬૦૭.

વલ્લભભાઈ બી. પટેલની કું.

૪૪, મારકેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

હિંદના સમાચારો

તા. ૨૮-૩-૧૯૬૧.

ખંભાતના ગેસ જથ્થાના ઉપયોગ વિષે વિચારણા

ખંભાતમાંથી મળેલા ગેસનો ઉપયોગ કરવા સંબંધમાં સરકારી કક્ષાએ વિચારણા ચાલી રહ્યાના સમાચાર મળે છે. ગુજરાતના ઉદ્યોગ પ્રધાન શ્રી માણેકલાલ શાહે ઉદ્યોગપતિઓ સાથે ચર્ચા કર્યા પછી ભારત સરકારના ખાણ અને તેલ ખાતાના પ્રધાન શ્રી માલવિય સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો છે. તેમાં તેમણે ખંભાતના ગેસનો ઉદ્યોગો માટે ઉપયોગ કરવાના ગુજરાત સરકારના ઇરાદાની જાણ કરી છે.

આ પ્રશ્નની ચર્ચાવિચારણા માટે ગેસ કમીશનના ભારતીય અને વિદેશી નિષ્ણાતો ખંભાત આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે ખંભાતમાં ગેસનો એટલો જથ્થો છે કે જે સમગ્ર ગુજરાતને પુરો પાડી શકાય એમ છે. ખંભાતથી અમદાવાદ સુધી પાઇપ નાખવાની વિચારણા ચાલી 'રહી' છે.

પંદરમા નંબરના કુવા પર તો ગેસનું દબાણ એટલું વધી પડ્યું છે કે ગેસને બહાર કાઢી બાળવામાં આવે છે અને તેના ભડકા દૂર... દૂરથી... જોઇ શકાય છે.

વિમાનમાં દેખાયેલી તરડો

નવી દિલ્હી: ઇન્ડીયન એરલાઇન્સ કોર્પોરેશનના એક પ્રવક્તાએ કહ્યું હતું કે કોર્પોરેશનના એક વાયકાઉન્ટ વિમાનમાં અતિ ઝીણી ત્રણ તરડો માલમ પડવાથી દરેક વિમાનનું ઉડ્ડયન બંધ રાખવામાં આવ્યું છે. આ પ્રવક્તાએ કહ્યું હતું કે આ અતિ ઝીણી તરડો માત્ર આંખ દ્વારા નીરખી શકાય તેવી નથી. એક્ષ-રેના નાના સાધનો દ્વારા પણ તે દેખાય તેવી નથી. વાયકાઉન્ટ વિમાનોના ઉત્પાદક વિકર્સ આર્મસ્ટ્રોંગના ટેકનીશીયનોએ અલ્ટ્રા-સોનિક સાધનો દ્વારા કરેલી ઝીણવટભરી તપાસ પ્રસંગે આ ખામી દેખાઇ હતી.

માનવ જીવનને સ્પર્શતું એ મહત્વનું સંશોધન

નાગપુર: વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન ખાતાના વડા પ્રો. એમ. એસ. ઠાકરે અહીંના યુનીવર્સીટી બાયોકેમિસ્ટ્રીને લગતા વિભાગના કર્મચારીઓના વાર્ષિક સમારંભમાં ભાષણ કરતાં જણાવ્યું હતું કે અહીંના સંશોધનકારો મધુપ્રમેહ જેવા ખાનપાન જન્ય ખોરાક જેમાં થતા ફેરફારોથી ઉદ્ભવતા રોગોના કારણ વિષે સંશોધન કરી રહ્યા છે. એ શોધ સફળ થતાં માનવ કલ્યાણને સ્પર્શતા મહત્વના રહસ્યનો ઘટસ્ફોટ થશે.

ખાતાના વડા ડૉ. એમ. સી. નાથે તેમના ભાષણમાં જણાવ્યું હતું કે ખાનપાનને લગતા રોગોના અભ્યાસ પરથી એમ માલમ પડ્યું છે કે વધારે પડતી ચરબીને લીધે જોવામાં થતા ઝેરી તત્વોને લીધે મધુપ્રમેહના રોગ જેવાં જ ચિન્હો માલમ પડે છે. કેરોનરી થ્રોમ્બોસીસ જેવા હ્રદયના રોગનું મૂળ પણ એમાં છે.

ભારત હરગીઝ અણુશસ્ત્ર નહિ બનાવે

નવી દિલ્હી: વડા પ્રધાન શ્રી નહેરુએ રાષ્ટ્રીય વિકાસ કાઉન્સીલની સભામાં જણાવ્યું હતું કે કોઇ પણ સંજોગોમાં ભારત અણુશસ્ત્રોનું ઉત્પાદન કરવા માંગતું નથી. અણુશસ્ત્રોની ઉપરના અંકુશ અંગેની આંતરરાષ્ટ્રીય સમજુતી અનિવાર્ય છે. જો વધુ દેશો અણુશસ્ત્રો બનાવતા થઇ જશે તો તે સંજોગોમાં અંકુશ મુકવાનું પણ જ મુશ્કેલ બનશે.

ભારતમાં વિદેશી ઝવેરીઓ

નવી દિલ્હી: ભારતમાંથી કિંમતી ઝવેરાતની ખરીદી કરવા માટે તેમજ ભારતના ઝવેરાત ઉદ્યોગનો અભ્યાસ કરવા માટે પશ્ચિમ જર્મની, સ્વીટ્ઝરલેન્ડ અને ઓસ્ટ્રીયાના કેટલાક જાણીતા ઝવેરીઓ હાલમાં ભારતની એક માસની મુલાકાતે આવ્યા છે. આ ઝવેરીઓ ભારતમાંથી રૂ. ૫૦ લાખનું ઝવેરાત ખરીદશે. આ ઝવેરીઓ ભારતના પ્રાચીન મંદિરો અને દેવાલયોના સુવિખ્યાત ઝવેરાતની ખરીદીમાં રસ ધરાવે છે અને તેથી તેઓ જયપુર, મુંબઇ, બનારસ, આગ્રા, કોન્જીવરમ્ અને મહાબલીપુર અને મહાબલિપુરમ્ ખાતેના કિંમતી ઝવેરાતની તપાસ કરશે અને ત્યારબાદ ખરીદી અંગે આખરી નિર્ણય લેશે.

આ વિદેશી ઝવેરીઓને ખાસ કરીને શનિ (નિલમ), માણેક (રુબી) અને પાચ (એમેરાલ્ડ)ની ખરીદીમાં વધુ રસ છે. વિશ્વના એક ખાણ શનિ ભારતમાંથી આવે છે. આ ઝવેરીઓની ખરીદીની નામાવલીમાં, એમેથિસ્ટ, માર્નેટસ અને મોસ એગેટ નામના કિંમતી પથ્થરોનો પણ સમાવેશ થાય છે.

ભારતને મળનારી રા કરોડની સહાય

મુંબઇ: કેનેડાની સરકારે ભારતને ચાલુ નાણાકીય વર્ષ ૧૯૬૦-૬૧ દરમીયાનની કોલમ્બો યોજના હેઠળ મુખ્ય બાંધકામોની મદદ માટે આઠ કરોડ ડોલરની ગ્રાંટ આપી છે.

આ જાહેરાત કેનેડાના "મુખ્ય" વાણિજ્યના પ્રધાન અને કેનેડાની આમસભામાં સરકાર પક્ષના નેતા શ્રી ગોર્ડન ચર્ચીલે અત્રે કરી હતી. તેઓ કોલમ્બો યોજના અંગે ભારતના પ્રવાસ માટે અત્રે બકનથી અત્રે આવ્યા છે. તેમની સાથે વિદેશ અંગેની મદદના વડા સંચાલક શ્રી એચ. ઓ. મોરાન પણ છે.

ગુજરાતને ૧૩૫ કરોડ રૂપીઆની સહાય

ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ પત્રકારોને જણાવ્યું હતું કે ગુજરાતની ત્રીજી પંચવર્ષીય યોજના રૂા. ૩૪૦ કરોડની મંજુર થઇ હતી પણ નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય વિકાસ સમીતીના સભ્યો સાથે ચર્ચા કરી પાછા ફરતાં જાણવા મળે છે કે કેન્દ્ર સરકાર આ રકમ ઉપરાંત બીજા આશરે નવ કરોડ ગુજરાતના વિકાસ માટે ખર્ચશે.

ત્રીજી યોજના દરમ્યાન રીફાઇનરી તેમજ ખાતરનું કારખાનું તૈયાર થઇ જશે, તેમજ તારાપોર ખાતેથી વીજળી પણ મળશે.

આ માટે કેન્દ્ર સરકાર રૂા. ૧૧૩ કરોડ ખર્ચશે જ્યારે ગુજરાત સરકાર પોતે રૂા ૧૨૨ કરોડ ખર્ચશે એમ જાણવા મળે છે.

ભારતને જેટ વિમાનો વેચવાની રૂસી ઓફર

કલકત્તા: રશીયાના ભારત ખાતેના વ્યાપારી કમીશ્નર શ્રી સિરીમેં અખબારી મુલાકાતમાં જણાવ્યું હતું કે રશીયાએ ભારતને જેટ વિમાનો વેચાતાં આપવાની ઓફર કરી છે. આ વિમાનોનાં નાણાં ભારતીય ચલણમાં ચુકવવાનાં રહેશે. ભારત અને રશીયા વચ્ચે આ સબંધમાં મંત્રણાઓમાં વાટાઘાટ થઇ છે અને હવે ભારતના જવાબની રાહ જોવાય છે.

તાજેતરમાં રશીયાએ ભારતને ચાર-ળાં હેલીકોપ્ટરો ઉંચાણ માટે આપ્યાં હતાં. આ વિમાનો પર્વતો પર ઉતરી શકે એવાં છે. ભારતની જરૂરીયાત પ્રમાણે તેમાં સુધારાવધારા કરવામાં આવ્યા છે એટલે હવે કોઇ ફરિયાદ રહી નથી.

The management of the diocese was becoming increasingly a full time job. In the ten years of his rule it had grown tremendously and Bishop Reeves had dedicated no less 70 new churches. Besides the added weight of work that this expansion entailed, he accomplished a phenomenal amount of political work. On some days he would go from committee to committee on the most unrelated subjects without time for a cup of tea between. Small wonder that there should develop a tension between those who held the specific function of administrative and religious head of a great Anglican community to be paramount and others who accepted his view of an extended role, "father of his people" giving a militant spiritual lead against abuses, injustice and indignity. The old cleavage, reflecting South Africa's ambivalence, between the majority of whites in the white parishes who believed the Church's sphere is not politics and the cause of men, whereas supported by the missions priests, for whom politics is precious the air they breathe had in the decade been largely viewed. There were those, however, who resented the claims on their Bishop's time politics.

Ambrose Reeves has the

fult of getting individuals of conflicting outlook and temperament to work effectively together. "For his outstanding ability," said an African friend, "to bring together people of divergent views, I privately called him the South African Nehru." There were often murmurs of discontent; the Bishop is too dictatorial, the Bishop likes the limelight, the Bishop is all right if he gets his own way. However, the murmurers would turn up to the next meeting and make their contributions.

As a Chairman the Bishop, however busy, has always worked on the matters to be discussed and is ready to present constructive or even disruptive suggestions to galvanise a flagging and ill-prepared committee. If an autocrat is required on some of these occasions the Bishop will fit the role: when satisfied his line is right he will be a dictator.

The climax of his Johannesburg career came with the Sharpeville disaster. With characteristically quick comprehension of the significance of the situation, he set lawyers to collect evidence from the victims. The emergency followed and the detention of the lawyers concerned. Anticipating his holiday arrangements by some weeks, the Bishop, warned of possible arrest, took the evidence with him into a temporary and self-imposed exile in Swaziland, attracting intensified criticism, in the diocese, in the Church and in the country, of his attitude. African politicians and white detainees on the whole supported his action; "No one knew how long the emergency would last," said one. "You couldn't have everyone going to jail. He was a key figure in raising funds and the Sharpeville story had to be put across."

His subsequent return and second and imposed exile then closed the breach and largely united diocese and Anglican opinion behind him. The Afrikaans lament: "We need him more here than abroad." In allowing the deportation of the Anglican Bishop of Johannesburg, Dr. Verwoerd appears to have forgotten his own contract "The United Party could tear its hair out because of the propaganda made for the Nationalist Party by the Scotts, Huddlestons and Collinses. We must not act too strongly against them."

On hearing, in 1949, of his appointment to Johannesburg, Ambrose Reeves is reported to have said: "I do look on this as a very great adventure."

Just how great the adventure, he could not then have guessed nor where, in the next 10 years, it would lead.

MORE TOURIST AMENITIES

MR RAJ BAHADUR, Minister of State in the Ministry of Transport and Communications, told the Lok Sabha during question hour that the Government of India have taken certain steps to make travel to India more attractive for tourists during "Visit the Orient Year, 1961," organised by E.C.A.F.E. countries.

In response to a recommendation made by the Department of Tourism, Mr. Raj Bahadur said that various Government and non-Government organisations had agreed to give certain concession and special facilities to tourists during the campaign year.

Under this scheme, Indian Airlines Corporation had agreed to give a 5 per cent. rebate to foreign tourists, while the railways would give 25 per cent concession on the basic fare for air condition class travel during 1961. In addition to this, "travel-as-you-like" tickets would be available. This concession was only for foreign tourists.

The Third Plan allocation for tourism has been increased from £3.75 million to £5.43 million.

Cottesloe And After On S.A. Affairs

(Continued from page 101)

ing in view all the historical and other factors that have contributed to the position as it is today. For almost 25 years the Christian Council has been boycotted by the Dutch Reformed Churches on language grounds but also because its attitude on inter-racial questions was felt to be too far advanced. Now that the Dutch Reformed Churches have in some measure caught up, the Christian Council cannot simply be bowed out. In addition, it must be remembered that the recent Consultation included only a portion of the Christian forces of South Africa."

The extent to which the Consultation will influence thought and action in South Africa will not be clear for at least a year, during which time all the Churches which took part will hold their annual Synods and Assemblies. In particular much will depend upon what happens at the various meetings of the Dutch Reformed Churches.

—From "The Christian Council Quarterly" First Quarter 1961

Latest News Of Roopanand's Arrivals

THE MY MAGAZINE OF INDIA Tamil film that story (free) 1 6
WEEKLY OF INDIA The pictures you long to see of to-day 2 0
JESUS YADAH & KALAYA you will be proud to buy ... 3 6
FILM FARE A magazine-stars from heaven to earth 3 6
INDIAN INFORMATION You will be wise to read and see ... 0 0
THE MARCH OF INDIA Is your future 4 6
THE INDIAN ANNUAL Year by year India progress 7 6
PICTURE POST All about the South Indian film in market you get 2 0
FASHION FOR FUTURE INDIAN WOMAN Style: Blouse and Jumper Choli Pattern Book (Easy Diagrams to cut and make your own as pattern designs 4 6
ROOPANAND'S FESTIVAL CALENDAR for 1961 increasingly popular 1 6
DAILY DIARY In Hindi and English with every good wishes ... 5 6
KASI HINDI PANCHANGS Bombay 0 9
VISSWANATH and SHIV PANCHANGS 7 6
HAWAN SAHAGREE Pure best arranged from Holy Land of India 5 6
THARI LOTAS Real Indian design made in India per 45 0
REHAL STANDS FOR BOOKS Ramayan and Koran and Holy Scriptures ... ... each 25 0
RUDOUSH MALA and many others 4/6, 5/6, 10/6, 12/6, 25/-

MURTHIES OF ALL DESCRIPTIONS, Marble, Brass, Silver God and Goddess 7/6, 12/-, 17/-, 25 0
DHARTAHL in pairs special for Kirtans, Bajans etc. pr ... 25 0
DHOLAKS for quawali, weddings, Holi Bajan ... £8 10 0
THUBLA & DOOGIE for all occasions £8 10 0
HARMONIUM best make Ramo Flute £18 10 0
PORTABLE HARMONIUM for the Ramlahlas £25 10 0
Divine Service. Plate of all designs 3/6, 4/6, 6/1
Side Playing ... ... 15/, 25/, and 32/6

FAMOUS PUBLICATION IN BOOKS

HOUDINI, the greatest magician and his secrets detailed at last ... 26 0
MY INDIA a book of proud people with dignity 24 0
YOGA for health. A sound mind you will born with this book ... 26 0
AKBAR AND BIRBAL STORY now told in English ... 3 9
HATIM TIAI a story both believe it or not 11 6
BEHOLD THE EARTH MOURNS can you believe it ... 22 6
"INDIAN DELIGHTS" our Indian women's gift 29 6
CURRIES OF INDIA what a spice taste 7 0
RAMAYANS for boys and girls, men and women 2/6, 10/6, 11/6
MODERN MARRIAGE a book for every young man and woman 24 9
INDIANS IN NATAL by Dr Hilda Kuper 30 0

FOR THE LATEST FILM RECORDS OF ALL YOUR FAVOURITE TUNES TRY US FIRST
WE CARRY THE LARGEST STOCKS OF LOCAL RECORDS, AND FROM INDIA
BOOKS OF ALL SORTS, INDIAN, ANCIENT, HISTORICAL, ARE SOLD BY US

D. Roopanand Bros.

PHONE 20707 — MUSIC SALOON & BOOKSELLERS — P. O. BOX 2524
85 Victoria Street, DURBAN

fifty years ago...

April 1911

OUR FRIENDS IN INDIA

[From The Indian Opinion, April 8, 1911]

WE are indebted to the "Madras Standard" to hand by the incoming Indian Mail, for the following report of a public meeting convened by the Indian South African League, Madras, in the Y.M.C.A. auditorium on the 1st inst. Dewan Bahadur M. Audinarayaniah, Chairman of the Executive Committee of the League, in the chair. Among those present were the Rajah of Kollengode, the Hon. Mr. T. V. Seshagiri Iyer, Mr. C. P. Ramaswami Iyer, Mr. V. Mudukrishna Ayyer, Rao Bahadur B. Muniappa, Moulana Abdul Subhan Saib, Mr. Yakub Hassan, Mr. G. A. Natesan, Dr. T. M. Nair, Mr. P. N. Raman Pillai, Mr. U. Rama Rao and others.

In opening the proceedings of the evening, the Chairman said that they were well aware of the troubles their countrymen in the Transvaal were suffering from and the brave struggles and the heroic sacrifices made by them for the honour of their country. All these troubles had arisen from one cause—the inauguration of the indentured emigration system. The troubles that their countrymen were suffering from were the result—the inevitable result—of the indentured system. For the last two years India had been sending protests against the system and their grateful thanks were now due to the Government for the regulation prohibiting the indentured emigration from 1st July next. Since the issue of the Government Order, they had found a new development in Natal, with a view to forestall and defeat the prohibition. The development was this—the Natal employers, without any attempt at ameliorating the conditions complained against, had sent out a number of their Sirdars in order to recruit as many labourers, under five years' contracts, as possible, before the 30th June next, for Natal. This was a movement which, as far as possible, they should try to counteract. They should countenance some steps by which they could warn the intending emigrants of the dangers and troubles besetting them. The problem was a serious one requiring their full and calm deliberation.

Mr. P. N. Rama Pillai referred to the disabilities and the difficulties under which their countrymen in South Africa suffered, and the circumstances under which the order of the Government of India had been passed. He referred to the utterances of the Hon'ble Mr. Robertson, that "we cannot allow the present unsatisfactory situation to be perpetuated" in the Imperial Legislative Council, in considering the resolution of Mr. Gokhale, praying for a prohibition of indentured emigration, and expressed their grateful acknowledgment for the order passed. The Government of India took a deliberate step, after careful consideration and consultation with the Government of Natal. It was a curious thing now to be told by the planters of Natal that they had not been given sufficient time, though the matter had been in consideration from February, 1910, to January last. In fact one planter went so far as to say that the Government of India had broken faith with them. The decision of the Government of India had had a very good effect, a very surprising effect upon the Government of South Africa. He had been recently reading accounts that the Union Parliament intended taking steps to remove all racial prejudice and introduce an examination system. The Union Parliament would not have taken this step, but for the action of the Government of India. He thought that the indenture system, wherever it existed, should be put a stop to. He was also glad that this controversy of the South African problem had produced a national spirit among them which should be productive of good.

Dr. T. M. Nair, then moved the following resolution,—

"This meeting desires to place on record its feeling of gratitude to the Government of India for prohibiting indentured emigration to Natal from the 1st of July.

"This meeting views with grave concern the news that the planters of South Africa have sent by the steam-ship 'Umlali', 90 of the Sirdars (Maistries) to recruit emigrants in large numbers, and is of opinion that active measures should be taken at once to prevent the planters and their agents defeating the object of the Government of India in prohibiting indentured emigration to Natal.

"This meeting, therefore, prays that the Government of India and the Local Government may be pleased to take early steps to have possible emigrants fully acquainted with the recent notification of the Government of India and the reasons which led to the adoption of their step, and it also urges that the Government of India and the various Local Governments should warn possible emigrants of the risks they are likely to run by emigrating to South Africa.

"That this meeting earnestly appeals to all the leading associations and citizens throughout the Presidency to take all possible steps for the purpose of acquainting the people from whom indentured coolies are generally recruited with the recent notification of the Government of India prohibiting indentured emigration to Natal from 1st July, and also bring to their knowledge the sufferings which Indians are made to undergo in South Africa, the indignity to which they are subjected, and the ill-treatment which indentured coolies undergo at the hands of their employers in various ways.

"And this meeting is further of opinion that some of the recruiting agents who enlist ignorant coolies under false pretences ought to be prosecuted as a warning to others.

"That the Secretaries of the Indian South African League be authorised to communicate the above resolution to the Government of India, the Local Government, and all other authorities concerned in the matter."

R. VITHAL
Bookkeeping, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns.
Contact No. 12 Barklys Arcade,
38 Market Street,
Cor. Diagonal & Market Sts.
Johannesburg. 'Phone 33-1654

WATCHES, Gents models—25 Jewels waterproof, shockproof, antimagnetic, unbreakable mainspring, fitted with matching metal expansion straps—price 17/6. As above, but 21 Jewels—43/6. As above, but 17 Jewels—37/6. As above but with self-changing calendar, 17 Jewels—52/6. Also 21 Jewels Calendar—55/6. Other models from 19/6.
LADIES models 15 Jewels, unbreakable mainspring fitted with magnificent matching expansion bracelets—55/6. As above but 17 Jewels—47/6.
A. L. AGENCIES, First Floor, No 204/205, His Majesty's Building, Eloff Street, or P.O. Box 9179, Johannesburg.
Stocks limited, order immediately.

Phone 835-5788 P. O. Box 1540
MASTER BROS.
(PTY) LTD.
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
93 West Street, JOHANNESBURG.

Cable & Tel Add. HARGVAN. Phone 29368
P. Hargovan & Co.
(Pty.) Ltd.
Received Shipment of Genuine Fireworks "Kwong Man Lung" Brand. Order Your Requirements Now.
Imported Screw Cap Neck 3½" Diameter Mouth Pickle Jars
½ Gallon 95c each F.O.R. DURBAN
1 " R1-25 " " "
2 " R2-00 " " "
3 " R3-50 " " "
4 " R4-50 " " "
PACKING EXTRA. CASH WITH ORDER ONLY
155-7 WARWICK AVENUE,
P.O. BOX 1250. - DURBAN.

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

No. 13—Vol. LIX.
Friday,
7th April, 1961
Phone: Mount Edgecombe 30.
Registered at the G.P.O. as a Newspaper
Price 4 Cents

INDIAN OPINION
ઇન્ડીયન
ઓપિનિયન
મહાત્મા ગાંધીજીના હાથે સને ૧૯૦૩માં સ્થાપેલું
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણિલાલ ગાંધી

*
[illegible] —ગાંધીજી.

પુસ્તક ૫૯ મું—અંક ૧૩ | તા. ૭ એપ્રીલ, ૧૯૬૧ | છુટક નકલ સેન્ટ ૪

ગરીબી અને અછતમાંથી ઉગરવા કુટુમ્બ-નિયોજન અનિવાર્ય છે

:: લેખિકા ::
ડૉ. શાન્તા એસ. રાવ

આપણે ૧૯૪૭ની સાલથી આઝાદ થયા, ત્યારથી ભારત સરકાર રાષ્ટ્રીય આયોજન દ્વારા સંપૂર્ણ જીવન ધોરણ ઊંચે લાવવાની કોશિશ કરી રહેલ છે. આમ છતાં, બીજી બાજુથી થતા રહેતા વસતી વધારાને કારણે આ પ્રયાસો આડે ગંભીર પ્રકારની અડચણો ઊભી થાય છે. આથી આ વસતી વધારો અટકાવવાના હેતુવાળા પ્રયાસો નહિ થાય તો ઉપરનો ઉદ્દેશ સિદ્ધ કરવાનું અશક્ય બની રહે છે. આમ સરકારે યોગ્ય રીતે જ પોતાની રાષ્ટ્રીય આયોજન ની નીતિમાં કુટુંબ નિયોજનના વિષયનો સમાવેશ કર્યો છે.

આંતરરાષ્ટ્રીય પરીષદ

આ અનુસંધાનમાં એ યાદ હશે કે, ગયા વર્ષના શરૂઆતના ભાગમાં નવી દિલ્હી ખાતે આયોજીત પિતૃત્વ અંગેની છઠ્ઠી આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ ગઈ. આમાં દુનીયાભરના વિખ્યાત વૈજ્ઞાનિકો, વસતીશાસ્ત્રના નિષ્ણાતો અને સામાજીક કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઝડપથી વધતી વસતીનો સવાલ કેવળ આપણા દેશને મૂંઝવતો જ નહિ, પરંતુ સમગ્ર દુનીયાને મૂંઝવનારો છે. કેટલાક નિષ્ણાતોના જણાવવા પ્રમાણે માનવજાતનો વિસ્તાર હાલને ધોરણે જ જો ચાલુ રહ્યો, તો 'વસતીની વિસ્ફોટક પરિસ્થિતિ' સર્જાશે.

અગ્નિ એશીયાની વસતી

એવો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો કે, દુનીયાની વસતી જે ૧૯૫૪ માં ૨,૭૦૦,૦૦૦,૦૦૦ની હતી તે દર વર્ષે ૧.૬ ટકાને ધોરણે વધી રહી છે અને તે વિકાસને નહિ અવરોધવામાં આવે, તો તે ૭૦ વર્ષમાં બમણી થઇ જશે. અગ્નિ એશીયા જેમાં દુનીયાના કુલ જમીન વિસ્તારનો ૧/૭મો ભાગ છે, તેમાં દુનીયાની વસતીનો ૫/૭મો ભાગ વસી રહ્યો છે, વસતીનો વાર્ષિક વધારો બીજાં વિશ્વયુદ્ધ પહેલાં ૧.૨ ટકાનો હતો, તે હવે ૧૦ વર્ષમાં ૨.૧ ટકાનો થઇ જશે. સંખ્યાની દ્રષ્ટિએ જોઇએ તો દુનીયાના આ ભાગમાં દર વર્ષે ૫૦,૦૦૦,૦૦૦ લોકો વધતાં રહેશે.

આ સંબંધમાં એવો અંદાજ છે કે, એક ટકો પણ જો ઘટાડી શકાય તો આર્થિક આયોજનમાં આપણે ૨ થી ૩ ટકાનો વધારો થઇ જશે. નિષ્ણાતોનો એવો અંદાજ છે કે, ભારતમાં હાલને તબક્કેથી જ જો જન્મપ્રમાણમાં ગણનાપાત્ર ઘટાડો થઇ શકે તો દેશમાં આશરે ૩૦ વર્ષના ગાળામાં સરેરાશ આવકમાં ૩૬ ટકા જેટલો ધરખમ વધારો નોંધાવી શકાય.

આમ છતાં આપણે એમ માની લેવાની બિલકુલ જરૂર નથી કે, મોટાં કુટુંબો હોવાની ટેવ કેવળ ભારતવાસીઓની જ લાક્ષણિકતા છે. હકીકતમાં તો અમેરીકાનું વર્ષનું જન્મ પ્રમાણ ૪.૫ ટકાનું છે, ત્યારે ભારતમાં તે લગભગ ૪ ટકાનું છે. આમ છતાં, અમેરીકા પાસે તો વધતી વસતીને સમાવવા માટે પુરતી વિશાળ ધરતી છે અને પોતાના બધા લોકોને જરૂરી સગવડો આપવા માટેની પુરતી સાધન સામગ્રી છે. દાખલા તરીકે અમેરીકાની વાર્ષિક માથાદીઠ આવક રૂ. ૫,૧૩૪ની, બ્રીટનની રૂ. ૩,૯૧૬ની અને ભારતની રૂ ૨૫૦ની જ છે.

ઉપરોક્ત આંતરરાષ્ટ્રીય પરીષદમાં ભારતની બીજી યોજનામાં કુટુંબ નિયોજન માટે જે રૂ. ૫ કરોડની રકમ મુકરર કરવામાં આવી છે તે વિષે કેટલાક રસપ્રદ મુદ્દાઓ પણ ઉઠાવવામાં આવ્યા હતા. આ અંગે એક એવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો કે કુટુંબ નિયોજનની આ રકમ સામે તબીબી આરોગ્યની યોજનાઓ માટે રૂ. ૨૫ કરોડની રકમ રાખવામાં આવી છે, જેથી અસરકારક રીતે મૃત્યુ પ્રમાણ ઘટી વસતી વધારો થવા સંભવ છે. ૧૯૫૮ના માર્ચમાં પૂરા થતાં એક વર્ષ માટે કેવળ મેલેરીયાના અંકુશ માટે રૂ. ૭ કરોડની રકમ મુકરર થઇ હતી. સર જુલીયન હક્ષ્લીના જણાવવા પ્રમાણે આ તો એક પ્રકારનું 'આર્થિક આત્મઘાતપણું જ થયું!'

આપણી સરકાર તો કુટુંબ નિયોજન ને એક રાષ્ટ્રીય નીતિ તરીકે અપનાવવા છેક હવે બહાર પડી ગઈ છે. પરંતુ તે પહેલાં આ ક્ષેત્રમાં લેડી રામરાવની સક્રિય નેતાગીરી હેઠળના સ્વયંસેવક કાર્યકરોના જુથે શુભ શરૂઆત કરી હતી. આથી જ લેડી રામરાવ આજે આપણી ત્રીજી યોજનાના ઘડતરમાં મધ્યસ્થ કુટુંબ નિયોજન બોર્ડના અધ્યક્ષપદે વરાયેલાં છે.

સરકારે અત્યાર સુધીમાં કુટુંબ નિયોજન અંગેની જરૂરી સલાહ માટેના શહેરી વિસ્તારોમાં ૪૦૦ ક્લીનીકો તથા ગ્રામ વિસ્તારોમાં ૬૬૮ ક્લીનીકો સ્થાપ્યા છે. આ કેન્દ્રો ખાતે સામાજીક કાર્યકરો કુટુંબ નિયોજન માટેનો આવશ્યક પ્રચાર પણ હાથ ધરે છે. આ કેન્દ્રો અને ક્લીનીકો ઉપરાંત સરકારે પ્રમાણીક તબીબોની આ ક્ષેત્રની ખાસ તાલીમ માટે ખાસ પ્રકારનાં કેન્દ્રો પણ યોજ્યાં છે.

ભારત સરકારની કાર્યક્રમ અને સંશોધન સમીતીએ એવું મંતવ્ય દર્શાવ્યું હતું કે, નીચેની બાબતોને અનુલક્ષી એક ખાસ કેન્દ્રની સ્થાપના કરવી જોઇએ:

(૧) અસરકારક, બિનહાનિકારક, સસ્તાં અને સાદાં સંતતીનીયમન માટેનાં સાધનો (કોન્ટ્રાસેપ્ટીવ્ઝ)ની ખોળખોળ કરવી, (૨) આવા સાધનો માનવ વપરાશ માટે લાયક છે કે કેમ, તે વિષે પ્રયોગો હાથ ધરવા અને (૩) ગર્ભાધાનનું શરીરશાસ્ત્ર.

આ બધા મુખ્ય હેતુઓને લક્ષમાં લઇ 'સંતતિ-નીયમન સાધનો પરીક્ષણ યુનિટ' (સી. ટી. યુ.)ની ઇન્ડિયન કેન્સર રિસર્ચ સેન્ટર ખાતે સ્થાપના કરવામાં આવી અને તેને ડૉ. વી. આર. ખાનોલકર જેવા દુનીયાના અગ્રગણ્ય તબીબી વૈજ્ઞાનીકનું માર્ગદર્શન સાંપડી રહ્યું. આ કેન્દ્રનું કાર્ય એક રીતે 'ટીમવર્ક કાર્ય' છે અને તેમાં તબીબી માણસો, બાયોકેમિસ્ટો અને સામાજીક કાર્યકરો નો સાથ સાંપડી રહ્યો છે.

બાળકો ઇશ્વરી બક્ષીસ?

આ સમગ્ર આંદોલનમાં સૌ પ્રથમ મહત્વ પ્રચાર કેન્દ્રોનું છે, કે જ્યાં ઘણાં અજ્ઞાન દંપતીઓ, જેઓને સંતતિનિયમન શક્ય હોય, તેનો ખ્યાલ સુદ્ધાં ન હોય, તેઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે છે. આ સંબંધમાં કેટલાક અજ્ઞાન લોકો બાળકોને ઇશ્વરની બક્ષીસ રૂપ જ માનતા હોય છે. હકીકત માં એટલે દરજ્જે આપણે બાળકોની સારી કાળજી લઇ શકીએ તેટલે દરજ્જે ઉપરની વાત સાચી ઠરે છે. આપણે આઝાદ દેશના આઝાદ નાગરીકો તરીકે જવાબદાર રીતે વર્તી શકીએ જ નહિ, દરેક દંપતીની એ ફરજ થઇ પડે છે કે, તેમણે પોતે જે બાળકને સારી રીતે પોષક, કપડાં, શિક્ષણ અને બીજી કાળજીની સગવડો આપી શકે તેમ ન હોય, તેને આવવા દેવું જ ન જોઇએ. આનો અર્થ એ નથી કે, જેઓ સાધનસંપન્ન છે, તેઓએ ફાવે તેટલાં બાળકો હોવા જોઇએ. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે, પ્રત્યેક દંપતીને બેથી વધુ બાળકો ન હોય, તો વસતીનું પ્રમાણ સ્થિર રહેશે.

આશીર્વાદરૂપ શસ્ત્રક્રિયા

કુટુંબ નિયોજનના કેટલાક હિમાયતીઓ એવી હિમાયત કરે છે કે, ચાર બાળકોના જન્મ પછી દંપતીમાંથી કોઇ એકે સંતતિનિયમન માટેની શસ્ત્રક્રિયા (સ્ટરીલાઇઝેશન) કરાવી લેવી જોઇએ. આવી શસ્ત્રક્રિયા સરખામણી

(અનુસંધાન માટે જુઓ પાનુ ૧૦૨)

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૭ એપ્રીલ, ૧૯૬૧.

અહિંસાની શક્તિ

આફ્રિકા ખંડ, જ્યાં ખૂનામરકી અને અરાજકતા ફેલાઈ રહી છે ત્યાં રાજકીય અને સામાજીક સ્વતંત્રતા માટે અહિંસા મંત્ર અને એની ઉપયોગિતા વિષેના જ્ઞાનની ખાસ જરૂર છે. જેમ જેમ આફ્રિકન રાષ્ટ્રો સ્વતંત્ર થતાં જાય છે તેમ તેમ અત્યાચારો અને જીવનો નાશ થતો જાય છે; તેમાંયે કોંગોએ હદ કરી, પરંતુ એ સિવાય ઈથોપીઆની ઉત્તરમાં રાષ્ટ્રો નસીબદાર છે કે તેઓના હાથ એટલા લોહીખરડા બન્યા નથી. બ્રિટન હસ્તકના આ પ્રદેશો માટે એ કહેવું સત્યભર્યું છે. ભારતના અનુભવથી બ્રિટન જાણે છે કે આ રાષ્ટ્રો સ્વતંત્રતાને લાયક છે, અને એ આપ્યેજ છૂટકો નથી. બે સદી સુધી બ્રિટને ભારત ઉપર શાસન કર્યું, છતા પણ ભારત વિના શસ્ત્રે સ્વતંત્ર થવા પામ્યું. એથી બ્રિટન જાણે છે કે જો લોકોને સ્વતંત્ર થવું હોય તો તે આજે નહિ તો કાલે જરૂરથી સ્વતંત્ર થશે. કમનસીબે આફ્રિકા ખંડમાં એવા સત્તાધીશો છે કે જેઓને બ્રિટનની જેમ અનુભવ મળ્યો નથી એથી તેઓ બળથી પોતાની સત્તા સાચવવા માગે છે. આથી પોર્ટુગીઝ અને બેલ્જ્યન સંસ્થાનોમાં હિંસા સામે હિંસા થઈ રહી છે. અંગોલામાં યુનોની દરમિયાનગીરી હોવા છતાં, પરિસ્થિતિ વધુ બગડતી જાય છે. આખા આફ્રિકા કરતા દક્ષિણ આફ્રિકાની સ્થિતિ જુદી છે, પરંતુ એમાં શક નથી કે અહિંના બિન-ગોરાઓ ગોરી-સર્વોપરી-સત્તાથી સ્વતંત્ર થવા માગે છે. આ દેશની સરકારમાં તેઓને પૂરેપૂરૂ પ્રતિનિધિત્વ જોઈએ છે. લાંગા અને શાર્પવીલ જેવું બીજું ન બને એવું સારૂં સુખાંતભર્યું છે. આફ્રિકાના પટ ઉપર હિંસાનો લેખ લખાયેલો માલમ પડે છે. પરંતુ આ કરૂણ ઘટના જો આફ્રિકન નેતાઓ ધારે તો અટકાવી શકે છે, અને અહિંસાનો માર્ગ રજૂ કરી શકે છે.

ઉત્તર રોડેશીયાના આફ્રિકન નેતા શ્રી. કેનેથ કૌન્ડાએ કોઈ પશ્ચિમી-લેખકે ગાંધી નીતિ ઉપર લખેલા પુસ્તકની માગણી કરી છે. આ પુસ્તક દરેક વિસ્તારમાં દરેક કોમની ભાષામાં મળી શકશે. દક્ષિણ આફ્રિકાના હિંદીઓ પૂજ્ય ગાંધીજીના લખાણો અને પ્રયોગોથી આ દેશમાં ઘણો લાભ મેળવી શક્યા છે. આ લોકો પાસે પૂ. ગાંધીજીની રાજકીય નીતિ અને સામાજીક ક્રાંતિનો અનુભવ છે; તેઓ જો ધારે તો આનો પ્રચાર આફ્રિકાના લોકો વચ્ચે સારી રીતે કરી શકે. આફ્રિકાને પૂ. ગાંધીજીની અહિંસાની નીતિની ઘણી જરૂર છે. દક્ષિણ આફ્રિકા, ઇસ્ટ આફ્રિકા અને રોડેશીયાના લોકો માટે એ શક્ય પણ છે. એમાં કદાચ અર્થનો વ્યય થાય, પરંતુ એ છતા લાભ લાગે. આફ્રિકન રાષ્ટ્રોના સ્વતંત્રતા માટે એ મદદ રૂપ બનશે અને એનાથી માનવજાતની સેવા પણ થશે. થોડાક હજાર પાઉંડ એની પાછળ ખર્ચાય, એ હિંદીઓ માટે શક્ય છે. હિંદીઓ દરેક બાજુએથી ઝૂડાયા છે, છતાં પણ શું આ બાબતો સ્વીકારશે?

ઈશ્વર

ઈશ્વર જ્યોતિ છે. શાશ્વત જીવન છે. ઈશ્વર સત્ય અને ભગવાન છે. એક માત્ર તેજ છે. બીજું સર્વ જૂઠું છે આ અનુભવ વિચાર છે, આથી દેખાય છે. સાચા દિલથી તેના પર પ્રેમ રાખો. તમારો એક મિત્ર ઈશ્વર છે જેઓ તે તમારો પોતાનો આત્મા છે. ભગવાન એ તમને ઘણા વખતથી વળગેલા જન્મમરણના રોગથી દૂર કરનાર ઉત્તમ ઔષધ છે.—શીવાનંદ.

નેવું લાખને નવજીવન

ઈતિહાસમાં અજોડ એવી એક સ્થાનાન્તર કહાણીનું આખરી પ્રકરણ લગભગ પૂરૂં થવા આવ્યું છે એક લાખ કરતાં ઓછા એવા સ્થાનાન્તરિતો પોતાને મળેલા કામથી પુનઃ સંસ્થાપન મેળવશે. આગામી થોડા માસ દરમીયાન પશ્ચિમ બંગાળ માંથી 'રાહત છાવણીઓમાંથી' પ્રયાણ કરતાં તેર વર્ષ પૂર્વે આરંભાયેલું આ ભગીરથ કાર્ય સંપૂર્ણ આટોપાયું મનાશે.

પોતાનું વતન અને ઘરબાર છોડી આવેલા નેવું લાખ લોકોને સલામતી પુરી પાડવામાં આવી છે, એટલું જ નહિ પરંતુ તેઓને નવેસરથી જીવન-પ્રવૃત્તિ શરૂ કરવામાં સહાય આપવામાં આવે છે અને રાષ્ટ્રીય જીવનપ્રવાહમાં સમાવી લેવામાં આવ્યા છે.

આમાંના પચાસ લાખ પશ્ચિમ પાકીસ્તાન—ભાગલાના પશ્ચિમ પંજાબ, સિંધ, બલુચિસ્તાન, ભાવલપુર અને વાયવ્ય સરહદ પ્રાંતમાંથી આવ્યા હતા. બીજા ચાલીસ લાખ પૂર્વ-પાકીસ્તાનના વિવિધ જીલ્લાઓમાંથી આવ્યા હતા.

જગતના ઘણા દેશોની વસતી જેટલી એવી નેવું લાખની આ જનસંખ્યાની સંભાળણી, રાહત છાવણીઓ તેમની દેખભાળ, નવજીવન શરૂ કરવા માટે તેમને અપાયેલી સહાય, સ્થાનાન્તરિતોનું પોતાનું ધૈર્ય તેમજ આ અપૂર્વ પ્રકારની અને વિરાટ સમસ્યા હલ કરવામાં સરકારી તંત્રનો પુરુષાર્થ એ બધાની કલ્પના કરવી રસપ્રદ છે. કેટલી તત્પરતાથી આ ભગીરથ કામગીરી માટે આવી પડી, કેટલા મોટા પાયા પર રાહતપ્રવૃત્તિ યોજવી પડી. પશ્ચિમ પાકીસ્તાનથી આવેલા સ્થાનાન્તરિતો માટેજ લગભગ ૨૦૦ રાહતછાવણીઓ યોજવામાં આવી હતી અને આ છાવણીઓમા રહેતા સ્થાનાન્તરિતોની સંખ્યા એક વેળાએ ૯૫ લાખ પર પહોંચી હતી. પંજાબમા એક માત્ર કુરૂક્ષેત્ર છાવણીમાં આશ્રયસ્થ એકંદર જનસંખ્યા ૨.૫ લાખની હતી જે ભારતના ઘણાખરા મોટા શહેરોની વસ્તી જેટલી હતી. તેમને માટે માત્ર ખોરાક અને કપડાની વ્યવસ્થા કરવી એ એકજ મુશ્કેલ કહી શકાય એવી કામગીરી હતી. તેમની તંદુરસ્તી જાળવવી તથા રોગચાળો ફાટી ન નીકળે તે જોવું એ એટલીજ મહત્વની બીજી જવાબદારી હતી. પરંતુ આવો એક રોગચાળો ફાટી ન નીકળ્યો તથા સહુકોઈને પુરતું પોષણ મળી રહ્યું એ આ ભગીરથ કામગીરી જે કાર્યક્ષમતા અને કાળજીભરી આયોજના વડે હાથ ધરવામાં આવી તેનું સુચક છે. પૂર્વ પાકીસ્તાનથી આવેલા સ્થાનાન્તરિતોની બાબતમાં લગભગ આવુંજ કહી શકાય. અહીં તો જાણે ઘણી મોટી સંખ્યાની સંભાળ નો પ્રશ્ન હતો. એક વેળા સૌથી મોટી સંખ્યા કદાચ ૫૧ લાખ સ્થાનાન્તરિતોની હતી.

પુનઃ સંસ્થાપન

સ્થાનાન્તરિતોને માટે રાહત છાવણી ના આયોજન જેટલી બીજી મુખ્ય કામગીરી તેમને પુનઃ સંસ્થાપીત કરવા ની, બીજા શબ્દોમાં કહીએ તો આર્થીક રીતે ફરી પગભર કરવાની હતી. તેમને ખેતરમાં કે કારખાનામાં, વેપારમાં કે વ્યવસાયમાં ઠાળે પાડવાના હતા પાડવાના હતા અને આ કામ જરાયે સહેલું ન હતું. પરંતુ તેમના સર્વ સ્થળોએથી આ બાબતમાં સહકાર સાંપડી રહ્યો.

પશ્ચિમ પાકીસ્તાનમાંથી આવેલા સ્થાનાન્તરિતો પૈકી ૧૦.૬૮ લાખને ખેતીવાડીમાં સ્થાપિત કરાયા છે જ્યારે પૂર્વ પાકીસ્તાનમાંથી આવેલા સ્થાનાન્તરિતો પૈકી ખેતીમાં સ્થાપિત કુટુંબોની સંખ્યા ૮.૨ લાખ છે.

તેમને ખેતી માટે જમીન, બળદ અને ઓજારોની ખરીદી માટેની નાણા-સહાય વગેરે પુરૂં પાડવામાં આવ્યું હતું.

શહેરોમાં વસતા ઉચ્ચ સ્થાનાન્તરિતોને વ્યાપાર રોજગારમાં સ્થાપિત થવા માટે તથા કારખાનાઓની સ્થાપના માટે નાણાં ધીરવામાં આવ્યાં હતાં. બાળકો અને યુવકો માટે શિક્ષણ તેમજ ધંધાકીય તાલીમની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ જરૂરીયાત વાળા વિદ્યાર્થીઓને માટે રોકડ શિષ્યવૃત્તિ અને પુસ્તકોની સહાય યોજવામાં આવી હતી. એજ રીતે સ્થાનાન્તરિતોના આવાસ તર્ફેની વ્યવસ્થા અને વસવાટ કાર્યક્રમ પ્રત્યે પણ લક્ષ દેવામાં આવ્યું હતું જેમાં કેટલીક વસાહત રચનાઓનો સમાવેશ થાય છે.

આ નેવું લાખની જનસંખ્યાની પુનઃ સંસ્થાપન કામગીરીમાંની એક મુખ્ય બાબત એ છે કે આ કામગીરીનો બોજ સંપુર્ણપણે સરકારે ઉઠાવ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં પુનઃ સંસ્થાપન સંબંધમાં ભારતને થયેલો ખર્ચ લગભગ રૂા. ૨૮૩ કરોડ જેટલો થશે. આમાં નાણાકીય કે અન્ય એવી બહારની મદદ પર જરાયે આધાર રાખવામાં આવ્યો નથી. જ્યારે જગતના અન્ય ભાગોમાં સ્થાનાન્તરિતોની સમસ્યા આંતરરાષ્ટ્રીય ધોરણેજ હલ કરાય છે.

જ્યાં છ કલાકમાં રેલવેનો એક ડબ્બો તૈયાર થાય છે!

રેલ્વેના લગભગ બે હજાર ડબ્બાઓ ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન પેરામ્બુર ખાતેની ઇન્ટીગ્રલ કોચ ફેક્ટરીમાંથી બહાર પડશે.

એશિયામાં સૌથી મોટું એવું આ કારખાનું, ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન વર્ષના ૭૦૦ ઉતારુ ડબ્બાઓના ઉત્પાદનનો લક્ષ્યાંક ધરાવે છે અને તદનુસાર તેની પ્રગતિ વિકસાવી રહેલ છે.

૧૯૫૫માં તેણે ઉત્પાદન શરૂ કર્યું ત્યારથી આ કારખાનું પ્રત્યેક વર્ષે પોતાનો લક્ષ્યાંક વટાવી રહેલ છે. પહેલાં વર્ષ દરમ્યાન તેણે ૪૦ ડબ્બાઓના લક્ષ્યાંકની સામે ૪૩ ડબ્બાઓનું ઉત્પાદન કર્યું હતું. ૧૯૫૮માં આ ઉત્પાદન ૨૪૦ના લક્ષ્યાંકની સામે વધીને ૪૦૮ થયું હતું. ૧૯૫૯ના ઓક્ટોબરથી માંડી ૧૯૬૦ના સપ્ટેમ્બર સુધીની બાર માસની મુદત દરમ્યાન તેણે ૩૦૨ ડબ્બાઓ તૈયાર કર્યા છે જે લક્ષ્યાંક કરતાં ૧૫૨ ડબ્બા વધુ છે. ૧૯૬૦ના મે માસથી આ કારખાનું મહિનાના ૪૦ ઉપરાંત ડબ્બાઓ તૈયાર કરી રહેલ છે. ઉત્પાદનનું આ પ્રમાણ દર ૭ કલાકના ગાળે એક ડબ્બા જેટલું છે.

નવિનતા

૧૯૫૫ના ઓક્ટોબરમાં વડા પ્રધાન શ્રી નહેરૂએ જેનું ઉદ્ઘાટન કર્યું હતું તેવું આ કારખાનું ઉતારુ ડબ્બાઓની આકૃતિ અને ઉત્પાદનપદ્ધતિ બાબતમાં પણ નવી બાબતોને અમલમાં આણ્યું છે. જેમાંની કેટલીક ભારતમાં બધા બ્રોડગેજ ડબ્બાઓ માટે સ્ટાન્ડર્ડ તરીકે સ્વીકારવામાં આવી છે. આ કારખાનામાં તૈયાર કરાતા ડબ્બાઓ સામાન્ય પદ્ધતિએ તૈયાર કરાતા ડબ્બાઓ કરતાં ઘણા લાભદાયી ગુણો ધરાવે છે.

ઉત્પાદન ખર્ચમાં ઘટ

ડબ્બા દીઠ ઉત્પાદન ખર્ચ પણ લગભગ ૧૦ ટકા જેટલું ઓછું કરી શકાયું છે. ૧૯૫૫માં ડબ્બા દીઠ ઉત્પાદન ખર્ચ ૧,૮૬,૦૦૦ થતું હતું, જે હાલ ૧૬૮૦૦૦ છે. એજ રીતે ડબ્બાઓમાંની સજાવટનો ખર્ચ પણ ૪૦,૦૦૦ રૂપીઆ ઘટાડી રૂ. ૧૦,૫૦૦ કરી શકાયો છે. અને એ યાદ કરવું જરૂરી છે કે સ્વીટ્ઝરલેન્ડથી પહેલા આયાત કરવામાં આવતા એજ પ્રકારના ડબ્બાઓની પડતર કિંમત ડબ્બા દીઠ રૂ ૩,૧૦,૦૦૦ જેટલી થતી હતી. મીટરગેજ માટેના ઓછા ખર્ચના ડબ્બાનું ડીઝાઈન કામ પણ આ કારખાનાએ હાથ ધર્યું છે.

ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન આ કારખાનું તેની ઉત્પાદન-શક્તિમાં વિશેષ વૈવિધ્ય સાધશે તથા ઈલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ, મોટર અને પારસલ વાન, ડીઝલ રેલકાર વગેરેનું ઉત્પાદન વિચારવામાં આવ્યું છે.

આ કારખાના ખાતે ડબ્બો બનાવવા માટે જરૂરી બનતા ૧૨૭૪ વિભાગો પૈકી માત્ર એકજ હવે સંપૂર્ણતઃ આયાત કરવો પડે છે. લગભગ ૧૦૦૦ વિભાગો કારખાના ખાતે જ તૈયાર કરવામાં આવે છે તથા બીજા ૨૩૭ સ્થાનિક સાધનો દ્વારા મેળવવામાં આવે છે. બાકીના ૭ વિભાગોની અત્યારે આયાત કરવી પડે છે. એજ રીતે ડબ્બાની બનાવટ માટે જરૂરી બનતી વિવિધ સામગ્રી પૈકીની ઘણી ખરી કારખાના ખાતે જ તૈયાર કરવામાં આવે છે અને બાકીની સ્થાનિક સાધનો પાસેથી મેળવવામાં આવે છે. આમ માત્ર પાંચ વર્ષના ટુંકા ગાળામાં આ કારખાનું પોતાની ઉત્પાદન શક્તિ વધારીને દેશને ઉતારુ ડબ્બાઓ બાબતમાં સ્વાવલંબી બનાવી રહ્યું છે, એટલું જ નહિ, પરંતુ ડબ્બાઓની નિકાસ પણ હાથ ધરવાની શક્તિમાન છે.

ચીની હેવાનિયતની પરાકાષ્ટા

લંડન:

તિબેટના કેટલાક ભાગમાં પુરુષ જાતિની નાબુદીનું પગલું ચીનની જંગલી હેવાનિયતની પરાકાષ્ટાનાં દર્શન ઘણી વધુ પ્રમાણમાં થઈ રહ્યા છે. તિબેટમાં ચીની સરકારે દમનનીતિનો કોરડો વિંઝવા માંડ્યો છે અને જરાપણ સામું ઉચ્ચારનારની કત્લેઆમ ચલાવાય છે. તિબેટમાં આમ પ્રદેશમાં કામકા વિસ્તારમાં એક પણ પુરુષ જીવતો બચ્યો નથી અને મળતા હેવાલો મુજબ ૧૦,૦૦૦ સ્ત્રીઓ જ આ પ્રદેશમાં રહી ગઈ છે.

બીજુ જાણવા મળતો હેવાલ કહી જાય છે કે તિબેટમાં ચીની સરકારની દમન નીતિનો પ્રચંડ વિરોધ થઈ રહ્યો છે અને વધુ ને વધુ લોકો મુક્તિ ફોજની ભરતીમાં જોડાઈ રહ્યા છે. પરંતુ ને ઉપાડનારી જમાતો અને ભભડેલો આ ઝુંબેશ રહી સમગ્ર મરે છાપો મારવા સુધીની હીલચાલમાં ધીરે ધીરે વધારો થઈ રહ્યાના હેવાલો મળે છે. આ હેવાલ અંગે વધુમાં જાણવા મળે છે કે, ચીની લશ્કર સામે ઘવાતા લોકોની કરપીણ હત્યા કરવામાં આવી રહી છે અને હાહાકાર મચાવવામાં આવી રહ્યો છે.

ચીની સરકારની માન્યતા અમારા લોકો પર વિશ્વાસ રાખતા હતા તેમાં વિશ્વાસ રાખતા નથી અને મને તે પાછળ જ લોકો ફરી એક લોકો સતત ભય સેવાઈ રહ્યો છે.

આદિવાસી માટે વિશિષ્ટ યોજના

અમદાવાદ:

ત્રીજી યોજના દરમ્યાન આદિવાસી જાતિઓના વિકાસ અને ઉન્નતિ માટે ભારત સરકારે ખુબજ અગ્રસ્થિત રીતે ધ્યાન કેન્દ્રીત કરવાનો નિર્ણય કર્યો છે. આ મુજબ દેશભરમાં આદિવાસીઓ જ્યાં વસતા હશે તેવા વિસ્તારોમાં દરેક ૨૫ હજારની વસતી દીઠ આવા એક વિશિષ્ટ વિકાસ ઘટક આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

એટલે ગુજરાત રાજ્યમાં આદિવાસી વસતી ઘણા પ્રમાણમાં છે. ગુજરાતને ત્રીજી યોજના દરમ્યાન આદિવાસી વિસ્તારોના આવા ૬૬ ઘટકો પણ ત્રીજી યોજનાના પાંચ વરસમાં ગુજરાતમાં જ કરોડ ૮૬ લાખ રૂપીઆનો ખર્ચ કરવામાં આવનાર છે.

ગુજરાત માટે જે ૬૬ વિકાસ ઘટકો નક્કી કરવામાં આવ્યા છે, તેની જીલ્લાવાર ફાળવણી નીચે મુજબ થઈ છે

સુરત જીલ્લામાં ૩૪

ગુજરાત રાજ્યમાં આદિવાસીઓની સૌથી વધુ વસતી સુરત જીલ્લામાં છે, આ સુરત જીલ્લાને ભાગે ૩૪ ઘટકો મળનાર છે આ ઘટકો નીચે મુજબ છે.

ધરમપુર, નાની, વઢીવાલ, જાંબા જંગલ, સોનગઢ, સીમપુર, ભીમપાડી, માનરોળ, ઉમરપાડા, કેસળ, વાંસદા, ચીખલી, રાયમેટે, રાનકુવા, ચીખલી, અમાસી, ખેરગામ, પારડી, વાપી, મેઢા વાવ ડીપરીઆ, બીલાડ, માંડવી, ઉમરગામ, બારી, મઢી પલુરે-ડેઝ, વાલોડ, મહુવા, વાલગામ, નીઝર, કુકરમુન્ડા, કિમ્હાજ, માંડવી, ઓરપાડ, ઉકાઈ

ભરૂચ અને ડાંગ

ભરૂચ જીલ્લાને નવ વિકાસ ઘટકો મળનાર છે. સાગબારા, ડેડીઆપાડા, રાજપીપળા, ઝઘડીઆ, વાલિયા, ભરૂચ અંકલેશ્વર, નાંદોદ, (પશ્ચિમ) રાજપીપળા (પશ્ચિમ).

સર્વાંગી વિકાસનો આશય

ડાંગ જીલ્લાને બે ઘટકો મળ્યા છે. આ જાતના વિકાસ ઘટકો દ્વારા સમગ્ર આદિવાસી પ્રદેશનો ૧૦ વરસમાં સર્વાંગી વિકાસ કરવાનો પ્રયાસ થશે. આ પહેલાં ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં રસ્તા વિકસાવવા માટે વધારાના ૨૫ લાખ રૂપીઆ તાજેતરમાં જ મંજુર કરવામાં આવેલા છે.

દશ વર્ષમાં તો

દેશના આદિવાસીઓના અનન્ય સેવક અને આગેવાન પણ તે આદિવાસીઓના વિકાસ કમિશનર શ્રી ઢેબરભાઈ એવો ખ્યાલ છે કે જો દેશભરમાં આદિવાસી વિસ્તારોમાં આ યોજના મુજબ બરાબર કામ થશે તો દશ વરસમાં એ વિસ્તારોને તેની પ્રજાનું સમગ્ર સ્વરૂપ પલટાઈ જશે.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!
સોંઘવું મટશે, મોંઘું આવશે, ફાયદો થશે.
અમારે ત્યાં નીચેની અપીલ વસ્તુઓ મળે છે.
સ્ત્રીઓ માટે: સાડીઓ, સુંદર રંગના અને જાતના અનેક ભાતની સાડીઓ, શીફોન પણ સાડી, મખમલ તુલના બ્લાઉઝ, ડ્રેસેવર, સારીઝ, કોસ્મેટિક, ચડ્ડી, સ્લીપર વિ.
બાળકો માટે: નાનાઓના ઝભલાં, ટોપી, બાબાસુટ, શાલ, સ્વેટર, ચાદર, સ્કર્ટ, નેપકીન્સ, ફ્રોક, પેટીકોટ, નાઈટડ્રેસ, જોન્સ ફ્રેમ્સ વગેરે, બધી રંગના વિ.
ઉત્તમ પારસીક દુકાનો, રંગબેરંગી કાપડ, તકીયા, ગાદી, વિ.
વેપાર માટે સાથી લેવા જાણીતા સપ્લાયરો રહીને વસાવો, ઈન્ડો-ચાઈના.
વિલંબ શા માટે! આજે જ વેપાર અર્થે ચાલો!!
ટુંકમાં આવોને: ભાણજી ટ્રેડર્સ (પ્રા) લી.
(ભીખાભાઈ માસ્તર એન્ડ સન્સ)
ફોન ૨૩૫૭ — મોટે ભાગે, — પો. બો. મરચન્ટ
માસ્તર બ્રધર્સ — ૩૩ ગ્રેટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

નવા પુસ્તકોની યાદી

સંસ્કારિતાને છાંયડે શી. ૩-૦
ક્રોધ ચોરા કોઈ ઠાકા શી. ૩-૦

કાડુના પ્રતિનિધિઓ સાથે કેન્યાટાની ચર્ચા

ગવર્નરની રજાથી કાડુના પ્રેસીડન્ટ ન્ગાલા, ડેપ્યુટી પ્રેસિડન્ટ મુલીરો અને ટીપીસ—એ ત્રણનું કાડુ ડેલીગેશન કેન્યાટાને મળવા લોડવાર ગયું હતું. ત્યાં પાંચ કલાક સુધી કેન્યાટા સાથે વાતચીત કરી એ ડેપ્યુટેશન એજ રાત્રે નૈરોબી પાછું આવ્યું હતું અને અખબારી મુલાકાતમાં શ્રી ન્ગાલાએ જણાવ્યું કે અમે કેન્યાટા સાથે મહત્વની રાજકીય ચર્ચા કરી હતી. એ ચર્ચાનો રીપોર્ટ કાડુની કારોબારી કમીટીને સુપ્રત કર્યા અગાઉ જાહેર કરવામાં આવશે નહિ.

શ્રી ન્ગાલાએ તે વખતે એટલું કહ્યું હતું કે હું કાડુ નથી કે કાનુ નથી હું તો આફ્રિકાનો છું અને આફ્રિકન છું.

ત્યારબાદ ન્ગાલા કંપનીએ બે કલાક સુધી કાડુની સુપ્રીમ કાઉન્સિલ સાથે પાર્લામેન્ટરી બેઠકોમાં કેન્યાટા સાથેની વાતચીતના રીપોર્ટની ચર્ચા કરી હતી તે બાદ અખબારી ખબર પત્રીઓને કેન્યાટા સાથેની વાતચીતની કેટલીક વધુ વિગતો જણાવી હતી.

કેન્યાટાએ શું કહ્યું?

શ્રી ન્ગાલાએ જણાવ્યું કે લોડવાર ખાતેની વાતચીત દરમીયાન કેન્યાટાએ જણાવ્યું હતું કે, લોકો મને જો ચીફ મીનીસ્ટર બનાવવા માગતા હોય તો હું એ હોદ્દો સ્વીકારીશ.

આ મુલાકાતમાં કાનુના નેતાઓએ સાથ ના આપ્યો તેથી મને દિલગીરી થાય છે.

કેનીયામાં કોઇ પણ કોમો યા જાતિઓ સામે મારે કોઇ જાતની કટુતા નથી. બધા રાષ્ટ્રીય સવાલો પર આફ્રિકન નેતાઓ સંગઠીત થાય એ હું ઇચ્છું છું.

લોડવારમાં કેન્યાટા અને તેમના આપ્તસ્નેહીઓએ અમારૂં હાર્દિક સ્વાગત કર્યું હતું અને ખુબ મિત્રાચારી ભરી રીતે ખુલ્લા દિલે કેન્યાટાએ અમારા સાથે વાત કરી હતી.

વારંવાર અને મોટી રીતે કેન્યાટાના નામનો જે ઉપયોગ થાય છે તે સામે તેમણે પોતાની નારાજી બતાવી હતી, તેમજ વચનો અપાય છે અને પછી તેનું પાલન થતું નથી તે માટે પણ અફસોસ જાહેર કર્યો હતો.

કેન્યાટાએ સાફસાફ શબ્દોમાં કહ્યું હતું કે એ કદી કાનુનો પક્ષ લીધો નથી કે કાડુનો વિરોધ કર્યો નથી. આ બધા કરતાં હાલ ખાસ જરૂર તો સ્વતંત્રતા હાંસલ કરવા માટે આફ્રિકન એકતા જમાવવાની છે.

કાડુ સરકાર રચે તો કેમ એવો કોઇ પ્રશ્ન અમે કેન્યાટાને પુછ્યો જ ન હતો.

તેમની સાથેની વાતચીત પરથી મને લાગ્યું કે કેન્યાટા કેનીયાની પ્રજા પર જ આધાર રાખે છે. મેં પણ તેમને કહ્યું હતું કે આફ્રિકનો તેમ મોટા ભાગના યુરોપીઅનો અને એશીઅનો તેમને મુક્ત થએલ જોવા માગે છે એ બતાવે છે કે સૌને તમારામાં વિશ્વાસ છે. કેન્યાટા પોતે પણ મુક્ત થવા માગે છે.

ધારાસભાનો આટલો શોખ શો!

કેન્યાટાએ પોતાની વાતચીત દરમ્યાન એવી પણ ટકોર કરી હતી કે સૌ કોઇને ધારાસભાના મેમ્બર થવાનો શોખ લાગ્યો છે. તમે સૌ મેમ્બર બનવા આતુર છો એ જોઇ મને આશ્ચર્ય થાય છે. પણ ધારાસભા બહાર રહીને પણ રાજદ્વારી કામ કરી શકાય છે.

કેનીયાના રાજદ્વારી પ્રગતિથી કેન્યાટા બહુજ માહીતગાર રહે છે.

પોતે કોઇને કે કોઇને માટે પત્રો લખ્યા નથી.

સેનેટર બંધારણને તે સ્વતંત્રતા તરફ આગળ વધારનારૂં માને છે.

સરકારમાં અગર પ્રધાન મંડળમાં ભાગ લેશો કે નહિ તે બાબતમાં અમે ચર્ચા કરી ન હતી.

કાડુનું ડેલીગેશન આજે ગવર્નરને મળનાર છે તે વખતે સંભવ છે કે તે ગવર્નરને એમ પણ જણાવે કે કાડુ સરકાર રચવામાં ભાગ લેશે નહિ.

કેનીયામાં ટી.બી.નું જોર વધ્યું છે

અહીંની પોર્ટરીટ્ઝ ચેસ્ટ હોસ્પીટલના ડૉ. ડેહન્સે કહ્યું છે કે યુરોપમાં ટી.બી.નું જોર ઓછું થયું છે ત્યારે કેનીયામાં વધ્યું છે. ગયે વર્ષે આ રોગથી ૨૧ મરણ થયાં. ખુદ મોમ્બાસામાં ક્ષયના રોગનું પ્રમાણ વધારે છે.

ડૉ. ડેહન્સે ૧૯૪૮માં કેનીયાનો "સર્વે" કર્યો ત્યારે દર હજારે ૪ પોઇન્ટ ૬ જણા ક્ષયથી પિડીત હતા; જ્યારે વિશ્વ આરોગ્ય સંસ્થાના તાજેતરના રીપોર્ટમાં દર્શાવ્યું છે કે કેનીયામાં દર હજારે આઠ લોક ક્ષયના રોગ બનેલ છે.

ડૉ. ડેહન્સ ૨૪ વર્ષથી કેનીયામાં છે ૧૯૫૮થી ચીમણે પોર્ટરીટ્ઝ ચેસ્ટ હોસ્પીટલના મુ. હવે ડૉક્ટર અને મેડીકલ ઓફીસર આવતે મહિને નિવૃત્ત થાય છે ને ત્યાં રહેનાર છે.

શ્રી પકવાસા મહિસુરના કા. ચ./ ગવર્નર નિમાયા

નવી દિલ્હી:

મહિસુરના રાજ્યપાલ મહિસુરના મહારાજા સાહેબ, બે માસ માટે પરદેશ જતા હોઇ મહિસુરના કામ ચલાઉ રાજ્યપાલ તરીકે શ્રી મંગળદાસ પકવાસાની નિમણુક કરવામાં આવનાર છે એમ જાણવા મળે છે.

શ્રી મંગળદાસ પકવાસાની રાજ્યપાલ તરીકેની આ ત્રીજી નિમણુંક છે.

સ્વ. શ્રી નરોત્તમભાઈ ઝુલા અને તેમના ધર્મપત્નિના ફોટાઓનું અનાવરણ

સુરત સુપરર્ણાના પ્રમુખ શ્રી ગોરધનદાસ ગોખાવાળાના હસ્તે રાંદેર મોરા ભાગળ ખાતામાં બંધાયેલ નરોત્તમ ઝુલા મેમોરીઅલ હોલમાં એક જાહેર સભા મળી હતી.

સ્વ. શ્રી નરોત્તમભાઈ ઝુલાના સુપુત્ર શ્રી ઠાકોરભાઇએ પોતાના માતા પીતાની સ્મૃતિમાં આખું હોલ બાંધી આપી જાહેર જનતા માટે શ્રી રામકૃષ્ણ મંદિરની વ્યવસ્થાપક કમીટીને અર્પણ કર્યો છે. એ શુભ દિને સ્વ. શ્રી નરોત્તમભાઈ ઝુલા તથા તેમના ધર્મપત્ની અ. સૌ. શ્રી માનકોરબેનના ફોટાની ઉદ્ઘાટન વિધિ શ્રી ગોરધનદાસ ગોખાવાળાના વરદ હસ્તે કરવામાં આવી હતી. તે પ્રસંગે રાંદેર કસ્બાના તેમજ સુરત શહેરના આગેવાન નાગરીકોએ હાજરી આપી હતી. આ શુભ પ્રસંગે સર્વશ્રી લલ્લુભાઇ હરીભાઇ પટેલ, રણછોડદાસ પેપાવાળા, ઇશ્વરલાલ ઇ. દેસાઇ, મોહનલાલ મોતીરામ દેસાઇ, ઇશ્વરલાલ સરાફ વિગેરેએ, પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા અને રાંદેરની જનતાને વિકાસ માટે યોજિત થઇ કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો અને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વક્તાઓએ શ્રી ઠાકોરભાઇ ઝુલાનો દાન આપવા બદલ આભાર માન્યો હતો અને અભિનંદન આપ્યા હતા. નવુઆ ભાઈશ્રી પરદેશમાં રહ્યા રહ્યા પોતાના વડીલોની માતૃભૂમિને વધુને વધુ દાન આપી પોતાનો હાથ લંબાવશે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. આ વખતે શ્રી ઠાકોરભાઇ ઝુલાએ રાંદેરની જનતા સર્વે નરોત્તમ ઝુલા મેમોરિયલ હોલનો સદુપયોગ કરે એવી ભાવના વ્યક્ત કરી હતી. આ હોલ તમારો પોતાનો છે અને એના વિકાસ માટે તમારે બધાએ પ્રયત્ન કરવાના છે. આ માટે રાંદેરના યુવાનો કટિબદ્ધ થશે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. રાંદેરની પ્રાથમિક શાળાના મકાન માટે જે જનતા ૮૦ ટકા ફાળો એકત્રિત કરશે તો પોતા તરફથી ૨૦ ટકા ફાળો આપવાની ઇચ્છા જાહેરમાં કહેલી હતી.

વંદેમાતરમ્ ગવાયા બાદ આભારવિધિ પછી સભા વિસર્જન થઇ હતી.

આપ ધર્મદાતા શ્રી ઠાકોરભાઇ ઝુલા હાલ ડરબન ખાતે વસે છે. તેઓ ભારત અને વિલાયતની મુલાકાતે ગયા હતા. તેઓ જ્યારે ભારતમાં હતા ત્યારે ઉપર મુજબની સખાવત કરી હતી. આવા ધર્મદાતા લાંબુ આયુષ્ય ભોગવે અને માનવ કલ્યાણના કામો હાથમાં લઇ એજ પ્રભુ પ્રાર્થના.

ગુજરાતી રેકોર્ડો
હીંદુસ્તાનમાં બનેલી ગુજરાતી રેકોર્ડો, હવે અમારે ત્યાં મળે છે.
૨૦ રેકોર્ડોનું બોક્સ કેવળ શી. ૩૦-૦
રેકોર્ડોમાં ભજનો, નાટકો, ગરબો વિગેરેનો સંગ્રહ છે.
હિંદના "બેસ્ટ હિટ" શી. ૨-૧ માં છુટી મળી શકશે.
આવો તક અને લાભ ફરીથી મળશે નહિ પેકીંગ ખર્ચ—પોસ્ટેજ મોકલશો—
સી. ઓ. ડી.ના ઓર્ડરો અમે લઇએ છીએ
નેશનલ રેકોર્ડ કંપની
શોપ ૨, અજમેરી આર્કેડ, ઓફ ૧૪૨ એ. ગ્રે સ્ટ્રીટ,
પો. ઓ. બોક્સ ૧૫૮૭, — ડરબન

વિવિધ વર્તમાન

કેનીયાને ખેતીવાડીમાં મદદ કરવા તઈયાર થયેલ ડેન્માર્ક

ડેન્માર્કના ખેતીવાડીના એક પ્રતિનિધિ કેનીયાના ખેતીવાડી ખાતાના પ્રધાન મેકેન્ઝીના નિમંત્રણ પર નૈરોબી આવ્યા છે. તેઓ અત્રેની ખેતીવાડીનો ત્રણ અઠવાડીઆ સુધી અભ્યાસ કરશે, ને ડેન્માર્ક કેનીયાને આ ક્ષેત્રમાં શી મદદ કરી શકે તેનો અંદાજ કાઢશે.

આ પ્રતિનિધિનો કેનીયાના ખેતીવાડીના ડાયરેક્ટરે વિમાન મથકે સત્કાર કર્યો હતો.

કેનીયાના વિદ્યાર્થીઓને ડેન્માર્કમાં ખેતીવાડીને લગતી તાલીમ મળે તેવી એક યોજના વિચારાઇ રહી છે.

કાનુના નિર્ણયને ડૉ. કીઆનોનો ટેકો

ડૉ. કીઆનોએ કહ્યું છે કે જોમો કેન્યાટા મુક્ત ના થાય ત્યાં સુધી સરકાર નહિ રચવાના કાનુના નિર્ણયને મારો ટેકો છે, કિન્તુ હું હાલની સરકારમાંથી રાજીનામું આપવા નથી માગતો એવું પગલું અનુચિત જ ગણાય. થોડા સમયમાં મારા પ્રધાન પદની મુદત પુરી થશે એ બાદ હું કાનુના કાર્યમાં પુર્ણપણે ભાગ લઇશ.

કેન્યાટાને ભારતીય સીવણયંત્રની ભેટ

નૈરોબી: કેનીયાના નેતા શ્રી જોમો કેન્યાટાને ખાસ ભારતમાં બનાવેલા સીવવાના એક સંચાની ભેટ આપવામાં આવી હતી. સીવવાના સંચાના આખું પત્રક તેમણે જોવા માગ્યું ત્યારે એક ગુજરાતિન બેહેને આ ભેટ તેમને આપી હતી.

ઈથીઓપીઆમાં પહેલી મહિલા પ્રધાન

ઇથીઓપીઆએ પણ પાછલા યુગમાં સમયનાં વહેણની સાથે કુચ કરવા માંડી છે. ઇથીઓપીઆના આજ સુધીના ઇતિહાસમાં અપુર્વ અને અનેરો અજાયબ જેવો બનાવ હાલ બન્યો છે.

શિક્ષક જોઇએ છે

શ્રી રામકૃષ્ણ સેન્ટર બાળ મંદિર દ્વારા સંચાલિત ગુજરાતી શાળા માટે ગુજરાતીનું તથા હિંદુ ધર્મનું શિક્ષણ આપી શકે એવા શિક્ષકની જરૂર છે. લાયકાત તથા પગારની અપેક્ષા સહિત નીચેના સરનામે અરજી કરો.

સેક્રેટરી (મંત્રી)
શ્રી રામકૃષ્ણ સેન્ટર બાળ મંદિર
પો. ઑ. બોક્સ ૨૫૬,
પ્રેટો૦,

ઇથીઓપીઆની સરકારે આ પહેલીજ વાર એક સ્ત્રીને પ્રધાનમંડળમાં નીમેલ છે અને તેને પરદેશ ખાતાના નાયબ પ્રધાનનું દફતર સોંપાયું છે.

કેનીયાના દુષ્કાળગ્રસ્ત વિસ્તારો માટે બ્રીટીશ મદદ

આજ સમાચાર કોમનવેલ્થ અંડર સેક્રેટરી કેઇએ જણાવ્યું છે કે કેનીયાના દુષ્કાળગ્રસ્ત પ્રદેશમાં અનાજ પહોંચાડવાના કાર્યમાં બ્રીટીશ સરકાર સાત હજાર પાઉંડની મદદ કરશે. કેનીયાની વર્તમાન નાણાકીય હાલત જોતા આ સહાય કરવામાં આવનાર છે.

તેમણે કહ્યું કે યુગાન્ડા તથા ઝાંઝીબારમાં દુષ્કાળનાં ચિહ્ન નથી. ટાંગાનીકામાં મકાઈ પ્રદેશ ખાતે અછત છે, કીંતુ સ્થિતિ કાબુમાં છે અને ત્યાં બ્રીટનની મદદની જરૂર નથી જણાઇ.

પ્રીન્સેસ માર્ગારેટ ઓસ્ટ્રેલીયાનાં ગવર્નર જનરલ થશે?

'સંડે ડેઇલી મીરર'ના કહેવા મુજબ પ્રીન્સેસ માર્ગારેટને ઓસ્ટ્રેલીયાના ગવર્નર જનરલ તરીકે થોડા સમયમાં નીમવામાં આવશે.

પ્રીન્સેસ માર્ગારેટને ઓસ્ટ્રેલીયા તરફથી આ માટે આમંત્રણ આપતાં તેણે તેને સ્વીકાર્યું છે પણ તેમાં શરત છે કે સુવાવડ માટે તેને બ્રિટનમાં આવવાની છૂટ હોવી જોઇએ.

ઓસ્ટ્રેલીયામાં શ્રી મેન્ઝીસને પૂછવામાં આવતાં તેણે કહ્યું કે એ બાબતની જાહેરાત થયા પહેલાં હું કંઇ કહેવા માગતો નથી.

પોરચ્યુગીઝ સ્ટીમરોનો બોયકોટ!

ટાંગાનીકાના ગોદી કામદાર સંઘના પ્રેસીડન્ટ અને સેક્રેટરી તરફથી જાહેર કરવામાં આવ્યું છે કે ટાંગાનીકાના બંદરમાં આવતી પોરચ્યુગીઝ સ્ટીમરો નો ગોદી કામદારો બોયકોટ કરશે અને એ સ્ટીમરોનો માલ ચઢાવવા ઉતારવામાં હાથ પણ નહિ લગાડે. આફ્રિકામાં પોરચ્યુગીઝ સંસ્થાનો— મોઝામ્બીક અને અંગોલામાં આજે આફ્રિકન ભાઇઓ પરત્વે પોરચ્યુગાલની સરકાર જે સખત અને આપખુદી વર્તન કરે છે તે સામે પોરચ્યુગાલ સામેનો ધિક્કાર બતાવવા અમે આ બોયકોટનું પગલું લીધું છે.

રાતા સુકા મરચાં

રાતા સુકા મરચાં અને હાથની પીસેલી મહાબળેશ્વર ખાસ મરચાં ઑર્ડર ખાતે હંમેશા અમારે ત્યાં મળશે, અને ૨૫/- રતલ પેકેટ સુકું લસણ રતલના ૬ સેન્ટ

તેમજ સારા દાણાના આફ્રિકાના મગ ટનના ૨૫ રેન્ડ

ઓરડર સાથે રોકડા.

Maarmans (Pty) Ltd.
P. O. Box 26, Phone 120
(Brits, Transvaal.)

આભાર સ્વીકાર:

દામજી નથુ	અરણાત	૧-૧-૦
મુળાભાઇ ડી પટેલ	હેડલબર્ગ	૨-૨-૦
જનાર્દન એન. ભટ્ટ	નવસારી (ભારત)	૧-૦-૦
પરસોત્તમ જીવાભાઇ પટેલ	જો'બર્ગ	૧૦-૦-૦
ડૉ. હીરાભાઇ જીવાભાઇ પટેલ	જો'બર્ગ	૫-૦-૦

ગરબા ફ્રેમ બનાવી ૮ મહિના લાયક સુશોભન. "મનનો મોર" સ્વ. હીરાલાલ મહેતાના કૃત સુંદર આર્ટ કાગળ પર બે રંગમાં છપાયું છે. સાથે કિંમત શી. ૧-૦ પોસ્ટેજ ૩ પેની.

'Indian Opinion'
P. Bag, Durban, Natal.

વિયોગ

લેખક: પ્રીન્સીપાલ શાંતિરાય મગનલાલ દેસાઇ, રૂઢીપેટ'

વહાલી વિયોગ સહ્યો ના જાય
વહાલી વિયોગ સહ્યો ના જાય

સાથે રહેતાં, સાથે ફરતાં, સાથે મરવું આજ — વહાલી
પુષ્પ વિના, આ વિયોગી ભમરો, દુઃખ દરીએ ડુબાય — ,,
ઉભરી વિન, આ સરતી સરીતા, વારિ સુકી જાય — ,,
ચિતચકોર, વિન નિશા વિયોગી, ઘેર અંધારી થાય — ,,
ચકવાક સહ, નારી સાથે રવિ તાપ રહેવાય — ,,
રાત્રે વિયોગી, ઝનતાં પક્ષી ચંદ્ર પ્રકાશ ખુમાય — ,,
પરમાત્માથી વિછુટા આત્મા, ફુગે ફુગે ભિન્ન — ,,
ગુણ ધનના આ સંયોગોથી વિશ્વ બધું સરજાય — ,,
ગુણ ધનના આ વિયોગથી તો વિશ્વ બધું કરમાય — ,,
દિવ્ય પ્રેમથી સંયોગ સાધી કરો વિશ્વ કલ્યાણ — ,,

શુભ પ્રસંગો માટે ભેટ!

સ્ત્રીઓ અને પુરૂષો માટે

ઘડીયાળ!

૧૭, ૨૧ અને ૨૫ જ્વેલ્સનાં ઓટોમેટીક કેલેન્ડર.

- રોમર
- રોટરી
- ટિસો
- રૂસર

વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરૂષોના શર્ટ સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.

હોલસેલ ભાવે મળશે

બોક્સ ૫૯૮૮, ફોન: ૮૩૫-૨૯૦૭.

વલ્લભભાઇ બી. પટેલની કું.
૪૪, મારકેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

હિંદના સમાચારો

તા ૪-૪-૧૯૬૧.

છ તબીબી કોલેજોમાં આયુર્વેદ વિભાગ ખુલશે

નવી દિલ્હી: આયુર્વેદિક રીસર્ચ કાઉન્સીલને ભારત સરકારના આરોગ્ય ખાતાના મંત્રી શ્રી બી. આર. ટકને જણાવ્યું હતું કે છ જેટલી મેડીકલ કોલેજોમાં સરકારે આયુર્વેદિક વિભાગ ઉઘાડવાનું નક્કી કર્યું છે.

આ વિભાગના વડા આયુર્વેદિક પ્રોફેસર રહેશે અને મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓને આયુર્વેદના સિદ્ધાંતો અને એ અનુસારની સારવાર શીખવવા તેમજ સંશોધન માટે કેટલાક ખાટલા રોકાશે. આ જાતની તાલીમ વિદ્યાર્થીઓ માટે મરજીયાત રહેશે.

શ્રી ટકને જણાવ્યું હતું કે આરોગ્ય ખાતાએ સુશ્રુત સંહિતાના તેમજ વાગભટ અષ્ટાંગ હૃદયનું અંગ્રેજી તેમજ હિંદીમાં ભાષાંતર કરવાનું મંજુર કર્યું છે. આ કામ એક વર્ષમાં પુરું થાય એવી ધારણા છે અને જનતાને સસ્તી કીંમતે નકલો મળી શકશે.

ડાંગ જીલ્લાને ખાસ છુટછાટ

આહવા: જાહેર બાંધકામ અને ગ્રામવિકાસ ખાતાના મંત્રી શ્રી રતુભાઈ અદાણીએ અત્રે બજારના નવા મકાનનો શિલારોપણ વિધિ કર્યો હતો. નાની બચત યોજનાનો નિશ્ચિત કરવામાં આવેલો ક્વોટા વટાવી જવા બદલ ડાંગ જીલ્લાને આપવામાં આવેલી ૨ લાખની રકમમાંથી આ મકાન બાંધવામાં આવશે.

આ પ્રસંગે બોલતાં, ડાંગ જીલ્લાની પ્રજાના, તેમની પ્રગતિ અને સમૃદ્ધિ માટે સખત પરિશ્રમ કરવાના નિર્ણયના પ્રતીકરૂપે જીલ્લાને આપવામાં આવેલી રકમમાંથી આ મકાન બંધાવાની બાબત અંગે મંત્રીશ્રીએ ખુશી વ્યક્ત કરી હતી.

ડાંગ જીલ્લો પછાત વિસ્તાર હોઈ સરકાર કેટલીક વિકાસ યોજનાઓમાં તેને ખાસ છુટછાટ આપવાનું વિચારશે એવી ખાતરી મંત્રીશ્રીએ ડાંગ જીલ્લાની પ્રજાને આપી હતી.

જંગલ ખાતાના ઉપમંત્રી શ્રી અકબરઅલી જસદણવાળા આ પ્રવાસમાં મંત્રીશ્રીની સાથે હતા.

જીલ્લા લોકલ બોર્ડના પ્રમુખ શ્રી છોટુભાઈ નાયકે મંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું.

બીભત્સ દ્રશ્યો ઉપર પ્રતિબંધ મુકવાની માગણી

અમદાવાદ: અશ્લીલ ગીતો અને તો બીભત્સ દ્રશ્યોવાળી ફિલ્મો પર પ્રતિબંધ મુકવાની વિનંતિ અમદાવાદ સુધરાઈની બેઠકે અને ગુજરાત સરકારને એક ઠરાવ પસાર કરીને સર્વાનુમતે કરી હતી.

સુધરાઈએ વધુમાં શોભામાં સાહિત્ય, દિવાલો અને સડકો ઉપર તેવી ફિલ્મો રોકવાની પણ રાજ્ય સરકારને અપીલ કરી હતી.

કેન્દ્રીય વહાણવટા બોર્ડની કચ્છમાં બેઠક

ભુજ: રાષ્ટ્રીય વહાણવટા બોર્ડની એક મહત્વની બેઠક ગાંધીધામમાં પહેલી જ વખત મળી હતી.

આ બેઠકમાં હાજરી આપવા માટે બોર્ડના પ્રમુખ શ્રી બ્રજબિહારી મહેતા, બોર્ડના સભ્યો શ્રી રામસ્વામી મુદલિયર અને શ્રી બાબુભાઈ ચિનાઈ વિમાન માર્ગે અત્રે આવી પહોંચ્યા હતા. બોર્ડના બીજા સભ્ય શ્રી આનંદજી હરદાસ ખીમજી બેઠકમાં હાજર રહેવા માટે કંડલા ઉપડી ગયા હતા. બોર્ડના અન્ય સભ્યો શ્રીમતી સુમતિબેન મોરારજી, શ્રી વિક્રમસિંહ પુરુષોત્તમદાસ અને શ્રી દામોદર મથુરાદાસ આશર જેઓ માંડવી બંદરની મુલાકાત લઈને અત્રે આવ્યા હતા તેઓ કંડલા જવા ઉપડી ગયા હતા જ્યારે બોર્ડના બીજા સભ્યો શ્રી પુરુષોત્તમ પટેલ અને શ્રી રઘુનાથસિંહ કંડલા પહોંચી ગયા હતા.

પાકીસ્તાન લોખંડ-સિમેન્ટ ખરીદશે

નવી દિલ્હી: ભારત અને પાકીસ્તાન વચ્ચે નહેરોનાં પાણીની વહેંચણીને લગતા થયેલા કરાર હેઠળ ભારત તરફથી પાકીસ્તાનને જે રૂ. ૮૩ કરોડની રકમ આપવી પડનાર છે તે ભારતના બાંધકામ સામાનોના પુરવઠા રૂપે ચુકતી કરવામાં આવશે.

વધુમાં જાણવા મળે છે કે પાકીસ્તાન સરકારે ભારત પાસેથી લાંબા ગાળાની ભુમિકા પર સિમેન્ટ, વેગનો, લોખંડ, બાંધકામ માટેનું રોગાન અને પાકીસ્તાનના પ્રદેશમાંના સિંધુ નદીના વિસ્તારમાંનાં બીજા વિકાસ કામો તથા રેલ્વે બાંધકામો માટેની જરૂરી સામગ્રી ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરેલી છે.

પાદરા તાલુકામાં નીકળેલું તેલ

વડોદરા: પાદરા તાલુકાના [illegible] નામના ગામના પીનપોઈન્ટમાંથી તેલનો કુવાઓ નીકળ્યાના સમાચાર અહીં મળ્યા હતા. આ પીનપોઈન્ટ પાદરા-વડોદરા રસ્તા પર આવેલું છે. અહીં છેલ્લા કેટલાક અઠવાડીયાથી ડ્રીલીંગનું જોરદાર કામ ચાલતું હતું. તેલ ૮૨૫ ફુટ નીચે મળી આવ્યું છે અને તે ઠીકઠીક જથ્થામાં છે. તેલ નીકળ્યા પહેલા પ્રથમ ગેસ નીકળ્યો હતો. સોવિયેટ કોન્સલ જનરલ તેમજ નાયબ પ્રધાન શ્રી જશવંતલાલ મહેતાએ તે સ્થળની મુલાકાત લીધી હતી.

સબસીડી ચાલુ રાખવાની ગુજરાત સરકારને જી. વિકાસ બોર્ડની વિનંતિ

રાજકોટ: ભાવનગર જીલ્લા વિકાસ બોર્ડે એક ઠરાવ પસાર કરીને, ખેડુતોને ઓઈલ એંજીનો અને મોટરો પર અપાતી સબસીડી બંધ નહિ કરવાની આગ્રહ ભરી વિનંતિ કરી છે. આવી સબસીડી આપવાની પદ્ધતિ બંધ કરવાની રાજ્ય સરકાર વિચારણા કરી રહી છે એવા પ્રકારની અફવા અંગે જીલ્લા વિકાસ બોર્ડે ચિંતાની લાગણી વ્યક્ત કરી છે અને એ યાદ કરવામાં આવે છે કે ખેતીના હેતુઓ માટે વીજળીના પંપ યોજનામાં અપાતી સબસીડી આવતા એપ્રિલથી બંધ કરવાનો સરકારે ક્યારનો યે નિર્ણય લીધો છે.

ભાવનગર જીલ્લા લોકલ બોર્ડે વધુમાં ધુવારણના થર્મલ પાવર સ્ટેશનમાંથી ૪૨ હજાર કિલોવોટ વીજળી ભાવનગર જીલ્લાને આપવાનો તેમજ ૧૯૬૧ના જુનથી ભાવનગરમાં મેડીકલ કોલેજ શરૂ કરવાનો ગુજરાત સરકારને આગ્રહ કર્યો છે.

પ્રથમ ભારતીય જેટ એન્જીન

નવી દિલ્હી: ભારતનું પ્રથમ જેટ એન્જીન કાનપુરે આવેલા વીમાની દળના કારખાનાના સંશોધન વિભાગમાં લગભગ તૈયાર થવા આવ્યું છે. આ એન્જીન ભારતીય ઇજનેરોએ જ તૈયાર કર્યું છે. આ એપ્રીલમાં ઉજવાનારા વીમાની દળ દીન પ્રસંગે આ એન્જીન ધરાવતા તાલીમી જેટ વીમાનનું ઉડ્ડયન થશે એમ જાણવા મળે છે.

હરિજનોના નુકશાન અંગે વિચારણા

મહેસાણા જીલ્લામાં હરીજનો પ્રત્યેની સુમના બનેલા ગંભીર બનાવોનો ઉલ્લેખ કરી સહકારી ખાતાના નાયબ પ્રધાન શ્રી જશવંતલાલ શાહે [illegible] સુર કાઢ્યો હતો કે બીજા જીલ્લાઓમાં તેવું બની જતું તેમ નહીં, પણ મહેસાણા જીલ્લામાં જે બનાવો બન્યા તે પછી રાજ્યે અને પ્રજાએ વધારે સાવધાન રહેવું પડશે, વિચારવું જોઈએ. હરીજનો પ્રત્યેનો એ વર્તાવ સાંખી શકાશે નહીં. એ માટે આખું ગામ જવાબદાર છે અને આવે કિંમત ચુકવવી જોઈએ. હરિજનોને પહોંચેલું નુકશાન અને ખર્ચ આપવા સાથે નાખવા વિચારણા ચાલી રહી છે.

અસ્પૃશ્યતાને તિલાંજલી

નવસારી: [illegible] તાલુકાના મોજે ગામમાં તાજેતરમાં હરિજન સપ્તાહની ઉજવણી પ્રસંગે હરિજનો અને શેઠિયાઓએ સવર્ણોના કુવાએ પાણી ભર્યું હતું અને હરિજનવાસમાં બધાએ સાથે બેસીને સત્યનારાયણની કથા વંચાવી હતી. અને હરિજનોએ તૈયાર કરેલું ભોજન સવર્ણ આગેવાનો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, સ્ત્રીઓ વગેરેએ હરિજનોને ત્યાં લીધું હતું.

ભારતને જર્મનીની મળનારી મદદ

પશ્ચિમ જર્મની ભારતની ત્રીજી પંચવર્ષીય યોજના પાર પાડવા માટે ચાલુ સાલમાં ૪૫ કરોડ રૂપીઆની લાંબા ગાળાની લોન આપશે. ઉપરની જાહેરાત બોન જર્મનીથી આવેલા સરકારી અમલદારે કરી છે કે પશ્ચિમ જર્મની ભારતને સહાય કરવા માગે છે તેનું પ્રતીક છે. ભવિષ્યમાં વધુ પણ સહાય કરશે.

વળી રૂરકેલાના સ્ટીલના કારખાનાને વિસ્તૃત કરી તેનું ઉત્પાદન વધારવા માટે ખાનગી મુડીનું રોકાણ થાય તેવા પ્રયત્નો પણ જર્મન સરકાર કરશે.

બીજી બાજુ પૂર્વ જર્મનીનું એક મિશન પણ ભારતમાં આવ્યું છે. તેમના તરફથી યંત્ર સામગ્રીનું ઉત્પાદન વધારવા માટે બીજા બે કારખાના નાખવા માટે પાંચ કરોડ રૂપીઆની મદદ આપવાની જાહેરાત થઈ છે.

વડોદરામાં થનારાં નવાં કારખાનાં

વડોદરામાં [illegible] બનાવવાનું કારખાનું રૂ. ૫૦ લાખના ખર્ચે એક ઉદ્યોગપતિ કાઢનાર છે.

વળી, લોખંડના સળિયા બનાવવાનું કારખાનું પણ એક ઉદ્યોગ પતિ કાઢનાર છે એમ જાણવા મળે છે. વડોદરામાં કપૂર બનાવવાનું કારખાનું પણ ચાલે છે. ભારતમાં આ કારખાનું બીજા નંબરે છે—એક કારખાનું મુંબઈમાં છે એમ કહેવાય છે.

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

નવા નવા નાયલન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ બાળકો અને પુરૂષો માટે ઉત્તમ બનાવટના જર્સી, પુલોવર, કાર્ડીગન્સ અને અન્ડરવેર માટે—સુટીંગ, બ્લાઉઝ, બ્લેન્કેટ્સ, ટોવેલ્સ, ટેબલક્લોથ્સ વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા ભલામણ.

૩૩ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન: ૮૩૫-૬૭૮૬ — બોક્સ ૧૫૪૯.

ટૂંકી વાર્તા

અનોખી ભેટ

રૂપાંતર: શ્રી વ્રજલાલ વસાણી

ફોન, ફોન, ટેલિફોન-રેસીવરની ઘંટડી રણકી ઊઠી. વિચારતન્દ્રામાં ડુબેલા અનિલે ઉભા થઈને રિસીવર ઉંચક્યું. તેની પત્ની સુષ્મા બાજુના ઓરડામાં બેઠી હતી. તે રેડીઓ સાંભળતી હતી. ટેલીફોનમાં સામેથી આવતો અવાજ અનિલની એક વખતની મિત્ર નીરાનો હતો. તેના અવાજમાં સત્તાનો સુર હતો.

'અનિલ, હું તને ચેતવણી આપું છું કે જો તું મારું કહ્યું નહિ માને તો મારા જેવું ભુંડું કોઈ નથી. હું અત્યારે પગલું ભરી બેસું તો મને દોષ દેતો નહિ. હું તારે ત્યાં આવીને તારી પત્નીને બતાવીશ અને મને ખાતરી છે કે મારી પાસે એવી વાતો છે કે જે સાંભળવામાં-જાણવામાં તેને રસ પડે.'

'નીરા, હું તને આવતી કાલે મળીશ'. અનિલે કપાળ પર ફુટી નીકળેલા પ્રસ્વેદ બિંદુઓ લુછતાં જવાબ દીધો. 'ભગવાનને ખાતર તું કશું ઉતાવળિયું પગલું ભરતી નહિ.' કહીને અનિલે રિસીવર મુકી દીધું અને ઘડીવાર બેઠો સ્વસ્થ થઈને એ પોતાની બેઠક પર પહોંચ્યો.

કોઈ સમય માટે નીરાના પ્રેમમાં અનિલ પડ્યો હતો અને નીરાએ તેના જીવનમાં તાજગી અને તનમનાટ ભરી દીધાં હતાં. અનિલ નીરાના પરિચય પછી જાણે કે દસ વર્ષ જેટલો જુવાન બની ગયો હતો. પણ હવે! હવે તો નીરાએ તેના જીવનમાં ઉલ્કા મચાવવા માંડ્યો. અનિલનો પ્રેમભ્રમ તો ભાંગી ગયો હતો પણ નીરા એ પ્રેમ પ્રસંગોને સહેલાઈથી વિસરવા માગતી નહોતી.

બાજુના ઓરડામાં રેડીઓ સુણતી સુષ્માએ રેડિયો બંધ કર્યો અને તે અનિલની પાસે આવી. 'તમે આખો દિવસ તો ઓફીસના કામમાં ગુંચવાયેલા રહો છો. ઘેર આવો ત્યારે તો ઓફીસના કામથી અળગા રહો. આ માટે આપણા ઘરના ટેલીફોનનો નંબર ઓફીસમાં આપી રાખવો જોઈએ! એ જાણતી નથી?'

"It must be stated that in view of the incidents of the past not much trust can be placed upon the solemn pledges and sacred undertakings on the part of the British Government. The principle of the declared trusteeship of the Natives is a mockery."

The KCA asked Kenyatta to represent it in England and he appeared before the Joint Committee on the closer Union of East Africa in 1931-32, gave evidence in London before the Morris Carter Kenya Land Commission.

"Kenya can be described as a land of Royal Commissions," he wrote in his booklet 'Kenya, Land of Conflict'. 'Each of them came out with high intentions and issued a report expressing lofty sentiments and yet after each one, more African land has been annexed.'

In 1931 Kenyatta went to Britain again and remained abroad for 15 years as a student of anthropology, as a political worker and student of Marxism, to appear at international conferences of workers and in movements against the growth of Fascism.

By the time he returned to his home country he and the Kikuyu Association between them had won the right to establish independent schools

(*Continued from page 119*)

APARTHEID: EXERCISE IN THE ABSURD

(Continued from page 116)

sometimes with the assistance of the police, who are bribed to turn a blind eye on them. Some of the precious stuff is buried in the ground.

When I joined the editorial staff of "Drum Magazine" I went to live in a Harlem-like ghetto called Sophiatown. Most of the young writers on 'Drum' lived in Sophiatown. It was our town and we loved it. Some of us had even celebrated it in our literature. Sophiatown was a symbol of the black man's capacity to endure the worst; it was also a symbol of his arrogance, resilience and scorn for the white suburb from which he was excluded.

The life of the black people of Sophiatown was based on the premise that if you were black you had to live outside the law.

To stay in Sophiatown you had to get a permit from the Johannesburg City Council, but none of us had permits. It was futile trying to get one.

In trying to keep Sophiatown's population down to a manageable maximum, the police organised persistent nightly raids. They were carried out methodically from one section of town to the other, combing for underground tenants, so that to avoid arrest it was necessary to keep moving every night. Sometimes you were caught with your pants down. A sudden kick on the door and you stumbled out in your pyjamas. A khaki uniform, police stick and glittering handcuffs. "Permit, yes-Baffie" and that was that.

In the fifties, however, a period unlike any other in South Africa for its politics of racial strife, revolt and physical violence, the tendency to revolt was no longer due to a perverted sense of humour. Everywhere members of my own generation both black and white, were beginning to disaffiliate from a society organised on a rigid apartheid design. We began to sense that we were being deprived of a profound experience; a sense of a shared nationhood.

Blacks began to film to the parts of mixed racial couples taking part in University dances, of white youths from the rich white suburbs defying the law and roaming black townships by night, of new clubs and jazz haunts where free racial mixing took place on an unprecedented scale. Dodging the ever present police in these black townships these youths from the white suburbs encountered the rigours and uncertainties of African life almost everywhere. Adventurous students prying into filthy, over-running shacks encountered a life that was shorn of all the trappings of official statistics. The experience was shattering. It is these same young people who have revitalised political life by organising protests and demonstrations.

Among the black people of South Africa the depth of desperation is so profound that the victim will see no end to the riot and gunfire. The tragedy is that by the time the Western world awakens to the profoundness of this desperation it will be almost too late to do anything, and if the South African blacks look elsewhere for help the whole of Africa will never be the same again.

INDIAN MISSIONS ABROAD

NEW DELHI (By Mail)-Prime Minister said in the Lok Sabha recently that steps had been taken by the Government to effect substantial economies in Indian missions abroad.

In a written reply to Sri Rajeshwar Patel, he said that an annual economy of Rs. 8,13,000 had been effected in the High Commission in London and a total economy of Rs. 51,42,045 in other Indian missions and posts abroad over a period of two and a half years from April 1958.

WATCHES, Gents models—15 Jewels waterproof, shockproof, antimagnetic, unbreakable mainspring, fitted with matching metal expansion straps—price 87/6. As above, but 21 Jewels—45/-. As above, but 17 Jewels—77/6. As above but with self-changing calendar, 17 Jewels—92/6. Also 21 Jewels Calendar—36/6. Other models from 19/6.

LADIES models 15 Jewels, unbreakable mainspring, fitted with magnificent matching expansion bracelets—55/6. As above, but 15 Jewels—47/6.

A. I. AGENCIES, First Floor, No raging, His Majesty's Building Fifth Street, or P.O. Box 9079, Johannesburg.

Stocks limited, order immediately.

Latest News Of Roopanand's Arrivals

THE MY MAGAZINE OF INDIA Tamil Film short story (one) 1 6
WEEKLY OF INDIA The pictures you long to see of to-day 2 0
PRSUN PADAM & KALAVA you will be proud to buy 3 6
FILM FARE A magazine all is from heaven to earth 3 R
INDIAN INFORMATION You will be seen to read and see 4 0
THE MARCH OF INDIA In your future 8 R
THE INDIAN ANNUAL Year by year India progress 7 R
PICTURE POST All about the South Indian film is market you to 2 R
FASHION FOR FUTURE INDIAN WOMAN Style: Blouse and Jumper Club Pattern Book, Easy Diagrams to cut and make your own as pattern designs 4 R
ROOPANAND'S FESTIVAL CALENDAR for 1961 Increasingly popular 1 R
DAILY DIARY in Hindi and English with every good-wishes 5 6
KASI HINDI PANCHANGS Bombay 0 R
VISSWANATH and SHIV PANCHANGS 7 6
HAWAN SAMAGREE Pure best arranged from Holy Land of India 5 6
THARI LOTAS Real Indian design made in India per 45 0
REHAL STANDS FOR BOOKS Ramayan and Koran and Holy Scriptures, each 25 0
RUDRUSH MALA and many others 4/6, 9/6, 10/8, 12/6, 25/

MURTHIES OF ALL DESCRIPTIONS, Marble, Bronze, Silver Gilt and Goldens 7/6, 10/-, 12/-, 25 0
KHAGTAIL in pairs special for Kirtans, Bhajans etc. per 25 0
DHOLAK'S for special weddings, Hall Bajan £6 10 0
THUBLA & DOGGIL for all occasions £8 14 0
HARMONIUM best make Reeta Flute £18 10 0
PORTABLE HARMONIUM for the Ramakrishna £23 10 0
Divine Service Flute of all designs 2/6, 4/8, 6/6
Side Playing 15/-, 25/-, and 30/-

FAMOUS PUBLICATION IN BOOKS
HOUDINI the greatest magician and his works detailed at last 26 0
MY INDIA a book of proud people with dignity 24 0
YOGA for health A sound mind you will have with this book 26 0
AKBAR AND BIRBAL STORY now told in English 4 3
HATIM THAI a story book believe it or not 12 R
BEHOLD THE EARTH MOURNS can you believe it 18 R
"INDIAN DELIGHTS" out Indian women's gift 19 6
CURGILS OF INDIA what a spice tastes 7 R
RAMAYANA for boys and girls, men and women 2/6, 10/6, 11/6
MODERN MARRIAGE a book for every young man and women 14 6
INDIANS IN NATAL by Dr. Hilda Kuper 30 0

FOR THE LATEST FILM RECORDS OF ALL YOUR FAVOURITE TUNES TRY US FIRST
WE CARRY THE LARGEST STOCKS OF LOCAL RECORDS, AND FROM INDIA
BOOKS OF ALL SORTS, INDIAN, ANCIENT, HISTORICAL, ARE SOLD BY US

D. Roopanand Bros.
PHONE 20707 — MUSIC SALOON & BOOKSELLERS — P.O. BOX 2524
85 Victoria Street, DURBAN

Kenyatta Of Kenya

(Continued from page 117)

for the education of the Kikuyu. There were 300 schools absorbing 60,000 children and Kenyatta himself became the principal of an independent teachers' training college. But he also found that the KCA had been proscribed.

Kenyatta entered negotiations with the Government but failed to revive the organisation.

A year later he became the president of a new body, the Kenya African Union—KAU—which attracted over 100,000 members in a short time.

An orator, elder, educationist and politician, he attracted audiences of 30,000 and 50,000 strong to his meetings. People coming by lorry, coach loads set out from Nairobi to hear him.

This was part of the rapid advance of political movements after the war, but as fast as the Kenya African Union and the East African Trade Union Congress grew, the more stringent government repression became.

Kenya was rapidly approaching a state of deadlock.

Then came the banning of the Kenya African Union and African trade unions; the arrest and proscription of leaders, the total ban on all the Kikuyu independent schools.

All Kenyan Africans were now denied the right of lawful political organisation; and sporadic terrorist acts broke out in parts of the country.

Followed the state of emergency and the big sweeps on the towns, the mass detentions of the 50,000 Kikuyu. A miniature civil war opened.

Isolated acts of terrorism grew into a state of semi-rebellion in the mainly Kikuyu areas, with army ending passes, combing jungles and towns, whips for tribesmen suspected of 'Mau Mau sympathies'.

The Mau Mau terrorists are said according to the official records of this little war to have claimed the lives of 84 whites and 1,900 Africans. But the army claimed the lives of over 10,000 Africans and ruthless counter-measures resulted in the arrest of as many as 35,000 people in one day, the displacement of whole communities, and the imprisonment of huge numbers in concentration camps.

On September 17, 1952 Jomo Kenyatta and his colleagues of the Kenya African Union were charged with managing the Mau Mau movement.

The first hearing lasted 5 months. Appeals and a petition dragged the proceedings out for another 15 months. Counsel for the Defence (D. N. Pritt) charged the prosecution with having no case against the men in the dock.

In August 1952, Kenyatta had joined with other Africans in an anti-Mau Mau meeting. His words were recorded on tape and officially broadcast. His public disclaimer of the Mau Mau and the official broadcast which he made were of no consequence in the trial. Kenyatta was dangerous and the Kenya African Union best placed out of the way.

The Defence argued that the Magistrate accepted every submission, application or motion made by the prosecution and rejected every one made by the Defence. He accepted as truthful every witness called by the prosecution, no matter what their character or history, however improbable their story, however often they contradicted themselves, or how badly their stories were shaken in cross-examination. He rejected as untruthful every Defence witness.

The Defence said that the prosecution had never really made up its mind what the menace of the charge against the accused was; that the prosecution never really had any faith in its own case, and that there was no serious charge against them at all.

The Magistrate found all the accused guilty, though the Supreme Court later acquitted one of them.

In his final address to the court Kenyatta stated: "I wish to say that we are not guilty and we do not accept your findings, and that we do not feel that we have received the justice or hearing which we would have liked. ..We feel that this case has been so arranged as to make scapegoats of us in order to strangle the Kenya African Union, the only African political organisation which fights for the rights of the African people.

"We wish to say that what we have done in our activities is to try our level best to find ways and means by which the community in this country can live in harmony.

"But what we have objected to and shall continue to object to—are the discriminations in the Government of this country. We shall not accept that, whether we are in gaol or out of it. We look forward to the day when peace shall come to this land and that the truth shall be known that we as Africans have stood for peace. We feel strongly that at this time, the Government should try to strangle the only organisation—the KAU in which we leaders have been working for the betterment of the African people and are seeking harmonious relations between the races."

The trial and state of emergency had succeeded. KAU had been doomed by the shadow of the Mau Mau movement.

As in India, and in Ireland years before, a nationalist movement pursuing its policies openly and in the full face of the oppressors had been condemned as synonymous with a secret terrorist drive. Sometimes, Montagu Slater wrote in The Trial of Jomo Kenyatta' terrorists are agents provocateurs, but often as not simple, impatient men who take the place of political leaders. If an open, legal, and constitutional movement brings a campaign of terrorism in its train, can the actions that follow be laid at the doors of the political leaders? That was the case in Kenya.

Kenyatta served his seven year sentence, and then was exiled indefinitely to the northern province.

Until recently few visited him—a government medical officer, a few other detainees, his daughter (he married an English school teacher before the war) and more recently African political leaders.

Jomo Kenyatta has become visibly older but there is still the same shrewdness about the eyes and confidence in his manner. He wears the old leather jacket in which he confronted his massive audiences and wields the ivory-handled stick which became the symbol of African freedom.

"I owe thanks," he once wrote, "to my enemies for their stimulating discouragement which has kept up my spirits. Long life and health to them to go on with the good work!"

His work in Kenya is far from over.

Pak President Curbs Himself

("Indian Opinion" India Service)

KARACHI (By Mail)—President Ayub Khan, in an ordinance promulgated here, has curtailed his own powers with regard to the framing of a Constitution for the country and laid down that the President should "proceed to make a new Constitution in accordance with the advice of the Cabinet acting collectively."

The ordinance, which came as a surprise, provides for the President to hold office "and govern in accordance with the collective advice of the Cabinet until a new Head of State to be elected under the new Constitution has taken office.

The ordinance divests the President of his power to dismiss any Minister of the Cabinet. It said "The President shall preside over the meetings of the Presidential Cabinet but shall have no power to dismiss a Minister."

It said that the Ministers of the Presidential Cabinet shall at no time be more than 16 in number.

The ordinance, called "State Arrangements (Amendment Order 1961)", said "As soon as the Constitution Commission, appointed on February 17, 1960, has submitted its report, the Presidential Cabinet, acting collectively, as planned and deliberating with all convenient speed, shall consider the report and advise the President as to the Constitution and the President shall make the Constitution accordingly as soon as may be and promulgate it."

No official explanation was available for the issue of the ordinance which has been given effect from March 4.

Knowledgeable sources here believe that the ordinance, coming as it did a few months before the Constitution Commission is to submit its report showed President Ayub's desire to avoid taking sole responsibility for drafting the Constitution.

He apparently wanted the entire Cabinet to share in its final shaping. The President had remarked several times in the past that he had a definite "idea" as to what form the new Constitution should take.

Phone 835-6700 P. O. Box 1540
MASTER BROS.
(PTY) LTD.
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
33 West Street, JOHANNESBURG.

fifty years ago... April 1911

Durban Indians And The Coronation

Some Plain Speaking By Indian Leaders

(From The Indian Opinion, April 22, 1911)

ON Tuesday the 17th instant, Messrs Dawad Mahomed, Parsee Rustomjee, K. R. Nayanah, and V. Lawrence waited upon Mr F. C. Bollander, the Mayor of Durban at the latter's request to discuss the position of Indians in regard to the Coronation celebrations proposed by the Corporation. As a result of the interview, the following letter, dated the 18th instant, has been addressed to the Town Clerk, over the signatures of the above mentioned gentlemen.

As desired by His Worship the Mayor, we now beg to place our views on record regarding the participation of the Indian community in the Coronation celebrations.

At the outset, we should say that, so long as the passive resistance movement in the Transvaal continues, Natal Indians, who consider themselves in mourning for the terrible sufferings of their brethren in the sister Province, will be unable to take any part whatever in any public festivities that may be arranged in Celebration of His Majesty's Coronation. The Indian community will then adopt other means to assure His Majesty of their loyalty to the Throne.

In the event, however, of a settlement being arrived at in the Transvaal, the Natal Indian community will then have seriously to consider whether, and to what extent, it will be able to participate in the proposed celebrations.

The community has been made, in the past few years to feel that it is regarded with jealous contempt, and to realise that its vested rights are daily threatened with attack and that it is sought to deprive it of its few remaining privileges. Every possible occasion is taken by Municipalities and Licensing Boards to make the British Indian Colonists of Natal, many of whom are born in this Province, feel that they are regarded as undesirables and only recently, in the Natal Provincial Council, opportunity was sought to cover the Natal Indian community with insult and contumely. Though they are obliged to bear the burden of Union, in its heaviest form, they have not been in any way permitted to share in its advantages, a fact that is daily being borne in upon the minds of the Natal Indians with increasing emphasis. In the circumstances, His Worship will, we hope, appreciate our sense of insecurity, and the necessity that exists for Natal Indians seriously to consider whether it is possible for them to share in the common rejoicings.

Should, however, the community, on whose behalf we speak, decide to take part in the celebrations, it can be only upon the clear understanding that they will be enabled to take an equal part therein with any other section of the population. The Natal Indian community, in common with Indians in other parts of the Union, has resolutely set its face against anything in the racial differentiation, and the community will absolutely decline to participate in the general festivities, except the principle be laid down definitely that no racial differentiation shall be made against them.

In the event of the Corporation which represents, we take the opportunity of respectfully reminding you, the whole population of the Borough and not only the white community, feeling itself obliged to bow to popular anti-Indian prejudice, and should the Indian community decide to celebrate the occasion of the Coronation it will do so at its own expense and without asking any financial aid of the Corporation for the purpose.

(The above letter will be brought before the next meeting of the Town Council)—ED

Santiniketan and Sevagram

(Continued from page 114)

ages, to plough the stubborn, sandy soil. But both were actuated by a spirit of self-sacrifice, akin—to compare small things with great—to that of Gautama Buddha and Jesus Christ, who surrendered the "kingdoms" promised to them, for the sake of service of the "great orphan, humanity." Once again, thus, the truth of the ages and the sages was illustrated that sacrifice is the seed of the evolution and advancement of mankind; nay, of all life.

The poet sang:

"When one knows thee, then alien there is none, then no door is shut. Oh, grant me my prayer that I may never lose the bliss of the touch of the One in the play of Many."

Gitanjali.

And he revealed and radiated this "touch of the One" in the fields of literature and art, education and rural reconstruction.

And the ploughman saviour confirmed the perpetual presence of the 'One in the play of the Many" from his side:

"He (God) is there where the tiller is tilling the hard ground and where the pathmaker is breaking stones. He is with them in sun and in shower, and his garment is covered with dust. Put off thy holy mantle and even like him come down on the dusty soil."

Gitanjali

Both cast away the crown,—and who does not covet it?—of personal paradisiacal salvation and engaged themselves in the work of the world, with a view to making and leaving it better than they had found it.

Deliverance? Where is the deliverance to be found? Our master himself has joyfully taken upon him the bonds of creation; he is bound with us all for ever."

Gitanjali

In short, Santiniketan and Sevagram deepened the inherent human urge for perfection, as against what passes muster under the protean term "progress" The best and truest expression of perfection, in spirit as well as in substance, is simplicity. And as the Poet has said somewhere, "Simplicity is the physiognomy of perfection."

And has it not always been so? The prophet or the poet has found himself, while passing through the corridors of history, side by side with the priest or the ploughman. In our times the priest has failed to fulfil his holy vocation and the prophet has not as yet appeared. In their place, however, we have witnessed the sublime spectacle of the poet and the ploughman travelling together to the Temple of Truth. And Truth has generally been approached along the avenues of *ananda*—joy—and asceticism. This may be the explanation of the observation which the Poet made on one occasion. "Santiniketan represents the *anand* of Truth; Sabarmati, the *tapasya* of Truth." And is not Truth the Beautiful Bird with two wings or the Tree with two birds sitting on its branches?

R. VITHAL

Bookkeeping, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns.

Contact No. 12 Berkley Arcade,
38 Market Street,
Cor Diagonal & Market Sts
Johannesburg. Phone 33-1654

Cable & Tel Add. HARGVAN Phone 29368

P. Hargovan & Co.
(Pty.) Ltd.

Received Shipment of Genuine Fireworks "Kwong Man Lung" Brand. Order Your Requirements Now.

Imported Screw Cap Neck 3½' Diameter Mouth Pickle Jars
1 Gallon 55c each FOR DURBAN
2 " R2-25 " " "
3 " R3-00 " " "
4 " R3-50 " " "
5 " R4-50 " " "

PACKING EXTRA. CASH WITH ORDER ONLY.

155-7 WARWICK AVENUE,
P.O. BOX 1250. - DURBAN.

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

No. 15—Vol.-LIX.
Friday,
21st April, 1961
Phone: Mount Edgecombe 30.
Registered at the G.P.O. as a Newspaper
Price 4 Cents

INDIAN OPINION
ઈન્ડીયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણીલાલ ગાંધી

25 APR 1961

★

"હે પ્રભો! જો અધિકાર આપવો હોય તો એટલો અધિકાર આપ: મનુષ્યની પાસે એક પણ અધિકાર મેળવવાની જરૂર ન રહે એ અધિકાર આપ."
—સંત ફ્રાન્સીસ.

પુસ્તક ૫૯ મું—અંક ૧૫ | તા. ૨૧ એપ્રીલ, ૧૯૬૧. | છુટક નકલ સેન્ટ ૪

દક્ષિણ આફ્રિકા ઉપર ઝઝૂમતો વંટોળ

કોમનવેલ્થ સભા પછી દ. આફ્રિકા ઉપર જે પ્રહારો થયા તે કેવળ શાબ્દિક હતા. ઘેરી મુડી બહાર ગઈ અને એકાકીપણાનું [illegible] સમજાયા. આ ઉપરાંત નાઈજીરીઆએ વેપારી બહિષ્કારની જાહેરાત કરી તે ઉપરાંત કંઈ ખાસ બન્યું નહિ.

હજુ સુધી કોઈ પણ વેપારી કરારો તૂટયા નથી; કોઈ પણ જાતના પ્રતિબંધો મુકાયા નથી, સાઉથ-વેસ્ટ આફ્રિકામાં કોઈ લશ્કર આવ્યું નથી. ઉત્તર આફ્રિકામાં પેન આફ્રિકનીસ્ટ કમીટી મળી અને જે ઠરાવો કર્યા, વિમાનમથકો અને રાજદ્વારી સંબંધો વિષે થયા તેમાંનું પાલન થયું નથી. જે મુડી બહાર જઈ રહી છે તે પણ પ્રતિબંધોના કારણે નહિ, પરંતુ અનિશ્ચિત મુડી રોકનારાઓના ભયના કારણે!

અત્યાર સુધી જે થયું છે તે કેવળ શાબ્દિક છે. ગુનેગાર જાહેર, ઠરાવો થયા અને ધમકીઓ અપાઈ તે સિવાય કાંઈ વિશિષ્ટ થયું નથી. આ શાબ્દિક પ્રહારોથી નેશનાલીસ્ટ સરકાર ગભરાયેલી હશે; અને ડરવુઅર્ડે જાહેર પણ કર્યું છે કે દક્ષિણ આફ્રિકાની સ્થિતિ મજબૂત છે.

જ્યારે ખરો સમય, જે સ્પષ્ટ આંતરરાષ્ટ્રીય પગલાં દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ લેવાય તો, એની પરિસ્થિતિ કેવી બનશે? કેવળ શાબ્દિક પ્રહારોથી નેશનાલીસ્ટો વચ્ચે આવી ભાગદોડ પ્રસરી હોય ત્યારે ખરેખર આંતરરાષ્ટ્રીય પગલાં લેવાય તો નેશનાલીસ્ટોની પરિસ્થિતિ કેવી બનશે એ વિચારણા જેવો પ્રશ્ન છે.

'ડાય ટ્રાન્સવાલર' અલગતાપણાની નીતિને આંતરરાષ્ટ્રીય પ્રશ્ન હોવાનો દાવો કર્યો છે. આ ઉતાવળાપણાની નીતિને બરીક તો હમેશા ગૃહનો પ્રશ્ન હોવાનો દાવો કરતા. આજ 'ડાય ટ્રાન્સવાલર' નેશનાલીસ્ટ પત્ર છે એ આજે સરકારને ચેતવણી આપી રહ્યું છે. અને 'ડાય બર્ગર' વિશેષ ઉત્સાહથી પોકારી ઉઠ્યું છે 'મેં ન કહ્યું હતું!' હવે તે વધુ ઉત્સાહથી નેશનાલીસ્ટોને કહે છે કે અલગતાપણાની નીતિમાં રાહત લાવો.

આ દરમિયાન વિરોધ પક્ષના નેતા સર ડી વીલીઅર્સ ગ્રાફે 'ગોરી સમવાયતંત્ર'ની યોજના રજુ કરી છે. અને નેશનાલીસ્ટો પણ એ યોજના તરફ લક્ષ આપી રહ્યા છે, અને આગ્રહ તે સલાહ પણ આપી રહ્યા છે. આજ સર ડીવીલીઅર્સ ગ્રાફનું વર્ચસ્વ પણ વધતા લાગ્યું છે.

એક પણ પ્રતિબંધનો અમલ થયા વિના અને એક પણ દક્ષિણ આફ્રિકાની માલ ભરેલી બોટ પાછી આવ્યા વિના આ બધું થયું જે દિવસે આંતરરાષ્ટ્રીય ધોરણે પ્રતિબંધ મુકાય અને ધમધમ થાય ત્યારે દક્ષિણ આફ્રિકાની કેવી સ્થિતિ થશે અને એ કહેવું એમાં સંશય નથી.

આપણી સામે સવાલ પ્રશ્ન એ છે કે આ બધા આંતરરાષ્ટ્રીય દબાણો અને પ્રતિબંધો સરકારની નીતિને બદલવા શક્તિમાન બનશે કે નહિ?

ડા. ફરવુઅર્ડને લાગે છે ત્યાં સુધી તેઓ પથ્થર સમ ઉભા છે. એની જાહેરાત પણ ડા. ફરવુઅર્ડે કરી છે. કોઈ પ્રશ્નોને નમતી આપતી યોજનાઓ ડા. ફરવુઅર્ડ પાસે હોવાનું મનાય છે. એ યોજનાઓ બીન ગોરાઓને લાંબે વખતે ત્યાં સુધી રાહતના નથી પણ સમ્પ્રદાયના છે.

યુનીયન પાર્લામેન્ટમાં કદીયે પ્રતિનિધિત્વ આપવાને બદલે ડા. ફરવુઅર્ડે એવી યોજના ઘડી કાઢી છે કે એનાથી રાજ્યની અંદર રાજ્ય સ્થપાશે અને બંટુ પોતાના જ રાજ્યમાં પોતાની સરકાર સ્થાપી શકશે.

આ તે કેવી વિચિત્ર વાત!

પાર્લામેન્ટનો અર્થ જ છે સર્વોપરી સત્તા. શું એ કાર્ય પાર્લામેન્ટ સર્વોપરી ગણાશે, અને તે પણ બીજા ઔપચારિક વિસ્તારમાં જ્યાં યુનીયન પાર્લામેન્ટ છે? નહિ જ તો! આ જાતની વિચિત્ર વાતથી તો આશ્ચર્ય ઉપજે.

આફ્રિકનો માટે જે પ્રારંભિક સુધારાઓ આફ્રિકન વિસ્તારોમાં સ્થપાયા છે તેઓને મી. ડી વેટ નેલ અંતર્ગત 'પ્રધાન મંડળ' તરીકે વર્ણવે છે.

આ તો વધુ વિચિત્ર વાત ગણાય!

આવી વિચિત્ર વાતો કરવા કરતાં તો ડીરેક્ટરને બેન્ટોસ્તાનવાસી કરોડો ને ધારો જે ૭ ભાગથી બેન્ટોસ્તાનવાસીઓ ઉપર લાગ્યો છે તે દૂર કરવો જોઈએ.

વિરોધ પક્ષોના ધારાસભ્યો પણ નેશનાલીસ્ટો સાથે બાંધછોડ કરવા માગતા નથી. તેઓ પણ જાણી ગયા છે કે પ્રત્યાઘાતનો સમય હવે ગયો છે, કારણ એક જ માત્ર એક ઉપાય છે.

ફરવુઅર્ડના રાજ્ય ઉપર જે દબાણો થશે એ જ એક માત્ર ઉપાય છે જેનાથી એની પડતી આવશે. એ દબાણો બાહ્ય તેમજ આંતરિક હોવા જોઈએ. નેશનાલીસ્ટો વચ્ચે એ દબાણો અને પ્રતિબંધોથી એવી ફાટફુટ પડશે કે એ આપણી સંસ્થાની પડતી આવશે. એ જો થાય તો તે ધારાસભાની બહારના દબાણોથી જ થશે.

આ સરકારની પડતી લાવવામાં બધા જાતના દબાણોનો ઉપયોગ થશે.

આંતરિક દબાણ, તે આવશે બીન-ગોરાઓ તરફથી, અને બાહ્ય દબાણ તે આવશે વિશ્વના રાષ્ટ્રો તરફથી. જે પોતાની અંગત રીતે યા સંયુક્ત રીતે દબાણ લાવશે. અને ત્રીજી રીતે પણ દબાણ થશે, અને તે છે આ દેશના માનવહક્કમાં માનનારા ગોરાઓ, જેઓ બીન-ગોરાઓને સાથ આપી એમના કાર્યને સફળતા અપાવવામાં મદદ કરશે.

આ દબાણો થાય ત્યારે બીન ગોરાઓ ઉપર જાત જાતના આરોપો મુકાશે અને હુમલો જેવા કરપીણ પગલાં પણ લેવાશે. ક્યાં પણ એ નહિ. પ્રથમ જ વાર ગોરાઓ, આફ્રિકનો અને હિંદીઓને સાથ આપવા બહાર આવ્યા છે. 'અને આ બધું કામ જો સંઘને અહિંસક પગલાંમાં હોય તો વધુ સારું.' આ બીન-ગોરાઓ કાયદેસર રીતે કંઈ જ કરી શકે એમ નથી, એથી તો તેમને માટે અહિંસક પગલાં સારા છે.

બાહ્ય દબાણથી આ દેશની આર્થિક પરિસ્થિતિમાં મોટો ફેરફાર થશે. મુડી રોકાણ બંધ થશે, વેપારો ઉપર પ્રતિબંધો મુકાશે, વિમાનો બીજા દેશોના હવાઈ મથકો ઉપર ઉતરી શકશે નહિ, વહાણો આ દેશનો માલ લઈ જશે નહિ, એવા જાત જાતના પ્રતિબંધોથી આ દેશની પાયમાલી થશે અને સરકારને નમતું આપવું પડશે.

આ દેશના ગોરાઓ પણ સરકારની બુદ્ધિ ઠેકાણે લાવવામાં મોટી મદદ આપી શકે એમ છે. તેઓ પણ બીનગોરાઓને બીન કોમી રાષ્ટ્રીય સભા (National Convention) બોલાવવામાં મદદ કરી શકે છે. આ બીન-કોમી રાષ્ટ્રીય સભાની માગણી આ દેશના લોકો કરે છે અને એમાં છે આફ્રિકનો, કલર્ડો, હિંદીઓ અને સમજદાર ગોરાઓનો સાથ. આ તો દેશની માગણી છે.

આવતે મહિને જ્યારે રીપબ્લીકની જાહેરાત થાય ત્યારે આફ્રિકનો, કલર્ડો અને હિંદીઓ એનો વિરોધ કરવા માટે યોજનાઓ ઘડી રહ્યા હોવાનું મનાય છે. કદાચ ત્રણ દિવસ સુધી હડતાળ ઉપર ઉતરવા માટે લોકો પાસે માંગણી થશે એવી વાત પણ સંભળાય છે લોકો એ વખતે શાંત રહી કોઈની લાગણી ન દુ:ખે એમ કરવું જોઈએ. લોકોએ એ પણ ભૂલવું ન જોઈએ કે સાથ વિના સાચું સુખ નથી.

શ્રી. રાઉડી આઈનસ્ટાઈન ઉપર ધમકીનો પત્ર

ગયે અઠવાડીયે 'કલુ કલુક્ષ કલાન' ના નામે કોઈએ એક પત્ર શ્રી. રાઉડી આઈનસ્ટાઈન ઉપર લખ્યો હતો. તેમાં શ્રી. આઈનસ્ટાઈન અને શ્રીમતી આઈનસ્ટાઈનને મારી નાંખવાની ધમકી હતી. શ્રી. આઈનસ્ટાઈન બિન ગોરાઓનો પક્ષ લઈ સમાન હક્કની માગણી કરી રહ્યા છે એથી કોઈ ઝનૂનથી પ્રેરાઈ આ પત્ર લખવા તત્પર બન્યું હશે. 'સન્ડે ટાઈમ્સ'ના ખબરપત્રીએ 'કલુ કલુક્ષ કલાન'ના બહાને આ વિષે પૂછપરછ કરી હતી. પણ આ લોકો તરફથી એ પત્ર લખાયો હોય એમ જણાતો નથી.

"ઇન્ડિયન ઓપિનિયન"
શુક્રવાર તા. ૨૧ એપ્રીલ, ૧૯૬૧.

અર્થ વગરના આરોપો

દક્ષિણ આફ્રિકાની કોમનવેલ્થમાં રહેવાની અરજી પાછી લીધા પછી ડૉ. ફરવુર્ડે જે જે દેશોએ ઈજારદારપણાની નીતિ સામે પ્રહારો કર્યા હતાં, તેઓને અપ્રમાણિક કહ્યાં છે. તેઓનું કહેવું એમ છે કે આજ દેશો પોતાના દેશોમાં ભેદભાવની નીતિ રાખી, હવે આંખ આડા કાન કરે છે. તે વખતથી હજુ સુધી પણ—ડૉ. ફરવુર્ડ વારંવાર ભારતમાં અને આફ્રિકાના રાષ્ટ્રોમાં ભેદભાવની નીતિ હોવાનો દાવો કર્યે જાય છે. આ અઠવાડીઆ દરમ્યાન એરીક લૉ જેઓ દક્ષિણ આફ્રિકાના એક [illegible] છે, તેમણે ઓસ્ટ્રેલીઆ-વાસીઓ અને કેનેડા-વાસીઓ ભેદભાવની નીતિ રાખનારા છે એમ પાર્લામેન્ટના સભ્યો પર ઠસાવવા પ્રયત્ન કર્યો છે—ભારતની પણ તેમણે એવી જ ટીકા કરી. કેનેડા, ઓસ્ટ્રેલીઆ અને ભારતમાં કદાચ ભેદભાવની નીતિ હશે, પરંતુ તે દક્ષિણ આફ્રિકાની સરખામણીમાં નહિ જેવીજ છે. કેનેડા અને ઓસ્ટ્રેલીઆમાં એવી કંઈ મોટી બીન-ગોરાઓની વસ્તી નથી, કે જે લોકોનું ધ્યાન ખેંચે. આ દેશોમાં ઈજારદારપણાના કાયદા જેવા કાયદાઓ નથી. આ બન્ને દેશોના બહુ-વસ્તીઓની જરૂરિયાતને દક્ષિણ આફ્રિકાના બિન-ગોરાઓની જરૂરિયાત સાથે સરખાવી શકાય એમ નથી. અમને આ બન્ને દેશોના ભેદભાવ વિષે કંઈજ પડી નથી, પરંતુ ભારત પ્રત્યે જે આરોપો મુકાયા છે તેની અમને પડી છે.

જ્યારે ડૉ. ફરવુર્ડ અને એરીક લૉ, ભારત ભેદભાવની નીતિ રાખે છે એમ કહે છે ત્યારે તેઓના મનમાં ભારતની વર્ણ-પદ્ધતિ અને મુસલમાન લઘુમતીનો ખ્યાલ હોવો જોઈએ. ભારતની વર્ણ-પદ્ધતિ એ એક બાહરૂપ પ્રશ્ન છે, પરંતુ જ્યારથી ભારત સ્વતંત્ર થયું છે ત્યારથી તે, વર્ણ-પદ્ધતિની નાબુદી માટે સખત પગલા લઈ રહ્યું છે. હિંદી જીવનમાંથી આ પદ્ધતિ દૂર કરવા માટે કાયદાઓ ઘડાયા છે. એક વસ્તુ યાદ રાખવા જેવી છે અને તે એ કે બ્રિટીશ સત્તા દરમીયાન બ્રીટીશોએ આ પદ્ધતિને પ્રેરણા આપી હતી, જેથી તેઓ સુખેથી રાજ્ય કરી શકે. આમ લગભગ ૨૦૦ વરસો સુધી ચાલ્યું, તેથી એમ કહી શકાય કે આ વર્ણ-પદ્ધતિનો દોષ બ્રીટીશોનો છે. જ્યારે બ્રીટીશો રાજ્ય કરતાં હતાં ત્યારે ઘણા હિંદીઓ અને તેમાંયે પૂ. મહાત્મા ગાંધીજી ખાસ કરીને આ પદ્ધતિ સામે સ્પષ્ટતાથી બોલ્યા અને વર્ત્યા હતાં. પૂ. ગાંધીજીને લોકો ભારતને મુક્તિ અપાવનાર તરીકે યાદ કરે છે; એ છતાં, ભુલવું ન જોઈએ કે હિંદુ-ધર્મમાં દ્રઢપણે માનનારાઓ સામે પૂ. ગાંધીજીએ એકલે હાથે મોરચો માંડયો હતો, કે જેથી જુની વર્ણ-પદ્ધતિ દૂર થાય. ભારત સ્વતંત્ર થયું કે તરતજ આ વર્ણ-પદ્ધતિ દૂર કરવા માટે કાયદાઓ ઘડી, તે આ છેલ્લાં તેર વર્ષથી એ યોજનામાં ખૂબ જ આગળ વધ્યું છે. એ પણ યાદ રાખવા જેવું છે કે હજારો વરસથી સ્થપાયેલી વર્ણ-પદ્ધતિ એક રાતમાંજ બદલાય નહિ જાય! આ વર્ણ-પદ્ધતિને ટેકો આપનારા કંઈ કાયદા નથી. આજે ભારતમાં જે વર્ણ-પદ્ધતિ છે, તે કેવળ સામાજીક છે. લોકોના જીવનમાં એ જોવામાં આવે છે, પણ દેશના કાયદાઓમાં નહિ. દેશના અમુક ભાગોમાં આ નીચા કહેવાતા વર્ણના લોકોને, ખાસ લાભો એટલા બધા મળે છે કે ઉંચા કહેવાતા વર્ણના લોકો તેઓની સાથે ભળી જવામાં લાભથી સમજે છે.

દક્ષિણ આફ્રિકાની અંદર પરિસ્થિતિ તદ્દન જુદી છે. ભેદભાવની નીતિને કાયદાનો ટેકો છે, અને લોકો ઉપર કાયદાના દબાણથી ભેદભાવ કરાય છે. દક્ષિણ આફ્રિકામાં ઈજારદારપણાની નીતિને દેશના કાયદાનો ટેકો છે, જ્યારે ભારતમાં વર્ણ-પદ્ધતિ દૂર કરવા માટે દેશના કાયદાનો ટેકો છે. દક્ષિણ આફ્રિકામાં બીન-ગોરાને પ્રાથમિક હકકો કાયદાથી અપાતા નથી; જ્યારે ભારતમાં નીચા કહેવાતા વર્ણના લોકોને ખાસ હકકો કાયદાથી અપાય છે. ભારતના લોકો, ગમે તે વર્ણ, પંથ કે રંગના હોવા છતાં સર્વમત મતાધિકાર ભોગવે છે; જ્યારે દક્ષિણ આફ્રિકામાં કેવળ ગોરાઓ મતાધિકાર ભોગવે છે. ભારતના મુસલમાનો ધાર્મીક અને રાજકીય સ્વતંત્રતા ભોગવે છે. ખાનગી-જીવનમાં ભેદભાવ હોય એ સંભવિત છે, પરંતુ દેશનો કાયદો મુસલમાનો ઉપર કોઈપણ પ્રતિબંધ મુકતો નથી. તેઓ જ્યાં રહેવા ઇચ્છે છે ત્યાં રહી શકે છે. જ્યારે આ બધી વસ્તુઓ ઉપર દ્રષ્ટિ ફેરવીએ ત્યારે વડા પ્રધાન અને એરીક લૉ ભારત અમુક લોકો સામે ભેદભાવ રાખે છે એવો જે આરોપ મૂકે છે, તે વાહિયાત લાગે છે. ઈજારદારપણાની નીતિને વિશ્વમાં કોઈ આવકારશે નહિ.

સ્વાગતની તઈયારીનું વિવરણ

[ગુરૂદેવ ટાગોરની 'સ્વાગતની તઈયારી' (અન્યત્ર આપ્યું છે) કવિતામાં સમાયેલું ગૂઢ રહસ્ય કાકાસાહેબ કાલેલકર નીચે પ્રમાણે સમજાવે છે, તે અમે વાચકો સમક્ષ રજુ કરીએ છીએ.]

રવિન્દ્રનાથે જીવન દેવતાની અખંડ-ઉપાસના કરી એથી અનેકવિધ દર્શન થયું. જેમ નરસિંહ મહેતાને એક રાતે શ્રીકૃષ્ણનો રાસ જોવાનો મળ્યો અને પછી રાસલીલાનું વર્ણન અને તેનું મહાત્મ્ય જીવતાં સુધી ટેકો આપ્યા કર્યું, તેજ પ્રમાણે રવિન્દ્રનાથે પોતાના અસંખ્ય ગીતોમાં, અનેક નાટકોમાં, રૂપક કથાઓમાં અને પ્રવચનોમાં પોતાના આરાધ્ય દેવનું વિવિધ રૂપે વર્ણન કર્યું છે.

જગતના નિર નિરાળા સાધુઓને રવિન્દ્રનાથ કહે છે 'ભાઈઓ' તમે માર્ગ ચૂક્યા છો. તમારૂ જીવન દર્શન યથાર્થ નથી. જીવન તમને લાગે છે એવું ગરીબ નથી. કુટીલ તો નથીજ નથી. ખોટે રસ્તે જઈને તમે તમારી સાધના ગરીબ બનાવી મુકી છે. એથી જ તમને લાગે છે કે જીવનદેવતા પણ ગૂઢ છે, તમારી ઉપાસનાની રીતથી જીવનદેવતાને પ્રસન્ન થવાનું તો બાજુએ રહ્યું પરંતુ તેને મૂંઝવણમાં થાય છે.

પાશ્ચાત્ય સંસ્કૃતિ વિશ્વ વિજયી બની લોકોને આપણે ચકિત થઈ ગયા. પાશ્ચાત્યોનું તો બધુંજ સારૂં ગયું સર્વત્ર આ કયા હતી એવા કાળે આ નવો આડંબર પોકળ છે, આ બધી ધમાચકડી કાચના ઘરા જેવી છે એમ જગત આગળ કહેવાની જે થોડા મહાનુભાવોએ હિંમત કરી તેમાંનાજ એક રવિન્દ્રનાથ છે. 'મુક્ત ધારા' વગેરે તેમના નાટકોમાં તો આ સંદેશ છેજ પણ તેમના કેટલાયે પ્રવચનોમાં પણ આજ વાત તેમણે સ્પષ્ટ રીતે કરી છે. ગીતાંજલી, નૈવેદ્ય વગેરે કવિતા સંગ્રહોમાં પણ આજ અર્થનાં ગીતો મળશે.

'સ્વાગત' (આગમની) એક રૂપકાત્મક સંબોધનો કાવ્યાર્થ ઉપર જણાવેલા તેમના સાહિત્યના પરિશીલન પછી સહજ ધ્યાનમાં આવે છે. એમાં કવિએ પોતાને પોતાના અથવા માનવજાતિના મનથી અલગ કલ્પીને વાત કરી છે. મન ભૌતિક સંસ્કૃતિ વધારવા પાછળ પડ્યું છે શક્તિ વધારો સંપત્તિ વધારો, સુંદરતો કાર્યક્રમ વધારો, વધાવો જાગો, વધારવામાં કદી પણ ઊણપ ન રાખશો, મર્યાદા ન બાંધશો.

પણ એ બધું શાને માટે એવું જો તેને—મનને પુછવામાં આવે તો જવાબ મળશે ? "એ ન પુછશો."

પાશ્ચાત્યોએ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજકારણ, બધાં શાસ્ત્રો વધાર્યાં, વિજ્ઞાનની મદદથી પ્રકૃતિ પર વિજય મેળવ્યો, પરંતુ મોટો મોટો દિગ્વિજય મેળવીને સુખ એ બધું શાને માટે એનો કંઈ સંતોષકારક વિચાર તેણે કર્યો નહીં.

કેટ કેટલા વાર ઊંડા [illegible] કે એ સંસ્કૃતિને જીવન રહસ્ય સમજાતુંજ નથી. પણ તેનો સર્વત્ર દેખાતો ભવ્ય વિસ્તાર, તેનું સામર્થ્ય, અને કામગીરી એ બધું જોઈને આપણે મૂર્ખ છીએ અને તેથી આ બધું સમજાતું નથી એમ પણ કદાચિત લાગે છે. આટલી મોટી સાધના, આટલી જંગી તૈયારી, આટલું કૌશલ્ય એ બધું નકામું કેમ હોઈ શકે! પણ જે વાત વિદ્વાનો સમજતા નથી, તત્ત્વજ્ઞાન જેનું રહસ્ય શોધી શક્યું નથી તે કવિને આપો-આપ સમજાય છે. કવિએ મનની

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૨૫)

વિજ્ઞાન વિકાસ સાથે ખાનગી ઉદ્યોગોનું ધ્યેય શું હોવું ઘટે?

નવી દિલ્હી:

વડા પ્રધાન શ્રી નહેરૂએ કહ્યું હતું કે વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસથી જે નવી તાકાત જન્મે છે તે, અદ્યતન સમાજ સમાજવાદી ધોરણે વિકસે છે અને જાહેર મિલકત વિસ્તૃત થતી જાય છે તેવા સમાજમાં ખાનગી ઉદ્યોગોનો સંગીન જાહેર હેતુ માટે હોવો જોઈએ.

ભારતીય વ્યાપાર ને ઉદ્યોગ મહામંડળના વાર્ષિક અધિવેશનનું ઉદ્ઘાટન કરતાં શ્રી નહેરૂએ કહ્યું કે સમાજનો વિકાસ થાય તેમ રસ્તાઓ અને પુલો જેવી જાહેર મિલકતો વધે છે અને તે કોઈની ખાનગી માલીકીની અથવા અંગત માલિકીની બનતી નથી, પરંતુ જાહેર માલીકીની બને છે. આમ તે સમગ્ર સમાજની મિલકત બને છે અથવા તો તે સાદા સ્વરૂપનો સામ્યવાદ છે. વિજ્ઞાનના વિકાસ સાથે ખાનગી-ક્ષેત્રને માટે પણ કામગીરીની વધુ તકો મળે છે, પરંતુ તેના ઉપર અંકુશ હોવો જોઈએ. વિશ્વમાં આગળ પડતો એવો એક પણ દેશ નહિ હશે કે જ્યાં ખાનગી ઉદ્યોગો ઉપર અંકુશ નહિ હોય. અમેરિકા કે જે મોટા પાયા ઉપર વિકસેલો મૂડીવાદી દેશ છે ત્યાં પણ ખાનગી ઇજારાશાહી ઉપર અંકુશ છે. અમેરિકાને પણ ઇજારાઓ, ટ્રસ્ટો અને જુથોના ઉપર અંકુશો રાખવાની વાતો કરવી પડે છે. આ એક જરૂરી વસ્તુ છે નહિ તો સામાજીક ગેરવ્યવસ્થા સર્જાય.

આ અધિવેશનમાં પ્રધાનો, આયોજનના સભ્યો અને રાજ્યના અગ્રગણ્ય ઉદ્યોગપતિઓએ હાજરી આપી હતી.

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનો ટુંકો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે જો વિશ્વ વિગ્રહ થશે તો ભારત તેમાંથી બચી જશે એમ ચોક્કસપણે કોઈ માની લેતા નહિ. આપણે તેમાંથી બચી જઈએ તેવી શક્યતાઓ છે, પરંતુ તે શક્યતાને ચોક્કસ માની લેતા નહિ.

મહામંડળના પ્રમુખ શ્રી એ. એમ. મુરગપ્પા ચેટીઆરે, ત્રીજી યોજનામાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ૨૮ ટકા રોકાણ કરવાનું નક્કી થયું છે તેને બદલે ૪૦ ટકા રોકાણ કરવાની માગણી કરી હતી.

ભારતનું ક્રુડ ઓઈલ સાફ કરી આપવાનો વિદેશી કંપનીઓનો ઈન્કાર

નવી દિલ્હી:

ભારત સરકાર અને ત્રણ વિદેશી તેલ કંપનીઓ વચ્ચે ક્રુડ ઓઈલને શુદ્ધ કરવાના પ્રશ્ન અંગે ચાલતી વાટાઘાટોમાં મડાગાંઠ ઉભી થઈ છે.

આધારભૂત રીતે જાણવા મળે છે કે કંપનીઓએ તેમની રીફાઈનરીઓમાં ક્રુડ ઓઈલ શુદ્ધ કરી આપવાનો ઇન્કાર કર્યો છે આ માટે તેમણે એવું કારણ આપ્યું છે કે હાલમાં તેઓ જેટલો જથ્થો શુદ્ધ કરે છે કે હવે નવો જથ્થો શુદ્ધ કરી આપવાની સ્થિતિમાં તેમની રીફાઈનરીઓ નથી. જો કે આ કારણ સરકારને ગળે ઉતર્યું નથી.

અંકલેશ્વરના તેલ કુવાઓમાંથી થોડાક મહીનાઓમાં જ કાઢવામાં આવનારા ક્રુડ ઓઈલને શુદ્ધ કરવા માટે સરકારે આ કંપનીઓને જણાવ્યું હતું.

ખંભાત ખાતે જાહેર ક્ષેત્રમાં નંખાનારી રીફાઈનરીનું કામ શરૂ થતાં ત્રણ કે ચાર વર્ષ લાગવાનો સંભવ છે

ખાનગી ક્ષેત્રમાંની રીફાઈનરીઓના સંચાલકોએ સરકારને જણાવ્યું હતું કે તેઓ સોવિયેટ સંઘમાંથી આયાત કરનારો ક્રુડ ઓઈલનો જથ્થો શુદ્ધ નહિ કરે, પરંતુ ભારતમાંથી મળેલા ક્રુડ ઓઈલને શુદ્ધ કરી આપશે

તેમના વલણમાં કંપનીઓએ હવે જે ફેરો કર્યો છે તેમાંથી જાહેર ક્ષેત્રનું તેલ ઉત્પાદન કાર્ય વિલંબાશે. સરકાર આ રીફાઈનરીઓ પર દબાણ કરવાની સ્થિતિમાં નથી.

કાલ્ટેક્સ કંપનીએ પણ સ્વૈચ્છીક કાપ મુકવાની ના તો કરાર મુજબ કંપનીઓને અપાયેલ પ્રોટેક્શન હજુ પાછી વાળવાના સરકારના સૂચનનો ઇન્કાર કર્યો છે.

બર્મા શેલ અને સ્ટાન્ડર્ડ વેક્યુમ કંપનીઓ સરકારના સૂચન સાથે સંમત થઈ છે.

પેમ્બામાં તેલના કુવા!

ઝાંઝીબાર નજીકના પેમ્બા ટાપુ ઉપર તેલ નીકળવાની શક્યતા દેખાતાં ત્યાં ટાપુ ઉપર કુવા ખોદવાનું કામ આ વર્ષની આખર પહેલાં શરૂ થઈ જશે. ઝાંઝીબારની બી પી શેલ પેટ્રોલીયમ ડેવલપમેન્ટ કંપનીએ આ માટેની બધી સામગ્રી અને સાધનો ભેગા કરવા માંડ્યાં છે અને કુવા ખોદવાનું ડ્રીલીંગનું કામ ચોક્કસ રીતે ડીસેમ્બર માસમાં શરૂ થશે એમ આ કંપનીના એક મેનેજરે દારેસલામમાં જાહેર કર્યું છે.

સુરત નજીક મોટું તેલક્ષેત્ર

અંકલેશ્વર:

સુરત જીલ્લામાં કીમથી રાંદેર, અને રાંદેરથી ભગવાડાંડી, ભગવાડાંડીથી કીમ સુધીના ત્રિકોણમાં ૭૦ માઈલની તેલપટ્ટી મળી આવી છે. સુરત મોટું તેલક્ષેત્ર બનવાના અને બે માસમાં ડ્રીલીંગ કામ ચાલુ થવાના વિશ્વાસપાત્ર સાધનો દ્વારા સમાચાર મળે છે.

સુરતથી ત્રણ માઈલ સુધી પશ્ચિમે રાંદેરથી ભગવાડાંડી-ભગવાડાંડીથી કીમ-રાંદેરનાં ત્રીકોણમાં ઘણાં તેલ પેટાળો નક્કી થવાનું જાણવા મળે છે.

પ્રથમ રશીયન રીંગ સુરત ખાતે અંકલેશ્વરના કુવાઓ ખપાઈ ગયા છે અને તે અંગેનો સ્ટાફ પણ બદલાશે.

રાંદેર પાસે કે કીમ પાસે પ્રથમ કુવાનું શારકામ થવાનું નક્કી થયું છે. ખાસ કરીને પ્રથમ કુવાનું શારકામ કીમ પાસે કરવાનું નિર્ધારાઈ રહ્યું છે.

સુરતની તેલપટી અને અંકલેશ્વરની તેલપટી જુદી જુદી હોવાનું જાણવા મળે છે. પ્રથમ કુવાનું શારકામ રશિયન રીગથી થશે. અંકલેશ્વર ખાતે જે ઉંડુ ડ્રીલીંગ કરે છે તેનો કુવા નં. ૧માંથી તેલ કાઢતું હતું તે રીગ સુરત ખાતે ખસેડવાના સત્તાવાર સમાચારો જાણવા મળ્યા છે.

સુરત ખાતે એક કુવાનું કામ શરૂ કર્યા બાદ અહીં પણ ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશનની ઓફીસો અને ગોડાઉનો ચાલુ કરવાના સમાચાર જાણવા મળ્યા છે. પ્રથમ કુવાનું શુભ પરિણામ આવેથી સુરત પ્રોજેક્ટ નક્કી થવા માટેનાં એવાં અનુમાન થયા છે.

સ્વાગતની તઈયારીનું વિવરણ

(૧૧૪ પાનાનું અનુસંધાન)

તાબેદારી સ્વીકારેલી હોવાથી મન કહે તેવી વેઠ તે કરતો રહ્યો. પણ મનની શંકા અને એક અજ્ઞાત ભયને લીધે તેણે ક્યારેય નિરાંતી નહોતી સુણી. અને રાત્રી વિતિ ગઈ ને અરુણોદય થયો. એ સમયે શું દેખાયું ને શું શું બન્યું! શુકનો ઝગમગતો તારો, પારિજાતકનું ફુલ, અજ્ઞાતના આગમનથી ઉત્સાહમાં આવી ગયેલ પાંખો ફફડાવીને કલકલ કરતું ને ઉડવાની તઈયારી કરતું પંખી અને આ બધા સાથે અભેદ ભાવ અનુભવતું રમતિયાળ બાળક.

સૌનેજ આશ્ચર્ય થયું. આટ-આટલા દિવસની આ ભવ્ય તઈયારી પછી આ અતિ સામાન્ય અને નિત્ય પરિચિત વસ્તુઓ અને તેનું સ્વાગત! વિજળીનો કડકડાટ થયો નહીં, ધરતીકંપ થયો નહીં, ધુમકેતુ ઉગ્યો નથી, આકાશ પાતાળ એક નથી થયાં. પ્રભાત ઉગે છે તેમ ઉગ્યું. ફુલો ખીલે છે તેમ ખીલ્યાં. પંખીઓ પાંખ પસારીને ઉડે છે તેમ ઉડયાં. અને તો પણ અંતરના ઉંડાણમાં આશાનો સંચાર થયો. કુછ પરિવર્તન થયું છે એમ લાગ્યું. નવીન પ્રાણનો જન્મ થયો છે. અને એ બધું આજ સુધી ઉભારેલો અને સ્વાગત સરંજામ માટે કરેલી ધમાલની મદદથી નહીં પરંતુ એ કુદરત સર્જેલા જમીનદોસ્ત કરી તેથી જ બન્યું! આપણાથી કરીને કરેલી તઈયારી કશી કામ ન લાગી.

આજ કાલની આત્મ વિમુખ, જીવન દ્રોહી અને જટીલ સંસ્કૃતિ ભલે તેટલી વ્યાપક બને તોયે તેનો આખોય અંત આવવાનો છે. એને જમીનદોસ્ત કર્યા પછીજ એના કીંમતી ખાતરમાંથી નિત્ય નૂતન સંસ્કૃતિ ખીલી ઉઠશે.

ખાસ દરખાસ્ત: હિંદની અગરબત્તી
(વહાણમાં આવેલો તાજો માલ)
ક્રિસમસ અને નવા વરસ માટે આવેલો તાજો માલ અમે સહર્ષ જનતા સમક્ષ રજુ કરીએ છીએ.
અગરબત્તી-ટેબલક્લોથ-પ્લાસ્ટીક, રોલ્ડગોલ્ડ અને ચાંદીની બંગડીઓ. નવીન ઘરેણાં અને માથાની પીનો, ટીકડીઓ, હાથીદાંત, ટીક અને આતર, મુરાદાબાદી વાસણો અને ફેન્સી ગુડઝ.
ટ્રેડરો અને ફેરીઆ માટે અમે ખાસ ભાવ રાખીએ છીએ અને ખાસ ધ્યાન પણ આપીએ છીએ. આપ જ્યારે આવતે વખતે ડરબન આવો ત્યારે અમારી મુલાકાત લ્યો.
એ. કે. હુસેન એન્ડ સન્સ
હોલસેલ ઇમ્પોર્ટર્સ અને હોલસેલ મરચન્ટસ
૧૧૬ ક્વીન સ્ટ્રીટ, — (હુસેન બીલ્ડીંગ) — ફોન ૬૭૭૩૦ — ડરબન.
અમારૂં પ્રાઈસ લીસ્ટ મંગાવો.

બોધ કથા

સ્વાગતની તૈયારી

લેખક : સ્વ. રવિન્દ્રનાથ ટાગોર

તૈયારીની ધમાલ મચી રહી છે. એ તૈયારી શાને માટે છે એનો શાંતિથી વિચાર કરવા જેટલી પણ નવરાશ નથી. કામની આ ધમાલ વચ્ચે પણ મેં મનને પૂછ્યું: 'કોણ આવવાનું છે કે શું!'

મન બોલ્યું 'અરે! ચુપ રહે. મારે જગ્યાનો કબજો લેવાનો છે. માલ સામાનની વ્યવસ્થા કરવાની છે. મોટું મકાન બાંધવાનું છે એવા સમયે નકામા પ્રશ્ન પૂછીને ખોટો ન કરાવીશ.'

મેં ચૂપચાપ મારું કામ કરવા માંડ્યું. વિચાર આવ્યો કે જગ્યાનો કબજો મળશે, સામાન સુમનની વ્યવસ્થા થઈ જશે, મકાન પણ બંધાઈ જશે પછી કદાચ ઉત્તરનો જવાબ મળશે.

જગ્યા ખુબ મળી, સામાન પણ ઠીક ઠીક ભેગો થયો. ઇમારતના સાત માળની વ્યવસ્થા થઈ ગઈ. ત્યારે મેં મનને પુછ્યું "હવે તો મારા પ્રશ્નનો ઉત્તર આપ."

મન બોલ્યું "સબુર કર એ વખત જ નથી."

મેં પુછ્યું "હજી બીજી જગ્યા જોઈએ છે? બીજું મકાન જોઈશે? હજી બીજો સામાન જોઈશે?"

મન બોલ્યું "હા, જોઈશે જોઈશે."

મેં પુછ્યું હજી આ પુરતું નથી?

મન બોલ્યું: "આટલામાં શું સમાય?"

મેં પુછ્યું, "શું સમાવવાનું છે? કોણ આવવાનું છે?"

મન બોલ્યું 'એ વાત પછી કરીશું.'

તો પણ મેં પુછ્યું "તે બહુ મોટો હશે ખરું ને?"

મને જવાબ આવ્યો "ખરું છે તે બહુ જ મોટો છે."

આટલી મોટી જગ્યા, આવડી મોટી વિશાળ ઇમારત એ પણ તેને આવરી નહીં લે કેવું! આમ ભમતાં ભમતાં મેં ફરી કામ શરૂ કર્યું. દિવસ ને રાત કામ ને કામ. ખાવા પીવાનું ને રાતે ઊંઘવાનું પણ બંધ થયું. જે જુએ તે ચકિત થઈ જાય, વાહવા કરે ને કહે "જોયો [illegible] છે!"

કોણ જાણે કેમ, પણ કોઈવાર એવી શંકા થાય કે આ ગર્વ મનને કશી ખબર જ નહીં હોય અને એથી જ કામનું બહાનું કાઢીને જવાબ આપવાની ટાળાટાળ કરે છે. કદી કદી એવી ઇચ્છા થાય છે કે બધું કામ બંધ કરીને કાન માંડીને સાંભળું કે રસ્તા પરથી કોઈ આવતું તો નથી ને? એવી પણ ઇચ્છા થાય છે કે, હવે ઇમારત બાંધવાની જંજાળમાં પડવાને બદલે રસ્તા ઉપર દીવો કરું અને સામાનસુમનની ઢગલે કરવાને બદલે ફુલો કરમાઈ જાય એ પહેલાં એકાદ સુંદર હાર ગૂંથી રાખું.

પરંતુ એવું કશું કરવાની હિંમત ન ચાલે કારણ કે મારો મુખ્ય કારભારી છે મારું મન એ રાત દિવસ હાથમાં વજનનો કાંટો અને ફુટપટ્ટી લઈને તોળવું ને લંબાઈ પહોળાઈ માપ કાઢીને "હજી બીજું જોઈશે સમાશે નહીં" એમ બોલ્યા જ કરે છે.

"કેમ નહીં સમાય?"

"એ ખૂબ ખૂબ મોટો છે ને, એટલે નહીં સમાય."

"પણ શું એવડો મોટો છે કોણ?"

કોઈવાર હું એને પકડીને બેસું છું ને કહું છું "આવી ટાળાટાળ નહીં ચાલે. કોઈપણ કહેવું જ પડશે."

ત્યારે એ નીચલો ભાવ લે છે અને ગુસ્સે થઈને કહે છે: "જવાબ આપીએ એટલે શું? એનું કંઈ કામ નથી, એનું નામ નિશાન નથી, એનો અર્થ સમજવો મુશ્કેલ છે, એવાની વાત આગળ કરીને તું મારું કામ બગાડી મૂકે છે. પણ જરા મારી સુવિધાઓ તરફ જો કેટલી અડચણો, કેટલા લાભ હાનિ, કેટલા હિસાબ, વાદવિવાદ, પારકીઓ, ભાલા, તલવાર ને સીપાઈઓની ભેગી ભરમાર મચી રહી છે એ તો જો. કડિયા સુથાર ને મજુર, ચુનો ને લાકડાંથી પગ મૂકવા જેટલી પણ જગ્યા રહેવા નથી દીધી. કંઈ અંદાજ કાઢવાને માટે જગા નથી વિચારવાનો માર્ગ. એ બધા તરફ દુર્લક્ષ કરીને વારંવાર એકનો એક પ્રશ્ન શા માટે પુછ્યા કરે છે?"

આ બધું સાંભળવા પછી લાગ્યું કે મનની વાત સાચી છે, તુરત ચુપ થઈ ફરી ટોપલીઓ ભરી ભરીને ઈંટો લાવવા લાગ્યો અને રેતીને સીમેન્ટ આણવાના કામ પર મંડી પડ્યો.

(૨)

એમ દિવસો પસાર થયા. મારાં જીવન ઝુમખાં ક્ષિતિજની પાર પહોંચ્યાં. ઇમારતનો પાંચમો માળ પૂરો થયો ને છઠ્ઠો ચણાય છે. એવામાં એક દિવસ આકાશમાં વાદળાં ચડી આવ્યાં. કાળાં વાદળાંઓ સફેદ દેખાવા લાગ્યાં. કૈલાસ શિખર પરથી ભૈરવ રાગમાં ડુંડીનો પવન સૂસવાટ વાવા લાગ્યો. માનસ સરોવરમાંના કમળ કુટીની સુગંધે દિવસ રાત્રીના સમયો મસ્ત બનાવી મૂક્યો. ઉપર નજર કરતાં જ દેખાયું કે મારી છ માળની ઇમારતના શિખર તરફ એવું આકાશ હસી રહ્યું છે.

મારી વ્યાકુળતા જોઈ પછી એ જે કંઈ મળે તેને પુછવા લાગી "અહો! આજે શા નગારખાના પર નોબત વાગે છે કહો જોઈ."

મને જવાબ મળતો "રસ્તો છોડ, આમારે કામ છે."

માથા પર ઓગરાની કળીઓની માળા બાંધીને એક માળી માળુસ રસ્તાની બાજુ પરના બાગને અઢેલીને બેઠો હતો. એકાએક તે બોલી ઉઠ્યો "સવારી આવતી લાગે છે"

હું શું સમજતો કે સમજાવત નહીં; પણ મેં પુછ્યું "ત્યારે હવે વાર નહીં લાગે?"

તે હસીને બોલ્યો "ના, આવી જ સમજો"

તરત હું દોડ્યો અને મનને કહ્યું "હવે કામ બંધ કરો."

મન બોલ્યું "એમ કેમ થાય, શોભા ઓછી આવશે"

મેં કહ્યું "કહેવા દો."

મન પુછવા લાગ્યું "તને [illegible] શું? કંઈ ખબર મળી છે?"

મેં કહ્યું "હા, ખબર મળી છે."

"શાની ખબર?"

પ્રશ્ન મુઝવનારો હતો. સ્પષ્ટ કહેવા જેવું કંઈ હતું નહીં. પણ ખબર તો મળી જ હતી માનસ સરોવરના કાંઠા પરથી પ્રભાતને પગે હંસનાં ટોળાં ને ટોળાં આવી પહોંચ્યાં.

મન કંઈક ફુલાવતું બોલ્યું "પણ વિરાટ રથનું છત્ર અને એની ભવ્ય સવારી ક્યાં છે? કશું જ દેખાતું નથી કે સંભળાતું પણ નથી"

જોત જોતામાં આકાશ ઝાંખું થયું. સોનેરી પ્રભાતથી ચારે દિશા ઝળકી ઉઠી, કશોકથી સ્વર સંભળાયો "દુત આવ્યો."

જમીન પર માથું ટેકવીને દુતને ઉદ્દેશીને મેં પૂછ્યું "આવ્યા લાગે છે?"

ચારે દિશામાંથી સ્વર ગુંજી ઉઠ્યો "હા, આવ્યા."

મનની ધમાલ મચી રહી. "હવે શું કરવું! મારી છ માળની ઇમારત તો અધુરી પડી છે અને સામાન સરંજામ તો હજી આવ્યો નથી."

જવાબ મળ્યો "તોડી નાંખો, એ છ માળની ઇમારતને તોડી નાંખો."

મન વ્યાકુળ થઈને બોલ્યું "કેમ?"

જવાબ મળ્યો "સ્વાગતનો સમારંભ છે. તારી એવી ઇમારત તો રસ્તો રોકીને પડી છે."

મન સ્તબ્ધ થઈ ગયું.

વળી અવાજ આવ્યો "ખસેડ તારો ભેગો સાજ સરંજામ ને રસ્તો મોકળો કર."

મને પૂછ્યું "કેમ?"

"તારા એ સરંજામને લીધે રસ્તામાં ક્યાંય જગ્યા નથી રહી ને નકામી ભરતી કરી છે."

હવે, કામના દિવસોમાં બેઠા બેઠા છ માળની ઇમારત ઊભી કરી હવે છુટીના દિવસમાં એક એક કરીને છએ છ માળ ધુળમાં મેળવી દેવા પડે છે. કામના દિવસોમાં બજારમાં રખડી રખડી સાજ સરંજામ લાવીને ભેગો કર્યો. હવે છુટીના દિવસમાં તમામ સામાન નાંખી દેવો પડશે.

પણ છે ક્યાં પેલો વિરાટ રથ અને એની એ સવારી? મન ચારે દિશા તરફ જોવા લાગ્યું.

એને શું દેખાયું હશે?

શરદ ઋતુની પાછલી રાતનો શુક્ર તારાનો પ્રકાશ.

બસ એટલું જ?

હા, એટલું જ. અને તેને દેખાયાં પારિજાતકના ફુલ."

ફક્ત એટલું જ?

હા એટલું જ અને તેને દેખાયું પ્રભાતમાં પાંખો પ્રસારીને કલરવ કરતું પક્ષી.

અને બીજું શું?

એક બાળક માના ખોળામાંથી ઉતરીને ઘુંટણીયા તાણતું ને ખીલ ખીલ હસતું બાળક પ્રકાશમાં રમવા નીકળી પડ્યું.

એના આવવા વિષે શું વાત કરતો હતો તે આના વિષેજ કે?

હા. એનેજ માટે રોજ સરંજામ થાય છે અને પ્રભાતનું આગમન થાય છે.

આવડી મોટી જગ્યા શાને જ માટે જોઈતી હતી કે?

હા. હા. તારા રાજાને માટે જોઈએ સાત માળની ઇમારત, તારા પ્રભુને માટે જોઈએ ઘર ભરીને સાજ સરંજામ પણ આને માટે તો છે આખું આકાશ અને આખી પૃથ્વી.

અને એવો વિરાટ?

તે એમાં જ, એટલામાં જ સમાયેલો હોય છે.

પણ આ બાળક તને શાનું વરદાન આપશે?

અરે! એ બાળક પોતે જ વિધાતાના વરદાનરૂપે આવ્યું છે. આશા બનીને, અભય અને આનંદ બનીને આવ્યું છે, તેના અદ્રશ્ય ભાથામાં છુપાયું હોય છે બ્રહ્માંડ. તેના હૃદયમાં ભરી હોય છે અમોઘ શક્તિ.

મન મને પુછવા લાગ્યું: "એ કવિ! કંઈ દેખાય છે કે?"

મેં કહ્યું "એથી જ તો છુટી લીધી છે આટલા દિવસ વખત જ નહોતો. એટલે જ દેખી શકતો નહોતો અને જોઈ પણ નહોતો શકતો!"

ઘરમાં હંમેશ નજરે ટંગાવવા લાયક સુવાક્ય. "મનને બોધ" સ્વ. કીશોરલાલ મશરૂવાળાનું પુસ્તક સુંદર જાડા કાગળ પર બે રંગમાં છપાયું છે. ખાસ કિંમત શી. ૧-૦ પોસ્ટેજ ૩ પેની.

'Indian Opinion'
P. Bag, Durban, Natal.

વિવિધ વર્તમાન

ભુખે મરતા કોંગોલીઓ

ન્યુયોર્ક: રાષ્ટ્રસંસ્થાની અંદાજપત્ર સમિતિને કોંગોના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, અમારા લાખો દેશબંધુઓ ભૂખે મરે છે. તેમના માટે રાષ્ટ્રસંસ્થા શું કરવા માગે છે તે અમને વહેલી તકે જણાવો, નહિ તો અમારી સરકારને મદદ માટે બીજે કોઈક અપીલ કરવી પડશે. જો રાષ્ટ્રસંસ્થા મદદ ન કરી શકે તો તેણે તેમ કહેવું જોઈએ. અમારે ઉતાવળની જરૂર છે.

કોંગોની કામગીરી માટે રાષ્ટ્રસંસ્થાને ઓછામાં ઓછી ૧૨ કરોડ ડોલરની રકમ આ વર્ષે કેમ ઊભી કરવી તેની આ સમિતી વિચારણા કરતી હતી ત્યારે કોંગો સરકારના પ્રતિનિધિએ સહાયની માગણી કરી હતી.

સામ્યવાદી જુથે તેમજ ફ્રાંસે કોંગો ખાતેના ખર્ચમાં હિસ્સો આપવાનો ઇન્કાર કર્યો છે. દક્ષિણ અમેરિકી રાજ્યોએ મહાસત્તાઓને આ ખર્ચનો મોટો હિસ્સો આપવા સૂચવ્યું છે.

કાનુ અને કાડુને સમજી જવા માટે થતી અપીલ

કેન્યાટાને છોડવામાં નહિ આવે ત્યાં સુધી ધારાસભામાં બેસીશું નહિ એવી આફ્રિકન લોકોના ધારાસભ્યોએ ચુંટણી વખતે જે ધમકી આપી હતી તે ધમકી હવે તેમને ભારે પડે તેમ લાગે છે. કારણ જો એ આફ્રિકન ધારાસભ્યો ધારાસભામાં નહિ બેસે તો અને બોયકોટ ચાલુ રાખશે તો ધારાસભાની બંધારણના કાયદા મુજબ તેમણે પોતાની જગ્યા ગુમાવવી પડશે. કારણ કાયદામાં જણાવેલું છે કે જો કોઈ લોકલ સભ્ય, આ નેશનલ મેમ્બર કે નોમીનેટેડ મેમ્બર કાઉન્સીલની સતત આઠ બેઠકમાં ગેરહાજર રહે તો તે કાઉન્સીલમાંની પોતાની જગ્યા ગુમાવે અને એ ધારાસભ્યનો પગાર પણ આપોઆપ બંધ થઈ જાય.

ત્યારે નેશનલ સીટ મેળવનાર મિ. બ્લન્ડેલ [illegible] કાનુ અને કાડુ બન્ને પાર્ટીઓને અરજ કરી છે કે તમે બન્ને એક થઈ જાવ અને નવી સરકાર રચો. જો તેમ નહિ કરો તો ગવર્નર પોતાની સત્તા વાપરી સરકાર રચશે. અને તેમાં નવા સરકારના પ્રધાનો અને હા જી હા કરનારા જ ઘુસી જશે.

અમેરીકા અને સોવીયેટ આફ્રિકાને કેવી મદદ કરે છે!

આફ્રિકાની હાલ [illegible] અમેરીકા અને સોવીયેટ જે હરીફાઈ કરી રહેલ છે તે બાબતમાં મી. [illegible] નીગ્રો મેરીસ્ટર જે આફ્રિકામાં ૨૫ હજાર માઈલની મુસાફરી કરી ફરી આવ્યા ત્યારે [illegible] આવેલ છે તેણે ઓન્ટેરીઓ ખાતે આફ્રિકા સ્ટુડન્ટસ ફાઉન્ડેશન તરફથી યોજાયેલી મીટીંગમાં બોલતાં જણાવ્યું હતું કે આફ્રિકામાં મેં મારી જીંદગીમાં ના જોયા હોય એટલા રોગચાળો. આફ્રિકાની ખાસ જરૂર આર્થિક મદદની અને એટલીજ જરૂર તેને [illegible] યુદ્ધમાંથી બચાવ [illegible] છે. ભૂખ અને બેકારીમાંથી બચાવવા પૈસાની જરૂર છે. સોવીયેટ અને અમેરીકા બન્ને આફ્રિકાને મદદ કરે છે. સોવીયેટ ટેકનીશીયનો મોકલે છે. જે તેમની ભાષા જાણે તેવા લોકોના દલ ભરતી થયા છે ત્યારે અમેરીકાએ લશ્કર આપ્યું ને તેવું એવું લોકોને સંભાળવા મોકલ્યા.

કેન્યાટાની મુક્તિ વિરુદ્ધ વિલાયતમાં શરૂ થયેલ ચળવળ

કેન્યાટાની મુક્તિનો વિરોધ કરવા બ્રીટનમાં આંદોલન શરૂ થયું છે અને પ્રથમ પગલાં તરીકે તેની મુક્તિનો વિરોધ કરતી આખા પાનાની જાહેર ખબર લંડન ટાઇમ્સમાં પ્રગટ થઈ છે જેનો ખર્ચ રૂ. ૩૦,૦૦૦ જેટલો છે.

આ પ્રચારકાર્ય "ન્યુ કેન્યા" નામના ગ્રુપે શરૂ કર્યું છે અને ઉપર જેવી જાહેર ખબર બીજાં અખબારોમાં પણ છપાઈ છે. અખબાર કહે છે કે પ્રચાર માટે તેને નાણાંની પુરતા પ્રમાણમાં મળતી રહે છે.

આ કાર્યની પાછળ રહેલી વ્યક્તિઓ કહે છે કે કેન્યાટાને મુક્તિ ન મળે તે બ્રીટનમાં અને કેનીયામાં પણ ઘણાઓ ઇચ્છે છે અને તેમની તરફથી તેમને સહકાર અને પ્રોત્સાહન મળી રહેલ છે.

આ જાહેર ખબરમાં કેન્યાટાને મુક્ત ન કરવાના કારણો વિગતવાર રજુ કરવામાં આવેલ છે. આ લેખમાં કહેવામાં આવ્યું છે કે કેન્યાટા મુક્ત થશે એટલે તેને મુખ્ય મંત્રી બનાવવાનું આંદોલન થશે અને તેમાં સફળતા મળે તો વસાહત ખાતાને નીચું જોવા જેવું થાય તેથી તેને મુક્ત જ ન કરવા જેથી એવું નીચે જોવાપણું ઊભું જ થાય નહિ.

પાકીસ્તાનમાં ભીષણ હોનારત

પૂર્વ પાકીસ્તાનના ચાર જીલ્લામાં વળી પાછું વાવાઝોડું અને ભારે તુફાન થયું છે, લગભગ એક હજાર મકાનો તારાજ થઈ ગયાં છે અને ૨૦૦ માણસો મૃત્યુ પામ્યાં છે.

ઢાકાથી ૨૦ માઈલ દુર એક રાત્રે દેવળમાં પ્રાર્થના પુરી થઈ હતી તેટલામાં વાવાઝોડાના પવનથી દેવળનું છાપરું ઉડી ગયું અને દિવાલો તુટી પડી ત્યારે ૧૦૦ માણસો કાટમાળમાં દબાઈ ગયા જેમાંથી ૩૧ માણસો મૃત્યુ પામ્યા.

પૂર્વ પાકીસ્તાનના ગવર્નર અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ રહ્યા છે અને અંગત રીતે રાહતનું કાર્ય જોઈ રહ્યા છે. સ્થાનિક પંચાયતના સભ્યો પણ રાહત કાર્યમાં પડી ગયા છે અને મુખ્ય અધિકારીને [illegible] દિલસોજીનો સંદેશો પાઠવ્યો છે.

ગેરકાયદે પ્રવેશ સામે સીલોન સરકારનું પગલું

Dr Abid Husain in "The Way of Gandhi and Nehru" (Asia Publishing House, London and Bombay), the second edition of which has just appeared deals with the way these two men faced the sad realities of India in the last decades of British rule. In many ways Gandhi and Nehru, though they were always the greatest of friends, and though Gandhi himself regarded Nehru as his "political heir", had widely different, even conflicting, views on life. Yet above their differences the one was a necessary complement of the other—and Dr Husain shows that in their actions they eliminated many of their differences in personal philosophy. While Nehru all his life rejected belief in God and found little utility in religion he believed in an ethical approach which he tried to live up to in every facet of his political and personal life. At the same time Gandhi, though deeply religious, leader of a religious reform movement, tolerated other religions beside the Hindu and gave overriding importance to following moral precepts. Also in his political and social programme Gandhi knew full well that perfection could not be attained in this world and made constructive suggestions which were still comprehensible in (though not always in agreement with) Nehru's terms.

Very often Gandhi and Nehru arrived at the same point from totally different directions. Both saw that the relationship between towns and villages would be one of the main problems of independent India trying to form a new society—as indeed it is in many other African and Asian societies where economic attractions are luring large numbers of people off the land towards the growing cities.

"I want to reconstitute the villages of India," said Gandhi in 1937, "today our villages have become a mere appendage to the cities. They exist as it were, to be exploited by the latter and depend on the latter's sufferance. This is unnatural. It is only when the cities realise the duty of making an adequate return to the villages for the strength and sustenance which they derive from them instead of selfishly exploiting them, that a healthy and moral relationship between the two will spring up."

Nehru agreed with this. He too thinks that the village is the basis of Indian society and in the Third Five Year Plan more emphasis than ever is being put on the development of village community projects. He believes that the decline in village life in the West has been disastrous.

"The earth and the sun are the sources of life and if we keep away from them for long, life begins to ebb away. Modern industrialised communities have lost touch with the soil and do not experience that joy which nature gives and the rich glow of health which comes from contact with mother earth—A saner and more balanced [illegible] would lead to an improvement of these conditions."

But undoubtedly the crowning gift to civilisation of modern India is Gandhi's doctrine of Satyagraha or non-violence. To Gandhi this was the motive of life: the search for truth through love could be translated into material political and social terms only by non-violence. For him it was not a political strategy—as it was for many of his followers who practised with him—but it came from the very soul of man. True non-violent action must come from non-violent thought. The effect was to be through the conscience and sensibility of the others. "It is never the intention of the Satyagrahi to embarrass the wrong-doer. The appeal is never to his fear. It must be and is always to his heart. The Satyagrahi's object is to convert, not to coerce the wrong doer."

Nehru however, was a practical man—a politician who had to adapt every decision to the give and take of politics. He took for his [illegible] Gandhi's words on compromise—"a principle is the expression of perfection and as imperfect beings like us cannot practise perfection we devise every moment limits of its expression in practice". The policy of Nehru, and India with him, has been profoundly affected by the idea of non-violence. But Nehru has had to promise "non-violence whenever possible". In spite of this Dr. Husain says that Indian foreign policy has been so infused with the love of peace and the spirit of non-violence that Gandhi, if he were alive today, would have no hesitation in endorsing it.

The point of this book is that the way of Gandhi and Nehru's is truly one way. In spite of the immense difference between these two men, it is essentially one of temperament—that between a [illegible] and a [illegible]. The influence of Gandhi for good is something which has been given to mankind very rarely in his long history.

Today the active non-violence of Gandhi has become the dynamic neutrality of Nehru and all the others who claim neutrality for themselves must look to Gandhi too.—Swiss Press Review and News Report.

WATCHES, Gents models—25 Jewels waterproof, shockproof antimagnetic, unbreakable mainspring fitted with matching metal expansion straps—price 45/6 As above, but 21 Jewels—39/6 As above, but 17 Jewels—[illegible]/6. As above but with self-changing calendar, 17 Jewels—50/6. Also 21 Jewels Calendar—56/6. Other models from 29/6

LADIES models—[illegible] Jewels, unbreakable mainspring, fitted with magnificent matching expansion bracelets—55/6 As above, but 17 Jewels—47/6

A. 1 AGENCIES, First Floor, No 104/105 His Majesty's Building, Eloff Street, or P O Box 5279 Johannesburg

Stocks limited, order immediately

Cable & Tel. Add. HARGVAN Phone 29368

P. Hargovan & Co.
(Pty.) Ltd.

Received Shipment of Genuine Fireworks "Kwong Man Lung" Brand, Order Your Requirements Now.

Imported Screw Cap Neck 5½" Diameter Mouth Pickle Jars

½ Gallon 95c each F.O.R. DURBAN
1 " R1-25 " " "
2 " R2.00 " " "
3 " R3 50 " " "
4 " R4 50 " " "

PACKING EXTRA. CASH WITH ORDER ONLY.

155-7 WARWICK AVENUE,
P.O. BOX 1250. • DURBAN.

BOWING TO CHAIR

MUSLIM RAISES OBJECTIONS

("Indian Opinion" India Service)

NEW DELHI (By Mail)-The Praja Socialist member from Assam, Mr. Amjad Ali, told the Lok Sabha that Muslim members of the House may have some religious or conscientious objection to bow to the Chair while entering the House or leaving it.

Mr. Amjad Ali added: "What I mean is that we Muslims bow only to God and none else."

He, however, found himself in the minority of one in a "surprised" House, with Hafiz Mohammed Ibrahim, Minister for Irrigation and Power, and Mohammed Elias (Com.) stating that bowing to the Chair was an indication of due courtesy and it had nothing to do with bowing in prayer before God.

Mr. Mahavir Tyagi said amidst cheers: "This bowing to the Chair is not in terms of prayer but only showing ordinary courtesy. Muslims are the most courteous in wishing other people in salutation. All the Muslims I know observe this practice in greeting which is a sign of culture and respect. It has nothing in it that goes against anyone's religion."

The Speaker, Mr. Ananthasayanam Iyengar, who had earlier asked members to show due respect to the Chair by observing the parliamentary convention of bowing to the Chair while entering the House and leaving it, said: "So far as this matter is concerned, there is absolute freedom of religion in this House. If he (Mr. Amjad Ali) thinks that he has got a conscientious objection to bowing, let him not bow. It is not for me to say what he should do. I leave it to him and leave it to every member. Subject to religious scruples, all observances shall be respected here. We must abide by the rules."

Mr. R. R. Morarka said: "The Hon'ble Member (Mr. Amjad Ali) has been in the House for nine years. Why has he raised this question only today?"

Mr. Amjad Ali made no reply.

Japanese Premier To Visit India

NEW DELHI (By Mail)-Prime Minister Ikeda of Japan has accepted an invitation from the Indian Government to pay a visit to India and it is expected that the visit will come off some time late this year or early in 1962.

A formal invitation on behalf of the Indian Government was extended to Mr. Ikeda by the Indian Ambassador, Mr. Lalji Mehrotra who called on the Japanese leader. Mr. Ikeda told Mr. Mehrotra that he accepted the invitation with pleasure and that he would indicate the time of his visit at a later date.

Mr. Ikeda is expected to visit the United States to meet President Kennedy sometime next June. It is expected that if the United States visit comes off as planned, he would be visiting India in the winter of this year. However, if for some reason his visit to the United States is delayed to a later date this year, it is felt that his Indian visit would come off next year.

The Japanese Premier, it is understood, does not want to visit India at the same time as his visit to the United States because this would give the impression that he is just stopping off on his way home from the American visit. He does not want to do this but wants to pay a separate visit to India.

Gandhi's Views On Industrialism

(*Continued from page 122*)

of consideration for our neighbours. If we have no love for our neighbours, no change, however revolutionary, can do us any good.

—*Young India, 7.10-26*

I would destroy that system today, if I had the power. I would use the most deadly weapons, if I believed that they would destroy it.

I refrain only because the use of such weapons would only perpetuate the system though it may destroy its present administrators.

SAYINGS OF TOLSTOY

What kind of government there will be I do not and cannot know; I only know that nothing evil can result from following the higher guidance of wisdom and love, as was love implanted in me.

Latest News Of Roopanand's Arrivals

THE MY MAGAZINE OF INDIA Tamil film stars story (text) ... 1 6
WEEKLY OF INDIA The pictures you long to see of to-day ... 2 0
PESUN PADAM & KALAIYA you will be proud to buy ... 3 0
FILM FARE A magazine-stars from heaven to earth ... 3 6
INDIAN INFORMATION You will be wise to read and see ... 2 0
THE MARCH OF INDIA Its vast future ... 4 6
THE INDIAN ANNUAL Year by year India progress ... 7 0
PICTURE POST All about the South Indian film in market you see ... 0 6
FASHION FOR FUTURE INDIAN WOMAN Style, Blouse and Jumper Choli Pattern Book, Easy Diagram to cut and make your own at pattern designs ... 4 0
ROOPANAND'S FESTIVAL CALENDAR for 1961 Interestingly [illegible] ... 2 0
DAILY DIARY in Hindi and English with every good wishes ... 3 0
KASI HINDI PANCHANGS Bombay ... 7 9
VISSWANATH and SHIV PANCHANGS ... 7 0
HAWAN SAMAGRI Pure best arranged from Holy Land of India ... 3 0
THARI LOTAS Real Indian design made in India per ... 45 0
BIJIAL STANDS FOR BOOKS Ramayan and [illegible] and Holy Scriptures ... each 15 0
RUDRAKSH MALA and many others 4/6, 5/6, 10/6, 12/6, 25/-

MURTHI'S OF ALL DESCRIPTIONS, Marble, Bronze, Silver Gilt and Golden ... 7/6, 10/-, 12/-, 25 0
KHASTAIL [illegible] ... 25 7
DHOLAKS for qawwali, weddings, Holi Bajan ... £8 10 0
THUBLA & DOGGIE for all occasions ... £8 10 0
HARMONIUM best make Reed Flute ... £15 10 0
PORTABLE HARMONIUM for the [illegible] ... £25 10 0
Dinner Service. Finest of all designs ... 2/6, 4/6, 8/6
Side Playing ... 15/-, 25/- and 30/6

FAMOUS PUBLICATION IN BOOKS

HOUDINI, the greatest magician and his works detailed ... 26 0
MY INDIA a book of grand people with dignity ... 24 0
YOGA for health. A stand on it you will have with this book ... 26 0
AKBAR AND BIRBAL STORY now told in English ... 2 9
HATIM THAI a story book believe it or not ... 10 0
BEHOLD THE EARTH MOURNS can you believe it ... 12 6
"INDIAN DELIGHTS" the Indian women's gift ... 19 0
CURSE OF INDIA what a spite, tears ... 7 0
RAMAYANS for boys and girls, men and women 2/6, 10/6, 11/6
MODERN MARRIAGE a book for every young man and woman ... 14 9
INDIANS IN NATAL by Dr. Hilda Kuper ... 30 0

FOR THE LATEST FILM RECORDS OF ALL YOUR FAVOURITE TUNES TRY US FIRST
WE CARRY THE LARGEST STOCKS OF LOCAL RECORDS, AND FROM INDIA
BOOKS OF ALL SORTS, INDIAN, ANCIENT, HISTORICAL, ARE SOLD BY US

D. Roopanand Bros.

PHONE 20707 — MUSIC SALOON & BOOKSELLERS — P.O. BOX 2524
85 Victoria Street, DURBAN

Full Text Of Nehru's Views On Union's Exit

(Continued from front page)

with a measure of courtesy and decency, well, it brought relief. It is a relief and we are glad it is over and settled.

Question. On that point, could you tell us what you feel the effect will be on the Commonwealth?

Dynamic Thing

Answer: I have no doubt whatever that the effect will be to strengthen the Commonwealth in every way. Certainly, in talking about Asia and Africa the general feelings will be in favour of the Commonwealth and many people who criticise the Commonwealth for such things that have been happening in South Africa will not be able to do that any more. The Commonwealth is a dynamic thing which can ultimately face even difficult problems like this.

Question: Do you envisage a possible return of South Africa to the Commonwealth should there be a change in the Government's attitude to make this return possible?

Answer: It would be a good thing if changes occurred to enable South Africa to return. We have no grudge against the country as such or the people in South Africa but the policies which were pursued as definite official policies, we think, were very bad, and in fact completely out of date with the modern world. They have no relation with the modern world. They can only create conflict. Now if there was a turn in a different direction... in what particular way or detail I can't say that.

Question: Would you say the issue of South Africa is now settled so far as the Commonwealth is concerned or will you work for a joint or common attitude of individual members of the Commonwealth towards South Africa?

Answer: I cannot say that. As a Commonwealth issue it is settled; it is not an ever present issue. I do not know what shape it might take in the future. The matter may come up, but otherwise, it was an ever-present issue, an ever-present irritation and conflict. That will not occur. I suppose your question is about separate relations?

Question: About various bilateral agreements.

Answer: Certainly that is a matter for each country. I might tell you that as it happens, it is almost exactly 50 years ago this year that Mr. Gandhi started his campaign in South Africa on this issue. But, of course, that was confined then to the treatment of people of Indian descent in South Africa, that is South African nationals of Indian descent. In 1911 he started that; it is a long time ago, and it took various shapes, and then it became merged rather into the larger issue of the racial policy as regards non-whites. The African issue came up. Every year since 1946 we have put forward a resolution in the United Nations on this issue and we are continuing the issue in this way, and what is more, the United Nations has passed it by a two-thirds majority. It has had no effect.

The Impact Of Tolstoy On Gandhi

(Continued from page 124)

regarded all schemes for the amelioration of the poverty of the masses by the philanthropy of the rich, while they themselves shirked body labour and continued to live a life of luxury and ease, as hypocrisy and a sham. If men only get off the back of the poor, he said, much of the so-called philanthropy would be rendered unnecessary. And with Tolstoy to believe was to act. So, in the afternoon of his life, renouncing his life of luxury and ease, he took to a life of toil and hard labour. He took to boot-making and farming, at which he worked hard for full eight hours a day. But his body labour did not blunt his intellect. On the contrary, it rendered his intellect all the more keen and resplendent. It was in this period of his life that he wrote his most vigorous book 'What is Art', in the intervals saved from the practice of his self-chosen vocation.

DRY RED CHILLIES

Dry Red Chillies and ground Chillie powder at market price always available.
Garlic 25lb pocket at 6c lb
Also Africans' long handle brooms R.2·60 per dozen
CASH WITH ORDER
Write to
MAARMANS (Pty) Ltd.
Box 26. Phone 128.
BRITS. Transvaal.

Books For Sale

Sixty Years After (Natesan)	15c
Public Finance	100
Eminent Americans	75c
Bapu's Letters To Ashram Sisters —By Kaka Kalelkar	25c
Gandhi Technique in the Modern World —By Pyarelal	15c
Why Prohibition—J. C. Kumarappa	100
My Dear Child—Gandhiji	38c
My Religion—Gandhiji	50c
Story Of The Bible—S. K. George	85c
Key to Health—Gandhi	15c
At the Feet of Bapu—Chandrala	85c
Preparation For Science—R. B. Gregg	25c
Bapu My Mother—Manubehn	15c
Nature Cure	20c
Diet and Diet Reform—Gandhiji	50c
Gleanings—Mira	15c
Selections from Gandhi—N. Bose	R1.00
Bhoodan Yajna	20c
An Atheist With Gandhi—Gora G. Rao	20c
A Gandhi Anthology (Book I)—V. G. Desai	15c
Gandhian Ethics—Benoy Gopal Ray	15c

Obtainable From:

"Indian Opinion"
P. Bag, Durban, Natal.

BOOKS FOR SALE

THE DELIVERANCE (A picture of the palpitating life of the poor family)	45c
INDIAN STATES' PROBLEM (Gandhiji's Writings and Utterances)—M. K. Gandhi	R1,00
FOUNDATIONS OF PEACE (Critical study of the conditions which precipitated two world wars—K. T. Shah	R1.50
A SURVEY OF RACE RELATIONS (1954-64)	50c
A PROPHET OF THE PEOPLE —T. L. Vaswani	35c
KRISHNA STORIES —T. L. Vaswani	75c
A VISION OF FUTURE INDIA—K. G. Mashruwala	20c
SOVIET ATTITUDE TOWARDS CHINA Facts And Fears—Stanley Powell	50c
AMONG THE GREAT (Conversation with Romain Rolland, Mahatma Gandhi, Bertrand Russell, Rabindranath Tagore and Sri Aurobindo)—Dilip Kumar Roy	R2.30
TWO HISTORICAL TRIALS IN RED FORT —An account of the trial of the Officers of the I. N. A.	R1,40
WHY CRIPPS FAILED (Documented account from the Indian Nationalist point of view)—M. Subrahmanyan	25c
FAMOUS PARSIS	75c
COMMUNAL UNITY—M. K. Gandhi	R2.50
INDIAN CHRISTIANS —G. A. Natesan	75c
SEVEN MONTHS WITH GANDHI —Krishnadas	R1,25

Obtainable from:

'Indian Opinion,'
P.Bag, Durban, Natal.

fifty years ago...

April 1911

Asiatic Registration

Supreme Court Decision

(From The Indian Opinion, April 29, 1911)

IN the Transvaal Provincial Division of the Supreme Court on the 20th inst., before Sir Wm. Smith and Mr. Justice Mason, the case of Rex v. Abdullah was brought up for argument and review.

Mr Sutton for accused, Mr C. W. de Villiers for the Crown.

The point raised in argument in that matter was whether, the accused having been charged under Section 9 of the Act 36 of 1908 for an offence for which there was a penalty under Section 8, he should have been dealt with also under the general penalty clause Section 18. Counsel for the prisoner submitted that as the indictment was under section 9 for an offence for which there was an adequate remedy provided, in case he either failed to obtain a certificate, or was without a certificate, or, having a certificate failed to produce it, the Magistrate exceeded his powers in sentencing him also under the general penalty clause.

For the Crown, it was contended that the Magistrate's order was irregular in that accused was sentenced to fine and imprisonment under the penalty clause; and also to deportation, under Sect 8, that the sentence, as far as concerned deportation, was clearly not a matter of criminal procedure but of administrative procedure, and that the Magistrate had no jurisdiction, while trying a criminal case, to make an order for deportation. With regard to Section 9, that applied to every Asiatic, regardless of the fact whether or not he were the lawful holder of a certificate. Section 18 was a purely a criminal contravention of the Statute, making it an offence for an Asiatic not to comply with the provisions of the Act, and if he failed to comply then he was liable to criminal penalties. The words used "except where otherwise specified" referred to criminal penalties and in effect the section meant any Asiatic failing to comply with any requirements of the Act should on conviction be liable to certain penalties unless it was stated that he was liable to other penalties of a criminal nature.

In giving judgment, Sir Wm. Smith said in this case an Indian was found in the Transvaal and a certificate of registration demanded from him, and also he was required to give particulars of identification mentioned in Section 9 of the Act. He did produce the certificate, which was shown out to be his own. He was charged before the Magistrate under Section 9 with failing to produce the certificate of registration of which he was the lawful holder, and the Magistrate sentenced him to be fined £30, or, in the alternative, imprisonment, and also ordered him to be deported from the Colony. It was admitted that the order for deportation should have formed no part of the judicial sentence for the offence with which the prisoner was charged, and the point of review was whether, having regard to the provisions of Section 18 of Act 36 of 1908, it was competent for the Magistrate to impose the penalty of fine or imprisonment or whether the only proceedings that could be taken against the accused for failure to produce the certificate of which he was the lawful holder was the procedure pointed out in Section 8, namely deportation.

It was contended for the accused that the last sentence of Section 8 referring to Section 9 provided a penalty for the breach of Section 9, which the Asiatic committed, and that, the penalty being specified in Section 9 the penalty provided by Section 18 could not be imposed. On the other hand it had been pointed out that the procedure with regard to deportation was purely an administrative matter, and formed no part of the sentence to be imposed by a Magistrate; that Section 18 expressly dealt with the matter of penalties for criminal offences and, when it said "except where otherwise specified," referred to similar penalties for criminal offences. Under Section 15 there was a penalty of £500. If that had not been there the person convicted under Section 15 would of course have been liable to a penalty of £100 under Section 18. Therefore there were provisions in the Act specifying other penalties than the penalties provided in Section 18.

There was great force in the contention for the Crown, that Section 18, where it said "except where otherwise specified," did not refer to the administrative order of deportation which could be made under Section 8, and there was no provision in the law which made it a criminal offence for an Asiatic, the lawful holder of a certificate failing to produce it when required, unless Section 18 referred to Section 9, and Asiatic might go on indefinitely, when called upon to produce his certificate of registration, refusing to do so and, when brought before the Magistrate to be deported, he might produce his certificate and so escape deportation, and then go on evading the authorities in that way for ever unless the construction contended for were the correct one.

On the whole Section 18, where it said "except where otherwise specified" related purely to penalties, and the question raised by the review must be answered in favour of the Crown.

Mr. Justice Mason concurred.

R. VITHAL

Bookkeeping, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns.

Contact No. 10 Berklys Arcade,
38 Market Street,
Cor Diagonal & Market Sts
Johannesburg. 'Phone 33-1654

Phone 835-6780 P. O. Box 1040,

MASTER BROS.
(PTY) LTD.
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
83 West Street, JOHANNESBURG.

B·I Sailings Between East African Ports Karachi And Bombay

S.S Karanja due 5th May. Sails 10th May 1961

PASSAGE FARE FROM DURBAN TO BOMBAY

First Class single with food.	R 235.50
Second " " "	R 157.0
Third Class with food	R 79.50
Third Class without food	R 69.0

For further particulars apply to—

Shaik Himed & Sons
(Pty.,) Ltd.
390 Pine Street, — Durban.
Telephone 20432, Tel. Add. "KARAMAT."

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

No. 16—Vol.-LIX.
Friday,
28th April, 1961
Phone: Mount Edgecombe 30.
Registered at the G.P.O. as a Newspaper
Price 4 Cents

INDIAN OPINION
ઇન્ડીયન
ઓપિનિયન
મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણિલાલ ગાંધી

*

ધર્મ અને તપ, યોગ અને યજ્ઞ તથા જીવનનો મુખ્ય આધાર માત્ર સત્યજ છે. સત્ય જ્ઞાન છે. સત્યને મસ્તક નમાવી વારંવાર પ્રણામ કરો.

—ગાંધીજી.

પુસ્તક ૫૯ મું—અંક ૧૬
તા. ૨૮ એપ્રીલ, ૧૯૬૧.
છુટક નકલ સેન્ટ ૪

સત્યયુગ અને કલિયુગ

(લે. શ્રી જનક દવે)

[શ્રી જનક દવેનો આ લેખ આંતરભારતી પાક્ષિકમાંથી લેવામાં આવ્યો છે. આ પુસ્તક હિંદીમાં છે. શ્રી જનક દવે ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને ભાષાના એક વિદ્વાન છે. શ્રી જનક દવે સાથે મારો અંગત પરિચય જ્યારે સંબંધ ગુરુ શિષ્યનો હતો. એક શિષ્ય ગુરુ તરફ જે ભાવની દૃષ્ટિથી જુએ તે દૃષ્ટિથી હું હમેશા શ્રી જનક દવે તરફ જોતો. શાળામાં રાષ્ટ્રીય ભાવના ઉત્પન્ન કરનારા તેઓ હતા. એમની સાદી રહેણી કરણીએ મારા ઉપર ઊંડી છાપ પાડી હતી. વિદ્યાર્થીઓ તરફ સહાનુભૂતિ અને સમભાવથી હમેંશા જોતા—વિદ્યાર્થીઓમાં તેઓ વિદ્યાર્થી તરીકે ફરતા. આ સિવાય તેઓ એક ખામોશ દેશ ભક્ત અને સેવક છે. સત્યાગ્રહ ચળવળોમાં તેઓએ હમેંશા ભાગ લીધો હતો. નવસારી હાઈસ્કુલમાં તેઓ શિક્ષક તરીકે હતા ત્યારે મને એમનો પરિચય મળ્યો. ૪૨'ના સત્યાગ્રહ વખતે મને એમના તરફથી કિંમતી સલાહ મળી હતી, જે આજ સુધી હું ભૂલી શક્યો નથી. એમનો હિંદી લેખ હું ભાષાંતર કરી વાચક સમક્ષ રજુ કરું છું.

—શ્રી નટવરલાલ ભાભેનિયા.]

આપણું સામાજીક જીવન ઘણી બાબતો ઉપર જ ટકી રહે છે. અગર કોઈ વ્યક્તિ રોબિન્સન ક્રુસોની જેમ એકાંતથી દૂર-સુદૂર એકાંતમાં જીવન વિતાવતા હોય, તો તે જેટલો પરિશ્રમ કરશે, તેટલો લાભ તે ખુદ ભોગવશે. પરંતુ જ્યારે આપણે સમાજ રચીને સામુદાયિક જીવન જીવવા લાગીએ છીએ, તો કદી પણ આપણા પરિશ્રમના બધાં ફળ ખુદ ભોગવી શકતા નથી. કોઈ વખત આપણને વધુ મળે છે, તો કદી ઓછું. એટલુંજ નહિ, પરંતુ જેમ જડ સૃષ્ટિમાં બે પદાર્થ એકબીજાને ઘસાઈને પોતપોતાની ગતિ પર ચાલે છે, તો ઘર્ષણના કારણે પરિશ્રમનું ફળ એક અંશ નિષ્ફળ જાય છે, તેજ રીતે માનવ સૃષ્ટિમાં પણ સંઘર્ષણના કારણે ફળની દૃષ્ટિથી આપણા વ્યક્તિગત પ્રયત્નનો પૂરો લાભ આપણને નથી મળતો—તેનો પણ એક અંશ નિષ્ફળ જાય છે. વ્યક્તિની દૃષ્ટિથી જોઇએ તો પરિશ્રમ નિષ્ફળ જતાં પણ સમાજની વ્યવસ્થાને માટે તે નિષ્ફળ પરિશ્રમ આવશ્યક છે. આ નિષ્ફળ પરિશ્રમને આદરથી સ્વીકાર કરી લેવાનું નામજ યજ્ઞ છે.

મારી દૃષ્ટિથી સત્યયુગ તે યુગનું નામ છે, જેમાં બધા અગર વધારે લોક આ પ્રકારના યજ્ઞભાવની આવશ્યકતાનો સ્વીકાર કરે છે અને સહર્ષ તે શ્રેષ્ઠ રૂપે સમાજના ચરણો પર મૂકી દઇ છે. જ્યારે બધાં આવા સમાજ ઉપયોગી પરિશ્રમના બોજાને વહેંચી લઇ છે, ત્યારે કોઇ એક વ્યક્તિ યા વર્ગના ઉપર હદથી વધારે ભાર નથી પડતો અને જીવન, સુખ અને દુઃખ વિના પસાર થાય છે. આના કારણે સંઘર્ષણનું પ્રમાણ પણ ઓછું થઇ જાય છે, જેનાથી નિષ્ફળ પરિશ્રમની આવશ્યકતા પણ તેટલી જ ઓછી રહે છે.

અને પરમાર્થની દૃષ્ટિથી તો કોઇ પરિશ્રમ નિષ્ફળ જતાજ નથી. એનું ફળ આપણને સામુદાયિક જીવનમાં પ્રાપ્ત થાય છે અને સૌ ભાવે મળીને પ્રાપ્ત થાય છે. એનાથી સત્યયુગમાં સમાજ સુખી બનતો જાય છે.

સત્યયુગના નેતાનું પ્રથમ કર્તવ્ય એ જોવાનું છે કે વ્યક્તિ યા વર્ગોના વિભિન્ન યંત્રોના કારણે જે સંઘર્ષણ ઉત્પન્ન થાય છે તે ઓછું થાય, વધે નહિ. એથી પોતાનું વજન તે હમેશા દલિતો અને પીડિતોના પક્ષમાંજ નાખ્યાં કરે છે. તે નેતા બનવા માગે છે, તો સમાજના રક્ષણ માટે, અધિકાર પ્રાપ્ત કરવા માગે છે તો નિષ્ફળ પરિશ્રમના બોજાનો ભાગ વહેંચણી કરવા માટે અને જ્યારે તે વહેંચણી કરે છે ત્યારે અધિકાધિક બોજો પોતાના કાંધ ઉપર રાખી લઇ છે અને તેમાં ગૌરવ માને છે. આમ-લોકો પણ તેને વિશ્વાસની દૃષ્ટિથી જુએ છે, પોતાના હાકિમ તેના મસ્તક પર મુગટ મૂકી દઇ છે અને તે મુગટ પહેરીને પણ સેવકજ રહે છે પરસ્પર વિશ્વાસની આખી દુનીયાનું નામ સત્યયુગ છે.

કલિયુગમાં લોકોનું આચરણ બિલકુલ આનાથી વિરૂદ્ધ હોય છે. ઘણા ખરા નેતાઓને પોતાની જવાબદારીનો ભાવ સુદ્ધા નથી હોતો. સામાજીક બોજાથી બચવા અને બીજા લોકોની પીઠ ઉપર સવાર થવા માટે તેઓ મોટા બનવા માગે છે. તેઓ અધિકાર પ્રાપ્ત કરવા માગે છે, તે પણ પોતાનો સ્વાર્થ સાધવા માટે અને બીજા પર હુકમ ચલાવવા માટે. તેઓ સામાજીક જવાબદારીનો ઉપદેશ તો આપતાં રહે છે, પરંતુ તેઓની દૃષ્ટિથી જવાબદારી બીજા માટેની છે અને અધિકાર એમનો, તેઓ આગળ વધીને પોતાના હોવાના કારણે પોતાને ખાસ અધિકારો હોવાનો દાવો કરે છે. એનું પરિણામ એ આવે છે કે અસંતોષ અને મૂર્ખ અને તેવા સાધુ પ્રકૃતિના લોકો સિવાય બધા નેતા બનવાની સ્પર્ધામાં પડી જાય છે. અધિકાર બધાને જોઇએ છે, જવાબદારી કોઇ ઉઠાવવા માગતું નથી. સામાજીક બોજાને દરેક ટાળતા હોય છે. એનાથી તે વધે છે અને આખરે અશક્તોના માથા ઉપરજ આવી પડે છે. કોઇ સાધુ-સંત યા કોઇ સહયોગી તેમાં ભાગ લઇ છે, તો સત્તાધારીઓને તે દુશ્મન-સમ લાગે છે અને અંતમાં તેને ક્રુસ પર જોર આપવો પડે છે.

કલિયુગમાં સ્વતંત્રતાથી માણસો સત્તાના સ્થાન પર અધિકાર તો મેળવી લઇ છે, પરંતુ લોકોના હૃદયમાં તેઓ સ્થાન પામી શકતા નથી. લોકો તેઓને અવિશ્વાસની દૃષ્ટિથી અને તેઓ લોકોને તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે પરસ્પર અવિશ્વાસના કારણે બધા પોતપોતાના કામનો ભાગો વજન કરીને મેળવવા માગે છે. વ્યક્તિઓના ખેંચતાણને લઇ જૂથો ઉત્પન્ન થાય છે અને પછીથી સહકારના સ્થાને સ્પર્ધા, જવાબદારીના સ્થાને અધિકારની ભાવના, અને એકતાની જગ્યાએ ફાટ-ફુટના નગારા વાગવા લાગે છે.

એનાથી જાતિ, વર્ણભેદ અને સંઘર્ષનો મેળાવો વધતો જાય છે. લોકોના નવો વિધાન ભૂલાઇ જાય છે અને જીવનનો પરમ સિદ્ધાંત સંઘર્ષણ જ માની લેવામાં આવે છે. એનાથી ક્રમશઃ કલિયુગ ઉત્પન્ન થાય છે. આ સંઘર્ષ કોઇ કોઇ વખત એટલો વધી જાય છે કે તેમાંથી ક્રોધ અને નાશના ભયાની અને તેની સાથે સાથે વિદ્રોહની એક એવી અગ્નિ પ્રગટ થાય છે જે સમાજમાં મોટી ક્રાંતિ ફેલાવી દઇ છે, અને સામાજીક જીવનના પાયાને અધમાં નાખી દઇ છે.

આપણા ઋષિ-મુનીઓએ સમાજને ચાર વર્ગોમાં વહેંચ્યા છે—બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. દરેક વર્ણના જે કર્તવ્યો બતાવ્યાં છે, તેના આધાર પર આપણે આ ચાર વર્ગોની વ્યાખ્યા આ પ્રકારે કરી શકીએ છીએ.

(૧) જે (વ્યક્તિ યા વ્યક્તિ-સમૂહ) સમાજ પાસેથી ઓછામાં ઓછું લઇ તેને વધારેમાં વધારે આપે છે, તે બ્રાહ્મણ છે. તે જે લઇ છે તે પણ સમાજ સેવાને માટે પોતાની શક્તિ કાયમ રાખવા માટે. તે ખાય છે તે પણ યજ્ઞની ભાવનાથી. લેનિન અને મહાત્મા ગાંધી જેવા મહાત્માઓ સાચા અર્થમાં બ્રાહ્મણ છે. (૨) જે સમાજ પાસેથી ઘણું લઇ છે અને તે પાછું પણ પૂર્ણ આપે છે તે ક્ષત્રિય છે તે વિજય કરીને ધન દોલત પ્રાપ્ત કરે છે, અને પાછળથી વિરક્ત થઇ કરીને પોતાની સારી દોલત, ગરીબો, બ્રાહ્મણો અને યાચકોમાં વહેંચી દઇ છે. યુધિષ્ઠિર, રઘુ, સમ્રાટ હર્ષ વગેરે રાજાઓ સાચા ક્ષત્રિયો હતા. તેઓ સુખ પણ ભોગવે છે અને કષ્ટ પણ ઉઠાવે છે (૩) જે વૈશ્ય છે તે સમાજની પાસેથી જેટલું લેવાય એટલું લઇ છે, સુખ ઉપભોગ કરે છે અને જે બચે છે તે જમા કરી રાખે છે; પરંતુ જ્યારે નાના-મોટાં સામાજીક સંકટો ઉપસ્થિત થાય છે, ત્યારે તે ખુલ્લું મન રાખીને પોતાની મૂડી સમાજના ચરણોમાં ધરી દઇ છે, અને પોતાનો વૈભવનો ત્યાગ કરીને સમાજના દુઃખમાં સહભાગી બને છે. (૪) જેને સામાજીક જવાબદારીનું કંઇ ભાન જ નથી, જે પોતાના સંકુચિત જીવનમાં જ દિવસો વિતાવે છે, તે શુદ્ર છે. એક પાંચમો વર્ગ પણ બને છે, જે સમાજના સંકટોથી પણ પોતાનો સ્વાર્થ સાધવા માગે છે; તે અનાર્ય છે. જ્યારે સમાજમાં બ્રાહ્મણ-વૃત્તિ અધિક હોય છે અને તેનું આધિપત્ય પણ હોય છે, ત્યારે સત્યયુગનો પ્રભાવ દેખાય છે. તેનાથી ઉલટું જ્યારે સમાજમાં શુદ્ર અને અનાર્યવૃત્તિનું જોર વધે છે ત્યારે કલિયુગની પ્રતીતિ થાય છે.

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૨૮ એપ્રીલ, ૧૯૬૧.

અમાનવ લૂંટ

દક્ષિણ આફ્રિકા દેશ નાઝી સરકારના નકશાના તરફ એટલો ઝડપથી જાય છે કે વિશ્વમાં જે વર્ણવવા માટેના શબ્દો પણ તેના અર્થો ગુમાવી બેઠા છે. અપીલ કોર્ટના ચુકાદા ઉપરથી એ સમજાશે. અપીલ કોર્ટે ગ્રૂપ એરીયા બોર્ડના અપીલને માન્ય રાખી ચુકાદો આપ્યો છે. એ યાદ કરવા જેવું છે કે ગોકાક નામાંકિત હિંદીઓએ સુપ્રીમ કોર્ટ પાસે અરજ કરી હતી, કે એરિયા-બોર્ડે ગોરા વિસ્તારમાં રહેલી તેમની મિલકત ખાલી કરવાનો જે હુકમ આપ્યો છે તે રદ કરવો. જે લોકોને આ હુકમ લાગુ પડયો તે લોકોએ સુપ્રીમ કોર્ટ ઉપર અરજી મોકલી અપીલ કરી કે અમારી વાત ગ્રૂપ એરીયા બોર્ડે બરાબર સાંભળી નથી, અને આ હુકમથી અમને ખૂબ અડચણ લાગુ પડશે અને, એ સિવાય અમારા માટે યોગ્ય જગ્યાની બંદોબસ્ત પણ બોર્ડે કરી નથી. આ અરજીને સુપ્રીમ કોર્ટે ટેકો આપ્યો અને એનાથી છેડાઈ ગ્રૂપ એરીયા બોર્ડે અપીલ કોર્ટ પાસે અપીલ કરી. આ અપીલ કોર્ટ જે "સરકાર"નો હાથો, અને બદલામાં "બોર્ડ"નો પણ હાથો છે, તેણે બોર્ડની અપીલ માન્ય રાખી, અને સુપ્રીમ કોર્ટનો ચુકાદો અમાન્ય કર્યો. આ તો ન્યાયનો વ્યભિચાર કર્યો કહેવાય.

આ કાયદાને ટેકો આપતાં તે વખતના મીનીસ્ટર ઓફ ઇન્ટિરીયર મી. ડોંગીસે જાહેર કર્યું હતું કે આ કાયદો એવી રીતે લાગુ પડાશે કે જેથી કોઈને પણ નુકશાન નહિ થાય. આ જાહેરાત ઉપર હિંદી લોકોને ભરોસો ન હતો, અને આજે અપીલ કોર્ટના ચુકાદાથી એ અવિશ્વાસ ખરો પડયો. ન્યાય પસાર કરતાં આ દેશના ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોએ ચુકાદો આપતાં જાહેર કર્યું છે કે આ ગ્રૂપ એરીયાનો કાયદો પસાર કરવામાં સરકારે કબૂલ્યું હતું કે લોકો તરફ અન્યાય થશે. ડા. ડોંગીસની ખાતરી મળવા છતાં આ ટીકા થઈ હતી. હિંદીઓએ પણ ટીકા કરી કે તેમની વાત સાંભળવામાં નથી આવી. આ ચુકાદો સ્પષ્ટ કરી દઈ છે કે ગ્રૂપ એરીયાના કાયદાથી લોકો રોવાઈ જશે. અત્યાર સુધી હિંદી જનતા એમ માનતી હતી કે ગ્રૂપ એરીયા બોર્ડ તેમની વાતો ભિન્ન-પક્ષપાતથી સાંભળશે, પરંતુ તે હવાઈ કિલ્લા નીકળ્યા. હવે એ ચોખ્ખું બન્યું છે કે આ બોર્ડ પાસે પ્રતિનિધિત્વ મોકલવું અને ભિન-પક્ષી ચુકાદો મેળવવો એ એક તરંગ છે. સરકારની આ ગ્રૂપ એરિયા બોર્ડ એક બનાવ છે—ત્યાં કેવળ બનાવટનીજ આશા રાખી શકાય. વિશ્વમાં ન્યાયના નામે થતો આ પહેલોજ બનાવ છે. એના કરતાં તો ગ્રૂપ એરિયા બોર્ડ હિંદી પ્રતિનિધિઓને નહિ મળવાનું કહે એમાં જશવધુ સચ્ચાઈ રહેલી છે. ડા. ડોંગીસની ખોટી ખાતરીઓ હિટલરની ખાતરીઓ જેવી છે. એનું મહત્વજ નથી. અપીલ કોર્ટનો ચુકાદો ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે આ ગ્રૂપ એરીયા બોર્ડ પાસે પૂરજ સત્તા છે અને તે આ સત્તાથી એક સંપૂર્ણ સરમુખત્યાર-શાહી બોર્ડ બની છે; અને તે સત્તા પાસે વિવેક અને ન્યાયની આશાજી કરવું એ ભૂસ ભર્યું છે. એ તો પોતાની સત્તાથી હિંદીઓને તરંગમાં આવે તેમ કચરી નાખી ભીખારી બનાવી દેશે. આ બોર્ડના અમલદારોને બે-અમાનુષી કૃત્ય કરવા માટે સરકાર પૂરાજ પગાર અને ઉત્તેજન આપે છે. હિંદીઓ આની સામે કંઈ કરી શકે એમ નથી. તેઓ પોતાના ગુલામો અને વરોની બોર્ડ તરફથી થતી અમાનવ લૂંટના બંટોળમાં સપડાયા છે. એ છતાં પણ સરકાર કહે છે કે તે સંસ્કારી અને ક્રીશ્ચિયન છે.

કણનો ભોગ ને મણનો પ્રસાદ!

દાદા ધર્માધિકારી

ગાંધીના ટ્રસ્ટીશિપના વિચાર વિષે લોકો મને તેમ બોલે છે અને મને તેમ બોલે છે. તેઓ એમ માને છે કે ટ્રસ્ટીશિપનો અર્થ શું છે? કે જે ધન તમારી પાસે છે તે ધન સમાજને સારૂ છે એમ માનો અને પછી એ ધન વધારતા જાઓ. સમાજ સારૂ છે, તો એને સારૂ વધારે કરું. ટ્રસ્ટીશિપનો અર્થ એ કરી દીધો છે કે વ્યાજ પણ લેતા જાઓ અને એ ધનને વધારતા પણ જાઓ. સાથ અંતર્યામી એનો લોભ ભગવાનને ગણાવતા જાઓ—જેમ આપણે નથી ચલાવતા સવા શેર ખાંડનો ભોગ! મહાવીરજીના મંદિરમાં ભોગ ચડાવી દીધો. એક પૈસો મૂકી દીધો પછી બાકીના બધા આપણા જ! એ તો બધો એમનો પ્રસાદ!

તમે શું એમ સમજો છો કે જે બાપુએ સત્ય-અહિંસાનું પ્રતિપાદન બત્રીસના રૂપમાં કર્યું, તેણે આખરે ટ્રસ્ટીશિપનો અર્થ આવો કર્યો હશે? આ તો અન્યાય છે એ બાપુ પર આ તો એને બ્લાસ્ફેમ કરી ખરો કે ટ્રસ્ટીશિપનો આવો અર્થ થઇ શકશે!

ટ્રસ્ટીશિપનો અર્થ એ છે કે પરંપરાથી અથવા પરિસ્થિતિથી જે ધન તમને મળ્યું છે તેને બીજાનું સમજીને જલદી તેમાંથી મુક્ત થાઓ. જો નહીં તો ટ્રસ્ટીશિપનો કંઇ અર્થ જ નથી.

મૂડીવાદી સમાજ-વ્યવસ્થા તરફ પગલું ભર્યું છે. એને સારું સંગ્રહના વિસર્જનની અંદર છે તે શી રીતે થાય? તો તે નૈતિકપ્રયાણ થવું જોઇએ. એટલે કે વ્યક્તિનું શુદ્ધીકરણ પણ થવું જોઇએ. ક્રાંતિની પ્રક્રિયામાં જ વ્યક્તિની ચિત્તશુદ્ધિની યોજના એને જ હૃદય-પરિવર્તન કહે છે.

તેથી ગાંધીજીએ એમ કહ્યું કે હું એમ ઇચ્છું છું કે આ જે પરિવર્તન થાય, જે સંક્રમણ થાય—મૂડીવાદી વ્યવસ્થાથી અપરિગ્રહ વ્યવસ્થા તરફ—તે સતની અહિંસા દ્વારા થાય. માટે આજે જેને વંશપરંપરાગત અધિકાર વડે કે કાયદા વડે સંપત્તિ મળી ગઈ છે, અથવા જેમણે પરદેશથી ખરીદી કે કમાઈ લીધી છે, તેમને ગાંધી કહે છે કે એ સંપત્તિને પોતાની ન માનશો, સમાજની થાપણ સમજો. અને એનો અર્થ એ નથી થતો કે તમે એને વધારતા જાઓ. એનો ખરો અર્થ તો એ છે કે તમને ફિકર થવી જોઇએ કે હું ક્યારે આ સમાજને પાછી આપું. ને ક્યારે મારું ચિત્ત શાંત થાય. ત્યાં સુધી બેચેની થવી જોઇએ. પૈસા આપે ત્યારે કહું કે હવે મારો આત્મા ખૂબ શાંત થઇ ગયો છે. કેવો શાંત! જાણે કોઇની થાપણ મેં પાછી સોંપી હોય તેવો શાંત. આ સંતોષ હવે થાય છે, તો બીજાનો ન્યાય, બીજાની થાપણ મેં પાછી આપી હોય એમ થશે આત્મા હવે સંતુષ્ટ છે.

તમે જો એમ માન્યું હોય કે ટ્રસ્ટીશિપનો અર્થ એવો થાય કે એનામાં સંગ્રહ કરવાની કુશળતા છે, તે સંગ્રહ ને વધારતા જાય પછી એને સમાજનો માની લે અને પ્રસાદ તરીકે પોતે કોળિયાભરી લે અને બીજાને સાઇ કોઇક ક્યારેક ચાર ખાટુંક રોટલો ફેંકી દે, તો એ સાવ ખોટી માન્યતા છે. એવો અર્થ એમના મનમાં હોઇ જ ન શકે. આવો અર્થ કરનારે બહુ ખોટો અર્થ કર્યો છે.

વળી કેવળ ધનિક જ ટ્રસ્ટી નહીં હોય, ગરીબ પણ ટ્રસ્ટી જ છે. એની પાસે બહુ સંપત્તિ છે, ધન છે, સંગ્રહ છે, તે જ ફક્ત ટ્રસ્ટી નથી. એની પાસે આજ સંગ્રહ છે તે પણ ટ્રસ્ટી છે. તેણે પણ પોતાની જાતને ટ્રસ્ટી જ માનવો જોઇએ. જ્યાં તે કામ કરે છે, તે કામ સમાજનું કાર્ય છે. તે કામના ઉપકરણો પણ સમાજનાં છે. એનો તે ટ્રસ્ટી છે. ઓજારો ખંડેલ શું કહીએ છીએ? ઉત્પાદનનાં સાધન ઉત્પાદનના કામમાં હોવાં જોઇએ. પછી આપણે શું કહીએ છીએ? કે ઉત્પાદક પણ એનો ટ્રસ્ટી થશે. એ ઉપકરણો તથા એ ઉત્પાદનો તે પોતાની જાતને માલિક નહીં માને.

ગાંધી કહે છે કે તું જે કમાય છે તે પોતાની મહેનતથી કમાય છે, પણ તારી પોતાની મહેનત વડે કમાયેલા રોટલા પર પણ તારો અધિકાર નથી. ભૂખનો અધિકાર છે. રોટલો ભૂખ સારૂ છે. તારા પેટમાં ભૂખ છે, એટલે ભૂખનો અધિકાર રોટલા પર જરૂર છે. પણ તારા પાડોશમાં કોઇ ભૂખ્યો હોય તો! તો વહેંચી દે! અથી હોય, તો અર્ધોએ વહેંચ. ગરીબ માણસ કે અલ્પસંગ્રહી વ્યક્તિનું પણ પોતાની મહેનતની ઉપજ પર અને પોતાની મહેનતનાં ઉપકરણો ઉપર સ્વામિત્વ નથી મનાતું. આવું થાય તે ટ્રસ્ટીશિપ. એ શાશ્વત ટ્રસ્ટીશિપ છે.

સત્ય, શુધ્ધ અને દિવ્ય વિચારોનો આદર કરો. ચોખ્ખું વહેતા અને ચંદ્રને એકેતાબાર જ જેવી રીતે તમે બારણું બંધ કરી દો છો તેવી જ રીતે, દુષ્ટ અને મલિન વિચારોનું આગમન થતા જ તેને મનમાં આવવા ન દો. હમેશાં સારા કામ કરો. જેથી બુરાઇ તમારા મનમાં પ્રવેશી શકશે નહિ.

'—સ્વામી શિવાનંદ.

ભારત-ચીન સરહદ અંગેની આપણી નીતિ સફળ થશેજ

નવી દિલ્હી: વડા પ્રધાન શ્રી નહેરુએ લોકસભામાં જણાવ્યું હતું કે ભારત-ચીનના સીમા પ્રશ્ન પરત્વેની ભારતની નીતિના "બળ અને શાણતા" ભરી સરકારનો માનસ પલટો કરે એવી સંભાવિતતા ને હું અશક્ય માનતો નથી.

ભારતની અત્યારનું ન્યાય માગણા વગર સાચી પરિસ્થિતિને વળગી રહેવાની નીતિ કેટલાંક સતત પરિણામો લાવશે જ.

જો કે આજે એ મુશ્કેલ દેખાતું હોય છતાં એ સંભાવિતતા મને અશક્ય લાગતી નથી અને એટલે જ હું સર્વોત્તમ પ્રયત્ન કરી લેવા માગું છું કે એવી કદર (ચીન) કરે છે કે તેઓ નહિ અને સમજે છે કે નહિ કે એ કોઈએ ખોટું પગલું ભર્યું છે અને એમાંથી પાછા ફરવું જોઈએ.

શ્રી નહેરુએ વિદેશખાતાની માંગણીઓ માટે માંડેલી માંગણી પરની ચર્ચાનો પ્રારંભ કરતાં વધુમાં જણાવ્યું હતું કે ભારતે બંને મહાન દેશો વચ્ચે શાંતિ નહિ ટકાવ એવી હદ પાડે એવાં પગલાં ભરતાં અત્યાર સુધી દૂર રહ્યું છે.

આ પ્રશ્ન પરત્વેના હીંદી અધિકારીઓના અહેવાલે બીજા દેશો અને ચીને ખુદ ચીની સરકાર અને પ્રજા સમક્ષ ભારતનો દાવો મજબુત બનાવ્યો છે.

લાઓસ અંગે શ્રી નહેરુએ જણાવ્યું કે લાઓસનું ભાવિ તટસ્થ દેશ તરીકે નુંજ છે એવું મોટા દેશોએ સ્વીકાર્યાથી એ પ્રશ્નના શાંતિમય સમાધાન માટે આશા જન્મી છે. આ બનાવે ભારતની વિદેશ નીતિના વિજયનું ઉદાહરણ પુરું પાડ્યું છે.

વડા પ્રધાને હર્ષનાદો વચ્ચે જણાવ્યું કે ભારતની તટસ્થતાની નીતિ એટલી બધી સાચી થઈ છે કે અમેરીકા અને રશિયા જેવી "મહાસત્તાઓ" જેઓ એક બીજાની સામસામે છે તેમણે પણ કદર કરી છે.

અમેરીકી નીતિને આવકાર

શ્રી કેનેડી હેઠળની અમેરીકી વિદેશ નીતિના પરિવર્તનને શ્રી નહેરુએ આવકારતાં જણાવ્યું કે અમેરીકાની આ નીતિ આપણી નીતિની વધુ નજીક આવી છે.

પાકીસ્તાનનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે હું માનું છું કે ભારત અને પાકીસ્તાન વચ્ચે હવે બહુ થોડી તકરાર બાકી રહી છે, પણ સરકારી રાહે કેટલાક પ્રશ્નો હજુ પડેલા છે જેનું હજી નિરાકરણ આવ્યું નથી અને તે વખતો વખત [illegible] કરે છે એ ખરું છે.

ભારત ઔદ્યોગિક સમાજ બનવાના માર્ગે પ્રયાણ કરે છે

અમદાવાદ: આ, આ ૧૯મી ગુજરાત કાપડ પરિષદનું ઉદ્ઘાટન કરતાં વડા પ્રધાન શ્રી નહેરુએ કહ્યું કે ભારત ઔદ્યોગિક સમાજ બનવાના માર્ગે પ્રયાણ કરી રહ્યો છે પરંતુ તેની પ્રગતિના વેગનો આધાર લોકો કેટલી જુની પરંપરા વિચારસરણીને તજી દે અને ઝડપથી બદલાતી જતી દુનીયામાં મેળ પાડવાનું સામર્થ્ય દાખવે તેના પર રહ્યો છે.

શ્રી નહેરુએ કહ્યું કે ભારત ઔદ્યોગિક સમાજ બને તે વિશે કોઈના પણ મનમાં શંકા ન રહેવી જોઈએ. પછી તેમાં પાંચ, દસ કે વીસ વર્ષ ભલે લાગે. પ્રશ્ન માત્ર છે પ્રગતિના વેગનો. આપણી પ્રગતિ જુની પ્રણાલિકાઓના ત્યાગ અને ઝડપથી બદલાતી દુનીયા સાથે કદમ મિલાવવાની તેના પર તેનો આધાર છે.

મોટા દેશોએ અખંડ ઔદ્યોગિક પ્રગતિ કરી છે, કારણ કે ત્યાંના લોકો એ જડ દ્રષ્ટિબિંદુથી પર થઈને આધુનિક જગતના વિકાસને સમજી શકે એવું ટેકનિકલ અને વૈજ્ઞાનિક માનસ કેળવ્યું છે.

લોકો વધારે પડતા પરંપરાગત માનસના અને ધર્માંધતામાં રમમાણ્યા રહ્યા હોવાથીજ ભારતને ભૂતકાળમાં ઘણું સહેવું પડ્યું છે. લોકો પ્રણાલિકાઓનો નાશ કરે એમ હું ઇચ્છતો નથી પરંતુ તેઓ વિશાળ દ્રષ્ટિબિંદુ અપનાવીને ઝડપથી બદલાતી દુનીયા સાથે કદમ મિલાવતા રહે એમ હું ઇચ્છું છું.

આજે તો વહીવટી તંત્ર સહિત દરેક પ્રવૃત્તિમાં ટેકનિકલ અને વૈજ્ઞાનિક માનસની જરૂર રહે છે. કાપડ ઉદ્યોગે દેશના ઔદ્યોગિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે એ એક આહ્લાદક વિષય છે. હું ઇચ્છું છું કે અમદાવાદનો કાપડ ઉદ્યોગ આધુનિક દુનીયા સાથે કદમ મિલાવતો રહે

ભારતથી દમણમાં રોજ દાણચોરીથી જતી સેંકડો મણ ખાદ્ય વસ્તુઓ

ભારતથી દમણ જતી ખાસ ખાદ્ય-ચીજો અને દમણથી ભારત આવતી વસ્તુઓની દાણચોરીનું પ્રમાણ વધી ગયું છે. ભારતથી દરરોજ ૧૫૦-૨૦૦ મણ અનાજ તેમજ શાકભાજી દમણ જાય છે અને દમણના બજારમાં તે વેચાય છે.

આ પરિસ્થિતિને અટકાવવાને માટે, ભારત સરકારે ભારત-દમણ સરહદ ઉપર નિમેલા ખાસ અમલદાર શ્રી [illegible]એ હુકમ કર્યો છે કે દાણચોરોને પકડો અને જો તેઓ રોકે નહિ અથવા તો સામનો કરે તો તેમના ઉપર ગોળીબાર કરો.

પેડુંગીઅ તાલુકાના વંકુક ગામની દાણચોરોની ટોળી કે જેમાં મોટા ભાગના દાણચોરો ડાબેલ ગામના છે તે ગોળાના માથાઓ વાપી ભાગી અનાજ લઇ જતા હતા. સરહદ ઉપર ચોકી કરતી સ્પેશીઅલ રીઝર્વ પોલીસે (એસ. આર. પી) આ દાણચોરોને પકડવા દાણચોરોએ પોલીસોના ઉપર પથ્થરમારો કર્યો હતો. પોલીસે સ્વરક્ષણ માટે ગોળીબાર કર્યો હતો અને તેમાં ડાબેલનો ભગીઓ ગુંદીઓ નામનો દાણચોર ગોળીથી ઘાયલ થઈને મરણ પામ્યો છે અને તેણે ઉપાડેલું ચાર મણ જુવારનું પોટકું પણ તેની પાસે જ પડેલું મળી આવ્યું છે. મરનાર ભગીઆ ગુંદીઆને વાપી લાવવામાં આવ્યો છે તેના શબને પારડી પોસ્ટ-મોર્ટમ કરવાને માટે મોકલવામાં આવશે અને ત્યારબાદ તેના સગાને સોંપવામાં આવશે.

નવા પુસ્તકોની યાદી

સંસ્કારિતાને ઝાવડે શી. ૩-૦
કોઈ ગોરા કોઈ કાળા શી. ૭-૦

ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કુ. લીમીટેડ
ઇન્ડીયાની મુખ્ય કંપની
અમે વહીવટ કરીએ છીએ:—
આગ, દરીયાઇ, અકસ્માત, મોટર, ચોરી, ઘર કુટુંબ, ઘર માલીકી (સાથે) અકસ્માત વિ.
સાઉથ આફ્રિકાની અંદર મુખ્ય અમલદારો
જાલભાઈ રૂસ્તમજી એન્ડ સન,
૧૪૦ ક્વીન સ્ટ્રીટ, ડરબન.
ફોન: ડરબન ૨૫૮૨૫, ૨૮૫૨૩, ૨૯૮૭૪.

તમને ખબર છે
કે ન્યુ ઇન્ડિયા, ઇન્ડિયાની સૌથી મોટી વીમા કંપની છે.
કે ન્યુ ઇન્ડિયા ની શાખાઓ ૪૫ દેશોમાં છે.
કે ન્યુ ઇન્ડિયા ની ૧૫ શાખાઓ કેવળ દૂરિયામાંજ છે.
કે ન્યુ ઇન્ડિયા: આગ, દરીયાઇ અને અકસ્માત ઉપર ૬૦,૦૦,૦૦૦ પાઉંડ પ્રીમીયમ મેળવે છે.
સહિસલામતી અને તાત્કાલિક સેવા માટે
ન્યુ ઇંડીયા
સાથે વીમો ઉતરાવો.

દાંડીની પવિત્ર ભૂમિ પર બેસી બાપુના સિદ્ધાંતો આચરવાનો સંકલ્પ કરીએ

મહાત્માજીનું જે રીતે મૃત્યુ થયું તે એમના જેવા મહાન પુરુષને ઉચિત જ હતું. એ મૃત્યુ વિરોચિત હતું. માંદગી માનવી મારક પથારીમાં-સૂતા સૂતા મૃત્યુ પામવાનું ગાંધીજી માટે લેશમાત્ર શોભા કે આજની ન કહેવાય. મહાત્માજી જેવી વિભૂતિને તો એવું જ મૃત્યુ શોભે. તેઓ જે મહારનું કાર્ય કરતા હતાં તે જોતા તેમના જીવનનો આવી રીતે જ અંત આવે ખૂન કરનારને મૂર્ખ ભલે કહીએ પરંતુ આપણે મહાત્માજીના મૃત્યુનું રહસ્ય સમજવું જોઇએ. એનું કારણ તપાસવું જોઇએ.

એ કારણ છે ભારતની સાંપ્રદાયિકતા એ ભયાનક ચીજ છે. અને હજારો વર્ષોથી ભારતને પરેશાન કરી રહી છે. ભારતનો એ ઇતિહાસ છે કે ભારતે જ્યારે જ્યારે પરદેશી લોકોને અપનાવ્યા છે ત્યારે એ ઉન્નત થયો છે અને જ્યારે જ્યારે એણે વાડાબંધી કરી છે ત્યારે એનું પતન થયું છે. ભારતની મહતી પ્રતીતિની આ કહાણી છે જ્યારે ખાલી ઇંટ ચુનાના સ્મારકોનો કંઇ અર્થ નથી.”

દાંડીમાં ૬ તારીખે સવારે મહાત્માજીના નાનકડા પણ સૂચક સ્મારકનું અનાવરણ કરતા ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ ઉપરોક્ત શબ્દો ઉચ્ચાર્યા હતા. શ્રી નહેરુ ધીરગંભીર હતા. એમના હૈયામાં મહાત્માજી તથા ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના જે સ્મરણો ઉભરાતાં હતાં તેનું પ્રતિબિંબ એમના મુખ પરથી વાંચી શકાતું હતું. મહાત્માજીના સ્મારકનું ઉદ્ઘાટન કરતાં શ્રી નહેરુએ રાષ્ટ્રપિતાને ભાવ અંજલિ આપી હતી. તેમણે ભાતભાતના ભેદો ભુલાવી દઇ દેશની એકતા સુદૃઢ કરવાનો આ પવિત્ર ભૂમિ પર બેસી સંકલ્પ કરવાનો અનુરોધ કર્યો હતો.

સંકલ્પ કરીએ

શ્રી નહેરુએ કહ્યું હતું કે મહાત્માજી મહાન અને ઉદાત્ત આદર્શો માટે જીવ્યા હતા અને તે માટે પ્રાણ પણ પાથર્યા હતા, આપણે આજના પવિત્ર દિવસે અને આ પરમ પવિત્ર ભૂમિ પર બેસી ને મહાત્માજીએ પ્રબોધેલા અને આચરેલા આદર્શોનું સ્મરણ કરીએ અને તેનું આચરણ કરવાનો સંકલ્પ કરીએ, એમાં જ દેશની ઉન્નતિ અને પ્રગતિ છે. મહાત્માજીના જીવનનો એજ જીવંત સંદેશ છે.

મહાત્માજી કઇ રીતે જીવ્યા, ભારતને આઝાદ કરવા માટે મહાત્માજીએ કેવા પ્રયાસો કર્યા, કેવા જંગ ખેલ્યા, આપણને નાના માણસોમાંથી કેવી રીતે મહાન બનાવ્યા, તેનું આજે ચિંતન કરીએ અને આચરણ કરીએ તો આ સ્મારકની રચના સાર્થક

શ્રી નહેરુએ ભારતવાસીઓને દિલને વિશાળ કરવાની અપીલ કરતાં કહ્યું કે આજના પુનિત પ્રસંગમાંથી આપણા મન વિશાળ કરવાની પ્રેરણા લઇએ. આપણે ભારતને ધર્મના અને ન્યાતજાતના સંકુચિત વાડામાંથી ઉગારવાનો છે. મહાત્માજીએ દેશમાંથી અંગ્રેજ હકુમત ઉઠાવવાનો પુરુષાર્થ કર્યો હતો તે સાથે અસ્પૃશ્યતાનો નાશ કરવાનો અને નાના નાના વાડાઓ તોડવાનો પણ સતત પ્રયાસ કર્યો હતો કારણ કે મહાત્માજીને ખાતરી હતી કે ન્યાતજાતના ધર્મના અને કોમના સંકુચિત વાડાઓ તૂટવાથી ભારતની એકશક્તિ વધશે, ભારતનું સંગઠન અજેય બનશે. મહાત્માજીએ દુર્બળ પ્રજાને સબળ કરી હતી, આશાહીન પ્રજામાં નુતન આશાનો સંચાર કરેલો હતો અને

રાષ્ટ્રપિતાના આધ્યાત્મિક વારસના હસ્તે રાષ્ટ્રપિતાના ઇતિહાસ પ્રસિદ્ધ નમક સત્યાગ્રહનું સ્મારક રચાયું હતું'

પરસ્પરના સહકાર દ્વારા ભારતવાસીઓને દિલનું ઔદાર્ય, હ્રદયની વિશાળતાના પાઠ પઢાવ્યા હતા. મહાત્માજીએ ત્રીસ વર્ષ સુધી ભારતની ઉન્નતિ માટે અવિરત પરિશ્રમ કર્યો હતો. આપણે એમના જીવનમાંથી નીડરતા અને પરિશ્રમની પ્રેરણા લઇએ.

વિદેશોમાં દેશના મહાપુરુષો અને કુદરતીઓના સ્મારકો જોઇએ છીએ. એ સ્મારકો પરથી ત્યાંની પ્રજાની મનોદશા નો આપણને ખ્યાલ આવે છે જે સ્મારકો શાંતિનો સંદેશો આપતાં હોય તેનું મૂલ્ય મોટું છે. અહીંઆ એવા સ્મારકનું અનાવરણ થયું છે. ગાંધીજી એક તરફથી સ્વરાજનો સંગ્રામ ચલાવતા હતા તો બીજી તરફથી જગતને શાંતિનો સંદેશો આપતા હતા ગાંધીજી દેશને નવી હવા હતા. મહાત્માજીને લીધે ગુજરાતનું આ નાનકડું ગામ દેશ અને દુનિયામાં પ્રસિદ્ધ 'ધામ' થયું છે. કારણ કે આ ભૂમિ પરથી શાંતિનું મહાન અભિયાન મંડાયું હતું. અને મહાન ઇતિહાસનો આરંભ થયો હતો.

સાદું સ્મારક

ગાંધીજીનું સ્મારક સાદું રાખ્યું છે એથી મને ખુશી થાય છે. ગાંધીજીના સ્મારકો ધુમધામથી થાય એ યોગ્ય નથી કારણ કે ગાંધીજી હંમેશા કહેતા કે હું ભારતના ગરીબમાં ગરીબ જેવું જીવન જીવવા માગું છું. તેઓ તો મહાન વિભૂતિ હતા અને તેમની સરખામણીમાં આપણે બધા નાના છીએ એમ છતાં આપણી શક્તિ મુજબ એમના માર્ગે ચાલવા પ્રયાસ કરીએ છીએ અને એથી આપણો દેશ આગળ પણ વધ્યો છે.

આજના યુવાનો પર ગાંધીયુગની અસર શું?

અહીં બેઠેલા ઘણા યુવાનોએ ગાંધીજીને જોયા નહિ હોય, ઘણાએ જોયા હશે, પરંતુ સમજ્યા નહિ હોય કે એની તેમના પર ભાવનાત્મક અસર થઇ નહિ હોય જે જમાનામાં દેશના અનેક લોકો પર થઇ હતી.

ભારતમાં આજકાલ કોલેજમાં ભણતા યુવકયુવતીઓ પર ગાંધીયુગની શી અસર છે એનો મને ઘણીવાર વિચાર આવે છે. આપણા પોતાના જીવન અને દેશના જીવન પર એની શું અસર રહી છે? ગાંધીજીએ આરંભેલું સ્વાતંત્ર્ય અભિયાન એક અર્થમાં સફળ થયું છે, પરંતુ ગરીબી અને અજ્ઞાનતા દૂર કરવાના અર્થમાં હજી પૂર્ણ થયું નથી. ગાંધીવાદની ખાલી ચર્ચાઓ કે વિચારો ઉપયોગી નથી. આપણું વર્તન એને અનુરૂપ છે કે નહિ એ વાત મોટી છે.

ગાંધીજીની નકલ કરવાથી ગાંધીજી ન થઇ જવાય. ગાંધીજીની વાતો આપણા આત્માને સ્પર્શવી જોઇએ.

ભારતની પ્રજાનું દિલ જ્યારે વિશાળ હતું, ત્યારે એનામાં સક્રિયતા હતી ત્યારે ભારત ઉન્નતિના શિખરે પહોંચ્યું હતું. ભારતના દૂતો વિદેશોમાં ધર્મ (અનુસંધાન માટે જુઓ પાનું ૧૨૬)

* યમરાજને આમંત્રણ *

લેખક: શ્રી નવીપાલ દોલતરાય મગનલાલ દેસાઇ, 'ફરીપુટ'

આવો આવો આજ, યમરાજ આવોરે
આવો આવો આજ, યમરાજ આવોરે,
સગાં સ્નેહીના રોકે વાટ, યમરાજ આવોરે.
માટીનો દેહ ભલે માટીમાં જાય,
આવો આવો આજ યમરાજ આવોરે.
કૃષ્ણ કનૈયો કહે આત્મા અમર થાય.
માટીનો દેહ ભલે નવી નવી જાય,
આવો આવો આજ યમરાજ આવોરે.
પાણી પલાળેના, અગ્નિ બાળેના
અસ્ત્ર કાપે ના, પવન સુકાવેના,
આત્મા અમર મારો થાય,
આવો આવો આજ યમરાજ આવોરે.
અસાર સંસારની માયા તુટી છે.
સગા સ્નેહીનો મોહ
છોડ્યો હેત ખતમ થયું છે
જોઉં છું તારી વાટ, આવો આવો આજ યમરાજ આવોરે
પરમ પિતાને મળવા માટે, તલસે આજે મન
જલદી જલદી લઇ જાઓ, આ પીંજર મૂઈ તન,
આવો આવો આજ, યમરાજ આવોરે

હિંદના સમાચારો

તા. ૨૫-૪-૧૯૬૧.

નર્મદા યોજના અંગે રાજ્યપાલનો સંદેશ

અમદાવાદ: ગુજરાતના રાજ્યપાલ શ્રી મહેંદી નવાઝ જંગે મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતા ઉપર નર્મદા યોજના અંગે પાઠવેલા સંદેશામાં આશા વ્યક્ત કરી છે કે નર્મદા યોજના અંગે નિષ્ણાતોની સલાહ લેવામાં આવશે અને તેનું કામ અગિયાર વર્ષને બદલે ત્રીજી પંચવર્ષી યોજનામાં પરિપૂર્ણ કરવામાં આવશે. હવે સિંચાઈ યોજનાઓ હાથ ધરવામાં આવી છે. ગુજરાતની તેમજ અન્ય રાજ્યોની તરસી ભૂમિના તરસ્યા ભૂમિપુત્રોને નર્મદા, કડાણા અને તાપી જેવી યોજનાઓથી તેમજ અન્ય મધ્યમ કક્ષાની યોજનાઓ દ્વારા સિંચાઈના આશાચિહ્નો દેખાય છે.

જે શ્રીકૃષ્ણ નહેરુથી ન ફૂટ્યું તે ડૉ. જીવરાજે ફોડ્યું

ધરોર નાટકમંડળની શિલારોપણ વિધિ વેળાએ શ્રીફળ વધેરવાની વિધિ કરતાં શ્રીફળ ફોડવાના વડા પ્રધાન શ્રી નહેરુના ત્રણ ત્રણ પ્રયાસો નિષ્ફળ ગયાં, પછી પ્રધાન ડૉ. જીવરાજે તેમને મદદ કરી હતી અને પહેલાજ પ્રયાસે શ્રીફળ ફોડ્યું હતું. શ્રી નહેરુ ડૉ. જીવરાજને શ્રીફળ વધેરતાં અસાધારણ પ્રસન્નતાપૂર્વક નીરખી રહ્યા હતા.

દેશની શાન બઢાવવાનો માર્ગ: સમાજવાદ

અમદાવાદ: શહેર કોંગ્રેસ સમિતિ તરફથી યોજાયેલી જાહેર સભામાં વડા પ્રધાન શ્રી નહેરુએ કહ્યું કે રાષ્ટ્રના દરજ્જાને સુધારવાનો એક માત્ર માર્ગ સમાજવાદ છે. બીજો વિકલ્પ નથી.

જેઓ એની ટીકા કરે છે તેઓ દેશ સુધારણાને માટે અન્ય વિકલ્પિક ઉકેલ આપી શકતા નથી. દેશ તેની ગરીબી નાબૂદ કરવા માટે જંગી આર્થિક જંગ ખેલી રહ્યો છે. આ કામ આયોજિત રીતે અને લોકોના સહકારથીજ થઈ શકાય.

આપણા ઇતિહાસનું નવું પ્રકરણ આલેખાઈ રહ્યું છે ત્યારે આપણી શક્તિ આપણે યોગ્ય માર્ગે વાળીએ એ જરૂરી છે. સ્ટીલ પ્લાન્ટો નાખવા ખૂબ નાણું ખરચાયું છે. દેશના વિકાસ માટે પોલાદ ઉત્પાદન કરવું જ રહ્યું. પોલાદ, વીજળીશક્તિ, યંત્રો, ટેકનીશીયનો અને તાલીમ પામેલા માણસો મુખ્યમૂળ વસ્તુઓ છે જેનાથીજ રાષ્ટ્રના ધન અને સત્તાની તુલના થાય છે.

સુરત જીલ્લાએ નાની બચત માં ૨૭ લાખ ભર્યા

સુરત: સુરત જીલ્લાએ નાની બચત યોજના માટેનું તેનું ૧૯૫૯-૬૦નું રૂ. ૨૨ લાખનું લક્ષ્યાંક સફળતાથી પૂર્ણ કરી ૧૯૬૦-૬૧ની માર્ચની તા. ૩૧ સુધીમાં રૂ. ૨૭ લાખ ભેગા કર્યા છે.

આ કાર્યમાં કલેક્ટર શ્રી પટેલની પ્રેરણા અને જીલ્લાની સુધરાઈ અને પંચાયતો વિગેરે સંસ્થાઓની મદદે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

પત્રકારોના ગ્રેજ્યુઈટી ધારામાં થનારો સુધારો

નવી દિલ્હી: કેન્દ્ર સરકારના નાયબ મજુર પ્રધાન શ્રી આબીદઅલીએ લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે વ્યવસાયી પત્રકારોને પંદર વર્ષની નોકરી પછી ગ્રેચ્યુઈટી આપવાની દરખાસ્ત પરત્વેના રાજ્ય સરકારોના જવાબો મળી ગયા છે અને આ દરખાસ્તને અનુસરીને વ્યવસાયી પત્રકાર ધારામાં સુધારો કરવાનો પ્રશ્ન વિચારણા હેઠળ છે.

આ માટે સરકાર, માલિક અને વ્યવસાયી પત્રકારોની ત્રિપક્ષી સમિતિ માં વિચારણા થશે

આખરી ફટકો મારો

સુરત: ગુજરાત રાજ્ય પ્રજાસમાજવાદી પક્ષના અધ્યક્ષ શ્રી ઇશ્વરલાલ ડો. દેસાઈએ ગોવા, દમણ અને દીવમાં પોર્ટુગીઝ સંસ્થાનો પર આખરી ફટકો મારવાની શ્રી નહેરુને વિનંતી કરી છે. એવા પગલાથી ચીનના પ્રદેશો પરના આક્રમણકારોને પણ ગંભીર ચેતવણી મળશે.

કુત્તે ભી ઈન્સાનકી તરફ લપકતે હૈં

શ્રી નહેરુ મહાત્માજીના સ્મારકનું અનાવરણ કર્યા પછી પ્રવચન કરતાં હતા ત્યારે બાજુએ કાંઈ કોલાહલ થતાં શ્રી નહેરુએ ટકોર કરી કે: "કુત્તે નહીં હૈ, તો કુત્તે ભાગતે હૈં. કભી કુત્તે ભી ઇન્સાનોકી તરફ લપકતે હૈં. આજકી મહીનોંકી લડાઈમેં લડતે હૈ. લેકિન કુત્તે ઐસી લડાઈમેં નહીં લડતે.

"Dog does not eat dog, but man eats man."

શ્રી નહેરુના આ કટાક્ષથી સભામાં હાસ્ય પ્રસર્યું હતું.

ઉમરવામાં રૂ. ૪૫ હજારના ખર્ચે વોટરવર્ક્સ બંધાશે

ઉમરવા: ઉમરવા ગામમાં ઘણાં વર્ષોથી પાણીની સખત તંગી હતી. સંજોગોવશાત ઘણાજ ઓછા વરસાદને કારણે અનુભવી ઉતરી પડી આહવામાંથી ન્હાવા અને પીવાના પાણીનું કાયમનું સુખ કરવા ઉમરવા ગ્રામ પંચાયતે વોટર વર્ક્સ કરવા ઠરાવ કર્યો, અને તે ઠરાવને સમગ્ર ગામ પ્રજાએ સ્વીકારી લઈ લોકફાળો આપવા કબુલ થતાં નાસિક વિકાસ મંડળે રૂ. ૨૦,૦૦૦ની ગ્રાન્ટ આપવાની મંજુરી આપી છે. વિશેષ પંચાયતે પોતાની આવકમાંથી રૂ. ૧૦,૦૦૦ આપવા ઠરાવ કર્યો છે, તેમજ સમગ્ર આગેવાન લોકફાળા તરીકે રૂ. ૧૦,૦૦૦ આપશે. આમ કુલે રૂ. ૪૦,૦૦૦નું વોટર વર્ક્સ કરવા પંચાયતે નિર્ણય કર્યો છે. સરપંચ શ્રી સોમાભાઈ દેસાઈ, ડેપ્યુટી સરપંચ શ્રી સુરેન્દ્રભાઈ પટેલ અને સભ્ય શ્રી કાશીભાઈ આપભાઈ વોટર વર્ક્સના નાણાં મેળવવા સખત પરિશ્રમ ઉઠાવી રહ્યા છે.

તુતીકોરીન ખાતે મોતીની બે કરોડ છીપ મળવાનો અંદાજ

તાજેતરમાં તુતીકોરીનને સાગરકાંઠે મોતી અંગે હાથ ધરાયેલી તપાસમાં મોતીવાળાં સાગરકાંઠાના વિસ્તારોમાંથી બે કરોડ જેટલી મોતીની છીપ પ્રાપ્ત થશે એમ જણાયું છે. મોતીનાં ત્રણ વિસ્તારોમાંથી આ વર્ષે "થોલાયીરાન" વિસ્તારમાંથી સારા પ્રમાણમાં માલ નીકળવાની આશા રખાય છે.

The literacy figure included persons who could both read and write and had also passed a written examination or examinations as proof of educational standard—effective literacy rates, the statement said, would have been higher than that which was given if the population in the age group 0-4 were excluded, as was the common practice. This had not been done because the population in that age group remained to be computed.

WATCHES, Gents models—25 Jewels waterproof, shockproof, antimagnetic, unbreakable mainspring, fitted with matching metal expansion straps—price 47/6. As above, but 21 Jewels—43/6. As above, but 17 Jewels—[illegible]. As above but with self-changing calendar, 17 Jewels—52/6. Also 21 Jewels Calendar—56/6. Other models from 29/6.

LADIES models 15 Jewels, unbreakable mainspring, fitted with magnificent matching expansion bracelets—55/6. As above, but 17 Jewels 27/6.

A. I. AGENCIES First Floor, No. [illegible] His Majesty's Building, Eloff Street, or P.O. Box 9159, Johannesburg.

[illegible] limited, order immediately.

Private Enterprise Must Be Related To Public Purpose

NEW DELHI (By Mail)

PRIME MINISTER NEHRU said in New Delhi that the tremendous forces released by scientific and technological developments could not be left to private control. The whole growth of modern society was socialistic and only through socialism a society in which everyone was free from want and hunger could be established in India, he said.

In such a society private enterprise must be related to public purposes.

Mr. Nehru was inaugurating the 34th annual session of the Federation of Indian Chambers of Commerce and Industry at the Vigyan Bhavan. The session was attended by Cabinet Ministers, members of the Planning Commission and prominent industrialists and business men.

Mr. Nehru said that India could progress only through a socialistic set up. He made it clear that if private enterprise wanted to be in line with national sentiment it had always to think in terms of the country's 430 million people.

Social Forces

He referred to the great social forces which modern technological developments were releasing. The tendencies which let loose these forces, he said, compelled society to adopt new social ethics to control them. "They cannot be left to private chance or private control," he affirmed.

Asking industrialists and business men not to repeat old slogans but to remember that India was moving towards more revolutionary objectives in a peaceful manner, he said that in any such planning the Government had to think in terms not of select groups but of providing necessities of life to the entire population.

Agricultural Landlord

Just as the *zamindari* system had restricted the growth of agriculture, and had to be changed into some form of land tenure, so also private enterprise would have to be controlled and related to public purpose more and more. This would, in effect, give far greater chances to private enterprise because the field was greater. Nevertheless, it had to be controlled.

The Prime Minister declared that it seemed extraordinary to him that though no period in world history had so much changed humanity as the last 100 years, the point of view of classical economists or Marxists, who considered themselves very revolutionary, did not appear change.

Dealing with scientific and technological changes in the world, which had released tremendous forces, Mr. Nehru said these great forces could not be left to the private sector. Would anyone suggest that the manufacture of atomic and hydrogen bombs be left in the private sector? Obviously not, because it was too great a force to be given to private hands, however competent they might be. Socialism was therefore, inevitable.

Partnership

Referring to how the villagers looked today, were they fed and clothed better than they were 10 years ago? These were the things which impressed him more than statistics.

The Prime Minister appealed to industrialists to create a sense of partnership in the minds of workers. A factory, he said, was put up not merely for production but also for the benefit of those who worked for that production.

Music Grants

NOTICE

A PRESS notice issued by the Consulate of Italy states that this year also a number of grants will be offered for the participation to the "Vacanze Musicali 1961" (Musical Holidays 1961) at the Music High School "Benedetto Marcello" of Venice.

The candidates, who must be under the age of 30, must be in possession of a music diploma.

The applications must be sent to the Consulate of Italy in Durban by or before May 12th, 1961.

Further information may be obtained from the aforesaid Consular Office.

The first of a series of balloons under the joint U.S.-Indian programme of stratospheric studies was launched on March 13 from Begumpet airport, near Hyderabad, by a team of American scientists.

BOEINGS FOR AIR-INDIA

("Indian Opinion" Service)

NEW DELHI.—Air-India's Boeing 707 Intercontinental Jet "Nanda Devi" left Bombay on a Proving Flight to Nairobi via Aden on April 26th, 1961, at 10.30 a.m.

On May 4th, 1961, Air-India commenced its weekly Boeing service between Bombay and Nairobi via Aden.

Air-India now has a fleet of four Boeing 707 Intercontinental Jets operating on their main trunk routes to London, New York, Tokyo and Nairobi.

By 1962, Air-India will have a fleet of six giant jets and will operate daily flights to London and New York, two flights a week to Nairobi and Tokyo and one flight a week to Moscow and Sydney.

Special first flight covers have been issued to commemorate the Boeing inaugural flight between Bombay and Nairobi. These flight covers will be defaced with special cachets by the Post Offices in Bombay and Nairobi and may be purchased from Air-India Offices at Rs. 1.25 (R0.20) each after May 10th, 1961.

DADOO DENIES REPORTS

(*Continued from front page*)

and white domination by urging the governments and peoples of all countries to take effective steps to isolate completely the Fascist Republic of Verwoerd in the international field, diplomatically, economically and culturally.

Phone 835-6788 P. O. Box 1549,

MASTER BROS.
(PTY) LTD.
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
33 West Street, JOHANNESBURG.

Cable & Tel Add. HARGVAN Phone 28369

P. Hargovan & Co.
(Pty.) Ltd.

Received Shipment of Genuine Fireworks "Kwong Man Lung" Brand. Order Your Requirements Now.

Imported Screw Cap Neck 3½" Diameter Mouth Pickle Jars

½	Gallon	95c	each	F.O.R.	DURBAN
1	"	R1·25	"	"	"
2	"	R2·00	"	"	"
3	"	R3·50	"	"	"
4	"	R4·50	"	"	"

PACKING EXTRA. CASH WITH ORDER ONLY

155-7 WARWICK AVENUE,
P.O. BOX 1250. - DURBAN.

SHEPHERD
HAND KNITTING WOOLS AND YARNS
OF FAME, GUARDED BY QUALITY

UNCONDITIONALLY GUARANTEED
- ● *Choice Selection of Qualities*
- ● *Latest Colours — Exquisite and Exclusive*
- ● *Fully Fashioned in Tune with Times*

Stocks Available } *Ex Our Warehouse, Johannesburg*
Ex Mills, Port Elizabeth

Price List—Terms—Quantity Discounts On Request

WHOLESALE DISTRIBUTORS
M. JOOSUB,
JOOSUB'S BUILDING 49a MARKET STREET JOHANNESBURG.
Telephone 33 1516 P.O. Box 2601
Cable & Tel. Add.: "GAIKWAR" Johannesburg, S.A.

Reason for Sending Troops

NEW DELHI (By Mail)

THE Defence Minister, Mr. Krishna Menon, speaking on the Congo to the Indian Federation of U.N. Associations in Delhi said that the Indian contingent to be sent to the Congo would total about 5,000 men including 2,816 combatant troops and the rest from the ambulance, signals and engineering units.

Referring to the decision to send troops, Mr. Menon said that it had been arrived at after a great deal of heart searching and examination of political, moral and other consequences. As a party to the Security Council Resolution on the Congo the Indian view was that if the United Nations did not succeed in restoring law and order in the Congo it would have to withdraw. This could have vast consequences not only for Africa but for the entire world.

Mr. Menon said that the withdrawal of the United Nations would also mean a major defeat of collective organisations and a blow to world peace. It might result in a war by proxy carried on by the big Powers on anarchic conditions.

Mr. Menon said that before deciding on the question the Government had also taken into consideration the situation on the border. But the United Nations, he said, had to be helped to vindicate itself in the interests of Africa and of the world.

EXPANSION OF ASIAN UNIVERSITIES

ACCORDING to present plans, the University of Malaya will become two separate universities located in Kuala Lumpur and Singapore by 1962.

From Ceylon came the announcement that a new university has been created at Anuradhapura on the same lines as the Santiniketan University in Bengal, founded by Rabindranath Tagore. Known as the Thambapanni Sarasviya University, its chief aim is to provide assistance and encouragement to writers, poets and painters. The new University will have full support from the Ceylonese Ministry of Education. India and Canada have also promised aid under the Colombo Plan.
—UNESCO

AND NOW .....

We are privileged to announce that we have been appointed Travel Agents for the British India Steam Navigation Co. Limited

(B.I.)

We can now book passengers for the regular sailings from South Africa to India and Pakistan.

A. I. KAJEE (Pty.) Ltd.

37 ALBERT ST., DURBAN. P.O. Box 1384
PHONE 64551 (5 Lines) Cables "Bhaichacha"

AGENTS FOR :

All Airlines - Union Castle Line - Royal Interocean Line - French Line - Curnard Star Lines - Railways throughout the World - American Express.

Latest News Of Roopanand's Arrivals

THE MY MAGAZINE OF INDIA Tamil film stars story (true)	1	0
WEEKLY OF INDIA The pictures you long to see of to-day	2	0
PESUM PADAM & KALAVA you will be pleased to buy	3	6
FILM FARE A magazine-stars from heaven to earth	3	0
INDIAN INFORMATION You will be wise to read and see	2	0
THE MARCH OF INDIA Is your future	4	6
THE INDIAN ANNUAL Year by year India progress	7	6
PICTURE POST All about the South Indian film in market you see	2	6
FASHION FOR FUTURE INDIAN WOMAN Styles: Blouse and Jumper Choli Pattern Book, Easy Diagram to cut and make your own as pattern designs	4	0
ROOPANAND'S FESTIVAL CALENDAR for 1961 increasingly popular	1	6
DAILY DIARY In Hindi and English with every good-wisher	3	0
KASI HINDI PANCHANGS Bombay	2	0
VISSWANATH and SHIV PANCHANGS	2	6
HAWAN SAMAGREE Pure best arranged from Holy Land of India	5	6
THARI LOTAS Real Indian design made in India per	45	0
REHAL STANDS FOR BOOKS Ramayan and Koran and Holy Scriptures.. each	25	0
RUDRUSH MALA and many others 4/6, 5/-, 10/6, 12/6, 15/		

MURTHIES OF ALL DESCRIPTIONS Marble, Bronze, Silver God and Goddess 7/6, 10/-, 12/-,		25	0
KHARTALS In pairs special for Kirtans, Bajans etc. pr		25	0
DHOLAK'S for special weddings, Holi Bajan	£8	10	0
TABLA & DOGGIE for all occasions	£6	10	0
HARMONIUM best make Kanu Lal	£16	10	0
PORTABLE HARMONIUM for the Ramayanists	£5	10	0
Dinner Services Plates of all designs	2/6, 4/6, 6/6		
Sets Playing	13/-, 25/, and 32/6		

FAMOUS PUBLICATION IN BOOKS

HOUDINI, the greatest magician and his works detailed at last	26	0
MY INDIA a book of proud people with dignity	24	0
YOGA for health A sound one if you will live with this book	26	0
AKBAR AND BIRBAL STORY now told in English	1	6
HATIM TAI a story book believe it or not	12	6
BEHOLD THE EARTH MOURNS can you believe it	12	6
INDIAN DELIGHTS our Indian women gift	19	6
CURRIES OF INDIA what a spice tastes	7	6
RAMAYANA for boys and girls, men and women 2/6, 10/0, 11/6		
MODERN MARRIAGE a book for every young man and woman	14	9
INDIANS IN NATAL by Dr. Hilda Kuper	30	0

FOR THE LATEST FILM RECORDS OF ALL YOUR FAVOURITE TUNES TRY US FIRST
WE CARRY THE LARGEST STOCKS OF LOCAL RECORDS, AND FROM INDIA
BOOKS OF ALL SORTS, INDIAN, ANCIENT, HISTORICAL, ARE SOLD BY US

D. Roopanand Bros.

PHONE 20707 — MUSIC SALOON & BOOKSELLERS — P.O. BOX 2524
85 Victoria Street, DURBAN

fifty years ago... *May 1911*

THE CLOSE OF A BITTER STRUGGLE

A SURVEY AND FINAL SETTLEMENT OUTLINED

(From The Indian Opinion, May 6, 1911)

THE bitter controversy which has raged round the status of Indians in the Transvaal for the last five years, and in which the other Provinces of the Union have incidentally become involved in the last few months, has, fortunately (says The Star) entered on its last stage. The trouble started in 1907, the war left many injustices, and one result was an acute phase of the Asiatic problem, as it soon became to be generally called. Indians who helped in indirect capacities during the war secured the right of domicile. There was an influx from neighbouring States and white communities in the smaller centres complained that trade was gradually becoming impossible owing to competition from Indians. Viscount Milner took a broad imperial view of the situation and invited Indians to take out certificates which would give them the right of residence. Pressure from the country, however, grew in volume, and supported by the influence of public bodies in the large centres of industry, the Crown Colony Government felt that the expression of the unanimous opinion of practically the whole white community could not be resisted and in 1906, evolved the Registration Act, which later became known as Law No. 2 of 1907. This measure placed certain limitations on them qualified to reside in the Transvaal and made registration compulsory.

The Leader and His Actions

Then Mr. Gandhi appeared on the stage. He took up a hostile attitude to this law, and his personality was so marked that from the start he secured practically the undivided support of the entire Indian community of the Transvaal and material assistance of his countrymen in India and elsewhere. The controversy has gone through many phases since then, and through them all the authorities were confronted with an unflinching resistance and implacable passivity on the part of Gandhi and his followers. Rather small in stature and frail in constitution, Gandhi has bound the Indians together by his earnestness and his belief in the justice of his case. There was no rigorous pledge or blind obedience demanded, and the appeal to conscience has been sufficient to enable him to carry his campaign from the Commons to the Lords and to the very foot of the Throne. The cry that a colour bar was enacted by the force of law in a British Colony against the people of the great Dependency of the East which acknowledges the King Emperor was sufficient to arouse deep feelings of animosity. The Indians in the Transvaal played their part in a remarkable manner. Like the religious zealots of [illegible] they embraced the hardships and tasks that were in the power of the authorities to enforce. In the five years some three thousand five hundred have been imprisoned. Gandhi himself has been in gaol three times, his son eight times, and most of the prominent Indian merchants have experienced the rigours of confinement in cells.

Without entering into the merits of the case, it was not surprising that the powerful appeal such incidents made should not be lost on Lord Ampthill, the eminent men who have filled the viceregal post in India, and that large body of Anglo Indians now resident in England. It would have been more surprising if the great and powerful rulers in India had held aloof. Both parties to the struggle believed they were in the right and if two central figures, General Smuts and Mr. Gandhi, are now close an acrimonious chapter, the relief that will be experienced will extend far beyond the limits of the Transvaal or South Africa.

Temporary Arrangement

The correspondence which appeared in The Star of yesterday gave every promise of a settlement being reached, but did not indicate any disclosure in the form of compromise. As a result of a meeting extending to four hours last evening, Mr. Gandhi has been given authority by his countrymen to conclude a temporary arrangement which permit of General Smuts advising the Governor-General to extend clemency to passive resisters at present in gaol. Efforts are also be made by those who have sacrificed their businesses to re-establish themselves, and the women and children who are living on Tolstoy Farm and become a charge on the Indian community are gradually being restored to their homes. When the final stage has been reached, Mr. Gandhi is passing from public life. He has already arranged for his legal practice to be taken over by Mr. Ritch, who up to now has represented the Indian cause in London. His immediate intention is to provide for the care and education of the children whose parents are now in unsettling circumstances, and then he intends to retire to his farm in Natal, and in spells of leisure no doubt to come in closer touch with the philosophic musings of Tolstoy and to reap inspiration from the savants of his beloved India.

Two Alternatives

A representative of The Star called on Mr. Gandhi today to obtain an appreciation of the stage to which the Asiatic problem has been advanced. It would appear that the Immigration Bill is furnished with and that the two alternatives are before the Government. The first is the introduction of a new Immigration Bill from which the colour bar will be entirely eliminated, and in carry which General Smuts will have to break down the opposition of the Free State. The second course is to practically preserve the status quo and simply amend the Immigration law of the Transvaal. The first course while meeting the objections raised by Transvaal Indians will involve the rights of educated immigrants to travel throughout the Union, and will place limitations on the privileges which Indians in other Provinces at present enjoy. The adoption of such a measure would not bring finality which is so desired. On this point Mr. Gandhi said the country is not yet ripe for general immigration legislation because the policies throughout the Provinces have been distinct, and it would purely be a makeshift to have general legislation in force with actual statutory distinctions for the different Provinces, because it is common cause that the Provincial Asiatic legislation is to remain intact and that movements of Asiatics are to be restricted to the respective Provinces. "Taking the line," said Mr. Gandhi, "I cannot help saying that it will be some hardship for the passenger to migrate the difficulties in this matter and yet it will be possible to administer the Provincial laws by the Central Government. Generally speaking, European immigration will not be affected for the simple reason that the laws are so framed as to ensure practical equality of administration of European immigration."

No Hitch Anticipated

You have no doubt now about a solution being reached? "So far as I can see, there ought to be no hitch, because each party has taken all the precautions humanly possible to avoid misunderstanding or ambiguity. Undoubtedly a great deal depends on how General Smuts carries out his declarations. At last night's meeting the greatest difficulty that the Indian leaders had to face was the almost unconditionable suspicion they had and the animosity regarding the Government's motives. They and everything that is before them to themselves in all that is not or written on behalf of the Union Government. At one time the position was so tense, and there was a very heated controversy, but ultimately prevailed, and the meeting decided, with few dissentients, to accept the provisional settlement."

What was your experience in Capetown? "I must confess that General Smuts was extremely obliging and conciliatory in his attitude, and throughout the negotiations he evinced a sincere desire to come to a settlement. He more than once declared that he did not want to prolong the distress which he saw the passive resisters were suffering."

In reply to a further question, Mr. Gandhi said that the present Indian population in the Transvaal was of the order 8,000, and that was about 1000 below the number of pre-war residents. In conclusion, he requested that his gratitude to that of his countrymen may be acknowledged through The Star to the members of European committees in Johannesburg and London, to Lord Ampthill and Professor Gokhale, without whose support "we could not have reached the stage we have."

Printed and published by Manilal Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal.

No. 17—Vol.-LIX.
Friday,
5th May, 1961
Phone: Mount Edgecombe 30.
Registered at the G.P.O. as a Newspaper
Price 4 Cents

INDIAN OPINION
ઇન્ડીયન
ઓપિનિયન
મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણીલાલ ગાંધી

*

ઉન્મુક્ત ગગનમાં વિહાર કરો. હૃદયને ઉદાત્ત કરો. આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરો. એ જ્ઞાનની સહાય વડે પ્રભુપ્રેમના અસીમ આનંદના સાગરમાં ન્હાઓ. આ જ જીવનનો આદર્શ છે.

પુસ્તક ૫૯ મું—અંક ૧૭
તા. ૫ મે, ૧૯૬૧
છુટક નકલ સેન્ટ, ૪

૩૧મી મે પહેલાં

'નેશનલ કન્વેન્શન'ની માગણી

'નેશનલ કન્વેન્શન' એ શું છે તે હું પહેલાં સમજાવું. 'નેશનલ કન્વેન્શન' એટલે એક જાતનું અધિવેશન, જેમાં દરેક કોમ રંગ, જાતિ અને ધર્મના ભેદ વગર ભાગ લઇ શકે. ઘણાને એમ લાગતું હશે કે આવા 'નેશનલ કન્વેન્શન'ની માગણી સરકાર પાસે કેમ થાય છે? આ પ્રશ્નનો જવાબ આપવો સહેલો છે. આજની નેશનાલિસ્ટ સરકાર બહુમતિનો મત લઇ લોકશાસન સ્થાપવા નીકળી છે. આ બહુમતિમાંથી પણ નાતાલના ઘણા અંગ્રેજ ગોરાઓએ એનો વિરોધ કર્યો હતો. આ સરકારની બહુજ થોડી બહુમતિથી જીત થઇ. એ સરકાર રિપબ્લિક તે ૩૧મી મેના દિવસે લોકશાસન સ્થાપવાની તૈયારી કરે છે.

લોકશાસન એ ખરાબ વસ્તુ નથી. પરંતુ આ દેશની ગોરાઓ સંચાલિત સરકાર જે લોકશાસન સ્થાપવા નીકળી છે એ શું ખરેખર લોકશાસન છે? જ્યારે દેશના મોટા ભાગને પૂછવામાં ન આવે, અને એમનો મત લીધા વગર એકતરફી લોકશાસનની તૈયારી કરવામાં આવે અને એ જ એના ધારાઓ ઘડી પાર્લામેન્ટમાં પસાર કરવામાં આવે, તો તે શું ખરેખર લોકશાસન કહેવાશે? જે દિવસે નવા નવા કાયદાઓ ઘડી બિન-ગોરાઓને દબાવવાના નવા નવા ઉપાયો શોધવામાં આવે, તો તે શું લોકશાસનના લક્ષણો છે! લોકશાસન એટલે દેશના બહુમતિથી સ્થપાયેલું રાજ્ય. જે બહુમતિમાં દરેક કોમના માણસો આવી જાય—જેમાં રંગ, જાતિ કે ધર્મનો ભેદ જોવામાં આવતો નથી. સમાન હક અને સમાન મતાધિકારથી સ્થપાયેલું રાજ્ય એજ ખરેખર લોકશાસન છે.

જ્યારે લોકશાસન, એક બહુમતિ પક્ષ સ્થાપવા માગે છે ત્યારે જાત જાતની અટકળો થાય છે અને વિરોધ પણ થાય છે. આ દેશના બિન ગોરાઓ જાણે છે કે એમને કંઇ પૂછવામાં આવ્યું નથી. એથી હવે ખુદ ગોરા સંચાલિત નેશનાલિસ્ટ સરકાર પાસે 'નેશનલ કન્વેન્શન'ની માગણી થઇ રહી છે. માર્ચ મહીનાના છેલ્લા અઠવાડિયામાં 'ઓલ આફ્રિકન પીપલ્સ કોન્ફરન્સ' મેરીટ્સબર્ગમાં ભરાઇ હતી. જેમાં દરેક આફ્રિકન કોમ અને પક્ષોના પ્રતિનિધિઓ આવ્યા હતા. કુલ્લે આશરે ૧૪૦૦ પ્રતિનિધિઓ હતા. કોન્ફરન્સની આખરે એવો ઠરાવ થયો હતો કે સરકારે 'નેશનલ કન્વેન્શન' બોલાવવી. આ માટે આફ્રિકન નેતા તરફથી અપીલો બહાર પડ્યા.

હવે બિન-ગોરાઓનો બીજો પક્ષ જે કલર્ડ કહેવાય છે તેઓ પણ ભળ્યા, અને એ લોકો પણ આ 'ઓલ આફ્રિકન પીપલ્સ કોન્ફરન્સ'ની માગણીને ટેકો આપી રહ્યા છે. કેટ કેટલે ઠેકાણે સભાઓ થાય છે અને લોકોમાં નવી જાગૃતિ આવી હોય એમ જણાય છે. આ 'કલર્ડ' પીપલ્સ કોંગ્રેસના સભ્યો ને આફ્રિકન લોકોએ આવકાર્યા છે. 'કલર્ડ' પીપલ્સ કોંગ્રેસ'ના મંત્રી શ્રી. રેગ સપ્ટેમ્બરે કહ્યું છે, "We are no longer prepared to let the African people struggle alone." એનો અર્થ એ કે કલર્ડ લોકો આફ્રિકન લોકોને એકલાને લડત ચલાવવા દેશે નહિ, તેઓ પણ સંપૂર્ણ સાથ આપશે.

આવી રીતે કલર્ડ આફ્રિકન લોકો સાથે એક થઇ ગયા છે. એક અવાજે 'નેશનલ કન્વેન્શન'ની માગણી કરી રહ્યા છે. શ્રી [illegible] પીક ઠેકાણે ફરી રહ્યા છે અને કલર્ડ લોકોને જાગૃત કરી રહ્યાં છે. કલર્ડ લોકો તરફથી આ કલર્ડ-નેતાઓની સભાઓને સારો આવકાર મળી રહ્યો છે. મોટા હાજરીએ કલર્ડ લોકોની સભા મેરીટ્સબર્ગમાં મળી હતી. શ્રી. હસી કલર્ડ લોકોને તૈયાર રહેવાની હાકલ કરી હતી. આમ ઠેક ઠેકાણે સભા ભરાય છે આનાથી ગભરાઇ સરકાર શ્રી ડોમીન્ગો જેવા લોકોને આવા અપાયેલો વિરોધ કરે છે. શ્રી. ડોમીન્ગોએ કલર્ડ લોકોને શાંત રહી સરકારનો વિરોધ નહિ કરવા અપીલ કરી છે. પરંતુ સમયના વહેણ બદલાયા છે અને એ સાથે કલર્ડ માનસ પણ બદલાયું છે. હવે તો આફ્રિકન લોકો સાથે રહી સ્વાતંત્ર્યની લડત ચલાવવા તૈયાર થયા છે. કલર્ડ નેતાઓએ તો ખુલ્લે ખુલ્લું જણાવ્યું છે કે મેની ૨૯, ૩૦ અને ૩૧મીએ આખાએ હડતાળ ઉપર જશું. આફ્રિકન નેતાઓની પણ એવી જ માગણી છે અને સાઉથ આફ્રિકન ઇન્ડિયન કોંગ્રેસની માગણી પણ એવી જ છે.

સાઉથ આફ્રિકન ઇન્ડિયન કોંગ્રેસે પણ 'નેશનલ કન્વેન્શન'ની માગણી કરી છે. એ નેશનલ કન્વેન્શન માટેની સહીઓ ઘરે ઘરે ફરી કોંગ્રેસી કાર્યકરો લઇ રહ્યા છે. એ સાથે સાથે લોકોનો સંપર્ક સાધી લોકોને આંતરરાષ્ટ્રીય અને દેશના બનાવોનો ખ્યાલ પણ આ કોંગ્રેસી કાર્યકરો આપે છે. હિંદી લોકોમાં પણ જાગૃતિ આવે એ ખાસ જરૂરી છે. આપણી સંસ્કૃતિ જાળવી રાખવા માગતા હોઇએ તો જાગૃત થવું એ ખાસ જરૂરી છે. ઉપર કહ્યું છે તેમ સમયના વહેણ બદલાયા છે. બિન ગોરાઓ એકત્ર થઇ એક ચેતથી આગળ ધપે એવી બિન-ગોરાઓની સ્થિતિ છે. એક દુઃખ ભીડ ભૂખના વેઠી સહી રહે એ દિવસો ગયા છે. આંતરરાષ્ટ્રીય બનાવોનો ખ્યાલ કરીએ તો આ ચેતવણી જણાશે. હાલ એવો વખત આવ્યો છે કે બધાં બિન-ગોરાઓ અને ગોરાઓ એકત્ર થઇ સરકાર પાસે એક સાથે માગણી કરે! આ માગણીને કદાચ સરકાર ન સ્વીકારે, પરંતુ સમય એવો પાકશે કે હાલ જો કંઇ નહિ થાય, તો આપણે પાછળ રહી જઇશું. નાચારે લોકોને એકત્ર થઇ 'નેશનલ કન્વેન્શન'ની માગણી કરવા હાકલ કરી છે જે માટેના 'પેમ્પ્લેટો' બહાર નીકળી ચૂક્યા છે. હિંદી વેપારીઓને દુકાન ૨૯, ૩૦ અને ૩૧ બંધ રાખવાની હાકલ થઇ છે—પણ માલિકોને જાણ નહિ રોકવાની હાકલ થઇ છે—મા બાપોને શિક્ષકો 'સ્કૂલે' અને 'કોલેજે' પોતાના છોકરાઓ નહિ મોકલે તે એવા માટેની હાકલ થઇ છે—છોકરા ત્રણ દિવસ શાળાએ નહિ જાય તેવી હાકલ થઇ છે—કામદાર વર્ગને કામે નહિ જવાની હાકલ થઇ છે. આમ દરેક વર્ગના લોકોને હાકલ થઇ છે.

આ હાકલ એટલા માટે થઇ છે કે સાઉથ આફ્રિકન ઇન્ડિયન કોંગ્રેસ સારી રીતે જાણે છે કે સરકાર આ 'નેશનલ કન્વેન્શન' બોલાવવાની નથી. સરકાર જો 'નેશનલ કન્વેન્શન' બોલાવે તો એ તો બિન-ગોરાઓની મોટી જીત થઇ કહેવાય. જો સરકાર આ 'નેશનલ કન્વેન્શન' નહિ બોલાવે તોજ ત્રણ દિવસની સંપૂર્ણ હડતાળની માગણી આ લોકો કરવા માગે છે. એ તો ચોક્કસ છે કે સરકાર આ માગણી નહિ સ્વીકારે—એથી એની પૂર્વ તૈયારી રૂપે આ હાકલો થઇ રહી હોવાનું મનાય છે.

આ 'નેશનલ કન્વેન્શન'ની માગણીનું કારણ શું? એનું કારણ એ કે બધી કોમોના માણસો પોત પોતાના પ્રતિનિધિઓ આ 'કન્વેન્શન'માં મોકલી શકે અને બિન-ગોરા પોતાની વાતચીત રજુ કરી શકે. એ થાય તો દેશના ઘણા પ્રશ્નોનો નિવેડો આવી શકે. આફ્રિકન ઉપર એવા ઘણા કાયદાઓ નંખાયા છે જે તેઓની સાંસ્કૃતિક, સામાજીક અને આર્થિક જીવનને હાનિકર્તા છે. એજ પ્રમાણે હિંદીઓ પર પણ ઘણા કાયદાઓ નંખાયા છે—તેજ પ્રમાણે કલર્ડોની સ્થિતિ પણ છે. આ સિવાય અગત્યની વાત કરીએ તો ગોરી પ્રજાની પણ અમુક માગણીઓ છે. આ બધી માગણીઓ તટસ્થપણે 'કન્વેન્શન'ની અંદર ચર્ચી શકાય અને એનો નિવેડો પણ લાવી શકાય, આટલા માટેજ આ 'નેશનલ કન્વેન્શન'ની માગણી થઇ રહી છે.

—શ્રી નાથરલાલ બાબેલિયા.

મન તકંઘીપર છે. અમરધામ અને શાશ્વતધામનું બારણું તો હંમેશ સદા વડે જ ખુલે છે. અહિંસા અને આમ મહાભી શાશ્વત શાંતિના ધામમાં પ્રવેશ કરો. —શિવાનંદ.

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૫ મે, ૧૯૬૧.

એક નમુનારૂપ દાખલો અને પડકાર

શ્રીટનની પાર્લામેન્ટમાં કેટલાક બ્રિટિશ મેમ્બરોએ પૂજ્ય મહાત્મા ગાંધીજીની યાદગીરીમાં લંડનની અંદર એક સ્મારક રચવાની દરખાસ્ત મૂકી હતી. આ સિવાય પૂ. ગાંધીજીની યાદગીરી અને નામ કાયમ રહે એ માટે બીજી યોજનાઓ પણ ઘડવાનો વિચાર કરી રહ્યા છે. પૂ. બાપુજી જો આજે જીવતા હોત તો આશ્ચર્ય ચકિત થાત, કારણ કે તેઓ ભારતમાં બ્રિટિશ રાજ્યના કટ્ટા વિરોધી હતા. આ દરખાસ્ત જેને પાર્લામેન્ટના કન્ઝર્વેટીવ મેમ્બરોનો ટેકો છે એ ખરેખર વિશ્વના એક સૌથી મહાન પુરૂષને અંજલી છે. બ્રિટન, પૂ. ગાંધીજીને બ્રિટન સામેના એક અહિંસક લડવૈયા તરીકે ઓળખે છે. બ્રિટનના કાપડના કામદારો તો ખાસ યાદ કરશે, કારણ કે પૂ. ગાંધીજીની 'ખાદી સત્યાગ્રહ'થી તેમને ભૂખ વેઠવું પડ્યું હતું. રાજ્યકર્તાઓ પણ ખાસ યાદ કરશે કારણ કે ભારત બ્રિટિશ સામ્રાજ્યનું સૌથી કિંમતી ઝવેરાત હતું. સાદી રીતે કહીએ તો ભારત કામધેનુ ગાય હતી. બસો વરસ સુધી ભારતે બ્રિટનની આબાદીમાં મદદ કરી હતી, અને આખરે ભારતના પટ ઉપર પૂ. ગાંધીજી આવ્યા, અને તેમણે અહિંસક નીતિથી સામનો કરી ભારતની બ્રિટન તરફ વહી જતી સમૃદ્ધિ અટકાવી. પૂ. ગાંધીજી અને ભારતને, બ્રિટિશ સત્તા તોડવાના પ્રયત્ન સફળ થયાં છે. સ્વાતંત્ર્ય આપ્યાને ચૌદ વરસ પછી હવે એવી દરખાસ્ત રજુ થાય છે કે પૂ. ગાંધીજીનું લંડનમાં સ્મારક રચવું. આ દરખાસ્તનું મહત્વ એ છે કે બ્રિટનના દરેક વર્ગના લોકોનો એને ટેકો છે. જેઓ પૂ. ગાંધીજીનું મહાત્મ્ય સમજે છે એવા બધા લોકો આ દરખાસ્તને આવકારશે.

દક્ષિણ આફ્રિકાના હિંદીઓ માટે આ દરખાસ્ત બે કારણોને લઈ એક નમુનારૂપ દાખલો અને પડકાર છે. આ દેશના મોટા વર્ગના લોકોની આર્થીક સફળતા અને આબાદીનો આધાર પૂ. ગાંધીજીના પ્રયત્નોને લીધે છે. ટ્રાંસવાલની મિલનર સત્તા સામે જો પૂ. ગાંધીજીએ સામનો કર્યો ન હોત તો આજે તે પ્રાંતમાં હિંદી વેપારીઓ ન હોત. ૧૯૧૩મા જે 'નાટાલ હડતાળ'ની વ્યવસ્થા પૂ. ગાંધીજીએ કરી, એ જો ન કરી હોત તો હજુ સુધી પણ હિંદીઓ ૩ પૌંડ કર ભરતાં હોત. ટુંકમાં કહીએ તો પુ. ગાંધીજીએ આ દેશમા ૨૧ વરસના ગાળા દરમ્યાન હિંદીઓ માટે ખુબજ સખત કામ કર્યું હતું. બીજું એ કે નાટાલની અંદર તેમણે એક આશ્રમની સ્થાપના કરી કે જ્યાંથી સત્યાગ્રહનું તત્વજ્ઞાન અને નીતિ તેમણે ઘડેલી હતી. છતાં એ દુઃખદ છે કે આજ ફીનીક્સ સેટલમેન્ટ અને તેનું કાર્ય 'ઇન્ડિયન ઓપિનિયન'ને હિંદીઓનો જોઈએ એવો સહકાર મળતો નથી. આ સેટલમેન્ટના ટ્રસ્ટીઓ અને ઇન્ડિયન ઓપિનિયન' ફક્ત આ સદીના સૌથી મહાન પુરૂષના આ બે પવિત્ર સંસ્થાઓની દેખભાળ માટે ખુબજ પ્રયત્ન કરી રહ્યાં છે. આ મહાન પુરૂષ અહીં રહ્યાં હતાં અને હિંદી લોકોની આઝાદી માટે લડયા હતાં એ મોટા ભાગના લોકો ભૂલી જાય છે. પૂ. ગાંધીજીના આ ત્યાગને લઈ ઘણા લોકો ઉચ્ચ આર્થીક કોટિએ પહોંચ્યા છે. છતાં પણ આજે બ્રિટન જેની સામે તેઓ લડયા હતા તે આગળ આવી આ મહાન પુરૂષને માન આપવા આગળ વધે છે અને જેઓ માટે પૂ. ગાંધીજી લડયા, તેઓ તેમની યાદને વિસારે છે. આ બ્રિટિશ દરખાસ્ત આ દેશના હિંદીઓ માટે એક પડકાર છે. આ પડકાર ઝીલી આ દેશના લોકો પૂ. ગાંધીજીની યાદગીરી કાયમ રાખવા માટે કંઈ ચોક્કસ પગલાં લઈ, તોજ એ યોગ્ય પગલું ગણાશે.

દેવનાગરી લિપિ

જુગતરામ દવે

થોડા દિવસ ઉપર ગુજરાત સરકારે વિધાન સભામાં રાજ્યની ભાષા તરીકે ગુજરાતી ભાષા અને લિપિ તરીકે દેવનાગરી આપવાનું જાહેર કર્યું પણ કોઈ કારણસર નાગરી લિપિનો વિરોધ કરતાં સરકારી સભ્યે પાછી લિપિ ગુજરાતી જ રહેશે એમ ઠેરવી લીધું.

મને લાગે છે કે સરકારે આ પ્રસંગે ગભરાટ બતાવ્યો એ તેણે ઠીક કર્યું નથી. વિધાન સભાના સભ્યોને તે પોતે વિચારેલી નીતિ સહેલાઈથી ગળે ઉતારી શકી હોત.

સરકારનાં ગુજરાતી છાપાંઓ નાગરીમાં છપાય એ વસ્તુ આપણે ત્યાં નવી કે અપરિચિત નથી. વડોદરા રાજ્યની આજ્ઞાપત્રિકા એ રીતે વર્ષો સુધી છપાતી હતી, અને આખું ગુજરાત એ સુધારાથી ટેવાઈ ચૂક્યું હતું. એ જુના ગુજરાતી રાજ્યની કેટલીક પરંપરાઓ ચાલુ રાખવા જેવી છે તેમાંની આ એક છે.

ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં બાળકોને નાગરી લિપિ શીખવવાનો રિવાજ આપણે ત્યાં ચાલુ જ છે. અતિ અલ્પ પ્રયાસથી આપણે આખા દેશની સર્વ સામાન્ય લિપિ શીખી શકીએ છીએ. અને અન્ય પ્રાંતો માટે ગુજરાતી લખાણનાં દ્વાર ખુલ્લાં મુકી શકીએ છીએ.

અને આખરે ગુજરાતી લિપિ એ શું છે? સૌ જાણે છે કે તે શિરોરેખા છોડી દીધેલી નાગરી લિપિ જ છે. જુના વખતના ગુજરાતીઓ અક્ષરે અક્ષરે શિરોરેખા કરવા જવાને બદલે પ્રથમથી આખી લીટી પ્રથમ દોરી લેતા અને પછી તેના ઉપર અક્ષરોને ટાંગી દેતા. લખાણની ઝડપ માટે નાગરી લખાણમાં આ ખૂબ મોટો સુધારો ગણાય. આપણે ગુજરાતી લિપિમાં લગભગ શોર્ટહેંડ કે ટુંકાક્ષરીની જેમ ઘણી સારી ઝડપથી લખી શકીએ છીએ. ગુજરાતી ઉપરાંત મારવાડીઓ પણ આ રીતે જ લખે છે તેમજ મહારાષ્ટ્રીઓ મોડી લિપિ પણ આ રીતે જ લખે છે.

હાથે લખવામાં જે પ્રકારનાં ઝાપ અને મરોડ જોઈએ છે તેના છાપવામાં જરૂરી નથી. છાપવાના અક્ષરનું સ્વરૂપ જરા વધારે ઠાવકું અને સુઘાટદાર હોય તો વધારે શોભે. યુરોપના લોકોના હાથે લખવાના અને છાપવાના અક્ષરો જુદા એક હોવા છતાં રોમન લિપિ જ ગણાય છે તેમ આપણું હોય તેમાં કંઈ અસ્વાભાવિક નથી.

ગુજરાતની સરકાર સહેજે જુના વડોદરા રાજ્યની પરંપરાને માન આપી એક સુંદર સુધારો દેશમાં દાખલ કરી શકી હતી. વિધાન સભાના સભ્યોએ તેને ટેકો અને ઉત્તેજન જ આપવું જોઈતું હતું.

લોકશાહી આપણે ત્યાં નવી નવી હોવાથી લોકોની ટીકાઓ આગળ ક્યારે નમી પડવું અને ક્યારે દ્રઢતાથી પ્રગતિશીલ નીતિઓ તેને હસતાં હસતાં ગળે ઉતારી દેવી એ બહુ જ ખુબીની કળા શીખવી પડે છે. ગુજરાતના ધારાસભ્યોને મારી વિનંતી છે કે તેઓ આવા પ્રસંગોએ ઉશ્કેરણી કરી પોતાની સરકારને ગભરાવી મૂકે નહિ અને એકાદ સભ્ય ભેદ કરી પાડે તો બીજાઓ તેની વહારે દોડી જઈ સરકારને બચાવી લે.

કોઈપણ ભોગે ક્યુબાને મદદ કરવાનો ચીને આપેલો કોલ

પેકીંગ

સામ્યવાદી પ્રજાસત્તાક ચીનના પ્રમુખ માઓ ત્સે ત્સુંગે ક્યુબાના પ્રમુખ ડોરટીકોને જણાવ્યું હતું કે પ્રજાસત્તાક ચીન ક્યુબા સામેના "અમેરીકાના સશસ્ત્ર આક્રમણ" સામે ક્યુબાની પડખે ઉભું રહેશે.

આ અંગે પાઠવેલા સંદેશામાં માઓએ ડોરટીકોને જણાવ્યું છે કે પ્રજાસત્તાક ચીન "અમે તે ખાત્રી" તો પણ "અમેરીકાના લશ્કરી આક્રમણ" સામે પોતાના દેશના રક્ષણ માટે લડતી ક્યુબાની પ્રજાને 'મક્કમપણે' પોતાનું પીઠબળ આપશે.

માઓનો ડોરટીકો પરનો આ સંદેશો 'નૂતન ચીન સમાચાર સંસ્થાએ' પ્રગટ કર્યો હતો સંદેશામાં વધુમાં જણાવે છે કે ચીનની સરકાર અને એની પ્રજાની લડતને તમામ ટેકો આપશે.

સંદેશો વધુમાં જણાવે છે કે અમેરીકન સામ્રાજ્યવાદીઓને વિશ્વાસઘાત ભોગવવામાં અને એની પ્રજાને ગુલામીમાં રાખવામાં કોઈ જાતનો ખટકો થતો નથી. ચીનની પ્રજા અનુભવે સમજી શકી છે કે જે પ્રજા ક્રાંતિ કરે છે તે અજેય છે અને સામ્રાજ્યવાદીઓ અને એના આગી મહાશિકાં પુરાતનતાં પ્રગતિશાલી પગલાંઓનો આખરી અંજામ એમના પોતાના જ વિનાશમાં આવે છે

સંસદમાં ક્યુબા પરત્વે શ્રી જવાહરલાલનું નિવેદન

:—: નવી દિલ્હી :—:

લોકસભામાં ક્યુબાની પરિસ્થિતિ વિષે માહિતી માગતા ઠરાવ સંબંધમાં નિવેદન કરતાં વડા પ્રધાન શ્રી નહેરૂએ ક્યુબાના આંતરિક મામલામાં બહારની દખલગીરી તેમ જ રક્ષણ[illegible] અને બીજા દ્વારા અમેરિકી તળભૂમિ પરથી થયેલા આક્રમણને વખોડી કાઢ્યા હતા.

વડા પ્રધાન શ્રી નહેરૂએ વધુમાં જણાવ્યું હતું કે ક્યુબાના મામલાને પરિણામે ઉભી થતી વિશ્વ માટેની ભયજનક પરિસ્થિતિ અને શાંતિની ચિંતા સંબંધી ભારત સરકારે મોટી સત્તાઓને જાણ કરી છે.

ક્યુબામાં જે કાંઇ બન્યું છે તે વિષેની હકીકતો જો કે સ્પષ્ટ નથી છતાં આક્રમણ થયું છે એ વિષે તો લેશ માત્ર શંકા નથી.

અમને લાગે છે કે જે આક્રમણ થયું છે અને જે રીતે થયું છે તે આધુનિક પ્રણાલિકાને માટે ખરાબ ને ભયજનક છે અને ખાસ કરીને આંતરરાષ્ટ્રીય સંબંધો માટે નુકસાનકારક છે.

ક્યુબાની ઘટનાઓ કદાચ લાઓસ અને બીજા પ્રશ્નોમાં વધુ મુશ્કેલી ઉભી કરે.

ધ્યાન ખેંચ્યું છે

આ મામલાના પરિણામ સંબંધમાં ભારત સરકાર ચિંતાતુર છે અને જ્યારે વિશ્વની મહાન સત્તાઓએ સામસામી એકબીજાને ધમકી આપી છે તેથી વિશ્વની તંગદિલી વધી છે. તંગદિલી વધવાની આપત્તિ ઉભવાને કારણે એ મહાસત્તાઓમાંથી જેવે તે કોઇ નાને પગલાને વખોડી કાઢવાને બદલે આપણે એ મહાસત્તાઓનું ધ્યાન ખેંચ્યું છે અને આપણને જે ચિંતા થાય છે એ વિષે જાણ કરી છે.

મહાસત્તાની પ્રતિષ્ઠા

ક્યુબાની ઘટનાઓ દેખીતી રીતે માત્ર ક્યુબા પર જ અસર કરી નથી પણ વિશ્વના ભાગો પર પણ અસર પહોંચાડી છે. જે નિવેદનો પ્રગટ થયા છે તેમાં એક બીજાને ધમકી અપાય છે અને રાષ્ટ્રની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બન્યો છે એવી ખુબ જ ખતરનાક પરિસ્થિતિ ઉભી થઇ છે.

અમેરિકાની ભુમી પરથી

ક્યુબાની કેટલીક ઘટનાઓ સ્પષ્ટ છે અને તે એ કે કોઇ પ્રકારનું આક્રમણ થયું જ છે અને તે આક્રમણ અમેરિકન તળભૂમિ પરથીજ થઇ શકે. ક્યા મથકેથી એ આક્રમણ થયું તે હું ચોક્કસ કહી શકું નહિ પણ અમેરિકા અગર તો મધ્ય અમેરિકાના કે કોઇ બીજા સ્થળેથી એ થયું હોય.

હુમલા માટે ઉત્તેજન

એ સાચું છે કે ક્યુબાના નિવાસીઓ ફ્લોરીડામાં જુદે જુદે સ્થળે એકઠા થતાં હતા અને ખાસ કરીને ગ્વાટેમાલા તેમજ બીજે એકઠા થતા હતા, તદુપરાંત તેમને તાલીમ મળતી તેમજ શસ્ત્રો અપાતા. ઉપરાંત ક્યુબા જવા અને હુમલો કરવાનું પ્રોત્સાહન અપાતું.

એ સ્પષ્ટ છે કે હુમલો થયો એ પહેલાં અમેરિકન અખબારોમાં એ સંબંધી લેખો આવતા હતા અને ક્યુબાના નિર્વાસિતોને અપાતી રહેલી તાલીમના હેવાલો પણ પ્રગટ થતા હતા અને એ પછી આ આક્રમણ થયું છે. આ દરમીયાનગીરીનો કિસ્સો હોવાનું જણાય છે.

હું એટલા માટે આ કહું છું કારણ કે અમેરિકાના પ્રમુખ શ્રી કેનેડીએ તાજેતરના નિવેદનમાં જણાવ્યું છે કે કોઇ પણ હિસાબે અમેરિકન લશ્કર દરમિયાનગીરી ક્યુબામાં ચલાવી લેશે નહિ. એ નિવેદનને આવકાર્યું જ રહ્યું. પણ એ પ્રકારની દરમીયાનગીરી અને ક્યુબાના નિર્વાસિતોને શસ્ત્રો પુરા પાડી, તેમને તાલીમ આપી ક્યુબા જવાને પ્રોત્સાહન આપનારી દરમીયાનગીરી વચ્ચેના કોઇ મોટા ભેદને સમજવામાં મને મોટી મુશ્કેલી પડે છે.

સીલોનના ફેડરલ પક્ષ પર પ્રતિબંધ મૂકાયો?

કોલંબો :

સીલોનના વડા પ્રધાને કટોકટીની જાહેરાત સંબંધમાં એક નિવેદન પ્રગટ કરતાં જણાવ્યું છે કે જે વિસ્તારોમાં સરકાર વિરોધી આંદોલન ચાલે છે તે વિસ્તારોના પ્રજાજનોને હું શાંત રહેવા અને તેમના કામધંધા કરવા વિનંતિ કરૂં છું. કટોકટીની પરિસ્થિતિને કારણે જે લોકો કાનુન પાળનારા માને છે તેવા નાગરિકને કોઇ મુશ્કેલી નહિ પડે

જે બધા સરકાર વિરોધી છે તે બધા પણ ફેડરલ પક્ષના આંદોલનને ટેકો આપી રહ્યા છે. ત્રણ માસમાં આ ત્રીજી વખત સીલોનમાં કટોકટીની પરિસ્થિતિ જાહેર કરવામાં આવે છે. પહેલીવાર ૧૯૫૮માં તામીલ સીંહાલીસ અથડામણ વેળા કટોકટી જાહેર કરાઇ હતી. એ અથડામણમાં ૧૫૦ જણ મર્યા હતા. વડા પ્રધાન બંડારનાયકની હત્યા વેળા બીજી વાર કટોકટી જાહેર કરાઇ હતી.

દેશના જુદા જુદા ભાગમાં કટોકટીની જાહેરાત કેટલા ક્યા પગલા લેવાશે તે જણાવ્યું નથી પણ કરફ્યુ સભા અને સરઘસ બંધના પગલાં લેવાશે.

ફેડરલ પક્ષ પર પ્રતિબંધ મુકાયો છે. ફેડરલ પક્ષે જાહેર કર્યું હતું કે કટોકટીની જાહેરાત છતા પણ તે એનું આંદોલન ચાલુ રાખશે

રત્નાગીરીને બાર માસી બંદર બનાવવાની જાહેરાત

શીવનેરી :

રત્નાગીરીને બારમાસી બંદર (ઓલ-વેધર પોર્ટ) બનાવવાનો કેન્દ્ર સરકારે નિર્ણય લીધો છે અને ત્રીજી યોજના દરમીયાન રૂ ૫૦ લાખના પ્રાથમિક ખર્ચથી આ યોજનાનો આરંભ કરવામાં આવશે" એમ કેન્દ્ર સરકારના ટ્રાંસપોર્ટ અને કમ્યુનીકેશન ખાતાના રાજ્યપ્રધાન શ્રી રાજબહાદુર શાસ્ત્રીએ પત્રકારોને જણાવ્યું હતું

શ્રી રાજબહાદુરે વધુમાં જાહેર કર્યું હતું કે, "પશ્ચિમ કિનારાના બંદરોની સુધારણા માટે કેન્દ્ર સરકારે લાગતી વળગતી રાજ્ય સરકારોને લોન ઉપરાંત બીજી સહાય આપવા માટેનો પણ નિર્ણય લીધો છે."

રત્નાગીરી બંદરનું કામ ક્યારે શરૂ થશે અને પુરૂં થતાં કેટલો સમય લાગશે એ એક પ્રશ્નના જવાબમાં શ્રી રાજબહાદુરે જણાવ્યું હતું કે, "કોઇ પણ એક બંદરને બારમાસી બંદર બનાવવાની યોજનાઓ પાછળ કરોડો રૂપીયાના ખર્ચનો ખ્યાલ રહેલો છે એટલે ત્રીજી યોજનાનું કામ કેટલું થશે તેની કલ્પના કરવી અશક્ય છે."

શ્રીમતી વિજયાલક્ષ્મી પંડીત ભારતનાં ઉપપ્રમુખ બનશે

નવી દિલ્હી ખાતેથી આધારભૂત રીતે જાણવા મળે છે કે જો રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ નિવૃત્ત થશે અને ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન રાષ્ટ્રપતિપદે આવશે તો શ્રીમતી વિજયાલક્ષ્મી પંડીત ઉપરાષ્ટ્રપતિ બનશે. આ પદ માટે અત્યાર સુધી ઢેબરભાઇ અને શ્રી જગજીવનરામનું નામ સંભળાતું હતું પણ શ્રીમતી પંડીતનું નામ પણ બોલાય છે.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!

[illegible]

અમારે ત્યાં નીચેની આધુનિક વસ્તુઓ મળે છે.

સ્ત્રીઓ માટે: [illegible]

બાળકો માટે: [illegible]

[illegible]

વિશ્વાસ રાખો! સારો માલ વેચાઇ જતાં વાર નથી!!

લગ્નસરાના ગ્રાહકોને: માબરો હેટર્સ (પ્રા) લી.

(ભીખાભાઇ માસ્તર એન્ડ સન્સ)

ફોન નં. [illegible] — [illegible] — પો. બો. [illegible]

માસ્તર બિલ્ડીંગ — ૭૭ [illegible] સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

દુકાન વેચવાની છે

બીજનસ સેન્ટરમાં આવેલી લાઇસન્સવાળી દુકાન વેચવાની છે.

પતો:
૧૫૧A માર્કેટ સ્ટ્રીટ,
[illegible] સામે
જોહાનીસબર્ગ.

હમણાંનું સરનામું: રતીલાલ [illegible],
૧૫૧A માર્કેટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ.

વિવિધ વર્તમાન

આખું ગામ ફૂંકી માર્યું

લીસ્બન: ફાંસીવાદીઓએ ઉત્તર આંગોલાના મુકુંબા ગામને પેટ્રોલ છાંટી સળગાવી મુક્યું છે. છેલ્લા પાંચ દિવસમાં આ ગામ પર બળવાખોરોનો આ બીજો હુમલો છે. સેંકડો ક્રાંતિકારીઓના આ ગામ પર હુમલો કરી સંખ્યાબંધ યુરોપીઅનોને મારી નાંખ્યા હતા અને ઘરો બાળી લુંટ ચલાવી હતી.

આંગોલાના પાટનગર લુઆન્ડાની આફ્રિકી વસ્તીમાં વસેલા એક યુરોપીઅનનું ખુન કરવામાં આવ્યું છે. લુઆન્ડાના પોલીસે ત્યાં પરથી સંખ્યાબંધ લોકોને પકડ્યા છે. આંગોલાના કેટલાક ભાગોમાં બળવાખોરોની મોટી જમાવટ થતી હોઈ પોર્ટુગીઝ યુદ્ધજહાજો આંગોલાના કિનારે પહેરો ભરી રહ્યા છે.

હવે જાપાનીઓ ગોરી પ્રજા તરીકે

લંડન: દક્ષિણ આફ્રિકામાં જાપાનીઓને હવેથી "રંગીન" તરીકે લેખવામાં આવશે અને તેમને ગોરી વસાહતોમાં વસવા દેવામાં આવશે એમ જોહાનીસબર્ગ "સ્ટાર"ના કેપટાઉન ખાતેના ખબરપત્રીએ વાતમાં જણાવ્યું હતું.

અખબાર જણાવે છે કે દક્ષિણ આફ્રિકાના આંતરિક ખાતાના પ્રધાને આ નિર્ણય પાર્લામેન્ટમાં જાહેર કર્યો હતો.

અખબાર વધુમાં જણાવે છે કે એશિયા-આફ્રિકાના દેશોએ બહિષ્કાર કરવાની નીતિ ધારણ કરી છે ત્યારે દક્ષિણ આફ્રિકા જાપાન સાથે વ્યાપારી મોટી ઘરાકી ગુમાવવા માંગતું ન હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. બે દેશો વચ્ચેની વાતચીતો ગુપ્ત રાખવામાં આવેલી. આ સ્પષ્ટ જાહેર થયું ત્યારે જ જાહેર થયું હતું કે જાપાની અધિકારીઓને ગોરા-વસાહતોમાં વસવા દેવામાં આવશે અને એમના બાળકોને "ગોરાઓની" શાળાઓમાં દાખલ થવા દેવાશે.

આંગોલામાં ફિરંગી વિમાનોનો બોંબમારો

લુઆન્ડા-આંગોલા: યુનાઈટેડ પ્રેસના સમાચાર ખાતાએ આપેલા અહેવાલો પ્રમાણે ફીરંગી વિમાનીદળનાં વિમાનોએ ઉત્તર આંગોલામાં બેંગો પાસે ક્રાંતિકારો પર હુમલો કરતાં થયેલી ભારે લડાઈમાં ૨૦ ક્રાંતિકારો માર્યા ગયા હતા. બેંગો પ્રદેશમાં બળવાખોરોના વિશાળ ટોળે એકઠા થઈ રોડ પર વિશાળ ઝાડ ગોઠવી જંગલ વિસ્તારમાંથી ચોકીયાત ટુકડીઓ પર ગોળીબાર કર્યો હતો. પરંતુ તેઓએ હુમલાના કરેલા પ્રતિકારમાં એકંદરે આશરે ૪૦ની ખુવારી થઈ હતી. કેટલાક યુરોપીઅન અને આફ્રિકી સૈનિકોને સ્હેજ ઇજા થવા પામી હતી.

દરમ્યાનમાં પોર્ટુગીઝ ફીરંગી આફ્રિકન સંસ્થાનોમાં ફીરંગી લોકોની જમાવટ થતી રહી છે અને ઘણા જિલ્લાઓથી આવેલું એક સૈન્ય એકમ લુઆન્ડા અને ખાસ કરીને તેની પૂર્વ સિમાડા આસપાસની લોકોની ચોકીયાત પ્રવૃત્તિ સ્થગિત થઈ નથી.

કેન્સર સંશોધન

લંડન: મદ્રાસના કેન્સર હોસ્પિટલના રેડિયમ ચિકિત્સા વિભાગના વડા ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રી શ્રી કે. પી. વરગાઝુ કોલંબો યોજનાના કેળવણી ફંડ હેઠળ કેન્સર સંશોધનના અભ્યાસ અર્થે લંડન આવ્યા છે. તેઓ ટેરાના મુજબ જ બ્રિટિશ સંશોધન કેન્દ્ર લંડનના રોયલ માર્સડેન હોસ્પિટલના સંખ્યાબંધ 'વિભાગોના કાર્યમાં ભાગ લે છે.

પહેલું કામ કેન્સર રોગીઓને જણાતા રેડિયમના સલામત પ્રમાણ વિષે ગણતરી કરવાનું તેમજ રેડિયમ આપવાની સર્વોત્તમ પદ્ધતિ તૈયાર કરવાનું છે. મિત્ર શ્રી વરગાઝુને એક સમાચારપત્રને કહ્યું હતું "બ્રીટનના તબીબો અચાનક રોગોની સારવારની બાબતમાં વિશ્વના અગ્રણી અનુભવી તબીબોની હરોળમાં બેસી શકે છે. કેટલાક દરદોમાં આશ્ચર્યજનક સાજા થાય છે."

પોર્ટુગીઝ દમન

[illegible]. કેન્યા આફ્રિકન નેશનલ યુનિયનના મંત્રી શ્રી ટોમ મ્બોયાએ જણાવ્યું હતું કે મોઝામ્બીક અંગોલામાં પોર્ટુગીઝો બેહદ દમન કરી રહ્યા છે તેને કારણે હું એમ કહું છું કે જો સત્તા મળશે તો કેન્યા ખાતેના તમામ પોર્ટુગીઝ હિતો બંધ કરાવી દઈશ. મોઝામ્બીક આફ્રિકન નેશનલ યુનિયનને મારો સંપૂર્ણ ટેકો છે.

પોર્ટુગાલના તમામ રોમન કેથોલીક તથા બીજા દેવળોએ પોર્ટુગાલી સરમુખત્યારોને ટેકો આપ્યો છે. મોઝામ્બીક અને અંગોલાને દુનીયાથી વિખુટાં પાડી દેવામાં આવ્યા છે અને ત્યાંની પણ કોઈ માહિતી આપવામાં આવતી નથી.

પોર્ટુગાલમાં અત્યારના અધમ પ્રકારની સરમુખત્યારી છે અને તેને ટેકો આપનાર કોઈ પણ પશ્ચિમી રાષ્ટ્ર પ્રત્યે અમને અવિશ્વાસ જ જાગશે. એટલા માટે જ અમને [illegible] લાગ્યા છે.

આંદોલનને પહોંચી વળવાની તૈયારી

સેલીસ્બરી: રહોડેશિયન સરકારે નાના ગુનાઓ માટે સજાઓ ભોગવી રહેલા લગભગ એક હજાર કેદીઓને જેલમાંથી છોડી મુકવાનો નિર્ણય કર્યો છે.

કેદીઓને આ રાહત શા માટે આપવામાં આવે છે તે અંગે કોઈ સત્તાવાર ખુલાસો કરાતો નથી, પરંતુ એમ જણાય છે કે કેદખાના પણ તરફથી ચલાવાતા આંદોલનમાં ગિરફતાર કરાતા લોકો માટે જગ્યા કરવા અર્થે આ પગલું લેવાયું છે.

ફીરંગીઓ આફ્રિકી પ્રજા પાસે ગુલામી કરાવે છે

અક્રા: ઘાના સરકારે જણાવ્યું છે કે પોર્ટુગીઝ પ્રદેશોમાં આફ્રિકનો પાસે ગુલામી કરાવાય છે, ફરજીયાત મજુરીથી કામ લેવાય છે અને અન્ય અત્યાચારો ગુજારાય છે તે પ્રશ્ન અમે આંતરરાષ્ટ્રીય મજુર સંઘ સમક્ષ રજુ કરવા માગીએ છીએ. ઘાના અને અન્ય આફ્રિકી રાષ્ટ્રો આ દુઃખદાયક પરિસ્થિતિ વધુ વખત સાંખી લઈ શકે નહિ.

પોરચ્યુગીઝોને દેશ પાર કરવાની માગણી

સોલ્સબરીનો ખરીતો જણાવે છે કે દક્ષિણ રોડેશિયાની આગેવાન આફ્રિકન રાજકારી સંસ્થા—નેશનલ ડેમોક્રેટીક પાર્ટીએ, અંગોલાનાં ગામડાં ઉપર પોરચ્યુગીઝો બોમ્બાર્ડમેન્ટ કરે છે એ ખબર સાંભળ્યા બાદ એક સ્ટેટમેન્ટ બહાર પાડીને આગ્રહભરી માગણી કરે છે કે પોરચ્યુગીઝ સંસ્થાન અંગોલામાં જે બનાવો બન્યા છે તેને કારણે હવે રોડેશિયાની સરકારે સાલીસ રોડેશીયા આવેલા બધા પોરચ્યુગીઝોને દેશ પાર કરી દેવા.

ભુખ્યા કોન્ગોને અમેરીકાની મદદ

અમેરીકા સરકારે કોન્ગોને અભિ ચાર હજાર ટન ઘઉં ભેટ આપ્યા છે તે આમાંથી એક હજાર ટન ઘઉં કોન્ગો પહોંચી ગયા છે.

કોન્ગોમાં રાજકીય અવ્યવસ્થાને કારણે મકાઈના પાકને નુકસાન પહોંચ્યું છે. સરકાર આ ઘઉં જનતામાં સસ્તા ભાવે વેચશે ને આ આવકથી સીંચાઈ આદિ યોજનાઓ શરૂ કરશે કે જે દ્વારા દેશના બેકારોને કામધંધો પણ મળી રહેશે.

ક્વાલે ડીસ્ટ્રીક્ટમાં આફ્રિકન પ્રગતિ

ક્વાલેના ડી. સી.ના રીપોર્ટ મુજબ ગઈ સાલ ક્વાલે ડીસ્ટ્રીક્ટ માટે સારી ગઈ હતી. કાજુનું વાવેતર ૬૪૦૦ એકરમાં થતાં તેમાંથી ૧૩૫૦ ટન કાજુ ઉતર્યાં હતાં અને તેમાંથી ૬૭,૦૦૦ પાઉંડની આવક ડીસ્ટ્રીક્ટમાં આવી હતી.

તે ઉપરાંત મરચાં, નાળીયેર અને કોટન માટે પણ વધુ જમીનનો ઉપયોગ થયો હતો અને પેદાશ વધી હતી. કોટનની પેદાશમાં સંતોષકારક વધારો થયો ન હતો. તે ઉપરાંત ટમેટાની પેટીઓ ત્યાંથી આવી મોમ્બાસામાં વેચાઈ હતી.

ક્વાલે ડીસ્ટ્રીક્ટમાં શેરડીનું વાવેતર પણ થાય છે અને રામીસી સુગર ફેક્ટરી તેમાં આવેલ છે. વળી તેમાં ૬૫૦૦૦ પાઉંડ સાહાય્ય પણ થયું હતું. સોળ ટીમો ખેડુતોને સરકારી લોન જમીન વિકાસ માટે મળી હતી. મરીઆકાની મીલ્ક યોજનામાં ક્વાલે ડીસ્ટ્રીક્ટમાંથી મોટા પ્રમાણમાં દૂધ આવે છે.

રાતા સુકા મરચાં

રાતા સુકા મરચા અને હલકી પીસેલી મસાલેદાર લાલ મરચાં બજાર ભાવે હંમેશા અમારે ત્યાં મળશે. અને ૨૫/- રતલ પેકેટ સાથે લખશો રતલના ૬ સેન્ટ.

કેમજ સંગ્રહ દાખલા આફ્રિકાના ખુબ ઉત્તમના શા રેન્ડ.

ઓરડર સાથે લખો:

Maarmans (Pty) Ltd.
P. O. Box 26, Phone 128
(Brits, Transvaal.)

ખાસ દરખાસ્ત: હિંદની અગરબત્તી
(બદામ જાતની આવેલો તાજો માલ)

હિન્દુસ્તાન અને ઘણા દેશો માટે આવેલો તાજો માલ અમે સર્વ જનતા સમક્ષ રજુ કરીએ છીએ.

અગરબત્તી-ટેરાકોટ-પ્લાસ્ટીક, રેડહેમ્પ અને ચાંદીની અગરદાનીઓ. નવીન ઘરેણાં અને સાચાની ચોળી ટીકડીઓ, ડાયમોન્ડીસ અને કાચ. મુસાફરીની વાસણો અને ફેન્સી ગુડસ.

દુકાનો અને ફેરીઆ માટે અમે ખાસ ભાવ રાખીએ છીએ અને ખાસ ધ્યાન પણ આપીએ છીએ આજે જ્યારે આવતે વખતે ડરબન આવો ત્યારે અમારી મુલાકાત લેશો.

એ. કે. હુસેન એન્ડ સન્સ
જાહેરાત ઈમ્પોર્ટર અને હોલસેલ મરચન્ટસ
૧૪૨ ક્વીન સ્ટ્રીટ, — (હુસેન્સ બીલ્ડીંગ) — ગ્રે સ્ટ્રીટ — ડરબન
અમારૂં પ્રાઈસ લીસ્ટ મંગાવો.

શારદાગ્રામ

● દેશ પરદેશનાં ગુજરાતી બાળકો માટે છાત્રાલય સહિતની અદ્યતન શિક્ષણ સાધન સંપન્ન સંસ્થા.

★ વિવિધલક્ષી વિનય મંદિર ★

Multipurpose Residential High School

ગામડાંના જીવન સાથે સર્વાંગી વિકાસ આપનારા આ વિભાગના મુખ્યત્વે શહેરનાં બાળકોને અદ્યતન કેળવણી દ્વારા એસ. એસ. સી ના અભ્યાસક્રમ માટે તૈયાર કરવામાં આવે છે.

આ વિનય મંદિરમાં એસ એસ સી ના સર્વસામાન્ય અભ્યાસક્રમ ઉપરાંત ખેતીવાડી, વિજ્ઞાન અને લલિત કલાના વિશિષ્ટ અભ્યાસક્રમોનો પ્રબંધ કરવામાં આવ્યો છે.

ગુજરાતી ચાર ધોરણ જેમણે સારી રીતે પૂરાં કર્યાં હોય અને જેમની ઉંમર ૧૦ વર્ષથી ઓછી ન હોય તેવાં બાળકોને વિનય મંદિરના વિદ્યાર્થી એસ એસ સી-સુધીના બધા વર્ગો માટે પ્રવેશ અપાય છે.

★ મંગલાયતન (લોકશાળા) ★

Residential Post Basic Institute

ગુજરાતી ચાર ધોરણ પૂરા કરી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી ખેતીવાડીના વિશિષ્ટ અભ્યાસક્રમ સાથે સર્વાંગી શિક્ષણ મેળવીને ૭ વર્ષે 'વિનીત' બને છે. આ રીતે 'વિનીત' થયેલા વિદ્યાર્થીઓ વિનય મંદિરના એસ એસ સી ના તેમજ એસ ટી સી ના વર્ગમાં પણ પ્રવેશ મેળવી શકે છે.

આપણા ગ્રામ પ્રદેશની જનતાના જીવનમાં પ્રાણ પૂરતી જે કેળવણી અહીં રચાઈ રહી છે તે સાથે શહેરી બાળકોને ગ્રામાભિમુખ બનાવી તથા ગ્રામજીવનનો શોખ આપી એ બન્નેના સમન્વય દ્વારા નવી તાલીમનો એક અભિનવ પ્રયોગ અહીં પૂરો પડે છે.

શારદાગ્રામ : હરિયાળી પ્રકૃતિથી સભર સુંદર, સ્વચ્છ અને વ્યવસ્થિત, સંયમશીલ અને સ્વસ્થ ઉપવનનગર શરીરને ખડતલ, ચિત્તને પ્રસન્ન અને આત્માને ઉન્નત બનાવે છે.

શારદાગ્રામ : નવ યુગની—નયી તાલીમની—પ્રવૃત્તિઓથી ધમધમતું અને જીવનકળાની પાંખડીઓ પ્રગટાવતું "મા શારદા"નું મહામંદિર છે.

શારદાગ્રામ : એ અરવિંદની "મંગલ ભારતી"નું જીવંત પ્રતીક છે.

સૌન્દર્યધામ શારદાગ્રામ એટલે

- જીવનની કલાનું સમન્વેષણ.
- ગ્રામજનતાના સંસ્કાર કેન્દ્રની ગંગોત્રી
- આદર્શ કલ્યાણ ગ્રામનું વાસ્તવચિત્ર
- પ્રકાશ અને પ્રકૃતિનું ચેતનાગાર.
- સમાનતાથી સમાજ રચના તરફ આગે ધપતું અગ્રગામી શિક્ષણનું આત્મદર્શન
- રચનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન અને પ્રેરકતંત્ર.
- કૃષીજન અને ગોપાલનનું ગોકુળ
- મહાકવિ કાલિદાસના કલ્પનાધામની ઝાંખી આપતું નંદનવન.
- સુખમાંથી સહકારનું જીવનસંગીત રેલાવતું કેન્દ્ર.

શારદાગ્રામમાં વિદ્યાર્થી શું શું મેળવશે ?

- નીરોગી અને ખડતલ શરીર.
- સ્વચ્છતા, વ્યવસ્થા અને સુઘડતાના પ્રત્યક્ષ પાઠ
- નવાં પ્રયોગો અને નવાં પ્રશ્નો માટે જરૂરી આયોજન શક્તિ
- સમાજજીવનમાં સુમેળ અને સુવાસ પ્રસરાવે તેવું સહકારશીલ માનસ
- શુદ્ધ હવાની તાજગી, સ્વસ્થચિત્તની પ્રસન્નતા અને જીવનની ઉદાત્ત ભાવના.
- અતિથિસત્કાર અને સેવાવૃત્તિ
- નિર્ભયતા, સાહસ, પવિત્ર તથા શુદ્ધ જ્ઞાન જીવવાની તાલીમ
- વિવિધ લલિત કળાઓનો સહજરીતિના વિકાસ
- આગામી યુગજીવનના ભાથારૂપ ગુણોનો સંસ્કાર સદાચાર, માર્ગદર્શક સહકાર

- સો એકરના ઉદ્યાનો વચ્ચે વિસ્તરેલી આ સંસ્થા જીવનના સર્વાંગી ઘડતરને સર્જનારા આગવી વાતાવરણ વચ્ચે ઊભી કરેલી "જીવંત શાળા"ની પણ ખાસ વિશિષ્ટતાઓ ધરાવે છે.
- સંસ્થાનું નવું સત્ર તા. ૧૨મી જુને શરૂ થાય છે. બધા વર્ગોમાં વિદ્યાર્થીની યોગ્યતાની ચકાસણી કરીને—કેળવણી સંપૂર્ણરીતે ઊંચી કક્ષાના વિદ્યાર્થીઓને મર્યાદિત સંખ્યામાં પ્રવેશ અપાશે.
- પ્રવેશ અંગેનું સાહિત્ય મેળવવા માટે ૫૦ નયા પૈસાની ટીકીટ સાથે લખો.

નિયામક, શારદાગ્રામ—પો. શારદાગ્રામ – માંગરોળ થઈને સૌરાષ્ટ્ર,
ગુજરાત રાજ્ય, ટેલી. નં માંગરોળ એક્સ્ટેન્શન – નં. ૭.

તાર :—NIYAMAK – Sharadagram via Mangrol.

સાપ્તાહિક ખબરો

જોયેલું ને જાણેલું

વૃત્તપત્ર ઇન્ડીયન ઓપિનિયનના એક અંકમાં એ આર્ય યુવક વ્યાયામ શાળાના ''વ્યાયામ વીરો'' ઉત્તર-દક્ષિણ રોડેશિયામાં વ્યાયામ પ્રચાર માટે ગયા હતા તેનો રિપોર્ટ વાંચ્યો હતો. તે વાંચ્યા બાદ મને એમ થયું કે અમારા કેપટાઉન શહેરમાં પણ અમને વ્યાયામના પ્રયોગો જોવાની તક મળે તો સારું.

જોહાનીસબર્ગમાં હિંદી જનતાની શારીરિક શક્તિ અને તંદુરસ્તી વધે એવા ધ્યેયથી ઘણાં વર્ષો થયાં એકધારું કામ કરી રહેલી આ આર્ય યુવક વ્યાયામ શાળા દેશી તેમજ વિદેશી વ્યાયામની સુંદર તાલીમ મેળવી વ્યાયામ પ્રચારક યુવાનોની એક ટુકડી રહોડેશિયામાં મોકલી ત્યાં તેમણે ત્યાંની સ્થાનિક વ્યાયામ શાળાની પ્રગતિને વેગ આપ્યો હતો, અને સુંદર છાપ પાડી હતી.

આજ વર્ષમાં અમારાં અહોભાગ્ય કે ચોવીસ વર્ષોના આઠ અનુભવી અને વ્યાયામમાં સતત રસ લઈ રહેલા વ્યાયામ વિશારદ શ્રી ચિનગચંદ ભી પટેલના નેતૃત્વ નીચે વ્યાયામ શાળાના યુવાનોની એક ટુકડી શાળાની પ્રચારની સ્વરૂપે આ કેપટાઉન આવી હતી. અહીંના ગુડહોપ ટાઉન હોલમાં તા ૧૭-૪-૬૧ના રાત્રે કેપટાઉનની હિંદી જનતાના લાભાર્થે વ્યાયામ વીરોએ ડમ્બ બાર-લેઝીમ-મલખંભ-કુસ્તીઓ, ટેબલ, ખુરસી તથા મિત્રોના ઉપરનાં ખેલ પ્રમાણે તેના ખેલો—જાપાનીઝ કુસ્તી—યોગનાં આસનો—એક્રોબેટીક્સ—સૂર્યનમસ્કાર—સમૂહ કુસ્તી—અખાડા ગેડિસમ—બરછી છોડી—સળગતી રીંગમાંથી પસાર—લાઠી લકડી—રસ્સા ખેંચ વગેરેનો પ્રેક્ષકોને મુગ્ધ કરે તેવો મિતાક્ષર કાર્યક્રમ શ્રી ગુડહોપ હિંદુ એસોસીએશનનાં આશરા હેઠળ રજુ કરવામાં આવ્યો હતો. પ્રેક્ષકોથી હોલ ભરાઈ ગયો હતો. પ્રમુખ શ્રી પરભુભાઈ પટેલ, શ્રી પી. ડી. ગાન્ધીએ તેમજ ડોક્ટર મહેતા, મંત્રીએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં હતાં.

અમારા શહેરમાં પહેલાં વ્યાયામ શાળા હતી. તે શાળા ઘણા સમયથી બંધ પડી છે. અમને આશા છે કે જોહાનીસબર્ગના યુવાનોના વ્યાયામ પ્રચારથી સૂતેલી વ્યાયામ પ્રવૃત્તિમાં નવી ચેતના આવશે અને અહીંના બાળકો તેમજ યુવાનોને માટે વ્યાયામની તાલીમ શરૂ થશે. જોહાનીસબર્ગની વ્યાયામ શાળાના યુવાનોને વ્યાયામ પ્રચાર માટે ખરેખર ધન્યવાદ ઘટે છે.

* *

લગ્ન સમાચાર

તા ૨૯-૩-૧૯૬૧ના રોજ સાઇમન્સ ટાઉન હોલમાં સ્વ. નાથુભાઈ કાળીદાસના પુત્રી પદ્માબહેનના લગ્ન પ્રીટોરીયા નીવાસી ઉકાભાઈ કાળાભાઈના પુત્ર શ્રી હરગોવન સાથે રાયચંદ પ્રાગજીના હાથે વૈદીક વિધિથી થયાં હતાં. સ્વ. નાથુભાઈનું કુટુંબ સુરતના મોરઠોલી રહેવાસી છે અને શ્રી ઉકાભાઈનું કુટુંબ સૌરાષ્ટ્ર રાણપુ ગામના છે. તે કેપટાઉનમાં પહેલો સંબંધ હતો તો દૂર દૂરથી સગાઓ અને મહેમાનો સારી હાજરી આપી હતી. તે શુભ પ્રસંગે વરકન્યાના ભાઈ હીરાભાઈએ મહેમાનોનો ઉપકાર માન્યો હતો અને નીચે પ્રમાણે સંસ્થાઓને દાન કર્યું છે:

હિંદુ શિક્ષા મંદીર ૪-૪-૦; પરીષદ ૧-૧-૦; હિંદુ મિત્ર મંડળ ૪-૪-૦; મિતેચ્છુ ૧૦-૬; ગુડહોપ હિંદુ એસોસીએશન ૪-૪-૦; ઇન્ડિયન ઓપીનીયન ૧૦-૬; મહાસભા ફિરાવણી ફંડ ૧-૧-૦; અનાથ આશ્રમ ૧-૧-૦; ગાયો ખાતા ૨-૨-૦.

તે તેજ પ્રસંગે શ્રીમાન ઉકાભાઈ કાળાભાઈએ પણ નીચે પ્રમાણે દાન આપ્યું છે.

પ્રીટોરીયા હરિજન મંડળ ૪-૪-૦; ગુડહોપ હિંદુ એસોસીએશન ૧-૧-૦; હિંદુ મિત્ર મંડળ ૧-૧-૦; હિંદુ શિક્ષા મંદીર ૧૦-૬; મહાસભા ફિરાવણી ફંડ ૧૦-૬; મિતેચ્છુ ૧૦-૬; પરીષદ ૧૦-૬; ઇન્ડિયન ઓપીનીયન ૧૦-૬; અનાથ આશ્રમ ૧૦-૬.

* *

સાભાર સ્વીકાર

બહેન પ્રમિલાના લગ્ન પ્રસંગે શ્રી રાજેશ્વર ભાણાભાઈ તરફથી ભેટ પા. ૨-૧-૦

બહેન જ્યોત્સનાના શુભ લગ્ન પ્રસંગે શ્રી સી. કે. મહેતા તરફથી ભેટ પા ૨-૨-૦

પરદેશ યાત્રા

રૂડીપોર્ટ જુનીયર હાઇસ્કુલના પ્રીન્સીપાલ દોલતરાય મગનલાલ દેસાઈને ટ્રાન્સવાલ એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ તરફથી ૭ માસની 'વેકેશન' લીવ મળી હોવાથી તા ૬ જુલાઇના ઉપડતી સ્ટીમર ''કેપટાઉન કાસલ''માં તરત

શ્રી દોલતરાય મગનલાલ દેસાઈ

the "Uniting for Peace" resolution which has brought onto the floor of the General Assembly many of the matters previously reserved to the Security Council. The effect of this has been to deprive the great powers of some of their capacity to control the more important actions of the U.N. In his report to the General Assembly in September, 1960, the Secretary General, Mr. Hammarskjold, conceded that "it is extremely difficult for the United Nations to exercise an influence on problems which are clearly and definitely within the orbit of present day conflicts between power blocs" but maintained that "conflicts arising within the uncommitted areas offer opportunities for solutions which avoid an aggravation of the big power differences and can remain uninfluenced by them." Examples of actions to this end are the U.N. presence in the Near East (UNEF) and in the Congo, as well as the the extension of 'quiet diplomacy' by the Secretary General. The USSR has challenged such developments, in proposing a reorganization of the Office of Secretary General as a committee of three bound by a rule of unanimity. In reply, the Secretary General pointed out that the maintenance of the effectiveness of the United Nations has now become a special interest of the smaller nations who look to it for protection from involvement in the conflicts of the great powers.

Reflections On The Changing Face Of The U.N.

(a) The growth of the General Assembly as a more inclusive world forum has increased temptations to use it as a propaganda platform. Such use and the manoeuvres behind the scenes comprise a form of diplomacy. But it tends to divert the more delicate and serious negotiations into other diplomatic channels.

(b) The struggle to win the votes of newly emerging countries now being seated in the General Assembly is nevertheless bound to be a major matter of policy for both the great power blocs, as indeed for other groups seeking influence. On the other hand, the new members who have plenty of problems of their own, seek support for consideration of their own concerns without embroilment in the tonic power struggle.

(c) The failure so far on the part of the Communist states to escape from a very restricted minority position when it comes to a 'cold war' vote of the General Assembly is out of focus in relation to the image of Soviet power which Soviet leaders are projecting. To the extent that the functions of the Security Council, on which Russia has a veto, are eclipsed by those of the General Assembly, Russia is tempted to try to secure in some new way a greater weight for its opinions and greater freedom for the untrammelled conduct of its policy.

(d) On the other hand, Western groups are much less monolithic and predictable in their voting and there is more evidence of a growing habit of willingness to submit all but major questions to the free judgment of world opinion. But it must be remembered that in the early period the Western groups usually counted on being able to organise a two-thirds majority in their favour at the General Assembly on crucial issues. The new and enlarged General Assembly is no longer so manageable from the Western point of view and it remains to be seen how Western nations will react to these new pressures.

(e) In some respects there is a fairly realistic appreciation by the smaller and less powerful nations of the limited uses to which their votes can be put to influence great power policies. It is precisely these smaller nations who tend to press the great powers to settle their main quarrels first, and keep them out of the United Nations. This is scarcely a situation foreseen by the founders of the U.N.

(f) Christians may see in these developments both positive and negative factors. In so far as the United Nations develops a character which resists the rigid polarisation of the world into two camps, and is capable of bringing some degree of objectivity to the judgment of conflicting national interests, we are beginning to see the outline of an international machinery for justice and peace. But the temptation for the great powers to withdraw more of the major issues between them from an arena which they cannot control becomes greater, and the function of the U.N. becomes the more clearly limited to that of being the platform for the smaller nations and the means to shield them from the pressure of great powers.

Latest News Of Roopanand's Arrivals

THE MY MAGAZINE OF INDIA Tamil film stars story (new) 2 6
WEEKLY OF INDIA The pictures you long to see of to-day 1 0
PASUM PADAN & KALAYA you will be proud to buy 3 6
FILM FARE A magazine start from heaven to earth 3 0
INDIAN INFORMATION You will be wise to read and see 1 0
THE MARCH OF INDIA Is your future 4 6
THE INDIAN ANNUAL Year by year India progress 7 6
PICTURE POST All about the South Indian film is marked you see 0 6
FASHION FOR FUTURE INDIAN WOMAN Style; Blouse and Jumper Choli Pattern Book (Easy Diagram to cut and make your own as pattern design 4 6
ROOPANAND'S FESTIVAL CALENDAR for 1961 Increasingly popular 1 6
DAILY DIARY in Hindi and English with every good wisher 5 6
KASI HINDI PANCHANGS Bombay 2 6
VISSWANATH and SHIV PANCHANGS 7 6
HAWAN SAMAGREE Pure best arranged from Holy Land of India 5 6
TIHARI LOTAS Real Indian drugs made in India per 45 0
REHAL STANDS FOR BOOKS Ramayan and Koran and Holy Scriptures each 25 0
RUDRUSH MALA and many others 4/6, 5/6, 10/6, 12/6, 25/-
MURTHIES OF ALL DESCRIPTIONS Marble, Brass Silver God and Goddess 7/6, 10/-, 22/-, 25 0
KHARTAHI in pairs special for Kirtans, Bhajans etc. pr 25 0
DHOLAK'S for quawali, weddings, Holi, Bhajan £8 0 0
THUBLA & DOOGIE for all occasions £8 10 0
HARMONIUM best make Rama Flute £8 10 0
PORTABLE HARMONIUM for the Ramakrishna Divine Service. Flute of all designs £15 10 0
Silk display 8/6, 4/6, 6/6 15/-, 25/-, and 30/6

FAMOUS PUBLICATION IN BOOKS
HOUDINI, the greatest magician and his works detailed at last 26 0
MY INDIA a book of proud people with dignity 24 0
YOGA for health. A sound mind you will have with this book 26 0
AKBAR AND BIRBAL STORY now told in English 2 6
HATIM TIAI a story book believe it or not 18 6
BEHOLD THE EARTH MOURNS can you believe it 12 6
"INDIAN DELIGHTS" our Indian women's gift 19 6
CURRIES OF INDIA what a spice tasty 7 6
RAMAYANS for boys and girls, men and women 2/6, 14/6, 11/6
MODERN MARRIAGE a book for every young men and women 14 9
INDIANS IN NATAL by Dr. Hilda Kuper 30 0

FOR THE LATEST FILM RECORDS OF ALL YOUR FAVOURITE TUNES TRY US FIRST
WE CARRY THE LARGEST STOCKS OF LOCAL RECORDS, AND FROM INDIA
BOOKS OF ALL SORTS, INDIAN, ANCIENT, HISTORICAL, ARE SOLD BY US

D. Roopanand Bros.
PHONE 20707 — MUSIC SALOON & BOOKSELLERS — P.O. BOX 2524
85 Victoria Street, DURBAN

fifty years ago... *May 1911*

Natal Indians' Petition

Imperial Government Informed Of The True Position

(*From The Indian Opinion, May 20, 1911*)

THE following petition, dated the 15th instant, has been forwarded to the Right Honourable, the Secretary of State for the Colonies, London:

The Memorial of Dawad Mahomed, Dada Osman and Mahomed Cassim Anglia, in their capacity of President and Joint Honorary Secretaries respectively of the Natal Indian Congress humbly showeth that:

1. Your Memorialists, at a meeting of the Committee of the Natal Indian Congress, representing the Indian population of the Province of Natal, in the Union of South Africa held on the 28th day of April, 1911, were authorised and instructed respectfully to submit the following humble representation regarding the grievances of the Indian Colonists residing in this Province.

2. Your Memorialists have read with satisfaction the correspondence issued recently in the Transvaal, announcing the temporary arrangement that has been arrived at between Indian residents of the Transvaal and the Union Government. Your Memorialists venture respectfully to remind you that the painful struggle that has been carried on during the last four years by the Transvaal Indians has been watched with the closest interest and the utmost sympathy by the Indians of this Province, who have given it moral and material support. The Indians of Natal have cordially shared the determination of their Transvaal brethren to offer the utmost resistance to legislation differentiating against Indians on a race, and they will await the fulfilment of the official undertaking of the Union Government to substitute for the present racial Immigration Law of the Transvaal a measure applying legally to all races alike, and the repeal of the Transvaal Act No. 2 of 1907, except for the preservation of the rights of minors, in the next session of the Union Parliament.

3. Your Memorialists desire respectfully to express grave apprehension, however, regarding the General Immigration Bill that they understand is to be introduced into the Union Parliament next session, as they have reason to believe that no attempt will be made to curtail the existing rights of the Natal Indian community. Your Memorialists respectfully venture to urge that His Majesty's Government will most carefully watch the progress of Immigration legislation in South Africa with a view to the preservation of existing Indian rights, especially the rights of entry into this Province of the wives and minor children of domiciled Indians, and to receive certificates of domicile as matter of right when claimants can prove statutory domicile to the satisfaction of the Minister. Your Memorialists respectfully remind you that the present Natal Immigration Laws define the duration of residence within the Province constituting domicile, but that the Union Immigration Bill that has just been withdrawn contains no definitive provision. In order, therefore, to avoid arbitrary administration, resulting in the unnecessary arousing of ill-feeling between the Administration and the Indian community your Memorialists respectfully submit that the new Union Immigration Bill should define domicile, the period of residence in the Provinces of Natal and the Cape Colony, constituting statutory domicile, being, say, three years, as it is at present in this Province.

4. Your Memorialists respectfully submit further that the new education test proposed, being of an arbitrary nature, will result in the virtual exclusion of Indian Immigration into this Province. This in the humble opinion of your Memorialists, will result in great hardship to the resident Indian community, many members of which conduct important commercial transactions with business firms in India, in which special knowledge is often required. The new education test, however, designed to exclude all except a limited number of highly educated Indians of professional attainments, will prevent the resident Indian community from being able to avail itself of facilities hitherto enjoyed, and your Memorialists therefore, respectfully request that, before the new Union Immigration Bill comes before the Union Parliament, His Majesty's Government will ask for guarantees that temporary permits extensible from time to time, should be issued to confidential clerks and managers, in order to avoid great injury that would otherwise result to Indian commercial interests. The number of such temporary permits issued may not exceed annually the number of Indian immigrants who last year passed the education test of the present Natal Acts, and your Memorialists venture respectfully to remind you that the extension of such facilities, whilst being much appreciated by the Natal Indian community, will not result in any permanent addition to the resident Indian population. Your Memorialists further note that, as stated in the Parliamentary paper issued during the last session of the Union Parliament, under the education test proposed in the defunct Bill, the number of Indians who were allowed to pass was to be about twelve. As six was the number approximately conceded for the Transvaal, which carries a possible Indian population of 15,000 and a resident Indian population of not more than 8,000, twelve for the whole Union was altogether too small, regard being had to the fact that the Indian population of the Cape is not less than 15,000 and that of Natal not less than 150,000 including indentured Indians. In proportion to the number there should be for the whole of the Union 72 new Indian immigrants of culture, but your Memorialists would be satisfied if it were understood that 50 British Indians of culture in any one year would be allowed to enter under any education test that might be proposed.

R. VITHAL

Bookkeeping, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns.

Contact No. 12 Berblys Arcade,
38 Market Street,
Cor Diagonal & Market Sts.
Johannesburg. Phone 33-1854

WATCHES, Gents models—15 Jewels waterproof, shockproof, antimagnetic, unbreakable mainspring, dial with matching metal expansion strap—price 47/6. As above, but 21 Jewels—43/6. As above, but 17 Jewels—35/6. As above but with self-changing calendar, 17 Jewels—52/6. Also 21 Jewels Calendar—56/6. Other models from 19/6.

LADIES models 25 Jewels, unbreakable mainspring, fitted with magnificent matching expansion bracelets—55/6. As above, but 17 Jewels—47/6

A. I. AGENCIES First Floor, Rooms 104/105 His Majesty's Building, Eloff Street, or P.O. Box 9079, Johannesburg.

Stocks limited, order immediately.

Phone 835-0766 P. O. Box 1549,

MASTER BROS.
(PTY) LTD.
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
33 West Street, JOHANNESBURG.

Cable & Tel Add. HARGVAN Phone 29368

P. Hargovan & Co.
(Pty.) Ltd.

Received Shipment of Genuine Fireworks "Kwong Man Lung" Brand, Order Your Requirements Now.

Imported Screw Cap Neck 3¼" Diameter Mouth Pickle Jars
½ Gallon 95c each F.O.R. DURBAN
1 " R1-25 " " "
2 " R2-00 " " "
3 " R3-50 " " "
4 " R4-50 " " "

PACKING EXTRA CASH WITH ORDER ONLY.

155-7 WARWICK AVENUE,
P.O. BOX 1250. - DURBAN.

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

No. 19—VOL.-LIX.
FRIDAY,
19TH MAY, 1961
Phone: Mount Edgecombe 30.
Registered at the G.P.O. as a Newspaper
Price 4 Cents

INDIAN OPINION
ઇન્ડીયન
ઓપિનિયન
મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થાપેલું.
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણીલાલ ગાંધી

23 MAY 1961

જ્યારે પૂર્ણ [illegible] ના પ્રકાશના પ્રભાવથી [illegible] થી મુક્ત થવાનું [illegible] પરમ પવિત્ર એવો સત્યાગ્રહનો માર્ગ છે. તેના વડે પ્રેરણા મેળવી ને અહિંસામાર્ગમાં આગળ વધી શકાય છે.

—શિવાનંદ

પુસ્તક ૫૯ મું—અંક ૧૯ તા. ૧૯ મે, ૧૯૬૧. છુટક નકલ સેન્ટ. ૪

'સારાસન' રાજ્યમાં કટોકટી

આફ્રિકન રાજ્યોમાં સૌથી પ્રથમ દક્ષિણ આફ્રિકા સ્વાતંત્ર્ય પામ્યું, અને ગયે વરસે ૩૧મી મેના દિવસે એની ઉજવણી થઈ. "ઉજવણી" શબ્દ વાપરવો એ બરાબર નથી. કારણકે આખો દેશ કટોકટીના ધારા નીચે હતો; અને દેશના વહાલસોયા પુત્રો અને પુત્રીઓ કેદખાનાના સળીયા પાછળ પકડાયાં હતાં. આમાંના બે હજાર રાજદ્વારી કેદીઓ તરીકે હતાં અને બીજા વીસ હજાર કટોકટીના ધારા નીચે અટકાયતીઓ તરીકે દિવસો વિતાવતાં હતાં! તો પછી એ શી રીતે ઉત્સવ કહેવાય? પરંતુ ડૉ. વરવુર્ડની યુનિયન સરકારને એ ઉત્સવ જણાયો—અને એ ઉત્સવ નીકળી તે પણ ૨૨,૦૦૦ને જેલ ભેગાં કરી જ!

એથી એ ઉત્સવની ઉજવણી એક ફારસ જણાયો. એ ઉત્સવની ઉજવણીનું પ્રતિક એક કબુતર આકાશમાં ઉડાવીને ખાસ ઉજવનાર ડૉ. વરવુર્ડના પગ આગળ જ પડ્યું. કદાચ એ કબુતરના મનમાં હશે કે જ્યારે ૨૨,૦૦૦ જેલની પાછળ હોય ત્યારે આ ઉત્સવમાં મને ભાગ લેવાનો શો અધિકાર! એથી એ કબુતર પણ અહિંસક વિરોધ દાખવી શાંત પડ્યું! અને આજે છે કે કબુતરોને પણ દેશને માથે ઘેરાતાં કાળાં વાદળાંનો ભાસ થયો છે.—પરંતુ આ હઠીલી સરકાર એ જાણતી હોવા છતાં નમતું આપતી નથી—અને વિનાશ તરફ વધુ ઝડપથી કુચ કરી રહી છે.

યુનીયનનો ઉત્સવ ઉજવ્યા પછી બરાબર એક વરસે એજ વરવુર્ડ એજ યુનીયનનું ખૂન કરવા નીકળી પડ્યા છે. જેનો જન્મ એ ગયે વરસે ઉજવતા હતા તેનું ખૂન હવે એ આ વરસે ૩૧મી મેના દિવસે ઉજવવાની તૈયારી કરી છે. એ ઉજવણી પણ ગયા વરસની જેમજ હશે અને વધુ ગૌરવાન્વિતથી ઉજવાશે. થોડા દિવસની અંદર કેટલાને [illegible] મારશે, પરંતુ આ વખતનો માનવ-હત્યાનો એ અટકાવી શકે એમ નથી!

આ બધું અટકાવવા માટે એક ઉપાય છે, અને તે છે 'નેશનલ કન્વેન્શન.' સરકાર જો 'નેશનલ કન્વેન્શન' બોલાવે તો આ દેશની પરિસ્થિતિ સુધરે એમ છે. પરંતુ હું 'નેશનલ કન્વેન્શન' ઉપર આવું તે પહેલાં ૧૯૦૮માં જે કહેવાતી 'નેશનલ કન્વેન્શન' બોલાવવામાં આવેલી અને જેમાંથી 'યુનીયન ઓફ સાઉથ આફ્રિકા'નો જન્મ થયો તે હું સમજાવું એ વધુ યોગ્ય છે.

૧૯૦૮માં એક 'નેશનલ કન્વેન્શન' બોલાવવામાં આવી હતી જે કેવળ ગોરાઓ સ્વાહ હતી અને એમાં બીન-ગોરાઓ ન હતા. એ કેવળ ગોરાએ બોલાવેલી 'નેશનલ કન્વેન્શને' યુનીયનની માગણી કરી, અને યુનીયન ઓફ સાઉથ આફ્રિકાનો જન્મ થયો. તે વખતે ગોરાઓને મન આ યુનીયન એક સ્વાતંત્ર્યનું પ્રતિક હતું. પરંતુ ગોરા પાયા ઉપર સ્થપાયેલા આ યુનીયનમાં બિન-ગોરાઓ માટે શાંતિ આવી નહિ. આ ગોરી ક્રીયાં આ યુનીયનના મૂળને પાણી આપ્યાં, અને દેશની પરિસ્થિતિ બગડતી બગડતી આજની દશાએ આવી પહોંચી. આ યુનીયનમાં કેવળ ગોરાઓ માટે સ્વાતંત્ર્ય હતું—બિન-ગોરાઓ માટે નવા કાયદાઓ ઘડાતાં ગયા અને રંગભેદની નીતિ વધુને વધુ વિસ્તૃત થતી ગઈ. આ યુનીયનની સ્થાપના કરતાં પણ બિન-ગોરાઓની સ્થિતિ વધુ બદતર બનતી ગઈ.

આ ૧૯૦૮ની 'કન્વેન્શન' વખતે બિન-ગોરાઓએ પોતપોતાની રાષ્ટ્રીય સંસ્થા મારફતે સખત વિરોધ નોંધાવ્યો હતો. તે વખતે તેઓએ 'કેપ ટાઈમ્સ' અને બ્રિટિશ પાર્લામેન્ટનો સખત વિરોધ કર્યો, કારણકે આજ 'ટાઈમ્સ' પણ અને બ્રિટિશ પાર્લામેન્ટે આફ્રિકનોના હક્ક સાચવવાનું વચન આપ્યું હતું. પરંતુ વખત આવતાં દગો આપ્યો. આવી પરિસ્થિતિમાં તે વખતની 'કન્વેન્શન' બરાબર હતી.

અપશુકનિયાળ અવસર માટે
દેખાવ

ગયે વરસે જે અનિષ્ટકારક ઉત્સવ ઉજવાયો હતો તેનાથી પણ વધુ અનિષ્ટકારક આ યુદ્ધમેન્ડ પ્રજાસત્તાક રાજ્યનો ઉત્સવ ઉજવાશે. દક્ષિણ આફ્રિકા પ્રજાસત્તાક રાજ્ય (કહેવાતી પ્રજાસત્તાક રાજ્ય) બનવા માગે છે આ વિચાર જાહેર થતાં જ અહીંથી વિરોધ આવવા લાગ્યો. કારણકે અમુક ગોરાઓ અને બિન-ગોરાઓ જાણતા હતાં કે આ ખરેખર પ્રજાસત્તાક રાજ્ય બનવાનું નથી. લોકમત લેવાયા પછી જે જે બનાવો આ દેશમાં અને બહાર બન્યાં તે જો કોઈ સમજુ સરકાર સમજી હોત તો રાજીનામું આપતે, પરંતુ આ અડિયલ યુદ્ધમેન્ડ સરકાર એ સમજે એમ નથી. દેશના ખૂણે ખૂણેથી 'નેશનલ કન્વેન્શન'ની માગણી થાય છે, પરંતુ સમજે કોણ? આ અડિયલ યુદ્ધમેન્ડ સરકાર!

જે બનાવો બન્યાં તે જોઈએ.

પહેલો એ કે વડા પ્રધાનોની સભામાં લંડનમાં વરવુર્ડનું જવું—અહિં આવા ને લોકમત વખતે ખાતરી આપી કે દક્ષિણ આફ્રિકા કોમનવેલ્થમાં રહેશે. ત્યાં ગયા પછી વડા પ્રધાનોની સભામાં [illegible] આવી નીકળતી. ૨૨એ દેખ્યો અને દક્ષિણ આફ્રિકાની અરજી પાછી ખેંચી લીધી. નહિ ખેંચતે તો પણ કોમનવેલ્થમાંથી બહાર કાઢી જતે—પરંતુ વરવુર્ડને આ બનાવથી પણ કંઈ ભાન ન આવ્યું.

એ પછીનો બનાવ 'ટ્રીઝન ટ્રાયલ'નો! ચાર વરસની સખત મહેનત પછી સરકારની હાર થઈ. વિશ્વની નજર સમક્ષ આ બનાવ કાંઈ નાનો સૂનો નથી. બધાજ આરોપીઓ આ 'ટ્રીઝન ટ્રાયલ'માંથી નિર્દોષ છૂટ્યા.

એ પછીનો બનાવ છે યુનોની જનરલ એસેમ્બ્લીનો! 'જનરલ એસેમ્બ્લી' એ દક્ષિણ આફ્રિકાની ભાગલાવાળી નીતિને વખોડી કાઢી, અને એમાં દક્ષિણ આફ્રિકાના મિત્રો બ્રિટન, ઓસ્ટ્રેલીયા અને યુનાઈટેડ સ્ટેટ્સ પણ જોડાયાં. મત લેવાતી વખતે કેવળ પોર્ટુગાલે સાથ આપ્યો. દક્ષિણ આફ્રિકાની નીતિની [illegible] હાર થઈ.

આ પછી પીટર મેરીટ્ઝબર્ગમાં આફ્રિકન લોકોની 'ઓલ-ઈન-કોન્ફરન્સ' ભરાઈ. આ એક મહત્વ અગત્યનો બનાવ છે. કારણ આ 'ઓલ-ઈન-કોન્ફરન્સે' એક મહત્વ અગત્યનો મુદ્દો શોધી કાઢ્યો અને એ ઉપર એક ઠરાવ થયો. એ ઠરાવ તે 'નેશનલ કન્વેન્શન'નો! આ દેશની ખરાબ થતી પરિસ્થિતિ સુધારવાને અને દેશને ઉચ્ચ પ્રકાશે લાવવાનો એકજ ઉપાય છે—અને એ ઉપાય છે, બીન-ગોરી પ્રજાએ 'નેશનલ કન્વેન્શન'. આ 'નેશનલ કન્વેન્શન' સરકારે બોલાવવી.

આ 'નેશનલ કન્વેન્શન'માં બધા પ્રતિનિધિઓ હશે કે ૨૧ વરસની જાતી કે ધર્મના ભેદ વગર અને મર્યાદા વગર ઉમરલાયક પુરુષો અને સ્ત્રીઓના મતથી ચૂંટી કઢાયેલા પ્રતિનિધિઓ હશે. આ પ્રતિનિધિઓ પાસે એવી સાર્વભોમ સત્તા હશે કે તેઓ આ દેશમાં બહુમતિથી મંજૂરીઓથી પ્રજાસત્તાક નવું પ્રજાસત્તાક બંધારણ ઘડી શકે."

આજ એક ઉપાય છે જો આજની યુદ્ધમેન્ડ સરકાર આ 'નેશનલ કન્વેન્શન' બોલાવે તો દેશની પરિસ્થિતિ સુધરી જશે—પરંતુ આ અડિયલ સરકારને પરિસ્થિતિ ક્યાં સુધારવી છે? આ નેશનાલીસ્ટ સરકાર પાસે જે તાકાત છે તેના જોરે એક દાખલો આપું.

એક બસ ડ્રાઈવર મુસાફરોને લઈને એવો ખાડા ખાબડાવાળો રસ્તો જાય છે કે મુસાફરો ગભરાય ઉઠે છે. ત્યાં રસ્તામાં તો 'સાવચેત', 'જુઓ રસ્તો', 'રસ્તો બંધ' એવા પાટિયા માર્યાં છે. અને રસ્તાને કિનારે ઉભેલા લોકો બુમ પાડે છે, "ઉભા રહો", 'સાવધાન!'' આ બસ જાય છે ટેકરા ઉપર ધસતે—સામે ઉંડી ખીણ તરફ એની એને પરવા નથી. એથી બસ ડ્રાઈવર ચેતવણી આપનારાઓને કહે છે, "તમે, તમારું કામ સંભાળો, હું આ બસ ચલાવું છું" આ બધી ચેતવણીઓ સાંભળ્યા પછી મુસાફરો ગભરાય છે. તેઓ ડ્રાઈવર સાથે દલીલ કરવા માંડે છે—અને કહે છે, "મહેરબાની કરી પાછા વળો." પરંતુ

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૫૦)

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૧૯ મે, ૧૯૬૧.

ભયગ્રસ્ત સ્થિતિમાં રહેવું

આખો દક્ષિણ આફ્રિકા દેશ ભયગ્રસ્ત સ્થિતિમાં છે. એમાં રાજ્યકર્તા ગોરાઓનો પણ સમાવેશ થઈ જાય છે. ઉપર ઉપરથી બધું શાંત દેખાય છે, પરંતુ છેક નીચે એક જાતનો અગ્નિ પ્રજ્વલિત થઈ રહ્યો છે. જે ભમે ત્યારે ભભૂકી ઉઠશે. ગોરા કાળાથી ડરે છે, અને કાળા ગોરાથી ડરે છે. કાળાં માનવો વચ્ચે પણ પક્ષાપક્ષીને લીધે ભયની લાગણી પ્રસરી રહી છે. આ ભયની લાગણીનું કારણ આ સરકારની ઈલાયદાપણાની નીતિ છે. જે રીતે આ ઈલાયદાપણાની નીતિને ઠોકી બેસાડવા માટે પોલાદી પગલાં લેવાય રહ્યાં છે તે પણ એક કારણ છે.

ગોરો માણસ કાળા માણસથી ડરે છે એથી તે પોતાના રક્ષણ માટે જાત જાતના પગલાં લઈ છે. તે બાન્ટુસ્તાન અને ગ્રુપ એરીઆને વિસ્તૃત કરે છે—અને કામમાં પણ ઈલાયદાપણું દાખલ કરી સરમુખત્યારશાહી તરફ પગરણ માંડે છે—એ આશાએ કે તે સત્તાને માટે ભયમુક્ત બની જશે. આ બધાનું કારણ ભય છે. કમનસીબે આ પગલાં તેનું રક્ષણ સત્તાને માટે કરી શકશે નહિ. આખરે તેનો વિનાશ જરૂરથી આવશે. દક્ષિણ આફ્રિકામાં સંસ્કૃતિ માટે એ કમનસીબીની વાત છે કે રાજ્યકર્તા ગોરાઓ આ સમજી શકતા નથી. અને એ સમજવાની શક્તિ પણ ગુમાવી બેઠા છે. જે જે પગલાં તેઓ પોતાના રક્ષણ માટે લઈ છે તે તેઓનાજ ગળાની આસપાસ એક શૃંખલાની જેમ વિંટળાઈ વળશે. આ પગલાંમાંથી તિરસ્કારની લાગણી ઉત્પન્ન થાય છે, સરકારની પરિસ્થિતિ વાઘ પર સવાર થયેલાંની જેમ છે, કારણ કે તે ઉપરથી ઉતરી શકતો નથી.

જ્યારે ગોરો માણસ કાળા માણસથી ભય પામીને સાવચેતીના પગલાં લઈ છે ત્યારે કાળાં માણસો વચ્ચે આપસ આપસમાં પણ ભયની લાગણી પ્રસરી રહી છે. આ ભયની લાગણીને લીધે બધી કોમના માણસો એક બીજા ઉપર વિશ્વાસ રાખી શકતા નથી. કલર્ડોને એમ લાગે છે કે આફ્રિકનો તેઓને સંપૂર્ણપણે માનતાં નથી—એવો જ ભય હિંદીઓ પણ રાખે છે. વધુમાં હિંદીઓ કલર્ડ અને આફ્રિકનોનો ભય રાખે છે, આ ભયનું કારણ એ છે કે ઉપરની બન્ને કોમ કદાચ હિંદીઓને પરદેશીઓ તરીકે ગણી લઈ, અને તેવું વર્તન રાખશે. આફ્રિકન નેતાઓ ગમે તે કહે પરંતુ હિંદીઓ કાળાં માનવોના સમુહથી ભય પામે છે. આ સિવાય હિંદીઓને એ ભય છે કે તેઓ ગોરા—આફ્રિકનની લડાઈ વચ્ચે ઝડપાઈ જશે. બીજું એ કે હિંદીઓની લઘુમતિ છે, એથી પણ ભયનું કારણ પ્રસરે છે. હિંદીઓ ઘણા દેશોમાં પરદેશીઓ તરીકે ગણાય છે, તો આ દેશમાં પણ તેઓ પરદેશીઓ તરીકે ગણાય એ પણ એક ભયનું કારણ છે. આમ ઉપર ઉપર શાંતિ દેખાય છે—પણ ઉંડે જ્વાળામુખી પ્રજ્વલિત થઈ રહી છે.

છેવટે મૂલ્યાંકન કરતા જોઈએ તો આફ્રિકનો ખુદ ભયગ્રસ્ત છે. ગોરાઓ તેમના ઉપર જે સંકટો નાખે છે તેનાથી તેઓ ભય પામે છે. ૩૧મી મેનો દિવસ છે, એ દિવસ દક્ષિણ આફ્રિકાના ઈતિહાસમાં ખુબજ અગત્યનો દિવસ છે. એ દિવસ કેવળ પ્રજાસત્તાક દિન તરીકે અગત્યનો નથી, પરંતુ એમાંથી ઉપસ્થિત થતાં બનાવો એ પણ અગત્યના છે. આવતાં થોડા અઠવાડિયા ઘણાંજ અગત્યના છે. એથી આ ભયની લાગણી પ્રસરી રહી છે.

અધિક માસની વિશેષતા

("લહરિ")

અધિક માસની વિચારણા જ્યોતિષ, પૌરાણિક, ને આધ્યાત્મિક એમ ત્રણ રીતે કરી શકાય છે

(૧) ભારતીય પંચાંગની ગણત્રી પાંચ રીતે થાય છે. સૌર, ચાંદ્ર, સાવન, નાક્ષત્ર અને બાર્હસ્પત્ય. આ પૈકી સૌર અને ચાંદ્ર વિશેષ પ્રચલિત છે. સૂર્યની સાથે જ્યોતિષની ગણત્રીનો જે સંબંધ રહે છે તેને સૌર માસને સૌર વર્ષ કહે છે. એવા મહિનાનું પરિમાણ ૩૦ દિવસ ૨૬ ઘડી ૧૭ પળને ૩૬ વિપળની છે અને ચંદ્રની ગતિ પર જે સમયનો આધાર રખાય છે તેને ચાંદ્ર માસ તથા ચાંદ્ર વર્ષ કહે છે. એવા મહિનાનું પરિમાણ ૨૯ દિવસ ૧ ઘડીને ૫૦ પળની ગણાય છે. આમ સૌર વર્ષ ૩૬૫ દિવસ ૬ કલાક ૯ મીનીટને ૯ સેકંડનું થાય છે અને ચાંદ્ર વર્ષ ૩૫૪ દિવસ ૮ કલાક ૪૮ મીનીટ ને ૩૪ સેકંડનું હોવાથી એ બેમાં એક વરસમાં ૧૦ દિવસ ૨૧ કલાક ૨૦ મીનીટને ૩૫ સેકંડનો ફરક પડે છે. ને કદાચ મહિને ૩૦ તિથિ ઓછી થાય છે. આમ જો ચાલુ રહે તો ઋતુ અને મહિનાનો મેળ જતો રહે જેથી અધિક માસ ઉમેરવો પડે છે. પૃથ્વી ઉપર ઋતુનો આધાર સૂર્ય ઉપર છે જેથી સૂર્યમાન મુજબ વરસ રહેવું જોઈએ. મુસલમાનોનું હિજરી સન કેવળ ચંદ્રના ગમન પરથી ગણાતું હોવાથી મોહરમનો તહેવાર કોઈ વાર ઉનાળામાં ને કોઈ વાર ચોમાસામાં આવે છે. હિંદુ સનાતની સૂર્યને ચંદ્ર બંને સાથે સુમેળ રખાય છે. તે પદ્ધતિને *Luna-Solar* એટલે ચાંદ્ર સૌર ગણત્રી કહે છે. એમાં પાંચ વરસના ગાળામાં જેટલી તિથિઓ ઓછી હોય તેના અવેજમાં બે અધિક મહિના ઉમેરીને ઋતુ સંબંધ જાળવી રખાય છે. જેથી દર વર્ષે ચોમાસુ એક મહિનામાં જ બેસે છે. ને નવું વરસ દિવાળીના આરંભમાં જ આવે છે. ગ્રહો તથા નક્ષત્રોને સંયુક્તમાં અગણ્ય કહે છે ને એના સમુદાયના આકાર મળીને ભચક્ર કહે છે. ઘડિયાળના ચંદા *Dial* ઉપર કલાક બતાવવા માટે જેમ બાર વિભાગ કરેલા છે તેમ આ ભચક્રના પણ જ્યોતિષશાસ્ત્ર બાર વિભાગ કરેલા છે. ને દરેકને રાશિ કહે છે. તેનાં નામોઃ મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન. આ દરેકમાં સૂર્યનું પસાર થવું તેને સંક્રાંતિ અથવા સંક્રમણ કહે છે. દર મહિને એક રાશિમાંથી સૂર્ય પસાર થાય છે ને વરસે પુરું થાય છે. પરંતુ દર ત્રીસ બત્રીસ મહિનાના અંતરે એક માસમાં એ રાશિ બદલાતી નથી ત્યારે અધિક માસનો યોગ આવે છે. દાખલા તરીકે ચાલુ વરસના વૈશાખ વદમાં અમાસના દિને વૃષભ રાશિમાં સૂર્યનો પ્રવેશ થયા પછી બત્રીસમા દિવસે બીજા જેઠ સુદ પડવાને દિવસે મિથુન રાશિમાં જાય છે. એટલે એક આખા મહિનામાં સંક્રાંતિ ન થવાથી તે માસ અધિક જેઠ ગણાય છે. વળી જેમ કોઈ મહિનામાં બે તિથિ એક સાથે આવે છે, અને કોઈ વાર તિથિનો ક્ષય પણ હોય છે. તથા જેમ અધિક માસ આવ્યા કરે છે તેમ ક્વચિત્ ક્ષય માસ પણ આવે છે. પરંતુ તેનો યોગ ઘણા લાંબા સમય પછીજ આવે છે. સંવત ૧૮૭૯માં માગસર માસનો ક્ષય થયો હતો. અને તે પછી ૧૪૧ વર્ષ બાદ. સંવત ૨૦૨૦માં ફરીથી પણ માગસર માસનો ક્ષય થવાનો છે. અને તે પછી ૧૯ વર્ષ બાદ એવો ક્ષય માસ આવશે. પરંતુ એ વખતે સૂર્યની સંક્રાંતિ બે વાર આવી જશે જેથી અધિક માસ પણ બે આવશે. અને કુલે ત્રણ આવા માસ એ વર્ષમાં ગણાશે. આ રીતે સૌર તથા ચાંદ્ર વર્ષ અને ઋતુનો સુમેળ જળવાઈ રહેશે.

(૨) પુરાણોમાં અધિક માસની કથા રૂપકમાં ગવાયેલી છે. હિંદુ ધર્મમાં દરેક લેક પદાર્થના અધિકારી દેવ માનેલા હોય છે. જેવા કે, અન્નના દેવ વરુણ. વાણીની દેવી સરસ્વતી. તેવી જ રીતે બારે માસના પણ અધિકારી માનેલા છે પણ વધારાના માસનો કોઈ દેવ નિર્દિષ્ટ ન હતો જેથી લોકો તેને તિરસ્કારથી ઉપેક્ષિત માનીને મલમાસ કહેતા. ને તેમાં કદાપિ શુભ કાર્યો કરતા નહીં. જેથી એ માસ ભગવાનને શરણે ગયો, ને વિનંતિ કરી કે, મને મલમાસ કહીને લોકો મારી ઉપેક્ષા કરે છે, ને મારા વખતમાં કોઈ શુભ કાર્યો નથી કરતાં કારણ કે મારે માથે કોઈ દેવ નથી જેથી હું તમારે શરણે આવ્યો છું તો તમે મને કૃતાર્થ કરો. આ સાંભળી ભગવાને કહ્યું : હું શરણાગત વત્સલ તથા નોંધારાનો આધાર ગણાઉં છું તું આજે શરણે આવવાથી હું તારો દેવ બનું. ને હું પુરુષોત્તમ કહેવાઉં છું તે પરથી તારું નામ પુરુષોત્તમ માસ પડશે. વળી તું મલમાસ નહીં પણ હવે 'અધિક માસ' ગણાશે. તેમજ તારા સમયમાં જે કોઈ 'અધિક' ભાવથી સત્કર્મો કરશે તેનું ફળ હું તેઓને અધિક કરીને આપીશ. એ પછી પુરુષોત્તમ માસમાં કરવાનાં કેટલાક ખાસ સત્કર્મોનાં વિધાનમાં કહ્યું છે કે નિત્ય સ્નાન

(અનુસંધાન માટે જુઓ પાનાં ૧૫૦)

SOUTH AFRICAN LIBRARY 23 MAY 1961

મરાલાલમાં જોમો કેન્યાટાની પ્રેસ કોન્ફરન્સ

જેની ઘણી આતુરતાથી રાહ જોવાઈ રહેલ હતું તે કેન્યાટાની પ્રેસ કોન્ફરન્સ મરાલાલ ખાતે મળી હતી. દુનિયા ભરનાં જુદા જુદા અખબારો અને રેડીઓ સર્વિસના પ્રતિનિધિઓ, કેમેરામેન, અખબારનવેશો વગેરે ખાસ સાંકડી ગાડીઓ નાઈરોબીથી ૨૦૦ માઈલ ઉપર આવેલ મરાલાલ ખાતે પહોંચ્યા ગયા હતા. કેટલાક વિમાનમાં પહોંચી ગયા હતા તો કેટલાક મોટરમાં પહોંચી ગયા હતા.

સૌને માટે મરાલાલમાં સારી વ્યવસ્થા રાખવામાં આવી હતી. મરાલાલમાં એક કમ્પની બહાર એક મોટો સામીયાણો ઊભો કરવામાં આવ્યો હતો તેમાં આ પ્રેસ કોન્ફરન્સ ભરવાની યોજના કરાઈ હતી. મુલાકાતીઓ માટે કલાકમાં ચા નાસ્તો અને ભોજનની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી.

કોન્ફરન્સનો સમય થતાં મી. જોમો કેન્યાટા કોન્ફરન્સમાં આવી પહોંચ્યા હતા. તેમણે પોતાનું એ વિખ્યાત લેધર જેકેટ અને ભુરા રંગનું પાટલુન પહેર્યું હતું. પગમાં સેન્ડલ પહેર્યાં હતાં. એક હાથમાં તેમની મુરકીવાળી લાકડી હતી. હાથ પર મોટી રીસ્ટ-વોચ ચમકી રહી હતી. બીજા હાથમાં ચમરી હતી. ૭૦ વર્ષની ઉંમર છતાં અને સાત સાત વર્ષની પ્રતિબંધિત અવસ્થામાં રહ્યા છતાં તેમની તબીયત સ્વાસ્થ્ય પૂર્ણ જણાતી હતી.

કોન્ફરન્સમાં આવી તેમણે પત્રકારોની સામે પોતાની બેઠક લીધી. તેમની બાજુમાં તેમના બે ધારાસભ્યો મી. હેનરી ગેચેલિયા ને મી. જે. આર. કરીઉકી હતા અને બીજી બાજુ તેમની પુત્રી માર્ગારેટ કેન્યાટા બેઠી હતી જે કેન્યાટા બોલતા હતા તેની નોંધ લેતી હતી. તેમની પાછળ તેમનો નાનો છોકરો સાદા વેશમાં ઊભેલો હતો.

કોન્ફરન્સનું કામકાજ શરૂ કરતાં પહેલાં કેન્યાટાએ સૌને હસતે મુખે આવકાર આપી પોતાનાં ચશ્મા ચઢાવ્યા, અને કામકાજ શરૂ કરતાં પહેલાં એક ટૂંકું ભાષણ કર્યું.

કેન્યાટાનો ઉપોદ્ઘાત

ઉપોદ્ઘાતના આ ભાષણમાં મક્કમ ગંભીર અને સ્થિર અવાજે મી. કેન્યાટાએ ઉદ્દાત્ત શબ્દોથી સૌને આવકાર આપી જણાવ્યું કે, તમને મળતાં મને આનંદ થાય છે.

હું પ્રતિબંધિત અવસ્થામાં હોવાથી કેટલાક અવરોધો વેઠવા છતાં પણ સંપૂર્ણ પ્રમાણિકતા અને નેકદિલીથી તમારા બધા પ્રશ્નોના હું મારાથી બનતા જવાબ આપીશ.

હું આપ સૌને એક દિવસ આઝાદ આફ્રિકી તરીકે મળવા આશા રાખું છું અને એ દિવસ બહુ દૂર નથી.

આપ સૌ એટલું જ ખ્યાલ બહાર રાખજો કે છેલ્લા આઠ વર્ષથી હું દુકાળના પ્રદેશમાં એકલો અટુલો દુનિયાના બનાવોથી સદંતર કપાએલ છું. આ સમય દરમિયાન તમારામાંના ઘણાંએ મારે માટે બિન્દુસ્વરૂપ પણ મિલાવ્યું છે. જનસમાજી હતી જાતિ મારા માટે ઉપજાવી કાઢી તેનું આલેખન કર્યું છે.

મારી જેમ મારા સાથીઓની મુક્તિ માટે જુદી જુદી જાતિ અને પ્રજાઓના જે સાથો મળ્યો. બહાદુરીપૂર્વક લડત ચલાવી રહ્યા છે તેમનો હું આભાર માનું છું.

સ્વાતંત્ર્ય સંગ્રામ ચાલુ રાખનાર મારા સૌ ભાઈઓ અને બહેનોનો પણ આભાર માનું છું.

છેવટમાં કેન્યાટાએ જણાવ્યું કે હું હંમેશા એક સાચો રાષ્ટ્રવાદી રહ્યો છું અને સાચો રાષ્ટ્રવાદી રહીશ. હવે આપને જે સવાલ પૂછવા હોય તે પૂછી શકો છો.

ત્યારબાદ જુદા જુદા અખબારોએ પ્રશ્નોની ઝડી વરસાવી હતી. જેના કેન્યાટાએ સ્ફૂર્તિપૂર્વક, મક્કમ અવાજે જવાબ આપ્યા હતા, કેટલાક સવાલોને ઉડાવી પણ દીધા હતા. પણ આખો સમય કેન્યાટાનો અવાજ એકસરખો આત્મશ્રદ્ધાથી રણકતો રહ્યો હતો. તેઓ ઘણા પ્રફુલ્લિત જણાતા હતા.

મુલાકાતમાં કેન્યાટાએ શું કહ્યું?

હું હિંસાનો વિરોધી છું

લોકો કેન્યાટાએ કહ્યું કે હું માઉ-માઉનો નેતા ન હતો ને મેં માઉમાઉને વખોડ્યું છે. હું હિંસામાં માનતો નથી, અને સમસ્યાઓના શાંતિપૂર્ણ ઉકેલને આવકારું છું.

કોરફીલ્ડ રિપોર્ટની આકરી ટીકા કરતાં કેન્યાટાએ કહ્યું કે આખો રિપોર્ટ જુઠાણાથી ભરપૂર છે. આ રીપોર્ટ મારેનાં બયાન ગણીને મરજીથી ખાસીઓ મેળવાઈ છે. રીપોર્ટનો બધો હેતુ આખેઆખો કેન્યાટાને ખતમ કરવાનો છે.

ઇતિહાસમાં મારી બાબતે શું સ્થાન મળશે તેવા સવાલના જવાબમાં કેન્યાટા બોલ્યા કે આ સ્થાન ભાવિ ઇતિહાસકારો નક્કી કરશે.

એમણે જણાવ્યું કે હું દેશની સલામતીને જોખમરૂપ કદી ના હતો, આજ પણ નથી.

ગવર્નર જીદ્દી છે

સર પેટ્રીક રેનીસનનો ઉલ્લેખ કરી કેન્યાટાએ જણાવ્યું કે તેમને સાચી સલાહ મળતી નથી અને તેઓ જીદ્દી અને અને સંકુચિત દિલના છે, આમ છતાં મારા દિલમાં તેમના સંબંધે કડવાશ નથી. હું ગવર્નરને મળવા તૈયાર છું, ને મેં આવી દરખાસ્ત પણ અગાઉ કરી હતી, કિન્તુ ગવર્નરે મને મળવાનો પ્રયત્ન કર્યો નથી.

હું કદી કોમ્યુનીસ્ટ ન હતો

પોતે કોમ્યુનીસ્ટ હોવાનો સ્પષ્ટ શબ્દોમાં ઇન્કાર કરતાં કેન્યાટાએ દર્શાવ્યું કે અન્ય કોઈ વ્યક્તિ પ્રવાસ કરે તેવી જ રીતે મેં રશિયાની મુલાકાત લીધી હતી. ત્યાંની પ્રગતિ જોવાની મારી ઈચ્છા હતી. મેં અન્ય કેટલાક યુરોપીયન દેશોની પણ મુલાકાત લીધી હતી. બ્રિટનમાં મારે કેટલા સામ્યવાદી સંબંધો હતા. હા, 'ટાઈમ્સ' મારા લેખ ના લે તો હું 'ડેઈલી વર્કર'ને આપતો. 'માન્ચેસ્ટર ગાર્ડિયન'ના તંત્રી મારા મિત્ર હતા, તે મારા લખાણ ખુશીથી છાપતા.

લેન્કેસ્ટર બંધારણ નકામું છે

કેન્યાટાએ જણાવ્યું કે લેન્કેસ્ટર બંધારણ એક પગથું આગળ હતું છતાં એમાં ઘણી ત્રુટીઓ હતી. આફ્રિકન ધારાસભ્યો વધ્યા, પરંતુ તેમની શક્તિ વધી નથી. સરકાર રચનામાં ભાગ લેવો કે નહિ તે કાનુ-કાનુની પોતાની નીતિ છે; છતાં હું એ નીતિથી સહમત છું.

ભાવી કાર્યક્રમ

તેમના ભાવિ કાર્યક્રમ પરત્વે એમ કેન્યાટા બોલ્યા કે એ મારી પ્રજા ઉપર નિર્ભર છે; તેઓ મને જે થવા ઇચ્છશે તે હું બનીશ.

તમે ચીફ મીનીસ્ટર બનશો કે તે પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું કે એ પણ જનતા પર આધારિત છે.

તમે વડા પ્રધાન બનશો તો યુરોપિયન જમીનો પરત્વે ખાતરીઓ આપશો? તેવા સવાલનો કેન્યાટાએ ઉત્તર વાળ્યો કે હું કે કોઈ એક વ્યક્તિ આવી બાંહેધરીઓ ના આપી શકે; સિવાય કે તે સરમુખત્યાર હોય! વાસ્તવમાં આ બાબતો જનતાની ચુંટાયેલી સરકારનો છે.

બધાના હકકનું રક્ષણ થશે

કેન્યાટાએ સ્પષ્ટીકરણ કર્યું કે કેનીયાનું નાગરિકત્વ ધરાવતા દરેક શખ્સના હકોનું રક્ષણ થશે, પછી ભલે તે ગમે તે જાતિ હોય. આ નીતિ અનુસાર કોઈ ખાસ કોમ માટે કોઈ અધિકાર વિશેષની જરૂરત નથી રહેતી.

ગોરાઓએ ગભરાવું નહિ

કેન્યાટાએ જણાવ્યું કે હાઈલેન્ડની યુરોપીયન જમીનો આંચકી લેવાનું હું કહેતો નથી, જો કોઈ તેમ કહેતું હોય તો તે ભૂલ છે. અમે તો એ કહીએ છીએ કે જે અણખેડાયેલી જમીનો પડી છે, આવી જમીનો જમીનવિહોણા આફ્રિકન ખેડુતોને મળવી જોઈએ એ જેની જમીન દેશના વિકાસમાં ફાળો આપે છે તેવા કોઈ ખેડુને, પછી તે યુરોપીયન હોય કે આફ્રિકન, ભય રાખવાની જરૂર નથી.

વફાદાર કીકુયુઓને અભયવચન

વફાદાર કિકુયુઓ પ્રત્યે તમે છૂટા થશો ત્યારે કેવો દ્રષ્ટિકોણ ધરાવશો તે સંબંધે કેન્યાટાએ કહ્યું કે બાઈબલમાં ઇસુએ કહ્યું છે કે "હે પ્રભુ તેમને માફ કર, કેમ કે તેઓ શું કરી રહ્યા છે તેનું તેમને ભાન નથી!"

કેન્યાટાએ ઉમેર્યું કે મારા દુશ્મનોએ મારા વિરુદ્ધ પ્રચાર કર્યો છે ને સરકારના હાથ મજબૂત કર્યા છે.

ફેડરેશન

પૂર્વ આફ્રિકન સમવાય પરત્વે કેન્યાટા કહે છે કે આ સારો વિચાર છે, પણ તે પુર્વે આઝાદી પ્રદેશોને આઝાદી મળવી જોઈએ.

આગુ સમવાય આગળ જતાં યુનાઈટેડ સ્ટેટસ ઓફ આફ્રિકા બને તેવી શક્યતાનો કેન્યાટાએ સ્વીકાર કર્યો છે.

કોન્ગોની દશા!

કોન્ગો સંબંધે કેન્યાટાએ કહ્યું છે કે બે સાંઢ-પાડાઓ લડે ને ઝાડ-પાનનો ખો નીકળે તેમ પુર્વ-પશ્ચિમ અર્થાત સામ્યવાદી દેશો ને બીન-સામ્યવાદીઓ

(અનુસંધાન માટે જુઓ પાનું ૧૪૯)

મારૂટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

નવા જાતના નાયલોન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ બાળકો અને પુરુષો માટે તૈયાર જાતના ડ્રેસ જર્સી, પુલોવર, કાર્ડીગન્સ અને બાળકો માટે—સ્યુટ, બ્લાઉઝ, બ્લેન્કેટ્સ, ટોઇલેટ નેપકીન્સ વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા વિનંતી.

૩૭ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન: ૮૩૫-૬૮૮૬ — બોક્સ ૬૫૩૯.

મોતને ભોગે પણ કોમી તોફાનોનો મુકાબલો કરો

વડા પ્રધાન શ્રી નહેરુએ અહીં જણાવ્યું હતું કે જબલપુર અને મધ્ય પ્રદેશના બીજા કેટલાક શહેરોમાં તાજેતરમાં થયેલા કોમી તોફાનોથી મને ઘણું દુઃખ થયું છે અને મને સૌથી વધુ આઘાત તો એ વાતનો થયો છે કે ખાસ કરી આ શહેરોમાંના કોંગ્રેસજનોએ આ પરિસ્થિતિનો જે હિંમતથી સામનો કરીને ફરજ બજાવવી જોઈતી હતી તે નથી બજાવી.

પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને વિધાનસભાના કોંગ્રેસ પક્ષના સભ્યોની સંયુક્ત બેઠકમાં ભાષણ કરતાં શ્રી નહેરુએ વધુમાં કહ્યું કે તોફાનો દરમ્યાન કોંગ્રેસીઓએ તેમની જવાબદારી યોગ્ય રીતે અદા કરી નથી અને તોફાનો દરમ્યાન તેઓ ડરના માર્યા તેમના ઘરોમાં પરવશ સ્ત્રીઓની જેમ ભરાઈ બેઠા હતા.

કોંગ્રેસ કાયરોની નથી

શ્રી નહેરુએ કહ્યું કે કોંગ્રેસ કાયરોની સંસ્થા નથી. ભૂતકાળમાં કોંગ્રેસે અડગ નિર્ણય અને હિંમતથી મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કર્યો છે અને કોંગ્રેસીઓએ જે આદર્શો માટે આપણે ખડા થયા છીએ તેને માટે તેમના જીવનના બલિદાન આપ્યા છે. મારી તપાસમાં અને જાણવા મળ્યું છે કે આ તોફાનો દરમ્યાન એક પણ કોંગ્રેસીને લગીર ઈજા પહોંચી નથી આ વસ્તુએ વાતનો સ્પષ્ટ નિર્દેશ કરે છે કે તેમણે આ કોમી દંગાઓ ડામવા માટે અને આક્રમણોના સામના માટે કોઈ સક્રિય કાર્ય કર્યું નથી.

શ્રી નહેરુએ કહ્યું કે દેશમાં ભૂતકાળમાં પણ કોમી તોફાનો થયા છે, પરંતુ જબલપોર અને મધ્ય પ્રદેશના અન્ય શહેરોમાંના તાજેતરના તોફાનોનું આ વખતનું સ્વરૂપ ઘણું જ ભયંકર હતું. એનાથી મધ્ય પ્રદેશના ઉજળા નામને કલંક લાગ્યું છે અને દુનીયાની નજરમાં દેશની કીર્તિને નીચી પાડી છે.

ફરી આવીશ

શ્રી નહેરુએ કહ્યું કે તોફાનો થયા ત્યારથી જ હું અહીં આવવા માગતો હતો અને જબલપોર, સાગર અને બીજા અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા માગતો હતો પરંતુ પં. પંતજી સખ્ત બિમાર, લંડનની મુલાકાત અને દિલ્હી ખાતેના કામના ભારે દબાણને લીધે આવી શક્યો નહિ. ભોપાળની મારી આ મુલાકાત ખાસ કરી આ તોફાનો સંબંધમાં જ છે. આજે પણ હું જબલપોર સાગર અને અન્ય અસરગ્રસ્ત શહેરોમાં જવા ઈચ્છું છું પરંતુ હાલમાં મારે કેટલાક અગત્યના કાર્યો હોવા માટે મારે ગેરહાજર રહેવાનું મુશ્કેલ છે, પરંતુ તક મળતાંજ હું ફરી અહીં ચોક્કસ આવીશ અને આ સ્થળોની મુલાકાત લઈશ.

શ્રી નહેરુએ કહ્યું કે દિલ્હીથી અસરગ્રસ્ત શહેરોની મુલાકાત માટે કોંગ્રેસીઓના જુદા જુદા પ્રતિનિધિમંડળોને મોકલાયા હતા. દેશના જુદા જુદા ભાગોના કોંગ્રેસીઓ પણ અસરગ્રસ્ત સ્થળોની વારવાર મુલાકાત લે એ જરૂરી છે. જેથી તોફાનોનો ભોગ બનેલા લોકોને લાગે કે દેશના અન્ય ભાગના લોકોની તેમના પ્રત્યે સહાનુભૂતિ છે.

ન્યાયધીશી તપાસનો હુકમ

તોફાનોની ન્યાયધીશી તપાસ માટે હુકમ કરાયો છે અને એની વિગતોમાં ઉંડા ઉતરવાનું કામ તપાસપંચનું છે. પરંતુ સિદ્ધાંતની દૃષ્ટિએ હું કહી શકું કે આવી પરિસ્થિતિની મુખ્ય જવાબદારી બહુમતી કોમની છે આવા સંજોગોમાં લઘુમતીને બહુમતીનો ભય લાગે એ સ્વાભાવિક છે તપાસ વિના હું કહી શકું છું કે મુસ્લિમોએ વ્યવસ્થિત પાયા પર હુમલાઓ કર્યા અને હિંદુઓએ તો સામે માત્ર તેમનો જવાબ જ કર્યો છે એમ જે કહેવામાં આવે છે તે નહીં ભૂલાવું. તોફાનો દરમ્યાન કેટલાક હિંદુઓને મારી નાખવામાં આવ્યા છે એવી જુઠી અફવાઓ ફેલાવાઈ તે પ્રત્યે ખેદ વ્યક્ત કરીને શ્રી નહેરુએ કહ્યું કે આવી જુઠી અફવાઓએ પ્રજાના લોકોને ઉશ્કેર્યા હોય. આવી પાયા વિનાની અફવાઓ ફેલાવાઈ અને એનું ખંડન ન કરાયું ત્યારે એમાંથી એક વિતંડાવાદ રચાયું અને એના ભયંકર પ્રત્યાઘાતો પડ્યા.

ચુંટણીને ટાંકણે જ

આ તોફાનો સામાન્ય ચુંટણીને હવે આડે જ નવ કે દસ મહિના બાકી છે ત્યારે જ થયા છે.

૧૯૫૨ની ચુંટણીમાં પણ કેટલાક મહિનાઓ પહેલા જ આવાં તોફાનો થયાં હતાં ચુંટણી પર નજર રાખીને પ્રયાસપૂર્વક ઇરાદેથી આ તોફાનો થયા છે કે કેમ એ વિષે હું કંઈ કહી શકતો નથી, પરંતુ એટલું જાહેર કહીશ કે કેટલાક એવા લોકો છે જે કોમી અને રાજકીય હિતો માટે આવી તરકીબો ગોતે છે. કોમી સંસ્થાઓ આવા તોફાનોમાંથી રાજકીય મુડી બનાવે છે, પરંતુ કોંગ્રેસ જેવા બિનસાંપ્રદાયિક પક્ષને એથી સહન કરવું પડે છે. કોમવાદનો આ રોગ દેશ માટે ઘણોજ નુકસાનકારક અને ખતરનાક છે અને આ રોગને-જડને દેશમાંથી ઉખાડી ફેંકવેજ છુટકો છે. આવા કોમી તોફાનોનો, જે વિશ્વના અન્ય ભાગોમાં વધુ ઓછા જોવા મળે છે તે સમાજની નિર્બળતા અને પછાતપણાના સુચક છે.

બસ્તરના આદિવાસી વિસ્તારમાંના તોફાનનો નિર્દેશ કરીને વડા પ્રધાને કહ્યું કે સંજોગોએ કદાચ ત્યાં ગોળીબાર કરવાની ફરજ પાડી હશે, પરંતુ એવા સંજોગો ત્યાં ઉભા કેમ થવા દેવાયા? ગોળીબાર અંગે ગેરવાજબી દુઃખ વ્યક્ત કરતાં વડા પ્રધાને કહ્યું કે બસ્તરના ભોળા અને નિર્દોષ આદિવાસીઓ માટે મને પ્રેમ છે. એમના વિકાસ માટે એમની રીતની તમામ તક આપવી જોઈએ અને એમના પર કશું ઠોકી બેસાડવું જોઈએ નહિ.

ત્રીજી યોજનામાં ગામડે ગામડે પ્રાથમિક શાળા

અમદાવાદ: ગુજરાતના શિક્ષણ પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઈએ વિધાન સભામાં જણાવ્યું હતું કે ત્રીજી પંચવર્ષિય યોજનામાં ગુજરાતના તમામ ગામોમાં પ્રાથમિક શાળાઓની જોગવાઈ થઈ ગઈ હશે.

અંદાજપત્રમાંની શિક્ષણ ખાતા માટેના ખર્ચની માગણી પરની ચર્ચાનો જવાબ આપતાં શ્રી દેસાઈએ કહ્યું કે સરકારે ત્રીજી યોજના દરમ્યાન મહિલાઓ માટેના બે પોલીટેકનીકો અને દરેક જીલ્લામાં સાત ઔદ્યોગીક શાળાઓ સ્થાપવાનો નિર્ણય કર્યો છે.

તેમણે કહ્યું કે સુરત ખાતે પ્રાદેશિક ઇજનેરી કોલેજ અને વધુ ટેકનીકલ શાળાઓ સ્થાપવાનો નિર્ણય કરાયો છે. મોરબીની ઇજનેરી કોલેજને વધુ વિસ્તારવાનો પ્રશ્ન પણ વિચારણા હેઠળ છે.

ગુજરાત રાજ્ય શિક્ષણ પાછળ કુલ ખર્ચના ૨૩ ટકા ખર્ચી રહ્યું છે. દેશના અન્ય રાજ્યોને મુકાબલે આ રકમ ઘણી મોટી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત યુનીવર્સીટીઓની રચનાને સંજોગોએ આવકારી છે તેથી મને હર્ષ થયો છે.

ઉચ્ચ શિક્ષણની કક્ષાએ શિક્ષણના માધ્યમ અંગેના પ્રશ્નનો નિર્ણય કરવાનું રાજ્યની તમામ ત્રણે યુનીવર્સીટીઓ પર છોડી દેવાયું છે.

ગુજરાત યુની.એ ગુજરાતીને શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકારી છે અને સરકારે એને અનુમોદન આપ્યું છે.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!
સોંઘવું મળશે, [illegible] બચશે, ફરફેટ ટળશે.
અમારે ત્યાં નીચેની બધીજ વસ્તુઓ મળે છે.
સ્ત્રીઓ માટે. વેરાયટી, સુંદર રચનાવાળી અને બીજી અનેક જાતની સાડીઓ, ચોળીનો પણ મળશે. ગરમ કુચના જરસીઝ, પુલોવર, કાર્ડીગન, સીંગલેટ, મટકી, સોકસ વિ.
બાળકો માટે: તાજામાં જાતના ફ્રોકો, ટોપી, બ્લાઉઝ, બીબ, સીંગલેટ, ચડ્ડી, સોકસ, નેપકીન્સ, ટુવાલ, પેટીકોટ, નાઈટીસ, બીબ્સ, કેટ્સ ક્લોથ, બાબ રચના વિ.
તેમજ પરદેશી ફલાવર્સ, રચનાના કપડાં, તકીયા, ચાદરો, વિ.
વેપાર માટે મોંઘા જેવા મળતા રંગીન રીબનના બાકાો, ઈન્ડેન્ટકરો
વિલંબ શા માટે! સારો માલ વેચાઈ જવાની શી વાર!!
ઉમરાહ વાળાને:- ભાવસાર કેટર્સ (પ્રા) લી.
(ભીખાભાઈ માસ્તર એન્ડ સન્સ)
ફોન નં વ્યવસ્થા — પહેલી માળે, — પો. બો. પરપ૭
માસ્ટર મેનશન્સ — ૩૩ વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

સસ્તા સુકા મરચાં
સસ્તા સુકા મરચાં અને હાથની પીસેલી મસાલેદાર લાલ મરચાં ભુકો ભાવે ઉંચેથી અમારે ત્યાં મળશે, અને ૨૫/– રતલ પેકેટ સુધ્ધાં વજન રતલના ૬ સેન્ટ.
તેમજ સાંના કામના આદિકાના, ખુબ ઓછાના શા રેટ.
ઓર્ડર સાથે લખો:
Maarmans (Pty) Ltd.
P. O. Box 26, Phone 128
(Brits, Transvaal.)

વિવિધ વર્તમાન

ટાંગાનીકાની યોજના

ટાંગાનિકામાં ૧૧ આફ્રિકન ડીસ્ટ્રીક્ટ કમીશ્નરો નિયુક્ત કરવામાં આવ્યા છે તેઓ હવે તુર્ત યુરોપીઅન ડીસ્ટ્રીક્ટ કમીશ્નરો સાથે કામ શીખશે.

આ વર્ષના અંત સુધીમાં દેશના ૫૮ ડીસ્ટ્રીક્ટ કમીશ્નરોમાંથી અડધા આફ્રિકન હોય તેવી ટાંગાનિકાની યોજના છે.

ટાંગાનીકાની સરકારી-સનંદી નોકરીઓનું આફ્રિકીકરણ કરવાની જે યોજના ટાંગાનીકાના ચીફ મીનીસ્ટર શ્રી. ન્યેરેરે અગાઉ જાહેરાત કરી હતી તે યોજનાની આ રીતે હવે જાહેરાત થઈ છે.

ટાંગાનીકાની સૂચિત યુનીવર્સીટીની લૉ (કાનૂન) ફેકલ્ટી માટે આ વર્ષે ૨૦ વિદ્યાર્થીઓને લેવાના છે અને તેમની પસંદગી આ પખવાડિયામાં કરવામાં આવશે. કાયદાના અભ્યાસ માટેની આ કોલેજ આ વર્ષના અંતમાં શરૂ થશે.

યુગાન્ડા સરકારની થએલ રચના

યુગાન્ડાની નવી સરકારમાં ૧૩ પ્રધાનો જાહેર થયા છે, જેમાંના ૩ સરકારી ને ૧૦ બીનસરકારી છે. આ ત્રણ યુરોપિયનો છે; એશિયામાંથી એક એશીયન છે. તેઓ છે જીંજાના મેમ્બર શ્રી સી. કે. પટેલ કે જેમને વ્યાપાર ઉદ્યોગ ખાતું સોંપાયું છે. કમ્પાલામાં ખાતે આ પ્રધાનોનો શપથવિધિ થનાર હતો.

પ્રધાન મંડળની પ્રથમ બેઠક ચોમ અખતમાં મળશે. સેન્ટ્રલ લેજીસ્લેટીવ કાઉન્સીલ માટે યુગાન્ડા બેઠાના ત્રણ પ્રતિનિધિઓ ચુંટશે.

ડેમોક્રેટીક પાર્ટીના નેતા શ્રી. કીવાનુકા [illegible] ખાતા વિનાના પ્રધાન તરીકે લેવાયા છે.

નાઈજેરીઆએ સા. આફ્રિકા સામે મુકેલ કડક પ્રતિબંધ

નાઈજેરીઆએ સાઉથ આફ્રિકા સાથેના વેપારનો બહિષ્કાર તો કરેલો જ છે પણ કેટલાંક સ્વાર્થી અને લોભી તથા દ્રોહી વેપારીઓ સાઉથ આફ્રિકાના માલમાંથી સારી કમાણી કરી લેવાની દાનતથી પાછલે બારણેથી સાઉથ આફ્રિકા સાથેનો વેપાર ચાલુ રાખતા હોવાની નાઈજેરીઆની સરકારને જણાતાં હવે સાઉથ આફ્રિકા સાથેના વેપાર ઉપરનો પ્રતિબંધ વધુ કડક બનાવ્યો છે.

ઇંગ્લાંડ-ઈજીપ્ટ વચ્ચે સમજુતી

બ્રિટન અને યુનાઈટેડ આરબ રીપબ્લીક વચ્ચે કેટલાક વખતથી ઉભા થએલા મતભેદ અને મનદુઃખથી આવતા અણબનાવનો હવે અંત આવ્યો છે.

બન્ને દેશો વચ્ચે સમજુતી થઈ છે તે મુજબ બેઉની સરહદો ખુલ્લી રહેશે વેપાર ઉપરના પ્રતિબંધો ઉઠાવી લેવામાં આવ્યા છે.

બર્મી વડા પ્રધાને પક્ષના પ્રમુખપદનું આપેલું રાજીનામું

બર્મી વડા પ્રધાન ઉ નુએ શાસક પક્ષના પ્રમુખ તરીકેનું રાજીનામું આપ્યું હતું. તેમના આ નિર્ણયથી વડા પ્રધાન તરીકેના તેમના દરજ્જાને બાધ આવશે નહી.

પક્ષની કારોબારીએ તેમના રાજીનામાનો સ્વીકાર કર્યો છે અને તેમણે પણ સામુદાયિક રાજીનામાં આપ્યા છે.

સમિતિએ નવી કારોબારી સમિતીની ચુંટણી માટે પક્ષની પરિષદ બોલાવવા અને પોતાની પસંદગી પ્રમાણેની નવી કામ ચલાઉ કારોબારી સમિતિની રચના કરવાનું ઉ નુને જણાવ્યું છે.

પોતાના રાજીનામા પત્રમાં ઉ નુએ પોતાના પક્ષમાં વધતા જતા વિખવાદ અને તકરાર ભરેલ વલણોની ચર્ચા કરી છે અને પક્ષના આગેવાનોને હૃદયપૂર્વક અને પ્રમાણિકતાથી પોતાની આગેવાની ચાલુ રાખવાની વિનંતી કરી છે. પક્ષની પુનર્રચના અંગેની વધતી જતી જરૂરીઆત પર પણ તેમણે ભાર મુક્યો છે.

કોંગો સાથે પકડાયેલા બેલ્જીયમની મુક્તિ

અત્રે પ્રાપ્ત થતી માહિતી જણાવે છે કે કાતંગાના પ્રમુખ શ્રી શોમ્બે સાથે જે પાંચ બેલ્જીયનોને પકડવામાં આવ્યા હતા તેમાંના એકને મુક્ત થતાનું નામ શ્રી માર્ક વિલેમાન્સ છે અને તેઓ બેલ્જીઅમથી પ્રગટ થતાં અખબાર કાતંગાના તંત્રી છે. બાકીના ચાર બેલ્જીયનોને કુમોના કબજામાં લીઓપોલ્ડવીલથી ખસેડવામાં આવ્યા છે પરંતુ તેમને ક્યાં ખસેડવામાં આવ્યા છે, તેની માહિતી મળતી નથી.

ગીઝેંગાનો આદેશ

ઓરીએન્ટલ પ્રાંતના નેતા શ્રી એ. ગીઝેંગાએ, કાતંગાની સરહદ પર પકડાયેલા ચાર ભારતીય સિપાઈઓને છૂટા કરવા પોતાના અનુયાયીઓને સૂચના આપી છે અને આ સિપાહીઓને સલામતીની ખાત્રી આપવા ભારત સરકારને વિનંતી કરી છે.

—ક્યુબા ઉપર લશ્કરી આક્રમણ કરવાનો અમેરીકાનો રવેલ પણ ઇરાદો નથી એમ પ્રેસીડન્ટ કેનેડીએ કોન્ફરન્સમાં ભારપૂર્વક જણાવ્યું છે.

મરાલાલમાં જોમો કેન્યાટાની પ્રેસ કોન્ફરન્સ

(૧૪૭ પાનાનું અનુસંધાન)

વચ્ચે કોંગોની જનતા પીસાઈ રહી છે. આ સરખામણી કરતા એમ કહેવું ઉચિત છે કે બે કુતરાં હાડકા માટે ખેંચતાણ કરી રહ્યાં છે. કોંગોની જનતા જ્યારે આ વસ્તુ સમજશે ત્યારે ત્યાંની સમસ્યાનો ઉકેલ આવશે.

જમીન એકીકરણ

જમીન એકીકરણની યોજના વિષે તેઓ બોલ્યા કે યોજના સિદ્ધાંતે ઠીક છે, કિન્તુ તેનો અમલ સારી રીતે નથી થયો. બળજબરીથી મોબાલાર [illegible] જમીનો તફડાવી ગયા છે.

મંતવ્યનો સારાંશ

આ પ્રેસ કોન્ફરન્સમાં કેન્યાટાને પુછાએલા વિવિધ પ્રશ્ન અને તેના જવાબો અને દર્શાવેલ મંતવ્યોનો ટુંકાણમાં સારાંશ એટલો જ છે કે:—

સ્વતંત્ર આફ્રિકન સરકારમાં યુરોપીઅનો અને એશિયનો કોઈ ખાસ હક્ક વિના એક નાગરિક તરીકે રહેવા માગતા હોય તો તેમણે બીક રાખવાનું કોઈ કારણ નથી.

આફ્રિકન સમાજવાદને સ્થાન નથી. યુરોપીઅન ખેડુતો દેશના હિત અને ઉત્કર્ષ માટે ખેતીવાડીમાં પરોવાયેલ રહે અને રહેતા હોય તો તેમણે જમીન બાબતમાં કોઈ ભય રાખવાનું કારણ નથી.

એમરજન્સીમાં જે આફ્રિકનો સરકારના પક્ષે રહ્યા હતા તેમણે પણ સ્વતંત્ર કેનીયામાં બીક રાખવાનું કોઈ કારણ નથી. તેઓ અમારા જ બાંધવો છે.

માઉ માઉ અંગેનો કારફીલ્ડ રીપોર્ટ એક જુઠાણા ભર્યો પોથો છે. મારું ચાલે તો હું તેને બાળી નાંખું.

આફ્રિકનોની ઇચ્છા જ હોય તો ચીફ મીનીસ્ટર કે બીજો કોઈ હોદ્દો સ્વીકારવા હું તૈયાર છું પણ તે નક્કી કરવાનું કામ આફ્રિકનોનું છે.

આફ્રિકન રાજદ્વારી પાર્ટીઓએ સરકારમાં ભાગ લેવો કે કેમ તે નક્કી કરવાનું કામ તેમનું છે.

કેનીયાની મુખ્યત્વે આબાદી એ આફ્રિકનોનો પ્રદેશ છે.

લેન્કેસ્ટર બંધારણથી કંઈ મળતું નથી તે બદલાવું જોઈએ. ટાંગાનિકા જેમ કેનીયાને આગળ વધારવા ગોળમેજ પરિષદ નવું બંધારણ ઘડવું જોઈએ.

એક પ્રશ્નના જવાબમાં કેન્યાટાએ જણાવ્યું કે તાજેતરમાં ક્રિશ્ચન ફીલોસોફી અને ધર્મ ઉપરનાં કેટલાંક પુસ્તકો વાંચવાથી જુદા જુદા વિષયો પરત્વેના જ્ઞાનમાં કંઈ વધારો થયો છે.

જીવનભર હું અહિંસક જ રહ્યો છું અને હજુ બાદ પણ અહિંસાને વળગેલો રહીશ.

નવા પુસ્તકોની યાદી

સંસ્કારિતાને કાંઠે શી. ૩-૦
કોણ ગોરા કોઈ કાળા શી. ૭-૦

આ ઓફીસેથી મળશે.

તમે આફ્રિકનોમાં માનીતા નેતા છો અને તેમ માઉ માઉ સપથવિધિને વિકારો છો પરંતુ એ સપથવિધિ હજુ કેમ ચાલે છે તેના જવાબમાં કેન્યાટાએ જણાવ્યું કે તમારા બ્રીટનમાં પણ તમે બધા મહારાણીને માન આપો છો—માનવી દ્રષ્ટિએ જુઓ છો. ત્યાં શું ગુલામગીરી કેમ ચાલે છે આ માટે કંઈ જાણીને જવાબદાર નાખ [illegible].

મને પ્રતિબંધીત અવસ્થામાં રાખવામાં આવેલ છે. આ અવસ્થામાં મને કંઈ દુઃખ નથી પડતું એમ નથી. ત્રણ ત્રણ વર્ષ સુધી મારે એક બ્લેન્કેટને આધારે સીમેન્ટ પર સુવું પડ્યું છે.

આમ લગભગ કલાક સુધી આ પરિષદ ચાલી હતી અને તે બાદ વિવિધ ખાતના મનોરંજન સાથે શ્રી વિસર્જન થયા હતી.

ખાસ દરખાસ્ત: હિંદની અગરબત્તી
(વહાણમાં આવેલો તાજો માલ)
ક્રિસમસ અને નવા વરસ માટે આવેલો તાજો માલ અમે સહર્ષ જનતા સમક્ષ રજુ કરીએ છીએ.
અગરબત્તી-કેરમબોર્ડ-પ્લાસ્ટીક, રોલ્ડગોલ્ડ અને ચાંદીની બંગડીઓ. નવીન ઘરેણાં અને માથાના ચીલે ટીકડીઓ, હાથીદાંતની અને બાલ ખુબસુરતીવાળી વાસણો અને ફેન્સી ગુડસ.
ફેરીઓ અને દોકાનો માટે અમે ખાસ ભાવ રાખીએ છીએ અને ખાસ ભાવ પણ આપીએ છીએ. ગમે ત્યારે આવતી વખતે ડરબન આવો ત્યારે અમારી મુલાકાત લ્યો.
એ. કે. હુસેન એન્ડ સન્સ
હાલસેલ ઈન્ડેન્ટર્સ અને હોલસેલ મરચન્ટસ
૧૧૧ ક્વીન સ્ટ્રીટ, — (હુસેન્સ બીલ્ડીંગ) — ફોન ૨૭૨૪૯ — ડરબન
અમારું પ્રાઈસ લીસ્ટ મંગાવો.

અધિક માસની વિશેષતા

(૧૪૬ પાનાનું અનુસંધાન)

મુહૂર્ત એટલે મળસ્કે ઉઠવું, શીત સ્નાનથી પરવારી સંધ્યા કર્યા પછી તદનંતર શમ જપવું, પવિત્ર આસન પર બેસી ઈશ્વરનું પૂજન કરવું, બલિભાગ અર્પવું, મદ્ય માંસ તજી પરદ્રોહ, પરધન, અને પરસ્ત્રીથી દૂર રહેવું, તીર્થ યાત્રાના કારણ વિના પરગામ નહીં જવું, વાસી અન્ન ન ખાવું. કેવળ દૂધ પીને કે ફલાહાર પર રહેવું, અમર વ્રત એટલે એકટાણું કરવું. ખાસ કષ્ટ વિના નભી શકાય એવાં વ્રત કરવાં નિંદા, જુઠ વગેરે તજી ધર્મ ગ્રંથોનું વાંચન, શ્રવણ, તથા મનન કરવું 'ધર્મ' પર શ્રદ્ધા રાખી ઉપવાસ, સંયમ પાળી યથાશક્તિ ઉચિત સુપાત્ર દાન પણ કરવું

(૨) પુરાણકાર ઋષિઓનું તાત્પર્ય સામાન્ય જનતાને સન્માર્ગે દોરવાનું હોય છે. હીંદુ 'ધર્મ'માં શ્રાવણ તથા અધિક માસો પવિત્ર મનાય છે. તેમાં સાધારણ સમય કરતાં કંઈક વિશેષ ને વિશિષ્ટ પ્રકારે જીવન વ્યતીત કરવાનો પ્રયત્ન થાય છે. અધિ એટલે ઉત્તમ, અને અધિક એટલે વિશેષ. એ અર્થ પ્રમાણે અધિક માસમાં આત્માની ઉન્નતિ કરનારાં અનુષ્ઠાનો જેવાં વ્રત, સંયમ અને દાન જરૂરી મનાયેલાં છે. જ્યારે કોઈ વ્યક્તિ એમ કહે કે, હું અધિક માસ પાળું છું ત્યારે તેની ભાવનામાં ધાર્મિકતાનું તત્ત્વ ભળ્યું હશે, ઈશ્વર તેની પ્રાપ્તિની તે વાંછના કરતો હશે. એવો કંઈક વધુ ખ્યાલ રાખવા જેવો છે કે, શ્રાવણ ને અધિક પાળવાનો હેતુ કેવળ એક ટાણું જમવા પૂરતો જ નથી. પણ તેની સાથે અહીંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય, ને અપરિગ્રહ એ પાંચ સાર્વભૌમ વ્રતોનું પણ યથા શક્તિ પાલન કરવાનો છે. આનાથી સુંદર લાભ થવા સાથે જીવન પણ શુદ્ધ, અને સાત્વિક બનતું જાય છે. અધિકને મલમાસ કહેવાનો હેતુ પણ અર્થ સૂચક છે. એ માસમાં જપ, તપનાં સાધન વડે આપણા અંતરના મલ એટલે જાણ્યે અજાણ્યે થયેલાં દુષિત કર્મોના સંસ્કારો તેને દૂર કરવાનો યત્ન થાય તેજ અધિક માસ પાળેલો સાર્થક થાય છે.

ઈતિ ૐ તત્સત્

[અધિક જેઠનો આરંભ તા. ૧૫-૫-૬૧, અને છેલ્લો દિવસ તા. ૧૩-૬-૬૧]

પરચુરણ

—હેગ : નેધરલેન્ડઝ ખાતેના ક્યુબાના રાજદૂત અને ક્યુબાના દુતાવાસના બધા સભ્યોએ જાહેર કર્યું હતું કે તેઓ સરકારની નીતિઓ સામેના વિરોધ તરીકે અમે રાજીનામા આપ્યા છે

—પશ્ચિમ આફ્રિકાના ઓરીજ સરસ્વાન સીએરાલીઓનને સ્વતંત્રતા આપવાના ખરડાની સારી મજુરી મળતાં હવે એ કાયદો બન્યો છે

—લંડન: બ્રિટનના વિદેશ મંત્રી શ્રી લોર્ડ હોમે જાહેર કર્યું હતું કે અંગોલાના પ્રમુખ શહેરોની મુક્તિ મેળવવા માટે બ્રિટને પોર્ટુગાલને વિનંતિ કરી છે.

'સારાસન' રાજ્યમાં કટોકટી

(પહેલા પાનાનું અનુસંધાન)

ડ્રાઈવર કહે છે, ''અરે અસબાબની કંઈ જરૂર નથી—હું ડ્રાઈવર બેઠો છું ને?'' પણ દલીલ કર્તા ડ્રાઈવર પોતાની રીવોલ્વર કાઢી કહે છે, ''ચુપ રહો.'' અને વધુ દલીલ કરનારને ગોળી પણ મારી બેસે છે

આવીજ ક્રરતુભર્યની સરકાર છે. ઉતારૂઓ માટે એકજ રસ્તો હતો તે એ કે ડ્રાઈવરને બહાર ફેંકી દેવાનો! એજ રીતે આપણે પણ અહિંસક રીતે આ સરકારને ઉથલાવવી જોઈએ. એ માટે એકતા જોઈએ. આ 'નેશનલ કન્વેન્શન'ની માગણી એ એકતા લાવી શકે એમ છે એવા મહિનાઓ જણાવે. જોતા આ એકતાનો ખ્યાલ આવશે. દરેક પક્ષ હવે 'નેશનલ કન્વેન્શન'ની માગણી કરે છે. એ સદ્ભાવ રૂપે છે આ માગણીનો સ્વીકાર નહિ થાય તો અમારે વિરોધ રૂપે ૨૯, ૩૦ અને ૩૧મીએ હડતાળ ઉપર જવાનું છે. આ હડતાળ એ બરાબર આખા દક્ષિણ આફ્રિકામાં પાળી જવાએ થાય તો જ એ સફળતા ઉપર આદિ સતત નો આધાર છે. આવા પ્રસંગે પૂ. બાપુજીનો અસહકારનો મંત્ર ખાસ ગુજરાતીઓ ભાઈ, એનું પાલન કરે એ ઘણીજ જરૂરી છે. તમારાં કુટુંબો ઉપર તમારા આદિ સંતાનોના સુખનો આધાર છે. બાપુની ટેક માગો તો નહિ પડે ને!

—શ્રી નટવરલાલ આભિનયા.

ફુટફીલીંગ, કાનકાસ ટેકસ રીટર્નસ, વાડકી-સેટ, ફેન્સી ફર્નીચરસ અને ઇનસ્યોરન્સ માટે મળો.

આર. વીઠ્ઠલ

૧૨ ગાર્ડન આર્કેડ, ૪૮ માર્કેટ સ્ટ્રીટ, કોરનર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ, ફોન ૩૩-૨૧૫૪.

બી-આઇ

મુંબઇ કરાંચી અને ઈસ્ટ આફ્રિકાના બંદરો વચ્ચે મુસાફરી કરે છે..

સ્ટીમર કંપાલા ૬ઠ્ઠી જુન ડરબનમાં આવશે અને ૯મી જુન ડરબનથી ઉપડશે.

મુંબઇ અથવા કરાચીનું ભાડું.
ખોરાક સાથ

ફર્સ્ટ કલાસ	પા. ૧૧૭-૧૫-૦
સેકન્ડ કલાસ	પા. ૭૮-૧૦-૦
થર્ડ કલાસ ખોરાક સાથે	પા. ૩૯-૧૫-૦
થર્ડ કલાસ ખોરાક વગર	પા. ૩૪-૧૦-૦

વધુ માહિતી માટે મળો યા લખો:

શેખ હિમેદ એન્ડ સન્સ
(પીટી લીમીટેડ)
૩૯૦ પાઈન સ્ટ્રીટ,—ડરબન.
ટેલીફોન: ૨૦૪૩૨ — ટેલીગ્રાફીક એડ્રેસ "હમદ"

શુભ પ્રસંગો માટે ભેટ!

સ્ત્રીઓ અને પુરૂષો માટે

ઘડીયાળ!

૧૭, ૨૧ અને ૨૫ જ્યુલનાં
ઓટોમેટીક કેલેન્ડર.
- રોમર
- રોક્સી
- લેંકો
- ફસર

વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરૂષોના શર્ટ સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.

હોલસેલ ભાવે મળશે

બોક્સ ૫૬૮૮, ફોન: ૮૩૫-૨૧૦૭.

વલ્લભભાઈ બી. પટેલની કું.
૪૭, માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ટૂંકી વાર્તા

[ભગવાન વાલ્મિકીના મૂળ રામાયણનો કથાપ્રવાહ પતિતપાવની ભાગીરથીની જેમ એકધારો અખંડ ચાલ્યો જાય છે. એમાં આડકથાઓને અવકાશ નથી. મૂળ કથા સાથે ચાલી શકે નહિ એવાં પાછળનાં કથાનકોને સ્થાન નથી, એટલે એના ઉપર લોકકવિઓની કલ્પના ઠીક ઠીક ચાલી! દ. હિન્દના એક લોકકવિએ રામાયણના એક અર્ધ ઉપેક્ષિત પાત્ર અંગદ ઉપર કલ્પના રેલાવી છે.]

માતૃત્વની

અગનપથારી

લેખક: શ્રી ગુણવંતરાય આચાર્ય

"અનાહ્લાદ"

ભગવાન રામચંદ્રે વાલીનો વધ કર્યો. સુગ્રીવને કિષ્કિંધાનું રાજ આપ્યું. વાલીની પત્ની તારામતીનું સુગ્રીવને દાન કર્યું. સુગ્રીવ અને તારામતીનો, કિષ્કિંધાના મહારાજા અને મહારાણીનો રાજ્યાભિષેક કર્યો.

અનાદિ કાળથી રાજરીત એક છે. શું સ્વાભાવિક મૃત્યુને વશ થયેલા, શું અસ્વાભાવિક મૃત્યુને પામેલા કે શું યુદ્ધમાં હણાયેલા—પરંતુ જ્યાંસુધી ઉત્તરાધિકારી જે હોય તેનો રાજા તરીકે સ્વીકાર ન થાય, એને રાજા તરીકે જાહેર કરવામાં ન આવે ત્યાંસુધી અવસાન પામેલા રાજાના અંતિમ સંસ્કાર થઈ શકે નહિ. એટલે આ બધું થયા પછી વાલીના અગ્નિ-સંસ્કાર કરવાની તૈયારી થઈ.

પરમ પવિત્ર એવા પંપા સરોવરને જ્યાં તુંગભદ્રા મળે છે એ પંપા ક્ષેત્રમાં, અગર અને અરિસાનાદ વગેરે કાષ્ઠ-ચંદનની ચિતા રચવામાં આવી.

ભાઈ વેરી હોય તોય મહાયોદ્ધો હતો. રાજા તો કદી સ્મશાનમાં જાય જ નહિ. એટલે સુગ્રીવરાજ સ્મશાને ગયા ન હતા. રાજ દરબાર સ્મશાનયાત્રામાં સામેલ હતો.

ને વીર યોદ્ધાને છેલ્લી અંજલી આપવાને ભગવાન રામચંદ્રે પોતે વાલીની શબવાહિનીને પોતાની ખાંધ આપી હતી. ભગવાન સ્મશાનયાત્રામાં સામેલ હતા.

હજારો સૈનિકો અને યોદ્ધાઓની ખાંધે ચઢીને વાલીરાજ એના વીર જીવનની વિરોચિત એવી છેલ્લી મંઝિલે આવ્યો.

ચંદનની ચિતા ખડકાઈ હતી. શબવાહિની ઉપરથી રાજાને ઉપાડીને એને ચિતા ઉપર સુવાડ્યું હતું ત્યાં એક અવાજ આવ્યો: 'સબુર!'

સ્મશાન અને અવસાન, સુગ્રીવરાજ ને ભગવાન રામચંદ્રની આજ્ઞા-આદેશ ભંગ કરનારો અવાજ કોનો હતો? બધાએ વિસ્મયથી જોયું. નદીની ભેખડ પર એક જુવાન ઊભો હતો.

સહુએ એને ઓળખ્યો.

અરે, આ તો વાલીપુત્ર અંગદ!

અંગદે આગળ આવીને કહ્યું: 'સબુર! કોઈ પણ રાજાને અગ્નિ-દાહ ન દેશો. આ જગતમાં કે કોઈ પણ જાતે એ રાજાને અગ્નિદાહ દઈ શકશે નહિ.'

વાલીનો પુત્ર અંગદ! એનો પડકાર એ કોઈ સામાન્ય વાત ન હતી. વળી એ મરનારનો એકનો એક જુવાન પુત્ર!

He said the allocation would be in the form of loans and grants. Provision for the current year was £12.7 million. Mr. Mehta said that about 1.5 million people mostly in the rural areas were now engaged in Khadi work and about 700,000 in village industries. The Commission was trying to reorientate its programme to make real impact on rural economy. This would be done when they would start work under the new scheme. Under this scheme a group of contiguous villages with a population of not more than 20,000 would be selected for a multi-purpose programme so as to make villages self-dependent.

Gandhiji's Humour

(*Continued from page 156*)

and share my meal.'

"No thanks," I replied, smiling. 'What an abominable mess it is!'

"In this way and at that instant commenced our friendship, which flowered into real comradeship and bore fruit in a long, loving, loyal discipleship, which never wavered for a single hour through more than 30 years of common service in the cause of India's freedom."

—"March of India".

Defence Ministry Reports

("Indian Opinion" India Service)

NEW DELHI (By Mail)

THE annual report of the Defence Ministry says that during 1960-61 high standards of training for members of the armed forces were maintained at the various training institutions in the country. Training of the Army is wholly carried out within the country, only a few officers are sent abroad for specialised training, facilities for which do not exist in India. Steady progress is also being maintained in achieving self-sufficiency in equipment through indigenous development and production.

In the Navy there has been gradual expansion in all sections of the Service. Four frigates were commissioned during the year and an aircraft carrier is expected to join the fleet in October. The Air Force also maintained steady progress. The first Indian-built Avro-748 transport plane is expected to be ready in the first half of this year.

Equipment For Inspection Of Viscounts

("Indian Opinion" India Service)

The Indian Airlines Corporation proposed to purchase the ultrasonic equipment with whose help the defects in the Viscounts were recently detected, the Deputy Minister of Civil Aviation, Mr Ahmed Mohiuddin, disclosed in the Lok Sabha recently. The equipment would be utilised for periodical inspection of Viscounts. He added that one of the two Viscounts now grounded might be put back into service in two months. The other might take a longer time.

DRY RED CHILLIES

Dry Red Chillies and ground Chillie powder at market price always available.

Garlic 25lb pocket at 8c lb
Also Africans' long handle brooms R. 2.50 per dozen
CASH WITH ORDER

Write to:
MAARMANS (Pty) Ltd.
Box 26. Phone 128.
BRITS. Transvaal.

B-I Sailings Between East African Ports Karachi And Bombay

S.S Kampala due 6th June. Sails 11th June 1961

PASSAGE FARE FROM DURBAN TO BOMBAY

First Class single with food	R 235.50
Second " " " "	R 157.0
Third Class with food	R 79.50
Third Class without food	R 69.0

For further particulars apply to—

Shaik Himed & Sons
(Pty.) Ltd.
390 Pine Street, — Durban.
Telephone 20432, Tel. Add. "KAKAMAT."

Eye-Witness Accounts Of Non-Violent Resistance In Action

(Continued from page 157)

and faster. The Hindus, who may be willing to die but dread physical pain, watched them approach with frightened eyes. Then the police broke into a charge.

"Many Hindus at once ran, fleeing down the streets—but most stood steadfast!

"Crash! Whack! Whack! Whack! At last the crowd broke. Only the orange clad women were left standing beside the prostrate figures of crumpled men. Congress volunteer ambulances clanging bells, stretcher bearers running helter-skelter across the field. Whack! Whack! Whack!

"A minute's lull and then, with flags flying another column of volunteers marched onto the vast green field. A column of Marathas marched to meet them. They clashed—a clash, a rattle, dull thuds, then the faint hearted ran and again there was the spectacle of the green field dotted with a line of fallen bodies and again the same islands of orange clad Hindu women holding up the flags of Swaraj.

"And here in the centre of one of these islands sat a little knot of men, their heads bowed, submitting to a rain of lathi blows refusing to move until on a stretcher and completely laid out. And there were stretchers within two feet of the suffering men, waiting for them.

"Then came a band of fifty Shikhs—and a heroic scene. The Shikhs, as you know, are a fierce fighting brotherhood. As soon as he can raise one, every man wears a beard which he curls around a cord or ties to his ears. The Shikhs also wear their hair long like women and curl it in a topknot under their turbans. These Shikhs were Akalis of a fanatic religious sect. They wore the kirpan, or sacred sword.

"With them were fifteen of their young girls and women. The women also wore sacred swords, and although dressed in orange saris like Hindu women, they wore little cotton trousers which reached to their tiny, sandaled feet. They were pretty girls and not so loud voiced and excited as the Hindu ladies. They simply smiled—as if they liked danger—which they do.

"One of them had her little baby, which she wanted to hold up before the police to dare them to come on. She laughed at me when my remark was translated that it was terrible to drag a child into this.

"Coming from all districts as representatives of the fighting Punjab, these Shikhs swore they would not draw their kirpans to defend themselves, but they would not leave the field. They did not.

"'Never, never, never!' they cried, to the terrific delight of their Hindu brothers, in Swaraj. 'We will never retreat. We will die, we will!' The police hesitated before hitting the Shikhs. They asked their women would they not please, please leave the field.

"'No!' cried the women, 'we will die with our men.'

"Mounted Indian policemen who had been galloping across the field, whacking heads indiscriminately, came to a standstill when they faced the little cluster of blue Akali turbans on the slender Shikh men.

"'The Shikhs are brave men—how can we hit them?' It was not fear, but respect.

"But the police, determined to try to clear the field, at last rushed around the Shikh women and began to hit the men. I stood within five feet of a Shikh leader as he took the lathi blows. He was a short, heavily muscled man.

"The blows came—he stood straight. His turban was knocked off. The long black hair was bared with the round topknot. He closed his eyes as the blows fell—until at last he swayed and fell to the ground.

"No other Shikhs had tried to shield him, but now, shouting their defiance, they wiped away the blood streaming from his mouth. Hysterical Hindus rushed to him, bearing cakes of ice to rub the contusions on his eyes. The Shikh gave me a smile—and stood for more.

"And then the police threw up their hands. 'You can't go on hitting a blighter when he stands up to you like that.'"

R. VITHAL

Bookkeeping, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns.

Contact No. 12 Barkly's Arcade,
38 Market Street,
Cor. Diagonal & Market Sts.
Johannesburg. Phone 834 684

Latest News Of Roopanand's Arrivals

THE MY MAGAZINE OF INDIA Total film show story [illegible]	1	6
WEEKLY OF INDIA The pictures you long to see of to-day	2	2
PESUM PADAM & KALAVA you will be proud to buy	3	6
FILM FARE A magazine-star from heaven to earth	3	6
INDIAN INFORMATION You will be wise to read and see	2	6
THE MARCH OF INDIA Is your future	2	6
THE INDIAN ANNUAL Year by year India progress	7	6
PICTURE POST All about the South Indian film in market per copy	1	6
FASHION FOR FUTURE INDIAN WOMAN Styles Blouse and Jumper Choli Pattern Book, Easy Diagram to cut and make your own to pattern designs	4	6
ROOPANAND'S FESTIVAL CALENDAR for 1961 Increasingly popular	1	6
DAILY DIARY In Hindi and English with every good-wishes	5	6
KASI HINDI PANCHANGS Bombay	2	9
VISSWANATH and SHIV PANCHANGS	7	6
HAWAN SANAGRI Pure best arranged from Holy Land of India	3	6
THARI LOTAS Real Indian design made in India pot	45	0
REHAL STANDS FOR BOOKS Ramayan and Koran and Holy Scriptures... each	25	0
SUDHUSH MALA and many others 4/6, 5/6, 10/6, 12/6, 25/		

MURTHIES OF ALL DESCRIPTIONS. Marble, Bronze, Silver God and Goddess 2/6, 10/-, 12/-,	25 0
KHARTAHL in pairs special for kirtans, Bhajans etc. pr.	23 0
DHOLAK'S for [illegible] weddings Holi Bajan	£8 19 0
THUBLA & DOGGIE for all occasions	£5 10 0
HARMONIUM best make Stove Flute	£16 10 0
PORTABLE HARMONIUM for the Ramakrishna	£25 10 0
Divine Service, Flute of all designs	2/6, 4/6, 6/6
Solo Playing	15/-, 25/-, and 32/6

FAMOUS PUBLICATION IN BOOKS

HOUDINI, the greatest magician and his works detailed at last	26 0
MY INDIA a book of good people with dignity	24 0
YOGA for health A friend indeed you will have with this book	26 0
AKBAR AND BIRBAL STORY now told in English	8 0
HATHI THAI a story book believe it or not	18 6
BEHOLD THE EARTH MOURNS can you believe it	12 6
'INDIAN DELIGHTS' an Indian women's gift	19 6
CURRIES OF INDIA what a spice taste	7 0
RAMAYANS for boys and girls, men and women 2/6, 10/6, 11/6	
MODERN MARRIAGE a book for every young man and woman	12 9
INDIANS IN NATAL by Dr. Hilda Kuper	30 0

FOR THE LATEST FILM RECORDS OF ALL YOUR FAVOURITE TUNES TRY US FIRST
WE CARRY THE LARGEST STOCKS OF LOCAL RECORDS, AND FROM INDIA
BOOKS OF ALL SORTS, INDIAN, ANCIENT, HISTORICAL, ARE SOLD BY US

D. Roopanand Bros.

PHONE 20707 — MUSIC SALOON & BOOKSELLERS — P.O. BOX 2524
85 Victoria Street, DURBAN

fifty years ago... *May 1911*

GANDHI WRITES TO SMUTS

(*From The Indian Opinion, May 27, 1911*)

IT is with great pleasure that we announce the completion of the somewhat lengthy negotiations which have been going on between General Smuts and Mr. Gandhi. On 29th April Mr. Gandhi wrote as under to the General's Private Secretary:

Dear Mr Lane,—Referring to the conversation between us of this morning, we had an over-crowded meeting at the Hamidia Hall on Thursday last. Mr. Cachalia presided and the meeting lasted four hours. After some heated discussion, a resolution was carried, approving, as hereafter explained, of the provisional settlement set forth in the letters of the 22nd instant exchanged between us. There were several questions which were asked at this meeting, and are still being asked. I think that it is right that I should draw General Smuts' attention to the most important of them. The acceptance by the meeting is based upon the interpretation of the letters indicated by the following questions put by the meeting:—

(1) Will the legislation proposed and designed to meet the objection of passive resisters take away existing rights either in the Transvaal or in other parts of South Africa?

Answer: It will not, whether the proposed legislation affects only the Transvaal or the whole of the Union.

(2) Will the passive resisters who are pre-war residents, but who are at present outside the Transvaal, such as Mr Dawad Mahomed or Mr. Rustomjee, be entitled to registration in spite of their having failed to apply for their registration during the statutory period.

Answer: Yes.

(3) Will the passive resisters who, although registered, have been deported, be prohibited from entering the Transvaal?

Answer: No.

(4) Will the passive resisters who hold Peace Preservation Ordinance Permits but have been deported be similarly protected?

Answer: Yes.

(5) Will the educated passive resisters who are to be allowed to remain in the Transvaal under temporary certificates be treated as immigrants for this year, and be free from liability to registration under Act 36 of 1908?

Answer: Yes.

(6) Will the standard of education governed by the passes referred to be set for future Asiatic immigrants?

Answer: No. It was explained that only those who are highly educated will be allowed to pass the education test, and that probably all but Mr. Joseph Royeppen out of the six would be rejected if they were to seek admission as new immigrants on merits.

(7) Will educated Asiatics who are registered residents be compelled to give finger prints or thumbprints?

Answer: No.

(8) Will conscientious objectors or well-known Asiatics be similarly exempt?

Answer: Yes, from finger prints and also from thumb-prints, if they can give a well formed signature.

The last two answers were given on the strength of previous correspondence in 1908 and the dispatches recently published. The matter was not mentioned in the discussion between us because it was quite plain to me.

I am sure General Smuts will not mind my troubling him with the above, as I know he as well as I is most anxious to avoid misunderstanding.

I find that Mr. Sodha is not a pre-war resident of three years standing. He resided continuously for two years before the war in the Transvaal and actually left as a refugee. There is, of course no doubt as to the two facts. But a strict reading of Act 36 of 1908 requires three years pre-war residence. May not the strict letter of the law be waived and Mr. Sodha be allowed to register? If he is not, he falls under the category of educated immigrants, as he possesses educational qualifications. He will then, with Messrs. Royeppen, Ibrahim, Medh, Desai and Shelat be the sixth educated man. That leaves out a very admirable and highly-educated man, Mr. Samuel Joseph, a nephew of Mr. Royeppen and a school master. He was born in South Africa, and even now is the organist in a Native Protestant Christian Church, and is giving some private tuition. May I ask for his protection, by waiving the strict interpretation in regard to Mr. Sodha. We might have thrown out one of the six before named in favour of Mr Samuel Joseph, but the merits in point of suffering of the others are far greater than Mr Samuel Joseph's.

I have been asked to mention another case of extreme hardship. That is Mr. Camay's. He was an Indian postmaster in Johannesburg. He is well educated. I believe he had served for nearly ten years in the above capacity when he had to leave because he declined to register. Mr Camay is a Parsee. He has his family in Johannesburg. He has suffered a great deal during the struggle. I believe he was very popular as a postmaster, and enjoyed the complete confidence of his superiors. In my opinion, he ought to be reinstated.

I have not yet before me a list of Indian passive resisters who being pre-war residents are entitled to registration, but I am getting the names together. I take it that their registration will proceed immediately we agree on the points mentioned by me herein.

You were somewhat surprised when I mentioned the Chinese passive resisters. But they have continued to suffer to the end, and their chairman, Mr. Quinn, was only recently discharged from gaol. There are, now, I think, more Chinese than Indian passive resisters in gaol. I am quite sure that General Smuts will not expect Indian passive resisters to desert their Chinese fellow sufferers. They naturally ask for the same protection for the Chinese passive resisters as for themselves. There are I understand, only about twenty pre-war Chinese passive resisters who were not registered when the struggle was revived in 1908. But I introduced the question of the Chinese in order to mention the somewhat delicate matter of those who are undergoing terms of imprisonment for public violence among themselves. When the struggle was revived, the Chinese became two factions and fought with each other. As a result, some were convicted. Now the two factions are united. They are even preparing a petition to the Governor-General for the exercise of the clemency of the Crown. Will not General Smuts recommend them for favourable consideration?

I have written at great length. But I thought that I could not be too precise or too frank.

If you will kindly place this letter before General Smuts and if he considers it necessary, appoint a day for an interview, I shall come down, and the matter may be finally closed.

Phone 835-4789 P. O. Box 1549,
MASTER BROS.
(PTY) LTD.
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
33 West Street, JOHANNESBURG.

Cable & Tel. Add. HARGVAN Phone 28368
P. Hargovan & Co.
(Pty.) Ltd.
Received Shipment of Genuine Fireworks "Kwong Man Lung" Brand. Order Your Requirements Now,
Imported Screw Cap Neck 3½" Diameter Mouth Pickle Jars
½ Gallon 95c each F.O.R. DURBAN
1 " R1-25 " " "
2 " R2-00 " " "
3 " R3-50 " " "
4 " R4-50 " " "
PACKING EXTRA. CASH WITH ORDER ONLY.
155-7 WARWICK AVENUE,
P.O. BOX 1250. - DURBAN.

Printed and published by Mrs. Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

No 20—Vol.-LIX
Friday,
26th May, 1961
Phone: Mount Edgecombe 30.

* Registered at the G.P.O. as a Newspaper

Price 4 Cents

INDIAN OPINION
ઈન્ડીયન
ઓપિનિયન
મહાત્મા ગાંધીજીના હાથે સને ૧૯૦૩માં સ્થપાયું
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણિલાલ ગાંધી

*

ભગવાન તમારા જીવનના પ્રાણભૂત તરીકે છે, પરંતુ તમે તેને જાણતા નથી કારણ કે તમે તમારાં અંતરના દ્વાર અજ્ઞાત ભાવનાઓ અને તુચ્છતાઓથી બંધ કરી દીધા છે.

પુસ્તક ૫૯ મું—અંક ૨૦ તા. ૨૬ મે, ૧૯૬૧. છુટક નકલ સેન્ટ ૪

મારૂં વાસ્તવિક ને સત્ય ચિત્ર

રાજ્યના હાથમાં વધુ પડતી સત્તાને હું ભયની નજરે જોઉં છું. કારણ કે ઉપરથી જોતાં તે શોષણને ઓછામાં ઓછું કરી નાખીને માણસજાતને લાભ પહોંચાડે છે, પણ વ્યક્તિત્વ, જે બધી પ્રગતિના મૂળમાં રહેલું છે, તેનો નાશ કરીને મોટામાં મોટું નુકસાન કરે છે.

બળના પાયા ઉપર રચાયેલું સંગઠન મને પસંદ નથી અને રાજ્ય એવું સંગઠન છે. સંગઠન તો સ્વેચ્છાપૂર્વકનું હોવું જોઈએ.

મને તો નામની રાજ્યસત્તા નથી જોઈતી, કામની જ જોઈએ છે. એ આપણું સાધ્ય નથી, પણ પ્રજાની સ્થિતિ દરેક રીતે સુધારવાનું સાધન છે. રાજ્યસત્તા મેળવવી એટલે દેશના પ્રતિનિધિઓ દ્વારા પ્રજાજીવનને ઘડવાની શક્તિ મેળવવી. પણ જો પ્રજાજીવન આપોઆપ જ ઘડાઈ જાય તો પ્રતિનિધિઓને સત્તા મેળવવાની ગરજ ન રહે. એક હાથમાં કે થોડા થોડા હાથમાં અધિકાર કે વ્યવસ્થાનાં સૂત્રો રહે એ વસ્તુનો સમાજની અહિંસક રચના સાથે મેળ ખાય એમ નથી.

જો હિંદે અહિંસક ધોરણે પોતાનો અભ્યુદય સાધવો હોય તો હું કહું છું કે એણે ઘણી બાબતોમાં કેન્દ્રીકરણ નહીં પણ વિકેન્દ્રીકરણ કરવું પડશે. કેન્દ્રીકરણને પૂરતા પ્રમાણમાં બળનો ઉપયોગ કર્યા વગર નભાવી કે ચલાવી શકાય નહીં. સાદા ઘર અને કુટુંબો, જેમની પાસેથી લૂંટી લઈ જવા જેવું કશું જ ખાસ ન હોય તેની રક્ષાને સારુ પોલીસની જરૂર ન પડે. ધનિકોની મહેલાતો ધાડલૂંટથી બચાવવા મજબૂત ચોકિયાતો રાખવા પડે. તેવું જ જંગી કારખાનાં વિષે. શહેરી, દરિયાઈ તેમ જ હવાઈ બળોથી રક્ષેલી પાયે સંગઠિત થયેલા હિંદ કરતાં ગ્રામ રચનાને પાયે સંગઠિત થયેલા હિંદને વિદેશી હુમલાનું જોખમ ઓછું નડશે.

સ્વતંત્રતાની શરૂઆત પાયામાંથી થાય. એટલે કે હિંદુસ્તાનનું એકેએક ગામ રાજ્યસત્તાની પૂરેપૂરી સત્તા ધરાવનારૂં પ્રજાસત્તાક અથવા પંચાયત રાજ હશે. એનો અર્થ એ થશે કે, દરેક ગામ પોતાની તાકાત પર નભતું હોય, પોતાનો કુલ વહેવાર ચલાવવાને, અને જરૂર પડે તો આખી દુનિયાની સામે પોતાનું રક્ષણ કરી લેવાને, સમર્થ હોય. બહારથી આવતા કોઈ પણ પ્રકારના હુમલાની સામે પોતાનું રક્ષણ કરવાની તેને કેળવણી આપી હોય, અને તે રક્ષણના પ્રયાસમાં ખપી જવાની તેની તૈયારી હોય. પડોશીઓ અથવા બહારની દુનિયા પર આધાર રાખવાની અથવા તેમની રાજીખુશીથી જે મદદ આપે, તે લેવાની વાત આમાં સમાઈ જાય છે.

અસંખ્ય ગામડાંઓની બનેલી આ સમાજરચનાની આકૃતિ એકએકથી ઊંચે જતાં વર્તુળોની નહીં, પણ એક બીજાથી વિશાળ થતાં જતાં અને નાનાં મોટામાં સમાઈ જતાં વર્તુળોની હશે. જીવનનો ઘાટ, જ્યાં ટોચ પાયા ઉપર ટકાવીને ઊભી રહે છે, તેવા પિરામિડનો નહીં હોય. તેનો ઘાટ સમુદ્રનાં અનંત સીમા સુધી વિસ્તરતાં જતાં મોજાંઓના વર્તુળનો હશે, જેનાં કેન્દ્રસ્થાને પોતાના ગામને સારુ ખપી જવાને હરહંમેશ તત્પર એવી વ્યક્તિ હશે, અને ગામ વળી બીજાં ગામોના બનેલા પોતાના વર્તુળને માટે ખપી જવાને તત્પર હશે. અને આખરે આ રચનામાં સર્વ વર્તુળો મળીને એક જ પ્રાણવાળું એક શરીર બનશે. એ રચનામાં જે વ્યક્તિઓનો સમાવેશ થશે, તે પોતાના અહંકાર અથવા ઘમંડમાં કોઈ બીજાના પર આક્રમણ નહીં કરે, હંમેશ નમ્ર રહેશે અને સમુદ્રના વિશાળ વર્તુળમાં સમાયેલા સમસ્ત જીવનની ભવ્યતા પોતાના અંતરમાં અનુભવી, તે વર્તુળના અંગરૂપ ઘટક બની રહેશે.

તેથી, આ વર્તુલાત્મક રચનામાં બહારની સીમા પર આવેલું સૌથી મોટું વર્તુળ પોતાની અંદર સમાતાં વર્તુળોને કચરી નાખવાને પોતાનું સામર્થ્ય નહીં વાપરે, પણ અંદરના સર્વને બળ આપશે અને પોતાનું સામર્થ્ય પણ કેન્દ્રમાં રહેલી વ્યક્તિમાંથી મેળવશે. કોઈ મને ટોણો મારશે કે, આ તો આદર્શ થયો, ને પૂર્ણતાનું તરંગી ચિત્ર થયું, અને તેને વિષે વિચાર કરી નાહક વખત ગુમાવવાની જરૂર નથી. યુક્લિડની વ્યાખ્યાનું બિંદુ દોરી બતાવવાને માણસ સમર્થ નથી, છતાં તેનું કદી મરે નહીં તેવું મૂલ્ય છે. તેવી જ રીતે માણસ જાતને જીવવું હોય, તો મારા આદર્શ ચિત્રની પણ કદી ઓછી ન થાય તેવી કિંમત છે. મારું ચિત્ર વાસ્તવિક અને સત્ય છે, એવો હું દાવો કરું છું. એ સાચા ચિત્રની અવિશુદ્ધ સંપૂર્ણ સિદ્ધિ કદી ન થવાની હોય, તો પણ હિંદુસ્તાન તેને માટે જીવે.

—ગાંધીજી.

ગાંધી વાણી

જે તલવારનો ઉપયોગ કરે છે, તેનું મોત પણ તલવારથી જ થાય છે

ભારતની સમક્ષ આજે બે માર્ગ ખુલ્લા છે. એક તો પશ્ચિમનો અને બીજો પૂર્વનો. પશ્ચિમનો સિદ્ધાંત બળના તો સત્યના જયનો પૂર્વનો સિદ્ધાંત. સત્યની આડે કોઈ આવી શકે નહીં અને શક્તિશાળી કે નિર્બળ એમ બધાને ઇન્સાફ મેળવવાનો અધિકાર. આ બન્ને માર્ગોમાંથી એકની પસંદગી મજૂર વર્ગથી શરૂ કરવાની છે. શું અસત્ય અને હિંસાને માર્ગે પગારમાં વધારો મળતો હોય તો તે મેળવવો જોઈએ? ભલે તેટલી તેમની પગારવધારાની માંગણી વ્યાજબી હોય તથા હિંસાનો આશરો લઈ શકાય નહીં. હક્કો મેળવવા માટે હિંસાનો આશરો લેવો એ સહેલું છે. પરંતુ એ સાથે સાથે દુઃખદાયક નીવડશે. જે તલવારનો ઉપયોગ કરે છે તેનું મોત પણ તલવારથી જ થાય છે.

—ગાંધીજી

કાઉન્સીલર જ્યોર્જ પીકનું પ્રવચન

સ્ટ્રેટફર્ડ રોડ પર સેન્ટ રેફલ્સ હોલમાં મોટી માનવ મેદની સમક્ષ પ્રવચન કરતાં કેપટાઉનના કલર્ડ કાઉન્સીલર મી. જ્યોર્જ પીકે કહ્યું કે નાતાલની કલર્ડ જનતા દ. આ. બીન-ગોરાઓ સાથે એકાય સ્વતંત્રતાની લડત ચલાવવા તૈયાર થઈ છે એથી તેમને ઘણો જ હર્ષ થયો છે. ડરબન આવવાનું કારણ જણાવતા મી. પીકે કહ્યું કે તેઓ 'નેશનલ કન્વેનશન'ની માગણીને ટેકો આપવા માટે અહીં આવ્યા છે.

વધુમાં મી. પીકે કહ્યું કે ૧૯૦૯ની જે 'કન્વેનશન' મળી હતી, તેમાં કેવળ ગોરાઓજ પ્રતિનિધિ તરીકે હતા, તેથીજ આજે બીન ગોરાઓની સ્થિતિ આવી દુર્દશાએ પહોંચી છે. એવી ભૂલ ફરી ન થાય તે પ્રત્યે ચેતવણી આપતા મી. પીકે કહ્યું કે ભવિષ્યે 'નેશનલ કન્વેનશન'ની માગણી લોકોએ કરવી.

પ્રજાસત્તાક રાજ્ય ઉપર બોલતાં મી. પીકે કહ્યું કે આ દેશ જે પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવા માગે છે તે ખરી રીતે 'સારાસર રાજ્ય' છે પરંતુ બીન ગોરાઓની જાગૃતિ સામે આ 'સારાસર રાજ્ય' ટકી શકે એમ નથી. કલર્ડ કોમ ઘર જઈ આ 'નેશનલ કન્વેનશન' ઉપર વિચારણા કરી—ગમે તેમ કરી આ દેશના બીનગોરાઓએ સાથ આપે તો આજની સરકારની સાન ઠેકાણે આવશે.

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૨૬ મે', ૧૯૬૧

તાત્કાલિક જરૂરિયાત

આ છાપાના આ કૉલમમાં અમે ઘણીવાર લખ્યું કે હિંદી-જનતાના રોજીંદા જીવનના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે લાયકાતવાળી નેતાગીરી આ દેશમાં નથી. નાટાલ ઇન્ડિયન કોંગ્રેસની જે નીતિ છે તેને લઈ તે આ પ્રશ્નોનો ઉકેલ લાવી શકે એવી સ્થિતિમાં નથી. હિંદીઓના પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવાની શક્તિ નાટાલ ઇન્ડિયન કોંગ્રેસની નેતાગીરીમાં નથી. આ સિવાય હિંદી જનતાના પ્રશ્નોનો સામનો કરવાની શક્તિ નાટાલ ઇન્ડિયન ઓરગનાઇઝેશન પાસે પણ બિલકુલ નથી. અને તે જો કંઈ કરતું હોય તો તે ખુલ્લામાં કરતું નથી.

છેલ્લા પંદર વરસથી નાટાલ ઇન્ડિયન કોંગ્રેસનો ઇતિહાસ પહેલાના કરતાં ખૂબ જ બદલાયો છે. એક વખત એવો હતો કે જ્યારે નાટાલ ઇન્ડિયન કોંગ્રેસ, હિંદી જનતાના પ્રશ્ન હાથ ધરી એનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરતી. તે વખતે તે કેળવણી, સામાજીક, રમતગમત અને સાંસ્કૃતિક પ્રશ્નો હાથ ધરીને કામ કરતી. પ્રાંતિક ધોરણે આજે હિંદીઓના પ્રશ્નો હાથ ધરી કામ કરવા માટે એકે સંસ્થા નથી. ગ્રુપ એરીયાની બાબતમાં 'ડરબન કમ્બાઇન્ડ રેટપેયર્સ એસોસીએશન' ખૂબ જ કામ કરે છે. હિંદીઓના રોજીંદા પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે એવી શક્તિશાળી સંસ્થા જોઈએ, કે જે આ પ્રશ્નોનો ઉકેલ લાવી શકે. હિંદી વિસ્તારના રસ્તાઓ ખૂબ જ ખરાબ છે અને સુધરાઈ એ તરફ બેદરકાર છે એ માટે ઉપાય યોજવો જોઈએ. આનો ઉપાય યોજવામાં નહિ આવે તો સુધરાઈ કાયમનો માટે બેદરકાર બની જશે. નાટાલની અંદર હિંદી કેળવણી કટોકટીના પાયે ઉભી છે, એ નાટાલ ઇન્ડિયન કોંગ્રેસ અને નાટાલ ઇન્ડિયન ઓરગનાઇઝેશન જાણતું નથી. આ માટે કાર્યની જરૂરત છે.

પ્રાંતોની અંદરના બીજા ભાગોમાં પણ સુધરાઈ જે કરે છે અને જે નથી કરતું તે હિંદી જનતા સહી લઈ છે. ઘણાં હિંદી વિસ્તારોમાં બત્તીની અને આરોગ્યની વ્યવસ્થા બરાબર નથી. રસ્તાઓ પણ ખરાબ છે, અને એની આજુબાજુ ઘાસ ઝાડી ઉગી નીકળે છે. એક બે જણ આ વિષે અરજી કરે તો કોઈ ધ્યાન આપતું નથી, અને એને લઈ લોકો આવી અવ્યવસ્થાથી ટેવાઈ જાય છે. એક વખત એવો હતો કે જ્યારે નાટાલ ઇન્ડિયન કોંગ્રેસ અને નાટાલ ઇન્ડિયન ઓરગનાઇઝેશન આવા કામો હાથ ધરતું. એજ કારણને લઇ અમે સૂચના કરીએ છીએ કે પ્રાંતિક ધોરણે એક 'ઇન્ડિયન સીવીક એસોસીએશન'ની સ્થાપના થવી જોઈએ, જે આવા કામો હાથ ધરે. દરેક ભાગોમાં જ્યાં હિંદીઓ વસે છે ત્યાં એક એની નાના પાયાપરની સ્થાનિક સંસ્થા હોવી જોઈએ, જે કેળવણી અને સંસ્કૃતિના કામો કરી શકે. હિંદી જનતાની સ્થિતિ સુધારવાનું કાર્ય આ સંસ્થાનું હોવું જોઈએ. હિંદીઓ કર ભરનારી જનતા છે, એથી તેઓ આવી સંસ્થા સ્થાપી સુધરાઈ સાથે હિંદીઓની અગવડતા વિષે વાતો કરી શકે. 'નાટાલ ઇન્ડિયન સીવીક એસોસીએશન'ની સ્થાપના થાય તો તે પ્રાંતિક ધોરણે અને તેના સ્થાનિક શાખાઓથી પહોંચે કામ કરી શકશે. આજ રીતે હિંદીઓની સ્થિતિ સુધરે એમ છે. એમાં કોઈનો ફેરફાર થશે નહિ. એ યોગ્ય વ્યક્તિના હાથમાં રહેશે.

થોરોનો પરિચય

(હાકા કાઉલાર)

અમેરીકાના મેસેચ્યુસેટ્સ રાજ્યમાં કૉન્કર્ડ ગામે ૧૮૧૭માં હેન્રીનો જન્મ થયો. એના પિતા પેન્સીલ બનાવવાનો ધંધો કરતા. બાળપણથી જ થોરોને જંગલો ને ઝાડીઓમાં ફરવાનો શોખ હતો અને તે આજીવન રહ્યો. કૉન્કર્ડના સૃષ્ટિ સૌંદર્યની એના માનસપટ પર ખૂબ અસર થયેલી.

૧૮૩૩માં ઉચ્ચ અભ્યાસ માટે થોરો હાર્વર્ડ વિદ્યાપીઠમાં ગયો. ત્યાં ઇમર્સન સાથે તેને મૈત્રી થઈ. ૧૮૩૭માં તે સ્નાતક થયો. કોલેજકાળ દરમીયાન તે બહુ પ્રસિદ્ધિ પામ્યો નહોતો. ત્યાં તે વખતેય એનું વાચન પુષ્કળ હતું અને જંગલઝાડીઓમાં ફરવાની તથા નિરંતર વિચાર મગ્ન રહેવાની એની પહેલેથી જ ટેવ હતી.

૧૮૩૮માં પોતાને ગામ આવી એણે શિક્ષક તરીકે કામ કરવા માંડ્યું. એ અરસામાં ન્યુ ઇંગ્લાંડ રાજ્યમાં 'રિમેસિસ્ટ' નામે એક નવીન વિચારસરણીનો પ્રચાર થઈ રહ્યો હતો. થોરોના મનમાં પણ એ રસ થયો એટલે એણે શિક્ષકનો વ્યવસાય છોડી દીધો.

પરંતુ પછી આર્થિક ભીંસ આવતાં એને બાપદાદાનો પેન્સીલનો ધંધો શરૂ કરવો પડ્યો. ધંધામાં એણે સારી નામના મેળવી.

આ જ અરસામાં વ્યાખ્યાનો આપવાની અને લેખો લખવાની એણે શરૂઆત કરી. ૧૮૩૮માં કૉન્કર્ડમાં એનું પહેલું વ્યાખ્યાન થયું. ત્રીસી પહેલાં રચેલી થોડા જ મહત્ત્વની કવિતાઓ એણે બાળી નાખી અને પછી ગદ્યલેખન ઉપર જ લક્ષ આપ્યું. પોતાના વિચારો તે રોજનીશીમાં લખી લેતો.

૧૮૪૦માં ઇમર્સને 'ડાયલ' નામનું એક ત્રૈમાસિક શરૂ કર્યું અને તેની બધી જ વ્યવસ્થા થોરોને સોંપી. 'ડાયલ'માં થોરોના ઘણા લેખ અને કવિતા પ્રસિદ્ધ થયાં. ૧૮૪૧માં ઇમર્સને થોરોને પોતાને ઘેર બોલાવ્યો. થોરો ત્યાં બે વર્ષ રહ્યો.

૧૮૪૫માં એ બધું છોડીને ફરી પોતાને ગામ આવ્યો. કૉન્કર્ડથી દોઢેક માઈલ ઉપર વોલ્ડન સરોવરને કાંઠે એક ઝુંપડી બાંધીને રહ્યો. એ ઝુંપડી તદ્દન એકાંતમાં હતી અને તે એણે પોતાના હાથથી જ ઉભી કરેલી. ત્યાં ખેતી કરીને પોતાની આજીવિકા એણે મેળવી. પરોઢિયે વહેલું ઉઠવું, તળાવમાં સ્નાન કરવું, ખેતરમાં શ્રમ કરવું, મધ્યાહ્ને તળાવમાં સ્નાન કરી વિચાર મગ્ન રહેવું અને જંગલમાં સતત સંચાર કરવો, એવી એની દિનચર્યા હતી. તે શાકાહાર જ કરતો. ગુલામ પદ્ધતિનો તે સખત વિરુદ્ધ હતો. એની ઝુંપડી ગુલામોનું આશ્રયસ્થાન હતી. એક વાર થોરોએ સરકારને કર આપવાની ના પાડેલી. તે માટે એને એક દિવસ જેલમાં રહેવું પડ્યું હતું. પણ પોતાના વિચારમાં એ મક્કમ રહેલો. આ ઝુંપડીમાં તે બે વર્ષ અને બે મહિના રહ્યો. પછી ફરી કૉન્કર્ડ આવીને રહ્યો. ઝુંપડીવાસના પોતાના નિવાસ દરમીયાન એણે કાયનમુક્તિ અને અપરિગ્રહના અનેક પ્રયોગો કર્યા.

પ્રાણીસૃષ્ટિ પર થોરોને અનંત પ્રેમ હતો. નાનાં બાળકો સાથે પણ એ પ્રેમપૂર્વક વર્તતો. સાદું જીવન અને ઉચ્ચ વિચારસરણી એ થોરોનો જીવનમંત્ર હતો. નવલકથા, માસિકો, વર્તમાનપત્રો વગેરે એને વાંચવા ન ગમતાં. ચિંતનપ્રધાન સાહિત્ય એને ગમતું. રેડ ઇન્ડિયનોના સાહિત્યનો એને શોખ હતો. હિંદુસ્તાનના આધ્યાત્મ વિચારનો એના પર સારો પ્રભાવ પડેલો. એણે કહ્યું છે: "મારે [illegible] તત્ત્વજ્ઞાન બધું ત્યાં છે. [illegible] હિંદુસ્તાનની ભાવના છે કે ભગવદ્‌ગીતાને આભારી!"

૧૮૪૭ પછી થોરોએ સાહિત્ય ઉપર વિશેષ લક્ષ આપેલું. ૧૮૪૯માં એણે 'સિવિલ ડિસ-ઓબિડિયન્સ' ઉપર પ્રસિદ્ધ લેખ લખ્યો. ગાંધીજીની સવિનય કાનૂન ભંગની ચળવળનાં બીજ આ લેખમાં જણાય છે. એવી જ રીતે શિક્ષણ ઉપરના એના વિચારોમાં ગાંધીજીના નઈ તાલીમના વિચારોની ઝાંખી થાય છે. શિક્ષણ પુસ્તકિયું નહીં પણ જીવન-શિક્ષણ હોવું જોઈએ, એ તેણે અત્યંત માર્મિકપણે કહ્યું છે.

૧૮૪૯ થી ૧૮૬૦ના ગાળામાં એણે પુષ્કળ પ્રવાસ કર્યો. મહોટો ભાગ પ્રવાસ એ પગપાળા જ કરતો. ૧૮૬૦થી એનું સ્વાસ્થ્ય બગડ્યું અને ૧૮૬૨માં એ મૃત્યુ પામ્યો.

'વોલ્ડન', 'એક્સકર્ઝન', 'બીક ઓન ધ કૉન્કર્ડ એન્ડ મેરિમેક રિવર્સ' વગેરે એનાં પ્રખ્યાત ગ્રંથો છે. થોરોનાં લખાણોમાં ભાવ નૈતિક પ્રતિભા જ નજરે જણાતી પણ અમેરિકાના અનુભવનો રણકાર સંભળાય છે. એની શૈલી આગવી છે. ભાગ્યે જ એને ફરી પડી જાય છે. આખી બેઠકી ને વર્ણનો વાત એ ચોટદારતાથી કહી નાખે છે.

એ એક તાત્વિક વિચારક હતો તેમજ વૈજ્ઞાનિક વૃત્તિનો પ્રયોગવીર પણ હતો. એ એક ક્રાંતિકારી હતો. ગુલામીના વેપારમાં એને ચેન પડતું નહીં. એ તો ગુલામોને ભગાડતો અને નવા જીવન આપતો. ખરે જ, આજે પણ એ એક પ્રતિભાશાળી માર્ગદર્શક છે.

ભૂતકાળની ભૂલોમાંથી ફાયદો ઉઠાવવા આસામીઓને હાકલ

શિલોંગ:

એક જાહેર સભાને સંબોધતાં કેન્દ્રના નાણાં પ્રધાન શ્રી મોરારજી દેસાઈએ જણાવ્યું હતું કે આસામની જનતાએ ભૂતકાળમાં કરેલી ભૂલોને પરિણામે એમને પોતાની કમજોરી દૂર કરવામાં અને સુદૃઢ બનવામાં તેમજ દેશના વિકાસમાં ભાગ મળે. લોકોએ કમજોરી ફેંકી દેવાનું જરૂરી છે.

આસામ વિશાળ કુદરતી સાધન સંપન્ન પ્રદેશ છે અને રાજ્યના તેમજ રાષ્ટ્રના લાભ માટે કેળવી શકાય. તો પરસ્પરની સમજૂતીથી મતભેદો મીટાવી દેવા જોઈએ. તેમ કરવું ન હોય તો પ્રગતિ વિરોધોની સફળતા ભેટી પડે.

ગયા જુલાઈમાં સળગેલી ભાષાવાદની અશાંતિ કેટલાક લોકોનું નવું ગાંડપણ છે. બધા માણસોને એ માટે દોષિત ન ઠેરવી શકાય. આવા બનાવો ભવિષ્યમાં નહીં બને એવી હું આશા રાખું છું. સાચવણી તો સૌની જ, પણ તે બીજાઓને હાનીકારક ન બનવી જોઈએ.

માનવી અને પશુ વચ્ચે ભેદ છે. માણસને બુદ્ધિની બક્ષીસ મળી છે, તેથી અંતર અને દેશને નુકસાનકારક શું છે તે એમણે સમજવું જોઈએ બીજાઓનાં દુઃખ નહીં સમજનાર સુખી થશે નહીં.

પોતાની જૂનવાણી ભૂલો અને નિષ્ફળતાઓમાંથી બનતા ફાયદો ઉઠાવશો તો એમાં એવી તાકાત અને સમૃદ્ધિ હાંસલ કરશે કે દુનીયાની કોઈ શક્તિ તે નહીં છીની શકે.

રાજ્યમાં મૂડીની જમાવટ માટે લોકોએ વધુ કામ કરી વધુ કમાઈ, વધુ બચાવવું જોઈએ. તેઓ પોતાની ફરજ બજાવશે તો બહારથી મદદ મળશે અને તેમ જો તેઓ નહીં કરે તો બહારની મદદ નહીં મળે.

આધુનિક ભારતનું નિર્માણ

વડા પ્રધાન શ્રી નહેરૂએ ઉત્તર પ્રદેશની વિધાનસભાના કોંગ્રેસ પક્ષની બપોરપછી મળેલી સભામાં જણાવ્યું હતું કે દેશને સ્વરાજ્ય અપાવનાર કોંગ્રેસને હવે આધુનિક ભારતનું નિર્માણ કરવાનો ઐતિહાસિક કામ સોંપાયો છે.

આ સભામાં વિધાનસભાના લગભગ ૨૮૦ સભ્યો ઉપરાંત સંસદના ૧૨ સભ્યો હાજર હતા.

સભાને સંબોધતાં શ્રી નહેરૂએ એવું જણાવ્યાનું કહેવાય છે કે પ્રગતિ અને સમૃદ્ધિના પંથની આગેકુચ માટે શિસ્ત અને એકતા આવશ્યક છે.

જાતિવાદ, કોમવાદ, સામ્યવાદ અને સાંકડી મનોવૃત્તિનો વ્યવસ્થિત રીતે સામનો કરવાનો છે અને કોંગ્રેસીઓ એ દિશામાં અગત્યનો ભાગ ભજવી શકે એમ છે.

દેશમાં સાધનસામગ્રીની તૂટિ નથી; પણ એને વિવિધ વિકાસક્ષેત્રોમાં યોજતા તાલીમ પામેલા માણસોની તૂટ છે.

ત્રીજી પંચવર્ષીય યોજનાનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે યોજના અને તેનો અમલ લોકોની મદદથી સંસ્થાઓ અને વિનંતીઓને પરિણામે લેવા હોવા જોઈએ. દુનીયા બહુ ઝડપથી બદલાતી જાય છે અને ભારતે એની ગતિ સાથે કદમ મિલાવવાના છે.

કોંગ્રેસમાંની જૂથબંધીનો ઉલ્લેખ કરતાં શ્રી નહેરૂએ પોતાનામાંના મતભેદો ભૂલી જવાનો અને એકબીજાના મંતવ્યો સમજવાની કોશિષ કરવાનો અનુરોધ કર્યો હતો. તમારે એકતા તથા પરસ્પરની સુમેળથી કામ કરવાનું શીખવું જોઈએ એમ તેમણે જણાવ્યું હતું.

આ અગાઉ મુખ્ય પ્રધાન શ્રી સી. બી. ગુપ્તાએ વડા પ્રધાનને આવકાર્યા હતા અને તેમની સમક્ષ રાજ્ય સમક્ષના બે કોયડાઓ—અન્ન અને ઉદ્યોગોના વિકાસ માટે વીજળીની તંગી રજૂ કર્યા હતા.

શ્રી નહેરૂએ આ સંબંધમાં એવું જણાવ્યું હોવાનું કહેવાય છે કે સરકાર સમક્ષની મોટામાં મોટી મુસીબત એ છે કે દુનીયાના બજારમાં હરિફાઈ કેવી રીતે કરવી? ભારતમાં રોજી નીચી છે અને ભાવ ઊંચા છે. ભારતે ઉત્પાદનની પદ્ધતિ બદલવી જોઈએ અને વિશ્વના બજારમાં હરિફાઈ કરવા બીજા દેશોની હરોળમાં ઉત્પાદન ખર્ચ મૂકવા જોઈએ.

વિદેશી હુંડિયામણ અંગે શ્રી નહેરૂએ જણાવ્યું કે તે કેન્દ્ર અને રાજ્ય સરકારોના પ્રધાનોની કક્ષાએ ચર્ચી શકાય.

ભારત એન્જીનોની નિકાસ કરી શકે એવી સ્થિતિમાં છે

નવી દિલ્હી: રેલ્વે ખાતાના નાયબ પ્રધાન શ્રી રામસ્વામીએ એક પ્રશ્નના જવાબમાં લોકસભામાં જણાવ્યું હતું કે સ્ટીમ એન્જીનોની વિદેશી વરદીઓ સ્વીકારી એન્જીનોની નિકાસ કરી શકે એવી સ્થિતિમાં આજે ભારત છે. વિદેશ ખાતાની એલચી કચેરીઓને એન્જીનોની નિકાસ અંગેની શક્યતા સંબંધમાં તપાસ કરવા માટે અને રસ ધરાવનારાઓને આ વિષે માહિતી પૂરી પાડવાને જણાવાયું છે. આપણા એન્જીનના ભાવ વિશ્વમાંના એન્જીનના ભાવ સાથે સરખાવી શકાય છે અને આપણે જે એન્જીન આયાત કરીએ છીએ તેના કરતા સસ્તા છે.

ભારતે ઈલેક્ટ્રીક એન્જીન બનાવવાનું શરૂ કર્યું છે, જ્યારે ટુંકમાંજ ડીઝલ એન્જીનનું ઉત્પાદન કરવું એવું નક્કી રહ્યું છે. ચિત્તરંજન ખાતેના એન્જીનના કારખાનામાં વરસ દહાડે ૧૬૪ એન્જીનો ઉત્પન્ન કરાય છે. આ બધા જ એન્જીનોની હાલ રેલ્વે માટે જરૂર પડે છે. વિદેશમાંથી જો વરદી મળે તો ચિત્તરંજન કારખાનું વધુ ઉત્પાદન કરી શકશે.

ગુજરાત રાજ્ય ભારતના શ્રેષ્ઠ રાજ્યોમાંનું એક બનશે

અમદાવાદ. ગુજરાત રાજ્ય, તેના અસ્તિત્વનું પ્રથમ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે તે પ્રસંગે એક સંદેશો આપતા રાજ્યપાલ શ્રી મહેંદી નવાજજંગ જણાવે છે કે "જ્યારે મારો હોદ્દો સંભાળ્યો ત્યારે હું એટલી જ આશા રાખતો હતો કે સૌ સારાં વાનાં થશે, પણ આ એક વર્ષના અનુભવથી મારામાં ઊંડી ખાત્રી જાગી છે કે ગુજરાતનું રાજ્ય ભારતના અતિશ્રેષ્ઠ રાજ્યોમાંનું એક બની રહેશે, અને આ અભિપ્રાય માત્ર મારો જ નથી દેશના અન્ય જ્ઞાની અને અનુભવી માણસો પણ એમ જ માને છે."

આ એક વર્ષમાં સરકારી હસ્તે સાધેલી પ્રગતિ પ્રત્યે સંતોષ વ્યક્ત કરતાં રાજ્યપાલશ્રી જણાવે છે કે:

"એ અત્યંત આનંદની વાત છે કે સરકારી તંત્ર પોતે કરેલી પ્રવૃત્તિઓ, તેણે સિદ્ધ કરેલાં લક્ષ્યાંકો, શરૂ કરેલી અને અમલમાં મૂકેલી ઔદ્યોગિક વિકાસની, માર્ગ બાંધકામની અને સિંચાઈ યોજનાઓને ઝડપી બનાવવાની યોજનાઓનો અને રાજ્યના વહીવટી તંત્રમાં સર્વસામાન્ય કાર્યક્ષમતાનો સુંદર હિસાબ આપી શક્યું છે. વહીવટી ક્ષેત્રમાં હું જોઈ શક્યું છું ત્યાં સુધી, એવું કાંઈ જાણી નથી રહ્યું કે જે જે ઠપકાપાત્ર હોય અને રહી ગયું હોય. સરકારી અધિકારીઓએ તેમની ફરજના પાલનમાં અને વહીવટી તંત્રના સરળ તથા કાર્યક્ષમ સંચાલન માટે કોઈ પ્રયાસ બાકી રાખ્યો નથી. ગુજરાત રાજ્યને આદર્શ રાજ્ય બનાવવા પ્રત્યેની પોતાની ફરજ સમજવાના સ્પષ્ટ ચિન્હો લોકોએ બતાવ્યાં છે."

પોલીસ ખાતાની કામગીરીનો ઉલ્લેખ કરતાં રાજ્યપાલ શ્રી જણાવે છે કે વર્ષ દરમિયાન, અને ખાસ કરીને મધ્યસ્થ સરકારના રેલ્વે નોકરીયાતની હડતાલ વખતે જે કામગીરી બજાવી તે પોલીસ ખાતાને યશ ઘટે છે.

ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કું. લીમીટેડ
હિન્દીવાની મુખ્ય કંપની

અમે વહીવટ કરીએ છીએ:—

આગ, દરીયાઈ, અકસ્માતો, મોટર, માલ, ચોરી,
ઘર કુટુંબ, ઘર આલીસે (સારો) અકસ્માત વિ.

સાઉથ આફ્રિકાની અંદર મુખ્ય અમલદારો

જાલભાઈ રૂસ્તમજી એન્ડ સન,
૧૪૦ ક્વીન સ્ટ્રીટ, ડરબન.
ફોન: ડરબન ૨૫૮૦૪, ૨૮૫૨૩, ૨૯૮૭૪.

તમને ખબર છે

- કે ન્યુ ઈન્ડિયા, હિન્દમાની સૌથી મોટી વીમા કંપની છે.
- કે ન્યુ ઈન્ડિયાની શાખાઓ ૪૫ દેશોમાં છે.
- કે ન્યુ ઈન્ડિયાની ૧૫ શાખાઓ કેવળ હીંદમાં જ છે.
- કે ન્યુ ઈન્ડિયા: આગ, દરીયાઈ અને અકસ્માત ઉપર ૬૦,૦૦,૦૦૦ પાઉંડ પ્રીમીયમ લેતી કરે છે.

સહિસલામતી અને તાત્કાલિક સેવા માટે
ન્યુ ઈંડીયા
સાથે વીમો ઉતરાવો.

બીનસામ્યવાદી દેશો માટે ભારતે સર્જેલી અપુર્વ આશા

વૉશીંગ્ટન : અહીંના 'વોશીંગ્ટન પોસ્ટ' નામના અખબારના જણાવ્યા પ્રમાણે ભારતની ત્રીજી પંચવર્ષીય યોજના માટે પશ્ચિમ જર્મનીએ મોટી સહાય આપવાનું વચન જાહેર કરતાં પાંચ રાષ્ટ્રોની વિશ્વબેંક સમિતિની પરિષદ ગઈ આશાઓએ એકાએક મોકુફ રહેવા પામી હતી.

પશ્ચિમ જર્મનીએ એક સામટી મોટી યોજનાને સાથે ભારતની નવી યોજનાના પ્રથમ બે વર્ષ માટે પ્રતિવર્ષ ૨૮ કરોડ ડોલરની લોન પાંચ ટકાના દરે ૧૪ થી ૧૨ વર્ષની મુદતમાં ભરપાઈ કરી શકાય એ રીતે ભારતે આપવાની તૈયારી દર્શાવી હતી.

સંયુક્ત અમેરીકાએ પોતાની પ્રાથમિક મંજુરીની અપેક્ષાએ ૫૦ વર્ષમાં પરત કરી શકાય એવી લોન તરત નક્કીત વ્યાજે એક અબજ ડોલર ધીરવાની દરખાસ્ત મુકી હતી.

અન્ય સહાયક રાષ્ટ્રોમાં બ્રિટને આગામી ૨૫ વર્ષમાં પરત ભરપાઈ કરી શકાય એવી લોન વ્યાજબી ૧૦ કરોડ ડોલરની વધુ સહાય પોતાના અગાઉના વિદેશી હુંડીયામણમાંથી આપવાની તત્પરતા દર્શાવી હતી.

દુનિયાના ગરીબ પણ દેશ કરતા વિદેશોને વધુમાં સહાય આપનારા હાલ પણ પોતાનો ફાળો આપવા કબુલ્યું હતું. જ્યારે કેનેડા અને જાપાને પણ નક્કર જવાબદારી લેવા કબુલ્યું છે.

આ હેતુભારીમાં પશ્ચિમ જર્મનીએ પ્રતિવર્ષ વિદેશ સહાય પાછળ ૬૦ થી ૭૦ અબજ ડોલર ખર્ચવાની તૈયારી દર્શાવી હતી અને પોતાના સુવ્યવસ્થિત આયોજન અને સ્પષ્ટ વ્યાખ્યાવાળા અર્થતંત્રવાળું ભારત જર્મનીના આ વચન માટે સર્વ પ્રથમ સાચી રીતે મહાસત્તાઓમાં ગણાતું હશે.

આ પરિષદમાં ભાગ લેનારા ઇતર રાજ્યો ભારત પ્રતિ ઘણા ખુશ હતા કેમકે ભારતે બીન સામ્યવાદી દેશોને માટે એક શક્તિશાળી લોકશાહીવાળા રાષ્ટ્ર તરીકે પોતાને સિદ્ધ કરવા માટે સરખામણી ઉભી કરી છે અને એ રીતે જ લાંબા સમય માટે આંતરરાષ્ટ્રીય સહકાર માટે આશા સર્જી છે.

ફિરંગી સૈન્યે વિમાનોનો કરેલો ઉપયોગ

લિસ્બન : રોઈટરના સમાચાર સરણા પોર્તુગીઝ અહેવાલ પ્રમાણે ઉત્તર અંગોલાના મુકાજો ગામ પર ૫૦૦૦ આફ્રિકનોએ કરેલા આક્રમણ સામે આમના સંરક્ષણાર્થે મુકાબલો કરી રહેલા, ૨૨ બળવો કરનારાની ભુમી ફોજી સંખ્યા વિમાનો ઉડી ગયા છે.

બળવાખોરોની સામે ખાડ કરીને ખુબી હુમલાઓ કરી રહેલા આ સંરક્ષકો હારી જવાની અણી પર હતા ત્યારે આ વિમાનોએ પહોંચી જઈ પરિસ્થિતિ પલટાવી દીધી હતી પશ્ચિમ પોર્તુગીઝ આફ્રિકન સરકારના આગેવાન અંગોલાના આ બળવાખોરોના આ કબ્જામાંથી જેવા હથીયારો અને ગોળીઓ આવી ગયાના અહેવાલો મળ્યા છે.

લંડનમાં ટાગોર શતાબ્દીની ઉજવણી અંગેનો કાર્યક્રમ

લંડન : લંડનમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરની જન્મ શતાબ્દીની ઉજવણીની કેટલીક વિગતો તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. બી. બી. સી. ૯, ૧૦ તથા ૧૨ મેએ સમુદ્રપાર ના દેશો માટે ખાસ કાર્યક્રમો રજુ કર્યા હતા. આ કાર્યક્રમોમાં ટાગોરને ઓળખતા લોકો તેમના અંગત વ્યક્તિત્વ પર પોતાની અંગત અને ખુબ યાદ સ્મૃતિઓ વડે પ્રકાશ પાડ્યો હતો. શ્રી અરવિંદ ઘોષ, શ્રી ટાગોરની મહાન રમેશ સાથે પ્રથમ મુલાકાતની સ્મૃતિ તાજી કરી હતી.

રવીન્દ્રનાથના લંડનમાંના રહેવાસના મિત્ર સર જહોન રોધેન્સ્ટાઇન તેમને ઘણી સારી રીતે ઓળખતા હોવાથી કેટલાંક સંસ્મરણો રજુ કર્યાં હતા. ટાગોરને બંગાળમાં શિક્ષણ તથા સામાજીક કાર્યમાં સહાય કરનાર અને ટાગોરે 'સિમર્ટ' બનાવ્યો. જેમને ત્યાં નિવાસ કર્યો હતો તે મી. લીયોનાર્ડ એલમહર્સ્ટ પણ બોલ્યા હતા.

સત્યજીત રેનું ટાગોર વિષેનું દસ્તાવેજી ચલચિત્ર ૨ તથા ૩ મેએ દેખાડવામાં આવ્યું હતું ને ૫ તથા ૬ મેએ ટાગોર વિષે યોજાતા વ્યાખ્યાનમાં ટાગોરનું માનવતાવાદી, તત્વવેત્તા, સંગીતકાર કલાકાર તથા કવિ તરીકે મુલ્યાંકન કરવામાં આવ્યું હતું.

૮ મેએ ભારતના હાઇ કમીશનર શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતના પ્રમુખ પદ હેઠળ યોજાનાર સભામાં શેઠ બેઇકરાયમ ટાગોર વિષે ભાષણ આપ્યું હતું. એ ડેમ સિબિલ થોર્નડાઇક તથા તેમના પતિ સર લુઇસ કેસન ટાગોરની નાટ્યકૃતિઓમાંથી વાંચી સંભળાવી અને ભારતથી ખાસ લંડન આવેલા શ્રીમતી રાજેશ્વરી દત્ત ભારતીય સંગીત તથા ગીતો ગાયા હતા. આ તથા સર એડ્રિયન બોલ્ટના નિર્દેશન હેઠળ નાટકનો કાર્યક્રમ રજુ થયો હતો.

ટાગોરને રાષ્ટ્રપતિ તથા વડાપ્રધાને આપેલી અંજલિ

લંડન. રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે જણાવ્યું હતું કે ટાગોરનો બુદ્ધિપ્રભાવ જુદી જુદી પ્રજાઓ અને વિવિધ વિચારસરણી ધરાવતા માણસો પર પડ્યો હતો. એમની અસર ઉંડી અને તલસ્પર્શી છે.

રાષ્ટ્રપ્રમુખે આવેલી ટાગોર શતાબ્દી ઉજવણી સમિતીએ પ્રગટ કરેલા ગ્રંથમાં એક લેખ લખતાં મહાન ભારતીય કવિને ઉપર મુજબ અંજલિ આપી હતી.

વડાપ્રધાન શ્રી નહેરૂએ ગ્રંથમાં લેખ લખતાં જણાવ્યું હતું કે ટાગોરનો સંદેશ જુદા જુદા દેશોમાં જુદી જુદી રીતે સમજ્યો હોય તો જુદી વાતછે. તેઓ એક મહાન માનવતાવાદી અને ભારતમાં જે સમયે આપણું સૌનું ધ્યાન માત્ર રાજકીય બાબત પ્રત્યે કેન્દ્રિત થયું હતું ત્યારે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક બાબતો પ્રત્યે પુરતું ધ્યાન અપાતું નહોતું તે સમયમાં તેમણે ભારતીય જીવનનાં એ પાસાં પ્રત્યે ખાસ ધ્યાન દોર્યું હતું.

એ બધા ઉપરાંત તેઓ એક મહાન માનવ હતા. જેમનો સંદેશ માત્ર ભારત માટેજ નહિ પણ વિશ્વ સમસ્ત માટે હતો. હું માનું છું કે એ સંદેશ એમણે આપ્યો ત્યારે જેટલો સાચો હતો તેટલોજ આજે પણ છે.

તમે 'ઇન્ડીયન ઓપીનીયન' ના ગ્રાહક છો ?

જો ન હોય તો

શા માટે નહિ !

શ્રી સુરત ગુજરાતી વિદ્યા મંડળ—સ્પ્રીંગ્સ

ઉપરોક્ત સંસ્થાના ખાસ હેતુ, સ્પ્રીંગ્સ તેમજ આસપાસ વસતી હીંદી જનતા પોતાની ફુરસદનો સદુપયોગ કરી આરામથી સાહિત્ય, ધર્મ તેમજ સંસ્કૃતિનું જ્ઞાન મેળવી શકે એ આશયથી 'શ્રી વિદ્યા મંદિર' નામક સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, (વર્ધા) દ્વારા સંચાલિત (હિન્દી, ગુજરાતી, મરાઠી, તામિલ) ભાષાઓની તેમજ સ્વાધ્યાય મંડળ (પારડી) મારફત સાહિત્ય (વેદ, ઉપનિષદ, સંસ્કૃત તેમજ ગીતા) વિષયોની પરીક્ષા વરસમાં બે વાર લેવામાં આવે છે. જેનો અભ્યાસ ઘરમાં પણ કરી શકો છો. એ જ ઉપરોક્ત સંસ્થા દ્વારા સંચાલીત વર્ગોમાં દાખલ થવાની ઇચ્છા ધરાવતા હોય તેમને માટે અઠવાડિયામાં એક વાર રવિવારે બપોર બાદ બે વાગ્યા પછી હીંદી તેમજ ગીતાના વર્ગો ચલાવવાનો નિર્ણય કર્યો છે. વર્ગોમાં દાખલ થવા ઇચ્છનાર ભાઈ બહેન ઓછામાં ઓછી ગુજરાતી પાંચમી સાત ચોપડીનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

આ ઉપરાંત પુસ્તક, અભ્યાસ, પરીક્ષા, વગેરે વધુ વિગત મેળવવા માટે મળો યા લખો.

પો. બો. ૧૫૯, સ્પ્રીંગ્સ, ટ્રાન્સવાલ.

સ્ટેન્ડ નં. ૬૬૩૬, ગેઝરટન, સ્પ્રીંગ્સ.

લી.

શ્રી વજેસિંહદાસ પરસોતમજી ઓઝા

વ્યવસ્થાપક

ઓસરીની તકલીફ છે ?

હવે ડરબન અખાડાના વતનીઓ ઉપર ઓસરી બતી દેખરેખ નીચે બતાવીએ છીએ. દશી ઓસરી નો ૪૦ વર્ષનો અનુભવ છે, એટલે ભરોસાપૂર્વક આપ વિશ્વાસ મૂકી શકશો.

મરી મસાલો, દાળ-કઠોળ-કરીયાણુ વગેરે.

મફત સુચીપત્ર માટે લખો :

PARBHOO STORES

6A Cross St., DURBAN

Phone 63004.

વિવિધ વર્તમાન

શ્રી રામેશ્વરી નહેરૂને "લેનીન ઇનામ" અપાયું

મોસ્કો: આફ્રો-એશીયન એક્તા અંગેના હીંદી સભાના પ્રમુખ શ્રી રામેશ્વરી નહેરૂને ૧૯૬૦નું લેનીનનું શાંતિ ઇનામ આપવામાં આવ્યું છે. આ ઇનામમાં એક ચંદ્રક, ડીપ્લોમા અને ૭૦ હજાર રૂબલ્સ છે. બીજા ૬ જણને પણ આવાં ઇનામો આપવામાં આવ્યાં છે. ક્યુબાના વડા પ્રધાન કાસ્ટ્રોને પણ લેનીન ઇનામ અપાયું છે.

પ. જર્મની તરફથી ભારતને મળેલી ૩૩ કરોડ માર્કની લોન

બોન: પશ્ચિમ જર્મનીએ ત્રીજી પંચવર્ષીય યોજના માટે ભારતને ૩૩ કરોડ માર્કની લોન આપવાનું નક્કી કર્યું છે એવા સમાચાર પશ્ચિમ જર્મનીના વિદેશખાતા તરફથી જાહેર કરવામાં આવ્યા હતા.

આ લોન અંગેના સંધિપત્ર પર પશ્ચિમ જર્મની ખાતેના ભારતીય એલચી શ્રી પી. એ. મેનને સહી કરી હતી.

આ લોનમાંથી ૧૦ કરોડ માર્ક ત્રીજી મોટકાસ યોજના પાછળ ખર્ચવાનું હજુ નક્કી થયું નથી, જ્યારે ૨૩ કરોડ માર્ક રૂરકેલા ખાતે પશ્ચિમ જર્મની દ્વારા જે ઔદ્યોગિક કામ ચાલી રહ્યું છે તેમાં વાપરવાનું નક્કી થયું છે.

અજાણ્યા સ્થળે જવા ઉપડેલું અમેરીકન જહાજ

ન્યુ યોર્ક: અમેરીકાના ઇતિહાસમાં મોટા કદનું સૌથી નવું શક્તિશાળી વિમાનવાહી જહાજ કોઇ અજાણ્યા સ્થળે જવા ઉપડી ગયું છે. આ વિમાનવાહી જહાજ અણુશક્તિથી ચાલે છે અને તેની સાથે વિનાશિકાઓ, ક્રુઝરો અને વિમાનોનો જથ્થો છે.

યુદ્ધવિરામ માટે કોંગોલીનું ફરમાન

ટેરોઈ: આંગોલાના ઉદ્દામવાદી ટોળાના સેનાપતિ રૂપન ગીઝેંગીએ તેમના તમામ લશ્કરો તથા ખાનગી સૈન્યોને યુદ્ધવિરામ કરવાનો આદેશ આપ્યો છે અને આંગોલાની મધ્યસ્થ સરકારને યુદ્ધવિરામની વિગતો ચર્ચવા પ્રતિનિધિઓ મોકલવા આમંત્રણ આપ્યું છે.

શાળાઓનું થનારું રાષ્ટ્રીયકરણ

હવાના: ક્યુબાના પ્રમુખ શ્રી ફીડેલ કાસ્ટ્રોએ પ્રજાજનો સમક્ષ કરેલા પ્રવચનમાં જણાવ્યું હતુ કે તમામ ખાનગી નિશાળોનું રાષ્ટ્રીયકરણ કરવાનો હુકમ થોડા દિવસોમાં જ બહાર પાડવામાં આવશે. તેમજ મફત શિક્ષણના સિદ્ધાંત નો અમલ કરવામાં આવશે.

ક્યુબામાં કામ કરવા માટે વિદેશી પાદરીઓને ખાસ પરવાના લેવા પડશે.

રશીયા તરફથી મને લેનીન ઇનામ લેવા મોસ્કો જવાનું જણાવેલ છે. લેનીન ઇનામ મને અંગત રીતે અપાયું નથી પરંતુ શાહીવાદ સામે નિર્ભયપણે લડતી ક્યુબાની પ્રજાનું સન્માન છે.

૧૦૩ વર્ષની વયની અપરિણીત મહિલા લેખિકાનું અવસાન

પર્થ રોથસેન્ડ: ત્રણ વર્ષ પુર્વે ૧૦૦ વર્ષની ઉંમરે પોતાની પ્રથમ નવલકથા પ્રગટ કરનાર મહિલા લેખકનું ૧૦૩ વર્ષની વયે અહીંની હોસ્પીટલમાં અવસાન થયું છે.

૧૦૩ વર્ષની આ મહિલા મેરીઓન જેન્સ અપરિણીત હતી અને તેમણે લખેલી કથાપ્રયાનું નામ "ધી ગીર્સ ઓફ ફ્રીમાના" છે.

ક્યુબાના કાસ્ટ્રો વિરોધી જુથની યુદ્ધની તૈયારીઓ

ન્યુયોર્ક: ક્યુબાની ક્રાંતિકારી સમિતિના પ્રમુખ ડૉ. એસે મીરો કાર્ડોનાએ એક નિવેદન દ્વારા જણાવ્યું હતું કે ક્યુબાના પ્રમુખ કાસ્ટ્રો વિરોધી જુથ આખરી લડાઇ માટે પોતાના દળોને પુન: વ્યવસ્થિત કરી રહ્યું છે. ક્યુબા માટે બહાદુરીથી લડનારા દેશાભિમાનીઓ સોવિયેટ શસ્ત્રાસ્ત્રોથી પરાજ મા આવ્યા છે. પેરાના મહાયુદ્ધના અનુભવની પૂરી ચકાસણી બાદ અમે જાહેર કરી શકીએ છીએ કે અમારી આઝાદી અને મુક્તિનો સ્વીકાર કરાવવા જે લડાઇ અમે આપનારી છે તે ટુંકમાં જ ઉતારી.

થેરોને દેહાંતદંડની સજા

સીલોન: સીલોનના વડા પ્રધાન શ્રી સોલોમન બંડરનાયકની હત્યા માટે બુદ્ધ સાધુ સુમારકાની થેરોને દેહાંતદંડની સજા આપવામાં આવી છે. ૧૯૫૯ના સપ્ટેમ્બરની ૨૬મીએ વડા પ્રધાન શ્રી બંડરનાયકની હત્યા કરવામાં આવી હતી. સાત સભ્યોની જ્યુરીએ સર્વાનુમતે પાંચ તોહમતદારોમાંથી ત્રણ જણને ગુનેગાર ઠેરવી ચુકાદો આપ્યો હતો, તદુપરાંત બૌદ્ધોના મોટા ચેરમેન બુદ્ધરક્ષિત જયવર્ધન અને સોમારામ થેરોને જ્યુરીએ ગુનેગાર ઠરાવ્યા હતા.

ગોવા સરહદે રાષ્ટ્રવાદીઓનો હુમલો

ગોવાના રાષ્ટ્રવાદીઓએ ગોવા સરહદે મોરલેમ નજીક પોલીસ થાણા પર પોર્ટુગીઝ ચોકીની છાપરીને ઉડાડી મુકી હતી અને હુમલો કરી ત્રણ ગોરા અને બે આફ્રિકન સૈનિકોને ઘાયલ કર્યાં હતા.

દૈનિક બંધ કરાવ્યું

કાઠમંડુ: નેપાળ સરકારે નેપાળી દૈનિક "દૈનિક નેપાળ"ને તાત્કાલીક બંધ કર્યું છે. આ હુકમ માટે ખાસ કારણો આપવામાં આવ્યાં નથી પરંતુ આ અખબારે રાષ્ટ્રીય માર્ગદર્શક પ્રધાન શ્રી આચાર્ય સામે ટીકા કરતુ લખાણ પ્રગટ કર્યું હતું.

શોમ્બેની મુક્તિ માટે બ્રીટનની વિનંતિ

લંડન: બ્રીટનના વિદેશ મંત્રી શ્રી લોર્ડ હોમે જણાવ્યું હતું કે કાતંગાના પ્રમુખ શોમ્બેની મુક્તિ મેળવવા માટે બ્રીટને કોંગોને વિનંતિ કરી છે.

પશ્ચિમ બર્લીનની આઝાદી જાળવવાનો 'નાટો'નો નિર્ધાર

ઓસ્લો: નાટોની પ્રધાન સમિતિએ પશ્ચિમ બર્લીન અને એના લોકોની આઝાદી જાળવી રાખવાનો પોતાનો મક્કમ નિર્ધાર જાહેર કર્યો હતો.

પ્રધાન કાઉન્સીલની ત્રણ દિવસની ગ્રીષ્મ બેઠકની પુર્ણાહુતિ બાદ પ્રગટ કરાયેલી એક અખબારજોગી યાદીમાં જણાવ્યું છે કે આ જુથની દીર્ઘ સરખાઇનું ધ્યેય અસરકારક આંતરરાષ્ટ્રીય અંકુશ હેઠળ તબક્કાવાર નિઃશસ્ત્રીકરણ કરવાનું છે.

યાદી જણાવે છે કે ૩ એટલાંટિક દેશો જગતના રાજકીય પ્રશ્નોના માનનીય અને ન્યાયી સમાધાન માટે ઉત્સુક છે પણ રશીયા તરફથી એવો પ્રત્યુત્તર મળતો નથી એથી અમે દિલગીર છીએ.

જર્મનીના બર્લીન સહિતના પ્રશ્નનું નિરાકરણ માત્ર ન્યાયી નિર્ણય દ્વારા જ આવી શકશે. પૂર્વ જર્મની સાથે એકલા કરાર કરી લેવાની રશીયાની વારંવારની ધમકી અંગે યાદી જણાવે છે કે બર્લીન અંગેના સાથી દેશો સાથે ના કરાર રશીયા કરશે તેથી કાંઇ બીજા પક્ષના એ અંગેના હક્ક છીનવી લેવાના નથી, કે રશીયા એ અંગેની જવાબદારીમાંથી છટકી જઇ શકશે નહિ.

નિઃશસ્ત્રીકરણ અંગે પ્રધાનોએ એવી આશા રાખી છે કે પરસ્પર સ્વીકાર્ય ધોરણો પર રશીયાની સલાહ સૂચના સેવી એવી અમેરીકાનાં પગલાથી જુલાઇના અંત સમયમાં ફરી વાટાઘાટ શરૂ થવાનો સંભવ છે.

* * *

વિદેશોમાં ટાગોર શતાબ્દી

લંડન: શ્રી રવીન્દ્રનાથ ટાગોરની જન્મ શતાબ્દીની ઉજવણીના એક ભાગ રૂપે જીવન અને કવન અંગે અત્રે મહાત્મા ગાંધી હોલ ખાતે બે દિવસની ચર્ચાસભા યોજાઇ હતી. ભારતના નાયબ હાઇ કમીશનર શ્રી ટી. એન કૌલે આ ચર્ચાસભાનુ ઉદ્ઘાટન કર્યું હતુ. અને જાણીતા વિવિધ વક્તાઓએ આ "સેમિનાર"માં ભાગ લીધો હતો.

પેરીસમાં ઉજવણી

પેરીસ: મેઝન દ રૂલ ગોટ ખાતે ઓરિએન્ટલ સેમીનાર ખાતે ટાગોર જન્મ-શતાબ્દિ નિમિત્તે સમારંભ યોજાયો હતો ભારતીય એલચી શ્રી અલિખાર જંગે પ્રમુખસ્થાન લીધુ હતું આ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં વિવિધ અગ્રણી વ્યક્તિઓએ પ્રવચનો કર્યાં હતા.

ફ્રાંસ-એશિયા કમીટી તરફથી 'ટાગોર રાત્રી' યોજવામાં આવી હતી.

રશીયામાં ઉજવણી

મોસ્કો: ક્રેમલીન થીયેટર ખાતે યોજાયેલી એક સભામાં ટાગોર જયંતી માટેની સોવિયેટ સમીતીના કારોબારી સભ્ય શ્રી એ. ચેલીશેવે જણાવ્યું હતુ કે મહાન ભારતીય માનવતાવાદી સર્જક કવિવર રવીન્દ્રનાથ ટાગોરના પુસ્તકો સોવિયેટ સંઘમાં કુલ ૧૯૦ કરતાં પણ વધુ પ્રસંગે પ્રગટ થયા છે, તેમણે કહ્યુ કે સોવિયેટ લોકોની અઢાર ભાષામાં ગીતો ખાસ નકલો પ્રગટ કરાઇ છે.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!
રોકાણું અટકશે, ખર્ચનું બચશે, ફાયદો ટકશે.
તમારે ત્યાં નીચેની બધીજ વસ્તુઓ મળે છે.
સ્ત્રીઓ માટે. સેન્ડલ્સ, સ્લીપર રેડિમેડ અને બોલ્સ અનેક જાતની ગજબી, સીલ્કની જાતભાત. ગરમ ઉનના જરસીઝ, પુલોવર, કાર્ડીગન, ઓગ્લીસ, ગરી, સોક્સ વિ.
બાળકો માટે. મખમલના અંગરખા, ટોપી, જાકેટ, ટોપ, ચોળીઓ, ચડ્ડી, ટોઇઝ, નેપકીન્સ, ગુલબોય પેટીકોટ, નાઇટીઝ, બીબ્સ, ફ્રેન્ચ ટોપ, બાબા સ્યુટ્સ વિ.
તેમજ પારસીક ઇજારો, રત્નજડીત ભરોસા, સાડીઓ, ગાડી, વિ.
વેપાર માટે ગામડે લેવા ચાલતા રહેલ રંગીન રહેલ ભારતો, ઇન્ડીયન્સ
વિઝિટ સસ્તા ભાવે! આરંભ ચાલુ વેચાણ વખત વાર!!
ગામડાંના વાડીલો — આમરો હેટર્સ (પ્રા) લી.
(હરિભાઇ આસ્તર એન્ડ સન્સ)
દુકાન વાસનનાં — પહેલે માળે, — પો. બો. ૫૨૫૫.
આસ્તર મેનસન્સ — ૩૪ વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

હિંદના સમાચારો

તા. ૨૩-૫-૧૯૬૧.

ભારતના સામ્યવાદી પક્ષની ઘટતી જતી સભ્ય સંખ્યા

નવી દિલ્હી: અત્રેના સુમાહિતગાર વર્તુળો જણાવે છે કે સામ્યવાદી પક્ષના સભાસદોની સંખ્યામાં છેલ્લાં બે વર્ષમાં ૨૦૦૦૦નો ઘટાડો થયો છે.

આ વર્તુળો વધુમાં ઉમેરે છે કે બે વર્ષ પહેલાં એટલે ૧૯૫૮માં અમૃતસર ખાતે મળેલ સામ્યવાદી અધિવેશન સમયે પક્ષના ૨ લાખ જેટલા સભ્યોની સંખ્યા વિજયવાડા ખાતે ૧ લાખ ૮૦ હજાર જેટલી હતી.

આ અગાઉ અને ૧૯૫૬માં પાલઘાટ કોંગ્રેસ સમયે સભ્યોની સંખ્યા ૧ લાખ ૪૬ હજારની હતી.

અત્રેના સામ્યવાદી વર્તુળોનો સંપર્ક સાધતા તેઓ જણાવે છે કે હાલમાં પક્ષની સભાસદ સંખ્યામાં થયેલા ઘટાડો મુખ્યત્વે ભારત ચીન સરહદના સવાલ અંગે પક્ષના આંતરિક વિખવાદને આભારી છે.

શ્રી નહેરૂ જણાવે છે કે શ્રી રાજેશ્વરદયાળ અંગેના અહેવાલો પ્રચારકાર્ય છે

નવી દિલ્હી: કોંગો ખાતે યુનોના મહામંત્રી શ્રી હામરશોલ્ડના ખાસ અધિકારી તરીકે નીમાયેલા ભારતીય પ્રતિનિધિ શ્રી રાજેશ્વરદયાળને પાછા બોલાવી લઇ તેમને સ્થાને એક પ્રતિનિધિની થયેલી નીમણૂકના પ્રકટ થયેલા અખબારી અહેવાલો સંબંધમાં વડા પ્રધાન શ્રી નહેરૂએ રાજ્યસભાની બેઠકમાં જણાવ્યું હતું કે એ તો કેટલાક માણસોના પ્રચાર જેવું છે.

શ્રી નહેરૂએ વધુમાં જણાવ્યું હતું કે શ્રી રાજેશ્વરદયાળ તો 'ન્યુયોર્ક' ખાતે મંત્રણા માટે ગયા છે. એ સાચું છે કે મંત્રણા લાંબા સમય સુધી ચાલી છે, ને ધાર્યા સમય કરતાં વધુ લાંબા સમય સુધી ચાલી છે અને અમને તો આશ્ચર્ય થાય છે કે હજી તે કેટલા લાંબા સમય સુધી ચાલશે.

ભંજદેવને ગાદી નહિ મળે

નવી દિલ્હી: ગૃહ પ્રધાન શ્રી લાલ બહાદૂર શાસ્ત્રીએ રાજ્યસભામાં બસ્તરના ભૂતપૂર્વ રાજવી મહારાજા પ્રવીણચંદ્ર ભંજદેવને ગાદી ઉપર ફરીથી સ્થાપવાનો પ્રશ્ન વિચારાતો હોવા છે, એ વાતનો ઇન્કાર કર્યો હતો.

ગૃહપ્રધાને કહ્યું હતું કે મહારાજાની માન્યતા રદ કરવી અને તેમને અટકાયત હેઠળ રાખવા એ બન્ને વાત જુદી છે. મધ્ય પ્રદેશની સરકારે તેમને અનેક કારણોને લીધે અટકાયતમાં રાખ્યા હતા, ત્યારે તેમની રાજવી તરીકે માન્યતા રાષ્ટ્રપતિએ રદ કરી છે.

તેલની શુદ્ધિ

નવી દિલ્હી: રાજ્યસભામાં પ્રશ્નોત્તરી સમયે ખાણ અને કુદરતી તેલ ખાતાના પ્રધાન શ્રી કે. ડી. માલવિયે કહ્યું હતું કે તેલ અને કુદરતી ગેસપંચના પ્રતિનિધિઓ વિદેશી તેલની કંપનીઓ સાથે, તેમની રીફાઇનરીઓમાં ગુજરાતમાંથી મળેલા ક્રૂડ તેલને કેટલા પ્રમાણમાં રીફાઇન કરી શકે તે અંગે વાટાઘાટ ચલાવે છે.

શ્રી દાહ્યાભાઇ પટેલના પ્રશ્નના ઉત્તરમાં શ્રી માલવિયે કહ્યું કે ગુજરાતમાં ક્રૂડ તેલને તેલની ટાંકીઓના વેગનો દ્વારા રીફાઇનરીઓમાં મોકલવામાં આવશે.

પ્રધાને કહ્યું હતું કે અગાઉ કરતા આ મંત્રણા જુદા પ્રકારની છે. અગાઉ તેલ કંપનીઓની સાથે તેમની રીફાઇનરીઓને વિસ્તૃત કરવાની મંત્રણા થઇ હતી. ૧૯૫૧ના કરાર મુજબ રીફાઇનરીઓને વિસ્તૃત કરવા બાબતની દરખાસ્ત બાબત કશો વાંધો નથી.

બધી જ ચૂંટણીઓ સર્વાનુમતે થાય

ગોહતી: ભારતના નાણાં પ્રધાન શ્રી મોરારજી દેસાઇએ હોદ્દાઓ ઝડપી લેવાની હરીફાઇમાં કોંગ્રેસીઓ એકબીજાની પીઠ પાછળ જે નિંદા કરે છે તે વખોડી કાઢી હતી અને જણાવ્યું હતું કે કોઇ હોદ્દા માટે મહત્ત્વાકાંક્ષા રાખે તેની સાથે મારે તકરાર નથી પણ એનું પરિણામ એકબીજાની પીઠ પાછળ ભાંગફોડીયાનું-નિંદાનું કામ આવે તેની સામે મારો વાંધો છે. બધી ચૂંટણીઓ પછી તે પંચાયતની હોય કે કોંગ્રેસ સમીતીઓની હોય તે સર્વાનુમતે જ થવી જ જોઇએ.

૫૦ લાખ એકર જમીન ભૂમિહિનોને આપવામાં આવશે

નવી દિલ્હી: આયોજન પંચના સભ્ય શ્રી શ્રીમન્ નારાયણે કહ્યું હતું કે ત્રીજી પંચવર્ષીય યોજનામાં ભૂમિહીન મજુરોને જમીન આપીને વસાવવા માટે રૂ. ૨૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

ખેત મજુરો માટેની મધ્યસ્થ સલાહકારી સમીતીની પ્રથમ બેઠકમાં બોલતાં શ્રી શ્રીમન્ નારાયણે સૂચન કર્યું હતું કે બે તપાસ સમીતીઓની તપાસમાં માલમ પડ્યું છે કે ખેતમજુરોની પરિસ્થિતિ બગડતી જાય છે અને તેને સુધારવાને માટે ઘણું મુક્ત વિચારવા જોઇએ. તેમણે કહ્યું કે મોટી સંખ્યામાં ખેત મજુરોના કુટુંબોને ભારતના જુદા જુદા ભાગોમાંથી જમીનની ટોચ મર્યાદા દાખલ કરીને વધારાની જમીન મેળવીને વસાવવા જોઇએ.

તેમણે કહ્યું કે ત્રીજી યોજનામાં ૫૦ લાખ એકર જમીન સાત લાખ ભૂમિહીન કુટુંબોની વચ્ચે જુદા જુદા રાજ્યોમાં વહેંચવામાં આવશે.

રાજ્યોમાં વહેંચી અપાયેલી ૭૮ લાખ એકર જમીન

નવી દિલ્હી: લોકસભામાં અન્ન ખાતાના નાયબપ્રધાન શ્રી એસ. એન. મિશ્રાએ કહ્યું કે ૧૯૫૧થી જુદા જુદા રાજ્યોમાં ૭૮ લાખ એકર ખેતીલાયક પડતર જમીન વહેંચી આપવામાં આવી છે. ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન પણ આ કાર્યક્રમ આગળ વધારવામાં આવશે. જમીન સુધારણા અંગે નિમેલી ખાસ પેટા સમીતીએ આયોજન પંચને ભલામણ કરી છે કે પચાસ લાખ એકર જમીન સાત લાખ ભૂમિહીન ખેતમજુર કુટુંબો વચ્ચે વહેંચી આપવી જોઇએ. આ દરખાસ્ત અંગે આયોજન પંચ વિચાર કરે છે. તેમાં ખેતીલાયક પડતર જમીન, ભૂદાન અને ગ્રામદાનની જમીનો અને જમીનની ટોચ મર્યાદાને કારણે મળેલી વધારાની જમીનનો સમાવેશ થાય છે.

ઓલપાડ પાસે હવે થશે નવું શારકામ

નવી દિલ્હી: ભારત લોકસભામાં શ્રી પી. સી. બરૂઆએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં, ભારતના ખાણ અને તેલ ખાતાના પ્રધાન શ્રી કે. ડી. માલવિયે કહ્યું હતું કે તેલ અને કુદરતી ગેસ પંચે સૂરતથી દસ માઇલ દૂર વાયવ્યમાં ઓલપાડ પાસે નવું શારકામ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

આ સ્થળે પીનપોઇન્ટ નક્કી કરવામાં આવ્યું છે અને હવે તેનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે. આ સ્થળે એક માસના સમયમાં શારકામ શરૂ કરવામાં આવશે. આખી અંકલેશ્વર વિસ્તાર સિવાયનો નવો તેલ વિસ્તાર નક્કી કરવામાં આવશે અને ત્યાં અલગ વહીવટી તંત્ર સ્થાપવામાં આવે કે કેમ એ કહેવું હાલના તબક્કે અશક્યતાનું ગણાય.

સોનાના વ્યાજ પેટે ચુકવાયેલું ૨૪.૬૫ કરોડનું હુંડિયામણ

The Congo situation has greatly affected African political advance in Central Africa, since the atrocities there have done much to harden the heads and hearts of the Rhodesian settlers. Congo is now to them a symbol of what would happen if Africans took over political control in the Federation.

On the other hand, to the Africans the Union of South Africa is an example of what could happen if the settlers were allowed to exercise their minority rule for too long.

The progress now being made in Nigeria and in Tanganyika will certainly boost the morale of the African leaders of Central Africa, who see no reason that they can't do at least as well.

WATCHES, Gents models—25 Jewels waterproof, shockproof, antimagnetic, unbreakable mainspring, fitted with matching metal expansion straps—price 47/6. As above, but 21 Jewels—43/6. As above, but 17 Jewels—37/6. As above but with self-changing calendar, 17 Jewels—52/6. Also 21 Jewels Calendar—37/6. Other models from 19/6.

LADIES models 25 Jewels, unbreakable mainspring fitted with magnificent matching expansion bracelets—55/6. As above, but 17 Jewels—47/6.

A. I. AGENCIES, First Floor, No. 104/105 His Majesty's Building, 2nd Street, or P.O. Box 9075, Johannesburg.

Stocks limited, order immediately.

Cable & Tel Add. HARGVAN. Phone 29368

P. Hargovan & Co.
(Pty.) Ltd.

Received Shipment of Genuine Fireworks "Kwong Man Lung" Brand. Order Your Requirements Now.

Imported Screw Cap Neck 3½" Diameter Mouth Pickle Jars

½ Gallon	55c	each	F.O.R. DURBAN	
1 "	R1-05	"	"	"
2 "	R2.00	"	"	"
3 "	R3.50	"	"	"
4 "	R4.50	"	"	"

PACKING EXTRA. CASH WITH ORDER ONLY

155-7 WARWICK AVENUE,
P.O. BOX 1250. - DURBAN.

Latest News Of Roopanand's Arrivals

THE MY MAGAZINE OF INDIA Tamil film story (new)	1	6
WEEKLY OF INDIA The picture you long to see of to-day	1	0
PESUM PADAM & KALAYA you will be proud to buy	3	6
FILM FARE A magazine-stars from heaven to earth	3	6
INDIAN INFORMATION You will be wise to read and [illegible]	2	0
THE MARCH OF INDIA is your future	4	6
THE INDIAN ANNUAL Year by year India progress	1	8
PICTURE POST All about the South Indian film in market you see	2	6
FASHION FOR FUTURE INDIAN WOMAN Style! Blouse and Jumper Choli Pattern Book, Easy Diagram to cut and make your own as pattern designs	4	6
ROOPANAND'S FESTIVAL CALENDAR for 1961 increasingly popular	1	6
DAILY DIARY in Hindi and English with every good-wisher	5	8
KASI HINDI PANCHANGS Bombay	2	9
VISWANATH and SHIV PANCHANGS	7	6
HAWAN SAMAGREE Pure best arranged from Holy Land of India	5	0
THALI LOTAS Real Indian design made in India per	45	0
REHAL STANDS FOR BOOKS Ramayan and Koran and Holy Scriptures ... and	25	0
RUDRAKSH MALA and many others 4/6, 5/6 10/6, 12/6, 25/-		

MURTHIS OF ALL DESCRIPTIONS, Marble, Brass, Silver Gold and Gelding 7/6, 10/-, 20/-,	25 0
KHARTALS in pairs special for Kirtans, Bajans etc. pr.	25 0
DHOLAKS for quawali, weddings, Holi Bajan	£8 10 0
THUBLA & DOOGIE for all occasions	£8 10 0
HARMONIUM best make Barwa Flute	£18 10 0
PORTABLE HARMONIUM for the Ramakrishna Divine Service. Flute of all designs	£25 10 0 2/6, 4/6, 6/6
Solo Playing	15/-, 25/-, and 30/-

FAMOUS PUBLICATION IN BOOKS

HOUDINI, the greatest magician and his works Detailed at last	26 0
MY INDIA a book of proud people with dignity	24 0
YOGA for health A sound mind you will have with this book	28 0
AKBAR AND BIRBAL STORY now told in English	2 9
HATIM THAI a story book believe it or not	12 6
BEHOLD THE EARTH [illegible] are you believe it	12 6
"INDIAN DELIGHTS" for Indian women's gift	19 6
CURRIES OF INDIA what a spice taste	7 6
RAMAYANS for Boys and girls, men and women 2/6, 12/6, 11/6	
MODERN MARRIAGE a book for every young man and woman	14 9
INDIANS IN NATAL by Dr Hilda Kuper	30 0

FOR THE LATEST FILM RECORDS OF ALL YOUR FAVOURITE TUNES TRY US FIRST
WE CARRY THE LARGEST STOCKS OF LOCAL RECORDS, AND FROM INDIA
BOOKS OF ALL SORTS, INDIAN, ANCIENT, HISTORICAL, ARE SOLD BY US

D. Roopanand Bros.

PHONE 20707 — MUSIC SALOON & BOOKSELLERS — P.O. BOX 2524
85 Victoria Street, DURBAN

Full Text Of Judgment In "Treason Trial" Case

(Continued from page 165)

total removal of some 350 families was being undertaken.

7. Notwithstanding the above, and the further campaigns, viz, the Anti-Pass Campaign and the Campaign against the Bantu Education Act and the Campaign for the Congress of the People, no violence ensued. In fact, in the further particulars, the Crown made it clear that it was not alleged that violence resulted from the activities of the various organisations.

8 (a) The Crown, in order to prove the violent policy of the Congress Alliance, laid before the Court innumerable documents and reports of speeches held at hundreds of meetings—all in support of the liberatory movement.

The documents in the main consisted of:

i. Official reports and minutes of different organisations;
ii. Official publications of the organisations;
iii. Documents of which leaders of the organisations were authors;
iv. Literature such as bulletins and magazines published by well disposed persons or bodies, and which the Congress Alliance recommended its members to read.

8 (b) The speeches, of which reports were produced, were made mainly in Johannesburg and its environs, in Port Elizabeth area, in Cape Town, and a few in the Eastern Transvaal; the number of speeches on which the Crown relies represents a minute percentage of the total number of speeches made during the indictment period of four years, and the Court is uninformed as to the nature of the majority of speeches so delivered; the reports of the speeches, with some exceptions, were made by officials who took them down in longhand, and only a small percentage of what was said at such meetings was recorded, and in general these reports are open to grave criticism.

8 (c) Insofar as a number of official documents of the African National Congress is concerned, the African National Congress stated that its policy was non-violent, consonant with what was said by many speakers at various meetings.

9. The general trend of speeches made by various members of the African National Congress and of the other organisations, the propaganda and other documentary material relied upon was to lay stress upon the importance of permitting a united front against the 'Fascist' government and its 'oppressive' laws, coupled with repeated warning that the government would harden and become more 'brutal' not hesitating to create a 'bloodbath' as the liberatory struggle progressed. The people were warned that in the struggle many hardships would have to be endured, and that they might have to pay with their blood, and even make 'supreme sacrifice' to gain freedom; constant references were made to the struggles of 'oppressed' people against imperialist oppressors in other parts of the world such as Korea, Kenya, India and elsewhere and the people were told that final victory would eventually come to the struggling masses. During the course of these various campaigns, some of the leaders of the African National Congress made themselves guilty of sporadic speeches of violence which in our opinion amounted to an incitement to violence, but having regard to the total number of speeches made, these outbursts form an insignificant part thereof.

10. With reference to the Freedom volunteers, the indictment alleges that its objects would be achieved inter alia by,

> "......4 (b) ii. Recruiting, enlisting and preparing for acts of violence, a special corps of Freedom Volunteers."

The accused Resha, then the volunteer-in-chief for the Transvaal admittedly, in addressing a meeting of the African National Congress delegates on the 22nd November 1956 in Johannesburg, inter alia said:

"When you are disciplined and you are told by the organisation not to be violent, you must not be violent. If you are a true volunteer and are called upon to be violent, you must be absolutely violent, you must murder, murder."

The replay of the tape recording of this speech revealed that there was thunderous applause from the assembled delegates immediately after Resha had concluded this sentence. On the other hand the trend of many speeches made by various leaders of the African National Congress and also the documentary evidence revealed that volunteers were required to carry out the policy of the African National Congress, to be disciplined, and not to become violent even in the face of provocation.

It is impossible therefore for the Court to find that the above allegation in the indictment has been proved by the prosecution.

11. On all the evidence presented to this Court and on our findings of fact it is impossible for this Court to come to the conclusion that the African National Congress had acquired or adopted a policy to overthrow the State by violence, that is, in the sense that the masses had to be prepared or conditioned to commit direct acts of violence against the State.

12. Mr. Trengove however, presented a further argument based on all the facts but with special reference to the Programme of Action and which proceeded on the following lines:

The African National Congress realised that their struggle and illegal methods employed would bring them into conflict with the State, and they realised that it would lead to a violent clash, at least from the side of the State, he submitted that the African National Congress, by constantly condemning the system in the 'other camp', indicated a powerful desire or fostering of a mental attitude which would not baulk at the overthrow of this government, or any other violent action directed towards the downfall of the State as presently constituted. He added that if with such a Programme and a state of mind, the African National Congress deliberately provoked the Government into taking measures to maintain law, it was not only responsible for the consequences but that the African National Congress also intended violence and bloodshed through the application of their illegal methods in order to achieve their freedom. He explained the essence of the Crown case was not only that the African National Congress expected violence from the State, but that it also intended the masses actively to retaliate.

13. We have set out Counsel's argument in some detail because it has to be analysed in the light of the allegations contained in the indictment, the evidence as a whole and the general probabilities.

Insofar as the indictment as read with the further particulars is concerned, we are of opinion:

(i) That although the means whereby the conspirators planned to overthrow the State by violence were set out in the indictment and were elucidated in the further particulars, nowhere was it alleged specifically that the conspirators planned to provoke and compel the State, by means of the application of methods under the Programme of Action, to resort to the use of force as a result whereof the masses would retaliate and so bring about the violent overthrow of the State.

(ii) We do not think that it was the intention of the prosecution to rely on any such plan. If this had been the case, we would have expected some reference in the indictment, or at least in the further particulars, to the Programme of Action, and at the very least, proof forthcoming from the Crown, of the existence of such a Programme of Action (a matter which was proved by the Defence and not by the Crown).

14. In any event on the facts we find:

That though Defence witnesses have stated that they knew the possibility of the State being compelled to use violence in certain contingencies, there is insufficient evidence to find that the African National Congress had adopted a plan which revealed a general expectation of violence by the State and the intention to use the masses in retaliation.

15. Whilst therefore, the prosecution has succeeded in showing that the Programme of Action contemplated the use of illegal methods and that its application in fact resulted in illegal action during the Defiance Campaign, and that the African National Congress, as a matter of policy, decided to employ such means for the achievement of a fundamentally different State from the present, it has failed to show that the African National Congress as a matter of policy intended to achieve this new State by violent means.

The accused are accordingly found not guilty and discharged.

BUSINESS FOR SALE

Two Shops in centre of Town (opp Port Shepstone Mosque). Excellent Business Centre. Long Lease. Apply MOOSA BUX P.O. Box 42 Port Shepstone

R. VITHAL

Bookkeeping, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns.

Contact No 12 Berkley Arcade,
38 Market Street,
Cor. Diagonal & Market Sts
Johannesburg. Phone 381684

fifty years ago... *June 1911*

SHOULD IT BE?

(From The Indian Opinion, June 3, 1911)

[The following was published in the feature "From The Editor's Chair" on June 3, 1911. It was written by Mr. L. W. Ritch, then editor of the paper. We also reproduce on this page a report of the football match which led to the "musings"—Editor, I.O.]

I WAS witness of a sporting spectacle last Thursday, and these musings are the result. It was a football match played at Pretoria. The competing teams were Indians in personnel, Indians born in South Africa. They played their game—played it well, exhibiting a cleanliness and sporting spirit I have never seen surpassed. Individually, they were a well set-up rather good-looking fellows in speech and manner, irreproachable. Indeed, they impressed me with their strong resemblance to our best type of college lads of Home—disciplined, clean-limbed, well-mannered, good to look upon. And then I asked myself what was wrong with them and their kind, why they should be considered undesirable, and be doomed to the ostracism that is their lot in this land—wherein lay their inferiority to the average European? And, frankly, I have yet not been able to find a convincing answer to my self-set questioning. Industrially, they are as useful as they proved themselves good ones on the football field. Is it, then merely a question of complexion? Surely, we are not so lost to reason, so oblique in vision, as to regulate the place men shall occupy in our regard by such childish standard. Manly-gentlemanly-qualities are not, in our experience, present or absent in proportions as an individual's complexion is fair or dark. Is then, the question one of race? These ones are Asiatics—by descent. But so am I, albeit my more proximate forbears were European, and so indeed are many 'whites' who may perchance, do me the honour to peruse these reflections. In speech and dress and ideas, in their callings and conduct, these people are quite Europeanised. To most of them, indeed India is but a geographical expression, much as England is to the South African child of English parentage. Industrious, well-mannered and well-behaved, intelligent and educated as Europeans, these people are nevertheless outcasts, deemed unfit to associate on terms of equality with even the lowest classes of Europeans or Afrikanders. Nor is this ostracism merely social—the result of an edict of society. It is political, the work of the State. These young Indians are the gentlemen they are because gentleliness is natural to them. Their characters and attainments are what they are in spite of every obstacle and discouragement or impressment that purblind statesmanship and one-sided legislature could devise. Under the Imperial flag of their birth, to which they have paid such splendid allegiance, they find themselves political and social pariahs. Every opportunity to acquire a stake in the country is denied them—the franchise, ownership of land, the use of railways, tram-cars and post offices, equality of opportunity in all these and other matters is taken from them by laws apparently designed to create and preserve an aristocracy of race and colour.

South Africa needs cultivators, to till its vast unpeopled and untilled tracts of country. South Africa wants industries and industrious workers. True statesmanship to be worthy the name should foster the advancement and uplifting of the people as a whole and merely of one class. The most rudimentary sense of Imperial responsibility must make apparent the necessity for encouraging the loyalty and affection of every section of the Empire's children. We have splendid material on the spot—men of proven loyalty, industry and capability. Is it wise to trample it underfoot to endeavour to crush it out of existence, through a selfish, cowardly fear for our own class supremacy? Surely this is not playing the game expected of all true members of the Imperial team.

Passive Resisters At Play

The Passive Resisters can "play the game" in the field of sport as well as in the sterner field of battle was evidenced on Thursday, when a foot-ball team of passive resisters from Johannesburg journeyed to Pretoria to meet a local team of the same denomination in friendly rivalry. Mr. Thambi Naidoo, old warrior and equally good sport, managed the visiting team, the personnel of which was David Morgan, J. Peters, P P Naidoo, N G Pillay, E Armugam, V V Naidoo, N K Pillay (Captain), D. Lazarus, K. G Pillay, and G. K. Moonsah, and K. C Pillay. Mr V S Pillay was responsible for the following eleven: Timothy, D. Antony, P. M. Tommy, Munsamy, Doorasamy Pillay, Sunny, Babulal Maharaj (Captain) S M Pillay, Subba, Ramlal, and R. R. Padachie.

The Pretoria men proved as good hosts as sportsmen. they treated their visitors to a most enjoyable luncheon, which Miss Schlesin and Mr. Rich were also privileged to share. The good things consumed did not seemingly adversely affect the players. The game which commenced at 3 o'clock was keenly contested throughout. Pretoria was the heavier team, but their weight was discounted by the superior force and better combination of the visitors. The latter were always on the ball, their passing was more accurate, they worked more better and the bulk of the play was in the Pretoria half. With the sun and wind against them, the visitors had to submit to the first goal being scored against them, the Pretoria Captain having the honour. But playing up, the visitors soon equalised, and followed this up, by placing two more goals to their credit, the game ending with a win for the visitors by three goals to one. The bulk of the attacking was done by Johannesburg and several good shots only missed making their score a much more decisive one. The game was good fast game, and throughout was played in a thoroughly sportsmanlike spirit, and the writer, who is not without experience of "soccer" matches in the old country could not help remarking upon the gentlemanly conduct of the individual players one and all. A return match will probably be played in Johannesburg next week.

Phone 835-6786 P. O. Box 1540,
MASTER BROS.
(PTY) LTD.
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
33 West Street, JOHANNESBURG.

SHEPHERD
HAND KNITTING WOOLS AND YARNS
OF FAME, GUARDED BY QUALITY
UNCONDITIONALLY GUARANTEED
● Choice Selection of Qualities
● Latest Colours — Exquisite and Exclusive
● Fully Fashioned to Tune with Times
Stock Available } Ex Our Warehouse, Johannesburg
Ex Mills, Port Elizabeth
Price List—Terms—Quantity Discounts On Request
WHOLESALE DISTRIBUTORS
M. JOOSUB,
JOOSUB'S BUILDING, 48, MARKET STREET. JOHANNESBURG.
Telephone 33-1516 P.O. Box 2601
Cable & Tel. Add.: "GAIKWAR" Johannesburg, S.A.

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press, Phoenix. Address: INDIAN OPINION, Private Bag, Durban, Natal

No. 21—Vol. LIX.
FRIDAY,
2ND JUNE, 1961
Phone: Mount Edgecombe 38
Registered at the G.P.O. as a Newspaper
Price 4 Cents

INDIAN OPINION
ઈન્ડીયન
ઓપિનિયન
મહાત્મા ગાંધીજીના હાથે સને ૧૯૦૩માં સ્થપાયું.
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણિલાલ ગાંધી

*

દયા, સહિષ્ણુતા, નમ્રતા, હિમ્મત, ધૈર્ય, મનની સમતા તથા વિશ્વપ્રેમના ગુણો ખંત રાખી કેળવવા જોઈએ. સંતોએ હમેશાં નિઃસ્વાર્થસેવા, ઉદાર દાન, પવિત્રતા અને સાદાઈ ઉપર ઘેરો ભાર મૂક્યો છે.

પુસ્તક ૫૯ મું—અંક ૨૧ | તા. ૨ જુન, ૧૯૬૧. | છુટક નકલ સેન્ટ ૪

ટાંગાનિકાનો પત્ર

આઝાદી માટે તૈયાર થવાના કામમાં પહેલું ટાંગાનિકા

ટાંગાનિકાની આઝાદીની ચોખ્ખટ થઈ જતાં હવે આની સરકાર અને લોકો તે માટેના જરૂરી કાર્યોમાં પડી ગયા છે. કોઈપણ સ્વતંત્ર દેશને માટે અત્યારના સમયમાં વિદેશ ખાતું અગત્યનું થઈ પડ્યું છે. અમેરીકા અને સોવીયેટ રશીયાના પલ્લામાં સારા વિશ્વને ઘેરી રહ્યા છે તેવે સમયે તે છાવણી દૂર રહેવાનું કાર્ય અઘરું છે.

એમ લાગે છે કે મી. ન્યેરેરે મુખ્ય મંત્રી પદ ઉપરાંત પંડીત નહેરુની માફક વિદેશ પ્રધાનનો બોજો પણ સંભાળશે. તે માટે તેમણે પાડોશી દેશોની મુલાકાત શરૂ કરી દીધી છે અને અન્ય પાડોશીઓ તેમને મળવા આવવા લાગ્યા છે.

મી. ન્યેરેરે નાયજીરીયા અને ઘાનાની મુલાકાતે ગયા છે અને ત્યાં તેમણે આપેલા પ્રવચનો દેખાડે છે કે દક્ષિણ આફ્રિકાની નીતિ સામે આફ્રિકન મોરચો ખડો કરવાનું કામ ન્યેરેરે કરશે. સાથોસાથ અને તેણે નાયજીરીયાની પ્રજાને દક્ષિણ આફ્રિકાના બોયકોટની હાકલ કરી છે.

નાયજીરીયન પ્રજા સહરામાં ફ્રાંસ અણુઅસ્ત્રના અખતરા કરે છે તેથી ગુસ્સે થયેલી છે અને મી. ન્યેરેરેએ તેમના દેશમાં ફ્રાંસ સામે પણ બોયકોટનું શસ્ત્ર વાપરવાની તેની નીતિને ટેકો આપ્યો છે.

ન્યેરેરેની વિદેશનીતિ

ટાંગાનીકાની વિદેશ નીતિ બીજા એશિયા અને આફ્રિકન રાજ્યો કરતાં જુદી પ્રકારનો સંભવ નથી. કોઈપણ જુથમાં જોડાવું નહિ, જે દેશ મદદ આપવા તૈયાર હોય તેની પાસેથી સ્વતંત્રતાની હદમાં રહીને તે સ્વીકારવી, રાષ્ટ્રકુળમાં રહેવું, શાંતિ અને સુલેહ સાચવવા મથતા તત્વોને ટેકો આપવો અને સૌ સાથે મિત્રાચારી રાખી ટાંગાનીકાની પ્રગતિ અને વિકાસ સાધવો એ તેની વિદેશનીતિનો પાયો હશે.

સાથે સાથે પૂર્વ આફ્રિકાના પાડોશી પ્રદેશોની ઉન્નતિ અને વિકાસમાં ટાંગાનીકાની ઉન્નતિ અને વિકાસ રહેલાં છે એ સૂત્રને ફેડરેશનમાં મૂર્ત કરી સારા પાડોશી તરીકે રહેવાનું છે તે દૃષ્ટિ પણ મી. ન્યેરેરેની છે અને તેની ચોખ્ખટ પણ તેણે કરી છે. યુગાન્ડા, કેનિયા અને ઝાંઝીબાર પણ ટાંગાનિકાની સાથોસાથ આઝાદ થશે તો એ નીતિનો અમલ સુગમતાથી થઈ શકશે. એ તેમાં અંતરાય ઊભા થશે તેમ એ વધુ મુશ્કેલ બનશે.

મહત્વનો ભેદ

આ દૃષ્ટિએ લક્ષમાં રાખીશું તો મી. ન્યેરેરેએ ધારાસભામાં કહ્યું છે તેનું ખરું રહસ્ય તુરત જ સમજાશે. મી. ન્યેરેરેએ કહ્યું કે આફ્રિકામાં સત્તાની ઝુંટ જે અગાઉ થઈ હતી તેમાં ઝુંટનારી મોટી યુરોપીયન સલ્તનતો હતી. હવે એવી ઝુંટ ફરી વખત થશે પણ તેના ચિન્હો જણાય છે તેમા ઝુંટનારાઓ છે મહત્વાકાંક્ષી અને સત્તાલોભી રાજદ્વારી વ્યક્તિઓ. પોલીટીશ્યનો. મતલબ કે એક વખત સત્તા હાથમાં આવ્યા પછી આવી મહત્વાકાંક્ષી વ્યક્તિઓ આફ્રિકાની પ્રગતિમાં વિઘ્ન ઊભા કરે તેવી શક્યતા છે. મી. ન્યેરેરેના મનમાં શું હશે તે તો પ્રભુ જાણે પરંતુ તેમણે એવું અંતરમાં કહેવું પડ્યું અને તે પણ નાયજીરીયામાં તેની પાછળ જરૂર મહત્વનો ભેદ હોવો જોઈએ.

આઝાદીનું પ્રથમ પગલું

સ્વતંત્ર ટાંગાનીકાને પરદેશમાં કચેરી ખોલવાની જરૂર પડશે અને તેમાં કામ કરવા માટે કેળવાયેલા માણસો પણ જોઈશે. આ માટે મુખ્યમંત્રીના ખાતામા મી. રોબસંના હાથ નીચે એક વિભાગ ખોલવામાં આવ્યો છે.

આ કામ માટે લાયક ઉમેદવારો માટે જાહેરાત પણ થઈ છે અને સરકાર માને છે કે તેમને જરૂરી માણસો મળી રહેશે જેમને તેઓ બાર મહિના માટે ઓક્સફર્ડ અને કેમ્બ્રીજમાં આ તાલીમ અભ્યાસ માટે મોકલશે અને ત્યાર પછી વિદેશી કચેરીઓમા તેમને અનુભવ લેવા માટે થોડો સમય મોકલવામાં આવશે અને પછી તેમને પહેલા બીજા કે ત્રીજા સેક્રેટરીઓના હોદ્દાઓ આપવામાં આવશે.

ઘણા ટાંગાનીકાવાસીઓના મનમાં એમ છે કે આઝાદી મળી એટલે બધું મળી ગયું. પણ એ માન્યતા ભુલ ભરેલી છે. આઝાદી તો માત્ર પ્રથમ પગલું છે એ તો વિકાસને માટે મળવાનું હથિયાર છે. આ વાત ભારપૂર્વક જર્મન આર્થિક મીશને લોકોને કરી છે.

તેમના નિવેદનમાં તેઓ કહે છે કે અંગ્રેજોને કોલોનીઅલ વહીવટનો ૫૦ વર્ષથી અનુભવ નથી તેથી તેઓ ટેકનીકલ મદદ નથી આપી શકવાના પણ આર્થિક મદદ આપી શકશે પરંતુ એવી નાણાંકીય મદદ ત્યારે જ ઉપયોગી થઇ શકે કે જ્યારે ટાંગાનીકા પાસે એ મદદનો ખરો ઉપયોગ થઇ શકે તેવા ટેકનીકલ અને બીજા કર્મચારીઓ હશે. આમ છતાં સર્વ સાંપડવાનો સંભવ છે. આફ્રિકનો બનતી જલદી શીખી શકે તેવી શક્તિ ધરાવતા હોય છતાં પણ આવી શક્તિ ધરાવનારાઓની સંખ્યા વધતાં વાર લાગશે.

તાલીમ યોજના

આફ્રિકનોને વેપારી તાલીમ આપવા માટે દારેસલામ ચેમ્બર ઓફ કોમર્સે એ તાલીમ યોજના તૈયાર કરેલ છે. તેમાં શરૂઆતમાં ૫૦૦ આફ્રિકનોને વેપારની આંટીઘુંટી, વેપારની નીતિ રીતિ વગેરેનું જ્ઞાન આપવામાં આવશે. ચેમ્બરના સભ્યોની પેઢીઓએ તેમાં સહકાર આપી ઉમેદવારોને નોકરીઓમાં રાખી કેળવણી આપવાનું માન્ય રાખ્યું છે. રશીદ મેન્ઝીની કંપનીના ડીરેક્ટરે આ પ્રસંગે બોલતાં કહ્યું કે આફ્રિકન પ્રજામાં હવે વેપારીઓની સંખ્યા વધતી જાય છે અને તેમનું જ્ઞાન વધે અને તાલીમ મળે તેમ કરવાની આપણી ફરજ છે.

સરકારી ખાતાઓમા સારા હોદ્દાઓ ઉપર આફ્રિકનો નીમવાની સરકારી પોલીસી અનુસાર ૧૧ આફ્રિકનોને ડીસ્ટ્રીક્ટ કમીશનરોના હાથ નીચે તાલીમ માટે નીમવામાં આવ્યા છે. આ વરસની આખરે ટાંગાનિકામાં કામ કરતા ૫૮ ડી. સી.ઓમાંથી આશરે ૩૦થી ૩૫ ડી. સી. ઓ. આફ્રિકન હશે.

કેળવણી ખાતાના કેળવણી પ્રધાને જાહેર કર્યું છે કે ટાંગાનિકામાં આવતી સાલથી તમામ સ્કુલોનું એકીકરણ થઇ જશે કોઇ કોમી કે રેસીઅલ શાળાઓ રહેશે નહિ.

અણુઅસ્ત્રોની સહિયારી ભાગીદારી માટે સુચન

—શ્રી. મેકમીલન

ઇંગ્લંડના વડા પ્રધાન શ્રી. હેરોલ્ડ મેકમીલને આજની સભામાં એક પ્રશ્નના જવાબમાં નિવેદન કરતાં જણાવ્યું હતું કે સામુહિક સંરક્ષણની વ્યવસ્થાને અંગે અણુઅસ્ત્રોની સહિયારી વ્યવસ્થાની કોઈ યોજના થાય તો તે વધારે હિતકારી થઇ પડશે. આ કાર્ય માટે નાટો પરિષદ યોગ્ય સ્થાન નથી.

શ્રી ગેઇટ્સકેલે કહ્યું કે ખાસ કરીને હમણાં જે અનુભવ થયો છે કે બ્રિટન અણુશક્તિની સ્વતંત્ર માલિકી છોડીને અણુશસ્ત્રોની સહિયારી માલિકી સ્વીકારશે કે જેથી નવા રાજ્યોમા અણુશસ્ત્રોનો પ્રસાર થાય નહીં।

શ્રી હેરોલ્ડ મેકમિલને આ પ્રશ્નના જવાબમાં અણુઅસ્ત્રોની સહિયારી માલિકીનું સૂચન કર્યું હતું. અને જણાવ્યું હતું કે રાજ્યો વચ્ચે આ પ્રશ્ન ગંભીર છે.

શ્રી ગેઇટ્સકેલે કહ્યું કે અણુશક્તિ પ્રસારમાં રહેલો ભય વડાપ્રધાન સ્વીકારે છે તેથી મને આનંદ થાય છે.

જે ભગવાનને ચાહે છે તેને નથી હોતો લોભ કે નથી હોતી કશાની આવશ્યકતા, તે કોઈની પણ પૂજા કરતો નથી, તે કદી ઇન્દ્રિયોના વિષયોમાં આનંદ માણતો નથી તે પોતાના પ્રેમના વિશાળ વર્તુળમાં સૌને સમાવે છે. —વિવેકાનંદ.

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૨ જુન, ૧૯૬૧.

તાલીમ અને યોજનાની ખાસ જરૂરત

બીનગોરાઓએ ત્રણ દિવસની 'હડતાલ' પાડવી એવી જે હાકલ નેશનલ એક્શન કાઉન્સીલ તરફથી થઈ હતી તે જોઈએ એવી સફળતા પામી નહિ. ખરી રીતે મી. નેલસન મંડેલાના અભિપ્રાય મુજબ એ નિષ્ફળ નીવડી. પરંતુ આ નિષ્ફળતાને લઈ નિરાશાવાદી બનવાની કાંઈ જરૂર નથી. ઊલટું આ આખી યોજનાની પુરેપુરી તપાસ થવી જોઈએ, અને વળી એવી યોજના ઘડવી જોઈએ કે જે અસરકારક નીવડે. ડરબનના હિંદીઓએ હડતાલની હાકલને પુરેપુરો ટેકો આપ્યો. ઘણા હિંદીઓ કામે ન ગયા તે છતાં મોટા ભાગના આફ્રિકનો કામે ગયા. હિંદી વેપારીઓની ઘણી જ દુકાનો બંધ રહી. પરંતુ એવો સંભવ જણાય છે કે હિંદીઓ કામે અને શાળાએ ન ગયા અને દુકાનો બંધ રાખી એનું ખરૂં કારણ આ હાકલને ન વધાવવાથી જે પરિણામો આવશે તેનો ભય હતો. આ એક દુઃખદ સ્થિતિ છે. એમાં શક નથી કે હવે હિંદીઓ સમજ્યા છે કે આ દેશના ભાવિનો આધાર આફ્રિકન લોકો ઉપર છે. હિંદીઓ ટેકો આપવા માગે છે, પરંતુ ૧૯૪૯ની ખુનામરકીનો ભય એમના હૃદયમાંથી ગયો નથી. આ દેશના ભાવિ ઇતિહાસમાં હિંદીઓ આફ્રિકનોની માગણીઓને ટેકો આપે કે નહિ એ અગત્યનો પ્રશ્ન રહ્યો નથી. દેશના ભાવિ ઇતિહાસનો આધાર છે આફ્રિકનો ઉપર. આ હડતાલ દરમ્યાન હિંદીઓએ જે કર્યું તેનું મહત્વ રહ્યું નથી. જો આફ્રિકન લોકો સંપૂર્ણ ટેકો આપતે તો દેશનું તંત્ર અટકી જાત. હિંદીઓ લઘુમતીમાં છે અને આફ્રિકનોની બહુમતિ છે—અને જ્યારે આ આફ્રિકનો હડતાળની માગણીને પૂરો ટેકો નહિ આપે ત્યારે એક મોટો પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

મુખ્ય પ્રશ્ન એ છે:—આ જે માંગણી થઈ તેની વ્યુહ-રચના શું સધ્ધર હતી? બીજું એ કે શું લોકો, જે નેતાઓ 'ભુગર્ભમાં' ગયા તેની હાકલને સંપૂર્ણ ટેકો આપશે? અને ત્રીજું એ કે આમાં સત્યાગ્રહ અને અસહકારની સાથે એનો કેટલો સંબંધ છે? દબાણની સામે લડવાની રીત શું વધુ સ્પષ્ટ અને અસરકારક ન હોવી જોઈએ? એક પ્રશ્ન પહેલાં લઈ તેની તાલીમ લોકોને આપી પછી સરકારને જણાવી, લડત ચલાવવી એ શું યોગ્ય નથી? આ હાકલના બીજની ઉત્પત્તિ એક વરસ ઉપર થયેલા બનાવોના પરિણામમાંથી ઉદ્ભવી છે. તે વખતે જે હિંસાના બનાવો બન્યાં તે ગુનેગારોના લાભની દ્રષ્ટિથી થયાં હતાં. પરંતુ આ વખતની હડતાળ સાબીત કરી બતાવે છે કે બીન-ગોરાઓ અહિંસક લડતમાં માને છે, અને આ દક્ષિણ આફ્રિકામાં યોગ્ય જગ્યા મેળવવા માટે તે અહિંસાનોજ આશ્રય લેશે. હવે એવો વખત આવ્યો છે કે આમ બીન-ગોરા નેતાઓ સત્યાગ્રહ—લડતની યોજના બરાબર સમજે. આ માટે થોરોનો દાખલો મોજુદ છે; ટોલસ્ટોયનું તત્વ જ્ઞાન મોજુદ છે—અને એ ઉપરાંત ગાંધીજીની લડતનો ચિતાર પણ મોજુદ છે. આ માટે જોઈએ તે સાહિત્ય મોજુદ છે; એનો ઉપયોગ બીન-ગોરા નેતાઓ કરે અને તાલીમ પામે એ ખાસ જરૂરી છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી ભારતનું નવસર્જન કરીએ: શ્રી નહેરૂ

વડા પ્રધાન શ્રી નહેરૂએ અહીં ખડકવાસલા ખાતે નેશનલ ડીફેન્સ એકેડેમીના કેડેટોને સંબોધતા જણાવ્યું હતું કે ભારતે આધુનિક વિચારોને ઝડપથી અપનાવવા જોઈએ અને વિજ્ઞાન તથા ટેકનોલોજીનો લાભ ઉઠાવી દેશના સૈકાઓ જુના પ્રશ્નો ઝડપથી ઉકેલી સર્વાંગી વિકાસ સાધવો જોઈએ.

શ્રી નહેરૂએ કહ્યું કે ભારતના લોકોએ નકારાત્મક રાષ્ટ્રવાદને ત્યજી દેવો જોઈએ. કારણ કે એ સંકીર્ણતા, સાંપ્રદાયિકતા અને સંકુચિત દષ્ટિનો જ બંધાતા છે. વડાપ્રધાને કેડેટોને ભાર દઈને રાષ્ટ્રવાદ અપનાવવાનો અનુરોધ કરી કહ્યું કે એવો વિશાળ ફલકનો રાષ્ટ્રવાદ જ ઉભો થઈ અનેક વિચારસરણી પર વિજય મેળવશે અને સૌને એમ લાગશે કે તેઓ એકજ દેશના વાસી છે.

વડા પ્રધાન વિમાની મથકેથી મોટર વિમાનમાં એકેડેમી ખાતે આવી પહોંચતાં એકેડેમીના કમાન્ડન્ટ રીઅર એડમીરલ સેમસને તેમનો સત્કાર કર્યો હતો. આ પ્રસંગની સાથે રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશ અને મુખ્ય પ્રધાન શ્રી વાય બી ચવાણ પણ આવ્યા હતા.

વડા પ્રધાને કહ્યું કે વિશ્વ ઝડપથી પલટાઈ રહ્યું છે. ભારત એ પલટાતી પરિસ્થિતિ સાથે કેટલી ઝડપે તાલ મેળવી શકે એનો આધાર એની પ્રજાના ગુણો પર રહેલો છે. પ્રજાના ગુણોનો આધાર એક સાથે મળી કાર્ય કરવાની શક્તિ પર રહેલો છે એ શક્તિ ત્યારેજ ખીલે કે જ્યારે લોકો આપસઆપસના ક્ષુલ્લક ઝઘડાઓ છોડી તેમની શક્તિનો નિરર્થક વ્યય થતો અટકાવે.

શ્રી નહેરૂએ કહ્યું કે જેટ યુગ અને અણુશક્તિ યુગના આ જમાનામાં રાષ્ટ્રવાદ ભલે જુની બનતો જાય છે. આઝાદીની લડતો માટે પ્રેરણા આપનાર રાષ્ટ્રવાદ એક મોટી શક્તિ છે પરંતુ આ જેટ યુગમાં હવે રાષ્ટ્રીય સરહદો પ્રતિકૂળ બનતા જાય છે.

ભારતે ઇતિહાસનો બોધપાઠ ધ્યાનમાં રાખવાનો છે. ભૂતકાળમાં આંતરિક ઝઘડે ભારતને નબળું પાડયું હતું. એ ભુલ ફરી પાછી ન થાય તે માટે સાવધ રહેવાનું છે.

ઇતિહાસનો બીજો બોધપાઠ એ યાદ રાખવાનો છે કે જે દેશ આધુનિક વિચારોને અપનાવે છે તે શક્તિશાળી બને છે. જે દેશ પાસે આધુનિક શસ્ત્રો હોય છે તેનોજ વિજય થાય છે. આધુનિક દુનીયા વિજ્ઞાન અને ટેકનોલોજીની છે અને ભારતે તેને અપનાવ્યેજ છુટકો છે. ભારત પશ્ચિમનું આંધળું અનુકરણ ન કરે પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી તેનું પોતાનું આગવું વ્યક્તિત્વ ગુમાવ્યા વિના નવા સમાજનું સર્જન કરે.

* * *

પોર્ટુગલ સમક્ષ અમેરીકાની ઉમદા ઓફર

આફ્રિકામાંના પોતાનાં સંસ્થાનોને આઝાદી આપવાની નીતિ અખત્યાર કરવા જતાં પોર્ટુગલને જે કંઇ આર્થિક ખોટ પડે તે પુરી આપવામાં તેને સહાય કરવાની અમેરીકાએ ઓફર કરી છે, એમ સામાન્ય રીતે આધારભુત ગણાતા સાધનો જણાવે છે.

આ ઓફર ખાસ સંદેશા મારફત લીસ્બન ખાતે મોકલવામાં આવેલાં ગુપ્ત પત્રમાં કરવામાં આવી છે. આ પત્રમાં અમેરીકા યુનો ખાતે થનારી એંગોલાના પ્રશ્નની ચર્ચા વિચારણાને શા માટે ટેકો આપવા માગે છે તેનો ખુલાસો કરવામાં આવ્યો છે.

એમ જણાવવામાં આવે છે કે સંસ્થાનિક નીતિમાં ફેરફાર કરવા જતાં પોર્ટુગલને જે કંઇ ખોટ સહેવી પડે તે માટે આંતરરાષ્ટ્રીય સહકાર પંચ જેવા તંત્ર દ્વારા આર્થીક સહાય આપીને મદદ આપવાનો અમેરીકા પ્રબંધ કરશે.

અમેરીકાનું વલણ એવું હોવાનું જણાવવામાં આવે છે કે પોર્ટુગલ તેના આફ્રિકાનાં સંસ્થાનો પર આર્થીક રીતે અવલંબન રાખે છે એ અમેરીકા સારી રીતે જાણે છે છતાં હાલની પરિસ્થિતિ વધારે સમય ચાલુ રાખી શકાય એમ છે એમ તે માનતું નથી.

અમેરીકા માને છે કે એંગોલા અને મોઝામ્બીકમાં 'કોંગો' પરિસ્થિતિ નિર્માણ થવાની શક્યતા છે અને આખા આફ્રિકા પર તેના અતિ ગંભીર પ્રત્યાઘાતો પડે એમ છે.

આમ છતાં કેનેડી વહીવટી તંત્રે પોર્ટુગીઝ સરકારને ખાતરી આપી છે કે તેઓ તેને શક્ય તમામ રીતે સહાય કરવા અને જો તે ફેરબદલ અંગેનો જે કંઇ બોજ પડે તે ઉપાડી લેવા ચાહે છે

જહાજ ઉદ્યોગને ખીલવવાનો પ્રયત્ન

મુંબઈ. ભારતીય રાષ્ટ્રીય જહાજ-માલિક મંડળની વાર્ષિક સાધારણ સભાનું ઉદ્ઘાટન કરતાં કેન્દ્રના નાણા પ્રધાન શ્રી મોરારજી દેસાઈએ જણાવ્યું કે જહાજ ઉદ્યોગના મહત્ત્વનો સરકારે સ્વીકાર કર્યો છે અને એ ઉદ્યોગને ખીલવવા માટેની સહાય કરવાના એ બને તેટલું બધું કરી રહી છે.

જહાજ માલિકોએ સમજવું જોઈએ કે જહાજ ઉદ્યોગ રાષ્ટ્રના હિત માટે સેવા આપે એમાં જ આ ઉદ્યોગને સરકારી સહાયતા આપવાનું ઔચિત્ય રહેલું છે, તેથી દેશના વિશાળ હિતોની સેવા કરવા માટે બનતું બધું કરવું એ જહાજ માલિકોની પ્રથમ ફરજ છે.

મુંબઈની આપ્લેમાં લાઈન નામની નવી ભારતીય જહાજ લાઈનને સંપૂર્ણ રોકાણના સમય દરમીયાન પણ તે એટલી સારી નથી એટલાં જહાજો કરવાની પરવાનગી આપવામાં આવી છે. સરકાર તો ભારતના જહાજ ઉદ્યોગને સહાય કરવા માગે છે પરંતુ જહાજ માલિકોએ એવી વૃત્તિ ન રાખવી જોઈએ કે સરકાર તેમની દયા પર છે તેથી સરકાર પાસે તેમની માગણીઓ સ્વીકારવા માટે અન્ય જહાજ કંપનીઓનો આશરો લીધા સિવાય બીજો આશરો નથી.

આનો એક સંગીન દાખલો આપું. સરકારને બાંધેલી બારીલા ગોળા ભારતમાં લાવવા માટે નવી જહાજ કંપનીને જણાવવું પડ્યું હતું (નવી આપ્લેમાં લાઈન્સે હાલના દરે એક લાખ ટન બાંધી ગોળા પહોંચાડવાનો ભારત સરકાર સાથે કોન્ટ્રાક્ટ કર્યો હતો, એ કે અન્ય કંપનીઓને તે પોસાય એવું નથી એમ જણાવ્યું હતું)

કોચીની ફેરેફેરી બાબતમાં શ્રી દેસાઈએ કહ્યું કે જો જહાજ માલિકો વાસ્તવિક દૃષ્ટિબિંદુ પ્રદર્શિત કરે તો દર વર્ષે વધારાનો દસ લાખ ટન કોલસો લઈ જવા માટે જાળવી રાખી ન શકાય તેનું કોઈ કારણ હું જોતો નથી. આમ કરતાં નીચા દરે સૌરાષ્ટ્રમાં કોલસો લઈ જવા માટે જહાજ કું. ઓએ સંમતિ આપી તે બદલ તેમને હું ધન્યવાદ આપું છું.

અત્યારની ફેરફેરી ભારતના જહાજો ટકાવી રાખવામાં સરકારને ખરેખર રસ છે પરંતુ આ વેપારમાં વિદેશી જહાજો ભાગ લે તેના પર નિયંત્રણ નહિ મૂકવા માટે સરકાર નૈતિક રીતે બંધાયેલી છે.

કાઉન્ડાએ સુચવેલ મંત્રી મંડળ

નવી સરકાર રચવા માટેની વાટાઘાટો અને મંત્રણાઓ બાદ કાઉન્ડાના નેતાએ શ્રી. ન્કાલાએ ગવર્નરને નવી સરકારના હોદ્દેદારોની વહેંચણી કરવા નામોની દરખાસ્ત પેશ કરી છે તે મુજબ:

આફ્રિકનોમાંથી

કેળવણી અને ગવર્નમેન્ટ બીઝનેસ ચીફ તરીકે શ્રી. ન્કાલા

વેપાર ઉદ્યોગ માટે શ્રી મુલિંગા. લેબર અને હાઉસીંગ માટે શ્રી. લોકલ અને હેલ્થ માટે શ્રી. ટુલી.

એશીયનોમાંથી

વર્કસ ખાતા માટે શ્રી. ભગીદાર

યુરોપીયનોમાંથી

ખેતીવાડી ખાતા માટે શ્રી. મેકેન્ઝી, લોકલ ગવર્નમેન્ટ માટે શ્રી. ડેવીસ, ફરીઆદ, નેચરલ રીસોર્સીસ એન્ડ ફીશ-રીઝ માટે શ્રી. મેરીમાન

ચાર સરકારી પ્રધાનો

ચીફ સેક્રેટરી સર ફુટસ, ચીફ જસ્ટીસ શ્રી. મોરીસ જોન્સ, ફાયનેન્સ શ્રી. ડે. મેકેન્ઝી, ઇન્ટરનલ સીક્યોરીટી એન્ડ ડીફેન્સ શ્રી. સ્ટાન.

સેક્રેટરી આફ્રિકન સભ્ય શ્રી. ટુલી જે કાઉન્ડાના છે તેમનું હજુ ચોક્કસ નથી. હવે નવી સરકાર માટેનો આખરી નિર્ણય ગવર્નર કરી નાખશે. તે બાદ પ્રધાનોનાં નામ રાણીની મંજુરી માટે કોલોનીઅલ સેક્રેટરીને મોકલી અપાશે અને તે બાદ નવી ધારાસભા મળશે.

પૈસા કમાવા હોય તો કોંગ્રેસને ત્યજી દો

મુંગેર: કોંગ્રેસ સરપાનો અને પાર્ટીનો ઉપયોગ કરીને જેઓ પૈસા મેળવવા માગતા હોય તેઓ કોંગ્રેસ સંસ્થામાંથી નીકળી જઈને અનન્ત પૈસા મેળવે એજ બહેતર છે, આવી સાફ સાફ વાત કોંગ્રેસ પ્રમુખ શ્રી સંજીવ રેડ્ડીએ અહીંના કોંગ્રેસ કાર્યકરો સમક્ષ કરી હતી.

તેમણે વધુમાં કહ્યું કે કોંગ્રેસ કાર્યકરોએ સભ્ય રહીને આવા લોકોને કોંગ્રેસ સંસ્થામાંથી બહાર કાઢવાની તેજ વીણીને દૂર કરવા જોઈએ. કોંગ્રેસીઓ બાંધીબ્બા બની ગયા છે એવા અમુક વર્તુળોમાંથી થતા આક્ષેપોનો શ્રી રેડ્ડી ઉલ્લેખ કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે ભારતની આઝાદી માટે ભોગ આપનારા મુરત કોંગ્રેસ કાર્યકરો સામે આવા મુદ્દા ઉપાડવાનું અનુચિત છે. પૈસા ભેગા કરવા માટે પૈસાદાર કોંગ્રેસીઓ ઉપયોગ કર્યો હશે પરંતુ તેમના પર ચોકી રાખીને તેમને નીચે પાડવાની આપણી ફરજ છે બહેતર છે કે એવા ધનપિપાસુઓ કોંગ્રેસને છોડીને અનન્ત ધન મેળવે.

શ્રી રેડ્ડીએ કહ્યું કે સ્વાર્થને ખાતર લોકો કોંગ્રેસમાં ઘુસી જવા પર કઈ રીતે દાબ અને અંકુશ રાખવા તેનો ગંભીર વિચાર કરી રહ્યું છે.

બાજુમાંથી એક જાહેર સભામાં પ્રવચન કરતાં શ્રી રેડ્ડીએ ચીનાઓ માટે દેશમાં પ્રચાર કરી રહેલા ભારતના સામ્યવાદીઓનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું કે ભારતના સામ્યવાદીઓને હું પણ નહિ પરંતુ રશિયાના સામ્યવાદી પક્ષનું એક તદ્દન નાનું અંગ લેખું છું. ભારતના સામ્યવાદીઓ સામ્યવાદી દેશોની સિદ્ધિના ગુણગાન ગાય છે પરંતુ આપણા દેશની સિદ્ધિ માટે હરફ સરખો ઉચ્ચારતા નથી.

—ઢાકા: પૂર્વ પાકિસ્તાનનાં હવેલા વાવાઝોડામાં કુલે ૧૬૮ જણ માર્યા ગયા છે આ વિસ્તારમાં ભોગ બનેલા પર રાહત કાર્ય શરૂ કરાયું છે.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!

શોધવાનું મટશે, બોજું ઓછું થશે, મુસીબત ટળશે.
તમારે સર્વ નીચેની આધુનિક વસ્તુઓ મળે છે.

સ્ત્રીઓ માટે: નેલીએ, શું!! સ્વચ્છ અને ફેન્સી અનેક જાતની સાડી, ફીલ્મો પણ મળશે તમામ જુના જાતીલ, બુલેવાર, સારોંગ, સીમેટ, ચાદરી, સ્કાર્ફ વિ.

બાળકો માટે: નવાબના ફ્રોક, ટોપી, જેકેટ, શૂઝ, ચાઈલ્ડ, શર્ટ, શોર્ટ્સ, રેઈનકોટ, ફાઉન્ટન, પેટીકોટ, નાઈટડ્રેસ, બ્લાઉઝ, ફૂલીવાલા, બાબા સ્વચ્છ વિ.

ટેબલ પરસીઝ દ્વારા, સ્વચ્છતા સત્ક, તકીયા, ઓશી, વિ. રેઈન્ટ માટે ચાંદી જેવા ચળકતા સ્ટેઈનલેસ સ્ટીલના વાસણો, ઈલેક્ટ્રીક. વિચાર શા માટે! આજે જ મુલાકાત લેવાનું ભૂલશો નહિ!!

વડાપ્રધાન સાહેબને: ભાભરો ટ્રેડર્સ (પ્રા) લી.

(બીજાઓ ભારતમાં એકલ સત્તા)

હેડ ઓફીસ — પાંચમે માળે, — પો. બો. ૫૨૫૮.

આસ્તર ફેબ્રીક્સ — ૩૩ વેસ્ટ સ્ટ્રીટ, — સિટીહોલ પાસે

અફઘાનોની જમાવટ સામે પાકીસ્તાનની ચેતવણી

કરાંચી: પ્રમુખ અયુબખાને એવી ચેતવણી આપી હતી કે જો અફઘાન લોકો પાકીસ્તાની સરહદનો ભંગ કરશે તો પાકીસ્તાન તે સામે સખ્ત પગલાં ભરશે તેમણે બીજાપુર પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે બજોરની સામે પાંચથી સાત અફઘાન ટુકડીઓની જમાવટ કરાય છે.

પેશાવરના અખબારોમાં પ્રગટ થયેલા અહેવાલોમાં અયુબખાનને એવું કહેતા જણાવાય છે કે મારી સરકારને અફઘાન આક્રમણકારોની, તાજેતરમાંની પ્રવેશની હિલચાલની તેમજ તાજેતરમાં પેશાવર પ્રદેશમાં ત્રાસવાદીઓએ તેમજ તોફાનીઓએ કરેલા ધડાકાઓની પણ સંપૂર્ણ જાણ છે.

પ્રમુખ અયુબખાને આવાં ભાંગફોડિયા તત્વો પર બાજનજર રાખવા પોલીસ અને વહીવટી તંત્રને મદદ કરવાનો લોકોને અનુરોધ કર્યો હતો.

અફઘાનોએ બાજોર નજીક લશ્કરી જમાવટ કેમ કરી છે એવું પૂછતાં પ્રમુખે જણાવ્યું હતું કે ગયા સપ્ટેમ્બરમાં બાજોર ખાતે બહાર લાવવામાં આવેલા લોકો હાથે સખત પરાજય પામ્યા બાદ અફઘાન લોકો અને આદિવાસીઓની વચ્ચે રહેલી આ નાલેશીથી તેમનું નૈતિક બળ જાળવી રાખવાનો આ એક પ્રયાસ છે.

અફઘાનીસ્તાને પુશ્તુનીસ્તાન માટે અલગ રાજ્યની માગણી કરતાં અફઘાનીસ્તાન અને પાકીસ્તાન વચ્ચેના સંબંધો તંગ બનેલા છે આ માગણી સ્વીકારાય તો પાકીસ્તાનની સરહદ કુર્રમ સુધી ખેંચાઈ જાય.

* * *

અન્નપુર્ણા પર વિજય

નવી દિલ્હી: ભારતીય આરોહકોએ ૨૬૦૪૧ ફુટ ઉંચા અન્નપુર્ણા નં. ૩ શિખર પર પહોંચવામાં સફળતા મેળવી છે. અન્નપુર્ણા જુથના શિખરોમાં અત્યાર સુધી અજીત રહેલા આ શિખર પર આરોહક ટુકડીના બે સભ્યો અને એક શેરપાએ પહોંચી જઈ વિજય મેળવ્યો છે. આ આરોહણ ભારતીય નૌકાદળના એક અધિકારી લેફ્ટનન્ટ કમાન્ડર એમ. એસ. કોહલીની આગેવાની હેઠળની ટુકડીએ હાથ ધર્યું હતું. આ વિજેતાઓ આ ટુકડી ગઈ શનિવારે સાંજે શિખર પર પહોંચ્યા હતા.

વિજેતા ટુકડીને વડા પ્રધાન શ્રી નેહરુ અને સંરક્ષણ પ્રધાન શ્રી વી. કે. કૃષ્ણમેનને અભિનંદનનો સંદેશો આપ્યો છે.

પંચાયત મંત્રી તાલીમ વર્ગના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી મોરારજીભાઇનું માર્ગદર્શન

બારડોલી: પંચાયતથી તો ગામડે ગામડે ઝઘડા વધ્યા છે એ વાત ભ્રામક છે. આપણું માનસ ઝઘડાખોર છે, ભાગલાનું છે, રજવાડાં દૂર થઇ ગયાં છે તે એકના બે થતા આવડયું છે પણ બેના એક થતાં નથી આવડયું. લોકશાહી રાજ છે બધા લોકોનું રાજ છે. ગામેગામ એ રીતે જાગૃત થાય અને ગામની ભાવના એક થાય તો પ્રદેશની, દેશની, ભાવના એક થશે એટલે જ ગ્રામ પંચાયતનું મહત્વ છે. ચૂંટણીને લીધે ઝઘડા થાય છે પણ દરેક ગામની પંચાયત એકમતીથી ચૂંટાય, લોકો સમજીને એક મતે ચૂંટે તો, ખૂબ ખરચ કરીને પંચાયતની ચૂંટણી ન લડાય, સમજીને બધા ઉભા રહે ને બધા ચુંટાઇ જાય એ રીતે કામ કરતા થાય તો ઝઘડા દૂર થાય.

સ્વરાજ આશ્રમ બારડોલીમાં ગ્રામ પંચાયત મંત્રી તાલીમવર્ગના મકાનનું ઉદ્‌ઘાટન કરતાં ભારતના નાણાંપ્રધાન શ્રી મોરારજી દેસાઇએ ઉપર મુજબના શબ્દો ઉચ્ચાર્યા હતા.

શ્રી મોરારજી દેસાઇએ વધુમાં જણાવ્યું હતું કે ગ્રામપંચાયતની દિશામાં દેશભરમાં ઠીક ઠીક ઉત્સાહ જાગ્યો છે. આજે ગ્રામ પંચાયત થઇ છે. કોઇ કોઇએ એ માટેના કાયદા થયા છે ને પંચાયતની રચનાનું કામ ચાલી રહ્યું છે. બે ત્રણ વર્ષમાં ગ્રામ પંચાયતો આખા દેશમાં કામ કરતી થઇ જશે.

પુરાણું અંગ

હિંદ માટે ગ્રામ પંચાયત એ કોઇ નવી વસ્તુ નથી. આપણી વ્યવસ્થાનું એ પુરાણું અંગ છે. અંગ્રેજી રાજ્યનું નિર્માણ થયું અને એની જડ મજબુત બનતી ગઇ તે સાથે પંચાયતો ઢીલી પડી અને આખરે તૂટી ગયું. અંગ્રેજોને તો એ જોઇતું હતું.

આપણું રાજ્ય એ લોકશાહી રાજ્ય છે એમાં ઉદ્યોગીકરણ અને વિકેન્દ્રીકરણ બેય બે વાતો ચાલે છે. મોટા ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ ના થઇ શકે. સ્ટીલના નાના નાના કારખાના ઉભા ન કરાય. આજ તો ૨૦, ૨૫ કે ૫૦ લાખ ટન પોલાદ જોઇતું જ જોઇએ. નાના નાના કારખાના તો મોંઘા પડે.

એજ રીતે વીજળીનું પણ વિકેન્દ્રીકરણ ન થઇ શકે. દરેક ગામને વિજળી મળે એવા પ્રબંધ માટે નાની નાની યોજના કરાય. અને એવી નાની યોજનાઓ મોટ વેગે પણ કરવી પડે કારણ કે એથી ઘણાને ફાયદો મળે તેમ છે.

ખેતીનું વિકેન્દ્રીકરણ

ખેતીનું વિકેન્દ્રીકરણ થયું છે. ખેતી જમીન ખેડે એ જરૂરી છે. એ ઘરમાં બેસી રહે એ ન ચાલે અને સહકારી ખેતી દાખલ કરવી પડશે. સહકારી ખેતી એ કેન્દ્રીકરણ ન કહેવાય કારણ કે એમાં બધા સાથે મળીને ખેતી કરે છે.

સહકારી ખેતી માટે શી સાવચેતી લેવી અને એ ખેતી કરે એ જરૂરી છે. એમાં બળજબરી ન હોય અને બીજે રસ્તે એ ન થઇ શકે. લોકો જેમ જેમ પચાવી શકે તેમ પ્રયોગો દ્વારા સમજાવી અને પ્રચાર કરીને એ કરવું જોઇએ.

સત્તાનું વિકેન્દ્રીકરણ

એજ રીતે સત્તાનું વિકેન્દ્રીકરણ પણ થવા માંડયું. આ લોકશાહી દેશ છે. જેમાં રાજાશાહી કે કોઇ પણ પ્રકારની સરમુખત્યારશાહી નથી. લોકશાહી માણસને વિકાસની પુરતી તક આપે છે. લોકશાહી સિદ્ધ થાય એ હાંસલ કરવા એ માટે સત્તાનું વિકેન્દ્રીકરણ થવું જોઇએ. એમાંથી કેટલીક સત્તા કેન્દ્રિત હોય છે. રક્ષણ વિકેન્દ્રીકરણ કરી નહિ શકાય. એ જ રીતે રેલ્વે, પોસ્ટ વગેરેમાં વિકેન્દ્રીકરણ થઇ શકે નહિ.

એજ રીતે મહેસૂલી પોલીસ સત્તા કેન્દ્રીકરણમાં છે. ખાસ પુરતું એનું વિકેન્દ્રીકરણ કરી શકાય. ગામના રક્ષણ, નાના ગુના કે બાબતમાં પંચાયતને કામ સોંપી શકાય તો સત્તાનો એ બરાબર ઉપયોગ કરે.

ઉપરની નેતાગીરી ગ્રામોદ્ધાર પંચાયત નાના નાના ગામોની એક પંચાયત પછી તાલુકા પંચાયત એ બધા પ્રતિનિધિઓ વિચાર કરે, તેઓ ગામનો વિચાર કરે તો જીલ્લાનો વિચાર આવે, તો પ્રદેશના રાજ્યનો અને પછી કેન્દ્રના રાજ્યનો વિચાર આવે અને એ રીતે એકતા ને સંગઠન સધાય.

વિકેન્દ્રીકરણ પાછળનો મુખ્ય હેતુ આ લોકશાહી રાજ્યમાં દરેકને પોતાનો હિસ્સો છે એમ ભાન અને ફાળો કરવાની સૌને તાલીમ મળે એ છે.

ઘણા કહે છે કે એક રાજ્ય કરો તો ફાયદો થઇ જાય. પણ એક રાજ્ય કરવાથી બહુ ઓછા લોકોને એમ સમજાય કે એ એનું રાજ્ય છે. ૫૦૦ કે ૧૦૦૦ પ્રતિનિધિઓ એ રાજ્યમાં રસ લેતા થાય તેથી કંઇ ન વળે. આથી કરોડો લોકોને રસ ન જાગે અને લોકોનો સંપર્ક ન રહે.

પ્રાદેશિક રાજ્યો છે તો દરેક ગામના લોકોને એમાં પોતાનું હિત છે એમ લાગે છે. સ્થાનિક પ્રશ્નો લોકો પંચાયત દ્વારા ઉકેલે છે.

ભ્રામક વાતો

ચૂંટણીઓથી ઝઘડા વધ્યા, પ્રદેશમાં ઝઘડા, જીલ્લામાં ઝઘડા, તાલુકામાં ઝઘડા અને હવે પંચાયતોથી તાલુકાના ઝઘડા ગામે ગામે થશે એવી વાતો થાય છે, પણ એ ભ્રામક છે. ઝઘડાના ઝઘડા મર્યાદિત હોય છે. આના ઝઘડા છે તેથી તો ગ્રામ પંચાયતો હોવી એ વિશેષ જરૂરનું છે કારણ કે ગામમાં એકતા ને સંગઠન રાખવા તો પ્રયાસ થાય અને એ રીતે કામ થાય તો શું ઝઘડા પ્રદેશ અને દેશની દ્રષ્ટિએ એકતા લાવી શકાય. એ માટે આપણે પ્રયત્ન કરવાનો છે. સહકારી કાર્ય થતું નથી, કારણ કે એ ભાવના નથી. એ ભાવના નથી એટલે સહકારી કાર્ય ન કરવું એ કેવી વાત? એજ રીતે ઝઘડાઓ થાય છે માટે પંચાયતો જ ન કરવી, ચૂંટણી ન કરવી એ કેમ બને? ખરી વાત તો એ છે કે પંચાયતની ચુંટણી એકમતીથી થાય એમ કરવું જોઇએ. બધા મળી સમજી ને ઉમેદવારો ઉભા રાખે અને એમને એકમતીથી ચુંટે. એમાં પછી બીજે વરસે બીજા આવે. ફેરફાર થતા રહે ને કામ થાય. કામ કરતા રહીએ તો ઝઘડાખોર વૃત્તિનો નાશ થાય.

આથી પંચાયતોમાં પંચો અને સભ્યો કરતાં મંત્રીનું સ્થાન મહત્વનું છે. કેન્દ્ર અને પ્રદેશમાં સભ્યો વગેરે ચર્ચા કરે, ઠરાવો કરે, પણ મંત્રીમંડળ લોકકલ્યાણ નીતિ નક્કી કરે અને મંત્રીઓ એ અમલબજાવણી નક્કી કરવા એટલે તાલીમ મળવાનું એ જરૂરી છે જેથી ગામના પ્રશ્નો કેવી રીતે ઉકેલ કરવા જોઇએ. એનું વર્તન કેવું હોવું જોઇએ, એ બધાની તાલીમની જરૂર છે." પંચાયતના મંત્રીએ પંચાયતને વફાદાર રહેવું જોઇએ. એણે ગામ માટે કામ કરવું જોઇએ અને તેણે નિસ્વાર્થ કામ કરવું જોઇએ.

આ પ્રસંગે શ્રી ઉત્તમચંદ શાહે તાલીમવર્ગનો ઉદ્દેશ સમજાવ્યો હતો અને શ્રી મોરારજી દેસાઇનું સ્વાગત કર્યું હતું.

ભારત સરકારના નાણાંપ્રધાન શ્રી મોરારજીભાઇ દેસાઇની હાજરીમાં બારડોલી વિભાગમાં ૨૦ બિછાનાવાળી હોસ્પીટલ બાંધવાની વિચારણા કરવામાં આવી હતી. આ સભામાં એક ઠરાવ દ્વારા ૧૯૨૭-૨૮માં મહાત્મા ગાંધીજીએ જે ઐતિહાસિક આંદોલનની આગ ચાંપી હતી અને પ્રેરણા આપી હતી, તે આંદોલનના ઝંડાવાળી જમીન અને તેની આજુબાજુની જમીન રૂ. ૬૦,૦૦૦માં ખરીદવાનો નિર્ણય લેવાયો હતો. હોસ્પીટલ સાથે સરદાર શ્રી વલ્લભભાઇ પટેલનું નામ જોડવામાં આવશે. આ હોસ્પીટલ અંગે ફાળો ઉઘરાવવા માટે, શ્રી મોરારજી દેસાઇ, કુમારી મણીબેન પટેલ, શ્રી કલ્યાણજી મહેતા સહિત બારડોલી વિભાગના ૨૬ માણસોની એક સમીતી નિમવામાં આવી છે. આ સમીતીના મંત્રીપદે શ્રી ઉત્તમચંદ શાહની નિમણુક કરવામાં આવી છે.

—કેરોદ: સરકાર લોને સવાલ આપે છે. આજથી દશ વર્ષ પહેલાં રીઝર્વ બેંકનું ખેડુતોમાં થતું ધીરાણ રૂ. ૭ કરોડ આપ્યું હતું તે આજે ૬૬ કરોડ જેટલું થયું છે.

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

દરેક જાતનાં નવાંનવાં, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ બાળકો અને પુરૂષો માટે તૈયાર જાતના ગરમ કપડાં, પુલોવર, કાર્ડીગન્સ અને અમ્બ્રેલાઓ માટે—છત્રીઓ, બ્લેન્કેટ્સ, ટોવલ્સ નેપકીન્સ વિગેરે.

દરેક જાતના માલ માટે મુલાકાત લેવા ભલામણ.

૩૩ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન : ૮૩૪-૬૦૮૬ — બોક્સ ૧૫૪૭.

વિવિધ વિષય

એશીયનની નીમણૂંક

કેનીઆ માર્કેટીંગ બોર્ડના અધ્યક્ષ ને અવરમ મેનેજર ઠેકાર રજામાં ઉપર ગયા છે તે તેમની જગ્યાએ હવે શ્રી ભાવકે કાર્યકારી અધ્યક્ષ નિમાયા છે.

આમ કોઈ કાનુની બોર્ડના અધ્યક્ષ પદે આવનાર ભાવકે પ્રથમ એશીયન છે. તેઓ કેનીઆ માર્કેટીંગ બોર્ડનું અધ્યક્ષપદ ૪ વર્ષથી ચલાવે છે. તેઓ આ બોર્ડ રચાયું ત્યારથી તેના સભ્ય છે. તેઓ ઇસ્ટ આફ્રિકન ફેડરેશન ઓફ ઇન્ડિપેન્ડન્ટ મરચન્ટસ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના ઉપ-પ્રમુખ છે.

ભારતના એ કિશોરને મિડલેક્ષ કાઉન્ટી કાઉન્સીલના રક્ષણ હેઠળ મુકાયો

લંડન: અહીંના ભારતીય હાઇ કમીશનના એક ઉચ્ચ અધિકારીને ત્યાં ઘરેલુ પગારથી ઘરનાં કામો જેવાં કે વાસણ માંજવા, ઝાડુ વગેરે કામો કરતા હોવાનું કહેવાતા ૧૪ વર્ષના ભારતીય છોકરાને ગુરુવારે કોર્ટમાં રજુ કરતાં તેને મીડલેક્ષ કાઉન્ટી કાઉન્સીલના રક્ષણ હેઠળ મૂકવાનું ફરમાન કોર્ટે કર્યું હતું. છેલ્લા એક માસ દરમીયાન આ છોકરો કાઉન્સીલ હોમ માં જ હતો.

તેના કેસની આગલી સુનાવણી વખતે ભારત સરકારે આ છોકરાને ભારત પહોંચાડવાનું ભાડું આપવા કબુલ્યું હતું અને સત્તાવાળાઓ છોકરાના માબાપનો સંપર્ક સાધી શકે તે માટે કેસ મુલતવી રખાયો હતો.

ટાંગાનીકાને યુનોમાં દાખલ કરવાની માગણી

યુનોની વાલીપણા સમિતિમાં બ્રિટન અને ન્યુઝીલેન્ડના અન્ય છ રાજ્યો એવો ઠરાવ મુક્યો હતો કે ટાંગાનિકા તા. ૨૮ ડીસેમ્બર ૧૯૬૧ના રોજ સ્વતંત્ર થતું હોઈ બ્રિટને ટાંગાનીકા ઉપરનું પોતાનું વાલીપણું તે દિવસે ઉઠાવી લેવું. આ ઠરાવ વાલીપણા સમિતિએ માન્ય રાખ્યો છે. ઠરાવમાં વળી એમ પણ માગણી કરવામાં આવી હતી કે તેજ દીવસે ટાંગાનીકાને યુનોમાં પણ સભ્ય તરીકે દાખલ કરવું.

બીન-યુરોપીયન મેયર નીમવાનું માન કેનીઆમાં એલ્ડોરેટ ખાટી જાય છે

કેનીઆ હાઇલેન્ડસના ગોરા સેટલરો ના અત્યંત દુર્ગ સમ બનેલા એલ્ડોરેટ મ્યુનિસિપાલિટીને પરિણામે અને બદલાયેલા પવનના પ્રતાપે એક નવોજ ઇતિહાસ રચાયો છે. એલ્ડોરેટની મ્યુનીસીપાલિટીના મેયર તરીકે મી. એ. [illegible] નામના એક એશીયન વેપારીની નીમણૂંક થઈ છે. આમ કેનીઆમાં પહેલીજ બીન યુરોપીયન મેયર મેળવવાનું બહુમાન એલ્ડોરેટ ખાટી ગયું છે.

પાકીસ્તાની ઉતારુ જહાજ પર ફાટી નીકળેલી આગ

મુંબઈ: પાકીસ્તાની ઉતારુ જહાજ 'શમ્સ' પર આગ ફાટી નીકળ્યાનો રેડીઓ સંદેશો મુંબઈમાંના ભારત સરકારના વ્યાપારી જહાજ ખાતાને મળ્યો છે. આગ એડન નજીકમાં ફાટી નીકળી હતી. જહાજ પર ૧૨૦૦ ઉતારુઓ છે. જહાજ એરેબીયન સમુદ્રમાં કોચીનથી ૪૦૦ માઈલની નજીક હતું ત્યારે આગ લાગી હોવાની માહિતી મળે છે. બે કલાકમાંજ આગને કાબુમાં લેવામાં આવી હતી. જહાજ જહાજ ક્યાં જઈ રહ્યું હતું તે જણાવ્યું નહિ.

પાકીસ્તાનમાં બાળકોનાં અપહરણ

પશ્ચિમ પાકીસ્તાનમાં બાળકો ઉપાડી જવાનો ઉદ્યોગ ફેલાયો હોય એવો વખતથી ત્રાસરૂપ બની ગયો છે અને સત્તાવાળા ઓએ આ અંગે બે પ્રાંતના કમિશનરો અને ડેપ્યુટી કમિશનરો પાસેથી વિગતવાર અહેવાલ મગાવ્યા છે, એમ અને મળતા આધારભૂત અહેવાલો અનુસાર માલુમ પડે છે.

અપહરણના કિસ્સાઓ પ્રમાણ વધી જવાથી પશ્ચિમ પાકીસ્તાનના ગવર્નરે તાજેતરમાં જાહેર કર્યું હતું કે બાળકોના અપહરણના તમામ કિસ્સાઓની તપાસ ખાસ લશ્કરી કાયદા નિયમાનુસાર થશે. આ કાયદા મુજબ વધુમાં વધુ ૧૪ વર્ષ સુધીની સખત સજા થઈ શકે છે.

આ અહેવાલ જણાવે છે કે કેટલોક વખત આગાઉ એકમાત્ર મુલતાન વિભાગ માંજ અપહરણના તમામ કિસ્સા બન્યા હતા.

ભારતે ગુમાવેલો અતિ પ્રતિભાશાળી યુવાન ઇજનેર

ઓલ ઇન્ડિયા રેડીઓના પ્રોજેક્ટ અધિકારી શ્રી ટી. રાજમણિક્કમનું હવે રોગને કારણે અવસાન થયું છે તેમની ઉંમર ૪૮ વર્ષની હતી. એઓ મોટા ઇજનેર હતા. ભારતમાં પ્રથમ ટેલીવીઝન સ્ટુડીઓ એમણેજ સ્થાપેલો. અસાધારણ ઇજનેર તરીકે કોઈ પણ પ્રકારના 'પાવર' વિના કામ કરે એવો રેડીઓ એમણે શોધી કાઢ્યો હતો એમને હાલે જ્યાં છે. મોટે ભાગે દેશમાંજ બનેલા સરંજામથી તેમણે ટેપરેકોર્ડર પણ બનાવ્યું હતું.

મહેસાણામાં કોંગ્રેસની સ્પષ્ટ બહુમતી

મહેસાણા જીલ્લા લોકલ બોર્ડની ચૂંટણીમાં ૫૮ બેઠકોમાંથી કોંગ્રેસને અત્યાર સુધીમાં ૩૫ બેઠકો મળી જતાં કોંગ્રેસને ચોખ્ખી બહુમતી મળી ગઈ છે.

કેન્દ્ર સરકારની મિલકતોનો વેરો સુધરાઈઓ લઈ શકશે

ભારતભરની સુધરાઈઓની એક મોટી ફરિયાદ હતી કે તેમની જવાબદારીઓ વધતી જાય છે પરંતુ તે પ્રમાણમાં તેમનાં આવકનાં સાધન વધતાં નથી અને પરિણામે સુધરાઈઓને ઘણીવાર આર્થિક મુશ્કેલી નડે છે.

આ સ્થિતિમાં કંઈક સહાયભૂત થઇ પડે એવું આવકનું એક સાધન સુધરાઈઓને પ્રાપ્ત થઇ ગયા અંગેના આધારભૂત સમાચાર મળ્યા છે. અત્યાર સુધી સુધરાઈઓની હદમાં આવેલી ભારત સરકારની મિલકતો પર વેરો લેવાનો સુધરાઈઓને અધિકાર નહોતો અને પરિણામે ખાસ કરીને મોટાં શહેરોની સુધરાઈઓને મોટી આવક ગુમાવવી પડતી હતી. ભારત સરકાર ના ધ્યાન પર આ હકીકત આવી છે અને ભારત સરકારે પોતાની મિલકતો પર વેરો લેવાનો સુધરાઈઓને હક આપ્યો છે. એટલે હવે સુધરાઈઓ ભારત સરકારની માલિકીની મિલકતો નો વેરો લઇ શકશે.

આ ઉપરાંત એવા પણ સમાચાર મળ્યા છે કે સુધરાઈઓને ભારત સરકારની માલિકીની નિર્વાસીઓની મિલકતોને વેરો લેવાનો અધિકાર અપાયો છે. અત્યાર સુધી આ બે પ્રકારની મિલકતો અંગે સુધરાઈઓને જે અન્યાય થતો હતો તે ભારત સરકારના આ નિર્ણયથી દૂર થયો છે અને સુધરાઈનાં સાધનોમાં વધારો થયો છે.

ભારત સરકારના આ નિર્ણયને લીધે મુંબઈ, પુના, અમદાવાદ, દિલ્હી, મદ્રાસ, કલકત્તા જેવી કોર્પોરેશનોને વધુ લાભ થશે કારણ કે આ નગરોમાં ભારત સરકારની અનેક ગંજાવર મિલકતો છે.

ધી સુરત ગુજરાતી વિદ્યા સંઘ—સ્પ્રીંગ્સ

ઉપરોક્ત સંસ્થાના આશરા હેઠળ, સ્પ્રીંગ્સ તેમજ આસપાસ વસતી હીંદી જનતા પોતાની ફુરસદનો ઉપયોગ કરી ભારતની રાષ્ટ્રભાષા, ધર્મ તેમજ સંસ્કૃતિનું જ્ઞાન મેળવી શકે એ આશયથી 'જવાહર વિદ્યા મંદિર' નામક સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, (વર્ધા) દ્વારા સંચાલિત (હીંદી, ગુજરાતી, મરાઠી, તામિલ) ભાષાઓની તેમજ સ્વાધ્યાય મંડળ (પારડી) દ્વારા સંચાલિત (વેદ, ઉપનિષદ, સંસ્કૃત તેમજ ગીતા) વિષયોની પરીક્ષા વરસમાં બે વાર લેવામાં આવે છે. એ અભ્યાસ ઘેર બેઠા પણ કરી શકો છો અથવા ઉપરોક્ત સંસ્થા દ્વારા સંચાલીત વર્ગોમાં દાખલ થવાની ઇચ્છા ધરાવતા હોય તેમને માટે ગુરુવારે અને એક વાર શનિવારે બપોર બાદ ૩ વાગ્યા પછી હીંદી તેમજ ગીતાના વર્ગો ચલાવવાનો નિર્ણય કર્યો છે. વર્ગોમાં દાખલ થવા ઇચ્છનાર પુખ્ત કોઈ પણ ઉંમરના હીંદી ગુજરાતી લિપિથી જ્ઞાત ચોપડીનું જ્ઞાન ધરાવતાં હોવાં જોઈએ.

વધુ ઉપરાંત પુસ્તક, અભ્યાસ, પરીક્ષા, આદિ વધુ વિગત જાણવા માટે મળો યા લખો

પો. બો. ૧૧૯, સ્ટેન્ડ નં. ૧૨૭,
સ્પ્રીંગ્સ, ગેઝલ,
ટ્રાન્સવાલ. સ્પ્રીંગ્સ

લી.
શ્રી લક્ષ્મીચંદદાસ પરસોત્તમદાસ ભાણ
વ્યવસ્થાપક

સેલ હિંદી રેકોર્ડો હવે વધુ સસ્તાં

હિંદી ફીલ્મી રેકોર્ડો કેવળ શી. ૫-૦ નંગ.

નાચ ઘર, નેક ખાતુન, નયા આદમી,
મી. એકસ, હાતિમ તાઈ.

ઈસ્માઈલ આઝાદ, દોસ્ત મોહમદ, યુસુફ આઝાદ, ટીકલાલ અને બીજા જાણીતા કવ્વાલોના રેકોર્ડો શી. ૪-૦ નંગ.

સી ઓ ડીના ઓર્ડરો અમે લઈએ છીએ.

નેશનલ રેકોર્ડ કંપની

શોપ ૨, અજમેરી આર્કેડ, ઓફ ૧૪૨ ગ્રે સ્ટ્રીટ,
પો. ઓ. બોકસ ૧૫૩૪, — ડરબન ફોન: ૨૧૫૫૮.

રાતા સુકા મરચાં

૨ તા. સુકા મરચા અને હળદી પીસેલી મસાલેદાર લાલ મરચા બજાર ભાવે હવેથી અમારે ત્યાં મળશે, ને ૨૫/- રતલ પોકેટ સાથે જથ્થાબંધ રતલના ૧ શિલિંગ.
તેમજ લાલ કાપેલા આદિકાના જથ્થાના ૨॥ રેન્ડ.
ઓર્ડર આપો શીઘ્ર:
Meermans (Pty.) Ltd
P. O. Box 25, Phone 125
(Brits, Transvaal.)

સામાજીક ખબરો

આપણી સંસ્કૃતિ

લેખિકા: લક્ષ્મીબેન પટેલ, શ્રી ગુજરાતીશાળા, જોહાનિસબર્ગ નોર્થ.

પૂજ્ય પાંચો,

સરકારનો દાવો એવો છે કે જે ૩૫૦,૦૦૦ લોકો દર વરસે ગેરકાયદેસર રીતે વેચતાં પકડાય છે તેવાઓ આ દારૂના કાયદાથી બચી જઈ શકશે. આ તો એક તરફી દલીલ થઈ. જે લોકો હવે છુટથી દારૂ પી કેદખાના સરકે એનો આંકડો ઉંચના આંકડાથી નથી જતો તેનું શું? એમાંથી સરકાર ને કેટલો ફાયદો થશે! રૂંડપે સરકાર ને કેટલો ફાયદો થશે! કથળતી આર્થિક પરિસ્થિતિથી બચાવ માટેનો આ એક ઉપાય છે એમ શું નથી લાગતું?

આ દેશના બિન-ગોરાઓને સ્વાતંત્ર્ય જોઈએ છે—રોટી જોઈએ છે—નહિ કે દારૂ! આ દેશના લોકો બીજા દેશના લોકોની જેમ મરદ બનવા માગે છે—નહિ કે માયકાંગલા! સરકારની આવા પ્રકારની નીતિથી લોકો અજ્ઞાત નથી—તેઓ સારી રીતે સરકારની નીતિને સમજે છે.

આ દેશના લોકો માગે છે સ્વાતંત્ર્ય, કે જે પ્રાપ્ત કરી તેઓ પ્રગતિના માર્ગે જઈ શકે. આફ્રિકા ખંડનો નવો નકશો જુઓ! એની અંદર થએલો ફેરફાર જુઓ! ૨૯ રાષ્ટ્રો સ્વતંત્ર થયા છે એ રાષ્ટ્રોની કુલ વસ્તી ૧૯૨,૬૪૫,૦૦૦ની છે—એની અંદર ૬,૫૫૨,૬૦૦ બીન આફ્રિકનો નો સમાવેશ થઈ જાય છે. હજુ ૨૬ રાષ્ટ્રો સ્વતંત્ર થવાને બાકી રહ્યાં છે એમાં દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થઈ જાય છે. જ્યાં સુધી દક્ષિણ આફ્રિકા ને સ્વાતંત્ર્ય નહિ મળે ત્યાં સુધી દક્ષિણ આફ્રિકાના બીન-ગોરાઓ જંપીને બેસવાના નથી.

દારૂની શરૂઆત અને એવા બીજા લોભામણાં રાહતોથી બીન ગોરાઓ જાગૃત બન્યાં છે. લોકો હવે દારૂ પીને રસ્તાના ગટરમાં પડી રહેવા માંગતા નથી. તેઓ સ્વતંત્ર મેળવી ખુશીથી જેર ભર્યા દુઃખના સુખમાં શ્વાસ લેવા માગે છે. તેઓ દારૂના અવગુણોથી જાગૃત બને એમ આ દેશના બીન-ગોરા નેતાઓની ઇચ્છા છે—અને એમ સર્વની ઇચ્છા હોવી જોઈએ!

ટોકિયોમાં વિદ્યાર્થિઓ તથા પોલીસો વચ્ચે અથડામણ

ટોકિયો : જાપાનથી ન્યૂઝ એજન્સી અને પોલીસો વચ્ચે બે વાર લાગેલા ઘર્ષણ દરમિયાન સંખ્યાબંધ લોકોને ઇજા થઈ હોવાનું જણાવાય છે.

રાજકીય હિંસા વિરોધી ખરડા સામે વિદ્યાર્થિઓએ યોજેલા દેખાવો દરમિયાન આ ઘર્ષણ જાગ્યું હતું. આશરે બે હજાર વિદ્યાર્થિઓએ ટોકિયો યુનિવર્સિટીના તેમના વિભાગમાં બેઠી રોકી હતી અને પછી પાર્લામેન્ટ આંતરિક વિભાગમાં ઘસી ગયા હતા.

અહીં પોલીસે તેમને હાથાપાઈ વડે આગળ રોકવાનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થિઓએ ડોકાઠોકાનો મારો ચલાવીને, લાઠીઓ ચલાવીને અને મુક્કાબાજી વડે તેનું વેર વાળ્યું હતું. આ પહેલી વારની અથડામણ દરમિયાન ૩૨ પોલીસ (તેમાંના બેની હાલત ગંભીર હતી) અને ૬૫ વિદ્યાર્થીઓ ઘાયલ પામ્યા હતા (તેમાંના બેની હાલત ગંભીર હતી)

એક રાત્રે ત્રણેક હજાર વિદ્યાર્થીઓ અને ૫૦૦ પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી. વિદ્યાર્થી તરફે બહાર પાડેલા આંકડા પરથી જણાય છે કે ૪૧૦ વિદ્યાર્થીને ઇજા થઈ હતી, તેમાં ના ૧૨ ગંભીર હાલ પામ્યા હતા, જ્યારે ૪૮ પોલીસ, ચાર સંવાદદાતાઓ અને તસવીરકારોને ઇજા થઈ હતી

રોઈટર વધુમાં જણાવે છે કે આશરે ૨૬૦૦૦ દેખાવો કરનારાઓએ ખરડાની વિચારણા ચલાવી રહેલા ગૃહને (સંસદ) ના ભવનને ઘેરો ઘાલ્યો હતો અને એક તબક્કે તો સંસદ ભવન તોફાની ટોળીઆમાં અટવાઈ પડી ગયેલું લાગતું હતું.

કાશ્મીરના વિકાસ માટે સહાયભુત થવાની હિંદી ઉદ્યોગપતિઓની તત્પરતા

શ્રીનગર: કાશ્મીરના વડા પ્રધાન બક્ષી ગુલામ મહમદે કહ્યું હતું કે તૃતીય પંચવર્ષીય યોજના દરમિયાન ભારતના અનેક અગ્રણી ઉદ્યોગપતિઓ તરફથી કાશ્મીર રાજ્યમાં કાગળ, ચામડાના અને કાચનેરી ઉદ્યોગો સ્થાપવાની દરખાસ્તો રાજ્ય સરકારને મળી છે.

કાશ્મીરના વડા પ્રધાને ફેડરેશન ઑફ કોમર્સના સભ્યો સમક્ષ ભાષણ કરતાં કહ્યું કે એક આગેવાન ઔદ્યોગિક પેઢીએ, આશરે સાત કરોડ રૂપિયાના ખર્ચે દરરોજનો એકસો ટન કાગળ ઉત્પન્ન કરે તેવું વિશાળ કારખાનું નાખવાની તત્પરતા દર્શાવી છે.

તેમણે કહ્યું કે રાજ્યના સમગ્ર ઔદ્યોગિક વિકાસ માટે, રાજ્ય સરકારે રાજ્યની ઔદ્યોગિક વિકાસ સમિતિ રચવાનો નિર્ણય કર્યો છે. તેમાં સભ્યો રહેવાની, ભારતના અનેક આગેવાન ઉદ્યોગપતિઓએ સંમતિ આપી છે.

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૩૦ જુન, ૧૯૬૧.

બિન-જરૂરી ટીકા

સોલ્સબરી આઇલેન્ડમાં આવેલી હિંદી કોલેજમાં સ્વામી વેન્કટેસાનંદ પ્રવચન કરવા ગયા, તેથી નાતાલ ઇન્ડિયન કોંગ્રેસનું મન દુભાયું છે. સ્વામીજી આ કોલેજમાં ગયા અને ત્યાં લેક્ચરરો અને વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન આપી; ત્યાંની કોલેજ માટે નિષ્ણાત લેક્ચરરો મેળવી આપવા માટે તેઓ કોશીશ કરશે એમ ખાતરી આપી હતી—એ જરા નાતાલ ઇન્ડિયન કોંગ્રેસને આશ્ચર્યજનક લાગ્યું. આના પરિણામે સ્વામીની ટીકા થઇ અને તેઓ સરકારની ઇજારદારપણાની નીતિમાં આડે અવળે મદદકર્તા થઇ પડશે એવી ચેતવણી નાતાલ ઇન્ડિયન કોંગ્રેસે આપી છે. વધુ મા કોંગ્રેસે એવી પણ ટીકા કરી છે કે સ્વામીજી અહિં આપણાં હિંદીઓ પ્રત્યે જે અન્યાયો સરકાર કરે છે તેનાથી વાકેફ નથી, એથી સ્વામી આ કોમી કોલેજમા શા માટે ગયા તે તેઓ દક્ષિણ આફ્રિકાના હિંદીઓને સમજાવે એ ઇચ્છનિય છે.

આ ટીકા કરતાં કોંગ્રેસ એમ સમજે છે કે સ્વામીજી જાણતા હોવાં છતાં હિંદી-લાગણી દુઃખવી ત્યાં પ્રવચન કરવા ગયા. આવું સમજવું એ ઠીક નથી, અને એ ઉપર ટીકા કરવી એ બિન-જરૂરી છે. સ્વામીજી ધાર્મિક વ્યક્તિ છે, અને એમનું કાર્ય છે માનવતા અને પ્રેમના સંદેશાનો પ્રચાર. એ દ્રષ્ટિએ તેઓ આ કોમી કોલેજમાં ગયા એ વ્યાજબી છે. તેઓ રાજદ્વારી વ્યક્તિ નથી. કોંગ્રેસ કે બીજી કોઇ પણ સંસ્થાના બખેડાઓ સાથે તેમને કંઇ પણ લેવા દેવા નથી. હિંદી કોમમાં એવું કોઇ નથી કે જે આ કોમી કોલેજના તરફેણમાં છે, પરંતુ એવા ઘણાં છે જે આશ્વાસનરૂપે આ કોલેજનો આશરો લઇ છે.

કોંગ્રેસે સ્વામીની ટીકા કરવામાં ભુલ કરી છે. ખરી રીત તો એ હતી કે કોંગ્રેસ સ્વામીની મુલાકાત લઇ અને સ્વામીને આ દેશના વાતાવરણ અને સરકારની ઇજારદારપણાની નીતિ સમજાવે અને પછી પૂછે, "તમે શા માટે મદદ કરવા તઇયાર છો, તે જરા અમને સમજાવો?" આ કરવાને બદલે કોંગ્રેસે 'ખુલ્લા પત્ર'થી સ્વામીની ટીકા કરી એ બરાબર નથી. આ પત્રથી કોઇએ અને તે પણ ખાસ કરીને સ્વામીએ દીલગીરી પ્રાપ્ત કરવાની જરૂરત નથી. એ તો અહિં એમજ ચાલ્યા કરે છે. ટીકાકારો ઘણા મળી આવે છે જેઓ રાજદ્વારી વિષયો ઉપર પણ ખૂબજ ટીકા કરે છે. સ્વામી અહિં પ્રેમનો સંદેશો પ્રસારવા આવ્યા છે, અને કોઇને એ સંદેશો સાંભળતા જતાં અટકાવવાનો બીજા કોઇને હક્ક નથી.

૧૯૨૨ની સાલમાં બાપુજીને યરોડા જેલમાં રાખ્યા હતા. એક વાર કસ્તુરબા બાપુજીની મુલાકાતે આવ્યાં. મુલાકાત વખતે જેલના મોટા એક અધિકારીની હાજરી જોઇતી હોય છે. એ પ્રમાણે બાપુજી અને બાની મુલાકાત વખતે પણ જેલના ખાસ અધિકારી આવીને બેઠા. પણ એ અધિકારીને થયું કે, ગાંધીજી અને કસ્તુરબાને એકલા રાખીએ તો તેઓ છુટથી વાતચીત કરી શકશે એટલે તે કામનું બહાનું બતાવીને ત્યાંથી બહાર ચાલ્યા ગયા. અરધાએક કલાક પછી એ અધિકારી આવીને હસતા હસતા બોલ્યા: "ગાંધીજી, આપની વાતચીત હવે પૂરી થઇ હશે."

બાપુજીએ હસતાં હસતાં કહ્યું: "એ હજી બોલવાની શરૂઆત પણ નથી કરી! અધિકારીની ગેરહાજરીમાં બોલવું એવો અમારો નિયમ નથી."

—મુકુલભાઇ કલાર્થી [પારસમણિ'માં]

અને હવે

હિંદીઓ માટે 'પાસ'નો કાયદો

વીટબેન્ક:

વીટબેન્કના હીંદીઓ ઉપર આફતના વાદળાં ઘેરાયાં છે—અને એનો સામનો તેઓ બહાદુરીથી કરી રહ્યા છે. ભૂતકાળમાં વધારે એવા પ્રતિબંધો વીટબેન્કના હીંદીઓ ઉપર લાદવાનો પ્રયાસ ત્યાંની ટાઉન કાઉન્સીલ કરી રહી છે.

વીટબેન્કની એશીયાટીક બજારના હીંદીઓ ઉપર આવા પ્રતિબંધો પ્રથમ લાદવા માટે ત્યાંની ટાઉન કાઉન્સીલે ૧૯૫૭ની અંદર પ્રયાસ કર્યો હતો, પરંતુ હીંદીઓએ સખત વિરોધ બતાવતાં એ પડી ભાંગ્યો! હવે ચાર વરસ પછી એજ ટાઉન કાઉન્સીલ ફરી એજ પ્રતિબંધો લાદવા માટે પ્રયાસ કરી રહી છે. ચાર વરસ પછી એ માટે લાગુ કરવામાં આવે છે.

એ અઠવાડીયા પહેલાં વીટબેન્કના હીંદીઓએ ટાઉન કાઉન્સીલ ઉપર અરજી મોકલી હતી કે આવો કાયદો અમારા ઉપર નહિ નાંખો. છતાં એ માટે ટાઉન કાઉન્સીલ કંઇજ કરતી નથી અને હવે ત્યાંના હીંદીઓ 'ફાઇટ' કરવા તઇયાર થયા છે.

આ હુકમ ૧૯૫૫ના મ્યુનિસીપલ ઓર્ડીનન્સના ઓઠા હેઠળ થયો છે. આ ઓર્ડીનન્સ નીચે કાઉન્સીલ તરફથી નિમાયેલ ખાસ ઇન્સ્પેક્ટરની પરવાનગી વગર કોઇ પણ વ્યક્તિ આ એશીયાટીક બજારમાં દાખલ થઇ શકે નહિ. આના પરિણામે કોઇપણ ગોરી વ્યક્તિ કે આફ્રિકન બજારમાં માલ લેવા આવી શકે નહિ. આ પ્રતિબંધ ઉપર એટલુ લખાણ નથી, છતાં પણ આફ્રિકનો બજારમાં ડોક્ટરની સારવાર લેવા આવતી વખતે ડોક્ટર પાસેથી સારવારની ચીઠી જાતિ બહાર લાવ છે કે એથી તેઓ ફરી આવી શકે.

આ ઓર્ડીનન્સનો નીચે કલમ છે કે ૧૬ વરસની ઉમ્મર ઉપરના કોઇપણ ત્યાં રહી શકે નહિ, અને રહે તો પરમિટ લેવી પડશે. ૧૬ વરસ ઉપરના બાળકો પણ ત્યાં રહી શકે નહિ. આ તે કેવો અમાનુષી કાયદો! માતપિતા પોતાના બાળકોને સાથે નહિ રાખે તો ક્યાં રાખે? મુસલીમલગ્ન આ દેશમાં કાયદેસર મનાય નહિ—એટલે એનો અર્થ એ થયો કે બે ત્રણ પત્નિઓ મુસલમાન એ બધી પત્નિઓ સાથે રહી ન શકે—અને રહે તો કાયદા મુજબ તેઓ ઉપર કેસ થઇ શકે. એજ પ્રમાણે ૧૬ વરસ ઉપરના બાળકોનું છે. તેઓ ત્યાં રહે તો તે ગેરકાયદેસર ગણાય.

નવો કાયદો, ઇન્સ્પેક્ટરને એટલો હક્ક આપે છે કે તે ધારે એટલાં જ માણસોને ત્યાં રહેવા દઇ શકે. આ રીતે એજ ઇન્સ્પેક્ટર કાંઇ બે જ જણોને ત્યાં રહેવા દેશે! આ કાયદાથી તો ઇન્સ્પેક્ટરનું ગજવું ભરાશે.

આ કાયદાઓ ફક્ત થયા તે જરા જોઇએ. બજારમાં લોક (location), બાકુ કે વેપારની મુશ્કેલી કદી પડી નથી. ત્યાંના દરેક કોમના માણસો આ બજારમાં આવી ખરીદી કરતા અને ત્યાં શાંતિ હંમેશા જળવાઇ રહેતી. દરેક કોમના માણસો એક બીજા સાથે સારી રીતે વર્તાવ રાખતા. હીંદી દુકાનદારોના વર્તાવને લઇ ત્યાં તેમની દુકાનો હંમેશા સારો વેપાર કરે છે. આ જોઇ ત્યાંના ગોરા વેપારીઓ અદેખાઇથી બળવે ચડ્યા, એથી ટાઉન કાઉન્સીલ તેમની વ્હારે આવી.

હવે ગોરા વેપારીઓ સારો વેપાર કરી શકશે, કેમકે એશીયાટીક બજારમાં ખરીદી કરવા જવાની છુટ નહિ રહેશે; અને ખરીદી કરવા જવા માટે પણ પરવાનગી માગવા જવાનું છે. એ મુશ્કેલીમાંથી નીકળવા માટે તેઓ ગોરા વેપારીઓ પાસે જશે અને ત્યાં ખરીદી કરશે.

આ છે ડો. વરવુર્ડનું રાજ્ય! એથી આજથી અમે કહેતા આવ્યા છીએ કે આ પ્રજાસત્તાક રાજ્ય નથી પણ શાસન રાજ્ય છે, જેની અંદર કમજોરોનો ખુલ્લી રીતે પ્રયાસ આવે છે—અને તે પણ બિન-ગોરાઓને!

સૌરાષ્ટ્રમાં થર્મલ પાવર સ્ટેશન

સૌરાષ્ટ્રમાં કુલે એક લાખ કિલોવોટ જેટલી વીજળી ઉત્પન્ન કરવા માટે એક અથવા બે થર્મલ પાવર સ્ટેશન ઉભા કરવાનો સરકાર વિચાર ચલાવી રહી છે, એવા કેટલાક અખબારોમાં જે અહેવાલો પ્રગટ થયા છે તેનો તેમણે ઇનકાર કરી હતો અને કહ્યું કે, થર્મલ સ્ટેશન ઉભુ કરવું એ કંઇ સહેલું કામ નથી અને અમે હાલ પોરબંદર ખાતે એક મોટું થર્મલ સ્ટેશન ઉભું કરીજ રહ્યા છીએ.

ઔદ્યોગિકરણ પાછળનાં હેતુ અથવા ઔદ્યોગિક વિકાસની શક્યતાઓ ધરાવતાં શહેરોમાં ઔદ્યોગિક વિસ્તારો વિકસાવનારી કોરપોરેશનો સ્થાપવાની દિશામાં પગલાં લેવાઇ રહ્યા છે.

અંગોલામાં ફિરંગી દમન સામે ભારતીય પ્રતિનિધિનો પ્રકોપ

યુનો: પોર્ટુગલની પશ્ચિમ આફ્રિકામાંની એંગોલા વસાહત માટેની ગયી સલામતી સમિતિમાં ચર્ચા થઈ તે પ્રસંગે, યુનો ખાતેના કાયમી ભારતીય પ્રતિનિધિ શ્રી સી. એસ. ઝાએ કહ્યું હતું કે આ પ્રશ્નને સલામતી સમિતિ સમક્ષ રજૂ કરવામાં ભારતે પણ ભાગ લીધો છે તે વાજબી ઠરાવે છે કે એંગોલામાં ભયાનક લોહિયાળ ચાલી રહ્યું છે અને ત્યાં જે કાંઈ બની રહ્યું છે, તેની બહાર અસર થાય તેમ છે.

તેમણે કહ્યું કે એંગોલામાં જે દુઃખદ વાતો બની રહી છે, તે ફક્ત માત્ર આઝાદી માટે ઝઝુમતા કરોડો માનવીઓ માટે અગત્યની છે, એટલું જ નહિ, પરંતુ વિશ્વશાંતિ માટે રાજકીય સ્વાતંત્ર્ય અનિવાર્ય વસ્તુ છે, તે સમજનારા માનવીઓ માટે પણ મહત્વપૂર્ણ છે.

શ્રી ઝાએ જાહેર કર્યું કે એંગોલાવાસીઓના આઝાદી સંગ્રામને જે રીતે સંસ્થાનવાદી પોર્ટુગલ દબાવી રહ્યું છે અને ત્યાં જે ક્રુરતાપૂર્ણ નીતિ અપનાવવામાં આવી છે તેની ભારત ઉપર ભારે અસર થઈ છે.

ભુલી શકે નહીં

તેમણે કહ્યું કે એંગોલાવાસીઓની આઝાદીની વાતનો અંત લાવવા માટે, પોર્ટુગલે સંપૂર્ણ યુદ્ધ આરંભ્યું છે એ હકીકતને આંતરરાષ્ટ્રીય પ્રેમી ભૂલી શકે તેમ નથી. યુનોનું એક સભ્ય રાષ્ટ્ર ત્યાં જ રક્તપાત ચલાવે છે, ખુલ્લી કતલેઆમ ચલાવે છે અને એક જાતીના નાગરિકોને વિદાયી દેવાને માટે ખુલ્લા મરણો ચલાવે છે, તે વસ્તુ કોઈ માનવ હદને ઓળંગી પહોંચી ગઈ છે.

પડકાર સમાન

શ્રી ઝાએ કહ્યું કે ત્યાંની પરિસ્થિતિ સ્ફોટક બની છે. આધુનિક યુગના બે ત્રણ મહત્વપૂર્ણ મુદ્દાઓ છે તેમાં સંસ્થાનવાદ પણ એક મુદ્દો છે, પરંતુ એંગોલામાં જે બની રહ્યું છે તે તો યુનોને નૈતિક પડકાર સમાન છે.

તેમણે કહ્યું કે પોર્ટુગલના મિત્ર રાજ્યોએ પોર્ટુગલનું દમન અટકાવવા માટે તેના ઉપર દબાણ લાવવું જોઈએ. પોર્ટુગલની સંસ્થાનવાદી નીતિને તેને મિત્રો તરફથી ટેકો મળે છે. પોર્ટુગલ 'નાટો'નું સભ્ય છે, તેથી તેને યુનોમાં ટેકો મળે છે.

શ્રી ઝાએ પોર્ટુગલના મિત્ર રાજ્યોને વિનંતી કરી કે એંગોલાની પરિસ્થિતિને 'સાચા સ્વરૂપ'માં જુએ અને આંતરરાષ્ટ્રીય સહકારથી આવી લોહીયાળ સંસ્થાનવાદી સરકારને તમારો સહકાર આપશો કે નહિ તે વિચારે.

હાર્દિક આવકાર

અમેરીકાની સરકારે પોતાની નીતિમાં ફેરફાર કરીને, સલામતી સમિતિમાં તેમજ મહાસમિતિમાં આફ્રો એશિયન ઠરાવને ટેકો આપ્યો છે, તેથી તેમની ફેરબદલી નીતિને ભારત સરકાર હાર્દિક આવકાર આપે છે.

સીલોનના પ્રતિનિધિ શ્રી વિલ્સ ગુણાવર્ધને કહ્યું કે આજના વાતાવરણમાં જે કાંઈ બની રહ્યું છે, તે વસ્તુ બનતી અટકાવવાને માટે કડક પગલાં તાત્કાલિક લેવા જોઈએ. જો એંગોલામાં પુરતા પગલા લેવામાં આવશે નહિ તો તેની અસર થશે અને તેમાંથી ઉભા થનારી રાજકીય બાબતોને કારણે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જોખમાશે.

સંસ્થાનવાદ સામેના બળો

નવી દિલ્હી: કેન્યા આફ્રિકન નેશનલ યુનીયન (કાનુ)ના મહામંત્રી શ્રી ટોમ મ્બોયાએ નૈરોબીમાં જણાવ્યું હતું કે મારી પ્રાર્થના છે કે સંસ્થાનવાદ સામે લડનારા તમામ ગોરા, અંગ્રેજો તેમજ ગોરા પ્રજાએ એટલા બળથી સંગઠિત થશે કે જે કચડી નાખશે.

શ્રી મ્બોયા યુગાન્ડામાંના ગોરા આગમના ગોરા નેતાઓ મિ. હુસીએ રેમરીંગ અને અમિત ઘોસ ઉજાગરાના માનમાં યોજાયેલા વિદાય સમારંભમાં બોલી રહ્યા હતા. આ સમારંભ આફ્રિકાના મુખ્ય પક્ષો (કાનુ) અને કાડુ (કેન્યા આફ્રિકન ડેમોક્રેટીક યુનીયન) એ યોજ્યો હતો. ગોરાના આ નેતાઓ પૂર્વ આફ્રિકાની સંસ્કૃતિ મુલાકાતે આવ્યા હતા.

શ્રી મ્બોયાએ પૂર્વ આફ્રિકામાંના પોર્ટુગાલ પ્રત્યે વફાદારી ધરાવતા ગોરા વાસીઓને ફરી ચેતવણી આપી હતી કે અમારા માર્ગમાં આવનાર કોઈ પણ સામે પગલાં ભરતાં અમે જરા પણ અંચકાશું નહિ.

બુક-કીપીંગ, ઇન્કમ ટેક્સ રીટર્ન્સ, સાલ્વન્સીસ, રેવન્યુ ક્લીયરન્સ અને ઇન્સ્યોરન્સ માટે મળો:

આર. વીઠ્ઠલ

૧૨ નાઈંસી માર્ક, ૭૮ માર્કેટ સ્ટ્રીટ, કૉર્નર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ, ફોન ૨૩-૨૫૪૪.

શ્રી નહેરૂના ખુન માટે એક સુવ્યવસ્થિત કાવત્રું

નવી દિલ્હી: દુર્ગાપુર ખાતે કોંગ્રેસ પ્રમુખ શ્રી સંજીવ રેડ્ડીના ખુનની કોશીષ કરનાર યુવાન વયના દુલાઈ રામને ગિરફતાર કરવામાં આવ્યા બાદ તેની પાસેથી મળી આવેલા કેટલાક પત્રો અને ડાયરીઓની વિગતો તપાસ્યા પછી સી. આઈ. ડી. ખાતાને આ દુલાઈ રામનો ઇરાદો શ્રી નહેરૂના ખુન માટે ગોડસેના જેવા કોઈ ઊંડા કાવત્રાના એક ભાગમાં પરિણામે તેવા સંજોગો લાગવા લાગ્યાં છે.

કેન્દ્રીય ગુપ્તચર દળ અને રાજ્યના ખુફી પોલીસ ખાતાએ હવે દેશમાંના કોમી ઝઘડાઓના પરિણામે અપરિચિત ઘણા પામેલા માનવામાં આવતા અને દેશ બહારનાં સાધનો પાસેથી જે કરવાની પ્રેરણા અને સહાય મળી હોવાનું માનવામાં આવે છે તેનું આ અંગેનું કામનું પકડી પાડવા માટેની કામગીરી સંગઠન બનાવી દીધી છે. આ સાથે વડા પ્રધાન શ્રી નહેરૂની સલામતી અંગેનાં પગલાં પણ વધુ કડક બનાવી દેવાયા છે અને તેમના પ્રવાસને જોખમમાં મુકી દે તેવા ભયને ખ્યાલમાં રાખીને તેમને ગુપ્ત રીતે ફરવા ફરવા દેવામાં પણ આવશે નહિ.

શ્રી નહેરુ દુર્ગાપુરથી આવી પહોંચ્યા ત્યારથી જ આ પગલાં કડક બનાવી દેવાયાં હતાં, તે પાલમ હવાઈ મથકે આવી પહોંચ્યા ત્યારે સલામતી દૃષ્ટીના અંદાજે ૧૦ સૈનિકોને પણ ઉભા રાખવામાં આવ્યા હતા.

શાસ્ત્રીયોજના સ્વીકારી લેવાનો અનુરોધ

શ્રી નહેરૂ

નવી દિલ્હી: વડા પ્રધાન શ્રી નહેરૂએ આસામની ભાષાના વિખવાદ માટેની શાસ્ત્રી ફોર્મ્યુલા નિરાંત પકાવવા માટે ઘણી જ સરસ હોવાનું જણાવીને આસામના અને ખાસ કરીને કાચારના લોકોને તે સ્વીકારવાની અપીલ કરી છે.

શ્રી નહેરૂ વધુમાં જણાવે છે કે શિલ્ચરના ગોલાઘાટ વગેરે ખાતે કાચારના લોકોની ઉગ્ર બનેલી લાગણી હું સમજી શકાય તેવી છે પરંતુ એ કરૂણ બનાવને આપણે તકરારી બાબત બનાવી જવાની નથી. આખરે તો લોકોએ શાંતિથી એકબીજાની સાથે રહેવાનું છે.

ઘણા દિવસની રજા ગાળવા માટે મનાલી ઉપડી જતાં પહેલાં વડા પ્રધાને પાલમના વિમાની મથકે પત્રકારો સમક્ષ ઉપરનું નિવેદન કર્યું હતું.

શ્રી નહેરૂએ જણાવ્યું કે શાસ્ત્રીજીએ સૂચવેલી ફોર્મ્યુલા ઘણી સરસ છે. વિધાનસભામાં સ્વીકારાયેલી લઘુમતીઓ, એટલે કે આસામની લઘુમતીઓને એ સંપૂર્ણ ભાષાકીય સ્વતંત્રતા આપે છે. શિક્ષણ અને વહીવટી ક્ષેત્રમાં તેમજ રાજ્યના વડા મથકો સાથેના તેમના સંબંધોમાં બંગાળીનો ઉપયોગ કરવાની તેમને સંપૂર્ણ સ્વતંત્રતા છે એનાથી વધુની અપેક્ષા કોઈ રાખી ન શકે.

મને લાગે છે કે નિરાંત થવા માટે સરસ ફોર્મ્યુલા છે. કમભાગ્યે લોકો લાગણીથી દોરવાઈ જઈને વાસ્તવિકતા માટે નહિ પરંતુ નહિ જેવી વાત માટે હઠીલો કરે છે અને તે પ્રશ્નના ઉકેલના માર્ગમાં અંતરાય નાખે છે.

મને સંપૂર્ણ ખાતરી છે કે શાસ્ત્રીજીએ સૂચવેલી ફોર્મ્યુલા અને પ્રાંતિક લઘુમતીઓના ભાષાકીય અધિકારોને સંપૂર્ણ રક્ષણ અપાયું છે વસ્તુત તેમને પ્રોત્સાહન અપાયું છે.

ટેકરીમાં રહેતા લોકોને પણ એ લાગુ પાડી શકાય ખરી? એવા એક પત્રકારના ઉત્તરમાં શ્રી નહેરૂએ જણાવ્યું કે વસ્તુતઃ તેની પોતાની રીતે તેને ટેકરી જાતિઓને પણ લાગુ પાડી શકાય.

શ્રી નહેરૂએ વધુમાં કહ્યું કે મને આશા છે કે નિરાંત થવા પક્ષો દરખાસ્તોને સ્વીકારશે. ખાસ કરીને કાચારના લોકોને હું અપીલ કરું છું.

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

નવ બનાવટ નાયલન, રેશમી તેમજ સુતરાઉ કપડ, ઝીણા બારીક અને પુરૂષો માટે ફેશન જાતના ઉલન જર્સી, પુલોવર, કારડીગન્સ અને બાળકો માટે—ફ્રોક, બ્લાઉઝ, સ્વેટર, સોક્સ વગેરે.

સ્ટોર લગતના માલ માટે તપાસ કરવા ભલામણ.

૩૩ ગ્રેસ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન : ૮૩૫-૬૭૯૧ — બોક્સ ૧૫૪૭

ઘાટને ઓવારે : કવિવર રવિન્દ્રનાથ ઠાકોરની એક અત્યંત મર્મસ્પર્શી કથા

★ ([illegible] શાહ) ★

મંદિરમાં દિન-પ્રતિદિન લોકો વધવા લાગ્યા. એક તો એ હતા સંન્યાસી અને તેમાં વળી હતું અનુપમ રૂપ. વળી કોઈની પણ અવગણના એ નહોતા કરતા. બાળકોને તો તેઓ પોતાના ખોળામાં બેસાડતા અને માતાઓને મનના સુખદુઃખની વાતો તેઓ પૂછતા. થોડા જ દિવસોમાં ઓળખાણના તેમની પૂજા જ ખ્યાતિ પ્રસરી ગઈ અને તેમાં તે પૂજવા લાગ્યા. તેમની પાસે પુરુષો પણ જવા આવતા. કોઈ દિવસ તેઓ 'ભાગવત' વાંચતા તો કોઈ દિવસ 'ગીતા'નું વ્યાખ્યાન કરતા. કોઈ દિવસ વળી મંદિરમાં બેસીને આતમતત્ત્વની સાધનામાં રહેતા. તેમની પાસે કોઈ ઉપદેશ સાંભળવા આવતું, કોઈ મંત્ર લેવા આવતું તો કોઈ વળી આવતું રોગની દવા લેવા. તેમના રૂપનું તો પૂછવું જ શું! એમ લાગતું કે સાક્ષાત મહાદેવજી માનવદેહ ધરીને પોતાના મંદિરમાં આવીને સાક્ષાત બિરાજ્યા છે.

સંન્યાસી દરરોજ પ્રભાતમાં વહેલા ઊઠી શુક્રના તારાની સાક્ષીએ ગંગાના પાણીમાં ગળા સુધી ડૂબકી મારતા અને ધીર ગંભીર સ્વરથી સંધ્યાવંદન કરતા ત્યારે મને કોલાહલ જેવો કલ્લોલ સાંભળવા મળતો નહિ. એમના એ ઈશ્વરને સંભળાતાં સાંભળતાં ગંગાના પૂર્વ કિનારાનું આકાશ ગુલાબી રંગ ધારણ કરી લેતું. વાદળોની કિનારી લાલ રંગથી રંગીન થતી. અંધકાર જાણે ખીલતી કળીની ઉપરની પાંદડીની માફક ફાટીને ચારે તરફ વેરાઈ જતો અને આકાશ તથા સરોવરમાં ઉષાકિરણોની લાલાશ ધીમે ધીમે પ્રસરવા માંડતી. ત્યારે આ મહાપુરુષ ગંગાના પાણીમાં ઊભા રહીને અને પૂર્વમાં દૃષ્ટિ રાખીને જે મહામંત્રો ઉચ્ચારી રહ્યા હોય અને તેમના એકેક શબ્દના ઉચ્ચારણની સાથે રાત્રીના અંધકારની માયા દૂર થવા લાગી હોય એમ સમજાતું. ચંદ્ર અને તારા પશ્ચિમમાં આથમતા જતા હતા અને પૂર્વાકાશમાં સૂર્યોદય થઈ રહ્યો હતો. આ પ્રમાણે જગત પરનું દૃશ્ય પલટાતું. આ કેવું હશે માયાવી! ગંગામાં ડૂબકી મારીને સંન્યાસી જ્યારે દેવમૂર્તિની માફક પોતાનું લાંબુ ગૌર પવિત્ર શરીર લઈને પાણીમાંથી બહાર નીકળતા ત્યારે તેમની જટામાંથી પાણી ટપકતું અને નૂતન સૂર્યનાં કિરણો તેના અંગ ઉપર પડીને પ્રતિબિંબિત થતાં.

આજ પ્રમાણે બીજા પણ કેટલાય મહિનાઓ વીતી ગયા. ચૈત્ર મહિનામાં સૂર્યગ્રહણના સમયે હજારો માણસો ગંગાસ્નાન કરવા આવ્યા. ઘાટ નીચે દુકાનો લાગી ગઈ હતી. તે પ્રસંગે સંન્યાસીના દર્શન માટે ગામેગામથી ઘણાં માણસો આવ્યાં. જે ગામમાં કુસુમનું સાસરું હતું ત્યાંથી પણ ઘણી બાઈઓ આવી હતી.

પ્રભાતનો સમય હતો. મારા પગથિયાં ઉપર બેઠા બેઠા સંન્યાસી જાપ જપતા હતા. તેમને જોતાં જ અચાનક એક સ્ત્રી પોતાની સહિયરનો ખભો દબાવીને બોલી ઊઠી: 'અલી એ, આ તો આપણી કુસુમનો વર લાગે છે.'

એક બીજી સ્ત્રી પોતાના ઘૂમટાને ઊંચો કરીને કહેવા લાગી, 'અરે, હા, આ તો આપણા ચટુજ્જેના ઘરના નાના બાબુ છે!' અને એક સ્ત્રી કે જે ઘૂમટનો બહુ આડંબર નહોતી રાખતી, તેણે કહ્યું: 'હા બહેની, તેના જેવું જ નાક છે અને તેના જેવી જ આંખ છે.' ત્રીજીએ સંન્યાસી તરફ જોયા વિના જ ઊંડો શ્વાસ લઈ ગાગરને પાણીમાં ડુબાડતાં કહ્યું, 'હાય! હવે એ ક્યાં છે! હવે શું તે ફરી કદી આવશે? કુસુમનું એવું ભાગ્ય ક્યાંથી?' ત્યારે વળી કોઈએ કહ્યું, 'તેને આટલી દાઢી નહોતી!', કોઈ બોલી, 'તે આટલા દૂબળા નહોતા.' તો કોઈ કહેવા લાગી કે, 'તે આટલો ઊંચો ક્યાં હતો!' આ પ્રમાણે વાતનો ફેંસલો થઈ ગયો અને બધી વાતો ત્યાં જ દબાઈ ગઈ.

ગામમાં લગભગ બધાએ સંન્યાસીનાં દર્શન કર્યાં હતાં! ફક્ત કુસુમે નહોતા કર્યાં. ઘણા માણસોની અવરજવર થવાથી કુસુમે મારી પાસે આવવાનું છોડી દીધું હતું. એક દિવસ સંધ્યાકાળ પછી પૂર્ણિમાનો ચંદ્ર આકાશમાં ઊગતાં જ તેને અમારો જૂનો સંબંધ યાદ આવી ગયો.

તે સમયે ઘાટ ઉપર કોઈ નહોતું. તમરાંનાં સંગીતનો તાન જામી રહ્યો હતો. મંદિરના ઘંટનો અવાજ પણ હમણાં જ બંધ થઈ ગયો હતો. તેના છેલ્લા ટકોરાના રણકાર અતિ ક્ષીણ બનીને પેલે પારના અસ્પષ્ટ વનરાજીની અંદર છાયારૂપ બનીને ભળી ગયાં હતાં. ધીમે ધીમે શુભ્ર જ્યોત્સ્નાનું સામ્રાજ્ય ચારે કોર સ્થપાઈ ગયું. મારાં પગથિયાં ઉપર ભરતીનું પાણી ઊછળીને છલછલ કરવા લાગ્યું.

કુસુમ આવી અને મારા ઉપર બેઠી. જાણે પડે તેમ બેસી ગઈ. હવા પણ બંધ થઈ ગઈ હતી, ઝાડપાન પણ સ્થિર બની ગયાં હતાં. કુસુમની સામે ગંગાના વક્ષસ્થળ ઉપર નિરાંત બનીને વિસ્તરેલી ચાંદની. કુસુમની પાછળ આજુબાજુ ઝાડપાનમાં, મંદિરની છાયામાં, તૂટીફૂટી મકાનની ભીંત પર સર્વત્ર ઝાંખી રેખાતી હતી. તળાવનો અંધકાર પોતાનું મોં છુપાવી અને દેહને સંકોરી બેસી ગયો. ઝાડની ડાળીઓ ઉપર ચામાચીડિયાં લટકી રહ્યાં હતાં. શિયાળિયાંઓના રુદનનો અવાજ જોરથી ગામની સીમમાંથી આવ્યો અને ગામ મોટી કૂતરાંઓએ સામો પ્રતિધ્વનિ કર્યો: થોડી વારે નીરવ શાંતિ પથરાઈ ગઈ.

સંન્યાસી મંદિરમાંથી ધીમે ધીમે બહાર નીકળ્યા. બે એક પગથિયાં ઊતરતાં જ તેમની નજર કુસુમ ઉપર પડી. એકાકી સ્ત્રીને આવા એકાંત સ્થાનમાં બેઠેલી જોઈને તેઓ પાછા ફરવાનું જ વિચારતા હતા, એટલામાં અચાનક કુસુમે તેનું મોં ઊંચું કરી પાછળ જોયું. તેના માથા ઉપરનો છેડો ખસી ગયો. ખીલતા પુષ્પ ઉપર જેમ ચાંદની પડે તેમ તેનું મોં ઊંચું થયું અને તેના ઉપર ચાંદની પથરાઈ ગઈ. તે જ ક્ષણે બંનેએ એકબીજાને જોયા. જાણે પૂર્વ જન્મની ઓળખાણ હોય એમ એકબીજાને તેઓ જોઈ રહ્યાં.

માથા ઉપરથી ઘૂ ઘૂ કરતું ઘુવડ ઊડી ગયું. તે અવાજથી ચોંકી જઈને કુસુમ સાવધાન બની ગઈ અને માથાનો છેડો સરખો કર્યો અને ઊઠીને સંન્યાસીના ચરણ કમળમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા.

સંન્યાસીએ આશીર્વાદ આપી તેને પૂછ્યું: 'તારું નામ શું છે બાઈ?'

'કુસુમ.'

તે રાત્રે વિશેષ કોઈ વાત થઈ નહિ. કુસુમનું ઘર નજીકમાં જ હતું. તે ધીમે ધીમે પોતાને ઘરે ચાલી ગઈ. તે રાત્રે સંન્યાસી ઘણીવાર સુધી મારા પગથિયાં ઉપર બેસી રહ્યા. અંતે પૂર્વનો ચંદ્ર જ્યારે પશ્ચિમમાં પહોંચી ગયો અને સંન્યાસીની પાછળનો પડછાયો પાછળથી આગળ આવી ગયો ત્યારે તે ઊઠીને મંદિરમાં ચાલ્યા ગયા.

આ પછીના બીજા દિવસથી હું બરાબર જોયા કરતો કે કુસુમ આવતી અને સંન્યાસીની ચરણરજ લઈ જતી. સંન્યાસી જ્યારે શાસ્ત્રચર્ચા કરતા ત્યારે તે એક તરફ બેસીને બધું સાંભળતી. સંન્યાસી પ્રાતઃસંધ્યા પૂર્ણ કરીને તેને ધર્મનો ઉપદેશ કરતા. કુસુમ પૂરું સમજી શકતી નહિ, પરંતુ ખૂબ ધ્યાનપૂર્વક ચુપચાપ બેઠી બેઠી બધું સાંભળ્યા કરતી. સંન્યાસી તેને જે ઉપદેશ આપતા તેનું એ અક્ષરશઃ પાલન કરતી. દેવ સેવામાં જરા પણ આળસ કરતી નહિ, પૂજા માટે ફૂલ ચૂંટતી અને ગંગાનું પાણી ભરી લાવી મંદિર ધોતી.

સંન્યાસી તેને જે જે ઉપદેશ દેતા તેનું મનન તે મારા પગથિયાં બેસીને કરતી. ધીમે ધીમે તેની દૃષ્ટિ વિશાળ બનવા લાગી. આજ સુધી જે તેને નહોતું સમજાતું તે હવે સમજાવા લાગ્યું. તેના ચહેરા ઉપર જે શ્યામ છાયા હતી તે અદૃશ્ય થઈ ગઈ, પ્રભાતના સૂર્ય પ્રકાશમાં જ્યારે તે ભક્તિભાવથી સંન્યાસીના ચરણોમાં આળોટી પડતી, ત્યારે દેવ ઉપર સમર્પિત થયેલા પૂજાના પુષ્પ જેવી તે દેખાતી હતી અને નિર્મળ પ્રસન્નતાથી તેનું સમગ્ર શરીર દેદીપ્યમાન બની રહેતું.

શિયાળાના ઊંડા દિવસો હતા. ઠંડી હવાની સાથે કોઈ કોઈ દિવસ સંધ્યાકાળની વેળાએ દક્ષિણ તરફથી વસંતનો વાયરો વાઇ જતો. ત્યારે

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!
શોધવું મટશે, ખોટું બચશે, ધક્કો ટળશે.
અમારે ત્યાં નીચેની બધીજ વસ્તુઓ મળે છે.
સ્ત્રીઓ માટે: સાડીઓ, સુંદર રંગના અને બીજા અનેક જાતની મળશે, રીબીનો પણ મળશે. ગરમ ઉનના જરસીઓ, ફુલીઓ, કાર્ડીગન, સ્કર્ટ, ચડ્ડી, સોક્સ વિ.
બાળકો માટે: નામવાળા કપડાં, ટોપી, જર્સીઓ, કોટ, સ્વેટર, ચડ્ડી, સોક્સ, નેપકીન્સ, [illegible], પેટીકોટ, નાઈટીસ, બીબ્સ, ટેબલ ક્લોથ, બાથ ટુવાલ વિ.
ઉત્તમ પરદેશી [illegible], રંગબેરંગી [illegible], ગાદી, વિ.
વેપાર માટે ચાંદી જેવા રંગ ના સ્ટેનલેસ સ્ટીલના વાસણો, [illegible]
વિલંબ શા માટે! સારો માલ વેચાઈ જતાં શી વાર!!
[illegible] આબરો હેટર્સ (પ્રા) લી.
(ભીખાભાઈ માસ્તર એન્ડ સન્સ)
[illegible] — [illegible], — પો. બો. [illegible].
માસ્તર સેલ્સરૂમ — ૩૩ ચેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

આકાશમાંથી આકાશનો ભાર હલકો દૂર થઇ ગયો. ઘણુ દિવસ પછી મારામાં ભરી થાગવા લાગી આશીર્વાદો પ્રવાહ માં નાવ ચલાવતી ઝૂલીને ડોલતા મારગ બંધ કરી, સ્થાન લેવાનાં ગીત ગાતાં લાગ્યાં પંખીઓ. પણ પરમ વિશ્વાસમાં આવી જઇને આ આગાથી તે માગી ઉપર કુદતાં કુદતાં સરસ જવાબ કરવા લાગ્યાં.

બસ જ હવે તેવી આવી ગઇ હતી. કે વસંતના વાયરાનો સ્પર્શ થતા જ આસ પાસનુ વનમાં પણ મોટો ફેરો યૌવનનો સંચાર થતા જાંડ્યો, મારા હૃદયની અંદરના એ નવયૌવનનો કમળમાળ બેઠીને જ મારા ઉપરની પ્રેમ તથા ઊર્માભિક ચેતનાઓતામાં પુષ્પ સી કળીઓ બની ગયા.

પણ હમણા કુસુમ કેમ દેખાતી નથી? કેટલાક દિવસોથી તે મંદિરમાં નથી આવતી સંન્યાસીની પાસે પણ હું હવે નથી જોતો. એટલામાં શું થઇ ગયું તેની મને કંઇ સમજ ન પડી.

કેટલાક દિવસો પછી એક દિવસ સવારના મારા જ પગથિયાં પર સંન્યાસી સાથે કુસુમની મુલાકાત થઇ.

કુસુમે નમસ્કાર કરી પૂછ્યું, 'પ્રભુ, આજે શું મને બોલાવી?'

'હા', સંન્યાસીએ અત્યંત પ્રેમપૂર્ણ પુછ્યુ, 'તું દેખાતી કેમ નથી? આજકાલ તું દેવસેવામાં આટલી બધી બેદરકાર કેમ બની ગઇ છે?'

કુસુમ ચુપચાપ ઉભી રહી.

'તારા મનની વાત તું મને સાફ કહે તો કાંઇક સમજાય.'

કુસુમે બે હેઠીને કહ્યું: 'પ્રભુ, હું પાપિણી છું તેથી જ આવી ઉપેક્ષા મારાથી થઇ રહી છે.'

સંન્યાસીએ અત્યંત પ્રેમપૂર્ણ સ્વરથી કહ્યું, 'કુસુમ, તારા હૃદયમાં અશાંતિ પેદા થઇ છે એમ મને લાગે છે' કુસુમ ચમકી ઉઠી તેને થયું કે સંન્યાસી એ ન જાણે કેટલુંય જાણી લીધુ હશે. તેની આંખો ધીમે ધીમે આંસુથી ભરાઇ આવી અને ત્યાં જ બેસી પડી પાલવથી મોઢું ઢાંકીને સંન્યાસીના ચરણો પાસે બેઠી બેઠી તે રડવા લાગી.

સંન્યાસીએ મોઢું પાછળ ખસેડીને કહ્યું, 'તારી અશાંતિની વાત તું મને સ્પષ્ટ રીતે કહે. હું તને શાંતિનો માર્ગ બતાવીશ.'

કુસુમે અતિશય અભિમાનથી સ્વરથી કહેવાનું શરૂ કર્યું, પરંતુ હમણા તો અટકી પડતી કમારો શું બોલવું તેની તેને સમજ ન પડતી તે બોલી. 'આપની મહાનિને આજ્ઞા કરી છે, એટલે મારી વાત હું જરૂર કહીશ, પરંતુ હું સારી રીતે કહી શકીશ નહિ. આપ તો મનથી બધું જાણો છો. એક પ્રભુ. એક અતિથી હું દેવતા ભાવક ગણીને સેવા કરતી હતી. તેની પૂજા કરતી હતી. તેમ તેમ આનંદથી મારું હૃદય પરિપૂર્ણ થઇ ગયું હતું. એક દિવસ રાત્રે મેં સ્વપ્નામાં જોયું કે તે મારા હૃદયના સ્વામી છે. પ્રભુ લાગ્યું કર્યાં, એક બકુલવનમાં બેસીને પોતાના હાથ હાથમાં મારો જમણો હાથ રાખી; તેઓ મને પ્રેમની વાતો સંભળાવી રહ્યા હતા, અને એ બાબત તદ્દન સ્વાભાવિક હોય તેવું જ મને લાગ્યું. સ્વપ્ન પૂરી થયું. તેના બીજા દિવસે જ્યારે મેં તેમને જોયા ત્યારે હું તેમને પહેલાંની દ્રષ્ટિથી જોઇ ન શકી. મારા મનમાં વારંવાર તેઓ સ્વપ્નની મૂર્તિ નાચવા લાગી. ડરની મારી હું દૂર ભાગી ગઇ, પરંતુ તેની છબી તો મારી સાથે ને સાથે જ રહી. ત્યારથી મારા હૃદયની અશાંતિ દૂર થતી નથી. પ્રભુ, મારા સર્વસ્વ અંધકારમય થઇ ગયું છે.'

કુસુમ જ્યારે આંસુ લૂછતી લૂછતી વાત કરી રહી હતી ત્યારે હું અનુભવી રહ્યો હતો, કે સંન્યાસીએ પોતાના જમણા પગથી મારો પથ્થર જોરથી દબાવી રાખ્યો હતો.

કુસુમની વાત પૂરી થતાં જ સંન્યાસીએ કહ્યું, 'જેને તેં સ્વપ્નામાં જોયો હતો એ કોણ છે? બતાવ!'

કુસુમે હાથ જોડી કહ્યું 'એ હું નહીં કહી શકું'

સંન્યાસીએ કહ્યું, 'તારા ભલા માટે જ હું તો તને પૂછું છું. માટે તે કોણ છે તે સાફ સાફ બતાવ.'

કુસુમે પોતાના કોમળ હાથને જોરથી દબાવી, હાથ જોડીને પોરસ કહ્યું, 'શું ખરેખર મારે કહેવું જ પડશે?'

સંન્યાસીએ કહ્યું, 'હા, કહેવું જ પડશે.'

કુસુમ તે જ ક્ષણે હાથ જોડીને બોલી ઉઠી 'તમે જ તે છો પ્રભુ!'

કુસુમના એ શબ્દો પોતાના કાનમાં જેવા પડ્યા તેવી જ તે મૂર્છિત થઇને મારી ગોદમા ઢળી પડી. પથ્થરની મૂર્તિની જેમ સંન્યાસી સ્તબ્ધ બનીને ઉભા રહ્યા.

બેહોશી દૂર થતાં કુસુમ ઉઠીને બેઠી થઇ ગઇ, ત્યારે સંન્યાસીએ ધીમે ધીમે તેને કહ્યું: 'મારી બધી જ આજ્ઞાઓનું તેં પાલન કર્યું છે. હજુ પણ મારી એક વધુ આજ્ઞાનું તારે પાલન કરવું પડશે. હું આજે જ અહીંથી જાઉં છું. હવે આપણી કદાપિ પણ મુલાકાત થશે નહિ. તું મને ભૂલી જજે ગોપ, આટલી તપસ્યા તું કરી શકીશ?'

કુસુમ ઉઠીને ઉભી થઇ ગઇ અને સંન્યાસીના મુખારવિંદ તરફ નિહાળીને ધીમા સ્વરથી બોલી, 'પ્રભુ, આપની આજ્ઞા અમારે શિરે.'

સંન્યાસીએ કહ્યું, 'તો હવે હું જાઉં છું.'

કુસુમે બીજું કંઇ પણ ન કહેતા મૂંગામૂંગાં તેમને પ્રણામ કર્યાં અને તેમની ચરણરજ લઇ પોતાના મસ્તક ઉપર ચડાવી.

સંન્યાસી દૂર દૂર ચાલ્યા ગયા, અને કુસુમ તેમને જતાં જોઇ રહી. 'તેઓ મને આજ્ઞા કરી ગયા છે, કે મારે તેમને ભૂલી જવા' એમ કહેતી તે ધીમે ધીમે પગથિયાં ઉતરીને ગંગાનાં પાણીમાં ઉતરી ગઇ.

નાનપણથી જેણે પાણીના કિનારા પર પોતાના દિવસોના દિવસો ગાળ્યા છે, તેને દુઃખને સમયે એ પાણી પોતાની ગોદમાં નહિ લે તો બીજુ કોણ લેશે!'

ચંદ્ર અસ્ત પામી ગયો. રાત્રી ઘોર અંધકારમય બની ગઇ. એકાએક પાણીમાંથી એક અવાજ મેં સાંભળ્યો. બીજું કાંઇ સમજી શકાયુ નહિ. અંધકારમાં હવા સુસવાટા મારતા વાતી હતી જાણે કશુ જોઇ ન જાય એટલા માટે સુસવાટાથી ફુંકથી આકાશના સઘળા તારાઓને બુઝાવી નાખવા ઇચ્છતી હોય એમ હવાના ફુંફાડા નથી પડતા અને મારા ખોળામાં જે રોજ બેસતી હતી તે આજ પોતાનો અલ્પાવતાર કરી નાખીને ચુપચુપ મારા ખોળામાંથી સરકી ગઇ, તેની તો મને ખબરેય ન પડી. (સંપૂર્ણ)

લોખંડ અને પોલાદ ઉદ્યોગ માટે સ્થપાનારૂં વેતન પંચ

નવી દિલ્હી સત્તાવાર રીતે જણાવા મળે છે કે લોખંડ અને પોલાદના ઉદ્યોગને માટે, ૭ સભ્યોના બનેલા પગારપંચની ટુંક સમયમાં નિમણુંક થનાર છે. ભારત સરકારના કામદાર ખાતાએ આ માટેની પ્રાથમિક વિધિ પતાવી દીધી છે.

આ પગાર પંચમાં કામદારોની સંસ્થાના બે અને માલિકોની સંસ્થાના બે પ્રતિનિધિ તેમજ બે સ્વતંત્ર સભ્યોની નિમણુંક કરવામાં આવશે.

રાતા સુકા મરચાં
૩૦ રતલી બેગ રાતા સુકા
મરચાની ૪૫/-
૩૦ રતલી પોકેટ સુકું લસણ ૧૮/-
૧ રતલ તાજુ લીલું લસણ
પોસ્ટેજ પેઇડ ૨/૬
ઓરડર સાથે રોકડા!
Maarmans (Pty) Ltd.
P. O Box 26, Phone 128
(Brits, Transvaal)

શિક્ષક જોઇએ છે
શ્રી રામકૃષ્ણ સેન્ટર બાળ મંદિર દ્વારા સંચાલિત ગુજરાતી શાળા માટે ગુજરાતીનું તથા હિંદુ ધર્મનું શિક્ષણ આપી શકે એવા શિક્ષકની જરૂર છે. લાયકાત તથા પગારની અપેક્ષા સહિત નીચેના સરનામે અરજી કરો.
સેક્રેટરી (મંત્રી)
શ્રી રામકૃષ્ણ સેન્ટર બાળ મંદિર
પો. ઓ. બોક્સ ૨૫૪,
બ્રીટસ,


શુભ પ્રસંગો માટે ભેટ!
સ્ત્રીઓ અને પુરૂષો માટે
ઘડીયાળ!
૧૭, ૨૧ અને ૨૫ જ્વેલનાં ઓટોમેટીક કેલેન્ડર.
- રોમર
- રોકરી
- સેટો
- રૂગર
વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.
ઉપરાંત પુરૂષોના શર્ટ સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.
હોલસેલ ભાવે મળશે
બોક્સ ૫૬૮૮, ફોન: ૮૩૫-૨૬૦૨.
વલ્લભભાઈ બી. પટેલની કું.
૪૪, માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

વિવિધ વર્તમાન

જાપાનમાંથી સોવીયેટે ઉભો કરેલો અમેરીકા માટે ભય

ટોકિયો: અહીં આવેલા સમાચારોમાંથી જાણવા મળ્યા પ્રમાણે જાપાનના મુખ્ય ટાપુઓની હદમાં આવેલા સખાલીન પર સોવીયેટે કેટલાક રોકેટ છોડવાના મથકો નાખ્યા છે આ મથકો તમામ પ્રકારનાં રોકેટો, જાપાન અને અમેરીકાના જાપાનમાંના રોકેટ મથકો પર છોડી શકાય એ પ્રકારે બંધાયેલા છે

આવું એક સોવિયેટ મથક તો જાપાની સરહદથી ૧૦૦ માઈલ દૂરના અનીવા ઉપસાગરની પાછળ આવેલું છે, જ્યારે બીજા મથકો સખાલીનની ઉત્તર પટ્ટી પર આવેલા ઓખા નજીક અમુક અંતરે છે અને તે સોવિયેટની મુખ્ય ધરતીના પૂર્વીય કિનારાની સામે સંધાયેલા છે, જેનો અર્થ એવો કરાય છે કે સખાલીન ખાતેનાં આ સોવિયેટ રોકેટ મથકો અલાસ્કા ખાતેના અમેરીકી રોકેટ મથકો પર મારો ચલાવી શકે.

કૃત્રિમ કાન અને આંખનું સર્જન

લેનિનગ્રાડ: કૃત્રિમ કાન અને આંખ બનાવવાનું કામ સોવિયેટ વૈજ્ઞાનિકોએ હાથ લીધું છે. આંખને કે કાનને પડતા ભાર ચાલતી સામે ઉભા થતા વિવિધ સિદ્ધાંતોનો વ્યાપક અભ્યાસ કરવા માટે આ કાર્ય કામ લાગશે. આ નમૂનાઓના પ્રાથમિક વિભાગો તૈયાર થઈ ચૂક્યા છે.

લેનિનગ્રાડમાં ભરાયેલી જ્ઞાનેન્દ્રિયોના અભ્યાસ અંગેની વૈજ્ઞાનિક પરિષદમાં આ અંગે જાહેરાત કરવામાં આવી.

પરિષદમાં ખાસ આગ્રહપૂર્વક જણાવવામાં આવ્યું કે ભવિષ્યમાં આ આંખ અને કાનના શરૂઆતના નમૂનાઓ વડે દૃષ્ટિ અને શ્રવણની ખોડવાળા વ્યક્તિઓને જોવા અને સાંભળવામાં સહાય થઈ શકે તેવા સાધનો સર્જી શકાશે.

ફીરંગીઓને હાંકી કાઢીને જ એંગોલાવાસીઓ જંપશે

લિઓપોલ્ડવીલ: એંગોલામાંથી દેશવટો ભોગવી રહેલા રાષ્ટ્રવાદી નેતા શ્રી હોલ્ડન રોબર્ટોએ એંગોલાની મુક્તિ સેના ફીરંગીઓ સામે મોટું ગેરીલા યુદ્ધ શરૂ કરવાની તૈયારીમાં છે. અમારી મુક્તિ સેનામાં ૫ હજારથી વીસ હજાર સશસ્ત્ર માણસો છે.

એંગોલામાં અમારો મુક્તિજંગ નિર્ણાયક તબક્કામાં પ્રવેશ્યો છે. દેશનો વિશાળ પ્રદેશ અમારા કબજામાં છે. આફ્રિકાના કેટલાક મિત્ર દેશો અમને આર્થિક સહાય આપે છે. અહીં માસની શરૂઆતમાં ફીરંગીઓએ હવે ત્રીસ હજાર માણસોની કતલ થઈ છે. અમારા દેશમાંથી ફીરંગીઓ ભાગ્યા નહીં અને અમને સ્વતંત્ર બનાવે ત્યારે જ અમે શાંતિ લેશું.

મોસ્કો જવા માટે કેનેડીએ કરેલી શરતો

ન્યુયોર્ક: ભૂતપૂર્વ પ્રમુખ આઈઝનહોવરના વ્હાઈટ હાઉસના મુખ્ય શ્રી જેમ્સ હેગાર્ટીએ રેડીઓ પરથી જાહેર કર્યું હતું કે પ્રમુખ કેનેડીએ રશીયાની મુલાકાત લેવાનું ક્રુશ્ચેવનું આમંત્રણ કેટલીક શરતો સાથે સ્વીકાર્યું છે એ શરતો નીચે મુજબ છે. (૧) જગતમાં તંગદિલી ચોક્કસ રીતે હળવી થવી જોઈએ (૨) અણુશસ્ત્રોના અખતરા પર પ્રતિબંધ મુકવા અંગેની પરિષદ તથા લાઓસ પરિષદમાં પ્રગતિ થવી જોઈએ

આંતરરાષ્ટ્રીય મજુર સંઘમાંથી દક્ષિણ આફ્રિકાને દૂર કરવાનું સુચન

જીનીવા: દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાકે ચાલુ રાખેલી દમનનીતિ સામે નાઈજીરીઆએ આંતરરાષ્ટ્રીય મજુર સંસ્થાને અરજી કરી છે કે એ પ્રજાસત્તાકને તેના સભ્યપદેથી દૂર કરવું. કેમકે દક્ષિણ આફ્રિકાનું પ્રજાસત્તાક સભ્યપદે ચાલુ રહે એ સંસ્થાના સર્વોત્તમ હિતની વિરૂદ્ધ છે.

સિલોન સરકાર શિક્ષણ વેરો નહીં નાખે

કોલંબો: સિલોન સરકારે શિક્ષણ વેરો નાખવાની દરખાસ્ત પડતી મૂકી છે. શિક્ષણના વિકાસ માટે વેરો નાંખવાનો ઠરાવ રજુ રખાયો હતો. સરકારના સરકારી પક્ષના સચેતકે જણાવ્યું હતું કે આ વેરાથી મફત કેળવણીની યોજનાનો ધબડકો વળી જાય.

સેટલરોને કોઈ ગેરન્ટી અપાશે નહિ

કેનીયા સરકારના ખાતા વ્યાપાર પ્રધાન અને કાનુ પાર્ટીના એક મોવડી ડૉ. કીઆનોએ પોતાના મતદાર વિભાગમાં કેટકેલ ખાતે બોલતાં જણાવ્યું છે કે કેન્યાના આફ્રિકન નેતાઓ યુરોપીયન સેટલરોને કોઈ પણ જાતની ખાત્રી ગેરન્ટી આપવાના નથી.

કાસાબ્લેન્કા કોન્ફરન્સમાં ટોમ મ્બોયા

આફ્રિકન દેશોની કોન્ફરન્સ કાસાબ્લાન્કામાં મળે છે તેમાં ભાગ લેવા કાનુના જનરલ સેક્રેટરી શ્રી ટોમ મ્બોયા નૈરોબીથી ઉપડી ગયેલ ટોમ રસ્તામાં તેઓ રોમ ખાતે રોકાયા હતા. આ કોન્ફરન્સમાં આફ્રિકન રાજકીય એકતાનો સવાલ ચર્ચાવાનો છે.

ન્ગાલા સામે યોજાયેલ કાવતરૂં તે અંગે થયેલી ધરપકડ

મોમ્બાસા અને નૈરોબીમાંથી કેટલાક માણસોને શોધી શોધીને પકડવામાં આવ્યા છે કાડુના પ્રેસીડન્ટ અને હાલની સરકારના મોવડી મી. ન્ગાલા પર હુમલો કરવાની યોજના કરવા અંગે આ ધરપકડ કરવામાં આવી છે.

ધારાસભાની બેઠકમાં કેનીઆના સુરક્ષા મંત્રી મી. સ્વાને આ બાબતમાં સ્ટેટમેન્ટ કરતાં જણાવ્યું હતું કે મોમ્બાસા ખાતે કાનુની શાખાના સેક્રેટરી મસાઉ કીમાન્ગુ આ કાવતરામાં સંડોવાયેલ હોવા તેને પકડીને લામુ ખાતે અટકમાં રાખવામાં આવ્યો છે.

મોમ્બાસાની કાનુ શાખાના મોવડી મી. ઓકોવેએ એવો સવાલ ઉઠાવ્યો હતો કે કીમાન્ગુનો કેસ ચલાવ્યા વીના જ તેને પ્રતિબંધીત અવસ્થામાં રખાયેલ છે

મી. સ્વાને જણાવ્યું કે મી. ન્ગાલા સામે કાવતરૂં કરવાની યોજના અંગે કેટલાક માણસોની મોમ્બાસા અને નૈરોબીમાં ધરપકડ કરવામાં આવી તે વખતે કીમાન્ગુની પણ ધરપકડ કરવામાં આવી હતી કારણ તે પણ એ કાવત્રામાં સામેલ હતો.

જન્મ જાત ભારતીયો માટે બ્રહ્મદેશમાં ભારે હાલાકી

રંગુન: રંગુનની સેન્ટ્રલ જેલમાં સો એકલા ભારતીય, પાકીસ્તાની અને ચીની નાગરિકો કેટલાક દિવસથી [illegible] રોકી રહ્યા છે. વિદેશીઓનું રજીસ્ટ્રેશન સર્ટિફીકેટ નહિ ધરાવવા બદલ અને વિદેશીઓ તરીકે પોતાનાં નામો નહિ નોંધાવવા બદલ આ બધાને કાયદા હેઠળ તેમને સખતપણે અટકમાં રાખવામાં આવેલા છે.

આ કિસ્સામાં નોંધપાત્ર બીના એ છે કે અટકાયત હેઠળ રહેલા મોટા ભાગના માણસો હીંદી વંશના છે અને તેઓ બ્રહ્મદેશમાં જ જન્મ્યા તથા ઉછર્યા છે. તેમણે ભારત જોયું પણ નથી અને કેટલાક તો સાત વર્ષથી અટકાયતમાં છે અને વખતોવખત ફરિયાદો કરી રહેલા છે.

આમાંના કેટલાક માણસો પાસે ભારતનો પાસપોર્ટ નહિ હોવાથી તેમને બર્મી સરકાર દેશનિકાલ કરી શકતી નથી, જ્યારે ભારતીય એલચી ખાતુ તેમને પાસપોર્ટ નથી આપતું કેમકે તેઓ હીંદી વંશ હોવા છતાં ભારતના નાગરિક ધારા હેઠળ ભારતીય નાગરિકો નથી

આ સંજોગોમાં અટકાયત હેઠળ રહેલા માણસો ભારત સરકાર તરફ આશાની મીટ માંડી રહ્યા છે અને ઈચ્છે છે કે કાયદાનું બંધારણ શિથિલ કરી તેમને ભારત આવવાની પરવાનગી અપાય.

થાઈલેંડમાં મળી આવેલી બુદ્ધ, નાગ, ગરૂડની મુર્તિઓ

રાજપુરી શહેરમાંથી તાજેતરમાં બુદ્ધનાં શીર, નાગ તથા ગરૂડની મુર્તિઓ પણ મળી છે આ અવશેષો ૧૨૦૦ વર્ષ જુના હોવાનું મનાય છે, આ નવી શોધથી થાઈલેન્ડમાં બુદ્ધ ધર્મના ફેલાવા અંગે નવો પ્રશ્ન પેદા કરે છે.

વર્તમાન માન્યતા મુજબ થાઈ બુદ્ધ વાદની સ્થાપના નાકોન પાથોમ ખાતે થઈ હતી, પરંતુ ફાઈન આર્ટસ ડીપાર્ટમેન્ટના નિષ્ણાતોના જણાવવા મુજબ આ બુદ્ધના શીર ભારતની પ્રતિમાઓની યાદ આપે છે વળી મળી આવેલા કેટલાક સિક્કા પર સંસ્કૃત ભાષામાં વિગત લખેલી છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ આ શહેરમાં માત્ર હિંદીઓ રહેતા હતા. આ અંગે વધુ સંશોધન કરાશે. બેશક! નાણાકીય મુશ્કેલી છે, આમ છતાં પણ અમેરિકા એલચી કચેરી બંધ પુરાતત્વ સંશોધનમાં રસ ધરાવતા કોઈ અમેરીકાની મદદથી વધુ સંશોધન હાથ ધરાશે.

—લીઓપોલ્ડવીલ: કોંગો ખાતેના યુનોના સૈન્યોમાં પોતાનાં સૈન્યો મોકલનાર રાષ્ટ્રોની એક પરિષદ યોજવાના ઘાનાના પ્રમુખના સુચન અંગે ભારતના વડા પ્રધાન શ્રી નહેરૂએ જણાવ્યું છે કે આવી પરિષદ યોજવા કરતાં તો આપણે યુનો સાથે જ સંપર્ક ચાલુ રાખવો યોગ્ય લેખાશે.

ખાસ દરખાસ્ત: હિંદની અગરબત્તી
(વહાણમા આવેલો તાજો માલ)
કિસમસ અને નવા વરસ માટે આવેલો તાજો માલ અમે સહર્ષ જનતા સમક્ષ રજુ કરીએ છીએ.
અગરબત્તી-ડેસબોર્ડ-પ્લાસ્ટીક, રોલ્ડગોલ્ડ અને ચાંદીની બંગડીઓ.
નવીન પરિધાન અને ભાતભાતની ચોળી ટીકડીઓ, ડાયમેન્ટીસ અને સાલર. જુદાજુદા વાસણો અને ફેન્સી ગુડસ.
ટ્રેડરો અને હોકરો માટે અમે ખાસ ભાવ રાખીએ છીએ અને ખાસ ધ્યાન પણ આપીએ છીએ. આપ જ્યારે આવતે વખતે ડરબન આવો ત્યારે અમારી મુલાકાત લ્યો.
એ. કે. હુસેન એન્ડ સન્સ
ડાયરેક્ટ ઈમ્પોર્ટર્સ અને હોલસેલ મરચન્ટસ
૧૧૧ ક્વીન સ્ટ્રીટ, — (પ્રિન્સેસ બીલ્ડીંગ) — ફોન [illegible] — ડરબન.
ભાવપત્ર માટે લીસ્ટ મંગાવો.

ટુંકી વાર્તા

જીંદગીનાં તુફાન

મીસીસ દોલત અઝીઝ લાલાણી

(ગયા અંકથી ચાલુ)

આશાને ઉષાની મુલાકાત થઈ હતી પણ શેખર કદી આશાને મળ્યો ન હતો. એક દિવસ શેખર કંઈ વાંચી આવતા હોસ્પિટલમાં દાખલ થયો. આશા તેની પુરતી સંભાળ રાખતી નર્સ તરીકે તેનું ધ્યાન રાખતી પણ ઓળખતી ન હતી. શેખર આશાને જોતો ને કોઈ નવા પ્રકારની લાગણી અનુભવતો. આશા પણ અનાયાસે તેના તરફ ખેંચાઈ. શેખરે કહ્યું નહિ કે પોતે પરણેલો છે, ને બન્ને ખૂબ નજદીક આવતાં ગયા, જ્યારે તે સાજો થઈ ને ઘરે આવ્યો ત્યારે પ્રણયના રંગો લઈને આવ્યો. હવે શેખર તેના ઘરે પણ જવા લાગ્યો. ઉષા કંઈ જાણતી ન હતી.

એક દિવસ આશાની માતા ઘરે ન હતી ને આશા નાઈટ ડ્યુટી પર જવાની હતી. ને શેખર તેના ઘરે ગયો બન્ને વાતોમાં ખોવાઈ ગયા. આશા બોલી 'શેખર, તમે મને છેતરશો તો નહિ ને?' મનમાં મૂંઝાતો શેખર બોલ્યો, 'આશા, આ માટે તને ડર લાગે છે?' આશા ખુશ થઈ ગઈ. તેને બિચારીને શું ખબર કે આ તો રાત પોતાને ડુબાડવાની આગ છે.

તે ખુશીની મારી શેખરની નજીક આવી અને તેને ગાઢ ચાહે ભાન આવ્યું. આશા ગભરાઈ, હાય આ શું થઈ ગયું? અને શેખર ચાંપી ચાલ્યો ગયો.

આમ તેઓ મળતાં રહ્યાં એક દિવસ શેખર ને આશા વાતો કરતા હતા. વાતમાં ને વાતમાં આશા બોલી, 'શેખર હવે જલદી આપણે લગ્ન કરી લેવાં જોઈએ.'

'કેમ આટલી ઉતાવળ આવી છે?'

'હા, શેખર, હવે જલદી કરવું જ પડશે કારણ કે મા...'

'આશા,' શેખર બોલી ઉઠ્યો.

'કેમ, ગભરાવ છો? આપણે જલદી લગ્ન કરી નાખશું.'

'પણ, પણ, આશા...'

'શું? તમે જાણો છો કે આ વાતની મારા માબાપને ખબર પડશે ત્યારે મારા શું હાલ કરશે?'

'આશા હું તને કાલે જવાબ આપીશ.' કહીને શેખર ચાલ્યો ગયો. બીજે દિવસે ઉષાને કંઈ પાઠ આવડતો ન હોવાથી તે આશાને ઘરે આવ્યો. આશા પ્યારથી તેને સમજાવતી રહી હતી. ત્યાં શેખર આવ્યો—ઉષાને જોતાં તે ચમક્યો, 'ઓહ ઉષા, તું અહીં શા કરે છે?'

'શેખરભાઈ, આજે પાઠ જરા આકરો હોવાથી પૂછવા આવ્યો હતો.'

ત્યાં આશા બોલી, 'અંદર આવો ને?'

'હું પછી આવીશ.' અને શેખર મનમાં અકળામણ અનુભવતો ચાલતો થયો. તેના ગયા બાદ આશાએ પુછ્યું. 'ઉષા, તું તેમને ઓળખે છે?'

'હા, દીદી આ માટે ન ઓળખું! તે મારા બનેવી છે, ઉષા દીદીના પતિ.'

'શું! ઉષા દીદીના પતિ! હાય ભગવાન.' અને આશા બેહોશ થઈને ઢળી પડી.

'દીદી, શું થયું? આ માટે ગભરાઈ ગઈ?' અને ઉષા ગભરાતો ગભરાતો ઘરમાં દોડ્યો, ને આશાની માતાને બોલાવી લાવ્યો. તેની મા હાંફળી ફાંફળી દોડી. બેટા શું થયું? અને તેઓ ઉપચારો શરૂ કર્યા. પણ આશા ભાનમાં આવી નહીં. આખરે તેમણે ડોક્ટરને બોલાવ્યા ડોક્ટરે તપાસ કરી ને જાહેર કર્યું કે 'જલદી ભાનમાં આવે તો સારું નહીં તો બાળકને હાનિ થવાનો સંભવ છે.'

'હેં! બાળક! કયું બાળક!' આશાની મા સમજી ન શકી.

'કેમ આ બહેન ગર્ભવતી છે ને કોઈ આઘાતથી બેભાન થઈ ગઈ છે.' અને માતાના શિર પર જાણે આભ તૂટ્યું. તેઓ ગભરાઈ ગયાં કે આ ભાવશે સમજી ગયા ને તેમણે ચાલતી પકડી. ચાર કલાકે હાથ દશ બેસી પડ્યો 'હાય, શું છોકરીએ નાક કપાવ્યું! મરી જાય, હવે તેને ભાનમાં લાવવાની જરૂર નથી આવી દીકરીને બચાવવી ન પડે તેની જરૂર છે.'

'હવે તમે ચૂપ રહી શકશો? શું ખબર કોણે મારી પુત્રીને બરબાદ કરી!' અને તેણે ઉપચારો શરૂ રાખ્યા.

પણ બે કલાક બાદ આશાએ પ્રાણ છોડ્યો.

મા રડી ઉઠી. ઉષાને ખબર પડતાં તે માને તથા દીદીને ખબર કરવા દોડ્યો. ઉષા પાસે પહોંચતાં જ તે ખૂબ જોરથી રડી પડતો બોલ્યો 'દીદી, દીદી ગજબ થઈ ગયો આશા દીદી મૃત્યુ પામી ગઈ.'

શેખર ચમક્યો, 'શું? આશા સ્વર્ગે સિધાવી ગઈ?'

'કેમ તમે એને ઓળખો છો!' ઉષાએ પુછ્યું?

'ના, ના અમસ્તું. તેણે હોસ્પિટલમાં મારી સારી સારવાર કરી હતી.'

અને તે ખુરસીમાં ફસડાઈ પડ્યો. તેને પસ્તાવો થયો, શું એક નિર્દોષ ફુલ પોતાના હાથે કરમાઈ ગયું? અને એ આઘાત તે ન સહી શક્યો ને રડી પડ્યો.

ઉષાએ આ જોયું તેણે દોડીને પાણી આપ્યું.

'ઉષા, ઉષા મને માફ કર હું ગુનેગાર છું.'

'પણ શું છે? આ માટે ગુનેગાર છો?'

'હું શું કહું ઉષા, આશાના મોતનું કારણ હું છું. ઉષા, ભગવાન મને માફ નહીં કરે. એક ફુલને મેં કચરી નાખ્યું છે.' આમ શેખર કલ્પાંત કરવા લાગ્યો.

ઉષાએ સાંત્વન આપ્યું, 'શેખર જે બનવાનું હતું તે બની ગયું. હવે રડ્યે શો ફાયદો થવાનો છે? ભૂલ તો દરેકની થાય છે.'

'ઉષા, શું તને મારા પ્રત્યે નફરત નથી થતી? તું આ માટે મને ધિક્કારતી નથી? હું ધિક્કારને પાત્ર છું.'

'હું આ માટે ધિક્કારું? મને રંજ એક વાતનો જ છે કે આપણા જીવનમાં એક યુવતી ખપી ગઈ.'

'ઉષા, હવે કદી ભૂલ નહિ કરું. આજે મને તારામાં દેવીનો વાસ દેખાય છે. ઉષા મેં તને ખૂબ દુભાવી છે. હું હવે તને સુખી કરી શકીશ. કારણ કે આશાને પાછી જીવતી નહિ કરી શકું.' અને તે આંસુ વહાવી રહ્યો.

(સંપૂર્ણ)

સેલ હિંદી રેકોર્ડો હવે વધુ સસ્તાં
હિંદી ફીલ્મી રેકોર્ડો કેવળ શી. ૫-૦ નંગ.
નાચ ઘર, નેક ખાતુન, નયા આદમી, ધી. ઓફસ, હાતિમ તાઈ.
ઈસ્માઈલ આઝાદ, દોસ્ત મોહમદ, યુસુફ આઝાદ, શેકલાલ અને બીજા જાણીતા કવ્વાલોના રેકોર્ડો શી. ૪-૦ નંગ.
સી. ઓ. ડી.ના ઓર્ડરો અમે લઈએ છીએ.
નેશનલ રેકોર્ડ કંપની
શોપ ૨, અજમેરી આરકેડ, ઓફ ૧૭૭ ગ્રે સ્ટ્રીટ,
પી. ઓ. બોક્સ ૧૫૭૪, — ડરબન ફોન: ૨૧૫૫૮.

બી-આઇ
મુંબઇ કરાંચી અને ઇસ્ટ આફ્રીકાના બંદરો વચ્ચે મુસાફરી કરે છે.



બ્રીટીશ ઇન્ડીયા સ્ટીમ નેવીગેશન કું.
સ્ટીમર કરંજા ૧મી જુલાઇ ૧૯૬૧ના આવશે અને
કરાંચી થઇ મુંબઇ જવા ૬ઠ્ઠી જુલાઇ ૧૯૬૧ના ઉપડશે.
મુંબઇ અથવા કરાંચીનું ભાડું.
ખોરાક સાથ
ફર્સ્ટ કલાસ પા. ૨૨૭-૧૫-૦
સેકન્ડ કલાસ પા. ૭૮-૧૦-૦
થર્ડ કલાસ ખોરાક સાથે પા. ૩૪-૧૫-૦
થર્ડ કલાસ ખોરાક વગર પા. ૩૪-૧-૦
વધુ માહિતી માટે મળો યા લખો:
શેખ હિમેદ એન્ડ સન્સ
(પ્રાઈ. લીમીટેડ.)
૬૯૦ પાઇન સ્ટ્રીટ,—ડરબન.
ટેલીફોન: ૨૦૪૨ — ટેલીગ્રાફીક એડ્રેસ "કરામત."

સામાજીક ખબરો

શ્રી ટ્રાંસવાલ પ્રજાપતિ એસોસીએશન

"શિક્ષિત ભાઇઓનો સત્કાર"

તારીખ ૨૫-૬-૬૧ને રવિવારે સવારે ૧૦ વાગે શ્રી ટ્રાંસવાલ પ્રજાપતિ એસોસીએશનની એક ખાસ સભા મેયફેર મુકામે મળી હતી. તેમાં જોહાનીસબર્ગ, પ્રીટોરીઆ, વીટબેંક, રસ્ટેંબર્ગ, સ્ટાનરટન, ડાયલ, ક્રિનરોસ વગેરે સ્થળના તેમજ મેયફેરના ભાઇઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રમુખ શ્રી દેવાભાઇ કાનજીભાઇએ, સ્વદેશથી તાજેતરમાં ડોક્ટર થઇને પાછા ફરેલા શ્રી રશિકકાન્ત દેવજીભાઇ મોઓ M.B.B.S.D.C.H. તથા શ્રી ખંડુભાઇ નાગરજી જેઓ આ દેશના પ્રજાપતિઓમાં સર્વપ્રથમ બેચલર ઓફ એન્જીનીયરીંગની (B.E.) ઉપાધિ પ્રાપ્ત કરનાર છે. તેમનો લંબાણથી પરિચય આપ્યો હતો. એસોસીએશનના મંત્રી શ્રી વિઠ્ઠલદેવ રતનજી ભાઇઓએ બન્ને ભાઇઓને સંબોધીને અભિનંદન માનપત્રો વાંચી સંભળાવ્યા હતા. તે પછી સ્વદેશ વધુ અભ્યાસાર્થે જનાર વિદ્યાર્થી દેવલ ડાહ્યાભાઇનો વિદાય સત્કાર કરવામાં આવ્યો હતો. તે પછી સભામાં હાજર રહેલા ભાઇઓએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર બન્ને ભાઇઓને અભિનંદન આપ્યા હતા. તેના જવાબમાં બન્ને ભાઇઓએ સત્કાર કરવા બદલ મંડળનો આભાર માન્યો હતો. શ્રી ખંડુભાઇએ શ્રી દેવજી અને બાળમંદિરની આર્થિક પરિસ્થિતિ પર ભાર મૂક્યો હતો. ડૉ. શ્રી રશિકાન્તભાઇએ એમની સિદ્ધિ પાછળ એમના સ્વજનોએ આપેલા ભોગનું સવિસ્તર વર્ણન કર્યું હતું. અને એ ઋણ અદા કરવા પોતાનાથી બનતી સેવા કરવાનું વચન આપ્યું હતું. છેવટે ૨-૧૫ કલાકે વંદે-માતરમના ગીત સાથે સભા બરખાસ્ત થઇ હતી.

ૐ શાંતી! શાંતી! શાંતી!!

રૂડીપોર્ટમાં સમારંભ

રૂડીપોર્ટ જુનીયર હાઇસ્કૂલના પ્રીન્સીપાલ અને રૂડીપોર્ટ હીંદુ સેવા સમાજના અગ્રણી સભ્ય ભાઇશ્રી દેવતરાય દેસાઇ પરદેશ ગમન કરતાં હોવાથી તેમના માનમાં એક સમારંભ સમાજ હોલમાં તા. ૧૮-૬-૬૧ના યોજવામાં આવ્યો હતો. શ્રીયુત દેસાઇનું ગુલહાર થી સ્વાગત કરી સમાજના પ્રમુખે એમની સેવાની કદર કરી હતી. બીજા વક્તાઓમાં સેવાભાઇ લલ્લુભાઇ, ગોવિંદભાઇ પટેલ, કાન્તીલાલ નાયક અને હરીભાઇ પટેલ હતા. શ્રી દેસાઇએ ગુજરાતી ભાવભીના શબ્દોમાં આભાર માન્યો હતો. પ્રાર્થનાને શાન્તીપાઠ બાદ સભા વિસર્જન થઇ હતી.

લુઇસટ્રીખાર્ટ નિવાસી બે સંસ્કારી મહાનુભાવોના ભારતમાં થયેલાં અવસાન

શ્રી ઉમાશંકર ભાઇચંદ મહેતા ભારતથી આ દેશમાં પ્રથમ પૂજ્ય શ્રી મહાત્મા ગાંધીજી સાથે આવ્યા. અને કેટલાંક વર્ષની સાથે સેક્રેટરી તરીકે રહ્યા. વખત જતાં તેઓ લુઇટ્રીખાર્ટમાં આવી સ્થીર થયા, અને અહીં લગભગ ૫૦ વર્ષ રહ્યા. તેઓએ મહેતા-બ્રધર્સ એન્ડ સન્સની જાણીતી પેઢીની શરૂઆત કરી, સારી સમૃદ્ધ હાલતમાં મુકી તેઓ પાંચ વર્ષથી ભારત તેમને પત્નિ સાથે નિવૃત જીવન વ્યતિત કરતાં હતાં.

તેઓ પોતાની પાછળ તેમના પત્નિ, શ્રીમતી ઇચ્છાબેન, અને ચાર ચાર પેઢીના સંતાનો મુકી તેમની હાજરીમાં શાંતિથી મુંબઇ ખાતે તા. ૫-૨-૬૧ના રોજ ઉંમર વર્ષ ૮૦ની સ્વર્ગવાસ પામ્યા છે પ્રભુ તેમના આત્માને ચિર શાંતી, આનંદ અને સુખ મળી રહે એ આપણી સૌની નિરંતર પ્રાર્થના હો.

* *

શ્રી અમરશી ગોકળદાસ પોરબંદર નિવાસી મહાત્મા ગાંધીજી સાથે પ્રથમ આ દેશમાં આવ્યા. નાટાળ થોડી પ્રીટોરીયામાં થોડો વખત ગાળ્યા, છેવટે લુઇટ્રીખાર્ટ ખાતે આવ્યો પચાસ વર્ષ ઉપર સ્થીર થયા અહીં એ ગોકળ એન્ડ સન્સ નામની પેઢીની શરૂઆત કરી. તેને ગ્રેટ નોર્થ ડીસ્ટ્રીબ્યુટર્સ પ્રોપાયટરી લીમીટેડ નામની સમૃદ્ધ પેઢી બનાવી થોડા વર્ષોથી સ્વદેશમાં નિવૃત જીવન વ્યતીત કરતાં હતા.

છેલ્લા ત્રણ વર્ષ પહેલા આ દેશમાં ફરવા આવ્યા હતા, એઓ પોરબંદર ખાતે તા. ૧-૬-૬૧ના દીને પોતાની પાછળ ચાર પેઢીના સંતાનો મુકીને ૮૦ વર્ષની ઉંમરે શાંતિથી સ્વર્ગવાસી થયા છે.

એમની પેઢીની શાખાઓ જોહાનીસબર્ગ, ઉલાંગોગાખાલે, અને પોરબંદર ખાતે ચાલે છે. એમના સંતાનોની એ નિરંતર પ્રાર્થના રહે કે પ્રભુ તેમના પુણ્યશાળી આત્માને ચિર શાંતિ અને સુખ મળી રહે.

* *

તા. ૫-૬-૬૧ના રોજ શ્રીમતિ પ્રભાબહેન નાથુભાઇ નાગરના પિતાશ્રી સ્વ. નરોત્તમભાઇ અને બે ભાઇઓના સ્વર્ગવાસી આત્માને શાંતિ અર્થે હવન કરવામાં આવ્યો હતો.

સાભાર સ્વીકાર:

સ્વ. નાથુભાઇ કાશીરામના સ્મરણાર્થે, ડેપટાઉન શી. ૫-૦, શ્રીમતી પ્રભાબહેન નાથુભાઇ, ડેપટાઉન શી. ૧૦-૦

હજ પ્રસંગો માટે

અમને મળો.

સુરતી જમણના અમે સ્પેસ્યાલીસ્ટ છીએ.

શ્રી રમઝાનની અંગત દેખરેખ નીચે મુસ્લીમ અને હિન્દુસ્તાનીના કોઇ પણ પ્રસંગમાં તમારે મુકામે આવી રસોઇ કરવાનો અમે કન્ટ્રાક્ટ લઇએ છીએ.

કેપીટન્સ બાલ્કની હોટેલ

(ધી કોર્નર મીઠાઇ હાઉસ)

ગ્રે અને વિક્ટોરીયા સ્ટ્રીટના ખુણા ઉપર – ડરબન.

ફોન નંબર ૨૩૪૧૪ ટેલીગ્રામ; KAPITAN,

આદુ, લસણ બજાર ભાવ, નારીએળ નં. ૧ શી. ૧-૦, બેગ (નંગ ૧૦૦) શી. ૧૦-૦.

દુકાન દાર માટે બાંધવાના ન્યુઝપેપર બજાર ભાવ,

બટાકા, ડુંગરી (લાલ), સુકા લાલ મરચાં, સુકા ધાણા, સુકા જીરા (ઝીણા), સીનેરી રંગનો તેલ, તેમજ બધી જાતના મરી મસાલા વિગેરે હમેશાં સ્ટોકમાં રાખીએ છીએ. હળદર અને મેથી પણ બજાર ભાવ, પોસ્ટેજ નહીં

દુકાન, ટ્રાન્સવાલ, આગ્રા બજાર અને બીજી બજારની જાહેરાત માટે જાણો

રોડેશીયા, ન્યાસાલેન્ડ અને બેસુટોલેન્ડ દેશોના ઓર્ડરો ઉપર ખાસ ધ્યાન આપી કોઇ પણ જાતનું ખરાબ ન થાય તેમ મોકલશું.

All prices subject to Market fluctuations.

A. KADER & Co., (PTY) LTD.

WHOLESALE FRUIT MERCHANTS

P. O. Box 251. DURBAN

ધીરૂભાઇ પી. નાયક

બુકકીપર, મુસાફરી, વીમાનાં અને જનરલ એજન્ટ.

હીંદુસ્તાન અગર દુનીયાના કોઇ પણ ભાગની હવાઇ કંપનીઓ મારફત મુસાફરી કરવા માટે અમારી મારફતે બુકીંગ કરો

ઇંગ્લેંડ, આફ્રિકા, મોરીશસ, યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, નિરોબી વગેરેની હવાઇ ટીકીટ અમે જલદી આપીએ છીએ

ઇન્કમટેક્ષ, ટ્રાન્સફર ટેક્ષ, હિસાબની ચોપડા લખવાના રેવન્યુ ઓફીસના સર્ટીફીકેટ તેમજ સરકારના લાયસેન્સો 'પાસપોર્ટ' તેમજ પરમીટોને લગતી બાબતોમાં ફી લીધા વિના અને મફત સલાહ આપીએ છીએ.

નેટાલ મ્યુચ્યુઅલ લાઇફ એસોસીએશન અને સાઉથ આફ્રિકન ઇન્સ્યુરન્સ કંપની લીમીટેડના પ્રતિનિધિ

Office:	Residence:
9 Sarkly Arcade,	52 Patidar Mansion,
38 Market Street,	13 Kort Street,
Phone: 339033,	Phone: 338816,
Johannesburg.	Johannesburg.

ફરનીચર! ફરનીચર!! ફરનીચર!!!

બેડરૂમ સુટ, ડાઇનીંગરૂમ સુટ, ચેસ્ટરફીલ્ડ, ડ્રેસીંગ ટેબલ, સાઇડ બોર્ડ ઓફીસ ડેસ્ક, સુટ કેસ, ટેબલ, વગેરે ફર્નીચર સાથે ખરીદી શકશો. અમે બધી જાતના ડીઝાઇનના ફર્નીચર બનાવી શકીએ છીએ, અમારી હાથ બનાવટ જોવા જરૂર પધારો.

—ઓફીસ, ટેબલ અને ડીઝાઇન ફર્નીચર—

અમે દરેક જાતના ડીઝાઇન મુજબ તૈયાર માલ છે તેનો સ્ટોક હમેશાં રાખીએ છીએ. માત્ર થોડા ભાવના ઓર્ડર લઇએ છીએ. અમારે ત્યાં એક વખત પધારો.

L. MISTRY

81 BREE STREET, BURGERSDORP. J'BURG.

PHONE 33-4691. BOX 2626.

Printed And Published by Mrs. Sushila Gandhi, International Printing Press, (Phoenix Address INDIAN OPINION, Private Bag, Durban, Natal

12 JUL 1961

Indian Opinion

Founded by Mahatma Gandhi in 1903.
Former Editor: Manilal Gandhi—1918-1956

No. 26—Vol. LIX.
Friday, 7th July, 1961
REGISTERED AT THE G.P.O. AS A NEWSPAPER.
Price: FOUR CENTS

£40,000 Prize For Indian Woman

(Indian Opinion Service)

NEW DELHI (By Mail)

MRS Rameshwari Nehru, President of the Indian Association for Afro Asian Solidarity, was recently one of the seven recipients of the Lenin Peace Prize for 1961.

The Cuban Prime Minister, Dr Fidel Castro and President Sékou Touré of Guinea were also among the recipients.

A Lenin Peace Prize consists of a medal, a diploma and 100 000 roubles (about £40 000 sterling).

Other recipients named were Mr Mikhail Sadoveanu writer and former president of the Rumanian Parliament, Mr Antoine Georges Tabet, a Lebanese architect; Mr Ostap Dluski, Director of the Polish Institute of International Affairs, Mr William Morrow, former Labour Senator in the Australian Senate.

The Tass announcement said Mrs Nehru's award was for "passionately defending the idea of universal disarmament."

GRAVEST DOUBTS ON BENEFITS FROM NEW LIQUOR LEGISLATION

"WE have the gravest doubts as to any benefit being derived from the new legislation." This is the considered view of *The South African Outlook*, a journal dealing with missionary and racial affairs, on the removal of the prohibition on the purchase and consumption of European liquor by non-Whites. The journal states: "We know the mischief that has been done to other undeveloped races by allowing them to purchase liquor without hindrance. Even when some of these races have made advancement mischief has been done to their educated people."

The South African Outlook writes as follows—

Few measures can have brought forward, inside and outside parliament, the expression of so completely divergent views. Some time ago the Government appointed a commission, under the chairmanship of Prof. A. L. Malan, to enquire into the working of the liquor laws, and the proposed legislation is based in part on the recommendations of this commission, but the Government's proposals go considerably beyond these. It has been pointed out that in South Africa we have some 100,000 European alcoholics. It is contended that sixty per cent of the liquor traffic in this country comes illicitly through the "black market", and that no fewer than 30,000 Coloured people live off the illicit trade. The rich harvests reaped by shebeen queens all over the country have long been notorious. It is held that the new legislation is aimed at putting an end to these illicit dealings, in the fight against which the police have an almost hopeless task.

The Churches are almost solid in their opposition to the new proposals, and temperance societies believe they see the labours of years rendered futile, and their hope for the future dissipated. Not a few representatives of the African people have expressed themselves in favour of the Bill. Some African intellectuals have long resented discrimination against their people in this respect, and have claimed that they ought to be free to drink or not drink as they wish. The South African Institute of Race Relations has declared itself in large measure in agreement with the new provisions. In Parliament, members were left to oppose or support the Bill as their consciences dictated. Some members expressed the strongest opposition, declaring that the new freedom to purchase liquor would bring about the moral, spiritual and physical downfall of the non-Europeans. It was said that the Bill was a crime against the non-Whites and a smear on the conscience of South Africa's new Republic. It was contended that one of the main effects would be an increase in crime, especially in the densely populated cities. Dr. D. L. Smit who earned and long experience as magistrate, public prosecutor, chairman of liquor boards and as Secretary of Native Affairs, gives him special authority to speak, roundly declared: "We have already ruined the bodies and souls of half the Coloured population with cheap wine. Now, not content with that we seek to bring about the ruin of the African people by sacrificing them on the altar of the wine farmers." He said that the intention of the Bill, as he saw it, was to put more money into the

(Continued on page 207

India Must Welcome Modern Ideas

("Indian Opinion" Service)

NEW DELHI (BY MAIL)

PRIME MINISTER NEHRU told the cadets of the National Defence Academy at Khadakvasla, Poona, that India must welcome modern ideas with open heart and easily take to science and technology for the speedy solution of her age-old problems and achievement of all round progress.

He asked them to adopt what he termed full blooded nationalism which would enable them to outgrow out-moded ideas and make them feel that they all belonged to one country.

The world was changing fast and how quickly India could come on a level with the rest of the world depended upon the quality of the people, he said. That quality depended upon their capacity to work together without wasting their energies on futile quarrels and their capacity to get out of traditional society in which they lived, he added.

Mr Nehru said that with the coming of the jet age and space age even nationalism was becoming outdated. Nationalism was a good force and it was that force which had inspired the freedom struggle but national boundaries were becoming unsuitable in this jet age.

ડીબ્રુગઢ: ડિબ્રુગઢના પશ્ચિમભાગમાં આશરે ૩૦૦ ચોરસ માઈલના પ્રદેશ પર બ્રહ્મપુત્રાના ભારે પુર ફરી વળ્યાં છે અને આશરે ૬૦ ગામડાં પાણીમાં ડુબ્યાં છે. બ્રહ્મપુત્રાની સપાટી સામાન્ય સપાટીથી આઠ ફીટ ઉપર ૩૪૨.૦૭ની ફરાગે છે. બ્રહ્મપુત્રા ઉપરાંત દીહીંગ, ડેકા અને બીજી નદીઓ પુરથી ઉભરાઈ વહે છે.

લખીમપુરની ઉત્તરમાંની સુબાનસીરી રંગનદી, જીયાભરાલી, ડોકાઈ અને સીમા નદીઓ બધી ઉભરાઈ વહે છે અને ઘણાં ગામોમાં પુર પ્રવેશ્યાં છે. પીડિત વિસ્તારોમાં રાહતનાં પગલાં શરૂ કરવામાં આવ્યાં છે.

આફ્રિકી દેશોની મુલાકાતે આવનારા શ્રી મોરારજી

નવી દિલ્હી: ઘાનાના પાટનગર આક્રા ખાતે સપ્ટેમ્બરમાં મળનારી રાષ્ટ્રસમૂહના નાણાંપ્રધાનોની બેઠકમાં હાજરી આપવા જતી વેળા નાણાંપ્રધાન શ્રી મોરારજી દેસાઈ કેન્યા, ટાંગાનિકા અને આફ્રિકાના અન્ય પ્રદેશોની મુલાકાત લેશે એમ જાણવા મળે છે.

આ પ્રવાસ દરમ્યાન સત્તાધીશો સાથે તેમજ ત્યાં વસતા ભારતીય વેપારીઓ સાથે વેપાર વિસ્તરણની બાબતો સંબંધે તેઓ ચર્ચા-વિચારણાની તક લેશે એમ જણાય છે. કારણ કે આ નવા આઝાદ દેશો સાચી અને સ્થિર અર્થવ્યવસ્થારૂપે આકાર પામી રહ્યા છે. ભારત સાથે આર્થિક સંબંધો સુધારવાની પણ ઇચ્છા ધરાવે છે એમ જણાય છે.

પૂર્વ આફ્રિકામાંના ભારતીય વેપારીઓ કંઈક મુક્ત વેપાર નીતિમાં મુડી રોકવામાં રસ ધરાવે છે એમ કેટલાક સમય પહેલાં વાત આવેલી પણ ત્યાંના સરકારના કાયદા વિષે તેમને થોડી આશંકાઓ છે. નફાની રકમ પોતાના દેશના વતનમાં પાછી મેળવવા વિષેની એમણે સંબંધે સંજોગો સ્પષ્ટતા માગેલી હતી. જો તેઓ એમ કરતા આવતા હોય તો અન્ય વિદેશી વેપારીઓ જેવોજ વર્તાવ તેમના પ્રત્યે રખાશે અને ખાસ વર્તાવ રખાશે નહીં, પણ જો એ રકમ વધુ વિકાસ માટે અહીં જ રોકવામાં વાપરવાની હોય તો તેમને ખાસ સવલતો આપવાનું વિચારી શકાય. પણ અત્યારે તો તેમની ચિંતા નહીં દેશમાંથી બાકી રકમ તેઓ બહાર મેળવવાની છે, જે બાબત તેઓ આફ્રિકાવાસી હોય છતાં, તેમને વિદેશી વેપારીઓની કક્ષામાં મૂકે છે. આ પ્રશ્ન વિષે શ્રી મોરારજીભાઈ તેમના પ્રવાસ દરમ્યાન સ્પષ્ટતા કરશે અને આશંકાઓ દૂર કરવા પ્રયાસ કરશે.

શ્રી દેસાઈ નાઈજીરીયાની પણ મુલાકાત લેશે. આક્રા ખાતેની નાણાંપ્રધાનોની બેઠકમાં યુરોપીય સમાન બજારમાં બ્રિટનના જોડાવા અંગેનું ચિત્ર પણ સ્પષ્ટ બની જશે અને રાષ્ટ્રસમૂહના નાણાં પ્રધાનો પોતાનું સુમેળ મંતવ્ય ઉપસ્થિત કરશે અને બ્રિટન જો જોડાશે તો તેમાં ભારતની સલામતીઓ જરૂરી છે તે સંબંધે પણ તેઓ વિચાર કરશે. આક્રાથી શ્રી મોરારજીભાઈ વીએના ખાતે વિશ્વ બેંક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની બેઠકમાં હાજરી આપવા જશે. એ પહેલાં તેઓ માર્ગમાં લંડનની પણ મુલાકાત લેશે.

શ્રી ઇંદુલાલ યાજ્ઞિક ફીરંગી પ્રદેશોનો મુક્તિ સંગ્રામ લડશે

અમદાવાદ: દીવ, દમણ અને ગોવાની મુક્તિ અંગે આંદોલન ચલાવવા આજે શ્રી ઇંદુલાલ યાજ્ઞિકની પ્રમુખ પદે સત્તર સભ્યોની ગોવા મુક્તિ આંદોલન સમિતિની રચના કરવામાં આવી હતી.

આવી સમિતિ રચવા માટે બધા પક્ષોને આમંત્રણ આપવામાં આવ્યા હતા પણ તેમા કેટલાક સ્વતંત્ર સભ્યો અને જનસંઘના સભ્યોને બાદ કરતાં મોટા ભાગના સામ્યવાદીઓ હતા.

કોંગ્રેસ તરફથી હાજર રહેવા અંગે શ્રી ઠાકોરભાઈ દેસાઈએ એવો જવાબ આપ્યો હતો કે ગોવા, દીવ અને દમણની મુક્તિ અંગે કોઈને મતભેદ હોઈ શકે નહિ પણ આપણી કાર્ય કરવાની પદ્ધતિમાં મજબૂત ભેદ હોવાથી અમે હાજર રહી શકીએ નહિ.

જનસંઘના સભ્યોએ જણાવ્યું હતું કે અખિલ ભારતીય ધોરણે જનસંઘ જે નક્કી કરશે તે પ્રમાણે અમે વર્તીશું.

મળેલી સભાએ એવો ઠરાવ કર્યો હતો કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ ૧૯૬૨ના અંત પહેલાં ગોવા સંસ્થાનો મુક્ત થાય તે માટેની ભારત સરકારને વિનંતી કરતા ઠરાવો કરવા અને વિધાનસભાના સભ્યોએ આ અંગે ઠરાવ કરી ભારત સરકારને મોકલવા.

આ ઉપરાંત આ સભામાં ૧૫મી ઓગસ્ટથી ૨જી ઓક્ટોબર સુધી દીવ, દમણ અને ગોવાની મુક્તિ અંગે રાજકોટ, વાપી, ઉના વિગેરે સ્થળોએ પ્રચાર સભા યોજવાનું નક્કી થયું હતું તેમજ આ પ્રચાર સભાઓમાં ભારતના અગ્રગણ્ય આગેવાનોને બોલાવવાનું તથા એક સંમેલન બોલાવવાનું નક્કી કર્યું હતું.

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

નવા બનતાં નાયલન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સીવેલા બ્લાઉઝ અને પુરુષો માટે તૈયાર બનતા સુટ, શર્ટ, પુલોવર, કાર્ડીગન્સ અને જમ્પરો, સ્કર્ટ-શુટીંગ, ડ્રેસ, બ્લેન્કેટ્સ, ટોવેલ્સ નેપકીન્સ વિગેરે.

દરેક જાતના ભાવ માટે તપાસ કરવા ભલામણ.

૩૩ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન : ૮૩૫-૬૭૮૬ — બોક્સ ૨૫૪૬.

શ્રી ક્રુશ્ચેવની જાહેરાત

મોસ્કો: સોવિયેટ વડા પ્રધાન શ્રી ક્રુશ્ચેવ ક્રેમલિન ખાતેના એક સમારંભમાં જણાવ્યું હતું કે, અમેરીકા તેમજ તેના નાટો સાથી દેશો તરફથી લેવાયેલ સ્ફોટક લશ્કરી પગલાંને કારણે રશિયાએ આ વર્ષે તેના સશસ્ત્ર દળોમાં જે ઘટાડો કરવા વિચાર્યું હતું તે યોજનાને વધુ હુકમ ન અપાય ત્યાં સુધી મુલતવી રાખી છે.

શ્રી ક્રુશ્ચેવે જણાવ્યું કે, રશિયાએ ચાલુ વર્ષ દરમ્યાન સંરક્ષણ ખર્ચની ફાળવણીમાં ૨૨૫ કરોડ ૫૦ લાખ રૂબલનો વધારો કરી કુલ સંરક્ષણ ખર્ચ ૧૨૬૮ કરોડનો કરવાનો નિર્ણય કર્યો છે. રશિયાને આવાં પગલાં લેવાની ફરજ પાડવામાં આવી છે, કારણ કે, રશિયન પ્રજાની સલામતીના હિતની ઉપેક્ષા ન કરી શકાય.

તેમણે પ્ર. કેનેડી, ડો. એડેનોઅર અને દ'ગોલને જર્મન સવાલના ઉકેલ માટે નિખાલસ અને દુરંદેશી વાપરવા અપીલ કરી હતી અને જણાવ્યું હતું કે, પૂર્વ જર્મની સાથેની સંધિ પર અમે દસ્તખત કરીશું અને તરત જ તે બાદ રશિયા કે તેના મિત્રો સામે હાથ ઉઠાવનાર કોઈપણ આક્રમણખોરને જરૂરી ફટકો મારવા અમારા શસ્ત્ર-દળોને હુકમ કરીશું.

આ સામે સામ્રાજ્યવાદીઓ જો યુદ્ધનો દોર છૂટો મૂકશે તો તેઓથી સામ્રાજ્યવાદ નામશેષ બની જશે.

રૂા. ૩ લાખનો પાક નાશ

તાન્જોર: કાવેરીના પુરથી તાન્જોર જીલ્લામાં રૂ. ૩ લાખના ડાંગરના પાકને નુકશાન થયું છે ફરી વાવેતર કરાવેલું ડાંગરનું ધરુ ધોવાઈ ગયું છે.

રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી કામરાજ નાદર હાલ દિલ્હી ખાતે છે. વડા પ્રધાન રાહતફાળાના રૂા ૨૫૦૦૦ ઉપરાંત તેમને અત્યાર સુધીમાં કુલ ૪૭૧૦૦ મળ્યા છે રાજ્ય સરકારના અંદાજ પ્રમાણે બિસમાર બનેલા રસ્તાઓ અને મકાનોના સમારકામ માટે કમમાં કમ રૂપિયા ૫૦ લાખની જરૂર પડશે.

માતૃભાષા માટે ગુરુદેવનો આગ્રહ

લેખક: શ્રી નરોત્તમભાઈ પટેલ

ઉનાળાની રજા પછી શાંતિનિકેતનનું નવું સત્ર શરૂ થાય ત્યારે વિદ્યાર્થીઓને ગુરુદેવ સંબોધન કરે એવો રવૈયો વર્ષોથી શાંતિનિકેતનમાં ચાલતો આવ્યો હતો. ગુરુદેવ બંગાળીમાં સંબોધન કરતા.

તે વખતે શાંતિનિકેતનમાં ખાસ કરીને સ્નાતક અને અનુસ્નાતક વિભાગમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ બંગાળ બહારથી આવતા હતા. જાપાન, ચીન, અમેરિકા, જાવા, સુમાત્રા, ફ્રાન્સ, જર્મની, ઈંગ્લાંડ, નોર્વે વગેરે દેશોના વિદ્યાર્થીઓ પણ આવતા હતા. બંગાળ બહારથી આવનાર વિદ્યાર્થીઓને પણ શરૂઆતમાં બંગાળી સમજાતું ન હતું. બંગાળી વાંચીને સમજી શકનારને પણ બંગાળીમાં વાતચીત આવડતી ન હતી કે ભાષણ સમજાતું ન હતું. બંગાળી ભાષા બોલતી વખતે [illegible] ઉચ્ચાર પહેલાં [illegible] છે, માટે આવું બને છે. શાંતિનિકેતનમાં તે વખતે અંદરના વહેવારની ભાષા અંગ્રેજી હતી. તેવી રીતે શીખવવા માટે પણ અંગ્રેજીનો ઉપયોગ થતો હતો. બંગાળીઓ હિંદી બહુ ઓછું સમજતા. હિંદીનો વિભાગ તાજેતરમાં જ શરૂ થયો હતો અને શ્રી હજારી પ્રસાદ ત્રિવેદી તે વખતે શાંતિનિકેતનમાં જ હતા. આપ જ્યાં તે વખતે શાંતિનિકેતનમાં હિંદી ભાષાનું મહત્ત્વ વધારે ન હતું.

અંગ્રેજીમાં સંબોધન કરવા માટેના મુદ્દા

કેટલા વિદ્યાર્થીઓએ ભેગા થઈને વિચાર્યું કે ગુરુદેવ બંગાળીમાં બોલે છે ત્યારે નવા આવનારને તો કાંઈ સમજાતું જ નથી. જૂના પણ પૂરું સમજી શકતા નથી. ગુરુદેવનું મોં જોઈને તથા ઉચ્ચાર સાંભળીને જ સંતોષ માનવો પડે. ગુરુદેવ સમક્ષ પ્રતિનિધિમંડળ મોકલવા વિચાર કર્યો. ગુરુદેવ સ્વભાવે બહુ જ કુમાશવાળા. કોઈને દુઃખ થાય એવું ન કરે, નહિ કેવળ ગમતાં સૂચન કોઈને નારાજ કરે નહિ. કેટલીક વખત વિદ્યાર્થીઓ સીધા ગુરુદેવ પાસે પહોંચી જઈને ધાર્યું કરાવી લેતા. અમે જાણે વિચાર કર્યો કે જ્યારે પરદેશના મહેમાન આવે ત્યારે ગુરુદેવ એમને આવકાર આપતું ભાષણ અંગ્રેજીમાં કરે છે, એક પણ જાતની પૂર્વ તૈયારી વિના કરેલાં એ અંગ્રેજી ભાષણો કેટલાં સુંદર હોય છે! શું એની મિઠાશ! અને એ તરત સમજાય તેવું. ગુરુદેવ અંગ્રેજી બોલવાનું મંજૂર રાખે તો કેટલું સરસ! પરદેશી શા સમજ્યા અંગ્રેજીમાં બોલે તો અમારી સમજ કેમ નહિ? ગુરુ અમારી વિનંતિનો જરૂર સ્વીકાર કરશે. આજ સુધી કોઈએ એમને વિનંતિ કરી નથી એટલે જ અંગ્રેજીમાં બોલતા નથી. એમને શા માટે નાખુશ કરે? કોઈને નાખુશ ન કરનારા ગુરુદેવ અમારા વિદ્યાર્થીઓને શા માટે નાખુશ કરે? ગુરુદેવ સમક્ષ કેવી રીતે વાત રજૂ કરવી તેની અમે પણ ખૂબ ચર્ચા કરી લીધી અને મુદ્દાઓ નોંધીને પ્રતિનિધિમંડળને આપ્યા. આટલી બધી તૈયારી કરીને જઈએ, પછી અમારી વિનંતિ ન સ્વીકારાય એમ બને જ કેવી રીતે? બોલ્યા વિના તો મા પણ ન પીરસે.

અંગ્રેજી ભાષણ કરવું?

પ્રતિનિધિમંડળ ગુરુદેવ પાસે ગયું. તે વખતે હમેશના રિવાજ પ્રમાણે ગુરુદેવ વરંડામાં ખુરશી નાખીને બેઠા હતા. એમનો [illegible] પ્રવેશ કરીને [illegible] પ્રતિનિધિઓ ખુશ હતા કારણ કે એમને વિશ્વાસ હતો કે એમની દલીલ મજબૂત હતી અને ગુરુદેવને એનો સ્વીકાર કર્યા વિના છૂટકો ન હતો. ગુરુદેવ પાસે જઈને નમસ્કાર વિધિ થયા પછી વાત શરૂ થઈ.

"આપ સત્રની શરૂઆતમાં વિદ્યાર્થીઓને સંબોધન કરો છો તે બંગાળીમાં કરો છો તેને બદલે અંગ્રેજીમાં કરો તો વધુ સારું. અમારામાંના ઘણાખરાને અને ખાસ કરીને નવા આવનારને તો બંગાળી ભાષણ સમજાતું જ નથી. તેથી કરીને આપના વિચારોથી અમે પરિચિત થતા નથી. તેને બદલે અંગ્રેજીમાં ભાષણ કરો તો અમને બધાને સારી રીતે સમજાય અને ખાસ કરીને નવા આવનારાઓને વિચારો સમજવામાં મુશ્કેલી પડે. સમજ પડે તે ભાષામાં ભાષણ થાય તો વધારે લાભ થાય. નહિતર ભેંસ આગળ ભાગવત જેવું થાય." ગુરુદેવે પ્રતિનિધિમંડળની દલીલ શાંતિથી સાંભળી. દાઢી અને મૂછથી ઘેરાયેલા મોં પર થયેલા ફેરફારો સમજવા નહિ ઓળખાયા. આંખને [illegible] ઊંચી કરીને પ્રતિનિધિઓ સામે ગાઢ દૃષ્ટિ નાંખીને બોલ્યા, "ત્યારે, તમે શું એમ ઇચ્છો છો કે મારે અંગ્રેજીમાં ભાષણ કરવું!"

જાણે કે પોતાની જીત ગુરુદેવ સ્વીકારી લેવાની તૈયારીમાં છે એવો ભાવ લાવીને જવાબ આપ્યો 'હા, જી.'

"શું તમે એમ ઇચ્છો છો કે મારે બંગાળી છોડીને અંગ્રેજી ભાષામાં ભાષણ કરવું!" ગુરુદેવનો સાદ જરા ઊંચો થતો લાગ્યો.

"તમે શું એમ ઇચ્છો છો કે મારે માતાનું ધાવણ છોડીને ધાવીના ધાવણમાં પોષણ મેળવવું?" સામાન્ય રીતે શાંતિથી વાતચીત કરનાર ગુરુદેવનો સાદ ધીરેધીરે ઊંચો ને ઊંચો જતો હતો. મોં પર ધીરે ધીરે ગુસ્સો ઉભરાતો.

ગુસ્સે થઈને એમણે પ્રશ્નનો જવાબ આપી દીધો.

'ની કોખેના, કોખેના, કોખેના. તોમાકે ભાષા શિખતેઇ હોબે,' આમ બંગાળીમાં બોલ્યા.

"તેમ નહિ, નહિ, નહિ. તમારે બંગાળી શીખવું જ પડશે. હું તો બંગાળીમાં જ બોલીશ."

સામાન્ય રીતે કોઈને નાખુશ ન કરનારા ગુરુદેવ ભૂલાની વાત પર બહુ જ નાખુશ લાગ્યા. ગુરુદેવનો આવો જવાબ સાંભળીને બધા સ્તબ્ધ થઈ ગયા. મોઢાને તૈયાર રાખેલી દલીલો ક્યાંય અદૃશ્ય થઈ ગઈ અને નમસ્કાર કરીને ચુપચાપ બહાર નીકળી આવ્યા. અમારી વચ્ચે આવીને [illegible] પોતાના દેશના રવીન્દ્ર સમક્ષ માતૃભાષામાં જ બોલવાનો એમનો આગ્રહ અમે પારખી લીધો. માતાનું ધાવણ છોડીને ધાવીનું ધાવણ ધાવવા સામેનો એમનો વિરોધ છૂપો ન રહ્યો. સામાન્ય રીતે શાંત અને સ્વસ્થ રહેનાર તથા કોઈને ખોટું ન લાગે તેની કાળજી રાખનાર ગુરુદેવ માતૃભાષાના સવાલ પર બહુ જ મક્કમ લાગ્યા.

ત્યાર પછી શાંતિનિકેતનમાં બંગાળી ન જાણનાર વિદ્યાર્થીઓને બંગાળી શીખવા તેમજ સમજવા માટેની વધારે સગવડ મળેલી માલૂમ પડી. બંગાળી ભાષા શીખવા ઉપરાંત ગુરુદેવના બંગાળી કાવ્ય સંગ્રહો જેવાં કે, ગીતાંજલિ, નૈવેદ્ય, ખેયા, બલાકા, વગેરેમાંના ચુનેલા કાવ્યો પં. ક્ષિતિમોહન સેને સરળ બંગાળીની શૈલીથી અનોખી રીતથી સમજાવવામાં આવતા. બંગાળ બહારના વિદ્યાર્થીઓને તો લાભ જ થયો.

ઇન્કમટૅક્સ, પ્રોવિઝનલ ટૅક્સ રીટર્ન્સ, [illegible], રેવન્યુ ક્લીઅરન્સ અને ટ્રાન્સ્ફર્સ માટે મળો.

આર. વીઠ્ઠલ

૧૨ [illegible], ૩૮ માર્કેટ સ્ટ્રીટ.
કોર્નર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ.
જોહાનીસબર્ગ, ફોન ૩૩-૧૯૫૪.

શુભ પ્રસંગો માટે ભેટ!

સ્ત્રીઓ અને પુરુષો માટે

ઘડીયાળ!

૧૭, ૨૧ અને ૨૫ જ્વેલના
ઑટોમેટીક કૅલેન્ડર.

- રોમર
- રોટરી
- સેકો
- રૂચર

વગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરુષોના શર્ટ સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.

હોલસેલ ભાવે મળશે

બોક્સ ૫૬૮૮, ફોન: ૮૩૫-૨૬૦૭.

વલ્લભભાઈ બી. પટેલની કું.
૪૪, માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

વિવિધ વર્તમાન

અયુબખાનનું પ્રવચન

વોશીંગ્ટન: પાકી પ્રમુખ અયુબ ખાન કોંગ્રેસની સંયુક્ત બેઠક સામે ભાષણ કરવા પ્રતિનિધિ સભામાં પ્રવેશ્યા ત્યારે તેમનો ઉમળકાભર્યો સત્કાર કર્યો હતો.

રજા શ્રી કેનેડીની સાથે વ્હાઈટ હાઉસમાં મંત્રણા કરીને સીધા અહીં આવ્યા હતા. ભાષણમાં તે બોલ્યા કે હું પાકીસ્તાની આવું છું. પાકી. એ અમેરિકાનું સાથી અને મિત્ર છે. સ્પીકર શ્રી રેબર્ને અયુબખાનને આઝાદી વિશ્વ નાગરિક તરીકે ઓળખ્યા હતા.

સોવિયેટે યોજેલું પ્રચંડ
ગગનદર્શન

મોસ્કો: સોવિયેટ સત્તા અગાઉ કદાપિ જાહેરમાં કદાપિ પ્રદર્શિત કરાયા નથી એ રીતે પ્રદર્શિત કર્યું હતું. અને આ પ્રચંડ દેખાવ માટે ભગવાન સર્વસંચાલિત રોકેટો તથા નવાં પ્રકારનાં લડાયક વિમાનો અને બોમ્બરો રજુ કર્યા હતાં.

આ અનોખું દ્રશ્ય શ્રી ક્રુશ્ચેવ, પ્રથમ અવકાશયાત્રી મેજર ગાગારીન, પરદેશી રાજદૂતો અને પત્રકારો સહિત આશરે પાંચ લાખ માનવીએ નિહાળ્યું હતું. વીસ કરતાં વધુ વિમાનોએ ખાસ પ્રદર્શન માટે ગગનવિહાર કર્યો હતો અને એ વિમાનોમાં ચાર જેટ ડેલ્ટા વીંગ બોમ્બર, ત્રણ જેટ ફ્લાઈંગ બોટ અને પેન્સિલના જેવા આકારનાં સુપરસોનિક બોમ્બરોનો સમાવેશ થાય છે. પશ્ચિમની આંખે સૌપ્રથમ આજ પહેલી જ વાર આવા વિમાનોનું પ્રદર્શન કરાયું હતું. આ બધી દશ્ય પ્રવૃત્તિ મોસ્કો બહારના તુશીનો વિમાની મથકે થઈ હતી.

દક્ષિણ કોરીયામાં અવતરું

સિઓલ, દક્ષિણ કોરીયા: પ્રતિક્રાંતિ અને રેડવા કાવત્રાંની હતા કરવાનું કાવતરું યોજવા માટે દક્ષિણ કોરીયાના માજી લશ્કરી સરદાર અને ૪૪ અન્ય અમલદારોની ધરપકડ કરવામાં આવી છે.

કાવતરાના આગેવાન લેફ. જન. ડો. ચુન્ગ ચાંગને ઘરમાં કેદ કરવામાં આવ્યા છે અને બીજાઓને જેલમાં પુરવામાં આવ્યા છે.

ઉથલાવેલા માજી પ્રમુખ શ્રી જોન તાકાને રાજ્યના વડા તરીકે સ્થાપિત કરવા માટે આ કાવતરું ગોઠવ્યું હતું પરંતુ તાકાની ધરપકડ થયાનો નિર્દેશ મળ્યો નથી.

ચંદીગઢને ઈનામ

પેરિસ: ઇન્ટરનેશનલ જ્યુરીએ મંડળે ચેમ્બ ઇન્ટરનેશનલ જ્યુરી ભાષામાં માટે પૂર્વ પંજાબના પાટનગર ચંદીગઢને ૧૯૬૨નું ગ્રાન્ડ પ્રીક્સ એવોર્ડ આપવાની જાહેરાત કરી હતી. ચંદીગઢની રચના આર્કિટેક્ટ ફ્રેન્ચ એમ. લી. કોરબુઝીયરે કરી હતી.

એક ગુજરાતીને ભારે દંડ

'લોર્ડ' (ઇંગ્લાંડ) એક ભારતીય માટે ભારતીય પાસપોર્ટ મેળવવાનું સમન્સ પ્રકરણ બન્યું હતું અને પરિણામે કોર્ટમાં ગેરકાયદે પ્રવેશ માટે ૨૫ વર્ષની વયના એક ભારતીય ગુજરાતી શ્રી વસંતરાય કેશવલાલ પટેલને ૧૯ ગુનાઓનો ૧૯ ક્રમો અને ૧૦ સ્ટર્લીંગનો ૧૦ ગીનીઓનો ખર્ચ ભરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

ભારત સરકારે કબુલ્યું હતું કે ૧૯૫૪ થી ૫૭ સુધીમાં ૧૭,૨૦૦ ભારતીયો બ્રીટન ગયા હતા, જ્યારે માત્ર ૪૯૬૪ને પાસપોર્ટ આપવામાં આવ્યા હતા.

ટોકાઈના મુખ્ય અધ્યાપકે
ગુમાવેલી નોકરી

ટોકાઈ, જે ૬૫ પ્રોટી-પ્રથા છે, અને ત્યાં એક મોટી સીકન્ડરી છે; ત્યાંના મુખ્ય અધ્યાપકે નોકરી ગુમાવી છે. આ નોકરી ગુમાવવાનું મુખ્ય કારણ એ છે કે આ મુખ્ય અધ્યાપક ડો. ટી. જે રહીમનાકાબ્ય દરમ્યાન મળેલી એક સભામાં હાજરી આપવા ગયા હતા. આ સભામાં ઘણા આફ્રિકન નેતાઓ રંગના પ્રશ્નો ઉપર ચર્ચા કરવા માટે ભેગા થયા હતા. એ સભામાં હાજરી આપવા બદલ ડો. રહીમનાકાબ્ય નોકરી ગુમાવી બેઠા છે.

આ સભામાં જે આફ્રિકન નેતાઓ ભેગા થયા હતાં તેઓની ટીકા ડેપ્યુટી મીનીસ્ટર ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, મી. બી. જે. વોર્સ્ટરે પાર્લામેન્ટમાં કરી હતી. ઉપરાંત સભામાં લગભગ ૫૦ માણસો ભેગાં થયા હતાં.

ઇટલીના રાજદૂત તરીકે
ઈશસમસ

એવા સમાચાર મળ્યા છે કે ગીની-ના મીનીસ્ટર ઓફ જસ્ટીસ શ્રી ઈશસમસ ઇટાલીના રાજદૂત તરીકે નીમાયા છે. આ અંગે સરકાર તરફથી સત્તાવાર અહેવાલ બહાર પડયો નથી. ઇટાલીના પ્રમુખ શ્રી ગ્રોન્ચીએ આ નીમણૂકને આવકાર્ય ગણાવ્યું હોવાનો અહેવાલ છે. જો આ નીમણૂક સત્તાવાર હોય તો શ્રી ઈશસમસ રોમ રાજદૂત તરીકે જશે.

એસ. એ. બી. સી. સ્ટુડીઓમાં પણ રંગદ્વેષ

જોહાનીસબર્ગમાં મિસ એ બી. સી. સ્ટુડીઓમાં જ્યારે બ્રોડકાસ્ટીંગનું કામ થાય છે ત્યારે ત્યાં પણ રંગદ્વેષ રાખવામાં આવે છે.

તાજેતરમાં ભરાયેલ 'હોસ્પેન્ડસ'ના કાર્યક્રમ વખતે એક આફ્રિકનને ગોરાઓથી જુદા એક કામના ઓરડામાંથી બ્રોડકાસ્ટીંગ કરવું પડયું હતું. આમ એસ. એ. બી. સી. સ્ટુડીઓમાં પણ હવે જુદાપણાની નીતિઓ દેખા દેવા માંડી છે.

છત્રીમાંથી સંગીત

ટોકિયો: સૌંદર્યધામ ગણાતા 'હરા-કીરન ટાપુઓ'માં આપવાની છત્રીઓ દબદબા પૂર્વક વધુ પ્રમાણમાં પૈદા થાય છે એમ આવવા પણ છે. ત્યાં કદિ વરસાદ વરસતો નથી પરંતુ ત્યાંની છત્રીઓમાં 'ટ્રાન્ઝીસ્ટર રેડીઓ' ગોઠવવામાં આવતા હોવાથી તેના દ્વારા સહેલાણીઓ ચાલતા ચાલતા ૨ કલાક મંજુલ સંગીતનો આનંદ માણી શકે છે. એ ઉપરાંત તડકા વગેરે સામે પણ આ છત્રીઓ રક્ષણ આપે છે.

અનાથ હુકમ તોડો

ન્યુયોર્ક: આફ્રિકાના રાજ્યોના યુનો ખાતેના પ્રતિનિધિઓએ એક નિવેદન બહાર પાડી નૈઋત્ય આફ્રિકા માટેની યુનોની સમિતિને દક્ષિણ આફ્રિકાએ મુકેલા પ્રતિબંધો ભંગ કરવાની સલાહ આપી છે.

ઈરાનમાં સાફસુફી

ઈરાનમાં નવા વડા પ્રધાન ડો. અમીનીએ જે મોટા મોટા સરકારી અધિકારીઓ અને લશ્કરી અફસરોની ધરપકડ સાફસુફીને નામે કરવા માંડી તેને કારણે કેટલાક વિભાગમાં ગભરાટ ઊભો થયો છે.

તેહરાનમાં ઈરાનના માજી વડા પ્રધાન ડો. મુસાદીક તરફ સહાનુભૂતિ ધરાવનારાઓએ એક સભા યોજી હતી તેમાં ૪૦ હજાર કરતાં વધુ માણસો હાજર હતા અને તેમણે ડો. મુસાદીકને છોડવા માગણી કરી હતી તેમ નવા વડા પ્રધાનની નીતિ સામે વિરોધ દર્શાવ્યો હતો. પોલીસ અને લશ્કર આ સભા સ્થાને હાજર હોવા છતાં કોઈની ધરપકડ કરવામાં આવી ન હતી. આ સભાએ નવી ચુંટણી કરવા પણ માગણી કરી હતી.

એ તો સૌને યાદ હશે કે ૮ વર્ષ ઉપર ઈરાનના વડા પ્રધાન ડો. મુસાદીકને ક્રિયના હોદ્દા પરથી પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા અને ત્યારથી આજ સુધી તેમને પોતાના જ મકાનમાં નજર કેદ રાખવામાં આવ્યા છે.

મોસ્કોમાં ભરાયેલ
વ્યાપારી મેળો

બ્રીટને સોવીયેટ રશીયામાં બ્રીટીશ માલનો પ્રચાર કરવા અને બ્રીટીશ માલનું આકર્ષણ વધારી તે માલ માટેની રશીયન માગ ઉભી કરવા અને રશીયા સાથેનો બ્રીટીશ વેપાર વધારવા મોસ્કોમાં હાલ બ્રીટીશ માલનું મોટું પ્રદર્શન ગોઠવ્યું છે. આ બ્રીટીશ ફેર ભારે ધામધુમથી ખુલ્લો મુકાયો છે. આ પ્રદર્શન ૧૭ દિવસ ચાલશે અને ૧૦ લાખ કરતાં વધુ માણસો તે જોવા આવશે એમ મનાય છે.

મેળામાં આ બ્રીટીશ ટ્રેડ ફેરમાં લગભગ ૭૦૦ બ્રીટીશ ફર્મોએ પોતાની બનાવટનો માલ પ્રદર્શન કર્યો છે. કેટલોએ પણ મોકલવામાં આવ્યો છે. આ બધી ચીજો માલ જોઈ રશીયન લોકો આતુરતાથી પૂછી રહી છે કે આ બધી ચીજો અહિં ક્યારે આવશે. અને ક્યારે આપને મળશે? રશીયનો આ મેળો જોઈ લીમાઉસીન મોટરોની માગણી મોટા પ્રમાણમાં કરી રહ્યા છે.

એશીયન સીવીલ નોકરો

ટાંગાનીકામાં એશીયન સીવીલ સરવન્ટોને તેમની નોકરીના બદલામાં યોગ્ય વળતર આપવામાં પક્ષપાત થયો છે એવો આરોપ મુકવામાં આવતાં આ અંગેની બધી વિગતો પુરી પાડવા ટાંગાનીકા એશીયન સીવીલ સરવન્ટસ એસોસીએશનના પ્રેસીડન્ટ શ્રી પી. કે. નાયરને યુનોની સલાહકાર સમિતિએ સમિતિની બેઠક પ્રત્યક્ષ ઉપસ્થિત થવા આમંત્રણ આપ્યુ છે.

—જેમ પડવા માટેની જાપાનીસ સ્ટીમરના ચીફ એન્જીનીયરે ડરબન ખાતે પોતાની સ્ટીમરનું એન્જીન બગડી ગયું હતું તે સમજી શક્યું નહિ. તેથી હતાશ થઈ આ નામોશીને કારણે આપઘાત કર્યો છે.

સેલ હિંદી રેકોર્ડો હવે વધુ સસ્તાં
હિંદી ફીલ્મી રેકોર્ડો કેવળ શી. ૫-૭ નંગ.
નાચ ઘરે, નેક ખાતુન, નયા આદમી, મી. એકસ, હાતિમ તાઈ.
ઈસ્માઈલ આઝાદ, દોસ્ત મોહમદ, યુસુફ આઝાદ, શંકરલાલ અને બીજા જાણીતા કવ્વાલોના રેકોર્ડો શી. ૪-૬ નંગ.
સી ઓ ડી.ના ઓર્ડરો અમે લઈયે છીએ.
નેશનલ રેકોર્ડ કંપની
શોપ ૨. અજમેરી આરકેડ, ઓફ ૧૪૦ એ. ગ્રે સ્ટ્રીટ,
પો. બો. બોક્સ ૧૫૦૪, — ડરબન ફોન: ૨૧૫૫૮.

હિંદના સમાચારો

તા ૨૫-૭-૧૯૬૧.

વીજળી ઉત્પાદનમાં થનારો જંગી ઉમેરો

નવી દિલ્હી: તાજેતરમાં નક્કી કરાયેલા ધોરણોમાં ઊંચા આધારો પ્રમાણે દેશની સ્થાપિત વીજળી ઉત્પાદન શક્તિ માં ૧૯૬૬ સુધીમાં આશરે ૭૦ લાખ કીલોવોટ વીજળી જેટલો વધારો થશે. બીજી યોજનામાં પૂરી કરાયેલી યોજના ઓને પરિણામે વીજળી ઉત્પાદનમાં ૨૩ લાખ કીલોવોટનો વધારો થયો હતો. જ્યારે પહેલી યોજનાની આખરે વીજળીની સ્થાપિત ઉત્પાદન શક્તિ ૩૪ લાખ કીલોવોટની હતી.

વધુમાં બીજી યોજનાની ચાલુ ૯૪ વીજળી ઉત્પાદન યોજનાઓ અને પહેલી યોજનાની બાકી ૧૪ ચાલુ યોજનાઓ ઉપરાંત ત્રીજી યોજનામાં ૧૮૪ નવી આવી યોજનાઓનો સમાવેશ કરાયો છે. પહેલી યોજનાની બાકી રહેલી ૭૦ યોજનાઓમાંની ૫૩ યોજનાઓ બીજી યોજનામાં પૂરી કરવામાં આવી હતી.

શ્રી ચાગલાનું મંતવ્ય

મુંબઈ: અમેરિકા ખાતેથી નિવૃત્ત થઈ આવેલા ભારતીય માજી રાજદૂત શ્રી મહમદ ચાગલાએ પત્રકારોને કહ્યું હતું કે નજીકના ભાવિમાં અમેરિકા ભારતીય ખાંડના આયાત ક્વોટામાં વધારો કરશે. હું ત્યાં હતો ત્યારે અમેરિકાએ આયાત માટે ૨૨૫૦૦૦ ટનનો ક્વોટા મંજુર કર્યો હતો અને એ રીતે પહેલી જ વાર ભારતની ખાંડે અમેરિકાના બજારમાં પ્રવેશ મેળવ્યો છે અને નજીકના ભવિષ્યમાં આ ક્વોટા વધવાની મને આશા છે.

ગેગેરીનને ગુજરાતનું આમંત્રણ

અમદાવાદ: રશિયાના પ્રથમ સફળ અવકાશયાત્રી મેજર ગેગેરીન ભારત આવે ત્યારે તેઓ ગુજરાત અને ખાસ કરીને અમદાવાદ આવવાનું આમંત્રણ અમદાવાદના ભારત-રશિયા સંસ્કાર મંડળે આપ્યું છે અને તે ગુજરાતના પ્રવાસે આવશે એવી મંડળે આશા દર્શાવી છે.

વિનોબાને શરણે થયેલા પાંચ ડાકુઓના કેસનો નવો ફેંસલો

ગ્વાલિયર: ધાડ પાડવાના આરોપસર ભીંડની ખાસ અદાલતે લોકમાન અને અન્ય ચારને કરેલી સાત વર્ષની સજા મધ્યપ્રદેશ હાઈકોર્ટની ગ્વાલિયર બેન્ચે રદ કરી છે અને તેમને છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

આ વિનોબા આગળ શરણે થયા પછી આ પાંચ જણ સામે 'ગોરિપુરા ધાડ'નો ખટલો ચાલ્યો હતો. ખાસ અદાલતે તેમને ગુનેગાર ઠરાવીને સાત વર્ષની સજા કરી હતી.

આ સજા સામે તેમણે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. અપીલનો ચુકાદો આપતા હાઈકોર્ટે નીચલી અદાલતના ચુકાદાને રદ કર્યો હતો. એ માટે એવું કારણ આપ્યું હતું કે ફરિયાદપક્ષના સાક્ષીઓએ ડાકુઓની આપેલી ઓળખ વિશ્વાસપાત્ર નથી.

સુરતમાં ભારે વર્ષા

મેઘરાજાએ લગભગ ૧૫ ઈંચ ૮૪ રોકડા પાણી નાંખી સુરતની ધરતીને જળબંબાકાર કરી છે. વરસાદનો ભયંકર ઝાપટાં અને પવનના સુસવાટા ને લીધે રાત્રે સુરતના રાજમાર્ગો અને શેરીઓ જે સામાન્ય સંજોગોમાં અવરજવર મધરાત સુધી ભરચક રહે છે તે સુનકાર બની ગયા હતા.

વરસાદની ફેંટાર ઝડીઓને લીધે અસંખ્ય મકાનો પડી ગયા હતાં. શહેરમાં અને શહેર બહાર ઝુંપડાં ઓમાં વસતાં ગરીબ માનવીઓની મુશ્કેલીઓનો પાર રહ્યો નહોતો ને અનેક માનવીઓને આખી રાતનો ઉજાગરો કરવો પડ્યો હતો.

શહેરમાં સ્ટેશનથી ચોક સુધીના રાજમાર્ગ પર પણ પાણી ફરી વળ્યાં હતાં. લીમડાચોક, ભાગળ વગેરે સ્થળે એ તથા આસપાસની ગલીઓમાં ઘૂંટણપુર પાણી થઈ ગયાં હતાં. પાણી ને લીધે એસ. ટી બસની આવનજાવન પણ થોડો સમય અટકી ગઈ હતી અને રાહદારીઓને ઘુંટણપુર પાણીમાં થી પસાર થવું પડ્યું હતું. ચૌટાબજાર માં કેટલેક સ્થળે ખભાપુર પાણી થઈ ગયાં હતાં અને નીચી દુકાનોમાં ઘુસી ગયાં હતા.

ખોટો ગભરાટ ન કરવા શ્રી પાટીલની સલાહ

નવી દિલ્હી: ભારતના ખોરાક પ્રધાન શ્રી પાટીલે અત્રે જણાવ્યું કે કેરલ સિવાય બીજા પુરવઠા ભાગોમાં ઊભા પાકને કોઈ નુકસાન થયું નથી અને દેશમાં પુરવઠાની પરિસ્થિતિ આશાસ્પદ છે. કેટલાક વિસ્તારોમાં તો હજી વાવણીનું કામ શરૂ કરવામાં આવ્યું નથી. અત્યારના સમયે એ જોવાની આપણી ફરજ છે કે આપણે કોઈ ખોટો ગભરાટ ઊભો કરીએ નહિ.

એક પ્રશ્નના જવાબમાં તેમણે એવી આશા વ્યક્ત કરી હતી કે અમેરિકાને ખાંડ પુરી પાડતા દેશોની યાદીમાં ભારતનો પણ સમાવેશ કરાશે.

ભારત દર વર્ષે અમેરિકા ખાતે ૫ થી ૧૦ લાખ ટન જેટલી ખાંડની નિકાસ કરશે એવી આશા છે.

રાષ્ટ્રપતિ હવે સંસ્મરણો લખશે

નવી દિલ્હી: રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે, ભારતની પ્રથમ બંધારણીય સભાના પ્રમુખ, કૃષિ વિભાગ ખાતાના પ્રધાન તેમજ ભારતના પ્રમુખ તરીકેની તેમની પંદર વર્ષની પ્રવૃત્તિઓની ઝાંખી કરાવતું એક પુસ્તક લખશે, જે માટેની પુરતી સામગ્રી તેમણે એકઠી પણ કરી દીધી છે. તેમનું આ પુસ્તક, ભારત માંના બ્રિટિશ શાસનનો નિષ્પક્ષ અને વસ્તુનિષ્ઠ ખ્યાલ આપશે. તેઓ દરરોજ અડધો કલાક સુધી તેમની ડાયરીમાં નોંધો ટપકાવે છે, જે માટે તેઓ "ડીક્ટેફોન અને ટેપ રેકોર્ડર"નો ઉપયોગ કરે છે.

આ પુસ્તક અંગ્રેજી ભાષામાં લખાશે અને રાષ્ટ્રપતિના હોદ્દા ઉપરથી નિવૃત્ત થયા બાદ થોડા જ મહીનાઓમાં તે પ્રસિદ્ધ થશે. તેઓ પટણા નજીકના સદાકત આશ્રમમાં રહેશે—જ્યાં મોટો ભાગ આ સંસ્મરણો લખવામાં ગાળશે.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!
શોપીંગ કરશો, ખોટું' આવશે, પૈસોટ ટળશે.
અમારે ત્યાં નીચેની અપીલ વસ્તુઓ મળે છે.
સ્ત્રીઓ માટે: જ્યોર્જેટ, સુંદર રંગના અને બીજા અનેક જાતની નવરી, ઝીણા પણ મળશે ...
બાળકો માટે: નાયલનના કપડાં, ટોપી, ...
ઉત્તમ પસંદગી, વ્યાજબી ભાવ ...
વિલંબ શા માટે! સારો માલ ખરીદો શીઘ્ર !!
જથ્થાબંધ ખરીદનાર: આબરા હેટર્સ (પ્રા) લી.
(ભીખાભાઈ આરતર એન્ડ સન્સ)
ઉપર — પહેલે માળે, — પેટ. બી. પરખ
આરતર ભિકાભાઈ — ૩૩ વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

"ગુજરાતમાં જીવવા જેવું લાગતું નથી"

શ્રી. રવિશંકર

અમદાવાદ: ગુજરાત કોંગ્રેસ માં જે ટોળકી પ્રવર્તી રહી છે તેનાથી ગુજરાતના આગેવાન લોકસેવક અને ગુજરાત રાજ્યની રચના સમયે ગુજરાતને આશીર્વાદ આપનાર શ્રી રવિશંકર મહારાજને ભારે દુઃખ થયું છે અને તેમણે માર્ગ કાઢવાને માટે નાણા પ્રધાન શ્રી મોરારજી દેસાઈ ઉપર એક પત્ર મોકલ્યો છે, તેમાં પોતાની વેદના ઠાલવી છે.

શ્રી રવિશંકર મહારાજે શ્રી મોરારજીભાઈને ઉપર લખેલા પત્રમાં જણાવ્યું છે કે "ગુજરાત માં જે કાંઈ બની રહ્યું છે, તેના થી દુઃખ થયું. તેથી ગુજરાતમાં જીવવા જેવું લાગતું નથી. ગુજરાત ના લોકો તમારી વાત સાંભળે છે તો તમારે કંઈ કરવું જોઈએ. ગુજરાતની કોંગ્રેસ બહુમતી જ છે અને જો આવું ચાલુ રહે તો તે ખલાસ થઈ જશે અને યોગ્ય પગલાં નહિ લેવાશે તો પરિસ્થિતિ વણસશે. એટલી આશા રાખી આ પત્ર તમને લખ્યો છે."

ઇટાલિયન પેઢી રૂ. ૫૦ કરોડનું રોકાણ કરશે

અમદાવાદ: ગુજરાતમાં તેલસંશોધન ના કાર્ય માટે ઇટાલીની ખાનગી પેઢી એન્રે નેશનલ ઇડ્રોકાર્બુરીએ રૂ ૫૦ કરોડની મૂડી રોકવાની તૈયારી બતાવી છે. ભારત સરકાર આ પેઢીને ગુજરાતમાં તેલ શોધવાનું કાર્ય સોંપે એવા સમાચાર મળ્યા છે. આને અંગે જાહેરાત ટુંક સમયમાં થશે એમ મનાય છે. ટુંક સમયમાં ભારત સાથ આ પેઢીએ તેલ શુદ્ધ કર્યા પછી તે વેચાણમાં હસ્તક્ષેપ ન કરવાની ખાત્રી આપી છે.

તેલની વહેંચણીનાં સાધનો પણ આ કંપની આપશે. ગુજરાત પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગોના વિકાસ માટે કંપની તરફથી ભારત સરકારને કેટલાંક સૂચનો કરવામાં આવ્યાં છે.

રાતા સુકા મરચાં
૩૦ રતલી બેગ રાતા સુકા મરચાની
૩૦ રતલી પેકેટ સુકે સમણ
૧ રતલ તાજુ ઝીણું લસણ
પોસ્ટેજ પેઈડ
ઓર્ડર સાથે રોકડા
Maarmans (Pty.) Ltd.
P. O. Box 26, Phone 12
(Brits, Transvaal.)

શિક્ષકોની સેવાની કદર

ભારત સરકારે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના સંતાનોને દર વર્ષે મેટ્રિક પછીના અભ્યાસ માટે ૫૦૦ જેટલી પાત્રતા શિષ્યવૃત્તિ (મેરીટ સ્કોલરશીપ) આપવાનો નિર્ણય કર્યો છે. આ શિષ્યવૃત્તિઓ ૧૯૬૧માં લેવાયેલી શાળાંત પરીક્ષાના પરિણામ પછી જ આપવાનું શરૂ કરી અને માર્ચ-એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલી પરીક્ષામાં પસાર થનાર વિદ્યાર્થીઓને જ એ મળી શકશે. આ શિષ્યવૃત્તિ શાળાંત પરીક્ષામાં પ્રથમ વર્ગ અથવા ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને જ આપવામાં આવશે.

આ શિષ્યવૃત્તિનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓ, યોજનાને લગતી સંપૂર્ણ માહિતી રાજ્યના "ઇન્સ્પેક્ટર ઓફ સ્કૂલ્સ" "ડિરેક્ટર્સ ઓફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન્સ" અથવા "ડિરેક્ટર ઓફ એજ્યુકેશન" પાસેથી મેળવી શકશે. રાજ્ય સરકાર આવી યોજનાની જાહેરાત કરે તેના ૨૦ દિવસની અંદર શિષ્યવૃત્તિ માટેની અરજી રાજ્ય સરકારને કરવાની છે. આ સંબંધી તમામ પૂછપરછ પણ રાજ્ય સરકારને જ અને નહિ કે કેન્દ્ર સરકારને કરવાની છે.

અયુબની ધમકી

'ન્યુઝવીક'.

પાકિસ્તાનના પ્રમુખ અયુબખાને ટેલીવીઝન મુલાકાતમાં અમેરિકાને એવી ચેતવણી આપી હતી કે ભારત અત્યંત શક્તિશાળી બને તો એશિયાનાં રાષ્ટ્રો ચીનની સહાય માગશે. અમેરિકાની ભારત પ્રત્યેની નીતિનાં પરિણામો વિષે પાકિસ્તાનની પ્રજાના મનમાં પણ વસવસો છે.

ભારતની લશ્કરી તાકાત અમારાથી ત્રણગણી છે. તેને શસ્ત્રો અપાઈ રહ્યા છે. અમને ખાત્રી છે કે આ શસ્ત્રોનો પાકિસ્તાન સામેજ ઉપયોગ કરવામાં આવશે. ભારતની તાકાત વધવાથી નેપાળ, સિક્કીમ, ભૂતાન, બર્મા અને સિલોન પણ ગભરાતુર બન્યાં છે. તેઓ ચીનની મદદ માગે તો નવાઈ નહીં.

કાશ્મીર અંગે સમાધાનકારી વલણ રાખવા માટે શ્રી નહેરુ પર અમેરિકાએ પુરતું દબાણ કર્યું નથી. અમેરિકા તરફથી મળતી મદદનો ભારત લશ્કર માટે ઉપયોગ કરે છે. હું પુરવાર કરવા તૈયાર છું કે મોટા ભાગની તૈયારી અમારી સામે છે. મિત્રો તરીકે અમે એવી આશા જરૂર રાખી શકીએ કે અમેરિકા અમારી સલામતી જોખમમાં મુકાય એવું કાંઈ નહીં કરે.

ગીરાસદારો કોર્ટે જઈ શકે છે

ડૉ. જીવરાજની ચીમકી

લખપત તાલુકાના મઢુલી ગામે મળેલી એક સભામાં ડૉ. જીવરાજ મહેતાએ જણાવ્યું હતું કે ગીરાસદારો એમ માનતા હોય કે અમલ થયેલ તો જાગીરનાબુદીધારો "અન્યાયકારક" છે તો તેઓ આ અંગે અદાલતમાં જઈ શકે છે. ન્યાયની અદાલતે આપેલો ચુકાદો સરકારને બંધનકર્તા રહેશે. આવા પ્રશ્નો સભાગૃહ, હડતાલ કે ઉપવાસ ઉપર ઉતરવાથી હલ કરી શકતા નથી. વધુમાં ડૉ. જીવરાજે જણાવ્યું હતું કે જે ગીરાસદારોની વાર્ષિક આવક રૂ. ૨૦૦ની છે તેમને કચ્છવિસ્તારમાં જમીન મહેસુલની ચૂકવણીમાંથી માફી આપવાની ગીરાસદારોની માગણી વ્યાજબી નથી. આવી છૂટછાટ ગીરાસદારોને આપવામાં આવે તો રાજ્યના અન્ય ખેડૂતો પણ આવી છૂટછાટની માગણી કરે.

કુંવારાઓને ફસાવતી સ્ત્રીઓ

નવી દિલ્હી: કાંઠે બેસતા કુંવારાઓ સાથે લગ્ન કરવાની લાલચ આપી, તેમની પાસેથી કોઈ પણ પ્રકારે નાણાં પડાવી અધરાત મધરાતે સરસામાન સાથે નાસી જતી કેટલીક ધંધાદારી પરણેતરોની ટોળીની શોધ કરી રહી છે.

પોલીસને મળેલી બાતમી પ્રમાણે આ ટોળીના માણસો દલાલનો ધંધો કરનારા છે. આ ટોળીના ત્રણ માણસોની ધરપકડ કરવામાં આવી છે. આ ટોળીના માણસો એકલવાયા જીવન ગાળતા કુંવારા માણસોને પોતાની જાળમાં યુક્તિપૂર્વક ફસાવે છે. તેઓ કન્યાના સગાવહાલાંનું દેવું ચુકવવા નાણાં આપી લગ્નનો સોદો લે છે.

થોડાજ દિવસમાં ભાગ્યશાળી પતિને છેતરી નાસી જાય છે. પોલીસ તેના પિયેર તપાસ કરે છે, પરંતુ પિયેર જેવું કાંઈ હોય તોને!

રૂ. ૨૫ હજારના હીરા

સુરત: અત્રેના બેગમપુરા દુમાલા શેરીમાં એક્સાઇઝ પોલીસે બે મકાનો પર દરોડો પાડી તેની જાપ્તી લઈ લગભગ રૂ ૨૫ હજારની કીંમતના કહેવાતા દાણચોરીના હીરા કબજે કર્યા છે.

વિગત એવી છે કે દુમાલા શેરીના શ્રી છનાભાઈ મોહનલાલ પટેલ અને શ્રી કાંતિલાલ જીવુભાઈ પટેલને ત્યાં કહેવાતા દાણચોરીના હીરા આવ્યા છે એવી મળેલી બાતમીના આધારે કસ્ટમ અધિકારી શ્રી દેસાઈ અને શ્રી પટેલે દરોડો પાડ્યો હતો.

એક્સાઇઝ અધિકારીઓએ ઘરની તપાસ કરી છનાભાઈ પટેલને ત્યાંથી ૬૮૫ હીરા અને કાંતિલાલ જીવુભાઈને ત્યાંથી ૧૫૦ હીરા કબજે કર્યા હતા. આ હીરાની કિંમત રૂ. ૨૫ હજારની થવા જાય છે.

મત્સ્ય ઉદ્યોગનો વિકાસ

ગુજરાત રાજ્યના એક હજાર માઇલ લાંબા દરિયા કિનારા પર મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે સરકારે ઝડપી પગલા લેવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતના દરિયાની માછલીને ખાસ કરીને ડબ્બામાં પેક કરીને નિકાસ કરવાની યોજના વિચારાઈ રહી છે. માછલી પકડવા માટે અમેરિકન ઢબે હોડીઓ બાંધવાનું કામ બીલીમોરામાં કેટલાક મહિનાઓથી શરૂ કરવામાં આવ્યું હતું અને આવી નવ હોડીઓ બંધાઈ પણ ગઈ છે. આમાંની બે હોડીઓ વેરાવળ ને કંડલા બંદર પર મોકલવામાં આવી છે.

નવા પુસ્તકોની યાદી

સંસ્કારિતાને ઝાંપડે	શી. ૯-૦
કોઈ ગોરા કોઈ કાળા	શી. ૯-૦

આ ઓફિસેથી મળશે

સામાજિક ખબર:

શ્રી ઈસ્ટલંડન રજપુત ચોહાણ મંડળ

શ્રી ઈસ્ટ લંડન રજપુત ચોહાણ મંડળની ૧૭મી વાર્ષિક જનરલ મીટીંગ રવિવાર તા. ૨૩-૭-૧૯૬૧ના રોજે શ્રી છોટુભાઈ વિઠ્ઠલના મુકામે શ્રી બાબુભાઈ જીવનના પ્રમુખપદે મળી હતી. પ્રભુ પ્રાર્થનાથી શરૂઆત કરી મંત્રીશ્રી તરફથી રીપોર્ટ તથા ખજાનચી તરફથી સરવૈયું રજુ થયું હતું. તેના સ્વીકાર બાદ આવતા વર્ષ માટે નીચેના કાર્યવાહકો નિયુક્ત થયા હતા.

પ્રમુખ: બાબુભાઈ જીવન; ઉપ-પ્રમુખ: વિઠ્ઠલભાઈ દુલભ; મંત્રી: મણિલાલ પ્રેમજી, ખજાનચી: ખુશાલભાઈ ડાહ્યા.

કમીટી સભ્યો: ઇશ્વરભાઈ વિઠ્ઠલ, મગનભાઈ પ્રેમજી, બાબુભાઈ જીવન. ઓડીટર્સ: છોટુભાઈ દુલભ અને મગનભાઈ પ્રેમજી.

સાભાર સ્વીકાર:

શ્રી ઈસ્ટલંડન રજપુત ચોહાણ મંડળ,	શી ૧૦-૧
શ્રી ભક્તિભાઈ લાલભાઈ ગોકળજી,	પા. ૧-૨-૦
શ્રી એમ. લાલા એન્ડ સન્સ	પા. ૧-૧-૦
કેપટાઉન હિંદ મહિલા મંડળ, કસ્તુરબા શાળા માટે ભેટ	શી ૧૦-૨.

બી-આઇ

મુંબઈ કરાંચી અને ઇસ્ટ આફ્રિકાના બંદરો વચ્ચે મુસાફરી કરે છે.



બ્રીટીશ ઇન્ડીઆ સ્ટીમ નેવીગેશન કું.
સ્ટીમર કંપાલા ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૬૧માં આવશે અને ૧૧મી ઓગસ્ટ ૧૯૬૧ના ઉપડશે.

મુંબઈ અથવા કરાચીનું ભાડું.
ખોરાક સાથ

ફર્સ્ટ ક્લાસ	પા. ૧૧૦-૧૫-૦
સેકન્ડ ક્લાસ	પા. ૭૮-૧૦-૦
થર્ડ ક્લાસ ખોરાક સાથે	પા. ૩૦-૧૫-૦
થર્ડ ક્લાસ ખોરાક બહાર	પા. ૨૪-૧૦-૦

વધુ માહિતી માટે મળો યા લખો:

શેખ હિમેદ એન્ડ સન્સ
(પ્રોપ્રા. લીમીટેડ.)
૩૯૦ પાઇન સ્ટ્રીટ,—ડરબન.
ટેલીફોન: ૨૦૪૩૨ — ટેલીગ્રાફીક એડ્રેસ "કરામત."

સ મા ચા ર સં ગ્ર હ

—પાકીસ્તાનના પ્રમુખ જ. અયુબ ખાને ઇન્ડિયા સામે અફઘાનિસ્તાનને નાણાં અને હથિયારો પૂરાં પાડવાનો આક્ષેપ કર્યો છે.

—ભારતના એટર્ની-જનરલ શ્રી. એમ. સી. સેતલવાડ જેઓ સોવિયેત સંઘની મુલાકાતે આવ્યા છે તેમણે જ્યોર્જીયાના પાટનગર તિબિલિસીની મુલાકાત લીધી હતી. તેમણે જ્યોર્જીયાની સુપ્રિમ કોર્ટના અધ્યક્ષ એમની તાકિદ્ઝે અને પ્રોસિક્યુટર મિખાઇલ તો. પુરિદ્ઝેની મુલાકાત લીધી હતી તથા તેમની સાથે ચર્ચાવિચારણા કરી હતી. ત્યારબાદ તેમણે તિબલિસી શહેરની એક લોક-અદાલતમાં હાજરી આપી તેનું કામકાજ જોયું હતું.

—ભારતના ખેતીવાડી ખાતાના કેન્દ્રીય પ્રધાન શ્રી એસ કે. પાટીલે ઉઝબેકિસ્તાન અને કાઝાખસ્તાનના વિશાળ સૂકા પ્રદેશો જ્યાં ખેતીવાડીનો વિકાસ યોજનાઓ અમલમાં મુકાઇ રહી છે તેની મુલાકાત લીધી હતી અને એ પ્રદેશના વિકાસના પ્રશ્નોની માહિતી મેળવી હતી.

— ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની શારીરિક સ્વાસ્થ્યની કરવામાં આવેલી મોજણી પરથી જણાયું છે કે ગુજરાત યુનિ.ના વિદ્યાર્થીઓમાંથી ૫૫.૭ ટકા વિદ્યાર્થીઓ સરક્ષણ ખાતામાં ભરતી થવાને યોગ્ય હોતા નથી, કારણ કે તેઓ જરૂરી ઊંચાઇ કે વજન ધરાવતા નથી.

—નડિયાદમાં શ્રી ઉત્સવ પરીખે ભાષણ કરતા જણાવ્યું હતું કે જો દેશ લોકશાહી પણ અપનાવતો ન હતો તો તે દશ વર્ષમાં સામ્યવાદીઓની નિરાશ કરે છે. કોંગ્રેસની એ મોટી સિદ્ધિ છે

—ભારતના જાણીતા અર્થશાસ્ત્રી શ્રી જે. જે. અંજારિયાની વિશ્વ બેંકના ભારતના પ્રતિનિધિ તરીકે નિમણૂંક થઇ છે.

—સુરત જીલ્લામાં અનાજ ભરવા માટે ૮૫ જેટલાં ગોદામો બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો છે

—ખેડા જીલ્લામાં ચોરીઆણી વિસ્તારના ખેડુતો સહકારી ધોરણે ખાંડનું કારખાનું નાખવાનું વિચારી રહ્યા છે

—શિલોંગ ખાતેના સરકારી ગૃહ ખાતે દાદર પરથી પડી જતાં આસામના મુખ્ય પ્રધાન શ્રી બી. પી. ચાલીહાને કોણીનાં હાડકાંમાં ફાટ પડી છે

—રાષ્ટ્રપતિએ પહેરામણી પ્રથા પર પ્રતિબંધ મૂકતાં બિલને મંજૂરી આપી છે.

—ગુજરાત સરકારે હાથકાંતણના રૂ, રેશમ અને ઊનમાંથી અથવા આમાંના કોઇ બે કે અમુક તમામ તારનું મિશ્રણ કરીને ગૂંથીને તૈયાર કરાયેલી ચીજવસ્તુઓને વેચાણવેરામાંથી મુક્તિ આપવાનું ઠરાવ્યું છે.

—૧૯૬૧-૬૨ની સાલમાં ગુજરાતમાં ૪૦૦૦ ચોરસ માઇલ પ્રદેશમાં તેલનું સંશોધન થનાર છે

—જાણીતા ઉદ્યોગપતિ શ્રી મોરારજી વૈદ ગુજરાતમાં એલ્યુમીનીયમ બનાવવા અંગેની યોજના વિચારી રહ્યા છે.

—મધ્યસ્થ સરકારના સામુહિક વિકાસ અને સહકાર ખાતાના હેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિ સારી સ્થિતિમાં છે

—ઉદેપુરમાં મેવાડના મહારાણાનો લક્ષ્મીવિલાસ મહેલ કેન્દ્ર સરકારનું વાહનવ્યવહાર ખાતું ૭ લાખ રૂપીએ ખરીદી લે છે. મહેલને પ્રવાસીઓ માટેની હોટેલમાં ફેરવી નાખવામાં આવશે. હિંદી અને પરદેશી પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉદેપુરના પ્રવાસે આવે છે અને તેમને સમાવવા માટે એક સારી હોટેલની જરૂરીઆત કેટલાક સમયથી લાગ્યા કરે છે

—ઉત્રાણ પાવર હાઉસનું ૭૫૦૦૦ કીલોવોટ વીજળી ઉત્પન્ન કરતું જનરેટર બળી ગયું છે. આનું સમારકામ કરતા ત્રણ મહિના વીતી જશે

—દિલ્હીમાં સત્તાવાળાઓએ સખત તકેદારી રાખવા માંડી છે ને નવા માણસોને એકઠા થવાની તેમ જ રાજકીય વાતો કરવાની મનાઇ ફરમાવવામાં આવી છે.

—ભરૂચ જીલ્લા કોંગ્રેસ સમીતીએ પૂરના ભરાવાનો નિકાલ કરવાની સરકારને વિનંતી કરતો ઠરાવ કર્યો છે ને ગુજરાતના ખેડુતોને ગંભીર પરિસ્થિતિ માંથી ઉગારી લેવા અનુરોધ કર્યો છે.

—ગુજરાતના ચાર જીલ્લાઓમાં સુરત, ભરૂચ, જુનાગઢ ને રાજકોટમાં કુલ ૪૦,૦૦૦ એકર વિસ્તારમાં શુદ્ધ કપાસના વિતરણ સંબંધમાં અખિલ પાયલોટ યોજના દાખલ કરવામાં આવશે.

—વડોદરા શહેરને લશ્કરી થાણું બનાવવાનો તથા લશ્કરી હવાઇ મથક બનાવવાનો નિર્ણય, ભારત સરકારે લીધો છે

—સુરતમાં ચાલુ વર્ષે ૧૯૬૧-૬૨માં પ્રાદેશિક એન્જનેરી કોલેજ શરૂ થશે. આ કોલેજ સાથે સરદાર પટેલનું નામ જોડાશે.

—સુરતની સરકારી ઉદ્યોગપીઠમાં બાળકોના અને માંદાના ખોરાક માટેના બે ખાસ વિભાગો શરૂ કરવામાં આવનાર છે. આ વિભાગોનું ઉદ્ઘાટન ડૉ. જીવરાજ મહેતાના હસ્તે થશે

—રત્નાગીરી: મહારાષ્ટ્ર સરકારે ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન રાજ્યમાં ૧૫ ઔદ્યોગિક વસાહતો સ્થાપવાનો નિર્ણય કર્યો છે.

લગ્ન પ્રસંગો માટે

અમને મળો.

સુરતી જમણના અમે સ્પેશ્યાલીસ્ટ છીએ.

શ્રી રૂપીઅનની અંગત દેખરેખ નીચે યુનીયનના અને રોડેસીઆના ઘણા પણ ભાગમાં ત્યારે શુભ આવો રસોઈ લગાવો અને આનંદ લઉં.

કેપીટન્સ બાલ્કની હોટેલ

(ધી કોર્નર મીઠાઇ હાઉસ)

ગ્રે અને વિક્ટોરીઆ સ્ટ્રીટના ખુણાપર – ડરબન.

ફોન નંબર ૨૩૪૧૪ ટેલીગ્રામ: KAPITAN.

આદુ, લસણ જબ્બર ભાવ, નારીએળ નં. ૧ શી. ૧-૦
થેલ (નંગ ૧૦૦) શી. ૬૦-૦.

દુકાનદાર માટે બાંધણાના ન્યુઝપેપર જબ્બર ભાવ,
મસાલા, કરી (કાંદા), શુદ્ધ લાલ મરચાં, ગ્રામ, શુદ્ધ જીરૂ (અલો), સોનેરી રંગનો ગોળ, દરેક જાતનો મરી મસાલો વિગેરે હમેશા સ્ટોકમાં રાખીએ છીએ. કપુરી અને બેંગલી પાન જબ્બર ભાવ, પોરટેજ બાઇ. ફ્રુટ, તમાકુ, ચાંલ્લા વગર અને બીજી વસ્તુની જોગવાઇ છે.
રોડેસીઆ, ન્યાસાલેન્ડ અને બેલ્જીયન કોંગોના ઓર્ડરો ઉપર ખુબ ધ્યાન આપી કોઇ પણ વગર પરમીટ માલ મોકલશું.

All prices subject to Market fluctuations.

A. KADER & Co., (PTY) LT
WHOLESALE FRUIT MERCHANTS
P. O. Box 251. DURBAN.

ધીરૂભાઈ પી. નાયક

બુકકીપીંગ, મુસાફરી, વીમાઓ અને જનરલ એજન્ટ
હીંદુસ્તાન અગર દુનીઆના કોઇ પણ ભાગની હવાઇ દરીઆઇ અગર જમીન માર્ગે મુસાફરી કરવા પેહેલાં અમારી મારફતે બુકીંગ કરો
ઇંગ્લાંડ, નાગ, મુંબઇ, હુબલી, અમદાવાદ, પોરબંદર, વિગેરેના વીસા અમે કઢાવી આપીએ છીએ
ઇન્કમટેક્સ, પરસનલ ટેક્સ, હિસાબના ચોપડા લખાવવા રેન્ટ એક્સ્ટ્રા સર્ટીફીકેટ કે વેપારના લાયસેન્સો પાસપોર્ટ તેમજ કમીશનરને લગતી અરજીઓમાં કોઇ પણ ફી લીધા વિના અમે મફત સલાહ આપીએ છીએ.
નેશનલ મ્યુચ્યુઅલ લાઇફ એસોસીએશન ઓફ ઓસ્ટ્રેલીઆ અને પેર્ક ઇન્સ્યુરન્સ કંપની લીમીટેડના પ્રતિનિધિ

Office:
9 Barkly Arcade,
38 Market Street,
Phone: 339033,
Johannesburg.

Residence:
52 Patidar Mansion,
13 Kort Street,
Phone: 330816,
Johannesburg.

ફરનીચર! ફરનીચર!! ફરનીચર!!!

બેડરૂમ શુટ, ડાઇનીંગરૂમ શુટ, બેડસ્ટેડ, ડ્રેસીંગ ટેબલ, સાઇડ બોર્ડ ઓફિસ ડેસ્ક, બુક કેસ, ટેબલ, વગેરે ખરીદી કરો. અમે ખાસ ભાવ લેવા ચુકશો નહિ.

—બેડઝ, ટેબલ અને કીચન ફરનીચર—

જે અમારી દેખરેખ નીચે તૈયાર થાય છે. તેનો સ્ટોક હમેશાં તૈયાર રહે છે. ખાસ રોકડ ભાવના ગ્રાહક પધારો અને વેપાર આગળ વધારો

L. MISTRY
51 BREE STREET, BURGERSDORP. J'BURG.
PHONE 33-4591. BOX 2526.

Printed And Published by Mrs. Sushila Gandhi, International Print
[Phoenix Address] INDIAN OPINION, Private Bag, Durban.

Indian Opinion

Founded by Mahatma Gandhi in 1903. Former Editor: Manilal Gandhi—1918-1956.

No. 30—Vol. LIX. Friday, 4th August 1961 REGISTERED AT THE G.P.O. AS A NEWSPAPER Price: FOUR CENTS

THE END OF THE JOURNEY—INDIAN OPINION CEASES PUBLICATION

THIS is the last issue of *The Indian Opinion* and it marks the end of a fifty eight year journey begun sometime in the middle of 1903 in Grey Street, Durban. It was first launched as a simple commercial proposition but shortly after its founding Mahatma Gandhi became interested in the paper. Gandhi, of course, at that time was simply Mr M. K. Gandhi a barrister practising law and leading the Indian community in their varied struggles against the colonial governments. Soon he discovered that the paper was becoming a financial drain but at the same time he realised that it was a vital sinew in the struggles of the Indian people, especially in the Transvaal where the battle, first joined against the Government of Paul Kruger, was being continued to the death in a different guise. A newspaper, Gandhi felt, was indispensable to the advocacy of any cause. The people and the country must know what was being done and how it was being done. Gandhi had by this time, after his return from his second visit to India, come under the influence of Ruskin, Tolstoy and Thoreau.

Shortly after the end of the Anglo Boer War Milner came down upon the Indian people in the Transvaal with even greater viciousness than Kruger and the Dutch had done in the old South African Republic. Gandhi realised that unless the Indian people did something to protect themselves, they would be cleared out of the Transvaal. So he organised protests and petitions against the Asiatic Registration Act and soon found himself locked in a gigantic struggle for the survival of the Indian people in the Transvaal. For publicity for the claims and the grievances of the people he depended on *The Indian Opinion* which from being a general Indian newspaper was, of necessity, veered round to being the organ of the Indian struggle in the Transvaal.

The paper, however, made heavy demands on Gandhi's personal resources and so he decided to make startling changes in its organisation and publication. He decided to remove the paper out of Durban for the Press was at that time situated at 113 Grey Street, Durban. It depended on advertising and sales and the workers were ordinary workers. Gandhi made a revolutionary proposal to the workers. *The Indian Opinion* would, in future, be a corporate venture of a unique kind. It would no more be a simple commercial proposition but would become one of a scheme which Gandhi proposed to give effect to in Natal. He had come under different influences. He was at this time earning an extremely high personal income but he was not very much interested in his earnings and his possessions. He was not only a politician leading his people in a life and death struggle in the Transvaal but he was also a man searching for the right path of life in a world bound up with desire for material possession. Diet, ill health, education, politics, religion, ethics, community living and the purpose of man and life all engaged his attention. Out of the welter of thoughts crossing his mind he evolved a new system for the publication of *The Indian Opinion* as a self-supporting proposition and for the realisation of some of his new-established beliefs.

He bought a piece of land within easy distance of Durban by rail, near railway station and with a good supply of water. This was near the Phoenix railway station. The land suited him admirably and he established here what is known in history as the Phoenix Settlement.

To the worker on *The Indian Opinion* he put the following proposition. The paper would no more operate for the benefit of one or two people. It would serve the Indian people and any profits would be shared by all the workers. In return the workers would have to live at Phoenix and follow a prescribed course of rigorous physical and mental discipline. They would draw a nominal cash allowance every month, would attempt to support themselves by farming on the Settlement and work on *The Indian Opinion*. Some workers accepted, some did not. But as Gandhi's scheme took shape it attracted a large number of people among them many Europeans. It was at Phoenix that Gandhi worked out the mechanism and philosophy of Satyagraha and trained his volunteers for the Passive Resistance Movement in the Transvaal.

The people of South Africa, more especially the

(Continued on page 235)

FINANCE OFFERED

AS we go to press, we have received a letter from a sympathiser in Johannesburg urging us not to close down "The Indian Opinion" for it is a living monument to Mahatma Gandhi. The plea is accompanied by an offer of direct financial help of a substantial nature. We are considering the offer. Should the gods will it, it may be possible to resume publication of the paper.

—The Publishers, "The Indian Opinion".

Indian Opinion

Private Bag, Durban.
Telephone. Mount Edgecombe 30.
Telegram and Cable: "GANDHI."

FRIDAY, 4TH AUGUST, 1961

EPILOGUE

FOR a little over fifty-eight years *The Indian Opinion* has served the Indian community of South Africa. "Now the curtain comes down on that service at a time when there is the greatest need for a journal of the type of *The Indian Opinion*. In its first years the paper was the hand-maiden of a unique kind of fight against injustice and wrong conducted by one of the greatest men who have trod this earth. It was not only the mouthpiece of the struggle of the Indian people in Natal and the Transvaal but it was also the instrument which conveyed to the world at large the deep stirrings in the mind of Gandhiji. Gandhi evolved the philosophy and the technique of *Satyagraha*. *The Indian Opinion* was the vehicle which conveyed that philosophy and technique to the people. *The Indian Opinion* was not an ordinary newspaper seeking merely to transmit information and to advertise wares for manufacturers and merchants. It moulded opinion and led the people. It never, for the sake of circulation and profits, pampered to the tastes of the people. In fact, all of its 58 years were spent in going against the accepted grain of things, against the mundane materialism of a world whose values were lop-sided. If, on the one hand, it led the charge against the injustices perpetrated by the white rulers, on the other, it challenged the Indian people to fight for a just cause in a just way. The means were as important as the end and if the means did not measure up to the highest standards the end was not worth realising.

Not only did the journal seek to secure to the Indian people political and economic rights due to them as a tax paying part of the population, but it also sought to chart out a new way of life based on what had become a passion with Gandhiji—Truth. Truth, he proclaimed was God and God was Truth. There was nothing more in the cosmos. It was a most difficult creed to preach but the driving genius of Gandhi could not be restrained and slowly *The Indian Opinion* won world renown.

In recent years the journal has tried to present to the people of emergent Africa the teachings of Mahatma Gandhi. It has put forward the case for Satyagraha as a weapon which the people of Africa can use in their struggle. In addition it has tried to attend to the immediate affairs of the Indian people themselves thus serving both a broad and a narrow horizon. All these must now cease for reasons already explained by the publishers and while there is a sense of grief that something which has served for 58 years should come to an end there is at all times the challenge of the following from the Bhagavadgita: "For to the one that is born death is certain and certain is birth for the one that has died. Therefore for what is unavoidable, thou shalt not grieve."

THEY TOO HAVE SERVED-TRIBUTE TO EMPLOYEES

MANY people have served *The Indian Opinion* in the course of the 58 years of its existence. In the days when it spotlighted the heroic struggle of the Indian people in the Transvaal and Natal between 1903 and 1914 Europeans and Indians abandoned their callings and professions and came to live at Phoenix and share in the new life that Gandhi offered them here. Prosperous men and women cut themselves off comfortable living and came to search for the right path of life at Phoenix. They made their sacrifices willingly. They not only sought a way for themselves but they gave their energies and their material possessions to the Indian people. Some achieved spectacular success in their new venture. Such was their spiritual and moral strength. Some achieved satisfaction for themselves and at the same time served the cause in a quiet way. They were of different mettle. Some few fell by the wayside. Not all were of the same calibre. Behind all these people at all times were some very ordinary men who, though not inspired, by any call to serve, were required as workmen. They were ordinary, no doubt, but they too served. To those who have passed on we cannot now pay tribute but a small group of printers and assistants in the printing press have served loyally and faithfully for many years and to them the management of *The Indian Opinion* would like to pay a public tribute.

First and foremost is Mr Alpha Ngcobo, an African compositor, who has been with *The Indian Opinion* for the last forty-one years. He came to Phoenix as a young man of twenty and has been with *The Indian Opinion* almost continuously throughout the period 1920—1961. He has worked loyally and with rare devotion. His is the longest existing connection with *The Indian Opinion*. He has, if one might turn a bit Dickensian, seen it through the best times and through the worst of times. He will possibly find it most difficult to adjust himself to this change in his life.

Next is Mr. Perumalsamy Rajoo who has served *The Indian Opinion* for about 27 years. He, too, has worked loyally and devotedly. For him, too the adjustment will be difficult. Of those people directly associated with *The Indian Opinion* and the Phoenix Settlement at the moment Mr Rajoo's is the third longest existing connection. He, too, will find it difficult to re-organise his life without *The Indian Opinion* which he has served so well.

Compared to Mr. Ngcobo and Mr Rajoo there are two considerably younger men, Mr. D. Gangabhason who has been with *The Indian Opinion* for about sixteen years and Mr. R. Baijnath who has been with the paper for about thirteen years. These two have also served faithfully. Both worked the printing department. Lastly there is Mr S. Ramadhar who has worked for about thirteen years in the office of *The Indian Opinion*.

The end of the journey for *The Indian Opinion* means for these people the beginnings of a new one under different conditions. We shall be extremely grateful if any among our readers and supporters is able to offer them suitable employment or help in obtaining employment for them.

The Management,
The Indian Opinion.

Death Of Mr. Suliman Casoojee

IT is with regret that *The Indian Opinion* records the death of Mr. Suliman Casoojee, the head of one of South Africa's best-known Indian families and a prominent and respected member of the Indian community of East London. He died at his home on July 27 after a short illness, at the age of 82.

At the time of his death, Mr Casoojee was president of the East London Indian Association and also of the Moslem Society.

He came to South Africa from India in 1896 and settled in East London in 1903 where he was one of the first Indian traders.

A donation by him went to help in the establishment of the Casoojee Ward at Frere Hospital.

Mr Casoojee is survived by a widow, six sons and three daughters.

INDIA RESTATES HER CASE ON KASHMIR

NEW DELHI (By Mail)

["Indian Opinion" Service]

INDIA'S case on Kashmir has been restated in a pamphlet brought out recently by the Embassy of India in Washington. It reminds Pakistan of her solemn commitments to the U.N. on Kashmir and goes on to say that it would be the "height of logical absurdity" to expect India to implement the third part of the U.N. Commission on India and Pakistan resolution of August 13, 1948 when Pakistan, which had also accepted the resolution, had not carried out the directions in the second part of calling for a withdrawal of Pakistani regular and irregular forces from the territory of Jammu and Kashmir.

The following are some extracts from the pamphlet:

If part II of the Resolution was ignored and part III implemented, it would be like putting the cart before the horse. It is Pakistan and not India which should be held guilty of thwarting a peaceful solution when it was in sight of this long-drawn 14-year old dispute between the two countries.

Pakistan had made much play about an assurance given by Mr. Nehru to the people of Kashmir after India had accepted the State's accession. The assurance was that after Pakistan's invasion had been liquidated and the entire territory of State cleared of Pakistan hordes and tribesmen, India would again ascertain, if necessary, the will of the people of the State of Jammu and Kashmir. The assurance, let it be remembered, was given only to the people of Kashmir.

ઇન્ડિયન ઓપિનિયનની ૫૮ વરસની હયાતી દરમ્યાન ઘણી વ્યક્તિઓએ ઇન્ડિયન ઓપિનિયનને પોતાની સેવા આપી છે. ૧૯૦૩ અને ૧૯૧૪ વચ્ચે જ્યારે ટ્રાંસવાલ અને નાતાલમાં હિંદી લોકો કમર કસીને સરકાર સામે લડતા હતા, ત્યારે ઘણા ગોરાઓ અને હિંદીઓ પોતાના ધંધા છોડીને ફીનીક્સ સેટલમેન્ટમાં સેવાવૃત્તિના આશયથી આવી વસ્યાં હતાં. સારી આમદાની વાળા સ્ત્રી-પુરુષો એશઆરામની જીંદગી છોડી સાદાઈથી ફીનીક્સમાં રહેવા લાગ્યા. પોતાના આત્મા વિકાસ માટે જ નહિ પરંતુ હિંદી-કોમ માટે પણ તેઓએ સેવા આપી. આ કાર્યમાં જ્યારે અમુકને અલ્પ સફળતા મળી, ત્યારે બીજાઓને સેવા આપવા બદલ ઉંડો આત્મસંતોષ મળ્યો. જુદી જુદી વૃત્તિવાળા હોવાથી, અમુક પાછળ રહી ગયા, કેમકે બધાની શક્તિ એક સરખી ન હતી. આ બધા પાછળ અમુક કામદાર મૂકસેવકો હતા, જેઓ હંમેશા એકધારી રીતે કાર્યો કર્યે જતાં. તેઓ આગળ પડતો ભાગ લઈ શકયા નહિ, એ છતાં એમની સેવા ઘણીજ અગત્યની હતી. તેઓ સાદા માણસો હતા, તો છતાં તેઓ સેવા આપી શકયા, અમે આ સેવા બદલ બીબાં છાપનારા અને મદદનીશોની કદર કરીએ છીએ. તેઓની મૂકસેવાની કદરની કશી બીના બાકી એમ નથી. એથી ઇન્ડિયન ઓપિનિયન આ મૂકસેવકોને માનાંજલિ અર્પે છે.

સૌથી પ્રથમ આવે છે મી. આલ્ફ્રેડ ન્ઝોબો, જેઓ એક આફ્રિકન 'કમ્પોઝીટર' છે. મી. આલ્ફ્રેડ ઇન્ડિયન ઓપિનિયનના તવકા છાપખાનાનો અનુભવ છેલ્લા ૪૦ વરસથી લેતા આવ્યા છે. તેઓ વીસ વરસની યુવાન ઉંમરે ફીનીક્સ આવ્યા, અને ૧૯૨૦થી ૧૯૬૧ સુધી ઇન્ડિયન ઓપિનિયન સાથે રહ્યા છે. તેમની સેવા સચ્ચાઈભરી અને ભક્તિપૂર્વકની છે. ઇન્ડિયન ઓપિનિયન સાથે એમનો જુનામાં જુનો સંબંધ છે. હવે જે ફેરફાર એમના જીવનમાં થશે એ જરા એમને માટે કપરા થઈ પડશે.

બીજા છે મી. પેરૂમલ રાજૂ. તેઓ ઇન્ડિયન ઓપિનિયન સાથે છેલ્લા ૨૭ વરસથી છે. તેઓએ પણ સચ્ચાઈથી અને ભક્તિથી કામ આપ્યું છે. તેમના જીવનમાં પણ આ ફેરફાર જરૂરથી જરા કપરો થઈ પડશે. ઇન્ડિયન ઓપિનિયન સાથે જુનો સંબંધ ધરાવતી વ્યક્તિઓમાં મી. રાજુનો સંબંધ ત્રીજે નંબરે આવે છે. ઇન્ડિયન ઓપિનિયન વગર એમનું જીવન સુમસામ લાગશે, અને બીજી સેવા સાથે સંકળાતા એમને જરા અતડું પણ લાગશે.

મી. આલ્ફ્રેડ અને મી. રાજુની સરખામણીમાં બીજા બે ઓછી ઉંમરના છે. મી. ડી. લબાબીસુન જેઓ ઇન્ડિયન ઓપિનિયન સાથે છેલ્લા ૧૬ વરસથી છે, અને મી. ભેજનાથ જેઓ ૧૩ વરસથી આ છાપાં સાથે છે. આ બન્નેની સેવા પણ વફાદારી ભરી છે. બન્ને કમ્પોઝીટરો છે. તેઓ ગુજરાતી અને અંગ્રેજીમાં કામ કરી જાણે છે. છેલ્લે છેલ્લે આવે છે મી. એસ. રામાધર, જેઓ ઇન્ડિયન ઓપિનિયનના ઓફીસનું કાર્ય છેલ્લા ૧૩ વરસથી કરતા આવ્યા છે.

ઇન્ડિયન ઓપિનિયનનું બંધ થવું એનો અર્થ એ કે આ મૂકસેવકો માટે નવા જીવનની તઈયારી. અમારા વાચકો અને સહાયકો જો આ મૂકસેવકોને કોઈ યોગ્ય નોકરીએ લગાવી શકે એમ હોય તો અમે એમનો હાર્દિક આભાર માનીશું.

વ્યવસ્થાપક
ઇન્ડિયન ઓપિનિયન.

લંડનના ધારાશાસ્ત્રી સ્હામે પ્રતિબંધ

આફ્રિકનોની એક જાહેર સભામાં ગયા મહિનામાં ભાષણ કરવા માટે કાનુ પાર્ટીના એક ધારાસભ્ય જાર્મ'વીન ક્રેડેકી રાજદ્રોહના આરોપસર ધરપકડ કરવામાં આવી તેમને કોર્ટમાં ખડા કરવામાં આવ્યા હતા મી. ક્રેડેક પોતાના બચાવ માટે લંડનના ધારાશાસ્ત્રી મી. રાલ્ફ મીલનરને રોકવા હતા અને તે નૈરોબી પોતાના અસીલનો બચાવ કરવા આવવાના હતા. પણ કેનીયાના ઇમીગ્રેશન ખાતાએ તેમને કેનીયામાં દાખલ થવાની પરમીટ આપવા ના પાડી છે.

ટાંગાનીકામાંની પોરચુગીઝ કચેરી અંગે ન્યેરેરેની ધમકી

ટાંગાનીકાના વડા પ્રધાન મી. ન્યેરેરેએ લંડનમાં અમેરીકા જતા અગાઉ લંડનથી જણાવ્યું હતું કે એન્ગોલામાં પોરચુગીઝ સરકાર જે અમાનુષી નીતિ ચલાવી રહી છે તે અસહ્ય છે અને આફ્રિકનો તેનો સખ્ત વિરોધ કરે છે અમારી ધીરજનો અંત આવી ગયો છે. આવી નીતિના વિરોધમા પોર્ટુગાલના રાજદૂતની દારેસલામની કચેરી બંધ કરી દેવા અમે બ્રિટીશ સરકારને જણાવ્યું છે પણ, હજુ બ્રિટીશ સરકારે તે બાબતમાં કંઈ કર્યું નથી એટલે હવે જો બ્રિ. સરકાર એ કચેરી બંધ નહિ કરે તો હું-પોતે તે બંધ કરાવી દઈશ.

આફ્રિકન કુમારીકાને મળેલો હોદ્દો

અત્રે સેન્ટીમ એન્ડ શોપીંગ કંપની એ પોતાની સેન્ટ્રલ ડીપાર્ટમેન્ટલ ઓફીસમાં આ પહેલીજ વાર એક આફ્રિકન કુમારીકાને કાઉન્ટર ક્લાર્ક તરીકે રાખી છે. તેનું નામ છે મીસ મેરી બરલા માકં. તે ૧૯ વરસની છે. ટમોરામાં ટીચર્સ ટ્રેનીંગ કોલેજમાં પાસ થયા બાદ ૧૯૬૦માં તે સેન્ટીમ શોપીંગમાં દાખલ થઈ હતી. સેન્ટીમ એન્ડ શોપીંગ કંપનીમાં જો આગળ ફરી તો કેમ્બ્રીજ સ્કુલ સર્ટીફીકેટવાળા આફ્રિકન છોકરાઓને રાખવામાં આવશે એમ કંપનીના એક ઓફીસરે કહે છે.

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૪ ઓગસ્ટ, ૧૯૬૧.

ઉપસંહાર

લગભગ પચાસ વરસ ઉપરથી ઇન્ડિયન ઓપિનિયન હિંદીઓની સેવા કરતું આવ્યું છે. હવે એ દૃશ્ય ઉપર પડદો પડે છે, અને તે પણ જ્યારે આ દેશને એવા છાપાની ખાસ જરૂરત છે ત્યારે આ છાપાના પહેલા વરસોમાં એની લડતનો ખ્યાલ આ છાપું આપતું કે તે લડત આજે અમર બની ગઇ છે. એનો ખ્યાલ આપનાર આત્મા આજે વિશ્વમાં દિગ્વિજય કરી અમરત્વ ને પામ્યું છે. આ છાપું કેવળ ટ્રાન્સવાલ અને નાતાલના હિંદીઓની લડતનો ખ્યાલજ આપતું નહિ, પરંતુ પૂજ્ય ગાંધીજીના હૃદયમંથન નો ખ્યાલ પણ આપતું. પૂ. ગાંધીજીએ સત્યાગ્રહ સિદ્ધાંત અને એના તત્વ જ્ઞાનની શોધ કરી અને એનો પ્રયોગ અહીંથી વહેતો કર્યો હતો. ઇન્ડિયન ઓપિનિયન કેવળ સમાચાર આપતું છાપું ન હતું, પરંતુ અભિપ્રાયો લેખો કરી લોકોને કેળવણી આપતું. નફાની દ્રષ્ટિથી અને લોકોને ખપાવવાના હેતુથી એ છાપું ચલાવવામાં આવતું નહિ. છેક ૫૮ વરસોથી આ છાપું આવી રીતે દેશની અને હિંદીઓની સેવા કરતું આવ્યું છે. ઘણી વખતે તે એક બાજુ એથી સરકારની ટીકા કરતું અને બીજી બાજુએથી હિંદીઓને સચ્ચાઇનો માર્ગ લેવાનો ઉપદેશ આપતું. પરિણામ જેટલું ઉપયોગી હતું એનાથી પણ ઉપયોગી હતું એ પ્રાપ્ત કરવાની રીત. જો એ પ્રાપ્ત કરવાની રીત સચ્ચાઇભરી ન હોય તો એવા પરિણામનો કંઇ અર્થજ નથી.

આ છાપાએ કેવળ હિંદીઓના રાજકીય અને આર્થિક હક્કોનીજ માંગણી કરી નહિ, પરંતુ એક એવો માર્ગ પણ બતાવ્યો જેનું અનુસરણ કરવાનું પૂજ્ય ગાંધીજીએ વારંવાર કહ્યું પણ છે. એ માર્ગ છે સત્યનો! પૂજ્ય ગાંધીજીએ કહ્યું કે સત્ય એ પરમેશ્વર છે અને 'પરમેશ્વર એ સત્ય છે. આ એક વિશ્વનું મહાસત્ય છે! આ સત્યનો પ્રચાર કરવો એ મહાકાર્ય હતું, પરંતુ પૂ. ગાંધીજીની પ્રતિભાએ લોકોનું મન જીતી લીધું અને 'ઇન્ડિયન ઓપિનિયન' વિશ્વમાં જાણીતું બન્યું.

હાલના વરસોમાં આ છાપાએ બહુજ ઘટતાં આફ્રિકા ખંડને પૂ. મહાત્મા ગાંધીજીનો સંદેશ આપવાનો પ્રયાસ કરતું આવ્યું છે. સત્યાગ્રહના હથિયારને આફ્રિકાના લોકો સમક્ષ પ્રયોગ માટે આ છાપા દ્વારા મૂકવામાં આવ્યું. આ સિવાય હિંદીઓના પ્રશ્નોની છણાવટ પણ આ છાપું કરતું; અને આ રીતે વિવિધ રીતે આ છાપું સેવા કરતું આવ્યું છે. હવે ૫૮ વરસના ઇતિહાસના આ બધા પ્રકરણો ઉપર પડદો પડે છે અને વ્યવસ્થાપકના કહેવા મુજબ આ છેલ્લા પ્રકરણ ઉપર પડદો પાડતાં દુઃખ થાય છે, પરંતુ ભગવદ્‌ગીતામાં કહેવામાં આવ્યું છે:—"જે જન્મ્યું એ અવશ્ય મૃત્યુ પામવાનું જ અને જે મૃત્યુ પામ્યું એ અવશ્ય જન્મવાનું જ છે, એથી જે દુર કરી શકાય એમ નથી તે માટે શોક કરવો નકામું છે."

આર્થિક સહાય

છાપખાનાઓ જતાં, અમને જોહાનીસબર્ગથી એક પરદુ:ખભંજન સહાયકનો પત્ર મળ્યો, જે બતાવે છે કે પૂ. બાપુજીએ સળગાવેલો માણસાઇનો દીવો હજુ હોલવાયો નથી. આ સહાયકની એવી અરજ છે કે પૂ. બાપુજીના પ્રતિક—ઇન્ડીયન ઓપિનિયનને બંધ ન કરવું. આ અરજ સાથે આ પરદુ:ખભંજન ભાઇએ આર્થિક સહાય કરવાની ઇચ્છા પણ દર્શાવી છે. એ પરમેશ્વરની ઇચ્છા હશે તો આ છાપું ફરીથી શરૂ પણ થાય!—પ્રકાશક ઇન્ડિયન ઓપિનિયન.

પ્રેમનું અમૃતત્વ

(રવીન્દ્રનાથ ટાગોર)

આપણું મન કોઇક એવી વસ્તુ ઝંખે છે જેનાથી પાછું વળવાપણું નથી. એને મેળવીને આપણે કહી શકીએ "બસ, હવે બીજું કાંઇ નથી જોઇતું." એને મેળવ્યા પછી ઉતાવળો પ્રયાસ નથી રહેતો. એમ માત્ર તેજ મૃત્યુની મૂઠમાંથી સરીને છૂટી શકાય.

સંસારના આ બધાં વાનાં અમૃત નથી, તો અમૃત છે શું! અમૃત શું છે તે આપણે જાણીએ છીએ. આ પૃથ્વી પર આપણે અમૃત કહી શકીએ એવું જ નથી એવું કાંઇ નથી. આવ્યું જ ન હોત તો એને માટે આટલી તાલાવેલી ન હોત. આપણે સંસારના સમસ્ત વિષયોમાં કેવળ એને જ શોધતા ફરીએ છીએ, એનું કારણ જ એ છે કે ક્યાંક ક્યારેક આપણને એ સ્પર્શ કરી ગયું હોય છે.

મૃત્યુની વચ્ચોવચ અમૃતનો સ્પર્શ આપણને ક્યાં થાય છે? જ્યાં આપણો પ્રેમ છે ત્યાં એ પ્રેમમાં આપણને આનંદનો આસ્વાદ મળે છે. પ્રેમજ સીમામાં અસીમની છાયા પાડીને પુરાતનને નવીન કરતો રહે છે, મૃત્યુને કોઇ કરતાં કોઇ રીતે સ્વીકારતો નથી. સંસારના વિચિત્રવિચિત્ર વિષયોમાં આ પ્રેમની ઝાંખી મેળવ્યા બરાબર જ આપણે મૃત્યુની પેલી પારના પરમ તત્વનો પરિચય પામીએ છીએ. પછી તો એજ પ્રેમને એના પરિપૂર્ણ સ્વરૂપે પ્રાપ્ત કરવા અર્થે આપણા અંતરમાં સુતાવેલી સાચી ઝંખનાથી માટે આપણા પ્રાણ ખસી જાય છે.

આપણામાં પ્રેમનો પ્રકાશ પ્રગટતો નથી ત્યાં સુધી આપણે બધુંય ભલા જોવાતા નથી. આ પૃથ્વી પર કેટલા કરોડો માણસો મારી આસપાસ વીંટળાયેલા છે. તેમને હું ઓળખતો નથી એમ નથી, પણ તેઓ મારા મન ક્યાં જ નથી. સંસારમાં હું એવી રીતે આવ્યો છું જાણે એ અસંખ્ય માણસો અને એમનાં સુખદુઃખ છેજ નહીં.

ત્યારે મારે મન છે કોણ? જેઓ મારાં આત્મીય સ્વજન છે, મારાં પ્રિયજન છે, તેઓ જ એવા અસંખ્ય છતાં કરતા મારે મન વધારે છે. એ થોડાં માણસો એજ મારો આધાર, કારણ એમને જ હું પ્રેમના પ્રકાશથી જોઉં છું. એમને હું દરેકઆંગે અને મારા આત્માના જેવા માનું છું. મારો આત્મ પ્રેમ જેમનામાં પ્રસારિત થઇ શક્યો છે તેમને જ હું આત્મીય ગણું છું.

ઇશ્વર છે અને સર્વત્ર છે એ 'વાત ક્યે મારે જાણવાની બાકી નથી, પરંતુ હું રાતદહાડે શ્વસ્યુંખરું એવી રીતે જ ચાલું છું જાણે ઇશ્વર ક્યાંય છે જ નહિ એનું પણ ગરજ શું! તેમના પ્રતિ મને પ્રેમ જાગ્યો નથી, એટલે તેઓ હોય તોય શું અને ન હોય તોય શું! તેમના કરતા મારા પોતાના ઘરની અત્યંત તુચ્છ વસ્તુ પણ મારે મન વધારે છે. પ્રેમ નથી એટલા માટે જ એમનું અસ્તિત્વ લોપી વિશેષ છે, તેથી જ આપણે શી કરતા નથી પામતા નહિ,—તેથી જ આપણા જીવનમાં એવી એક ઉણપ રહી જાય છે, જે બીજા કશાથી કોઇ પણ ઉપાયે પૂરી શકાતી નથી. ઇશ્વર છે છતાં નથી—એ નાસ્તિતાનો અર્થ એટલો જ કે આપણામાં પ્રેમનો અભાવ છે. એ નાસ્તિની શુષ્કતાથી જગતનું અસલ સૌંદર્ય નષ્ટ થયું, બધું જ લેખે લાગતું નથી. રાત દિવસ એટલા માટે જ અનંતતાનો અનુભવ થતા છે. ભલું જાણીએ છીએ, ભલું સમજીએ છીએ પણ ભલું જ નથી.

જગતમાં કોઇ પણ વસ્તુની પાસે, કોઇ પણ માણસની પાસે જવાતું આપણું જીવનમાં બહુ ભાગ્યે બને છે. પરમ આત્મીયની પાસે જઇને પણ આપણે રોજ આવ-જા કરીએ છીએ ખરા, પરંતુ ક્યારેક કોઇ એક દિવસે તેની પાસે જઇ પહોંચીએ છીએ. કેટલીય વાર તેમની સાથે એકાંતમાં વાત કરી છે, અને સવારસાંજના પ્રકાશમાં સાથે રમ્યા, ભમ્યા છીએ, પરંતુ એ બધાંમાંથી ક્યારેક કોઇ એક દિવસની વાત આપણને યાદ રહે છે, જે દિવસે હૃદય પરિપૂર્ણ થઇ ગયું હતું અને એમ લાગ્યું હતું કે હું તેની પાસે પહોંચ્યો છું. આ પરિપૂર્ણ પ્રેમની ક્ષણ છે.

એકમાત્ર પ્રેમમાં જ બધા દ્વંદ્વો એક સાથે એમાં મળીને રહી શકે છે. બુદ્ધિમાં એઓ કાપાકાપી કરે છે, કર્મમાં એઓ મારામારી કરે છે, કેમે કર્યા હળીમળીને રહેતાં નથી, પણ પ્રેમમાં બધા ભેગા થઈ જાય છે. પ્રેમના ક્ષેત્રમાં દ્વૈત અને અદ્વૈત બરાબર એકજ સ્થાને રહે છે. પ્રેમમાં એકી વખતે બે હોવું પણ જરૂરી છે, એક હોવું પણ જરૂરી છે. ઇશ્વર પ્રેમસ્વરૂપ ખરો ને, એટલે એક હોવા માત્રથી તેને ચાલતું નથી, અનેકનું સર્જન કરે ત્યારે જ તે સાર્થક થાય છે. એણે એકનાં બે કર્યાં છે અને બેનાં એક કર્યાં છે. આ અદ્ભુત ઘટનાનો કંઇ તર્કદ્વારા પાર પામી શકાતો નથી, કારણ એ પ્રેમનું કાર્ય છે.

કર્મના ક્ષેત્રમાં ત્યાગ અને લાભ જુદી જુદી કોટીમાં પડે છે—તેઓ વિરુદ્ધ કોટિના ગણાય છે. પણ પ્રેમ

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૩૬)

દશાવતાર અને પૃથ્વીનો ઈતિહાસ

કહેવાય છે કે એક વખત એવો હતો કે સમસ્ત પૃથ્વી પર પાણી હતું ધીમે ધીમે જમીન થઈ. આ એવા કહેવાય છે કે, પૃથ્વી પર પ્રથમ જળ જાતિનાં જળચરમાં શ્રેષ્ઠ શરીર માછલીનું હતું. આથી મત્સ્ય અવતાર એ પણ પ્રથમ દશ અવતારમાંનો પ્રથમ છે.

યુગો હોય છે એમ પ્રત્યેક યુગ પણ હોય. એ યુગમાં મત્સ્ય જાતિઓ પણ હોય જ આને નામ આપી છે તેમ ભારતનો પચીસ હજાર વર્ષ પહેલાનો ઈતિહાસ આપણને કહે છે કે; તે વખતે ભારતના બે ભાગ પાડ્યા હતા અને ઉપલા ભાગમાં વિંધ્યપર્વત મધ્યમાં ઉભો હતો. દક્ષિણમાં દરિયો હતો. ત્યાં જે માનવીઓ વસતા હતા તેઓ દરિયાઈ માનવીઓ હતા મોટો ભાગ દરિયામાં વીતાવતાં આથી તે લોકોને મત્સ્ય કહેતા હોય એમ જણાય છે. જે યુગમાં જેનું શ્રેષ્ઠ સ્થાન હોય તે યુગ પણ તેના નામથીજ ઓળખાય છે. આ ન્યાયે મત્સ્ય ન્યાય પ્રચલિત હતો અને એટલે અર્થ એજ કે નાની માછલીઓને મોટી માછલી ખાઈ જાય તેમ બળીયા નબળા ઉપર રાજ્ય કરે.

કહેવાય છે કે તે જમાનામાં મનુ ભગવાનનો આશ્રમ હતો. આ મત્સ્ય જાતી પછી આગળ વધેલી હતી પણ ભૌતિક સુખમાં રાચનારી. આથી એને રાક્ષસ કહેતા. રાક્ષસ એટલે હું જ મારું રક્ષણ કરવા સમર્થ છું. એમ જે કહે તે એ પોતા કરતા બીજી કોઈ શક્તી નથી એમ માને. એમાના જેઓ મનુના સહવાસમાં આવ્યા એ લોકોએ માનવજીવનને ઊંચું લાવવા પ્રયત્ન કર્યો. જેમાં એ નવું શક્તી લાગી હતી એને એક પગ સ્થાપ્યો. એ માનવી મત્સ્ય અવતાર.

આમ દશ અવતારો માટે વિવિધ મતભેદો બતાવ છે.

* મુક્તિ *

શ્રીમતી ઈન્દિરાબેન ઉમેદરામ કર જેઓ હાલ દેશમાં વસતા ધાર્મિક પ્રેમજનને એક જીવનના ચક્રમાંથી મુક્તિ કેવી રીતે મળે એવો પ્રશ્ન પુછ્યો હતો. એનો જવાબ નીચે છે જે પ્રશ્ન પુછનાર તથા જવાબ આપનાર બન્નેના આભાર સાથે અમે આપીએ છીએ —તંત્રી

જન્મ મરણનાં ચક્રમાંથી મુક્તિ મેળવવા લોકોને તત્વજ્ઞાન અને આત્મદર્શન હોવું જરૂરી છે કારણ કે પરમાત્મા અને પંચેન્દ્રિયયુક્ત ભૌતિક શરીર એ બન્ને સ્પષ્ટ દેખાતા છે ત્યાં સુધી જીવાત્માને એ વાતની ખાતરી નહિ થાય કે સચ્ચિદાનંદ પરમાત્માનું દર્શન મારા પોતાનામાં જ છે ત્યાં સુધી તે આ માયાવી જગતમાં તેને શોધવા ફાંફાં માર્યા કરે છે. અને હંમેશ નિરાશ થાય છે આમ ભૌતિક પદાર્થોમાંથી જ સુખ અને આનંદ શોધવા પાછળ આયુષ્ય ખોઈ નાખે છે અને તેથીજ તેને સત દર્શન થતું નથી પરિણામે મોક્ષ મળતો નથી અને પુનર્જન્મ વેઠવો પડે છે. આમ જન્મ મરણની ઘટમાળ ચાલ્યા કરે છે.

જેમ પોતાની ગોંટમાં જ ખોવાઈ હોવા છતાં એક અજ્ઞાન બાળક ખીસામાં મેળવવા અન્યત્ર (બહાર) ફાંફાં મારે છે પાપરને ખોવાઈ ધારી લે છે અને નિરાશ થાય છે. વળી ઘણાં લોકો જ પ્રયત્ન કર્યા કરે છે. આવી સ્થિતિને ભ્રમ અથવા માયા કહીએ. જીવાત્મા પણ પોતાનામાં જ સર્વચૈતન્ય સ્વરૂપ પરમાત્માનું દર્શન કરવાને બદલે ભૌતિક પદાર્થોમાંથી ઈશ્વરપ્રાપ્તિ શોધે છે એ પણ મોટો ભ્રમ અથવા માયાજ છે. પોતાની દૂંટી (નાભિ)માં કસ્તુરી હોવા છતાં કસ્તુરીમૃગ સુગંધથી કસ્તુરી શોધવા આમ તેમ જંગલમાં ફરીયાદરી કરી જીવન લીલા પૂરી કરે એવું જ પરમાત્માની બાબતમાં છે. માટે સાચા જ્ઞાનદ્વારા પરમાત્માની પ્રાપ્તિ માટે આત્મદર્શન કરવાની પ્રવૃત્તિ કરવી જોઈએ. "આત્મ સાચું" છે, જગત મિથ્યા છે અને જીવ એજ બ્રહ્મ છે" આ વાતનો નિશ્ચય કેળવી જીવ અને બ્રહ્મ વચ્ચેનો ભિન્નભાવ ભૂલી અભેદભાવ કેળવવો જોઈએ. ગીતા તેમજ અન્ય ધર્મગ્રંથો એ પણ આત્મદર્શન અથવા આત્મ સાક્ષાત્કાર માટે આજ માર્ગ બતાવ્યો છે. માટે દરેક જીવ-જન્મ મરણનાં ચક્રમાંથી મુક્તિ-શાશ્વત મોક્ષ મેળવવા માટે આત્મદર્શન એજ મુખ્ય છે, તે માટે સતત નીચે પ્રમાણેની પ્રવૃત્તિ કરવી જોઈએ.

આ યોગનું તાત્પર્ય એજ કે જ્યાં જ્યાં આપણે જોઈએ, ત્યાં ઈશ્વરનું જ દર્શન કરવાની ટેવ પાડવી જોઈએ. સર્વમાં સમાનદૃષ્ટિ, સર્વમાં અત્યંત સ્નેહ, બાળક, યુવાન, વૃદ્ધ, અમીર, ગરીબ, બીમાર, તંદુરસ્ત-નાનો, મોટો, બગીચો, જળ આ સર્વ પ્રત્યે આત્મભાવ કેળવવો જોઈએ. સર્વને ઈશ્વરનું જ સ્વરૂપ માની એ રીતે વર્તન જોઈએ. પ્રભુનો આમાં વાસ છે એમ માની સર્વત્ર પ્રભુની દૃષ્ટિએ પ્રભુમય જોવી જોઈએ. આ દુનીયાની પ્રત્યેક વસ્તુ વિનાશી છે, માત્ર ઈશ્વર જ સત્ય છે એમ માની વાસના રહિત બની મોક્ષની કામના કરવી જોઈએ. જીવની અંતિમ ઈચ્છા દુન્યવી વસ્તુઓ પર જરાપણ મમતા ન રહે એવી ચિત્તવૃત્તિ કેળવવી જોઈએ, તો ખરેખર આ જન્મ મરણના ચક્રમાંથી મુક્તિ મળી શકે છે.

[નોંધ. યોગની વાતો બહુ મોટી છે પણ ગીતાનો સામાન્ય ઉપદેશ સંસારીઓ માટે આ પ્રમાણે છે કે સંસારમાં રહીને, પોતાની ફરજોનું પાલન કરીને પણ સંસારી જીવોમાં અનાસક્તિ (લાલચ વીનાનું) કેળવે છે, ભૌતિક પદાર્થોમાં મમતા રાખતો નથી અને ઈશ્વરની આપેલ બંધનના નાયક તરીકે નિર્મોહપણે કરે છે તે વાસના રહિત બની મોક્ષ પામે છે.

ઉ. રોડેશીયા સંપુર્ણ આઝાદી માટે મોટી લડત ચલાવશે

ઉત્તર રોડેશીયા માટેનું નવું બંધારણ આફ્રિકનોને માન્ય નથી એમ જણાવી એ બંધારણ તોડવા અને ઉત્તર રોડેશીયા માટે આઝાદીની બંધારણીય લડત ચલાવવાની યોજના વિચારવા લોઅનકીલ્સ નજીકની મ્યુલીમા યુનાઈટેડ નેશનલ ઇન્ડીપેન્ડન્સ પાર્ટીની ખાનગી પરિષદ આફ્રિકન નેતા મી. કૌન્ડાના પ્રમુખપદે મળી હતી તેમાં પોલીસને દાખલ કરવામાં આવી ન હતી.

આ પરિષદમાં એવો ઠરાવ થયાનું કહેવાય છે કે ઉત્તર રોડેશીયાની આઝાદી માટે અહિંસક સત્યાગ્રહની લડત ચાલુ કરવી. આ લડત માટે અને આઝાદી માટે જાન કુરબાન કરવા તૈયાર રહેવા સૌને હાકલ કરવામાં આવી હતી.

આ લડત ચલાવવા માટે કોન્ફરન્સે મી. કાઉન્ડાને જોઈતી સત્તા આપી હતી. મી. કાઉન્ડાએ આ લડત ચલાવવા એક મહાન યોજના તૈયાર કરી હોવાનું કહેવાય છે અને સંભવ છે કે હવે તુરંતજ તે આ લડત શરૂ કરશે.

પરિષદમાં થયેલા ઠરાવો તથા મી. કાઉન્ડાની મહાન યોજનાની કોઈ વિગતો જાહેર આવી નથી પણ એમ કહેવાય છે કે પાર્ટીના દરેક સભ્યો મી. કાઉન્ડાને વફાદાર રહેવાની અને તેના દરેક હુકમને શિરોમાન્ય ગણી એક મીનીટની નોટીસ મળતાં જે કાર્ય બજાવવાનું ફરમાવવામાં આવે તે બજાવવા તૈયાર થઈ જવાની ખાતરી તમામ સભ્યોએ બાંહેધરી આપી છે.

ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લીમીટેડ
હિન્દીઓની મુખ્ય કંપની
સર્વ જાતના વીમા લીયે:—
આગ, દરિયાઈ, અકસ્માત, રિફક, માલ, ચોરી,
ઘર કુટુંબ, ઘર માલીકી (સાથે) અકસ્માત વિ.
સાઉથ આફ્રિકાની અંદર મુખ્ય એજન્ટો:
જાલભાઈ રૂસ્તમજી એન્ડ સન,
૧૪૦ ક્વીન સ્ટ્રીટ, ડરબન.
ફોન: ડરબન ૨૫૮૯૫, ૨૮૫૨૩, ૨૯૮૪૪.

તમને ખબર છે
કે ન્યુ ઇન્ડિયા, હિન્દની સૌથી મોટી વીમા કંપની છે.
કે ન્યુ ઇન્ડિયાની શાખાઓ ૪૫ દેશોમાં છે.
કે ન્યુ ઇન્ડિયાની ૨૫ શાખાઓ કેવળ હિંદમાં જ છે.
કે ન્યુ ઇન્ડિયા: આગ, દરિયાઈ અને અકસ્માત ઉપર ૧૦,૦૦,૦૦૦ પાઉંડ પ્રીમિયમ લેખે કરે છે.
સહિસલામતી અને તાત્કાલિક સેવા માટે
ન્યુ ઇંડીયા
સાથે વીમો ઉતરાવો.

જીવનની સુવાસ

(કેટલાંક પ્રસંગો)

આખરે દેવના દર્શ થયાં

એકવાર હું અને મારાં બહેનપણી ગુજરાત વિદ્યાપીઠની સંસ્થાઓ જોવા પ્રવાસે નીકળ્યાં હતાં. એ તરફ ગયા એટલે સહેજે તીર્થસ્થાનોનું દર્શન કરવાનો લોભ થયો. નડિયાદ, પોરબંદર થઈને અમે દ્વારકા ગયા. દ્વારકા પહોંચ્યા ત્યારે સાંજ પણ થઈ ગઈ હતી. અમે સવારથી મુસાફરીમાં જ હતાં એટલે ન્હાયાંએ નહોતાં અને જમ્યાંએ નહોતાં. પણ ઠંડીનો વખત અને કડકતી ઠંડી તેથી ન્હાવાનો વિચાર તો અમે માંડીજ વાળ્યો હતો. ગોમતીનું દર્શન અને આચમન કરીને જ શુચિર્ભૂત થવાનું ઠેરાવ્યું હતું પણ જમવું તો હતું. એટલે ગોમતીને કાંઠે જ્યાં જ મંદિરમાં આવતી એક તરુણ નાનકડી છોકરીએ અમને અમારી ભૂખના આપી. અને ગોમતીએ ગયાં. ત્યાંથી જ દ્વારકાધીશને મંદિરે ગયાં પાછળ વહેલા પડખાને અમે પહેલાંજ જણાવી દીધું હતું કે અમે કાંઈ ખાવાનું પામીશું નથી. છતાં એણે પીરસવા માંડ્યું. ખાઓ ખાઓ અને ના ના કહેતાં અમને ટેકો ખાવો પણ કરાવ્યો. અમે મંદિરમાં ગયાં, મૂર્તિઓનાં દર્શન કર્યાં, ફૂલ ચડાવ્યાં, અને દરેક ઠેકાણે બે હાથ જોડી માથું પણ નમાવ્યું. પણ બધું યંત્રવત્ થીજી ગયેલાં અંતરમાં એકે ચિનગારી પડવાનો લાભ ન થયો. આથી અમે પેટી કરીનાં જમવા ગયાં. જમ્યા પછી બીલ ચુકવવાનું હતું. દર પ્રમાણે બે બે જણના બે રૂપીયા આપવા જોઈએ.

'પણ બહેન! તમે તો કાંઈ ખાધું જ નથી. એક ટંક ભેગું ગણું એમાં તે કાંઈ તમારી પાસેથી રૂપીયો લેવાય.' વિદ્યાપીઠના પાલિક બહેન બોલી ઉઠયા. હસુમાર હું તો સ્તબ્ધ જ રહી.

'કેટલાં આવું ત્યારે?' મેં પૂછ્યું.

"આઠ આના બસ. તમે ક્યાં પુરતું ખાધું જ છે."

મેં બાર આના એમના હાથમાં મૂક્યા અને મનમાં ને મનમાં એમને ભાવભર્યું નમન કર્યું.

આખરે દ્વારકાના દેવ દર્શન કર્યાં નો સંતોષ તો થયો.

અતિથિ દેવો ભવ

૧૯૪૯ની સાલ. વિદર્ભના ગ્રામ ગામડામાં ગ્રામ સેવકોની અમારે બોલાવવાનાં હતાં. અમે ગ્રામ ગામોની પદયાત્રા કરી હતી. તેમાં જૈનપુર પણ એક હતું. જૈનપુર એ નાનકડું જ ગામડું પણ ત્યાંના પાટીલ શ્રીમંત છે. ગામના એક શ્રી મામા સાહેબ સજ્જન પણ હતા. એમને આધારે જ અમે કેન્દ્ર ખોલવાનો વિચાર અમે કરી હતો. પણ સમયસર એ મંજુર ન હતું એટલે કોઈ દુષ્ટ હત્યારાએ મામા સાહેબનું ખૂન કર્યું. ગામમાં જ નહીં આખા તાલુકામાં હાહાકાર વ્યાપી ગયો અને અમારું અંતર પણ દુઃખી થયું. જુવાન પત્નીપર તો આભજ તૂટી પડ્યું હતું. અમે અમારી સંવેદના પ્રગટ કરવા જૈનપુર ગયા અને મામા સાહેબના જ ઘરમાં એક બીજા પાટીલને ત્યાં ઉતર્યાં. રાત્રે અમે ઉતારે જ જમ્યા હતા પણ બીજે દિવસે મામા સાહેબને ત્યાં જમવાનું હતું. વિદર્ભમાં જુવાર જાડી રોટલી કરવાનો રિવાજ છે. લગભગ રોટલા જેવી. પ્રકૃતિને કારણે એ ખાવાનો મને દરરોજ વાંધો હોય છે. પણ કેટલીક પ્રસંગે નભાવવું જ પડે. એટલે એ તૈયારીથીજ હું બીજે દિવસે મામા સાહેબને ત્યાં જમવા ગઈ હતી. પણ મારા આશ્ચર્ય સરસ ઘઉંની પાતળી પાતળી ગુજરાતી રોટલી પિરસાઈ ત્યારે હું આશ્ચર્યમાં ડુબી ગઈ. આ વ્યવસ્થા થઈ શી રીતે? કોણે કરી? મારી આવશ્યકતાની એ લોકોને ખબર શી રીતે? એવા અનેક પ્રશ્નો મનમાં ઉઠયા કોઈ પણ સાથીઓને તો કાંઈ કહ્યું જ ન હતું એ નક્કી.

જમ્યા પછી અમે શ્રી મામા સાહેબની પત્ની પાસે ગયા એમણે આગ્રહપૂર્વક શી પૂછ્યું "કેમ જમવાનું ફાવ્યું? રોટલી બરાબર થઈ હતી?"

મેં કહ્યું "ખૂબ સરસ," પછી ખબર પડી કે આગલી રાત્રે અમે એમના ઘરમાંની બારી નીચે જ આગણામાં બેઠાં હતાં. અને ત્યારે અમારા બધ્ધાને ચારે બાજુ જરા પાતળી રોટલી કરવાની સૂચના પોતાના રસોઈયાને આપી તે એમણે સાંભળી હતી.

રસોઇ કરનાર કદાચ રોટલી બરાબર ન કરે તો! માટે જાતે ખાસ એમણે રોટલી એ કરી હતી.

એમના હૃદયમાં બેઠેલાં પતિનું તેજનું હતું તે દિવસે.

સાચી સેવા

વર્ધા જંકશન છે. ત્યાંથી તરફ જતાં કે ત્યાંથી આવતાં વર્ધાને સ્ટેશને ગાડી બદલવી પડે છે. એકવાર હું અને મારી બે નાની સાથીદાર બહેનો એમ ત્રણે જણ આશ્રમથી પાછાં ફરતાં હતાં અમારે આસપાસની જવું હતું એટલે ગાડીની રાહ જોતાં અમે વર્ધાના સ્ટેશનપર બેઠાં હતાં. અમારા સામાનમાં એક બેગ હતી જેનું હેન્ડલ તુટી ગયેલું હતું. એક ચુકુ તુટી અમારી સામેથી પસાર થઈ ને અમારી પાસેની ઓરીસમાં બેઠી. એની નજર અમારી બેગ પર પડી હશે. અમે તો વાતોમાં મસ્ગુલ હતાં. પણ એણેને સુતળી લઈને એ અમારી બેગનું હેન્ડલ સમારતા જોયો ત્યારે અમે સમજ્યાં કે હેત અગમ્ય પ્રેરણાથી એણે અમને સાચી સેવાનો પાઠ આપ્યો હતો.

આ ગૃહ : સત્યં શિવસુંદરમ્

બે ત્રણ વર્ષ હું વર્ધાના મહિલાશ્રમમાં હતી. હું અને મારી બહેનપણી અમે સાથે આશ્રમમાં રહેતાં પણ બહેનપણીના આ નાના છોકરાંઓ સાથે આશ્રમમાં રહેતાં હતાં. એકવાર અમે રાત્રે માને ત્યાં ટાંગામાં બેસીને ગયા હતા. ટાંગાવાળાને અમારે આઠ આના આપવાના હતાં. આટલું હતું એટલે અમે ફાનસની મદદ લીધા વગર પૈસા ચુકવ્યા. બીજે દિવસે એ ટાંગાવાળો ખાસ આશ્રમમાં આવીને અમને આઠ આના પાછા આપી ગયો: "બાઈ, ભૂલમાં તમે આઠ આનાને બદલે રૂપિયો આપ્યો હતો!"

ફુલસ્કેપ, ઇનકમ ટેક્સ રીટર્ન્સ, લાયસેન્સો, રેન્ટ રીસીટ-બુક અને ઇનવોઇસો માટે મળો

આર. વીઠલ

૨૨ જ્હાંગીર ચેમ્બર્સ, ૪૮ માર્કેટ સ્ટ્રીટ.
કોર્નર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ
જોહાનીસબર્ગ, ફોન ૩૩-૨૧૫૪

મદ્રાસમાં ગાંડીતુર બનેલી નદીઓ

કેરલ અને મહીસોરમાં પુરનાં પાણી ઉતરી રહ્યાં છે પરંતુ મદ્રાસમાં હજી પરિસ્થિતિ ગંભીર અને ભય ઉપજાવે તેવી છે. ત્યાં કાવેરી અને કોલેરુન નદીઓમાં પુર આવ્યે જ જાય છે અને એ નદીને કિનારે આવેલાં ગામડાંઓ ખાલી કરવામાં આવે છે. કિનારનો ભારે ફળદ્રુપ જમીનનો નાશ થઈ રહ્યો છે.

કેરલામાં પુરનાં પાણી ઉતરવા લાગતાં કંઈક રાહત મળી છે અને રાહતનું કાર્ય તાબડતોબ થઈ રહ્યું છે. ગલત છાવણીઓમાં નિરાશ્રિતોને ખાવા પીવાની અને દવાદારૂ મદદ આપાય છે.

મેંગલોર પછી આકાને લીધે વધુ ૨૧ માણસો માર્યા ગયા છે. એ ઓપછી આજથી ૬૪ માણસોનો ભોગ લેવાયો છે. સાતનો પર તારાજ થઈ ગયાં છે અને ૨૨૦૦ કુટુંબ ઘરબાર વિહોણાં કરે છે.

રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે કેરાલા, માયસુર અને મદ્રાસની પ્રજાને તેમના આ દેવીપ્રકોપથી ઉત્પન્ન થયેલાં દુઃખમાં સાથ આપતો સહાનુભુતિનો સંદેશો મોકલ્યો છે અને જનતાને રાહત ફંડમાં છુટે હાથે નાણાં આપવા અપીલ કરી છે.

ભારતના પશ્ચિમ કિનારે આવેલું મેંગલોર શહેર આખેઆખું પુરના પાણીમાં ડુબી ગયું છે. ચોમાસું દેશભરમાં હોનારત ઉત્પન્ન કરી રહ્યું છે અને ઘણી દેશની પ્રગતિ વિકાસ યોજનાઓને ધક્કો લાગશે એવી ભીતિ સેવાય રહી છે.

ઓફીસરોને ચીમકી

બિહાર પ્રદેશની સરકારે ફરમાન કાઢ્યું છે કે જે ઓફીસરોને ૮૦૦ રૂપિયાથી ઓછો પગાર મળતો હોય તેમની સેવામાં પટાવાળો રહેશે નહિ પટાવાળાનું કામ પણ એ ઓફીસરોએ જ કરવું પડશે. આ ફરમાનની રૂએ કેટલાક પટાવાળાઓને બીજા કચેરીઓમાંથી ભરતી કરવામાં આવતાં પટાવાળાઓએ કચેરીઓ આગળ બેઠો હડતાળ પાડી હતી.

શ્રાસરીની તકલીફ છે? અમે ડરબન બહારના ગતનીઓ ઉપર ગ્રોસરી જાતી દેખરેખ નીચે ચલાવીએ છીએ. દશી ગ્રોસરીનો ૪૦ વર્ષનો અનુભવ છે, એટલે ભરોસા પૂર્વક આપ વિશ્વાસ મૂકી શકશો.
મરી મસાલો, દાળ-કઠોળ-કરીયાણુ મલાવી.-

મફત સુચીપત્ર માટે લખો:
PARBHOO STORES
6A Cross St., DURBAN
Phone 63004

વિચાર બિંદુઓ

(યોગેન્દ્ર)

મંદિરનો દીવો

નૂતન જ નિમાયેલા મંદિરના પૂજારીઓમાં એક નાનીશાખી વાતપર વિવાદ થયો. ભગવાનને ઘીનો દીવો કરવો કે તેલનો તે વિષે ચર્ચા ચાલી ને તેણે તકરારનું સ્વરૂપ ધારણ કર્યું. વાત વધતી વધતી મંદિરના મહંત પાસે પહોંચી.

મહંતે કહ્યું: 'એમાં વિવાદ કે તકરારનું કારણ જ ક્યાં છે? જ્યાં જે ચાલે છે તે આપણે ત્યાં પણ થતું એટલે દીવો ઘીનો જ થવો જોઈએ. ઘીથી તેના પણ શુભ ભાવ છે.'

તે રાતે પૂજારીઓને મહંતને સ્વપ્નું આવ્યું. તેમાં તેમને કોઈ પ્રેમાળ સંતના રૂપમાં પ્રભુનું દર્શન થયું. તે રૂપમાં પ્રભુએ તેમને કહ્યું: 'ભાઈઓ, મારે ઘી કે તેલનો નહિ પણ પ્રેમનો દીવો જોઈએ છે. પ્રેમનો દીવો કરીને તમે મારી સાચી પૂજા કરો એમ ઇચ્છું છું.'

પણ પૂજારી કે મહંત પરાપૂર્વથી ચાલતી આવેલી પરિપાટીનો ત્યાગ કરવા તૈયાર નહતા.

શ્રીમંતનું દાન

દાન આપવાની ઇચ્છાવાળા શ્રીમંતે શહેરના એકાંત ઉદ્યાનમાં એક સાધુને જોયો, ને તેને દાનનો અધિકારી માની ધન ને ઝવેરાતનો ભંડાર તેની આગળ ઠાલવવા માંડયો.

પણ સાધુએ તે લેવાની ના પાડી: 'પ્રભુના દરબારમાં મને કોઈ વસ્તુની ખોટ નથી.'

ફાટ્યાં તૂટ્યાં વસ્ત્રોમાં વીંટાયેલા મજુરદંપતીને દાનનાં અધિકારી માની ને તે પછી તે શ્રીમંત તેમની પાસે ઊભો રહ્યો, ને તેમને દાન લેવા કહેવા લાગ્યો. પણ તેના આશ્ચર્ય વચ્ચે તેમણે પણ ના પાડી: 'મજુરી કરવાની શક્તિ છે, ત્યાં સુધી અમને કોઈ વસ્તુની ખોટ નથી.' તેમણે ખુલાસો કર્યો: 'આજે અમને રોટલો રળવાની ચિંતા છે, ને કાલની ચિંતા નથી: પ્રભુ પર શ્રદ્ધા છે એટલે કાલની ચિંતા નથી.'

ત્યારે તે શ્રીમંતને ખરેખર મુંઝવણ થઈ. ત્યારે પોતાનું ધન શું કરવું ને તેનો ઉપયોગ નહિ કરી શકવા માટે તેને વિષાદ થયો.

પણ એટલામાં એની મુંઝવણ ટળી ગઈ. એક મોટા મંદિરના મુખિયાની તેને મુલાકાત થઈ ગઈ. તેણે કહ્યું: 'ભગવાનનો ભંડાર તમારે માટે ઉઘાડો છે. તેમાં યથાશક્તિ દાન કરવાથી તરે ખુલી જશે ને અક્ષયકીર્તિની પ્રાપ્તિ કરશો.' તે શ્રીમંત દાન ઉપરાંત પસ્તાયો. હજારના ભગવાનના શ્રૃંગાર માટે તેણે ભિક્ષા માગી! મંદિરમાં બિરાજેલી ભગવાનની મૂર્તિ એ જોઈને આંસે ઢળી રહી.

સુધારણા—પોતાની ને બીજાની

બે યુવાનોએ એક દિવસ મારી મુલાકાત લીધી. તે કહેવા માંડ્યા: 'અમારે દુનિયાને પલટાવી દેવી છે, સમાજને સુધારવો છે. તે માટે શું કરવું કહી જણાવો. અમે આખી દુનિયાને દેવી કરવા માગીએ છીએ.'

મેં તેમની પાસે મધનું એક ટીપું મુક્યું. થોડીવારમાં ત્યાં કીડીની કતાર જામી ગઈ. તે જોઈને તેમને કહ્યું, 'તમે શું જોયું?'

'મધનો સ્વાદ લેવા કીડીઓ ટોળે વળી છે.' તેમણે ઉત્તર આપ્યો.

'એમાં તમારે માટે શિક્ષા સમાયેલી છે.' મેં તેમને ખુલાસો કર્યો: 'બીજાને સુધારણા માટે પહેલા તમારો સુધાર કરો: તમારી કાયાપલટ કરો: તમે મધુમય બનો; એટલે માણસોની ખુશામત નહિ કરો. મધ તરફ જતાં કીડીઓ આપોઆપ ચાલી પરોવાશે.'

પછી હું તેમને પાસેના સરોવરમાં ખીલેલાં કમળ પાસે લઈ ગયો. ને તેમાં ભૌંરા ભમરને બતાવીને એજ વાતનું સ્પષ્ટીકરણ કરતા કહેવા માંડયો: 'તમારી તરફ ભમરા લેવાની ચિંતા નહિ કરવી પડે. સેવા અમારી દ્વારા આપોઆપ થશે.'

તે સમજી ગયા.

સાચો શ્રીમંત

દૂર દેશના એક રાજાએ એક વાર જાહેર કર્યું કે મારા રાજ્યમાં જે સૌથી શ્રેષ્ઠ શ્રીમંત હશે તેને માન આપવામાં આવશે.

દેશના ખૂણેખૂણેથી એ જાણીને શ્રીમંતો એમાં ધસ્યા. જેમના પર લક્ષ્મીની કૃપા હતી. ને ભાગ્યની અનુકૂળતાથી જે સર્વ પ્રકારની સંપત્તિના સ્વામી બન્યા હતા, તે રાજાને હાથે માન મેળવવાની મહેચ્છાથી રાજમંદિરમાં એકઠા થયા. જાણે કે મોટો મેળો. કોઈ મોટા પેટવાળા તો કોઈ મોટા વાહનવાળા. શરાફો ને શ્રીમંતોનો ત્યાં પાર ન હતો.

રાજાએ સૌનો સત્કાર કર્યો ને સૌને સ્થાન સુપ્રત કર્યું. તે પછી નક્કી કરેલા સમયે તે મંત્રીની સાથે શ્રેષ્ઠ ધનવાનની પસંદગી કરવા નીકળ્યો. સભામાં બધે ફરી વળ્યો. પણ તેને કોઈ પસંદ ના પડ્યું. સભાગૃહમાં દરવાજા પાસે એક સાદા ને ગરીબ વસ્ત્રોમાં સજ્જ યુવક ઊભો હતો. ખેતરમાં જતાં તે કુતૂહલવશ સભાને જોવા આવ્યો હતો. રાજાએ તેને પસંદ કર્યો ને તેને નવાજેશનો અધિકારી માન્યો, ત્યારે બધાને નવાઈ લાગી. પણ રાજાએ કહ્યું 'મારા વિચારે નવાજેશની નજરે જોવાની જરૂર નથી. સાચી શ્રીમંતાઈ ધનમાં નહિ હૃદયમાં ને બાહુના બળમાં રહે છે. શરાફ નહિ પણ આ સાદો ને નિર્દોષ ખેડૂત મારા રાજ્યનો સાચો શ્રીમંત છે, શ્રીમંતોનો પ્રતિનિધિ છે.'

સૌન્દર્ય ને મોહ

પુનમની રાતે ચાંદની જેવા રૂપાળાં શરીરવાળી તે સુકુમારી સરિતાના તટપર બેઠી હતી. આંખો મીંચી હતી. સમાધિમાં ડુબેલી કે વિચારમગ્ન બનેલી હોય તેવી તે દેખાતી હતી. ઘુંટણ પર માથું મુકીને બેઠેલી એ સુકુમારી રૂપરૂપના અંબાર જેવી દેખાતી હતી.

તેને જોઈને એક યુવાનને મોહ થયો. તે તેની પાસે ગયો ને બોલ્યો: 'કુમારી, આપ એકલવાયી બનીને શું વિચારે છો? મારા તરફ જુઓ તો ખરાં! તને જોવા ને તારી સાથે પ્રેમથી વાત કરવા આતુર છું. તને જોઈને હું મોહિત થયો છું.'

કુમારીએ કહ્યું: 'મને જોઈને તમે મોહિત થયા છો પણ હું તો શરીરની નહિ પણ આત્માની ઉપાસિકા છું. રૂપ નહિ પણ પ્રભુની પુજારિણી છું. માનવમાં પ્રભુને જોવા ટેવાયેલી છું. મારી સાથે તમને કેમ ગમશે?'

યુવાને હવે પ્રેમાતુર બનીને બોલવા માંડ્યું: 'હું પણ પ્રભુનો પુજારી છું. આત્માનો ઉપાસક છું. ને સત્ય, શિવ ને સુંદરનો આરાધક છું. તું રૂપની નહિ પણ પ્રભુની મૂર્તિ છે. માટે સાચા અર્થમાં સુંદર છે. વળી વિશેષ છે. માટે જ હું તને પસંદ કરું છું. તારું મુખ જોવા ને તારી આંખમાં આંખ પરોવવા હું આતુર છું. ક્યાં તું નીચું ઘાલીને કેમ બેઠી છે?'

'ઉભો ભાઈ શ્રીમુખ જોઈને કેટલાય યુવાનોનો મોહ મરી ગયો છે. તમારો પણ એમ થશે એવો મને ભય રહે છે, માટે રહેવા દો, આ પ્રેમભાવ રહેવા દો, એમ માગું છું.'

યુવાને કહ્યું: 'હું એવો કાચી માટીનો કે ગભરાઉ નથી. હવે મને વધારે તલસાવશો ઠીક નથી.'

છેવટે એ સુકુમારીએ કહ્યું એવું યુવાનને આનંદ થયો. પણ બીજી જ પળે તે ચમકી ગયો. જાણે નાગણ જોઈ. કુમારીનું મુખ અત્યંત મનોહર હતું. પણ તેને નાક ન હતું!

કુમારીએ હસતા હસતા ઉઠીને ચાલવા માંડયું.

ઘાનામાં કાળા બજાર

ઘાનાની સરકારે કેટલીક ચીજ વસ્તુઓ ઉપરની જકાતમાં વધારો કર્યો ત્યારબાદ બીજેજ દિવસે ઘાનામાં ઘણીખરી કેટલીક ચીજ વસ્તુઓના ભાવ વેપારીઓએ સો-સો ટકા વધારી દીધા અને કાળા બજારમાં તે વસ્તુઓ વેચવા અને નફો કરવા એ વસ્તુઓ અલગ કરી લઈ તેની બનાવટી અછત ઊભી કરી. આ રહસ્ય ઉઘાડું પડતાં ઘાનાની સરકારે આ વધતા જતા કાળા બજારને અટકાવવા દુર્લભ પગલાં લીધાં. અને કાળા બજાર કરનારને કડક રીતે સખ્તમાં સખ્ત શિક્ષા કરવાનું ફરમાન બહાર પાડી બધી ચીજ વસ્તુઓના સરકારી ભાવ પણ બહાર પાડી વેપારીઓને ફરમાન કર્યું કે આજથી રોજ પણ વધુ ભાવ લેનારને સખ્ત સજા કરવામાં આવશે. આ ફરમાન બહાર પડતાં દુર્લભ ચીજો બજારમાં આવવા લાગી છે. અને આસપાસને ઘટેલો ભાવ વધારો નીચો આવી ગયો છે.

વાંચો! જરૂર વાંચો! લાભ જ થશે!
શોધવું મટશે, લેર્નિંગ આવશે, ધક્કાઓ હટશે.
તમારે ત્યાં નીચેની જાતિની વસ્તુઓ મળે છે
સ્ત્રીઓ માટે: ચોળીઓ, સુંદર સ્પન્જ અને બીજી અનેક જાતની ચાદરો, રીબનો પણ મળશે. ગરમ ઉનના જરસીઝ, પુલોવર, કાર્ડીગન, સ્ટોકિંગ, ચડ્ડી, સોક્સ વિ.
બાળકો માટે: નાયલનના ઝભ્ભા, ટોપી, બ્લાંકેટ, શાલ, સ્વેટર, ચડ્ડી સોક્સ, નેપકીન્સ, ડુવેટ, બેબીસેટ, નાઈટીસ, ફ્રોક્સ, ટેડિસ, સ્લેપ, બાથ સ્પન્જ વિ.
ઉત્તમ ઘરાકીને ફરમાશ, રજાઓના ચાદરો, તકીયા, સાડી, વિ
વેપાર માટે સારો જથ્થો મળશે. ઇન્ડેન્ટરો.
વિલંબ શા માટે! સારો માલ વેચાઈ જતાં શી વાર!!
હમણાંજ લખોને: આખરો ટ્રેડર્સ (પ્રા) લી.
(ભીખાભાઈ માસ્તર એન્ડ સન્સ)
ફ્રો ના ટ્રાન્સવાલ — પોસ્ટે બાકો, — પો. બો. ...
માસ્તર મેનશન્સ — ૩૪ વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ

હિંદના સમાચારો

તા ૧-૮-૧૯૬૧.

નહેરૂ-કેનેડી ક્રુશ્ચેવ મુલાકાત

ભારતના વડા પ્રધાન શ્રી નહેરૂ આવતા નવેમ્બરમાં ક્રુશ્ચેવને મળવા માટે મોસ્કો જનાર છે ક્રુશ્ચેવ ઘણા સમયથી શ્રી નહેરૂને જે આમંત્રણ આપી રાખ્યું હતું તેના જવાબમાં હવે શ્રી નહેરૂ ક્રુશ્ચેવને મળવા જાય છે. આ અગાઉ બે જ મહીનામાં શ્રી નહેરૂ અમેરીકાના પ્રમુખ કેનેડીને પણ મળવા માટે વોશીંગ્ટન જનાર છે

આમ કેનેડી અને ક્રુશ્ચેવ સાથેની શ્રી નહેરૂની આ મુલાકાતનું એક મુખ્ય કારણ એ છે કે બર્લીન અંગે કેનેડી અને ક્રુશ્ચેવ વચ્ચે જે ગંભીર મતભેદ અને વિખવાદ જાગ્યા છે તે વિશ્વ શાંતિ માટે ખતરારૂપ હોઈ શ્રી નહેરૂ તે માટે બહુ ચિન્તાતુર છે. બર્લીનના પ્રશ્નનો તેમણે બહુ ઊંડો અભ્યાસ કરેલો છે અને તેથી બર્લીનના એ સળગતા સવાલના ઉકેલ લાવવા માટે તે કેનેડી અને ક્રુશ્ચેવને બન્ને પોતાની દરખાસ્તો રજુ કરશે. આ સવાલ અંગે એ બન્ને સાથે લાંબા સમયથી શ્રી નહેરૂ પત્રવ્યવહાર તો કરીજ રહેલ છે.

અફઘાન સંબંધો વિષે ચોખવટ

અફઘાનીસ્તાન સાથેના સબંધો બગડી ગયા છે તેને સુધારવા માટે પ્રમુખ અયુબખાને અફઘાનીસ્તાનના બાદશાહ ઝહીર શાહ સાથે વાતચીતો અને વાટાઘાટો કરવી જોઈએ તેવી સુચના એનો સરકારી જવાબ એ છે કે આવી કોઈ વાતચીતો થાય તે પહેલાં તે.પ્રમુખ ખાત્રી આપી કે પાકિસ્તાન પોતાના પ્રદેશના ભાગલા પાડવા માટે હરગીઝ તૈયાર નથી.

પાકિસ્તાન બધા મુસ્લીમ રાજ્યો સાથે દોસ્તીદારીથી રહેવા માગે છે પરંતુ કોઈની આંતરિક બાબતોમાં માથું મારવાનો કોઈનો હક તેમને માન્ય નથી. અફઘાનીસ્તાન પડોશી રાજ્ય છે તેની સાથે પાકીસ્તાન મિત્ર તરીકે રહેવા માગે છે અને હર હમેશ સારા સબંધો રાખવા પ્રયાસ કર્યો છે પરંતુ અફઘાનીસ્તાન સરકાર પખ્તુનીસ્તાનનું આંદોલન છોડશે નહિ ત્યાં સુધી સબંધો સુધરવાની કોઈ સંભાવના કે આશા નથી.

આ દીલ્હી છે!

ભારતના પાટનગરની આણુકપુરી દિન પ્રતિદિન વધુને વધુ ભવ્ય બનતી જાય છે અમેરિકા, રશીયા અને બ્રિટનના દુતનિવાસો ખુબ જ આકર્ષક સ્વરૂપમાં આજે પણ આ આણુકપુરીમાં ઉભા જ છે.

હવે આરોટ જ એક ભવ્ય દુતનિવાસ બરાબર અમેરીકાના દુતનિવાસની બાજુમાંજ ત્રીસ એકર જમીનના વિસ્તારમાં ચીન ઉભુ કરી રહ્યું છે ચીનના આ દુતાવાસને બાંધવાનું કામ શરૂ થયું છે. ચીન પોતાના દેશના સ્થાપત્યને લક્ષ્યમાં રાખી આ દુતનિવાસ બાંધનાર છે. અમેરીકા વિશ્વના રાજકીય તખ્તા ઉપર ચીનને માન્ય સ્વીકાર ન કરે પરંતુ અહીં તો એની સાથે જ પોતાનો અડ્ડો એ બરાબર જમાવનાર છે!

તેલક્ષેત્રના ગેસનો ઉપયોગ

વડોદરા. ખંભાત અને અંકલેશ્વર ના તેલક્ષેત્રમાંથી મળી આવતી ગેસની બનાવટોનો ગુજરાતના ઉદ્યોગોને બીજાથી ની અનુભવી પદ્ધતી એમ બેજી કરવા માટે ઉપયોગ કરવાની શક્યતા તેલ અને કુદરતી ગેસ પંચ વિચારી રહેલ છે.

પણ ઉદ્યોગ અને ખાસ કરીને ખાતરની ફેક્ટરીઓએ પંચને તેમને જાણી સગવડ કરી આપવા વિનતી કરતી અરજીઓ મોકલી છે.

ગેસની બનાવટોનું ખાતરમાં રૂપાંતર કરવા માટે અને એનો મોટાભાગ વેપારી ધોરણે કેમ ઉપયોગ થઈ શકે એ માટે પશ્ચાતભૂમાં ભારતીય તથા રશીયન નિષ્ણાતો તપાસ કરી રહ્યા છે અને તેમને ઉત્પાદન, ઉપયોગ કેટલું છે એનો અંદાજ કાઢી રહ્યા છે એમ જાણવા મળે છે. એકલા અમદાવાદની કાપડની મિલોના મહામંડળે ગૅસની તંગીને પડોશીથી વધવા ૫૦ લાખ ક્યુબીક ફુટ ગેસની માગણી કરી છે

બંદર સલાહકાર સમીતી ભરૂચની મુલાકાતે

ભરૂચ: ગુજરાત સરકારની બંદર સલાહકાર સમીતી અત્રે આવી હતી. સમીતી શ્રી મનસુખલાલ માસ્તર, શ્રી ઈશ્વરભાઈ ગુલાબદાસ, શ્રી દામોદર મથુરાદાસ, શ્રી એમ. એમ. દેસાઈ અને શ્રી એસ. પી. ઓઝાની બનેલી હતી. ગાદીના વેપાર ઉદ્યોગ મંડળે સમીતીના માનમાં સમારંભ યોજ્યો હતો.

સમીતીના મંત્રી શ્રી ઓઝાએ જણાવ્યું હતું કે ભરૂચ અને હજીરાનો વિકાસ કરવાનો સરકારે નિર્ણય કીધો છે. ભરૂચના બંદરના વહાણ કુદરતે તણાવાશે નહિ, પણ ચાર માસ સો ચોડાં વધારો આવી શકે તેવી વ્યવસ્થા કરાશે એમ પણ તેમણે કહ્યું હતું.

સોરઠ વેપારી મંડળ

વેરાવળ: પશ્ચિમ રેલ્વેની નાના ઉદ્યોગોને અને નાના વેપારીઓનો માલ રેલ્વેમાં નહિ લઈ જવા દેવા અંગેની નીતિ સામે ધી સોરઠ ચેમ્બર ઓફ કોમર્સે લડત આપવા તૈયારીઓ કરી છે.

વેરાવળની ખાસ કરીને ગીર લોધન કે જ્યાં યોગ્ય વાહનવ્યવહાર નથી અને હજુ પણ વેરાવળની વીસાવદર લાઈન તેમજ ઊના લાઈનમાં રેલ્વેનો ફરજીઆત આધારો લેવો પડે છે, ત્યાં નાના વેપારીઓ તેમજ નાના ઉદ્યોગપતિઓ મુંઝવણમાં મુકાઈ ગયા છે.

આ સમગ્ર બાબતની ઉચ્ચ રેલ્વે સત્તાવાળાઓ સમક્ષ જોરદાર રજુઆત કરવા માટે સોરઠ ચેમ્બર્સ ઓફ કોમર્સ તરફથી ટુંકમાં જ એક પ્રતિનિધિમંડળ મુંબઈ ખાતે મોકલવામાં આવશે, એમ જણાય છે.

કચ્છના રણદ્વિપ તાર ટેલીફોનથી જોડાશે

ભુજ: કચ્છનો રણદ્વિપ ખડીર મહાલ જેની આસપાસ ચોમાસાના ત્રણ મહિના સુધી પાણી ફરી વળે છે અને કચ્છના બાકીના ભાગોથી જેનો વ્યવહાર સદંતર કપાઈ જાય છે તેને આવતા ત્રણ મહિનામાં જ ભુજ, રાપર અને દેશના બીજા ભાગો સાથે ટેલીફોન અને તારવ્યવહારથી સાંકળી લેવામાં આવશે એમ જાણવા મળે છે.

ચોમાસા દરમીયાન આ મહાલના ૧૨ જેટલાં નાના ગામોમાં રહેતાં ૫,૦૦૦થી વધુ લોકોનો બીજા વિસ્તાર ના લોકો સાથેનો સંબંધ જ વ્યવહાર કપાઈ જાય છે. તેઓને ખોરાક અને એવી બીજી જીવનની જરૂરીયાતો મેળવવી પણ મુશ્કેલ પડે છે પાકિસ્તાનની સરહદ નજીકના આ ખડીર પ્રદેશનું વ્યુહાત્મક મહત્ત્વ પણ ઘણું જ છે.

ખોરાકના ભાવો ગુજરાતમાં વધ્યા છે?

નવી દિલ્હી. ભારતના ખોરાક, ખેતી અને ખેતીવાડી ખાતાના પ્રધાન સરદાર સ્વર્ણસિંહે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં એવી માહિતી આપી હતી કે, ગુજરાત રાજ્ય જે ૧૯૬૦–૬૧ના પહેલા છ માસ દરમીયાન અસ્તિત્વમાં આવ્યું છે, તેની તે પછીની બીજા છ માસના ખોરાકની જરૂરત તથા ચોખાની માંગ તથા તે અનુસાર મુકરર થયેલા જથ્થાની પરિસ્થિતિ આ પ્રમાણે છે.

માગ. ૩૬,૯૭૦, ટન મુકરર થયેલો જથ્થો: ૧૯,૦૦૦ ટન

ગુજરાતમાં કેરોસીન પતરાં તથા સીમેન્ટના ભાવો લગભગ ચાર ગણા ઉંચા ગયા હોવાની વાતનો પ્રધાને ઇનકાર કર્યો હતો તેમણે કહ્યું કે, પતરાના ભાવે ટન દીઠ માત્ર રૂા ૨૪ વધ્યા છે અને સીમેન્ટના ભાવોમાં કોઈ જ ફેરફાર થયો નથી.

અનાવરણનો સમારંભ મુલતવી રખાયો

રાજકોટ ઉપલેટા સુધરાઈએ સ્વ. ઝવેરચંદ મેઘાણીની અર્ધપ્રતિમાના અનાવરણનો સમારંભ હાલ તુરત મુલતવી રાખ્યો છે. સમારંભનું પ્રમુખ પદ શ્રી રવિશંકર મહારાજ લેવાના હતા પરંતુ તેમણે પાછળથી રોષ કરવાનો ઇનકાર કરતાં સુધરાઈએ આ પગલું લીધું છે. શ્રી મહારાજને સમજાવવા સુધરાઈના અમલદારો હાલ પત્રવ્યવહાર કરી રહ્યા છે. તેમના મતે આ કેવળ સાહિત્યિક પ્રસંગને બિનજરૂરીપણે રાજકારણનો રંગ આપવામાં આવ્યો છે અને તેથી તેમણે આ સમારંભ મુલતવી રાખ્યો છે.

શેપર્ડ
હાથ ગૂંથણીનું વણાટનું ઊન અને રાતર.

બીનશરતી ખાતરી
★ રંગોની પસંદગી
★ બગાડ રહિત—સુંદર અને નમુના રૂપ
★ આધુનિક જમાનાને શોભતા ફેશન
તમામ જોહાનીસબર્ગ અને પોર્ટ એલીઝાબેથની વખારોમાં માલ મળે છે
ખાસ બીસ—માગણી ઉપર બધાથી
હોલસેલ ડીસ્ટ્રીબ્યુટર્સ:
એમ. સુસખ
સુસખ બીલ્ડીંગ, ૪૪૩ માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ટેલીફોન: ૩૩-૧૫૨૧ પો. બોક્સ ૨૯૦૧,
તાર અને ટપાલ એડ્રેસ "ગાયકવાડ" જોહાનીસબર્ગ.

વિવિધ વર્તમાન

સમયનાં એંધાણ!

કેનીયામાં યુરોપીઅન હૉસ્પીટલોમાં હાલ સુધી આફ્રિકાના યુરોપિયનોને જ દાખલ કરવામાં આવતા. કોઈ યુરોપીઅન હૉસ્પીટલ નજીક કોઈ બીજા કોઈ માણસને અકસ્માત થયો હોય- ગંભીર અકસ્માત થયો હોય તો પણ પ્રાણ બચાવવા ખાતર પણ તેને એ હૉસ્પીટલમાં દાખલ કરવામાં આવતો નહિ. રંગભેદની આટલી બધી તીવ્ર ભૂખ કેનીયામાં પણ પ્રવર્તે છે. પણ હવે પવન પલટાયો છે અને બદલાતા સમયનાં એંધાણ ગોરી કોમ પણ પારખતી થઈ છે.

કેનીયા યુરોપીઅન હૉસ્પીટલ એસોસીએશને એક સરક્યુલર કાઢી તેમાં બધાં યુરોપીઅન હૉસ્પીટલ સભ્યોને જણાવ્યું છે કે ગોરાઓનાં યુરોપીઅન હૉસ્પીટલમાં હવે રંગભેદ સિવાય બધી જ કોમો માટે ખુલ્લાં રાખવાની બાબતમાં વિચાર કરવા એક અસાધારણ જનરલ સભા બોલાવવામાં આવે છે.

આ એસોસીએશનના ચેરમેન શ્રી [illegible] જણાવે છે કે જે સભ્ય હૉસ્પીટલોને એ સરક્યુલર મોકલાયો છે તે ખાનગી પત્રના રૂપમાં છે એટલે એસોસીએશને કરેલ સુચન બાબત હાલ કંઈ જ કહેવા માગતો નથી. એ જનરલ મીટીંગ માટેની તારીખ પણ હજુ નક્કી થઈ નથી. મીટીંગ મળ્યા બાદ તુર્ત જ સ્ટેટમેન્ટ બહાર પાડવામાં આવશે.

કોંગોમાં સમાધાન અને સમજુતીનાં ચીન્હ!

કોંગોની ધારાસભાએ સારો એવો આરામ લીધા બાદ અને કેટલીય તાણાતાણી અને ખેંચાખેંચી પછી હવે એ ધારાસભાનું ખપ્પર ભરાઈ ગયું લાગે છે અને તેથી હવે એ સૈનીકોના ખરચી ઉપરનું બધું [illegible] તરફ [illegible] દેખાય છે. તાજા મળતી ખબરો મુજબ લીઓપોલ્ડવીલ અને સ્ટેનલીવીલ એ બન્ને હરીફ સરકારોએ હવે હાથ મેળવ્યા હોય એમ લાગે છે. આ બે પક્ષો વચ્ચે એવી સમજુતી થઈ છે કે રાષ્ટ્રીય એકતાવાળી સરકાર રચવી. આ સરકારમાં ૪૨ થી ૪૫ પ્રધાનો રાખવા અને બે-ત્રણ ખાતાં [illegible] માટે રીઝર્વ રાખવા. આ ખબર [illegible] રેડીયોના છે.

નવા પુસ્તકોની યાદી

સંસ્કારિતાને કાંઠે શી. ૩-૦
કોઇ ગોરા કોઈ કાળા શી. ૩-૦
આ ઓફીસેથી મળશે.

સા. આફ્રિકનોને સા. રોડેશીયામાંથી હકાલી કાઢો

સાઉથ રોડેશીયાના આફ્રિકન નાગર સમેલની કમિશનના પ્રમુખ શ્રી. [illegible] સાઉથ રોડેશીયાની સરકારના મજુર પ્રધાનને એક મેમોરેન્ડમ પેશ કર્યું છે તેમાં એવી માગણી કરવામાં આવી છે કે ખાસ જરૂરી રોજગારીઓ અને [illegible] પ્રોફેશનલો સીવાયના બાકી બીજા બધા પરદેશી માણસો-ઈમીગ્રન્ટ્સ સામે આ કોલોનીમાં દાખલ થવાનો પ્રતિબંધ મુકવો.

આ મેમોરેન્ડમમાં વળી એમ પણ સુચવવામાં આવ્યું છે કે સાઉથ રોડેશીયામાં રહેતા અને કામ કરતા બધા સાઉથ આફ્રિકનોને ૩૧ ઓગસ્ટ સુધીમાં આ દેશમાંથી ફરી બહાર કાઢી રોડેશીયનો માટે જગ્યા કરી આપવી છે.

સાઉથ રોડેશીયામાં ઓછામાં ઓછો માસીક પગાર પા. ૨૫ રાખવાની પણ આ મેમોરેન્ડમમાં માગણી કરવામાં આવી છે.

સ્વતંત્ર યુગાન્ડા અને નેશનાલીસ્ટ ચીન!

રાતાચીનની ઘુસણખોર નીતિ હવે જાણે નામચી બની છે. સામ્યવાદી ચીનનો ડોળો આફ્રિકા ઉપર પણ મંડાએલો છે જ! પણ રાતું ચીન આ દીશામાં પોતાનો પંજો પ્રસારે તે પહેલા નેશનાલીસ્ટ ચીને પાણી અગાઉ પાળ બાંધી પોતાનું આર્થીક મીશન યુગાન્ડા મોકલ્યું છે. આ મીશનના નેતાએ [illegible] જણાવ્યું છે કે યુગાન્ડા અને નેશનાલીસ્ટ ચીન વચ્ચે નીકટનો સંબંધ બાંધવાથી [illegible] જો યુગાન્ડા સ્વતંત્ર થવા જાય તો બન્ને દેશો પોત પોતાની એલચી કચેરીઓ અરસપરસ સ્થાપી શકે.

પ્રેમનું અમૃતત્વ

(૨૩૪ પાનાનું અનુસંધાન)

આ તો ત્યાગ અને લાભ એકજ હોય છે. જેના ઉપર આપણે પ્રેમ રાખીએ છીએ તેને જે આપીએ છીએ તે આપણો એ જ લાભ. આનંદના હિસાબના ચોપડામાં જમા અને ખર્ચ એક જ બાજુએ ખતવાય છે—તેમાં આપવું અને પામવું એક જ છે. આ આપવા પામવાને ભિન્નરૂપે એક કરી નાખવું એનું નામ જ પ્રેમ. પ્રેમમાં જ અસીમ સીમામાં પકડાય છે અને સીમા અસીમને આલિંગન કરે છે. એ પ્રેમ દ્વારા જ આપણે તત્વનો અંતર્યામી પાત્ર છે અને પ્રેમની જ આનંદ-સમાધિ મળ્યા બાદ બીજું કશું મેળવવાપણું રહેતું નથી.

ખાસ દરખાસ્ત: હિંદની અગરબત્તી
(વહાણમાં આવેલો તાજો માલ)
ક્રિસમસ અને નવા વરસ માટે આવેલો તાજો માલ અમે સહર્ષ જનતા સમક્ષ રજુ કરીએ છીએ
અગરબત્તી-કેરમબોર્ડ-પ્લાસ્ટીક, સોનેરી અને ચાંદીની બંગડીઓ. નવીન ફેશનની અને આધુનિક ચોલીઓ. ટીકડીઓ, ડાયમેન્ટીસ અને જરીઆ. સુરતીબાપડી [illegible] અને ફેન્સી ગુડ્સ.
દુકાનો અને ફેરીઆ માટે અમે ખાસ માલ રાખીએ છીએ અને ખાસ ધ્યાન પણ આપીએ છીએ. આપ જ્યારે આવતી વખતે ડરબન આવો ત્યારે અમારી મુલાકાત લ્યો.
એ. કે. હુસેન એન્ડ સન્સ
ડાયરેક્ટ ઈમ્પોર્ટર્સ અને હોલસેલ મરચન્ટ્સ
૧૧૧ ક્વીન સ્ટ્રીટ, — (બુસીનેસ બીલ્ડીંગ) — ફોન [illegible] — ડરબન
અમારૂં પ્રાઈસ લીસ્ટ મંગાવો.

શુભ પ્રસંગો માટે ભેટ!
સ્ત્રીઓ અને પુરૂષો માટે
ઘડીયાળ!
૧૭, ૨૧ અને ૨૫ જ્યુલનાં
ઓટોમેટીક કેલેન્ડર.
- સેમર
- રોટરી
- લેંકો
- રૂસર

વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરૂષોના શર્ટ સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.
હોલસેલ ભાવે મળશે
બોક્સ ૫૬૮૮, ફોન ૭૫-૨૬૦૭.
વલ્લભભાઈ બી. ી કું.
૪૪, માર્કેટ સ્ટ્રીટ, સબર્ગ.

સેલ હિંદી રેકોર્ડો હવે વધુ સસ્તાં
હિંદી ફીલ્મી રેકાર્ડો કેવળ શી. ૫-૦ નંગ.
નાચ ઘર, નેક ખાતુન, નયા આદમી, મી એક્સ, હાતિમ તાઇ.
ઇસ્માઇલ આઝાદ, દોસ્ત મોહમદ, યુસુફ આઝાદ, શૈલાલ અને બીજા જાણીતા કવ્વાલોના રેકોર્ડ શી. ૪-૦ નંગ.
સી. ઓ. ડી.ના ઓર્ડરો આજે લખી જણાવો.
નેશનલ રેકોર્ડ કંપની
શોપ ૨. અજમેરી આરકેડ, ઓફ ૯૭ ગ્રે સ્ટ્રીટ,
પો. ઓ. બોક્સ ૧૫૦૪, — ડરબન ફોન: ૨૧૫૫૮.

ટાંગાનીકાના નૌકા દળને તાલીમ

માબાસા

ભારતીય નૌકા કાફલાનાં જહાજો જે પુર્વ આફ્રિકાની મુલાકાતે આવ્યાં હતાં તે હવે દારેસલામ ખાતે આવી પહોંચ્યાં છે. આ નૌકા કાફલાના વડા ફ્લેગ ઓફીસર રીઅર એડમીરલ સોમન કુઝા માબાસામાં આવી પહોંચતાં દારેસલામે તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પ્રવચન કરતાં રીઅર એડમીરલ સોમને જણાવ્યું હતું કે ટાંગાનીકા સ્વતંત્ર થાય અને પોતાનો નૌકા કાફલો ઉભો કરે તો તેના માણસોને નૌકા દળની બધી તાલીમ આપવા ભારત તૈયાર છે. સીલોન અને ઇથીઓપીઆના નૌકા દળના માણસોને ભારત તાલીમ આપી રહ્યું છે તો પછી ટાંગાનીકાને શા માટે ના આપે?

સામાજીક ખબરો

અવસાન

ડરબનના જાણીતા નાગરીક શ્રી. સુલેમાન કાસુમનું ૮૨ વરસની ઉમ્મરે ટુંક માંદગી પછી અવસાન થયું છે. તેઓ પોતાના નિવાસસ્થાને તા. ૨૬-૭-૬૧ના રોજ અવસાન પામ્યા.

તેઓ ૧૮૯૬મા હિંદથી આવ્યા અને ૧૯૦૮માં ડરબનમાં આવી વસ્યા. ડરબનમાં તેઓ હિંદીઓને લગતા કાર્યો હાથ ધરી આગળ પડતો ભાગ ભજવતા. તેઓ કમીશનર ઓફ ઓથ્સ પણ હતા.

તેઓ દાનવીર પણ હતા. ડરબનની કીંગ જ્યોર્જ હૉસ્પીતાલમાં કાસુમ વોર્ડ તેમના દાનને લઈ ઉભો છે.

શ્રી. કાસુમ તેમની પાછળ પત્નિ ૭ પુત્રો અને [illegible] મુકી ગયા છે.

એમની સ્મશાન યાત્રામાં [illegible] ના મેયર પણ હતા. આ સિવાય પોર્ટ શેપસ્ટોન, ક્રીનસ્ટાઉન, [illegible], [illegible] અને પીટરમેરીત્સબર્ગ ટાઉનથી પણ ઘણા હિંદીઓ આવ્યા હતા.

પ્રભુ સદગત આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.

* *

શ્રી સુલાભાઈ પ્રેમાભાઈની પત્નિ ગંગાબહેન અને માતુશ્રીના અવસાન સમયે જે જે સગાંસ્નેહીઓ અને મિત્રોએ તાર અને ટેલીફોનથી આશ્વાસનના સમાચારો મોકલ્યા, અને જે લોકોએ સ્મશાન યાત્રામાં આવી ભાગ લીધો તેમનો શ્રી સુલાભાઈ આભાર માને છે.

* *

સાભાર સ્વીકાર:

શ્રી સુલાભાઈ પ્રેમાભાઈ
લોંગમર્ટ ૪-૪-૦

ઘરમાં ટેબલ બનાવી ટાંગવા લાયક સુકામ. "અજાને ઓધ" [illegible] ગાંધીજીના [illegible] સુંદર [illegible] કાગળ પર બે રંગમાં છપાયું છે. ભાવ દરેક શી. ૧-૦ પોસ્ટેજ ૩ પેની

'Indian Opinion'
P. Bag, Durban, Natal.

ઇસ્ટલંડન હિંદુ સોસાયટી

ઉપરોક્ત સંસ્થાની ૩૦મી વાર્ષિક જનરલ મીટીંગ તા. ૧૩-૮-૬૧ના દિને બપોરે ૨ વાગ્યે સંસ્થાના હોલમાં નીચેના કાર્યો માટે મળશે જેમાં સર્વે મેમ્બરોને વખતસર હાજરી આપવા નમ્ર વિનંતિ છે.

કાર્યક્રમ: (૧) પ્રાર્થના, (૨) વાર્ષિક મીનીટ્સ, (૩) આવક ખર્ચ, (૪) મંત્રીનો હેવાલ, (૫) હીસાબનું સરવૈયું, (૬) કાર્યવાહકોની ચૂંટણી અને (૭) પરચુરણ [illegible] કાર્યો.

પ્રમુખ: હરિભાઈ નાથુભાઈ
ઉપ-પ્રમુખ: ભગવાનભાઈ [illegible]
મંત્રી: મોહનલાલ લ. હરિભાઈ
સહમંત્રી: પ્રભુદાસ વિઠ્ઠલભાઈ
ખજાનચી: વલ્લભભાઈ કેશવ

રાતા સુકા મરચાં

૩૦ રતલી બેગ રાતા સુકા મરચાંની ૪૫/-
૩૦ રતલી ચોકટ વાટેલું મરચું ૨૮/-
૧ રતલ વાટું લીલું મરચું પોસ્ટેજ પેઇડ ૨/૬

ઓરડર સાથે રોકડા:
Moormans (Pty.) Ltd.
P. O Box 26, Phone 128
(Brits, Transvaal.)

માસ્ટર બ્રધર્સ (પ્રા.) લીમીટેડ

નવા ભાવનાં વાસણ, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ બાળકો અને પુરુષો માટે [illegible] તૈયાર કપડાં, [illegible] અને બૂટ—ચંપલ, [illegible] વિગેરે.

દરેક જાતના માલ માટે તમારા [illegible] પધારશો.
૩૩ બેરા સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન: ૮૩૫-૬૮૨૬ — બોક્સ ૬૫૪૮.

દરેક પ્રસંગો માટે

અમને મળો.

સુરતી જમણના અમે સ્પેશ્યાલીસ્ટ છીએ.

શ્રી કેપ્ટીનની અંગત દેખરેખ નીચે દુનીયાના અને રેસ્ટોરાન્ટ [illegible] પણ આમમાં તમારે મુસાફરી [illegible] રસોઈ [illegible]

કેપીટન્સ બાલ્કની હોટેલ

(ધી કોર્નર મીઠાઈ હાઉસ)

ગ્રે અને વિકટોરીયા સ્ટ્રીટના ખુણાપર – ડરબન.
ફોન નંબર ૨૩૪૩૯ ટેલીગ્રામ: KAPITAN.

આદુ, લસણ બજાર ભાવ, નારીએળ નં. ૧ શી. ૧-૦, બેગ (નંગ ૧૦૦) શી. ૬૦-૦.

દુકાન દાર માટે આવતાંના ન્યુઝપેપર બજાર ભાવ;

મરચાં, હળદી (ગાંઠ), સુકા લાલ મરચા, મુમરા, સુકા જીરા (આખા), ઓરીજી રંગનો મેથ, દરેક જાતનો મરી મસાલા વિગેરે હમેશાં સ્ટોકમા રાખીએ છે. કેરી અને કેળા ભાવ બજાર ભાવ, પોસ્ટેજ નહીં

દુધી, ટમાટા, આંબા હમેશ અને બીજી કુદરતની સિઝન મુજબ છે.

રોડેશીઆ, ન્યાસાલેન્ડ અને બેલજીયમ કોંગોના ઓરડરો ઉપર ખુબ ધ્યાન આપી કોઈ પણ જાતનું પરમીટ કઢાવી મોકલશું

All prices subject to Market fluctuations.

A. KADER & Co., (PTY) LTD.
WHOLESALE FRUIT MERCHANTS
P. O. Box 251. DURBAN.

ધીરૂભાઈ પી. નાયક

ફુટકરીયા, ઝુલાઈ(?), ચીનાઇનાં અને અવરણ જેઅર્લ.

હીરૂભાઈ અમર દુનીયાના કોઈ પણ ભાગની હવાઈ હરિફાઈ આપ્યા [illegible] કરો કુશળી [illegible] આપણી મારફતે કુલીંગ કરો લંડન, ભારત, પેરી, મુંબઈ, અમદાવાદ, પોરબંદર, વિગેરેના નીચા ભાવે હવાઈ આપીએ છીએ.

ઇન્ડીરાડલ, પરસણ ટેક્સ, [illegible] કસ્ટમના રેલ્વેનું ઓવરલોડ સર્ટીફિકેટ અને [illegible] બાબતોમાં કોઈ પણ ફી લીધા વિના અમે મફત સલાહ આપીએ છીએ. [illegible] પ્રતિનિધિ.

Office:
9 Barkly Arcade,
38 Market Street,
Phone: 339033,
Johannesburg.

Residence:
52 Patidar Mansion,
13 Kort Street,
Phone: 338616,
Johannesburg.

ફરનીચર! ફરનીચર!! ફરનીચર!!!

બેડરૂમ સુટ, ડાઇનીંગરૂમ સુટ, વોર્ડરોબ, ડ્રેસીંગ ટેબલ, સાઇડ બોર્ડ ઓફીસ ડેસ્ક, બુક કેસ, ટેબલ, [illegible] અમારે ખરીદ કરશો. અમે પધારી [illegible] જુઓ. નક્કી.

—ઓફીસ, ટેબલ અને કીચન ડ્રેસર—

જે હમારી ફેક્ટરીમાં નીચે તૈયાર થાય છે. તેનો સ્ટોક હમેશાં તૈયાર રહે છે. [illegible] અને ફેશન આવક થયો છે.

L. MISTRY

61 BREE STREET, BURGERSDORP, J'BURG.
PHONE 33-4691. BOX 2626

Printed And Published by Mrs Sushila Gandhi, International Printing Press Phoenix, Address INDIAN OPINION, Private Bag, Durban, Natal